Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ૐ

# પ્રવચન રત્નાકર

## [ ભાગ-૮ ]

❈

### પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં
### શ્રી સમયસાર પરમાગમ ઉપર અઢારમી વખત થયેલાં પ્રવચનો

❈

: પ્રકાશક:

**શ્રી કુંદકુંદ-કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ**

૧૭૩–૧૭૫ મુંબાદેવી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨

❈

: પ્રેરક:

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાપ્તિસ્થાનઃ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ–૩૬૪ ૨૫૦
**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,**
૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૨

❄

વિ. સં. ૨૦૪૦
વીર સં. ૨૫૧૦
પ્રથમ આવૃત્તિઃ પ્રત–૫૦૦૦

❄

મુદ્રકઃ
સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, પાલીતાણા રોડ
સોનગઢ–૩૬૪ ૨૫૦

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Hevika Foundation (hastè Kamal, Vijen, Hemal Bhimji Shah and Family), London, UK who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Pravachan Ratnakar Part - 8 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on Rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 13 Nov 2002 | First electronic version. |

## * પ્રકાશકીય નિવેદન *

मंगलं भगवान वीरो मंगलं गौतमोगणी।
मंगलं कुन्दकुन्दार्यो जैन धर्मोस्तु मंगलम्।।

**પ્રારંભિકઃ-**

પરમ દેવાધિદેવ જિનેશ્વરદેવ શ્રી વર્દ્ધમાનસ્વામી, ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તથા આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદદેવાદિને અત્યંત ભક્તિ સહિત નમસ્કાર.

ૐ

## ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ
### વિષે
## ઉલ્લેખો

*

वन्द्यो विभुर्भुवि न कैरहि कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ।।

*[ ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ ]*

અર્થ :- કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં-ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં-સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી?

*

................कोण्डकुन्दो यतीन्द्रः ।।
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरंगुलं सः ।।

*[ વિંધ્યગિરિ-શિલાલેખ ]*

અર્થઃ– યતીશ્વર ( શ્રી કુંદકુંદસ્વામી ) રજઃસ્થાન–ભૂમિતળને–છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી ( પોતાનું ) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા ( –અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા ).

*

**जइ पउमणंदिणाहो सीमन्धरसामिदिव्वणाणेण।**
**ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।**

*[ दर्शनसार ]*

*

અર્થઃ– ( મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે ( શ્રી કુંદકુંદાચાર્યદેવે ) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?

*

હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

*[ શ્રીમદ્ રાજચંદ્ર ]*

*

જેમ સમયસાર શાસ્ત્રનાં મૂળકર્તા અલૌકિક પુરુષ છે તેમ તેનાં ટીકાકાર પણ મહાસમર્થ આચાર્ય છે. આત્મખ્યાતિ જેવી ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન ગ્રંથની લખાયેલી નથી. અતિ સંક્ષેપમાં ગંભીર રહસ્યોને ગોઠવી દેવાની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની અજબ શક્તિ વિદ્વાનોને આશ્ચર્યચક્તિ કરે છે. શાસનમાન્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કળિ કાળમાં જગદ્ગુરુ તીર્થંકરદેવ જેવું કામ કર્યું છે અને શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવે જાણે કે તેઓ કુંદકુંદ ભગવાનનાં હૃદયમાં પેસી ગયા હોય તે રીતે તેમનાં ગંભીર આશયોને યથાર્થપણે વ્યક્ત કરીને તેમના ગણધર જેવું કામ કર્યું છે.–

એ તો સુવિદિત છે કે અંતિમ તીર્થંકર ભગવાન શ્રી વર્દ્ધમાનસ્વામીની દિવ્યધ્વનિનો સાર આચાર્ય શ્રી કુંદકુંદદેવ પ્રણીત સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય આદિ પરમાગમોમાં ઠાંસી ઠાંસીને ભરેલો છે. ભવ્યજીવોનાં સદ્ભાગ્યે આજે પણ આ પરમાગમો શ્રી અમૃતચંદ્રાચાર્ય આદિ મહાન દિગ્ગજ આચાર્યોની ટીકા સહિત ઉપલબ્ધ છે. સાંપ્રતકાળમાં આ પરમાગમોનાં ગૂઢ રહસ્યો સમજવાની જીવોની યોગ્યતા મંદતર થતી જાય છે, મોક્ષમાર્ગ પ્રાયે લુપ્ત થયો હતો તેવા કાળમાં મહાભાગ્યે જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી યુગપુરુષ, આત્મજ્ઞસંત પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ઉદય થયો. ૪૬ વર્ષો સુધી ઉપરોક્ત પરમાગમો તથા અન્ય

પરમાગમોમાં પ્રતિપાદિત જૈનધર્મનાં મૂળભૂત સિદ્ધાંતોને અતિસ્પષ્ટરૂપે, અવિરુદ્ધતાપૂર્વક, ભવ્ય જીવોને ભવતાપવિનાશક પરમશાંતિપ્રદાયક પ્રવચનગંગા દ્વારા, તેઓશ્રી રેલાવતા રહ્યાં. સુષુપ્ત જૈનશાસનમાં એક મહાન ક્રાંતિ ઉદય પામી. પરમાગમોને સમજવાનો જીવોને યથાર્થ દૃષ્ટિકોણ સાંપડયો. આ પ્રવચનગંગામાં અવગાહન પામીને અનેક ભવ્ય આત્માઓને જૈનધર્મની પ્રાપ્તિ થઈ છે, તેમ જ અનેક જીવો જૈનધર્મનાં ગંભીર રહસ્યોને સમજતા થયા અને માર્ગાનુસારી બન્યા. આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીનો જૈન સમાજ ઉપર અનુપમ, અલૌકિક, અનંત ઉપકાર છે. તેઓશ્રીના ઉપકારનો અહોભાવ નીચેની પંક્તિઓ દ્વારા પ્રત્યેક મુમુક્ષુઓ વ્યક્ત કરે છે.

**અહો ! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિન-કુંદધ્વનિ આપ્યા અહો ! તે ગુરુ કહાનનો.**

આ પ્રવચન રત્નાકર ગ્રંથમાળાનાં પ્રથમ ત્રણ ભાગ પૂજ્યશ્રીની હયાતી દરમિયાન બહાર પડી ચૂકયા હતા. તેઓશ્રીની શીતળ છાયામાં આ ગ્રંથમાળામાં તેઓશ્રીનાં સઘળા પરમાગમો ઉપરનાં પ્રવચનોનો સાર પ્રકાશિત કરવાની અમારી ભાવના અધૂરી રહી. સંવત્ ૨૦૩૭ના કારતક વદી ૭ શુક્રવાર તા. ૨૮-૧૧-૮૦ ના રોજ સમાધિભાવપૂર્વક તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો. અમારા પર વજ્રઘાત થયો. શાશ્વતશાંતિનો માર્ગ બતાવનાર અમને-દરેક જીવમાત્રને ‘ભગવાન’ કહી બોલાવનાર વિરોધીઓને પણ ‘ભગવાન’ કહી તેમની ભૂલ પ્રત્યે ક્ષમાદૃષ્ટિ રાખી, તેઓ પણ દશાએ ભગવાન થાવ એવી કરુણા વરસાવનાર એક મેરૂપર્વત જેવો અચલ, અડગ, ક્રાંતિકારી, એકલવીર, મોક્ષમાર્ગને અતિસૂક્ષ્મ છણાવટ સહિત પ્રકાશીને નિજ આત્મસાધનાનાં માર્ગે ચાલી નીકળ્યો. આટલા પ્રચારપૂર્વક અને આવી સૂક્ષ્મતા સહિત દ્રવ્ય-ગુણ-પર્યાયની છણાવટ જૈનશાસનમાં છેલ્લી કેટલીયે શતાબ્દિઓમાં કયારેય થઈ નથી એમ કહેવામાં આવે તો એમાં જરાય અતિશયોક્તિ નથી.

પૂજ્યશ્રીની પ્રવચનશૈલીમાં પણ ભાવિ તીર્થંકરનાં લક્ષણો ઝળકતાં હતાં, સર્વ જીવો મોક્ષમાર્ગને પામો એવી તેમની અદમ્ય ભાવના વારંવાર ઉછળતી હતી. માર્ગ પ્રકાશવામાં તેઓ અનેક વિરોધીઓની વચ્ચે પણ એકલા અડગ રહેતા, દ્વેષબુદ્ધિ સેવ્યા વગર વિરોધીઓના વિરોધનું તાત્ત્વિક રીતે ખંડન કરી યથાર્થ માર્ગનું સ્થાપન કરતા અને તેથી મધ્યસ્થ વિરોધીઓ વિરોધ ત્યજી સનાતન જૈનધર્મને અંગીકાર કરતા. તદુપરાંત તેમની પવિત્ર છાયા હેઠળ અનેક સ્થળોએ શ્રી જિનમંદિરોનું નિર્માણ થયું અને તેમાં વીતરાગી જિનબિંબોની મહા પાવનકારી પ્રતિષ્ઠા થઈ. પરમાગમોનાં ગ્રંથોનું લાખોની સંખ્યામાં પ્રકાશન થયું. શ્રી વીતરાગદેવ, નિર્ગ્રંથગુરુ અને વીતરાગી શાસ્ત્રોનું સત્યસ્વરૂપ સમજાવી તેમનો મહિમા યથાર્થપણે બતાવ્યો. પૂ. ગુરુદેવશ્રી વારંવાર ફરમાવતા કે શ્રી વીતરાગ જિનબિંબોની પ્રતિષ્ઠા અને જીર્ણોદ્ધાર તો વર્ષોથી લોકો કરતા

આવ્યા છે પણ તેનો મહિમા જો યથાર્થ રીતે કરવો હોય તો તેમને ઓળખાવનાર પરમાગમોનો પ્રચાર પણ એટલો જ આવશ્યક છે. પરમાગમો અને તેનું રહસ્ય પ્રત્યેક વ્યક્તિ આબાળગોપાળ સૌના હૃદયમાં સ્થાન પામે તેવી તેમની ભાવના રહેલી અને પરમાગમોના પ્રકાશન માટે વારંવાર પ્રેરણા આપતા. અને એ ધ્યેયની સિદ્ધિ અર્થે તેઓશ્રી પરમાગમો ઉપર પ્રવચન આપતા રહ્યાં અને નિત્ય સ્વાધ્યાયની પ્રવૃત્તિ તેમણે સજીવન કરી, મુમુક્ષુઓના નિત્યક્રમમાં સ્વાધ્યાયની પ્રવૃત્તિ વણી લીધી. જેના પ્રતાપે અનેક ગામોમાં સામૂહિક સ્વાધ્યાયની પ્રવૃત્તિનો બહોળો ફેલાવો થયો. શિક્ષણ-શિબિરોનું આયોજન થયું. જયપુરમાં જૈન વિદ્યાપીઠની સ્થાપના થઈ. આદિ અનેક પ્રકારે તત્ત્વનો પ્રચાર થયો અને થાય છે. આત્મભાવનાની લોકોને એવી ધૂન લગાડી કે ખાધા વગર ચાલે પણ આત્માને વિચાર્યા વગર ન ચાલે. તેઓશ્રી ફરમાવતા કે ધર્મ તે અર્ધાકલાક-કલાક કે પર્વ-પૂરતી મર્યાદિત સાધનાની ચીજ નથી પણ ધર્મ એ જીવન છે. એટલે કે સર્વકાલિક અને સર્વક્ષેત્રે સાધનાની ચીજ છે. આમ અનેકવિધ રીતે તેઓશ્રી દ્વારા આવા અનેક પ્રસંગો દ્વારા ધર્મપ્રચાર ઘણો થયો. લાખો લોકો ધર્મભાવના ભાવતા થયા. આથી મધ્યસ્થ જીવો પણ તેમના પ્રત્યે બહુમાનની દૃષ્ટિએ જોતા. દિગંબર સમાજનાં પંડિતો, વિદ્વાનો અને ત્યાગીગણ પણ એ સત્યનો સ્વીકાર કરતા કે અમો એક પણ નવો જૈન બનાવી નથી શકતા ત્યારે આ મહાપુરુષે લાખો લોકોને જૈનધર્મમાં શ્રદ્ધાની બનાવ્યા. આપણા મહાભાગ્યે આવા વિલક્ષણ પુરુષનો પંચમ કાળમાં યોગ થયો. પાત્ર જીવોને માટે એક અપૂર્વ મહાન તક આવી. ધર્મામૃતની વર્ષો સુધી એકધારી વર્ષા થઈ. પૂ. ગુરુદેવશ્રી સંતોની વાણી ઉપર વારી જઈ જેમ ગાતા તેમ "અમૃત વરસ્યા રે પંચમ કાળમાં...." અંતે ક્રમાનુસાર સાંયોગિક ભાવનો કાળ પૂરો થયો. એ મહાપુરુષનો આપણા ઉપર અતિ અતિ ઉપકાર છે. જેનું વર્ણન શબ્દો દ્વારા અશકય છે. જેણે શાશ્વત સુખનો માર્ગ આપ્યો તેનું ઋણ ફેડવાનો કોઈ માર્ગ જ નથી. એથી વિનમ્રપણે તે પાવન પરમામૃત દ્વારા વીતરાગ સર્વજ્ઞપ્રણીત શ્રીગણધરાદિ મહાન આચાર્યો રચિત પરમાગમોનો ઉકેલ કરી નિજ સાધનાની પરિપૂર્ણતાને પામીએ અને સર્વ જીવો પામો એ જ અભ્યર્થના.

## પુણ્યપ્રસંગનું સૌભાગ્ય:

સંવત ૨૦૩૪ ની દીપાવલિ પ્રસંગે મુંબઈ મુમુક્ષુ મંડળના સભ્યો પૂજ્ય ગુરુદેવશ્રી પાસે ૯૦ મી જન્મજયંતી મુંબઈમાં ઉજવાય તે માટે અનુમતિ પ્રાપ્ત કરવા વિનંતી કરવા માટે સોનગઢ આવેલા ત્યારે કેટલાક સભ્યોને પોતાના સ્વાધ્યાયના હેતુથી પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર પરમાગમ ઉપર અઢારમી વાર થયેલ સાતિશય પ્રવચનો ( સને ૧૯૭૫, ૧૯૭૬, ૧૯૭૭ માં ) પ્રસિદ્ધ કરવાનો મંગળ વિચાર આવ્યો. આ વિચાર મંડળના સૌ સભ્યોએ પ્રેમથી આવકાર્યો અને પ્રસિદ્ધ અધ્યાત્મપ્રવક્તા, ધર્માનુરાગી મુરબ્બી શ્રી લાલચંદભાઈની પણ આ સુંદર કાર્ય માટે મંડળને પ્રોત્સાહિત

કરતી શુભપ્રેરણા મળી. આ રીતે મુંબઈના મુમુક્ષુમંડળને પૂજ્ય ગુરુદેવશ્રીના અઢારમી વારના પરમાગમ શ્રી સમયસાર ઉપર થયેલા અનુભવરસમંડિત, પરમકલ્યાણકારી, આત્મહિતસાધક પ્રવચનો પ્રકાશિત કરવાના આ પુનિત પ્રસંગનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે અત્યંત હર્ષ અને ઉલ્લાસનું કારણ છે.

શ્રી કુંદકુંદાચાર્યે સમયસાર શાસ્ત્રમાં કર્તાકર્મ અધિકારનું નિરૂપણ કર્યું છે જે તેમનાં અન્ય શાસ્ત્રોમાં કે અન્ય આચાર્યોની રચનાઓમાં અલગ અધિકારરૂપે ક્યાંય જોવામાં આવતું નથી. જે આ અધિકારની વિશિષ્ટતા છે. કર્તાકર્મ અધિકાર દ્વારા જીવનું અકર્તાસ્વરૂપ ઘણા પ્રકારે સ્પષ્ટ કર્યું છે. જે જીવોની અનેક પ્રકારની ભ્રમણાઓને દૂર થવાનું કારણ છે. જેના ઉપરના પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પણ અલૌકિક છે. જિજ્ઞાસુ જીવોને અવશ્ય એ પ્રેરણાદાયક નિવડશે. જે સર્વ જીવોએ સ્વાધ્યાય કરવા યોગ્ય છે.

## પ્રકાશનનો હેતુઃ

આ પ્રવચનોના પ્રકાશનનો મૂળ હેતુ તો નિજસ્વાધ્યાયનો લાભ થાય તે જ છે. તદ્ઉપરાંત સૌ જિજ્ઞાસુ ભાઈ-બહેનોને પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસાર ઉપરનાં સળંગ સર્વ પ્રવચનો સાક્ષાત્ સાંભળવાનો લાભ પ્રાપ્ત ન થઈ શક્યો હોય તે સંભવિત છે, તેથી આ ગ્રંથમાળામાં ક્રમશઃ આદિથી અંત સુધીનાં પૂરાં પ્રવચનોને સમજવાનો કાયમી અને સર્વકાલિક લાભ મળી રહે તે હેતુથી પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મરસઝરતી અમૃતમયી વાણીના સ્વાધ્યાય દ્વારા નિરંતર મુમુક્ષુ જીવોને આત્મહિતની પ્રેરણા મળતી રહે, તેવો આશય પણ આ પ્રકાશનનું પ્રેરકબળ છે.

વળી આ પંચમકાળના પ્રવાહમાં ક્રમશઃ જીવોને ક્ષયોપશમ મંદતર થતો જાય છે તેથી પરમાગમમાં રહેલાં સૂક્ષ્મ અને ગંભીર રહસ્યો સ્વયં સમજવાં ઘણા જ કઠિન છે. આ પરિસ્થિતિમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ સાદી અને સરળ ભાષામાં સ્પષ્ટ કરેલા પ્રવચનો લેખબદ્ધ કરીને પુસ્તકારૂઢ કરવામાં આવે તો ભાવી પેઢીને પણ શ્રી સમયસાર પરમાગમનાં અતિગૂઢ રહસ્યો સમજવામાં સરળતાપૂર્વક સહાયરૂપ બની રહેશે અને તે રીતે જિનોક્ત તત્ત્વજ્ઞાન અને તેની સ્વાધ્યાયપરંપરા તેના યથાર્થ સ્વરૂપમાં જળવાઈ રહેશે તેમ જ તે દ્વારા અનેક ભવ્યજીવોને પોતાનું આત્મકલ્યાણ સાધવામાં મહાન પ્રેરણા પ્રાપ્ત થાય. તેવા વિચારના બળે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર ઉપરાંત બીજા પણ અનેક પરમાગમો ઉપર થયેલ પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના છે અને તે ભાવનાવશ આ ટ્રસ્ટની રચના થઈ છે. તેથી પૂજ્ય ગુરુદેવશ્રીનાં હજારો પ્રવચનો પ્રસિદ્ધ કરવાનો મુખ્ય ઉદ્દેશ આ ટ્રસ્ટમાં રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે સ્વ. શ્રી સોગાનીજીનું એક વચન સાકાર થવાનું હોય તેવું ભાસે છે. તેમણે કહ્યું છે કે પૂજ્ય ગુરુદેવશ્રીથી ધર્મનો જે આ પાયો નંખાયો છે તે પંચમકાળના

અંત સુધી રહેશે. તદુપરાંત પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત નં. ૨૭ માં ઉલ્લેખ છે કે " તેમનો (પૂજ્ય ગુરુદેવશ્રીનો) મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષ સુધી ગવાશે." ખરેખર જ્ઞાનીઓના નિર્મળ શ્રુતજ્ઞાનમાં ભાવિપ્રસંગો કેવળજ્ઞાનવત્ પ્રતિભાસે છે, કારણ કે આ ટ્રસ્ટની યોજનામાં પૂજ્ય ગુરુદેવશ્રીના પાંચ પરમાગમો ઉપર થયેલા પ્રવચનો ઉપરાંત બીજા પણ અનેક શાસ્ત્રો ઉપર થયેલાં પ્રવચનો ક્રમશઃ પ્રસિદ્ધ કરવાની ભાવના સમાહિત છે. એ રીતે હજારો પ્રવચનોનું સંકલન પ્રથમ સંસ્કરણમાં જ અનેક ગ્રંથોરૂપે પુસ્તકારૂઢ થશે અને તેવા પ્રત્યેક પુસ્તકોનું સંસ્કરણ (આવૃત્તિ) હજારોની સંખ્યામાં રહેશે. એ રીતે હિંદી અને ગુજરાતી ભાષામાં તાત્કાલિક પ્રકાશન થતાં પુસ્તકોની સંખ્યા લાખોમાં થવા જાય છે અને તેની પરંપરા ચાલે તો ઉપરોક્ત જ્ઞાનીઓનાં વચનો સિદ્ધ થવાનું પ્રત્યક્ષ જણાઈ આવે છે.

## કાર્યવાહી:

શ્રી સમયસાર પરમાગમ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીના અઢારમી વખતના થયેલ મંગળ પ્રવચનો તે સમયે ટેપરેકોર્ડર ઉપર અંકિત કરી લેવામાં આવ્યાં હતાં. આ ધ્વનિ–મુદ્રિત પ્રવચનો ટેપ ઉપરથી સાંભળીને ક્રમશઃ લેખબદ્ધ કરવામાં આવ્યાં છે. એક જ ટેપને વારંવાર સાંભળીને લેખન કરવામાં આવેલ છે. તેમ છતાં તેમાં કાંઈ ત્રુટિ રહી જવા ન પામે તે હેતુથી લખનાર સિવાય તપાસનારે ફરીથી સઘળાં પ્રવચનોની ચકાસણી કરેલ છે. આ પ્રમાણે તૈયાર થયેલાં પ્રવચનોના યથાયોગ્ય સુસંગત ફકરા પાડી તેને ફરીથી ભાઈશ્રી રમણલાલ માણેકલાલ શાહે લિપિબદ્ધ કરી આપેલ છે. તથા લિપિબદ્ધ થયેલાં પ્રવચનોની પણ છેલ્લે ભાઈ શ્રી હીરાભાઈ દહેગામવાળા દ્વારા પૂરતી ચકાસણી કરવામાં આવે છે. આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાં વ્યક્ત થયેલ ભાવો સારી રીતે યથાસ્થિત જળવાઈ રહે તેની પૂરેપૂરી કાળજી લેવામાં આવી છે.

## આભાર:

ઉપર્યુક્ત કાર્યવાહીમાં અનેક મુમુક્ષુઓ તરફથી આ ટ્રસ્ટને અત્યંત નિસ્પૃહભાવે સહયોગ મળેલો છે તેની સાભાર નોંધ લેવામાં આવે છે. જે જે મુમુક્ષુઓએ પ્રવચનો ઉતાર્યાં છે તેમ જ ઉતારેલાં પ્રવચનોને તપાસી આપેલ છે અને આ કાર્ય ખૂબ જ સાવધાનીથી, ઉત્સાહથી અને કાળજીથી જે રીતે કરી આપ્યું છે અને જેમના નિસ્પૃહ સહકારથી આવું સુંદર કાર્ય થઈ શક્યું છે તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કર્યા વિના રહી શકીએ તેમ નથી. ભાઈશ્રી રમણભાઈએ નિસ્પૃહપણે ઘણો પરિશ્રમ લઈને લખાણ તૈયાર કરી આપેલ છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ કાર્યમાં અતિ સક્રિય રીતે ભાઈશ્રી હીરાલાલ ભીખાલાલ શાહ દહેગામવાળા સંકલનલેખન તથા વ્યવસ્થા આદિ અનેક પ્રકારે ઉત્સાહપૂર્વક તન, મન અને ધનથી મહત્વપૂર્ણ

ફાળો આ ગ્રંથમાળાના પ્રકાશનમાં એકમેક થઈને આપી રહ્યા છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

વિશેષમાં અમારા ટ્રસ્ટને શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ–ભાવનગર તરફથી ઘણો જ સહયોગ પ્રાપ્ત થયો છે. આ યોજના તેમણે વિચારેલી અને સાકાર કરવાના પ્રયત્નો રૂપે પૂજ્ય ગુરુદેવશ્રીનાં ધ્વનિમુદ્રિત થયેલાં પ્રવચનો (અક્ષરશઃ) લખાવી તૈયાર કરેલા, જે અગાઉથી અમોને લેખબદ્ધ કરવા માટે તૈયાર મળી ગયા જેથી આ કાર્ય શરૂ કરવામાં જરાપણ વિલંબ ન થયો, તે બદલ તેમનો આ સ્થળે આભાર માનીએ છીએ.

આ પ્રવચનોનું પ્રકાશન કરવા માટે મુંબઈના ચારેય મુમુક્ષુમંડળોએ તથા અન્ય મુમુક્ષુઓએ ઉદારતાથી આર્થિક સહયોગ આપેલ છે, જેમની નામાવલિ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે બદલ સમસ્ત દાતા ભાઈ–બહેનોનો આભાર માનવામાં આવે છે.

આ પ્રકાશનનું મુદ્રણકાર્ય બહુ સુંદર, ત્વરિત અને કાળજીભર્યું કરી આપવા બદલ સુમતિ પ્રિન્ટિંગ પ્રેસના સંચાલકોનો આભાર માનીએ છીએ.

## આવકાર્યઃ

આ પ્રકાશન અમારો આઠમો પ્રયાસ છે. અત્યંત કાળજી અને સંભાળ રાખવા છતાં પ્રકાશનમાં કોઈ ત્રુટિઓ રહી જવા પામી હોય તે સંભવિત છે. સુજ્ઞ પાઠકગુણ તરફથી આ સંબંધી જે કાંઈ સૂચનો મોકલવામાં આવશે તેને અત્રે આવકારીએ છીએ અને હવે પછીના પ્રકાશનમાં તે સંબંધી ઘટતું કરવામાં આવશે.

## સૂચનાઃ

(૧) આ શાસ્ત્રનું અધ્યયન કરનાર દરેક ભાઈ–બહેનોને નમ્ર વિનંતી છે કે આ જિનવાણી છે માટે તેની આસાતના ન થાય તેનું ખાસ ધ્યાન રાખશો.

(૨) આ શાસ્ત્રમાં સમયસારજીની મૂળ ગાથા, ટીકા, ભાવાર્થ, કળશ અને ત્યારબાદ પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન એ રીતે ક્રમ આપવામાં આવેલ છે.

વીર સં. ૨૫૧૦ — લિ.

કારતક વદ ૭ — શ્રી કુંદકુંદ–કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ

–૦–

# અનુક્રમણિકા


| ક્રમ | ગાથા/કળશ | પ્રવચન નંબર | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | કળશ-૧૬૩ | ૩૦૯-૩૧૦ | ૧ |
| ૨ | ગાથા ૨૩૭-૨૩૮-૨૩૯ | " | ૨ |
| ૩ | ગાથા ૨૪૦-૨૪૧ | " | ૩ |
| ૪ | કળશ-૧૬૪ | " | ૫ |
| ૫ | ગાથા ૨૪૨ થી ૨૪૬ | ૩૧૧ થી ૩૧૩ | ૨૩ |
| ૬ | કળશ-૧૬૫ | " | ૨૫ |
| ૭ | કળશ-૧૬૬ | " | ૨૬ |
| ૮ | કળશ-૧૬૭ | " | ૨૭ |
| ૯ | ગાથા-૨૪૭ | ૩૧૩ | ૫૦ |
| ૧૦ | ગાથા ૨૪૮-૨૪૯ | ૩૧૩-૩૧૪ | ૫૪ |
| ૧૧ | ગાથા-૨૫૦ | ૩૧૪ | ૬૦ |
| ૧૨ | ગાથા ૨૫૧-૨૫૨ | ૩૧૪-૩૧૫ | ૬૬ |
| ૧૩ | ગાથા-૨૫૩ | ૩૧૫ | ૭૪ |
| ૧૪ | ગાથા ૨૫૪-૨૫૫-૨૫૬ | ૩૧૫-૩૧૬ | ૮૧ |
| ૧૫ | કળશ-૧૬૮ | " | ૮૨ |
| ૧૬ | કળશ-૧૬૯ | " | ૮૩ |
| ૧૭ | ગાથા ૨૫૭-૨૫૮ | ૩૧૬ | ૯૪ |
| ૧૮ | કળશ-૧૭૦ | " | ૯૫ |
| ૧૯ | ગાથા-૨૫૯ | ૩૧૭ | ૧૦૧ |
| ૨૦ | ગાથા ૨૬૦-૨૬૧ | " | ૧૦૫ |
| ૨૧ | ગાથા-૨૬૨ | " | ૧૧૧ |
| ૨૨ | ગાથા ૨૬૩-૨૬૪ | ૩૧૮ | ૧૧૪ |
| ૨૩ | ગાથા-૨૬૫ | " | ૧૨૩ |
| ૨૪ | ગાથા-૨૬૬ | ૩૨૦-૩૨૧ | ૧૪૬ |
| ૨૫ | ગાથા-૨૬૭ | ૩૨૧-૩૨૨ | ૧૫૬ |
| ૨૬ | કળશ-૧૭૧ | " | ૧૫૭ |
| ૨૭ | ગાથા-૨૬૮-૨૬૯ | ૩૨૨-૩૨૪ | ૧૭૦ |
| ૨૮ | કળશ-૧૭૨ | " | ૧૭૧ |

| ક્રમ | ગાથા/કળશ | પ્રવચન નંબર | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૨૯ | ગાથા–૨૭૦ | ૩૨૪–૩૨૫ | ૧૮૫ |
| ૩૦ | ગાથા–૨૭૧ | ” | ૨૦૧ |
| ૩૧ | કળશ–૧૭૩ | ” | ૨૦૨ |
| ૩૨ | ગાથા–૨૭૨ | ૩૨૭ થી ૩૨૯ | ૨૧૮ |
| ૩૩ | ગાથા–૨૭૩ | ૩૨૯–૩૩૦ | ૨૩૦ |
| ૩૪ | ગાથા–૨૭૪ | ૩૩૦–૩૩૧ | ૨૪૧ |
| ૩૫ | ગાથા–૨૭૫ | ૩૩૧–૩૩૨ | ૨૫૨ |
| ૩૬ | ગાથા ૨૭૬–૨૭૭ | ૩૩૩–૩૩૮ | ૨૬૪ |
| ૩૭ | કળશ–૧૭૪ | ” | ૨૬૬ |
| ૩૮ | ગાથા ૨૭૮–૨૭૯ | ૩૩૯–૩૪૦ | ૨૯૩ |
| ૩૯ | કળશ–૧૭૫ | ” | ૨૯૪ |
| ૪૦ | કળશ–૧૭૬ | ” | ૨૯૪ |
| ૪૧ | ગાથા–૨૮૦ | ” | ૨૯૫ |
| ૪૨ | કળશ–૧૭૭ | ” | ૩૧૬ |
| ૪૩ | ગાથા–૨૮૧ | ” | ૩૧૮ |
| ૪૪ | ગાથા–૨૮૨ | ૩૪૧ | ૩૨૧ |
| ૪૫ | ગાથા ૨૮૩ થી ૨૮૫ | ૩૪૧ થી ૩૪૩ | ૩૨૩ |
| ૪૬ | ગાથા ૨૮૬ થી ૨૮૭ | ૩૪૩ થી ૩૪૭ | ૩૪૦ |
| ૪૭ | કળશ–૧૭૮ | ” | ૩૪૧ |
| ૪૮ | કળશ–૧૭૯ | ” | ૩૪૨ |


## મોક્ષ અધિકાર


| | | | |
|---|---|---|---|
| ૪૯ | કળશ–૧૮૦ | ૩૪૩ થી ૩૪૭ | ૩૭૫ |
| ૫૦ | ગાથા ૨૮૮ થી ૨૯૦ | ” | ૩૭૬ |
| ૫૧ | ગાથા–૨૯૧ | ૩૪૮ | ૩૮૫ |
| ૫૨ | ગાથા–૨૯૨ | ” | ૩૮૬ |
| ૫૩ | ગાથા–૨૯૩ | ” | ૩૯૦ |
| ૫૪ | ગાથા–૨૯૪ | ૩૪૯ થી ૩૫૩ | ૩૯૩ |
| ૫૫ | કળશ–૧૮૧ | ” | ૩૯૫ |
| ૫૬ | ગાથા–૨૯૫ | ૩૫૩ | ૪૨૦ |
| ૫૭ | ગાથા–૨૯૬ | ૩૫૪ | ૪૨૩ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| ક્રમ | ગાથા/કળશ | પ્રવચન નંબર | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૫૮ | ગાથા-૨૯૭ | ૩૫૫-૩૫૬ | ૪૨૭ |
| ૫૯ | કળશ-૧૮૨ | ” | ૪૨૮ |
| ૬૦ | ગાથા ૨૯૮-૨૯૯ | ૩૫૭-૩૫૯ | ૪૪૨ |
| ૬૧ | કળશ-૧૮૩ | ” | ૪૪૪ |
| ૬૨ | કળશ-૧૮૪ | ” | ૪૪૫ |
| ૬૩ | ગાથા-૩૦૦ | ૩૬૦ | ૪૬૨ |
| ૬૪ | કળશ-૧૮૫ | ” | ૪૬૨ |
| ૬૫ | કળશ-૧૮૬ | ” | ૪૬૩ |
| ૬૬ | ગાથા ૩૦૧ થી ૩૦૩ | ૩૬૧ | ૪૭૩ |
| ૬૭ | ગાથા ૩૦૪-૩૦૫ | ૩૬૨-૩૬૪ | ૪૭૯ |
| ૬૮ | કળશ-૧૮૭ | ” | ૪૮૦ |
| ૬૯ | ગાથા ૩૦૬-૩૦૭ | ૩૬૪-૩૭૦ | ૪૯૦ |
| ૭૦ | કળશ ૧૮૮-૧૮૯ | ” | ૪૯૮ |
| ૭૧ | કળશ ૧૯૦-૧૯૧ | ” | ૪૯૯ |
| ૭૨ | કળશ-૧૯૨ | ” | ૫૦૦ |


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

( વસંતતિલકા )

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

( અનુષ્ટુપ )

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમ પૂજ્ય આત્મજ્ઞસંત શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ॐ

परमात्मने नमः।

## શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# સમયસાર

ઉપર

## પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

श्रीमदमृतचन्द्रसूरिकृता आत्मख्याति:।

## બંધ અધિકાર

**अथ प्रविशति बन्ध:।**

( शार्दूलविक्रीडित )

**रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्**
**क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत्।**
**आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटयद्**
**धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति।।१६३।।**

રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,
તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે બંધ પ્રવેશ કરે છે'. જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ राग–उद्गार–महारसेन सकलं जगत् प्रमत्तं कृत्वा ] જે ( બંધ )

**जह णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि।**
**ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं।। २३७।।**

**छिंददि भिंददि य तदा तालीतलकयलिवंसपिंडीओ।**
**सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।। २३८।।**

**उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।**
**णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो दु रयबंधो।। २३९।।**

રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (-મતવાલું, ગાફેલ) કરીને, [ रस–भाव–निर्भर–महा–नाट्येन क्रीडन्तं बन्धं ] રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી) ભરેલા મોટા નૃત્ય વડે ખેલી (નાચી) રહ્યો છે એવા બંધને [ धुनत् ] ઉડાડી દેતું-દૂર કરતું, [ ज्ञानं ] જ્ઞાન [ समुन्मज्जति ] ઉદય પામે છે. કેવું છે જ્ઞાન? [ आनन्द–अमृत–नित्य–भोजि ] આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે, [ सहज–अवस्थां स्फुटं नाटयत् ] પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે, [ धीर–उदारम् ] ધીર છે, ઉદાર (અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, [ अनाकुलं ] અનાકુળ (અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું) છે, [ निरुपधि ] નિરુપધિ (અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે.

**ભાવાર્થઃ-** બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો. ૧૬૩.

હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છેઃ-

**જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.**

**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.**

**બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો; રજબંધ થાય શું કારણે? ૨૩૯.**

जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।। २४०।।

एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।
रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।। २४१।।

यथा नाम कोऽपि पुरुषः स्नेहाभ्यक्तस्तु रेणुबहुले।
स्थाने स्थित्वा च करोति शस्त्रैर्व्यायामम्।। २३७।।

छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिण्डीः।
सचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातम्।। २३८।।

उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः।
निश्चयतश्चिन्त्यतां खलु किम्प्रत्ययिकस्तु रजोबन्धः।। २३९।।

यः स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबन्धः।
निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः।। २४०।।

एवं मिथ्यादृष्टिर्वर्तमानो बहुविधासु चेष्टासु।
रागादीनुपयोगे कुर्वाणो लिप्यते रजसा।। २४१।।

**ગાથાર્થઃ-** [ यथा नाम ] જેવી રીતે- [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ स्नेहाभ्यक्तः तु ] ( પોતાના પર અર્થાત્ પોતાના શરીર પર ) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને [ च ] અને [ रेणुबहुले ] બહુ રજવાળી ( ધૂળવાળી ) [ स्थाने ] જગ્યામાં [ स्थित्वा ] રહીને [ शस्त्रैः ] શસ્ત્રો વડે [ व्यायामम् करोति ] વ્યાયામ કરે છે, [ तथा ] અને [ तालीतलकदलीवंशपिण्डीः ] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [ छिनत्ति ] છેદે છે, [ भिनत्ति च ] ભેદે છે, [ सचित्ताचित्तानां ] સચિત્ત તથા અચિત્ત [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपघातम् ] ઉપઘાત ( નાશ ) [ करोति ] કરે છે; [ नानाविधैः करणैः ] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [ उपघातं कुर्वतः ] ઉપઘાત કરતા [ तस्य ] તે પુરુષને [ रजोबन्धः तु ] રજનો બંધ ( ધૂળનું ચોંટવું ) [ खलु ] ખરેખર [ किम्प्रत्ययिकः ] કયા કારણે થાય છે [ निश्चयतः ]

એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.

ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદ્રષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

તે નિશ્ચયથી [ चिन्त्यताम् ] વિચારો. [ तस्मिन् नरे ] તે પુરુષમાં [ यः सः स्नेहभावः तु ] જે તેલ આદિનો ચીકાશભાવ છે [ तेन ] તેનાથી [ तस्य ] તેને [ रजोबन्धः ] રજનો બંધ થાય છે [ निश्चयतः विज्ञेयं ] એમ નિશ્ચયથી જાણવું, [ शेषाभिः कायचेष्टाभिः ] શેષ કાયાની ચેષ્ટાઓથી [ न ] નથી થતો. [ एवं ] એવી રીતે- [ बहुविधासु चेष्टासु ] બહુ પ્રકારની ચેષ્ટાઓમાં [ वर्तमानः ] વર્તતો [ मिथ्यादृष्टिः ] મિથ્યાદ્રષ્ટિ [ उपयोगे ] (પોતાના) ઉપયોગમાં [ रागादीन् कुर्वाणः ] રાગાદિ ભાવોને કરતો થકો [ रजसा ] કર્મરૂપી રજથી [ लिप्यते ] લેપાય છે-બંધાય છે.

**ટીકા:-** જેવી રીતે-આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો, શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ (અર્થાત્ શસ્ત્રોના અભ્યાસરૂપી ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, (તે ભૂમિની) રજથી બંધાય છે-લેપાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે. શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ શસ્ત્રવ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ અનેક પ્રકારનાં કરણોથી રજબંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે. માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું (-સિદ્ધ થયું) કે, જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ (અર્થાત્ તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે. તેવી રીતે-મિથ્યાદ્રષ્ટિ પોતામાં રાગાદિક (-રાગાદિભાવો-) કરતો, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવો લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે તેમને પણ બંધનો પ્રસંગ આવે. કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( पृथ्वी )

**न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा**
**न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत्।**
**यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः**
**स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।।१६४।।**

યોગ ) પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો યથાખ્યાત-સંયમીઓને પણ ( કાય-વચન-મનની ક્રિયા હોવાથી ) બંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ ( તે કરણોથી ) બંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેઓ સમિતિમાં તત્પર છે તેમને ( અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને ) પણ ( સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી ) બંધનો પ્રસંગ આવે. માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપયોગમાં રાગાદિકરણ ( અર્થાત્ ઉપયોગમાં જે રાગાદિકનું કરવું ), તે બંધનું કારણ છે.

**ભાવાર્થઃ-** અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે. જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે જ નિશ્ચય છે. બંધનું કારણ વિચારતાં નિર્બાધપણે એ જ સિદ્ધ થયું કે-મિથ્યાદ્રષ્ટિ પુરુષ જે રાગદ્વેષમોહભાવોને પોતાના ઉપયોગમાં કરે છે તે રાગાદિક જ બંધનું કારણ છે. તે સિવાય બીજાં-બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, મન-વચન-કાયના યોગ, અનેક કરણો તથા ચેતન-અચેતનનો ઘાત-બંધનાં કારણ નથી; જો તેમનાથી બંધ થતો હોય તો સિદ્ધોને, યથાખ્યાત ચારિત્રવાળાઓને, કેવળજ્ઞાનીઓને અને સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે. પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં ( -કારણોમાં ) વ્યભિચાર આવ્યો. માટે બંધનું કારણ રાગાદિક જ છે એ નિશ્ચય છે.

અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું તેનું કારણ એ છે કે-અવિરત તથા દેશવિરતને બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી તેથી ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે; માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ बन्धकृत् ] કર્મબંધ કરનારું કારણ, [ न कर्मबहुलं जगत् ] નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, [ न चलनात्मकं कर्म वा ] નથી ચલનસ્વરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), [न नैककरणानि] નથી અનેક પ્રકારનાં કરણો [वा न चिद्–अचिद्–वधः] કે નથી ચેતન-અચેતનનો ઘાત. [उपयोगभूः रागादिभिः यद्–ऐक्यम् समुपयाति] 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે [सः एव केवलं] તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ-) [किल] ખરેખર [नृणाम् बन्धहेतुः भवति] પુરુષોને બંધનું કારણ છે.

**ભાવાર્થઃ-** અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે. ૧૬૪.

* * *

## સમયસાર બંધ અધિકાર

પ્રથમ અર્થકાર પંડિત શ્રી જયચંદજી મંગલાચરણ કહે છેઃ-

"રાગાદિકથી કર્મનો બંધ જાણી મુનિરાય,
તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય."

શું કહે છે? કે રાગ ને દ્વેષ, ને પુણ્ય ને પાપ ઈત્યાદિ જે વિકારી ભાવ પર્યાયમાં થાય છે તે વડે કર્મબંધ થાય છે; આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના જે શુભભાવ થાય છે તે બંધનના ભાવ છે એમ કહે છે. અહાહા..! વ્રતાદિના જે વ્યવહાર પરિણામ થાય છે તે બંધનરૂપ છે એમ મુનિરાજ જાણે છે. સમજાણું કાંઈ...?

જુઓ, જે વ્યવહારના રાગને-બંધનને મુનિરાજ જાણે છે તે વ્યવહારનય છે. (નિશ્ચયે તો તે સ્વરૂપવિશ્રાંત છે)

તો શું રાગને-બંધને વ્યવહારે જાણે છે એટલાથી મુનિરાજને મુક્તિ થાય છે? તો કહે છે-ના; તો કેવી રીતે છે? તો કહે છે-

'તજે તેહ સમભાવથી',-શું કહ્યું? કે રાગને-બંધને જાણીને અંતર-એકાગ્રતા વડે સમભાવની-વીતરાગભાવની પ્રગટતા કરીને તે રાગને-બંધને છોડી દે છે ને મુક્તિને પામે છે. અહાહા...! આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પ્રભુ અભેદ એક જ્ઞાયકભાવમય વસ્તુ છે. મુનિરાજ આવા પોતાના નિજ આત્મદ્રવ્યમાં અંતરએકાગ્રતા વડે સ્થિર થઈ શાંત-શાંત પરમ શાંત વીતરાગભાવને-સમભાવને પ્રગટ કરે છે ને તે વડે રાગને-બંધને દૂર કરે છે ને મુક્તિ પામે છે. લ્યો, આવા (સ્વરૂપમાં વિશ્રાંત એવા) મુનિરાજ હોય છે અને તેમને, અર્થકાર કહે છે-હું સદા નમસ્કાર કરું છું. અહા! શુદ્ધ આત્મદ્રવ્યના આશ્રયે જેમને અત્યંત નિર્વિકાર પરિણમન થયું ને કર્મબંધન ટળી ગયું તે મુનિરાજના ચરણકમળમાં હું નિત્ય ઢળું છું-નમું છું એમ કહે છે. હવે-

'પ્રથમ ટીકાકાર કહે છે કે-હવે બંધ પ્રવેશ કરે છે. જેમ નૃત્યના અખાડામાં

સ્વાંગ પ્રવેશ કરે તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે':-

બંધનો નાશ કરવા માટે માંગળિક કહે છેઃ-

## * કળશ ૧૬૩: શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'राग-उद्गार-महारसेन सकलं जगत प्रमतं कृत्वा' -જે (બંધ) રાગના ઉદયરૂપી મહારસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત (-મતવાલું, ગાફેલ) કરીને. 'रस-भाव-निर्भर-महा-नाट्येन-क्रीडन्तं बन्धं' રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી) ભરેલા મોટા નૃત્ય વડે ખેલી (નાચી) રહ્યો છે એવા બંધને...

શું કહ્યું? કે બંધ-રાગની એકતાબુદ્ધિરૂપ દારૂએ જગતના જીવોને પ્રમત્ત નામ ગાંડા-પાગલ કરી દીધા છે. ભાઈ! ચાહે અશુભરાગ હો કે શુભરાગ હો, -એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. જુઓ, આ જે ભગવાન (અરહંતાદિ) રાગરહિત વીતરાગ થઈ ગયા છે એમની વાત નથી; આ તો શુદ્ધ ચૈતન્યસ્વભાવમય સદા વીતરાગસ્વભાવી પોતે અંદર આત્મા ભગવાનસ્વરૂપે છે તેના સ્વરૂપમાં શુભાશુભ રાગ નથી એમ વાત છે. બહુ ઝીણી વાત ભાઈ! આવું સ્વ સ્વરૂપ છે તોપણ, કહે છે, રાગના એકત્વરૂપ મહારસ નામ દારૂ વડે જગત આખું ગાફેલ-મતવાલું થઈ રહ્યું છે. સમજાણું કાંઈ...?

અહા! અંદર પોતે ત્રણલોકનો નાથ સદા ભગવાનસ્વરૂપે-પરમાત્મસ્વરૂપે વિરાજી રહ્યો છે પણ એની એને ખબર નથી. રાગનો ભાવ મારો છે, શુભરાગ ભલો છે એમ રાગ સાથે એકપણાના મોહનો મહારસ એણે પીધેલો છે ને! (તેથી કાંઈ સુધબુધ નથી). આગળ કહેશે કે મોટા માંધાતા પંચમહાવ્રતધારીઓ (દ્રવ્યલિંગીઓ) હજારો રાણીઓ છોડીને જંગલમાં વસનારાઓ પણ, આ પંચમહાવ્રતાદિનો રાગ મારો છે એમ રાગ સાથે એકત્વ કરીને બધા ઉન્મત્ત-પાગલ થઈ ગયા છે. અહા! આવી (ગજબ) વાતુ!! દુનિયા આખીથી વીતરાગનો મારગ સાવ જુદો છે બાપા! આમાં કાંઈ વાદવિવાદે સમજાય એવું નથી.

ભગવાન આત્મા સહજાનંદસ્વરૂપ પ્રભુ એક જ્ઞાયકભાવપણે સદા અંદર વિરાજમાન છે. અહા! તેને ભૂલીને સંસારી જીવોને જે રાગની રુચિ-પ્રેમ છે તે મિથ્યાત્વભાવ છે, બંધભાવ છે. અહા! તે મિથ્યાત્વનો-બંધનો રસ જગત આખાને ઉન્મત્ત કરીને રાગરૂપી ઘેલછાથી ભરેલા મોટા નૃત્ય વડે નાચી રહ્યો છે, શું કહ્યું? કે અબંધસ્વરૂપી ભગવાન આત્મામાં જેની નજરું નથી અને જેની નજરું રાગરૂપ બંધ પર છે (રાગએ ભાવબંધ છે) એવા જગતને મિથ્યાત્વરૂપી બંધનો રસ વિકારથી ભરેલા

મહા નૃત્ય વડે નાચી રહ્યો છે. હવે કહે છે-એવા બંધને ઉડાડી દેતું સમ્યગ્જ્ઞાન હવે પ્રગટ થાય છે-

એવા બંધને 'धुनत्' ઉડાડી દેતું-દૂર કરતું, 'ज्ञानं' જ્ઞાન 'समुन्मज्जति' ઉદય પામે છે.

શું કહે છે! કે જે બંધે આખા જગતને રાગ મારો છે એવી ઘેલછાથી ગાંડુ બનાવ્યું હતું તે બંધને ઉડાડી દેતું જ્ઞાન નામ આત્મા-નિત્યાનંદસ્વરૂપ ભગવાન ઉદય પામે છે. અહાહાહા...! સમ્યગ્દૃષ્ટિ ધર્મી પુરુષ કે જે રાગરહિત-બંધરહિત સદા અબંધસ્વરૂપ ભગવાન આત્માને જાુએ છે-અનુભવે છે તેને બંધને ઉડાડી દેતું જ્ઞાન ઉદય પામે છે એમ કહે છે. જેને જ્ઞાનમાં સચ્ચિદાનંદસ્વરૂપ નિત્ય અબંધ ભગવાન આત્મા જણાયો તેને જ્ઞાન નામ આત્મા ઉદય પામે છે. શું કરતો થકો? તો કહે છે કે જગત આખાને જેણે ઉન્મત્ત બનાવ્યું છે તેવા બંધને ઉડાડી દેતો-દૂર કરતો થકો. લ્યો, આવી વાતો ભારે; લોકોને લાગે કે આ તો એકલી નિશ્ચયની વાતો છે. તું એમ કહે પ્રભુ! -પણ શું થાય? મારગ તો આ છે બાપા!

અરે! રાગના રસની રુચિમાં એણે ચોર્યાશીના અવતારમાં-કાગડા, કૂતરા, કીડા ને એકેન્દ્રિયાદિ નિગોદના અવતારોમાં અનંત-અનંત ભવ કર્યા છે. અહા! આ બંધે એને ગાફેલ કરી ચારગતિરૂપ સંસારમાં રાગના નાચથી નચાવ્યો છે, રખડાવ્યો છે. અહીં કહે છે-હવે અંતરમાં ઉદય પામેલું જ્ઞાન-સમ્યગ્જ્ઞાન તે બંધને ઉડાડી દે છે. અહાહા...! હું તો રાગના સંબંધથી રહિત અબંધસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય ત્રિકાળી ભગવાન છું એવું જેમાં ભાન થયું તે સમ્યગ્જ્ઞાન બંધને ઉડાડી દે છે. આવી વાત છે!

આમાં હવે ઓલું સામાયિક કરવું ને પ્રતિક્રમણ કરવું ને પોસા કરવા ઇત્યાદિ તો આવતું નથી?

ભાઈ! સામાયિક કોને કહેવી એની તને ખબર નથી. તું જેને સામાયિક આદિ કહે છે એ તો રાગ છે. વાસ્તવમાં અંદર જ્ઞાનાનંદની મૂર્તિ પ્રભુ આત્મા નિત્ય બિરાજી રહ્યો છે, તેનું જ્ઞાન-શ્રદ્ધાન પ્રગટ થવું અને તેમાં જ ઠરી જવું તેને ભગવાન સામાયિક કહે છે. અહાહા...! જેમાં અતીન્દ્રિય આનંદનો પરમ અદ્‌ભુત આહ્લાદકારી સમરસ પ્રગટ થાય તેને સામાયિક કહે છે.

આત્મા આનંદરસકંદ પ્રભુ છે. તેમાં એકાગ્ર થઈ ઠરતાં આનંદનો-અમૃતનો સ્વાદ પ્રગટ થાય છે; જ્યારે આ પુણ્ય-પાપના રસનો સ્વાદ છે એ તો ઝેરનો સ્વાદ છે. શું કહ્યું? આ પુણ્યભાવનો (પ્રશસ્તરાગનો) જે સ્વાદ છે એ ઝેરનો સ્વાદ છે. એના સ્વાદમાં જગત આખું ગાંડુ થઈ રહ્યું છે. પરંતુ કોઈ પુણ્ય-પાપના રસથી ભિન્ન પડી જ્યાં પોતાના શુદ્ધ ચૈતન્યરસકંદ પરમાનંદમૂર્તિ પ્રભુ આત્મામાં દૃષ્ટિ કરે છે ત્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


રાગને-બંધને ઉડાડી દેતું જ્ઞાન-આત્મજ્ઞાન ઉદય પામે છે. અહા! અંતર્દ્રષ્ટિ કરતાં અબંધસ્વભાવી એક જ્ઞાયકભાવમાત્ર આત્માની પ્રતીતિ ને જ્ઞાન પ્રગટ થાય છે અને એનું જ નામ ધર્મ છે. સમજાણું કાંઈ...?

અહાહા...! કેવું છે જ્ઞાન? અર્થાત્ કેવો છે ભગવાન આત્મા? જ્ઞાન કહેતાં આત્મા; તો કહે છે-

'आनन्द-अमृत-नित्य-भोजि' આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે, શું કહ્યું? કે વર્તમાન પ્રગટેલું સમ્યગ્જ્ઞાન આનંદામૃતનું નિત્ય ભોજન કરનારું છે. પહેલાં (અનાદિથી) જે રાગની એકતારૂપ દશા હતી તે દુઃખરૂપ દશા હતી. પરંતુ રાગથી-પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડીને જ્યારે આત્માને-ચિદાનંદરસકંદ પોતાના ભગવાનને-જાણ્યો ત્યારે, કહે છે કે જે જ્ઞાન-સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તે આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. અહાહા...! રાગના-ઝેરના સ્વાદના વેદનથી છૂટી જે જ્ઞાન શુદ્ધ ચૈતન્યરસના સ્વાદના વેદનમાં પડયું તે, કહે છે, આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. અહા! ભાષા તો જુઓ! આનંદરૂપી અમૃતનું 'નિત્ય' ભોજન કરનારું છે એમ કહે છે. 'नित्य-भोजि' -એમ પાઠ છે ને? અહાહા...! ભગવાન આત્મા સહજાનંદસ્વરૂપ પ્રભુ નિત્ય આનંદસ્વરૂપ છે અને તેના સ્વાનુભવ વડે પ્રગટ થયેલું જ્ઞાન પર્યાયમાં નિત્ય આનંદનું ભોજન કરનારું છે. (મતલબ કે હવે પછી એને રાગનો-ઝેરનો સ્વાદ નથી). ગજબ વાત છે.

આ મૈસૂબ, પતરવેલિયાં, સ્ત્રીનું શરીર ઇત્યાદિનો સ્વાદ તો એને છે નહિ, પણ તે ઠીક છે એવો જે રાગ તે ઝેરના પ્યાલા છે પ્રભુ! અને આત્મા આનંદરસકંદ પ્રભુ જેવો છે તેવો સ્વાનુભવમાં આવવો તે અમૃતના પ્યાલા છે. આ અમૃતના પ્યાલા જેને પ્રગટયા તેને નિત્ય પ્રગટયા છે એમ કહે છે. અત્યારે લોકોના અંતરમાં જ્યાં સંસારની-રાગની હોળી સળગે છે ત્યાં તો આ વાત છે નહિ પણ ધર્મના બહાને જ્યાં રાગની-શુભરાગની પ્રરૂપણા ચાલે છે ત્યાં પણ આ વાત છે નહિ. શું થાય? અરેરે! જ્યાં સત્ય સાંભળવાય મળે નહિ ત્યાં સત્યનો વિચાર ક્યાંથી ઉગે? ત્યાં સત્યનો (શુદ્ધ આત્મતત્ત્વનો) વિચાર કરવાનો પ્રસંગ ક્યાંથી મળે? અને સત્ય ભણી ઝુકાવ તો થાય જ ક્યાંથી? અહા! એમ ને એમ અવસર (મનુષ્યભવ) વેડફાઈ જાય!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. તેના સ્વાનુભવમાં પ્રગટેલું જ્ઞાન બંધનો છેદ કરીને નિત્ય આનંદામૃતનું ભોજન કરનારું છે. આવી વાત! હવે જેને ઇન્દ્રિયના વિષયોમાં સુખ ભાસે છે તે વિષયોના ભિખારીને અતીન્દ્રિય આનંદરસનો સ્વાદ ક્યાંથી આવે? અહા! કોઈને સ્ત્રી રૂપાળી, સુંદર, નમણી હોય અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તેની સાથે રમવામાં આનંદ ભાસે તેને અનુપમ આનંદરસનું નિત્યભોજન ક્યાંથી હોય? અહા! સ્ત્રી આદિ વિષયોમાં રમવામાં જે આનંદ ભાસે છે તે તો મિથ્યાત્વનો ભ્રમણાનો-સંસારનો રસ છે અને તે ચતુર્ગતિપરિભ્રમણ કરાવનારો છે. સમજાણું કાંઈ...?

**પ્રશ્નઃ-** તો સમ્યગ્દ્રષ્ટિને પણ રાગ તો હોય છે? (એમ કે તેને 'આનંદામૃત-નિત્યભોજિ' કેમ કહ્યો?)

**સમાધાનઃ-** સમ્યગ્દ્રષ્ટિ અર્થાત્ જેને આનંદનો નાથ પ્રભુ આત્મા અનુભવમાં દ્રષ્ટિમાં ને પ્રતીતિમાં આવ્યો છે એને મુખ્યપણે નિત્ય આનંદનું ભોજન છે. એને કિંચિત્ રાગ છે તે અહીં ગૌણ છે. કોઈ અહીં એમ કાઢે (સમજે) કે સમકિતી નિત્ય આનંદને ભોગવે, તેને દુઃખ હોય જ નહિ તો એમ નથી. એને 'આનંદામૃતનિત્યભોજિ' કહ્યો એ તો એને જે વીતરાગતાનો-સુખનો અંશ પ્રગટયો એની મુખ્યતાથી વાત કરી. પણ ભાઈ! એને જેટલો કિંચિત્ રાગ છે તેટલું દુઃખ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિના વિકલ્પ તેને હોય છે અને તે રાગ છે અને તેટલું તેને દુઃખનું વેદન છે. પણ અહીં તેને મુખ્ય ન ગણતાં (ગૌણ ગણીને) એને નિત્ય આનંદનું વેદન છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ...? અહા! દ્રષ્ટિ (દર્શન) નિર્વિકલ્પ છે અને તેનો વિષય નિત્યાનંદ પ્રભુ અભેદ એક નિર્વિકલ્પ છે. તો દ્રષ્ટિની અપેક્ષાએ સમ્યગ્દ્રષ્ટિને નિત્ય આનંદનો જ અનુભવ છે એમ કહ્યું છે. બાકી દ્રષ્ટિ સાથે જે જ્ઞાન પ્રગટ છે તે તો એમ યથાર્થ જાણે છે કે જેટલો રાગ અવશેષ છે તેટલું દુઃખનું વેદન છે અને તેટલો બંધ પણ છે જે દ્રવ્યબંધનું કારણ થાય છે. આવી વાત છે.

અહાહા...! જેમ હજાર પાંખડીનું ફૂલ ખીલી ઊઠે તેમ અંતર્દ્રષ્ટિ કરતાં ભગવાન આત્મા સર્વ અસંખ્યાત પ્રદેશે આનંદથી ખીલી ઊઠે છે. ઓહો! જે આનંદ અંદર સંકોચપણે-શક્તિપણે પડયો હતો તે, એના તરફનો આશ્રય થતાં જ, ધર્મીને પર્યાયમાં ઉછળીને ઉલ્લસિત થાય છે. આનું નામ ધર્મ ને આનું નામ નિર્જરા કહેવામાં આવે છે. સમકિતીને નિર્જરા છે એમ આવે છે ને? આનું નામ તે નિર્જરા છે.

આ તો એક બે બહારથી ઉપવાસ કરે ને માને કે થઈ ગઈ તપસ્યા ને થઈ ગઈ નિર્જરા તો તેને કહીએ છીએ કે ધૂળેય નથી તપસ્યા સાંભળને. બાપુ! મરી જાય ને તું (ઉપવાસાદિ રાગ) કરી કરીને; તોપણ જ્યાં સુધી નિર્મળાનંદનો નાથ પ્રભુ આત્માના અંદર ભેટા ન થાય ત્યાં સુધી તપેય નથી ને નિર્જરાય નથી.

આ તો એને નિર્જરા છે જેને આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન છે. આ લૌકિકમાં 'અમૃત' કહે છે એ નહિ હોં. લોકમાં તો અનેક પ્રકારે અમૃત કહે છે-એ વાત નથી આ તો અતીન્દ્રિય આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન એમ વાત છે. નિત્ય નામ સદા. નિર્જરા અધિકારમાં છેલ્લે આવ્યું ને? કે-

'સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ...'

એ 'સદા'ની વ્યાખ્યા છે તે અહીં પાછી આવી.

વળી કેવું છે જ્ઞાન? તો કહે છે–

'सहज–अवस्थां स्फुटं नाटयत' પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે.

પહેલાં એ નાચતું તો હતું; એ તો આવ્યું ને? કે –'रस–भाव–निर्भर–महा–नाटयेन क्रीडन्तं बन्धं' પહેલાં એ નાચતું હતું રાગની ઘેલછાભર્યા નૃત્યથી. હવે સ્વભાવદૃષ્ટિ થતાં તેને છોડીને પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે. જુઓ, આમાં બંધની સામે જ્ઞાન લીધું. કોનું? સમ્યગ્દૃષ્ટિનું અહા! નિત્ય આનંદામૃતનું ભોજન કરે છે તે સમકિતીનું જ્ઞાન જાણનક્રિયારૂપ સહજ અવસ્થાથી નાચી રહ્યું છે. અર્થાત્ સમકિતીને જાણનક્રિયામાત્ર પોતાની સહજ નિર્મળ અવસ્થા વર્તમાન પ્રગટ થઈ છે. પહેલાં રાગ પ્રગટ થતો હતો તેને બદલે હવે જ્ઞાન પ્રગટ થયું છે.

વળી કેવું છે જ્ઞાન? 'धीर–उदारम्' ધીર છે, ઉદાર છે.

અહા! સમ્યગ્જ્ઞાનીનું જ્ઞાન ધીર છે એટલે શું? કે તે ધીરું થઈને સ્વરૂપમાં સમાઈને રહેલું છે. આ કરું ને તે કરું–એવી બહારની હો–હા ને ધંધાલમાં તે પરોવાતું નથી. અહાહા...! અજ્ઞાની જ્યાં ખૂબ હરખાઈ જાય વા મુંઝાઈ જાય એવા અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગમાં જ્ઞાની તેને (–સંજોગને) જાણવામાત્રપણે–સાક્ષીભાવપણે જ રહે છે, પણ તેમાં હરખ–ખેદ પામતો નથી. શું કહ્યું? પ્રતિકુળતાના ગંજ ખડકાયા હોય તોપણ જ્ઞાની સ્વરૂપમાં નિશ્ચળ રહેતો થકો તેને જાણવામાત્રપણે રહે છે પણ ખેદખિન્ન થતો નથી. આવું જ્ઞાનીનું જ્ઞાન મહા ધીર છે. જે વડે તે અંતઃઆરાધનામાં નિરંતર લાગેલો જ રહે છે.

વળી તે ઉદાર છે. સાધકને અનાકુળ આનંદની ધારા અવિરતપણે વૃદ્ધિગત થઈ પરમ (પૂર્ણ) આનંદ ભણી ગતિ કરે એવા અનંત અનંત પુરુષાર્થને જાગ્રત કરે તેવું ઉદાર છે. ભીંસના પ્રસંગમાં પણ અંદરથી ધારાવાહી શાન્તિની ધારા નીકળ્યા જ કરે એવું મહા ઉદાર છે. જ્યાં અજ્ઞાની અકળાઈ જાય, મુંઝાઈ જાય એવા આકરા ઉદયના કાળમાં પણ જ્ઞાનીનું જ્ઞાન ધારાવાહી શાંતિ–આનંદની ધારાને તેમાં ભંગ ન પડે તેમ ટકાવી રાખે તેવું ઉદાર છે. અહાહા..! આવું જ્ઞાનીનું જ્ઞાન ઉદાર છે.

વળી 'अनाकुलं' અનાકુળ છે. જેમાં જરાય આકુળતા નથી તેવું આનંદરૂપ છે. જ્ઞાનીને ક્યાંય હરખ કે ખેદ નથી. તેને કિંચિત્ અસ્થિરતા હોય છે તે અહીં ગૌણ છે. વાસ્તવમાં તે નિરાકુળ આનંદામૃતનું નિરંતર ભોજન કરનારો છે. અહા! જાણવું, જાણવું માત્ર જેનું સ્વરૂપ છે તેમાં આકુળતા શું?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી જ્ઞાન 'निरुपधि' નિરુપધિ છે. એટલે કે એને રાગની ઉપધિ નથી, અર્થાત્ તે રાગના સંબંધથી રહિત છે. સમ્યગ્જ્ઞાન પરિગ્રહથી રહિત છે. તેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણ-ત્યાગ નથી એવું નિરુપધિ છે. આ પ્રમાણે રાગથી ભિન્ન પડીને ભગવાન આત્મામાં અંતરએકાગ્ર થતાં પ્રગટ થયેલું જ્ઞાન બંધને ઉડાડી દેતું, આનંદામૃતનું નિત્ય ભોજન કરનારું, જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને નચાવતું, ધીર, ઉદાર, અનાકુળ અને નિરુપધિ છે. આવું સમ્યગ્જ્ઞાન મહા મંગળ છે.

## કળશ ૧૬૩: ભાવાર્થ ઉપરનું પ્રવચન

'બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે,...'

રાગનું ઉપયોગમાં એકત્વ થવું એનું નામ બંધતત્ત્વ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. તેના ઉપયોગમાં-જ્ઞાનમાં વિકારનું-રાગનું એકત્વ થવું તે બંધતત્ત્વ છે જડ કર્મનો બંધ એ તો બાહ્ય નિમિત્ત છે. અહીં કહે છે-એ બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે. નાટકની ઉપમા આપી છે ને? હવે કહે છે-

'તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે.'

અહીં કહે છે તે જ્ઞાન મહા મહિમાવંત છે, માંગલિક છે જેણે ઉપયોગ સાથે રાગની એકતાને તોડી નાખી છે અને જે નિત્યાનંદસ્વરૂપ પ્રભુ આત્મામાં આશ્રય પામીને સ્વરૂપમાં એકત્વપણે પરિણમ્યું છે. ઉપયોગમાં રાગનું એકત્વ તે મુખ્યપણે બંધ છે. એવા બંધને ઉડાવી દઈને પ્રગટ થયેલું જ્ઞાન નિરાકુળ આનંદનો નાચ નાચે છે. અહાહા...! પહેલાં રાગના એકત્વમાં જે નાચતું હતું તે જ્ઞાન હવે રાગથી જાુદું પડીને નિજ જ્ઞાનાનંદસ્વભાવમાં એકત્વ પામીને આનંદનો નાચ નાચે છે. અહા! આનું નામ સમ્યગ્જ્ઞાન છે અને તે આનંદનું દેનારું અત્યંત ધીર અને ઉદાર હોવાથી મહામંગળરૂપ છે. હવે કહે છે-

'એવો અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો.'

અહાહા...! આત્મા અનંત અનંત સામર્થ્યમંડિત અનંત જ્ઞાનસ્વરૂપ દ્રવ્ય છે. એનો જ્ઞાનસ્વભાવ બેહદ, અપરિમિત છે. અહાહા...! જેનો જે સ્વભાવ છે એની હદ શી? ક્ષેત્રથી ભલે શરીર પ્રમાણ હોય પણ એનો સ્વભાવ બેહદ અનંત જ્ઞાનસ્વરૂપ છે. અહીં કહે છે-એવું જ્ઞાનસ્વરૂપ, આત્માને સદા પ્રગટ રહો શું કીધું? આ જેવો પ્રગટ થયો એવો ને એવો સાદિ-અનંત કાળ રહો. એમ કહે છે. સમજાણું કાંઈ...? આ મહા માંગલિક છે.

ઝીણી વાત છે ભાઈ! આ બધી બહારની ક્રિયા કરે તે ક્રિયા વડે બંધ તૂટે એમ છે નહિ. આ તો પર્યાયબુદ્ધિમાં જે વિકારના એકત્વરૂપ પરિણમન હતું તેનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દ્રવ્યદષ્ટિ વડે નાશ કર્યો છે અને ત્યારે પ્રગટ થયેલું જે જ્ઞાન તેમાં અનંતજ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જણાયો અને તેનું પરિણમન શુદ્ધ નિર્મળ નિરાકુળ આનંદનું પ્રગટ થયું. હવે કહે છે-તે અનંત જ્ઞાનસ્વરૂપ આત્મા સદાય પ્રગટ રહો. લ્યો, આવી વાત છે!

## સમયસાર ગાથા ૨૩૭ થી ૨૪૧: મથાળું

હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે:-

## ગાથા ૨૩૭ થી ૨૪૧: ટીકા ઉપરનું પ્રવચન

'જેવી રીતે-આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો,...'

'આ જગતમાં' -એમ કહીને જગત સિદ્ધ કર્યું. 'સ્નેહના મર્દનયુક્ત થયેલો' એટલે એકલું સ્નેહ નામ તેલ ચોપડેલું એમ નહિ પણ શરીર ઉપર ખૂબ મર્દન કરેલું એમ કહેવું છે. જુઓ, અહીં કોઈ તેલનું મર્દન કરે છે-કરી શકે છે એમ સિદ્ધ નથી કરવું. આ તો દષ્ટાંતમાં તેલના મર્દન વડે ચિકાશવાળો કોઈ પુરુષ છે બસ એટલું જ કહેવું છે. સમજાણું કાંઈ...? શું કીધું? કે-

'જેવી રીતે-આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના મર્દનયુક્ત થયેલો, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો, શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ (અર્થાત્ શસ્ત્રોના અભ્યાસરૂપી ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, (તે ભૂમિની) રજથી બંધાય છે- લેપાય છે.'

આ તો દાખલો છે. હવે એમાંથી કોઈ કુતર્ક કરીને એમ કાઢે કે-જુઓ, ભૂમિમાં રહ્યો છે કે નહિ? વ્યાયામરૂપી ક્રિયા કરે છે કે નહિ? વ્યવહારે ક્રિયા કરે છે કે નહિ? બાપુ! અહીં એ પ્રશ્ન નથી. અહીં તો એનું દષ્ટાંત લઈને સિદ્ધાંતમાં ઉતારવું છે. હવે દષ્ટાંતમાં પણ ખોટા તર્ક કરીને વાતને ઉડાડી દે એ કેમ હાલે?

અહાહા...! 'અનેક પ્રકારના કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો' -મતલબ કે સચિત્ત નામ એકેન્દ્રિયાદિ પ્રાણીઓ અને અચિત્ત નામ પથ્થર આદિ પદાર્થોનો ઘાત કરતો-એમ કહ્યું તો કોઈ પરનો ઘાત કરી શકે છે એમ અહીં સિદ્ધ નથી કરવું. આ તો દષ્ટાંતમાંથી એક અંશ સિદ્ધાંતનો કાઢી લેવો છે. દષ્ટાંત કાંઈ સર્વ પ્રકાર સિદ્ધાંત સાથે મળતું આવે એમ ન હોય. 'કરણો વડે સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો' -એ તો દષ્ટાંત પૂરતું છે; બાકી આગળ કહેશે કે-'પરવસ્તુનો જીવ ઘાત કરી શકે નહિ.' તો એમાં જીવનું શું કાર્ય છે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ પરવસ્તુનો ઘાત કરવાનો ભાવ કરે તે એનું કાર્ય છે, તે એનું કર્મ છે, પરિણામ છે; પણ પરવસ્તુનો ઘાત થાય એ ખરેખર જીવનું કાર્ય નથી. કોઈનો ઘાત થાય તે સમયે કદાચિત્ બીજા કોઈ જીવનો ઘાત કરવાનો ભાવ નિમિત્ત હોય છે તો આણે આનો ઘાત કર્યો એમ ઉપચારથી કહેવાય છે.

અહીં કહે છે-સ્નેહના મર્દનયુક્ત થયેલો પુરુષ બહુ રજભરેલી ભૂમિમાં શસ્ત્રો વડે વ્યાયામ કરતો, અનેક કરણો વડે સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો તે રજથી બંધાય છે-લેપાય છે. '(ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે?' લ્યો, આ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. તો હવે આગળ કહે છેઃ-

'પ્રથમ, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે.'

શું કીધું? કે જે ભૂમિમાં ઘણી રજ છે તેમાં બીજા ઘણા પુરુષો તેલ ચોપડયા વિનાના પણ હોય છે. ત્યાં રજબંધ તો તેલથી મર્દનયુક્ત પુરુષને એકને જ થાય છે, બીજાઓને નહિ. તેથી એમ સિદ્ધ થયું કે તેલ આદિની ચિકાશ જે લાગેલી છે એ જ રજબંધનું કારણ છે, પણ બહુ રજથી ભરેલી ભૂમિ રજબંધનું કારણ નથી. કેમકે જો બહુ રજથી ભરેલી ભૂમિ રજબંધનું કારણ હોય તો ભૂમિમાં રહેલા અન્ય તેલની ચિકાશથી રહિત જે પુરુષો છે તેમને પણ રજબંધ થવો જોઈએ.

હવે કહે છે-'શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ શસ્ત્ર વ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે.' પણ એમ બનતું નથી. માત્ર જેના શરીરે તેલ આદિની ચીકાશ છે તેને જ રજબંધ થાય છે, અન્યને નહિ. તેથી એમ નક્કી થાય છે કે તેલની ચીકાશ જ રજબંધનું કારણ છે, પરંતુ શસ્ત્રોના વ્યાયામરૂપી ક્રિયા રજબંધનું કારણ નથી.

ત્રીજું, 'અનેક પ્રકારનાં કરણો પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ અનેક પ્રકારનાં કરણોથી રજબંધનો પ્રસંગ આવે.' પણ એમ બનતું નથી. અર્થાત્ માત્ર જેના શરીર પર તેલ આદિની ચીકાશ છે તેને જ રજબંધ થાય છે, અન્ય પુરુષોને નહિ. તેથી એમ સિદ્ધ થયું કે તેલ આદિની ચીકાશ જ રજબંધનું કારણ છે, પરંતુ અનેક પ્રકારનાં કરણો રજબંધનું કારણ નથી.

ચોથું, 'સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ સચિત્ત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે.' પણ એમ બનતું નથી. અર્થાત્ જેના શરીરે તેલ આદિની ચીકાશ છે તેને જ એકને રજબંધ થાય છે, અન્ય કોઈને નહિ. તેથી એમ સિદ્ધ થયું કે તેલ આદિની ચીકાશ જ રજબંધનું કારણ છે, પરંતુ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત રજબંધનું કારણ નથી.

હવે સરવાળો કહે છે. 'માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું (-સિદ્ધ થયું) કે, જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ (અર્થાત્ તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે.'

જુઓ, આ ન્યાયના બળથી જ સિદ્ધ થયું કે તે પુરુષમાં જે તેલ આદિનું મર્દન કરવું છે તે જ રજબંધનું કારણ છે. અહીં તેલનું એકલું ચોપડવું એમ ન લેતાં તેલનું મર્દન કરવું એમ લીધું છે કેમકે એમાંથી સિદ્ધાંત બતાવવો છે. શું? કે એકલો રાગ બંધનું કારણ નથી પણ રાગનું મર્દન અર્થાત્ રાગનું ઉપયોગ સાથે એકત્વ કરવું એ બંધનું મુખ્ય કારણ છે. આ દ્દષ્ટાંત થયું.

હવે સિદ્ધાંત કહે છેઃ- 'તેવી રીતે-મિથ્યાદ્દષ્ટિ પોતામાં રાગાદિક (-રાગાદિભાવો) કરતો, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો કર્મરૂપી રજથી બંધાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે?'

શું કીધું? કે આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ અખંડ એક જ્ઞાનાનંદસ્વરૂપ છે. તેને ન ઓળખતાં વર્તમાન અવસ્થામાં જે શુભાશુભ રાગાદિ થાય છે તેને પોતાનું સ્વરૂપ માને તે મિથ્યાદ્દષ્ટિ છે. મિથ્યાદ્દષ્ટિ પર નિમિત્તાદિ સંયોગ અને સંયોગીભાવમાં રોકાણો છે. અહા! ચૈતન્યસ્વભાવથી જડ દ્રવ્ય તો બાહ્ય જ છે. તથા શુભાશુભ રાગના પરિણામ પણ શુદ્ધ ચૈતન્યથી બહાર છે. તે બાહ્ય ભાવોને જે પોતાના જાણે છે, માને છે તે બહિરાત્મા મિથ્યાદ્દષ્ટિ છે, અને તે રજથી બંધાય છે. અહીં પૂછે છે કે-રાગથી સંયુક્ત તે બહુ કર્મયોગ્ય રજકણોથી ઠસાઠસ ભરેલા લોકમાં, મન-વચન-કાયની ક્રિયા કરતો અને અનેક કરણો (-હસ્તાદિ) વડે સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો કર્મરજથી બંધાય છે તો ત્યાં તે પુરુષને બંધનું કારણ કયું છે? એનો નિર્ણય કરાવે છે.

'પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવો લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે તેમને પણ બંધનો પ્રસંગ આવે.' પણ એમ છે નહિ; કેમકે લોકાગ્રે બિરાજમાન સિદ્ધ ભગવાનને ત્યાં કર્મયોગ્ય પુદ્ગલો હોવા છતાં કર્મબંધ નથી. કર્મબંધ તો એક રાગથી સંયુક્ત પુરુષને જ થાય છે. માટે ઉપયોગમાં રાગનું સંયુક્તપણું એ જ બંધનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કારણ છે પણ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક બંધનું કારણ નથી.

શુભભાવ ભલો ને અશુભ બુરો એવા બે ભાગ શુદ્ધ ચૈતન્યના એકાકાર (ચિદાકાર) સ્વભાવમાં નથી. અજ્ઞાનને લઈને મિથ્યાદ્રષ્ટિએ એવા બે ભાગ પાડયા છે. પણ એ વિષમતા છે અને તે બંધનું કારણ છે. ભગવાન સિદ્ધ તો પૂરણ સમભાવે-વીતરાગભાવે પરિણમ્યા છે તેથી ત્યાં કર્મયોગ્ય પુદ્‌ગલો હોવા છતાં પણ સિદ્ધ ભગવાનને બંધ નથી. માટે કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક બંધનું કારણ નથી.

બીજાું, 'કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ યોગ) પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો યથાખ્યાત-સંયમીઓને પણ (કાય-વચન-મનની ક્રિયા હોવાથી) બંધનો પ્રસંગ આવે.'

જાુઓ, મન-વચન-કાયની ક્રિયાસ્વરૂપ યોગ બંધનું કારણ નથી. જો યોગની ક્રિયા બંધનું કારણ હોય તો યથાખ્યાત સંયમીઓને પણ બંધ થવો જોઈએ; અકષાયી વીતરાગી મુનિવરને યોગની ક્રિયા હોય છે, તો તેને પણ બંધ થવો જોઈએ. અગિયારમે-બારમે ગુણસ્થાને શુક્લધ્યાનમાં પણ મનનું નિમિત્ત છે, મનની ક્રિયા છે, છતાં ત્યાં કષાય નથી તેથી બંધ થતો નથી, કેમકે યોગની ક્રિયા બંધનું કારણ નથી. તેરમે ગુણસ્થાને કેવળીને પણ વચનયોગ છે, કાયયોગ છે, પરંતુ ત્યાં કષાય નથી તેથી બંધ થતો નથી. આ પ્રમાણે સિદ્ધ થયું કે યોગ તે બંધનું કારણ નથી.

ત્રીજાું, 'અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ (તે કરણોથી) બંધનો પ્રસંગ આવે.'

શું કહ્યું? કે જો કરણો બંધનું કારણ હોય તો પૂર્ણ વીતરાગપણે પરિણમેલા કેવળી અરિહંતોને પણ બંધ થવો જોઈએ, કેમકે તેમને કરણો નામ ઇન્દ્રિયો તો છે. પણ એમ બનતું નથી. તેથી સિદ્ધ થયું કે અનેક પ્રકારનાં કરણો બંધનું કારણ નથી. મિથ્યાદ્રષ્ટિને બંધ છે કેમકે રાગથી સંયુક્તપણું જ બંધનું કારણ છે.

ચોથું, 'સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેઓ સમિતિમાં તત્પર છે તેમને (અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને) પણ (સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે.'

જાુઓ, સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી બંધ થતો હોય તો ઈર્યાસમિતિપૂર્વક પ્રમાદરહિત યત્નાચાર વડે વિચરતા મુનિવરોને પણ બંધ થવો જોઈએ કેમકે તેમને પણ સમિતિપૂર્વક વિચરતાં શરીરના નિમિત્તથી સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત થાય છે. પરંતુ તે મુનિવરોને બંધ થતો નથી તેથી સિદ્ધ થયું કે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત બંધનું કારણ નથી.

હવે બધાનો સરવાળો કરી સિદ્ધાંત કહે છે-'માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપયોગમાં રાગાદિકરણ (અર્થાત્ ઉપયોગમાં જે રાગાદિકનું કરવું), તે બંધનું કારણ છે.'

અહાહા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ સદા ચૈતન્ય ઉપયોગસ્વરૂપ છે. તેનો પરિણમનરૂપ ઉપયોગ જે જ્ઞાન તેમાં રાગની એકતા કરવી તે બંધનું કારણ છે એમ કહે છે. રાગ હો; પણ એ બંધનું (મુખ્ય) કારણ નથી, પરંતુ રાગમાં એકતાબુદ્ધિ હોય તે બંધનું કારણ છે. અહા! અહીં દર્શનશુદ્ધિથી એકદમ વાત ઉપાડી છે. મિથ્યાદષ્ટિને રાગમાં એકતાબુદ્ધિ છે તે જ બંધનું કારણ છે એમ સિદ્ધ કરવું છે ને? એટલે સમ્યગ્દષ્ટિને જે અલ્પ રાગ છે અને તેનાથી મિથ્યાત્વ ને અનંતાનુબંધી સિવાયનો જે અલ્પ બંધ છે તેને અહીં ગૌણ ગણી તે બંધનું કારણ નથી એમ કહ્યું છે. અહા! સમકિતીને અસ્થિરતાના રાગને કારણે જે અલ્પબંધ છે તેને મુખ્ય ન ગણતાં મિથ્યાદષ્ટિને રાગની એકતાબુદ્ધિથી જે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો બંધ થાય છે તે જ મુખ્યપણે બંધ છે એમ અહીં સિદ્ધ કરવું છે.

'ववहारोऽभूदत्थो' -વ્યવહાર અભૂતાર્થ નામ અસત્યાર્થ છે એમ ગાથા ૧૧ માં કહ્યું છે. ત્યાં અસત્યાર્થ કહીને પછી ૧૨ મી ગાથામાં કહ્યું કે વ્યવહાર છે, તે સત્ છે, જાણેલો પ્રયોજનવાન છે. કોઈ ને એમ થાય કે ૧૧ મી ગાથામાં વ્યવહાર અસત્ય છે અર્થાત્ છે નહિ, અવિદ્યમાન છે એમ કહ્યું તો પછી ૧૨ મી ગાથામાં વ્યવહાર છે એમ ક્ય ાંથી આવ્યું?

ભાઈ! એનો અર્થ એમ છે કે ૧૧ મી ગાથામાં સમકિતીને શુદ્ધનયનો આશ્રય (શુદ્ધનયના આશ્રયે જ સમકિત છે એમ) સિદ્ધ કરવો છે તેથી ત્યાં વ્યવહારને ગૌણ કરીને નથી, અભૂત-અવિદ્યમાન છે એમ કહ્યું છે અને ૧૨ મી ગાથામાં સમકિતીને અસ્થિરતાનો અલ્પ રાગ છે તે સિદ્ધ કરવો છે તેથી વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ ત્યાં કહ્યું છે. તેથી તો પંડિત શ્રી જયચંદજીએ ખુલાસો કર્યો કે વ્યવહારને જે અસત્ય કીધો છે તે ગૌણ કરીને કીધો છે પણ અભાવ કરીને અસત્ય કીધો નથી. બંધના કારણમાં પણ અહીં એમ જ સમજવું.

અહા! આશ્રય કરવાના સંબંધમાં ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય જ મુખ્ય છે. તેથી ત્યાં (૧૧ મી ગાથામાં) મુખ્ય જે દ્રવ્યસ્વભાવ છે તેને નિશ્ચય કહીને તે સત્યાર્થ છે એમ કહ્યું છે અને પર્યાયને વ્યવહાર કહીને અસત્ કીધી. આશય એમ છે કે મુખ્ય જે દ્રવ્યસ્વભાવ તેની દૃષ્ટિ કરતાં સમકિત થાય છે માટે તે સત્યાર્થ છે એમ કહીને પર્યાયને ગૌણ કરી અસત્યાર્થ કહીને નથી એમ કહેવામાં આવ્યું છે.

ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. એમાં વીતરાગતા કેમ થાય એનું રહસ્ય

પ્રગટ કર્યું છે. પંચાસ્તિકાય ગાથા ૧૭૨ માં આવે છે કે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. અહા! ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. એ વીતરાગતા પ્રગટ કેમ થાય? તો કહે છે કે ત્રિકાળી સત્યાર્થ સદા વીતરાગસ્વભાવ-ચૈતન્યસ્વભાવી એક ભગવાન આત્માનો આશ્રય કરતાં વીતરાગતા પ્રગટ થાય છે. એટલે ત્રિકાળી ધ્રુવ નિજ પરમાત્મદ્રવ્યમાં જ દૃષ્ટિ કરવી એ ચારેય અનુયોગનો સાર છે એમ સિદ્ધ થયું.

આ તારા હિતની વાત છે ભાઈ! અહાહા...! હિત કેમ થાય? તો કહે છે-પરમ સત્રૂપ સાહ્યબો સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ અંદર નિત્ય પરમાત્મસ્વરૂપે સાક્ષાત્ બિરાજમાન છે. આવા નિજ પરમાત્મસ્વભાવના આશ્રયે પર્યાયમાં નિરાકુલ આનંદરૂપ પરમાત્મપદ પ્રગટ થાય છે અને તે એનું હિત છે એને સુખનું પ્રયોજન છે ને? તો સુખધામ પ્રભુ આત્મા ત્રિકાળ છે એનો આશ્રય કરવાથી સુખની દશા પ્રગટ થાય છે. આ સિવાય બીજું આડું-અવળું કરે એ માર્ગ નથી, ઉપાય નથી, સમજાણું કાંઈ...?

હવે અહીં સિદ્ધાંત શું નક્કી થયો? કે 'ઉપયોગમાં રાગાદિકરણ તે બંધનું કારણ છે.' ઉપયોગમાં રાગનું કરવું અર્થાત્ રાગની સાથે એકત્વબુદ્ધિ કરવી તે બંધનું કારણ છે, જ્યારે ઉપયોગમાં વીતરાગસ્વરૂપનું પ્રગટ કરવું તે અબંધનું કારણ છે, આનંદનું કારણ છે, સુખનું અને શાંતિનું કારણ છે. લ્યો, આવી વાત! અરે! સત્ય જ આ છે. બહારની ચીજ જે રાગ કે જે એના (નિર્મળ) ઉપયોગમાં નથી તે બહારની ચીજને ઉપયોગમાં એકાકાર કરવી એ બંધનું કારણ છે, દુઃખનું કારણ છે. સમજાણું કાંઈ...? છહઢાળામાં આવે છે ને કે-

"લાખ બાતકી બાત યહૈં, નિશ્ચય ઉર લાવો;
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાવો."

ભાઈ! તારો ભગવાન અંદર પૂરણ સુખધામ પ્રભુ બિરાજે છે ત્યાં જાને! એની ઓથ (આશ્રય) લેને! એના પડખે ચઢને! તું રાગાદિ પર્યાયને પડખે ચઢયો છો એ તો દુઃખ છે. અહીં સિદ્ધાંતમાં તો આ કહે છે કે-ઉપયોગમાં રાગનું કરવું, જ્ઞાન સાથે રાગનું મેળવવું એ બંધનું કારણ છે, દુઃખનું કારણ છે.

**પ્રશ્નઃ-** જ્ઞાનીને મિથ્યાત્વ ગયા પછી રાગ તો રહે છે? તે એને બંધનું કારણ છે કે નહિ?

**સમાધાનઃ-** સમાધાન એમ છે કે જ્ઞાનીના એ રાગનું બંધન મિથ્યાત્વના બંધની અપેક્ષાએ અત્યંત અલ્પ છે તેથી એને ગૌણ કરીને તેને બંધ નથી એમ કહ્યું છે; કેમકે મુખ્યપણે તો જ્ઞાનમાં રાગના એકત્વરૂપ મિથ્યાત્વ જ બંધનું કારણ છે.

બીજી રીતે કહીએ તો વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એ બંધનું કારણ છે એ અહીં સિદ્ધ નથી કરવું પણ વ્યવહારરત્નત્રયનો જે શુભરાગ-શુભોપયોગ છે તેને આત્મા

સાથે એકત્વ કરવું, ભેળવી દેવું તે બંધનું કારણ છે એમ અહીં સિદ્ધ કરવું છે. વળી બીજી જગ્યાએ જ્યાં મોક્ષનું કારણ સિદ્ધ કરવું હોય ત્યાં એમ આવે કે-નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ એ મોક્ષનું કારણ છે અને વ્યવહારરત્નત્રયનો જે રાગ છે તે બંધનું કારણ છે. પણ એ તો (સમકિતીને) મોક્ષના કારણની ને બંધના કારણની ભિન્નતા ત્યાં સ્પષ્ટ કરવી છે. અહીં તો મિથ્યાદ્રષ્ટિને કેમ બંધ છે એ સિદ્ધ કરવું છે. તેથી એને તો રાગનું ઉપયોગમાં એકત્વ કરવું એ બંધનું કારણ છે એમ સિદ્ધ કર્યું છે. આવી વાત છે.

હવે આમાં કોઈ કહે છે સંગઠન (સંપ) કરવું હોય તો વીતરાગભાવથી પણ લાભ થાય અને રાગથી પણ લાભ થાય એમ અનેકાન્ત કરો. મતલબ કે વીતરાગભાવ પણ મોક્ષનું કારણ છે અને શુભરાગ-પુણ્યભાવ પણ મોક્ષનું કારણ છે એમ માનો તો સંગઠન થઈ જાય.

તો કહીએ છીએ કે-પ્રભુ! આ તારા હિતની વાત છે. શું? કે રાગને-પુણ્યને-ભાવને ઉપયોગમાં એકત્વ કરવું એ બંધનું કારણ છે અને રાગને ઉપયોગથી ભિન્ન પાડીને એકલો (નિર્મળ) ઉપયોગ કરવો એ અબંધ-મોક્ષનું કારણ છે. આ મહાસિદ્ધાંત છે. આમાં જરાય બાંધછોડ કે ઢીલાપણું ચાલી શકે નહિ. રાગથી લાભ થાય એમ માને એ તો રાગથી પોતાનું એકત્વ કરનારો છે; તે મિથ્યાદ્રષ્ટિ છે અને તેને બંધ જ થાય, મોક્ષ ન થાય આવી વાત છે!

અહાહા...! અહીં કહેવું છે કે આત્માના ચૈતન્યના વેપારમાં રાગનું એકત્વ કરવું છોડી દે કેમકે ઉપયોગમાં-ચૈતન્યની પરિણતિમાં રાગનું એકત્વ કરવું એ બંધનું કારણ છે. ભાઈ! ચાહે તો દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો રાગ હો, ચાહે મહાવ્રતાદિનો વિકલ્પ હો, વા ચાહે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો-એને ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા સાથે એકત્વ કરે એ મિથ્યાત્વ છે અને એ જ સંસાર અને ચાર ગતિમાં રખડવાનું મૂળિયું છે. શું કહ્યું? ભક્તિ કે વ્રતાદિના વિકલ્પ તે મિથ્યાત્વ છે એમ નહિ, પણ તે વિકલ્પને-રાગને ઉપયોગમાં એકમેક કરવો તે મિથ્યાત્વ છે અને તે બંધનું સંસારનું મૂળ કારણ છે.

## ગાથા ૨૩૭ થી ૨૪૧: ભાવાર્થ ઉપરનું પ્રવચન

'અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે.'

એટલે કે વ્યવહારનો રાગ છે એને અહીં ગૌણ કરી નાખ્યો છે. જ્ઞાનીને અસ્થિરતાનો રાગ છે પણ એ વાત અહીં લેવી નથી. અહીં તો નિશ્ચય વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય છે તેના ઉપયોગમાં રાગનું કરવું એ બંધનું કારણ છે એમ વાત છે. સમ્યગ્દર્શન થયા બાદ જે અલ્પ રાગ થાય અને તે વડે તેને જે અલ્પ બંધ થાય

એ અહીં ગૌણ કરીને નિશ્ચયનય પ્રધાન કથન કર્યું છે.

હવે અહીં નિશ્ચયની વ્યાખ્યા કરે છે-'જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે જ નિશ્ચય છે. બંધનું કારણ વિચારતાં નિર્બાધપણે એ જ સિદ્ધ થયું કે-મિથ્યાદ્રષ્ટિ પુરુષ જે રાગદ્વેષમોહભાવોને પોતાના ઉપયોગમાં કરે છે તે રાગાદિક જ બંધનું કારણ છે.' સમ્યગ્દર્શન પછી જે રાગાદિક એકલા (અસ્થિરતાના) થાય છે તે બંધનું (મુખ્ય) કારણ નથી એમ કહેવું છે. હવે કહે છે-

'તે સિવાય બીજાં-બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, મન-વચન-કાયના યોગ, અનેક કરણો તથા ચેતન-અચેતનનો ઘાત-બંધનાં કારણ નથી; જો તેમનાથી બંધ થતો હોય તો સિદ્ધોને, યથાખ્યાત ચારિત્રવાળાઓને, કેવળજ્ઞાનીઓને અને સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે. પરંતુ તેમને તો બંધ થતો નથી.'

શું કહ્યું? કે સિદ્ધો કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલા લોકમાં હોવાથી તેમને બંધ થવો જોઈએ; યથાખ્યાત ચારિત્રવાળાઓને મન-વચન-કાયના યોગની ક્રિયા થાય છે તેથી તેમને પણ બંધ થવો જોઈએ, કેવળજ્ઞાનીઓને પણ કરણો નામ ઇન્દ્રિયો છે તેથી તેમને પણ બંધ થવો જોઈએ અને સમિતિરૂપે પ્રવર્તતા મુનિઓને ચેતન-અચેતનનો ઘાત થાય છે તેથી તેમને પણ બંધ થવો જોઈએ. પરંતુ, અહીં કહે છે તેમને તો બંધ થતો નથી. હવે કહે છે-

'તેથી આ હેતુઓમાં (-કારણોમાં) વ્યભિચાર આવ્યો.' એટલે કે આ ચારે પ્રકાર બંધના હેતુ તરીકે નિર્બાધપણે સિદ્ધ થતા નથી.

'માટે બંધનું કારણ રાગાદિક જ છે એ નિશ્ચય છે.' ઉપયોગમાં રાગાદિકરણ એ એક જ બંધનું કારણ નિશ્ચયથી નિર્બાધપણે સિદ્ધ થાય છે. અહા! ઉપયોગમાં રાગની એકતા-ચિકાશ એ જ નિશ્ચયથી બંધનું કારણ છે.

'અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું તેનું કારણ એ છે કે-અવિરત તથા દેશવિરતને બાહ્ય સમિતિરૂપ પ્રવૃત્તિ નથી તેથી ચારિત્રમોહસંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે; માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.'

ચોથા અને પાંચમા ગુણસ્થાનવાળાને, જેવી મુનિને હોય છે તેવી વ્યવહારની સમિતિનો અભાવ છે. તેથી તેમને સર્વથા બંધનો અભાવ નથી પણ કથંચિત્ બંધ છે તેથી તેમનું નામ અહીં ન લીધું. બાકી એને અંતરંગમાં સ્વભાવદ્રષ્ટિ થઇ છે અને રાગની એકતાબુદ્ધિ તૂટી ગઈ છે એ અપેક્ષાએ તો તે બંધરહિત જ જાણવા સમયસાર ગાથા ૧૪-૧૫ માં આવે છે ને કે-

'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं......'

અહાહા...! આવા અબદ્ધસ્પૃષ્ટ પ્રભુ આત્માને જેણે દૃષ્ટિમાં લીધો છે તેને બંધન છે નહિ. ભગવાન આત્મા અંદર અબંધસ્વરૂપ છે અને તેને દૃષ્ટિમાં લેનારા પરિણામ પણ રાગને પરના સંબંધ રહિત અબંધ જ છે.

અહાહા...! જેણે રાગથી ભિન્ન પડીને અંદર અબંધસ્વરૂપ ભગવાન આત્માને ભાળ્યો છે તેને બંધનરહિત જ અમે કહીએ છીએ એમ કહે છે. જ્ઞાનની પર્યાયમાં પૂર્ણસ્વરૂપ પોતાના ભગવાનના ભેટા થયા ને! ભલે પર્યાયમાં ભગવાન આવ્યા નથી પણ પર્યાયમાં ભગવાનનાં જ્ઞાન-શ્રદ્ધાન આવી ગયાં છે. પહેલાં પર્યાયમાં રાગની એકતા આવતી હતી અને હવે પર્યાયમાં રાગ વિનાનો આખો ચૈતન્યનો પુંજ પ્રભુ આવ્યો છે. અહાહા...! રાગનો અભાવ થઈને પર્યાયમાં પૂરણ દ્રવ્યસ્વભાવ જણાયો છે. એવા સ્વભાવદૃષ્ટિવંતને, અહીં કહે છે, બંધ નથી, નિર્બંધતા છે. આવી વાત છે બાપુ! દુનિયા સાથે મેળવવા જઈશ તો મેળ નહિ ખાય. પણ કાંઈ વાદવિવાદે પાર પડે એમ છે નહિ.

વળી કોઈ કહે છે-અમારી સાથે વાદ કરો. પણ ભાઈ! વાદથી વસ્તુ મળે એમ નથી. કોની વાદ કરીએ? નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે વાદ પરિહર્તવ્ય છે એમ કહ્યું છે; સ્વસમય ને પરસમય સાથે વાદ ન કરીશ એમ કહ્યું છે. બનારસીદાસે પણ કહ્યું છે કે-

"સદ્ગુરુ કહૈ સહજકા ધંધા, વાદવિવાદ કરૈ સૌ અંધા!"

ભાઈ! તને એમ લાગે કે વાદ કરતા નથી માટે આવડતું નથી તો ભલે; તું એમ માને એમાં મને શું વાંધો છે? એમાં મને કાંઈ નુકશાન નથી,

અહા! ખૂબી તો જુઓ! કહે છે-ચોથે પાંચમે ગુણસ્થાને અંતરંગમાં નિર્બંધ જ જાણવા. એમ કેમ કહ્યું? કારણ કે રાગની એકતાવાળો બંધમાં છે અને રાગથી ભિન્ન પડયો એને બંધ છે નહિ-એમ અહીં સિદ્ધ કરવું છે, ઓલો મુનિનો દાખલો આપ્યો એમાં મુનિરાજ પ્રમાદરહિત સમિતિપૂર્વક યત્નથી ચાલે છે ત્યાં મુનિરાજને અહિંસા છે, (સર્વથા) બંધ નથી. માટે ત્યાં એવા જીવને મુખ્યપણે (દૃષ્ટાંતમાં) લીધો છે. પણ અહીં તો રાગની એકતા જેને તૂટી છે એવો ધર્મી પુરુષ પણ ચોથે ગુણસ્થાને (પર્યાયમાં) નિર્બંધ છે એમ કહે છે. સમજાણું કાંઈ...?

* * *

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## કળશ ૧૬૪ઃ શ્લોકાર્થ ઉપરનું પ્રવચન

'बन्धकृत' કર્મબંધ કરનારું કારણ, 'न कर्मबहुलं जगत्' નથી બહુ કર્મયોગ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુદ્‌ગલોથી ભરેલો લોક, 'न चलनात्मकं कर्म वा' નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), 'न नैककरणानि' નથી અનેક પ્રકારનાં કરણો, 'वा न चिद्–अचिद्–वध:' કે નથી ચેતન-અચેતનનો ઘાત.

તો કર્મબંધનું કારણ શું છે? તો કહે છેઃ-

'उपयोगभू: रागादिभि: यद् एकयम् समुपयाति' 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐકય પામે છે 'स एव केवलं' તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ) 'किल' ખરેખર 'नृणाम बन्धहेतु: भवति' પુરુષોને બંધનું કારણ છે.

શું કહ્યું? 'ઉપયોગભૂ' -એટલે ભગવાન આત્માની ભૂમિકા તો ચૈતન્યના ઉપયોગરૂપ છે. અર્થાત્ આત્મા જાણવા-દેખવાના ઉપયોગસ્વભાવથી ત્રિકાળ ભરેલો છે; અને તેનું વર્તમાન પણ ચૈતન્યમય ઉપયોગ છે.

અહાહા...! આવા ચૈતન્યમય ઉપયોગની ભૂમિકામાં જે રાગને કરતો નથી, ભેળવતો નથી તે જ્ઞાની નિર્બંધ છે, અને એની સાથે જે રાગાદિકને એક કરે છે તે જ ખરેખર પુરુષોને (-આત્માને) બંધનું કારણ છે. લ્યો, આ ચોકખું લીધું કે 'ઉપયોગભૂ' - ત્રિકાળ જ્ઞાનદર્શનના ઉપયોગસ્વરૂપ જે આત્મા, એમાં રાગની એકતા કરવી તે જ એને બંધનું કારણ છે. આમાં સમકિતીના અસ્થિરતાના બંધને કાઢી નાખ્યો છે, અર્થાત્ ગણતરીમાં લીધો નથી. મુખ્ય બંધ મિથ્યાત્વ છે, મુખ્ય સંસાર મિથ્યાત્વ છે, મુખ્ય આસ્રવ મિથ્યાત્વ છે.

જેમ ૧૧ મી ગાથામાં ત્રિકાળીને મુખ્ય કરી સત્યાર્થ નિશ્ચય કહ્યો તેમ અહીં ત્રિકાળી અબંધસ્વરૂપમાં જ્ઞાન સાથે રાગની એકતા કરવી એને મુખ્ય કરીને સંસાર કહ્યો, એને જ બંધનું કારણ કહ્યું.

**ભાવાર્થઃ-** 'અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે.' અહીં રાગાદિક એટલે ઉપયોગમાં રાગાદિકનું એકત્વ કરવું-એમ લેવું. હવે (હવેની ગાથાઓમાં) સવળેથી વાત લેશે. આ ભાવાર્થ પૂરો થયો.

[ પ્રવચન નં. ૩૦૯ (શેષ) અને ૩૧૦ * દિનાંક ૨-૨-૭૭ અને ૩-૨-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૨૪૨ થી ૨૪૬

जह पुण सो चेव णरो णेहे सव्वम्हि अवणिदे संते।
रेणुबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं।। २४२।।

छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।। २४३।।

उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो ण रयबंधो।। २४४।।

जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।। २४५।।

एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु।
अकरंतो उवओगे रागादी ण लिप्पदि रएण।। २४६।।

સમ્યગ્દષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી-એમ હવે કહે છેઃ-

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂર કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.

વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.

એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.

યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

यथा पुन: स चैव नर: स्नेहे सर्वस्मिन्नपनीते सति।
रेणुबहुले स्थाने करोति शस्त्रैर्व्यायामम्।। २४२।।

छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिण्डी:।
सचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातम्।। २४३।।

उपघातं कुर्वतस्तस्य नानाविधै: करणै:।
निश्चयतश्चिन्त्यतां खलु किम्प्रत्ययिको न रजोबन्ध:।। २४४।।

य: स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबन्ध:।
निश्चयतो विज्ञेयं न कायचेष्टाभि: शेषाभि:।। २४५।।

एवं सम्यग्दृष्टिर्वर्तमानो बहुविधेषु योगेषु।
अकुर्वन्नुपयोगे रागादीन् न लिप्यते रजसा।। २४६।।

**ગાથાર્થઃ-** [ यथा पुन: ] વળી જેવી રીતે– [ स: च एव नर: ] તે જ પુરુષ, [ सर्वस्मिन् स्नेहे ] સમસ્ત તેલ આદિ સ્નિગ્ધ પદાર્થને [ अपनीते सति ] દૂર કરવામાં આવતાં, [ रेणबहुले ] બહુ રજવાળી [ स्थाने ] જગ્યામાં [ शस्त्रै: ] શસ્ત્રો વડે [ व्यायामम् करोति ] વ્યાયામ કરે છે, [ तथा ] અને [ तालीतलकदलीवंशपिण्डी: ] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [ छिनत्ति ] છેદે છે, [ भिनत्ति च ] ભેદે છે, [ सचित्ताचित्तानां ] સચિત્ત તથા અચિત્ત [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपघातम् ] ઉપઘાત [ करोति ] કરે છે; [ नानाविधै: करणै: ] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [ उपघातं कुर्वत: ] ઉપઘાત કરતા [ तस्य ] તે પુરુષને [ रजोबन्ध: ] રજનો બંધ [ खलु ] ખરેખર [ किम्प्रत्ययिक: ] કયા કારણે [ न ] નથી થતો [ निश्चयत: ] તે નિશ્ચયથી [ चिन्त्यताम् ] વિચારો. [ तस्मिन् नरे ] તે પુરુષમાં [ य: स: स्नेहभाव: तु ] જે તેલ આદિનો ચીકાશભાવ હોય [ तेन ] તેનાથી [ तस्य ] તેને [ रजोबन्ध: ] રજનો બંધ થાય છે [ निश्चयत: विज्ञेयं ] એમ નિશ્ચયથી જાણવું, [ शेषाभि: कायचेष्टाभि: ] શેષ કાયાની ચેષ્ટાઓથી [ न ] નથી થતો. (માટે તે પુરુષમાં ચીકાશના અભાવના કારણે જ તેને રજ ચોંટતી નથી.) [ एवं ] એવી રીતે– [ बहुविधेषु योगेषु ] બહુ પ્રકારના યોગોમાં [ वर्तमान: ] વર્તતો [ सम्यग्दृष्टि: ] સમ્યગ્દૃષ્ટિ [ उपयोगे ] ઉપયોગમાં [ रागादीन् अकुर्वन् ] રાગાદિકને નહિ કરતો થકો [ रजसा ] કર્મરજથી [ न लिप्यते ] લેપાતો નથી.

**ટીકાઃ-** જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને–તેલ આદિને) દૂર કરવામાં આવતાં, તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં (અર્થાત્ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી તે જ ભૂમિમાં) તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત–અચિત્ત વસ્તુઓનો

( शार्दूलविक्रीडित )

**लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्**
**तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।**
**रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं**
**बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दगात्मा ध्रुवम्।।१६५।।**

ઘાત કરતો, રજથી બંધાતો-લેપાતો નથી, કારણ કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન તેનો અભાવ છે; તેવી રીતે સમ્યગ્દ્રષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો, તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલા લોકમાં તે જ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ (-રાગમાં જોડાણ) તેનો અભાવ છે.

**ભાવાર્થઃ-** સમ્યગ્દ્રષ્ટિને પૂર્વોકત સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कर्मततः लोकः सः अस्तु ] માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્‌ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો, [ परिस्पन्दात्मकं कर्म तत् च अस्तु ] તે મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો, [ तानि करणानि अस्मिन् सन्तु ] તે (પૂર્વોક્ત) કરણો પણ તેને ભલે હો [ च ] અને [ तत् चिद्–अचिद्–व्यापादनं अस्तु ] તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો, પરંતુ [ अहो ] અહો! [ अयम् सम्यग्दग्–आत्मा ] આ સમ્યગ્દ્રષ્ટિ આત્મા, [ रागादीन् उपयोगभूमिम् अनयन् ] રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો, [ केवलं ज्ञानं भवन् ] કેવળ (એક) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો, [ कुतः अपि बन्धम् ध्रुवम् न एव उपैति ] કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો. (અહો! દેખો! આ સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા છે.)

**ભાવાર્થઃ-** અહીં સમ્યગ્દ્રષ્ટિનું અદ્‌ભુત માહાત્મ્ય કહ્યું છે અને લોક, યોગ, કરણ, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત-એ બંધના કારણ નથી એમ કહ્યું છે. આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી. અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય

( पृथ्वी )

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।
अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च।।१६६।।

તો તેનાથી બંધ થતો નથી. પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે અને તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ. જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય? હોય જ. માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે. ૧૬૫.

હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ तथापि ] તથાપિ ( અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ ) [ ज्ञानिनां निरर्गलं चरितुम् न इष्यते ] જ્ઞાનીઓને નિરર્ગલ ( -મર્યાદારહિત, સ્વછંદપણે ) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું, [ सा निरर्गला व्यापृतिः किल तद्-आयतनम् एव ] કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે. [ ज्ञानिनां अकाम-कृत-कर्म तत् अकारणम् मतम् ] જ્ઞાનીઓને વાંછા વિના કર્મ ( કાર્ય ) હોય છે તે બંધનું કારણ કહ્યું નથી, કેમ કે [ जानाति च करोति ] જાણે પણ છે અને ( કર્મને ) કરે પણ છે- [ द्वयं किमु न हि विरुध्यते ] એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી? ( કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે. )

**ભાવાર્થઃ-** પહેલા કાવ્યમાં લોક આદિને બંધનાં કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધના કારણોમાં સર્વથા જ નિષેધી છે; બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધના કારણને-નિમિત્તભૂત છે, તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો. જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક-વાંછા વિના-પ્રવૃત્તિ થાય છે તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વછંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદા રહિત ( અંકુશ વિના ) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. જાણવામાં અને કરવામાં તો પરસ્પર વિરોધ છે; જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય, કર્તા થશે તો અવશ્ય બંધ થશે. ૧૬૬.

“ જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો

( वसन्ततिलका )

**जानाति यः स न करोति करोति यस्तु**
**जानात्ययं न खलु तत्किल कर्मरागः।**
**रागं त्वबोधमयमध्यवसायमाहु-**
**र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतुः।। १६७।।**

કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે". આવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ यः जानाति सः न करोति ] જે જાણે છે તે કરતો નથી [ तु ] અને [ यः करोति अयं खलु जानाति न ] જે કરે છે તે જાણતો નથી. [ तत् किल कर्मरागः ] જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે [ तु ] અને [ रागं अबोधमयम् अध्यवसायम् आहुः ] રાગને ( મુનિઓએ ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે; [ सः नियतं मिथ्यादृशः ] તે ( અજ્ઞાનમય અધ્યવસાય ) નિયમથી મિથ્યાદૃષ્ટિને હોય છે [ च ] અને [ स बन्धहेतुः ] તે બંધનું કારણ છે. ૧૬૭.

* * *

## સમયસાર ગાથા ૨૪૨ થી ૨૪૬ઃ મથાળું

'સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી.'

શું કહે છે? અહાહા...! ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકભાવ પરિપૂર્ણ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્માનાં જેને જ્ઞાન-પ્રતીતિ અને અનુભવ થયાં તે સમ્યગ્દૃષ્ટિ છે. એવા સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ નિરંતર હોવાથી તે પોતાના નિર્મળ જ્ઞાનસ્વભાવમાં રાગને એકપણે કરતો નથી. અહો! સમ્યગ્દર્શનનો કોઈ અચિંત્ય મહિમા છે કે દૃષ્ટિવંત પુરુષ પોતાના ઉપયોગમાં રાગનો સંબંધ-જોડાણ જ કરતો નથી. એટલે શું? કે તે ઉપયોગને રાગથી અધિક જાણી રાગનો સ્વામી થતો નથી. અહાહા...! શુદ્ધ ઉપયોગની દશામાં જેને અતીન્દ્રિય આનંદસ્વભાવનું ભાન થયું તે હવે રાગાદિક જે દુઃખમય છે તેનો સ્વામી કેમ થાય? ( ન જ થાય ).

'તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી-એ હવે કહે છેઃ-'

## * ગાથા ૨૪૨ થી ૨૪૬ઃ ગાથાર્થ ઉપરનું પ્રવચન *

પાઠમાં ( ગાથામાં ) 'करेदि' શબ્દ પડયો છે. એટલે કોઈ એમ કહે કે પરની ક્રિયા આત્મા કરે છે તો એમ નથી. એ તો લોકો એમ ( સંયોગથી ) જુએ છે ને કે-આ કરે છે એટલે 'करेदि' શબ્દ વાપર્યો છે બાકી પરનું કોઈ કરે છે એમ છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. ભારે વાત ભાઈ! ખરેખર તો એ રીતે જે તે સમયે થાય છે એને લોકોની (-વ્યવહારની) ભાષામાં 'करेदि' -કરે છે એમ કહેવાય છે.

વળી જ્ઞાની રાગમાં વર્તતો નથી. ત્યારે કોઈ કહે-'वट्टंतो' એમ પાઠમાં છે ને? ભાઈ! એ તો બહારથી જોનાર દુનિયા એમ જાણે કે આ યોગાદિમાં વર્તે છે એટલે 'वट्टंतो' શબ્દ વાપર્યો છે. આ તો લોકવ્યવહારની ભાષા છે બાપુ! બાકી જેને પોતાના અપરિમિત ચૈતન્યસ્વભાવમાં સુખ ભાસ્યું છે તે, જ્યાં સુખ નથી ત્યાં (-રાગમાં) કેમ રહે? અહાહા...! જેણે પૂર્ણ એક જ્ઞાયકસ્વભાવી સુખધામ નિત્યાનંદ પ્રભુ આત્માનો આશ્રય લીધો તે હવે રાગના આશ્રયમાં કેમ રહે? અહો! ધર્માત્મા પુરુષ પોતાના ઉપયોગમાં રાગ સાથે સંબંધ જ કરતો નથી. અહાહા...! સમ્યગ્દર્શનનો આવો કોઈ અદ્‌ભૂત મહિમા છે! સમજાણું કાંઈ...?

## * ગાથા ૨૪૨ થી ૨૪૬: ટીકા ઉપરનું પ્રવચન *

'જેવી રીતે તે જ પુરુષ...' શું કહ્યું? પુરુષ તો એના એ જ છે; પહેલાં જે તેલના મર્દનયુક્ત હતો તે જ પુરુષની વાત છે તો કહે છે-

'જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને-તેલ આદિને) દૂર કરવામાં આવતાં, તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં (અર્થાત્ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી તે જ ભૂમિમાં) તે જ શસ્ત્ર વ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, રજથી બંધાતો-લેપાતો નથી, કારણ કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન તેનો અભાવ છે.'

જુઓ, આ દષ્ટાંત છે. એમાં આ કરતો ને તે કરતો-એમ કરતો, કરતો આવે છે. તો કોઈ કહે-જુઓ આમાં લખ્યું છે; તો કરે છે કે નહિ?

એમ ન હોય ભાઈ! આત્મા પરનું કરે એ તો મિથ્યાત્વભાવ છે. આ તો અહીં દષ્ટાંતમાં તેનો એક અંશ લઈને સિદ્ધાંત સમજાવવો છે.

હવે દષ્ટાંતને સિદ્ધાંતમાં ઉતારે છે: 'તેવી રીતે સમ્યગ્દષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો, તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલા લોકમાં તે જ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ (-રાગમાં જોડાણ) તેનો અભાવ છે.'

જુઓ, આ સમકિતનો મહિમા! જે સ્વભાવની દષ્ટિમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા ભાળ્યો તે દષ્ટિ નામ દર્શન-સમ્યગ્દર્શન શું ચીજ છે તે બતાવે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહાહા...! કહે છે-સમ્યગ્દૃષ્ટિ પોતામાં રાગાદિકને કરતો નથી. શું કીધું? કે અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવમાં રાગાદિકને એકમેક કરે છે, પણ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનસ્વભાવમાં રાગાદિકને એકમેક કરતો નથી. બન્નેમાં આવો (-આવડો મોટો) ફેર છે! સમજાણું કાંઈ...? અહા! લોકોને સમકિતના મહિમાની ખબર નથી. આ તો બહારમાં ત્યાગ કરે એટલે બધું થઈ ગયું એમ માને! એ વ્રત ને નિયમ લીધાં એટલે સમકિત તો હોય જ એમ લોકોએ માની લીધું છે. પણ બાપુ! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે ભાઈ! સમકિતી તો એવો છે કે જે વ્રત, નિયમ આદિને પોતાનામાં (ઉપયોગમાં) કરતો નથી, ભેળવતો નથી. લ્યો, આવી વાત છે!

જુઓ, અહીં શું કહે છે? કે સમ્યગ્દૃષ્ટિને બહારના સંયોગો, પહેલાં મિથ્યાદૃષ્ટિ હતો ત્યારે જે હતા તેવા જ હોવા છતાં તે બંધાતો નથી. સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં સમ્યગ્દૃષ્ટિ છે, કાય-વચન-મનની ક્રિયા પણ તે જ પ્રમાણે કરતો હોય છે, તે જ અનેક પ્રકારના કરણો નામ ઇન્દ્રિયો વડે સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો હોય છે તોપણ તે કર્મરજથી બંધાતો નથી. ગજબ વાત! કેમ બંધાતો નથી? કારણ કે બંધનું કારણ જે મિથ્યાત્વ વા જ્ઞાનમાં રાગનું એક કરવું-તેનો તેને અભાવ છે. ભાઈ! મિથ્યાત્વ એ જ સંસાર, એ જ આસ્રવ અને એ જ બંધનું મૂળ કારણ છે. બીજી વાતને (-અસ્થિરતાને) ગૌણ કરીને સમ્યગ્દૃષ્ટિને રાગના યોગનો જે અભાવ છે તેની મુખ્યતાથી તે નિર્બંધ જ છે, બંધાતો નથી એમ કહ્યું છે.

ગૌણપણે બીજો બંધ નથી એમ નહિ, પણ એની અહીં મુખ્યતા કરવી નથી. સમ્યગ્દૃષ્ટિ પુરુષ બંધનું મૂળ કારણ જે રાગનો યોગ (રાગમાં જોડાણ) તે કરતો નથી એ મુખ્ય છે. અહાહા...! જ્ઞાનીને રાગનો સંબંધ જ નથી કેમકે તેને જ્ઞાનમાં-જ્ઞાનસ્વભાવમાં જોડાણ છે એટલે રાગમાં જોડાણ નથી. જુઓ, સમકિતી ચક્રવર્તી હોય તે ૯૬ હજાર રાણીઓના વૃંદમાં હોય, લડાઈમાં ઊભેલો પણ દેખાતો હોય તોપણ તેને બંધ નથી. રાગાદિનો તેને સંબંધ નથી ને! જે રાગ છે તે અસ્થિરતાનો છે અને તેની અહીં ગણતરી નથી. પણ એ (ચક્રવર્તી) રાગાદિથી એકપણાનો સંબંધ કરે, રાગનું સ્વામિત્વ કરે તો તે મિથ્યાદૃષ્ટિ થઈને બંધ કરે છે. અહા! આવી ઝીણી વાત છે પ્રભુ!

સમ્યગ્દૃષ્ટિ આટઆટલા સંયોગોમાં હોય એટલે 'કરે છે'-એમ કહેવાય; લોકો પણ સંયોગથી જુએ છે ને? એટલે 'કરે છે' -એમ કહેવાય; બાકી એ તો એકલો પડી ગયો છે ત્યાં (-રાગથી છૂટો-ભિન્ન પડી ગયો છે ત્યાં) પરને-રાગાદિને કરે ક્યાંથી? ન જ કરે. નિર્જરા અધિકારમાં (ગાથા ૧૯૩ માં) આવી ગયું ને? કે-

"ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇન્દ્રિયો વડે
જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને."

એકકોર એમ કહે કે આત્મા પરનો ઉપભોગ કરી શકતો નથી અને વળી અહીં (ઉપરની ગાથામાં) કહે છે કે ચેતન-અચેતનનો ઉપભોગ સમ્યગ્દૃષ્ટિ કરે છે તો આ કેવી રીતે છે?

ભાઈ! એ તો બહારથી દુનિયા દેખે છે એ અપેક્ષાએ વાત કરી છે. બાકી સમકિતીને તો રાગના યોગનો અભાવ છે. અહાહા...! ધર્મીને તો પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં સંબંધ થયો છે અને રાગનો સંબંધ છૂટી ગયો છે; વ્યવહારરત્નત્રયના રાગનો પણ સંબંધ છૂટી ગયો છે. એટલે શું? એટલે કે વ્યવહારરત્નત્રયનું પણ એને સ્વામિત્વ નથી.

**પ્રશ્નઃ-** તો પછી એનો કોના ખાતામાં નાખવું?

**ઉત્તરઃ-** એને જડના ખાતામાં નાખવું. ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્માના ઉપયોગમાં તે સમાઈ શકે જ નહિ, સમજાણું કાંઈ...? બાપુ! સમ્યગ્દર્શન મૂળ મહિમાવંત ચીજ છે, એ વિના વ્રત, તપ આદિનો કાંઈ મહિમા નથી; એ બધો રાગ તો થોથાં છે.

અજ્ઞાની ભલે મુનિ હોય, પંચમહાવ્રત પાળતો હોય, અઠ્ઠાવીસ મૂળગુણ પાળતો હોય પણ એને રાગની સાથે સંબંધ-જોડાણ છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે, વ્યભિચારી છે. આકરી વાત પ્રભુ! રાગની સાથે જેને સંબંધ છે તે વ્યભિચારી છે અને જેને રાગ સાથે સંબંધ નથી તે અવ્યભિચારી-નિર્દોષ પવિત્ર છે. (ખરેખર તો રાગને અને આત્માને વ્યવહારે જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે, પણ રાગની સાથે બીજો આડો સંબંધ (-એકપણાનો સંબંધ) કરવો તે વ્યભિચાર છે.)

અહા! સમ્યગ્દર્શન શું છે? એની પ્રાપ્તિ કેમ થાય? ને એ પ્રાપ્ત થતાં જીવની શું સ્થિતિ હોય?-હવે એ વાત લોકોને સાંભળવાય મળે નહિ એ બિચારા કે દિ' અંદર જાય? એ તો બહારમાં વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિના રાગમાં-દુઃખમાં રોકાઈ રહે, જ્યાં (-સુખનિધિ આત્મદ્રવ્યમાં) સુખ છે ત્યાં ન આવે, ભાઈ! આમ ને આમ અનંતકાળ વીતી ગયો છે બાપુ!

અહીં કહે છે-ધર્મીને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય છે પણ એમાં તે રોકાણો નથી, અર્થાત્ એની સાથે તે સંબંધ-જોડાણ કરતો નથી. ધર્મીએ તો જેમાં અનંતજ્ઞાન, અનંતસુખ, અનંત આનંદ આદિ અનંત અનંતગુણ સમૃદ્ધિ ભરેલી છે એવા નિજ આત્મા સાથે સંબંધ કર્યો છે તે હવે રાગથી સંબંધ કેમ કરે? કદીય ના કરે-એમ કહે છે.

ભાઈ! સમ્યગ્દર્શન એટલે શું? કે જેણે સંસારરૂપી વૃક્ષની જડ તોડી નાખી છે એનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન થયા પછી અસ્થિરતાના રાગ-દ્વેષરૂપી ડાળાં-પાંદડાં રહ્યાં એની શું વિસાત? એ તો અલ્પકાળમાં સૂકાઈ જ જવાનાં. મતલબ

કે બે-પાંચ ભવમાં એ અસ્થિરતાના રાગ-દ્વેષ સંપૂર્ણ ટળી જઇને વીતરાગ થઇ એનો મોક્ષ થશે. માટે અસ્થિરતાના રાગાદિના કારણે થતા અલ્પબંધને અહીં બંધમાં ગણ્યો જ નથી.

પહેલાં(કળશ ૧૬૪માં) 'ઉપયોગભૂ' શબ્દ કીધો ને? એટલે કે જેમાં જાણવા-દેખવાનો સ્વભાવ છે, જ્ઞાનદર્શનનો સ્વભાવ છે એવી ઉપયોગની ભૂમિકામાં ધર્મી જીવ દયા, દાન, વ્રત આદિના રાગને ભેળવતો નથી. અહા! શુદ્ધ ઉપયોગસ્વરૂપનું સ્વામિત્વ છોડી તે વ્રતાદિમાં સ્વામિત્વ કરતો નથી. શું કહ્યું? આ સ્ત્રી-પુત્ર-પરિવાર, તન-મન-વચન ઇત્યાદિ તો કયાંય બાજુએ રહ્યાં, અહીં તો કહે છે-સમકિતી પુરુષ, તેને જે વ્યવહારરત્નત્રય હોય છે તેનો સંબંધ-સ્વામીપણું કરતો નથી અરે! આવો ભગવાનનો મારગ તો કયાંય એક કોર રહી ગયો અને લોકોએ બીજું માન્યું! ભાઈ! પણ આના વિના સિદ્ધિ નથી હોં.

આ વસ્તુસ્વરૂપ છે અને સ્વરૂપનો જાણનાર સમકિતી સ્વચ્છંદે પરિણમતો નથી. એમ કે મારે રાગ સાથે જોડાણ નથી તેથી મને બીલકુલ બંધ જ થતો નથી એમ માનીને શુભાશુભ ભાવમાં ધર્મી સ્વચ્છંદપણે (કર્તાબુદ્ધિએ) નિરંકુશ પ્રવર્તતો નથી. સ્વચ્છંદે (કર્તા થઇને) પ્રવર્તે એ તો સમ્યગ્દષ્ટિ જ નથી. સમ્યગ્દષ્ટિને એની પર્યાયમાં નબળાઇને લઇને અસ્થિરતાના રાગાદિ થાય છે એ બીજી વાત છે અને કોઈ (-અજ્ઞાની) કર્તા થઇને સ્વચ્છંદે પ્રવર્તે એ બીજી વાત છે. અહા! ધર્મીને તો દ્રવ્યસ્વભાવની સાથે સંબંધ થયો હોવાથી તે રાગાદિનો સંબંધ જ કરતો નથી. આવી વાત! હવે આવી વાત અત્યારે કયાંય ચાલતી નથી ને લોકોને બિચારાને આ નિશ્ચય છે, એકાન્ત છે એમ ભડકાવીને મૂળ વાતને ટાળી દે છે. પણ ભાઈ! એ હિતનો માર્ગ નથી હોં. અહીં કહે છે-આત્મા ત્રણ લોકનો નાથ આનંદકંદ પ્રભુ છે. તેની પ્રભુતા ભાવ્યા પછી રાગને દુઃખ સાથે સંબંધ કોણ કરે?

જોકે વ્યવહારનો અધિકાર હોય એમાં એવું આવે કે જ્ઞાની વ્રત પાળે, તપ આચરે, અતિચાર ટાળે ઇત્યાદિ. પણ પરમાર્થે જોઇએ તો તે એનો સ્વામી થતો નથી. અહા! જેનો એ સ્વામી નથી તેને એ પાળે ને આચરે કયાં રહ્યું? સમયસાર પરિશિષ્ટમાં ૪૭ શક્તિઓના અધિકારમાં છેલ્લી 'સ્વસ્વામીસંબંધ શક્તિ' કહી છે. આત્મામાં 'સ્વસ્વામીસંબંધ' નામનો ગુણ છે. એટલે શું? કે પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી-એવા સંબંધમયી 'સ્વસ્વામીસંબંધ શક્તિ' છે. અહા! પોતે શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય, પોતાના અનંત ગુણ ને એની નિર્મળ પર્યાયએ પોતાનું સ્વ અને પોતે એનો સ્વામી આવો પોતામાં 'સ્વસ્વામીસંબંધ' ગુણ છે. પણ વ્યવહારરત્નત્રયનો રાગ એ એનું સ્વ કયાં છે? તેથી આત્મા એનો

સ્વામી નથી. અહાહા....! આવો સ્વસ્વામી સંબંધ જેને નિર્મળ પરિણમ્યો છે તે સમકિતી પુરુષ વ્યવહારરત્નત્રયના રાગનો સ્વામી નથી.

શાસ્ત્રમાં ભિન્ન સાધન-સાધ્યનું કથન આવે છે. ત્યાં કહ્યું છે કે વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય, અર્થાત્ વ્યવહારરત્નત્રય સાધન ને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. ભાઈ! એ તો ત્યાં વ્યવહારરત્નત્રયથી ભિન્ન સાધન-સાધ્ય હોય છે એટલું જ બતાવવું છે. એટલે કે શુદ્ધ સમ્યગ્દર્શન નિશ્ચય છે તે તો સ્વના આશ્રયે પ્રગટ થયેલી દ્રષ્ટિ છે, અને ત્યારે બહારમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રતિ શ્રદ્ધાનો રાગ હોય છે. હવે ત્યાં નિશ્ચય સમકિત તો સ્વરૂપના આશ્રયે જ પ્રગટયું છે, રાગના કારણે નહિ. તો પણ તેને સહચર જાણી વ્યવહારથી આરોપ કરીને સાધન કહેવામાં આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે તો ચારિત્રનો દોષ, છતાં તેમાં શ્રદ્ધા ગુણની પર્યાયનો આરોપ કરીને તેને વ્યવહારથી સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

પંડિત શ્રી ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘણી બધી સ્પષ્ટતા કરી છે. જ્યાં નિશ્ચયરત્નત્રય પ્રગટે છે ત્યાં દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાના રાગને દર્શન, શાસ્ત્રાદિના શ્રવણ-મનનને જ્ઞાન અને પંચમહાવ્રતાદિના રાગને ચારિત્ર-એમ રાગને શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્રનો આરોપ આપીને વ્યવહારરત્નત્રય કહ્યાં છે. પણ તેથી એ રાગ (-વ્યવહારરત્નત્રય) શુદ્ધ રત્નત્રય બની જતાં નથી, મતલબ કે પરમાર્થે તેમાં સાધન-સાધ્યભાવ નથી. વળી ત્યાં કહ્યું છે કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર આવું જ સ્વરૂપ જાણવું. મતલબ કે જ્યાં વ્યવહારનું કથન હોય ત્યાં તે ઉપચારમાત્ર આરોપિત કથન છે એમ યથાર્થ જાણવું.

અહીં કહે છે-સમ્યગ્દ્રષ્ટિને બંધનું કારણ જે રાગનો યોગ તેનો અભાવ છે. એટલે કે તેને પોતાના સચ્ચિદાનંદસ્વરૂપમાં જોડાણ થયું હોવાથી તેના મહિમા આગળ રાગનો મહિમા તેને ભાસતો નથી અને તે રાગમાં જોડાણ-સંબંધ કરતો નથી. જેમ બીજાં પરદ્રવ્ય છે તેમ રાગને પણ પર તરીકે જાણે છે. તેથી તેને બંધ થતો નથી.

## * ગાથા ૨૪૨ થી ૨૪૬: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'સમ્યગ્દ્રષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાય ગયું છે.'

સમ્યગ્દ્રષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો એટલે કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, મન-વચન-કાયની ક્રિયા, પાંચે ઇન્દ્રિયોની પ્રવૃત્તિ અને સચિત્ત-અચિત્તનો ઘાત-એમ સર્વ સંબંધો હોવા છતાં રાગનો સંબંધ-રાગનું એકત્વ કરવું-નથી માટે તેને કર્મબંધ નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દ્રષ્ટિને અંદરમાં રાગની એકતાબુદ્ધિ તૂટી ગઇ છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ ને રાગ બન્ને ભિન્નપણે ભાસતા હોવાથી એને રાગનો સંબંધ નથી. તેથી બહારથી દેખાય છે એવા બીજા સર્વ સંબંધો હોવા છતાં તેને રાગનો સંબંધ નહિ હોવાથી કર્મબંધ થતો નથી. પૂર્ણ મુક્તસ્વરૂપ ભગવાન આત્માનો સંબંધ થતાં તેને રાગનો સંબંધ તૂટી ગયો છે; અને રાગના સંબંધના અભાવમાં તેને કર્મબંધ થતો નથી. આવી વાત છે.

* * *

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૬૫ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'कर्मततः लोकः सः अस्तु' માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો, 'परिस्पन्दात्मक कर्म तत् च अस्तु' તે મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો, 'तानि करणानि अस्मिन् सन्तु' તે (પૂર્વોક્ત) કરણો પણ તેને ભલે હો, 'च' અને 'तत् चिद-अचिद्-व्यापादनं अस्तु' તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો,...

અહાહા...! મુનિરાજ કહે છે-ચેતન-અચેતનના ઘાત આદિ સર્વ સંબંધો ભલે હો. ભાઈ! આથી એમ ન સમજવું કે સમકિતીને જીવનો ઘાત ઇષ્ટ છે. આ તો સર્વ બહારના સંબંધો પ્રતિ સમકિતીને ઉપેક્ષા છે એમ વાત છે. અહા! અમે એમાં જોડાતા નથી એમ મુનિરાજ કહે છે. અમને અમારા સ્વદ્રવ્યની અપેક્ષા થઇ છે એમાં સર્વ પરની ઉપેક્ષા છે એમ વાત છે. જેમ સ્વવસ્તુની અપેક્ષા એ બીજી ચીજ અવસ્તુ છે તેમ ભગવાન જ્ઞાયકની દ્રષ્ટિમાં રાગ અવસ્તુ છે. રાગ રાગમાં ભલે હો, પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં એ નથી, એ મારામાં નથી એમ કહે છે. ભાઈ! વીતરાગનો મારગ ખૂબ ગંભીર છે!

બહુ કર્મથી ભરેલો લોક છે તો ભલે હો. મતલબ કે અનંત બીજા આત્માને અનંતા પરમાણુ ભલે હો. તેઓ પોતપોતાની અસ્તિમાં છે, તેઓ મારામાં ક્યાં છે? મને એનાથી કાંઇ (સંબંધ) નથી. મન-વચન-કાયાની ક્રિયા છે તો ભલે હો; તે એનામાં છે; એ પરનું અસ્તિપણું છે તે કાંઇ થોડું ચાલ્યું જાય છે? પણ તે મારામાં-શુદ્ધ ચૈતન્યમાં નથી. એનું અસ્તિત્વ એનામાં ભલે હો, મને કાંઇ નથી.

અહાહા...! કહે છે-તે પંચેન્દ્રિયોનો વેપાર ભલે હો, ને તે ચેતન-અચેતનનો ઘાત ભલે હો. ગજબ વાત! કોઈ ને એમ થાય કે પંચેન્દ્રિયોનો વિજય કરનારા અને છકાયની રક્ષા કરનારા મુનિરાજ શું આવું કરે? ચેતનમાં તો પંચેન્દ્રિયનો ઘાત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પણ આવી ગયો. સમકિતી લડાઇમાં ઊભો હોય ત્યારે હાથી, ઘોડા આદિ પંચેન્દ્રિયનો પણ ઘાત થાય છે આમ છતાં પણ પાપ નહિ?

ભાઈ! અહીં કઇ અપેક્ષાથી કહે છે તે જરા ધીરો થઇને સાંભળ. ત્યાં જે ઘાત વગેરે હોય છે તે તો એના કારણે એનામાં હોય છે; એમાં મને શું છે? હું કયાં એના જોડાણમાં-સંબંધમાં ઊભો છું? હું એમાં હોઉ તો ને ? (તો બંધ થાય ને?) મને એનાથી કાંઇ નથી એમ કહે છે. આનંદઘનજી એક પદ્યમાં કહે છે-

"આગમ પિયાલા પીઓ મતવાલા, ચીની અધ્યાતમવાસા
આનંદઘન ચેતન વ્હૈ ખેલૈ, દેખૈ લોક તમાસા"

અહાહા...! લોકો તો બહારથી દેખે છે, પણ સમયસાર-સર્વ સિદ્ધાંતનો સાર-એવા ભગવાન આત્માનો જેને સંબંધ થયો છે એને રાગનો સંબંધ તૂટી ગયો છે; એને બહારના સર્વ સંબંધો પ્રતિ ઉપેક્ષા જ છે એમ અહીં વાત છે. સમજાણું કાંઈ...?

હવે કહે છે-આ બધા સંબંધો ભલે હો, પરંતુ 'अहो' અહો! 'अयम् सम्यग्दृग्‌आत्मा' આ સમ્યગ્દષ્ટિ આત્મા, 'रागादीन् उपयोगभू मम् अनयन' રાગાદિને ઉપયોગમાં નહિ લાવતો થકો, 'केवलं ज्ञानं भवन्' કેવળ (એક) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો, 'कुतः अपि बन्धम् ध्रुवम् न एव उपैति' કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો.

શું કહ્યું? કે સમ્યગ્દષ્ટિ પુરુષ રાગાદિને એટલે કે પુણ્ય-પાપના ભાવને ઉપયોગભૂમિમાં લાવતો નથી. ઉપયોગભૂમિ એટલે શું? કે જાણવા-દેખવાના સ્વભાવમય જે ચૈતન્યનો ઉપયોગ તેની ભૂમિ નામ આધાર જે આત્મા તેમાં ધર્માત્મા રાગનો સંબંધ કરતો નથી. ગજબ વાત છે ભાઈ! ધર્મી પુરુષની અંતરદશા અદ્‌ભુત અલૌકિક છે. અહો! શુદ્ધ રત્નત્રયનો ધરનાર ધર્માત્મા વ્યવહારરત્નત્રયના રાગને આત્મામાં લાવતો નથી. આવી વાત છે!

ત્યારે કોઈ બીજા કહે છે કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય.

અરે પ્રભુ તું શું કહે છે આ! જૈનદર્શનથી એ બહુ વિપરીત વાત છે ભાઈ! આ તારા તિરસ્કાર માટેની વાત નથી પણ તારા સત્‌ના હિતની વાત છે. ભગવાન! તું પૂર્ણાનંદનો નાથ ચૈતન્યમૂર્તિ પ્રભુ અંદર પરમાત્મસ્વરૂપ ભગવાન છો ને? અહા! તારા ચૈતન્ય ભગવાનની અંદરમાં રાગથી લાભ થાય એમ રાગને લાવવો એ મોટું નુકશાન છે. પ્રભુ! ભાઈ! તેં રાગના રસ વડે સચ્ચિદાનંદ ભગવાનને બહુ રાંકો કરી નાખ્યો! મહા મહિમાવંત ચૈતન્યમહાપ્રભુ એવો તું, અને તેને શું રાગ જેવા વિપરીત, પામર ને દુઃખરૂપ ભાવથી લાભ થાય? ન થાય હોં. તેથી તો કહે છે કે

જ્ઞાની, નિશ્ચય-વ્યવહાર બન્ને સાથે હોવા છતાં, કોઈ પણ રાગને ચૈતન્યની ભૂમિમાં-આત્મામાં લાવતો નથી.

દ્રવ્યસંગ્રહમાં (ગાથા ૪૭ માં) આવે છે કે-

'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'

અહા! ધર્માત્મા સ્વરૂપના આશ્રયમાં ગયો ત્યારે તેને ધ્યાનમાં નિશ્ચય (રત્નત્રય) પ્રગટ થાય છે. અને તે કાળે જે રાગ બાકી છે તેને વ્યવહાર (રત્નત્રય) કહે છે. આ પ્રમાણે મુનિને નિશ્ચય-વ્યવહાર-બંને રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. અહીં કહે છે-જ્ઞાની એ વ્યવહારને નિશ્ચયમાં લાવતો નથી. એનામાં (-નિશ્ચયમાં) એ (-વ્યવહાર) છે જ નહિ પછી વ્યવહારથી નિશ્ચય થાય એ પ્રશ્ન જ કયાં છે? એને ને વ્યવહારને સંબંધ જ નથી અને જો વ્યવહારનો સંબંધ કરે તો મિથ્યાદષ્ટિ થઇ જાય. સમજાણું કાંઈ...?

અહો! ત્રણ લોકના નાથની અમૃત ઝરતી વાણીમાં એમ આવ્યું કે-ભગવાન! તું નિર્મળાનંદનો નાથ પ્રભુ અમૃતનો સાગર છો. અહા! આવો અમૃતનો સાગર જેને પર્યાયમાં ઉછળ્યો-પ્રગટ થયો તે હવે તેમાં રાગના ઝેરને કેમ ભેળવે? અંદરમાં પ્રભુત્વશક્તિ જેને પ્રગટ થઇ છે તે અખંડિત પ્રતાપ વડે સ્વતંત્ર શોભાયમાન પોતાના પ્રભુમાં પામર રાગને કેમ ભેળવે? અહો! દિગંબર સંતોએ અમૃત રેડયાં છે.

અહા! કહે છે-સચેતનો ઘાત હો તો હો; હવે સચિત્તમાં એકલા એકેન્દ્રિય છે કાંઈ? એમાં તો એકેન્દ્રિયથી પંચેન્દ્રિય બધાય આવી ગયા. બધા હો તો હો; એમાં તને શું છે? હવે આનો અર્થ ન બેસે એટલે લોકો ટીકા કરે છે કે-લ્યો, સમકિતીને પંચેન્દ્રિયની હિંસા હોય છે; આવો કંઇ સમ્યગ્દષ્ટિ હોય? અરે ભાઈ! આ તો સમ્યગ્દષ્ટિને ઉપયોગમાં રાગના સંબંધનો અભાવ છે તેથી કદાચિત્ તેના નિમિત્તે બહારમાં સચિત્તનો ઘાત થાય તોપણ તે વડે તેને હિંસા નથી, બંધ નથી એમ કહે છે. ભાઈ! આ તો અજર-અમર પ્યાલા છે પ્રભુ! એ જીરવાય તો સંસાર છૂટી જાય એવી વાત છે. એને પચાવતાં આવડવું જોઇએ.

'રાગાદિકને ઉપયોગમાં નહિ લાવતો થકો'-એમ 'રાગાદિક' શબ્દ લીધો છે ને? એમાં શુભાશુભ બધાય વિભાવ આવી ગયા. તે હિંસા જૂઠ, ચોરી, વિષયવાસના આદિના રાગને ઉપયોગમાં લાવતો નથી એ તો ઠીક, પણ તે અહિંસાદિના તથા દયા, દાન, ભક્તિ, પૂજા ઇત્યાદિના રાગનેય ઉપયોગમાં લાવતો નથી. અહાહા...! પોતાની પવિત્ર ઉપયોગભૂમિમાં તે કોઈ પણ અપવિત્રતાને લાવતો નથી. સ્ત્રી-પુત્ર-પરિવાર તથા વેપાર-ધંધો આદિના અશુભ રાગને ઉપયોગભૂમિમાં લાવતો નથી એટલું જ નહિ તે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની શ્રદ્ધાના શુભરાગને પણ ઉપયોગભૂમિમાં લાવતો નથી.

અહાહા...! પોતાના અમૃતસ્વરૂપ સત્‌માં તે અસત્ એવા રાગાદિના ઝેરને તે કેમ ભેળવે? અહો! આચાર્યદેવે કોઈ ગજબની અદ્‌ભુત ટીકા કરી છે!

અહા! ટીકાકાર આચાર્ય છેલ્લે કળશમાં એમ કહે છે કે- જુઓ! આ ટીકા શબ્દોની બની છે, અમારાથી નહિ; અમે તો જ્ઞાનમાં છીએ. ટીકા કરવાના વિકલ્પમાંય નથી તો પછી ભાષામાં તો કયાંથી આવીએ? અહા! સંતોને ટીકાકાર હોવાનો વ્યવહારે આરોપ આવે તેય ગોઠતું નથી. ત્યાં કળશટીકામાં શ્રી રાજમલજીએ ખુલાસો કર્યો છે કે- 'ગ્રંથની ટીકાના કર્તા અમૃતચંદ્ર નામના આચાર્ય પ્રગટ છે. (નિમિત્તપણે) તોપણ મહાન છે, મોટા છે, સંસારથી વિરક્ત છે, તેથી ગ્રંથ કરવાનું અભિમાન કરતા નથી.' એનો અર્થ જ એ થયો કે તેમને ગ્રંથનું કરવાપણું નથી એમ જ તે યથાર્થ જાણે છે.

કોઈને થાય કે-અધ્યાત્મગ્રંથની આવી સરસ મહાન ટીકા પ્રભુ! આપે કરી ને આપ-હું કર્તા નથી-એમ કહો છો એ કેવી વાત!

સાંભળ ભાઈ! મુનિરાજ એમ કહે છે-એ ભાષાને તો ભાષા કરે; એ ભાષામાં હું ગયો નથી, એ ભાષા મારામાં આવી નથી; તો હું એને કેમ કરું? અરે તે ભાષાના કાળે જે વિકલ્પ ઉઠયો છે તે વિકલ્પનેય મારા ઉપયોગમાં લાવતો નથી; એ વિકલ્પ મારું કર્તવ્ય નથી. લ્યો, આવી વાત છે!

ત્યાં (ત્રીજા) કળશમાં આચાર્યદેવે ના કહ્યું કે ટીકા કરતાં મારી પરમ શુદ્ધિ થજો? ત્યાં એમાં પણ આ જ ન્યાય છે કે ટીકાના કાળમાં મારું જે અંતર્દષ્ટિનું જોર છે તે વૃદ્ધિ પામો, કેમકે ટીકાના વિકલ્પને હું મારા ઉપયોગસ્વભાવમાં ભેળવતો નથી. લ્યો, આવું છે ત્યાં વિકલ્પથી-રાગથી લાભ થાય એ વાત કયાં રહી?

જો રાગાદિને ઉપયોગભૂમિમાં ભેળવતો નથી તો શેમાં છો પ્રભુ? તો કહે છે- 'ज्ञानीभवन् केवलं'-કેવળ જ્ઞાનરૂપે પરિણમતો થકો જ્ઞાનની એકતામાં છું. અહો! દિગંબર સંતોએ જગતને ન્યાલ કરી દીધું છે. એકલું અમૃત પીરસીને એની ભૂખ ભાંગી નાખી છે. કહે છે-હું તો જ્ઞાન સાથે એકમેક પરિણમું છું, બીજાની સાથે મને કાંઇ સંબંધ નથી. તેથી કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો. લ્યો, 'નથી જ પામતો'-એમ 'જ' કહ્યું છે.

કથંચિત્ અબંધ ને કથંચિત્ બંધ-એમ કહો ને.

હવે સાંભળને બાપુ! એમ નથી. અહો! દેખો! આ સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા છે.

## * કળશ ૧૬૫: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અહીં સમ્યગ્દૃષ્ટિનું અદ્દભુત માહાત્મ્ય કહ્યું છે અને લોક, યોગ, કરણ, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત-એ બંધના કારણ નથી એમ કહ્યું છે.'

અહા! જેને પર નિમિત્ત, રાગ ને એક સમયની પર્યાયની રુચિ છૂટી ગઇ છે, કર્મના ઉદયથી મળેલી સામગ્રી પ્રતિ જે નિરભિલાષ છે, ઉદાસીન છે અને જેને જ્ઞાનાનંદસ્વભાવી નિજ આત્માની રુચિ થઇ છે તે સમ્યગ્દૃષ્ટિ છે. સમકિતીને જ્ઞાનાનંદસ્વરૂપની જ નિરંતર રુચિ હોવાથી એના જ્ઞાન ઉપયોગમાં રાગ એકપણું પામતો નથી અને તેથી તેને બંધ થતો નથી. પોતાના અબદ્ધસ્પૃષ્ટ ભગવાનનું ભાન થતાં સમકિતીને કોઈ કારણથી બંધ થતો નથી. અહો! આવું આશ્ચર્યકારી સમ્યગ્દૃષ્ટિનું માહાત્મ્ય છે! સમ્યગ્દર્શનના મહિમાની શી વાત!

સમ્યગ્દૃષ્ટિને, કર્મ થવાને લાયક રજકણોથી ભરેલો લોક હોય એનાથી બંધન નથી. ભગવાન આનંદનો નાથ પ્રભુ પોતે છે તેને તે આલોકે છે, પોતાનો લોક છે તેને તે આલોકે છે તેથી તેને બંધન નથી. વળી મન-વચન-કાયની ક્રિયા જે છે એ પણ એને બંધનનું કારણ નથી, કેમકે એ સર્વ એના જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે છે; મન-વચન-કાયની ક્રિયામાં એને રુચિ નથી. અહો! સમ્યગ્દર્શન એટલે શું એની લોકોને ખબર નથી. આ બાહ્ય ત્યાગ કંઇક કરે એટલે માને કે ત્યાગી થઇ ગયો. પણ બાપુ! સર્વ સંસારનો (-રાગનો) ત્યાગ જ્યાં સુધી દૃષ્ટિમાં ન આવે અને પૂર્ણાનંદના નાથ પ્રભુ આત્માનાં દૃષ્ટિ ને અનુભવ ન થાય ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ જ છે; બહારથી ભલે ત્યાગી હોય પણ ખરેખર તે ત્યાગી છે જ નહિ.

સમ્યગ્દૃષ્ટિને યોગની ક્રિયા હોય તોપણ તે બંધનું કારણ નથી, કેમકે તેમાં એની રુચિ નથી, તેમાંથી એની રુચિ ઉડી ગઇ છે. ચેતન-અચેતનનો ઘાત પણ એને બંધનું કારણ નથી. ભારે ગજબ વાત છે! પંચેન્દ્રિય જીવોનો ઘાત થાય, હાથી-ઘોડા-મનુષ્ય મરે તોપણ ત્યાં એને રુચિ નથી ને! અંતરમાં તે પ્રતિ અત્યંત ઉદાસીન પરિણામ છે તેથી એ ઘાત તેને બંધનું કારણ નથી. વાસ્તવમાં એ બધી ક્રિયાઓ તેને જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે ભાસે છે, તે એનો કરનારો થતો નથી.

અજ્ઞાની કાયા ને કષાયને પોતાનાં માને છે. તે ભલે છકાયની હિંસામાં વર્તમાન પ્રવૃત્ત ન દેખાતો હોય તોપણ ભગવાન કહે છે કે તે છકાયની હિંસા કરનારો છે. અહા! જેણે પોતાના અશરીરી ભગવાનને શરીરી માન્યો છે અને અકષાયીને કષાયયુક્ત માન્યો છે, તે ભલે બહારથી મુનિ થઇ ગયો હોય, હજારો રાણીઓ છોડી હોય અને જંગલમાં રહેતો હોય તોપણ તે હિંસાનો કરનારો જ છે કેમકે તેને નિરંતર પોતાના ચૈતન્યનો ઘાત-હિંસા થયા જ કરે છે. અહા! જેણે કષાયની મંદતાના દયાના ભાવ પણ પોતાના માન્યા તેણે અકષાયી ચૈતન્યસ્વરૂપને રાગયુક્ત માન્યું;

તેણે સ્વરૂપની સ્થિતિનો ઇન્કાર કરીને સ્વરૂપની જ હિંસા કરી છે. માટે તે બહારમાં હિંસા ન કરતો હોય તોપણ તે હિંસાનો કરનારો હિંસક જ છે. અને જેની દ્રષ્ટિ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપી ભગવાન આત્મા ઉપર પડી છે તેને ભલે બહારમાં સર્વ સંબંધો હોય તોપણ તે નિર્બંધ છે, કોઈ કારણો તેને બંધન કરતાં નથી.

હવે કહે છે-'આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઇ હિંસા કરવી. અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઇ જાય તો તેનાથી બંધ થતો નથી.'

જુઓ આ સ્વચ્છંદી થવાનો નિષેધ કર્યો. પોતે રુચિપૂર્વક-બુદ્ધિપૂર્વક હિંસા કરે ને એમ કહે કે અમે હિંસા કરી નથી તો કહે છે કે એમ ન ચાલે. ઉપયોગમાં રાગાદિકનું એકત્વ કરે અને પરજીવના ઘાત પ્રતિ પ્રવૃત્ત થાય અને કહે કે અમને તેનાથી બંધ નથી તો કહે છે-એમ નહિ ચાલે; એને તો બંધ અવશ્ય થશે જ. આ તો જેને રાગરહિત નિર્વિકાર નિત્યાનંદસ્વરૂપ પ્રભુ આત્મા દ્રષ્ટિમાં આવ્યો છે તેને, બુદ્ધિપૂર્વક-રુચિપૂર્વક પરઘાતના પરિણામ નથી તેથી કદાચિત્ અવશપણે પરજીવનો ઘાત થઇ જાય તો તે બંધનું કારણ નથી એમ વાત છે. પરંતુ રાગની રુચિપૂર્વક જે પરઘાતની પ્રવૃત્તિ છે તે તો હિંસા જ છે, અને એ બંધનું કારણ છે. માટે સ્વચ્છંદી થઇ હિંસા ન કરવી એમ કહે છે.

પંચેન્દ્રિયનો ઘાત થાય તોપણ જ્ઞાનીને હિંસા કહી નથી-એમ માનીને, એ કથનને છળપણે ગ્રહીને કોઈ અજ્ઞાની પરઘાતમાં રોકાય તો તેને તો અવશ્ય હિંસા થશે કેમકે તેને રાગની રુચિ છે જ. એ જ વિશેષ કહે છે-

'પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે અને તેથી ત્યાં હિંસાનો બંધ થશે જ.'

શું કીધું? બુદ્ધિપૂર્વક એટલે ઉપયોગમાં રાગનું એકત્વ કરીને, હું આને મારું એમ રુચિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો રાગાદિકનો સદ્ભાવ થશે અને તેથી ત્યાં હિંસા થશે જ. બંધ થશે જ. અહા વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે ભાઈ! જ્ઞાનીને તો રાગની એકત્વબુદ્ધિ નથી તેથી રાગનો સદ્ભાવ નથી. કિંચિત્ (અસ્થિરતાનો) રાગ છે તે પરમાં જાય છે. તેને બધી ક્રિયાઓ પરમાં જાય છે. એ પરને પરપણે જાણતા જ્ઞાનીને રાગનો સદ્ભાવ નહિ હોવાથી બંધ થતો નથી. આવી વાત છે ભાઈ! આ કાંઈ વાદ-વિવાદે પાર પડે એવું નથી.

કહે છે-'પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે'-ભાષા જોઇ? આને હું મારું ને આને જીવાડું ને આની સાથે ભોગ લઉં-એમ સ્વચ્છંદે પ્રવર્તે અને માને કે મેં ક્યાં હિંસા કરી છે તો કહે છે-એમ નહિ હાલે ભાઈ! જેને પરપ્રવૃત્તિનો-

મારવા-જીવાડવાનો કે ભોગનો-ભાવ થયો એને જ્ઞાનમાં રાગની-કષાયની હયાતી થઇ ગઈ. અહાહા...! ભગવાન આત્મા અકષાયસ્વભાવી પ્રભુ ત્રિકાળ પવિત્ર શુદ્ધ છે. એની રુચિ છોડી પરપ્રવૃત્તિની રુચિ કરે એને તો ઉપયોગમાં રાગાદિની હયાતી થઈ જશે અને તેથી ત્યાં હિંસાથી બંધ જ થશે એમ કહે છે.

જ્ઞાનીને રાગની રુચિ છૂટી ગઇ છે. તેને જે ચારિત્રમોહસંબંધી રાગ હોય છે તે પૃથક જ રહે છે; તેમાં તે એકત્વપણે વર્તતો નથી પણ એનાથી પૃથક્પણે વર્તે છે. ખરેખર તો જ્ઞાનીના જ્ઞાનમાં રાગ જણાય છે તે પરજ્ઞેયપણે જ જણાય છે. જ્યારે અજ્ઞાનીના જ્ઞાનમાં રાગાદિ જણાય છે તે એકમેકપણે જણાય છે, જાણે રાગાદિ સ્વરૂપભૂત હોય તેમ તે રાગાદિને આત્મામાં સ્થાપે છે. તેથી રાગની રુચિવાળો અજ્ઞાની પરને હણશે ત્યાં તેને હિંસા થશે જ. બંધ થશે જ. અહા! આવી વાત બીજે કયાંય છે નહિ.

હવે અહીં સિદ્ધાંત કહે છે-'જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય? હોય જ.'

શું કહ્યું? હું પરદ્રવ્યની પર્યાયને કરું, પરને જીવાડું, સમાજનું ભલું કરું, કુટુંબનો નિર્વાહ કરું, લોકોને કારખાનાં ચલાવીને રોજી-રોટી દઉં વગેરે બધા જે અભિપ્રાય છે તે મિથ્યાત્વ છે એમ કહે છે. કેટલાય લોકો પાસે કરોડો-અબજોની સંપત્તિ હોય અને કારખાનાં વગેરે ઉદ્યોગ-વેપાર ચલાવે અને નિવૃત્તિ ન લે. વળી કહે કે-અમે કાંઈ પૈસા કમાવા ઉદ્યોગ-વેપાર કરતા નથી પણ બિચારા હજારો માણસો પોષાય છે તેથી કરીએ છીએ તેને કહીએ છીએ કે ભાઈ! તારો એ અભિપ્રાય મિથ્યાત્વ છે. બીજા લોકો નભે છે તે શું પોતાના પુણ્યથી નભે છે કે તારા કારણે નભે છે?

આગળ આવશે કે પરને હું સુખી કરું, આહાર, ઔષધ, વસ્ત્ર આદિ સગવડતા બીજાને દઉં-દઈ શકું ઇત્યાદિ અભિપ્રાય મિથ્યાદષ્ટિનો છે અને તે જ બંધનું કારણ છે, કોણ દે બાપુ? એક રજકણ પણ તારાથી બીજે દેવાય એવું તારું સામર્થ્ય નથી. એ તો જગતનું તત્ત્વ છે અને તે પોતાની ક્રિયાવતી શક્તિના કારણે પોતાની યોગ્યતાથી આવે છે ને જાય છે. હવે એને ઠેકાણે એમ માને કે મેં આહાર-ઔષધ આદિ આપ્યાં, પૈસા આદિ આપ્યા તો એ તો મિથ્યાત્વ છે. એ પૈસા આદિ કે દિ' એનામાં (-આત્મામાં) છે? એ તો જડના છે બાપુ! ને જડનો સ્વામી જડ હોય. જડનો સ્વામી પોતે (-આત્મા) થાય એ તો મૂઢ મિથ્યાદષ્ટિ છે સમજાણું કાંઈ...?

અહીં તો રાગનો સ્વામી થાય એ મિથ્યાદષ્ટિ છે તો પછી મેં આ દીધું ને તે દીધું એમ અભિપ્રાય રાખી પરનો કે જડનો સ્વામી થાય એની તો શી વાત?

એ તો મહામૂઢ પ્રગટ મિથ્યાદષ્ટિ છે. અહા! ત્રણ લોકના નાથની વાણીમાં તો આ આવ્યું છે ભાઈ!

જો પરને જિવાડવાનો અભિપ્રાય મિથ્યાત્વ છે તો પરને જિવાડવું તે દયા છે ને દયા છે તે ધર્મ છે એમ શાસ્ત્રમાં આવે છે ને?

**સમાધાનઃ-** દયા છે તે ધર્મ છે એ તો સત્ય છે; પણ કોની દયા? સ્વદયા અર્થાત્ અંતરંગમાં રાગરહિત વીતરાગ નિર્વિકાર પરિણામની ઉત્પત્તિ તે ધર્મ છે. પુરુષાર્થસિદ્ધયુપાયમાં (શ્લોક ૪૪ માં) એ જ કહ્યું છે કે-નિશ્ચયથી રાગાદિની ઉત્પત્તિ ન થવી તે અહિંસા નામ સ્વદયા છે. ધવલમાં પણ આવે છે કે દયા એ જીવનો સ્વભાવ છે; પણ એ કઇ દયા? એ સ્વદયાની વાત છે, પરદયાની નહિ. નિશ્ચય સ્વદયારૂપ ધર્મ જેને પ્રગટયો છે તે ધર્માત્માને બહારમાં પર જીવોની રક્ષાના ભાવ આવે છે, તેને નિશ્ચયના સહચર જાણી વ્યવહારથી ધર્મ કહેવામાં આવે છે; પરંતુ તે પરદયાના ભાવ વાસ્તવમાં તો પુણ્યભાવ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. તથાપિ તેને ધર્મ જાણી કોઈ પરને જિવાડવાનો અભિપ્રાય રાખે છે તો તે મિથ્યાદષ્ટિ જ છે. સમજાણું કાંઈ...!

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ વિજ્ઞાનઘનસ્વરૂપ પ્રભુ સદા વીતરાગસ્વરૂપ જ છે. તેને જેવો ને જેવડો છે તેવો ને તેવડો ટકતો માનવો-સ્વીકારવો તેનું નામ અહિંસા છે. પરંતુ એનાથી વિપરીત તેને અલ્પજ્ઞ, અધુરો ને રાગવાળો માનવો તે મિથ્યાત્વ છે, સ્વરૂપની હિંસા છે. શું કહ્યું? પોતે જીવતત્ત્વ પૂરણ જ્ઞાતા-દષ્ટા છે. તેને તેવો ન સ્વીકારતાં હું પરને મારવાવાળો ને જિવાડવાવાળો એમ માનવું તે સ્વરૂપને નકારવારૂપ નિશ્ચય હિંસા છે; અને તે કાળે પરઘાત થવો તે વ્યવહારે હિંસા છે.

અરેરે! અનંતકાળથી ૮૪ના અવતારમાં રખડતો એ જીવ મિથ્યાત્વને લઇને રખડે છે હોં. અહા! મિથ્યાત્વને લઇને પ્રભુ! તેં એટલાં અનંત-અનંત જન્મ-મરણ કર્યાં કે તારા મરણ પછી જે અનંતી માતાઓએ આંસુ સાર્યાં એનાથી સમુદ્રોના સમુદ્રો ભરાઈ જાય. ભગવાન! તું એ બધું ભૂલી ગયો છે કેમકે તને અનાદિ-અનંત તત્ત્વનો વિચાર નથી. પણ એ બધા અનંત ભવ મિથ્યાત્વને લઇને છે ભાઈ! મિથ્યાત્વ એ જ સંસાર, મિથ્યાત્વ એ જ પાપ, મિથ્યાત્વ એ જ આસ્રવ ને મિથ્યાત્વ એ જ ભાવબંધ છે. મિથ્યાત્વ ગયા પછી જે ચારિત્રમોહસંબંધી રાગ છે તેને અહીં ગણતરીમાં નથી લેવો કેમકે એ તો નિર્જરી જવા ખાતે છે અને પરજ્ઞેયપણે છે. જેને રાગમાં એકત્વબુદ્ધિ છે તેને જ રાગનો સદ્ભાવ છે એમ કીધું છે. માટે મિથ્યા અભિપ્રાયને છોડી ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે જ્ઞાતા-દષ્ટા છે તેની રુચિ કરવી.

હવે કહે છે-'માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે'

પરને મારવાનો અભિપ્રાય હોય છતાં, શાસ્ત્રમાં પરઘાતથી જ્ઞાનીને બંધ નથી એમ કહ્યું છે માટે હું પરને મારું તો મને બંધ નથી એમ ન માની લેવું. એમ માનવું એ મિથ્યાત્વ છે, બંધપદ્ધતિ છે. જ્ઞાનીને તો પરજીવને મારવાનો કે જિવાડવાનો અભિપ્રાય જ નથી; એને તો હું ચૈતન્યઘન પ્રભુ પૂરણ જ્ઞાતા-દષ્ટા છું એમ અભિપ્રાય છે. તે કદીય જ્ઞાનમાં પરનું-રાગનું એકત્વ કરતો નથી.

અહાહા...! એણે શાનાં અભિમાન કરવાં પ્રભુ? આ સુંદર રૂપાળું શરીર મારું ને આ છોકરાં મારાં ને સંપત્તિ મારી એમ અભિમાન કરે છે પણ બાપુ! એ કે દિ' તારાં છે? બાપ કોનો ને છોકરો કોનો? ને કોની આ ચીજ બધી? આ શરીર, બાયડી, છોકરાં, ધનસંપત્તિ વગેરે પ્રગટ પરવસ્તુ છે. વળી એ બધાં છોડી જંગલમાં જાય તો માને કે મારે બધાં હતાં તે મેં છોડી દીધાં. ભાઈ! આવો પરમાં એકપણાનો ભાવ-અભિપ્રાય મિથ્યાત્વ છે; તથા રાગના એકત્વનો ભાવ પણ મિથ્યાત્વ છે.

અહા! જેને શુદ્ધ ચૈતન્યનું અવલંબન થયું છે ને રાગનું અવલંબન મટી ગયું છે તે જ્યાં હો ત્યાં આત્મામાં છે. કદાચ તે ચક્રવર્તીના રાજવૈભવમાં બેઠેલો બહારથી દેખાતો હોય તોપણ તે આત્મામાં છે, બહારમાં છે જ નહિ. આવી વાત છે.

જ્યારે મારવાનો અભિપ્રાય કરે, રાગની રુચિમાં રહે ને માને કે મને પરઘાતથી બંધ નથી કેમકે હું પરને મારી શકતો નથી તો તે એની સર્વથા એકાંત માન્યતા છે. અને તે મિથ્યાત્વ જ છે. વાસ્તવમાં તે નયવિભાગને સમજતો નથી. એણે તો પોતાના જ્ઞાતા-દષ્ટા સ્વભાવને હણ્યો છે માટે એને બંધ થશે જ. સમજાણું કાંઈ...?

* * *

હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને કાવ્ય કહે છે:-

## * કળશ ૧૬૬ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'तथापि' તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ) 'ज्ञानिनां निरर्गलं चरितुम् न ईष्यते' જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું.

અહાહા...! શું કહે છે? કે આ લોક, મન-વચન-કાયાનો યોગ, પર જીવનો ઘાત વગેરે કારણોથી બંધ કહ્યો નથી પણ રાગાદિકથી જ બંધ કહ્યો છે. રાગાદિકથી એટલે રાગ છે તે હું છું એવી એકત્વબુદ્ધિથી બંધ કહ્યો છે. રાગનું અસ્તિત્વ રાગમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે, શુદ્ધ ચૈતન્યમાં નથી. પણ એમ ન માનતાં રાગનું અસ્તિત્વ પોતાનું માન્યું એવા મિથ્યાત્વસહિત રાગાદિકથી જ બંધ છે.

ત્યારે કોઈ વળી કહે છે-બસ કરવું ધરવું (વ્રત, તપ આદિ કરવાં-ધરવાં) કાંઈ નહિ એટલે મઝા.

તેને કહીએ છીએ-શું કરવું છે ભાઈ? શું રાગને કરવો છે? અહા! રાગને કોણ કરે? રાગને કરવો એ તો મિથ્યાત્વ છે. અરે પ્રભુ! રાગ વિનાનો અંદર ચૈતન્યઘનસ્વરૂપ ભગવાન આત્મા છે તેમાં જવું એ શું કરવું નથી? એ જ કર્તવ્ય છે ભાઈ! પણ અરે! એને બિચારાને એની સૂઝ પડતી નથી અને બહારનું (રાગનું કર્તાપણું) છોડાતું નથી. શું થાય? પ્રભુ! તું અવળે (માર્ગે) છો ભાઈ!

આ તો ગણધરો મુનિવરો ને એકાવતારી ઈન્દ્રોની સમક્ષ ધર્મસભામાં દેવાધિદેવ અરહંત પરમેશ્વર ભગવાન જિનેશ્વરદેવની જે વાણી ખરી તે આ છે ભાઈ! શું કહ્યું? કે ભગવાનની વાણીમાં આ આવ્યું છે કે જે કોઈ પ્રાણી ભગવાન આત્મામાં સ્વભાવ-વિભાવને એકપણે કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. હું પરને મારું એમ અભિપ્રાયથી સ્વ-પરને એક કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

અહા! ચિદાનંદઘન અકૃત્રિમ પ્રભુ આત્મામાં કૃત્રિમ રાગને ભેળવવો તે મિથ્યાત્વ છે, સંસાર છે. એમાં તો વીતરાગતા ને રાગ બેય માન્યતામાં એક થયા; પણ એમ કદીય બનવા યોગ્ય નથી. પછી વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ કયાં રહ્યું?

અહા! જેને જ્ઞાન ને રાગની ભિન્નતા ભાસી છે તે સમકિતી કદીય રાગને પોતાની ચીજ માને નહિ એણે તો રાગથી જાુદો ત્રણલોકનો નાથ જ્ઞાનાનંદનો દરિયો પોતાનો આત્મા દૃષ્ટિમાં લીધો છે. તેથી તેને મન-વચન-કાયનો યોગ, ઇન્દ્રિયોનો વેપાર કે ચેતન-અચેતનનો ઘાત ઇત્યાદિ બંધનાં કારણ થતાં નથી.

અજ્ઞાની જીવ પોતાના ત્રિકાળી સ્વભાવમાં રાગનું એકત્વ કરે છે. તેથી કોઈ પણ પ્રાણીને તે બહારમાં હણતો નથી તોય તે છકાયના જીવનો હિંસક છે. પોતાનો, સ્વરૂપનો ઘાત કરે છે ને? તેથી તે હિંસક છે. (જાુઓ પ્રવચનસાર ગાથા ૨૩૬ ટીકા). ભજનમાં આવે છે ને કે-

'દવ લાગ્યો ડુંગરીએ, બેની કયાં જઇને કહીએ?

અહા! આત્માને (અજ્ઞાનીને) રાગની એકતારૂપ મિથ્યાત્વનો દવ લાગ્યો છે. ત્યાં શું થાય? તેને સ્વભાવની હિંસા થાય જ છે, તેને બંધ થાય જ છે.

અહીં કહે છે-લોક, મન-વચન-કાયનો યોગ, ઇન્દ્રિયોનો વેપાર ને ચેતન-અચેતનનો ઘાત ઇત્યાદિ કારણોથી બંધ નથી કહ્યો, એક રાગાદિકથી જ બંધ કહ્યો છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તોપણ જ્ઞાનીઓને નિરર્ગલ પ્રમાદસહિત પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું. જીવોનો ઘાત થયો તો થયો-એમ પ્રમાદસહિત વિષય-કષાયમાં સ્વચ્છંદપણે પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું. કેમ? તો કહે છે-

'सा निरर्गला व्यापृतिः किल तद्-आयतनम् एव' કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે. રાગની રુચિપૂર્વક કામ-ભોગ લેવો તે બંધનું જ ઠેકાણું છે. અહા! બુદ્ધિપૂર્વક વિષય-કષાયોમાં નિરંકુશ આચરણ એ બંધનું જ સ્થાન છે. પરઘાત વગેરેથી મને બંધ નથી એવી યુક્તિ બતાવીને સ્વચ્છંદે આચરણ તો મિથ્યાદષ્ટિને જ હોય છે અને તેને અવશ્ય બંધ થાય છે.

'ज्ञानिनां अकाम-कृत-कर्म तत् अकारणम् मतम्' જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે તે બંધનું કારણ કહ્યું નથી.

શું કહ્યું? કે જેને ઇચ્છા નથી, રાગની રુચિ નથી એવા ધર્મી જીવને નિરભિલાષ કર્મ હોય છે તે બંધનું કારણ નથી. જુઓ નોઆખલીમાં (નોઆખલી પૂર્વબંગાળનું ગામ છે) લોકોએ કાળો કેર વર્તાવ્યો હતો. મા-દીકરાને ને ભાઈ-બહેનને નાગા કરી ભેગા કરે એવો જુલ્મ! એ વખતે બેયને થાય કે અરરર! ધરતી માર્ગ આપે તો અંદર સમાઈ જઈએ. એમાં પ્રેમ છે જરાય! જરાય નથી. તેમ જ્ઞાનીને રાગમાં આવવું ઝેર જેવું લાગે છે; રાગનો ભેટો કરવો એને ઝેર સમાન ભાસે છે. તે અંદરમાં રાગનો ભેટો (એકપણું) કરતો જ નથી. તેથી તેને રાગની રુચિ વગર જે યોગ આદિ ક્રિયા થાય છે તે બંધનું કારણ કહ્યું નથી. એ જ દઢ કરે છે-

કેમકે 'जानाति च करोति'-જાણે પણ છે અને (કર્મને) કરે પણ છે 'द्वयं किमु न विरुध्यते' એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)

જાણે પણ છે અર્થાત્ આનંદને અનુભવે છે અને વળી સાથે રાગાદિને કરે છે-એમ બે ક્રિયા એકમાં એક સાથે કેમ હોય? આત્મા એક સાથે બે ક્રિયા કેમ કરે? ન જ કરે. જે જાણે છે તે જાણે જ છે, કરતો નથી. સમજાણું કાંઈ...? બાપા! આ તો વીતરાગનો મારગ! અંતરની ચીજ પ્રભુ! એમાં ખાલી વિદ્વતા ન ચાલે.

બહારની ક્રિયા-એ મન-વચન-કાયના યોગની ક્રિયા, રાગની ક્રિયા, હણવાની ક્રિયા વગેરે પોતાની ચૈતન્યસત્તામાં કયાં છે? પોતાની સત્તામાં રાગ જ નથી ત્યાં બીજી યોગ કે હણવા આદિની ક્રિયા તેમાં કયાંથી આવી? અહા! જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવે કહેલો આવો મારગ મહા અલૌકિક ભાઈ!

જેની એક સમયની પર્યાયમાં એકી સાથે લોકાલોક સહિત અનંતા કેવળીઓ જણાય તે સર્વજ્ઞ શું છે ભાઈ? બાપુ! જગતમાં આવા સર્વજ્ઞની સત્તા છે અને એવો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ સર્વજ્ઞસ્વભાવ દરેક જીવનો છે. અહાહા...! ભગવાન આત્મા સર્વજ્ઞ થાય એવો જ એનો સ્વભાવ છે, અલ્પજ્ઞ રહે ને વિપરીતપણે રહે એવો એનો સ્વભાવ જ નથી .

અહીં કહે છે-કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે. આને મારું, આને સુખી કરું, આને દુઃખી કરું, આને જિવાડું વગેરે ભાવ અને વળી હું જ્ઞાતા-દ્રષ્ટા છું-એમ બેય ભાવ એક સાથે કેમ રહી શકે? એ તો વિરુદ્ધ છે. જાણે તે કરે નહિ અને કરે તે જાણે નહિ. લ્યો, આવી વાત છે.

## * કળશ ૧૬૬ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'પહેલા કાવ્યમાં લોક આદિને બંધનાં કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધના કારણોમાં સર્વથા જ નિષધી છે; બાહ્યવ્યવહાર પ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધના કારણને-નિમિત્તભૂત છે; તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો.'

શું કહ્યું ? કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિ વખતે બંધ થતો જ નથી એમ સર્વથા ન માનવું; કેમકે બાહ્યપ્રવૃત્તિ, રાગાદિ પરિણામ જે નિશ્ચય બંધનું કારણ છે તેને નિમિત્તભૂત છે. એટલે અજ્ઞાનીને તે વ્યવહારથી બંધનું કારણ છે; કેમકે તેને રાગાદિ હયાત છે.

'જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક-વાંછા વિના-પ્રવૃત્તિ થાય છે તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદારહિત (અંકુશ વિના) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે.'

જુઓ, ધર્મી પુરુષો અવાંછક હોય છે. તેમને રાગની રુચિ વિના જે બાહ્ય-વ્યવહારપ્રવૃત્તિ થાય છે તે બંધનું કારણ થતી નથી. તેથી કાંઈ તેમને સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી શું કહ્યું? ગમે તેમ ખાઓ, પીઓ ને કામ-ભોગમાં પ્રવર્તો-એમ નિરંકુશ પ્રવર્તન કરવાનું કહ્યું નથી. ધર્મીને તો જે ક્રિયા થાય છે તેનો તે જાણનાર રહે છે અને તેથી તેને એ ક્રિયાથી બંધ નથી. પણ સમકિતીના નામે કોઈ ગમે તેમ સ્વચ્છંદપણે વિષય-કષાયમાં પ્રવર્તે તેને તો તે પ્રવર્તન-આચરણ બંધનું જ ઠેકાણું છે, કેમકે બંધનું કારણ જે રાગાદિ તેના સદ્ભાવ વિના નિરંકુશ પ્રવર્તન હોતું નથી.

'જાણવામાં ને કરવામાં તો પરસ્પર વિરોધ છે; જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય, કર્તા થશે તો અવશ્ય બંધ થશે.'

પરની ક્રિયા થાય એનો જાણનાર રહેવું અને એ ક્રિયા હું કરું છું એમ તેનો કર્તા થવું એ બન્ને તદ્દન વિરુદ્ધ છે; તેથી એક સાથે જ્ઞાતાપણું ને કર્તાપણું સંભવી શકતું નથી. જ્ઞાતા રહે તે કર્તા નથી અને કર્તા થાય તે જ્ઞાતા નથી. ત્યાં જ્ઞાતા રહે

તેને બંધ નથી કેમકે તેને બંધનું કારણ જે રાગાદિનો સદ્ભાવ તેનો અભાવ છે; જ્યારે કર્તા થાય તેને અવશ્ય બંધ થશે કેમકે તેને રાગાદિનો સદ્ભાવ છે. અહા! રાગાદિને પરની ક્રિયાનો હું કરનારો છું એમ માનશે તેને મિથ્યાત્વ થશે અને તેથી તેને બંધ થશે જ. આવી વાત છે.

"જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે." આવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ-

## * કળશ ૧૬૭ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'य जानाति सः न करोति' જે જાણે છે તે કરતો નથી 'तु' અને 'यः करोति अयं खलु जानाति न' જે કરે છે તે જાણતો નથી.

શું કહ્યું? કે જે કોઈ આત્મા પોતાના શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ આત્માને જાણે છે, અનુભવે છે તે કરતો નથી. કરતો નથી એટલે કે પોતામાં રાગને કરતો નથી. લ્યો, રાગને કરતો નથી તો પછી પરની ક્રિયા કરવાની તો વાત જ ક્યાં રહી?

ત્યારે કોઈ પંડિતો વળી કહે છે કે-આત્મા પરનું કરે; પરનો કર્તા ન માને તે દિગંબર નહિ.

અરે ભાઈ! આ શું થયું છે તને? આ તો મહા વિપરીતતા છે, નરી મૂઢતા છે. અહીં તો મહાન દિગંબરાચાર્ય એમ કહે છે કે-જેણે એકલા જ્ઞાન અને આનંદનો સમુદ્ર વિજ્ઞાનઘન પ્રભુ આત્માને પર્યાયમાં ભાળ્યો-અનુભવ્યો તે રાગને-વિકલ્પને કરતો નથી. અહા! જેને તત્ત્વદૃષ્ટિ સમ્યક્ પ્રગટ થઇ તે દૃષ્ટિની પર્યાયનો કર્તા છે પણ રાગનો કર્તા નથી.

ભગવાન આત્મા એકલા જાણગ-જાણગ સ્વભાવનું દળ પ્રભુ નિત્ય જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવી છે. આવા પોતાના સ્વરૂપનું ભાન થઇને જેને પર્યાયમાં નિર્મળ રત્નત્રયરૂપ ધર્મ પ્રગટયો એ ધર્મી જીવને, હજુ પૂરણ વીતરાગ થયો નથી ત્યાં સુધી વ્યવહારરત્નત્રયનો શુભ વિકલ્પ હોય છે, પણ તે એ શુભ વિકલ્પને પોતાનામાં કરતો નથી, તેને માત્ર જાણે છે એમ કહે છે. અહા! જે જાણે છે તે કરતો નથી. ગજબ વાત પ્રભુ!

વળી 'જે કરે છે તે જાણતો નથી.' શું કહ્યું? કે હું દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિનો કરનારો એમ જે વ્યવહારધર્મના-વ્યવહારરત્નત્રયના શુભરાગને કરે છે તે જાણતો નથી. જાણતો નથી એટલે શું? કે જે રાગને પોતામાં કરે છે તે અજ્ઞાની જીવ પોતાનો એક જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવી આત્મા છે તેને જાણતો નથી. અહા! કરે છે તે જાણતો નથી. રાગને કરે છે તે રાગરહિત શુદ્ધ આત્માને જાણતો નથી. અહા! આ તો જૈનદર્શનનું પરમ અદ્ભુત રહસ્ય છે.

હવે વિશેષ કહે છે-' तत् किल कर्मरागः ' જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે, ' तु ' અને ' रागं अबोधमयम् अध्यवसायम् आहुः ' રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે.

કોઈ લોકો રાડ પાડે છે કે-આ તો કાંઈ કરવું નહિ એમ કહે છે. પણ આત્મા તો કર્મને કરે છે ને કર્મને ભોગવે છે.

ભગવાન! તું શું કહે છે આ? પ્રભુ! તું શુદ્ધ ચૈતન્યમય જ્ઞાનાનંદસ્વભાવનો દરિયો છે તેની તને ખબર નથી. અહા! જેને પોતાના જ્ઞાનાનંદસ્વભાવનું અંતરમાં અંતર્દષ્ટિ થઈને ભાન થયું છે તે શું કરે? તે જ્ઞાન કરે કે રાગ કરે? તેને રાગનું કરવું તો છે નહિ, પણ તે જ્ઞાન કરે એ પણ વ્યવહાર છે. દ્રવ્ય પર્યાયને કરે એવો દ્રવ્ય-પર્યાયનો ભેદ પાડવો તે વ્યવહાર છે.

જ્ઞાનીને રાગ થાય ખરો પણ તે રાગનો જાણનારમાત્ર રહે છે. આ અંતરની (શુદ્ધ સમકિતની) બલિહારી છે પ્રભુ! જ્યારે અજ્ઞાનીની દૃષ્ટિ રાગ ઉપર છે. તેને કરવું, કરવું-એવો કર્મરાગ છે ને? તે રાગને પોતાનું કર્તવ્ય માને છે તેથી રાગથી ભિન્ન પડતો નથી ને અંદર જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવથી ભરેલા પોતાના ભગવાનને જાણતો નથી, ઓળખતો નથી.

અહા! ગણધરો ને ઇન્દ્રોની સભામાં ભગવાન સર્વજ્ઞદેવે જે ધર્મ કહ્યો તે ધર્મની આ વાત છે. તેમાં આજે કોઈ લોકોને-પંડિતોને મોટો ફેરફાર કરી નાખવો છે. પણ બાપુ! એમાં ફેરફાર ન થાય. (તારે ફરવું પડશે). ધર્મ તો ત્રિકાળ ધર્મરૂપ જ રહેશે. અહા! ધર્મ એટલે ત્રિકાળ જ્ઞાનાનંદસ્વભાવી ચિદાનંદઘન પ્રભુ આત્માના આશ્રયે નિર્મળ વીતરાગી દશા-નિર્મળ રત્નત્રયની દશા-પ્રગટ કરવી એ એનું કર્તવ્ય છે; પણ રાગ કરવો-દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ કરવો એ કાંઈ કર્તવ્ય નથી. એ હોય છે એ જુદી વાત છે પણ એ કાંઈ કર્તવ્ય નથી. (બલકે હેય જ છે).

ત્યારે વળી લોકો કહે છે-તે વ્યવહારને હેય કહે છે ને વળી તે વ્યવહારને કરે તો છે.

ભાઈ! 'કરે છે'-કોને કહેવું? જેને કર્મરાગ છે તે કરે છે; બાકી ક્ષણિક કૃત્રિમ રાગ ને ત્રિકાળી સહજ અકૃત્રિમ ચૈતન્યના ઉપયોગમય પ્રભુ આત્મા-એ બંનેનું જેને ભેદજ્ઞાન વર્તે છે, સ્વભાવ-વિભાવથી જેને સ્વને પરપણે વહેંચણી થઇ ગઇ છે તે રાગને-વ્યવહારને કરતો જ નથી. લ્યો, આવું ઝીણું બહુ; પણ આ એક જ સત્ય અને લાભદાયક છે.

જેમ સકરકંદ મીઠાશનો કંદ છે, તેમ ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો કંદ છે, એનામાં વિકારને કરે, દયા, દાન આદિ વિકલ્પને ઉત્પન્ન કરે એવો કોઈ ગુણ નથી. અહા! આવો આત્મા કે જે ભગવાન

સર્વજ્ઞદેવે જાણ્યો, અનુભવ્યો ને કહ્યો તેની જેને અંતર્દષ્ટિ થઇ તે ધર્મી જીવ ધર્મપરિણતિને-વીતરાગપરિણતિને કરે પણ રાગાદિપરિણતિને ન કરે; તે પરદ્રવ્યની પરિણતિને કરે એ તો પ્રશ્ન જ નથી.

આમાંથી કોઈ એમ અર્થ કાઢે કે કર્મ આત્મામાં છે ને કર્મને લઇને જીવને વિકાર થાય છે તો એમ નથી. ભાઈ! જે વિકાર થાય છે તે પોતાની પર્યાયમાં પોતાના જ અપરાધથી થાય છે. કર્મ નિમિત્ત હો, પણ વિકાર પોતાનો જ અપરાધ છે, ધર્મીની દ્રષ્ટિ વિકાર ઉપર નથી પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર છે. તેથી તે વિકારનો કર્તા નથી એમ વાત છે. વીતરાગનો મારગ બહુ ઝીણો બાપા! દુનિયા સાથે મેળ ખાય નહિ ને વિરોધ ઊભો થાય. પણ શું થાય?

ભાઈ! તું આત્મા છો ને! શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ તું આનંદનું ધામ છો ને! ભાઈ! તું એમાં જા ને, એમાં જ સ્થિતિ કરીને રહે ને. તેથી તને નિરાકુલ આનંદ થશે અને કરવાનો બોજો રહેશે નહિ.

કરવું તે તો કર્મરાગ છે. કર્મરાગ એટલે રાગાદિ ક્રિયા કરવાની રુચિ. શું કહ્યું? કે રાગાદિ ક્રિયાની રુચિ-પ્રેમ તે કર્મરાગ છે. તે કર્મરાગને ભગવાન ગણધરદેવોએ, મુનિવરોએ અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે. રાગની રુચિ વા ઉપયોગમાં રાગનું એકત્વ કરવું તે અજ્ઞાનમય અધ્યવસાય છે.

અહાહા...! ભગવાન આત્મા ચિદાનંદઘનપ્રભુ એક જાણગ-જાણગ-જાણગ સ્વભાવમય છે; અને રાગ છે તે અજ્ઞાનમય છે કેમકે તેમાં જ્ઞાનનો અંશ નથી. માટે કર્મરાગને અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે. રાગના કર્તાપણાનો અધ્યવસાય અજ્ઞાનમય અધ્યવસાય છે અને તે જ મિથ્યાદર્શનરૂપ મહાપાપ ને મહા અહિત છે.

અરે! અનંતકાળમાં એણે સત્ય શું છે એ જાણવાની દરકાર ન કરી અને બહારના બધા ભપકામાં-ચમકદમકમાં મુંઝાય ગયો! એ ભપકા તો એકકોર રહ્યા; અહીં કહે છે- ભગવાન! અંદરમાં જે રાગ થાય તેનો તું કર્તા થાય એ તારું મહા અહિત છે; મહા અહિત છે એટલે કે એના ગર્ભમાં અનંતા જન્મ-મરણનાં દુઃખ પડેલાં છે. સમજાણું કાં...?

અહાહા...! પોતે એક જ્ઞાન ને આનંદસ્વરૂપ છે. આઠ વર્ષની બાલિકા હોય પણ પોતાના સહજ પરમાત્મસ્વરૂપની દ્રષ્ટિ થઇને સમ્યગ્દર્શન પામે ત્યારે, રાગ તો હજુ છે ને તેથી લગ્ન કરે તોય, તેને કર્મરાગ નથી; એ રાગમાં એકત્વબુદ્ધિ નથી. જુઓ, ત્રણ જ્ઞાનના સ્વામી શ્રી શાન્તિનાથ, શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથ ત્રણેય તીર્થંકર હતા, ચક્રવર્તી હતા અને કામદેવ પુરુષ હતા. શું તેમના શરીરનું સૌંદર્ય! અહો! છ ખંડમાં ક્યાંય જોવા ન મળે તેવું તેમનું અદ્‌ભુત રૂપ હતું. એમને છન્નુ

હજારો સ્ત્રીઓ અને છન્નુ કરોડનું પાયદળ આદિ મહાવૈભવ હતો. અહા! પણ એ સઘળી ચીજોમાં મુંઝાયેલા ન હતા. એના પ્રતિ જે રાગ થતો હતો તેના પણ તે કર્તા નહોતા, માત્ર એના જ્ઞાતા-દ્રષ્ટા રહીને જાણતા-દેખતા હતા. અહો! જેમને કર્મરાગ નહોતો એવા તે ધર્માત્મા હતા.

અત્યારે તો પ્રરૂપણા જ આવી છે કે-પરની દયા પાળો તો ધર્મ થશે.

અરે ભગવાન! પરની દયા તું પાળી શકતો નથી, તથાપિ પરની દયા પાળવાનો જો તને કર્મરાગ છે, પરની દયાના ભાવમાં જો તને લાભબુદ્ધિ વા એકત્વ છે તો તું મિથ્યાદ્રષ્ટિ છો. અહા! ધર્મી પુરુષ તો પોતાને જે શુદ્ધ નિર્મળ પરિણતિ થાય એને જાણે છે અને સાથે જે અશુદ્ધ રાગાંશ હોય તેને પણ માત્ર જાણે જ છે; જે રાગાંશ થયો એને કરે નહિ, એને અડેય નહિ, અડયા વિના જ્ઞાતાપણે માત્ર તેને જાણે જ છે. આવી અદ્‌ભુત વાત છે! અહો! આ કળશ મહા અલૌકિક છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળ-ત્રણલોક જણાયા છે તે ભગવાન કેવળીની વાણીમાં આ આવ્યું છે. 'ભગવાનની વાણી'-એમ કહેવું એ વ્યવહાર છે; નિમિત્તની મુખ્યતાથી કહેવાય કે 'ભગવાનની વાણી'; બાકી વાણી વાણીની છે; વાણી તો જડ છે; વાણીનો કર્તા જીવ નથી. સ્વપરને જાણવાનો સ્વભાવ જીવનો છે, પણ પરનું-વાણીનું કર્તાપણું જીવને નથી. છતાં કોઈ વાણીનો કર્તા પોતાને માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. અહીં બીજી વિશેષ વાત છે. શું? કે વાણી ઇત્યાદિ પરની ક્રિયા થવામાં જે ઇચ્છા-રાગ ઉઠે છે તે રાગમાં એકત્વબુદ્ધિ હોવી તે મિથ્યાત્વ છે. શું કહ્યું? હું રાગ કરું એવો કર્મરાગ મિથ્યા અધ્યવસાય છે અને તે અવશ્ય મિથ્યાદ્રષ્ટિને જ હોય છે. અહા! આવો મારગ! અત્યારે તો બધું લોપ થઇ ગયું છે. અહીં કહે છે-ભગવાન! એક વાર સાંભળ. તારા ચૈતન્યની પ્રભુતાનું જો તને ભાન થાય તો પામર એવા રાગનું તને કર્તૃત્વ ન રહે, અને જો તને કર્મરાગ છે, રાગનું કર્તૃત્વ છે તો ભગવાન આત્માનું ભાન નહિ થાય, આનંદની પ્રાપ્તિ નહિ થાય. આ ભગવાન સર્વજ્ઞનું કહેલું સિદ્ધાંતતત્ત્વ છે.

અહાહા...! કહે છે-રાગને અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે. જુઓ, 'અજ્ઞાનમય અધ્યવસાય'-એમ પાઠ છે કે નહિ? છે ને. અહીં રાગ એટલે રાગની એકત્વબુદ્ધિ લેવી છે. રાગ તે હું છું, રાગથી મને લાભ છે-એવો જે અધ્યવસાય તે રાગની એકત્વબુદ્ધિ છે. તે નિયમથી મિથ્યાદ્રષ્ટિને હોય છે. અર્થાત્ અજ્ઞાનમય અધ્યવસાય જેને છે તે નિયમથી મિથ્યાદ્રષ્ટિ છે, કેમકે એની એવી મિથ્યા માન્યતા છે કે-બીજાની દયા પાળી શકાય, બીજાને મારી શકાય, પૈસા આદિ ધૂળ કમાઇને મેળવી શકાય ને બીજાને દઇ શકાય ઇત્યાદિ.

અરે! અનાદિકાળથી મિથ્યાત્વને પડખે ચઢેલો તે દુઃખી છે. એ મોટો તવંગર શેઠ થયો, મોટો રાજા થયો, મોટો દેવ થયો પણ એમાં બધેય એ મિથ્યાત્વને લઈને દુઃખી જ દુઃખી રહ્યો છે. ભાઈ! આ બધા કરોડપતિ શેઠિયા મિથ્યાત્વને લઈને દુઃખી જ છે. પણ હું જ્ઞાનાનંદસ્વરૂપી ચૈતન્ય મહાપ્રભુ છું એમ જ્યારે ભાન થાય ત્યારે તે નિરાકુળ આનંદ અનુભવે છે. કેમકે ત્યારે એને રાગ જે દુઃખ છે તેની સાથે એકત્વબુદ્ધિ નથી. ભાઈ! આ તો ન્યાયથી-લોજીકથી સમજે તો સમજાય એવું છે. અહા! પોતે હું જ્ઞાનાનંદસ્વભાવી છું એમ જ્યાં સમ્યગ્દર્શનમાં ભાન થયું ત્યાં પછી સ્વભાવથી વિપરીત વિભાવમાં તેને એકત્વ કેમ રહે? વિભાવ મારું કર્તવ્ય છે એવી દ્રષ્ટિ તેને કેમ હોય? અહા! રાગ થાય ખરો, હોય ખરો, તોપણ જ્ઞાની રાગમાં નથી, જ્ઞાનમાં છે, સ્વભાવના ભાનમાં છે.

આમાંય લોકોની મોટી તકરાર! શું? કે વ્યવહારરત્નત્રયથી નિશ્ચય પ્રગટ થાય.

અરે પ્રભુ! તું શું કહે છે ભાઈ? વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એ શુદ્ધ ચૈતન્યસ્વભાવથી-વીતરાગસ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. તો વિરુદ્ધ એવા રાગનો કર્તા થાય એને અકર્તાપણું (-વીતરાગતા) કઈ રીતે પ્રગટ થાય? કોઈ રીતે ન થાય. અહીં તો રાગના કર્તૃત્વને મિથ્યા અધ્યવસાય કહી તે નિયમથી મિથ્યાદ્રષ્ટિઓને હોય છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ....?

અહા! જ્ઞાનીને કર્મરાગ નથી, અજ્ઞાનમય અધ્યવસાય નથી. તેથી જ્ઞાની કદાચિત્ લડાઈમાં ઊભો હોય તોપણ તેને રાગ (-રાગની રુચિ) વિદ્યમાન નથી તેથી તેને બંધ નથી; જ્યારે અજ્ઞાની મુનિ થયો હોય, છકાયની હિંસા બહારમાં કરતો-કરાવતો ન હોય તોપણ અંદરમાં વ્યવહારના રાગ સાથે એકત્વ હોવાથી તેને રાગ (-રાગની રુચિ) વિદ્યમાન છે તેથી તેને અવશ્ય બંધ થાય છે. લ્યો, એ જ કહ્યું છે કે-

'च' અને 'सः बन्धहेतुः' તે બંધનું કારણ છે. અહા? કર્મરાગ કે જે અજ્ઞાનમય અધ્યવસાય છે તે બંધનું કારણ છે. હવે આવું સાંભળવુંય કઠણ પડે તેને તે સમજવું તો ક્યાંય દૂર રહી ગયું. શું થાય? બિચારો અજ્ઞાનઅંધકારમાં અટવાઈ જાય!

[ પ્રવચન નં. ૩૧૧ થી ૩૧૩ * દિનાંક ૫-૨-૭૭ થી ૭-૨-૭૭ ]

## ગાથા - ૨૪૭

**जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।। २४७।।**

**यो मन्यते हिनस्मि च हिंस्ये च परैः सत्त्वैः।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।। २४७।।**

હવે મિથ્યાદૃષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છેઃ-

**જે માનતો-હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.**

**ગાથાર્થઃ-** [ यः ] જે [ मन्यते ] એમ માને છે કે [ हिनस्मि च ] 'હું પર જીવોને મારું છું (-હણું છું) [ परैः सत्त्वैः हिंस्ये च ] અને પર જીવો મને મારે છે', [ सः ] તે [ मूढः ] મૂઢ (-મોહી) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત (અર્થાત્ આવું નથી માનતો) તે [ ज्ञानी ] જ્ઞાની છે.

**ટીકાઃ-** 'પર જીવો ને હું હણું છું અને પર જીવો મને હણે છે'-એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે, નિયમથી) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

**ભાવાર્થઃ-** 'પર જીવોને હું મારું છું અને પર મને મારે છે' એવો આશય અજ્ઞાન છે તેથી જેને એવો આશય છે તે અજ્ઞાની છે-મિથ્યાદૃષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની છે-સમ્યગ્દૃષ્ટિ છે.

નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે-પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી. જે પરથી પરનું મરણ માને છે, તે અજ્ઞાની છે. નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે; તેને યથાર્થ રીતે (અપેક્ષા સમજીને) માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

* * *

### સમયસાર ગાથા ૨૪૭ મથાળુ

હવે મિથ્યાદૃષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છેઃ-

### ગાથા ૨૪૭ઃ ટીકા ઉપરનું પ્રવચન

"પર જીવોને હું હણું છું અને પર જીવો મને હણે છે"-એવો અધ્યવસાય

ધ્રુવપણે (-નિશ્ચિતપણે, નિયમથી) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે.

શું કીધું? કે પર જીવોને એટલે કે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના બધા જીવો જે શરીર સહિત છે તેમને હું હણું છું-હણી શકું છું એમ જે માને છે તે નિયમથી મૂઢ અજ્ઞાની છે. બીજા જીવોને હણવું એટલે શું? એની વ્યાખ્યા એમ છે કે એને દશ પ્રાણ છે એનાથી હું એનો જુદો કરી શકું છું. પાંચ ઈન્દ્રિય, મન-વચન-કાય, આયુ ને શ્વાસ વગેરેથી એના આત્માને જુદો કરી શકું છું. ભાઈ! હું ઈન્દ્રિયો કાપી શકું, આંખને ફોડી શકું ઈત્યાદિ જે માન્યતા છે તે નિયમથી અજ્ઞાન છે, મૂઢતા છે.

પ્રાણો જડ છે ને આત્મા ચેતન છે. બન્ને જુદી જુદી ચીજ છે. કોઈ કોઈને અડેય નહિ તો પછી આત્મા જડ પ્રાણોને જુદો કેમ કરી શકે? ત્રણકાળમાં ન કરી શકે. બાપુ! આ વીતરાગનો માર્ગ દુનિયાથી સાવ જુદો છે. એટલે તો કેટલાક કહે છે કે આ સોનગઢથી નવો કાઢયો છે. પણ ભાઈ! આ તો સનાતન માર્ગ છે, તેને અહીં આચાર્ય કુંદકુંદે પ્રગટ કર્યો છે અને તે અહીં કહેવાય છે. સમજાણું કાંઈ...?

'હું પરને હણું ને પરજીવો મને હણે'-એમાં તો હું ને પર-બન્ને ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. ભાઈ! એક દ્રવ્યને અન્ય દ્રવ્યની ક્રિયા કરતું માને છે એ તો મૂઢ અજ્ઞાની છે. કેમ? કેમકે એ પરની ક્રિયા ક્યાં કરી શકે છે? પરનું જે અસ્તિત્વ હયાતી છે તે તો એને-પોતાને લઈને છે, કાંઈ આને લઈને નથી. અહો! આ ત્રણલોકના નાથનો સ્વતંત્રતાનો ઢંઢેરો છે કે-સર્વ દ્રવ્યો સ્વતંત્ર છે, કોઈ કોઈને લઈને છે, વા કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યની ક્રિયા કરે છે એમ છે જ નહિ.

પણ નિમિત્ત તો છે ને?

**ઉત્તરઃ-** નિમિત્ત છે એનો અર્થ શું? એટલો જ કે કાર્યકાળે બીજી ચીજની હયાતી-મોજાુદગી છે, પણ આમાં-ઉપાદાનમાં તે કાંઈ કરે છે એમ છે નહિ.

આગળની ગાથાઓમાં પણ આવી ગયું કે-રાગની એકતાબુદ્ધિ બંધનું કારણ છે પણ મન-વચન-કાયની ક્રિયા કે ચેતન-અચેતનનો ઘાત આદિ બહારની ક્રિયા બંધનું કારણ નથી. મતલબ કે તે પરની ક્રિયા કરી શકતો જ નથી. અહીં પણ કહે છે કે-હું પરને હણું છું કે પર મને હણે છે એવો જે અધ્યવસાય નામ મિથ્યા માન્યતા છે તે ધ્રુવપણે એટલે નિયમથી ચોક્કસપણે અજ્ઞાન છે. હવે જૈનમાં જન્મેલાને પણ ખબર નથી કે જૈન-પરમેશ્વર શું કહે છે? આ તો હણવાનું કીધું છે, આગળ જિવાડવાનું પણ કહેશે.

એકેન્દ્રિય જે શાકભાજી-ભીંડા, તુરિયાં, દૂધી ઈત્યાદિને હું છરી વડે કાપી શકું છું ને આંગળીથી ચૂંટી શકું છું-એમ પરની ક્રિયા કરી શકું છું એમ માનનારો મિથ્યાદ્રષ્ટિ છે; કેમકે આત્મા શરીરાદિ પરથી જુદો હોવાથી તે આંગળી હલાવી શકે નહિ ને આંગળીથી છરી વડે કાપી શકે નહિ. બાપુ! આ તો જગત સમક્ષ વીતરાગ પરમેશ્વરનો પોકાર છે. ભાઈ! શું તું પરની ક્રિયા કરી શકે છે? પરની સત્તામાં શું તારો પ્રવેશ છે કે તું એને હણી શકે? પર જીવની સત્તામાં કે જડ પરમાણુમાં તારો પ્રવેશ જ નથી, પછી તું પરને કેમ હણી શકે? વળી તારી સત્તામાં પર જીવનો કે પરમાણુનો પ્રવેશ જ નથી; પછી પર જીવો તને કેમ હણી શકે?

ત્યારે કેટલાકને એમ થાય કે-જો આમ છે તો બધા એક બીજાને નિરંકુશ થઈ મારશે.

અરે ભાઈ! કોઈ કોઈ અન્યને મારી શકતો જ નથી ત્યાં પછી પ્રશ્ન શું છે? ભાઈ! આ તો 'जिणपण्णत्तो धम्मो'-ભગવાન જિનેશ્વરદેવે કહેલો ધર્મ મહા અલૌકિક! જે સમજશે તે સ્વરૂપમાં રહેશે, બાકી અજ્ઞાનીની શું કથા? (તે તો રખડશે).

ભાઈ! કોઈ કોઈ પરને મારી શકતો નથી એ સિદ્ધાંત છે. મારવાના ભાવ હોય, પણ એથી તે સામા જીવને મારી શકે છે કાંઈ? બીલકુલ નહિ હોં.

તો જુઓ, રાજાના હુકમથી પંડિત શ્રી ટોડરમલજીને હાથીને પગે મસળી નાખ્યા કે નહિ?

બાપુ! એ તો ક્રિયા જે કાળે થવાની હતી તે થઈ છે, એનો બીજો કોઈ (હાથી કે રાજા) કરનારો નથી. (નિમિત્તથી કહેવાય એ વાત બીજી છે). અહા! કેવો એ ધર્મની દ્રઢતાનો પ્રસંગ! મને કોઈ હણતું નથી એવી શ્રદ્ધાની સમતાનો એ મહા અલૌકિક પ્રસંગ હતો. અહા! પોતે વિષમતા રહિત ભગવાન જ્ઞાનસ્વભાવમાં રહી ગયા અને દેહ છૂટી ગયો.

બીજે, આત્મા અજર-અમર છે; માટે તું માર, તને વાંધો નથી-એમ જે ઉપદેશ છે એ તો તત્ત્વથી તદ્દન વિપરીત વાત છે. અહીં તો મારવાનો જે અભિપ્રાય છે કે હું પરને હણું ને પર મને હણે તે મિથ્યાત્વ છે એમ કહે છે, કેમકે કોઈ કોઈને મારી શકતું જ નથી. મિથ્યાત્વ એટલે શું? મિથ્યાત્વ એટલે જે અનંત સંસારનું કારણ છે એવું મહાપાપ. જે થઈ શકે નહિ તે થઈ શકે છે એમ અનંત-અનંત પદાર્થ સંબંધી માનવું-એવી મિથ્યાશ્રદ્ધામાં અનંત-અનંત રસ-અનુભાગ છે અને એના ફળમાં અનંત સંસાર છે.

હવે કહે છે-'અને જેને તે અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે.' અહા! જ્ઞાનીને, બીજો મારવા આવે તે કાળે, મને એ મારી શકતો નથી એવા

અભિપ્રાયની દ્રઢતા હોય છે તેથી સમતાભાવ પ્રગટ થાય છે શ્રીમદ્‌ના ‘અપૂર્વ અવસર’માં આવે છે ને કેઃ-

‘એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;

અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.’ - અપૂર્વ૦

અહા! વાઘ-સિંહ ખાવા આવે તો જાણે મિત્રનો યોગ થયો એમ સમજે; મતલબ કે જ્ઞાનીને તે કાળે ચિત્તમાં દ્વેષ કે ક્ષોભ ન ઉપજે. કેમ? કેમકે શરીર મારું નથી, મારું રાખ્યું રહ્યું નથી અને એ લેવા આવ્યો છે તે ભલે લઈ જાય, એમાં મને શું છે? આવી સમ્યગ્દર્શનમાં સમતા હોય છે. હું પરને હણું ને પર મને હણે એવો અધ્યવસાય જેને નથી તેને અસાધારણ સમતા હોય છે. તેથી તો કહ્યું કે તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે. આવી વાત છે!

## * ગાથા ૨૪૭: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

‘પર જીવોને હું મારું છું અને પર મને મારે છે’- એવો આશય અજ્ઞાન છે તેથી જેને એવો આશય છે તે અજ્ઞાની છે-મિથ્યાદ્રષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની છે-સમ્યગ્દ્રષ્ટિ છે.

અહા! પ્રત્યેક સત્તા અભેદ્ય છે. કોઈની સત્તામાં કોઈ અન્યનો પ્રવેશ જ નથી તો પછી કોઈ કોઈને મારે એ વાત જ ક્યાં રહે છે? માટે પર જીવોને હું હણું છું અને પર મને હણે છે એવો આશય નામ અભિપ્રાય-રુચિ અજ્ઞાન છે. તેથી જેને એવો અભિપ્રાય છે તે મિથ્યાદ્રષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની-સમ્યગ્દ્રષ્ટિ છે.

‘નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે-પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી. જે પરથી પરનું મરણ માને છે, તે અજ્ઞાની છે.’

દશ પ્રાણોનો વિયોગ થવો એનું નામ મરણ છે. હવે જ્યાં પ્રાણ જ એનાં નથી ત્યાં હું એના પ્રાણને હણું એ ક્યાં રહ્યું? જ્યાં પ્રાણ જ મારા નથી ત્યાં મારા પ્રાણને બીજા હણે એ વાત જ ક્યાં રહી? ભાઈ! કોઈ કોઈનું મરણ કરે એ વસ્તુસ્થિતિ જ નથી.

‘નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે; તેને યથાર્થ રીતે માનવું તે સમ્યગ્જ્ઞાન છે.’ વ્યવહારથી કહેવાય કે આણે આને માર્યો, આણે આને બચાવ્યો. એ તો મરણ-જીવનના કાળે બહારમાં બીજા કોનો ભાવ નિમિત્ત હતો તેનું જ્ઞાન કરાવવા માટે કથન છે; બાકી કોઈ કોઈને મારે કે બચાવે છે એ વસ્તુસ્વરૂપ નથી. આમ વ્યવહારના વચનને અપેક્ષા સમજી યથાર્થ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ....?

[ પ્રવચન નં. ૩૧૩ (ચાલુ) * દિનાંક ૭-૨-૭૭ ]

## ગાથા ૨૪૮-૨૪૯

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत्-

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं।। २४८।।

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरंति तुहं कह ते मरणं कदं तेहिं।। २४९।।

आयु:क्षयेण मरणं जीवानां जिनवरै: प्रज्ञप्तम्।
आयुर्न हरसि त्वं कथं त्वया मरणं कृतं तेषाम्।। २४८।।

आयु:क्षयेण मरणं जीवानां जिनवरै: प्रज्ञप्तम्।
आयुर्न हरन्ति तव कथं ते मरणं कृतं तै:।। २४९।।

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેના ઉત્તરરૂપે ગાથા કહે છેઃ–

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ કયમ તેનું કર્યું? ૨૪૮.

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તે આયુ તુજ હરતા નથી, તો મરણ કયમ તારું કર્યું? ૨૪૯.

**ગાથાર્થઃ**- (હે ભાઈ! 'હું પર જીવોને મારું છું' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) [ जीवानां ] જીવોનું [ मरणं ] મરણ [ आयु:क्षयेण ] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [ जिनवरै: ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહ્યું છે; [ त्वं ] તું [ आयु: ] પર જીવોનું આયુકર્મ તો [ न हरसि ] હરતો નથી, [ त्वया ] તો તે [ तेषाम् मरणं ] તેમનું મરણ [ कथं ] કઈ રીતે [ कृतं ] કર્યું?

(હે ભાઈ! 'પર જીવો મને મારે છે' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) [ जीवानां ] જીવોનું [ मरणं ] મરણ [ आयु:क्षयेण ] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [ जिनवरै: ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહ્યું છે; પર જીવો [ तव आयु: ] તારું આયુકર્મ તો [ न हरन्ति ] હરતા નથી, [ तै: ] તો તેમણે [ ते मरणं ] તારું મરણ [ कथं ] કઈ રીતે [ कृतं ] કર્યું?

**ટીકાઃ**- પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વ-આયુકર્મના (પોતાના આયુકર્મના) ક્ષયથી જ થાય છે, કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં (અર્થાત્ પોતાના

આયુકર્મનો ક્ષય ન હોય તો) મરણ કરાવું (-થવું) અશક્ય છે; વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે) અજ્ઞાન છે.

**ભાવાર્થ:-** જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે. પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી, છતાં આ પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.

વ્યવહાર આ પ્રમાણે છે:- પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે; ત્યાં જેના નિમિત્તથી મરણ (-પર્યાયનો વ્યય) થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે 'આણે આને માર્યો', તે વ્યવહાર છે.

અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે. તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા.

ફરી પૂછે છે કે " (મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?" તેનો ઉત્તર કહે છે:-

* * *

## સમયસાર ગાથા ૨૪૮-૨૪૯ : મથાળું

હવે પૂછે છે કે આ અધ્યવસાન અજ્ઞાન કઈ રીતે છે? તેના ઉત્તરરૂપે ગાથા કહે છે:-

## * ગાથા ૨૪૮-૨૪૯ : ટીકા ઉપરનું પ્રવચન *

'પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વઆયુકર્મના (પોતાના આયુકર્મના) ક્ષયથી જ થાય છે...'

કોઈ બીજો મારે છે-મારી શકે છે એમ નહિ, એનું આયુષ્ય પૂરું થયું એટલે મરણ થાય છે-દેહ છૂટે છે. જે સમયે ને ક્ષેત્રે આયુષ્ય પૂરું થાય એટલે તે સમયે ત્યાં દેહ છૂટી જાય છે. સમજાણું કાંઈ...? બાપા! આ તો ભગવાન જિનેશ્વરની વાણી! ગાથામાં છે ને કે-'जिणवरेहिं पण्णत्तं'-ભગવાન જિનેશ્વર આમ કહે છે.

ત્યારે કોઈ વળી કહે છે-લ્યો, જિનવર ભાષા કરી શકે છે કે નહિ? જુઓ, ગાથામાં-' जिणवरेहिं पण्णत्तं ' એમ છે કે નહિ?

અરે ભાઈ! એ તો વાણીના કાળે વાણીનું બાહ્ય નિમિત્ત કોણ હતું એનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે; બાકી વાણીરૂપે તો ભાષાવર્ગણાના પુદ્ગલોના સ્કંધ પરિણમ્યા છે, ભગવાન જિનેશ્વર નહિ.

જયપુરમાં ખાણિયા-ચર્ચામાં આ પ્રશ્ન થયો હતો કે કુંદકુંદાચાર્ય પહેલી ગાથામાં ' वोच्छामि '-' હું કહું છું ' એમ લખ્યું છે ને તમે કહો છો આત્મા કહી શકે નહિ-આ કેવી વાત?

બાપુ! આવી આડોડાઈ ન શોભે ભાઈ! ' वोच्छामि ' કહ્યું એ તો વ્યવહારનયનું વચન છે. ભાષાવર્ગણાના પરમાણુઓની શબ્દરૂપે પરિણમવાની જે કાળે જેમ યોગ્યતા હોય તે કાળે તેઓ ભાષારૂપે તેમ પરિણમી જાય છે, બીજો જીવ તો તેમાં નિમિત્તમાત્ર છે. બાકી બીજો શું કરે? ભાઈ! તું નયવિભાગ જાણતો નથી તેથી બધા ગોટા ઉઠે છે.

અહીં કહે છે-જીવોને મરણ સ્વ-આયુકર્મના ક્ષયથી જ થાય છે; કોઈ બીજો મરણ કરે છે એમ નહિ.

હવે આમાંય લોકો તર્ક કરે છે કે-કર્મનો ક્ષય થાય છે ત્યારે દેહ છૂટે છે ને? જીવ આયુકર્મ હોય ત્યાંસુધી જ દેહમાં રહે છે ને?

એ તો ભાઈ! જ્યારે દેહ છૂટવાનો કાળ હોય ત્યારે છૂટી જાય છે અને જ્યાં સુધી દેહમાં રહેવાનો કાળ હોય ત્યાંસુધી દેહમાં રહે છે. જીવની કોઈ એવી જ યોગ્યતા છે ને આયુકર્મનો ક્ષય ને ઉદય તે તે કાળે નિમિત્ત હોય છે. ભાઈ! આયુકર્મ તો જડ ભિન્ન છે, ને જીવ ભિન્ન છે. તો જડકર્મ જીવને શું કરે? કાંઈ નહિ. અહીં તો જીવના મરણ કાળે આયુકર્મનો ક્ષય નિયમથી નિમિત્ત છે એમ બતાવવું છે. ' ખરેખર '- એમ શબ્દ છે ને? ' ખરેખર ' શબ્દથી આયુકર્મનો ક્ષય નિયમરૂપ નિમિત્ત છે એમ બતાવવું છે પણ એ નિમિત્તથી મરણ થાય છે એમ બતાવવું નથી. અહા! કોઈ પર, પરનું મરણ કરી શકે છે એવી મિથ્યા માન્યતાનો નિષેધ કરવા મરણકાળમાં નિયમરૂપ નિમિત્ત જે આયુકર્મનો ક્ષય તે નિમિત્તની મુખ્યતાથી ગાથામાં વાત કરી છે. સમજાણું કાંઈ....?

શું કહે છે? ' પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વઆયુકર્મના ક્ષયથી જ થાય છે, કારણકે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં મરણ કરાવું (-થવું) અશક્ય છે. ' પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો મરણ કરાવું અશક્ય છે. અર્થાત્ કોઈ બીજા કોઈને મારી શકે જ નહિ આ સિદ્ધાંત છે. આ છોકરાઓ કોઈ વેળા રમતા

નથી? ત્યારે ચકલીનું બચ્ચું માળામાંથી પડી ગયું હોય ત્યાં ઉપર સુંડલો (ટોપલો) ઢાંકી રાખે. પોતે માળામાં ઊંચે પહોંચી શકે નહિ એટલે કોઈ આવશે તો ઊંચે માળામાં મૂકી દેશે એમ બચાવવાનો છોકરાઓનો ભાવ હોય. પણ એ ભાવ શું કરે? એનું આયુષ્ય પૂરું થવાનો કાળ હોય તો ત્યાં મીંદડી આવીને સુંડલો ઊંચો કરીને મારી નાખે; અને એનું આયુષ્ય હોય તો તેના જીવનને અનુકૂળ બાહ્ય નિમિત્ત ત્યાં મળી આવે. બાકી કોઈ કોઈને મારે કે જિવાડે એ વાત જ સત્ય નથી. કોણ મારે? ને કોણ જિવાડે? હવે કહે છે-

'વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી, કારણ કે તે પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ.'

શું કીધું? પોતાનું આયુકર્મ કોઈ બીજો હરી શકતો નથી કારણ કે તે પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે. પોતે પોતાને કારણે ત્યાં રહેવાનો જેટલો કાળ હતો તેટલો જ કાળ આયુષ્યને ભોગવે છે. અહીં જડ આયુકર્મને ભોગવે છે એમ વાત નથી; પણ પોતાની ત્યાં રહેવાની-ભોગવવાની યોગ્યતા જ એટલા કાળની હતી, આયુકર્મ તો એમાં નિમિત્ત છે. શું થાય? નયકથન ન સમજે એટલે લોકોને વાતે વાતે વાંધા ઉઠે છે!

ભાઈ! આ તો ત્રણલોકના નાથની વાણી, બાપા! જેને સો ઇન્દ્રો-અસંખ્ય દેવતાના સ્વામી ઇન્દ્રો-ધર્મસભામાં ગલુડિયાંની જેમ નમ્ર થઈને સાંભળે છે. બાપુ! એ વાણી કેવી હોય! અહાહા....! જ્યાં મોટા સેંકડો વાઘ ને સિંહ જંગલમાંથી આવી ને સમોસરણમાં અતિ શાંતિથી બેસીને સાંભળે તે વાણીનું શું કહેવું? શું ન્યાય અને શું મારગ!! ભાઈ! એ કાંઈ વાદવિવાદે સમજાય એવું નથી હોં.

હવે કહે છે-'તેથી હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે-એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે) અજ્ઞાન છે.' લ્યો, એ (-જીવ) પરનું મરણ કરી શકતો નથી ને માને છે કે કરી શકું છું તેથી એ તેનું નિયમથી અજ્ઞાન છે. એ અજ્ઞાન દીર્ઘ સંસારનું કારણ છે.

## * ગાથા ૨૪૮-૨૪૯: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે. પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી, છતાં આ પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.'

'વ્યવહાર આ પ્રમાણે છેઃ- પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે; ત્યાં જેના નિમિત્તથી મરણ (-પર્યાયનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યય) થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે-આણે આને માર્યો, તે વ્યવહાર છે.' ભાઈ! ત્યાં નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવવા એ વ્યવહારથી કથન છે.

'અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે.'

શું કીધું? પરસ્પર નિમિત્તથી ક્રિયા થાય છે ત્યાં કહેવાય છે કે આણે આને માર્યો. આવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. વ્યવહાર વ્યવહારની રીતે બરાબર છે, પણ નિશ્ચયે એમ નથી. જેઓ નિશ્ચયને-સત્યાર્થને નથી જાણતા તે તેમનું અજ્ઞાન છે. આ અજ્ઞાનને મટાડવા અહીં નિશ્ચયપ્રધાન કથન કર્યું છે. પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી એ નિશ્ચય છે, સત્યાર્થ છે. હવે કહે છે-

'તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય માનવા.'

ખરેખર તો પરદ્રવ્યની ક્રિયા-પરને મારવાની ક્રિયા-આત્માના અધિકારની વાત નથી, તેવી રીતે પર મને મારે-મારી શકે એવો અધિકાર પરને પણ નથી. આ વસ્તુસ્થિતિ છે. તથાપિ દ્રવ્યોમાં પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી ક્રિયા બને છે ત્યાં નિમિત્તનું યથાર્થ જ્ઞાન કરાવવું હોય ત્યારે આ નિમિત્તથી થયું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આ પ્રમાણે બન્ને નયોને અવિરોધપણે જાણી યથાર્થ માનવું એમ કહે છે. જીવનું મરણ નામ પ્રાણોનો વિયોગ તો એના કાળે થવાયોગ્ય સહજ થયો છે ત્યાં પર પદાર્થ નિમિત્તમાત્ર છે એમ યથાર્થ માનવું. (પર પદાર્થે મરણ નીપજાવ્યું છે એમ ન માનવું)

જ્ઞાની-સમ્યગ્દષ્ટિ પણ જ્યારે સ્વરૂપમાં લીન ત્રિગુપ્તિ-ગુપ્ત સમાધિસ્થિત હોય ત્યારે એને 'પરને મારું' એવો અભિપ્રાય તો દૂર રહો, એવો વિકલ્પેય નથી. પણ જ્યારે આનંદની સમાધિમાંથી બહાર પ્રમાદ દશામાં આવે ત્યારે કદાચ વિકલ્પ આવે કે-'આને મારું,' તોપણ તે કાળે માન્યતા તો એમ જ છે કે હું આને મારી શકતો નથી; જો તે મરે છે તો એનું આયુ પૂરું થવાથી મરે છે, હું તો તેમાં નિમિત્તમાત્ર છું. જુઓ, નિમિત્તમાત્ર જુદું ને નિમિત્તકર્તા જુદું હોં. જ્ઞાનીને કર્તાપણાનો અભિપ્રાય નહિ હોવાથી પરની ક્રિયામાં તે નિમિત્તમાત્ર છે અને અજ્ઞાનીને, હું કરું છું એમ કર્તાપણાનો અભિપ્રાય હોવાથી તે નિમિત્તકર્તા કહેવાય છે. હું કર્તા છું એમ અજ્ઞાની માને છે ને! તેથી તે નિમિત્તકર્તા છે.

જ્ઞાની તો યથાર્થ એમ માને છે કે- આ મારું કાર્ય નથી, આ મેં કર્યું નથી. સ્વરૂપસ્થિરતા નથી તેથી પ્રમાદવશ પરઘાતનો વિકલ્પ આવ્યો છે, પણ હું એને મારી શકું છું, વા મારા વિકલ્પના કારણે એ મરશે એમ તે માનતો નથી. એ મરશે તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનું આયુષ્ય પૂરું થતાં મરશે, હું તો નિમિત્તમાત્ર છું. તેને જે મારવાનો વિકલ્પ આવ્યો છે તે અસ્થિરતાનો-ચારિત્રનો દોષ છે, પણ મિથ્યાત્વનો દોષ નથી. જ્યારે અજ્ઞાની તો એથી વિપરીત એમ માને છે કે-આ મારું કાર્ય છે, આ મેં કર્યું છે, હું તે કરી શકું છું ને કર્યું છે. આવો વિપરીત અભિપ્રાય છે તેથી તે નિમિત્તકર્તા કહેવાય છે.

[ પ્રવચન નં. ૩૧૩ ( શેષ ) ૩૧૪ * દિનાંક ૭-૨-૭૭ અને ૮-૨-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા - ૨૫૦

जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।। २५०।।

यो मन्यते जीवयामि च जीव्ये च परैः सत्त्वैः।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।। २५०।।

જે માનતો-હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.

**ગાથાર્થ:-** [ यः ] જે જીવ [ मन्यते ] એમ માને છે કે [ जीवयामि ] હું પર જીવોને જિવાડું છું [ च ] અને [ परैः सत्त्वैः ] પર જીવો [ जीव्ये च ] મને જિવાડે છે, [ सः ] તે [ मूढः ] મૂઢ (-મોહી) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત (અર્થાત્ જે આવું નથી માનતો, આનાથી ઊલટું માને છે) તે [ ज्ञानी ] જ્ઞાની છે.

**ટીકા:-** 'પર જીવો ને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે.

**ભાવાર્થ:-** 'પર મને જીવાડે છે અને હું પરને જીવાડું છું' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદ્રષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે સમ્યગ્દ્રષ્ટિ છે.

* * *

## સમયસાર ગાથા ૨૫૦: મથાળું

ફરી પૂછે છે કે-'(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?'-તેનો ઉત્તર કહે છે:-

## *ગાથા ૨૫૦ : ટીકા ઉપરનું પ્રવચન*

'પર જીવોને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે-એવો અધ્યવસાય ધ્રુવપણે (અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે.'

**પ્રશ્નઃ-** તો પછી પરની દયા કરવી કે નહિ?

**ઉત્તરઃ-** કોણ કરે? શું પરની દયા કરી શકે છે? ભાઈ! પરની દયાનો વિકલ્પ આવે ખરો; પણ એનાથી પરજીવનું જીવન ટકે છે એમ છે નહિ. બીજાથી બીજાનું જીવન કરી શકાતું નથી એ સિદ્ધાંત છે.

જ્ઞાનીની વાત કરી હતી ને? (અગાઉની ગાથામાં) કે જ્યારે આત્મા (જ્ઞાની) સ્વરૂપમાં લીન ધ્યાનદશામાં હોય ત્યારે 'આને જિવાડું' એવો વિકલ્પેય એને હોતો નથી, પણ જ્યારે ધ્યાનમાંથી બહાર આવે ત્યારે પ્રમાદવશ 'આને જિવાડું' એવો કદાચિત્ વિકલ્પ આવે છે, પણ ત્યાં 'એને જિવાડી શકું છું' એમ તે માનતો નથી. જિવાડવાના વિકલ્પકાળેય જ્ઞાની એમ માને છે કે- એનું આયુષ્ય હશે તો એ બચશે-જીવશે, હું તો તેમાં નિમિત્તમાત્ર છું. આવી વાત! બાપુ! જન્મ-મરણના દુઃખોથી મૂકાવાનો વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે ભાઈ!

અહીં અજ્ઞાનીની વાત કરે છેઃ- 'પર જીવોને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે-એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે.'

અહા! પર જીવોનો હું જીવનદાતા અને પર જીવો-દાકતર વગેરે મારા જીવનદાતા- એવો અધ્યવસાય, કહે છે, ધ્રુવપણે એટલે નિશ્ચયથી અજ્ઞાન છે. ભાઈ! દરેક જીવ પોતાના શરીરનું આયુષ્ય હોય તો જીવે છે; કોઈનો જિવાડયો જીવે છે એમ છે જ નહિ. દાકતર અજ્ઞાની હોય તે એમ માને કે-ઔષધ-ઈન્જેકશન આદિ વડે મેં એને જિવાડી દીધો, બચાવી દીધો; પણ એમ છે નહિ. 'હું બીજાને જિવાડી દઉંને બીજા મને જિવાડી દે'-એ તો મિથ્યા શ્રદ્ધાન છે અને તેથી એવું માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

જ્ઞાનીને પણ પરને જિવાડવાનો વિકલ્પ આવે છે, મુનિરાજને પણ છકાયના જીવની રક્ષાનો વિકલ્પ હોય છે; પણ એ તો અસ્થિરતાનો વિકલ્પ બાપુ! મારો જિવાડયો તે જીવશે એમ જ્ઞાનીને છે જ નહિ. જીવનું જીવન તો તે તે કાળની તેની યોગ્યતાથી છે અને મને જે વિકલ્પ આવ્યો છે તે તો તેના જીવનની સ્થિતિમાં (-જીવવામાં) નિમિત્તમાત્ર છે એમ જ્ઞાની યથાર્થ માને છે. સમજાણું કાંઈ...?

**પ્રશ્નઃ-** કોઈને બચાવી શકાતો હોય તો જ બચાવવાનો વિકલ્પ આવે ને?

**ઉત્તરઃ-** એમ નથી બાપુ! બીલકુલ એમ નથી. એ તો પોતાના પ્રમાદના (- અસ્થિરતાના) કારણે જરી વિકલ્પ આવે, પણ મારા વિકલ્પને કારણે સામો જીવ બચ્યો છે એમ જ્ઞાની ત્રણકાળમાં માનતો નથી. બીજાના જીવનમાં (-જીવવામાં) હું તો નિમિત્તમાત્ર છું, એનો કર્તા નહિ એમ જ્ઞાની યથાર્થ માને છે. જ્યારે બીજાના

જીવનમાં જે નિમિત્તરૂપ છે એવા વિકલ્પ-રાગનો અને યોગનો (-કમ્પનનો) અજ્ઞાની કર્તા-સ્વામી થતો હોવાથી તેને નિમિત્તકર્તાનો આરોપ દેવામાં આવે છે.

જયપુર ખાણિયા-ચર્ચામાં પ્રશ્ન થયો હતો કે-પર જીવોની રક્ષા કરવી તે દયા ધર્મ છે કે નહિ? જીવદયા-અહિંસા એ જીવનો સ્વભાવ છે, ધર્મ છે.

**સમાધાનઃ-** ભાઈ! જીવદયા-અહિંસા એ જીવનો સ્વભાવ છે એ તો બરાબર છે. પણ અહિંસાનો અર્થ શું? અહિંસા એટલે પોતામાં (સ્વના આશ્રયે) રાગની ઉત્પત્તિ ન કરવી અને વીતરાગી પર્યાયની ઉત્પત્તિ કરવી એનું નામ સ્વદયા-જીવદયા અહિંસાધર્મ છે અને એ જીવનો સ્વભાવ છે. પણ 'હું પરને જિવાડું'-એ તો વિકલ્પ-રાગ છે અને તે પુણ્યબંધનું કારણ છે. એ (-રાગ) કાંઈ જીવનો સ્વભાવ નથી. તથાપિ એને (-રાગને, જિવાડવાના વિકલ્પને) જીવનો સ્વભાવ માને તો એ માન્યતા મિથ્યાદર્શન છે. 'હું પરને જિવાડી શકું છું'-એ માન્યતા મિથ્યાત્વ છે ભાઈ!

કોઈ કહે કે- પરની દયા પાળવાનો, પરને જિવાડવાનો આત્માનો સ્વભાવ છે તો તે બીલકુલ જૂઠી વાત છે. તો તે કહે છે-દયા-અહિંસાને જીવનો સ્વભાવ કહ્યો છે ને? 'અહિંસા પરમો ધર્મઃ' એમ કહ્યું છે ને?

હા; પણ તે આ-કે આત્મા પોતે શુદ્ધ ચિદાનંદઘનસ્વરૂપ પ્રભુ અખંડ એક જ્ઞાયકભાવસ્વભાવી-વીતરાગસ્વભાવી ત્રિકાળી ધ્રુવ છે; તેનો આશ્રય કરીને તેમાં સ્થિર રહેવું, રમવું, ઠરવું એનું નામ દયા ને અહિંસા છે અને તે પરમ ધર્મ છે. સ્વદયા તે આત્માનો સ્વભાવ છે, પણ પરની દયા પાળવી એ કાંઈ જીવ-સ્વભાવ નથી. અહા! આયુષ્ય જે પરનું છે તેને હું કરું એ તો પરને પોતાનું માનવારૂપ મહા વિપરીતતા થઈ. પરને પોતાનું માનવું ને જિવાડવાના રાગને પોતાનો સ્વભાવ માનવો એમાં તો પોતાના ચૈતન્યસ્વભાવનો-ત્રિકાળી જીવનનો નિષેધ થાય છે અને તે ખરેખર હિંસા છે. અહા! પોતે જેવો સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન છે તેવો તેને ન માનતાં રાગ મારો સ્વભાવ છે, રાગ જેટલો હું છું એમ માનવું તે હિંસા છે, કેમકે એવી માન્યતામાં પોતાનો ઘાત થાય છે ને? અરે! પરને હું જિવાડું એવો અભિપ્રાય સેવીને એણે પોતાને અનંતકાળથી મારી નાખ્યો છે!

વીતરાગનો અહિંસાનો મારગ મહા અલૌકિક છે ભાઈ! હું પરને જિવાડી શકું છું, પરને જિવાડવું એ મારો ધર્મ છે, એ જીવનો સ્વભાવ છે-એમ જે માને છે તે મૂઢ મિથ્યાદ્દષ્ટિ છે, કેમકે પરને તે જિવાડી શકતો નથી.

તો દયા ધર્મ શું છે?

અહા! આત્મા શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ ત્રિકાળ વીતરાગસ્વભાવી-દયાસ્વભાવી

છે. તેમાં અંતર્દષ્ટિ કરતાં પર્યાયમાં રાગની ઉત્પત્તિ ન થતાં ચૈતન્યની નિર્મળ પરિણતિની-વીતરાગ પરિણતિની-ઉત્પત્તિ થવી તે દયાધર્મ છે. તે આત્મરૂપ છે, આત્માના સ્વભાવરૂપ છે. આવો દયાધર્મ સમ્યગ્દષ્ટિને હોય છે, અજ્ઞાનીને હોતો નથી.

વિકલ્પના કાળમાં સમ્યગ્દષ્ટિને પરની રક્ષા કરવાનો વિકલ્પ કદાચિત્ હોય છે, તોપણ તે વિકલ્પમાં, હું પરની રક્ષાનો કરનારો છું એવો આત્મભાવ નથી, અહંભાવ નથી તે તો જાણે છે કે પર જીવનું જીવન તો તેની યોગ્યતાથી તેના આયુના કારણે છે, તેમાં મારું કાંઈ કર્તવ્ય નથી; હું તો નિમિત્તમાત્ર છું. અહા! ધર્મી પુરુષ તો પરના જીવન સમયે પોતાને જે પર-દયાનો વિકલ્પ થયો ને યોગની ક્રિયા થઈ તેનો પણ જાણનાર-માત્ર રહે છે, કર્તા થતો નથી, તો પછી પરના જીવનનો કર્તા તે કેમ થાય? બાપુ! પરની દયા હું પાળી શકું છું એવી માન્યતા મિથ્યાત્વ ને અજ્ઞાનભાવ છે, એ દીર્ઘ સંસારનું કારણ છે. ભાઈ! વીતરાગ મારગની આવી વાત સર્વજ્ઞ પરમેશ્વરના શાસન સિવાય બીજે ક્યાંય નથી.

સ્થાનકવાસીમાં આવતું કે-

દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ;
અનંત જીવ મુક્તિ ગયા, દયા તણા પરિણામ.

અહાહા...! એ કઈ દયા બાપુ? દયા શબ્દનો અર્થ અને એનું વાચ્ય શું?

તો કહે છે-નિર્મળાનંદનો નાથ અનંત અનંત શક્તિનો ભંડાર સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન પોતે છે. આવા પોતાના આત્માની પ્રતીતિ કરીને તેમાં એકાગ્ર થઈ સ્થિત થવું, તેમાં જ લીન થઈ રહેવું તે દયા છે ને તે સુખની ખાણ છે. આવી જ દયા ધારીને અનંત જીવ મુક્તિ ગયા છે, પણ શુભજોગરૂપ પરદયાની ક્રિયાથી મુક્તિએ ગયા છે એમ નથી. ભાઈ! શુભજોગની ક્રિયા-દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પરૂપ રાગની ક્રિયાથી મુક્તિ થશે એવી તારી માન્યતા ખોટી છે. અહાહા...! શુભજોગની ક્રિયા-વિકલ્પથી રહિત નિર્વિકલ્પ નિત્યાનંદ પ્રભુ આત્માની અંદરમાં રુચિ કરી નહિ તો એ બધી ક્રિયા ફોગટ જશે, કાંઈ કામ નહિ આવે. સમજાણું કાંઈ....?

ભાઈ! આ તો ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો અસાધારણ માર્ગ છે. શું કીધું? એક 'ક' બોલે એટલા કાળમાં અસંખ્ય સમય જાય; એવા એક સમયમાં જે ત્રણકાળ-ત્રણલોકને દેખે-જાણે છે એવા સર્વજ્ઞ પ્રભુનો આ માર્ગ છે. અહા! તે એક સમયનું શું સામર્થ્ય!! એ સર્વજ્ઞ પ્રભુએ વસ્તુની સ્થિતિ જેવી જ્ઞાનમાં જોઈ તેવી દિવ્યધ્વનિમાં કહી છે. તે દિવ્યધ્વનિમાં આ આવ્યું કે-હું પરને જિવાડી શકું છું ને પર મને જિવાડી શકે છે-એવી વસ્તુની સ્થિતિ નથી. અહા! આ સ્ત્રી કુટુંબ-દીકરા-દીકરીઓ ઈત્યાદિનું હું ભરણ-પોષણ કરી તેમને નભાવું છું એ

માન્યતા કહે છે, મિથ્યાત્વભાવ છે. ભાઈ! પર જીવની પર્યાયને કોણ ઉત્પન્ન કરે? એને કોણ ટકાવે? એનો કોણ વ્યય કરે? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ તો દ્રવ્યનો પોતાનો સ્વભાવ જ છે. તો પછી પરનું જીવન-મરણ કોણ કરી શકે?

જુઓ, મુનિરાજ પંચમહાવ્રતધારી હોય છે. તેમાં એક અહિંસામહાવ્રત છે. હવે ત્યાં અહિંસાનો-પર જીવોની રક્ષાનો જે વિકલ્પ આવે છે તેમાં જો કોઈ એમ માને કે હું પરની દયા કરી શકું છું, છકાયના જીવોની રક્ષા કરવી મારું કર્તવ્ય છે તો, અહીં કહે છે, તે મિથ્યાત્વભાવ છે. બહુ આકરી વાત, બાપા! પણ આ સત્ય છે. જ્ઞાનીને, પોતાના સ્વરૂપમાં સ્થિર ન હોય ત્યારે, પ્રમાદવશ અસ્થિરતાના કારણે પર જીવની રક્ષાનો વિકલ્પ આવે છે એ જુદી વાત છે; પણ તે કાંઈ એ વિકલ્પને પોતાનું કર્તવ્ય માનતા નથી, વિકલ્પના તે કર્તા થતા નથી; પછી પર જીવના જીવનના કર્તાપણાની તો વાત જ ક્યાં રહી? પર જીવનું જીવન છે તે તેની તે કાળે ઉપાદાન-યોગ્યતાથી છે, પોતે તો તેમાં નિમિત્તમાત્ર છે-આવું જ્ઞાની યથાર્થ જાણે છે.

**પ્રશ્નઃ-** પણ નિમિત્ત તો થવું ને?

**ઉત્તરઃ-** (નિમિત્ત) થવાનો પ્રશ્ન જ ક્યાં છે? જ્યારે ઉપાદાન-યોગ્યતાથી એની પર્યાય એનામાં થાય છે ત્યારે આને એવો જ વિકલ્પ હોય છે અને ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે, બન્નેનો-એના જીવનનો (-જીવવાનો) અને આના વિકલ્પનો સમકાળ-છે, એક જ કાળ છે. જ્યારે તે જીવનું આયુષ્ય છે તે જ કાળે આને વિકલ્પ આવ્યો છે; પણ એમ તો નથી કે એ વિકલ્પથી સામો જીવ જીવે છે. તેથી નિમિત્ત થવાની ચેષ્ટા કરવી એ તો કર્તાપણાની માન્યતા રૂપ અજ્ઞાન જ છે.

અહા! શૈલી તો જુઓ આચાર્યની! અહા! સત્‌નું શરણ કોને કહીએ? 'કેવલીપણ્ણત્તં ધમ્મં શરણં પવ્વજ્જામિ'-ભગવાન કેવળીએ કહેલો ધર્મ શરણ છે. તે ધર્મ કોને કહીએ? કે રાગરહિત વીતરાગ પરિણતિની-નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની-ઉત્પત્તિ થવી તે ધર્મ છે અને તે જ અહિંસા પરમ ધર્મ છે. આ સિવાય કોઈ પર જીવની દયાના વિકલ્પને-રાગને વાસ્તવિક અહિંસાધર્મ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. આકરી વાત પ્રભુ! પણ આ વસ્તુસ્વરૂપ છે.

પરની દયાનો વિકલ્પ-રાગ આવે ત્યાં અજ્ઞાની તે વિકલ્પનો કર્તા થાય છે. એટલે પરની ક્રિયાનો હું નિમિત્તપણે કર્તા છું એમ તે માને છે. શાસ્ત્ર ભણ્યો હોય એટલે ઉપાદાનપણે તો હું કાંઈ ન કરી શકું એમ કહે પણ નિમિત્તપણે તો બીજાના જીવનનો કર્તા છું એમ તે માને છે. તેથી નિમિત્ત તો થવું ને!-એમ નિમિત્ત થવાની ચેષ્ટા કરે છે. અહા! પર જીવના જીવનનો જે નિમિત્તકર્તા થાય તે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. અહા! હું પરને જીવાડું છું ને પર મને જીવાડે છે એવો અધ્યવસાય જેને છે તે મિથ્યાદ્રષ્ટિ છે, દીર્ઘસંસારી છે.

હવે કહે છે-'અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દષ્ટિ છે.'

સમ્યગ્દષ્ટિને જ્યારે પર તરફનું લક્ષ જાય ત્યારે પરને બચાવું, અભયદાન દઉં- એવો વિકલ્પ આવે, પણ તે સમયે તેને અંતરમાં એવો દઢ નિશ્ચય છે કે હું એનો જીવનદાતા નથી, હું પરને અભયદાન દઈ શકતો નથી. એનું જીવન તો એના કારણથી છે, મારો વિકલ્પ તો તેમાં નિમિત્તમાત્ર છે, નિમિત્તકર્તા નહિ. આવું યથાર્થ જાણે તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દષ્ટિ છે.

**ભાવાર્થ**:- 'પર મને જિવાડે છે અને હું પરને જિવાડું છું-એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે સમ્યગ્દષ્ટિ છે.' લ્યો, આવો સ્પષ્ટ ભાવાર્થ છે.

[ પ્રવચન નં. ૩૧૪ (ચાલુ) * દિનાંક ૮-૨-૭૭ ]

## ગાથા ૨૫૧-૨૫૨

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत्-

आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।
आउं च ण देसि तुमं कहं तए जीविदं कदं तेसिं।। २५१।।

आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।
आउं च ण दिंति तुहं कहं णु ते जीविदं कदं तेहिं।। २५२।।

आयुरुदयेन जीवति जीव एवं भणन्ति सर्वज्ञाः।
आयुश्च न ददासि त्वं कथं त्वया जीवितं कृतं तेषाम्।। २५१।।

आयुरुदयेन जीवति जीव एवं भणन्ति सर्वज्ञाः।
आयुश्च न ददति तव कथं नु ते जीवितं कृतं तैः।। २५२।।

હવે પૂછે છે કે આ (જીવનનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે:–

છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તું આયુ તો દેતો નથી, તેં જીવન કયમ તેનું કર્યું? ૨૫૧.

છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તે આયુ તુજ દેતા નથી, તો જીવન કયમ તારું કર્યું? ૨૫૨.

**ગાથાર્થઃ-** [ जीवः ] જીવ [ आयुरुदयेन ] આયુકર્મના ઉદયથી [ जीवति ] જીવે છે [ एवं ] એમ [ सर्वज्ञाः ] સર્વજ્ઞદેવો [ भणन्ति ] કહે છે; [ त्वं ] તું [ आयुः च ] પર જીવોને આયુકર્મ તો [ न ददासि ] દેતો નથી [ त्वया ] તો (હે ભાઈ!) તેં [ तेषाम् जीवितं ] તેમનું જીવિત (જીવતર) [ कथं कृतं ] કઈ રીતે કર્યું?

[ जीवः ] જીવ [ आयुरुदयेन ] આયુકર્મના ઉદયથી [ जीवति ] જીવે છે [ एवं ] એમ [ सर्वज्ञाः ] સર્વજ્ઞદેવો [ भणन्ति ] કહે છે; પર જીવો [ तव ] તને [ आयुः च ] આયુકર્મ તો [ न ददति ] દેતા નથી [ तैः ] તો (હે ભાઈ!) તેમણે [ ते जीवितं ] તારું જીવિત [ कथं नु कृतं ] કઈ રીતે કર્યું?

**ટીકાઃ-** પ્રથમ તો, જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે, કારણ કે પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત કરાવું (-થવું) અશક્ય છે; વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે (-મેળવાય છે); માટે કોઈ પણ રીતે બીજો બીજાનું જીવિત કરી શકે નહિ. તેથી 'હું પરને જિવાડું છું અને પર મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિયતપણે) અજ્ઞાન છે.

**ભાવાર્થઃ-** પૂર્વે મરણના અધ્યવસાય વિષે કહ્યું હતું તે પ્રમાણે અહીં પણ જાણવું.

* * *

## સમયસાર ગાથા ૨૫૧-૨૫૨: મથાળું

હવે પૂછે છે કે આ (જીવનનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છેઃ-

## * ગાથા ૨૫૧-૨૫૨ : ગાથાર્થ ઉપરનું પ્રવચન *

'एवं भणंति सव्वण्हू'-એમ સર્વજ્ઞદેવો કહે છે. શું? કે-'જીવ આયુકર્મના ઉદયથી જીવે છે-એમ સર્વજ્ઞદેવો કહે છે.'

હવે આમાંથી કેટલાક ઉંધું લે છે કે-જુઓ, કુંદકુંદાચાર્ય કહે છે કે-'સર્વજ્ઞદેવો એમ કહે છે' (भणंति सव्वण्हू). લ્યો, આવો ગાથામાં ચોકખો પાઠ છે અને તમે કહો છો કે જીવ ભાષા કરી શકે નહિ. (આમાં ખરું શું?).

અરે ભાઈ! એ તો વાણીના કાળે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા 'भणन्ति सव्वण्हू'-એમ વ્યવહારથી કહ્યું છે. પણ એનો અર્થ એમ નથી કે સર્વજ્ઞદેવ (જીવ) ભાષા કરી શકે છે. ભાષા તો ભાષાથી જ થઈ છે, ભગવાન સર્વજ્ઞદેવે ભાષા કરી છે એમ છે નહિ.

હવે નયથી યથાર્થ સમજે નહિ અને વાંધા કાઢે કે-ભગવાને કહ્યું છે એવો ચોકખો પાઠ તો છે?

ભાઈ! એ કઈ અપેક્ષાએ કથન છે? ભગવાને ભાષા કરી છે એમ ત્યાં બતાવવું નથી. ભગવાન તો જાણનાર છે, પણ એ વાણીના કાળે ભગવાન (યોગ) નિમિત્ત હતા તેથી નિમિત્તથી 'ભગવાન કહે છે'-એમ કથન છે. બાકી તે કાળે ભાષાની પર્યાયના ઉત્પાદનો સ્વકાળ હતો તો સ્વતંત્રપણે ભાષાવર્ગણાના પરમાણુઓ શબ્દરૂપે પોતાના ઉપાદાનથી પરિણમી ગયા છે અને તેમાં ભગવાન (યોગ) તે કાળે નિમિત્ત હતા. 'ભગવાન કહે છે'-એનો આ અર્થ છે. એમ તો આચાર્ય કુંદકુંદે પહેલી ગાથામાં 'वोच्छामि'-હું સમયસાર કહું છું-એમ કહ્યું છે. પણ ભાઈ! એ તો સંક્ષેપમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્તની મુખ્યતાથી કથન કરવાની વ્યવહારની એવી શૈલી છે. તેને યથાર્થ સમજવી જોઈએ.

ત્યાં ૧૧મી ગાથામાં (ભાવાર્થમાં) કહ્યું ને કે-'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર છે.' એટલે જિનવાણીમાં નિમિત્તથી કથન આવ્યું હોય ત્યાં કોઈ એમ માની લે કે-આ એનો (-પરનો) કર્તા છે તો તે અજ્ઞાન છે. ભાઈ આ દેહાદિની જે ક્રિયા થાય તે, તે કાળે તેના સ્વતંત્ર ઉપાદાનની યોગ્યતાથી થાય છે, ત્યાં કોઈ શરીરાદિની (વિષયસંબંધી) ક્રિયા હું કરું છું એમ માને તે અજ્ઞાન છે, એનું ફળ સંસાર છે.

જ્ઞાનીને કદાચિત્ વિષયસંબંધી વિકલ્પ થાય તોપણ તેનો એ કર્તા થતો નથી, માત્ર જ્ઞાતા જ રહે છે. હવે ત્યાં શરીરાદિની ક્રિયાના કર્તાપણાની તો વાત જ ક્યાં રહી? આવડો મોટો જ્ઞાની ને અજ્ઞાનીમાં ફેર છે!

ભાઈ! બધાં દ્રવ્યને સ્વતંત્ર જાુદાં જાુદાં રાખીને બીજાું દ્રવ્ય (-પર્યાય) નિમિત્ત હોય એમ જાણવું તે યથાર્થ છે; પણ એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો હાથ જાય, એક દ્રવ્યની સત્તામાં બીજાું દ્રવ્ય પ્રવેશીને એનું કામ કરે, વા એક દ્રવ્ય બીજા દ્રવ્યની સત્તામાં પ્રવેશીને બીજા દ્રવ્યનું કામ કરે-એમ જો હોય તો એકેય દ્રવ્યની સત્તા ભિન્ન નહિ રહે. (સર્વ દ્રવ્યોનો લોપ થશે). એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને કરે નહિ-એમ જો હોય તો જ અનંત દ્રવ્યની સત્તા ભિન્ન પોત-પોતાપણે ટકી રહે. વાસ્તવમાં દરેક દ્રવ્ય પોતાના જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણે સ્વભાવથી જ રહેલું છે. હવે જો એક દ્રવ્યની પર્યાય અન્ય દ્રવ્યને કરે તો તેની ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સત્તા બીજામાં ચાલી જાય. પણ એમ કદીય બનતું નથી. આવો ઝીણો માર્ગ બાપુ! વાણિયાને બિચારાને ધંધા આડે નવરાશ ન મળે એટલે શું થાય? (અંધારે અથડાય).

માર્ગ તો આવો છે પ્રભુ! અહા! તું કોણ છો ભાઈ?-એ બતાવે છે. તું જ્ઞાતા-દ્રષ્ટા છો ને નાથ! જગતની ક્રિયા કાળે પણ તું જાણનાર-દેખનાર છો ને પ્રભુ! અહા! એ જાણવા-દેખવાના સ્વભાવને ઓળંગીને રાગનું કરવું ને પરનું કરવું એવી કર્તાબુદ્ધિ ક્યાંથી આવી? એ પરની કર્તૃત્વબુદ્ધિએ તો તારા જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવી આત્માનો અનાદર કર્યો છે. એ વડે તારા આત્માનો ઘાત થઈ રહ્યો છે ને પ્રભુ!

આ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ-એ પાંચ મહાવ્રતના પરિણામ અર્થાત્ પરની દયા પાળવી આદિ ભાવ તે અહિંસા ધર્મ છે એમ છે નહિ. પંડિત શ્રી ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં એનો ખુલાસો કર્યો છે કે-મુનિને સમિતિ-ગુપ્તિમાં તીવ્ર પ્રમાદ નથી તેથી દયા પાળી એમ કહેવામાં આવે છે પણ ત્યાં પરની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રક્ષા કરવાનો હેતુ જ્ઞાનીનો છે નહિ; કેમકે પરની રક્ષા તે કરી શકતો નથી. તીવ્ર પ્રમાદનો અભાવ છે તેથી ઈર્યા સમિતિ આદિમાં પરની રક્ષાનો જે શુભરાગ થાય છે તેને વ્યવહારે દયા કહી છે. વાસ્તવમાં સમિતિ-ગુપ્તિથી ધર્મ એટલે સંવર અને પર જીવોની રક્ષા કરવી એ સંવર-નિર્જરા-એમ છે નહિ. હવે લોકોને આ આકરું પડે છે, પણ શું થાય?

અહા! અહીં તો એમ પૂછયું છે ને કે-પરને હું જિવાડું ને પર મને જિવાડે એ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તો કહે છે કે-'જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે.' હવે આમાં એક તો 'સર્વજ્ઞદેવો કહે છે-' એ વ્યવહાર છે અને બીજું 'આયુકર્મથી જીવે છે'-એ પણ વ્યવહાર છે. એ તો ખરેખર પોતાની યોગ્યતાથી જ જીવે છે, પણ બીજો કોઈ જિવાડી શકતો નથી એમ સિદ્ધ કરવું છે તો નિમિત્તથી કહ્યું કે આયુકર્મના ઉદયથી જીવે છે. આ વ્યવહારનું વચન છે. આયુકર્મ તો જડ છે, અને આનું રહેવું-જીવવું તો પોતાના ઉપાદાનની યોગ્યતાથી છે; પણ તે કાળે આયુકર્મનો ઉદય નિયમરૂપ નિમિત્ત હોય જ છે, તેથી પર જીવ આને જિવાડે છે એવી ખોટી માન્યતાનો નિષેધ કરવા આયુકર્મને લઈને જીવે છે એમ વ્યવહારથી કહ્યું છે. બાપુ! વ્યવહારના કથનને યથાર્થ ન સમજે તો વાતે વાતે વાંધા ઉઠે એવું છે. (બિચારો વાંધા-વિવાદમાં જ અટવાઈ જાય.)

ભાઈ! ચારિત્ર-દોષ જુદી ચીજ છે ને શ્રદ્ધા-દોષ જુદી ચીજ છે. ભરત ચક્રવર્તી છ લાખ પૂર્વ સુધી અને ઋષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ સુધી રાગમાં ને ભોગમાં ગૃહસ્થપણે રહ્યા. પણ ભોગમાં સુખ છે ને ભોગની ક્રિયાનો હું કર્તા છું એવી બુદ્ધિ પહેલેથી જ (સમ્યગ્દર્શનના કાળથી જ) ઉડી ગઈ હતી. અહા! ભોગસંબંધી રાગનાં રસ-રુચિ ઉડી ગયાં હતા; તેમને રાગનું કર્તાપણું ઉડી ગયું હતું. ગૃહસ્થદશામાં પણ તેઓ જ્ઞાતા-દ્રષ્ટા જ હતા, કેમકે સ્વભાવનું તેમને નિરંતર અવલંબન હતું.

હવે કહે છે-'તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી, તો હે ભાઈ! તેં તેમનું જીવિત (જીવતર) કેવી રીતે કર્યું?'

શું કહે છે? કે પરજીવો પોતાના આયુકર્મથી જીવે છે. હવે તેને જો તેં જિવાડયા, તો શું તે મરી જવાના હતા ને તેં આયુષ્ય દઈને જિવાડયા છે? તું એને આયુકર્મ તો દેતો નથી તો એને જીવતદાન-અભયદાન કઈ રીતે આપ્યું? નિશ્ચયથી તો પોતાની રાગરહિત વીતરાગસ્વરૂપ વસ્તુ ભગવાન આત્મા છે તેની દ્રષ્ટિ કરવી અને અનુભવ કરવો તે અભયદાન છે; તે આત્મરૂપ છે. અને પરની રક્ષાનો વિકલ્પ ઉઠે છે તેને વ્યવહારે અભયદાન કહેવાય છે. વાસ્તવમાં કોઈ કોઈને જિવાડે છે, કે તું પરને જિવાડે છે એમ છે નહિ.

હવે બીજી (૨૫૨મી) ગાથાનો અર્થઃ- 'જીવ આયુકર્મના ઉદયથી જીવે છે-એમ સર્વજ્ઞદેવો કહે છે; પર જીવો તને આયુકર્મ તો દેતા નથી, તો હે ભાઈ! તેમણે તારું જીવિત (જીવતર) કઈ રીતે કર્યું?'

બીજો તને આયુકર્મ તો દેતો નથી, તો તેણે તને કેવી રીતે જિવાડયો?

બીજો તને જિવાડી શકે જ નહિ. આ સિદ્ધાંત છે. તેને સિદ્ધ કરવા જીવ આયુકર્મથી જીવે છે એમ વ્યવહારથી અહીં કહ્યું છે. પાણીમાં માખી પડી હોય એને કોઈ માણસ ઉપાડી લે એટલે એણે માખીને જીવતર આપ્યું એવી માન્યતા, અહીં કહે છે, અજ્ઞાન છે. એવો વિકલ્પ હોય, પણ એ વિકલ્પ એના જીવતરનો કર્તા નથી માટે તે મિથ્યા છે. જીવ તો પોતાની તે કાળની યોગ્યતાથી આયુકર્મના ઉદયના નિમિત્તે બચે છે; કોઈ અન્ય તેને બચાવે છે એવી માન્યતા ખરેખર અજ્ઞાન છે.

## ગાથા ૨૫૧-૨૫૨ઃ ટીકા ઉપરનું પ્રવચન

'પ્રથમ તો, જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે, કારણ કે પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત કરાવું (-થવું) અશક્ય છે.'

શું કહે છે? આ જગતના જીવો જીવે છે તે પોતાના આયુકર્મના કારણે જીવે છે' કોઈ બીજો એને જિવાડી શકે છે એમ નથી.

'જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે.' હવે આમાંથી લોકો કાઢે કે-જુઓ, જીવ આયુકર્મ વડે જીવે છે, અને તમે ના પાડો છો. આ ચોક્ખો પાઠ તો છે?

અરે ભાઈ! એ તો નિમિત્તનું કથન છે. બીજો કોઈ એને જિવાડી શકતો નથી એમ સિદ્ધ કરવું છે તો આયુકર્મના ઉદયથી જ જીવે છે એમ કહ્યું છે. બાકી આયુકર્મ તો જડ છે અને જીવનું રહેવું-જીવવું છે એ તો ચૈતન્યનું ચૈતન્યમાં રહેવું છે. બે ચીજ જ ભિન્ન છે ત્યાં કર્મ જીવને શું કરે? કાંઈ ન કરે. જીવ આ જડ શરીરમાં રહે છે તે તો પોતાની યોગ્યતાથી રહે છે, જડ આયુકર્મના કારણે રહે છે એમ કહેવું એ તો નિમિત્તની મુખ્યતાથી કહેલું વ્યવહારનું કથન છે.

અહા! એણે જાણવું પડશે કે પોતે કોણ છે? અહા! ભગવાન! તું ચિદાનંદઘન પ્રભુ એક ચૈતન્યસ્વરૂપ છો ને? શુદ્ધ ચૈતન્યપ્રાણો વડે સદા જીવિત ચૈતન્યનો પિંડ પ્રભુ છો ને? એનું જીવિત બીજો કોણ કરે? એ બીજાથી કેમ જીવે? એનું જીવન આયુકર્મને લઈને છે એ તો નિમિત્તનું કથન છે. બીજો કોઈ-બીજા જીવો કે નોકર્મ આદિ-એને જિવાડી શકે એવી ખોટી માન્યતાનો નિષેધ કરવા એ આયુકર્મને લઈને જીવે છે એમ અહીં કહ્યું છે. અહા! અહીં નિમિત્તથી કથન કરીને નિમિત્ત સિદ્ધ નથી કરવું પણ બીજો કોઈ એને જિવાડી શકે નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ...?

'જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે.' અહા! આમાં શૈલી શું છે તે બરાબર જાણવી જોઈએ. 'પોતાનું આયુકર્મ' એટલે શું? શું આયુકર્મ જીવનું છે? આયુકર્મ તો જડનું છે. ભાઈ! એ તો સંયોગથી-નિમિત્તથી કથન છે. વળી 'ખરેખર આયુકર્મના ઉદયથી જ'-એમ શબ્દો છે, એટલે બીજા કોઈ એમાંથી એમ કાઢે કે કર્મથી જ થાય તો એમ નથી. ભાઈ! આ તો જીવિતમાં આયુકર્મનો ઉદય જ નિયમરૂપ નિમિત્ત હોય છે (બીજા પ્રકારનાં નિમિત્તો હોવાનો નિયમ નથી) એમ જાણી 'આયુકર્મના ઉદયથી જ' એમ કહ્યું છે; બાકી દેહમાં આત્મા પોતાની યોગ્યતાથી જ રહે છે, ત્યાં આયુકર્મ માત્ર નિમિત્ત છે બસ.

અહા! હું બીજા જીવોનું જીવતર કરી શકું છું, તેમને પાળું-પોષું છું, તેમને નિભાવું છું, સ્ત્રી-પુત્ર-પરિવાર આદિ બધાનો જીવનદાતા છું ઈત્યાદિ માન્યતા અજ્ઞાન છે. આ સિદ્ધ કરવા 'જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે'-એમ કહ્યું છે.

વળી કહે છે-'પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત કરાવું અશક્ય છે.' શું કહે છે? પોતાનું આયુષ્યકર્મ ન હોય અને બીજો જીવતર કરાવી દે એમ કદીય બનવું શક્ય નથી. એ તો પોતાનું આયુકર્મનો ઉદય હોય ત્યાંસુધી જ જીવે. (દેહમાં રહે). અહીં આયુકર્મ તો જડનું છે. એને પોતાનું-જીવનું કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટેનું કથન છે.

હવે કહે છે-'વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે. (-મેળવાય છે).'

લ્યો, આવે છે ને ઈતિહાસમાં કે-બાદશાહ બાબરે એનું આયુષ્ય એના પુત્ર હુમાયુને આપ્યું એટલે હુમાયુ મરતો હતો તે બચી ગયો ને બાબર મરી ગયો. ભાઈ! એ તો બધી નિરાધાર લોકવાયકા, બાકી આયુષ્ય કોણ આપે? (ભગવાનેય ન આપી શકે). આવું ને આવું બધું લોકમાં તૂતે-તૂત હાલે છે અહીં કહે છે-પોતાનું આયુકર્મ બીજાને દઈ શકાતું નથી અને બીજાનું આયુકર્મ પોતાને બીજો દઈ શકતો નથી. અહા? પોતાનું આયુકર્મ પરસ્પર દઈ શકાતું નથી, કેમકે તે પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે.

જોયું? વળી પાછું નિમિત્તથી કથન આવ્યું. જડ આયુકર્મ જે બંધાય છે એ તો જડ પુદ્ગલના પરિણામ છે અને તેમાં તે કાળે જીવના પરિણામ હતા તે નિમિત્ત છે. આ ભવ પહેલાં પૂર્વે જે આયુષ્ય બાંધીને આવ્યો તે એના (-પોતાના) પરિણામથી જ બંધાણું છે. એટલે શું? કે તે કાળે જીવના (પોતાના) પરિણામ એવા હતા કે જે પ્રકારે આયુકર્મની પર્યાય સ્વયં એના કારણે બંધાઈ એમાં એ પ્રકારે જ જીવના પરિણામનું નિમિત્ત હતું.

ભગવાન! તું આત્મા છો ને પ્રભુ! તને જે પરિણામ આયુષ્ય બંધાવામાં નિમિત્ત છે તે પરિણામ ખરેખર તારી (-ચૈતન્યની) જાતના નથી; એ તો બંધના પરિણામ છે. અહા! તેં તારી જાતને ભૂલીને તે પરિણામ કર્યા હતા ત્યારે તેના નિમિત્તે આયુકર્મ સ્વયં એના કારણે બંધાણું હતું. તેથી તે પરિણામના નિમિત્તે ઉપજેલું કર્મ, પોતાના પરિણામથી જ બંધાણું છે એમ કહેવામાં આવે છે. જોકે આયુકર્મની સ્થિતિ તો એના પરમાણુની યોગ્યતાથી એના સ્વકાળે સ્વયં થઈ છે, એમાં જીવના પરિણામ નિમિત્ત હતા. તેથી 'તે (આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે'-એમ નિમિત્તથી કહેવામાં આવે છે. હવે શાસ્ત્રમાં આવાં કથન હોય તે સમજે નહિ એટલે નિમિત્તથી થાય, નિમિત્તથી થાય-એમ ચોંટી પડે, પણ શું થાય?

આત્મા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ છે. એમાં અજ્ઞાનપણે જે વિકારી પરિણામ કર્યા તેના નિમિત્તે આયુની સ્થિતિ બંધાણી છે, આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આયુ બંધાવા ટાણે પોતાના જે પરિણામ હતા તે નિમિત્ત અને આયુષ્ય બંધાણું તે નૈમિત્તિક. આ પ્રમાણે નિમિત્તના સંબંધમાં થયેલી દશા-પર્યાયને નૈમિત્તિક કહે છે. ન્યાય સમજાય છે? એ નિમિત્તથી નૈમિત્તિક થયું એમ કહેવું તે વ્યવહારનું કથન છે. હવે આમાં કોની સાથે ચર્ચા કરે? (નયવિભાગ સમજે નહિ અને જિદ કરે ત્યાં કોનાથી ચર્ચા કરવી?) શાસ્ત્રમાં તો આવું બધું ખૂબ આવે છે-કે કર્મથી આ થયું ને કર્મથી તે થયું. જુઓ, અહીં છે ને કે-'તે (-પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે.' અહી તો આટલું જ સિદ્ધ કરવું છે કે પોતાના પરિણામના નિમિત્તથી જે આયુકર્મ બંધાણું તેના કારણે પોતે (-જીવ) જીવી રહ્યો છે, પણ કોઈ બીજો એને જિવાડી શકે છે એમ છે નહિ, કારણ કે બીજાનું આયુષ્ય બીજો કોઈ દઈ શકતો નથી. બાકી કર્મ આત્માનું છે ક્યાં? અને આત્માના પરિણામથી કર્મ ક્યાં નીપજ્યું છે? એ તો બધો વ્યવહારનય છે, બાકી નિશ્ચયથી કર્મ આત્માનું નથી અને જીવ-પરિણામથી કર્મ નીપજ્યું નથી. આવી વાતુ છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે ભાઈ! નયનું વાસ્તવિક જ્ઞાન ન હોય તેને આ વાત નહિ બેસે. શાસ્ત્રમાં આધાર બધા આપ્યા છે, પણ તેનું ત્યાં શું પ્રયોજન છે તે બરાબર સમજવું જોઈએ. અમુક વાત સિદ્ધ કરવા વ્યવહારથી પણ કથન હોય, તેને પ્રયોજન વિચારી સમજવું જોઈએ. અહીં કહ્યું કે- 'પોતાનું આયુકર્મ પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે'- તો એમાં શું સિદ્ધ કરવું છે? એટલું જ કે બીજો બીજાને પોતાનું આયુકર્મ દઈ શકે નહિ, અર્થાત્ કોઈ પણ રીતે બીજો બીજાનું જીવિત કરી શકે નહિ. જુઓ, એ જ કહે છે-

'માટે કોઈ પણ રીતે બીજો બીજાનું જીવિત કરી શકે નહિ. તેથી હું પરને જિવાડું છું અને પર મને જિવાડે છે-એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિયતપણે) અજ્ઞાન છે.' અધ્યવસાય એટલે મિથ્યા અભિપ્રાય, માત્ર રાગ એમ નહિ, અહીં તો રાગની એકતાબુદ્ધિવાળા અભિપ્રાયને અધ્યવસાય કહ્યો છે અને તે સંસારનું-બંધનું કારણ છે. સમજાણું કાંઈ....?

## * ગાથા ૨૫૧-૨૫૨: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'પૂર્વે મરણના અધ્યવસાય વિષે કહ્યું હતું તે પ્રમાણે અહીં પણ જાણવું.'

અહાહા....! આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવી છે. તેમાં રાગનું કે પરનું કરવું-એ છે જ નહિ. જેને પોતાના જ્ઞાનાનંદસ્વભાવનું અંદરમાં ભાન થયું છે તે ધર્મી જીવ પરની ક્રિયાને પર તરીકે જાણે છે, પણ પરની ક્રિયા હું કરી શકું એમ માને નહિ. અહા! તેને જે શુભાશુભ પરિણામ થાય એનો પણ ધર્મી કર્તા નથી, માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે, કેમકે જ્ઞાતા-દૃષ્ટા (-અકર્તા) એ એનો સ્વભાવ છે અને તે સ્વભાવને અવલંબી રહ્યો છે. એને પ્રમાદને લઈને બીજાને 'જિવાડું, મારું' એમ વિકલ્પ થાય, પણ ત્યાં તેને, બીજાને જિવાડી શકું છું કે મારી શકું છું-' એવો અભિપ્રાય -અધ્યવસાય નથી. વિકલ્પ આવ્યો છે તેનો એ જાણનાર માત્ર રહે છે. સામા જીવનું આયુ શેષ છે તો તે જીવે છે, હું તો નિમિત્તમાત્ર છું એમ તે યથાર્થ જાણે છે.

ભાઈ! આ એક જ સિદ્ધાંત લક્ષમાં રાખે કે-'દરેક દ્રવ્યની પર્યાય સ્વકાળે તેના ક્રમબદ્ધ સ્થાનમાં થાય છે.' -તો સર્વ કર્તાપણાનું મિથ્યા અભિમાન ખલાસ થઈ જાય. જીવનું જીવિતપણું છે તે તેના સ્વકાળે ક્રમબદ્ધ જ છે એમ જાણનાર તે જીવના જીવિતનો કર્તા થતો નથી, તેમ પોતાને જિવાડવાનો જે વિકલ્પ થયો તેનો પણ કર્તા થતો નથી; તે તો તેનો (પરના જીવિતનો ને પોતાના વિકલ્પનો) જાણનાર-દેખનાર માત્ર રહે છે. આમ રાગના અને પરની ક્રિયાના જાણનાર-દેખનારપણે રહેવું એનું નામ ધર્મ છે.

એ પૂર્વે મરણના અધ્યવસાયથી કહ્યું હતું તેમ અહીં પણ યથાર્થ જાણવું કે-નિશ્ચયથી પોતાથી પરનું જીવિત કરી શકાતું નથી. અને પરથી પોતાનું જીવિત કરી શકાતું નથી. નિશ્ચયે કોઈ કોઈનું જીવિત કરી શકે નહિ, છતાં (કરી શકે) તેમ માનવું તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આનાથી આનું જીવિત થયું એમ કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનું કથન છે એમ યથાર્થ સમજવું.

[ પ્રવચન નં. ૩૧૪ અને ૩૧૫ (શેષ) * દિનાંક ૮-૨-૭૭ અને ૯-૨-૭૭ ]

## ગાથા-૨૫૩

दुःखसुखकरणाध्यवसायस्यापि एषैव गतिः-

**जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।। २५३।।**

**य आत्मना तु मन्यते दुःखितसुखितान् करोमि सत्त्वानिति।**
**स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।। २५३।।**

દુઃખ–સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છેઃ–

**જે માનતો-મુજથી દુખીસુખી હું કરું પર જીવને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.**

**ગાથાર્થઃ-** [ यः ] જે [ इति मन्यते ] એમ માને છે કે [ आत्मना तु ] મારા પોતાથી [ सत्त्वान् ] હું ( પર ) જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી–સુખી [ करोमि ] કરું છું, [ सः ] તે [ मूढः ] મૂઢ (–મોહી ) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત તે [ ज्ञानी ] જ્ઞાની છે.

**ટીકાઃ-** ‘ પર જીવોને હું દુઃખી તથા સુખી કરું છું અને પર જીવો મને દુઃખી તથા સુખી કરે છે ’ એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે.

**ભાવાર્થઃ-** ‘ હું પર જીવોને સુખી–દુઃખી કરું છું અને પર જીવો મને સુખી–દુઃખી કરે છે ’ એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદ્રષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે જ્ઞાની છે–સમ્યગ્દ્રષ્ટિ છે.

*   *   *

## સમયસાર ગાથા ૨૫૩ : મથાળું

‘ દુઃખ–સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છેઃ–

### * ગાથા ૨૫૩ : ટીકા ઉપરનું પ્રવચન *

‘ પર જીવોને હું દુઃખી તથા સુખી કરું છું અને પર જીવો મને દુઃખી તથા સુખી કરે છે–એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. ’

શું કહે છે? કે બીજા જીવોને હું પ્રતિકૂળ સંજોગો દઈ શકું છું જેથી તે દુઃખી થાય અને બીજા જીવોને હું અનુકૂળ ખાન-પાન આદિ સામગ્રી દઉં જેથી તે સુખી થાય-અહા! એવી માન્યતા અજ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ.....?

**પ્રશ્નઃ-** તો ગરીબને દાણા દેવા કે નહિ?

**ઉત્તરઃ-** કોણ દે દાણા? શું તું દાણા દઈ શકે છે? એ તો દાણા દાણાને કારણે જાય ભાઈ! તું મિથ્યા માને કે હું દઉં છું. બાકી એના અંતરંગ પુણ્યના નિમિત્તે એને અનુકૂળ સામગ્રી મળે છે અને એના અંતરંગ પાપના નિમિત્તે એને પ્રતિકૂળ સામગ્રી મળે છે. બીજો કોઈ એને દઈ શકે છે એ વાત ત્રણકાળમાં સાચી નથી કેમકે બીજો બીજાને દઈ શકે એ વસ્તુસ્થિતિ જ નથી.

તો પછી દેનારો કોણ છે? (એમ કે કોઈ ઈશ્વર છે?)

બીજો કોઈ નથી, ઈશ્વરેય નથી. એ પરમાણુ પોતે જ દે છે. શું કીધું? પરમાણુમાં પણ અંદરમાં સંપ્રદાન નામનો ગુણ છે જે કારણે પોતે જ (પોતાને) દે, અને પોતે જ (પોતાને માટે) લે. આકરી વાત બાપુ! તત્ત્વદ્રષ્ટિ બહુ સૂક્ષ્મ છે. એ પરમાણુમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ-એમ ષટ્કારકરૂપ શક્તિ છે. અહા! એની સમય-સમયની પર્યાય જે થાય છે તે એના પોતાના ષટ્કારકથી થાય છે. પરથી-બીજાથી પરમાણુની આમ-તેમ જવાની ક્રિયા થાય એમ ત્રણકાળમાં નથી.

**પ્રશ્નઃ-** પણ પરમાણુને કાંઈ ખબર (-જ્ઞાન) નથી તો તે જાય કેવી રીતે?

**ઉત્તરઃ-** જવામાં ખબરનું (જ્ઞાનનું) શું કામ છે? (એ તો ક્રિયાવતી શક્તિનું કામ છે ને પરમાણુને ક્રિયાવતી શક્તિ છે). શું ખબર (-જ્ઞાન) હોય તો જ દ્રવ્ય કહેવાય? તો પછી ખબર (-જ્ઞાન) વિનાનાં જડ દ્રવ્યો જગતમાં છે જ નહિ એમ થશે. પણ એમ છે નહિ. બાપુ! ટકીને પ્રતિસમય પરિણમવું એ પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ જ છે.

આમાં બે સિદ્ધાંત પડયા છેઃ-

એક તો સામા જીવના સંબંધમાં રહેલા-આવેલા સર્વ પરમાણુઓમાં-દરેકમાં તે કાળે જે પરિણામ થવાના હતા તે જ પોતાને કારણે થયા છે એવો નિર્ણય કરે તેને હું બીજા જીવને અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી દઉં ને સુખી-દુઃખી કરું-એવો અધ્યવસાય ઉડી જાય છે;

અને તે કાળે મને જે સામા જીવને સુખી-દુઃખી કરવાનો વિકલ્પ થયો તે વિકલ્પ તે કાળે થવાનો હતો તે ક્રમબદ્ધ જ થયો એમ નિર્ણય થતાં પોતાની દ્રષ્ટિ ભગવાન જ્ઞાયક ઉપર જાય છે અને સ્વભાવનો આશ્રય થઈને સમ્યગ્દર્શન થાય છે. સાથે રાગ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ છે, પણ પોતાને રાગનું કર્તાપણું ઉડી જાય છે ને પોતે માત્ર જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી જાય છે. આ પ્રમાણે બે સિદ્ધાંત નક્કી થયા-

૧. વસ્તુમાં પ્રત્યેક પરિણમન સ્વકાળે ક્રમબદ્ધ જ થાય છે.

૨. સ્વના આશ્રયે જ ધર્મ થાય છે.

ભાઈ! આ વસ્તુની સ્થિતિ છે. આમાં ન્યાય સમજાય છે કાંઈ? 'ન્યાય'માં 'ની-નય્' ધાતુ છે. નય્ એટલે દોરી જવું-જેવી વસ્તુની સ્થિતિ છે તેના પ્રતિ જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય છે.

અહા! કહે છે-પર જીવોને પ્રતિકૂળ સામગ્રી દઈને તેને દુઃખી કરું-એવો અધ્યવસાય અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. કેમ? કેમકે પ્રતિકૂળ સામગ્રી તો એના અભ્યંતર પાપના ઉદયના કારણે આવે છે. ભાઈ! આ પણ નિમિત્તનું કથન છે; કેમકે પાપનો ઉદય ભિન્ન ચીજ છે અને પ્રતિકૂળ સામગ્રી ભિન્ન ચીજ છે. બેયના દરજ્જા ભિન્ન છે, બન્ને ભિન્ન ભિન્ન છે. જુઓ, અહીં એને પાપનો ઉદય છે, અને તે જ કાળે એને પ્રતિકૂળ સામગ્રીનું તેના પોતાના કારણે આવવું છે. આવો પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવ છે તેને જોઈને પાપના ઉદયના કારણે એને પ્રતિકૂળ સામગ્રી આવી એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આવી વાત છે.

તેવી જ રીતે હું બીજાને આહાર, પાણી, ઔષધ ઇત્યાદિ આપીને સુખી કરું-એવો અધ્યવસાય અજ્ઞાન છે, મિથ્યાદર્શન છે. કેમકે અનુકૂળ સામગ્રી તો એના પુણ્યના ઉદયના કારણે આવે છે. આ પણ નિમિત્તનું કથન છે, કેમકે પુણ્યનો ઉદય અને અનુકૂળ સામગ્રી બન્ને જુદી જુદી ચીજ છે. અહીં એને પુણ્યનો ઉદય હોય તે કાળે અનુકૂળ સામગ્રીનું આવવું એના પોતાના કારણે થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ જોઈને પુણ્યના ઉદયથી અનુકૂળતા મળી, સુખ થયું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. અહા! વીતરાગનું નિરાલંબી તત્ત્વ એકલા ન્યાયથી ભરેલું છે, પણ તે અંતરના પુરુષાર્થ વડે જ પામી શકાય એમ છે.

જેને એવો અધ્યવસાય છે કે 'હું બીજાને સુખી કરી દઉં' તેને અધ્યવસાય બંધનું કારણ છે; શુભ-પુણ્યબંધનું કારણ છે તોપણ તે બંધનું જ કારણ છે, જરાય નિર્જરાનું કારણ નથી. તથા 'બીજાને હું દુઃખી કરી દઉં', એવો જે અધ્યવસાય છે તે પાપબંધનું કારણ છે. ત્યાં બીજાને જે સુખ-દુઃખ થાય તે તો તેના અંતરંગ પુણ્ય-પાપના ઉદયના કારણે છે, આના અધ્યવસાયના કારણે નહિ. ભાઈ! બીજો બીજાને સુખી-દુઃખી કરી શકે છે-એમ છે જ નહિ. આ વાત અત્યારે ચાલતી નથી એટલે લોકોને કઠણ પડે છે, પણ શું થાય? એને બિચારાને તત્ત્વની ખબર નથી કે શું આત્મા, શું પરિણામ ને શું બંધન? આંધળે-બહેરું કૂટે રાખે છે. પણ ભાઈ! એનાથી સંસાર મળશે; ઇષ્ટ-અનિષ્ટ સંજોગ મળશે, પણ આત્મા નહિ મળે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહા! જ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિ છે. એટલે શું? કે પોતે શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવી સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન છે તેનો તેને આશ્રય વર્તે છે. ત્યાં જ્યારે તે ધ્યાનદશામાં હોય છે ત્યારે તો કોઈ વિકલ્પ હોતો નથી. પરંતુ અંદર ધ્યાનમાં ન હોય ત્યારે તેને પ્રમાદવશ અસ્થિરતાનો વિકલ્પ આવે છે કે-આને હું સુખી-દુઃખી કરું. બીજાને સુખી-દુઃખી કરી શકું છું એવો અધ્યવસાય નથી. શું કહ્યું? બીજાને સુખી-દુઃખી કરું એમ વિકલ્પ આવે પણ તેમ કરી શકું છું એમ તે ન માને. આવો ફેર જ્ઞાની ને અજ્ઞાનીની માન્યતામાં રહેલો છે. એ જે પુણ્ય-પાપના પરિણામ જ્ઞાનીને આવે તેના નિમિત્તે કિંચિત્ પુણ્ય-પાપ બંધાય, પણ ખરેખર તો એ જે વિકલ્પ આવ્યો છે તેનો અને એનાથી જે પુણ્ય-પાપ બંધાણું તેનોય જ્ઞાની સ્વામી થતો નથી, એ તો બન્નેનો જ્ઞાતા રહે છે, બન્નેનેય પરજ્ઞેય તરીકે જાણે છે. જ્યારે અજ્ઞાનીને આત્મદૃષ્ટિ છે નહિ, એ તો હું બીજાને સુખી-દુઃખી કરી શકું છું એમ માને છે અને તેથી તેનો એ અધ્યવસાય બંધનું-દીર્ઘસંસારનું કારણ બને છે.

અહા! જીવને સંસારમાં ભમતાં ભમતાં અનંતકાળ ગયો, એમાં અનંતવાર એને મનુષ્યપણું આવ્યું ને અનંતવાર એણે મુનિવ્રત ધારણ કર્યાં, પાંચમહાવ્રત પાળ્યાં; પણ અરેરે! ભગવાન સર્વજ્ઞદેવે કહેલા આ અલૌકિક તત્ત્વનું જ્ઞાન ન કર્યું. એણે આત્મજ્ઞાન ન કર્યું!

અહીં કહે છે-પર જીવોને હું સુખી-દુઃખી કરી શકું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરી શકે છે-એવો અધ્યવસાય અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. જ્ઞાનીને એવો વિકલ્પ આવે પણ એનો એ કર્તા ન થાય. એ તો એમ યથાર્થ માને કે પર જીવને પહોંચતું સુખ-દુઃખ તેના પુણ્ય-પાપના ઉદયને કારણે છે, એમાં મારું કાંઈ કર્તવ્ય નથી, હું તો નિમિત્તમાત્ર છું.

ભાઈ! બીજાને આહાર પાણી દઈ શકું, ઔષધાદિ દઈ શકું-એવી જો તારી માન્યતા છે તો પૂછીએ છીએ કે-શું એ આહાર-ઔષધાદિ પદાર્થો તારા ચૈતન્ય-સ્વરૂપમાં છે? શું તું એ જડપદાર્થોનો સ્વામી છે કે તું એ બીજાને દઈ શકે? ભાઈ! તું જુદો, એ પદાર્થો (આહારાદિ) જુદા ને તેનો લેનાર (જીવ) જુદો; બધું જુદેજુદું છે ત્યાં કોણ કોને દે અને કોણ લે? ભાઈ! તારી માન્યતા અજ્ઞાન છે બાપા!

**પ્રશ્નઃ-** પણ ગરીબનાં આંસુ તો લૂછવાં ને?

**ઉત્તરઃ-** એ કોણ લૂછે ભાઈ? એ પરદ્રવ્યને કોણ કરે બાપા? બહુ ઝીણી વાત ભાઈ! જ્યાં પરમાણુ-પરમાણુ પોતાના કાળે પલટીને પોતાની નિયત પર્યાયરૂપે સ્વયં પરિણમે ત્યાં બીજો શું કરે? બીજો એને કેમ પરિણમાવે? બીજો બીજાને પરિણમાવે એ સિદ્ધાંત જ નથી ભાઈ! આ શરીર છે ને! આમ હાથમાં રોટલો લીધો હોય ત્યાં

શરીરની જે પર્યાય થાય તે એના પરમાણુના કારણે થાય છે, એને આત્મા કરી શકે છે એમ નથી. આ રોટલો આમ (હાથમાં) રહે છે તે એની (રોટલાની) પર્યાય છે, તે આંગળીથી રહે છે એમ નથી. રોટલાની અવસ્થાનું કર્તાકર્મપણું રોટલામાં છે, આંગળી કર્તા થઈને એને પકડી રાખવાનું કર્મ કરે છે એમ છે નહિ.

પણ દેખાય છે શું? આંગળી રોટલાને પકડતી દેખાય છે ને?

અરે ભાઈ! એ તો સંયોગદ્રષ્ટિથી જોનારને એમ દેખાય છે, પણ એ (-એમ માનવું) તો અજ્ઞાન છે; કેમકે રોટલો આંગળીને અડયો જ નથી. રોટલો રોટલામાં ને આંગળી આંગળીમાં-બન્ને ભિન્ન ભિન્ન પોત-પોતામાં રહેલાં છે, લ્યો, આવું ઝીણું! તત્ત્વનો વિષય બહુ ઝીણો છે ભાઈ! અજ્ઞાનીને સ્થૂળદ્રષ્ટિમાં આ બેસવું મહાકઠણ છે.

જ્યાં હોય ત્યાં કર્મથી થાય, નિમિત્તથી થાય એમ માંડી છે એણે. પણ અહીં કહે છે-'તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે.'

જગતમાં બહારથી બીજાને સુખી કરીએ, દુઃખી કરીએ એમ નિમિત્તનૈમિત્તિક સંબંધથી બોલાય ભલે, પણ એમ થઈ શકતું નથી; કોઈ કોઈને સુખી-દુઃખી કરી શકતું નથી. તેથી જ્ઞાનીને 'હું પરને દુઃખી-સુખી કરું' એવો અધ્યવસાય હોતો નથી, પરંતુ અજ્ઞાનીને એવો અધ્યવસાય હોય છે. અહા! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે ભાઈ! આ પરની દયા પાળી કે બીજાને સાધન-સામગ્રી આપી એટલે માને કે ધર્મ થઈ ગયો; તો કહે છે-મૂઢ છો કે શું? એમાં ક્યાં ધર્મ છે? ધર્મ કોને થાય! કે હું પર જીવોને સુખી-દુઃખી કરી શકું નહિ, અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી દઈ શકું નહિ એમ માનતો થકો માત્ર જ્ઞાતા-દ્રષ્ટાપણે રહે તેને ધર્મ થાય છે. પોતાને વિકલ્પ આવે તેમાં એકત્વ નહિ કરતો તેનો જાણનાર માત્ર રહે તે ધર્મી છે. અહા! લ્યો, જ્ઞાની-અજ્ઞાનીમાં આવો ફેર! ભાઈ! દુનિયા સાથે વાતે વાતે ફેર છે. આવે છે ને કે-

આનંદા કહે પરમાનંદા, માણસે માણસે ફેર;
એક લાખે તો ના મળે, એક તાંબિયાના તેર.

તેમ અહીં ભગવાન કહે છે (અજ્ઞાનીને) કે તારે ને મારે વાતે વાતે ફેર છે. તારી લાખ વાતોમાંથી એકેય સાથે મારે મેળ ખાય એમ નથી. તારી માન્યતામાં જે ઊંધાં લાકડાં ગરી ગયાં છે એને મારી વાત સાથે ભારે (ઉગમણો-આથમણો) ફેર છે.

અહા! ધર્મી-જ્ઞાની પુરુષની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્યતત્ત્વ પર હોય છે. તેણે પોતાનો એક જ્ઞાયકભાવ એકલા જ્ઞાનરસનો કંદ પ્રભુ આત્માને પોતાના ધ્યેયમાં લીધો છે. તેને નથી પરનું આલંબનકે નથી રાગનું આલંબન. તેથી હું પરને સુખી-દુઃખી કરું ને

પર મને સુખી-દુઃખી કરે-એવો અધ્યવસાય તેને હોતો નથી. તેથી અહીં કહ્યું કે જેને એ અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

પરમાણુમાં પણ પ્રત્યેક સમયે જે પર્યાય થાય છે તે તેની જન્મક્ષણ છે. પ્રવચનસાર જ્ઞેયઅધિકારમાં ગાથા ૧૦૨ માં આ વાત આવે છે. ત્યાં એમ લીધું છે કે જગતમાં જીવ-અજીવ જેટલા જ્ઞેય (દ્રવ્યો) છે તેની જે તે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે તેની જન્મક્ષણ છે; તેની ઉત્પત્તિનો કાળ છે, પરને લઈને તે થાય છે એમ નથી. અહાહા...! પૂર્વની પર્યાયને લઈને તો નહિ, પણ એના દ્રવ્ય-ગુણને લઈને પણ નહિ. તો પછી પરને લઈને થાય છે એ તો વાત જ ક્યાં રહે છે?

જગતમાં આત્મા ને પર-એમ છ દ્રવ્યો જાતિ અપેક્ષાએ ભગવાને જોયાં છે. તેઓ સંખ્યાએ અનંત છે-જીવ અનંત, પુદ્ગલો અનંતાનંત, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ અને અસંખ્યાત કાલાણુ. તે અનંત દ્રવ્યોનો જે સમયે જે પર્યાય થાય તે તેની જન્મક્ષણ છે, તે તેનો ઉત્પત્તિનો કાળ છે; એને બીજો કોઈ ઉપજાવે એમ ત્રણકાળમાં બનતું નથી. આ રજકણોને આમ જવાનો ઉત્પત્તિકાળ છે તેથી આમ જાય છે; હવે એમાં બીજો કહે કે હું આહાર-પાણી-ઓષધ દઉં છું તો તેનો તે અભિપ્રાય જૂઠો છે, મિથ્યાત્વ છે. આવી વ્યાખ્યા ઝીણી પડે ને આકરી લાગે પણ શું થાય? વસ્તુસ્વરૂપ જ એવું છે. કદી સાંભળવા મળ્યું ન હોય એટલે રાડો પાડે કે એકાન્ત છે, એકાન્ત છે; પણ ભાઈ! આ સમ્યક્ એકાંત છે.

## * ગાથા ૨૫૩ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે-એમ માનવું તે અજ્ઞાન છે.' અહા! આવી માન્યતા સંસારમાં રખડવાના કારણરૂપ મિથ્યાત્વ છે.

પંચાસ્તિકાય ગાથા ૧૩૭ માં આવે છે કે- જન્માર્ણવમાં રખડતા પ્રાણીઓને ભૂખ-તરસ આદિથી પીડિત દેખીને, અરે! આ મિથ્યાત્વને લઈને ભવાર્ણવમાં રખડે છે!-એમ જ્ઞાનીને ખેદ થાય છે. ત્યાં ભૂખ-તરસ આદિનો ઉપચાર કરવા જ્ઞાની અધીર થઈ પ્રવૃત થતા નથી કેમકે તે જાણે છે કે બહારની-પરની ક્રિયા પોતાને આધીન નથી, પોતાના અધિકારમાં નથી. જ્યારે અજ્ઞાની, હું આમ કરી દઉં ને તેમ કરી દઉં-એમ અજ્ઞાનમય ઇચ્છા વડે આકુલિત થાય છે. પર દ્રવ્યની ક્રિયા હું કરું એમ અજ્ઞાની માને છે ને? તેથી તે આકુલિત થાય છે.

પ્રવચનસાર ગાથા ૮૫ માં અજ્ઞાનના ત્રણ બોલ લીધા છે. જુઓ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"અર્થોતણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,
વિષયો તણો વળી સંગ,-લિંગો જાણવાં આ મોહનાં."

અહા! તિર્યંચ-મનુષ્યો પ્રેક્ષાયોગ્ય હોવા છતાં, તેમની હું દયા કરું-એવો તન્મયપણાનો દયાનો ભાવ, કરુણાનો ભાવ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. અહા! તિર્યંચ-મનુષ્યની-પરની દયા હું કરી શકું છું, તેને સુખ-દુઃખ હું કરી શકું છું એવી માન્યતા અજ્ઞાન છે.

'જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે જ્ઞાની છે-સમ્યગ્દૃષ્ટિ છે.' લ્યો, આ સંક્ષેપ કહ્યો.

[ પ્રવચન નં. ૩૧૫ ( ચાલુ ) * દિનાંક ૯-૨-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૨૫૪ થી ૨૫૬

कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण देसि तुमं दुक्खिदसुहिदा कह कया ते।। २५४।।

कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण दिंति तुहं कदोसि कहं दुक्खिदो तेहिं।। २५५।।

कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण दिंति तुहं कह तं सुहिदो कदो तेहिं।। २५६।।

कर्मोदयेन जीवा दुःखेतसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददासि त्वं दुःखितसुखिताः कथं कृतास्ते।। २५४।।

कर्मोदयेन जीवा दुःखितसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददति तव कृतोऽसि कथं दुःखितस्तैः।। २५५।।

कर्मोदयेन जीवा दुःखितसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददति तव कथं त्वं सुखितः कृतस्तैः।। २५६।।

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છેઃ–

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા? ૨૫૪.

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને? ૨૫૫.

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને? ૨૫૬.

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ सर्वे जीवाः ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दुःखितसुखिताः ] દુઃખી–સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને [ त्वं ] તું [ कर्म ] તેમને કર્મ તો [ न ददासि ] દેતો નથી, તો (હે ભાઈ!) તેં [ ते ] તેમને [ दुःखितसुखिताः ] દુઃખી–સુખી [ कथं कृताः ] કઈ રીતે કર્યા?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( वसन्ततिलका )

सर्व सदैव नियतं भवति स्वकीय-
कर्मोदयान्मरणजीवित दु:खसौख्यम्।
अज्ञानमेतदिह यत्तु पर: परस्य
कुर्यात्पुमान्मरणजीवितदु:खसौख्यम् ।।१६८।।

[ यदि ] જો [ सर्वे जीवा: ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दु:खितसुखिता: ] દુઃખી-સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને તેઓ [ तव ] તને [ कर्म ] કર્મ તો [ न ददति ] દેતા નથી, તો (હે ભાઈ!) [ तै: ] તેમણે [ दु:खित: ] તને દુઃખી [ कथं कृत: असि ] કઈ રીતે કર્યો?

[ यदि ] જો [ सर्वे जीवा: ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दु:खितसुखिता: ] દુઃખી-સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને તેઓ [ तव ] તને [ कर्म ] કર્મ તો [ न ददति ] દેતા નથી, તો (હે ભાઈ!) [ तै: ] તેમણે [ त्वं ] તને [ सुखित: ] સુખી [ कथं कृत: ] કઈ રીતે કર્યો?

**ટીકાઃ-** પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવાં અશક્ય છે; વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.

**ભાવાર્થઃ-** જીવનો જેવો આશય હોય તે આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતાં ન હોય તો તે આશય અજ્ઞાન છે. માટે, સર્વ જીવો પોતપોતાના કર્મના ઉદયથી સુખી-દુઃખી થાય છે ત્યાં એમ માનવું કે 'હું પરને સુખી-દુઃખી કરું છું અને પર મને સુખી-દુઃખી કરે છે', તે અજ્ઞાન છે. નિમિત્તનૈમિત્તિકભાવના આશ્રયે (કોઈને કોઈનાં) સુખદુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે; તે નિશ્ચયની દ્રષ્ટિમાં ગૌણ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इह ] આ જગતમાં [ मरण–जीवित–दु:ख–सौख्यम् ] જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ- [ सर्व सदैव नियतं स्वकीय–कर्मोदयात् भवति ] બધુંય સદૈવ નિયમથી (-ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે; [ पर: पुमान् परस्य मरण–जीवित–दु:ख–सौख्यम् कुर्यात् ] 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે' [ यत् तु ] આમ જે માનવું [ एतत् अज्ञानम् ] તે તો અજ્ઞાન છે. ૧૬૮.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( वसन्ततिलका )

**अज्ञानमेतदधिगम्य परात्परस्य**
**पश्यन्ति ये मरणजीवितदु:खसौख्यम्।**
**कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते**
**मिथ्यादृशो नियतमात्महनो भवन्ति।।१६९।।**

ફરી આ જ અર્થને દૃઢ કરતું અને આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે:–

**શ્લોકાર્થ:-** [ एतत् अज्ञानम् अधिगम्य ] આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને [ ये परात् परस्य मरण–जीवित–दु:ख–सौख्यम् पश्यन्ति ] જે પુરુષો પરથી પરનાં મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે, [ ते ] તે પુરુષો– [ अहंकृतिरसेन कर्माणि चिकीर्षव: ] કે જેઓ એ રીતે અહંકાર-રસથી કર્મો કરવાના ઇચ્છક છે (અર્થાત્ 'હું આ કર્મોને કરું છું' એવા અહંકારરૂપી રસથી જેઓ કર્મ કરવાની– મારવા–જિવાડવાની, સુખી–દુઃખી કરવાની–વાંછા કરનારા છે) તેઓ– [ नियतम् ] નિયમથી [ मिथ्यादृश: आत्महन: भवन्ति ] મિથ્યાદૃષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.

**ભાવાર્થ:-** જેઓ પરને મારવા–જિવાડવાનો તથા સુખ–દુઃખ કરવાનો અભિપ્રાય કરે છે તેઓ મિથ્યાદૃષ્ટિ છે. તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા રાગી, દ્વેષી, મોહી થઈને પોતાથી જ પોતાનો ઘાત કરે છે, તેથી હિંસક છે. ૧૬૯.

* * *

## સમયસાર ગાથા ૨૫૪ થી ૨૫૬ : મથાળું

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે:–

## * ગાથા ૨૫૪ થી ૨૫૬ : ટીકા ઉપરનું પ્રવચન *

'પ્રથમ તો, જીવોને સુખ–દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...'

જુઓ, આ પાછું આવ્યું. જેમ અગાઉ 'જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે'–એમ કહ્યું હતું તેમ અહીં પણ લીધું કે 'જીવોને સુખ–દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે.' આ વ્યવહારનું કથન છે. અહીં સિદ્ધ શું કરવું છે? કે જીવોને બીજો કોઈ સુખ–દુઃખ કરી શકતો નથી. આ સિદ્ધ કરવા જીવોને કર્મના ઉદયથી સુખદુઃખ થાય છે એમ કહ્યું છે. બાકી કર્મ તો જડ છે, એનાથી કાંઈ જીવને સુખ–દુઃખ થાય? ન થાય. આને સુખની સામગ્રી–પૈસા,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાર આદિ-મળે છે એ તો એના કારણે એના કાળે મળે છે અને ત્યારે ત્યાં શાતા-વેદનીય આદિ પુણ્યકર્મના ઉદયનું નિમિત્ત છે બસ એટલું જ. બાકી કર્મનો ઉદય કાંઈ પૈસા આદિ સામગ્રીનો સ્વામી નથી કે તે પૈસા આદિ આવે.

અહીં સુખ-દુઃખ એટલે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગની વાત છે. હવે એ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ તો એના ઉપાદાનના કારણે આવે છે, અને એમાં પૂર્વકર્મ નિમિત્ત છે; અનુકૂળતામાં પુણ્યકર્મનું નિમિત્ત છે ને પ્રતિકૂળતામાં પાપકર્મનું નિમિત્ત છે. આવો નિમિત્તનૈમિત્તિકભાવ જાણી અહીં કહ્યું કે-જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે. અહીં સિદ્ધ આ કરવું છે કે કોઈ બીજો જીવોને સુખ-દુઃખ કરી શકતો નથી. આવી ઝીણી વાત! અહો! દિગંબર સંતોએ ગજબ કામ કર્યાં છે. તત્ત્વને પીંખી-પીંખીને સ્પષ્ટ કર્યું છે.

અહાહા...! શું કહે છે? કે-'જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ દુઃખ થવાં અશક્ય છે.'

જોયું? જો એને કર્મનો ઉદય ન હોય તો સુખ-દુઃખની અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળવી શક્ય નથી. મતલબ કે બીજો કોઈ એને સુખ-દુઃખ કરવા સમર્થ નથી.

હવે કહે છે-'વળી પોતાનું કર્મ બીજાને બીજાથી દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે.'

'પોતાનું કર્મ'- એમ કેમ કહ્યું? કેમ કે આ કર્મનો સંબંધ બીજા સાથે નથી એમ બતાવવું છે. બાકી કર્મ તો જડ છે, કર્મ ક્યાં આત્માનું છે? પણ એના પોતાના પરિણામના નિમિત્તે ઉપજેલું છે માટે પોતાનું કર્મ છે એમ વ્યવહારથી કહ્યું છે. કહે છે-પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી. બીજો કોઈ પોતાનું કર્મ બીજાને આપે અને એને સુખી-દુઃખી કરે એમ બની શકતું અથી. અહા! પોતાના કર્મના ઉદયથી જ પોતાને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળે છે.

અહા! બીજાથી પોતાનું કર્મ બીજાને દઈ શકાતું નથી. કેમ? કેમકે તે પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે. એ સુખ-દુઃખના જે પરમાણુ બંધાણા તે એના પરિણામથી જ એટલે કે એના પરિણામના નિમિત્તે બંધાણા છે. આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દર્શાવ્યો છે. પૂર્વે પોતાને જે વિભાવરૂપ પરિણામ થયા તે નિમિત્ત, અને તે જ સમયે કાર્મણવર્ગણાના રજકણો સ્વયં પોતાની યોગ્યતાથી કર્મરૂપે થયા તે નૈમિત્તિક. એ કર્મ બંધાણાં તે જ કાળે જીવના પરિણામનું નિમિત્ત દેખીને, 'પોતાનું કર્મ પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે' એમ વ્યવહારથી કહ્યું. અહીં આટલું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સિદ્ધ કરવું છે કે-બીજાથી પોતાનું કર્મ બીજાને દઈ શકાતું નથી, કેમકે પોતાના પરિણામના નિમિત્તથી પોતાનું કર્મ બંધાય છે.

અત્યારે તો બધો ગોટો ઉઠયો છે કે બધું કર્મથી જ થાય; જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે ઇત્યાદિ.

બાપુ! એ તો શાસ્ત્રમાં નિમિત્તનું કથન છે. શું એ જડ કર્મ ચેતનને રોકે? અરે, એ બે વચ્ચે તો અત્યંતાભાવ છે. હવે જ્યાં અત્યંત અભાવ છે ત્યાં કર્મ જીવને શું કરે? કાંઈ નહિ. એ તો જીવ પોતે પોતાની ઉપાદાનયોગ્યતાથી અત્યંત હીણાપણે પરિણમે છે અને પોતે જ પોતાનો ઘાત કરે છે ત્યારે કર્મનું નિમિત્ત હોય છે બસ એટલું જ. ભાઈ! એક તત્ત્વને બીજા તત્ત્વની સાથે ભેળવી નાખે તો એમ ભળે નહિ, પણ તારી માન્યતા ઊંધી થાય, તને મિથ્યાત્વ થાય.

હવે કહે છે-'માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ. તેથી હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે-એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.' લ્યો, હું પરને સુખ-દુઃખ કરું એવો અધ્યવસાય નિશ્ચયથી અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. મિથ્યાદૃષ્ટિને આવો અધ્યવસાય હોય છે અને તેને તે અનંત સંસારનું કારણ બને છે.

શ્રી જયસેનાચાર્યની ટીકામાં કાયા, મન, વચન અને શસ્ત્ર-એમ ચાર બોલથી વાત લીધી છે. 'કાયાથી હું બીજાને સુખી-દુઃખી કરી શકું મનથી હું બીજાને સુખી-દુઃખી કરી શકું, વાણીથી હું બીજાને સુખી-દુઃખી કરી શકું કે શસ્ત્રોથી બીજાને કાપી શકું'-એવો અધ્યવસાય-અભિપ્રાય મિથ્યાત્વભાવ છે; કેમકે બીજો તો એના કર્મના ઉદયને લઈને સુખી-દુઃખી થાય છે.

હું શસ્ત્રથી એને કાપું-મારું એ અધ્યવસાય મિથ્યાત્વ છે. અરે ભાઈ! શસ્ત્રને તું અડતોય નથી ત્યાં શસ્ત્રને તું કેમ ચલાવે? અહાહા...! ભગવાન તો એમ કહે છે કે-પ્રત્યેક દ્રવ્ય પોતાના ગુણ પર્યાયને ચુંબે છે, અડે છે; પણ પરદ્રવ્યને ચુંબતું નથી, અડતું નથી. બે ભિન્ન દ્રવ્યોમાં અત્યંતાભાવ છે. તો પછી મન, વચન, કાય, શસ્ત્ર આદિ જડ પદાર્થોથી તું બીજાને સુખી-દુઃખી કેમ કરી શકે? ન કરી શકે. તથાપિ હું બીજાને સુખી-દુઃખી કરી શકું છું એમ તું માને છે તો તું મિથ્યાદૃષ્ટિ છે. પરથી પરનું કાર્ય થાય, કર્મથી જીવને વિકાર થાય એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ...?

## * ગાથા ૨૫૪ થી ૨૫૬ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જીવનો જેવો આશય હોય તે આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતાં ન હોય તો તે આશય અજ્ઞાન છે.'

હું બીજાને સુખી-દુઃખી કરું એમ આશય-અભિપ્રાય રાખે પણ એમ બનતું નથી, કોઈ બીજાને સુખી-દુઃખી કરી શકાતું નથી. તેથી તે અભિપ્રાય અજ્ઞાન છે, મિથ્યાત્વ છે.

'માટે, સર્વ જીવો પોતપોતાના કર્મના ઉદયથી સુખી-દુઃખી થાય છે ત્યાં એમ માનવું કે-હું પરને સુખી-દુઃખી કરું છું અને પર મને સુખી-દુઃખી કરે છે, તે અજ્ઞાન છે.' અહા! આવી સ્પષ્ટ વાત છે.

'નિમિત્તનૈમિત્તિકભાવના આશ્રયે (કોઈને કોઈનાં) સુખદુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે; તે નિશ્ચયની દ્રષ્ટિમાં ગૌણ છે.

વ્યવહારથી પરને પરનો કર્તા કહેવામાં આવે એ બીજી વાત છે, પણ વસ્તુસ્થિતિ એમ છે નહિ એમ યથાર્થ સમજવું જોઈએ.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૬૮: શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'इह' આ જગતમાં 'मरण-जीवित-दु:ख-सौख्यम्' જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ-'सर्व सदैव नियतं स्वकीय-कर्मोदयात भवति' બધુંય સદૈવ નિયમથી (-ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે.

શું કીધું? જીવોને જીવન, મરણ અને સુખ-દુઃખના સંજોગો મળે એ બધુંય હમેશાં નિયમથી પોતાના કર્મના ઉદયથી મળે છે. કોઈ બીજો બીજાના જીવન-મરણને કે સુખ-દુઃખને કરે છે એમ છે જ નહિ.

'पर: पुमान् परस्य मरण-जीवित-दु:ख-सौख्यम कुर्यात्-બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે 'यत् तु' આમ જે માનવું 'एतत् अज्ञानम' તે તો અજ્ઞાન છે.

ભાઈ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયાનો-જીવિત મરણ, સુખ, દુઃખ ઇત્યાદિનો કર્તા છે એમ માનવું તે અજ્ઞાન છે. અહા! એક દ્રવ્યને બીજા દ્રવ્યનો કર્તા માને કે ઈશ્વરને બધાયનો કર્તા માને-એ બેય માન્યતા એક સરખું અજ્ઞાન છે. જગતને ઈશ્વરનો કર્તા માને, વા એક દ્રવ્યને બીજા દ્રવ્યનો કર્તા માને એ બન્નેય મિથ્યાદ્રષ્ટિ છે, દીર્ઘસંસારી છે.

ફરી આ જ અર્થને દ્રઢ કરતું અને આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ-

## * કળશ ૧૬૯ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'एतत् अज्ञानम् अधिगम्य' આ (-પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને

'ये परात् परस्य मरण–जीवित–दु:ख–सौख्यम पश्यन्ति' જે પુરુષો પરથી પરનાં મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે 'ते' તે પુરુષો..........

અહાહા..! શું કહે છે? કે જે પુરુષો એમ માને છે કે–પરના ઈન્દ્રિય, મન–વચન–કાય, આયુ ને શ્વાસોચ્છ્‌વાસ–એમ પ્રાણોને હરી શકું છું, રાખી શકું છું વા તેમને ઈષ્ટ–અનિષ્ટ સંજોગો દઈને સુખી–દુઃખી કરી શકું છું તેઓ મિથ્યાદ્રષ્ટિ છે.

કેવા છે તે પુરુષો? તો કહે છે– 'अहंकृतिरसेन कर्माणि चिकीर्षव:' અહંકારરસથી કર્મો કરવાના ઈચ્છક છે, અર્થાત્ હું આ કર્મોને કરું છું–એવા અહંકારરૂપી રસથી કર્મો કરવાની–મારવા–જિવાડવાની, સુખી–દુઃખી કરવાની વાંછા કરનારા છે.

હવે આમાંથી બીજા કેટલાક ઊંધો અર્થ કાઢે છે; એમ કે બીજાનું કામ તો કરવું પણ એનો અહંકાર ન કરવો; અહંકારનો નિષેધ છે બાકી પરનું કામ ન કરવું કે પરનું કરી શકતો નથી–એમ નથી. પરને મારી શકીએ, જિવાડી શકીએ, સુખ–દુઃખ આપી શકીએ, પણ એનો અહંકાર ન કરવો. ભારે (વિપરીત) વાત ભાઈ!

અરે ભાઈ! તારી સમજમાં બહુ ફેર છે બાપુ! જો પરનું કરી શકે તો ત્યાં અહંકાર કરવામાં શું દોષ છે? કાંઈ દોષ નથી. અહીં તો કહે છે કે– પરનું કર્મ–ક્રિયા આત્મા કરી શકતો જ નથી. હું પરનું કરું–એવો અધ્યવસાય જ અહંકારરસથી ભરેલો છે– અને તે મિથ્યાત્વનો દોષ છે. અહાહા...! આત્મા બીજાને આહાર પાણી, ઔષધ, વસ્ત્ર, આદિ દઈ શકતો જ નથી, બીજાનાં જીવન–મરણ તે કરી શકતો જ નથી એ મૂળ સિદ્ધાંત છે. એને આહારાદિ ઈષ્ટ સંયોગ આવે તે એના પુણ્યકર્મના ઉદયને લઈને છે, તથા એને રોગાદિ પ્રતિકૂળતા થાય તે એના પાપકર્મના ઉદયને લઈને છે. વળી એના પ્રાણોનું રક્ષણ એના આયુકર્મના ઉદયથી છે તથા એનું મરણ આયુકર્મના ક્ષયને લઈને છે પણ કોઈ જીવ કોઈ અન્યનું કાર્ય કરે એ માન્યતા જ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. માટે પરનું કરવું ખરું, પણ એનો અહંકાર ન કરવો–એ વાત નરી ભ્રાન્તિ છે સમજાણું કાંઈ...?

લોકો તો એવું માને કે–આપણે એક બીજાને મદદ કરવી, એકબીજાનાં કામ કરવાં–એ આપણી ફરજ છે. પણ ભાઈ! ત્રિલોકનાથ જૈનપરમેશ્વરની આજ્ઞામાં તો આ આવ્યું છે કે આત્મા, બીજાના પ્રાણોની રક્ષા કરવી, બીજાનું મોત નીપજાવવું કે બીજાને આહાર–ઔષધાદિ સગવડો આપવી ઇત્યાદિ પરનાં કોઈ પણ કાર્ય કરી શકતો જ નથી.

**પ્રશ્નઃ-** બીજાને ઝેર દઈને મારવાનો ભાવ આવે તે ક્યો ભાવ છે?

**ઉત્તરઃ-** 'હું ઝેર દઈ, એના પ્રાણોને હરું'–એવો જે ભાવ છે તે મિથ્યાત્વભાવ છે. ભાઈ! મારવાનો અભિપ્રાય મિથ્યાત્વભાવ છે. અને તેવી જ રીતે 'હું બીજાના પ્રાણોની રક્ષા કરું'– એવો બીજાને જિવાડવાનો અભિપ્રાય પણ મિથ્યાત્વભાવ છે. કેમ?

કેમકે તું તેમ કરી શકતો નથી. જીવ મરે કે ન મરે તે તો તેના આયુકર્મને લઈને છે. આયુનો ઉદય હોય તો ન મરે, જીવે; ઝેરના પ્રસંગમાં પણ જીવે, અને આયુનો ક્ષય થયો હોય તો મરે; જિવાડવાનો પ્રયત્ન હોય છતાં મરે. આયુકર્મના ઉદયે જીવે ને આયુકર્મના ક્ષયથી મરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. વાસ્તવમાં તો જીવની દેહમાં રહેવાની સ્થિતિની જેટલી યોગ્યતા હોય તેટલો કાળ તે દેહમાં રહે અને ત્યારે આયુકર્મના ઉદયનું નિયમથી નિમિત્ત છે તેથી આયુકર્મથી જીવે છે એમ વ્યવહારથી કહેવાય છે. તે જ પ્રમાણે સ્થિતિ પૂરી થતાં દેહ છૂટે ત્યારે આયુકર્મના ક્ષયથી મર્યો એમ વ્યવહારથી કહેવાય છે. અહા! વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે ભાઈ!

આ વસ્તુસ્થિતિ છે, છતાં જેઓ પરથી પરનાં જીવન, મરણ, સુખ-દુઃખ માને છે તેઓ અહંકારરસથી કર્મો કરવાના ઇચ્છક છે. છે ને પાઠમાં કે-' अहंकृतिरसेन कर्माणि चिकिर्षव: ' તેઓ અહંકારરસથી કર્મો કરવાના ઈચ્છક છે. આવો અર્થકાર શ્રી જયચંદજીએ બરાબર ચોકખો અર્થ કર્યો છે. પરનું કરવું, પણ એનો અહંકાર ન કરવો-એમ નહિ; પણ હું પરનું કાર્ય કરું છું એવા અહંકારરસથી ભરેલા પરનાં કાર્ય કરવાની ઈચ્છાવાળા તેઓ મૂઢ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે એમ વાત છે. હું પરનું કરું છું-એ માન્યતા જ અહંકારરસયુક્ત મિથ્યાત્વ છે ભાઈ! શાસ્ત્રના અર્થ કરવામાં ફેર એ આખો દ્રષ્ટિનો ફેર છે બાપુ!

ઘરમાં દસ-વીસ માણસ હોય ને આ એકલો રળતો હોય એટલે માને કે હું બધાંને પોષું છું. પણ એમ નથી હોં. અહીં કહે છે-તું બીજાને પોષી શકે જ નહિ. હું સૌને પોષું-એમ મફતનો અહંકાર કરીને તું તારા મિથ્યાત્વ ને કષાયને પુષ્ટ કરે એ બીજી વાત છે, બાકી બીજાનું પોષણ તું ત્રણકાળમાં કરી શકતો નથી. ઘરમાં સ્ત્રી હોય તે દાળ-ભાત-શાક-રોટલી ઇત્યાદિ બરાબર કરીને ટાણે આપે, રોટલી ઉની-ઉની કરીને થાળીમાં પીરસે એટલે આ માને કે મારી સગવડ બરાબર સાચવે છે. પણ ભાઈ! એ તારી માન્યતા સાવ મિથ્યા છે. ભાઈ! એ રોટલી આદિ કોણ કરે? ને કોણ થાળીમાં પીરસે? એ તો પુદગલના રજકણો પોતાના કારણે તે તે કાળે રોટલી આદિરૂપે પરિણમે છે અને પોતાની પર્યાયથી ત્યાંથી ખસીને થાળીમાં જાય છે; સ્ત્રી તો તેમાં નિમિત્તમાત્ર છે. ત્યાં તું એમ માને કે સ્ત્રીએ મને સગવડ આપી તો તે તારી માન્યતા મિથ્યા છે, કેમકે બીજો બીજાનું કામ-કાર્ય કરી શકતો જ નથી. અહા! આવો ભગવાન જિનેશ્વરનો માર્ગ સમજવો બહુ કઠણ બાપા!

આ શેઠિયાઓને ઘણાં અભિમાન હોય, -એમ કે અમને પાંચ-દસ કરોડ રૂપિયા છે એનાથી આટલા બધા નોકરોને નિભાવીએ છીએ. ધૂળેય નથી, સાંભળને. શું રૂપિયા તારા છે? અને શું પરનાં (શરીરાદિનાં) કાર્ય તું કરી શકે છે? અહા! હું પરનું કરું છું એમ મિથ્યા અભિમાન કરે, પણ પરનું એ કદીય કરી શકતો નથી.

આ વસ્તુસ્વરૂપ છે બાપુ! આત્મામાં એવી કોઈ શક્તિ નથી કે તે પરનું (શરીર, પૈસા કે બીજા જીવનું) કાર્ય કરી શકે. દરેક દ્રવ્ય પોતે જ પોતાનું કાર્ય કરવા સમર્થ છે, એને બીજું કોઈ દ્રવ્ય કરી શકે નહિ.

**પ્રશ્નઃ-** તો ચરણાનુયોગમાં એમ આવે છે કે-શ્રાવકે મુનિને આહારદાન આપ્યું તો માનો એણે મુનિને મોક્ષમાર્ગ આપ્યો. આપ તો કોઈ બીજાનું કાંઈ કરે નહિ એમ કહો છો તો આ કેવી રીતે છે?

**ઉત્તરઃ-** ભાઈ! એ તો નિમિત્તની મુખ્યતાથી વ્યવહારનું કથન છે. એ તો ત્યાં નિમિત્તનૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે. ત્યાં શ્રાવક આહારદાન દઈ શકે છે એમ સિદ્ધ નથી કરવું. એ તો મોક્ષમાર્ગમાં સ્થિત મુનિરાજને આહાર લેવાનો વિકલ્પ જે કાળમાં થયો હોય તે જ કાળમાં શ્રાવકને આહારદાનનો વિકલ્પ થાય છે ને બહારમાં આહારની આવવાની ક્રિયા એનામાં જે થવા યોગ્ય હોય તે થઈ હોય છે તો વ્યવહારથી કહેવામાં આવે છે કે શ્રાવકે મુનિને આહારદાન દીધું; બાકી આહારનું દાન કોણ કરે ને કોણ લે? પરદ્રવ્યની ક્રિયા આત્મા કરે એ ત્રણકાળમાં સત્ય નથી.

તેવી રીતે મોક્ષમાર્ગમાં સ્થિત મુનિરાજને શ્રાવકે કોઈ મોક્ષમાર્ગ દીધો છે એમેય નથી. મોક્ષમાર્ગ તો બાપુ! અંતરની ચીજ છે ભાઈ! એ તો શુદ્ધ અંત તત્ત્વ એક જ્ઞાયકસ્વભાવી આત્માના અંતર-અવલંબને પ્રગટ થાય છે; એને બીજો કોણ દે? એ તો ત્યાં દાન અધિકારમાં શ્રાવકને અવશ્ય આહારદાનના પરિણામ થતા હોય છે એટલું સિદ્ધ કરવા દાનનો મહિમા પ્રગટ કર્યો છે. બાકી એ સર્વ ઉપચારકથન જાણવું. સમજાણું કાંઈ...?

અહીં કહે છે-આ જડ શરીર ને ઈન્દ્રિયો દ્વારા બીજા જીવોને-સ્ત્રી-પુત્ર-પરિવાર આદિને હું ભોગાદિ સુખ આપું છું એવી માન્યતા અહંકારરસથી ભરેલી છે અને તે મિથ્યાત્વ છે, કેમકે શરીર-ઈન્દ્રિયાદિ જડની ક્રિયા તથા પર જીવોના સુખ-દુઃખની ક્રિયા આત્મા કરી શકતો જ નથી. શરીર-ઇન્દ્રિયાદિની ક્રિયા સ્વયં એના પુદગલો વડે થાય છે અને બીજા જીવો સૌ પોતપોતાના ભાવથી જ સુખી-દુઃખી થાય છે. ભાઈ! આવું જ જૈન પરમેશ્વરે કહેલું વસ્તુનું સ્વરૂપ છે. અરે! દુનિયાએ જૈનના નામે પણ ચિદાનંદરસને છોડીને અહંકારરસને જ પોષ્યો છે!

આ દુકાનના થડે બેઠો હોય ને વેપાર-ધંધો બરાબર ચાલે, માલ આવે ને જાય, પૈસા આવે ને જાય, ત્યાં આ એમ માને કે-હું આ બધું ચલાવું છું તેને કહે છે ભાઈ! એ તારો મિથ્યા અહંકાર છે; કેમકે એક એક પરમાણુની પ્રતિસમય થતી એક એક પર્યાય સ્વયં તે તે પરમાણુથી થાય છે. પરમાણુની ક્રિયા, કોઈ બીજો કહે કે હું કરું છું તો તે એનું અજ્ઞાન છે. આ રોટલાના બે બટકાં થાય ને! તેને હું કરું છું એમ માને તે મિથ્યા અહંકાર છે, અજ્ઞાન છે.

અહા! પરદ્રવ્યની પરિણતિને હું કરું છું એવા અહંકારરસથી ભરેલા, પરનાં કાર્ય કરવાની વાંછાવાળા તે પુરુષો 'नियतम' નિયમથી 'मिथ्यादृशः आत्महनः भवन्ति' મિથ્યાદ્રષ્ટિ છે પોતાના આત્માનો ઘાત કરનારા છે.

શું કીધું? કે હું પરનાં કાર્ય કરી શકું છું એવા અહંકારથી પરનાં કાર્ય કરવાની જેઓને વાંછા છે તેઓ નિયમથી મિથ્યાદ્રષ્ટિ છે, પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો ઘાત કરનારા છે. પરની રક્ષા તો કરવી, પણ એનો અહંકાર ન કરવો-એમ વાત નથી આ. આ તો તું પરની રક્ષા કરી શકતો જ નથી એમ વાત છે. તથાપિ જો પરની રક્ષા કરવાની તને વાંછા છે તો તું મિથ્યાદ્રષ્ટિ છો, આત્મઘાતી છો. આવું આકરું લાગે એવું છે. મારગ બહુ ઝીણો છે ભાઈ! લોકોએ વીતરાગના તત્ત્વને સમજ્યા વિના એમ ને એમ હાંકે રાખ્યું છે. (પણ એથી શું લાભ છે?)

આ મંદિર મેં બનાવ્યાં અને અંદર પ્રતિમાની પ્રતિસ્થાપના મેં કરી ઇત્યાદિ પરની ક્રિયા મેં કરી એમ જેઓ માને છે તેઓ મિથ્યા અહંકારથી ભરેલા પરનાં કર્મ કરવાની વાંછાવાળા 'आत्महनः' આત્માનો ઘાત કરનારા મહાપાપી છે. અહા! આત્માનો તો શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે. તેને જાણવા-દેખવાના સ્વભાવવાળો ન માનતાં પરનાં કર્મ કરવાવાળો માન્યો તેમાં પોતાના સ્વભાવનો ઘાત થયો, સ્વભાવની હિંસા થઈ. ભાઈ! આ તો ભગવાન સર્વજ્ઞદેવનો આ હુકમ છે. સમજાણું કાંઈ...? 'કાંઈ' એટલે કઈ પદ્ધતિથી આ કહેવાય છે અને એમાં શું ન્યાય છે તે સમજાય છે કે નહિ-એમ વાત છે. બધું સમજાય તો તો ન્યાલ થઈ જાય.

**પ્રશ્નઃ-** પણ અનાસક્તિભાવે તો તે પરનાં કર્મ કરે ને?

**ઉત્તરઃ-** અરે ભાઈ! તું શું કહે છે આ? પરનું કરવું ને અનાસક્તિ-એ બે ભાવ સાથે હોઈ જ શકે નહિ. બીજે (અન્યમતમાં) એવો ઉપદેશ છે કે અનાસક્તિભાવે પરનાં કામ કરવાં, પરની સેવા કરવી ઇત્યાદિ; પણ અહીં વીતરાગના શાસનમાં તો આ વાત છે કે-'પરનું કરી શકું છું' એ જ આસક્તિ નામ મિથ્યાત્વભાવ છે. અહા! કેટલું ભર્યું છે આ કળશમાં? જુઓ ને! હું પરને હણી શકું છું, વા તેનો અંગછેદ કરી દુઃખી કરી શકું છું એવો મિથ્યાભાવ તો આત્માની હિંસા કરનારો મહાપાપમય છે જ; પણ હું બીજાનું જીવતર કરી શકું છું, એની દયા પાળી શકું છું, વા અનુકૂળતા દઈને સુખી કરી શકું છું ઇત્યાદિ અભિપ્રાય પણ મિથ્યાભાવ છે અને તે આત્માનો ઘાત કરનાર મહાપાપમય છે; કેમકે બીજો બીજાને હણે વા જિવાડે એ વાત ત્રણકાળમાં સાચી નથી.

કોઈને એમ થાય કે આવો મારગ ક્યાંથી કાઢયો વળી? તેને કહીએ છીએ કે ભાઈ! આ તો અનંતકાળથી પ્રવાહરૂપે ચાલ્યો આવતો માર્ગ છે. તેં કોઈ દિ'

સાંભળ્યો ન હોય એટલે તને નવો લાગે, પણ આ તો મૂળ સનાતન માર્ગ છે જેને કુંદકુંદ આદિ સંતોએ અહીં પ્રસિદ્ધ કર્યો છે.

અહા! બાપુ! તેં અનંતકાળમાં પરનાં કામ કર્યાનાં મિથ્યા અભિમાન કર્યાં છે. બાકી તું પોતાની (ચૈતન્ય) સત્તાને છોડીને શું પરની સત્તામાં પ્રવેશ કરે છે કે તું પરનાં કાર્ય કરી શકે? તારું હોવાપણું જે છે તે શું પરનાં હોવાપણામાં જાય છે કે તું પરનું કરી શકે? ના; કદીય નહિ. તો પછી તું પરનાં કામ કરી શકતો જ નથી એ ન્યાય છે. ભાઈ! આ વીતરાગ પરમેશ્વરનો મારગ ન્યાયથી છે. કોઈને ન બેસે એટલે કાંઈ સત્ય બદલાઈ જાય! અહા! આ તો વીતરાગના ન્યાયથી સિદ્ધ થયેલી વાત! તે કદી ન બદલાય બાપુ!

જુઓ, સંવત ૧૯૯૭ માં મુંબઈથી એક મોટા વકીલ આવ્યા હતા. તે કહેતા હતા કે-કોઈ પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એમ આપ કહો છો પણ (હાથ લાંબો કરીને કહે) દેખો, આ હું કરી શકું છું કે નહિ?

અહા! પ્રભુ! તને આ શું થયું? એ (હાથ લાંબો થયો તે) કોણે કર્યું એની તને ખબર નથી ને માને છે કે મેં કર્યું? બાપુ! એ હાથના રજકણો તો પોતે પોતાથી તે કાળે એ દશારૂપ થયા છે, તેમાં તારા આત્માએ કાંઈ કર્યું નથી. આત્મા તો એનો જાણનાર વા અહંકાર કરનાર છે, પણ એ જડની ક્રિયાનો કરનાર તો કદીય નથી. અહા! અમે પરની-દેશની, સમાજની સેવા કરીએ છીએ, આંધળા-બહેરાં-મૂગાં લોકોની શાળાઓ ચલાવીએ છીએ, સારાં સારાં મકાનો બનાવીએ છીએ, મોટાં કારખાનાં ચલાવીએ છીએ ઇત્યાદિ પરનાં કામ કરવા સંબંધી બધી માન્યતા મૂઢ મિથ્યાદ્રષ્ટિની છે. અરે ભાઈ! કોણ કોની સેવા કરે? કોણ મકાનો બનાવે? કોણ કારખાનાં ચલાવે? એ બધું પુદ્ગલનું કાર્ય એના પરમાણુથી થાય છે; એને આત્મા કદીય કરી શકતો નથી.

અહા! દેવાધિદેવ અરિહંત પરમાત્મા જૈન પરમેશ્વરની આ આજ્ઞા છે કે-ભાઈ! તું પરનું કાંઈ કરી શકતો નથી. આ પાંપણ હાલે છે ને? એ પાંપણને પણ તું હલાવી શકતો નથી; કેમકે એ તો જડ પુદ્ગલ-માટી છે, તે આમ-તેમ થાય છે એ જડ પરમાણુની ક્રિયા તો એના પોતાના કારણે થાય છે. હવે એને બદલે હું એને કરું છું એમ માને એ મિથ્યા અહંકાર છે. અહીં કહે છે-

નિશ્ચયથી પરના જીવન-મરણને, પરનાં સુખ-દુઃખને હું કરું છું એમ જેઓ દેખે છે તેઓ મિથ્યા અહંકારથી ભરેલા પરનાં કામ કરવાની વાંછાવાળા મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે અને 'આત્મહનઃ'-આત્માનો ઘાત કરનારા છે. આત્માનો ઘાત કરનારા છે એટલે શું? કે આત્મા ત્રિકાળ ધ્રુવ વસ્તુ છે તે તો જેવી છે તેવી છે, તેનો તો ઘાત થતો નથી, પણ પર્યાયમાં તેની શાંતિ હણાય છે. હું આને (-પરને) કરું છું એવા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માન્યતા એની શાન્તિને હણે છે અર્થાત્ એ માન્યતા એની વીતરાગી શાન્તિના પરિણામને પ્રગટ થવા દેતી નથી.

અહા! 'તેઓ મિથ્યાદષ્ટિ, આત્માના હણનારા છે'-આ શબ્દોએ તો ગજબ કર્યો છે. પરને હણી શકતો નથી, છતાં 'પરને હણી શકું છું'-એવી માન્યતામાં, કહે છે, પોતે હણાઈ જાય છે; પરને જિવાડી શકતો નથી, છતાં 'પરને જિવાડી શકું છું'-એવી માન્યતાથી પોતાનું જીવન હણાઈ જાય છે; પોતે પરનાં સુખ-દુઃખ કરી શકતો નથી, આહાર-ઔષધાદિ વડે પરનો ઉપકાર કરી શકતો નથી વા શસ્ત્રાદિના ઘાત વડે પરનો અપકાર કરી શકતો નથી, છતાં 'પરનાં સુખ-દુઃખ, ઉપકાર-અપકાર કરી શકું છું'-એવી માન્યતાથી પોતાનો આત્મા હણાઈ જાય છે. તેથી કહ્યું કે -'પરનાં કાર્ય હું કરું'-એવી માન્યતા વડે અહંકાર કરનારા તેઓ મિથ્યાદષ્ટિ આત્માને હણનારા મહાપાપી જ છે. લ્યો, આવી વાત છે!

## * કળશ ૧૬૯ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જેઓ પરને મારવા-જિવાડવાનો તથા સુખ-દુઃખ કરવાનો અભિપ્રાય કરે છે તેઓ મિથ્યાદષ્ટિ છે.'

શું કીધું? પરને મારવા-જિવાડવાનો એટલે પરના પ્રાણોને હરવાનો અને પરના પ્રાણોની રક્ષા કરવાનો જેને અભિપ્રાય છે તે મિથ્યાદષ્ટિ છે. વળી પરનાં સુખ-દુઃખ કરવાનો એટલે પરને અનુકૂળ સંયોગો દેવાનો અને પરને પ્રતિકૂળ સંયોગો દેવાનો જે અભિપ્રાય કરે છે તે પણ મિથ્યાદષ્ટિ છે.

હમણાં ઈન્દોરમાં ત્રણ-ત્રણ મંદિરમાં ચોરી થઈ. ભગવાનની મૂર્તિ ઉપાડી ગયા, અને પોલીસે આઠ જણને પકડયા. અહા! ધર્મના સ્થાનમાં પણ ચોરી! ગજબ વાત છે ને! અહીં કહે છે-તે મૂર્તિ ચોરવાની ક્રિયા (તેનું સ્થાનાંતર થવાની ક્રિયા) તો તું કરી શકતો નથી. પણ હું પરને ચોરી શકું છું એમ અભિપ્રાયથી ચોરવાની વાંછા છે ને! અહીં કહે છે-તે મિથ્યાત્વભાવ છે. અહા! પરની ક્રિયા કરવાનો અભિપ્રાય છે તે મિથ્યાત્વભાવ છે અને તેવા જીવો મિથ્યાદષ્ટિ છે. હવે કહે છે-

'તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા રાગી, દ્વેષી, મોહી થઈને પોતાથી જ પોતાનો ઘાત કરે છે, તેથી હિંસક છે.'

જુઓ, શું કહે છે? કે હું બીજાના પ્રાણોની રક્ષા કરી શકું છું, વા બીજાને મારી શકું છું તથા બીજાને અનુકૂળ-પ્રતિકૂળ સંજોગો દઈ શકું છું-ઇત્યાદિ જેનો અભિપ્રાય છે તેઓ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપથી ભ્રષ્ટ થઈને રાગી, દ્વેષી, મોહી થઈને પોતાથી જ પોતાના આત્માનો ઘાત કરે છે અને તેથી તેઓ હિંસક છે. અહા! હું પરનાં કામ કરી શકું છું એમ માનનારે, હું પોતે શુદ્ધ અખંડ એક જ્ઞાનાનંદ-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વભાવી આત્મા છું-એમ માન્યું નહિ તેથી તે પોતે પોતાનો જ નિષેધ કરતો થકો, પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ ચૈતન્યપ્રાણોની રક્ષા નહિ કરતો હોવાથી હિંસક છે.

અહાહા...! આત્મા ત્રણે કાળ પોતાના ચૈતન્યપ્રાણોથી-જ્ઞાન-દર્શન આદિ પ્રાણોથી જીવે છે; એ એનું વાસ્તવિક જીવતર છે. પણ એને ભૂલીને, એનાથી ભ્રષ્ટ થઈને હું પરનું જીવતર કરું એવો અભિપ્રાય કરે એ તો પોતાના શુદ્ધ પ્રાણોનો ઘાત કરનાર પોતાનો જ હિંસક છે. આવું લોકોને આકરું લાગે, પણ શું થાય?

વળી કોઈ તો કહે છે-પરની દયા પાળવી એ જીવનો સ્વભાવ છે. લ્યો, હવે આવી વિપરીત વાત! અરે ભાઈ! જીવનો તો એક જ્ઞાનસ્વભાવ છે. અહાહા....! જ્ઞાનમાત્ર વસ્તુ ભગવાન આત્મા છે. તેમાં પરનું કરવું આવ્યું ક્યાંથી? ભાઈ! તારી માન્યતામાં બહુ ફેર છે બાપા! પરની દયા પાળવાના અભિપ્રાયને તો અહીં મિથ્યાત્વભાવ કહ્યો છે ભાઈ! દયાને જ્યાં જીવનો સ્વભાવ કહ્યો છે ત્યાં એ સ્વદયાની વાત છે. અહાહા....! જેવો પોતે રાગરહિત વીતરાગ એક જ્ઞાનસ્વભાવી આત્મા છે તેવો પર્યાયમાં પ્રસિદ્ધ કરવો એનું નામ વાસ્તવિક દયા ને અહિંસા છે અને તે આત્માનો સ્વભાવ છે. બાકી પરની દયા પાળવાનો રાગ ઉત્પન્ન કરવો એ કાંઈ જીવ-સ્વભાવ નથી; એને જીવ-સ્વભાવ માને તે મિથ્યાદ્રષ્ટિ છે, પોતાનો જ હિંસક છે.

ગજબ વાત છે ભાઈ! જન્મ-મરણથી રહિત થવાનો માર્ગ આખાય જગતથી જુદો-નિરાળો છે. પરને મારવા-જિવાડવાનો અભિપ્રાય, સ્વરૂપથી ચ્યુત થયેલો એવો વિપરીતભાવ છે, એ તારા સ્વરૂપનો ઘાતક છે પ્રભુ! અહા! આવી વાત સાંભળવાય ભાગ્ય હોય તો મળે, બાકી દુનિયા તો આખી રખડવાના પંથે છે. અરે! અનંતકાળમાં એ કીડા-કાગડા-કૂતરા-નારકી ને મનુષ્યના અવતાર કરી કરીને મરી ગયો છે; તેને એ ચોરાસીના ચક્રાવામાંથી ઉગારી લેવાનો આ એક જ માર્ગ છે; અહા! આ મારગ સમજ્યા વિના તેનો ઉદ્ધાર ક્યાંથી થાય?

[ પ્રવચન નં. ૩૧૫ (શેષ) અને ૩૧૬* દિનાંક ૯-૨-૭૭ અને ૧૦-૨-૭૭ ]

## ગાથા ૨૫૭-૨૫૮

**जो मरदि जो य दुहिदो जायदि कम्मोदएण सो सव्वो।**
**तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा।। २५७।।**

**जो ण मरदि ण य दुहिदो सो वि य कम्मोदएण चेव खलु।**
**तम्हा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा।। २५८।।**

**यो म्रियते यश्च दुःखितो जायते कर्मोदयेन स सर्वः।**
**तस्मात्तु मारितस्ते दुःखितश्चेति न खलु मिथ्या।। २५७।।**

**यो न म्रियते न च दुःखितः सोऽपि च कर्मोदयेन चैव खलु।**
**तस्मान्न मारितो नो दुःखितश्चेति न खलु मिथ्या।। २५८।।**

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છેઃ–

**મરતો અને જે દુખી થતો-સૌ કર્મના ઉદયે બને,**
**તેથી ‘હણ્યો મેં, દુખી કર્યો ’-તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૭.**

**વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,**
**‘મેં નવ હણ્યો, નવ દુખી કર્યો ’-તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૮.**

**ગાથાર્થઃ-** [ यः म्रियते ] જે મરે છે [ च ] અને [ यः दुःखितः जायते ] જે દુઃખી થાય છે [ सः सर्वः ] તે સૌ [ कर्मोदयेन ] કર્મના ઉદયથી થાય છે; [ तस्मात् तु ] તેથી [ मारितः च दुःखितः ] ‘મેં માર્યો, મેં દુઃખી કર્યો ’ [ इति ] એવો [ ते ] તારો અભિપ્રાય [ न खलु मिथ्या ] શું ખરેખર મિથ્યા નથી?

[ च ] વળી [ यः न म्रियते ] જે નથી મરતો [ च ] અને [ न दुःखितः ] નથી દુઃખી થતો [ सः अपि ] તે પણ [ खलु ] ખરેખર [ कर्मोदयेन च एव ] કર્મના ઉદયથી જ થાય છે; [ तस्मात् ] તેથી [ न मारितः च न दुःखितः ] ‘મેં ન માર્યો, મેં ન દુઃખી કર્યો ’ [ इति ] એવો તારો અભિપ્રાય [ न खलु मिथ्या ] શું ખરેખર મિથ્યા નથી?

**ટીકાઃ-** જે મરે છે અથવા જીવે છે, દુઃખી થાય છે અથવા સુખી થાય છે, તે ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના

( अनुष्टुभ् )

**मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुर्विपर्ययात्।**
**य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते।। १७०।।**

અભાવમાં તેનું તે પ્રમાણ થવું (અર્થાત્ મરવું, જીવવું, દુઃખી થવું કે સુખી થવું) અશક્ય છે. માટે 'મેં આને માર્યો, આને જિવાડયો, આને દુઃખી કર્યો, આને સુખી કર્યો' એવું દેખનાર અર્થાત્ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

**ભાવાર્થઃ-** કોઈ કોઈનું માર્યું મરતું નથી, જિવાડયું જીવતું નથી, સુખી-દુઃખી કર્યું સુખી-દુઃખી થતું નથી; તેથી જે મારવા, જિવાડવા આદિનો અભિપ્રાય કરે તે તો મિથ્યાદ્રષ્ટિ જ હોય-એમ નિશ્ચયનું વચન છે. અહીં વ્યવહારનય ગૌણ છે.

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अस्य मिथ्यादृष्टेः ] મિથ્યાદ્રષ્ટિને [ यः एव अयम् अज्ञानात्मा अध्यवसायः दृश्यते ] જે આ અજ્ઞાનસ્વરૂપ *અધ્યવસાય જોવામાં આવે છે [ सः एव ] તે અધ્યવસાય જ, [ विपर्ययात् ] વિપર્યયસ્વરૂપ (-વિપરીત, મિથ્યા) હોવાથી, [ अस्य बन्धहेतुः ] તે મિથ્યાદ્રષ્ટિને બંધનું કારણ છે.

**ભાવાર્થઃ-** જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ, તે જ બંધનું કારણ-એમ જાણવું. ૧૭૦.

* * *

## સમયસાર ગાથા ૨૫૭-૨૫૮ : મથાળું

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છેઃ-

## * ગાથા ૨૫૭-૨૫૮ : ટીકા ઉપરનું પ્રવચન *

'જે મરે છે અથવા જીવે છે, દુઃખી થાય છે અથવા સુખી થાય છે, તે ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં તેનું તે પ્રમાણે થવું અશકય છે.'

જીવ મરે છે ને જીવ જીવે છે એટલે શું? અહાહા...! આત્મા તો અનાદિઅનંત વસ્તુ સદા પોતાના શુદ્ધ ચૈતન્યપ્રાણોથી જીવિત છે, તે કદીય મરતો નથી એવો અમર છે. તો પછી જીવ મરે છે ને જીવે છે એ શું છે? ભાઈ! એને બહારના પ્રાણો-પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાય, આયુને શ્વાસોચ્છ્વાસ-નો વિયોગ થવાથી એ મરે છે એમ કહેવાય છે અને તે પ્રાણોનો સંયોગ રહે તો તે જીવે છે એમ કહેવાય છે. એ જ પ્રમાણે એને અનુકૂળ સાધનોનો સંયોગ થવાથી એ સુખી છે અને પ્રતિકૂળ સાધનોનો સંયોગ થવાથી એ દુઃખી છે એમ લોકમાં કહે છે.

અહીં કહે છે-જે મરે છે અથવા જીવે છે, દુઃખી થાય છે અથવા સુખી થાય છે, તે ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે. એટલે શું? કે બીજો કોઈ એને મારી કે જિવાડી શકતો નથી, બીજો કોઈ એને દુઃખી-સુખી કરી શકતો નથી. જે મરે છે તે ખરેખર પોતાના આયુકર્મના ક્ષયથી જ મરે છે, કોઈ બીજાનો માર્યો મરે છે એમ છે જ નહિ. વળી જે જીવે છે તે ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ જીવે છે, કોઈ બીજાનો જિવાડયો જીવે છે એમ છે જ નહિ. તેવી જ રીતે આહાર, વસ્ત્ર, પાત્ર, ધન આદિ અનુકૂળ સામગ્રી વડે જે સુખી થાય છે તે શાતાવેદનીયના ઉદયથી જ સુખી થાય છે અને રોગ આદિ પ્રતિકૂળતા વડે દુઃખી થાય છે તે અશાતાવેદનીયના ઉદયથી જ દુઃખી થાય છે. એને કોઈ બીજો સુખી-દુઃખી કરે છે એમ છે નહિ. આવી વસ્તુવ્યવસ્થા છે.

અહીં, 'ખરેખર કર્મના ઉદયથી જ'-એમ લીધું છે ને? તો કોઈ વળી કહે છે- જુઓ, કર્મને લઈને થાય છે કે નહિ?

અરે ભાઈ! એ તો નિમિત્તની મુખ્યતાથી વાત કરી છે. 'બીજો બીજાનાં જીવન-મરણ, સુખ-દુઃખ કરી શકે છે'-એવા અભિપ્રાયનો નિષેધ કરવા 'ખરેખર કર્મના ઉદયથી જ' જીવનું જીવવું-મરવું તથા સુખી-દુઃખી થવું થાય છે એમ અહીં કહ્યું છે. બાકી જીવ જીવે છે તે પોતાની દેહમાં રહેવાની સ્થિતિની યોગ્યતાથી જ જીવે છે અને જીવ મરે છે તે પણ તેના દેહ-વિયોગની તે કાળે યોગ્યતા છે તેથી મરે છે. આયુકર્મના ક્ષયથી મરે છે ને આયુકર્મના ઉદયથી જીવે છે એમ કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવનારું વ્યવહારનું કથન છે.

તેવી રીતે બહારના આહારાદિ અનુકૂળ સંયોગો આવે છે તે તો એના પોતાના કારણે પોતાથી આવે છે ને તેમાં શાતાના ઉદયનું નિમિત્ત છે તથા રોગ આદિ પ્રતિકૂળ સંયોગો આવે છે તે પણ એના પોતાના કારણે આવે છે ને એમાં અશાતાના ઉદયનું નિમિત્ત છે. અહા! બહારના સંયોગો-રજકણે રજકણ-પોતાની જે તે અવસ્થા સહિત આવવાના હોય તે જ આવે છે અને તે કાળે શાતા કે અશાતાનું નિમિત્ત હોય છે; પણ નિમિત્તના કારણે સંયોગ આવે છે એમ નથી. લોકમાં કહે છે ને કે-'દાણે દાણે ખાનારનું નામ છે;' મતલબ કે જે રજકણો જેના સંયોગમાં જવાના છે તે પ્રતિનિશ્ચિતપણે તેના સંયોગમાં જવાના જ છે; કોઈ બીજો બીજાને સંયોગ આપે વા એના સંયોગ બદલી દે એમ છે જ નહિ.

એ પરમાણુ-આહાર-ઔષધાદિના રજકણો-જે આવવા યોગ્ય હોય તે તેના કાળે સંયોગમાં પોતાની યોગ્યતાથી જ આવે છે અને તેમાં આને શાતાનું નિમિત્ત હોય છે. હવે ત્યાં બીજો એમ કહે કે-'આ હું દઉં છું' તો કહે છે-એમ નથી. 'એ ભૂખથી પીડાતો હતો ને મેં એને શીરો ખવડાવ્યો'-એમ કોઈ માને તો કહે છે કે

એ માન્યતા યથાર્થ નથી, કેમકે શીરો એને મળ્યો એ તો એના શાતાના ઉદયને લઈને મળ્યો છે, એમાં તારું કાંઈ કર્તવ્ય નથી. એ જ કહ્યું ને કે-જીવને પોતાના કર્મના ઉદયના અભાવમાં તેનું જીવન-મરણ, સુખી-દુઃખી થવું અશક્ય છે. અહા! બીજો બીજાનું કામ કરી દે એ અશક્ય છે.

હવે કહે છે- 'માટે મેં આને માર્યો, આને જિવાડયો, આને દુઃખી કર્યો, આને સુખી કર્યો-એવું દેખનાર અર્થાત્ માનનાર મિથ્યાદૃષ્ટિ છે.'

જીવોને જીવન-મરણ, સુખ-દુઃખ પોતાના કર્મના ઉદયથી જ થાય છે. આમ વસ્તુવ્યવસ્થા હોવા છતાં, જે એમ માને છે કે- મેં આને શસ્ત્રથી મારી નાખ્યો, મેં આને સર્પ કરડાવીને મારી નાખ્યો, મેં આને ઝેર આપીને મારી નાખ્યો- તે મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે; કેમકે એના આયુકર્મના ક્ષય વિના કોઈનું મરણ થઈ શકતું નથી, તેવી રીતે જે એમ માને છે કે- મેં આને આહાર-પાણી, ઔષધાદિ વડે જિવાડયો તો એ પણ મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે; કેમકે એના આયુકર્મના ઉદય વિના કોઈનું જીવન ટકી શકતું નથી.

વળી બીજો જીવ સુખી થાય છે તે શાતાના ઉદયના કારણે સુખી થાય છે. હવે એને બદલે આ એમ માને કે મેં અનુકૂળ સામગ્રી દીધી માટે સુખી થયો તો કહે છે- તે મિથ્યાદૃષ્ટિ છે, કેમકે શાતાકર્મના અભાવમાં કોઈ સુખી થઈ શકતું નથી, એ જ રીતે બીજો જીવ દુઃખી થાય છે તે અશાતાવેદનીયના ઉદયથી દુઃખી થાય છે. હવે એને બદલે આ એમ માને કે-મેં પ્રતિકૂળતા દઈને દુઃખી કર્યો તો તે મિથ્યાદૃષ્ટિ છે, કેમકે અશાતા વેદનીયના ઉદય વિના કોઈ દુઃખી થઈ શકતો નથી. આવી વાત છે.

કહે છે-મેં આને માર્યો, જિવાડયો, સુખી કર્યો કે દુઃખી કર્યો-એવું દેખનાર અર્થાત્ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યા અહંકાર છે ને એમાં? અહીં અહંકાર શબ્દ નથી નાખ્યો, પણ ભાઈ! હું બીજાને મારી-જિવાડી શકું છું કે સુખી-દુઃખી કરી શકું છું- એ અભિપ્રાય પોતે જ મિથ્યા અહંકાર છે અને તે વડે જીવ મિથ્યાદૃષ્ટિ છે. કોઈ એમ માને કે-આપણે કરીએ, કરી શકીએ, પણ એનો અહંકાર ન કરવો-તો એમ છે નહિ. આપણે પરનું કરીએ વા કરી શકીએ એ અભિપ્રાય પોતે જ અહંકાર રૂપ મિથ્યાભાવ છે. એવા અભિપ્રાયવાળો મિથ્યાદૃષ્ટિ છે, એને સત્યની ખબર નથી.

સમયસાર નાટકમાં શ્રી બનારસીદાસે કહ્યું છે ને કે-

"કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાણનહારા;
જો કરતા નહિ જાનૈ સોઈ, જાનૈ સો કરતા નહિ હોઈ."

અહાહા...! આ પરનાં લેવા દેવાનાં, જીવન-મરણનાં ને સુખ-દુઃખનાં કાર્યોનો

કર્તા થાય તે અજ્ઞાની છે. પરનાં કાર્ય કરવાનો અભિપ્રાય સેવે છે તે જાણનાર રહેતો નથી. પણ જે કર્તા થતો નથી તે જાણનાર રહે છે અને તે જ્ઞાની છે. અહા! હું તો એક જ્ઞાનસ્વરૂપ છું, પરનાં કાર્યો તો પરથી-એનાથી થાય, હું તો એનો જાણનાર માત્ર સાક્ષી છું એમ જાણવામાત્રપણે પરિણમે તે જ્ઞાની છે.

અહાહા......! આત્મા નિર્મળાનંદનો નાથ પ્રભુ સદા જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન છે. તેના અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિનો આ ઉપાય છે. શું? કે- પરની ક્રિયા હું કરી શકતો નથી, પરનાં જીવન-મરણ કે સુખ દુઃખ હું કરી શકતો નથી, પરનાં કાર્યો પરમાં પરથી થાય, હું તો જાણનાર-દેખનારમાત્ર છું-એમ જાણવા-દેખવામાત્રપણે પરિણમવું તે સાચા આનંદની પ્રાપ્તિનો ઉપાય છે. ભાઈ! કરવાનો અભિપ્રાય એ તો બોજો-દુઃખ છે, અને જાણવાપણે રહેવું એમાં નિરાકુળ આનંદ છે. જ્ઞાની સદા નિરાકુળ આનંદની મોજમાં રહે છે.

## * ગાથા ૨૫૭-૨૫૮: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'કોઈ કોઈનું માર્યું મરતું નથી, જિવાડયું જીવતું નથી, સુખી-દુઃખી કર્યું સુખી-દુઃખી થતું નથી; તેથી જે મરવા, જિવાડવા આદિનો અભિપ્રાય કરે તે તો મિથ્યાદષ્ટિ જ હોય-એમ નિશ્ચયનું વચન છે.

આ પુરુષો બધા સ્ત્રી-પુત્ર-પરિવારને જિવાડે છે કે નહિ? અને આ બધા શેઠિયા નોકરોને જિવાડે છે કે નહિ?

ભાઈ! કોણ જિવાડે? હું પરને જિવાડું-એવો અહંકાર છે એ તો મિથ્યાત્વશલ્ય છે. એ શલ્યના કારણે ભગવાન! તું નરક નિગોદના ને કીડી-કીડાના અનંત-અનંત ભવ કરીને મરી ગયો છે. ભાઈ! તારા અપાર-પારાવાર દુઃખને જોનારા પણ કંપી ઊઠે એવા તેં દુઃખ સહન કર્યાં છે. એ દુઃખ કેમ કહ્યાં જાય? ભાઈ! એ દુઃખથી ઉગરવું હોય તો સુલટી જા, પરનાં કાર્ય કરું-એ અભિપ્રાય છોડી દે. આ છોકરાંને પાળું-પોષું, મોટા કરું ને સુખી કરું-એ વાત જવા દે અને અંદર જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન વિરાજી રહ્યો છે તેમાં જા, તને અતીન્દ્રિય સુખ થશે.

અહા! કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી એ મૂળ સિદ્ધાંત છે. તેથી જે બીજાને મારવા-જિવાડવા આદિનો અભિપ્રાય કરે છે તે નિયમથી મિથ્યાદષ્ટિ છે. આ નિશ્ચયનું વચન છે એટલે આ સત્યાર્થ છે. અહીં વ્યવહારનય ગૌણ છે. આણે આને માર્યો-જિવાડયો એમ વ્યવહારથી કહેવાય પણ વસ્તુસ્વરૂપ એમ નથી. તેથી અહીં વ્યવહારનય ગૌણ છે. આવી વાત છે.

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

## * કળશ ૧૭૦: શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'अस्य मिथ्यादृष्टेः' મિથ્યાદષ્ટિને એટલે જેની જૂઠી દષ્ટિ છે, સમ્યક્દષ્ટિથી વિરુદ્ધ અસત્યદષ્ટિ છે તેને 'यः एव अयम् अज्ञानात्मा अध्यवसायः दृश्यते' જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે 'सः एव' તે અધ્યવસાય જ, विपर्ययात्' વિપર્યયસ્વરૂપ હોવાથી, 'अस्य बन्धहेतुः' તે મિથ્યાદષ્ટિને બંધનું કારણ છે.

અહાહા...! શું કહે છે? કે મેં આને જિવાડયો, આ બધાં છોકરાંને પાળી-પોષીને મોટાં કર્યાં, ભણાવ્યાં-ગણાવ્યાં, સારા સંસ્કાર દઈને સંસ્કારી કર્યાં-ઈત્યાદિ બધો અજ્ઞાનરૂપ અધ્યવસાય છે.

જાુઓ, જે પરિણામ મિથ્યા અભિપ્રાય સહિત હોય (-સ્વપરના એકત્વના અભિપ્રાય સહિત હોય) અથવા વૈભાવિક હોય તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે.

ત્યારે કોઈ વળી કહે છે- બીજાને મારવા જિવાડવાનો અધ્યવસાય એટલે અભિપ્રાય બંધનું કારણ છે, અર્થાત્ જે એકત્વબુદ્ધિ હોય તે બંધનું કારણ છે, પણ એવો ભાવ નહિ.

અરે ભાઈ! અધ્યવસાયનો અર્થ ભાવ પણ થાય ને એકત્વબુદ્ધિ થાય-એમ એના બે અર્થ થાય છે.

ત્યારે તે કહે છે- જિવાડવાનો ભાવ છે એ તો પ્રશસ્ત જ છે, એનું ફળ પણ પ્રશસ્ત જ છે. (એટલે કે એનું ફળ મોક્ષ છે)

પ્રવચનસારમાં શ્રાવકના અધિકારમાં (ગાથા ૨૫૫ માં) 'रागो पसत्थभूदो 'એમ આવે છે. ત્યાં આશય એમ છે કે જે પ્રશસ્ત પદ (તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ આદિ પદ) મળે છે તે એને (-સમ્યગ્દષ્ટિને) પ્રશસ્તરાગ-સ્વરૂપ શુભોપયોગથી મળે છે, લ્યો, આમાંથી તે આવો અર્થ કાઢે છે કે- પ્રશસ્તરાગથી પ્રશસ્તપદ મળે અને એ પદથી મોક્ષ થાય; માટે પ્રશસ્તરાગ બંધનું કારણ નથી. પરંતુ ભાઈ! પ્રશસ્તરાગ પણ છે તો બંધનું જ કારણ. અહીં સમ્યગ્દષ્ટિના પ્રસંગમાં એ ગૌણ છે એ બીજી વાત છે.

વળી કોઈ લોકો એમ કહે છે કે-સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં (ગાથા ૧૪૭માં) જે શુભાશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે તે જડકર્મની વાત છે, શુભાશુભ ભાવ સાથે રાગ અને સંસર્ગનો નિષેધ નથી કર્યો.

અરે ભાઈ! શાસ્ત્રમાં (સ. ગા. ૧૫૩ માં) અમૃતચંદ્રાચાર્યે 'કર્મ' શબ્દનો અર્થ કરતાં વ્રત, નિયમ, શીલ, તપ, વગેરે બધાને કર્મ કહ્યું છે. વળી પ્રશસ્ત રાગના હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય- એમ ચાર ભેદનો નિષેધ કરીને શુભાશુભ કર્મ એક જ છે એમ સિદ્ધ કર્યું છે. એટલે શુભાશુભ પરિણામ પણ કર્મ કહેવાય છે અને એનું બંધન પણ કર્મ કહેવાય છે. ભાઈ! શાસ્ત્રના અભિપ્રાય સાથે પોતાની દષ્ટિ કેળવવી જોઈએ. પોતાની દષ્ટિએ શાસ્ત્રના ઊંધા અર્થ કરે એ તો મહા વિપરીતતા છે.

અધ્યવસાયના આટલા અર્થ છે. :-

જે પરિણામ સ્વ-પરના એકત્વના અભિપ્રાય સહિત હોય અથવા વૈભાવિક હોય તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે. કોઈ ઠેકાણે સ્વ-પરની એકત્વબુદ્ધિ સહિત હોય તે પરિણામને અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય અથવા મિથ્યા અભિપ્રાય કહેવામાં આવે છે.

વળી કોઈ ઠેકાણે એકલા (સ્વપરની એકત્વબુદ્ધિ રહિત) પરિણામ હોય તેને પણ અધ્યવસાય કહેવામાં આવે છે; અને

કોઈ ઠેકાણે નિર્મળ (શુદ્ધ) પરિણામ માટે પણ અધ્યવસાય શબ્દ વપરાયો છે.

અહીં કહે છે-જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે તે અધ્યવસાય વિપર્યયસ્વરૂપ-મિથ્યા હોવાથી તે મિથ્યાદ્રષ્ટિને બંધનું કારણ છે.

ભાઈ! આને (-પરને) હું મારી-જીવાડી શકું કે સુખી-દુઃખી કરી શકું, સુખ-દુઃખનાં સાધનો દઈ શકું'-એ બધી આત્માના જ્ઞાનસ્વરૂપથી તદ્દન વિપરીત માન્યતા છે; આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ હોવાથી તેને વિભાવ પરિણામ કહો કે અધ્યવસાય કહો-એ અધ્યવસાય જ મિથ્યાદ્રષ્ટિને બંધનું કારણ છે.

ભાઈ! હું પરને જિવાડું-એમ અધ્યવસાય તું કરે પણ ત્રણકાળમાં એમ કરી શકે નહિ. એનું આયુ હોય તો જીવે ને ન હોય તો ન જીવે; પણ તારું જિવાડયું જીવે એમ ત્રણકાળમાં બની શકે નહિ. આ શેઠિયાઓ બહુ ધનવાન હોય અને ઘણા નોકરો રાખે ને માને કે અમે બધાને નભાવીએ છીએ તો કહે છે-ધૂળેય નભાવતો નથી તું, સાંભળને. 'હું પરને નભાવું છું'-એ માન્યતા જ તારી જૂઠી છે, કેમકે જગતની પ્રત્યેક વસ્તુ સ્વતંત્ર છે.

અહાહા...! ભગવાન તું સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ અખંડ એક જ્ઞાનમાત્ર વસ્તુ સ્વતંત્ર છો. તને ખબર નથી પ્રભુ! પણ તું શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર અંદર સદા પરમાત્મસ્વરૂપે શાશ્વત બિરાજમાન છો. અહા! તારા આનંદ-સુખની પ્રાપ્તિ પ્રભુ! તારાથી જ (સ્વના આશ્રયથી જ) થાય છે; પણ પર મને સુખી કરશે કે પરને કંઈક દઉં તો હું સુખી થઈશ એ માન્યતા જ મિથ્યા શલ્ય છે, બંધનું કારણ છે સમજાણું કાંઈ...?

[પ્રવચન નં. ૩૧૬ (ચાલુ) * દિનાંક ૧૦-૨-૭૭]

## ગાથા-૨૫૯

एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
एसा दे मूढमदी सुहासुहं बंधदे कम्मं।। २५९।।

एषा तु या मतिस्ते दुःखितसुखितान् करोमि सत्त्वानिति।
एषा ते मूढमतिः शुभाशुभं बध्नाति कर्म।। २५९।।

હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છેઃ–

આ બુદ્ધિ જે તુજ-'દુખિત તેમ સુખી કરુ છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

**ગાથાર્થઃ-** [ ते ] તારી [ या एषा मतिः तु ] જે આ બુદ્ધિ છે કે હું [ सत्त्वान् ] જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી–સુખી [ करोमि इति ] કરું છું, [ एषा ते मूढमतिः ] તે આ તારી મૂઢ બુદ્ધિ જ (મોહસ્વરૂપ બુદ્ધિ જ) [ शुभाशुभं कर्म ] શુભાશુભ કર્મને [ बध्नाति ] બાંધે છે.

**ટીકાઃ-** 'પર જીવોને હું હણું છું, નથી હણતો, દુઃખી કરું છું, સુખી કરું છું' એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદ્રષ્ટિને છે, તે જ (અર્થાત્ તે અધ્યવસાય જ) પોતે રાગાદિરૂપ હોવાથી તેને (–મિથ્યાદ્રષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.

**ભાવાર્થઃ-** મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે.

* * *

## સમયસાર ગાથા ૨૫૯ : મથાળું

હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છેઃ–

## * ગાથા ૨૫૯ : ટીકા ઉપરનું પ્રવચન *

'પર જીવોને હું હણું છું, નથી હણતો, દુઃખી કરું છું, સુખી કરું છું–એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદ્રષ્ટિને છે, તે જ પોતે રાગાદિરૂપ હોવાથી તેને (–મિથ્યાદ્રષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.'

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિત્ય નિરંજન એક જ્ઞાનસ્વભાવ માત્ર વસ્તુ છે. એમાં આ હું પરને હણું ને ન હણું એવો જે અજ્ઞાનમય રાગ–દ્વેષ–મોહના, પાપ ને પુણ્યના પરિણામ થાય તે, કહે છે, મિથ્યાદ્રષ્ટિને બંધનું કારણ છે.

અહાહા...! અનંત-અનંત ગુણોનું ગોદામ પ્રભુ આત્મા છે. તેમાં જેમ જાણગ-જાણગ-જાણગ એવો એક જ્ઞાનસ્વભાવ ગુણ છે તેવો કર્તાસ્વભાવ એક ગુણ છે, જે પોતાની શુદ્ધ નિર્મળ વીતરાગી પરિણતિને કરે છે. શું કીધું? આત્મામાં એક અનંતસામર્થ્યયુક્ત કર્તા નામનો ગુણ છે જે પોતાની નિર્મળ નિર્વિકાર પરિણતિનો-કર્મનો કરનારો છે વળી એમાં જેના વડે નિર્મળ નિર્વિકાર રત્નત્રયરૂપ કર્મ નામ કાર્ય થાય એવો કર્મ નામનો પણ ગુણ છે, અહાહા...! પોતામાં કર્મ નામ કાર્ય થાય એવો આત્મામાં કર્મ નામનો ગુણ છે. અહાહા...! પરને લઈને કર્મ નામ કાર્ય થાય એ વસ્તુસ્વભાવ જ નથી. હવે આવું સાંભળવાય મળે નહિ એને ધર્મ-નિર્મળ કર્મ ક્યાંથી થાય?

આ શુભ રાગના-વ્યવહારરત્નત્રયના પરિણામથી જીવને ધર્મ નામ ધર્મરૂપી કર્મ-કાર્ય થાય એમ છે નહિ; પણ એનામાં કર્મ નામનો ગુણ નામ શક્તિ છે જેને લઈને નિર્મળ ધર્મરૂપી કાર્ય (-કર્મ) પ્રગટ થાય છે. અહીં કર્મ એટલે જડ કર્મ (જ્ઞાનાવરણાદિ) કે ભાવ કર્મ (રાગાદિ) ની વાત નથી. અહીં તો આત્મામાં કર્તા-શક્તિની જેમ બેહદ કે સામર્થ્યવાળી કર્મ નામની એક શક્તિ છે જેનાથી નિર્મળ વીતરાગપરિણતિરૂપ દશા (ધર્મરૂપી કાર્ય) થાય છે. લ્યો, આવી વાત છે; પણ વ્યવહારરત્નત્રયના કારણથી નિર્મળ રત્નત્રયરૂપી કર્મ-કાર્ય થાય છે એમ છે નહિ. આવું આકરું લાગે બાપુ! પણ શું થાય? મારગ તો આવો છે.

હવે આમાં કોઈ પંડિતો વાંધા કાઢે છે, એમ કે વ્યવહારથી નિશ્ચય થાય.

વાંધા કાઢે એ તો પોતાની ઊંધાઈ છે ભાઈ! બાકી ન્યાયથી તો સમજવું પડશે કે નહિ? અરે ભાઈ! પોતાની સત્તાનું કાર્ય પોતાની સત્તાથી છે કે પોતાની સત્તાનું કાર્ય બીજી સત્તા કરે? શું બીજી સત્તા પોતામાં ભળી જાય છે કે તે પોતાની સત્તાનું કાર્ય કરે? એમ તો બનતું નથી. એ તો કીધું ને કે-આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ નિત્ય નિરંજન પૂરણ પવિત્ર પરમાત્મસ્વરૂપ છે. એમાં જેમ પોતાની નિર્મળ પરિણતિરૂપ કાર્યને કરે એવો કર્તાગુણ છે તેમ પોતાની નિર્મળ પરિણતિરૂપ કર્મ થાય એવો કર્મ નામનો પણ ગુણ છે.

અહા! આ દેહ છે એ તો જડ માટી છે, અને જે દયા, દાન, ભક્તિ આદિના વિકલ્પ થાય છે તે વિકાર છે, વિભાવ છે. જ્યારે ભગવાન આત્મા દેહ ને વિભાવથી ભિન્ન એક જ્ઞાયકભાવમાત્ર ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. તેમાં જેનાથી નિર્મળ રત્નત્રયરૂપ કર્મ થાય એવો કર્મ નામનો ગુણ છે. અહાહા...! અનંત ગુણની નિર્મળ પરિણતિનું કારણ એવો 'કર્મ' નામનો આત્મામાં ગુણ છે. ભાઈ! આ જે શુદ્ધ ચૈતન્યપરિણતિરૂપ રત્નત્રયની પર્યાય પ્રગટ થાય એનું કારણ એમાં કર્મ નામનો ગુણ છે. પણ એમ નથી કે આ દયા, દાન, ભક્તિ આદિ વ્યવહારરત્નત્રયના રાગથી એ સ્વભાવપરિણતિ પ્રગટ

થાય છે. રાગ તો વિભાવ છે; એનાથી સ્વભાવ કેમ પ્રગટ થાય? રાગ કાંઈ આત્માનો ગુણ નથી કે એનાથી આત્માનું ચૈતન્યસ્વભાવમય કાર્ય પ્રગટે. આવી વાતુ છે પ્રભુ! બેસે ન બેસે એમાં જગત સ્વતંત્ર છે. બાકી અંદર દેહમાં દેહાતીત ચૈતન્યમહાપ્રભુ વિરાજમાન છે તે નિઃસંદેહ બેસે એવી જ ચીજ છે.

અહીં કહે છે-હું પર જીવોને હણું છું, નથી હણતો અર્થાત્ જિવાડું છું- એવો જે મિથ્યાદૃષ્ટિને અધ્યવસાય છે તે રાગ-દ્વેષ-મોહરૂપ હોવાથી તેને બંધનું કારણ છે.

અહાહા...! પ્રત્યેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયથી સ્વતંત્ર છે. કોઈ અન્યના ગુણપર્યાયને કરવા શક્તિમાન નથી. વળી કોઈ અન્યના પુણ્ય-પાપના ઉદયને કરવા કે બદલવા શક્તિમાન નથી. આ વસ્તુસ્થિતિ છે. આમ છતાં કોઈ એમ માને કે હું આને (-પરને) હણું છું તો તે એનું અજ્ઞાન છે. ના, આને હણવો નથી, આને હું જિવાડું-જીવતો રાખું-એમ અભિપ્રાય કરે તે પણ એનું અજ્ઞાન છે, મૂઢતા છે અરે ભાઈ! પરને હણવા-જિવાડવાની કે પરને સુખી-દુઃખી કરવાની તારી શક્તિ જ નથી. પરનાં કાર્ય કરવાનું તારા અધિકારમાં જ નથી. તેથી તું એ બધા વિકલ્પ કરે તે મિથ્યા છે, બંધનું કારણ છે. સમજાણું કાંઈ....? અહાહા....! આ નાગાને વસ્ત્ર, ભૂખ્યાને અન્ન, નિરાશ્રિતને આશ્રય ઈત્યાદિ વડે બીજાને હું સુખી કરું એવો વિકલ્પ ભગવાન! મિથ્યા છે, કેમકે તે સુખી થાય છે એ તો પોતાના પુણ્યના ઉદયે થાય છે, તારાથી નહિ. અહા! બીજાને જિવાડું, સુખી કરું,-એ વિકલ્પ અવશ્ય શુભભાવ છે પણ તે પરના એકત્વરૂપ મિથ્યાત્વસહિત છે; તે બંધનું જ કારણ છે.

અત્યારે કોઈ પંડિતો કહે છે-હું પરને જિવાડું-એવો અધ્યવસાય (પરમાં એકત્વબુદ્ધિ) બંધનું કારણ છે, પણ એને જિવાડવાનો ભાવ કાંઈ બંધનું કારણ નથી.

અરે ભાઈ! તું શું કહે છે આ? આ બહારની ખાલી પંડિતાઈ તને નુકશાન કરશે બાપુ! આ ચોખ્ખું તો અહીં લીધું છે કે-'એવો જે અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિને છે, તે જ (અધ્યવસાય) પોતે રાગાદિરૂપ હોવાથી તેને (-મિથ્યાદૃષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.' લ્યો, આમાં સ્પષ્ટ ભાષામાં લીધું કે-તે અધ્યવસાય પોતે રાગાદિરૂપ અર્થાત્ રાગ-દ્વેષ-મોહરૂપ, પુણ્ય-પાપરૂપ હોવાથી શુભાશુભ બંધનું કારણ છે. જિવાડવાનો શુભભાવ પણ બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ...?

અહા! આત્મા અંદર ચિન્માત્ર એક પૂરણ પરમાત્મસ્વરૂપ પ્રભુ છે. એ પરનું શું કરે? અને એ પરમાંથી શું લે? એનામાં શું ખામી છે કે તે પરને ઈચ્છે? અરે! પોતાના પૂરણ પરમાત્મપદના ભાન વિના તે અનાદિથી પરાધીન થઈ રહ્યો છે! આ તો જેમ ચક્રવર્તીને કોઈ ભૂલથી વાઘરણ પરણી હોય તે પોતે મહારાણી છે તોપણ જૂની ટેવ પ્રમાણે ગોખમાં ટોપલી મૂકીને કહે- બટકું રોટલો આપજો બા!-તેમ આ મોટો

ચૈતન્યચક્રવર્તી પૂરણ આનંદનો નાથ પ્રભુ પોતે છે છતાં પોતાની પ્રભુતાના ભાન વિના ભિખારીની પેઠે બહારથી-પરથી માગે કે-સુખ દેજો મને. આ ભોગમાંથી-વિષયમાંથી-પૈસા-ધૂળમાંથી સુખ માગે છે. અહીં કહે છે- હું પરને સુખી કરું વા પર મને સુખી કરે એ અધ્યવસાય મિથ્યાત્વ છે અને તે બંધનું કારણ છે, દુઃખનું કારણ છે.

અહાહા....! ભગવાન તું વસ્તુ છો કે નહિ? અનંત-અનંત ગુણનું વાસ્તુ એવી તું વસ્તુ છો પ્રભુ! તારી પ્રભુતાની તને ખબર નથી પણ જેમાં અનંત શક્તિઓ એક પણે વસેલી છે એવો તું અનંત ગુણોનું સંગ્રહાલય-ગોદામ ભગવાન આત્મા છો. જેમ ગળપણ સાકરનો સ્વભાવ છે તેમ જ્ઞાન અને આનંદ તારો સ્વભાવ છે નાથ! એમાંથી કાઢવું હોય તેટલું કાઢ, તોય કદી ખૂટે નહિ એવો તારો બેહદ સ્વભાવ છે. આવો જ્ઞાનાનંદરૂપ સ્વરૂપલક્ષ્મીનો અખૂટ ભંડાર પ્રભુ તું, અને આ દેહમાં ને રાગમાં ને વિષયોમાં ક્યાં મુંઝાઈ ગયો! એનાથી (દેહ, રાગ ને વિષયોથી) હું સુખી છું એ વાત (-અધ્યવસાય) જવા દે પ્રભુ! આનંદનો ભંડાર તું પોતે છે એમાં જા. આ બીજાની દયા કરું, ને બીજાને દાન દઉં ને બીજાની ભક્તિ કરું-એમ રાગનો અભિપ્રાય છોડી દે; અને પોતાની દયામાં, પોતાને દાન દેવામાં જે પોતાની ભક્તિમાં પોતાને લગાવી દે. આ તારા હિતનો માર્ગ છે.

અહા! અશુભથી બચવા, દયા, દાન, ભક્તિ ઈત્યાદિનો શુભરાગ આવે, પણ એનાથી પોતાનું કલ્યાણ થઈ જાય એ વાત ત્રણ કાળમાં સત્ય નથી.

અહીં કહે છે-હું પરને જિવાડું, હણું, સુખી-દુઃખી કરું-ઈત્યાદિ જે અધ્યવસાય છે તે અધ્યવસાય પોતે પુણ્ય-પાપના ભાવરૂપ, રાગાદિરૂપ હોવાથી શુભાશુભ બંધનું કારણ છે. આવો અધ્યવસાય મિથ્યાદષ્ટિને હોય છે અને તેને તે બંધનું જ કારણ છે. (જ્ઞાની તો જે દયા, દાનનો વિકલ્પ આવે તેનો સ્વામી-કર્તા થતો જ નથી, એ તો જાણનાર જ રહે છે). આવી વાત છે.

[ પ્રવચન નં. ૩૧૭ * દિનાંક ૧૨-૨-૭૭ ]

## ગાથા ૨૬૦-૨૬૧

दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।। २६०।।
मारिमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।। २६१।।

दुःखितसुखितान् सत्त्वान् करोमि यदेवमध्यवसितं ते।
तत्पापबन्धकं वा पुण्यस्य वा बन्धकं भवति।। २६०।।
मारयामि जीवयामि वा सत्त्वान् यदेवमध्यवसितं ते।
तत्पापबन्धकं वा पुण्यस्य वा बन्धकं भवति।। २६१।।

હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે-ઠરાવે છે (અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે) :-

**કરતો તું અધ્યવસાન-'દુખિત-સુખી કરું છું જીવને',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.**
**કરતો તું અધ્યવસાન-'મારું જિવાડું છું પર જીવને',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.**

**ગાથાર્થઃ-** '[सत्त्वान्] હું જીવોને [दुःखितसुखितान्] દુઃખી-સુખી [करोमि] કરું છું' [एवम्] આવું [यत् ते अध्यवसितं] જે તારું *અધ્યવસાન, [तत्] તે જ [पापबन्धकं वा] પાપનું બંધક [पुण्यस्य बन्धकं वा] અથવા પુણ્યનું બંધક [भवति] થાય છે.

'[सत्त्वान्] હું જીવોને [मारयामि वा जीवयामि] મારું છું અને જિવાડું છું' [एवम्] આવું [यत् ते अध्यवसितं] જે તારું અધ્યવસાન, [तत्] તે જ [पापबन्धकं वा] પાપનું બંધક [पुण्यस्य बन्धकं वा] અથવા પુણ્યનું બંધક [भवति] થાય છે.

---

* જે પરિણમન મિથ્યા અભિપ્રાય સહિત હોય (-સ્વપરના એકત્વના અભિપ્રાય સહિત હોય) અથવા વૈભાવિક હોય તે પરિણમન માટે અધ્યવસાન શબ્દ વપરાય છે. (મિથ્યા) નિશ્ચય કરવો, (મિથ્યા) અભિપ્રાય કરવો-એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકા:-** મિથ્યાદ્રષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું. અને પુણ્ય-પાપપણે (પુણ્ય-પાપરૂપે) બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો (અર્થાત્ એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે); કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું' મારું છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ-બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે (અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ-બન્નેનો બંધ થવામાં કોઈ વિરોધ નથી).

**ભાવાર્થ:-** આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે. તેમાં, 'જિવાડું છું, સુખી કરું છું' એવા શુભ અહંકારથી ભરેલો તે શુભ અધ્યવસાય છે અને 'મારું છું, દુઃખી કરું છું' એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે. અહંકારરૂપ મિથ્યાભાવ તો બન્નેમાં છે; તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે. માટે એમ ન માનવું કે પુણ્યનું કારણ બીજું છે અને પાપનું કારણ બીજું છે. અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે.

* * *

## સમયસાર ગાથા ૨૬૦-૨૬૧ : મથાળું

હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે-ઠરાવે છે અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છેઃ-

## * ગાથા ૨૬૦-૨૬૧ : ટીકા ઉપરનું પ્રવચન *

હમણાં જ એક વકીલે પ્રશ્ન કર્યો હતો કે-શુભરાગથી પુણ્ય તો બંધાય ને? (એમ કે શુભરાગ કાંઈક ભલો છે).

**ઉત્તર:-** અરે ભાઈ! હું પરને જિવાડું છું કે સુખી કરું છું-એ અભિપ્રાય જ મિથ્યાત્વ છે. મિથ્યાદ્રષ્ટિને એનાથી પુણ્યબંધ થાય છે. છતાં મિથ્યાત્વની ભૂમિકામાં જે પુણ્યબંધ થાય તે ખરેખર તો પાપ જ છે.

ભાઈ! આ શરીર તો હાડ, માંસ ને ચામડાનો માળો છે; એ કાંઈ આત્મા નથી. અહા! એ તો સ્મશાનમાં ઝળહળ અગ્નિ સળગશે તેમાં ભસ્મીભૂત થઈ જશે. અને અંદર આત્મા તો જેની આદિ નથી, જેનો અંત-નાશ નથી એવી અનાદિ-અનંત અવિનાશી ચીજ છે. અહા! આવા ચિન્માત્ર એક પોતાના આત્માને જાણ્યા વિના આ બધી ક્રિયાઓ કરે પણ એ બધી સંસાર ખાતે છે. એનાથી સંસારની રઝળપટ્ટી બંધ નહિ થાય પ્રભુ!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહા! કોઈ લાખો-કરોડોના ખર્ચે મંદિર બંધાવે ને તેમાં ભગવાનની પ્રતિમા સ્થાપના કરે તે શુભભાવ છે, એનાથી પુણ્યબંધ થાય; અશુભથી બચવા એવો શુભભાવ હોય છે, પણ એનાથી કોઈ ધર્મ થવો માની લે, વા એનાથી જન્મ -મરણરહિત થવાશે એમ માની લે તો તે મિથ્યા છે.

પણ એ (મંદિર વગેરે) ધર્મનું સાધન તો છે ને?

ધુળમાંય સાધન નથી, સાંભળને. એ તો રાગનું સાધન છે, શુભરાગનું બાહ્ય નિમિત્ત છે. એનાથી પોતાનું કલ્યાણ થશે એમ કોઈ માને તો એ વાતમાં કાંઈ માલ નથી. સમજાણું કાંઈ.......?

અહીં કહે છે-'મિથ્યાદ્રષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું.'

જોયું? મિથ્યા નામ અસત્ય દૃષ્ટિ છે જેને તેને અજ્ઞાનથી જન્મતો જે આ રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે. ભગવાન આત્મા તો શુદ્ધ ચિન્માત્ર વસ્તુ છે; તેમાં રાગ-વિકાર છે નહિ. છતાં રાગ-વિકાર સાથે એકપણું માનવું તે અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે અને તે જ કહે છે, બંધનું કારણ છે. એમ નક્કી કરવું. (આ સામાન્ય કથન કર્યું)

હવે વિશેષ કહે છે- 'અને પુણ્ય-પાપપણે બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો;.....'

અહાહા.....! કહે છે- પુણ્ય-પાપરૂપ બંધમાં બેમાં કારણનો ભેદ ન પાડવો. એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈબીજું છે. અહાહા...! ભગવાન આત્મસ્વભાવમાંથી તો રાગની ઉત્પત્તિ થતી નથી; પણ આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય એ એક જ શુભાશુભ બંધનું કારણ છે એમ કહે છે.

અરે! અનાદિકાળના પરિભ્રમણમાં એણે કોઈ દિ, સત્ય સાંભળ્યું નથી ને વિચાર્યું નથી. એમને એમ બિચારો ચારગતિમાં રખડી મર્યો છે. કદીક પાંચ-પચાસ કરોડની ધૂળવાળો શેઠિયો થયો તો પૈસાના અભિમાનમાં ચઢી ગયો કે-અમે કરોડોની લાગતથી મંદિર બંધાવ્યાં ને પ્રતિષ્ઠા કરાવી ને બીજાઓને સુખી કર્યા ઈત્યાદિ.

તો એથી (પૈસાથી) ધર્મ તો થાય ને?

ધૂળમાંય ધર્મ ન થાય, સાંભળને. પૈસાથી ધર્મ થાય તો ગરીબો બિચારા શું કરે? તેઓ ધર્મ કેવી રીતે કરે? પૈસામાં શું છે? એ તો ધૂળ-માટી છે, ભિન્ન ચીજ છે. એનાથી ધર્મ કેમ થાય?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા....! આત્મા શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ નિત્ય નિરંજન અંદર સદા ભગવાન સ્વરૂપે વિરાજે છે. અહા! આવા પોતાના સ્વરૂપને ભૂલીને રાગ સાથે એકત્વ પામી, ' હું બીજાને જિવાડી શકું, મારી શકું, સુખી-દુઃખી કરી શકું- ' એમ અજ્ઞાનમય અધ્યવસાય કરે એ પુણ્ય-પાપરૂપ બંધનું કારણ છે. વળી કહે છે-પુણ્ય-પાપરૂપે બંધનું બે-પણું હોવા છતાં બંધના કારણમાં ભેદ ન શોધવો. પુણ્યબંધનું કારણ જાૂદું છે ને પાપબંધનું કારણ જાૂદું છે એમ ન માનવું, કેમકે બંધનનું કારણ એક મિથ્યા અધ્યવસાય જ છે. અહાહા...! આ પૈસાવાળાનાં તો અભિમાન ગરી જાય એવું આ છે. (પણ સમજે તો ને?)

અહાહા...! તું નિત્ય નિરંજન શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ છો ને? તો ચૈતન્યપણાને છોડીને બીજાું શું કરે? જાણનાર-દેખનાર પ્રભુ તું જે થાય તેને જાણે-દેખે, પણ ' જે થાય એને કરે' - એ તો મિથ્યા માન્યતા છે, અજ્ઞાન છે. આચાર્ય મહારાજ કહે છે કે-એ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે, અનંત સંસારનું કારણ છે એમ નક્કી કરવું. ત્યાં (બંધના કારણમાં) એમ ન વિચારવું કે પુણ્યબંધનું કારણ બીજાું છે ને પાપબંધનું કારણ બીજાું છે; કારણ કે એક જ આ અધ્યવસાય-પરને મારું-જિવાડું છું, પરને સુખી-દુઃખી કરું છું- તે, રાગમય (રાગની એકત્વબુદ્ધિપૂર્વક) હોવાથી બંધનું કારણ છે.

આમાંથી કોઈ લોકો એમ કાઢે છે કે જેને રાગની એકત્વબુદ્ધિ નથી એના પરિણામથી પ્રશસ્ત પદ મળે ને?

અરે ભગવાન! તને શું થયું છે આ? આ મોટા પૈસાવાળા શેઠ થાય, મોટા રાજા થાય કે દેવ થાય- એ પદ શું સારાં છે? અને એ શું ઈચ્છવા જોગ છે? ભાઈ! એ તો બધા ધૂળનાં પદ છે. સમ્યગ્દ્રષ્ટિ તો એને સડેલાં તણખલાં જેવાં ગણે છે. અહા! જેને રાગની એકત્વબુદ્ધિ નથી તે સમકિતીને રાગની ઈચ્છા નથી હોતી. તેને પુણ્યનીય ઈચ્છા નથી હોતી કે પાપનીય ઈચ્છા નથી હોતી. આ વાત નિર્જરા અધિકારમાં (ગાથા ૨૧૦-૨૨૧માં) આવી ગઈ છે. સમકિતી સંસારના કોઈ પદની વાંછા નથી કરતો. અજ્ઞાનીને જ એવા પદોની વાંછા રહ્યા કરે છે. અહા! પુણ્ય ને પાપના ભાવ થાય, પણ જ્ઞાનીને એની ઈચ્છા નથી હોતી. એ તો જેમ બિલાડીની કેડ તૂટી ગઈ હોય પછી જરી હાલે પણ લૂલી થઈને હાલે તેમ રાગ જેને તૂટી ગયો છે (-ભિન્ન પડી ગયો છે) તેને અંદરમાં રાગ થાય પણ કેડ તૂટેલી બિલાડીની જેમ અધમૂઓ (મરવા પડયો હોય) તેમ થાય. આવી વાત બહુ કઠણ ભાઈ! દુનિયા બિચારી સમજ્યા વિના બહુ હેરાન થઈને મરી જાય છે.

અરે! લોકો બિચારા ધંધા વેપારમાં ને બાયડી-છોકરાં સાચવવામાં આખો દિ'

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પડેલા રહીને એકલાં પાપનાં પોટલાં ભરે! એમાં વળી એકાદ કલાક માંડ કાઢીને સાંભળવા જાય તો ધર્મના નામે આવું સાંભળી આવે કે-દયા પાળો ને ઉપવાસ કરો ને ભગવાનની ભક્તિ-પૂજા કરો એટલે ધર્મ થઈ જાય. લ્યો, ત્યાં કુગુરુએ આમ ને આમ બિચારાને મારી નાખ્યા. અહીં કહે છે- હું બીજાની દયા પાળુ, બીજાને જિવાડું કે બીજાને સુખી કરું એવો -અધ્યવસાય અજ્ઞાન છે, મિથ્યાત્વ છે અને તે બંધનું કારણ છે.

અહાહા...! ખૂબી તો જુઓ આચાર્યદેવ કહે છે-બીજાને સુખી કરું ને જિવાડું એવો જે અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે તથા બીજાને દુઃખી કરું ને મારું એવો જે અધ્યવસાય તે પાપબંધનું કારણ છે. પણ આ બન્નેમાં (પુણ્ય ને પાપ બંધમાં) કારણભેદ ન માનવો. બન્નેમાં એ અધ્યવસાય જે રાગમય છે તે એક જ બંધનું કારણ છે; બેમાં બે જુદાં જુદાં કારણ છે એમ નથી. એ જ વાત હવે કારણસહિત દર્શાવે છે-

"કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું, મારું છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ-બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે"

જોયું? આ એક જ અધ્યવસાયને બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણું છે. હું બીજાને સુખી કરી શકું કે જિવાડી શકું, પણ એનો અહંકાર ન કરવો એમ કેટલાક અર્થ કરે છે પણ એમ નથી બાપુ! શું થાય? જેને જેમ બેઠું હોય તેમ કહે. કહ્યું છે ને કે-

જામેં જિતની બુદ્ધિ હૈ, ઈતનો દિયો બતાય;
વાંકો બુરો ન માનિયે, ઓર કહાસેં લાય.

પરંતુ ભાઈ! આચાર્યદેવ એમ કહે છે કે-હું બીજાને જિવાડું કે સુખી કરું અને બીજાને મારું કે દુઃખી કરું એવી માન્યતા જ શુભાશુભ અહંકારરસથી ભરેલી મિથ્યાત્વરૂપ છે. હું બીજાને શુભ-અશુભ કરી શકું એવો અધ્યવસાય જ અહંકાર છે. મિથ્યાત્વ છે.

અહીં કહે છે- બીજાને હું શુભ-અશુભ કરું, જિવાડું ને મારું, સુખી કરું ને દુઃખી કરું એવો જે અહંકારરસથી ભરેલો અજ્ઞાનમય અધ્યવસાય છે તે એકથી જ પુણ્ય ને પાપનો બંધ થવામાં કોઈ વિરોધ નથી, અવિરોધ છે. હું જિવાડું ને સુખી કરું એવો રાગનો પરિણામ કરે અને હું મારું ને દુઃખી કરું એવો દ્વેષનો પરિણામ કરે, પણ એ બન્ને એક જ અજ્ઞાનમય અધ્યવસાય છે અને તે પુણ્ય-પાપના બંધનું કારણ થાય છે.

**પ્રશ્નઃ-** પુણ્ય બંધાય એ તો સારું ને?

**ઉત્તરઃ-** એ બંધાય છે એને સારું કેમ કહેવાય? અહાહા....! ભગવાન આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ સદા અબદ્ધસ્વરૂપ મુક્તસ્વરૂપ છે. તે પુણ્યથી બંધાય એ સારું કેમ કહેવાય! એને પર્યાયમાં બંધ થાય એ સારું કેમ હોય? અરે ભાઈ! પાપ જો લોઢાની બેડી છે તો પુણ્ય સોનાની બેડી છે; પણ તે છે તો બેડી જ. લોઢાની બેડી કરતાંય સોનાની બેડીનું વજન બહુ અધિક હોય. એનો પછી ભાર લાગતાં હાડકાં ઘસાઈને બહુ દુઃખી થાય તેમ પુણ્યની રુચિના ભારથી તું દુઃખી થઈશ ભાઈ! દુનિયા તો આખી ગાંડી-પાગલ છે. એ તો પુણ્યને સારું કહે અને પુણ્યવંતને સારાં સર્ટીફિકેટ પણ આપે. પણ બાપુ! એ પાગલના સર્ટીફિકેટ શું કામનાં? ભગવાન! તું પુણ્યની રુચિમાં જ આજ લગી મરી ગયો છો.

અહા! આ મારગડા જુદા ભાઈ! આ તો વીતરાગનો મારગ નાથ! આવું મનુષ્યપણું તને અનંતવાર આવ્યું ભાઈ! પણ પુણ્યના રસમાં પાગલ તને અંદર ભગવાન છે એનું ભાન ન થયું. અહા! પોતાના ભાન વિના ક્યાંય કાગડા-કુતરા ને કીડાના ભવમાં દુઃખમાં સબડતો રઝળ્યો. હવે (આ ભવમાં) પણ જો અંતઃતત્ત્વની વાસ્તવિક દ્રષ્ટિ ના કરી, જેવું સ્વરૂપ છે તેવું પ્રતીતિમાં ને અનુભવમાં ન લીધું તો તારાં જન્મ-મરણનો આરો નહિ આવે; ચોરાસીના અવતારમાં ક્યાંય રઝળીને મરી જઈશ.

## * ગાથા ૨૬૦-૨૬૧ ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે.

જુઓ, અહીં પુણ્ય-પાપ-એમ શબ્દો નથી લીધા, અહીં તો 'હું આને જિવાડું-મારું છું; આને સુખી-દુઃખી કરું છું, એવો જે અજ્ઞાનમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે એમ કહ્યું છે. હવે કહે છે -

'તેમાં, 'જિવાડું છું, સુખી કરું છું 'એવા શુભ અહંકારથી ભરેલો તે શુભ અધ્યવસાય છે અને મારું છું, દુઃખી કરું છું 'એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે. અહંકારરૂપ મિથ્યાભાવ તો બન્નેમાં છે; તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે.'

અજ્ઞાનપણાની અપેક્ષાએ શુભ ને અશુભ બેય રાગ એક જ છે, અજ્ઞાન છે.

'માટે એમ ન માનવું કે પુણ્યનું કારણ બીજાું છે અને પાપનું કારણ બીજાું છે. અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે.' અહા! અજ્ઞાનીને પુણ્ય પરિણામ હો કે પાપ પરિણામ હો, તે બન્નેમાં રહેલો મિથ્યાભાવ-અજ્ઞાનમય અધ્યવસાય જ અનંત સંસારનું કારણ છે; બહારની ક્રિયાથી બંધ નથી.

[ પ્રવચન નં. ૩૧૭ (ચાલુ) * દિનાંક ૧૨-૨-૭૭ ]

## ગાથા-૨૬૨

एवं हि हिंसाध्यवसाय एव हिंसेत्यायातम्।

**अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ।**
**एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स।। २६२।।**

**अध्यवसितेन बन्धः सत्त्वान् मारयतु मा वा मारयतु।**
**एष बन्धसमासो जीवानां निश्चयनयस्य।। २६२।।**

'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું'–એમ હવે કહે છે:–

**મારો-ન મારો જીવને, છે બંધ અધ્યવસાન થી,**
**-આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.**

**ગાથાર્થઃ-** [ सत्त्वान् ] જીવોને [ मारयतु ] મારો [ वा मा मारयतु ] અથવા ન મારો– [ बन्धः ] કર્મબંધ [ अध्यवसितेन ] અધ્યવસાનથી જ થાય છે. [ एषः ] આ, [ निश्चयनयस्य ] નિશ્ચયનયે, [ जीवानां ] જીવોના [ बन्धसमासः ] બંધનો સંક્ષેપ છે.

**ટીકાઃ-** પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (–ઉચ્છેદ, વિયોગ) કદાચિત્ થાઓ, કદાચિત્ ન થાઓ, –'હું હણું છું' એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય) તે જ નિશ્ચયથી તેને (હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે, કેમ કે નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે (અર્થાત્ તે પરથી કરી શકાતો નથી).

**ભાવાર્થઃ-** નિશ્ચયનયે બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી; તેના પોતાના કર્મના ઉદયની વિચિત્રતાવશ કદાચિત્ થાય છે, કદાચિત્ નથી થતો. માટે જે એમ માને છે–અહંકાર કરે છે કે 'હું પર જીવને મારું છું', તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે. તે અધ્યવસાય જ હિંસા છે–પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત છે, અને તે જ બંધનું કારણ છે. આ નિશ્ચયનયનો મત છે.

અહીં વ્યવહારનયને ગૌણ કરીને કહ્યું છે એમ જાણવું. માટે તે કથન કથંચિત્ (અર્થાત્ અપેક્ષાપૂર્વક) છે એમ સમજવું; સર્વથા એકાંતપક્ષ તો મિથ્યાત્વ છે.

* * *

## સમયસાર ગાથા ૨૬૨ : મથાળું

'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું'-

એમ હવે કહે છે -

## * ગાથા ૨૬૨ : ટીકા ઉપરનું પ્રવચન *

'પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (-ઉચ્છેદ, વિયોગ) કદાચિત થાઓ, કદાચિત ન થાઓ, - " હું હણું છું" એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય) તે જ નિશ્ચયથી તેને (હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે, કેમ કે...'

શું કહ્યું? સામો પર જીવ એના કર્મને કારણે એટલે એનો આયુકર્મનો ઉદય હોય તો, આને મારવાના તીવ્ર દ્વેષ પૂર્વક ચેષ્ટા હોય તોય કદાચિત્ ન મરે. અહીં કહે છે કે તે મરે કે ન મરે તેના પ્રાણોનો ઉચ્છેદ થાય કે ન થાય, હું હણું છું-એવો અહંકારરસથી ભરેલો જે અધ્યવસાય આને છે તે જ નિશ્ચયથી તેને બંધનું કારણ છે. સામા જીવને આયુષ્યનો ઉદય હોય તો આને મારવાના ભાવ હોય અને મારવા પ્રવૃત્ત થાય તોય ન મરે, અને સામા જીવને આયુષ્યનો ક્ષય થાય તો આ જિવાડવાના ભાવથી જિવાડવા પ્રયત્ન કરે તોય ન જીવે, મરી જાય; એ તો બધું સામા જીવની દેહમાં રહેવાની સ્થિતિની યોગ્યતા મુજબ એના આયુકર્મને અનુસરીને થાય છે. તેથી કહે છે કે- સામો જીવ મરે કે ન મરે, એની સાથે હિંસાનો સંબંધ નથી, પણ આને હિંસામાં જે અહંકારયુક્ત અજ્ઞાનમય અધ્યવસાય થાય છે તે જ હિંસા ને બંધનું કારણ છે. સમજાણું કાંઈ....?

હવે એનું કારણ સમજાવતાં કહે છે-'કેમકે નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે (અર્થાત્ તે પરથી કરી શકાતો નથી).

શું કહે છે? કે બીજા જીવના પ્રાણ-પાંચ ઈન્દ્રિય, મન-વચન-કાય તથા શ્વાસોચ્છ્વાસ ને આયુ-એ પરનો ભાવ છે; એ કાંઈ આત્માના ભાવ નથી, પરભાવરૂપ (પરની હયાતીરૂપ) એવા એ પ્રાણોનો નાશ નિશ્ચયથી બીજા કોઈથી કરી શકાતો નથી. અહાહા....! તારા ભાવથી બીજાના પ્રાણોનો નાશ કરાવો અશક્ય છે. એના પ્રાણોનો નાશ થવો કે ન થવો એ તો એના આયુકર્મને લીધે છે. તારા ભાવને કારણે બીજાનું મરણ આદિ બની શકતું નથી. હવે આવી તો ચોખવટ છે, છતાં કોઈ પંડિતો આમાં ગોટા વાળે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## * ગાથા ૨૬૨ : ટીકા ઉપરનું પ્રવચન *

'નિશ્ચયનયે બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી; તેના પોતાના કર્મના ઉદયની વિચિત્રતાવશ કદાચિત્ થાય છે, કદાચિત્ નથી થતો. '

મતલબ કે તેના આયુકર્મનો ક્ષય થઈ ગયો હોય તો એના પ્રાણોનો વિયોગ થાય, અન્યથા ન થાય; પરંતુ એમાં તારું કાંઈ કર્તવ્ય નથી અર્થાત્ ત્યાં તું એને મારી કે જિવાડી શકતો નથી.

'માટે જે એમ માને છે- અહંકાર કરે છે કે 'હું પર જીવને મારું છું,' તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે. તે અધ્યવસાય જ હિંસા છે- પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત છે, અને તે જ બંધનું કારણ છે. આ નિશ્ચયનયનો મત છે.

અહા! 'હું પર જીવને મારી શકું છું' એવો જે ભાવ તે પોતાના શુદ્ધ ચૈતન્યમય જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવપ્રાણનો ઘાત છે. તેવી રીતે 'હું પરને જિવાડી શકું છું' એવો ભાવ પણ પોતાના શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવપ્રાણનો ઘાત છે. તે જ નિશ્ચયે બંધનું કારણ છે. હવે કહે છે -

'અહીં વ્યવહારનયને ગૌણ કરીને કહ્યું છે એમ જાણવું.' બીજાના મરણ-જીવનના પ્રસંગમાં આના મારવાના કે જિવાડવાના ભાવ નિમિત્ત હોય છે એમ જાણી વ્યવહારથી (આરોપ કરીને) એમ કહેવાય કે આણે આને માર્યો, આણે આને જિવાડયો. આવો વ્યવહારનય છે તે અહીં ગૌણ છે. માટે તે કથન કથંચિત્ (કોઈ અપેક્ષા પૂર્વક) છે એમ સમજવું, સર્વથા એકાંતપક્ષ તો મિથ્યાત્વ છે. એમ કે પર જીવ મરે ત્યાં પોતાને મારવાનો અધ્યવસાય તો હોય છતાં એમ કહે કે-મને બંધ નથી કેમ કે પરને કોઈ મારી શકે નહિ- તો આવો એકાંત પક્ષ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ.....? પોતાને જે મારવાનો અધ્યવસાય છે તે નિયમથી બંધનનું કારણ છે.

[ પ્રવચન નં. ૩૧૭ * દિનાંક ૧૨-૨-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૨૬૩-૨૬૪

**अथाध्यवसायं पापपुण्ययोर्बन्धहेतुत्वेन दर्शयति-**

**एवमलिए अदत्ते अबंभचेरे परिग्गहे चेव।**
**कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पावं।। २६३।।**

**तह वि य सच्चे दत्ते बंभे अपरिग्गहत्तणे चेव।**
**कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पुण्णं।। २६४।।**

एवमलीकेऽदत्तेऽब्रह्मचर्ये परिग्रहे चैव।
क्रियतेऽध्यवसानं यत्तेन तु बध्यते पापम्।। २६३।।

तथापि च सत्ये दत्ते ब्रह्मणि अपरिग्रहत्वे चैव।
क्रियतेऽध्यवसानं यत्तेन तु बध्यते पुण्यम्।। २६४।।

હવે, (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છેઃ-

**એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે**
**જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.**

**એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે**
**જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.**

**ગાથાર્થઃ-** [ एवम् ] એ રીતે (અર્થાત્ પૂર્વે હિંસાના અધ્યવસાય વિષે કહ્યું તેમ) [ अलीके ] અસત્યમાં, [ अदत्ते ] અદત્તમાં, [ अब्रह्मचर्ये ] અબ્રહ્મચર્યમાં [ च एव ] અને [ परिग्रहे ] પરિગ્રહમાં [ यत् ] જે [ अध्यवसानं ] અધ્યવસાન [ क्रियते ] કરવામાં આવે [ तेन तु ] તેનાથી [ पापं बध्यते ] પાપનો બંધ થાય છે; [ तथापि च ] અને તેવી જ રીતે [ सत्ये ] સત્યમાં, [ दत्ते ] દત્તમાં, [ ब्रह्मणि ] બ્રહ્મચર્યમાં [ च एव ] અને [ अपरिग्रहत्वे ] અપરિગ્રહમાં [ यत् ] જે [ अध्यवसानं ] અધ્યવસાન [ क्रियते ] કરવામાં આવે [ तेन तु ] તેનાથી [ पुण्यं बध्यते ] પુણ્યનો બંધ થાય છે.

**ટીકાઃ-** એ રીતે (-પૂર્વોકત રીતે) અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ અસત્ય, અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહમાં પણ જે

(અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પાપના બંધનું એકમાત્ર (-એકનું એક) કારણ છે; અને જે અહિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ જે સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં પણ (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.

**ભાવાર્થઃ-** જેમ હિંસામાં અધ્યવસાય તે પાપબંધનું કારણ કહ્યું છે તેમ અસત્ય, અદત્ત (-વગર દીધેલું લેવું તે, ચોરી), અબ્રહ્મચર્ય અને પરિગ્રહ-તેમનામાં અધ્યવસાય તે પણ પાપબંધનું કારણ છે. વળી જેમ અહિંસામાં અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે તેમ સત્ય, દત્ત (-દીધેલું લેવું તે), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-તેમનામાં અધ્યવસાય તે પણ પુણ્યબંધનું કારણ છે. આ રીતે, પાંચ પાપોમાં (અવ્રતોમાં) અધ્યવસાય કરવામાં આવે તે પાપબંધનું કારણ છે અને પાંચ (એકદેશ કે સર્વદેશ) વ્રતોમાં અધ્યવસાય કરવામાં આવે તે પુણ્યબંધનું કારણ છે. પાપ અને પુણ્ય બન્નેના બંધનમાં, અધ્યવસાય જ એક માત્ર બંધ-કારણ છે.

* * *

## સમયસાર ગાથા ૨૬૩-૨૬૪ : મથાળું

હવે (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે-

## * ગાથા ૨૬૩-૨૬૪ : ટીકા ઉપરનું પ્રવચન *

'એ રીતે (-પૂર્વોક્ત રીતે) અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ....'

અહીં શું કહેવું છે? કે બીજાની હિંસા હું કરી શકું છું એવો જે અધ્યવસાય કરવામાં આવે છે તે બંધનું કારણ છે. અહીં અધ્યવસાય એટલે મિથ્યાદષ્ટિને જે એકત્વબુદ્ધિના પરિણામ હોય છે તેની વાત છે. મિથ્યાદષ્ટિનો એ અધ્યવસાય બંધનું કારણ છે.

ધર્મીને-સમકિતીને પરમાં એકત્વબુદ્ધિ નથી; છતાં હિંસા-અહિંસાદિના પરિણામ તો હોય છે, પણ એનો તે કર્તા નથી, સ્વામી નથી. તેથી એ પરિણામથી તેને જે બંધ થાય છે તેને અહીં ગૌણ ગણવામાં આવેલ છે.

બીજાને હું મારી-જિવાડી શકું છું એવો પરિણામ-અધ્યવસાય અહંકારયુક્ત મિથ્યાત્વ છે. એવો અધ્યવસાય ધર્મી જીવને નથી. છતાં એને અસ્થિરતાના કારણે (મારી શકું, જિવાડી શકું એમ નહિ) હિંસા-અહિંસાનો વિકલ્પ-પરિણામ થાય છે, પણ ત્યાં મેં હિંસા કરી કે મેં દયા પાળી-એમ તે માનતો નથી. હું તો નિમિત્તમાત્ર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છું એમ તે માને છે. તેથી એ અસ્થિરતાના પરિણામથી એને કિંચિત્ બંધ હોવા છતાં, એકત્વબુદ્ધિજનિત બંધ તેને નહિ હોવાથી, બંધ નથી એમ કહેવામાં આવે છે.

જ્ઞાનીને પરિપૂર્ણ અબંધદશા નથી એ અપેક્ષા લઈએ ત્યારે, જો કે એકત્વબુદ્ધિ નથી છતાં, જે અસ્થિરતાના પરિણામ છે તે પણ બંધનું કારણ છે એમ કહીએ. પરંતુ અજ્ઞાનીને એકત્વબુદ્ધિનો અધ્યવસાય જ મુખ્યપણે બંધનું કારણ છે એ અપેક્ષાએ જ્ઞાનીને જે કિંચિત્ અસ્થિરતાના કારણે બંધ થાય છે તેને ગૌણ ગણી તેને બંધ નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ...?

એમ જોઈએ તો 'અધ્યવસાય' શબ્દ ચાર રીતે વપરાય છેઃ-

૧. મિથ્યાશ્રદ્ધાનરૂપ સ્વ-પરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય તે બંધનું કારણ છે,

૨. પરમાં સુખ છે, પુણ્યથી ધર્મ છે, પાપમાં મઝા છે- ઈત્યાદિ સ્વ-પર સંબંધી મિથ્યાબુદ્ધિસહિત વિભાવભાવ તે અધ્યવસાય બંધનું કારણ છે.

૩. પરમાં એકત્વબુદ્ધિ ન હોય છતાં પરસન્મુખતાના જે વિભાવ પરિણામ જ્ઞાનીને થાય છે તે કિંચિત્ બંધનું કારણ છે. ત્યાં એકત્વબુદ્ધિજનિત અનંત સંસારના કારણરૂપ બંધ નથી તેથી એને ગૌણ ગણી બંધ ગણવામાં આવેલ નથી એ બીજી વાત છે, બાકી એ પરિણામ છે એ અપેક્ષાએ તે અધ્યવસાય બંધનું કારણ છે. અહીં તે ગૌણ છે.

૪. જે પરિણામમાં પ્રજ્ઞાછીણી વડે રાગ ને આત્માનો ભેદ કરીને શુદ્ધ ચૈતન્યસ્વભાવી આત્મામાં એકત્વ કર્યું છે એવા નિર્મળ પરિણામને પણ અધ્યવસાય કહે છે, તે અધ્યવસાય મોક્ષનું કારણ છે.

આ પ્રમાણે જ્યાં જે અર્થ થતો હોય ત્યાં યથાસ્થિત તે અર્થ કરવો જોઈએ અજ્ઞાનીને પરમાં એકતાબુદ્ધિપૂર્વક જે અધ્યવસાય છે તે બંધનું જ કારણ છે, જ્યારે જ્ઞાનીને પરની એકતાબુદ્ધિરહિત પરિણામ હોય છે તે મુખ્યપણે બંધનું કારણ નથી. ભાઈ! આવો મોટો ફેર છે. પોતાને મન ફાવે તેમ અર્થ કરે તે ન ચાલે. સમજાણું કાંઈ....?

એ તો આગળ આવી ગયું (બંધ અધિકારની શરૂઆતની ગાથાઓમાં) કે સમ્યગ્દ્રષ્ટિ ઉપયોગમાં રાગનું એકત્વ કરતો નથી માટે તેને બંધ નથી; અસ્થિરતાના પરિણામને ત્યાં ગણ્યા નથી. જ્યારે મિથ્યાદ્રષ્ટિ ઉપયોગમાં રાગને એક કરે છે. શું કીધું? કે મિથ્યાદ્રષ્ટિ, પોતે છે તો નિત્ય નિરંજન જ્ઞાનના નિર્મળ ઉપયોગસ્વરૂપ, પણ તે ઉપયોગભૂમિમાં રાગથી એકત્વ કરે છે અને માટે તે અધ્યવસાય તેને બંધનું જ કારણ થાય છે. તથા જે જ્ઞાનના પરિણામ ભગવાન જ્ઞાયકના ત્રિકાળી નિર્મળ ઉપયોગમાં એકત્વ કરે છે તે અધ્યવસાય મોક્ષનું કારણ બને છે. આવી વાત છે. જ્યાં જેમ હોય તેમ યોગ્ય સમજવું જોઈએ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહીં કહે છે-'એ રીતે અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ અસત્ય, અદત્ત, અબ્રહ્મચર્ય, અને પરિગ્રહમાં પણ જે (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પાપના બંધનું એકમાત્ર (-એકનું એક) કારણ છે.'

શું કીધું? જૂઠું બોલવાની ભાષા હું કરી શકું છું-એ અધ્યવસાય મિથ્યાત્વ છે, બંધનું જ કારણ છે. બોલવાપણે જે વચન છે તે તો ભાષાવર્ગણાનું કાર્ય છે. ભાઈ! તને જૂઠું બોલવાના અશુભ ભાવ થાય તે ભાવ અને જૂઠાં વચન સાથે તું એકત્વ કરે, તે ક્રિયામાં અહંકાર કરે તે મિથ્યા શલ્ય છે પ્રભુ! અને તે પાપબંધનું જ એકમાત્ર કારણ છે. આ કોઈ લોકો અમે જૂઠું બોલીને અમારાં કામ હોશિયારીથી પાર પાડીએ છીએ એમ નથી કહેતા? અહીં કહે છે- ભગવાન! એ તારું મિથ્યા શલ્ય છે અને તને અનંત સંસારનું કારણ છે. લ્યો, આવું! બિચારાઓને ખબર ન મળે અને ક્યાંય સંસારમાં રઝળી મરે.

તેવી રીતે અદત્તગ્રહણ-બીજાની ચીજ હું ચોરીને લઈ શકું છું એવો અધ્યવસાય પણ મિથ્યાત્વ છે ને પાપબંધનું કારણ છે. ભાઈ! અદત્તગ્રહણમાં થતી જડની ક્રિયામાં અને તને થતા ચોરીના અશુભભાવમાં અહંકાર કરે કે કેવી અમે સિફતથી ચોરી કરી? પણ એ અધ્યવસાય મહા પાપબંધનું કારણ છે એમ કહે છે.

તેવી રીતે અબ્રહ્મમાં વિષયનો-મૈથુનનો જે ભાવ છે તે અશુભભાવ છે. ત્યાં તે મૈથુનના અશુભભાવની અને શરીરની ક્રિયા જે મૈથુનની થાય તે હું કરી શકું છું એવો અધ્યવસાય મિથ્યાત્વભાવ છે. અહાહા....! ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાયકભાવમાત્ર બ્રહ્માનંદસ્વરૂપ છે; અને શરીર તો જડ ભિન્ન છે. ત્યાં વિષયસેવનમાં શરીરની ક્રિયા જે થાય તે હું કરું છું એમ માને તે મિથ્યાત્વ છે. તેનું ફળ અનંત સંસાર છે.

તેમ પરિગ્રહમાં હું વસ્ત્ર રાખી શકું છે, પૈસા રાખી શકું છું, પૈસા કમાઈ શકું છું, પૈસાની વ્યવસ્થા કરી શકું છું. સોનું-ચાંદી-જવાહરાત રાખી શકું છું. , શરીર, વાણી ઈત્યાદિ પરની ક્રિયા કરી શકું છું એવો જે પરના પરિગ્રહરૂપ એકત્વનો અધ્યવસાય છે તે મિથ્યાત્વ છે અને તે ચારગતિરૂપ સંસારમાં રખડવાનું કારણ છે.

આ પ્રમાણે અજ્ઞાનીને અસત્ય, અદત્ત, અબ્રહ્મ, અને પરિગ્રહમાં જે પરના એકત્વરૂપ અધ્યવસાય છે તે પાપબંધનું કારણ છે.

અહા! વીતરાગનો મારગ બહુ જાુદો છે ભાઈ! જે જ્ઞાનની પર્યાયનું પરિણમન એકલું પરસન્મુખપણે થાય તે મિથ્યાત્વસહિત હોવાથી મિથ્યાજ્ઞાન છે અને તે બંધનું-સંસારનું કારણ બને છે. જ્યારે જે જ્ઞાનનું પરિણમન ભગવાન જ્ઞાયકની સન્મુખ થઈને થાય તે સમ્યગ્જ્ઞાન છે અને તે મોક્ષનું કારણ છે. ત્યાં જ્ઞાનીને જરા ભૂમિકાયોગ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હિંસા, જૂઠ, અદત્ત, અબ્રહ્મ ને પરિગ્રહ સંબંધી કિંચિત્ અશુભ રાગ અસ્થિરતામાં થાય છે પણ તેમાં એ બધું હું કરી શકું છું એવા મિથ્યા અભિપ્રાયનો અનંતો રસ તેને તુટી ગયો હોય છે તેથી જે અલ્પ રસ સહિત બંધ પડે છે તેને અહીં ગણતરીમાં લીધો નથી, કેમકે તે નિર્જરી જવા ખાતે હોય છે.

એના અસ્થિરતાના પરિણામને મુખ્ય કરીને ગણીએ તો તેને એ પાપબંધનું કારણ છે, પણ તેને અહીં ગૌણ કરી, અજ્ઞાનીને જે પરમાં એકત્વબુદ્ધિસહિત અધ્યવસાય છે તેને જ પાપબંધનું એકમાત્ર કારણ ગણ્યું છે.

હવે બીજી વાત જરા ઝીણી. શું કહે છે? કે- 'અને જે અહિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ જે સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં પણ (અધ્યવસાય) કરવામાં આવે તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.

અહા! અહિંસામાં હું પરને જીવાડી શકું છું, બીજા જીવોની દયા પાળી શકું છું' એવો જે અધ્યવસાય છે તે મિથ્યાત્વ છે ને પુણ્યબંધનું કારણ છે. આવું લ્યો! ભાઈ! આ તો વીતરાગના કાયદા બાપુ!

અહાહા...! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા જેને એક સમયમાં સત્ય અને અસત્ય બધું જ્ઞાનમાં આવ્યું એ ભગવાનની વાણીમાં આ આવ્યું કે- પરની અહિંસા કરી શકું છું, એકેન્દ્રિયાદિ છ કાયના જીવોની દયા કરી શકું છું એવો અભિપ્રાય મિથ્યા છે અને તે પુણ્યબંધનું કારણ છે. ભાઈ! પુણ્યબંધનું કારણ કહ્યું માટે હરખાવા જેવું નથી હોં; કેમ કે પુણ્યને પાપ-બન્નેમાંય બંધનું કારણ તો અહંકારયુક્ત એક મિથ્યા અધ્યવસાય જ છે. તેથી પુણ્ય સારું-ભલું ને પાપ ખરાબ એમ ફેર ન પાડવો. બન્ને બંધની અપેક્ષાએ સમાન જ છે.

જેમ અહિંસામાં તેમ સત્યમાં- હું સત્ય બોલું છું, વા ભાષા સત્ય કરી શકું છું એવો અધ્યવસાય તે મિથ્યાત્વભાવ છે. અરે ભાઈ! જે ભાષા બોલાય તે તો જડ શબ્દવર્ગણાનું કાર્ય છે. તેને ચેતન કેમ કરે. ? તથાપિ હું (-ચેતન) આમ સત્ય વચન બોલી શકું છું, અને હું બોલું તો બોલાય ને ન બોલું તો ન બોલાય એમ જે માને છે તે મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. અહા! સત્ય બોલવાનો ભાવ અને ભાષાના જડ પરમાણુઓની ક્રિયા હું કરું છું એમ જે માને છે તે મિથ્યાત્વભાવ છે. ત્યાં સત્ય બોલવાના શુભભાવથી પુણ્યબંધ થાય છે પણ સાથે અનંત સંસારનું બીજ એવું મિથ્યાત્વ તો ઊભું જ છે.

તેમ દત્તમાં, દીધા વિના લેવું નહિ, દીધેલું લેવું-એવો અચૌર્યનો ભાવ તે શુભભાવ છે. ત્યાં એ શુભભાવનો હું સ્વામી છું, ને દીધેલી પર ચીજ હું લેવી હોય તો લઉં, ન લેવી હોય તો ન લઉં- એમ પરદ્રવ્યની ક્રિયાનો હું સ્વામી છું એવો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધ્યવસાય કરે તે મિથ્યાત્વભાવ છે. ભાઈ! પરદ્રવ્ય આવે તે એના કારણે ને ન આવે તે પણ એના કારણે; એમાં તારું કાંઈ કર્તવ્ય નથી, છતાં તે દીધેલું હું લઈ શકું છું આવો શુભ અધ્યવસાય પુણ્યબંધનું કારણ છે અને ભેગું મિથ્યાત્વ તો ઊભું જ છે.

તેમ બ્રહ્મચર્યમાં, 'હું શરીરથી બ્રહ્મચર્ય પાળી શકું છું' એવો અધ્યવસાય મિથ્યાત્વભાવ છે; એનાથી પુણ્યબંધન થાય છે. અહા! શરીર તો જડ ભિન્ન દ્રવ્ય છે. આને બ્રહ્મચર્ય પાળવાનો ભાવ થયો હોય ત્યાં શરીરની વિષયની ક્રિયા ન થઈ તો 'મેં ન કરી તો ન થઈ'- એમ જડની ક્રિયાનું કર્તાપણું માને તે અધ્યવસાય મિથ્યાત્વ છે; કેમકે શરીરની ક્રિયા જે સમયે જે થાય તે તો તેના રજકણો સ્વતંત્રપણે કરે છે. ત્યાં હું વિષય ન સેવું એવો ભાવ શુભભાવ છે તેથી પુણ્યબંધ થાય છે પણ સાથે મિથ્યાત્વ તો ઊભું જ છે.

તેવી રીતે અપરિગ્રહમાં, હું પરિગ્રહરહિત છું, વસ્ત્ર છોડીને નગ્ન થયો છું અને ઘરબાર સર્વ છોડયાં છે-એવો જે અપરિગ્રહનો અભિમાનયુક્ત અધ્યવસાય છે તે મિથ્યાત્વભાવ છે કેમકે પર વસ્તુના ગ્રહણ-ત્યાગ આત્મામાં ક્યાં છે? અરે ભાઈ! નગ્નપણું એ તો શરીરની જડની અવસ્થા છે. તેનું તું (-ચેતન) કેમ કરે? અને વસ્ત્રાદિ તારામાં કે દિ 'હતાં તે તેં છોડયાં? વાસ્તવમાં પરવસ્તુનાં ગ્રહણ-ત્યાગ પોતાને માને એ મિથ્યાત્વભાવ છે. પરવસ્તુને હું છોડું એવો અધ્યવસાય પુણ્યબંધનું કારણ થાય છે, પણ સાથે મિથ્યાત્વ તો ઊભું જ છે.

આ પ્રમાણે પાંચ અવ્રત છે તે પાપ છે અને પાંચ મહાવ્રત છે તે પુણ્ય છે; અને 'તે હું કરું' એવો જે અધ્યવસાય છે તે મિથ્યાત્વ છે અને તે પાપ ને પુણ્યબંધનું કારણ થાય છે. મહાવ્રતના પરિણામ પણ હું કરું એવી જે એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વસહિત પુણ્યબંધનું કારણ છે, પણ જરીય ધર્મ નથી. સમજાણું કાંઈ....?

કોઈ લોકો વળી કહે છે- શુભભાવમાં અશુભભાવની જેટલી નિવૃત્તિ છે તેટલો ધર્મ છે અને શુભનો ભાવ જેટલો છે તે પુણ્ય-બંધનું કારણ છે. આ શું કહે છે સમજાણું? એમ કે ભલે મિથ્યાત્વ હોય, પણ શુભભાવમાં જેટલી અશુભથી નિવૃત્તિ છે તેટલી સંવર નિર્જરા છે અને જે રાગ બાકી છે તે આસ્રવ છે. એક શુભભાવથી બેય થાય છે- પુણ્યબંધેય થાય છે ને સંવર-નિર્જરા થાય છે.

અરે ભાઈ! આ તો મહા વિપરીત વાત છે. અહીં આ ચોકખું તો છે કે- અહિંસાદિ મહાવ્રતમાં પર તરફના એકત્વબુદ્ધિના પરિણામ જે છે તે મિથ્યાત્વ છે; તે બધોય અધ્યવસાય પુણ્યબંધનું એકમાત્ર કારણ છે, જરીયે ધર્મનું (-સંવર નિર્જરાનું) કારણ નથી. અર્થાત્ મિથ્યાત્વસહિતનો જે શુભભાવ છે તે એકલા પુણ્ય-બંધનું કારણ છે, અને જરીય ધર્મનું (-સંવર-નિર્જરાનું) કારણ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## * ગાથા ૨૬૩-૨૬૪: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જેમ હિંસામાં અધ્યવસાય તે પાપબંધનું કારણ કહ્યું છે તેમ અસત્ય, અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ-તેમનામાં અધ્યવસાય તે પણ પાપબંધનું કારણ છે.'

જેમ 'હું પરને મારી શકું છું'- એવો અધ્યવસાય પાપબંધનું કારણ છે તેમ 'હું જૂઠું બોલી શકું છું,' પારકી ચીજ છીનવી શકું છું, દીધા વિના હું મારી તાકાતથી બીજાને લૂંટી શકું છું, વિષયસેવનાદિ કરી શકું છું, સ્ત્રીના શરીરને ભોગવી શકું છું તથા ધનાદિ સામગ્રીનો યથેષ્ટ સંગ્રહ કરી શકું છું-ઈત્યાદિ અસત્ય, અદત્ત, અબ્રહ્મ ને પરિગ્રહ સંબંધી જે અધ્યવસાય છે તે સઘળોય પાપબંધનું કારણ છે એમ કહે છે.

લ્યો, આમાં કોઈ વળી કહે છે- 'મેં કર્યું' એવું અભિમાન હોય તો એમાં પાપબંધ થાય પણ 'કરે'- એમાં એને બંધનું કારણ ન થાય, એમ કે 'કરી શકું છું' એમ માને એમાં પાપબંધ ન થાય. એમનું કહેવું છે કે 'કરી તો શકે છે' પણ કરે એનું અભિમાન ન કરવું.

અહા! આવડો મોટો ફેર! અહીં તો એમ કહે છે કે-'હું પરનું કરી શકું છું' એવો જે અભિપ્રાય છે તે જ મિથ્યાત્વનો અહંકાર છે, અથવા અહંકારરૂપ મિથ્યાત્વ છે. તારી માન્યતામાં બહુ ફેર ભાઈ! અરે! ભગવાનના વિરહ પડયા! કેવળી કોઈ રહ્યા નહિ, અવધિજ્ઞાન આદિ ઋદ્ધિનો અભાવ થઈ ગયો ને બાપના મૂઆ પછી 'બાપ આમ કહેતા હતા ને તેમ કહેતા હતા' એમ દીકરાઓ જેમ ખેંચતાણ કરી અંદર અંદર લડે તેમ આ દુષમ કાળમાં લોકો વાદ-વિવાદે ચઢયા છે, મન ફાવે તેમ ખેંચતાણ કરે છે.

હવે કહે છે-'વળી જેમ અહિંસામાં અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે તેમ સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-તેમનામાં અધ્યવસાય તે પણ પુણ્યબંધનું કારણ છે'

જેમ હું જીવદયા પાળું છું, પર જીવોની રક્ષા કરી શકું છું-એવો અધ્યવસાય પુણ્યબંધનું કારણ છે તેમ હું સત્ય બોલી શકું છું, સત્યની વ્યાખ્યા કરી શકું છું, બીજાને ઉપદેશ દઈ શકું છું એવો અધ્યવસાય પણ પુણ્યબંધનું કારણ છે, તેમ દત્તમાં એટલે દીધેલું લેવું તેમાં- આ હું દીધેલું લઉં છું, દીધા વિના ન લઉ એવો જે અહંકારયુક્ત અધ્યવસાય છે તે પુણ્યબંધનું કારણ છે, ભગવાન! તે દીધેલું લીધું એમ માને પણ પરદ્રવ્યને લેવું-દેવું- આત્મામાં છે ક્યાં? ભગવાન! તું એક જ્ઞાયકભાવ છે ને? એમાં 'મેં દીધેલું લીધું'- એનો ક્યાં અવકાશ છે? જગતની પ્રત્યેક ચીજ આવે જાય તે સ્વતંત્ર છે.

તેમ બ્રહ્મચર્યમાં- આ શરીર મેં બ્રહ્મચર્યમાં રાખ્યું છે એવો અધ્યવસાય પુણ્ય-

બંધનું કારણ છે. બાપુ! શરીરની ક્રિયા તો એના કારણે વિષયસેવનરૂપ નહોતી થવાની તે ન થઈ, એમાં તું માને કે મેં એ ક્રિયા કરી, વિષય સેવ્યો નહિ તો તે પરના કર્તાપણાનું તારું મિથ્યા અભિમાન છે, સમજાણું કાંઈ?

**પ્રશ્નઃ-** તો પછી અમારે ક્યાં ઊભવું? દયા પાળવી કે નહિ? બ્રહ્મચર્ય પાળવું કે નહિ?

**ઉત્તરઃ-** ભાઈ! તું જેમાં છો ત્યાં ઊભો રહે ને? જ્યાં નથી ત્યાં ઊભવાની ચેષ્ટા ક્યાં કરે છે? અહાહા....! અનંત અનંત જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ તું; એવા સ્વ-સ્વરૂપને છોડીને ક્યાં ઊભવું છે પ્રભુ! તું જેમાં ઊભવાનું માને છે એ તો રાગ છે. શું સત્ નામ સચ્ચિદાનંદમય પોતાના ભગવાનને છોડીને દુર્જન, દુષ્ટ, ઘાતક એવા રાગમાં ઊભવું ઠીક છે? બાપુ! તું શું કરે છે આ? (પરમાંથી ને રાગમાંથી પાછો વળ, સ્વરૂપમાં ઊભો રહે).

તેમ અપરિગ્રહમાં-આ લક્ષ્મી આદિ હું દાનમાં દઉં ઈત્યાદિ જે અધ્યવસાય છે તે પણ પુણ્યબંધનું કારણ છે. કોઈ તો વળી દાન આપે ને નામની તકતી ચોડાવે. અરે ભાઈ! દાનમાં રાગ (લોભ) મંદ કર્યો હોય તો પુણ્યબંધ થાય પણ તેમાં નામની તકતી ચોડાવવાનો ભાવ પાપભાવ છે અને 'હું દાન આપું છું' - એવો અહંકારયુક્ત અધ્યવસાય મિથ્યાત્વ છે. પૈસા કયાં એના છે તે આપે? લક્ષ્મી તો જડ છે. ને શું જડનો સ્વામી ચેતન થાય? જેમ ભેંસનો સ્વામી પાડો (એની જાતનો) હોય તેમ લક્ષ્મી આદિ જડનો સ્વામી જડ પુદ્ગલ જ હોય

અહા! જેમ આત્મા જગતની ચીજ છે તેમ પરમાણુ-જડ પણ જગતની બીજી ચીજ છે. હવે આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો-સ્વનો સ્વામી થાય કે જડ રજકણોનો-ધૂળનો સ્વામી થાય? અહાહા...! પોતાના દ્રવ્ય-ગુણ ને નિર્મળ પર્યાય તે આત્માનું સ્વ છે ને તેનો એ સ્વામી છે, પણ પરનો-બીજી ચીજનો કદીય સ્વામી નથી.

પણ આ બાયડી- છોકરાં તો મારાં ખરાં કે નહિ?

અરે! ત્રણકાળમાં એ તારાં નથી, જગતની બીજી ચીજ ત્રણકાળમાં તારી નથી, તારી ન થાય, બાપુ! તું એ બીજી જુદી ચીજનો સ્વામી છું એમ માને તે તારો મિથ્યા અભિપ્રાય છે અને તે તને અનંતાનંત સંસારનું કારણ છે. ભાઈ! બીજી ચીજને પોતાની કરવામાં (થાય નહિ હોં) તેં તારા અનંતા જ્ઞાતા-દ્દષ્ટાસ્વભાવનો અનાદર કર્યો છે. હું લક્ષ્મી દઈ શકું છું ને લઈ શકું છું એવી માન્યતામાં પ્રભુ! તેં તારા અનંત સ્વભાવનો ઘાત કર્યો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષમાર્ગ પ્રકાશકના ચોથા અધિકારમાં આવે છે કે- 'મિથ્યાદર્શન વડે આ જીવ કોઈ વેળા બાહ્ય સામગ્રીનો સંયોગ થતાં તેને પણ પોતાની માને છે. પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, હાથી, ઘોડા, મંદિર અને નોકર-ચાકર આદિ જે પોતાનાથી પ્રત્યક્ષ ભિન્ન છે, સદાકાળ પોતાને આધીન નથી-એમ પોતાને જણાય તોપણ તેમાં મમકાર કરે છે.' જુઓ, પ્રત્યક્ષ ભિન્ન ચીજમાં મમકાર, અહંકાર કરવો એ મિથ્યાદર્શન છે.

અહીં અપરિગ્રહમાં ધનાદિનું દાન કરવાનો ભાવ શુભભાવ છે, અને ત્યાં ધનાદિની જવાની ક્રિયા જે થાય છે તે તો પરની ક્રિયા છે છતાં તેને હું કરું છું ને તત્સંબંધી જે શુભભાવ છે તે પણ મારું કર્તવ્ય છે એમ જે અહંકાર ને મમકાર કરે છે તે પુણ્યબંધનું કારણ છે.

પં. શ્રી ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં શાસ્ત્રોનાં ગંભીર રહસ્યો ખોલ્યાં છે, બહુ ખુલાસા કર્યા છે. કોઈને તે સારા ન લાગે એટલે 'અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે' એમ કહે, પણ બાપુ! એ અત્યારે હાલશે, પણ અંદર તને નુકશાન થશે. મિથ્યા માન્યતાનાં ને અસત્ય સેવનનાં ફળ બહુ આકરાં છે ભાઈ! મિથ્યાત્વના ગર્ભમાં નર્ક-નિગોદનાં અતિ તીવ્ર દુઃખો પડેલાં છે; કેમકે મિથ્યાત્વ જ આસ્રવ અને બંધનું કારણ છે. મિથ્યા અધ્યવસાય એક જ અનંત સંસારનું કારણ છે એમ અહીં મુખ્યપણે વાત છે. એ જ કહે છે-

'આ રીતે પાંચ પાપોમાં (અવ્રતોમાં) અધ્યવસાય કરવામાં આવે છે તે પાપબંધનું કારણ છે અને પાંચ (એકદેશ કે સર્વદેશ) વ્રતોમાં અધ્યવસાય કરવામાં આવે છે તે પુણ્યબંધનું કારણ છે. પાપ અને પુણ્ય બંનેના બંધનમાં અધ્યવસાય જ એકમાત્ર બંધ-કારણ છે.'

અહીં એકદેશ એટલે શ્રાવકને પાંચ અણુવ્રતોમાં અને સર્વદેશ એટલે મુનિને પાંચ મહાવ્રતોમાં જે અધ્યવસાય કરવામાં આવે છે કે-એ રાગની ને પરની ક્રિયા મારી છે તે જ પુણ્યબંધનું કારણ છે. અહીં એકત્વબુદ્ધિની વાત લેવી છે ને? એટલે પાપ અને પુણ્ય બન્નેમાં બંધનમાં એકત્વબુદ્ધિ-અધ્યવસાય જ એકમાત્ર બંધનું કારણ છે.

[ પ્રવચન નં. ૩૧૮ * દિનાંક ૧૩-૨-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૨૬૫

**न च बाह्यवस्तु द्वितीयोऽपि बन्धहेतुरिति शङ्क्यम्-**

**वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होदि जीवाणं।**
**ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि।। २६५।।**

वस्तु प्रतीत्य यत्पुनरध्यवसानं तु भवति जीवानाम्।
न च वस्तुतस्तु बन्धोऽध्यवसानेन बन्धोऽस्ति।। २६५।।

વળી 'બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે' એવી શંકા ન કરવી. ('અધ્યવસાય તે બંધનું એક કારણ હશે અને બાહ્યવસ્તુ તે બંધનું બીજું કારણ હશે' એવી પણ શંકા કરવી યોગ્ય નથી; અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.) આવા અર્થની ગાથા હવે કહે છેઃ-

**જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,**
**પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ થાય છે. ૨૬૫.**

**ગાથાર્થઃ-** [ पुनः ] વળી, [ जीवानाम् ] જીવોને [ यत् ] જે [ अध्यवसानं तु ] અધ્યવસાન [ भवति ] થાય છે તે [ वस्तु ] વસ્તુને [ प्रतीत्य ] અવલંબીને થાય છે [ च तु ] તોપણ [ वस्तुतः ] વસ્તુથી [ न बन्धः ] બંધ નથી, [ अध्यवसानेन ] અધ્યવસાનથી જ [ बन्धः अस्ति ] બંધ છે.

**ટીકાઃ-** અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, કેમ કે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે (અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં જ બાહ્યવસ્તુનું કાર્ય ક્ષેત્ર પૂરું થાય છે, તે કાંઈ બંધનું કારણ થતી નથી). અહીં પ્રશ્ન થાય છે કે-જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો ('બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો' એમ) બાહ્યવસ્તુનો પ્રતિષેધ (નિષેધ) શા માટે કરવામાં આવે છે? તેનું **સમાધાનઃ-** અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે. અધ્યવસાનને બાહ્યવસ્તુ આશ્રયભૂત છે; બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી અર્થાત્ ઊપજતું નથી. જો બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્ય વસાન ઊપજતું હોય તો, જેમ આશ્રયભૂત એવા *વીરજનનીના પુત્રના સદ્ભાવમાં (કોઈને) એવો

---

* વીરજનની = શૂરવીરને જન્મ આપનારી; શૂરવીરની માતા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધ્યવસાય ઊપજે છે કે 'હું વીરજનનીના પુત્રને હણું છું' તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્ભાવમાં પણ (કોઈને) એવો અધ્યવસાય ઊપજે (-ઊપજવો જોઈએ) કે 'હું વંધ્યાપુત્રને (વાંઝણીના પુત્રને) હણું છું'. પરંતુ એવો અધ્યવસાય તો (કોઈને) ઊપજતો નથી. (જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં મારવાનો અધ્યવસાય ક્યાંથી ઊપજે?) માટે એવો નિયમ છે કે (બાહ્યવસ્તુરૂપ) આશ્રય વિના અધ્યવસાન હોતું નથી. અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે, કેમ કે કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે. (બાહ્યવસ્તુ અધ્યવસાનનું કારણ છે તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે). પરંતુ, જોકે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી; કેમ કે ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીંદ્રના પગ વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા કાળપ્રેરિત ઊડતા જીવડાની માફક, બાહ્યવસ્તુ-કે જે બંધના કારણનું કારણ છે તે-બંધનું કારણ નહિ થતી હોવાથી, બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં અનૈકાંતિક હેત્વાભાસપણું છે-વ્યભિચાર આવે છે. (આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને બંધનું કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી.) માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે તે બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.

**ભાવાર્થ:-** બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે; અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાનનું આલંબન છે-તેમને આલંબીને અધ્યવસાન ઊપજે છે, તેથી તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે. બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે. જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે. (કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે અને એવા કારણને વ્યભિચારી-અનૈકાંતિક-કારણાભાસ કહે છે.) કોઈ મુનિ ઈર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતા હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું વેગથી આવી પડીને મરી ગયું તો તેની હિંસા મુનિને લાગતી નથી. અહીં બાહ્ય દૃષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ, પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્યવસ્તુઓ વિષે પણ સમજવું. આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવતો હોવાથી બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્યવસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે જ.

*   *   *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સમયસાર ગાથા ૨૬૫ : મથાળું

વળી 'બાહ્ય વસ્તુ તે બીજાું પણ બંધનું કારણ હશે' એવી શંકા ન કરવી.

કોઈને એમ થાય કે-પરમાં એકપણાનો જે અધ્યવસાય તે બંધનું કારણ છે એમ કહ્યું, પણ સાથે બાહ્ય વસ્તુ જે એના સંબંધમાં છે તે પણ બંધનું કારણ છે કે નહિ? તો કહે છે-બાહ્યવસ્તુ તે બીજાું પણ બંધનું કારણ હશે એવી શંકા ન કરવી. અર્થાત્ અધ્યવસાય તે બંધનું એક કારણ હશે અને બાહ્ય વસ્તુ તે બીજાું પણ બંધનું કારણ હશે એમ શંકા કરવી યોગ્ય નથી. અધ્યવસાય જ એકમાત્ર બંધનું કારણ છે. શું કીધું? કે-મેં હિંસા કરી, મેં દયા પાળી, મેં ચોરી કરી, મેં ચોરી ના કરી, મેં બ્રહ્મચર્ય પાળ્યું, મેં બ્રહ્મચર્ય ના પાળ્યું-ઈત્યાદિ જે પર સાથેના એકપણાનો અધ્યવસાય છે તે એક જ બંધનું કારણ છે, પણ શરીરાદિ જે બાહ્યવસ્તુમાં ક્રિયા થાય તે બંધનું કારણ નથી. ઝીણી વાત છે ભાઈ! અનંતકાળમાં એને આ સાંભળવા મળ્યું નથી. અહીં કહે છે-

બંધનું કારણ જે (એકત્વબુદ્ધિનો) અધ્યવસાય તેને આશ્રય બાહ્યવસ્તુનો છે, પણ તે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. બાહ્યવસ્તુ અધ્યવસાયનું નિમિત્ત છે, પણ તે કાંઈ બંધનું કારણ નથી; બંધનું કારણ તો એક અધ્યવસાય જ છે.

આવા અર્થની હવે ગાથા કહે છેઃ-

## * ગાથા ૨૬૫ : ટીકા ઉપરનું પ્રવચન *

'અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, કેમકે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે.'

જાુઓ, શું કહ્યું? બાહ્યવસ્તુ અધ્યવસાનનો આશ્રય છે, જે અધ્યવસાય વિભાવના પરિણામ થયા તેનું નિમિત્ત બાહ્યવસ્તુ છે, તથાપિ તે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. આ શરીર, ઈન્દ્રિય, વાણી, ધન, લક્ષ્મી, સ્ત્રી-પરિવાર આદિ પરવસ્તુ-બાહ્યવસ્તુ છે; તેના આશ્રયે નિમિત્તે આને જે મમતાનો ભાવ-અધ્યવસાન થાય તે જ બંધનું કારણ છે, પણ એ બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, શરીરાદિની ક્રિયા બંધનું કારણ નથી. ગજબ વાત છે પ્રભુ!

શું કહે છે? કે આ શરીર, ધન, લક્ષ્મી ઈત્યાદિ 'આ બધું મારું છે' એવી જે મમતાબુદ્ધિનો ભાવ છે તે જ બંધનું કારણ છે, ધનાદિ બાહ્ય વસ્તુ નહિ. નહિતર તો જેને ઝાઝી લક્ષ્મી હોય તેને તે ઝાઝા-વધારે બંધનું કારણ થાય અને થોડી લક્ષ્મી હોય તેને તે થોડા બંધનું કારણ થાય. પણ એમ હોતું નથી. કોઈ દરિદ્રી હોય પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અંદર મમતાથી ખૂબ તૃષ્ણાવાન હોય તો તેને વિશેષ ઝાઝો પાપબંધ થાય, અને કોઈ સંપત્તિ-વૈભવશીલ હોય પણ અંદરમાં મમતારહિત હોય તો તેને અતિ અલ્પ બંધ થાય. જુઓ, ચક્રવર્તી સમ્યગ્દષ્ટિ હોય તેને છ ખંડની સંપત્તિનો વૈભવ છે, પણ તેને અલ્પ બંધ છે, કેમકે તેને રાગમાં ને બાહ્યવૈભવમાં ક્યાંય મમતા નથી. રાગ નથી. આ પ્રમાણે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, પણ તેમાં એકત્વનો અધ્યવસાય જ બંધનું કારણ છે.

અહા! અધ્યવસાન જ બંધનું કારણ છે, બાહ્યવસ્તુ નહિ, કેમ? 'કેમકે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે.' શું કહે છે? કે બંધનું કારણ જે અધ્યવસાન તેનું બાહ્યવસ્તુ નિમિત્તકારણ છે. બાહ્યવસ્તુની ચરિતાર્થતા-સાર્થકતા બસ આટલી જ છે કે તે બંધનું કારણ જે અધ્યવસાય તેનું તે કાળે તે નિમિત્ત થાય છે. અહાહા.....! અધ્યવસાયનું બાહ્ય નિમિત્ત થવામાં જ બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પુરું થાય છે, એથી વિશેષ કાંઈ નહિ. મતલબ કે બાહ્યવસ્તુ અધ્યવસાયમાં ફક્ત નિમિત્ત કારણ છે, બસ એટલું જ; બાકી એ કાંઈ બંધનું કારણ થતી નથી.

ભાઈ! આ શરીર, સ્ત્રી-કુટુંબ-પરિવાર, ધન-લક્ષ્મી ઈત્યાદિ એ કોઈ બંધનું કારણ નથી; પરંતુ એમાં જે એકત્વનો મોહ-અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે અને તે સ્ત્રી-કુટુંબ, ધન, આદિ બાહ્ય પદાર્થો તો તે અધ્યવસાયનું નિમિત્તમાત્ર છે, બસ. નિમિત્ત હોં, ઉપાદાન નહિ. ઉપાદાન તો એમાં પોતાનું પોતામાં છે. અહાહા...! આ જે ઈન્દ્રને ઈન્દ્રાસનો છે, અપાર વૈભવ છે, કરોડો અપ્સરાઓ છે, અસંખ્ય દેવો છે એ બધાં કાંઈ એને બંધનું કારણ નથી એમ કહે છે, કેમકે એ તો બાહ્યવસ્તુ છે.

અધ્યવસાયમાં બાહ્યવસ્તુ નિમિત્ત હો, પણ નિમિત્ત છે માટે અધ્યવસાય થાય છે એમ નથી. બાહ્યવસ્તુ-નિમિત્ત આને અધ્યવસાય કરાવી દે છે એમ નથી. બાહ્યવસ્તુનું કાર્યપણું માત્ર આટલું જ છે કે અધ્યવસાનમાં તે અધ્યવસાન કાળે તેને આશ્રયભૂત થાય છે, પણ તે બાહ્ય પદાર્થ છે તે કાંઈ આનામાં અધ્યવસાન કરી દે છે એમ નથી, તથા તે બંધનું કારણ થાય છે એમેય નથી ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો મારગ છે. એની એક એક વાતમાં ન્યાય ભર્યા છે. ભાઈ! આ સમજવું પડશે હોં.

અરે આ સમજ્યા વિના એણે અનંતકાળ મોટા દુઃખના ડુંગરા વેઠયા છે. અહા! માતાના પેટમાં એ ચોવીસ-ચોવીસ વર્ષ રહ્યો, એકવાર બાર વર્ષ ને બીજીવાર બાર વર્ષ; અહા! ઊંધે માથે લટકતો, આગળથી મોં બંધ, આંખો બંધ, નાકનાં નસકોરાં બંધ-એવી શરીરની સ્થિતિએ અંદર અત્યંત સંકોચાઈને દુઃખભરી સ્થિતિમાં એ રહ્યો. અહા! એ દુઃખની શી વાત! બાપુ! એ પરમાં એકત્વબુદ્ધિનો મોહ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી બાહ્ય શરીરના સંયોગો થયા જ કરશે, અહા! એને નરક-

નિગોદનાં શરીરો, રોગવાળાં શરીરો મળ્યા જ કરશે અને ફરી પાછો એ પોતે સંયોગમાં એકપણું પામીને એ દુઃખી થયા જ કરશે.

ભાઈ! અહીં આચાર્યદેવ એ દુઃખનું બંધનનું કારણ સમજાવે છે. કહે છે- બંધનું કારણ શરીરાદિ બાહ્યવસ્તુ નથી પણ એના આશ્રયે આને ઉત્પન્ન થતો એના એકપણાનો મોહ નામ અધ્યવસાય જ બંધનું કારણ છે. ભાઈ! અહીં આચાર્યદેવ જગતના પર પદાર્થોથી ભેદજ્ઞાન કરાવે છે. એમ કે તારો ભાવ-અધ્યવસાય જે છે તે તને નુકશાનકર્તા છે, સામી ચીજ નહિ. તારો અધ્યવસાય કાઢી નાખ, સામી ચીજ તો જગતમાં જેમ છે તેમ છે, તે તને નુકશાન કરતી નથી. (લાભેય કરતી નથી).

હિંસામાં, શરીરનું બળી જવું, શરીરાદિ પ્રાણનું વિખરાઈ જવું ઈત્યાદિ બાહ્ય ક્રિયા આના (-જીવના) પરિણામમાં નિમિત્ત છે; ત્યાં એ પરિણામ બંધનું કારણ છે, પણ એ શરીરની ક્રિયા બંધનું કારણ નથી. તેમ શરીરથી વિષયની ક્રિયા થાય એ ક્રિયા બંધનું કારણ નથી, પણ હું શરીરથી વિષય સેવન કરું એવો આને જે અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે. એ અધ્યવસાયને શરીરની ક્રિયા આશ્રયભૂત-નિમિત્તભૂત છે, પણ એ શરીરની ક્રિયા બંધનું કારણ નથી. શરીર તો જડ પરવસ્તુ છે. એ જડની ક્રિયા આને બંધનનું કારણ કેમ થાય? ન થાય, તેમ 'હું જૂઠું બોલું' એવો જે અસત્યમાં અધ્યવસાય છે તે જ પાપબંધનું કારણ છે. જૂઠું બોલવાના અધ્યવસાયને ભાષાવર્ગણાના નિમિત્ત હો, પણ એનાથી પાપબંધ નથી. અહીં તો આ સિદ્ધાંત છે કે-આ હું (પરનું) કરું છું, અને 'એમાં મને મઝા છે' ઈત્યાદિ જે મિથ્યાભાવ છે એ જ બંધનું કારણ થાય છે, બાહ્યવસ્તુ કે બાહ્યવસ્તુની ક્રિયા નહિ.

અહાહા....! આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ જ્ઞાનાનંદનો દરિયો સદા સ્વાધીન છે. પણ અજ્ઞાનીએ અનાદિથી એને ભ્રાંતિવશ પરાધીન માન્યો છે. એણે શરીર, ઈન્દ્રિય, વાણી, સ્ત્રી-પુત્ર, લક્ષ્મી ઈત્યાદિ વડે પોતાનું સુખ માન્યું છે. તે કહે છે- મને શરીર વિના ચાલે નહિ, ઈન્દ્રિયો વિના ચાલે નહિં, સ્ત્રી વિના ચાલે નહિ, પૈસા-લક્ષ્મી વિના ચાલે નહિ. અરે ભાઈ! આવો પરાધીન ભાવ જ તને બંધનનું કારણ છે, કેમકે એ પરાધીન ભાવ જ તારી સ્વાધીનતાને હણે છે, પ્રગટ થવા દેતો નથી. બાહ્ય પદાર્થો તો જેમ છે તેમ છે, તારી પરાધીનતાને ખંખેરી નાખ.

જુઓ, અધ્યવસાનને આશ્રયભૂત-નિમિત્તભૂત બાહ્યવસ્તુ-સ્ત્રી-પુત્ર, તન, ધન- ઈત્યાદિ છે ખરી, પણ એ કાંઈ બંધનું કારણ નથી. બાહ્યવસ્તુના કાર્યક્ષેત્રની મર્યાદા બંધનું કારણ જે અધ્યવસાન તેને નિમિત્ત હોવા પૂરતી જ છે. મારવા જિવાડવા આદિના અધ્યવસાયમાં બાહ્યવસ્તુ નિમિત્ત છે બસ એટલું જ એનું કાર્યક્ષેત્ર છે, પણ બંધના કાર્યમાં એ નિમિત્તરૂપ કારણ પણ નથી, અહીં તો આ ચોકખી વાત ઉપાડી

છે કે-બાહ્યવસ્તુ અધ્યવસાનને નિમિત્ત છે, પણ એ પરવસ્તુ બંધનું કારણ નથી. કોઈએ માઠા પરિણામ કર્યા કે શુભ પરિણામ કર્યા, ત્યાં એ પરિણામ એને બંધનું કારણ છે, પણ એ પરિણામ જેના આશ્રયે-નિમિત્તે થયા તે બાહ્ય ચીજ બંધનું કારણ નથી. તે બાહ્ય ચીજનું કાર્યક્ષેત્ર એ અધ્યવસાયને-પરિણામને નિમિત્ત હોવામાં જ પુરું થઈ જાય છે. આવી વાત છે!

હવે કહે છે-'અહીં પ્રશ્ન થાય છે કે-જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો (બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો; ત્યાગ કરો-એમ) બાહ્યવસ્તુનો પ્રતિષેધ (નિષેધ) શા માટે કરવામાં આવે છે?

અહાહા....! શિષ્ય પૂછે છે કે-જો અધ્યવસાય એક જ બંધનું કારણ છે અને બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, આ શરીરની ક્રિયા, સ્ત્રી-કુટુંબ પરિવાર, ધનાદિ સામગ્રી બંધનું કારણ નથી તો સ્ત્રી-પુત્ર પરિવાર છોડો, ઘર છોડો, ધનાદિ છોડો એમ ઉપદેશ કરવામાં આવે છે તેનું શું કારણ છે?

સ્ત્રીનો સંગ ન કરો, વ્યભિચારી પુરુષોનો પ્રસંગ ન કરો, કંદમૂળનું સેવન ન કરો, રાત્રિભોજન ન કરો ઈત્યાદિ પરવસ્તુનો આપ નિષેધ કરો છો અને વળી પરવસ્તુ બંધનું કારણ નથી એમ પણ કહો છો તો એ પરવસ્તુનો નિષેધ ભગવાન! આપ શા કારણથી કરો છો?

'**તેનું સમાધાન:** અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે.'

શું કીધું? કે પર જીવોને મારું-જિવાડું, પરની સાથે વ્યભિચાર કરું ઈત્યાદિ એવો જે અધ્યવસાય-એકત્વપણાનો મોહ છે તેનો નિષેધ કરવા માટે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે. અહા! અંદર અભિપ્રાયમાં જે વિપરીત ભાવ છે એના નિષેધ અર્થે બાહ્યવસ્તુનો નિષેધ કરાવ્યો છે. અહાહા....! કોઈને બહારમાં પરિગ્રહના ઢગલા હોય, હીરા, માણેક, મોતી, જવાહરાત, સ્ત્રી-પુત્ર, રાજસંપત્તિ ઈત્યાદિ ઢગલાબંધ હોય; ત્યાં એ બાહ્ય ચીજો બંધનું કારણ નથી એ તો સત્ય જ છે, પણ એમના તરફના આશ્રયવાળો મમતાનો જે વિપરીત અભિપ્રાય છે તે બંધનું જ કારણ છે તેથી તે મોહયુક્ત વિપરીતભાવના નિષેધ અર્થે બાહ્યવસ્તુનો નિષેધ કહેવામાં આવ્યો છે. અહા! અહીં કહે છે-અમે જે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરીએ છીએ એ તો એના આશ્રયભૂત જે મિથ્યાભાવ છે, મિથ્યા અધ્યવસાન છે તેનો નિષેધ કરવા કરીએ છીએ. સમજાણું કાંઈ...?

'અધ્યવસાનને બાહ્યવસ્તુ આશ્રયભૂત છે; બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી અર્થાત્ ઉપજતું નથી.'

જોયું? જે કાંઈ વિભાવના પરિણામ થાય છે એ પરિણામને બાહ્યવસ્તુ નિમિત્ત છે. એ (વિભાવના) પરિણામ બાહ્યવસ્તુના (પરદ્રવ્યના) આશ્રયે ઉત્પન્ન થાય છે. અહાહા...! જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્વિકાર નિર્મળ ધર્મના પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે છતાં એ સ્વદ્રવ્ય (ત્રિકાળી ચૈતન્ય મહાપ્રભુ) છે તે મોક્ષનું કારણ નથી, (કેમકે મોક્ષનું કારણ તો શુદ્ધ રત્નત્રયના પરિણામ છે, હા, શુદ્ધ રત્નત્રયના પરિણામને, સંવર-નિર્જરાના પરિણામને આશ્રય સ્વદ્રવ્યનો છે એ ખરું) તેમ હિંસા, જૂઠ, ચોરી, કુશીલ તથા પરિગ્રહના અશુભ પરિણામ વા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહના શુભ પરિણામ પરદ્રવ્યના આશ્રયે થાય છે છતાં એ પરદ્રવ્ય છે તે બંધનું કારણ નથી; પણ એમાં જે પોતાનો મિથ્યા અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે. ભાઈ! એ શુભાશુભ પરિણામ સઘળા પરદ્રવ્યના આશ્રયે જ ઉત્પન્ન થાય છે, તોપણ એ પરદ્રવ્ય બંધનું કારણ નથી.

ત્યારે લલચાઈ જવાય એવા સ્થાનોમાં ન જવું, રૂપાળી ચીજ હોય તેનો પ્રસંગ ન કરવો જેથી ત્યાં ખેંચાઈ જવાય એમ ઉપદેશમાં આવે છે ને?

તો કહે છે-ત્યાં ખેંચાઈ જવાનો ભાવ તો જીવ પોતે કરે છે, એમાં એ પરચીજ તો નિમિત્તમાત્ર છે; એ ભાવ કાંઈ નિમિત્તે કરાવ્યો છે એમ નથી. તેથી એ પરચીજથી બંધ નથી. તોપણ પરચીજનું લક્ષ છોડાવવા પર ચીજ છોડો, પરચીજનો પ્રસંગ ન કરો એમ ઉપદેશમાં આવે છે.

પ્રવચનસારમાં (જ્ઞાન અધિકાર, ગાથા ૬૭માં) આવે છે કે-'વિષયો અકિંચિત્કર છે.' પાંચ ઈન્દ્રિયના વિષયો જીવને રાગરૂપ વિભાવના પરિણામ કરાવતા નથી, પણ જીવ પોતે જ વિષયો પ્રતિ રાગાદિરૂપ પરિણમે છે. જીવ પોતે જે રાગાદિ પરિણામ કરે એમાં એ પરચીજનું આશ્રયપણું ભલે હો, પણ તે પરિણામ પરચીજના કરાવ્યા થાય છે એમ નથી. અહા! તે રાગાદિ પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે થતા નથી, પણ પરદ્રવ્યના આશ્રયે જ થાય છે. પરંતુ પરદ્રવ્ય બંધનું કારણ નથી છતાં પરદ્રવ્યનો આશ્રય-લક્ષ છોડાવવા પરદ્રવ્યથી પ્રસંગ ન કરો એમ ઉપદેશમાં આવે છે.

અહા! અધ્યવસાય છોડાવવા પરને છોડાવે છે, પણ પરને છોડાવવા અધ્યવસાય છોડાવે છે એમ નથી. પરચીજ તો છૂટી જ છે, એને ક્યાં છોડવાની છે? પરને છોડો એમ કહ્યું ત્યાં પરના આશ્રયે થતા અધ્યવસાયને છોડવાની વાત છે. સમજાણું કાંઈ...? ભાઈ! આમાં તો એનું લક્ષ જે પર ઉપર છે તે પલટીને લક્ષ સ્વ ઉપર જાય બસ આટલી વાત છે. ૧૧ મી ગાથામાં भूदत्थमस्सिदो खलु...' એમ આવે છે ને? તેનો અર્થ પણ એ છે કે ભૂતાર્થ નામ સ્વદ્રવ્યના આશ્રયે-લક્ષે જીવ સમ્યગ્દષ્ટિ થાય છે.

પણ સ્વદ્રવ્યનું લક્ષ ન કરે તો?

સ્વદ્રવ્યનું લક્ષ ન કરે તો ખલાસ; એને પરદ્રવ્યના લક્ષે વિભાવરૂપ મિથ્યા અધ્યવસાય જ થાય; અને એથી બંધન જ થાય. આવી સીધી વાત છે.

અહાહા...! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ એકલા આનંદનું દળ છે. પોતે એના પર લક્ષ કરે તો મોક્ષના પરિણામ થાય. છતાં એ ત્રિકાળી દ્રવ્ય મોક્ષના પરિણામ કરાવતું નથી. નિશ્ચયથી મોક્ષના પરિણામનું (ત્રિકાળી ધ્રુવ) દ્રવ્ય દાતા નથી. અહાહા....! શુદ્ધરત્નત્રયરૂપ જે મોક્ષનો માર્ગ તે મોક્ષમાર્ગની પર્યાયનું લક્ષ (ત્રિકાળી) દ્રવ્ય ઉપર છે, પણ દ્રવ્ય એ પર્યાયનો દાતા નથી. મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. તો કોણ છે? એ પર્યાય પોતે જ પોતાનો કર્તા છે.

**પ્રશ્નઃ-** પર્યાય આવે છે તો દ્રવ્યમાંથી ને?

**ઉત્તરઃ-** દ્રવ્યમાંથી આવે છે એમ કહેવું એ વ્યવહાર છે; બાકી પર્યાય થાય છે તે પોતે પોતાના કારણથી (પોતાના ષટ્કારકપણે) થાય છે. જો દ્રવ્યથી થાય તો એકસરખી પર્યાય થવી જોઈએ, પણ એમ તો થતું નથી માટે ખરેખર પર્યાય પર્યાયથી પોતાથી થાય છે. પર્યાયમાં થોડી શુદ્ધિ, વધારે શુદ્ધિ, એથીય વધારે શુદ્ધિ એવી તારતમ્યતા આવે છે તે પર્યાયના પોતાના કારણે આવે છે. હા એટલું છે કે એ (-શુદ્ધ) પર્યાયનો આશ્રય સ્વદ્રવ્ય છે.

તેવી રીતે હિંસા, જૂઠ, ચોરી આદિ તથા ભક્તિ, દયા, દાન, વ્રત, પૂજા આદિ અશુભ કે શુભભાવમાં પણ જે મંદતા-તીવ્રતારૂપ તારતમ્યતા (વિષમતા) આવે છે એ પણ પર્યાયના પોતાના કારણે આવે છે, પરના કારણે નહિ; પણ એ ભાવ થવામાં સામી પરચીજનો આશ્રય અવશ્ય હોય છે. અધ્યવસાયને પરવસ્તુનો આશ્રય નિયમથી હોય છે.

**પ્રશ્નઃ-** બાહ્યવસ્તુ વર્તમાન વિદ્યમાન ન હોય તોપણ પરિણામ (-અધ્યવસાય) તો થાય છે?

**ઉત્તરઃ-** ભાઈ! પરિણામ (-અધ્યવસાય) થાય એને બાહ્યવસ્તુનો આશ્રય તો અવશ્ય હોય છે, પણ તે બાહ્યવસ્તુ વર્તમાન વિદ્યમાન જ હોય કે સમીપ જ હોય એવો નિયમ નથી. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકમાં (ચોથા અધિકારમાં) આવે છે કે- 'પાપી જીવોને તીવ્ર મોહ હોવાથી બાહ્ય કારણો ન હોવા છતાં પણ તેમના સંકલ્પ વડે જ રાગદ્વેષ થાય છે.' મતલબ કે ભલે બાહ્યવસ્તુ તત્કાલ હાજર ન હોય, સમીપ ન હોય, તોપણ મનમાં તેની કલ્પના કરીને વિભાવના પરિણામ અજ્ઞાની કરે છે. આ

પ્રમાણે રાગાદિ અધ્યવસાય જે થાય તેને બાહ્યવસ્તુનો આશ્રય હોય જ છે. જો કે બાહ્યવસ્તુ એ અધ્યવસાય ઉત્પન્ન કરી દે છે એમ નહિ, તોપણ અજ્ઞાનીને જે હિંસા–અહિંસાદિના અધ્યવસાય થાય છે તે બાહ્યવસ્તુના આશ્રયે જ થાય છે. (થાય છે પોતાથી સ્વતંત્ર).

અહાહા...! આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ અંદર ભગવાન પોતે છે. પણ અજ્ઞાનીને તેનું લક્ષ નથી. અજ્ઞાનીનું લક્ષ બાહ્યવસ્તુ પર છે. બાહ્યવસ્તુના લક્ષે–આશ્રયે પરિણમતા તેને હિંસા–અહિંસાદિના અધ્યવસાય ઉત્પન્ન થાય છે. અહીં કહે છે–તે અધ્યવસાય જ એને બંધનું કારણ છે પણ બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. એ પરવસ્તુ બંધનું કારણ જે અધ્યવસાય તેનું કારણ નામ નિમિત્ત છે, પણ તે બંધનું કારણ નથી. શ્રી જયસેનાચાર્યની ટીકામાં એને પરંપરાકારણ લખ્યું છે; એનો અર્થ જ એ કે એ સાક્ષાત્–સીધું કારણ નથી, કારણનું કારણ–નિમિત્ત છે. આવી યથાર્થ વસ્તુસ્થિતિ જેમ છે તેમ અહીં સિદ્ધ કરી છે. એમાં ગરબડ ચાલે નહિ. પરિણામથી–અધ્યવસાયથીય બંધ થાય ને બાહ્યવસ્તુથીય બંધ થાય એમ માને તે વિપરીતદ્રષ્ટિ છે એમ કહે છે.

'અધ્યવસાનને બાહ્યવસ્તુ આશ્રયભૂત છે; બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી અર્થાત્ ઉપજતું નથી.' લ્યો, આમાં ન્યાય મૂકયો છે. એમ કહે છે કે–જેમ સ્વના આશ્રય વિના નિર્મળ નિર્વિકારી પરિણામ કદીય ત્રણકાળમાં થાય નહિ તેમ પરના–બાહ્યવસ્તુના આશ્રય વિના બંધના પરિણામ થતા નથી. આ ન્યાય છે ભાઈ! આગળ બંધ અધિકારમાં (ગાથા ૨૩૭–૨૪૧ ની ટીકામાં) આવી ગયું ને કે–'માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે જે ઉપયોગમાં રાગાદિકરણ તે બંધનું કારણ છે.' અહાહા...! વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન પવિત્રતાનો પિંડ પ્રભુ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યના ઉપયોગમય છે. તેમાં ક્ષણિક વિકૃત દશાને–રાગાદિને જોડી બેને એક કરી નાખવા એ બંધનું કારણ છે. અહીં પણ આ જ સિદ્ધ કરવું છે.

હવે કહે છે–'જો બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્યવસાન ઉપજતું હોય તો, જેમ આશ્રયભૂત એવા વીરજનનીના પુત્રના સદ્ભાવમાં (કોઈને) એવો અધ્યવસાય ઉપજે છે કે–"હું વીરજનનીના પુત્રને હણું છું" તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્ભાવમાં પણ (કોઈને) એવો અધ્યવસાય ઉપજે (–ઉપજવો જોઈએ) કે "હું વંધ્યાપુત્રને (વાંઝણીના પુત્રને) હણું છું. પરંતુ એવો અધ્યવસાય તો (કોઈને) ઉપજતો નથી."

જુઓ, અહીં દ્રષ્ટાંત આપીને સિદ્ધાંત સિદ્ધ કરે છે. શું કહે છે? કે જો આશ્રય વિના પરિણામ થાય તો શૂરવીર માતાના શૂરવીર પુત્રના આશ્રયે જેમ અધ્યવસાય ઉપજે છે કે 'હું એને હણું છું' તેમ જેનું કદી હોવાપણું જ નથી એવા વંધ્યાપુત્રના આશ્રયે

પણ 'હું વંધ્યાસુતને હણું છું' એવો અધ્યવસાય ઉપજવો જોઈએ. પણ એવો અધ્યવસાય સંભવિત જ નથી, કેમકે વંધ્યાને પુત્ર જ ન હોય તો 'હું એને હણું છું' એવો અધ્યવસાય પણ ક્યાંથી ઉપજે? ન ઉપજે. જુઓ, અહીં અધ્યવસાયને બાહ્યવસ્તુનો આશ્રય સિદ્ધ કરે છે. એમ કે 'વીરજનનીના પુત્રને હણું છું' એવો અધ્યવસાય તો થાય કેમકે વીરજનનીના પુત્રની હયાતી છે; પણ 'હું વંધ્યાપુત્રને હણું છું' એવો અધ્યવસાય ઉપજે? ન ઉપજે, કેમકે વંધ્યાપુત્રનું હોવાપણું જ નથી ત્યાં એને હણવાનો અધ્યવસાય ક્યાંથી ઉપજે? (કોઈ રીતે ન ઉપજે). હવે સિદ્ધાંત કહે છે કે-

'માટે એવો નિયમ છે કે (બાહ્યવસ્તુરૂપ) આશ્રય વિના અધ્યવસાન હોતું નથી.'

આ અંદર આસ્રવ-બંધના જે પરિણામ થાય છે તે પરના આશ્રય વિના થતા નથી એમ કહે છે. શું કહ્યું? કે બાહ્યવસ્તુનો આશ્રય પામ્યા વિના મોહ-રાગ-દ્વેષરૂપ અધ્યવસાન ઉપજતું નથી. ઝીણી વાત ભાઈ! એ બાહ્યવસ્તુની હયાતી છે એનાથી અધ્યવસાન થાય છે એમ નહિ, પણ પરવસ્તુનો આશ્રય પામ્યા વિના અધ્યવસાન ઉપજતું નથી એમ વાત છે. (બેમાં બહુ ફરક છે). હવે કહે છે-

'અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે, કેમકે કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે.'

બાહ્યવસ્તુ અધ્યવસાનને આશ્રયભૂત છે. તેથી અધ્યવસાનનો ત્યાગ કરાવવા અર્થે બાહ્યવસ્તુનો ત્યાગ કહેવામાં આવ્યો છે. આમાંથી કોઈ લોકો એમ કાઢે છે કે-જુઓ, બાહ્યનો ત્યાગ કરે ત્યારે એના પરિણામ સારા (નિર્મળ) થાય; પણ એ બરાબર નથી, એમ છે નહિ. અહીં તો 'બહારની વસ્તુનો ત્યાગ કરો', 'એનો પ્રસંગ કરો' એમ કહીને તેના આશ્રયે ઉપજતા અધ્યવસાનનો ત્યાગ કરાવવો છે. અહા! એને પરનો આશ્રય છોડાવીને સ્વના આશ્રયમાં લઈ જવો છે. હવે કોઈ સ્વનો આશ્રય તો કરે નહિ અને બહારથી સ્ત્રી-કુટુંબ, ઘરબાર, વસ્ત્ર આદિનો ત્યાગ કરી દે તો તે શું કામ આવે? કાંઈ જ નહિ; કેમકે પરાશ્રય તો એને ઊભો જ છે, પરના આશ્રયે જન્મતા મિથ્યા અધ્યવસાય તો ઊભા જ છે.

અહા! જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે થાય તેમ વિકારના પરિણામ પરદ્રવ્યના આશ્રયે થાય છે. અહા! કેવી સીધી સ્પષ્ટ વાત!

તોપણ કોઈ લોકો કહે છે-વ્યવહારરત્નત્રયના પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટે છે.

અરે પ્રભુ! તું શું કહે છે આ? વ્યવહારરત્નત્રયના પરિણામ જે છે તેનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આશ્રય તો વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર છે. એ તો પરવસ્તુ છે અને તેના આશ્રયે થતો શુભભાવ પુણ્યબંધનું કારણ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પુણ્યબંધનાં કારણ નથી પણ તેના આશ્રયે થતો શુભભાવ-વ્યવહારરત્નત્રયના પરિણામ-પુણ્યબંધનું કારણ છે. જ્યારે નિશ્ચયરત્નત્રયના-ધર્મના પરિણામને તો ત્રિકાળી એક જ્ઞાયકવસ્તુનો આશ્રય હોય છે. ૧૧ મી ગાથામાં આવ્યું ને કે-

'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'

સમ્યગ્દર્શનમાં તો ભૂતાર્થ જે અખંડ એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ આત્મા તે એક જ આશ્રય કરવા યોગ્ય છે. અહા! ધર્મને ત્રિકાળી એક સત્યાર્થ ચિદાનંદઘન પ્રભુ આત્માનો જ આશ્રય હોય છે. (વ્યવહારરત્નત્રયનો નહિ).

અહાહા.....! જેમ મોક્ષના પરિણામ અખંડ એક ત્રિકાળી ધ્રુવ વિજ્ઞાનઘન પ્રભુ આત્માના આશ્રયે થાય છે તેમ બંધના-વિકારના પરિણામ-હિંસા જૂઠ આદિના ને દયા, દાન, ભક્તિ આદિના પરિણામ-પરદ્રવ્યના આશ્રયે થાય છે. આ ભગવાનની ભક્તિ-પૂજાનો શુભભાવ થાય તો તેને આશ્રય ભગવાનના બિંબનો-જિનબિંબનો હોય છે. ત્યાં જિનબિંબ બંધનું કારણ નથી, બંધનું કારણ તો એનો શુભભાવ છે. અહીં મિથ્યાત્વસહિતની વાત છે. જુઓ, કોઈ દસ-વીસ લાખ ખર્ચીને મંદિર બનાવે અને એમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરાવે. હવે એમાં મંદિર આદિ બને એ તો પરની ક્રિયા છે અને એને જે શુભભાવ થયો તેને એ મંદિરનો પરચીજનો આશ્રય છે, તોપણ એ મંદિરના કારણે એને શુભભાવ થયો છે એમ નથી, તથા એ શુભભાવ બાહ્યવસ્તુ જે મંદિર એના આશ્રય વિના થયો છે એમ પણ નથી; વળી એ શુભભાવ જેના આશ્રયે થયા છે એ મંદિર એને પુણ્યબંધનું કારણ નથી પણ શુભભાવ જ બંધનું કારણ છે.

અહા! આવો વીતરાગનો મારગ! સમજવો કઠણ પડે, પણ ધીમે ધીમે સમજવો ભાઈ! અહા! આવી યથાર્થ સમજણ જ્યાં નથી અર્થાત્ જ્યાં જૂઠી-વિપરીત સમજણ છે ત્યાં ગમે તેટલાં દયા, દાન, વ્રત, ભક્તિ કરે એ સર્વ બંધનું જ કારણ છે; એમાં ધર્મનું કોઈ કારણ નથી. અહા! બંધના કારણરૂપ આને ભાવ છે, પણ ભાવનો આશ્રય (બાહ્યવસ્તુ) એ બંધનું કારણ નથી. છતાં એ ભાવ બાહ્ય આશ્રય વિના થતા નથી. (પરદ્રવ્યના) આશ્રય વિના પરિણામ (વિભાવ) થતા નથી માટે આશ્રયભૂત વસ્તુ બંધનું કારણ છે એમ નથી; અને આશ્રય વિના પરિણામ થતા નથી માટે આશ્રયભૂત વસ્તુથી પરિણામ થાય છે એમેય નથી. અહો! આ તો ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માએ કહેલા તત્ત્વને સિદ્ધ કરવાની કોઈ અલૌકિક યુક્તિ-ન્યાયનો માર્ગ છે!

ધર્મીને સ્વદ્રવ્યનો આશ્રય વર્તે છે. તેની મુખ્યતામાં કિંચિત્ પરદ્રવ્યના આશ્રયે થતા પરિણામને ગૌણ કરી દીધા છે. અહીં એકત્વબુદ્ધિ લેવી છે ને? જેણે સ્વદ્રવ્યમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એકત્વ કરીને સ્વદ્રવ્યના આશ્રયે (નિર્મળ રત્નત્રયના) પરિણામ પ્રગટ કર્યા એને પરદ્રવ્યના આશ્રયે પરિણામ થતા જ નથી અર્થાત્ એ પરિણામ જ નથી એમ કહે છે. અને આમ જે 'હું પરનું કરું છું' એમ પરમાં એકત્વ કરીને પરિણમે છે તેને મોક્ષમાર્ગના પરિણામ નથી. એ તો દૃષ્ટાંતથી સિદ્ધ કર્યું ને કે આશ્રયભૂત વસ્તુ વિના પરિણામ થાય એમ બનતું નથી. (જેને સ્વદ્રવ્યનો આશ્રય છે તેને પરદ્રવ્યનો આશ્રય નથી તેથી તેને વિભાવના પરિણામ થતા નથી, અને જેને પરદ્રવ્યનો આશ્રય છે તેને સ્વદ્રવ્યનો આશ્રય નથી તેથી તેને મોક્ષમાર્ગના પરિણામ થતા નથી). આશ્રય વિના પરિણામ હોઈ શકે નહિ; અહીં એકત્વબુદ્ધિના પરિણામની મુખ્યતાથી વાત છે.

અહા! આવો વીતરાગનો મારગ! બિચારાને અભ્યાસ ન મળે એટલે અંધારે અથડાય. જુઓને! દુનિયાના લૌકિક પાપના અભ્યાસમાં કેટકેટલો વખત ગાળે? પચ્ચીસ-પચ્ચીસ વર્ષ સુધી પાપના લૌકિક ભણતર ભણે અને એમાં મરી જાય તો થઈ રહ્યું. લ્યો, અમેરિકામાં જઈને ભણે, નેવું ટકા માર્કે પાસ થાય, એને હોંશે ને હરખનો પાર ન મળે. લોકો ત્યાં એને સન્માન આપે. સવારે દેશમાં જવું હોય ત્યાં રાત્રે સૂઈ જાય તે સૂઈ જ જાય, મરી જાય; બિચારો ક્યાંય કાગડે-કૂતરે જાય. જુઓ આ લૌકિક ભણ્યા-ગણ્યાનો સરવાળો! ભાઈ! એ લૌકિક ભણતર સંસારમાં રઝળવા સિવાય બીજા કાંઈ ખપમાં ન આવે.

જ્યારે આ (-તત્ત્વનું) ભણ્યા-ગણ્યાનો સરવાળો તો કેવળજ્ઞાન આવે. અહાહા.....! જેણે આ આત્માને ભણીને ગણતરીમાં લીધો છે, 'હું નથી' એમ જે હતું તે 'હું છું' એમ જેણે અસ્તિમાં લીધો છે તેને ગણતરીમાં સરવાળે કેવળજ્ઞાન આવે છે. બીજા છ દ્રવ્યોને જેમ ગણે છે તેમ 'હું એ છયે દ્રવ્યોથી જુદો અનંત અનંત શાન્તિનો સાગર એક વિજ્ઞાનઘનસ્વભાવપણે અંદર વિરાજમાન છું' એવી અંતર-પ્રતીતિ વડે પોતાને ગણે તે એને સરવાળે મોક્ષ લાવે છે. અહાહા....! સ્વસ્વરૂપમાં એકત્વના પરિણામ એને મોક્ષનું કારણ થાય છે. ધર્મીને નિશ્ચયથી તો એક સ્વની સાથે જ એકત્વબુદ્ધિના પરિણામ છે; પર સાથે તેને એકત્વ છે જ નહિ. તેથી અમથા સાધારણ (અસ્થિરતાના) પરિણામ હોય તેને અહીં ગૌણ કરી દીધા છે. અહો! દિગંબર સંતોએ અપાર કરુણા કરીને જગતના ભવ્ય જીવોને શું ન્યાલ કરી દીધા છે! અહો! શું કરુણા! ને શું શાસ્ત્ર!!

કહે છે-'માટે એવો નિયમ છે કે બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાય હોતું નથી.' જેમ વંધ્યાને પુત્ર નથી તો એને હણવાનું અધ્યવસાય હોતું નથી તેમ પરના આશ્રય વિના કોઈપણ બંધના (-વિકારી) પરિણામ થતા નથી. વિકારી પરિણામનો આશ્રય પર છે અને નિર્વિકારી નિર્મળ પરિણામનો આશ્રય સ્વ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તેથી, વિકારી પરિણામના (-શુભભાવના) આશ્રયે નિર્વિકારી (-શુદ્ધ) પરિણામ થાય એમ કદી બને નહિ; તેમજ નિર્વિકારી શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુના આશ્રયે જે પરિણામ થાય એમાં વિકારી પરિણામ થાય એમ બને નહિ.

ત્યારે કોઈ લોકો કહે છે-મોક્ષમાર્ગ છે એ બંધનું કારણ છે ને મોક્ષનું કારણ પણ છે અને બંધમાર્ગ છે તે બંધનું કારણ છે ને મોક્ષનું કારણ પણ છે-આવો અનેકાન્ત છે.

અરે ભાઈ! તું શું કહે છે આ? બાપુ! તને વસ્તુના સ્વરૂપની ખબર નથી. જેને સ્વસ્વરૂપ શુદ્ધ વિજ્ઞાનઘનવસ્તુમાં એકત્વ સહિત સ્વનો આશ્રય છે તેને મોક્ષમાર્ગ છે, પણ તેને પરમાં એકત્વના પરિણામ નથી તેથી બંધ નથી; તથા જેને પરના એકત્વપૂર્વક પરાશ્રયના પરિણામ છે તેને બંધમાર્ગ છે, પણ તેને સ્વના એકત્વના પરિણામ નથી તેથી મોક્ષનું કારણ બનતું નથી. આ પ્રમાણે મોક્ષમાર્ગ મોક્ષનું કારણ છે પણ કિંચિત્ બંધનું નહિ તથા બંધમાર્ગ બંધરૂપ જ છે પણ તેમાં કિંચિત્ મોક્ષનું કારણ નથી. આનું નામ જ સમ્યક્ અનેકાન્ત છે. બાપુ! તું કહે છે એ તો અનેકાન્ત નથી પણ ફુદડીવાદ છે, સંશયવાદ છે.

ભાઈ! વંધ્યાપુત્રના આશ્રયે જેમ 'હું વંધ્યાપુત્રને હણું' એવો અધ્યવસાય હોય નહિ તેમ પરવસ્તુના આશ્રય વિના વિકારના બંધરૂપ પરિણામ થતા નથી અને સ્વદ્રવ્યના આશ્રય વિના મોક્ષમાર્ગના પરિણામ બનતા નથી. લ્યો, આમ સ્વ અને પર એમ બેયથી આ સિદ્ધ થાય છે.

વેદાંતની જેમ બધું થઈને એક જ છે એમ માને તો સ્વ અને પર એમ સિદ્ધ થાય નહિ. મોક્ષમાર્ગનો ઉદ્યમ કરવો એવો ઉપદેશ તો ત્યારે જ બની શકે કે જો એને વર્તમાનમાં પરના આશ્રયભૂત બંધમાર્ગ હોય. એમાં સ્વ ને પર બન્ને સિદ્ધ થઈ ગયાં. તથા પરનો આશ્રય છોડીને સ્વનો આશ્રય કરવો એમ ઉપદેશ આવતાં સ્વઆત્મતત્ત્વ પરથી ભિન્ન પણ સિદ્ધ થઈ ગયું. અરે બાપુ! આ તો વીતરાગનો અલૌકિક માર્ગ છે! એને વેદાંતાદિ બીજા કોઈ સાથે મેળ ખાય એમ નથી. જુઓ, બંધમાર્ગમાં બીજી બાહ્યવસ્તુ છે ને એના પરિણામ બાહ્યવસ્તુના આશ્રયે સિદ્ધ કર્યા. અહા! જેમ પોતે છે તેમ પોતાથી ભિન્ન બીજી ચીજ છે, અને તેના આશ્રયે એને બંધમાર્ગ છે. પણ બીજી ચીજના આશ્રયના અભાવમાં એને બંધ થાય એમ છે નહિ. અને સ્વના આશ્રયના અભાવમાં એને મોક્ષમાર્ગ થાય એમ પણ છે નહિ. આવી જ વસ્તુસ્થિતિ છે. સમજાણું કાંઈ...?

ભાઈ! તારે ધર્મ કરવો છે ને? તો સ્વદ્રવ્ય-પરમાત્મદ્રવ્ય પોતે છે એના આશ્રયે ધર્મ થશે. અહા! સ્વદ્રવ્ય કેવું છે, કેટલું છે, કેવડું છે- એ બધું સમજવું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પડશે અને સમજીને તેનો આશ્રય કરવો પડશે, એ વિના બીજી કોઈ રીતે ધર્મ નહિ થાય. અહો! લોકોનાં પરમ ભાગ્ય છે કે ભગવાનનો વિરહ પડયો પણ આ વાણી રહી ગઈ. અહાહા...! સંતોએ શું કામ કર્યું છે!

કહે છે-આ ટીકા છે તે મેં (અમૃતચંદ્રે) કરી નથી, ટીકા તો શબ્દોથી થઈ છે. અને એ કાળમાં આ જે ટીકાનો વિકલ્પ ઉઠયો છે તે પણ મારી ચીજ નથી. એમાં એકત્વબુદ્ધિ નથી ને? તો કહે છે કે પરના આશ્રયે નીપજેલા પરિણામ મારા નથી, કેમકે હું તો સ્વરૂપગુપ્ત છું, સ્વના આશ્રયમાં છું. અહાહા...! જુઓ તો ખરા! કેવી સંતોની નિર્માન દશા!

ત્યારે કોઈ વળી કહે છે- એ તો આચાર્યે પોતાની લઘુતા બતાવવા એમ કહ્યું છે.

પણ ભાઈ! એમ નથી હોં. વાસ્તવમાં આત્મા ટીકા (પરદ્રવ્યની ક્રિયા) કરી શકતો જ નથી; તથા પરના આશ્રયે વિકલ્પ થાય તેનો કર્તા-સ્વામી ધર્મી પુરુષ થાય જ નહિ. આ સત્ય વાત છે ને તે જેમ છે તેમ આચાર્યદેવે કહી છે, એકલી લઘુતા બતાવવા માટે કહ્યું છે એમ નથી. અહા! માર્દવગુણના માલિક પરની ક્રિયાના કર્તા કેમ થાય? ત્યાં કળશટીકામાં 'અભિમાન કરતા નથી' એમ લખાણ છે તેનો અર્થ જ એ છે કે કર્તાપણાનું અભિમાન નથી. 'કરી શકું છું' પણ લઘુતા બતાવવા અભિમાન કરતો નથી એમ અર્થ નથી. (પરનું) 'કરી શકતો જ નથી' એમ બતાવવા 'અભિમાન કરતા નથી' એમ કહ્યું છે.

અરે! તારી જ્ઞાનાનંદની લક્ષ્મી તને લક્ષમાં ન આવે અને પરચીજના લક્ષમાં તું દોરાઈ જાય છે તો શું થાય? તે વડે તને બંધ જ થાય, સંસાર જ મળે. ચાહે તો પૂજા-ભક્તિના ભાવ હો, પણ તેમાં એકત્વબુદ્ધિના પરિણામથી બંધ જ થાય. એકત્વબુદ્ધિરહિત ભક્તિ-પૂજાના ભાવ હોય તે અસ્થિરતાના પરિણામની મુખ્યતાથી જોઈએ તો તે ભાવ પણ (અલ્પ) બંધનું કારણ છે. ધર્મીને એવા પરસન્મુખતાના પરિણામ થાય છે પણ તેમાં એકત્વબુદ્ધિ નથી તેથી તે નિર્જરાનું કારણ છે એમ કહ્યું છે. ધર્મીને સ્વના આશ્રયનું જોર છે તેથી પરના આશ્રયે થયેલા પરિણામ (નિઃસંતાન) છૂટી જવા માટે છે એ અપેક્ષાએ તેને નિર્જરાનું કારણ કહ્યું છે. આમાં તો ઘણા બધા ન્યાય ભર્યા છે.

અહીં પરનો આશ્રય અને સ્વનો આશ્રય એમ બે વાત છે. તેમાં પરના આશ્રયે જે એકત્વબુદ્ધિથી પરિણામ થાય તેને બંધ કહ્યો, બંધનું કારણ કહ્યું. અને સ્વ-ભાવ અંદર જે શુદ્ધ ચૈતન્યરસ-જ્ઞાનાનંદરસથી પરિપૂર્ણ એવું ધ્રુવ તત્ત્વ એના આશ્રયે મોક્ષ કહ્યો, મોક્ષનું કારણ કહ્યું. અહીં આ બે ચોખ્ખા ભાગ પાડવા છે કે સ્વના આશ્રયે મોક્ષ ને પરના આશ્રયે બંધ. વળી ત્યાં પરચીજ છે તે બંધનું કારણ નથી અને

સ્વવસ્તુ ત્રિકાળી આત્મા છે તે મોક્ષનું કારણ નથી એમ વિશેષ કહે છે. પરાશ્રિત અને સ્વાશ્રિત જે પરિણામ છે તે પરિણામ જ અનુક્રમે બંધ-મોક્ષનું કારણ છે.

દ્રવ્ય-ત્રિકાળી ધ્રુવ વસ્તુ એ મોક્ષનું કારણ નથી. એ ત્રિકાળી ધ્રુવ ઉપાદાન વ્યવહાર છે.

તો કોઈ વળી કહે છે-દ્રવ્ય ત્રિકાળી ઉપાદાન છે તેમાં અનેક પ્રકારની યોગ્યતાઓ છે, અને જે સમયે જેવું નિમિત્ત આવે તેવી પર્યાય એમાં થાય છે. (એમ કે નિમિત્ત અનુસાર દ્રવ્ય-યોગ્યતા પરિણમી જાય છે.)

પણ ભાઈ! આ વાત બરાબર નથી; કેમકે દ્રવ્ય તો વ્યવહાર ઉપાદાનકારણ છે, નિશ્ચય ઉપાદાન તો વર્તમાન પર્યાય છે. વસ્તુના ઉપાદાનના બે ભેદ કહ્યા છે. અષ્ટસહસ્ત્રીના ૫૮ મા શ્લોકની ટીકા પૃ. ૨૧૦ નો આધાર ચિદ્વિલાસમાં 'કારણ-કાર્યભાવ અધિકાર'માં પૃ. ૩૬માં આપેલ છે કે-પરિણામ ક્ષણિક ઉપાદાન છે અને ગુણ (-શક્તિ) શાશ્વત (ધ્રુવ) ઉપાદાન છે. ધ્રુવને ઉપાદાન કહ્યું એ તો એની શક્તિ છે તે વ્યવહાર સિદ્ધ કર્યો, પણ પ્રગટ પર્યાયમાં જે નિર્મળ દશા પ્રગટ થાય તે ક્ષણિક ઉપાદાન-વર્તમાન ઉપાદાન છે તે યથાર્થ નિશ્ચય છે. તે ક્ષણિક ઉપાદાન અર્થાત્ વર્તમાન પર્યાયની તે સમયે યોગ્યતા જે હોય તે જ પ્રમાણે પર્યાય-કાર્ય થાય. વર્તમાન પર્યાય નિમિત્તના આધારે તો નહિ પણ દ્રવ્યના ત્રિકાળી ધ્રુવ ઉપાદાનના આધારે પણ થતી નથી.

આ વાત દૃષ્ટાંતથી જોઈએ-

જેમકે પરમાણુમાં તીખાશ થવાની ત્રિકાળી યોગ્યતા-શક્તિ છે તે ત્રિકાળી ઉપાદાન છે; પણ એ તો વ્યવહાર બાપુ! લીંડીપીપરના પરમાણુમાં તીખાશ છે તે વર્તમાન ઉપાદાને પ્રગટ છે. એ વર્તમાન યોગ્યતા તે નિશ્ચય છે. પરમાણુમાં ત્રિકાળ યોગ્યતા તો છે, પણ તે પથ્થર વગેરેના પરમાણુમાં વર્તમાન તીખાશ પ્રગટ થવાનું કારણ છે? નથી. લીંડીપીપરના પરમાણુને તે છે. તેથી જેની વર્તમાન પર્યાયમાં તીખા રસની શક્તિ પ્રગટ છે તે ક્ષણિક ઉપાદાનને જ ખરેખર નિશ્ચય ઉપાદાનકારણ કહેવાય છે.

અહીં કહે છે-બંધનું કારણ જે અધ્યવસાન તેના પ્રતિષેધ અર્થે અધ્યવસાનને આશ્રયભૂત બાહ્યવસ્તુનો પ્રતિષેધ છે, કેમકે કારણના પ્રતિષેધથી કાર્યનો પ્રતિષેધ થાય છે.

મિથ્યાત્વના પરિણામ એ કાર્ય અને એનું કારણ (-નિમિત્ત) આશ્રયભૂત પરવસ્તુ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર આદિ,-એને અહીં છોડવાનું કહ્યું, કેમકે મિથ્યાત્વના પરિણામ એના આશ્રયે થાય છે. મિથ્યાત્વને છોડાવવા એના આશ્રયભૂત પદાર્થોને છોડવાનું કહ્યું છે. એ પદાર્થો બંધનું કારણ છે એમ નહિ, બંધનું કારણ તો મિથ્યાત્વ જ છે, પણ એ મિથ્યાત્વના પરિણામ એ પદાર્થોના આશ્રયે ઉપજે છે. માટે બાહ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પદાર્થોનો નિષેધ કરાવી એ મિથ્યાત્વના પરિણામનો નિષેધ કરાવ્યો છે એમ સમજવું. માત્ર બાહ્યપદાર્થનો નિષેધ છે એમ ન સમજવું. પરિણામનો નિષેધ કરાવવા બાહ્યવસ્તુનો નિષેધ કર્યો છે. એમ તો બહારનો ત્યાગ અનંતવાર કર્યો, પણ એથી શું? બાહ્યવસ્તુ ક્યાં બંધનું કારણ છે? મિથ્યાત્વ ઊભું રહ્યું તો સંસાર ઊભો જ રહ્યો. સમજાણું કાંઈ....?

જુઓ, એક જણે પ્રશ્ન પૂછયો હતો કે- કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા એ મિથ્યાત્વ છે. તેમ સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધા (-રાગ) પણ મિથ્યાત્વ છે?

ત્યારે કહ્યું-ના, એમ નથી. સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ તો શુભરાગ છે, એ મિથ્યાત્વ નથી. એવો ભાવ તો જ્ઞાનીને પણ હોય છે; પરંતુ એ શુભરાગમાં કોઈ ધર્મ માને તો તે માન્યતા મિથ્યાત્વ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જે રાગ છે એને ધર્મ માને તે મિથ્યાત્વ છે.

'હું બીજાને જિવાડું-મારું' ઇત્યાદિ એવો જે અધ્યવસાય-મિથ્યા પરિણામ છે તે જ બંધનું કારણ છે. ત્યાં બીજો જીવ મર્યો કે જીવ્યો એ કાંઈ આને બંધનું કારણ નથી. તો પછી એ બાહ્ય વસ્તુનો નિષેધ કેમ કર્યો. તો કહે છે-'હું મારું-જિવાડું' ઈત્યાદિ મિથ્યા અધ્યવસાનના નિષેધ અર્થે બાહ્યવસ્તુનો નિષેધ કર્યો છે, કેમકે બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન ઉપજતું નથી. લ્યો, આમાં ન્યાય સમજાય છે કાંઈ...?

**પ્રશ્નઃ-** તો અમારે બન્નેનો ત્યાગ કરવો કે એકનો?

**ઉત્તરઃ-** એ તો કહ્યું ને કે- મિથ્યા અધ્યવસાનને છોડાવવા બાહ્યવસ્તુનો સંગ છોડો એમ કહ્યું છે. ભાઈ! બાહ્યનો ત્યાગ કરો એમ કહીને મિથ્યા અધ્યવસાયને છોડાવવું છે. સમજાય છે કાંઈ....?

આ બધા વાણિયા સંસારના ખૂબ ચતુર-ડાહ્યા હોય છે. બધા મજૂરની જેમ મજૂરી કરે પણ ન્યાય ને તર્કથી વસ્તુ શું છે એ નક્કી કરવાની દરકાર ન કરે. અહીં આચાર્ય મહારાજ એમ કહે છે કે-'હું વેપાર કરું' એવો જે અભિપ્રાય તે વેપારની ક્રિયા કરી શકતો નથી, કેમકે વેપારની ક્રિયા પોતાનાથી ભિન્ન પરચીજની ક્રિયા છે. એટલે એનો પરનો કર્તાપણાનો અભિપ્રાય મિથ્યા હોવાથી એને બંધનું કારણ છે. એ અભિપ્રાયનો આશ્રય પરચીજ છે. તેથી એ મિથ્યા અભિપ્રાયના નિષેધ અર્થે પરચીજનું લક્ષ છોડાવવા પરચીજનો નિષેધ કર્યો છે. આ લોજીકથી-ન્યાયથી તો વાત છે. ભગવાન સર્વજ્ઞનો માર્ગ ન્યાયપ્રાપ્ત છે, એને ન્યાયથી સમજવો જોઈએ.

જુઓ, એવો નિયમ છે કે બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન હોતું નથી, અને તેથી અધ્યવસાનને આશ્રયભૂત એવી બાહ્યવસ્તુનો અત્યંત પ્રતિષેધ છે; કેમકે કારણના નિષેધથી અર્થાત્ અધ્યવસાનના આશ્રયભૂત જે બાહ્યવસ્તુના નિષેધથી કાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નામ અધ્યવસાનનો નિષેધ થાય છે. જેમકે 'બીજાને જિવાડું' એવો જે અધ્યવસાય તે અધ્યવસાયનું કારણ-આશ્રય જે પરજીવ તે પરજીવના સંગના નિષેધથી કાર્યભૂત અધ્યવસાનનો નિષેધ થાય છે. આવી વાત છે!

શ્રોતા-આ તો બહુ અટપટું લાગે છે.

બાપુ! સમજાય એવું તો છે. ન સમજાય એમ કેમ હોય? ફરીને લઈએ:

જુઓ, જે ભાવ એમ થયો કે-'આને જિવાડું, બચાવું, આહારાદિ આપું' તે ભાવ-અભિપ્રાય જિવાડવા ને આહારાદિ આપવાની ક્રિયા કરી શકતો નથી તેથી તે મિથ્યા છે અને બંધનું કારણ છે. તેથી તે અભિપ્રાય નિષેધવા યોગ્ય છે. હવે તે અભિપ્રાયમાં પરવસ્તુ-પરજીવ આશ્રય-લક્ષ-નિમિત્ત છે. તો કહે છે તે મિથ્યા અભિપ્રાયનો આશ્રય-કારણ જે પર જીવ છે તેનો નિષેધ થઈ જતાં કાર્યભૂત અધ્યવસાનનો નિષેધ થાય છે, કેમકે આશ્રયભૂત પરવસ્તુના અભાવમાં અધ્યવસાન ઉપજતું નથી. તેથી બંધના પરિણામના નિષેધ અર્થે બાહ્યવસ્તુનો નિષેધ કરવામાં આવ્યો છે. સમજાણું કાંઈ....?

સ્ત્રીનો સંગ ન કરો એમ જે કહેવામાં આવે છે એ સ્ત્રીના લક્ષે જે પરિણામ થાય છે તે પરિણામનો નિષેધ કરવા માટે કહેવામાં આવે છે. સ્ત્રી તો પરવસ્તુ છે; એ કાંઈ બંધનું કારણ નથી. બંધનું કારણ તો સ્ત્રીના લક્ષે, 'હું આમ વિષય સેવું' એમ જે, મિથ્યા અધ્યવસાય થાય છે તે છે. અહીં કહે છે કે એ મિથ્યા અધ્યવસાયના નિષેધ અર્થે બાહ્યવસ્તુનો-સ્ત્રી આદિનો નિષેધ કરવામાં આવે છે, કેમકે બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન ઉપજતું નથી. બહુ ઝીણી વાત ભાઈ! એણે કદી ન્યાયથી વિચાર્યું નથી; ઉપયોગને વસ્તુના સ્વરૂપ ભણી લઈ ગયો નથી. અહાહા.....! ન્યાયમાં 'નિ' ધાતુ છે ને? એટલે જે રીતે વસ્તુ છે તે રીતે જ્ઞાનને તેમાં દોરી જવું એનું નામ ન્યાય છે.

અહીં કહે છે-ભગવાન! તું એકવાર સાંભળ. કે 'હું આ પૈસા બીજાને દઉં, દાન કરું' એવો તારો જે અભિપ્રાય છે તે મિથ્યા છે. કેમ? કેમકે તે અભિપ્રાય પૈસા દેવાની ક્રિયા કરી શકતો નથી. અહા! એ પૈસાના-જડના ખસવાના પરિણામ તો જે કાળે જેમ થવા યોગ્ય હોય તેમ તે કાળે એના પોતાના કારણે થાય છે; અને તું માને છે કે 'હું દઉં છું'; તેથી તારો એ મિથ્યા અધ્યવસાય છે અને તે બંધનું કારણ છે. આ મિથ્યા અધ્યવસાયને પરવસ્તુ જે પૈસા તે આશ્રયભૂત છે. હવે અહીં કહે છે કે-અધ્યવસાયનું કારણ-આશ્રય જે પરવસ્તુ-પૈસા તેનો નિષેધ થતાં, તેના તરફનું વલણ નિવૃત થતાં કાર્યભૂત જે મિથ્યા અધ્યવસાય તેનો નિષેધ થાય છે, કેમકે પરવસ્તુના આશ્રય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિના અધ્યવસાય ઉપજતો નથી. આ પ્રમાણે કારણના નિષેધથી કાર્યનો નિષેધ થાય છે. ધીમે ધીમે પણ સમજવું ભાઈ!

આ બંધ અધિકારમાં તો પહેલેથી જ ન્યાયથી ઉપાડયું છે કે -જુઓ, જગતમાં કર્મના રજકણો ઠસાઠસ છે માટે આત્મા બંધાય છે એમ નથી, નહિતર સિદ્ધને પણ બંધ થાય. તેમ મન-વચન-કાયાના યોગની ક્રિયા થાય માટે આત્મા બંધાય છે એમ નથી; જો એમ હોય તો ભગવાન કેવળીને (યથાખ્યાત સંયમીને) પણ બંધ થાય. તેમ પાંચ ઈન્દ્રિયોની ક્રિયા પણ બંધનું કારણ નથી, જો એમ હોય તો ભગવાન કેવળીને પણ બંધ થાય. તેમ ચેતન-અચેતનનો ઘાત પણ બંધનું કારણ નથી, જો એમ હોય તો સમિતિરૂપે પ્રવર્તનારા મુનિવરોને પણ બંધનો પ્રસંગ આવે. આ પ્રમાણે પર વસ્તુ બંધનું કારણ નથી. તો બંધનું કારણ શું છે? તો કહે છે-ઉપયોગમાં જે રાગાદિ કરે છે તે એક જ બંધનું કારણ છે. અહાહા...! એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ આત્મા એના જ્ઞાનસ્વભાવમાં ક્ષણિક વર્તમાન વિકારના-રાગાદિના પરિણામને એક કરે તે મિથ્યાત્વ બંધનું કારણ છે.

શું કહે છે? કે ભગવાન આત્મા ચિદાનંદઘન પ્રભુ અખંડ એક જ્ઞાયકભાવમય ત્રિકાળ જ્ઞાનના ઉપયોગરૂપ છે. તેના વર્તમાન વર્તતા જ્ઞાનના ઉપયોગમાં પુણ્ય-પાપરૂપ રાગાદિને, દયા, દાન આદિના વિકલ્પને જોડી દે-એક કરે તે મિથ્યાત્વભાવ છે અને તે જ સંસારનું-બંધનું કારણ છે. ભાઈ! તારો આત્મસ્વભાવ, ભગવાન જ્ઞાનસ્વભાવ એ બંધનું કારણ નથી, તેમ પરવસ્તુ પણ બંધનું કારણ નથી. ફક્ત સ્વ-સ્વરૂપના પરિણામમાં પરને એક કરવું તે મિથ્યાત્વ જ બંધનું કારણ છે. આવી વ્યાખ્યા છે બાપુ! અહા! આ તો જિનવાણી માતા-લોકમાતા ભાઈ!

બનારસી વિલાસમાં સ્તુતિમાં (શારદાષ્ટકમાં) આવે છે ને કે-

"જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધા પ્રબુદ્ધા નમોં લોકમાતા;
દુરાચાર દુર્નૈહરા શંકરાની, નમો દેવિ વાગેશ્વરી જૈનવાણી."

અહાહા..! ભગવાન જિનેશ્વરદેવના મુખકમળમાંથી ઉત્પન્ન થયેલી હોવાથી જે ઓમ્‌ધ્વનિ જિનેન્દ્રા તરીકે સુવિખ્યાત થઈ છે, અને જે અતિ પવિત્ર જ્ઞાનના ભંડારરૂપ છે, જ્ઞાનને ઉત્પન્ન કરનારી છે એવી એ જગતની માતા જિનવાણી દુરાચાર અને દુર્નયનો નાશ કરનારી અને પરમ સુખની દેનારી છે. કવિ કહે છે-માટે હે વાગીશ્વરી! હું તારી ગોદમાં આવું છું, અર્થાત્ હું તને નમસ્કાર કરું છું. વળી કેવી છે તે જિનવાણી!

"સુધા ધર્મસંસાધની ધર્મશાલા, સુધા તાપનિર્નાશની મેઘમાલા;
મહામોહ વિધ્વંસની મોક્ષદાની; નમો દેવિ વાગેશ્વરી જૈનવાણી."

અહાહા...! અમૃતનો નાથ પ્રભુ આત્મા તેના આશ્રયે પ્રગટતા અમૃતરૂપ ધર્મને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સાધવાની આ ધર્મશાળા છે, તથા સંસારતપનો નાશ કરનારી એ અમૃતસ્વરૂપ મેઘમાળા છે, અહાહ...! ઠંડા શીતળ પાણીથી ભરેલા વરસતા મેઘની પંક્તિ સમાન છે. અહાહા....! એ જિનવાણી મહામોહનો નાશ કરીને મોક્ષને-સર્વોત્કૃષ્ટ સુખને દેનારી છે. અહા! એવી જિનવાણી માતા વાગીશ્વરી દેવીને હું નમસ્કાર કરું છું એમ કવિ કહે છે.

**પ્રશ્નઃ-** પણ વાણી તો જડ છે એમ આપ કહો છો ને? એમાં ક્યાં આત્મા છે? - એમ આપ વારંવાર ફરમાવો છો ને? (એમ કે તો પછી આવી જિનવાણીની સ્તુતિ કેમ કરો છો?)

**સમાધાનઃ-** ભાઈ! જ્યાં જે અપેક્ષાથી વાત હોય તે યથાર્થ સમજવી જોઈએ. વાણીમાં આત્મા નથી, ભાષાવર્ગણાના પરિણમનરૂપ વાણી જડ છે એ તો સત્ય જ છે. પણ આ ભગવાન જિનેશ્વર સર્વજ્ઞ પરમેશ્વરના નિમિત્તે પ્રગટેલી વાણી-જિનવાણીનું વાચ્ય શું છે? અહાહા...! એનું વાચ્ય ચિદાનંદઘન પ્રભુ આત્મા છે. એ તો સ્તુતિમાં જ આવે છે કે-

'ચિદાનંદ ભૂપાલકી રાજધાની, નમોં દેવિ વાગેશ્વરી જૈનવાણી.

અહાહા...! જિનવાણી, જેમાં ચિદાનંદ રાય ભગવાન આત્મા વસે છે એની રાજધાની છે, અર્થાત્ જિનવાણીમાં ચિદાનંદઘન પ્રભુ આત્માનું કથન છે. અહાહા...! એનો ભાવ જે સમજે તેને તે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિમાં ઉપકારભૂત-નિમિત્તભૂત થાય છે. માટે તે વ્યવહારે સ્તુતિયોગ્ય પૂજનીક છે. ધર્માત્માને એવો જિનવાણી પ્રતિ સ્તુતિનો ભાવ આવે છે. આવ્યા વિના રહેતો નથી. બનારસીદાસે ગૃહસ્થાશ્રમમાં આ સ્તુતિ કરી છે. ભાઈ! અમે જે અપેક્ષાએ કહીએ છીએ તે ન્યાયથી યથાર્થ સમજવું જોઈએ.

આ વાણિયા આખો દિ' ધંધા-વેપારમાં ને બૈરાં-છોકરાં સાચવવામાં પડયા રહે તે ન્યાયથી આ અર્થ ક્યાં સમજવા બેસે. એને તો અર્થ નામ પૈસાની ખબર હોય પણ આ અર્થની ખબર ન હોય.

**પ્રશ્નઃ-** એનું શું કારણ?

**ઉત્તરઃ-** પેલામાં તો ઘરમાં-ઘરની મૂડીમાં નુકશાન થતું દેખાય છે? અને આમાં નુકશાન તો આવે પણ કહી દે કે 'ખબર પડતી નથી' એટલે હાલે. નુકશાન તો ખૂબ મોટું આવે ભાઈ! હોં, પણ એને ખબર પડતી નથી. બાપુ! એમ ને એમ આ જીવન જાય છે હોં.

અહીં કહે છે-રાગની એકતાબુદ્ધિનો અભિપ્રાય-અધ્યવસાય છે તે બંધનું કારણ છે; અને એ બંધના કારણનું કારણ જે પરવસ્તુ તેને અહીં (આશ્રયરૂપ) કારણ ગણ્યું છે. નિમિત્ત છે ને? એ કારણથી કાર્ય થાય છે એમ નહિ, પણ

અધ્યવસાયને બાહ્યવસ્તુ નિમિત્ત છે. એને અહીં કારણ કહ્યું છે. એ કારણના પ્રતિષેધથી કાર્યનો પ્રતિષેધ થાય છે એમ કહે છે. બાહ્યવસ્તુ અધ્યવસાયનું કારણ છે તેથી તે વસ્તુના પ્રતિષેધથી અધ્યવસાયનો પ્રતિષેધ થાય છે. જુઓ, પહેલાં એમ કહ્યું હતું કે અધ્યવસાયના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે. પછી ફેરવીને આમ કહ્યું કે બાહ્યવસ્તુ અધ્યવસાયનું કારણ છે તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાયનો પ્રતિષેધ થાય છે. બેમાં કાંઈ ફરક નથી કેમકે બાહ્ય વસ્તુના આશ્રયના અભાવમાં અધ્યવસાન નીપજતું નથી. અહીં તો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, પણ બંધના કારણનું કારણ છે-એમ વાત છે.

એ જ વાત દૃષ્ટાંતથી કહે છે-

'પરંતુ, જો કે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે. તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી; કેમકે ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીન્દ્રના પગ વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા કાળપ્રેરિત ઉડતા જીવડાની માફક, બાહ્યવસ્તુ-કે જે બંધના કારણનું કારણ છે તે-બંધનું કારણ નહિ થતી હોવાથી, બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં અનૈકાંતિક હેત્વાભાસપણું છે-વ્યભિચાર આવે છે.'

જુઓ, દૃષ્ટાંત જે આપેલું છે તે સમજાવવાની વ્યવહારની રીત છે. ભાષા જુઓ તો 'મુનીન્દ્રના પગ વડે'-એમ છે. વાસ્તવમાં પગ તો જડનો છે, મુનીન્દ્રનો નથી, મુનીન્દ્રનો તો શુદ્ધોપયોગ છે. અહાહા..! મુનીવર તો શુદ્ધોપયોગી હોય છે. ભાઈ! એમને ગમનમાં શરીર નિમિત્ત છે તેથી 'મુનીન્દ્રના પગ વડે'-એમ ભાષા છે. 'પગ વડે હણાઈ જતાં'-એમ કહ્યું ત્યાં પણ પર વડે પર હણાય નહિ એમ છે, પણ અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી વાત છે.

મુનિરાજ આમ સામું નીચે જોઈને ચાલે છે; ઈર્યાસમિતિપૂર્વક ત્યારે આમ પગ મૂકવા જાય ત્યાં કાળપ્રેરિત અર્થાત્ જેનું આયુષ્ય પૂરું થયું છે એવું જીવડું એકદમ ઝડપથી પગ નીચે ગરી જાય અને મરી જાય તોપણ મુનિરાજને હિંસા થતી નથી. તે ઉડતું જીવડું મરી ગયું એ મુનિરાજને બંધનું કારણ નથી, કેમકે મુનિરાજને 'હું મારું-જિવાડું'-એવો અધ્યવસાય નથી. મુનિરાજને ઈર્યાસમિતિનો શુભભાવ છે, પણ બંધનું કારણ જે એકત્વબુદ્ધિનો અધ્યવસાય તે નથી. તેની માફક બાહ્યવસ્તુઓ જે બંધના કારણનું કારણ કહ્યું છે તે બંધનું કારણ નથી.

જો બાહ્યવસ્તુ બંધનું કારણ માનવામાં આવે તો મુનિરાજને પગ તળે જીવડું મરી જતાં હિંસા થાય અને તેથી બંધ પણ થાય; પણ એમ નથી. કેમકે મુનિરાજ અંતરમાં શુદ્ધ પરિણતિયુક્ત છે, ઈર્યાસમિતિએ પરિણમેલા છે, મારવા-જિવાડવાના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધ્યવસાયથી રહિત છે. માટે તેમને જીવડું મરી ગયું એ બંધનું કારણ નથી. તેવી રીતે બાહ્યવસ્તુ જે બંધના કારણનું કારણ છે તે બંધનું કારણ નથી.

બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં આવે તે અનૈકાંતિક હેત્વાભાસ છે-એમાં વ્યભિચાર આવે છે. એટલે શું? કે બાહ્યવસ્તુને નિર્બાધપણે બંધનું કારણપણું સિદ્ધ થતું નથી. તે (-બાહ્યવસ્તુ) નિયમરૂપ બંધનું કારણ બની શકતી નથી.

'માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે તે બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.'

બાહ્યવસ્તુ જીવને અતદ્ભાવરૂપ છે, તે જીવના પોતાના ભાવરૂપ નથી. આ સ્ત્રી, કુટુંબપરિવાર ઈત્યાદિ પર જીવ, પૈસા, ધન-સંપત્તિ, શરીર, વાણી, ઈન્દ્રિય ઈત્યાદિ સઘળી પરવસ્તુ આત્માને અતદ્ભાવરૂપ છે, તે આત્માના ભાવરૂપ નથી, પરભાવરૂપ છે. તે જીવને બંધનું કારણ નથી.

પરંતુ હું બીજાને જિવાડું-મારું, સુખી-દુઃખી કરું, કુટુંબને પાળુ-પોષું ને નભાવું, ધનાદિ સામગ્રી આપું-લઉં અને શરીરની ક્રિયા યથેષ્ટ કરું-એવો જે અહંકારરૂપ અધ્યવસાય છે તે જીવને તદ્ભાવરૂપ છે અને તે જ જીવને બંધનું કારણ છે.

## * ગાથા ૨૬૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે;....'

જોયું? આ એકાન્ત કર્યું કે બંધનું કારણ અધ્યવસાન જ છે. આ સમ્યક્ એકાન્ત છે ભાઈ! મતલબ કે બંધનું કારણ અધ્યવસાન જ છે, પરવસ્તુ નહિ એમ (સમ્યક્) અનેકાન્ત છે; પણ બંધનું કારણ અધ્યવસાન પણ છે ને પરવસ્તુ પણ છે એ તો મિથ્યાવાદ છે બાપુ!

'અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાનનું આલંબન છે-તેમને આલંબીને અધ્યવસાન ઉપજે છે, તેથી તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે.'

જુઓ, આ અધ્યવસાન નામ પરિણામ (-વિભાવ) જે ઉપજે છે તેને બાહ્યવસ્તુનું આલંબન અર્થાત્ આશ્રય હોય છે. તેને આશ્રય કહો, નિમિત્ત કહો, કારણ કહો કે આલંબન કહો-એ બધું એકાર્થવાચક છે. અહાહા..! બાહ્યવસ્તુના આલંબને ઉપજે છે તેથી બાહ્યવસ્તુને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે. અહીં એમ નથી કે બાહ્યવસ્તુ અધ્યવસાનને (ઉત્પન્ન) કરાવે છે. અહાહા..! અધ્યવસાન આશ્રયભૂત નિમિત્તથી ઉત્પન્ન થાય છે એમ નથી. બાહ્યવસ્તુ આલંબનરૂપ-આશ્રયરૂપ નિમિત્ત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કારણ છે, એ નિમિત્ત જીવમાં અધ્યવસાન ઉત્પન્ન કરે વા કરાવી દે છે એમ છે નહિ. આ તો અધ્યવસાન બાહ્યવસ્તુના આલંબને ઉપજે છે તેથી તેને (બાહ્યવસ્તુને) અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે.

જુઓ, નાનું કુમળું બાળક હોય, રૂપાળું કુણું હોય એટલે એને ચુંબન લે. ત્યાં આનો જે અભિપ્રાય છે કે 'હું આને ચુંબન લઉં' એ અભિપ્રાય ચુંબનની ક્રિયા કરી શકતો નથી, કેમકે હોઠથી ચુંબનની ક્રિયા થાય એ તો પરની-જડની ક્રિયા છે. તે જીવને અતદ્દભાવરૂપ હોવાથી જીવ એ ક્રિયા કરી શકતો નથી. અહા! જે ક્રિયા આ કરતો-કરી શકતો નથી તે એને બંધનું કારણ કેમ થાય? ન થાય. તેથી બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. પણ 'હું આમ ચુંબન લઉં' એવું જે પરિણામ-અધ્યવસાન છે તે જ બંધનું કારણ છે.

અહાહા...! ક્ષણેક્ષણનું ભેદજ્ઞાન બતાવ્યું છે ભાઈ! સમયે સમયે થતી પર્યાય (-પરિણામ) અને તે તે સમયે થતી પરદ્રવ્યની ક્રિયા-એ બે ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે એમ કહે છે. તે તે સમયે થતા પરિણામ જીવને તદ્દભાવરૂપ છે, અને તે તે સમયની પરદ્રવ્યની ક્રિયા જીવને અતદ્દભાવરૂપ છે. તથાપિ તે તે પરિણામને બાહ્યવસ્તુ આલંબન છે તેથી તેને અધ્યવસાનનું-પરિણામનું કારણ કહેવામાં આવે છે. અહા! અતદ્દભાવરૂપ એવી બાહ્યવસ્તુ આલંબનભૂત હોવાથી તદ્દભાવરૂપ અધ્યવસાનનું કારણ છે એમ કહેવાય છે. સમજાણું કાંઈ...?

'બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઉપજતાં નથી તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે.'

બીજાને મારવા-જિવાડવાનો, સુખી-દુઃખી કરવાનો અધ્યવસાય બાહ્યવસ્તુના આશ્રય વિના ઉપજતો નથી તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે. ત્યાં આશય તો અધ્યવસાનનો જ ત્યાગ કરાવવાનો છે. કોઈને બાહ્યવસ્તુઓનો ત્યાગ હોય પણ અંતરંગ અધ્યવસાન મટે નહિ તો તેથી કાંઈ (લાભ) નથી.

હવે કહે છે-'જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે.' એટલે શું? એટલે કે તેમાં સત્યતા આવતી નથી, વિરુદ્ધતા-વિપરીતતા આવે છે; કેમકે કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે. કારણ હોય છતાં કાર્ય થાય વા ન પણ થાય તો તે કારણમાં વ્યભિચાર છે, અને એવા કારણને વ્યભિચારી-અનૈકાંતિક કારણાભાસ કહે છે. માટે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.

જેમકે 'કોઈ મુનિ ઈર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતા હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું વેગથી આવી પડીને મરી ગયું તો તેની હિંસા મુનિને લાગતી

નથી. અહીં બાહ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ, પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી તેમને બંધ થતો નથી.' અહાહા...! પગ તળે જીવડું મરી ગયું એ દ્રષ્ટિએ બહારથી જોતાં હિંસા થઈ છે, પણ મુનિરાજને મારવાના પરિણામ નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જુઓ અહીં પરિણામના અર્થમાં અધ્યવસાય શબ્દ વાપર્યો છે; કેમકે મુનિરાજને એકત્વબુદ્ધિ તો છે જ નહિ તેથી અધ્યવસાયનો અર્થ અહીં પરિણામ લેવો.

'જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્યવસ્તુઓ વિષે પણ સમજવું.'

શરીર, મન, વાણી ઈત્યાદિ બધી જે પરની ક્રિયા થાય તે પરિણામનો આશ્રય હોય, પણ એ બાહ્યવસ્તુની ક્રિયા બંધનું કારણ નથી; વાણીથી બંધ નથી, દેહથી બંધ નથી; કેમકે એ બધી પરચીજ જીવને અતદ્‌ભાવરૂપ છે. જે પરિણામ છે તે જીવને તદ્‌ભાવરૂપ છે અને તે જ જીવને બંધનું કારણ છે.

'આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવતો હોવાથી બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્યવસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે જ.'

જુઓ, આ પ્રમાણે બાહ્યવસ્તુના નિષેધ દ્વારા બાહ્યવસ્તુનો આશ્રય છોડાવે છે.

[ પ્રવચન નં. ૩૧૮ (શેષ) થી ૩૨૦ * દિનાંક ૧૩-૨-૭૭ થી ૧૫-૨-૭૭ ]

## ગાથા-૨૬૬

दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि।
जा एसा मूढमदी णिरत्थया सा हु दे मिच्छा।। २६६।।

दुःखितसुखितान् जीवान् करोमि बन्धयामि तथा विमोचयामि।
या एषा मूढमतिः निरर्थिका सा खलु ते मिथ्या।। २६६।।

આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે-એમ હવે દર્શાવે છેઃ-

**કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે!**
**આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.**

**ગાથાર્થઃ-** હે ભાઈ! ‘[ जीवान् ] હું જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી-સુખી [ करोमि ] કરું છું, [ बन्धयामि ] બંધાવું છું [ तथा विमोचयामि ] તથા મુકાવું છું, [ या एषा ते मूढमतिः ] એવી જે આ તારી મૂઢ મતિ (-મોહિત બુદ્ધિ) છે [ सा ] તે [ निरर्थिका ] નિરર્થક હોવાથી [ खलु ] ખરેખર [ मिथ्या ] મિથ્યા (-ખોટી) છે.

**ટીકાઃ-** હું પર જીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઇત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, ‘હું આકાશના ફૂલને ચૂંટું છું’ એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે, કેવળ પોતાના અનર્થને માટે જ છે (અર્થાત્ માત્ર પોતાને જ નુકસાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી).

**ભાવાર્થઃ-** જે પોતાની અર્થક્રિયા (-પ્રયોજનભૂત ક્રિયા) કરી શકતું નથી તે નિરર્થક છે, અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે. જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી; તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે-ખોટી છે.

*　　*　　*

## સમયસાર ગાથા ૨૬૬ : મથાળું

આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે-એમ હવે દર્શાવે છેઃ-

## * ગાથા ૨૬૬ : ટીકા ઉપરનું પ્રવચન *

'હું પર જીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઈત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, "હું આકાશના ફૂલને ચૂંટું છું" એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે, કેવળ પોતાના અનર્થ માટે જ છે.'

જુઓ, પરજીવોને મારું-જિવાડું, સુખી-દુઃખી કરું-એવો અભિપ્રાય મિથ્યા અધ્યવસાય છે એ વાત આવી ગઈ છે, હવે આમાં પરને 'બંધાવું-મુકાવું છું' એ અભિપ્રાય પણ મિથ્યા છે એમ વધારે નાખ્યું છે.

શું કહેવું છે? કે 'હું પરને બંધાવું' એવો તારો જે ભાવ છે તે પરને બંધાવી શકતો નથી, અને 'હું બીજાને મુક્ત કરું' એવો તારો જે ભાવ છે તે બીજાને મુક્ત કરી શકતો નથી. 'હું બીજાને મોક્ષ કરી દઉં' એવો તારો ભાવ શું બીજાનો મોક્ષ કરી દે છે? ના; તેમ 'હું બીજાને બંધાવું' એવો તારો ભાવ શું બીજાને બંધાવે છે? ના. અરે ભાઈ! બીજાને બંધાવા-મૂકાવાના પરિણામ તો બીજાના એના છે અને બંધાવા-મૂકાવાની ક્રિયા પણ બીજામાં-એનામાં થાય છે. અહા! પોતાને પરનું કરવાના ભાવ-પરિણામ થાય પણ એ પરની ક્રિયા કરી શકતો નથી. ઝીણી વાત ભાઈ!

એક દષ્ટાંત આવે છે ને કે-એક શેઠ હતા હવે એનું મકાન બંધાતું હતું ત્યારે તેનો એક વેરી છુપી રીતે મંદિરની થોડી ઈંટો એમાં મૂકી આવ્યો. એને મન એમ કે આ દેવદ્રવ્ય-દેરાસરનો માલ મકાનમાં વપરાશે એટલે એનું નખ્ખોદ જશે, એને તીવ્ર બંધ થશે. પેલા મકાન બંધાતું હતું એ શેઠને તો આની ખબરેય નથી ત્યાં એને શું થાય? મૂર્ખ લોકો આવો ને આવો અભિપ્રાય રાખે કે હું બીજાને બંધાવું! અહીં કહે છે-એ અભિપ્રાય મિથ્યા જૂઠો છે.

શ્વેતાંબરમાં 'દસ અચ્છેરાં' માં એક વાત આવે છે. હરિવંશક્ષેત્રમાં એક જાુગલીયાં હતાં. હવે તે જુગલિયાં નિયમથી મરીને સ્વર્ગે જાય. તેનો વેરી એક દેવ હતો તેણે આ જાુગલિયાનું શરીર નાનું કરીને ભરતક્ષેત્રમાં મૂક્યાં અને ત્યાં દારૂ, માંસ આદિ ખવડાવ્યાં ને સાત વ્યસનમાં તેને નાખી દીધાં. પછી તે જાુગલિયાં મરીને નરકે ગયાં. હવે આવી ને આવી મેળ વગરની વાત; કેમકે હરિવંશક્ષેત્રમાંથી જાુગલિયાંને

અહીં ભરતમાં લવાય નહિ, જુગલિયાં દારૂ, માંસ સેવે નહિ અને મરીને નરકે જાય નહિ. અહા! બીજાને બીજો કોઈ બંધાવી દે એ અધ્યવસાય જ જૂઠો છે.

આવી તો બધી કલ્પિત વાતો ત્યાં (શ્વેતાંબરમાં) ઘણી છે. ભગવાન મહાવીર ૮૨ દિવસ બ્રાહ્મણીની કુખે ગર્ભમાં રહ્યા, પછી દેવે આવીને તેને (-ગર્ભને) ત્રિશલા માતાને કુખે મૂકયા. લ્યો, આવી કલ્પિત વાત! અહા! ભગવાનનું ગર્ભકલ્યાણક બીજે ને જન્મકલ્યાણક બીજે ઉજવાય એમ કદી બની શકે નહિ. ભગવાન બ્રાહ્મણીને ત્યાં ગર્ભમાં આવ્યા અને જન્મ્યા શ્રી ત્રિશલા ક્ષત્રિયાણીને ત્યાં એમ બની શકે નહિ. આવું ખોટું બધું હલાવ્યે રાખે! અહા! આમાં બીજાને દુઃખ લાગે પણ ભાઈ! શું થાય? માર્ગ તો વીતરાગનો દિગંબર આચાર્યોએ બતાવેલ છે તે સનાતન સત્યાર્થ છે.

અહીં કહે છે-તું બીજાને માંસ-દારૂ ખવડાવીને પાપમાં નાખી દે, નરકમાં નાખી દે એમ કદી બની શકતું નથી. અહા! તું એને પરાણે માંસ ખવડાવી દે, એના મોઢામાં નાખી દે તો તેથી શું? એને તો તે વિષ્ટા સમાન છે. તું ભલે તારા દુષ્ટ પરિણામ કરે, પણ એને ક્યાં માંસ ખાવાના પરિણામ છે? માટે તેને પાપ બંધાય એમ છે જ નહિ. દામનગરમાં આ બનેલી વાત છે કે એક માણસને રોગ હતો તો એને બહુ ઉલટી થઈ. ઉલટી થતાં થતાં વિષ્ટાનો આખો ગાંગડો મોંઢામાં આવ્યો; તો શું એને એમાં મીઠાશ-રુચિ છે? જરાય નહિ. એમ કોઈ પરાણે કોઈને માંસ ખવડાવે માટે એના પરિણામ બગડી જાય એમ છે નહિ. ભાઈ! 'હું પરને બંધાવી દઉં, એના પરિણામ ફેરવી દઉં' એમ તું અધ્યવસાય કરે પણ પરમાં એમ બની શકતું નથી, કેમકે પરના પરિણામ કરનારો પર પોતે છે. અહા! મારા શરણે આવે એનો મોક્ષ કરી દઉં, એને ધર્મ પમાડી દઉં' એવો અભિપ્રાય મિથ્યા અધ્યવસાન છે એમ કહે છે.

**પ્રશ્નઃ-** તો ઉપદેશ દઈને શ્રીગુરુ ધર્મ પમાડે છે ને?

**ઉત્તરઃ-** એમ છે નહિ. એ તો પોતે સ્વાશ્રયે ધર્મ પામે છે તો શ્રીગુરુએ ધર્મ પમાડયો એમ નિમિત્તથી કહેવાય છે; બાકી પમાડે કોણ? ઉપદેશના વિકલ્પને કાળે વાણી આવે, ત્યાં 'બીજા ધર્મ પામો' એવો શ્રીગુરુનો વિકલ્પ છે, પણ એનાથી બીજાને ધર્મ-લાભ થાય એમ વસ્તુસ્થિતિ નથી. ધર્મ તો તે પોતાના સ્વના આશ્રયે જ્યારે પરિણમે ત્યારે જ થાય. આ વસ્તુસ્થિતિ છે.

'નમુત્થુણં' માં આવે છે ને? કે-તિન્નાણં તારયાણં, બુદ્ધાણં, બોહિયાણં, મુત્તાણં મોયગાણં? ભાઈ! આ તીર્થંકર ભગવાનની સ્તુતિ છે એટલે વ્યવહારથી નિમિત્તનું જ્ઞાન કરાવવાનું ત્યાં પ્રયોજન છે, બાકી ભગવાન કોઈને તારી દે છે, મુક્ત કરી દે છે, મોક્ષ કરી દે છે એમ છે નહિ. સમજાણું કાંઈ...?

અહાહા.....! પરને બંધાવા-મૂકાવાના પરિણામ, પરને મારવા જિવાડવાના

પરિણામ, પરને દુઃખી-સુખી કરવાના પરિણામ-એ બધા અધ્યવસાન મિથ્યા છે. કેમ? કેમકે પર ભાવનો પરમાં વ્યાપાર હોતો નથી તેથી તે પોતાની અર્થક્રિયા કરનારા નથી. અહા! પરિણામનું જે પ્રયોજન છે તે તે પરિણામ સિદ્ધ કરી શકતા નથી. અર્થાત્ પરને જિવાડવાના પરિણામવાળો પરને જિવાડવાની ક્રિયા કરી શકતો નથી, પરને મારવાના પરિણામવાળો પરને મારવાની ક્રિયા કરી શકતો નથી, પરને બંધાવા-મૂકાવાના પરિણામ પરમાં કાંઈ કરી શકતા નથી. અહાહા..! પરભાવનો પરમાં વ્યાપાર થવો જ શક્ય નથી. તેથી તે સઘળા અધ્યવસાન મિથ્યા જ છે. કોની જેમ? તો કહે છે-

'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે. અહા! આકાશને ફૂલ હોય જ નહિ તેથી આકાશના ફૂલને ચૂંટું છું એવો ભાવ જેમ મિથ્યા છે, જાુઠો છે તેમ આને પરને મારવા-જિવાડવાના, બંધ-મોક્ષ કરવાના ને દુઃખી-સુખી કરવાના અધ્યવસાય તદ્દન મિથ્યા છે, જાૂઠા છે. તેથી પરની ક્રિયા હું કરી શકું છું એવો જે અભિપ્રાય છે તે મિથ્યાત્વ છે, કેવળ પોતાના અનર્થને માટે જ છે.

ભગવાન ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવે પ્રરૂપેલા સત્ય સિદ્ધાંતને અહીં સિદ્ધ કરે છે કે- પરજીવના પ્રાણને હું હરી શકું, કે પર જીવના પ્રાણની હું રક્ષા કરી શકું, વા બીજાના બંધ-મોક્ષને હું કરી શકું ઈત્યાદિ જે અભિપ્રાય છે તે મિથ્યાત્વ છે, કેમકે તે અભિપ્રાય પોતાનું જે પ્રયોજન છે તે સિદ્ધ કરી શકતો નથી. પરભાવનો પરમાં વ્યાપાર થવો અશક્ય છે તેથી પરને મારવા-જિવાડવા આદિના જે ભાવ છે તે પોતાની અર્થક્રિયા કરી શકતા નથી માટે તે ભાવ મિથ્યા છે, અને તેવો અભિપ્રાય મિથ્યાત્વ છે. ભજનમાં આવે છે ને કે-

'વૈશ્નવજન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે;
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.'

અહીં કહે છે- પરની પીડા કોઈ બીજાું ટાળી શકતું જ નથી. કોઈને એવો વિકલ્પ આવે એ બીજી વાત છે, પણ એ વિકલ્પ બીજાની પીડા હરવા માટે સમર્થ નથી. તેથી બીજાની પીડા હરી શકું છું એવો અભિપ્રાય મિથ્યાત્વ છે. સૂક્ષ્મ વાત છે ભગવાન!

બીજા જીવને હું કર્મબંધ કરાવું કે એને કર્મથી મૂકાવી દઉં ઇત્યાદિ અભિપ્રાય જેને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. અહાહા....! બીજા જીવને હું એવા પરિણામ કરાવું કે તે કર્મથી બંધાય ને સંસારમાં રઝળી મરે,-અહીં કહે છે-એ પરિણામ તારા મિથ્યા છે, કેમકે પરજીવ પોતાના અજ્ઞાનવશ રાગ-દ્વેષથી બંધાય છે; તેમાં તું શું કરે છે? કાંઈ નહિ. તારા પરને બંધાવાના પરિણામ બીજાને બંધન કરાવી શકતા નથી. તેવી

રીતે હું એવો ઉપદેશ દઉં કે બીજા તરી જાય, તો કહે છે-એ પરિણામ પણ તારા મિથ્યા છે, કેમકે પરનું તું શું કરે? કાંઈ નહિ. તારા પરને તારી દેવાના પરિણામ બીજાને તારી શકતા નથી, કારણ કે પરનો પરમાં વ્યાપાર જ નથી. સમકિતીને જરી અસ્થિરતાનો વિકલ્પ આવે એ બીજી વાત છે, બાકી મિથ્યાદૃષ્ટિને જે વિપરીત અભિપ્રાયના પરિણામ છે એ તેને દીર્ઘ સંસારનું કારણ છે.

મા-બાપ હોય ને? એમને એમ થાય કે-આ છોકરાંને બરાબર ભણાવી-ગણાવીને હોશિયાર કરી દઉં, એમને ધંધો શીખવાડી દઉં, તેઓ પૈસા કમાતા થઈ જાય એટલે આપણે નિવૃત્ત થઈ જઈએ; -અહીં કહે છે-ભાઈ! તારો એ અભિપ્રાય મિથ્યા છે, કેમકે પરભાવનો પરમાં વ્યાપાર જ શક્ય નથી.

**પ્રશ્નઃ-** પણ આવકનું સાધન તો કરી આપવું જોઈએ ને?

**ઉત્તરઃ-** કોણ સાધન કરી આપી શકે? એના પુણ્યનો ઉદય હોય તો સાધન આપોઆપ આવી મળે, અને પાપનો ઉદય હોય તો સાધન ન મળે. એમાં તું શું કરે? સાધન કરી આપવાનો ભાવ આવે, પણ આને (છોકરાને) પાપનો ઉદય હોય તો સાધન મળે નહિ. અરે ભાઈ! પરની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરી શકે જ નહિ. તું ભાવ કરે પણ તે ભાવ પરમાં કાંઈ કરી શકે નહિ. તેથી તારા પરિણામ નિરર્થક મિથ્યા છે અને તારા તેવો અભિપ્રાય મિથ્યાત્વ છે.

એ તો અહીં કહ્યું ને કે-'હું આકાશનાં ફૂલો ચૂંટું છું'- એવા અધ્યવસાનની માફક 'હું પરને મારું-જિવાડું છું, પરને દુઃખી-સુખી કરું છું, પરને બંધાવું-મૂકાવું છું' ઇત્યાદિ સર્વ અધ્યવસાન નિરર્થક છે. અહા! જેમ આકાશને ફૂલ હોય નહિ તેમ પરવસ્તુ આત્માની છે નહિ; તેથી પરની ક્રિયા હું કરું છું એ અધ્યવસાય જૂઠો છે. આ છોકરાઓ બધા ભણી-ગણીને મોટા થાય એટલે બધાને સરખાં મકાન બનાવી દઉં અને બધાની સરખી વ્યવસ્થા કરી દઉં એવું અધ્યવસાન જૂઠું છે, કેમકે પરમાં કાંઈપણ કરવા માટે આત્મા પાંગળો છે. આત્મા પરની વ્યવસ્થા ત્રણકાળ ત્રણલોકમાં કરી શકે નહિ. તે પોતાના પોતામાં બંધના પરિણામ કે મોક્ષના પરિણામ કરી શકે પણ પરમાં કાંઈ પણ કરી શકે નહિ.

હું ખૂબ ધન કમાઉં છું તો એની એવી વ્યવસ્થા કરું કે જેથી કુટુંબનાં સર્વ સુખી થાય, સેવકો સુખી થાય ને સમાજને લાભ થાય-એમ પરને સુખી કરવાનો અભિપ્રાય અજ્ઞાની મિથ્યાદૃષ્ટિનો છે. અજ્ઞાનીના આવા સર્વ પરિણામ મિથ્યા છે અને પોતાના અનર્થને માટે જ છે. પરનું તો તે કાંઈ કરી શકે નહિ, પણ પોતાને અવશ્ય નુકશાનનું કારણ થાય છે. અહા! આવા સર્વ પરિણામ પરની ક્રિયા કરવામાં નિષ્ફળ છે અને પોતાના આત્માનું નુકશાન કરવામાં, ચતુર્ગતિ-પરિભ્રમણ અર્થે સફળ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


લ્યો, હવે આવું કદી સાંભળવા મળે નહિ અને બીજે દયા કરો ને દાન કરો ને ભક્તિ કરો ને તપ કરો એમ પરની ક્રિયા કરો, કરો-એવો ઉપદેશ બધે સાંભળવા મળે. પણ અહીં કહે છે-ભગવાન! એ પરનું કરવાના પરિણામ સર્વ નિરર્થક છે અને પોતાના અનર્થને માટે જ છે. અહા! ભાષા તો જુઓ! એ પરિણામ પોતાનું અનર્થ કરનારા એટલે સંસારમાં દીર્ઘકાળ રખડાવનારા-રઝળાવનારા છે. કેમ? કેમકે તે મિથ્યા અભિપ્રાય સહિત છે. અરે! લોકોને મિથ્યાદર્શન શું છે એની ખબર નથી!

ઝીણી વાત છે ભાઈ! શું તારી સત્તામાં થતા પરિણામ પરની સત્તામાં પ્રવેશ કરી શકે છે કે તે પરનું કાર્ય કરી દે? ના, કદીય નહિ. તેમ શું પરસત્તા તારામાં પ્રવેશી શકે છે કે પર તારું કાર્ય કરી દે? એમ પણ નહિ. અહા! કોઈ સત્તા પોતાની સત્તાને છોડીને પરની સત્તામાં પ્રવેશ પામતી જ નથી તો પછી તે પરનું શું કરી શકે? કાંઈ જ નહિ.

આ શરીર છે તેને આમ તેમ હું હલાવું છું એમ અજ્ઞાની માને છે. પણ ભાઈ! શું આત્માની સત્તા જડ શરીરમાં જાય છે? ના; તો પછી આત્મા શરીરનું શું કરે? તે શરીરને કેવી રીતે હલાવે? અહા! પાણીમાં માખી પડી ગઈ હોય તો આંગળી વડે કાઢીને હું તેને બચાવી શકું છું- એવો અભિપ્રાય મિથ્યા છે. શું આંગળીની કે પર માખીની સત્તામાં તું જઈ શકે છે? ના; તો પછી આંગળીનું તું શું કરે? ને માખીને તું કેવી રીતે બચાવે? આંગળીની ક્રિયા તો સ્વયં એના પરમાણુઓથી થાય છે અને માખી બચે છે તે એના આયુકર્મના ઉદયથી બચે છે. માટે માખીને હું બચાઉં છું એવો તારો અભિપ્રાય મિથ્યા છે અને તે પોતાના અનર્થ માટે જ છે, અર્થાત્ પોતાને સંસારની વૃદ્ધિનું જ કારણ છે.

અહાહા...! પ્રત્યેક જીવનની અને પરમાણુ-પરમાણુની જે ક્ષણે જે અવસ્થા પોતાની થાય છે એને કોઈ બીજો કરી દે એ ત્રણકાળમાં બની શકે નહિં. પ્રત્યેક જીવ અને પ્રત્યેક પરમાણુની પોતપોતાની પર્યાયની જન્મક્ષણ છે. અહા! પ્રતિસમય તેમાં જે જે અવસ્થા થાય છે તે તેની ઉત્પત્તિનો કાળ છે. હવે એમાં કોઈ બીજો કહે છે કે-હું એને ઉપજાવી દઉં કે બદલાવી દઉં તો તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, કેમકે બીજાનો બીજામાં પ્રવેશ જ નથી. આ અમે લોકોની સેવા કરીએ છીએ, દીન-દુખિયાંનાં દુઃખ દૂર કરીએ છીએ ઇત્યાદિ પરનાં કાર્ય કરવાના સર્વ અધ્યવસાય જૂઠા-નિરર્થક છે, કેમકે પોતાના અધ્યવસાય પ્રમાણે પરમાં બનતું નથી. હા, એવા જૂઠા અધ્યવસાય વડે પોતાનો આત્મા હણાય છે, તેથી તે અધ્યવસાય પોતાને સંસારમાં રખડાવવામાં સાર્થક છે, પણ પરનું કાર્ય કરવામાં તે તદ્દન નિરર્થક છે.

**પ્રશ્ન:-** નિશ્ચયથી તો કોઈ પરનું કાંઈ ન કરી શકે એ તો બરાબર, પણ વ્યવહારથી શું છે? (એમ કે વ્યવહારથી તો કરી શકે ને?)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**ઉત્તરઃ-** ભાઈ! વ્યવહારથી પણ આત્મા પરનું કાંઈ ન કરી શકે. આણે આનું ભલું-બુરું કર્યું એમ વ્યવહારથી જે કહેવાય છે એ તે બાહ્ય નિમિત્તનું જ્ઞાન કરાવવા માટેનું કથન છે, પણ કોઈ કોઈનું ભલું-બુરું કરી શકે છે એમ છે નહિ. દરેક પદાર્થ સ્વયં પોતે પોતાની ક્રિયા સ્વતંત્ર કરે તે નિશ્ચય અને તે કાળે બાહ્ય અનુકૂળ નિમિત્ત જે હોય તેનું જ્ઞાન કરવું તે વ્યવહારનય છે. પણ નિમિત્તે-બીજા પદાર્થે એમાં (ઉપાદાનમાં) કાંઈ કરી દીધું છે એમ જાણવું તે વ્યવહારનય નથી, એ તો અજ્ઞાન છે. સમજાણું કાંઈ....?

**પ્રશ્નઃ-** વ્યવહારથી પરનું કરી ન શકે પણ 'આણે આનું કર્યું' એમ વ્યવહારથી બોલાય તો છે ને?

**ઉત્તરઃ-** બોલાય છે એની કોણ ના પાડે છે? પણ એમ છે? ના, તથાપિ બોલાય તો છે ને-એમ જેની બોલાવા ઉપર દૃષ્ટિ છે તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, કેમકે તેને અંતરમાં અભિપ્રાય યથાર્થ થયો નથી. અંતરના અભિપ્રાયને જોતો નથી ને આમ તો બોલાય છે ને-એમ જે ભાષાને વળગે છે તે બહિર્દૃષ્ટિ જ છે.

અહીં કહે છે-પરને મારું-જિવાડું, સુખી-દુઃખી કરું, બંધાવું-મૂકાવું ઇત્યાદિ જેટલા અધ્યવસાય છે તે સઘળા નિરર્થક નામ જૂઠા છે અને તે પોતાના અનર્થ માટે જ છે. લ્યો, આવી વાત છે!

## * ગાથા ૨૬૬ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જે પોતાની અર્થક્રિયા (-પ્રયોજનભૂત ક્રિયા) કરી શકતું નથી તે નિરર્થક છે, અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે.'

જુઓ આ સિદ્ધાંત મૂક્યો. 'હું પર જીવને મારી કે બચાવી શકું' એવો જે પરિણામ છે તેનો વિષય નથી; કારણ કે પર જીવના મરણ કે જીવનની ક્રિયા એની સ્વતંત્ર છે, એ કાંઈ આના પરિણામથી થાય છે એમ નથી. તથાપિ એને પોતાના પરિણામનો વિષય માને તો એ મિથ્યા માન્યતા છે. ભાઈ! ધર્મ શું ચીજ છે એ લોકોને ખબર નથી. વિના સમજ્યે અજ્ઞાનપૂર્વક દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિ બહારની ક્રિયાઓ કરે રાખે છે? પણ એથી શું? આત્મજ્ઞાન વિના એવું તો અનંતવાર કર્યું પ્રભુ! પણ સંસાર તો ઊભો જ રહ્યો. અહાહા.....! 'એ રાગની ક્રિયા હું કરી શકું છું' એવો અભિપ્રાય પણ મિથ્યા છે. રાગાદિ ક્યાં એનામાં છે તે એ કરી શકે? જેમ પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકતો નથી તો એ પરિણામનો વિષય નથી તેમ. હું રાગાદિ કરી શકું છું-એ પરિણામનો વિષય નથી. અને જેનો વિષય નથી તે નિરર્થક છે. અહા! પરની ક્રિયા ને રાગની ક્રિયા કરવાનો અભિપ્રાય નિરર્થક છે.

'હું પરનો મોક્ષ કરી દઉં, હું પર જીવોને બચાવી દઉં' ઇત્યાદિ પરિણામ તું

કરે પણ એ પરિણામનો વિષય શું તારો છે? એ પરિણામ પોતાની અર્થક્રિયા કરી શકતો નથી માટે એ મિથ્યા છે, નિરર્થક છે. પરનો મોક્ષ તો એના વીતરાગી પરિણામથી થાય છે એમાં તું શું કરે? તેમ પર જીવ એનું આયુષ્ય હોય તો બચે છે, પણ તારા પરિણામથી એ ક્યાં બચે છે? આ પ્રમાણે પરની ક્રિયા કરવાના પરિણામ પોતાની અર્થક્રિયાથી રહિત હોવાથી નિરર્થક છે.

જુઓ, સમ્યગ્દર્શનના પરિણામનો વિષય નામ ધ્યેય ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે. એ તો વિષય વસ્તુ યથાર્થ, સત્યાર્થ છે; તેથી એ પરિણામનો વિષય છે. પણ 'હું મારી-જિવાડી શકું છું' ઇત્યાદિ પરિણામનો વિષય જ નથી કેમકે પરને મારવા-જિવાડવાના પરિણામ પરને મારી-જિવાડી શકતા નથી. શું કીધું? કે 'પરને હું જિવાડું' એમ અભિપ્રાય રાખે પણ પરને તે જિવાડી શકતો નથી. માટે એ પરિણામનો વિષય ખોટો-અસત્યાર્થ છે અર્થાત્ એનો વિષય જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ...?

અહો! દિગંબર સંતોએ વસ્તુસ્વરૂપ ખુલ્લું કરીને માર્ગને ટકાવી રાખ્યો છે. અહા! સંતોને-કેવળીના કેડાયતીઓને સમાજની શું પડી છે? સમાજ વસ્તુના સ્વરૂપને સ્વીકારશે કે નહિ એની એમને શું પડી છે? એ તો સર્વજ્ઞનું ફરમાન જેમ છે તેમ યથાસ્થિત નિઃસંકોચપણે ખુલ્લું કરે છે. ભાઈ! એને સમજવું હોય તો પોતાનો દુરાગ્રહ છોડી દેવો જોઈશે.

'હું શરીરની ક્રિયા કરી શકું છું'-એવા જે પરિણામ તે શરીરની ક્રિયા કરી શકતા નથી, કેમકે શરીરની ક્રિયા તો ભિન્ન જડની ક્રિયા જડથી થાય છે. તો પછી એ પરિણામનું શું? તો કહે છે-એ પરિણામ મિથ્યા, નિરર્થક છે અને પોતાના અનર્થ માટે છે. જેનો વિષય નથી તે નિરર્થક છે. જેવા પરિણામ થયા તે પ્રમાણે પરમાં કરી શકે નહિ તેથી પરિણામનો વિષય અસત્યાર્થ છે અર્થાત્ નથી એમ કહેવાય છે. અહા! આવી વાત વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી. આ પરમ સત્યનો પોકાર છે કે જીવના પરિણામનો જો વિષય નથી તો તે પરિણામ નિરર્થક છે, પોતાના અનર્થને માટે છે.

એ જ કહે છેઃ 'જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી; તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે-ખોટી છે.'

**પ્રશ્નઃ-** તો પછી શું કરવું?

**ઉત્તરઃ-** ભાઈ! જ્ઞાતા-દ્રષ્ટાપણે (-જાણવા-દેખવાપણે) રહેવું. અહાહા....! હું જ્ઞાનાનંદસ્વભાવી છું. -એમ દ્રષ્ટિ સ્વસ્વરૂપમાં એકાગ્ર કરવી.

આત્મા સદા સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞ પર્યાય જે કેવળી પરમાત્માને ઉત્પન્ન થાય છે તે ક્યાંથી ઉત્પન્ન થાય છે? શું એ ક્યાંય બહારથી આવે છે? ના; એ તો અંદર સર્વજ્ઞસ્વભાવ પડયો છે એમાં લીન થતાં પ્રગટ થાય છે. તો મારો પણ સર્વજ્ઞસ્વભાવ છે, બધાને જાણવા-દેખવાનો સ્વભાવ છે, પણ પરનું કાંઈ કરવું એવો વ્યવહારે પણ એનો ભાવ નથી એમ જાણી ભાઈ! અંતર્નિમગ્ન થવું એ એક જ કર્તવ્ય છે. આત્મા પોતાના સિવાય શરીર, મન, વાણી કર્મ, પરજીવો વગેરે પર પદાર્થોનું કાંઈ પણ કરી શકતો નથી એમ જાણી નિજ સ્વરૂપ જે સર્વજ્ઞસ્વભાવ તેમાં લીન થઈને રહેવું એ એનું વાસ્તવિક કાર્ય છે. આવું ઝીણું પડે માણસને, પણ શું થાય? મારગ તો આ છે બાપુ!

છહઢાલામાં પંડિત શ્રી દોલતરામજીએ કહ્યું ને કે-

'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયો,<br>પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.'

ભગવાન! એણે અનંતવાર મુનિપણાં લઈને પંચમહાવ્રત, પંચસમિતિ, ગુપ્તિ વગેરે પાળ્યાં; હજારો સ્ત્રીઓ ત્યાગીને જંગલમાં રહ્યો ને શુક્લ લેશ્યાના પરિણામ કરીને નવમી ગ્રૈવેયક સુધી ગયો. પણ એમાં શું વળ્યું? અહા! રાગ ને પરપદાર્થોથી ભિન્ન પોતાની શુદ્ધ ચૈતન્યસત્તાનું ભાન કર્યું નહિ તો શું વળ્યું? કાંઈ નહિ. કહ્યું ને કે 'સુખ લેશ ન પાયો'- અર્થાત્ દુઃખ જ પાયો. હું રાગ ને પરથી ભિન્ન હોવાથી રાગની ને પરથી ક્રિયા કરી શકતો નથી એમ જાણી જ્ઞાતા-દ્રષ્ટાપણે પ્રવર્તવું તે એક જ કર્તવ્ય છે ભાઈ! એના વિના બીજી બધી બહારની ક્રિયા તો દુઃખ જ દુઃખ છે.

અહાહા....! હું અખંડ એક શુદ્ધ ચૈતન્યમૂર્તિ ચિદાનંદઘન પ્રભુ ભગવાન આત્મા છું; હું સર્વને જાણું એવું મારામાં જ્ઞાન છે, પણ હું પરનો કર્તા થાઉં એવી મારામાં કોઈ શક્તિ નથી. હું મારી નિર્મળ પર્યાયનો કર્તા થાઉં એવી શક્તિ મારામાં છે, પણ પરનો કર્તા થાઉં એવી કોઈ શક્તિ મારામાં નથી. જુઓ, આ વસ્તુનું સ્વરૂપ છે. મારામાં નિર્મળ પર્યાય થાય એ પર્યાય-પરિણામનો વિષય તો યથાર્થ, સત્યાર્થ છે. નિર્મળ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની પર્યાયનું કર્તવ્ય તો મારામાં છે એ બરાબર છે. કેમકે એ તો સ્વભાવ છે; પણ પરભાવનું કર્તાપણું મને નથી.

તેથી કહે છે-'હું પરનો જાણવાવાળો છું' એ ભૂલીને 'હું પરનો કરવાવાળો છું'- એવો જે અભિપ્રાય છે તે મિથ્યા અભિપ્રાય છે. એક રજકણથી માંડીને બધીય ચીજો, દુનિયાના ધંધા-વેપાર, કુટુંબનું ભરણ-પોષણ, સંસ્થાઓનો વહિવટ, રાજ્યનો વહિવટ, શરીરાદિની ક્રિયા ઇત્યાદિ હું કરું છું -એ બધાય પરિણામનો વિષય નથી, કેમકે એ પરિણામ પરમાં કાંઈ કરી શકતા નથી. આ તો બધા દાખલા કીધા. સંક્ષેપમાં

સિદ્ધાંત આ છે કે -સ્વદ્રવ્ય પરદ્રવ્યનું કાંઈ પણ કરવા શક્તિમાન નથી અને છતાં કરી શકે છે એમ માનવું તે મિથ્યા માન્યતા હોવાથી મિથ્યાત્વ છે, મહા અનર્થનું કારણ છે.

પરનું કર્તાપણું તો દૂર રહો, 'હું પરનો જાણનાર-દેખનાર છું' એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી તો હું પોતાનો (-આત્માનો) જાણનાર-દેખનાર છું-એ પરિણામ સાર્થક છે. સમજાણું કાંઈ....? આવી વાત છે! ગાથા ૨૬૬ પૂરી થઈ.

[પ્રવચન નં. ૩૨૦ (શેષ) અને ૩૨૧ * દિનાંક ૧૫-૨-૭૭ અને ૧૬-૨-૭૭]

## ગાથા-૨૬૭

कुतो नाध्यवसानं स्वार्थक्रियाकारीति चेत्-

अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।
मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं।। २६७।।

अध्यवसाननिमित्तं जीवा बध्यन्ते कर्मणा यदि हि।
मुच्यन्ते मोक्षमार्गे स्थिताश्च तत् किं करोषि त्वम्।। २६७।।

હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છેઃ–

સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં
ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭.

**ગાથાર્થઃ-** હે ભાઈ! [ यदि हि ] જો ખરેખર [ अध्यवसाननिमित्तं ] અધ્યવસાનના નિમિત્તે [ जीवाः ] જીવો [ कर्मणा बध्यन्ते ] કર્મથી બંધાય છે [ च ] અને [ मोक्षमार्गे स्थिताः ] મોક્ષમાર્ગમાં સ્થિત [ मुच्यन्ते ] મુકાય છે, [ तद् ] તો [ त्वम् किं करोषि ] તું શું કરે છે? ( તારો તો બાંધવા-છોડવાનો અભિપ્રાય વિફળ ગયો. )

**ટીકાઃ-** ‘ હું બંધાવું છું, મુકાવું છું ’ એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા, મૂકવા ( -મૂકત કરવા, છોડવા ) તે છે. પરંતુ જીવ તો, આ અધ્યવસાયનો સદ્ભાવ હોવા છતાં પણ, પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી મુકાતો; અને પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્ભાવથી, તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ, બંધાય છે, મુકાય છે. માટે પરમાં અકિંચિત્કર હોવાથી ( અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી ) આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી; અને તેથી મિથ્યા જ છે. -આવો ભાવ ( આશય ) છે.

**ભાવાર્થઃ-** જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે. આ બાંધવા-છોડવાનું અધ્યવસાન પણ પરમાં કાંઈ કરતું નથી; કારણ કે તે અધ્યવસાન ન હોય તોપણ જીવ પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધ-મોક્ષને પામે છે, અને તે અધ્યવસાન હોય તોપણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો. આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી સ્વ-અર્થક્રિયા કરનારું નથી અને તેથી મિથ્યા છે.

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છેઃ–

( अनुष्टुभ् )

**अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।**
**तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्।।१७१।।**

**શ્લોકાર્થ:-** [ अनेन निष्फलेन अध्यवसायेन मोहितः ] આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો થકો [ आत्मा ] આત્મા [ तत् किञ्चन अपि न एव अस्ति यत् आत्मानं न करोति ] પોતાને સર્વરૂપ કરે છે, -એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.

**ભાવાર્થ:-** આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે; પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો. ૧૭૧.

* * *

## સમયસાર ગાથા ૨૬૭ : મથાળું

હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છે:-

## * ગાથા ૨૬૭ : ટીકા ઉપરનું પ્રવચન *

'હું બંધાવું છું, મૂકાવું છું-એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા, મૂકવા તે છે.'

જુઓ અહીં 'બંધાવું, મૂકાવું-' એમ બે બોલ કેમ લીધા? કેમકે તે નવા આવ્યા છે. જીવન-મરણ કરું ને દુઃખી-સુખી કરું-એ બોલની વાત તો પહેલાં આવી ગઈ છે. આ બોલ પહેલાં નહોતા આવ્યા તો તેનો અહીં ખુલાસો કરે છે.

શું કહે છે? કે હું બીજા પ્રાણીને કર્મબંધન કરાવું છું કે એને કર્મબંધનથી છોડાવું છું એવું જે અધ્યવસાન છે તેની અર્થક્રિયા શું? તો કહે છે-બીજા જીવોને બાંધવા કે મૂકવા તે એની અર્થક્રિયા છે. હવે કહે છે-

'પરંતુ જીવ તો, આ અધ્યવસાયનો સદ્ભાવ હોવા છતાં પણ, પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો નથી મૂકાતો; અને પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્ભાવથી, તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ, બંધાય છે મૂકાય છે.'

અહાહા...! જોયું? કહે છે કે-બીજાને હું બંધાવું છું અર્થાત્ પાપમાં નાખું છું અને બીજાને છોડાવું છું અર્થાત્ મુક્ત કરાવું છું એવો તારો અધ્યવસાય-પરિણામ હોવા છતાં પર જીવો તો પોતાને સરાગ પરિણામ ન હોય તો બંધાતા નથી અને પોતાને વીતરાગ પરિણામ ન હોય તો મૂકાતા નથી. આ વસ્તુસ્થિતિ છે ત્યાં

તારા પરિણામ શું કરી શકે? એ પ્રાણી તો પોતાના રાગના પરિણામ વિના બંધાશે નહિ અને વીતરાગતાના પરિણામ વિના મૂકાશે નહિ.

વળી જો કદીક બીજા જીવને બંધાવાના કે મૂકાવાના તારા પરિણામ ન હોય તો પણ તે બીજો જીવ પોતાના સરાગ પરિણામથી બંધાશે અને વીતરાગ પરિણામથી મૂકાશે. આવું જ વસ્તુસ્વરૂપ છે ત્યાં તારું શું કર્તવ્ય છે? ભાઈ! આ સમજ્યા વિના જ દુનિયા આખી સંસારમાં અનંતકાળથી રખડી મરે છે.

ભગવાન! તું અનાદિથી દુઃખી જ દુઃખી છે. મોટો પૈસાવાળો ધનપતિ થયો ત્યારે પણ, હું પૈસાવાળો છું, હું સંપત્તિની બરાબર વ્યવસ્થા કરી શકું છું, હું પૈસા દાનમાં આપી શકું છું અને ધન વડે બીજાને (-ગરીબોને) સુખ પહોંચાડી શકું છું-એવી મિથ્યા માન્યતા વડે મિથ્યાદ્રષ્ટિ થઈને દુઃખી જ રહ્યો છે. ભાઈ! તને મિથ્યાદર્શન શું ચીજ છે એની ખબર નથી પણ એના ગર્ભમાં અનંતકાળનાં પરિભ્રમણનાં પારાવાર દુઃખ રહ્યાં છે.

અહાહા....! હું બીજાને દુઃખી-સુખી કરું છું, બંધાવું-મૂકાવું છું એમ જે માને છે તે મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે અને તે ચારગતિમાં અનંતકાળ રખડી ખાય છે.

જુઓ, પહેલાં કહ્યું કે -તારા પરિણામ હોય કે હું પરને બંધાવું-મૂકાવું તો પણ પર જીવ તો એના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધાતો નથી કે મૂકાતો નથી. વળી કહ્યું કે તારા પરને બંધાવા-મૂકાવાના અધ્યવસાય ન હોય તોપણ પર જીવો તો પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધાય છે કે મૂકાય છે. આમાં ખૂબી જોઈ? એમ કે-તારા અધ્યવસાય હોય કે ન હોય, પર જીવો તો પોતાના મિથ્યાત્વના ભાવને કારણે બંધાય છે અને વીતરાગભાવને કારણે મૂકાય છે. એટલે કે તારું અધ્યવસાન તો પર જીવોને બંધાવા-મૂકાવામાં ફોગટ વ્યર્થ છે.

અહા! આચાર્યદેવે આમાં ગજબની ખૂબી નાખી છે. તારા પર જીવોને બંધાવા-મૂકાવાના અધ્યવસાય ન હોય તોય પર જીવો તો પોતાના સરાગ-વીતરાગ પરિણામને કારણે બંધાય-મૂકાય છે, અને તને પર જીવોને બંધાવા-મૂકાવાના પરિણામ હોય તોપણ પર જીવો તો પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધાતા-મૂકાતા નથી. માટે તારા અધ્યવસાય પરમાં કાંઈ કરતાં નથી. લ્યો, આવી વાત છે! હવે એ જ કહે છે કે-

'માટે પરમાં અકિંચિત્કર હોવાથી આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી; અને તેથી મિથ્યા જ છે-આવો ભાવ (-આશય) છે.'

અહો! અદ્‌ભૂત અલૌકિક વાત છે ભાઈ! આ. અત્યારે તો પંડિતોમાં મોટી ચર્ચા

ને વિવાદ ચાલે છે કે-પરનું કરી શકે છે; તથા કેટલાક લોકો પણ માને છે કે (-જીવ) પરનું કરી શકે છે.

અરે ભાઈ! જો તો ખરો ભગવાન! કે અહીં શું કહે છે આ? કહે છે-તારું અધ્યવસાન પરમાં તદ્દન અકિંચિત્કર છે, અર્થાત્ પરમાં કાંઈપણ કરી શકતું નથી. જેમ તારા સુખ-દુઃખના પરિણામમાં વિષયો અકિંચિત્કર છે. (જુઓ, પ્રવચનસાર ગાથા ૬૭), વિષયો તારા સુખ-દુઃખના પરિણામના કર્તા નથી તેમ તારું અધ્યવસાન પરમાં કાંઈ કરતું નથી અર્થાત્ પરદ્રવ્યની ક્રિયા કરવામાં-નીપજાવવામાં અકિંચિત્કર છે.

અહાહા...! ત્રણલોકના નાથ ભગવાન જિનેન્દ્રદેવ ધર્મસભામાં ગણધરો ને ઇન્દ્રોની સમક્ષ ઓમ્ધ્વનિમાં આ વાત કહેતા હતા અને સંતો એ વાત અહીં કહે છે. જુઓ, અત્યારે મહાવિદેહમાં સર્વજ્ઞ ત્રિલોકનાથ ભગવાન સીમંધર પ્રભુ બિરાજે છે. ત્યાં ૨૦૦૦ વર્ષ પર પ્રચુર આનંદમાં ઝૂલનારા, જ્ઞાની, ધ્યાની, મહાપવિત્ર દિગંબર સંત મહા મુનિવર ભગવાન કુંદકુંદાચાર્ય સં. ૪૯ માં ભગવાન પાસે સદેહે ગયા હતા અને આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ સમયસાર, પ્રવચનસાર આદિ શાસ્ત્ર બનાવ્યાં છે. તેઓ કહે છે-ભગવાનનો આ સંદેશો છે કે આત્મા પરદ્રવ્યમાં કાંઈપણ કરવા અકિંચિત્કર છે. અહાહા....! પર જીવોની દયા પાળવામાં આત્મા અકિંચિત્કર છે, અને પર જીવોને મારવામાં પણ આત્મા અકિંચિત્કર છે. આત્મા પરની દયા પાળી શકતો નથી અને પર જીવોને મારી શકતો નથી. ભાઈ! આ તો વસ્તુસ્થિતિની મર્યાદા છે કે પરદ્રવ્યની કોઈ ક્રિયા આત્મા કરી શકતો નથી.

પણ પરદ્રવ્યની ક્રિયા થાય એમાં એ નિમિત્ત તો છે ને?

નિમિત્ત છે એની કોણ ના પાડે છે? પણ નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી, પરની ક્રિયામાં અકિંચિત્કર છે એમ વાત છે. નિમિત્ત પરમાં કાંઈક કરે છે એમ જો માનો તો નિમિત્ત જ ના રહે. અહા! મૂળ વાતમાં ફેર હોય ત્યાં શું થાય?

અરે! અનાદિથી જીવ મહા અનર્થનું કારણ એવા મિથ્યાત્વને લઈને સંસારમાં રખડે છે. દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિ એણે અનંતવાર કર્યાં; અને ભગવાનના સમોસરણમાં પણ અનંતવાર ગયો, છતાં ભવભ્રમણ ના મટયું. કેમ? કે મિથ્યાત્વ ઊભું હતું. અહા! તે મિથ્યાત્વ શું છે તે અહીં બતાવે છે. અહા! પરદ્રવ્યની ક્રિયા (દયા, દાન વગેરે) હું કરી શકું છું એવો જે ભાવ તે, પરમાં અકિંચિત્કર હોવા છતાં, આને અનંતકાળમાં સેવ્યા જ કર્યો છે; તે મિથ્યાત્વભાવ છે, અનંત સંસારનું મૂળ છે.

જયપુરમાં 'ખાણિયા ચર્ચા' થઈ એમાં મોટી ચર્ચા થઈ કે સોનગઢવાળા,

નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી એમ માને છે માટે તેઓ નિમિત્તને માનતા નથી. તો કહીએ છીએ-

નિમિત્ત હોય છે ખરું, પણ એ પરમાં અકિંચિત્કર છે. અર્થાત્ પરમાં કાંઈ કરતું નથી. કોઈ પંડિતે ઠીક જ લખ્યું છે કે-સોનગઢવાળા નિમિત્તને માનતા નથી એમ નથી, પણ નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી એમ માને છે.

ભાઈ! આ શરીર હાલે છે, વાણી થાય છે તો એમાં આત્મા નિમિત્ત છે, પણ આત્મા શરીરને હલાવે છે, તેમ જ વાણી બોલે છે એમ નથી. આત્મા શરીરને હલાવી શકતો નથી, વાણી બોલી શકતો નથી. તેવી રીતે પર જીવની રક્ષા એના કારણે થાય તેમાં બીજો જીવ નિમિત્ત હોય પણ તે એની રક્ષા કરી દે છે એમ નથી. ભાઈ! નિમિત્ત અકિંચિત્કર છે, તે પરમાં કાંઈ કરી શકતું નથી. ભગવાન આત્મા પરદ્રવ્યની ક્રિયા કરવામાં અકિંચિત્કર છે.

આ વેપારીઓ બધા મોટો વેપાર કરે છે ને ચોપડા લખે છે ને? તેમાં લખે છે ને કે-બાહુબલીનું બળ હજો, અભયકુમારની બુદ્ધિ હજો વગેરે વગેરે. અહીં કહે છે-ભાઈ! એ વેપાર હું કરું છું ને ચોપડા હું લખું છું એવી તારી જે બુદ્ધિ છે તે વિપરીત બુદ્ધિ છે; કેમકે વેપારની-પૈસાની લેવડ-દેવડની ક્રિયા તું કરી શકતો નથી. એ ક્રિયા તો જડ પરમાણુની છે અને તેમાં તું નિમિત્ત ભલે હો, પણ તું એ ક્રિયા કરે છે-કરી શકે છે એમ છે જ નહિ. નિમિત્ત પરનું કાંઈ કરે છે એમ ત્રણકાળમાં નથી.

શ્રી જયસેનાચાર્યની ટીકામાં આવે છે કે જ્ઞાની-ધર્માત્મા-સમકિતીને, પર જીવોને મારવા-બચાવવાના પરિણામ આવે, એવા વિકલ્પ થાય, પણ પર જીવોને હું મારી-બચાવી શકું છું એમ તે માનતા નથી. અરે તે એ વિકલ્પનાય સ્વામી થતા નથી ત્યાં પરની ક્રિયાના સ્વામી કેમ થાય? એ તો પર જીવ મર્યા કે બચ્યા તેમાં હું નિમિત્તમાત્ર છું, નિમિત્તકર્તા નહિ હોં, -એમ જાણે છે. અજ્ઞાનીને તો હું કરું છું, પરની ક્રિયાનો હું કરનારો છું-એમ કર્તાબુદ્ધિ છે, જ્યારે જ્ઞાની તો પોતાને થયેલા વિકલ્પના અને તે કાળે તેના નિમિત્તે થયેલી પરની ક્રિયાના જ્ઞાતા જ છે; કર્તા નહિ, નિમિત્તકર્તાય નહિ. લ્યો, આવો નિમિત્તકર્તા અને નિમિત્તમાત્રમાં મોટો ફેર છે. સમજાણું કાંઈ....?

અરે! લોકોને પોતાનો કાંઈ વિચાર નથી કે હું કોણ છું? ક્યાં ઊભો છું? ને મારું શું થશે? એમણે તો બસ રળવું-કમાવું, બાયડી-છોકરાંને પાળવાં-પોષવાં ને વિષયભોગ ભોગવવા ઈત્યાદિમાં પોતાનું સર્વસ્વ માની લીધું છે. અહીં કહે છે- ભાઈ! રળવા-કમાવાના, બાયડી-છોકરાંને પાળવા-પોષવાના ને વિષયભોગના ભાવ તું

સેવે છે પણ તે ભાવ તે તે પર દ્રવ્યની ક્રિયા કરવા શક્તિમાન નથી અર્થાત્ તે ભાવ પરની ક્રિયામાં અકિંચિત્કર છે. ભગવાન! તારી હોશિયારી કે બુદ્ધિ શું પરમાં ગરી જાય છે? ના; કદીય નહિ. માટે એ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી અને તેથી મિથ્યા જ છે.

કોઈ વૈદ્ય એમ માને કે હું આ દવા એને (-પર જીવને) આપું છું એનાથી એના શરીરની નીરોગિતા થઈ જશે તો એનો એ અધ્યવસાય જૂઠો નિરર્થક છે એમ કહે છે; કેમકે શરીરની નીરોગિતા એ અધ્યવસાયનું કાર્ય નથી. એ અધ્યવસાય કર્તા ને શરીરની નીરોગિતા કાર્ય એમ છે નહિ. અહા! શરીરની નીરોગિતા થાય એમાં એના (વૈદ્યના) પરિણામ નિમિત્ત હો, પણ એ નિમિત્ત એના શરીરની નીરોગિતાનું કર્તા નથી. આવી ઝીણી વાત ભાઈ!

અત્યારે ઉપાદાન અને નિમિત્તની બહુ મોટી ચર્ચા ચાલે છે ને? ઉપાદાન એટલે દ્રવ્યની પોતાની પર્યાયની તત્કાલીન યોગ્યતા; તે એની જન્મક્ષણ છે અને એનાથી પર્યાય જન્મે છે, ઉત્પન્ન થાય છે; પણ નિમિત્તથી થાય છે એમ ત્રણકાળમાં નથી. હા, નિમિત્ત છે ખરું, છે તો ભલે છે, પણ નિમિત્ત પરમાં કાંઈ વિલક્ષણતા કરતું નથી, એ પરમાં અકિંચિત્કર છે.

જુઓ, આ પાણી ગરમ થાય છે તે પોતાની પર્યાયની તત્કાલીન યોગ્યતાથી થાય છે. તે કાળે બહાર અગ્નિનું નિમિત્ત છે, પણ અગ્નિ પાણીને ગરમ કરે છે એમ છે નહિ. પાણીની ગરમ અવસ્થાનો અગ્નિ કર્તા નથી. પાણી પહેલાં ઠંડું હતું ને હવે ગરમ થયું એ પોતાની પર્યાયના ઉપાદાનથી (-નિજ શક્તિથી) ગરમ થયું છે, એ એની જન્મક્ષણથી થયું છે; એમાં અગ્નિ નિમિત્ત અવશ્ય છે, નિમિત્તે પાણીને ગરમ કર્યું નથી. આવી ભારે સૂક્ષ્મ વાત ભાઈ! દુનિયાથી સાવ જુદી.

પ્રત્યેક દ્રવ્યની જે સમયમાં જે પર્યાય થવાયોગ્ય હોય તે સમયમાં તે જ થાય છે; તે સમયે પરવસ્તુ નિમિત્ત હોય; પણ નિમિત્ત ઉપાદાનની પર્યાયને કરે છે વા તેમાં કાંઈ વિલક્ષણતા કરે છે એ સાવ ખોટી વાત છે. બનારસીદાસે ઉપાદાન-નિમિત્તના દોહામાં લખ્યું છે કે-

'ઉપાદાન બલ જહઁ તહઁ, નહિ નિમિત્તકો દાવ'

જ્યાં ત્યાં અર્થાત્ સર્વત્ર (પ્રત્યેક) દ્રવ્યની જે જે પર્યાય થાય છે તે દ્રવ્યની નિજશક્તિથી-ઉપાદાનના બળથી થાય છે, તેમાં નિમિત્તનો કોઈ દાવ જ નથી, અર્થાત્ નિમિત્ત-પરવસ્તુ એમાં અકિંચિત્કર છે.

અહો! આ તો મહા અલૌકિક સિદ્ધાંત છે. જેની સમજમાં તે બેસી જાય તેના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાગ્યની શી વાત! તેનું તો મહાકલ્યાણ થઈ જાય. અહા! આ શરીર, મન, વાણી, કુટુંબ-પરિવાર ઇત્યાદિ સર્વ પરદ્રવ્યની ક્રિયા હું કરી શકતો નથી એમ જેને અંતરમાં બેસી જાય તેની દૃષ્ટિ સર્વ પરદ્રવ્યથી ખસીને ભગવાન જ્ઞાયકસ્વભાવી આત્મામાં લાગી જાય અને ત્યારે તેને મિથ્યાત્વનો નાશ થઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય. આવો અદ્‌ભૂત સિદ્ધાંત ને અદ્‌ભૂત અંતઃતત્ત્વ છે. સમજાણું કાંઈ....?

## * ગાથા ૨૬૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જે હેતુ કાંઈપણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે.'

જુઓ, આ મહાસિદ્ધાંત કહ્યો. હેતુ નામ કારણ કહેવાય ખરું, પણ તે કાંઈપણ ન કરે તો અકિંચિત્કર છે, નિમિત્તકારણ અકિંચિત્કર છે, કેમકે તે પરમાં કાંઈ કરતું નથી. 'નિશ્ચય-વ્યવહાર'માં પણ નિશ્ચયનો હેતુ-કારણ વ્યવહાર છે એમ (શાસ્ત્રમાં) આવે છે. 'કારણ સો વ્યવહારો'-એમ આવે છે ને? તેમાં પણ આ જ સિદ્ધાંત છે કે વ્યવહાર છે તે હેતુ છે પણ એ કાંઈ નિશ્ચયને કરતું નથી અર્થાત્ એ અકિંચિત્કર છે. જે કોઈ કારણ, નિમિત્ત વા હેતુ પરનું કાંઈપણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે.

'આ બાંધવા-છોડવાનું અધ્યવસાન પણ પરમાં કાંઈ કરતું નથી; કારણ કે તે અધ્યવસાન ન હોય તોપણ જીવ પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધ-મોક્ષને પામે છે. અને તે અધ્યવસાન હોય તોપણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો.'

જુઓ, 'બીજાને હું પાપ બંધાવું જેથી તે નરકાદિ દુર્ગતિએ જાય'-એવો જે અધ્યવસાય છે તે અકિંચિત્કર છે કેમકે તે પરને બંધાવાનું કાર્ય કરી શકતો નથી. પરને બંધાવાનો અધ્યવસાય પરને બંધાવી શકતો નથી. વળી 'બીજાને હું બંધાવું' એવો અધ્યવસાય ન હોય તોપણ બીજો પોતાના સરાગ-વિકારી પરિણામથી બંધાય છે. માટે પરને બંધાવાના તારા અધ્યવસાનના કારણે પર જીવ બંધાય છે એમ છે નહિ. પર જીવ તો પોતાના અજ્ઞાનમય રાગાદિભાવથી જ બંધાય છે.

વળી તારો પરને મુક્ત કરવાનો અધ્યવસાય હોય તોપણ વીતરાગભાવ વિના, સરાગ પરિણામનો અભાવ થયા વિના તે મૂકાતો નથી; અને પરને મુક્ત કરવાનો અધ્યવસાય ન હોય તોપણ વીતરાગભાવથી, સરાગ પરિણામના અભાવથી એની મુક્તિ થઈ જાય છે. માટે પરને મુક્ત કરવાના તારા અધ્યવસાનના કારણે પર જીવ મુકાય છે એમ છે નહિ. પર જીવ તો પોતાના વીતરાગભાવથી જ મુકાય છે. અહા! આ તો એકલા ન્યાય ભર્યા છે.

ભાઈ! તારા પરિણામ એવા હોય કે આને હું બંધાવું-મુકાવું તોપણ એ સામો જીવ પોતાના સરાગભાવ વિના બંધાય નહિ અને પોતાના વીતરાગભાવ વિના મુકાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નહિ. વળી 'હું આને બંધાવું-મૂકાવું-એવા તારા પરિણામ ન હોય તોપણ સામો જીવ પોતાના સરાગભાવથી બંધાય છે અને વીતરાગભાવથી મૂકાય છે. આ પ્રમાણે પરના બંધ-મોક્ષમાં તારો અધ્યવસાય અકિંચિત્કર છે, અર્થાત્ કાંઈ પણ કરી શકતો નથી; માટે તે મિથ્યા-નિરર્થક છે.

લ્યો, આ નિમિત્તના સંબંધમાં મોટી તકરાર છે ને કે-નિમિત્ત પરનું કાંઈક કરે છે.

એમ નથી ભાઈ! નિમિત્ત છે ખરું, પણ નિમિત્ત પરનું કાંઈ પણ ન કરે. નિમિત્ત પરમાં અકિંચિત્કર છે. આવી જ વસ્તુવ્યવસ્થા છે બાપુ! કર્મનો ઉદય જીવના વિકારી પરિણામનો હેતુ-નિમિત્ત છે, પણ તે જીવના વિકારી પરિણામને જરીય ન કરે. આ વસ્તુસ્થિતિ છે.

અહીં કહે છે-'આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી સ્વ-અર્થક્રિયા કરનારું નથી અને તેથી મિથ્યા છે.'

જીવના પરને દુઃખી-સુખી કરવાના, પરને મારવા-જિવાડવાના કે પરને બંધાવા-મૂકાવાના અધ્યવસાન છે તે પરમાં અકિંચિત્કર હોવાથી પોતાની પ્રયોજનભૂત ક્રિયા-સ્વઅર્થક્રિયા કરતા નથી માટે તે મિથ્યા છે. અલબત તે અધ્યવસાય પોતાના અનર્થ માટે સફળ છે, પણ પરમાં ક્રિયા કરવામાં નિષ્ફળ હોવાથી મિથ્યા છે. આવી વાત છે.

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છેઃ-

## * કળશ ૧૭૧ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'अनेन निष्फलेन अध्यवसायेन मोहितः' આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો થકો 'आत्मा' આત્મા 'तत् किञ्चन अपि न एव अस्ति यत् आत्मानं न करोति' પોતાને સર્વરૂપ કરે છે, એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.

શું કહે છે? કે આ જૂઠા-નિરર્થક અધ્યવસાયથી જીવ અનાદિથી ઘેલો નામ પાગલ થઈ રહ્યો છે. હું આનું કરું ને તેનું કરું, હું બાયડીનું કરું, છોકરાંનું કરું, રળવાનું કરું ને તેની વ્યવસ્થા કરું, બીજાને જિવાડવાનું કરું ને મારવાનું કરું, ઈત્યાદિ એવા અધ્યવસાયથી એ વિમોહિત અર્થાત્ પાગલ થઈ ગયો છે. અહા! આ બધા દુનિયાના કહેવાતા ડાહ્યા લોકો આ રીતે મૂર્ખ-પાગલ છે એમ કહે છે. જગતમાં જેટલા પદાર્થ છે તેની ક્રિયા હું કરું છું એમ માને છે ને? તેથી તેઓ મૂઢ મિથ્યાદ્રષ્ટિ પાગલ છે, કેમકે વાસ્તવિક સ્વરૂપ તો આ છે કે-

'હોતા સ્વયં જગત પરિણામ, મૈં ઈસકા કયા કરતા કામ?'

શાસ્ત્રમાં (સમયસાર કળશટીકામાં) આવે છે કે-જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તન માત્ર કાળ બાકી રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઉપજવાને

યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ છે. હવે આવું જો નક્કી કરવા જાય તો ક્રમબદ્ધ (પરિણમન) નક્કી થઈ જાય; પર્યાયનો કાળ અને ક્રમ નક્કી થઈ જાય, ક્રમબદ્ધપર્યાય સિદ્ધ થઈ જાય. એટલે કોઈ લોકો એને ઉડાડી દે છે, એમ કે-અર્ધપુદ્ગલપરાવર્તન સંસાર બાકી હોય ત્યારે જ સમકિત થાય એમ નહિ. પણ બાપુ! છે તો એમ હોં, તારા અભિપ્રાયમાં ભૂલ છે; વસ્તુનો સ્વભાવ તો જેમ છે તેમ જ છે. (આત્મા કેવળજ્ઞાન-સ્વભાવી જ છે).

એ લોકો ક્રમબદ્ધનો નિષેધ કરતાં કહે છે-જુઓ, 'પરીક્ષામુખ' માં સૂત્ર છે કે જ્ઞાનની અવસ્થા, આ શરીર-મન-વાણી છે, આ ઘટ-પટ છે, આ મહેલ-મકાન છે ઇત્યાદિ પરને 'છે, છે' -એમ પ્રત્યક્ષ નક્કી કરે છે અને તેમાં (જ્ઞાનમાં) એ પ્રત્યક્ષ થાય છે તો એ જ્ઞાનની પર્યાય સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે? એમાં (જ્ઞાનમાં) સ્વસ્વરૂપ પ્રત્યક્ષ કેમ ન જણાય? આમાંથી એ લોકો એમ કાઢે છે કે-અર્ધપુદ્ગલપરાવર્તનનો કાળનો નિયમ લાગુ ન પડે.

ભાઈ! ત્યાં પરીક્ષામુખમાં સૂત્રકારનો એ આશય નથી. ત્યાં તો એમ કહેવું છે કે અંદર આત્માનો જે જ્ઞાનદર્શનસ્વભાવ છે તે સ્વપરપ્રકાશક છે. એની પર્યાયમાં પણ સ્વપરપ્રકાશકપણું છે. અહા! જે જ્ઞાનની પર્યાય, આ શરીર છે, વાણી છે ઇત્યાદિ પરને પ્રત્યક્ષ કરે છે તે સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે?

અહાહા...! ભગવાન! તારો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે ને! અંદરમાં જ્ઞાનદર્શન ગુણ છે તે સ્વ-પરપ્રકાશક છે ને! એની પર્યાયમાં પણ સ્વ-પરપ્રકાશકપણું છે તો એ પરને પ્રકાશે છે, આ છે, આ છે, -એમ પરનો જ્ઞાનની પર્યાય નિર્ણય કરે છે તો પછી 'આ હું ત્રિકાળી જ્ઞાયક છું' એમ સ્વનો નિર્ણય એમાં કેમ ન કરે! એમ કરીને પરીક્ષામુખમાં ત્યાં સૂત્ર મૂકયું છે તો કાળને છેદવા (એટલે કે મુક્તિને પામવા, પણ ત્યાં અર્ધપુદ્ગલપરાવર્તનની વાત નથી), પણ ત્યાં સિદ્ધાંત એ સિદ્ધ કરવો છે કે જે જ્ઞાનની પર્યાય આ બાયડી, છોકરાં, દુકાન, પૈસા વગેરે બધું છે, છે, છે-એમ પ્રત્યક્ષ જાણે છે અર્થાત્ જ્ઞાનમાં બરાબર નક્કી કરે છે, એ ચીજોને કરે છે એમ નહિ, જ્ઞાનમાં જાણે છે તે જ્ઞાનની પર્યાય તો સ્વ-પરપ્રકાશક છે; તો પછી તે સ્વને કેમ ન પ્રકાશે? ન્યાય સમજાય છે કાંઈ...?

જેમ પરનો નિર્ણય (-પ્રકાશ) કરતાં એ બધું પર પ્રત્યક્ષ થાય છે તેમ જ્યારે સ્વનો નિર્ણય (-પ્રકાશ) કરે છે ત્યારે સ્વ પ્રત્યક્ષ થાય છે; કેમકે પ્રકાશ નામનો એનામાં ગુણ છે. એ એકાંતે પરને પ્રકાશે છે એ તો એકાંત થઈ ગયું; એનો ગુણ તો સ્વ-પરપ્રકાશક છે. ખરેખર સ્વ પ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે અને એ ગુણમાં પરને પ્રકાશવાનું સામર્થ્ય સહેજે ખીલી જાય છે. આવી વાત છે.

હવે વિશેષ વાતઃ કે જ્ઞાનની પર્યાયમાં વર્તમાન પરને પ્રકાશવાનું-પ્રત્યક્ષ કરવાનું સામર્થ્ય છે તો તે સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે? કરે. જો એમ છે તો પછી તે જ્ઞાનની પર્યાય ભવિષ્યની પર્યાયને પણ અત્યારે (-વર્તમાનમાં) કેમ ન જાણે? વર્તમાન જ્ઞાનપર્યાય અનંતા દ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણે છે તો પોતાની અનંત ભવિષ્યની પર્યાયને પણ કેમ ન જાણે? શું કીધું? કે જ્ઞાનમાં પરને જાણવાનું સામર્થ્ય પ્રત્યક્ષ નક્કી થાય છે તો એનામાં સ્વને જાણવાનું પણ સામર્થ્ય નક્કી થાય છે. અને તો પછી એ શ્રુતજ્ઞાનની પર્યાય ભવિષ્યને પણ વર્તમાનમાં જાણે છે એમ કેમ નક્કી ન થાય? ન્યાય સમજાય છે કાંઈ...? અહાહા...! કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે અને શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે. શ્રુતજ્ઞાની, ભવિષ્યની જે શ્રુતજ્ઞાનની થશે તે, ને કેવળજ્ઞાનની થશે તે-તે બધીય અનંતી પર્યાયને (પરોક્ષ) જાણે છે. અહા! ભગવાન! તારું કોઈ ગજબ અદ્ભુત સામર્થ્ય છે! પ્રભુ! તું મહાન છો પણ તને તારા મહિમાની ખબર નથી.

ભગવાન! તું પર ચીજની મોટપમાં મુંઝાઈ ગયો? આ શું થયું તને? આ રાગ ને આ શેઠાઈ, આ દેવતાઈ ને આ વૈભવ, આ પૈસા કે આ શરીરનું રૂપાળાપણું-ઇત્યાદિમાં એમાં તું કયાંય નથી ભાઈ! અને એ ચીજો તારામાં નથી. તારામાં તો એક સમયમાં લોકાલોકને પ્રકાશે એવું સામર્થ્ય છે પ્રભુ! અરેરે! એણે પરની મોટપ આડે અનંતકાળ દુઃખમાં-પામરતામાં જ વીતાવ્યો છે!

આ તો ન્યાયથી વાત છે ભાઈ! અહા! જે જ્ઞાનની પર્યાય પરને પ્રકાશે છે તે સ્વને કેમ ન પ્રકાશે! અને જો સ્વદ્રવ્યને પ્રકાશે છે તો પછી પોતાની વર્તમાન, ભૂત ને ભવિષ્યની પર્યાયને કેમ ન જાણે? જાણે; લ્યો, આ વસ્તુસ્થિતિ છે. શું? કે કરવાનું કાંઈ નહિ ને જાણવાનું બાકી કાંઈ નહિ. અહાહા...! પરમાં અકિંચિત્કર અને પરને જાણવામાં કાંઈ બાકી ન રહે એવો જ્ઞાનસ્વભાવી-સર્વજ્ઞસ્વભાવી પ્રભુ આત્મા છે. અહાહા...! એ તો રાગવાળોય નહિ, પુણ્યવાળોય નહિ ને એના ફળવાળોય નહિ પણ એ તો સ્વપરપ્રકાશી જ્ઞાનનો પિંડ પ્રભુ છે.

જુઓ, પરનું કરવું ને રાગાદિનું કરવું એ આત્માનો સ્વભાવ નથી. ભાઈ! આ વ્યવહારરત્નત્રયનો રાગ કરવો એ એનો સ્વભાવ નથી. પણ એ વ્યવહારરત્નત્રયના રાગને અને બીજાને જાણે એવો તેનો સ્વભાવ છે. હવે એ જાણે છે તો અનાદિથી પણ સ્વપ્રકાશને જાણ્યા વિના પરપ્રકાશનું પ્રમાણજ્ઞાન યથાર્થ થતું નથી. બાપુ! આવો વીતરાગનો માર્ગ સંતોએ જાહેર કર્યો છે.

અહાહા...! આત્મા પરનું કાંઈ ન કરે પણ પરને કાંઈપણ બાકી રાખ્યા વિના જાણે એવો એનો સ્વભાવ છે. પોતે જ્ઞ-સ્વભાવી છે ને? એટલે સ્વને પર-સર્વને જાણે એવું એનું સહજ સામર્થ્ય છે, પણ પરમાં કાંઈ કરે એવું એનું સામર્થ્ય જ નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા...! એક રજકણની કે રાગના અંશની ક્રિયાને કરે એવી આત્માની શક્તિ જ નથી. તો પછી દેહની ને વાણીની ને વેપાર આદિની ક્રિયાને તે કરે એ વાત જ ક્યાં રહે છે?

અહાહા...! આ તો ચૈતન્યહીરો પ્રભુ! બધાયને જાણે પણ કરે કોઈને નહિ. અરે! પણ એની એને ખબર નથી! 'પરીક્ષા મુખ' ગ્રન્થ છે એમાં આવે છે કે-

પરખ્યાં માણકે મોતિયાં પરખ્યાં હેમકપૂર
પણ એક ન પરખ્યો આતમા,...............

અહા! આત્મા શું ચીજ છે એને જાણ્યો નહિ અને એણે જ્ઞાનની પર્યાયમાં પરને જિવાડવાના, પરને મારવાના, તથા શરીર, મન, વાણી, બાયડી, છોકરાં, કુટુંબ, સમાજ વગેરેની ક્રિયા કરવાના નિષ્ફળ અધ્યવસાય કર્યા. અહીં કહે છે-એ રીતે નિષ્ફળ અધ્યવસાનથી વિમોહિત-મૂર્ચ્છિત તે અનંતકાળથી પાગલ થઈ રહ્યો છે. હું પરનું કરું છું- એવી માન્યતા વડે તે પોતાના સ્વસ્વરૂપને-ચૈતન્યરૂપને ભૂલીને પોતાને સર્વરૂપ કરે છે. આ પ્રમાણે તે સર્વ પરભાવોનો કર્તા થાય છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

ભાઈ! આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની ઓમ્‌ધ્વનિમાં જાહેર થયું છે કે-ભગવાન! તું સર્વજ્ઞસ્વભાવી અંદરમાં પરમેશ્વર પરમાત્મા છો. અહાહા...! જગતના અનંત આત્મા બધાય (પ્રત્યેક) અંદરમાં સર્વજ્ઞસ્વભાવી ભગવાનસ્વરૂપ છે. તે સ્વ-પરને સર્વને જાણે એવો એનો સ્વભાવ છે. પણ એને ઠેકાણે હું પરનું કરું-પરને મારું-જિવાડું, પરને દુઃખી- સુખી કરું, પરને બંધાવું-મૂકાવું-ઇત્યાદિ મિથ્યા તું અધ્યવસાન કરે એ તો તું પોતાને સર્વરૂપ (પરરૂપ) કરતો મિથ્યાદ્રષ્ટિ છે. અહા! પોતાને પરનું કર્તાપણું માને તે પોતાને સર્વરૂપ (પરરૂપ) કરતો મિથ્યાદ્રષ્ટિ છે. અહા! પરને પોતારૂપ જાણે તો તેમાં સ્વનો લોપ થઈ ગયો તેથી તે બહિર્દ્રષ્ટિ મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ...! આ તો સર્વજ્ઞનો મારગ બાપા!

જુઓ, અહીં શબ્દ શું છે! કે- 'तत कञ्चिन अपि न एव अस्ति यत् आत्मानं न करोति' -અહાહા...! એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય અર્થાત્ એ સર્વરૂપ પોતાને કરે છે. ખરેખર તો એ સર્વરૂપને જાણનાર છે; પણ એને ઠેકાણે આ સર્વ મારું છે ને હું તેને કરું છું એમ જે અધ્યવસાય કરે છે તે પોતાને સર્વરૂપ કરે છે એવો મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. લ્યો, આવી વાત! હજી તો ભાનેય ન હોય કે હું સર્વજ્ઞસ્વભાવી આત્મા છું ને મંડી પડે સામાયિક, પડિક્કમણ ને પોસા વગેરે કરવા ને માને કે મને ધર્મ થઈ ગયો તો કહે છે-એનાથી ધૂળેય ધર્મ નહિ થાય સાંભળને. ભગવાન! તું કેવો છું ને કેવડો છું એ ત્રણલોકના નાથ દેવાધિદેવ અરિહંત પરમાત્માએ ઓમ્‌ધ્વનિમાં જાહેર કર્યું છે. તેને તું જાણે નહિ તો આ બધી ક્રિયાઓ તો ફોગટ છે, નિષ્ફળ છે અર્થાત્ સંસાર માટે સફળ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક ફેરા છેલ્લે છેલ્લે સંપ્રદાયમાં હતા ત્યારે મોટી સભામાં વ્યાખ્યાનમાં કહ્યું હતું કે આ આત્મા ક્રમે ક્રમે, ક્રમે ક્રમે દરેકને જાણે છે; જ્યાં જે ભવમાં-ગતિમાં ગયો, જે સંયોગમાં આવ્યો તેને જાણે તો છે ને? પણ એને આમ ક્રમે ક્રમે જાણે છે, પણ એને બદલે એ સર્વને એક સમયમાં જાણે તે સર્વજ્ઞ થાય છે. આ આત્મા જ્યાં જ્યાં ભવ કરે છે ત્યાંના તે તે ક્ષેત્રનું ને ભાવનું જ્ઞાન કરે છે. તે જ્ઞાન તો તે પ્રકારે તેને છે, પણ એ ક્રમે ક્રમે આમ ભવ કરીને, રાગ કરીને સર્વનું જ્ઞાન કરે છે. હવે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને ક્રમ વિના જાણે એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવને અનુસરીને એક સમયમાં સર્વને-લોકાલોકને જાણે એવી પર્યાય પ્રગટ થાય તેને જ્ઞાનની પરિપૂર્ણ દશા-સર્વજ્ઞદશા કહે છે. લ્યો, આવી વાત છે. ભાઈ! આ તો ન્યાયથી બેસે એવી વાત છે. વસ્તુની સ્થિતિ જે રીતે છે તે રીતે તેને ન્યાયથી સમજવી એનું નામ જૈનદર્શન છે, એમ ને એમ (ઓઘે ઓઘે) માની લે કે આ કેવળી ને આ આત્મા ને આ ફલાણું ને આ ઢીંકણું-એમ જૈનદર્શનમાં છે નહિ. જ્ઞાનને વસ્તુસ્થિતિ ભણી દોરી જવું એનું નામ ન્યાય છે અને ન્યાયથી વસ્તુને ગ્રહણ કરવી તે યથાર્થમાં જૈનદર્શન છે. સમજાણું કાંઈ...?

અહીં તો એ લેવું છે કે-નિરર્થક અધ્યવસાનથી વિમોહિત-ઉન્મત્ત જીવ, જગતમાં એવી કોઈ વસ્તુ નથી જે-રૂપ તે પોતાને ન કરતો હોય. અનંતકાળમાં એણે આ દેહ મારી ને વાણી મારી ને ઇન્દ્રિયો મારી, ને કર્મ મારાં ને આ બાયડી-છોકરાં મારાં, પૈસા મારા, આબરૂ મારી, દુકાન મારી, દેશ મારો ને સમાજ મારો-એમ કર્મ, નોકર્મ ને પરજીવોને-સર્વને તે પોતાનાં કરે છે. અરે ભાઈ! એ પરચીજને તારી કરે છે એને બદલે સર્વને જાણવાનો તારો સ્વભાવ છે એની પ્રતીતિ કરીને એને તારો કર ને! અહા! સર્વને (-પરને) પોતાના કરવા જાય છે એને બદલે હું સર્વને જાણનાર કેવળજ્ઞાનસ્વભાવી પરમાત્મદ્રવ્ય છું-એમ પોતાને પોતાનો કરને! બાપુ! પરચીજ તો અનંતકાળે તારી નહિ થાય. અને તારી ચીજ તો તારી જ છે, એની પ્રતીતિ-દૃષ્ટિ કરતાં જ સુખ અને આનંદ છે.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે-

'જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેનાં વચનના વિચારયોગે-

-શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે,

-એમ શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે,

-વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે,

-ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

મુખ્યનયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે.

પહેલાં પોતાનો કેવળજ્ઞાનસ્વભાવ માન્યો નહોતો, કેવળજ્ઞાનનું સ્વરૂપ માન્યું નહોતું, તે પોતાનો શુદ્ધ સ્વપરપ્રકાશી એક જ્ઞાયકભાવ શ્રદ્ધાનમાં ને જ્ઞાનમાં આવ્યો ત્યાં 'શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે' એમ કહ્યું. કેવળજ્ઞાન તો ૧૩ મે ગુણસ્થાને થશે, આ તો સમકિતીનો આત્માનો કેવળજ્ઞાનસ્વભાવ પ્રતીતિમાં આવ્યો છે તો શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે એમ કહ્યું છે. હે ભાઈ! તું આવા કેવળજ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીતિ કર ને!

અજ્ઞાની સર્વરૂપ પોતાને કરે છે એ હવે ગાથામાં આવશે. આ તો એનો ઉપોદ્ઘાત છે કે-એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય. એમ કહીને આચાર્ય એમ કહે છે કે-ભગવાન! તું પરમાં ક્યાં ગયો? સ્વરૂપની પ્રતીતિ કરીને તારા સર્વજ્ઞસ્વરૂપમાં રહે ને! સર્વને જાણનારા તારા સ્વભાવમાં સ્થિર થા ને!

અહાહા! જ્ઞાનની પર્યાય જે સ્વ-પરને જાણે છે એમાં ભવિષ્યની પર્યાય પણ જાણવામાં આવી જ જાય છે. ભવિષ્યમાં રાગ કરીશ એમ નહિ, પણ ભવિષ્યમાં રાગ થશે તેનું જે જ્ઞાન થશે તે જ્ઞાન જ્ઞાનીને આવી જાય છે, સર્વ જ્ઞાન આવી જાય છે. 'ત્રણકાળ ત્રણલોકને જાણનારો હું,' એવી વાસ્તવિક પ્રતીતિ એને આવી જાય છે. માણસને અભ્યાસ નહિ એટલે આ વાત ઝીણી પડે. ઓલા ઘડિયા ગોખ્યા હોય ને કે - 'પડિક્કમામિ ભંતે ઇરિયાવહિયાએ, વિરાહણાએ...' એટલે આ ઝીણું પડે, પણ શું થાય? સ્વરૂપને જાણ્યા વિના એ બધું થોથેથોથાં છે.

## * કળશ ૧૭૧ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે, પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો.'

શું કીધું? અહાહા...! પોતાનું તો જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપ છે અને એણે સર્વના જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવું જોઈએ. પણ એને ઠેકાણે તે મિથ્યા અભિપ્રાયથી મોહિત થઈને ચતુર્ગતિ સંસારમાં જેટલી અવસ્થાઓ અને જેટલા પદાર્થો છે તે સર્વ મારાં છે એમ માને છે, સર્વરૂપ પોતાને કરે છે.

જોયું? જેટલી અવસ્થાઓ, છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે. એટલે કે ભવિષ્યની સર્વ અવસ્થાઓને જાણવાનું એમ સામર્થ્ય છે, અને તે જે જે અવસ્થાઓને જાણે છે તે સર્વરૂપ પોતાને કરે છે, અર્થાત્ તે સર્વ મારી છે એમ તે માને છે. અહા! આ દેહની, વાણીની, ઇન્દ્રિયની, રાગની, કર્મની ઇત્યાદિ સર્વની અવસ્થાઓને તે પોતાની માને છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા...! પડખું ફેરવીને ગુલાંટ ખાય તો અંદર પોતાનું એક જ્ઞાયકસ્વરૂપ જણાય એમ છે. 'પરનું કરનારો હું' એમ પરના પડખેથી ખસીને હું તો સર્વને જાણનાર એક જ્ઞાયકસ્વભાવમાત્ર છું એમ સ્વના પડખે આવતાં ભગવાન નિર્મળાનંદસ્વરૂપ પ્રભુ આત્મા જણાય છે. બસ પડખું ફેરવવાની જરૂર છે અર્થાત્ સ્વરૂપનો-સ્વનો આશ્રય લેવો જરૂરી છે. આ બધી વાત કહેવાનો આશય આ એક જ છે કે પરથી ખસીને સ્વનો આશ્રય કર. તેમ કર્યા વિના કેવળજ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માની ને કેવળીની યર્થાથ પ્રતીતિ નહિ થાય. અહાહા...! સ્વનો આશ્રય કર્યા વિના પોતે ભગવાન સ્વ-પરપ્રકાશી જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે એની પ્રતીતિ નહિ થાય.

અહાહા....! એનો સ્વભાવ તો અંદર એવો છે કે કાંઈપણ બાકી રાખ્યા વગર બધાયને જાણે, પણ એના બદલે એ પોતાના સ્વભાવને ભૂલીને કાંઈપણ બાકી રાખ્યા વગર બધીય પરવસ્તુ મારી છે એમ તે માને છે. સ્વનો પ્રકાશક અને પરનો પ્રકાશક - એવું એનું સ્વરૂપ છે. પણ આ પર બધું મારું છે એમ પરરૂપ પોતાને તે કરે છે તેથી સ્વરૂપનો અજાણ તે મહા મિથ્યાદ્રષ્ટિ દીર્ઘ સંસારી છે.

અહા! અજ્ઞાનીએ ગુલાંટ ખાધી છે પણ અનાદિથી ઊંધી ગુલાંટ ખાધી છે. રાગના વિકલ્પથી માંડીને કાંઈપણ બાકી રાખ્યા વગર જગતની બધી ચીજોને તે મારી છે એમ માન્યા વિના તે રહેતો નથી. અહા! બધાયને પૂર્ણ જાણવાનો જ પોતાનો સ્વભાવ-ધર્મ છે એમ યથાર્થ માનવાને બદલે એણે બધાયને કરવાનો પોતાનો ધર્મ છે એમ માન્યું છે. તેથી બધીય વસ્તુ મારી છે ને તેને કરી દઉં એમ તે માને છે. આ પ્રમાણે પરમાં રોકાઈ ગયેલો તે પોતાના શુદ્ધ-સ્વરૂપને ઓળખતો નથી. અરે! પર મારું ને પરનું હું કરું-એવા મિથ્યા અભિપ્રાયની આડમાં અંદર ચૈતન્યમૂર્તિ ચિદાનંદઘન પ્રભુ પોતે પડેલો છે તેને દેખતો નથી-ઓળખતો નથી.

[ પ્રવચન નં. ૩૨૧ ( શેષ ) અને ૩૨૨ દિનાંક ૧૬-૨-૭૭ અને ૧૭-૨-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૨૬૮-૨૬૯

**सव्वे करेदि जीवो अज्झवसाणेण तिरियणेरइए।**
**देवमणुए य सव्वे पुण्णं पावं च णेयविहं।। २६८।।**

**धम्माधम्मं च तहा जीवाजीवे अलोगलोगं च।**
**सव्वे करेदि जीवो अज्झवसाणेण अप्पाणं।। २६९।।**

**सर्वान् करोति जीवोऽध्यवसानेन तिर्यङ्नैरयिकान्।**
**देवमनुजांश्च सर्वान् पुण्यं पापं च नैकविधम्।। २६८।।**

**धर्माधर्मं च तथा जीवाजीवौ अलोकलोकं च।**
**सर्वान् करोति जीवः अध्यवसानेन आत्मानम्।। २६९।।**

હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છેઃ–

**તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય પાપ વિવિધ જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.**

**વળી એમ ધર્મ અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.**

**ગાથાર્થઃ-** [ जीवः ] જીવ [ अध्यवसानेन ] અધ્યવસાનથી [ तिर्यङ्नैरयिकान् ] તિર્યંચ, નારક, [ देवमनुजान् च ] દેવ અને મનુષ્ય [ सर्वान् ] એ સર્વ પર્યાયો, [ च ] તથા [ नैकविधम् ] અનેક પ્રકારનાં [ पुण्यं पापं ] પુણ્ય અને પાપ– [ सर्वान् ] એ બધારૂપ [ करोति ] પોતાને કરે છે. [ तथा च ] વળી તેવી રીતે [ जीवः ] જીવ [ अध्यवसानेन ] અધ્યવસાનથી [ धर्माधर्मं ] ધર્મ–અધર્મ, [ जीवाजीवौ ] જીવ–અજીવ [ च ] અને [ अलोकलोकं ] લોક–અલોક– [ सर्वान् ] એ બધારૂપ [ आत्मानम् करोति ] પોતાને કરે છે.

**ટીકાઃ-** જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે *ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે, (અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે) અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે, તેવી જ રીતે ઉદયમાં

---

* હિંસા આદિનાં અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


( इन्द्रवज्रा )

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-
दात्मानमात्मा विदधाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव।।१७२।।

આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે, ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે, ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે, ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે, ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે; વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના) અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે, જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે, જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે. (આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)

**ભાવાર્થઃ-** આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું. તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ विश्वात् विभक्तः अपि हि ] વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં [ आत्मा ] આત્મા [ यत्-प्रभावात् आत्मानम् विश्वम् विदधाति ] જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે [ एषः अध्यवसायः ] એવો આ અધ્યવસાય- [ मोह-एक-कन्दः ] કે જેનું મોહ જ એક મૂળ છે તે- [ येषां इह नास्ति ] જેમને નથી [ ते एव यतयः ] તે જ મુનિઓ છે. ૧૭૨.

* * *

## સમયસાર ગાથા ૨૬૮-૨૬૯ઃ મથાળું

હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છેઃ-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## * ગાથા ૨૬૮ - ૨૬૯ : ગાથાર્થ ઉપરનું પ્રવચન *

'તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્યપાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી.'

જોયું? આમાં ચાર ગતિ ભેગા પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ ભાવ પણ નાખ્યા. ખરેખર તો પોતે સ્વને જાણે, સ્વપ્રકાશી થાય ત્યારે, પુણ્ય-પાપ આદિ બધાયને જાણે એવો એનો પરપ્રકાશક સ્વભાવ છે. પરંતુ એના વગર (સ્વને પ્રકાશ્યા વગર) કેવળ પરપ્રકાશક સૌને જાણે છે પણ તે યથાર્થ નથી. ખરેખર તો જ્યારે આત્માના સ્વપ્રકાશનું-શુદ્ધ ચૈતન્યપ્રકાશનું એને ભાન થયું ત્યારે રાગાદિ (પુણ્ય-પાપ આદિ) જે છે તે વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. છે તો આમ; એને બદલે તે (-રાગાદિ) કરેલો પ્રયોજનવાન છે એમ અજ્ઞાની માને છે. અનેક પ્રકારના શુભ-અશુભભાવને કરું, પુણ્યભાવ કરું, પાપભાવ કરું, આ કરું ને તે કરું એમ કરવાના મિથ્યા અહંકાર વડે તે સર્વરૂપ પોતાને કરે છે. અહો! આ તો ગજબ શૈલીથી વાત છે. અહા! શું સમયસાર! ને શું એની શૈલી!!

તે જ પ્રમાણે મિથ્યા અધ્યવસાયથી, ધર્મ, અધર્મ આદિ જે છ દ્રવ્યો છે તે સર્વરૂપ પોતાને તે કરે છે. અહીં ગાથામાં ધર્મ, અધર્મ એટલે પુણ્ય-પાપની વાત નથી, પણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યોની વાત છે. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' માં (ગાથા ૪૦૪માં) 'ધરમાધરમ, દીક્ષા વળી...' એમ આવે છે ત્યાં ધર્મ, અધર્મ એટલે પુણ્ય-પાપ જ્ઞાન છે, આત્મા છે-એમ વાત આવે છે. એ તો ત્યાં આત્માના અસ્તિત્વમાં જેટલું જેટલું જેટલું છે તે બધું સિદ્ધ કરવું છે. એમ કે શુભ-અશુભ ભાવ પણ પોતાના (પર્યાયરૂપ) અસ્તિત્વમાં છે, એ કાંઈ પરના અસ્તિત્વમાં નથી એમ ત્યાં સિદ્ધ કરવું છે. આવી વાત છે બાપુ!

હવે આખો દિ' એનું ચિત્ત વેપાર-ધંધામાં, બાયડી-છોકરામાં ને ખાવા-પીવા ને ઊંઘવામાં રોકાયેલું રહે તેમાં માંડ એકાદ કલાક સાંભળવા મળે; એમાંય પાછી આવી (નિર્ભેળ) વાત સમજાય નહિ એટલે કહે કે-દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો, ભક્તિ કરો એવું કહો તો કંઈક સમજાય. પણ ભાઈ! એ કરવાનો તારો જે ભાવ છે તે મિથ્યાત્વ છે.

અહાહા...! ભાઈ! તું પ્રજ્ઞાબ્રહ્મ છો ને? તું જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ? અહાહા...! આત્મા એકલું જ્ઞાનનું દળ છે. તે જ્ઞાન કરે, પર્યાયમાં સર્વને જાણે-એમ ન માનતાં સર્વને હું કરું છું એમ માને છે તે મિથ્યાબુદ્ધિ છે ભાઈ! આ પુણ્યના ભાવ મારા, પાપના ભાવ મારા, આ સ્ત્રી-પુત્ર-પરિવાર સૌ મારાં એમ તું માને પણ એ બધાં તારાં કયાંથી થયાં બાપા? એ તો બધાં તારા પરપ્રકાશનો (પરપ્રકાશી જ્ઞાનનો)

વિષય (પરજ્ઞેય) છે. એને ઠેકાણે એ બધાં મારાં-એમ કયાંથી લાવ્યો? હું ઘરનો માલિક, હું સ્ત્રીનો માલિક, હું પૈસાનો માલિક એમ માને પણ કોણ માલિક પ્રભુ! તું તો એકલા જ્ઞાનસ્વરૂપનો માલિક છે, પરવસ્તુનો માલિક માને છે એ તારો મિથ્યા ભ્રમ છે, અજ્ઞાન છે.

## * ગાથા ૨૬૮-૨૬૯: ટીકા ઉપરનું પ્રવચન *

'જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે,.....'

અહાહા....! આત્મા પૂર્વોક્ત પ્રકારે એટલે કે હું બીજાને મારું-જિવાડું, દુઃખી-સુખી કરું, બંધાવું-મૂકાવું ઇત્યાદિ પ્રકારે ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે. આ પર સાથે એકત્વબુદ્ધિસહિત જે અધ્યવસાન છે તે રાગ-દ્વેષની ક્રિયાથી ભરેલા છે. શું કીધું? કે સ્વ ને પર સદા ભિન્ન વસ્તુ છે. તેથી હું પરનું કરું-પરને મારું-જિવાડું ઇત્યાદિ અભિપ્રાય એ સ્વ-પરની એકત્વબુદ્ધિ છે. અહીં કહે છે-આવી સ્વ-પરની એકત્વબુદ્ધિસહિત જે અધ્યવસાન છે તે રાગ-દ્વેષની ક્રિયાથી ભરેલા છે અને રાગ-દ્વેષરૂપ હિંસાના અધ્યવસાનથી તે પોતાને હિંસક કરે છે.

આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ એકલા જ્ઞાનભાવથી-વીતરાગભાવથી ભરેલો ભગવાન છે; જ્યારે પરને બંધાવું-મૂકાવું ઇત્યાદિ પ્રકારે આ પરની એકત્વબુદ્ધિરૂપ જે અધ્યવસાન છે તે એકલા રાગ-દ્વેષની ક્રિયાથી ભરેલા છે, અહા! અધ્યવસાનના ગર્ભમાં એકલા રાગ-દ્વેષ ભરેલા છે. હવે એક જ્ઞાયકભાવસ્વરૂપ-વીતરાગભાવસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ કરવાને બદલે હું આને બંધાવી દઉં, મૂકાવી દઉં ઇત્યાદિ પ્રકારે જે આ અધ્યવસાન કરે છે તે એકલા મલિન રાગ-દ્વેષના પરિણામથી ભરેલો હોવાથી પોતાને રાગરૂપ-મલિન-હિંસક કરે છે.

શું કીધું? કે ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ અખંડ એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ છે. તેમાં દૃષ્ટિ પ્રસરતાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ પ્રસરે છે. પણ એને ઠેકાણે એનાથી વિરુદ્ધ આ, હું પરનું કરું-પરના પ્રાણોને (પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાયબળ, શ્વાસોચ્છ્વાસ ને આયુષ્ય) હણું કે એની રક્ષા કરું-ઇત્યાદિ પ્રકારે રાગ-દ્વેષની ક્રિયાથી જે ભરેલાં છે એવાં અધ્યવસાન કરે છે તે અનાદિથી પોતાને રાગ-દ્વેષરૂપ કરે છે, હિંસક કરે છે. અહા! પોતે ત્રિકાળ વીતરાગસ્વભાવે છે, પણ એને ભૂલીને તે પોતાને હિંસક કરે છે! (મહા ખેદની વાત).

તેવી રીતે ક્રિયા જેનો ગર્ભ છે એવા અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! આ જગતને આકરી લાગે એવી વાત છે. ભાઈ! ‘પર જીવની રક્ષા કરું’ એવો અહિંસાનો અધ્યવસાય છે તે વાસ્તવમાં પાપ છે. ભગવાન! પરની રક્ષા તો તું કરી શકતો નથી, છતાં ‘પરની રક્ષા કરું’ એવો અહિંસાનો અધ્યવસાય તું કરે એ મિથ્યા છે, નિરર્થક છે અને તે એકત્વબુદ્ધિ સહિત હોવાથી એકલી રાગ-દ્વેષની ક્રિયાથી ભરેલો છે. એના ગર્ભમાં-પેટમાં એકલો રાગ-દ્વેષ ભરેલો છે; એમાં ભગવાન આત્માનો વીતરાગભાવ, ચૈતન્યભાવ આવતો નથી, પણ એકલા રાગ-દ્વેષ ભરેલા છે.

**પ્રશ્નઃ-** તો સમ્યગ્દષ્ટિ સર્વ જીવોને અભયદાનનો દાતા છે તે કેવી રીતે છે?

**સમાધાનઃ-** ભાઈ! પર જીવોને હું અભયદાન દઉં વા પર જીવોની રક્ષા કરું-એવો એકત્વબુદ્ધિસહિત અભિપ્રાય સમકિતીને છે નહિ, કેમકે પર સાથેની એકત્વની ગ્રંથિ એને છૂટી ગઈ છે. સમકિતીને કિંચિત્ અસ્થિરતાના કારણે પર જીવોના અભયદાન સંબંધી વિકલ્પ અવશ્ય આવે છે, પણ એ પર જીવોથી અને તેની રક્ષાના વિકલ્પથી હું ભિન્ન છું એવી અંતર-પ્રતીતિ એને નિરંતર હોય છે. અહા! અહિંસાના વિકલ્પના કાળે પણ એને અંતરંગમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ વીતરાગભાવરૂપ પરિણતિ પ્રગટ હોય છે. આ રીતે તેને અંતરંગમાં નિશ્ચય અને બહારમાં વ્યવહાર અભયદાન વર્તે છે.

જ્યારે મિથ્યાદષ્ટિને તો ‘હું પરને ન મારું, પરને રાખું’ -એવા અધ્યવસાયમાં એકલા રાગ-દ્વેષ-મોહના ભાવ જ ભર્યા છે.

‘પરના પ્રાણોની રક્ષા કરું’ એવો જે પરને બચાવવાનો અભિપ્રાય તે પાપ છે એ લોકોને આકરું લાગે છે. પણ ભાઈ! પોતાની સત્તા પરમાં જાય તો તું પરની રક્ષા કરે ને? પણ એમ તો બનતું નથી. પોતાની સત્તા તો ત્રિકાળ પોતામાં જ રહે છે, પરમાં કદીય જતી નથી. તેથી તે અધ્યવસાય પરનું તો કાંઈ કરી શકતો નથી, પણ પોતાને અહિંસક કરે છે, અહિંસક કરે છે એટલે કે રાગદ્વેષમોહરૂપ પોતાને કરે છે. અહીં અહિંસક એટલે વીતરાગી અહિંસક-એમ નહિ, પણ જેના ગર્ભમાં રાગ-દ્વેષ-મોહની ક્રિયા ભરેલી છે તેવો અહિંસક પોતાને કરે છે. સમજાણું કાંઈ....?

**પ્રશ્નઃ-** પણ ‘અહિંસા પરમ ધર્મ છે’ -એમ કહ્યું છે ને?

**ઉત્તરઃ-** હા, એ કહ્યું છે એ તો યથાર્થ જ છે. પણ તે અહિંસા કયી? ભાઈ! એ વીતરાગી અહિંસાની વાત છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે અંતરમાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગી પરિણતિ પ્રગટ થાય તે અહિંસા છે અને તે પરમ ધર્મ છે. (અને એવા ધર્મીને પર જીવોની રક્ષા કરવાનો વિકલ્પ આવે છે તેને વ્યવહારથી વ્યવહારધર્મ કહેવામાં આવે છે).

અહીં એ વાત નથી. અહીં તો જેને પરમ ધર્મ અર્થાત્ નિશ્ચયધર્મેય નથી અને વ્યવહારધર્મેય નથી એવા અજ્ઞાનીની વાત છે. અજ્ઞાનીને પર જીવોને હું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બચાવું અર્થાત્ પર જીવોને ન હણું એવો જે પરમાં એકત્વબુદ્ધિનો અહિંસાનો અધ્યવસાય છે તે રાગદ્વેષમોહની ક્રિયાથી અંતર્ગર્ભિત છે અને તેવા અધ્યવસાય વડે તે પોતાને અહિંસક કરે છે એટલે કે રાગદ્વેષમોહરૂપ કરે છે એમ વાત છે. ઝીણી વાત છે પ્રભુ! અહા! પર સાથે ને રાગદ્વેષની ક્રિયા સાથે જે તદ્રૂપ-તન્મય છે એવા આ અધ્યવસાય મિથ્યાત્વના મહાપાપરૂપ છે. તેથી એવા અધ્યવસાય વડે જીવ પોતાને અહિંસક કરે છે એટલે કે પાપરૂપ કરે છે એમ વાત છે; એ પુણ્યેય નથી પણ મિથ્યાત્વના મહાપાપરૂપ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ...?

પર જીવોની દયા પાળવાનો જે ભાવ છે તે પુણ્યભાવ છે, પણ તેમાં પર જીવોની દયા હું પાળી શકું છું એવો જે પરના એકત્વસહિત અધ્યવસાય છે તે મિથ્યાત્વના મહાપાપરૂપ છે, અને તે વડે જીવ પોતાને અહિંસક એટલે પાપરૂપ કરે છે એમ અહીં કહે છે. ભારે આકરી વાત!

હવે કહે છે- 'અને અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,......'

અહા! અનેક પ્રકારે, હું આ કરું ને તે કરું, ઘરમાં કન્યાઓ મોટી થઈ છે એમને સારા ઠેકાણે પરણાવી દઉં, આ છોકરાઓને કામધંધે લગાડી દઉં, તેમના સુખ માટે બંગલા ને બાગ-બગીચા બનાવી દઉં ઇત્યાદિ અધ્યવસાયથી પોતાના એક જ્ઞાયકભાવને ભૂલીને તું પરમાં એકાકાર થઈ જાય છે પણ ભગવાન! તું એમાં હણાઈ જાય છે, કેમકે એ અધ્યવસાય રાગ-દ્વેષ-મોહની ક્રિયાથી ભરેલા છે. ભગવાન! તું ચોરાસીના અવતારમાં આવા મિથ્યા ભાવ વડે ચારેકોરથી લૂંટાઈ રહ્યો છે.

અહાહા....! બીજાને સામગ્રી દઈ ને સુખી કરી દઉં, પાણી પાઈને તૃષા મટાડું, દવા આપીને એનો રોગ મટાડું, મા-બાપની સેવા કરું, ગરીબોની સેવા કરું, દેશની સેવા કરી લોકોને સુખી કરી દઉં ઇત્યાદિ અધ્યવસાય બધા રાગદ્વેષથી ભરેલા મિથ્યાત્વભાવ છે. આ સત્યાગ્રહ નથી કરતા? એમ કે આ પ્રમાણે ન થાય તો કાયદાનો ભંગ કરીને લોકો જેલમાં જાય છે. ઘણા લોકો આ પ્રમાણે જેલમાં જઈ આવ્યા છે ને? અરે! એ જેલ નહિ બાપુ! જેલ તો આ મિથ્યા અભિપ્રાય છે તે છે. શ્રીમદ રાજચંદ્રે 'અમૂલ્ય તત્ત્વવિચાર'માં કહ્યું છે ને કે-

'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.'

અહાહા...! આત્મા દિવ્ય શક્તિમાન પ્રભુ વીતરાગી પરમાનંદથી ભરેલો અનંત શક્તિઓનો ભંડાર ચિત્ચમત્કારસ્વરૂપ ભગવાન છે. તેને 'આ પરનું કરું' એવો મિથ્યા અધ્યવસાય જંજીર નામ જેલ છે. (કેમકે એને આ અધ્યવસાય ૮૪ લાખના અવતારમાં- જેલમાં ધકેલી દે છે.)

અહા! અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે. હું વાણિયો છું, હું બ્રાહ્મણ

છું, હું ક્ષત્રિય છું, હું હરીજન છું, દરજી છું, મોચી છું, લુહાર છું,-ઇત્યાદિ એવા અધ્યવસાનથી પોતાને તે-રૂપ કરે છે. હું જ્ઞાયક છું એમ અનુભવવાને બદલે મિથ્યા અધ્યવસાનથી આ હું અન્ય છું એમ પોતાને અન્યરૂપ કરે છે. ભગવાન આત્મા તો એક જ્ઞાયકભાવરૂપ છે; તે વાણિયો કે બ્રાહ્મણ આદિ કયાં છે? પણ પરમાં એકાકાર થઈને તે મિથ્યા અધ્યવસાન વડે પોતાને પરરૂપ માને છે. અહા! પોતાના પેટમાં તો પરમાનંદ ભરેલો છે પણ મિથ્યા અધ્યવસાન વડે તે ચારગતિની જેલરૂપ-દુઃખરૂપ પોતાને કરે છે એ મહા ખેદ છે.

'તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે,.....'

અહા! એ નરકગતિમાં જાય છે ત્યારે હું નારકી છું એમ માને છે. અરે ભગવાન! તું તો એક જ્ઞાયકમાત્ર છો, નારકી તો જડ દેહ છે. એનામાં હું નારકી છું એવો અભિપ્રાય તું કરે તે મિથ્યાત્વ છે; એમાં એકલો રાગદ્વેષ ને મિથ્યાત્વરૂપી કષાય ભરેલો છે. મિથ્યાત્વ એ કષાય છે ને? કષાયના ભેદમાં મિથ્યાત્વ આવી જાય છે. સ્થિતિ ને અનુભાગ (રસ) નો બંધ કષાયથી પડે છે ને પ્રકૃતિ ને પ્રદેશબંધ યોગથી પડે છે.

'ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી...' એમ કહીને અહીં એમ પણ સિદ્ધ કરવું છે કે તું નારકીપણે પણ ભગવાન! અનંતવાર ઉપજ્યો છે અને ત્યારે હું નારકી છું એવો અધ્યવસાય કરીને તેં તારા જીવને હણી નાખ્યો છે. અહા! એ નારકી નથી પણ જેના પેટમાં પરમાનંદ પડેલો છે તેવો એ જ્ઞાયકસ્વરૂપ ભગવાન છે. એમાંથી પ્રસવ થાય તો અતીન્દ્રિય આનંદ પ્રસવે એવી એ ચીજ છે.

જુઓ, શ્રેણીક રાજા હાલ નરકમાં છે; પણ હું નારકી છું એમ એમને નથી. સમકિતી છે ને? અંદર નિર્મળાનંદનો નાથ છે એને ભાળ્યો છે ને? એટલે હું જ્ઞાનાનંદસ્વરૂપી ભગવાન આત્મા છું એમ પોતાને અનુભવે છે. આ નારકપર્યાય છે એ તો પરચીજ છે, એનો તો હું જાણનારમાત્ર છું-એમ પોતે માને છે. માન્યતામાં મોટો ફેર બાપુ! એ ચોરાસીના અવતાર કરી કરીને તું ભવસમુદ્રમાં ડૂબી ગયો છું એનું કારણ એક આ મિથ્યા અધ્યવસાય જ છે. સમજાણું કાંઈ...?

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે- 'મિથ્યાત્વનું લક્ષણ એ છે કે પરચીજને પોતાની માનવી અને પોતાની ચીજને ભૂલી જવી.' અહા! એણે શાસ્ત્રનાં જાણપણાં કર્યાં, પરલક્ષી પરપ્રકાશક જ્ઞાન કર્યું, પણ એ જ્ઞાન ક્યાં પોતાનું હતું? અહા! પરલક્ષી જ્ઞાન કાંઈ પોતાનું જ્ઞાન નથી, જ્ઞાનનું જ્ઞાન નથી. અરે! પરના લક્ષે તો એ અનંતવાર

શાસ્ત્ર ભણ્યો, પણ દિશા બદલી સ્વલક્ષ કર્યું નહિ, પરમાનંદસ્વરૂપ પોતાના ભગવાનને અંદર જાણ્યો નહિ તો શો લાભ? અહા! પરને પોતાનું માનવું, પૂર્ણસ્વરૂપને અપૂર્ણ માનવું ને પોતાને પર્યાય જેવડો માનવો એ મિથ્યાત્વ છે ભાઈ! એના ગર્ભમાં અનંતાં જન્મ-મરણ પડેલાં છે.

હવે કહે છે - 'ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે,.....'

આમ કહીને એમ પણ સિદ્ધ કરે છે કે આ ભવસમુદ્રમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના તિર્યંચમાં પ્રભુ! તું અનંત અનંતવાર ગયો છું અને ત્યારે ત્યાં 'હું તિર્યંચપણે છું' એમ તેં માન્યું હતું. જુઓને! આ ગાય, ભેંસ વગેરે તિર્યંચો કેવાં શરીરમાં એકાકાર થઈ રહ્યાં છે! અંદર પોતે ચિદાનંદસ્વરૂપ ભગવાન છે એનું કાંઈ ભાન ન મળે ને એકલા શરીરમાં તદ્રૂપ થઈ રહ્યાં છે. અહા! એને (શરીરને) રાખવા માટે ઘાસ ખાય, પાણી પીએ ને કદાચિત્ લીલું ઘાસ મળી જાય તો રાજીરાજી થઈ જાય ને માને કે હું (તિર્યંચપણે) સુખી છું. બહુ ગંભીર વાત! અહીં કહે છે-એ મિથ્યા અધ્યવસાયથી જીવ પોતાને તિર્યંચ કરે છે. તિર્યંચ થઈ જાય એમ નહિ, એ તો જ્ઞાયક જ રહે છે, પણ મિથ્યા અધ્યવસાયથી જીવ પોતાને તિર્યંચ માને છે. લ્યો, આવી વાત છે!

વળી કહે છે- 'ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે,.....'

મનુષ્ય થયો તો માને કે હું મનુષ્ય છું. એમાંય વળી હું સ્ત્રી છું, પુરુષ છું, નપુંસક છું, બાળક છું, યુવાન છું, વૃદ્ધ છું, પંડિત છું, મૂર્ખ છું, રોગી છું, નીરોગી છું, રાજા છું, રંક છું, શેઠ છું, નોકર છું, નાનો છું, મોટો છું, કાળો છું, રૂપાળો છું ઈત્યાદિ અધ્યવસાનથી અનેક પ્રકારે પોતાને તે-રૂપે કરે છે.

કોઈ વળી સમાજસેવામાં ને દેશસેવામાં ભળેલા હોય તો માને કે અમે મોટા સમાજસેવક ને દેશસેવક છીએ. અમે દીન-દુઃખિયાંની સેવા કરનારા દરિદ્રનારાયણ લોકસેવક છીએ. ભાઈ! આવું તારું અધ્યવસાન એકલા રાગદ્વેષને મિથ્યાત્વથી ભરેલું છે. ભાઈ! તું એ રાગમય અધ્યવસાનમાં તદ્રૂપ થઈ રહ્યો છે પણ એમાં આત્માની ગંધેય નથી. ભજનમાં આવે છે ને કે-

'વૈષ્ણવજન તો તેને કહિયે, જે પીડ પરાઈ જાણે રે;
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.'

ત્યાં જાણે એ તો જુદી વાત છે, 'પણ પરની પીડા હું હરું ને પરનો ઉપકાર કરું' -એવી પરના એકત્વરૂપ માન્યતા બાપુ! મિથ્યા અધ્યવસાન છે, ને તેના ગર્ભમાં એકલા રાગદ્વેષ ભરેલા છે.

વળી કોઈ ગર્વથી કહે છે કે-અમે ગર્ભશ્રીમંત છીએ, એમ કે માતાના પેટમાં આવ્યા ત્યારથી શ્રીમંત છીએ, અમે કાંઈ નવા નથી થયા; ત્યારે કોઈ વળી રાંકાઈથી કહે- અમે જન્મથી દીન-દરિદ્રી છીએ. તેને કહીએ છીએ-તું આ શું કહે છે પ્રભુ? શ્રી નામ જ્ઞાનાનંદની લક્ષ્મીથી ભરેલો સહજચતુષ્યરૂપ લક્ષ્મીનો ભગવાન! તું સ્વામી છો. અહાહા...! જેમાંથી અનંત ચતુષ્ટય-અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંત વીર્ય નીકળે એવો ભંડાર છો ને તું પ્રભુ! અહા! આ હું શ્રીમંતને ઘરે જન્મ્યો એમ તું શું માને છે? બહારના સંયોગથી તું પોતાને શ્રીમંત ને દરિદ્રી કરે છે તે તારો મિથ્યા અધ્યવસાય છે; એના ગર્ભમાં અનંતા રાગદ્વેષ ભરેલા છે જે અનંત સંસારનું કારણ છે.

હવે કહે છે- ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે,... ...'

આ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકના દેવ હોય છે ને? તે એમ માને કે અમે આવા રિદ્ધિવાળા દેવ છીએ, અસંખ્ય દેવોના સ્વામી છીએ, અમારે આટલી દેવીઓ-અપ્સરાઓ છે. ભાઈ! આ તું ક્યાંથી લાવ્યો? એ અધ્યવસાન મિથ્યાત્વના એકલા મલિન પરિણામથી ભરેલા છે. દેવ કિંકર હોય તો એમ માને કે અમારે હાથી વગેરેનાં રૂપ ધારણ કરવાં પડે. આ ઈન્દ્રો ભગવાનનો જન્મ-કલ્યાણક ઉજવે છે ને? ત્યારે ઐરાવત હાથી ઉપર બેસાડીને ભગવાનને મેરુ પર્વત ઉપર લઈ જાય. ત્યાં હાથી-બાથી કાંઈ હોય નહિ, પણ કિંકર દેવ હોય તે ઐરાવત હાથીનું રૂપ ધારણ કરે અને એના ઉપર દેવીઓ નાચે. પણ ભાઈ! તું ક્યાં દેવ છો? તું ક્યાં હાથી છો? તું ક્યાં દેવી છો? અરે ભાઈ! હું દેવ છું, દેવી છું, હાથી છું ઈત્યાદિ અધ્યવસાયથી, હું ભગવાન જ્ઞાયક છું એમ દ્રવ્યદ્રષ્ટિ છોડી દઈને, પર્યાયમાં સલવાઈ ગયો? એ અધ્યવસાય બાપુ! તને અનંત સંસારનું કારણ છે.

હવે કહે છે-' ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે,... ...'

જુઓ, બહારમાં સામગ્રી ભરપૂર મળી હોય, કરોડો-અબજોની સંપત્તિની સાહ્યબી હોય, બંગલામાં રાચ-રચીલામાં કરોડો રૂપિયા નાખ્યા હોય, મોટા લીલાછમ બગીચા મખમલના ગાલીચા જેવા દેખાતા હોય, ઘરે હાથી, ઘોડા, નોકર-ચાકર વગેરેની ભરમાર હોય, -આવા ઉદયમાં આવતા સુખના સાધનોમાં મારાપણાની એકત્વબુદ્ધિથી અર્થાત્ સુખના અધ્યવસાનથી (અજ્ઞાની) જીવ પોતાને પુણ્યરૂપ કરે છે. અહા! અમને અઢળક સંપત્તિ! કુટુંબ-પરિવાર, નોકર-ચાકર ઈત્યાદિ ચારેકોરથી અમને સગવડતા! અહો! અમે સુખી મહા ભાગ્યશાળી-પુણ્યશાળી છીએ. આ પ્રમાણે સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી તે પોતાને પુણ્યરૂપ કરે છે.

વળી, કોઈ ગરીબ માણસ હોય ને ઘેર દીકરો હોશિયાર હોય તો કન્યા બે-પાંચ કરોડ લઈ ને આવે એટલે માને કે અમારાં પુણ્ય ફળ્યાં ને સામાવાળો કન્યાનો બાપ પણ માને કે અમારું ભાગ્ય કે અમને આવો હોશિયાર જમાઈ મળ્યો ને છોકરી સારી પેઠે ઠેકાણે પડી. આ પ્રમાણે સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી અજ્ઞાની પોતાને પુણ્યરૂપ કરે છે; એટલે કે અમે પુણ્યશાળી-એમ પોતાને માને છે. પણ ભાઈ! એ પુણ્ય આદિ સાધનો તારાં ક્યાં છે? નાહકનું અમે પુણ્યશાળી એમ સુખના અધ્યવસાનથી તું પોતાના માટે અનર્થ-નુકશાન કરે છે; કેમકે તે અધ્યવસાન રાગ-દ્વેષ ને મિથ્યાત્વથી ભરેલાં છે, અનંત સંસારનું બીજ છે. અહા! આવો વીતરાગનો મારગ! પણ જગતને ક્યાં પડી છે? (એ તો પુણ્યની ધૂનમાં છે).

' અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે....... '

જુઓ, પ્રતિકૂળ સામગ્રી બહારમાં આવી પડે, શરીરમાં ક્ષય આદિ રોગ થાય, ઘરમાં બાયડી મરી જાય, કમાઉ દીકરો હોય તે મરી જાય, છોકરી રાંડે, ઘરમાં કોઈ આજ્ઞા માને નહિ, સગાં-વહાલાં વિપરીત ચાલે, વેપાર-ધંધામાં અવળું પડે ને નુકશાન જાય, ધંધો ભાંગી પડે ઈત્યાદિ બધી પ્રતિકૂળતા આને ઘેરો ઘાલે ત્યારે આ મુંઝાઈ જાય અને રાડો પાડે કે-અરે! અમે મરી ગયા, અમને ભારે પાપનો ઉદય છે, અમે નિરાધાર થઈ ગયા. આ પ્રમાણે દુઃખ આદિ પાપના અધ્યવસાનથી તે પોતાને પાપરૂપ કરે છે. અરે ભાઈ! એ સામગ્રીમાં તું ક્યાં છે? અને તારામાં એ સામગ્રી ક્યાં છે કે એના વિના તું નિરાધાર થઈ જાય? બાપુ! તું પરના આધાર વિનાનો સ્વરૂપથી જ સદા એક સ્વાધીન છો. છે તો આમ, તોપણ અજ્ઞાની ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે.

'વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે,...... '

જુઓ, આ જૈનદર્શનની વાત. બીજે (અન્યમતમાં) તો ધર્માસ્તિકાય આદિ કાંઈ છે નહિ, પણ જૈનમાં ધર્માસ્તિકાય નામનું એક લોકવ્યાપી અરૂપી દ્રવ્ય છે એમ સ્વીકારાયું છે. અહા! જીવ-પુદ્‌ગલોને સ્વયં ગતિ કરવામાં જે ઉદાસીન નિમિત્ત છે એવું ધર્માસ્તિકાય નામનું એક અરૂપી દ્રવ્ય છે એમ સર્વજ્ઞ ભગવાને જોયું છે, હવે એનો વિચાર કરતાં અજ્ઞાનીને એ તરફનો જે વિકલ્પ ઉઠે છે એ વિકલ્પને પોતાનો માનીને ધર્માસ્તિકાય પોતાનું છે એમ માને છે. શું કીધું? કે જૈનમાં (જૈન સંપ્રદાયમાં) હોય અને ધર્માસ્તિકાયનો વિચાર આવતાં એમાં એકત્વ કરીને તે ધર્માસ્તિકાયરૂપ પોતાને કરે છે અર્થાત્ ધર્માસ્તિકાય મારું છે એમ તે માને છે. અહા! અજ્ઞાનીને ધર્માસ્તિકાયને

જાણવા પ્રતિ જે વિકલ્પ ઉઠે છે તેમાં તેને એકત્વબુદ્ધિ થઈ જાય છે ને તે એકત્વબુદ્ધિના અધ્યવસાનથી પોતાને ધર્માસ્તિકાયરૂપ કરે છે. પોતે અખંડ એક જ્ઞાયકભાવરૂપ છે એનું ભાન નહિ હોવાથી મિથ્યાદૃષ્ટિ જીવ જાણવામાં આવતા ધર્માસ્તિકાયના અધ્યવસાનથી પોતાને ધર્માસ્તિકાયરૂપ કરે છે. આવી વાત છે!

વળી, 'જાણવામાં આવતા અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના) અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે... ...'

ચૌદ બ્રહ્માંડમાં ગતિપૂર્વક સ્વયં સ્થિર થતા જીવ-પુદ્‌ગલોને સ્થિતિ કરવામાં ઉદાસીન નિમિત્ત છે એવું બીજું અરૂપી તત્ત્વ-પદાર્થ અધર્માસ્તિકાય છે. તે ચૌદરાજુ લોકવ્યાપી છે. એ અધર્માસ્તિકાયનો વિચાર કરતાં જૈનનો શ્રાવક કે સાધુ (સંપ્રદાયના હોં) એના અધ્યવસાનથી પોતાને અધર્માસ્તિકાયરૂપ કરે છે. અહા! પોતે સ્વ-પરપ્રકાશી સહજ એક જ્ઞાયકભાવરૂપ છે એને ભૂલી ગયો અને અધર્માસ્તિકાયને જાણવા પ્રતિ જે વિકલ્પ ઉઠયો તે વિકલ્પમાં જ એ ગૂંચાઈ ગયો, એ વિકલ્પમાં જ એકત્વ કરીને માનવા લાગ્યો કે મને અધર્માસ્તિકાયનું જ્ઞાન છે. (પોતે જ્ઞાન છે એમ નહિ). લ્યો, આવા અધર્મના અધ્યવસાનથી તે પોતાને અધર્મરૂપ કરે છે. સમજાણું કાંઈ....? બહુ ઝીણી વાત ભાઈ! (મતલબ કે ઉપયોગને ઝીણો કરે તો સમજાય એવી વાત છે).

હવે કહે છે- 'જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે,......'

જુઓ, આ બાયડી-છોકરાં, દીકરા-દીકરીઓ, ભાઈ-ભાંડુ, સગાં-સ્નેહીઓ ને નોકર-ચાકરો વગેરે સર્વ અન્ય જીવ છે. તે બધાં પર છે, સ્વ નથી. છતાં તે બધાં મારાં છે ને મને ઉપકારી છે એમ અધ્યવસાય કરે તે મિથ્યા છે. અજ્ઞાની આવા મિથ્યા અધ્યવસાય વડે પોતાને સર્વ અન્યજીવરૂપ કરે છે-એમ કહે છે. આ સ્ત્રીને-આ મારી અર્ધાંગના છે-એમ નથી કહેતા? ધૂળેય અર્ધાંગના નથી સાંભળને. આ અંગ શરીર તારી ચીજ નથી તો અર્ધાંગના તારી ક્યાંથી થઈ? દુનિયા એમ ને એમ (જૂઠે-જૂઠ) ચલાવે રાખે છે, પણ ભાઈ! એમ ને એમ તું ચારગતિમાં રખડી રખડીને મરી ગયો છે, કેમકે એ મિથ્યા અધ્યવસાન રાગ-દ્વેષ-મોહથી ભરેલું છે.

આ દેવ-ગુરુનો આત્મા છે તે પણ અન્ય જીવ છે, પર છે, સ્વ નથી. તેને જાણવામાં આવતાં તે મને હિતકારી છે, મારા તારણહાર છે એમ એકત્વબુદ્ધિનો જે અધ્યવસાય થાય છે તે મિથ્યાદર્શન છે. બહુ આકરી વાત બાપા! અહીં તો નિજ જ્ઞાયકભાવને ભૂલીને અન્યજીવમાં-પરજીવમાં પોતાપણાનો વિકલ્પ કરે તો તે વિકલ્પ વડે જીવ પોતાને અન્યજીવરૂપ કરે છે એમ કહેવું છે, અર્થાત્ તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ...?

ભગવાન! તેં આ શું માંડયું છે? પોતાના એક જ્ઞાયકભાવને ભૂલી ગયો ને બાયડી-છોકરાં મારાં ને દેવ-ગુરુ મારા ને મને હિતકારી એમ માનવા લાગ્યો? ભાઈ! તું આ ઊંધે રસ્તે ક્યાં દોરાઈ ગયો? ભાઈ! તારું હિત તારાથી થાય કે પરથી? પરથી થાય એમ તું માને તે તારો મિથ્યા અધ્યવસાય છે ને તેના ગર્ભમાં અનંત સંસાર છે. સમજાણું કાંઈ...?

'જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે'

અહા! પોતે જાણનાર સ્વરૂપે છે તેને જાણ્યા વિના, આ શરીર, મન, વાણી, ઈન્દ્રિય ધન સંપત્તિ, બાગ-બંગલા, હીરા-માણેક-મોતી ઈત્યાદિ અનેક પ્રકારના પુદ્ગલોને જાણતાં તેઓ મારા છે, મને લાભદાયી છે એમ અધ્યવસાનથી જીવ પોતાને પુદ્ગલરૂપ કરે છે. પુદ્ગલરૂપ થાય છે એમ નહિ, પણ પોતાને તે-રૂપ માને છે. હું જ્ઞાયકસ્વરૂપ છું એમ માનવાને બદલે હું શરીરરૂપ છું એમ પોતાને અજ્ઞાની માને છે.

જુઓ, એક ઝવેરીને ત્યાં એક ઠગ આવ્યો પંદર-વીસ હજાર લઈને આવ્યો ને કહે કે માલ લેવો છે. માલ જોતાં જોતાં એક પચાસ હજારનો હીરો હતો તે ઝવેરીની નજર ચૂકવીને દુકાનની પાટ હતી તેની પાછળ સંતાડી દીધો; એમ કે ફરીથી આવીને તે લઈ જઈશ. પછી ફરીથી આવીને વીસ હજારનો માલ લઈને પૈસા ગણી આપ્યા અને ધીમેથી-ચૂપકીથી પેલો પચાસ હજારનો હીરો પાટ પાછળથી કાઢીને લઈ ગયો. આવી ચાલાકીઓ કરે ને મા-બાપને ખબર પડે તોય પાછા ખુશ થાય; એમ કે દીકરો કમાઈ લાવ્યો છે. આમ પુદ્ગલને પોતાના માનીને અજ્ઞાની પોતાને પુદ્ગલ રૂપ કરે છે. અહા! આ અધ્યવસાનના ગર્ભમાં અનંતા રાગદ્વેષ ભર્યા છે ભાઈ!

'જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે.'

શું કહે છે? કે અજ્ઞાની, લોકના આકારનો વિચાર કરતો જે વિકલ્પ ઊઠે તેમાં એકત્વબુદ્ધિ કરે છે. આ પ્રમાણે લોકાકાશના અધ્યવસાનથી તે પોતાને લોકરૂપ કરે છે ને અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકરૂપ કરે છે. આ પ્રમાણે આત્મા મિથ્યા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.

અહા! અનંતકાળથી એણે ઊંધી ગુલાંટ ખાધી છે. પોતે છે તો સ્વરૂપથી સકલ જ્ઞેય-જ્ઞાયક, તથાપિ પોતાના સ્વરૂપને જાણ્યા વિના, તે જે જે અન્યને જાણે છે તે સર્વરૂપ પોતાને માને છે, અર્થાત્ તે સર્વ મારાં છે એમ માને છે. અરે! આવી મિથ્યા માન્યતા વડે તે અનંતકાળથી સંસારમાં રખડે છે, કેમકે તે મિથ્યા માન્યતા બંધનું જ કારણ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## * ગાથા ૨૬૮-૨૬૯: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થસ્વરૂપ ન જાણવું.'

શું કીધું? કે આ હું પર જીવને મારું-જિવાડું, બંધાવું-મૂકાવું ઈત્યાદિ જે પરમાં એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે તે અજ્ઞાનરૂપ છે. અહા! જગતના અન્ય પદાર્થની વ્યવસ્થા હું કરી શકું એવી માન્યતા અજ્ઞાનરૂપ છે. તેવી રીતે પર મને મારે-જિવાડે ઈત્યાદિ જે અધ્યવસાય છે તે પણ અજ્ઞાનરૂપ છે. કેમકે પરદ્રવ્યમાં પરદ્રવ્યનો પ્રવેશ જ નથી, પરદ્રવ્યનું પરદ્રવ્ય કાંઈ કરી શકતું જ નથી આ મૂળ વાત છે.

તેથી, કહે છે, તે અધ્યવસાનને પોતાનું પરમાર્થસ્વરૂપ એટલે કે વાસ્તવિકસ્વરૂપ ન જાણવું. અહાહા...! હું તો જ્ઞાનસ્વરૂપ છું, ને પર વસ્તુ જ્ઞેય છે એ તો વાસ્તવિક વસ્તુસ્વરૂપ છે. પણ હું પરનું કરું કે પરથી મારામાં થાય એ કાંઈ પરમાર્થસ્વરૂપ નથી, વસ્તુનું યથાર્થ સ્વરૂપ નથી. તો શું છે? એ તો મિથ્યા અધ્યવસાન છે. હવે કહે છે. –

'તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.'

પરદ્રવ્યની ક્રિયા તો સતત એનાથી-તે દ્રવ્યથી થઈ જ રહી છે; ત્યાં આ હું કરું છું એવા અધ્યવસાનથી આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ પોતાને પરરૂપ માનીને પ્રવર્તે છે. તેનું ફળ ચતુર્ગતિરૂપ સંસાર છે.

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છે:-

## * કળશ ૧૭૨: શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'विश्वात् विभक्त: अपि हि' વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં 'आत्मा' આત્મા 'यत्–प्रभावात् आत्मानम् विश्वम् विदधाति' જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે 'एष: अध्यवसाय:' એવો આ અધ્યવસાય-

શું કહે છે? કે આત્મા, જ્ઞપ્તિમાત્ર જેની એક સ્વાભાવિક ક્રિયા છે એવો જ્ઞાનાનંદકંદ પ્રભુ આખા વિશ્વથી ભિન્ન છે. અહાહા...! ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ આત્મા આ શરીર, મન, વાણી, ઈન્દ્રિય, કુટુંબ-પરિવાર ઈત્યાદિ જગતના સર્વ અન્યદ્રવ્યો અને એના ગુણ-પર્યાયોથી ભિન્ન છે. આ દયા, દાન આદિ ભાવ છે એ પણ વિશ્વમાં જાય છે હોં. ભગવાન આત્મા દયા, દાન આદિ ભાવથી ભિન્ન છે. લ્યો, આવી વાત છે!

જગતના અનંતા આત્મા ને અનંતાનંત પરમાણુઓથી પોતે વિભક્ત એટલે જુદો હોવા છતાં કોઈ ને બાકી રાખ્યા વિના એ મારાં છે ને હું એની ક્રિયા કરું એવા અધ્યવસાનથી જીવ પોતાને વિશ્વરૂપ-અનેકરૂપ કરે છે. છે તો પોતે સદા અખંડ એક જ્ઞાયકરૂપ, પણ મિથ્યા અધ્યવસાનથી પોતાને વિશ્વરૂપ કરે છે. અહા! પરને હું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

મારું-જિવાડું ઈત્યાદિ અનેક પ્રકારે પરનું હું કરું છું એમ પરમાં એકત્વબુદ્ધિ કરીને પોતાને પરરૂપ-વિશ્વરૂપ કરે છે-તે મિથ્યાદષ્ટિ છે.

ત્યારે કોઈ પંડિતો વળી કહે છે-આત્મા પરનું ન કરે-ન કરી શકે એમ જે માને તે દિગંબર જૈન નથી.

અરે ભગવાન! તું શું કહે છે આ? આભના થોભ જેવા મહાન દિગંબર આચાર્ય ભગવાન કુંદકુંદાચાર્ય આદિ તો આ કહે છે કે-પરની ક્રિયા હું કરું એવો જેને અધ્યવસાય છે તે મિથ્યાદષ્ટિ છે, અને એવા અધ્યવસાયથી રહિત જે છે તે જ જૈન છે, સમકિતી છે. ભાઈ! તારી વાતમાં બહુ ફરક છે બાપુ! (જરા ઉંડાણમાં જઈ સંશોધન કર).

જુઓ, આ શું કહે છે? -કે જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે એવો આ અધ્યવસાય-' मोह—एक—कन्द:' કે જેનું મોહ જ એક મૂળ છે તે 'येषां इह नास्ति' જેમને નથી' તે एव यतय:' તે જ મુનિઓ છે.

અહાહા...! પોતાનો તો જગતના સર્વ પદાર્થોને કોઈને પણ બાકી રાખ્યા વિના જાણે એવો એક જ્ઞાયકભાવ છે. પરંતુ તેને ભૂલીને કોઈને બાકી રાખ્યા વિના એ સર્વ પદાર્થ મારા છે અને એને હું કરું છું એવો જે અધ્યવસાય કરે છે તેનું મૂળ એક મોહ જ છે એમ કહે છે. અહા! પરમાં એકત્વબુદ્ધિનો જે અધ્યવસાય છે તેનું મૂળ એક મિથ્યાત્વ જ છે. આવો અધ્યવસાય જેમને નથી તેઓ જ મુનિઓ છે. અહીં મુનિદશાની પ્રધાનતાથી વાત છે, બાકી સમકિતીને ચોથે અને શ્રાવકને પાંચમે ગુણસ્થાને પણ આવો પરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય હોતો નથી.

કોઈ લોકો વળી કહે છે-એ (-શ્રી કાનજીસ્વામી) શ્વેતાંબર માન્યતાવાળા છે. એમ કે પોતે લુગડાં પહેરે છે ને સાધુ નથી છતાં સાધુ-ગુરુ મનાવે છે. પોતે વસ્ત્ર પહેરે છે અને વસ્ત્રરહિતને ગુરુ માનતા નથી.

પણ અમે સાધુ અર્થાત્ નિર્ગ્રંથગુરુ ક્યાં છીએ ભાઈ? અમારી તો ગૃહસ્થદશા છે. નિર્ગ્રંથગુરુની, મુનિવરની તો અદ્દભુત અલૌકિક અંતરદશા હોય છે. બહારમાં વસ્ત્રથી નગ્ન ને અંતરમાં રાગથી નગ્ન જેમની પરિણતિ થઈ છે એવી અદ્દભુત દશા મુનિરાજની હોય છે. પરનું ભલું-બુરું કરવાની બુદ્ધિ જેમને નાશ પામી છે અને જેમની જ્ઞાતા-દષ્ટાસ્વભાવની પરિણતિ પ્રચુર આનંદરસથી ઉભરાઈ છે એવા ઉપશમરસમાં તરબોળ મુનિવરો હોય છે. અહા! મોહગ્રંથિનો જેમણે નાશ કર્યો છે. એવા નિર્ગ્રંથ ગુરુ-સાધુ જન્મ્યા પ્રમાણે રૂપના ધરનારા (યથાજાતરૂપધર) હોય છે. અહો! ધન્ય તે મુનિદશા!

અહાહા... જેનો સહજ એક જ્ઞાયકભાવ છે એવા આત્માનો સ્વને પરને જાણવાનો

સહજ એક સ્વભાવ છે. શું કીધું? કે આત્મા સ્વ-પરને જાણે એ એનો સહજ સ્વભાવ છે. અહા! તે પરને કારણે જાણે છે એમ નહિ તથા જાણવા સિવાય પરનું કાંઈ કરે છે એમેય નહિ. ઝીણી વાત છે પ્રભુ! નાટક સમયસારમાં આવે છે ને કે-

સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન ભેદ ભ્રમ ભારી;
જ્ઞેય દશા દુવિધા પરગાસી, નિજરૂપા પરરૂપા ભાસી.

અહાહા...! સ્વપરને જાણવામાત્ર જ પોતાનો સ્વભાવ છે તેને ગ્રહણ ન કરતાં જાણવામાં આવતા આ દેવ મારા, આ ગુરુ મારા, આ મંદિર મારું-એમ પરદ્રવ્યના અધ્યવસાય વડે પોતાને પરરૂપ કરે છે તેનું મોહ જ એક મૂળ છે એમ કહે છે. જેમ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે તેમ આ પરદ્રવ્યના અધ્યવસાયનું મૂળ એક મોહ જ છે; અને તે અધ્યવસાય જેમને નથી તે અંતરંગમાં ચારિત્રના ધરનારા મુનિવરો છે.

'चारित्तं खलु धम्मो' ચારિત્ર છે તે ધર્મ છે, સાક્ષાત્ મોક્ષનું કારણ છે. એમ ભગવાને કહ્યું છે અને આ ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. दंसणमूलोधम्मो' એમ છે કે નહિ? અહાહા...! જેમાં સ્વ-પરને જાણવાના સહજ એક સ્વભાવવાળા આત્માની પરિપૂર્ણ પ્રતીતિ વર્તે છે તે સમ્યગ્દર્શન જ ધર્મનું નામ ચારિત્રનું મૂળ છે. આવા ચારિત્રવંત મુનિવરોને એક મોહ જ જેનું મૂળ છે એવો પરદ્રવ્યનો-પરદ્રવ્ય મારું અને હું એને કરું એવો-અધ્યવસાન નથી એમ કહે છે. ' मोह–एक–कन्दः– એમ કહ્યું ને? મોહ જ એક જેનું મૂળ છે એવું આ અધ્યવસાન જેમને નથી તેઓ સમ્યગ્દર્શન જેનું મૂળ છે એવા ચારિત્રના ધરનારા, પ્રચુર આનંદમાં ઝૂલનારા મુનિવરો છે. અહા! જેમ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે તેમ અધ્યવસાનનું મૂળ મિથ્યાદર્શન છે અને તેવું અધ્યવસાન મુનિવરોને હોતું નથી. સમજાણું કાંઈ......?

અહા! એવો અધ્યવસાય કે મોહ જ એક જેનું મૂળ છે તે જેમને નથી તે જ મુનિઓ છે. મુનિવરોને છ કાયના જીવોની રક્ષાનો વિકલ્પ આવે છે ને? અહા! 'હું છ કાયના જીવોની રક્ષા કરું' એવો પરના એકત્વનો અધ્યવસાય જેમને નથી અને જે વિકલ્પ આવે છે તેના જે સ્વામી-કર્તા થતા નથી તેઓ મુનિઓ છે એમ કહે છે. અહા! જેઓ શરીરાદિની ક્રિયા ને રાગની ક્રિયાને પોતાનામાં ભેળવતા નથી પણ પોતાથી પૃથક્ રાખીને તેને પોતામાં રહીને જે જ્ઞાતાપણે જાણે છે એવી જેમની દશા છે તે મુનિઓ છે. અહીં ઉત્કૃષ્ટ વાત લેવી છે ને? તેથી આવો પરદ્રવ્યનો અધ્યવસાય જેને નથી તેઓ મુનિઓ છે કે જે કર્મથી લેપાતા નથી-એમ અહીં કહે છે. સમજાણું કાંઈ....?

[ પ્રવચન નં. ૩૨૨ (શેષ) થી ૩૨૪ * દિનાંક ૧૭-૨-૭૭ થી ૨૦-૨-૭૭ ]

## ગાથા-૨૭૦

**एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।**
**ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।। २७०।।**

**एतानि न सन्ति येषामध्यवसानान्येवमादीनि।**
**ते अशुभेन शुभेन वा कर्मणा मुनयो न लिप्यन्ते।। २७०।।**

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી-એમ હવે ગાથામાં કહે છેઃ-

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

**ગાથાર્થઃ-** [ एतानि ] આ (પૂર્વે કહેલાં) [ एवमादीनि ] તથા આવા બીજા પણ [ अध्यवसानानि ] અધ્યવસાન [ येषाम् ] જેમને [ न सन्ति ] નથી, [ ते मुनयः ] તે મુનિઓ [ अशुभेन ] અશુભ [ वा शुभेन ] કે શુભ [ कर्मणा ] કર્મથી [ न लिप्यन्ते ] લેપાતા નથી.

**ટીકાઃ-** આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છેઃ- 'હું (પર જીવોને) હણું છું', ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે [૧]સત્‌રૂપ [૨]અહેતુક [૩]જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી [૪]હનન આદિ ક્રિયાઓનો [૫]વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. [વળી 'હું નારક છું' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે

---

૧. સત્‌રૂપ = સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે.)

૨. અહેતુક = જેનું કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ.

૩. જ્ઞપ્તિ = જાણવું તે; જાણનક્રિયા. (જ્ઞપ્તિક્રિયા સત્‌રૂપ છે, અને સત્‌રૂપ હોવાથી અહેતુક છે.)

૪. હનન = હણવું તે; હણવારૂપ ક્રિયા (હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે.)

૫. વિશેષ= તફાવત; ભિન્ન લક્ષણ.

અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.) વળી 'આ ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, *જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.

માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો), સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા અને અનુચરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.

**ભાવાર્થઃ-** આ જે અધ્યવસાનો છે તે 'હું પરને હણું છું' એ પ્રકારનાં છે, 'હું નારક છું' એ પ્રકારનાં છે તથા 'હું પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારનાં છે. તેઓ, જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો, આત્માનો ને નારકાદિ કર્મોદયજનિત ભાવોનો તથા આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે. તેઓ ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે, મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે. તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે. તેઓ આત્માને સમ્યક્ જાણે છે, સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.

* * *

---

* આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે.

## સમયસાર ગાથા ૨૭૦ : મથાળું

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી-એમ હવે ગાથામાં કહે છેઃ-

## * ગાથા ૨૭૦ : ટીકા ઉપરનું પ્રવચન *

'આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે.'

શું કહે છે? કે આ જે કાંઈ પરને મારું-જિવાડું ઈત્યાદિથી માંડીને હું દેવ, હું નારકી ઈત્યાદિ ને આ બીજા જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશાદિ મારાં-એમ પરને પોતાના માનવારૂપ અધ્યવસાનો છે તે બધાંય અજ્ઞાનાદિરૂપ હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે. પરને જિવાડવાનો કે સુખી કરવાનો ભાવ શુભ છે અને મારવાનો કે દુઃખી કરવાનો ભાવ અશુભ છે. પણ એ બન્નેય એક સરખી રીતે બંધનાં જ કારણ છે. અહા! પોતે બધાયનો જાણવારૂપ છે એને બદલે બધાંય મારાં છે એમ માને તે માન્યતા બંધનું કારણ છે. આવી વાત છે. હવે કહે છેઃ-

તે વિશેષ સમજાવવામાં આવે છેઃ-

'હું પર જીવોને હણું છું-ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ, અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.

જુઓ, ભગવાન આત્મા નિર્મળાનંદનો નાથ પ્રભુ સદા એક જ્ઞાનમય; જ્ઞાનવાળો એમેય નહિ, પણ એક જ્ઞાનમય અર્થાત્ જ્ઞાનરૂપ જ છે. એમાં પરનું કરવાપણું ક્યાં છે? નથી. અહીં કહે છે-જ્ઞાનમયપણાને લીધે સત્ અહેતુક જ્ઞપ્તિ જ એક એની ક્રિયા છે. શું કીધું? ભગવાન આત્માને જ્ઞપ્તિ જ એક ક્રિયા છે અને તે સત્ ને અહેતુક છે. ગજબ વાત છે ભાઈ! આ વર્તમાન જાણવારૂપ જે જ્ઞપ્તિક્રિયા છે તે ક્રિયા પોતે પોતાથી સત્ છે ને તેનું કોઈ બીજું કારણ નથી. અહાહા...! આ નિર્મળ નિરુપચાર રત્નત્રયની-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે ક્રિયા પ્રગટ થઈ તે સ્વયં સત્ છે, અને તેનું બીજું કોઈ કારણ નથી; આ વ્યવહારરત્નત્રયના પરિણામ છે એનાથી એ પ્રગટ થઈ છે એમ નથી. વ્યવહારથી નિશ્ચય થાય એમ કોઈ લોકો કહે છે ને? એ અહીં આ ના પાડે છે, કહે છે કે-એ નિર્મળ રત્નત્રયની ક્રિયા અહેતુક છે, અર્થાત્ વ્યવહારરત્નત્રય એનો વાસ્તવિક હેતુ નથી. સમજાણું કાંઈ...?

અહીં કહે છે-સત્ અહેતુક જ્ઞપ્તિ જ એક જેની ક્રિયા છે તેવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય હનન આદિ (મારવું-જિવાડવું, સુખી-દુઃખી કરવું વગેરે) ક્રિયાઓનો ભેદ નહિ જાણવાને લીધે એને ભિન્ન આત્માનું અજ્ઞાન છે. શું કીધું? ભગવાન આત્મા જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવો પ્રભુ જ્ઞાયક છે; પણ તેને નહિ જાણતાં જે રાગદ્વેષના ઉદયમય હનનાદિ ક્રિયાઓ થાય તે મારી પોતાની છે એમ માની પરમાં એકપણારૂપ જે અધ્યવસાન કરે છે તેને શુદ્ધ જ્ઞાયક પ્રભુ આત્માનું અજ્ઞાન છે. તેથી તે અધ્યવસાન ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, પ્રથમ તો અજ્ઞાન છે; ભિન્ન આત્માનું અદર્શન હોવાથી તે અધ્યવસાન મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી તે અચારિત્ર છે. લ્યો, આવી વાત છે!

ભગવાનની સ્તુતિમાં આવે છે ને કે-

દેખી મૂરતિ શ્રી અજિત જિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ! ધ્યાન તારું ધરે છે;
આત્મા મારો પ્રભુ! તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

જુઓ, આ સમકિતી સ્તુતિ કરે છે. કહે છે-હે પ્રભો! હું આપની પાસે આવવા માગું છું, અર્થાત્ અહીં અલ્પજ્ઞદશામાં હું રહેવા માગતો નથી. અહાહા...! રાગમાં કે પરમાં તો હું ન રહું, પણ આ અધુરી અલ્પજ્ઞદશામાં, જો કે તે પોતાની-જ્ઞપ્તિ જ્ઞાનક્રિયા છે તોપણ તેમાં, કેમ રહું? ભગવાન! હું તો કેવળજ્ઞાનની પરિપૂર્ણ દશામાં જ રહેવા માગું છું. જુઓ, આ સમકિતીને કંઈક અધૂરી દશા છે ને તેમાં કાંઈક રાગ છે તે તેને પોસાતો નથી; તે તો પૂરણ દશાને જ ઝંખે છે. આવી વાત છે.

અહાહા...! ભગવાન તું કોણ છો? તો કહે છે જ્ઞપ્તિ જ એક જેની ક્રિયા છે તેવો પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ તુ આત્મા છો. તેમાં વર્તમાન રાગરહિત જે જ્ઞાનની ક્રિયા, ધર્મની-મોક્ષમાર્ગની ક્રિયા થાય તેને, કોઈ બીજો હેતુ નથી. આ વ્યવહારરત્નત્રય કારણ ને નિશ્ચયરત્નત્રય કાર્ય એમ છે નહિ.

પણ શાસ્ત્રમાં વ્યવહારને નિશ્ચયનું સાધન કહ્યું છે ને?

હા; પણ બાપુ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વાત છે. ભાઈ! ભગવાનની વાતુ ભગવાનની શૈલીથી (સ્યાદ્વાદ શૈલીથી) યથાર્થ સમજવી જોઈએ. કોઈ એકાંતે એમ માને કે આ વ્રત પાળીયે ને તપસ્યાઓ કરીએ એટલે ધર્મ થઈ જશે વા ધર્મનું કારણ થશે તો એની એ માન્યતા વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ હોવાથી તદ્દન જૂઠી-મિથ્યા છે. ભાઈ! આ પંચમ આરાના મુનિવરો-દિગંબર સંતો કે જેઓ ભગવાન પાસે જવા ઝંખી રહ્યા છે (-કેવળજ્ઞાનને બોલાવી રહ્યા છે) તેઓ પોકાર કરી કહે છે કે-

અમારી જે જ્ઞપ્તિક્રિયા-ધર્મની ક્રિયા છે તે અહેતુક છે અર્થાત્ તેનું કોઈ બીજું (-વ્યવહારરત્નત્રય કે દેવ-ગુરુ આદિ) કારણ નથી. (એને કારણ કહેવું તે ઉપચાર-માત્ર છે).

અહાહા...! આત્મામાં વર્તમાન જ્ઞપ્તિક્રિયા-ધર્મની ક્રિયા જે થઈ તે સ્વતઃ સત્ ને અહેતુક છે. એટલે એમાં એનું તત્કાલ કારણ દ્રવ્યને પણ ન લીધું, પણ એનો ઉત્પાદ સ્વતઃ ઉત્પાદથી છે અને તત્કાલીન પર્યાયની યોગ્યતા જ તેનું કારણ છે. સમજાણું કાંઈ...? (ધર્મની ક્રિયાને દ્રવ્યનો-ભગવાન ત્રિકાળીનો-આશ્રય છે એ બીજી વાત છે, પણ ત્રિકાળી દ્રવ્ય એની ઉત્પત્તિનું સીધું કારણ નથી.)

અહા! આવી જ્ઞપ્તિક્રિયા ધર્મની ક્રિયા એક વીતરાગસ્વભાવમય છે, જ્યારે હનન આદિ ક્રિયાઓ છે તે તો કેવળ રાગ-દ્વેષમય છે. હવે આ બેની જુદાઈ-ભેદ નહિ જાણવાને લીધે એને ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, પરની એકત્વબુદ્ધિરૂપ જે અધ્યવસાન છે તે અજ્ઞાન છે. અહાહા...! હું પરની દયા પાળી શકું ને પરને દાન દઈ શકું એવો જે અધ્યવસાય છે તે અજ્ઞાનભાવ છે.

હવે માણસને આવી વાત ધર્મની અઘરી પડે એટલે ઓલી બહારની ક્રિયા 'પડિક્કમ્મામિ ભંતે...' ઈત્યાદિમાં રાચે અને માને કે થઈ ગયું સામાયિક ને થઈ ગયું પડિકમણ; પણ ધૂળેય થયું નથી સાંભળને એ મારગડા તારા જુદા બાપા! અંદર જ્ઞપ્તિક્રિયા-ધર્મની ક્રિયા વિના ભગવાન! ચોરાસીના અવતાર કરી કરીને અનંતકાળથી તારા સોથા નીકળી ગયા છે. તને ખબર નથી ભાઈ! પણ એ નરક-તિર્યંચાદિનાં દુઃખો અત્યારે સાંભરી આવે તો રૂદન આવે અને રૂવાં ઊભાં થઈ જાય એવું છે. જુઓને! આ વાદિરાજ મુનિ સ્તુતિમાં શું કહે છે?

અહા! મુનિરાજ કહે છે-ભગવાન! હું ભૂતકાળમાં નરક અને પશુના જે અનંત અનંત ભવ થયા તેના દુઃખોને યાદ કરું છું તો આયુધની પેઠે છાતીમાં ઘા વાગે તેમ થઈ આવે છે. અહા! અજ્ઞાની પૈસા, આબરૂ ઈત્યાદિ ભૂતકાળની જહોજલાલીને યાદ કરીને રુવે છે એ તો આર્ત્તધ્યાન હોવાથી એકલું પાપ છે. પણ આ તો જન્મ-જન્મમાં જે દુઃખ થયાં તે યાદ આવતાં ભગવાન! આયુધ જેમ છાતીમાં વાગે તેમ થઈ આવે છે એમ કહીને મુનિરાજ વૈરાગ્યની ભાવના દૃઢ કરે છે. અહા! મુનિરાજ આમ વૈરાગ્યને દૃઢ કરીને સ્વરૂપમાં અંતર્લીન થઈ જાય છે, ધ્યાનારૂઢ થઈ જાય છે. આ ધર્મની ક્રિયા છે.

આ વાદિરાજ મુનિરાજને શરીરે કોઢ નીકળ્યા હતા. રાજાના દરબારમાં ચર્ચા થઈ કે મુનિરાજને કોઢ છે. તો ત્યાં કોઈ શ્રદ્ધાળુ શ્રાવક હતો તેણે કહ્યું કે-અમારા મુનિ નીરોગી છે, કોઢ રહિત છે. પછી તો તે શ્રાવક મુનિરાજ પાસે આવ્યો ને ખૂબ

નમ્ર થઈ નિવેદન કરવા લાગ્યો કે-મહારાજ! હું તો રાજા પાસે કહી આવ્યો છું કે આપને કોઢ નથી; પણ હવે શું? મુનિરાજ કહે-શાંત થા ભાઈ! ધીરો થા.

પછી તો મુનિરાજે ભગવાનની સ્તુતિ ઉપાડી કે-નાથ! આપનો જન્મ જે નગરીમાં થાય તે નગરી સોનાની થઈ જાય, એના કાંગરા મણિમયરત્નના થઈ જાય, અને આપ જ્યાં ગર્ભમાં રહ્યા તે માતાનું પેટ સ્ફટિક જેવું નિર્મળ સ્વચ્છ થઈ જાય, તો પ્રભુ! હું આપને મારા અંતરમાં પધરાવું ને આ શરીરમાં કોઢ રહે? આમ સ્તુતિ કરીને કોઢ દૂર થઈ ગયો, શરીર સુવર્ણમય થઈ ગયું. ભાઈ! એ શરીરની અવસ્થા તો પુણ્યનો યોગ હતો તો જે થવાયોગ્ય હતી તે થઈ. કોઢ મટી ગયો એ કાંઈ ભક્તિના કારણે મટી ગયો એમ નથી. ભક્તિથી કોઢ મટી ગયો એમ કહેવું એ તો નિમિત્તનું કથન છે. એ આ વાદિરાજ મુનિ વૈરાગ્યને દઢ કરતાં કહે છે-પ્રભુ! ચારગતિમાં પરિભ્રમણ કરતાં અનંતકાળમાં જે નરક-નિગોદાદિનાં અપાર અકથ્ય દુઃખ વેઠયાં તેને યાદ કરું છું તો છાતીમાં આયુધના ઘા વાગે તેમ થઈ આવે છે. અહા! આમ વૈરાગ્યને દઢ કરતા થકા મુનિરાજ ઉપયોગને સ્વસ્થ કરી દે છે. જુઓ, આ જ્ઞાનની ક્રિયા-ધર્મની ક્રિયા છે. સમજાણું કાંઈ...?

ભાઈ! આ તો વખત જાય છે હોં, મનુષ્યભવ ચાલ્યો જાય છે હોં, એમાં આ વીતરાગ સર્વજ્ઞદેવે શુદ્ધ જ્ઞપ્તિક્રિયા ને હનન આદિ ક્રિયાની ભિન્નતા બતાવી છે તે જાણી લેવી જોઈશે. અહા! જ્ઞપ્તિક્રિયા તો નિર્મળ નિર્દોષ જ્ઞાનસ્વભાવમય વીતરાગી ક્રિયા છે અને હનન આદિ ક્રિયાઓ તો રાગદ્વેષમય મલિન દોષયુક્ત છે. બન્ને ક્રિયાઓ ભિન્ન છે. જ્યાં હનન આદિ ક્રિયાનો ભાવ છે ત્યાં જ્ઞપ્તિક્રિયા નથી અને જ્યાં જ્ઞપ્તિક્રિયાનો ભાવ છે ત્યાં હનન આદિ ક્રિયાનો ભાવ નથી. એકની બીજામાં નાસ્તિ છે. અહીં કહે છે-જ્ઞપ્તિ જ એક જેની ક્રિયા છે એવા આત્માનો અને હનન આદિ ક્રિયાઓનો જે વિશેષ-ભેદ છે તે નહિ જાણવાને લીધે એને ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી જે હનન આદિ ક્રિયાનું અધ્યવસાન છે તે અજ્ઞાન છે.

અહા! એ અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે. જુઓ, આ જ્ઞાનની સામે અજ્ઞાન નાખ્યું. વળી તે અધ્યવસાન ભિન્ન આત્માનું અદર્શન હોવાથી મિથ્યાદર્શન છે. પરને મારું-જિવાડું, બંધ-મોક્ષ કરાવું ઈત્યાદિ એવો પરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય હોવાથી તે મિથ્યાદર્શન છે. અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી તે અધ્યવસાન અચારિત્ર છે. અહા! એકલી રાગની ક્રિયા અનાત્મક્રિયા હોવાથી અચારિત્ર છે, તે કાંઈ ભગવાન આત્માનું આચરણ નથી.

અરેરે! એણે અનંતકાળમાં પોતાની દયા ન કરી! હું કોણ છું? કેવડો છું? ને કઈ રીતે છું? -એમ પોતાને સ્વરૂપથી જાણ્યો નહિ. અરે ભાઈ! જેવું પોતાના આત્માનું

સ્વરૂપ છે તેવું જાણવું, માનવું ને આચરવું તેનું નામ અહિંસા નામ સ્વદયા છે અને એથી વિપરીત જાણવું, માનવું ને આચરવું એનું નામ હિંસા અર્થાત્ પોતાની અદયા છે. હવે આવો મારગ ઝીણો લાગે, કઠણ લાગે, એટલે આ તો નિશ્ચય છે. નિશ્ચય છે એમ કહીને ટાળે અને વિરોધ કરે પણ ભાઈ! એ તને ખૂબ નુકશાનકર્તા છે. ભગવાન! આ જાણવા-દેખવાની, શ્રદ્ધાનની ને નિરાકુળ આનંદ ને શાંતિની પર્યાય થાય તે તારી કર્તવ્યરૂપ ક્રિયા છે. એને બદલે રાગની ક્રિયાથી લાભ માને, રાગની ક્રિયાને કર્તવ્ય માને એ તો બાપુ! રાગ સાથેના એકપણાનું અજ્ઞાન છે, મિથ્યાદર્શન છે અને આત્માનું અનાચરણ છે.

અહા! પર જીવોને (છકાયના જીવોને) જિવાડવાની ક્રિયા વગેરેથી પોતાને મોક્ષમાર્ગ માનવો એ તો રાગ સાથે એકત્વની ક્રિયારૂપ અધ્યવસાન છે અને તે આત્માનું અનાચરણ છે. તેને આત્માનું આચરણ માનવું તે મોહ નામ મિથ્યાદર્શન છે. અહો! આચાર્ય ભગવંતોએ કાંઈ ગજબ કામ કર્યાં છે! રાગભાવને આત્માનો હણનાર જાહેર કરીને તેમણે વીતરાગ મારગને ખુલ્લો મૂકી દીધો છે. અહીં કહે છે-આત્માનું અનાચરણ હોવાથી રાગ સાથે એકત્વનું અધ્યવસાન અચારિત્ર છે. સમજાણું કાંઈ...?

અહીં પહેલાં જ્ઞપ્તિક્રિયા-જ્ઞાનની ક્રિયા એમ પર્યાયથી વાત લીધી છે. પછી જ્ઞાયક-દ્રવ્ય ને જ્ઞાનગુણની વાત લેશે. એમ દ્રવ્ય, ગુણ, પર્યાયથી-ત્રણેથી વાતમાં લેશે. સંપ્રદાયમાં તો પચીસ-પચીસ વર્ષથી મુંડાવ્યું હોય તોય દ્રવ્ય-ગુણ-પર્યાય કોને કહેવાય એની ખબર ન મળે. માત્ર સામાયિક, પડિકમણ આદિ બહારની ક્રિયા કરીને અમે ધર્મી છીએ માનતા. કોઈ તો વળી એમ કહેતો હતો કે ઉત્પાદ-વ્યય તો વેદાન્તમાં હોય, જૈનમાં નહિ. આવું ને આવું! અરે ભાઈ! જૈન સિવાય બીજે ક્યાંય ઉત્પાદ-વ્યયની વાત નથી. વસ્તુ દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ છે, ને એમાં પર્યાયનું ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન થાય છે; ત્યાં પૂર્વની પર્યાયનો વ્યય, ઉત્તર નવી પર્યાયનો ઉત્પાદ એ દ્રવ્યનું ત્રિકાળી ટકી રહેવું-એમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણે થઈને સત્ નામ દ્રવ્ય છે. ભાઈ! આ વાત જૈન પરમેશ્વરના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી.

હવે બીજો બોલ કહે છેઃ-

'વળી હું નારક છું- ઈત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.'

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, શું કીધું આ? કોઈ લોકો નથી કહેતા? કે -આ મનુષ્યપણું મળ્યું એ તો મોક્ષનું કારણ છે. પણ ભાઈ! મનુષ્યપણું તો કર્મોદયજનિત પરની અવસ્થા છે. એ તો જ્ઞેય તરીકે પરચીજ છે પ્રભુ! એ મનુષ્યપણું મને મળ્યું અને તે ભલું, લાભકારી છે એવો અધ્યવસાય છે તે, કહે છે કે, અજ્ઞાન છે. આ હું નારકી છું, ઢોર છું, મનુષ્ય છું, દેવ છું-એવો જે અધ્યવસાય છે તે અજ્ઞાન છે.

અહાહા...! હું જવાન છું, વૃદ્ધ છું, બાળક છું, નબળો છું, પુષ્ટ છું-આવી જે માન્યતા છે તે કર્મોદયજનિત ભાવો સાથે ભગવાન જ્ઞાયકસ્વભાવી આત્માનું એકપણું કરતી હોવાથી અજ્ઞાન છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સદા એક જ્ઞાયકભાવસ્વરૂપ જ છે. એમાં નર, નારકાદિ ભાવો ક્યાં છે? નથી. તથાપિ હું મનુષ્ય છું, તિર્યંચ છું ઈત્યાદિ એવો જેને અધ્યવસાય છે તેને, ભગવાન જ્ઞાયકનું અને કર્મોદયજનિત નર-નારકાદિ ભાવોનું ભિન્નપણું નહિ જાણવાથી, તે અધ્યવસાન અજ્ઞાન છે. લ્યો, આવી વાત! જન્મ-મરણના ફેરા ટાળવાનો મારગ બહુ જુદો છે બાપા!

આ દેહ તો જડ માટી છે, એ કાંઈ મનુષ્યપણું નથી. પણ અંદર મનુષ્યગતિ-નામકર્મના ઉદયના નિમિત્તે જીવની જે અવસ્થાવિશેષ-ભાવવિશેષ છે તે મનુષ્યપણું છે. અહા! તે ઉદયજનિત પરવસ્તુ છે, અને આત્મા તો ત્રિકાળી એક જ્ઞાયકભાવરૂપ છે. આમા બે વસ્તુ ભિન્ન છે. એ બન્નેની ભિન્નતા નહિ જાણવાને લીધે હું મનુષ્યાદિ છું એવું અધ્યવસાન કરે તે અધ્યવસાન, ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી અજ્ઞાન છે, વળી તે ભિન્ન આત્માનું અદર્શન હોવાથી મિથ્યાદર્શન છે, અને તે ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી અચારિત્ર છે. અહા! જે ભગવાન જ્ઞાયકનો ને મનુષ્યાદિ ગતિના ભાવોનો વિશેષ નથી જાણતો તે અજ્ઞાની, અશ્રદ્ધાવાન ને અચારિત્રી છે. ભાઈ! આ મનુષ્યદેહથી કંઈક કરી લેવું એવો જે દેહના એકત્વનો અધ્યવસાય છે તે અજ્ઞાન, અદર્શન અને અચારિત્ર છે. સમજાણું કાંઈ...?

જુઓ, બે બોલ ચાલી ગયા.

આત્માની તો એક જ્ઞપ્તિ-જ્ઞાનક્રિયા જ છે. એમાં શ્રદ્ધા આદિ અનંતગુણની ક્રિયા ભેગી આવી જાય છે. જ્ઞાનની પ્રધાનતાથી એને જ્ઞપ્તિ કહી છે. હવે એને બદલે પરને મારું-જિવાડું ઈત્યાદિ અધ્યવસાન છે તે રાગદ્વેષમય વિકાર છે. હવે એ બન્નેની ભિન્નતાને નથી જાણતો પણ બન્નેને જે વડે એકરૂપ કરે છે તે અધ્યવસાન અજ્ઞાન છે, અદર્શન છે, અચારિત્ર છે.

ભગવાન આત્મા ત્રિકાળી અખંડ એક જ્ઞાયકભાવમય દ્રવ્ય છે. તેની સાથે નર-નારકાદિ ગતિના ઉદયભાવોને એકપણે કરે તે અધ્યવસાન અજ્ઞાન છે, અદર્શન છે, અચારિત્ર છે. હું દેવ છું, હું મનુષ્ય છું- એમ માને તે અજ્ઞાન છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આમ પહેલો પર્યાયનો-જ્ઞપ્તિક્રિયાનો ને બીજો દ્રવ્યનો - જ્ઞાયકભાવનો - બે બોલ ચાલી ગયા. હવે ત્રીજો જ્ઞાનગુણનો બોલઃ-

'વળી આ ધર્મદ્રવ્ય જણાય છે-ઈત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એકરૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.'

આત્મામાં જ્ઞાનગુણ છે એ એનું સ્વરૂપ છે. અહાહા...! જ્ઞાનગુણ આત્માનો સત્ અહેતુક સ્વભાવ છે, એનું કોઈ બીજું કારણ છે એમ નથી. સ્વરૂપથી જ આત્મા જ્ઞાનમય છે. આમ જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને પરજ્ઞેયરૂપ એવાં જીવ-પુદ્‌ગલ, ધર્મ-અધર્મ આદિ દ્રવ્યોનો ભેદ નહિ જાણવાને લીધે, એને આ હું અન્ય જીવ, ધર્મ, અધર્મ આદિને જાણું છું એવો જે અધ્યવસાય છે તે અજ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા અને 'ધર્માદિને હું જાણું છું' એવો અધ્યવસાય એ બન્ને જુદી ચીજ છે. પણ આ બન્નેને એક કરે છે તે અજ્ઞાન છે. બહુ સરસ અધિકાર છે ભાઈ!

આગળ ગાથા ૨૭૧ માં આઠ બોલ કીધા છે. એમાં વળી કોઈ લોકો કહે છે કે અધ્યવસાનને બંધનું કારણ કહ્યું છે પણ પરિણામને નહિ.

પણ ભાઈ! એમાં તો અધ્યવસાન કહો, પરિણામ કહો, ચેતનામાત્રપણાથી ચિત્ત કહો, બોધનમાત્રપણાથી બુદ્ધિ કહો-એ બધાય શબ્દો એકાર્થ છે. હવે માણસ સરખું વાંચેય નહિ ને પોતાની મતિ-કલ્પના દોડાવે તે કેમ ચાલે? બાપુ! આ તો ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરનો મારગ છે. જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણામ વર્તે છે તે બધાય-કે જે આ આઠ બોલથી કહ્યા છે તે-નિષિદ્ધ છે, કેમકે તે બંધનું કારણ છે. અહા! તે પર સાથેની એકત્વબુદ્ધિના સઘળા પરિણામ-અધ્યવસાય અજ્ઞાન છે, અદર્શન છે, અચારિત્ર છે ને બંધના કારણરૂપ છે.

અહીં તો (આ ગાથામાં તો) આટલું લેવું છે કે પરના લક્ષે પરના એકત્વરૂપ જે અધ્યવસાય થાય છે કે- 'પરને હું મારું-જિવાડું છું, હું મનુષ્યાદિ છું, ને હું ધર્માદિને જાણું છું.' - એ નિષિદ્ધ છે. પણ એથીય વિશેષ આગળ કળશમાં (કળશ ૧૭૩ માં) કહેશે કે -હું એમ માનું છું કે જે પરાશ્રયભાવરૂપ છે તે બધાય વ્યવહારનો ભગવાને નિષેધ કર્યો છે. મતલબ કે સ્વાશ્રય તે નિશ્ચય ને પરાશ્રય તે વ્યવહાર. ત્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાશ્રયમાં સ્વનો અર્થ એકલું શુદ્ધ દ્રવ્ય લેવું, પણ દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રણ નહિ. 'સ્વ' એટલે અનંતગુણમય અભેદ એક ત્રિકાળી આત્મદ્રવ્ય; એનો આશ્રય કરવો તે 'સ્વાશ્રિતો નિશ્ચયઃ' છે. અહાહા...! એક સ્વના આશ્રયે જ ધર્મ પ્રગટ થાય છે. અને રાગ, નિમિત્ત ને ભેદનો આશ્રય કરવો તે 'પરાશ્રિતો વ્યવહારઃ' છે. સદ્ભૂત વ્યવહાર પણ વ્યવહાર છે. ગુણ, પર્યાય સદ્ભૂત હોવા છતાં તેને વ્યવહાર ગણીને તેના આલંબનનો નિષેધ કર્યો છે. ભાઈ! જેને ધર્મ કરવો છે તેને એક સ્વનો આશ્રય લીધા વિના બીજો કોઈ આરો નથી; સ્વાશ્રય વિના ત્રણકાળમાં ક્યાંય ધર્મ થાય એમ નથી. સમજાણું કાંઈ...?

અહીં કહે છે-જ્ઞાન જ જેનું એક રૂપ છે એવો આત્મા અને આ જ્ઞેયપણે છે જે ધર્માદિ પરદ્રવ્યો તે અત્યંત ભિન્ન છે. શું કીધું? કે આ પરજ્ઞેયપણે જણાતા-અનંતા પરજીવ, અનંતા નિગોદના જીવ, અનંતા સિદ્ધો, દેવ-ગુરુનો આત્મા ઈત્યાદિ અને શાસ્ત્ર આદિ અનંતા રજકણો, ધર્મ, અધર્મ આદિ દ્રવ્યો, અને જ્ઞાન જ જેનું એક રૂપ છે એવું નિજ જ્ઞાનસ્વરૂપ તદ્દન ભિન્ન છે. અહા! ભગવાન જ્ઞાયકનો જ્ઞાનગુણ સ્વજ્ઞેય છે અને વિશ્વનાં અનંતાં બીજાં દ્રવ્યો પરજ્ઞેયસ્વરૂપ એનાથી ભિન્ન છે. અહા! આવી સ્વજ્ઞેય-પરજ્ઞેયની ભિન્નતા નહિ જાણવાને લીધે અજ્ઞાની જે અધ્યવસાય કરે છે કે હું ધર્માદિને જાણું છું તે અધ્યવસાય પ્રથમ તો ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી મિથ્યાદર્શન છે, ને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી અચારિત્ર છે. આવું ઝીણું બહુ પડે એટલે રાડો પાડે કે આ તો એકલી નિશ્ચયની વાત છે, પણ ભાઈ! નિશ્ચયએ જ સત્ય છે. સમજાણું કાંઈ...?

કોઈ લોકો રાડો પાડે છે કે આ તો એકાંત છે, એકાંત છે પણ ભાઈ! અહીં એમ કહેવું છે કે સમ્યક્ એકાંત એવા નિજ જ્ઞાનસ્વરૂપમાં જ ઠર ને. ભાઈ! તારે દુઃખથી મુક્ત થઈને સુખી થવું હોય તો એ વ્યવહારના આશ્રયની દૃષ્ટિ છોડીને એક શુદ્ધ નિશ્ચયમાં દૃષ્ટિ જોડી દે. અહા! અંદર નિર્મળાનંદનો નાથ જ્ઞાનાનંદનો દરિયો સદાય ભગવાન જ્ઞાનસ્વરૂપે રહેલો છે તેને ભાળ્યા વિના આ બધા મોટા મોટા રાજાઓ, રાજકુંવરો, શેઠિયાઓ અને દેવતાઓ દુઃખી છે ભાઈ! અંદર જે રીતે ભગવાન જ્ઞાયક (દ્રવ્ય), જ્ઞાનગુણ ને જ્ઞપ્તિક્રિયાવાળો ભગવાન આત્મા છે તેને તે રીતે માન્યા વિના સર્વ સંસારી જીવો દુઃખી છે. માટે ભગવાન! તારી દૃષ્ટિને ભગવાન જ્ઞાયકમાં જોડી દે.

અહાહા...! ભગવાન જ્ઞાયકભાવ દ્રવ્ય, જ્ઞાનગુણ અને અનંતગુણની નિર્મળ પર્યાય જ્ઞપ્તિક્રિયા-એ પોતાનું સ્વ ને પોતે એનો સ્વામી છે. આ જ્ઞાનની પ્રધાનતાથી સ્વજ્ઞેયની વાત છે. દૃષ્ટિની પ્રધાનતામાં તો જે એકનો આશ્રય કરવા યોગ્ય છે, તથા જે એકમાત્ર ધ્યેય છે એવો ત્રિકાળી ધ્રુવ અભેદ એક શુદ્ધ નિશ્ચયસ્વરૂપ ભગવાન જ્ઞાયક જ મુખ્ય છે. અહા! જેમાં ગુણભેદ કે પર્યાયનો પ્રવેશ નથી એવો ભગવાન જ્ઞાયક જ આનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આશ્રયસ્થાન છે. આવો મારગ ભગવાન વીતરાગનો છે તેને અત્યારે લોકોએ રાગથી રગદોળી દીધો છે. અહા! આવું પરમ સત્ય બહાર આવ્યું તે પોતાને ગોઠતું નહિ હોવાથી તેઓ વિરોધનો વંટોળ ઊભો કરે છે. પણ શું થાય? (સત્ય તો જેમ છે તેમ જ છે).

અહીં કહે છે-આ ધર્માદિ પદાર્થો જાણવાયોગ્ય પદાર્થો છે. એનાથી આ જાણનારો ભગવાન જ્ઞાયક ભિન્ન છે. એ પરજ્ઞેયો બધા જણાય છે એ તો જ્ઞાનનું પોતાનું સામર્થ્ય છે. અહા! એ પરજ્ઞેયોને જાણનારું જ્ઞાન કાંઈ પરમાં જતું નથી (-પરરૂપ થતું નથી), અને પરજ્ઞેયો જણાય છે તે કાંઈ જ્ઞાનમાં જતા નથી. (જ્ઞાનરૂપ થતા નથી). આ પ્રમાણે જ્ઞાન, પરજ્ઞેયોથી ભિન્ન જ છે. છતાં એ પરપદાર્થો જાણવામાં આવ્યા માટે તે મારા છે, કે એનાથી મારું જ્ઞાન છે એવી જે માન્યતા છે તે, ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી અજ્ઞાન છે, તે ભિન્ન આત્માનું અદર્શન હોવાથી મિથ્યાદર્શન છે અને તે ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી અચારિત્ર છે.

આ બીજો જીવ (સ્ત્રી-પુત્ર-પરિવાર, દેવ-ગુરુ આદિ) મારો છે એમ જાણવામાં આવે તે અજ્ઞાન છે. ભાઈ! અહા! પોતાનું તો સ્વ-પરને જાણવાના સ્વભાવવાળું સહજ એક જ્ઞાન છે, ત્યાં પરજ્ઞેય પોતાના ક્યાંથી થઈ ગયા? સ્વ-પરને જાણવાના સ્વભાવને કારણે પર જાણવામાં (જ્ઞાનમાં) આવ્યા એમ કહેવાય, પણ ખરેખર પર કાંઈ જાણવામાં (જ્ઞાનમાં) આવ્યા નથી, પણ પોતાનો સ્વ-પરને જાણવાનો સ્વભાવ જ અંદર જાણવામાં આવ્યો-પ્રસર્યો છે. આમ છે છતાં પરથી જાણપણું આવ્યું વા પર જાણવામાં આવતાં પર મારા થઈ ગયા એમ કોઈ માને તો તે તેનું અજ્ઞાન છે, કેમકે તેને પોતાના સહજ એક જ્ઞાનસ્વભાવની ખબર નથી.

અહાહા...! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અખંડ એક જ્ઞાયકભાવસ્વરૂપ છે તે દ્રવ્ય, જ્ઞાનસ્વભાવ તે એનો ગુણ અને તેની વર્તમાન જાણવા-દેખવાની પરિણતિ તે જ્ઞપ્તિક્રિયારૂપ પર્યાય. બસ એટલામાં એનું અસ્તિત્વ છે. અહાહા...! સત્‌દ્રવ્ય, સત્‌ગુણ ને સત્‌પર્યાય. એ પર્યાયમાં પર જે શરીર, મન, વાણી, રાગ ઈત્યાદિ જાણવામાં આવે તેને મારાં માને તે અજ્ઞાની છે. અહાહા...! સ્વ-પરને પ્રકાશવાના બેહદ સ્વભાવવાળો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઅરિસો છે. પોતાના આવા સ્વરૂપને ભૂલીને જે પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે તે અજ્ઞાની છે. આમ આંધળે-આંધળો એ અનાદિથી હાલ્યો જાય છે. જૈનનો સાધુ થયો, બહારથી નગ્ન થઈને રહ્યો, તોય હું કોણ છું? કેવડો છું? અને મારું કર્તવ્ય શું? -એના ભાન વિના એણે એકલી રાગની ક્રિયાઓ કર્યા કરી; પણ એથી શું? અંદર પોતાની ચિદાનંદમય સ્વરૂપલક્ષ્મીને ભાળ્યા વિના (પ્રાપ્ત થયા વિના) એ રાંક-બિચારો જ છે. શાસ્ત્રમાં આવા જીવોને 'वराका:' – રાંક-બિચારા જ કહ્યા છે.

આ પ્રમાણે સહજાનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયક દ્રવ્ય, જ્ઞાનાદિ એની અનંતશક્તિઓ

ગુણ અને એકમાત્ર જ્ઞપ્તિક્રિયા પર્યાય તે હું આત્મા છું. પણ એથી વિપરીત આ હું મનુષ્ય, નારકી આદિ છું, આ ધર્માદિ દ્રવ્યો જણાય છે તે મારાં છે અને હું પરને જિવાડું-મારું છું ઈત્યાદિ પરની ક્રિયા કરી શકું છું-એવાં જે અધ્યવસાન છે તે અજ્ઞાન છે, અદર્શન છે, ભગવાન આત્માનાં અનાચરણરૂપ અચારિત્ર છે. હવે કહે છે-

'માટે આ સમસ્ત અધ્યવસાનો બંધના જ નિમિત્ત છે.'

જોયું? હું મનુષ્ય છું, હું દેવ છું એમ જાણે, માને ને વર્તે તથા બીજાની દયા કરું ને બીજાને સુખી કરી દઉં એમ પરની ક્રિયાનો સ્વામી થઈ પ્રવર્તે એ બધુંય ભગવાન આત્માનું અજ્ઞાન, અદર્શન અને અનાચરણ હોવાથી બંધનું નિમિત્ત છે. જ્ઞાનમાં ધર્માદિ પર ચીજો જણાણી ત્યાં તે ચીજો મારામાં છે એમ માને તે સંસારમાં રખડવા માટે છે. આ પ્રમાણે અજ્ઞાનીની અવળી માન્યતાના બોલ કીધા. હવે જ્ઞાનીના સવળા કહે છે.

'માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો), સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ એક જેનો ભાવ છે અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યોથી જુદા આત્માને) જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા અને અનુસરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.'

અહાહા...! સંત-મુનિવરો કોને કહીએ? જૈન સાધુ કોને કહીએ? કે જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે મુનિકુંજરો અર્થાત્ ઉત્તમ મુનિવરો છે. અહા! તો એ ધર્માત્મા-સંતની ક્રિયા કઈ? જુઓ, દેહની ક્રિયા થાય અને વ્રત, તપ, દયા, દાન આદિ રાગની ક્રિયા થાય તે એની-ધર્માત્માની ક્રિયા નહિ. એની તો સત્‌રૂપ અહેતુક એક જ્ઞપ્તિ જ ક્રિયા છે. આ જાણવા-દેખવાની, શ્રદ્ધવાની અને અંતરમાં ઠરવાની ક્રિયા એ જ એક એની સ્વાભાવિક ક્રિયા છે.

વળી સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ એનો એક ભાવ છે. આમાં દ્રવ્ય લીધું. ભગવાન આત્મા પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ એકલા ચૈતન્યરસ-જ્ઞાનરસનું સત્ત્વ પોતે એક જ્ઞાયકભાવ સ્વરૂપ છે- એમ સંતો અનુભવે છે. આમાં બીજાને (-અજ્ઞાનીને) થાય કે શું હશે આ? કોણ જાણે ક્યાં હશે આવું? આ બધું-રૂપાળો દેહ, ધન-સંપત્તિ ને કુટુંબ-પરિવાર ઈત્યાદિ બહારમાં દેખે એટલે એને મન ઓ હો... હો... હો... થઈ જાય. પણ ભાઈ! એ તો બધી મસાણના ફોસ્ફરસની ચમક છે બાપા! ક્યાંય ભસ્મ થઈ જશે. અરે! આ બધાં મારાં છે એમ કરીને એણે, પોતે જીવતી-જાગતી જ્ઞાનાનંદજ્યોતિ છે તેને હણી નાખી છે. શું કીધું? હું જ્ઞાનાનંદસ્વરૂપ છું એમ ન માનતાં હું દેહાદિસ્વરૂપ છું અને તે વડે

હું સુખી છું એમ માનીને એણે પોતાનું વાસ્તવિક આનંદમય જીવતર પરમાં ને રાગમાં રગદોળી નાખ્યું છે, હણી નાખ્યું છે.

જેમ બહારમાં બીજાનું જીવતર જેમ છે તેમ રાખે તો એનું જીવતર કહેવાય, એ જીવે છે એમ કહેવાય, તેમ અંદરમાં પોતે જેવો અખંડ એક જ્ઞાનાનંદસ્વરૂપ છે તેવો પોતાને માને અને અનુભવે ત્યારે પોતાનું જીવતર કહેવાય. અહા! આવી તારા ઘરની વાત કહીને સંતો તને જગાડે છે. અરે ભગવાન! તું ક્યાં સૂતો છું? આ પુણ્ય-પાપનાં ફળ બધાં મારાં એમ માનીને તું અજ્ઞાનમાં સૂતો છું પ્રભુ! જાગ રે જાગ નાથ! તું તો અખંડ એક જ્ઞાયકભાવસ્વભાવે છું તો સ્વરૂપમાં જાગ્રત થઈ તારા જીવતરની રક્ષા કર.

લ્યો, કોઈ ને થાય કે આવો ઉપદેશ! હવે કાંઈક દયા પાળવાનું ને દાન કરવાનું કહે તો સમજાય પણ ખરું.

અરે ભાઈ! હું દેહાદિથી ભિન્ન અખંડ એક જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છું એમ પોતાને અંતરંગમાં જાણવો, માનવો ને અનુભવવો એ જ સાચું જીવન હોવાથી સાચી દયા છે અને એવું જીવતર પોતાને અર્પણ કરવું એ જ સાચું દાન છે. આ સિવાય બીજાની દયા પાળવી અને બીજાને દાન દેવું એ તો રાગ છે (જીવતર નહિ), અને તે મારું કર્તવ્ય છે એમ માને એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ...?

અહાહા...! ભગવાન! ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ અખંડ એક જ્ઞાયક-ભાવમાત્ર જ તું આત્મા છો, ને જ્ઞપ્તિ જ એક તારી ક્રિયા છે. ગજબ વાત છે ભાઈ! આ મુનિરાજને પંચમહાવ્રતના ને છકાયના જીવની રક્ષાના વિકલ્પ થાય એ કાંઈ આત્માની ક્રિયા નથી. આ શરીર હાલે ને વાણી નીકળે ને શાસ્ત્ર લખવાની ક્રિયા થાય એ કાંઈ એની ક્રિયા નથી; એ તો જડ માટી-ધૂળની ક્રિયા છે. ધર્મીને તો અંતરંગમાં જાણવા-દેખવારૂપ અને વીતરાગી આનંદરૂપ જે નિર્મળ પરિણતિ થાય તે એની ક્રિયા છે. અહા! કેવી સ્પષ્ટ ચોકખી વાત! કે જ્ઞપ્તિ જ એક એની ક્રિયા છે; મતલબ કે ભેગી બીજી રાગની (વ્રતાદિની) ક્રિયા એની છે એમ નહિ. અહો! આચાર્ય ભગવંતોએ જગતને ન્યાલ કરી દીધું છે. ભાઈ! આવી વાત બીજે ક્યાંય મળે એમ નથી.

અહા! ધર્મી સંત એને કહીએ કે જે જ્ઞાનમય વીતરાગ પરિણતિએ પરિણમ્યો હોય. જે રાગમય પરિણતિએ પરિણમે અથવા રાગની ને શરીરની ક્રિયા મારી છે એમ માને એ તો અધર્મી છે. ભાઈ! દયા, દાનના વિકલ્પો એ ધર્મીની ક્રિયા નહિ. ધર્મીને તો જ્ઞાયક જ એક ભાવ છે, ને જ્ઞપ્તિ જ એક ક્રિયા છે. અહા! જેનાં મહાભાગ્ય હોય તેને આવી ત્રિલોકનાથની વાણી કાને પડે; અને જે અંતરમાં હકાર લાવે તેની તો શી વાત! એની તો હાલત (-મોક્ષદશા) જ થઈ જાય. સમજાણું કાંઈ...?

અહા! 'સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા...'

જોયું? આ ગુણની વાત લીધી. પહેલી જ્ઞપ્તિક્રિયા-ધર્મની ક્રિયા કહી એ પર્યાય લીધી, પછી એક જ્ઞાયકભાવમાત્ર દ્રવ્યની વાત લીધી અને આ ત્રીજો જ્ઞાનસ્વભાવ ગુણ લીધો. અહાહા...! ધર્મીને એક જ્ઞાયક જ પોતાનો ભાવ છે, એક જ્ઞપ્તિ જ પોતાની ક્રિયા છે અને એક જ્ઞાન જ પોતાનું રૂપ છે. શું કીધું? જ્ઞાનમાં અનંતા જ્ઞેય જણાય, પણ તે જ્ઞેય પોતાનું સ્વરૂપ નથી, પણ સર્વ જ્ઞેયોને જાણવાનો જેનો સ્વભાવ છે તે જ્ઞાન જ એનું રૂપ છે. જ્ઞાનમાં જ્ઞાનીને શુભરાગ જણાય તે શુભરાગ તેનો નથી પણ તે શુભરાગને જાણનારું જ્ઞાન જ એનું એક રૂપ છે. લ્યો, આવી વાત છે!

કોઈને એમ થાય કે આવો મારગ કયાંથી નવો કાઢયો?

અરે ભાઈ! અનાદિનો આ જ મારગ છે. આ તો બે હજાર વર્ષ પહેલાનું આચાર્ય કુંદકુંદનું બનાવેલું શાસ્ત્ર છે અને એના પર હજાર વર્ષ પહેલાંની આચાર્ય અમૃતચંદ્રની ટીકા છે. બાપુ! આ તો અનંતા કેવળીઓના પેટની વાત છે; આમાં સોનગઢનું કાંઈ નથી ભાઈ! સોનગઢથી તો એનું સ્પષ્ટીકરણ થયું છે, બસ એટલું.

અહાહા...! કહે છે-જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, જ્ઞાયક જ એક જેનો ભાવ છે અને જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને (ધર્મી પુરુષો, મુનિવરો) જાણતા થકા, દેખતા (શ્રદ્ધતા) થકા અને અનુસરતા થકા સ્વરૂપમાં સ્થિર થાય છે. જુઓ, આ મોક્ષમાર્ગ અને આ ધર્મ! બાકી લુગડાં કાઢી નાખ્યાં, બાયડી છોડી દીધી ને શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એટલે માને કે થઈ ગયો ધર્મ, તો એમાં ધૂળેય ધર્મ નથી, સાંભળને. આ શરીરથી બ્રહ્મચર્ય પાળે એ કાંઈ ધર્મ નથી. અંદર બ્રહ્મ નામ નિર્મળાનંદનો નાથ પ્રભુ આત્મા સદા સચ્ચિદાનંદસ્વરૂપે વિરાજી રહ્યો છે તેમાં લીન થવું, તેમાં જ ચરવું એનું નામ બ્રહ્મચર્ય છે. બાપુ! બ્રહ્મચર્ય એ તો આત્માની રાગરહિત નિર્મળ વીતરાગી ક્રિયા છે અને એને ધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ...?

પુણ્ય-પાપના ભાવ તો ભાઈ! મલિન-અસ્વચ્છ છે. શું કીધું? આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ મલિન અસ્વચ્છ છે; જ્યારે ભગવાન આત્મા એક ચૈતન્યમૂર્તિ પ્રભુ અત્યંત સ્વચ્છ છે. તથા તેના આશ્રયે ઉદયમાન નિર્મળ રત્નત્રયના-શ્રદ્ધાન-જ્ઞાનને રમણતાના પરિણામ પણ સ્વચ્છ છે. વળી તે સ્વચ્છંદ પણે ઉદયમાન છે. એટલે શું? કે આત્માની નિર્મળ વીતરાગ પરિણતિની દશા સ્વાધીનપણે પ્રગટ થઈ છે, પણ એમ નથી કે વ્યવહારરત્નત્રયના કારણે પ્રગટ થઈ છે. અહીં સ્વચ્છંદ એટલે નિરર્ગલ-એમ દોષરૂપ અર્થ નથી પણ સ્વચ્છંદ એટલે સ્વાધીન-એમ ગુણના અર્થમાં છે. અહાહા...! નિર્મળ રત્નત્રયની વીતરાગી પરિણતિ સ્વાધીનપણે ઉદયમાન છે. મતલબ કે નિર્મળ નિશ્ચય રત્નત્રયને વ્યવહારરત્નત્રયની-રાગની અપેક્ષા નથી. અહા! વસ્તુ આત્મા સ્વચ્છંદ

નામ સ્વાધીન અને તેના આશ્રયે ઉત્પન્ન નિર્મળ શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ પણ સ્વાધીન. આવી વાત છે; સમજાણું કાંઈ...?

અહાહા...! કહે છે-સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી શુભ કે અશુભ કર્મથી (મુનિવરો) ખરેખર લેપાતા નથી.

જોયું? ભગવાન આત્મા અંતરમાં ઝળહળ ઝળહળ અમંદ નામ અતિ ઉગ્ર ચૈતન્યજ્યોતિ છે. અહાહા...! જાણગ-જાણગસ્વભાવે અંતરમાં અત્યંત પ્રકાશમાન ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા ભિન્ન વિરાજી રહ્યો છે. તેમાં અંતઃપુરુષાર્થ કરતાં ભિન્ન ચૈતન્યજ્યોતિ અંદર પ્રકાશિત-પ્રગટ થાય છે. અહીં કહે છે-આવી અંતરંગમાં પ્રકાશમાન ચૈતન્યજ્યોતિ જરાપણ અજ્ઞાનરૂપ, મિથ્યાત્વરૂપ ને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી મુનિવરો શુભ કે અશુભ કર્મથી લેપાતા નથી; અર્થાત્ મુનિવરોને શુભાશુભ બંધન હોતું નથી. આને બાપા! મુનિ કહેવાય. અહો! મુનિપણું કોઈ અસાધારણ અલૌકિક ચીજ છે! અરે! લોકોને બિચારાઓને અંતરંગ મુનિદશાની ખબર નથી!

## * ગાથા ૨૭૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આ જે અધ્યવસાનો છે તે-હું પરને હણું છું એ પ્રકારનાં છે, હું નારક છું-એ પ્રકારનાં છે તથા હું પરદ્રવ્યને જાણું છું-એ પ્રકારનાં છે.'

જોયું?

૧. હું પરને હણું છું-જિવાડું છું, પરને દુઃખી-સુખી કરું છું વગેરે,

૨. હું નારક-દેવ-મનુષ્ય-તિર્યંચ છું, તથા

૩. હું ધર્માદિ પરદ્રવ્યોને જાણું છું-એમ ત્રણ પ્રકારે અધ્યવસાનો હોય છે.

તેઓ કયાં સુધી હોય છે? તો કહે છે-

'તેઓ જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો, આત્માનો ને નારકાદિ કર્મોદયજનિત ભાવોનો તથા આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે.

કેવાં છે તેઓ?

'ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાત્વરૂપ છે, મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે.

તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે.'

અહાહા...! હું પરને જિવાડું, સુખી કરું ઈત્યાદિ અધ્યવસાન જ મુનિવરોને હોતા નથી; કેમકે પરને કોણ જિવાડી શકે? કોણ સુખી કરી શકે? વળી પર ચીજ

મારી છે; આ ગુરુ મારા, આ શિષ્ય મારા, આ સંઘ મારો ઈત્યાદિ અભિપ્રાય મુનિવરોને હોતો જ નથી. આખું જગત જેમાં ભિન્ન જ્ઞેયપણે ભાસે છે તે જ્ઞાન જ મારું રૂપ છે એવું નિર્મળ જ્ઞાન-શ્રદ્ધાન ને આચરણ જેમને પ્રગટ છે તે મુનિકુંજરો છે.

'તેઓ આત્માને સમ્યક્ જાણે છે, સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે. તેથી અજ્ઞાનના અભાવથી સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.'

અહાહા...! મુનિવરો કે જેમને મિથ્યા અધ્યવસાન વિદ્યમાન નથી તેઓ કર્મોથી લેપાતા નથી જ્યારે મિથ્યા અધ્યવસાય જેમને છે તે અવશ્ય કર્મોથી લેપાય છે. આવી વાત છે.

[ પ્રવચન નં. ૩૨૪ (શેષ) અને ૩૨૫ * દિનાંક ૨૦-૨-૭૭ અને ૨૧-૨-૭૭ ]

## ગાથા-૨૭૧

**किमेतदध्यवसानं नामेति चेत्-**

**बुद्धी ववसाओ वि य अज्झवसाणं मदी य विण्णाणं।**
**एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो।। २७१।।**

**बुद्धिर्व्यवसायोऽपि च अध्यवसानं मतिश्च विज्ञानम्।**
**एकार्थमेव सर्वं चित्तं भावश्च परिणामः।। २७१।।**

“અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો, તે અધ્યવસાન શું છે? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું.” આમ પૂછવામાં આવતાં, હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છેઃ-

**બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ-શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.**

**ગાથાર્થઃ-** [ बुद्धिः ] બુદ્ધિ, [ व्यवसायः अपि च ] વ્યવસાય, [ अध्यवसानं ] અધ્યવસાન, [ मतिः च ] મતિ, [ विज्ञानम् ] વિજ્ઞાન, [ चित्तं ] ચિત્ત, [ भावः ] ભાવ [ च ] અને [ परिणामः ] પરિણામ- [ सर्वं ] એ બધા [ एकार्थम् एव ] એકાર્થ જ છે (-નામ, જુદાં છે, અર્થ જુદા નથી).

**ટીકાઃ-** સ્વ-પરનો અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની [1]અધ્યવસિતિમાત્ર તે અધ્યવસાન છે; અને તે જ (અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ) બોધનમાત્રપણાથી બુદ્ધિ છે, [2]વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે, [3]મનનમાત્રપણાથી મતિ છે, વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે, ચેતનામાત્રપણાથી ચિત્ત છે, ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે, ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે. (આ રીતે આ બધાય શબ્દો એકાર્થ છે.)

**ભાવાર્થઃ-** આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે. જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના

---

૧. અધ્યવસિતિ = (એકમાં બીજાની માન્યતાપૂર્વક) પરિણતિ; (મિથ્યા) નિશ્ચિતિ; (ખોટો) નિશ્ચય હોવો તે.

૨. વ્યવસાન = કામમાં લાગ્યા રહેવું તે; ઉદ્યમી હોવું તે; નિશ્ચય હોવો તે.

૩. મનન = માનવું તે; જાણવું તે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।**
**सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति सन्तो धृतिम्।।१७३।।**

ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.

'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે' -એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** આચાર્યદેવ કહે છે કેઃ- [ सर्वत्र यद् अध्यवसानम् ] સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે [ अखिलं ] તે બધાય (અધ્યવસાન) [ जिनैः ] જિન ભગવાનોએ [ एवम् ] પૂર્વોક્ત રીતે [ त्याज्यं उक्तं ] ત્યાગવાયોગ્ય કહ્યાં છે [ तत् ] તેથી [ मन्ये ] અમે એમ માનીએ છીએ કે [ अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः ] 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.' [ तत् ] તો પછી, [ अमी सन्तः ] આ સત્પુરુષો [ एकम् सम्यक् निश्चयम् एव निष्कम्पम् आक्रम्य ] એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને [ शुद्धज्ञानघने निजे महिम्नि ] શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) [ धृतिम् किं न बध्नन्ति ] સ્થિરતા કેમ ધરતા નથી?

**ભાવાર્થઃ-** જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું. માટે 'શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો' એવો શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. વળી, "જો ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે અંગીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા-એ અમને અચરજ છે" એમ કહીને આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે. ૧૭૩.

* * *

## સમયસાર ગાથા ૨૭૧ : મથાળું

"**અધ્યવસાન શબ્દ વારંવાર** કહેતા આવ્યા છો. તે અધ્યવસાન શું છે? તેનું સ્વરૂપ બરાબર સમજમાં નથી આવ્યું." આમ પૂછવામાં આવતાં હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જેને અધ્યવસાન કહેવામાં આવ્યું છે તેને બરાબર ઓળખવા તેનાં બીજાં કેટલાંક પ્રચલિત નામો છે તે અહીં ગાથામાં કહે છે.

## * ગાથા ૨૭૧ : ટીકા ઉપરનું પ્રવચન *

'સ્વ-પરનો અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની અધ્યવસિતિમાત્ર તે અધ્યવસાન છે;...'

'જુઓ, શું કહ્યું? કે અનંતગુણનો પિંડ ચૈતન્યચિંતામણિ એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ તે હું સ્વ એમ અનુભવવાને બદલે હું પરને મારું-જિવાડું દુઃખી-સુખી કરું ઈત્યાદિ માને, હું નારકી, હું મનુષ્ય ઈત્યાદિ માને અને ધર્માદિ પરદ્રવ્યો જણાય ત્યાં હું ધર્માદિ પરદ્રવ્યોને જાણું છું, જાણનારો તે હું સ્વ એમ નહિ, પણ પરદ્રવ્યોને હું જાણું છું એમ પરથી એકત્વબુદ્ધિ કરે તે સ્વ-પરનો અવિવેક છે. આવો સ્વ-પરનો અવિવેક હોય ત્યારે અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય ત્યારે જીવની અધ્યવસિતિમાત્ર અર્થાત્ જીવની પરમાં પોતાપણાની માન્યતા-અભિપ્રાય તે અધ્યવસાન છે. આવું અધ્યવસાન મિથ્યાત્વરૂપ છે અને તેને અહીં આઠ નામોથી ઓળખાવે છેઃ-

'અને તે જ (અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ) બોધનમાત્રપણાથી બુદ્ધિ છે, વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે, મનનમાત્રપણાથી મતિ છે, વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે,...'

'લ્યો, પર મારાં ને પરનું હું કરી શકું એમ જાણવામાત્રપણાથી અધ્યવસાનને બુદ્ધિ પણ કહે છે. વ્યવસાય એટલે આખો દિ' કામમાં-પ્રવૃત્તિમાં લાગ્યો રહે-આ બાયડી-છોકરાનું કરું, ને ધંધો કરું, ને કારખાનું ચલાવું, ને દેશનું કરું-એમ પરમાં ઉદ્યમી થઈ લાગ્યો રહે તે વ્યવસાય બધો મિથ્યા અધ્યવસાય છે. આ બધું પરનું કોણ કરે બાપુ! તને ખબર નથી ભાઈ! તું તો એક જ્ઞાનાનંદસ્વરૂપ છો ને પ્રભુ! પરને માટે તું પાંગળો છે ને! એને બદલે પરમાં ઉદ્યમી થઈને આ કરું ને તે કરું એમ કર્યા કરે છે એ ઊંધો વ્યવસાય છે.

વ્યવસાય એટલે વ્યાપાર-પ્રવૃત્તિ, કેટલાક લોકો નથી કહેતા? કે હમણાં અમને ઘણો વ્યવસાય વધી ગયો છે, વ્યવસાય આડે નવરાશ નથી. કોઈ તો વળી કહે છે- મરવાય નવરાશ નથી. અરે ભાઈ! મરણ તો જોતજોતામાં આવી પડશે અને ત્યારે જેમાં તને વ્યવસાય આડે નવરાશ નથી એ બધું પડયું રહેશે. (તારે હાથ એમાંનું કાંઈ નહિ હોય). આ જોતા નથી પચીસ-પચીસ વરસના ફુટડા જુવાન-જોધ ચાલ્યા જાય છે? બાપુ! આ તારો વ્યવસાય બધો વિપરીત છે.

એને મનનમાત્રપણાથી મતિ કહે છે. પદાર્થોને વિપરીત જાણે-માને છે ને! તેથી

અધ્યવસાનને મતિ શબ્દથી પણ કહેવામાં આવે છે. મતિજ્ઞાન તે આ નહિ. આ તો જેમાં વિપરીત જાણવું-માનવું છે તેવા અધ્યવસાનને અહીં મતિ કહ્યું છે.

વળી વિજ્ઞપ્તિમાત્રપણાથી તે વિજ્ઞાન છે. જુઓ, વીતરાગવિજ્ઞાન તે આ નહિ. આ તો વિજ્ઞાન એટલે વિરુદ્ધ જ્ઞાન એમ વાત છે. હું પરને મારું-જિવાડું, હું નારકી-મનુષ્ય છું, પર ચીજો જણાય તે મારી છે-એવું સ્વરૂપથી વિરુધ્ધ જ્ઞાન છે ને? તેને અહીં વિજ્ઞાન શબ્દથી કહ્યું છે.

વળી, (તે જ અધ્યવસાન) 'ચેતનામાત્રપણાથી ચિત્ત છે, ચેતનના ભવન-માત્રપણાથી ભાવ છે, ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે.'

ચેતનના પરિણામ છે ને? તેથી તેને ચિત્ત પણ કહે છે, ભાવ પણ કહે છે ને પરિણામ પણ કહે છે. અહીં નિર્મળ ભાવ-પરિણામની વાત નથી. આ તો પર મારાં ને પરની ક્રિયા હું કરું-એવો મિથ્યા અભિપ્રાય જેમાં છે એ પરિણામની વાત છે.

કોઈ લોકો એમ કહે છે કે-અધ્યવસાનને જ બંધનું કારણ કહ્યું છે, પણ જિવાડવાનો ભાવ એ બંધનું કારણ નથી.

અરે ભાઈ! જ્યાં સુધી સ્વમાં એકતા થઈ નથી ત્યાં સુધી પરમાં એકત્વબુદ્ધિ પડેલી જ છે. તેથી પરમાં એકત્વબુદ્ધિસહિત જે પરિણામ-ભાવ છે તે બંધનું જ કારણ છે. અહા! તેને અધ્યવસાન કહો, ભાવ કહો, પરિણામ કહો, બુદ્ધિ કહો-બધું એકાર્થવાચક જ છે, સમજાણું કાંઈ...?

**ભાવાર્થ**:- 'આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે. જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.' આ ભાવાર્થ કહ્યો.

* * *

'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે' -એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ-

## * કળશ ૧૭૩ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

આચાર્યદેવ કહે છે કેઃ- 'सर्वत्र यद् अध्यवसानम्' સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે 'अखिलं' તે બધાંય 'जिनैः' જિન ભગવાનોએ 'एवम्' પૂર્વોક્ત રીતે 'त्याज्यं उक्तं' ત્યાગવાયોગ્ય કહ્યાં છે.

જુઓ, આ આગળની ગાથાનો ઉપોદ્ઘાત કરે છે. કહે છે-સર્વ વસ્તુઓમાં એટલે પોતાના આત્મા સિવાય વિશ્વની અનંતી પરવસ્તુઓમાં જે એકત્વબુદ્ધિ-અધ્યવસાન થાય છે તે સઘળાંય જિન ભગવાનોએ-વીતરાગ સર્વજ્ઞદેવોએ ત્યાગવાયોગ્ય કહ્યાં છે. અહાહા...! પરવસ્તુ ચાહે શરીરાદિ પરમાણુરૂપ હો, સ્ત્રી-પુત્ર-પરિવાર આદિ હો, દેવ-ગુરુ-શાસ્ત્ર હો, સાક્ષાત્ અરિહંત પરમાત્મા હો; તે મારાં છે અને હું એનો છું એવો એકત્વબુદ્ધિનો અધ્યવસાય સઘળોય ભગવાન જિનેશ્વરદેવે છોડાવ્યો છે. ખૂબ ગંભીર કળશ છે ભાઈ! આમાં તો જૈનદર્શનનો મર્મ ભર્યો છે.

એક કોર પોતે શુદ્ધ એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ સ્વ અને બીજી કોર વિશ્વની સમસ્ત વસ્તુઓ પર લીધી. અહાહા...! જગતની આ સર્વ વસ્તુ પ્રત્યેક ભિન્ન-ભિન્ન છે. તેમાં (અજ્ઞાનીને) એકત્વબુદ્ધિનો જે અધ્યવસાય છે તે બધોય છોડવાયોગ્ય છે એમ જિન ભગવંતોએ કહ્યું છે.

આ દેહ, મન, વાણી ઈત્યાદિ જડ માટી-ધૂળ છે, અને સ્ત્રી-પુત્ર-પરિવાર, દેવ-ગુરુ આદિ ભિન્ન પર જીવ છે, તથા ધર્માસ્તિકાય આદિ અચેતન પરદ્રવ્યો છે. તેમાં પોતાપણાનો અધ્યવસાય છે તે મિથ્યાત્વ છે; કેમકે પોતાપણું તો પોતાનામાં હોય કે પરમાં હોય? પરમાં પોતાપણું કદીય હોઈ શકે નહિ.

અહા! સર્વજ્ઞ પરમાત્મા ઇન્દ્રો, મુનિવરો ને ગણધરોની ઉપસ્થિતિમાં ધર્મસભામાં એમ ફરમાવતા હતા કે-પોતાના આત્મા સિવાય જેટલા કોઈ પદાર્થો છે-તેમાં હું (-અરિહંત) પણ આવી ગયો-તેમાં અધ્યવસાન કરે કે આ મારા છે અને એનાથી મને લાભ છે, હું એનું કાંઈ કરી શકું ને એ મારું કાંઈ કરી શકે-એ અધ્યવસાન ચારગતિમાં રખડવાના બીજરૂપ મિથ્યાત્વ છે અને તે સર્વ છોડવાયોગ્ય છે.

હવે કહે છે- 'तत्' તેથી 'मन्ये' અમે એમ માનીએ છીએ કે 'अन्य–आश्रय: व्यवहार: एव निखिल: अपि त्याजित:' પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.

અહાહા...! સંત ધર્માત્મા પ્રચુર અતીન્દ્રિય આનંદસહિત સ્વરૂપમાં કેલિ કરનારા મુનિવર ભગવાન આચાર્ય એમ કહે છે કે- જ્યારે ભગવાને પર વસ્તુઓમાં એકત્વબુદ્ધિના સર્વ અધ્યવસાયો છોડાવ્યા છે તો અમે સંતો એમ માનીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. જોયું? 'આશ્રય' શબ્દ અહીં મૂક્યો છે ચોખ્ખો. પરનો-વ્યવહારનો આશ્રય કહો, સંબંધ કહો કે પરનું-વ્યવહારનું આલંબન કહો- બધું એક જ છે. આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભેદરૂપ શ્રદ્ધાનો વિકલ્પ-એ સર્વ પરાશ્રિત વ્યવહાર છે. એ પરિણામમાં પરનો આશ્રય-સંબંધ છે ને? એમાં સ્વનો સંબંધ નથી. તો અહીં કહે છે-એ સઘળોય પરાશ્રિત

વ્યવહાર ભગવાને છોડાવ્યો છે એમ અમે સમજીએ છીએ. જુઓ. આ ધર્માત્માની પ્રતીતિ!

અહાહા...! મુનિવરો-શુદ્ધ એક જ્ઞાયકતત્ત્વના આરાધકો, કેવળીના કેડાયતીઓ કેવળીના વારસદાર પુત્રો છે. કેવળ લેશે ને! તેથી તેઓ કેવળીના વારસદાર છે. અહા! એ મુનિપણું કોને કહે બાપા! લોકોને અંતરંગ મુનિદશાની ખબર નથી. મુનિપણું એ તો પરમેશ્વર (પરમેષ્ઠી) પદ છે. અંદરમાં જેને ત્રણ કષાયના અભાવવાળી વીતરાગી શાંતિ પ્રગટી છે અને જેમને અતીન્દ્રિય પ્રચુર-અતિ ઉગ્ર આનંદનું વેદન વર્તે છે એવા ધર્મના સ્થંભ સમાન મુનિવરો હોય છે. તેઓ કહે છે-અમે એમ માનીએ છીએ કે જ્યારે ભગવાને પરની એકત્વબુદ્ધિ છોડાવી છે તો પરાશ્રિત એવો સઘળોય વ્યવહાર છોડાવ્યો છે.

જુઓ, પહેલાં 'अखिलं' આવ્યું; એટલે કે બધાંય અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં. ને હવે પાછું 'निखिल:' (अन्याश्रय:... निखिल: अपि त्याजित:) આવ્યું; એટલે કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. અહાહા...! આ દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિના પરિણામ બધાય પરાશ્રિત છે તેથી છોડાવ્યા છે. માર્ગ ખૂબ સૂક્ષ્મ ને ગંભીર છે ભાઈ!

અરે! મારગના ભાન વિના એ ૮૪ લાખ જીવ-યોનિમાં દુઃખી થઈ ને રખડયો છે. જરી શરીરથી કંઈક ઠીક સ્વસ્થ હોય, પાંચ-પચાસ લાખની સંપત્તિ હોય ને બાયડી જરા ઠીક રૂપાળી હોય એટલે એમ માને કે આપણે સુખી છીએ. અરે મૂઢ! મૂરખ છે કે શું? પાગલ થયો છે કે શું? શું આ બધા પૈસાવાળા સુખી છે?

પણ લોકો એમ કહે છે ને?

લોકો બધા કહે તો કહો; પણ તેઓ સુખી નથી, દુઃખી જ છે. બાપુ! આ શરીર નમણું ને રૂપાળું દેખાય એ ક્યાં તારું છે? એ તો જડ ધૂળ-માટી છે. તું મારું આવું રૂપાળું શરીર ને મારી આવી બાયડી ને મારી આટલી સંપત્તિ એમ માને એ તો તારી મૂર્ખાઈની-પાગલપણાની જાહેરાત છે. ત્રિલોકનાથ પરમાત્મા તો એમ ફરમાવે છે કે પરમાં મારાપણાની એકત્વબુદ્ધિનો અધ્યવસાય મિથ્યાત્વ છે અને તે સઘળોય છોડવા યોગ્ય છે. બાપુ! આ દેવ મારા ને ગુરુ મારા એવો અધ્યવસાય પણ ભગવાને છોડવાયોગ્ય કહ્યો છે. બહુ આકરી વાત!

અહાહા...! આ તો કળશ છે કળશ! બાર અંગનો સાર એક કળશમાં ભરી દીધો છે. આચાર્યદેવની ગજબ શૈલી છે. આમાં તો માર્ગને ખુલ્લં-ખુલ્લા જાહેર કરી દીધો છે. કહે છે-પર પદાર્થની એકત્વબુદ્ધિ જેમ ભગવાને છોડાવી છે તેમ પરના આશ્રયે થતા વ્યવહારના ભાવ સઘળાય ભગવાને છોડાવ્યા છે. અહાહા...! જેમ પરમાં એકત્વ-

બુદ્ધિ છોડવાયોગ્ય જ છે તેમ વ્રત, તપ, શીલ, સંયમના બાહ્ય પરિણામ, ૨૮ મૂલગુણના વિકલ્પ, અને પંચમહાવ્રતાદિના પરિણામ કે જે મુનિને હોય છે તે બધાય પરાશ્રિત હોવાથી છોડવાયોગ્ય જ છે. ગજબ વાત છે ભાઈ!

અત્યારે હવે આમાં લોકોને મોટી તકરાર ને વાંધા છે, એમ કે આ બધું-દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા ઈત્યાદિ શ્રાવકનાં આચરણ ને મુનિનાં બાહ્ય આચરણ અમે કરીએ છીએ તે શું બધાં ખોટાં છે. આ શ્રાવકનાં ને મુનિનાં આચરણરૂપ વ્યવહારને નહિ સ્થાપો તો જૈનધર્મ જ નહિ રહે.

**સમાધાનઃ-** બાપુ! જૈનધર્મ તો એક વીતરાગભાવસ્વરૂપ છે, શુદ્ધ ચૈતન્યના પરિણમનસ્વરૂપ છે. વ્રતાદિનો રાગ કાંઈ જૈનધર્મ નથી. જો કે ધર્મીને તેવો વ્રતાદિનો રાગ હોય છે પણ એ કાંઈ ધર્મ નથી. વળી ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. વિના સમ્યગ્દર્શન જે કાંઈ બાહ્ય આચરણ છે તે બધાંય ખોટાં છે, એને વ્યવહાર પણ કહેતા નથી. મિથ્યાદષ્ટિને વ્યવહાર ક્યાં છે? અહીં તો સમ્યગ્દષ્ટિને જે બાહ્ય વ્રતાદિ વ્યવહાર છે તે સઘળોય ત્યાગવાયોગ્ય છે એમ આચાર્યદેવ ફરમાવે છે. અહાહા...! સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો ત્યાગ કરાવ્યો છે તે કારણથી અમે એમ માનીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય સમકિતીને છોડાવ્યો છે એમ આચાર્યદેવ કહે છે. મારગ બહુ ઝીણો છે ભાઈ! આ તો કળશ જ એવો આવ્યો છે.

ભગવાન! તું અનંતકાળથી દુઃખના પંથે દોરાઈ ગયો છે. સ્વરૂપ પ્રતિ આંધળો થઈને તેં દુઃખમાં જ ભુસકા માર્યા છે. અહીં તને આચાર્ય ભગવાન સુખનો પંથ બતાવે છે. કહે છે-નિર્મળાનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો સાગર એવા સ્વસ્વરૂપને ભૂલીને, આ શરીરાદિ મારાં છે ને એનાથી મને સુખ છે તથા પરનાં સુખ-દુઃખને હું કરું છું ઈત્યાદિ અનેક પ્રકારે જે તને પરમાં એકત્વબુદ્ધિનાં અધ્યવસાન છે તે સર્વને છોડી દે; ભગવાને તે સર્વ અધ્યવસાનોને છોડવાયોગ્ય કહ્યાં છે.

હા, પણ દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિ વ્યવહાર તો કરવો ને? શાસ્ત્રમાં પણ વ્રતાદિ બાહ્ય આચરણનું વિધાન છે.

**સમાધાનઃ-** બાપુ! દયા, દાન, વ્રતાદિનો જે વ્યવહાર છે તે રાગ છે, ને રાગને કરવાનો અભિપ્રાય મિથ્યા અધ્યવસાન છે, મિથ્યાત્વ છે. એ તો આગળ આવી ગયું કે ઉપયોગભૂમિ રાગાદિક સાથે એકત્વ પામે તે મિથ્યાત્વ છે, બંધનું કારણ છે. આ કળશમાં પણ કહે છે કે- ભગવાને પર સાથે એકતાબુદ્ધિના સર્વ અધ્યવસાન છોડાવ્યા છે તે પરથી અમે (-મુનિવરો) એમ માનીએ છીએ કે વ્રતાદિનો સઘળોય વ્યવહાર ભગવાને છોડાવ્યો છે. અહા! સમકિતીને અસ્થિરતાના જેટલા વિકલ્પ આવે તે સઘળાય ભગવાને છોડવાયોગ્ય કહ્યા છે. સમજાણું કાંઈ...?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્રમાં વ્રતાદિ બાહ્ય આચરણનું વિધાન છે એ તો વ્યવહારનય દર્શાવ્યો છે. ધર્મીને નિર્મળ રત્નત્રયરૂપ ધર્મની વીતરાગી પરિણતિ સાથે બહારમાં કેવો વ્યવહાર-શુભાચરણ હોય છે તેનું જ્ઞાન કરાવવાનું ત્યાં પ્રયોજન છે. એ તો બારમી ગાથામાં આવ્યું કે ધર્મીને પર્યાયમાં જે કિંચિત્ રાગ છે તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહિ. અહા! ધર્મી પુરુષ સર્વરાગને-રાગમાત્રને હેય જ માને છે; કરવા યોગ્ય નહિ, આવી વાત છે.

જુઓ, स्वाश्रितो निश्चय:, पराश्रितो व्यवहार; જેટલો સ્વનો આશ્રય છે તે નિશ્ચય અને જેટલો પરનો આશ્રય છે તે વ્યવહાર. આ દયા પાળવી, વ્રત પાળવાં, દાન કરવું, ભક્તિ-પૂજા કરવાં ઈત્યાદિ સર્વ ભાવમાં પરનો આશ્રય છે તેથી તે વ્યવહાર છે. આચાર્ય કહે છે-પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય ભગવાને છોડાવ્યો છે. (મતલબ કે એક સ્વાશ્રય જ પ્રશંસાયોગ્ય છે). ભાઈ! આ તો જૈનદર્શનની સાર-સાર વાત છે. બહુ સરસ કળશ આવ્યો છે. આમાં નિશ્ચય-વ્યવહારના બે ફડચા કરી નાખ્યા છે; એમ કે પરાશ્રિત વ્યવહારને હેય જાણી ત્યાંથી હઠી એક સ્વના આશ્રયે જ પરિણમન કરવું યોગ્ય છે, ઈષ્ટ છે.

ત્યારે કોઈ વળી કહે છે-અહીં પરમાં એકત્વબુદ્ધિના અધ્યવસાનને બંધનું કારણ કહ્યું છે, તેથી કાંઈ દયાના ને વ્રતાદિના પરિણામ બંધનું કારણ નથી.

ભાઈ! એ તો મિથ્યાત્વ સહિતના પરની એકત્વબુદ્ધિના પરિણામ જે મિથ્યાદ્રષ્ટિને હોય છે તેને મુખ્ય ગણીને તેને બંધનું કારણ કહ્યું છે. બાકી દયા, દાન, વ્રત આદિના એકત્વબુદ્ધિરહિત જે પરિણામ સમ્યગ્દ્રષ્ટિને હોય છે તે પણ બંધનું જ કારણ છે. તે અલ્પ બંધનું કારણ હોવાથી (દીર્ઘ સંસારનું કારણ નહિ હોવાથી) તેને ગૌણ ગણીને બંધમાં ગણ્યા નથી એ બીજી વાત છે, પણ તેથી જો તું એમ માનતો હોય કે એકત્વબુદ્ધિ વગરના રાગના પરિણામ (વ્યવહારના પરિણામ) કરવા જેવા છે, કેમકે તે બંધનું કારણ નથી, પણ મોક્ષનું કારણ છે તો તારી તે માન્યતા મિથ્યા-ખોટી છે; અર્થાત્ તને પરની એકત્વબુદ્ધિ મટી જ નથી.

બાપુ! વીતરાગનો મારગ-મોક્ષનો મારગ- તો એકલા વીતરાગભાવસ્વરૂપ છે; તે સ્વ-આશ્રિત છે; તેમાં પરાશ્રિત રાગનો એક અંશ પણ સમાઈ શકે નહિ. શું કીધું? જેમ આંખમાં રજ-કણ સમાય નહિ તેમ ભગવાનના મારગમાં રાગનો કણ પણ સમાય નહિ. અહા! મારગ તો શુદ્ધ ચૈતન્યસ્વભાવમય એક વીતરાગતામય જ છે. જેમ ભગવાન આત્મા એક ચૈતન્યસ્વભાવનો-વીતરાગસ્વભાવનો અતીન્દ્રિય આનંદ તે શાંતિનો પિંડ છે, તેમ તેના આશ્રયે પ્રગટેલો માર્ગ પણ તેવો અતીન્દ્રિય આનંદમય ને વીતરાગી શાંતિમય છે. ભાઈ! સરાગતા એ કાંઈ વીતરાગનો મારગ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

લ્યો, આવી વાત! ચાલતા પ્રવાહથી જાુદી છે ને? એટલે લોકોને બહુ આકરી લાગે ને રુચે નહિ. એને એમ લાગે છે કે વ્યવહારથી વિમુખ થશે તો ભ્રષ્ટ થઈ જશે.

અરે ભાઈ! એમ ભડકે છે શું? જરા ધીરો થઈને સાંભળ. અંદર પ્રભુ! તું આત્મા છો કે નહિ? અહાહા...! અનંત અનંત સ્વભાવોથી ભરેલો જ્ઞાનાનંદનો દરિયો પ્રભુ તું આત્મા છો. એની સન્મુખ જવું એનું જ નામ વ્યવહારથી વિમુખતા છે. તેથી વ્યવહારનો આશ્રય છોડશે તો તે નિશ્ચયમાં જશે; અહા! એ દુઃખને છોડી સુખમાં જશે. ભાઈ! વ્યવહારનો આશ્રય તો દુઃખ છે. તેથી તેનો આશ્રય છોડતાં અંદર આનંદમાં જશે. સમજાણું કાંઈ...?

અહીં કહે છે- 'अन्याश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः' પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. ચાહે દેવ-ગુરુ-શાસ્ત્ર હો, જિનમંદિર, સમ્મેદશિખર, શત્રુંજય કે ગિરનાર હો; ભાઈ! એ બધું પર છે. આ આગમમંદિર આવડું મોટું છે તે પર છે. અરે, ભગવાન ૠષભનાથના વખતમાં કૈલાસ પર્વત પર ભરત ચક્રવર્તીએ ત્રણકાળની-ભૂત, વર્તમાન ને ભવિષ્યની ચોવીસીના સોનાનાં મંદિરો બનાવ્યાં હતાં. સોનાનાં મંદિરો હોં. પણ એમાં શું છે? એ બધું પર છે અને એના આશ્રયે થયેલો ભાવ પરાશ્રિત શુભભાવ છે (ધર્મ નહિ). જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીપુરુષ સ્વ-આશ્રયના આનંદમાં પણ હોય અને કિંચિત્ પરાશ્રયના આવા ભક્તિ આદિના શુભરાગમાં પણ હોય. પણ ધર્મીને એ શુભરાગ હેયબુદ્ધિએ હોય છે, તેને એનાં રુચિ, આદર કે મહિમા હોતાં નથી.

અહાહા...! અંદરમાં પોતાનું પરમ ચૈતન્યનિધાન પડયું છે. જેમાં જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સ્વચ્છતા, પ્રકાશ ઈત્યાદિ અનંત અનંત શક્તિઓ પ્રત્યેક પરમ પારિણામિકભાવે સ્થિત છે એવા પરમ પદાર્થ પ્રભુ આત્મા છે. પરમ પારિણામિક ભાવે એટલે શું? કે તે સહજ છે અને કોઈ કર્મના સદ્ભાવ કે અભાવની અપેક્ષાથી રહિત છે. શું કીધું? કે વસ્તુની શક્તિઓ સહજભાવે છે, એને કોઈની અપેક્ષા નથી. જાુઓ, પર્યાયમાં વિકાર થાય તો કર્મના ઉદયનું નિમિત્ત છે, ને નિર્વિકાર થાય તો કર્મના અભાવનું નિમિત્ત છે. પણ વસ્તુ આત્મા ને એની શક્તિઓ કોઈની અપેક્ષાથી રહિત પરમ પારિણામિક ભાવે સ્થિર છે. આવી મહાન વસ્તુ પોતે છે, પણ એની ખબર વિના બિચારો ક્રિયાકાંડ કરી કરીને મરી ગયો છે. એને કહે છે-ભાઈ! વ્યવહારની રુચિ છોડીને હવે તારા ચૈતન્યનિધાનનો-પરમ સ્વભાવભાવનો-નિશ્ચયનો આશ્રય કર. તારા સુખ માટે આ જ કર્તવ્ય છે.

અહાહા...! કહે છે-પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો

છે 'तत्' તો પછી, 'अमी सन्त:' આ સત્પુરુષો 'एकम् सम्यक् निश्चयम् एव निष्कम्पम् आक्रम्य' એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને 'शुद्धज्ञानघने निजे महिम्नि' વિજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં 'धृतिम् किं न बध्नन्ति' સ્થિરતા કેમ- ધરતા નથી ?

અહાહા...! કહે છે- तत् એટલે તો પછી સત્પુરુષો એક નિશ્ચયમાં સ્થિરતા કેમ કરતા નથી ? અહા ! સત્પુરુષ કોને કહીએ ? કે જેણે પરાશ્રયનો ભાવ દૃષ્ટિમાંથી છોડીને ત્રિકાળી સત્ પ્રભુ આત્માનો અંતરમાં સ્વીકાર કર્યો છે એવા સંત પુરુષ સત્પુરુષ છે. સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ આત્મા છે; તેના આશ્રયે જે સુખમાં પ્રવર્તે છે તે સંત મહાત્મા સત્પુરુષ છે. ભજનમાં આવે છે ને ? કે-

'સુખિયા જગતમાં સંત, દુરીજન દુઃખિયા રે'

જગતમાં એક સંત સુખિયા છે. એટલે શું ? કે નિર્મળાનંદનો નાથ અનંત અનંત સ્વભાવો-શક્તિઓનો ભંડાર ભગવાન આત્માનો જેણે આશ્રય લીધો છે તે સંતો-સત્પુરુષો જગતમાં સુખી છે, અને પરથી એકત્વ માનીને પરના આશ્રયે થતા વિકારી ભાવમાં જે રોકાઈ પડયા છે, પરાશ્રિત ભાવથી જે લાભ માને છે તે દુરીજન એટલે દુર્જન જગતમાં દુઃખિયા છે. અહા ! વ્યવહારથી લાભ થવાનું માને તે દુર્જન દુઃખિયા છે આકરી વાત બાપા !

ભાઈ ! આ તો 'जिनै:उक्तम्' ત્રણ લોકના નાથ જિનેન્દ્ર ભગવંતોએ કહ્યું છે. હવે ભગવાનની ભક્તિ કરે અને ભગવાને જે કહ્યું છે તેને અંતરમાં ન સ્વીકારે તો તેને ભગવાનની-અર્હંતદેવની સાચી શ્રદ્ધા નથી. તેવી રીતે ગુરુની ભક્તિ કરે પણ જે પરાશ્રિત છે એવો સઘળોય વ્યવહાર અમે છોડાવવા માગીએ છીએ એમ ગુરુએ કહ્યું તે ન સ્વીકારે તેને ગુરુની શ્રદ્ધા નથી. અને તેવી રીતે તેને શાસ્ત્રની પણ શ્રદ્ધા નથી. આ પ્રમાણે અજ્ઞાની અનેક પ્રકારના ક્રિયાકાંડમાં પ્રવર્તવા છતાં તે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી રહિત દુર્જન દુઃખી જ છે.

અહાહા...! અહીં કહે છે- 'એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને...' જોયું ? એક કહેતાં જેમાં બીજી ચીજ (રાગાદિ) નથી એવા સત્ય નિશ્ચયસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ પરમાત્મદ્રવ્યને જ નિષ્કંપપણે અંગીકાર કરીને તેમાં જ ઠર-એમ કહે છે. પહેલાં છોડવાયોગ્ય કહ્યું ત્યાં 'व्यवहार: एव' વ્યવહાર જ સઘળોય છોડ એમ કહ્યું. ને હવે ઠરવામાં પણ 'एव' શબ્દ વડે એક નિશ્ચયમાં જ ઠર એમ કહ્યું; મતલબ કે વ્યવહારના-અસ્થિરતાના રાગના-કંપમાં ન જા, પણ નિષ્કંપ એક નિશ્ચયમાં જ ઠર એમ કહે છે. ગજબનો કળશ છે ભાઈ !

અરે ભાઈ ! તું વ્યવહાર-વ્યવહાર કરે છે પણ ભગવાને કહેલો વ્યવહાર-વ્રત,

સમિતિ, ગુપ્તિ આદિ પરાશ્રિત ભાવ-તો અભવિ પણ કરે છે પણ તેને કદીય આત્મલાભ થતો નથી. આ વાત આગળ ગાથા ૨૭૩ માં આવે છે. કેટલાક લોકોને આ ખટકે છે. વ્યવહારનો પક્ષ છે ને? પણ ભાઈ! વ્યવહાર કોને કહેવાય તેની તને ખબર જ નથી. વાસ્તવમાં તો જેને એક સમ્યક્ નિશ્ચય શુદ્ધ આત્મદ્રવ્યનો અંતરમાં અનુભવ થયો છે તે સમકિતીને વ્રતાદિના વિકલ્પ જે હેયબુદ્ધિએ હોય છે તેને વ્યવહાર કહે છે, અને તે ભગવાને છોડાવ્યો છે-એમ વાત છે. જેને અંતરંગમાં નિશ્ચયનો અનુભવ જ નથી થયો તેને વ્યવહાર છે જ ક્યાં? તેને હેય-ઉપાદેયબુદ્ધિ છે જ ક્યાં? (તેને તો રાગની એકત્વબુદ્ધિ જ છે.)

અહા! વીતરાગ સર્વજ્ઞદેવની ધર્મસભામાં અતિ વિનયવાન થઈ ઇન્દ્રો ને ગણધરદેવો ભગવાનના શ્રીમુખેથી નીકળેલી જે પરમ અમૃત તત્ત્વની વાત સાંભળતા હતા તે આ વાત છે. કહે છે-સત્પુરુષો એક એટલે જેમાં પેલો વ્યવહાર નહિ એવા ભિન્ન શુદ્ધ નિશ્ચયને જ અંગીકાર કરી એમાં ઠરો. આવું હવે ઓલા વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે પણ ભાઈ! આ તો તારા હિતની, તારા ઉદ્ધારની વાત છે.

અહાહા...! વસ્તુ આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ એક નિશ્ચય નિરુપાધિ નિષ્કંપસ્વરૂપ છે અને આ વ્યવહારનો વિકલ્પ-રાગ તો કંપ છે, ઉપાધિ છે. અહા! તે રાગના કંપથી અને ઉપાધિથી છૂટીને નિષ્કંપ નિરુપાધિ શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં સ્થિતિ કરો એમ કહે છે. લ્યો, અહીં રાગને છોડવાયોગ્ય તથા ઉપાધિ કહે છે, બંધનું કારણ કહે છે, ત્યારે કોઈ લોકો એને લાભદાયક માને છે! બહુ ફેર ભાઈ! શું થાય! ભગવાનના વિરહ પડયા! કેવળી-શ્રુતકેવળી રહ્યા નહિ ને કેવળીના કેડાયતો પણ જોવા મળે નહિ અને આ બધા વિવાદ ઊભા કર્યા! ભાઈ! આ સર્વ વિવાદ મટી જાય એવી તારા હિતની વાત છે કે સર્વ પરાશ્રયના ભાવની રુચિ છોડીને એક શુદ્ધ ચૈતન્યતત્ત્વની રુચિ કરી તેમાં જ ઠરી જા.

શ્રી સમયસાર નાટકમાં શ્રી બનારસીદાસે આ કળશનો ભાવ આ પ્રમાણે પ્રગટ કર્યો છેઃ-

"અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાતભાવ,
તેઈ વિવહાર ભાવ કેવલી-ઉક્ત હૈ;
જિન્હકૌ મિથ્યાત ગયૌ સમ્યક દરસ ભયૌ,
તે નિયત-લીન વિવહારસૌં મુક્ત હૈ.
નિરવિકલપ નિરુપાધિ આતમ સમાધિ,
સાધિ જે સુગુન મોખ પંથકૌં ઢુક્ત હૈ;
તેઈ જીવ પરમ દસામૈં થિરરૂપ હ્વૈકૈ
ધરમમૈં ધુકે ન કરમસૌં રુકત હૈ."

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અસંખ્યાત લોકપ્રમાણ જેટલા વ્યવહારભાવ છે તેટલા મિથ્યાત્વભાવ છે, કેમકે વ્યવહાર છે તે મારો છે, એથી મને લાભ છે, એ ભલો છે એમ રાગથી એમાં એકત્વ છે ને? અહાહા...! આ વ્યવહાર ભલો છે એવી માન્યતામાં દયા, દાન આદિ જેટલા વિકલ્પ ઊઠે તેટલા મિથ્યાત્વભાવ છે. ગજબ વાત છે ભાઈ! આ તો કેવળી-સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી વાત છે.

જેને મિથ્યાત્વ ગયું અને સમ્યગ્દર્શન થયું તે જીવ નિશ્ચયસ્વરૂપમાં લીન હોવાથી વ્યવહારથી મુક્ત છે અર્થાત્ તેને વ્યવહારની રુચિ નથી.

તે જીવ વ્યવહારને છોડીને નિર્વિકલ્પ અર્થાત્ એક નિશ્ચયને જ નિરુપાધિ અર્થાત્ નિષ્કંપપણે અંગીકાર કરીને આત્મસ્વરૂપમાં સમાધિ સાધી અર્થાત્ સ્થિરતા કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં લાગી જાય છે. આવો જીવ પરમ એવી શુદ્ધોપયોગદશામાં પરમ ધ્યાનની દશામાં સ્થિર થઈને નિર્વાણપદને પામે છે, રાગમાં-વ્યવહારમાં રોકાતો નથી. આવી વાતુ બાપા!

જુઓ, આમાં મિથ્યાત્વભાવ ને વ્યવહારભાવ એક છે એમ કહ્યું છે, કેમકે એને વ્યવહારની રુચિ છે ને? વ્યવહાર ભલો છે એવી માન્યતામાં વ્યવહારના જેટલા ભાવ છે તે મિથ્યાત્વરૂપ છે. સમજાણું કાંઈ...?

અહાહા...! આત્મા શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ પ્રભુ અંદર એકલા આનંદનું દળ છે. જેમ સક્કરકંદ, ઉપરની લાલ છાલને છોડીને, અંદર એકલી મીઠાશનો-સાકરનો પિંડ છે તેમ ભગવાન આત્મા, બહારની વ્યવહારના વિકલ્પરૂપ છાલને છોડીને, અંદર એકલો ચિદાનંદનો કંદ છે. અહીં કહે છે-આવા ચિદાનંદઘનસ્વરૂપ નિજ મહિમામાં સત્પુરુષોધર્મી પુરુષો સ્થિરતા કેમ ધરતા નથી? આમ આશ્ચર્ય પ્રગટ કરીને આચાર્યદેવ પ્રેરણા કરે છે કે ધર્મી જીવોએ નિષ્કંપપણે નિશ્ચયસ્વરૂપને અંગીકાર કરીને તત્કાલ તેમાં જ ઠરીઠામ સ્થિર થઈ જવું જોઈએ. અહાહા...! આચાર્ય કહે છે- અંદર નિષ્કંપ નિરુપાધિ આનંદનો નાથ પડયો છે ને પ્રભુ! તેમાં જ લીન થઈ જા ને; આ વ્યવહારમાં કંપ-વામાં શું છે? આમ સત્પુરુષોને નિષ્પ્રમાદી રહેવાની પ્રેરણા કરી છે.

*           *           *

## * કળશ ૧૭૩ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું.'

શું કહે છે? કે દેવાધિદેવ સર્વજ્ઞ પરમેશ્વરે પુદ્‌ગલ પરમાણુ ને અન્ય જીવથી માંડીને વિશ્વમાં જેટલા કોઈ અનંતા પર પદાર્થ છે તે હું છું, તે મારા છે અને તેનાથી મને લાભ છે એવાં પરમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે. કેમ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કેમકે તે પરવસ્તુ કાંઈ પોતે આત્મા નથી. આ શરીર કાંઈ આત્મા નથી અને સ્ત્રી-પુત્રાદિ કાંઈ આ આત્મા (-પોતે) નથી. ભાઈ! પરમાં આત્મબુદ્ધિ કરવી એ મિથ્યાત્વ-ભાવ સંસારની-દુઃખની પરંપરાનું કારણ છે.

અહીં વિશેષ એમ કહે છે કે ભગવાને પરમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે તેથી પરાશ્રિત વ્યવહાર જ સઘળો છોડાવ્યો છે એમ જાણવું. લ્યો, આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ ઈત્યાદિ વ્યવહારના સર્વ વિકલ્પ ભગવાને છોડાવ્યા છે એમ કહે છે; કેમકે એમાં આત્મા નથી. લોકોને આ ખટકે છે પણ ભાઈ! વ્યવહારરત્નત્રયના એ સઘળા પરિણામ પરાશ્રિત ભાવ છે, દુઃખરૂપ છે. અહીં તો આ ચોકખી વાત છે કે પરાશ્રિત ભાવ સઘળાય છોડીને સ્વ-આશ્રય કર; શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ પોતે આત્મા છે તેનો આશ્રય કરી તેમાં સ્થિર થા; આ એક જ સુખનો ઉપાય છે. અહા! રાગ-પરાશ્રિતભાવ ચાહે એકત્વબુદ્ધિનો હો કે અસ્થિરતાનો હો-એ સઘળોય પરભાવ છોડવાયોગ્ય જ છે, તેમાં આત્મબુદ્ધિ કરવી તે મિથ્યાત્વભાવ છે. હવે કહે છેઃ-

'માટે શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો-એવો શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. !

અહા! પોતે શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ પ્રભુ આત્મા છે. તે એકના જ આશ્રયે તેમાં જ સ્થિરતા કરીને શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ગ્રહણ કર-એમ શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે.

લ્યો, આ રીતે ઉપદેશ છે, છતાં કોઈ લોકો વ્રત, તપ, ભક્તિ, પૂજા ઈત્યાદિ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ પ્રરૂપણા કરે છે. પણ બાપુ! એ વ્યવહાર તો સઘળોય અહીં છોડવાયોગ્ય કહ્યો છે કેમકે એનાથી નિશ્ચય થાય જ નહિ; ઉલટું એની રુચિ બંધનું-સંસારનું જ કારણ બને છે. ભાઈ! પરના લક્ષે થતા ભાવમાંથી કદીય સ્વનું લક્ષ-આશ્રય ન થાય. એટલે તો પરાશ્રિત વ્યવહાર સઘળો છોડાવ્યો છે. હવે આ મોટી અત્યારે લોકોને તકરાર છે, પણ ભાઈ! માંડ મનુષ્યપણું મળ્યું, અને ધર્મ પામવાનો અવસર આવ્યો ત્યારે વિવાદમાં રહીશ તો ધર્મ ક્યારે પામીશ? સ્વનો આશ્રય કરવો બસ એ એક જ સુખી થવાનો ધર્મનો પંથ છે. સમજાણું કાંઈ...?

એ તો આગળ ગાથાઓમાં આવે છે કે- જો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય તો અભવ્ય પણ જિનવરે કહેલો પરાશ્રિત વ્યવહાર-વ્રત, સમિતિ, ગુપ્તિ, તપ, શીલ ઈત્યાદિ-પરિપૂર્ણ અખંડપણે પાળે છે અને તેથી તેનો મોક્ષ થવો જોઈએ; પણ એનો મોક્ષ કદીય થતો નથી. બહુ આકરી વાત ભાઈ!

ત્યારે એ લોકો એમ કહે છે કે-એ તો અભવ્યની વાત છે.

અરે ભાઈ! એ તો દૃષ્ટાંત અભવ્યનું છે; બાકી આમાં ક્યાં અભવિની વાત છે?

અહીં તો સિદ્ધાંત આ છે કે જેમ અભવિ જીવ વ્રતાદિને પાળવા છતાં જ્ઞાનઘન પ્રભુ આત્માનો આશ્રય કદી કરતો નથી તો તે સદા ચારગતિરૂપ સંસારમાં જ રખડે છે તેમ ભવિ જીવ પણ જો પરના આશ્રયે કલ્યાણ માની બાહ્ય વ્રતાદિમાં પ્રવર્તે અને જ્ઞાનઘનસ્વરૂપ પોતાના આત્માનો આશ્રય ન કરે તો તે પણ સંસારમાં રખડે જ છે. હવે આવું યથાર્થ સમજે નહિ ને એકાંત તાણે એ વીતરાગના શાસનમાં કેમ હાલે? (ન જ હાલે).

ભાઈ! અહીં આચાર્યદેવનું એમ કહેવું છે કે-જો ભગવાને પરના આશ્રયે થતું અધ્યવસાન અને પરનો આશ્રય (-અસ્થિરતા) -એમ બેય છોડાવ્યા છે તો હવે એક સ્વનો જ આશ્રય લેવાનો રહ્યો. તો પછી સત્પુરુષો એક નિશ્ચયને જ -જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માને જ -અસ્થિર થયા વિના, પ્રમાદ છોડીને નિષ્કંપપણે અંગીકાર કરીને તેમાં જ કેમ ઠરતા નથી? આમ આચાર્યદેવે આશ્ચર્ય પ્રગટ કર્યું છે.

એ તો આચાર્યદેવ પહેલાં અજ્ઞાનદશામાં હતા ત્યારે નહોતા ઠરતા, પણ હવે શું છે? (એમ કે હવે શાનું આશ્ચર્ય છે?)

**ઉત્તરઃ-** એ પહેલાં કેમ અંદર નહોતા ઠરતા એનું અત્યારે આશ્ચર્ય થાય છે; અને હવે અંતઃસ્થિરતા પોતે કરી છે તેથી સત્પુરુષો અંદર કેમ સ્થિરતા કરતા નથી? -એમ આશ્ચર્ય કરીને અંતઃસ્થિરતા કરવાની તેમને પ્રેરણા કરી છે.

અહાહા...! આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ શ્રદ્ધા, જ્ઞાન ને વીતરાગતાના સ્વભાવથી ભરેલો જ્ઞાનાનંદનો દરિયો છે. અહાહા...! તે એક એક ગુણની ઈશ્વરતાના-પરિપૂર્ણ પ્રભુતાના સ્વભાવથી પૂરણ ભરેલો છે. પણ એમાં શરીરાદિ પરવસ્તુ નથી, વ્યવહારરત્નત્રયનો રાગ એમાં નથી; અને પરવસ્તુમાં ને વ્યવહારના રાગમાં તે (-આત્મા) નથી. ભાઈ! આ ન્યાયથી તો સમજવું પડશે ને! આ કાંઈ વાણિયાના વેપાર જેવું નથી કે આ લીધું ને આ દીધું; આ તો અંતરનો વેપાર! આખી દિશા ને દશા બદલી નાખે. આચાર્યદેવ અહીં કહે છે કે ભાઈ! તારી પર તરફના આશ્રયની દિશાવાળી જે દશા છે તે દુઃખમય છે અને તે ભગવાને છોડાવી છે તો પછી હવે સ્વના આશ્રયની દિશાવાળી, શુદ્ધ એક નિશ્ચયસ્વરૂપ ભગવાન જ્ઞાનાનંદના આશ્રયની દિશાવાળી દશા કે જે અત્યંત સુખમય છે તેને નિષ્કંપપણે કેમ પ્રગટ કરતા નથી? લ્યો, આવી વાત છે!

**પ્રશ્નઃ-** પણ આ પ્રમાણે તો એક નિશ્ચયનો પક્ષ ખડો થાય છે!

**ઉત્તરઃ-** ભાઈ! નિશ્ચયના વિકલ્પનો પક્ષ જુદી ચીજ છે ને એક નિશ્ચયનું-ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપનું-લક્ષ જુદી ચીજ છે. આવે છે ને કે- (ગાથા-૨૭૨)

'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.'

ત્યાં નિશ્ચયના વિકલ્પની વાત નથી, પણ નિશ્ચયસ્વરૂપના-સ્વના લક્ષ-આશ્રયની વાત છે. જ્યાં સ્વનો આશ્રય કીધો ત્યાં વિકલ્પ ક્યાં રહ્યો પ્રભુ? ત્યાં તો એકલો સ્વાનુભવ મંડિત નિરાકુળ આનંદનો અનુભવ છે. ઓલા ' હું બદ્ધ છું ને હું અબદ્ધ છું ' - એવા જે વિકલ્પ છે એ નયપક્ષ છે. એ નયપક્ષને તો ભગવાને છોડાવ્યો છે. હું શુદ્ધ છું, અબદ્ધ છું એવો વિકલ્પ છે તે (નિશ્ચયનો) નયપક્ષ છે, તે પરના આશ્રયે ઉત્પન્ન થાય છે; તેને ભગવાને છોડાવ્યો છે. બહુ સૂક્ષ્મ વાત પ્રભુ! ભગવાનનો મારગ બહુ સૂક્ષ્મ છે. અહીં તો એક શુદ્ધ નિશ્ચય જે પોતે સ્વ તેનો આશ્રય કરી તેમાં જ સત્પુરુષો કેમ ઠરતા નથી? -એમ આચાર્યદેવ અચરજ કરે છે. સમજાણું કાંઈ...?

અહાહા...! આ ઉપદેશ તો જાુઓ! એકકોર ચિદાનંદઘન પ્રભુ આત્મા ને એકકોર અનંતા વિકારના પરિણામ. આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભેદરૂપ શ્રદ્ધા આદિ પરિણામ એ બધા વિકારના પરિણામ છે. આગળ ગાથા ૨૭૬-૨૭૭ માં આવશે કે આચારાંગ આદિ શાસ્ત્રનું જ્ઞાન છે તે શબ્દશ્રુત છે, કેમકે તે જ્ઞાનનો આશ્રય શબ્દશ્રુત છે, પણ આત્મા નથી; તેથી શબ્દશ્રુતનું જ્ઞાન છે તે આત્માનું જ્ઞાન નથી. લ્યો, આ પ્રમાણે ત્યાં વ્યવહારનો નિષેધ કર્યો છે. વળી નવતત્ત્વની જે શ્રદ્ધા છે એનો વિષય (-આશ્રય) જીવાદિ નવ પદાર્થો છે, પણ આત્મા નથી; તેથી તે આત્માનું શ્રદ્ધાન નથી. આ પ્રમાણે ત્યાં વ્યવહારનો નિષેધ કર્યો છે. તેવી રીતે છકાયના જીવોની દયા-રક્ષાના પરિણામ છે તેનો આશ્રય છકાયના જીવ છે, પણ આત્મા નથી. તેથી તે વ્યવહારચારિત્ર કાંઈ આત્માનું ચારિત્ર નથી. આ પ્રમાણે વ્યવહારચારિત્રનો નિષેધ કર્યા છે. અહીં (આ કળશમાં) એ ત્રણેય પ્રકારે જે વ્યવહારરત્નત્રયના પરિણામ છે તેને છોડાવ્યા છે. બહુ ગંભીર વાત છે ભાઈ!

અહાહા...! ભગવાન! તું કોણ છો? ને તારી હયાતીમાં શું ભર્યું છે? અહાહા...! તું સચ્ચિદાનંદસ્વરૂપ આનંદનો નાથ આત્મા છો ને પ્રભુ? ને તારી હયાતિમાં એકલાં જ્ઞાન ને આનંદ (વગેરે અનંતગુણ) ભર્યા છે ને. તો તેમાં એકત્વ કરીને, આ પરવસ્તુ મારી છે એવી પરમાં એકત્વબુદ્ધિ છોડી દે; અને સાથે જે આ પરના આશ્રયે દયા, દાન, વ્રત આદિના ભાવ થાય છે તે પણ છોડી દે, કેમકે એ સઘળા પરાશ્રયે થયેલા વિકારના ભાવ દુઃખરૂપ છે. અહા! આનંદકંદ પ્રભુ આત્માને છોડીને આ પર તરફની હોંશુના જેટલા પરિણામ થાય છે એ બધા દુઃખરૂપ છે. તારે સુખી થવું હોય તો બધાય વ્યવહારના ભાવોને છોડી દે, અને શુદ્ધ એક નિશ્ચયને જ અંગીકાર કરી તેમાં જ લીન થઈ જા.

અરે! આવી વાત એના કાનેય ન પડે તો એ ક્યાં જાય? બિચારે શું કરે? ભાઈ! જીવન (અવસર) ચાલ્યું જાય છે હોં. આ તત્ત્વની સમજણ ન કરી તો દેહ

છૂટીને ક્યાંય સંસારસમુદ્રમાં ડૂબી જઈશ. બાપુ! આ દેહ કાંઈ તારો નથી કે તે તારી પાસે રહે, અને (વ્યવહારનો) રાગેય તારો નથી કે તે તારી પાસે રહે. તારી પાસે રહેલી ચીજ તો અનંત જ્ઞાન, આનંદ ને વીતરાગી શાંતિથી ભરેલો ભગવાન આત્મા છે. માટે તેમાં તલ્લીન થઈને રહેને પ્રભુ!

અહાહા...! આચાર્ય કહે છે-તું સ્વઘરમાં રહેને પ્રભુ! તું પરઘરમાં કેમ ભટકે છે? નિર્મળાનંદનો નાથ ચિદાનંદઘન પ્રભુ તારું સ્વઘર છે. એ સ્વઘરને છોડીને પરઘર-પરવસ્તુમાં કેમ ભમે છે? અહા! પરઘરમાં ભમે એ તો એકલું દુઃખ છે, પરાશ્રિતભાવમાં રહે એ દુઃખ છે; માટે જ્યાં એકલું સુખ છે તે સ્વઘરમાં આવીને વસ; ત્યાં તને નિરાકુલ આનંદ થશે. અહા! પરભાવ (વ્યવહારના ભાવ) દુઃખરૂપ છે છતાં તેને છોડીને સત્પુરુષો અંદર સુખથી ભરેલા સ્વઘરમાં આવીને કેમ વસતા નથી? એ મહાન અચંબો છે.

અહા! ત્રણલોકના નાથ દેવાધિદેવ સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું કે-પરવસ્તુની એકત્વબુદ્ધિ મિથ્યા છે, અસત્ય છે અને તેથી દુઃખરૂપ છે. સ્વના આશ્રયરૂપ એકતા તે સદ્બુદ્ધિ છે, અને સ્વ-પરની એકત્વબુદ્ધિ અસદ્બુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે.

ચિદાનંદઘન પ્રભુ પોતે સત્ છે, એ અપેક્ષાએ પરવસ્તુ બધી અસત્ છે. એ અસત્ સાથે પોતાના સત્‌ને ભેળવનારી-એકમેક કરનારી બુદ્ધિ અસદ્બુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. તે મિથ્યા હોવાથી દુઃખદાયક અને દુઃખરૂપ છે, અને તેથી તે છોડાવવામાં આવી છે. આચાર્ય કહે છે-ભગવાને પર સાથેની એકત્વબુદ્ધિ છોડાવી છે તેથી અમે તને પરને આશ્રયે થતા બધાય ભાવોને, તેઓ દુઃખરૂપ છે એમ જાણીને છોડાવીએ છીએ તો તું ત્યાંથી (પરાશ્રયથી) હઠીને સ્વના આશ્રયમાં અંદર કેમ આવતો નથી? અહા! પરવસ્તુ મારી છે એમ માનવું એ જાુઠું છે, પરમાં સુખબુદ્ધિ કરવી એ જાૂઠી છે. તેથી અમે તને સર્વ પરાશ્રયનો દુઃખરૂપ ભાવ છોડાવીએ છીએ તો પછી અહીં સ્વમાં-સુખરૂપ સ્વરૂપમાં આવી કેમ ઠરતો નથી? લ્યો, આવું આશ્ચર્ય આચાર્યદેવ પ્રગટ કરે છે.

અહા! આ સંતોની-વીતરાગી મુનિવરોની કરુણા તો જાુઓ! કહે છે-ભગવાન! તું તારી દયા તો પાળ, તારી કરુણા કરને પ્રભુ! આ પરના આશ્રયે થયેલા (દયા, આદિના) ભાવથી તો તારા સ્વભાવનો ઘાત થાય છે, તારા સ્વરૂપની તેમાં હિંસા થાય છે, કેમકે તેમાં સ્વરૂપનો અનાદર થાય છે.

રાજકોટમાં સંવત ૧૯૯૫માં એક મોટા ડોકટર ત્રણ-ચાર દિ' વ્યાખ્યાનમાં આવ્યા ને પછી કહેવા લાગ્યા- આ મહારાજનું આવું સાંભળીએ તો કોઈને કામના ન રહીએ અર્થાત્ કોઈનું કામ ન કરી શકીએ.

ત્યારે કહ્યું-અરે ભાઈ! ક્યા કામમાં તારે રહેવું છે? બાપુ! તને પરનાં કામ કરવાની હોંશુ છે પણ શું તું પરનાં કામ કરી શકે છે? કદાપિ નહિ; કેમકે પર પદાર્થો-પરમાણુ વગેરે સૌ પોતાના કાર્યને સ્વતંત્ર કરીને ઊભા (-અવસ્થિત) છે. તે પોતપોતાનું કાર્ય પ્રતિસમય પોતે જ કરી રહ્યા છે ત્યાં તું શું કરે? તું કહે કે હું આનું કાર્ય કરી દઊં એ તો કેવળ મિથ્યાબુદ્ધિ છે. પછી ડોકટરને થયું કે આ સાંભળવાથી તો કદાચ (પરનાં કામ) કરવાની હોંશુ નાશ પામી જશે. તેની સાંભળવા આવવું બંધ કર્યું.

ભાઈ! વાત તો આમ જ છે, સાચી છે. લૌકિક કાર્યોમાં હોંશુ હોય એ તો શું, લોકોત્તર વ્યવહાર જે જિનવરદેવે પંચમહાવ્રતાદિનો કહેલો છે તે પણ દુઃખરૂપ છે એવું ભગવાન જિનવરદેવનું વચન છે. એને છોડીને અહીં તો સ્વરૂપમાં જ સમાઈ જવાની વાત છે. સમજાણું કાંઈ...?

[ પ્રવચન નં. ૩૨૪ (શેષ) અને ૩૨૫ * દિનાંક ૨૦-૨-૭૭ થી ૨૨-૨-૭૭ ]

## ગાથા-૨૭૨

एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।
णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।। २७२।।

एवं व्यवहारनय: प्रतिषिद्धो जानीहि निश्चयनयेन।
निश्चयनयाश्रिता: पुनर्मुनय: प्राप्नुवन्ति निर्वाणम्।। २७२।।

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

**ગાથાર્થઃ-** [ एवं ] એ રીતે ( પૂર્વોક્ત રીતે ) [ व्यवहारनय: ] ( પરાશ્રિત એવો ) વ્યવહારનય [ निश्चयनयेन ] નિશ્ચયનય વડે [ प्रतिषिद्ध: जानीहि ] નિષિદ્ધ જાણ; [ पुन: निश्चयनयाश्रिता: ] નિશ્ચયનયને આશ્રિત [ मुनय: ] મુનિઓ [ निर्वाणम् ] નિર્વાણને [ प्राप्नुवन्ति ] પામે છે.

**ટીકાઃ-** આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે, પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે. ત્યાં, પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.

**ભાવાર્થઃ-** આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે, અને જે એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે. અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે, અને પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે

વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ છે. આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે તેનું કારણ એ છે કે-જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.

* * *

## સમયસાર ગાથા ૨૭૨ : મથાળું

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

## * ગાથા ૨૭૨ : ટીકા ઉપરનું પ્રવચન *

અહીં મૂળ મુદ્દાની રકમની વાત છે. શું કહે છે? કે-

'આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે, પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે.'

અહીં 'સ્વ-આશ્રિત' માં સ્વનો અર્થ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ લેવા, પણ દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રણ ન લેવાં. 'સ્વ-આશ્રિત' એટલે ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકભાવને આશ્રિત. અહાહા...! એક જ્ઞાયકભાવ એ જ નિશ્ચય એમ અહીં લેવું છે. સમજાણું કાંઈ...?

એમ તો દ્રવ્ય એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ, એની અનંત શક્તિઓ (-ગુણો) અને પર્યાય-એ ત્રણેનું અસ્તિત્વ તે સ્વનું-પોતાનું અસ્તિત્વ છે. પણ અહીં 'સ્વ' માં એ વાત લેવી નથી. અહીં તો મુખ્ય (મુખ્ય તે નિશ્ચય, ગૌણ તે વ્યવહાર) સિદ્ધ કરવા ત્રિકાળી અભેદ એકરૂપ વસ્તુને મુખ્ય કરીને એક સમયની અવસ્થાને ગૌણ કરી નાખવી છે. અહીં અભેદ એક શુદ્ધનિશ્ચય વસ્તુનું લક્ષ કરાવવા ત્રિકાળી એક જ્ઞાયકસ્વભાવભાવ છે તે સ્વ છે, નિશ્ચય છે એમ લેવું છે. અહાહા...! જેમાં કર્મ નથી, પુણ્ય-પાપના ભાવ નથી, એક સમયની પર્યાય ને પર્યાયભેદ નથી કે ગુણભેદ નથી એવો અખંડ એકરૂપ સ્વભાવ ત્રિકાળી એક જ્ઞાયકભાવ તે નિશ્ચયનયનો વિષય છે. 'स्वाश्रितो निश्चयः' સ્વના આશ્રયે જ નિશ્ચય છે. સ્વનો આશ્રય કરનારને સમકિત થાય છે.

સમ્યગ્દર્શન-ધર્મનું પહેલું પગથિયું-અને ધર્મ કેમ થાય એની આ વાત ચાલે છે. જૈનદર્શનના પ્રાણ સમી ગાથા ૧૧ માં ન આવ્યું કે-

'भूदत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो'

અહાહા...! નિર્મળાનંદનો નાથ ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકભાવમય વસ્તુ પ્રભુ આત્મા જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે અને એના આશ્રયે જીવ સમ્યગ્દ્રષ્ટિ થાય છે. અહા! અંદર ત્રણ લોકનો નાથ એક જ્ઞાયકસ્વભાવી સત્યાર્થ પ્રભુ છે તેને મુખ્ય કરીને, નિશ્ચય

કહીને તેની આગળ પર્યાયને ગૌણ કરીને, તેને વ્યવહાર કહીને નથી એમ કહી દીધી છે. ઝીણી વાત પ્રભુ!

**પ્રશ્નઃ-** હવે આમાં કેટકેટલું યાદ રાખવું?

**ઉત્તરઃ-** ભાઈ! આ એક જ યાદ રાખવું છે કે ત્રિકાળી અભેદ એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ આત્મા તે જ ખરેખર હું છું અને જે ભેદ ને પર્યાય છે તે બધોય વ્યવહાર છે. ભાઈ! એ સર્વ વ્યવહારને અભૂતાર્થ કહીને ભૂતાર્થ એક સ્વ-સ્વરૂપનો આશ્રય કરાવ્યો છે. અહાહા...! એક સ્વ-સ્વરૂપ જ સત્ય છે, બાકી આખું જગત (પર્યાયભેદ ને ગુણભેદ સુદ્ધાં) અસત્ય છે. જગતની સઘળી ચીજો એની પોતપોતાની અપેક્ષાએ સત્ય છે, પણ પોતાનું સ્વ જે એક જ્ઞાયકભાવ તેની અપેક્ષાએ એ બધી અસત્ય છે. અહાહા...! ત્રિકાળી સત્‌ની અપેક્ષા એના ગુણભેદ ને પર્યાય પણ અસત્ છે.

અહીં 'આત્માશ્રિત' -પહેલા શબ્દનો અર્થ ચાલે છે. આત્માશ્રિત એટલે સ્વ-આશ્રિત એટલે કે ત્રિકાળી એક જ્ઞાયકભાવને આશ્રિત નિશ્ચયનય છે. એ ધ્રુવ નિત્યાનંદ પ્રભુનો આશ્રય કરનારી તો પર્યાય છે, પણ એ પર્યાયને પર્યાયનો આશ્રય નથી પણ નિત્યાનંદ પ્રભુ ધ્રુવનો આશ્રય છે. ઝીણી વાત છે પ્રભુ! આ તો જન્મ-મરણના બીજની સત્તાનો નાશ કરવાની વાત છે. અહાહા...! પોતાની શુદ્ધ સત્તાને પ્રગટ કરીને પુણ્ય-પાપ આદિ ભાવનો નાશ કરવાની આ વાત છે. પ્રભુ! તારી સત્તાને દૃષ્ટિમાં ઉત્પાદ કરવાની પ્રગટ કરવાની આ વાત છે. (એમ કે સાવધાન થઈને ધીરજથી સાંભળ).

૧૧ મી ગાથામાં આવ્યું ને કે-જ્ઞાયકસ્વભાવ વસ્તુ તિરોભૂત અર્થાત્ દૃષ્ટિમાંથી દૂર છે તે જાણવામાં આવતાં, દૃષ્ટિમાં આવતાં આવિર્ભૂત થાય છે. પ્રગટ થાય છે. જ્ઞાયકભાવ તો છે તે છે, પણ એને જ્યારે દૃષ્ટિમાં લીધો ત્યારે જ્ઞાયકભાવ પ્રગટયો, આવિર્ભૂત થયો એમ કહેવાય છે. જેના પૂર્ણ અસ્તિત્વની ખબર નહોતી, જેની પ્રતીતિ નહોતી એના પૂર્ણ અસ્તિત્વની જ્યાં પ્રતીતિ આવી તો પૂર્ણ અસ્તિત્વ પ્રગટયું એમ કહેવામાં આવે છે.

અહીં ટીકામાં આત્મા એટલે સ્વને આશ્રિત કેમ લીધું? કેમકે વ્યવહાર છે તે પરાશ્રિત છે, તેથી આત્મા એટલે સ્વ-એમ લીધું. સ્વ એટલે કોણ? તો કહે છે-એક પોતાનો સહજ સ્વાભાવિક ભાવ, એક જ્ઞાયકભાવ, નિત્યાનંદસ્વભાવ, ધ્રુવભાવ, એકરૂપ સામાન્યભાવ તે સ્વ છે અને તે નિશ્ચયનયનો વિષય છે, અર્થાત્ સમ્યગ્દર્શનનો વિષય છે, તેથી જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે ત્રિકાળી એક જ્ઞાયકભાવનો આશ્રય લેવો જોઈએ.

આત્માશ્રિત એટલે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રણ થઈને આત્મા અને એનો આશ્રય લેવો એમ કોઈ કહે તો એ અહીં વાત નથી. અહીં તો આત્માશ્રિત એટલે સ્વ-આશ્રિત ને સ્વ એટલે ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકભાવ. ભાઈ! સમ્યગ્દર્શન-

ધર્મની પહેલી સીડી-એનું કારણ ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકભાવ છે. આત્માશ્રિત એટલે ત્રિકાળી એક જ્ઞાયકભાવને આશ્રિત નિશ્ચયનય છે. સમ્યગ્દર્શન થવામાં એક જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્ય સહજાનંદસ્વરૂપ ભાવ એક જ કારણ છે. બાપુ! આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ બાહ્ય ક્રિયાઓ કરે એનાથી સમ્યગ્દર્શન થાય એમ છે નહિ, કેમકે એ તો સર્વ પરાશ્રિત ભાવ છે. એક સ્વના આશ્રયે જ-ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ...?

ભાઈ! ગુણ-ગુણીનો ભેદ પણ પરાશ્રય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એમ ભેદ પાડવો તે પરાશ્રિત વ્યવહારનય છે, તે બંધનું કારણ છે. આવી ઝીણી વાત!

આ તો અધ્યાત્મશાસ્ત્ર બાપા! ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સંવત ૪૯માં થયા. તે પૂર્વવિદેહમાં સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ શ્રી સીમંધર ભગવાન પાસે ગયા હતા. ત્યાં આઠ દિ' રહીને અહીં આવ્યા પછી આ શાસ્ત્ર બનાવ્યું છે. તેઓ આ ગાથામાં કહે છે કે આત્મા અર્થાત્ ત્રિકાળી એક જ્ઞાયકભાવને આશ્રિત નિશ્ચયનય છે. આવો મારગ બહુ ઝીણો બાપા! લોકો તો બહારથી માંડીને બેઠા છે કે-વ્રત પાળો, ભક્તિ કરો, ને ઉપવાસ કરો ઇત્યાદિ; એમ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે. પણ ધૂળેય કલ્યાણ નહિ થાય, સાંભળને, બાપુ! એ તો બધું પુણ્યબંધનું કારણ છે, પાપથી બચવા એ પુણ્ય હોય છે, પણ એ કાંઈ ધર્મ નથી. ધર્મ તો એક જ્ઞાયકભાવ જેને અહીં સ્વ કીધો તેનો આશ્રયે જ થાય છે. અહાહા...! પૂર્ણાનંદસ્વરૂપ ચિદાનંદમય સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા એ પોતાનું સ્વ છે અને એના આશ્રયે જ ધર્મ થાય છે. સમજાણું કાંઈ...?

ભાઈ! આ કાંઈ કોઈના ઘરની વાત નથી. આ તો ત્રિલાકીનાથ દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્માએ દિવ્યધ્વનિમાં જે કહ્યું તે તેમના કેડાયતી સંતો કહે છે. કહે છે- આત્માશ્રિત અર્થાત્ સ્વ-આશ્રિત નિશ્ચયનય છે. ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકભાવ તે સ્વ છે અને સ્વના આશ્રયે નિશ્ચયનય છે. નિશ્ચયનય એટલે ત્રિકાળી ધ્રુવ સત્યાર્થ વસ્તુ; અથવા નિશ્ચયનય એટલે જ્ઞાનનો શુદ્ધ અંશ જેનો વિષય ત્રિકાળી ધ્રુવ સ્વ છે. એ ત્રિકાળી સ્વને જ (અભેદથી) શુદ્ધનય કહે છે. અહાહા...! ચિદાનંદઘન પ્રભુ આત્મા જ પોતાનું પરમસ્વરૂપ છે અને તેને જ અભેદથી શુદ્ધનય કહે છે. તે એકના જ આશ્રયે સમ્યગ્દર્શન આદિ ધર્મ થાય છે. હવે આવી વ્યાખ્યા! આકરી પડે માણસને પણ શું થાય? ભાઈ! સમ્યગ્દર્શન વિના વ્રત, તપ આદિ તું કરે પણ એ બધો પરાશ્રિત ભાવ સંસારમાં રખડવા ખાતે જ છે.

અરે! અનંતકાળમાં એણે સ્વ-સ્વભાવ જે પૂરણ જ્ઞાનાનંદસ્વભાવથી ભરેલો

જ્ઞાયક-જ્ઞાયક-જ્ઞાયક એવો ત્રિકાળી એક સામાન્યભાવ જેને પરમ પારિણામિકભાવ કહે છે તેને જાણ્યો નહિ. અહા! અનંતવાર એણે દિગંબર મુનિ થઈને પંચમહાવ્રતાદિ પાળ્યાં પણ સ્વ-સ્વભાવના આશ્રયે આત્મજ્ઞાન કર્યું નહિ તેથી એને લેશ પણ સુખ ન થયું, સંસારપરિભ્રમણ ઊભું જ રહ્યું. છહઢાલામાં આવે છે ને કે-

'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયૌ.'

'उत्पादव्ययध्रौव्ययुक्तम् सत्' —એ તત્ત્વાર્થસૂત્રનું સૂત્ર છે. તેમાં 'ઉત્પાદ-વ્યય' એ પર્યાય છે, અવસ્થા છે અને ધ્રૌવ્ય એ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ છે. 'ઉત્પાદ' એટલે મિથ્યાત્વના વ્યયપૂર્વક સમ્યગ્દર્શનની પર્યાય લઈએ તો એનું આશ્રયરૂપ કારણ ત્રિકાળી એક જ્ઞાયકભાવ છે. એક જ્ઞાયકભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. પણ રે! એણે વ્રત, તપ, જાત્રા આદિ કરવા આડે પોતાના ધ્રુવસ્વભાવ એક જ્ઞાયકભાવનો આશ્રય કર્યો નહિ!

પરાશ્રિત રાગમાં ધર્મ માનીને તું સંતુષ્ટ થાય પણ ભાઈ! ધર્મનું એવું સ્વરૂપ નથી. ધર્મ તો એક વીતરાગભાવ જ છે અને તે સ્વ-આશ્રયે જ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ...?

આ તો દિવ્યધ્વનિનો સાર એવી અધ્યાત્મ-વાણી છે. મૂળ ગાથાઓના કર્તા ભગવાન કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પર સં. ૪૯માં થઈ ગયા; અને ત્યાર પછી હજાર વર્ષે આચાર્ય અમૃતચંદ્ર થયા. તેમની આ ટીકા છે. તેમાં તેઓ કહે છે-સ્વ-આશ્રિત નિશ્ચયનય છે. ત્યાં 'સ્વ' તે કોણ? તો કહે છે-ત્રિકાળી ધ્રુવ સ્વભાવભાવ સામાન્ય-સામાન્ય-સામાન્ય એવો એક જ્ઞાયકભાવ તે પોતાનું સ્વ છે અને એ સિવાય પર્યાયાદિ ભેદ સહિત આખું વિશ્વ પર છે; અને પર-આશ્રિત વ્યવહારનય છે. ગુણભેદ, પર્યાયભેદ આદિ સમસ્ત પરભાવો વ્યવહારનય છે. લ્યો, આવો ઝીણો મારગ!

હવે કહે છે- 'ત્યાં પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે...'

શું કીધું? કે પરને હું જિવાડું, પર જીવોની રક્ષા કરું, પરને સુખી કરી દઉં, તેમને આહાર-ઔષધાદિ સગવડો દઉં ઇત્યાદિ પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જે પરિણમન છે તે બંધનું કારણ છે, આવો મારગ બહુ ઝીણો બાપા! લોકો, આ તો નિશ્ચય છે, નિશ્ચય છે એમ કરીને એની ઉપેક્ષા કરે છે પણ આ જ સત્ય વાત છે ભાઈ! પરદ્રવ્યની ક્રિયા હું કરી શકું એ માન્યતા જ પરાશ્રિત મિથ્યાદર્શન છે, અને તે બંધનું કારણ છે.

**પ્રશ્નઃ-** તો પર જીવોની દયા પાળવી કે નહિ? દુઃખી દરિદ્રીઓને આહાર-ઔષધાદિનાં દાન દેવાં કે નહિ?

**ઉત્તરઃ-** અરે ભાઈ! શું તું પર જીવની દયા પાળી શકે છે? પર જીવની દયા હું પાળું એવી માન્યતા મિથ્યાત્વ છે. પર જીવની દયા કોણ પાળે? પર જીવનું જીવન તો એના આયુના ઉદયને આધીન છે. આયુના ઉદયે તે જીવે છે અને આયુ ક્ષય પામતાં દેહ છૂટી જાય છે. ભાઈ! તું એને જિવાડી શકે કે મારી શકે એ વાત જૈનદર્શનમાં નથી. એવી માન્યતાના પરિણામ તને થાય તે મિથ્યાત્વ હોવાથી બંધનું-સંસારનું જ કારણ છે.

તેવી રીતે બીજાને આહાર-ઔષધાદિ વડે ઉપકાર કરું એવી સ્વ-પરની એકતારૂપ માન્યતાનું પરિણમન પણ બંધનું જ કારણ છે, કેમકે એ પર-જડની ક્રિયા છે તેને તું (-આત્મા) કેમ કરી શકે? પરની ક્રિયા પર કરે એ જૈનસિદ્ધાંત જ નથી. એટલે તો કહ્યું કે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન બંધનું જ કારણ છે. ભાઈ! પરનું કાંઈ પણ કરવામાં આત્મા પંગુ એટલે અશક્તિમાન છે.

અહાહા...! ત્રિલોકીનાથ વીતરાગ સર્વજ્ઞદેવની વાણી સંતો તેના આડતિયા થઈ ને જગત સમક્ષ જાહેર કરે છે. કહે છે-પરમાં એકપણાની માન્યતારૂપ પરિણમન બંધનું કારણ હોવાને લીધે ભગવાને મુમુક્ષુ અર્થાત્ આત્માના શુદ્ધ પરિણમનની જેને અભિલાષા છે તેને પોકાર કરીને કહ્યું છે કે-પરની એક્તાબુદ્ધિ છોડી દે. હું બીજાને જિવાડું, સુખી કરું, આહાર-ઔષધાદિ દઉં ઇત્યાદિ મિથ્યાભાવ રહેવા દે; કેમકે એ બધી પરની ક્રિયા તો પરમાં પરના કારણે થાય છે, એને આત્મા કરી શક્તો નથી. હવે આવી વાતો એણે કોઈ દિ' સાંભળી નથી એટલે બૂમો પાડે કે આ તો બધું સોનગઢનું છે. પણ ભાઈ! આ સોનગઢનું નથી પણ અનંતા જિન ભગવંતોએ કહેલું વસ્તુનું સ્વરૂપ છે.

અહો! દિગંબર સંતોએ જગતને ન્યાલ કરી દીધું છે. પરાશ્રિત વ્યવહારમાં બે ભેદ પાડીને પહેલાં સ્થૂળ પરાશ્રિત એવો સ્વ-પરની એકતારૂપ વ્યવહારનો નિષેધ કર્યો. હવે કહે છે- 'પૂવોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે.'

જોયું? શું કહે છે? કે જેમ પરની એકતાબુદ્ધિ જૂઠી છે, કેમકે સ્વ ને પર બે એક નથી; અને તેથી ભગવાને તેનો નિષેધ કર્યો છે. તેથી આચાર્ય મહારાજ કહે છે કે અમે માનીએ છીએ કે ભગવાને પરાશ્રિત વ્યવહાર જ સઘળોય નિષેધ્યો છે. પર સાથેની એકતાબુદ્ધિ નિષેધીને ભગવાને પરના આશ્રયે થતા બધાય ભાવોનો નિષેધ કર્યો છે. આ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ ઇત્યાદિના ભાવ બધા પરાશ્રિત છે માટે એનો નિષેધ કર્યો છે; કેમકે જેમ પરદ્રવ્યની એકતાબુદ્ધિમાં પરનો આશ્રય છે તેમ દયા, દાન આદિ (અસ્થિરતાના) રાગભાવોને પણ પરનો આશ્રય છે. બન્નેમાં

પરાશ્રિતપણું સમાન જ છે. જેમ એકત્વબુદ્ધિરૂપ અધ્યવસાન પરાશ્રિત છે તેમ દયા, દાન, વ્રત, તપ આદિ જે વ્યવહારનો વિકલ્પ છે તે પણ પરાશ્રિત જ છે, અને તેથી તે પણ નિષિદ્ધ જ છે.

લ્યો, હવે આવું છે છતાં કોઈ વળી કહે છે-શુભભાવથી-વ્યવહારથી લાભ થાય, ધર્મ થાય.

અરે ભાઈ! જેનાથી લાભ થાય એનો નિષેધ શું કામ કરે? શુભભાવ સઘળોય પરાશ્રિત હોવાથી બંધનું જ કારણ છે માટે તે નિષિદ્ધ છે.

તો શું ધર્મી પુરુષને શુભભાવ હોય જ નહિ?

હોય છે ને? હોય છે એનો નિષેધ કર્યો છે ને? ન હોય એનો શું નિષેધ? અહા! આત્મજ્ઞાની ધ્યાની પ્રચુર આનંદમાં ઝૂલનારા સાચા ભાવલિંગી મુનિરાજને પણ પાંચ મહાવ્રતાદિના વિકલ્પ આવે છે, પણ તેમાં મુનિરાજને હેયબુદ્ધિ હોય છે; એને તે બંધનું કારણ જાણે છે અને શુદ્ધ નિશ્ચયના ઉગ્ર આશ્રય વડે તેનો તે નિષેધ કરી દે છે. સમજાણું કાંઈ...? સમકિતીને પણ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોય છે તે પરાશ્રિત હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

છે ને અંદર? છે કે નહિ? કે- 'પરાશ્રિત સમસ્ત અધ્યવસાન બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે.'

જુઓ, નિશ્ચયનય વડે એટલે સ્વ-સ્વભાવના આશ્રય વડે ખરેખર વ્યવહારનો નિષેધ કરાયો છે. અહાહા....! જ્યાં સ્વનો આશ્રય કરે છે ત્યાં પરના આશ્રયના ભાવનો સહજ નિષેધ થઈ જાય છે. પણ પરાશ્રયના ભાવને (શુભભાવને) જો ઉપાદેય માને તો ત્યાં સ્વના ભાવનો-સ્વસ્વભાવનો અનાદર થાય છે અને તેથી તેને સ્વસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. શું કહ્યું? કે વ્યવહાર કે જે પરના આશ્રયે થાય છે અને જે બંધનું-સંસારનું કારણ છે તેને નિશ્ચય વડે એટલે કે સ્વના આશ્રય વડે નિષેધાય છે પણ જે પરાશ્રયના ભાવને ભલો-ઇષ્ટ જાણે તે એનો નિષેધ કેવી રીતે કરે? તે તો સંસારમાં જ રખડે. ભાઈ! વીતરાગ પરમેશ્વરના પંથના (મોક્ષમાર્ગના) પથિકોએ આ ખાસ સમજવું પડશે.

આ મોટી તકરાર! કે-સમકિત છે કે નહિ? -એની આપણને ખબર ન પડે; માટે આ વ્યવહાર સાધન જે વ્રત, નિયમ આદિ છે તેને ઉથાપે છે તે એકાંત છે. એમ કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય, માટે વ્યવહાર કરનારા સાચા છે.

**સમાધાનઃ-** ભાઈ! સમકિત છે કે નહિ-એની જેને ખબર ન પડે વા એની જેને શંકા રહે તેને સમકિત છે જ નહિ, અને તો પછી તેને વ્યવહાર

સાધનેય નથી. એને જે સાધન છે તે એકાંત રાગ છે અને તે મિથ્યાત્વ સહિત હોવાથી દીર્ઘ સંસારનું જ કારણ છે. અહા! (કર્તા થઈ ને) એકાંતે વ્યવહારના કરનારા બિચારા દુઃખમાં પડયા છે, કેમકે તે એકાંત સંસારનું જ કારણ છે. આવી વાત છે.

અહીં કહે છે-મુમુક્ષુને અધ્યવસાનનો નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે. જોયું? મુમુક્ષુને, બંધનું કારણ જે અધ્યવસાન તેનો નિષેધ નિશ્ચયનય વડે અર્થાત્ સ્વ-સ્વભાવના આશ્રય વડે કરાયો છે, નહિ કે વ્યવહારના આશ્રયે. વ્યવહારના આશ્રયે (વ્યવહાર કરતાં કરતાં) વ્યવહારનો નિષેધ થતો નથી પણ શુદ્ધ નિશ્ચયના આશ્રયે વ્યવહારનો નિષેધ કરાય છે. સ્વના આશ્રયે જ પરાશ્રયના ભાવનો નિષેધ થાય છે. આ વસ્તુસ્વરૂપ છે. હવે આવું વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે પણ શું થાય?

અહા! જેમ પરમાં એકત્વબુદ્ધિરૂપ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે. જેમ અધ્યવસાન બંધનું કારણ છે તેમ પરના આશ્રયે થયેલો વ્યવહારનો શુભભાવ પણ બંધનું જ કારણ છે. બેયમાં પરાશ્રિતપણું સમાન જ છે. માટે હવે કહે છે-

'અને આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે.'

પરને આશ્રયે થયેલા બધા જ ભાવો નિષેધવાયોગ્ય જ છે એમ કહે છે.

ત્યારે કોઈ વળી કહે છે-શુભભાવને પણ છોડવાલાયક કહેશો તો તેને છોડીને લોકો અશુભમાં જશે.

**સમાધાનઃ-** અરે પ્રભુ! તું સાંભળ તો ખરો. અહીં અશુભમાં જવાની કયાં વાત છે? શુભને પણ છોડવાલાયક માને તેણે અશુભને છોડવાલાયક માન્યું છે કે નહિ? બાપુ! શુભને પણ છોડવાલાયક માને એ તો સ્વના આશ્રયમાં જશે. ભાઈ! આત્માનો આશ્રય કરાવવા માટે વ્યવહાર સઘળોય નિષેધ કરવાયોગ્ય જ છે. અહા! જ્યાં પોતે સ્વના આશ્રયમાં જાય છે ત્યાં વ્યવહારનો નિષેધ સહજ થઈ જાય છે માટે વ્યવહાર નિષેધ કરવા લાયક જ છે.

અહા! શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્માના આશ્રયે જે નિર્મળ રત્નત્રયરૂપ વીતરાગી પરિણતિ પ્રગટ થાય તે મોક્ષનું કારણ છે. આ સિવાય સમકિતીને જે વ્રતાદિનો શુભભાવ હોય છે, હોય છે ખરો, તે બંધનું જ કારણ છે અને તે નિષેધવાયોગ્ય જ છે. સમજાણું કાંઈ...? કહ્યું છે ને કે-

જિન સોહી હૈ આતમા, અન્ય સોહી હૈ કર્મ;
યહી વચનસે સમજ લે, જિન-પ્રવચનકા મર્મ.

અહાહા...! આત્મા જિનસ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે. તેમાં ભેદ આદિ પડે તે કર્મ પરવસ્તુ છે, આત્મા નહિ. લ્યો, આ ભગવાનની ઓમ્‌ધ્વનિનો મર્મ છે. શું? કે સ્વના આશ્રયે વ્યવહારનય નિષેધવાયોગ્ય જ છે.

સમકિતીને વ્યવહારનય હોય છે. નય બે છે તો તેનો વિષય પણ હોય છે. પણ વ્યવહારનયનો વિષય જે રાગ તે બંધનું કારણ છે, અને નિશ્ચયનો વિષય જે પૂર્ણાનંદનો નાથ એક જ્ઞાયકભાવસ્વરૂપ આત્મા તેનું આલંબન મુક્તિનું કારણ છે. હવે આવી વાતુ સાંભળવાય મળે નહિ તે બિચારા શું કરે? કદાચ સાંભળવા મળે તો પકડાય નહિ, ને પકડાય તો ધારણામાં લેવું કઠણ પડે અને એની રુચિ થવી તો ઓર કઠણ વાત. પણ ભાઈ! આ અવસર છે હોં (એમ કે વ્યવહારનયને સ્વના આશ્રયે નિષેધવાનો આ અવસર છે.)

અહાહા... ! દેવાધિદેવ અરિહંત પરમાત્મા ધર્મસભામાં એમ ફરમાવે છે કે પ્રભુ! તું મારી સામું જોઈ મને માને (શ્રદ્ધે) એ બધો રાગ છે, કેમકે અમે તારા માટે પરદ્રવ્ય છીએ. તારું સ્વદ્રવ્ય છે એનાથી અમે પર છીએ. તેથી અમારી સન્મુખ થઈ અમને માનતાં તને શુભરાગ થશે. અમે તેનો નિષેધ કરીને કહીએ છીએ કે તે ધર્મ નથી. સમજાણું કાંઈ... ? (મતલબ કે સ્વમાં જો, સ્વમાં જા ને સ્વમાં ઠર.)

જુઓ, નય બે છે-નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચય એને કહીએ કે જે ત્રિકાળી એક જ્ઞાયકમાત્ર પ્રભુ આત્માનો-સ્વનો આશ્રય લે; અને વ્યવહારનય એને કહીએ કે જે પરનો આશ્રય લે. પરની એકત્વબુદ્ધિ ને પરનો આશ્રય એને વ્યવહાર કહીએ. એમાં સ્વના આશ્રયે ધર્મ થાય અને પરના આશ્રયે અધર્મ થાય. હવે આમાં (સ્વાશ્રય) કઠણ પડે માણસને એટલે કહે કે-વ્રત પાળે ને તપ કરે તે ધર્મ. પણ અરે ભાઈ! આત્માના આશ્રય વિના, સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ કેવાં? એકડા વિનાનાં મીંડાંની સંખ્યા કેવી? એકડો હોય તો સંખ્યા બને, પણ એકડા વિનાનાં મીંડાં તો મીંડાં જ છે (શૂન્ય છે) તેમ સમ્યગ્દર્શન વિના, સ્વના આશ્રય વિના વ્રત ને તપ બધાં નિષ્ફળ છે; ધર્મ નથી, અધર્મ છે. હવે આવું જગતને આકરું પડે પણ શું થાય? અનંત તીર્થંકરોએ કહેલો મારગ તો આ એક જ છે. ભાઈ! શ્રીમદે કહ્યું છે ને કે-

'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ'

બાપુ! પરમાર્થનો પંથ, મોક્ષનો પંથ તો આ એક જ છે.

અહા! જેને આ મારગની વાત બેઠી એનું તો કહેવું જ શું? એને તો ભવબીજનો છેદ થઈ જાય છે. પણ અરે! જે એકાંતે પરાશ્રિત વ્યવહારમાં રોકાયેલો રહે છે તેઓ એકાદ ભવ દેવનો કરીને કયાંય કાગડે-કૂતરે-કંથવે તિર્યંચમાં ભવ-સમુદ્રમાં

ડૂબી જાય છે. અરે ભાઈ! મારગને જાણ્યા વિના ૮૪ લાખ યોનિમાં અવતાર કરી કરીને તારા સોથા નીકળી ગયા છે. અહા! નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ કરતો થકો ઉપરા ઉપરી અનંત અનંત ભવ કરી તું મહાદુઃખી થયો છે; તો હવે તો ચેત, અને પરાશ્રયની ભાવના છોડીને સ્વાશ્રય પ્રગટ કર.

અરે ભાઈ! આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે; 'કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે મુક્ત નહિ થતો એવો અભવ્ય પણ કરે છે.'

જુઓ, આત્માશ્રિત નિશ્ચયનય અર્થાત્ સ્વસ્વભાવ જે એક જ્ઞાયકભાવ તેનો આશ્રય કરનારાઓ જ મોક્ષ પામે છે, પણ પરાશ્રિત વ્યવહારનો આશ્રય કરનારાઓનો કદીય મોક્ષ થતો નથી.

ત્યારે કોઈ લોકો કહે છે-તમે નિષેધ કરો છો ને પાછો વ્યવહાર તો કરો છો. આ જિનમંદિર, સમોસરણમંદિર, માનસ્થંભ, આગમમંદિર ઇત્યાદિ બધાં કર્યાં એ બધો વ્યવહાર નથી શું?

પણ એ બધાંને કોણ કરે બાપુ? એ મંદિર આદિ તો એના કાળે થવાયોગ્ય હતાં તે થયાં છે અને તે તે કાળે જે શુભભાવ થયો તે હોય છે પણ એ કાંઈ આશ્રય કરવા લાયક નથી વા તે કર્તવ્ય છે એમ નથી. ભાઈ! આ ઉપદેશ દેવાનો વિકલ્પેય શુભરાગ છે, તે આવે ખરો પણ તે કરવાયોગ્ય કર્તવ્ય નથી, ધર્મ નથી.

અહાહા....! 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'

અહાહા...! ચિદાનંદઘન પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા છે; એનો આશ્રય કરનારા મુનિવરો મુક્તિને પામે છે, પણ વ્યવહારનો આશ્રય કરનારાઓ ધર્મ પામતા નથી. આવો મારગ પ્રભુ! મુક્તિનો પંથ મહા અલૌકિક છે. જેમાં એક સ્વનો જ આશ્રય સ્વીકૃત છે. સજ્ઝાયમાળામાં આવે છે કે-

સહજાનંદી રે આતમા, સૂતો કાંઈ નિશ્ચિંત રે;
મોહતણા રણિયા ભમેજી, જાગ જાગ મતિમંત રે. -સહજાનંદી૦
લૂંટે જગતના જંત રે... કોઈ વિરલા ઉગરંત રે. -સહજાનંદી૦

અહાહા...! સહજાનંદસ્વરૂપ આત્મા છો ને પ્રભુ! તું. સ્વરૂપને જાણ્યા વિના બેખબર થઈ કયાં સૂતો છે પ્રભુ! અરે! જો તો ખરો! આ સ્વ-પરની એકતાબુદ્ધિરૂપી ચોર ભમી રહ્યો છે. જાગ રે જાગ નાથ! સ્વરૂપમાં જાગ્રત થા. આ જગતના લોકો-બાયડી છોકરાં વગેરે તને લૂંટી રહ્યાં છે. ભાઈ! તેમનામાં ઘેરાઈ ને તું લૂંટાઈ રહ્યો છે તો જાગ ને સ્વને સંભાળ. સ્વમાં જાગનારા કોઈ વિરલા જ બચે છે. અહીં

કહે છે-નિશ્ચયનો આશ્રય કરનારા કોઈ મુનિવરો જ મુક્તિને પામે છે, પણ વ્યવહારમાં ગૂંચવાયેલાઓ-મુગ્ધ થયેલાઓ મુક્તિને પામતા નથી.

ત્યારે કોઈ (અજ્ઞાની) કહે છે-આ તો એકાંત થઈ ગયું. એમ કે કથંચિત્ નિશ્ચયથી ને કથંચિત્ વ્યવહારથી મોક્ષ થાય એમ અનેકાંત કરવું જોઈએ.

બાપુ! એમ અનેકાન્ત છે જ નહિ, એ તો એકાંત છે વા મિથ્યા અનેકાન્ત છે. સ્વ-આશ્રયે મુક્તિ થાય ને પર-આશ્રયે ન થાય એ સમ્યક્ અનેકાંત છે. સમજાણું કાંઈ...? એ જ કહે છે કે-

આત્માશ્રિત નિશ્ચયનો આશ્રય કરનારાઓ જ મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે. અભવ્ય પણ ભગવાન જિનેશ્વરે કહેલાં વ્રત, શીલ, તપ, સમિતિ, ગુપ્તિ ઇત્યાદિ અનંતવાર નિરતિચારપણે પાળે છે, પણ એની કદીય મુક્તિ થતી નથી. જો વ્યવહારના આચરણથી ધર્મનો લાભ થાય તો અભવ્યનો મોક્ષ થવો જોઈએ, પણ એમ છે નહિ. માટે હે ભાઈ! પરાશ્રયની બુદ્ધિ છોડી એક સ્વ-સ્વરૂપનો આશ્રય કર. એક સ્વના જ આશ્રયે મુક્તિ થાય છે. મુક્તિના માર્ગને પરની-નિમિત્ત કે વ્યવહારની કોઈ અપેક્ષા નથી. અહો! મુક્તિનો માર્ગ પરમ નિરપેક્ષ છે. વ્યવહાર હોય ખરો પણ એની મુક્તિના માર્ગમાં અપેક્ષા નથી. લ્યો, આવી વાત છે!

## * ગાથા ૨૭૨ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે, અને જે એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે.'

જુઓ, આ વ્યવહાર-નિશ્ચયનયની વ્યાખ્યા કહે છે. આત્માને પરના નિમિત્તે જે અનેક પ્રકારના વિભાવ ભાવો થાય છે એ બધા વ્યવહારનયના વિષય છે, માટે વ્યવહારનય પરાશ્રિત છે. ભાઈ! એક સ્વના આશ્રય વિના જેટલા પરદ્રવ્યની એકતાબુદ્ધિના અને પરના આશ્રયે થતા ભાવો છે તે સઘળાય વ્યવહારનયનો વિષય છે.

**પ્રશ્નઃ-** એ જ્ઞાનીને પણ હોય છે ને?

**ઉત્તરઃ-** હોય છે ને; પણ જ્ઞાનીને એનો (-વ્યવહારનો) આશ્રય નથી; જ્ઞાનીને એનું જ્ઞાન છે. અહીં તો આશ્રય છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ...?

વ્યવહારનય પરને આશ્રયે છે ને નિશ્ચયનય સ્વ નામ ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકભાવના આશ્રયે છે. સ્વના આશ્રયે જે નિર્મળ દૃષ્ટિ-જ્ઞાન થયાં તે મોક્ષનું કારણ છે અને પરના આશ્રયે થયેલો વ્યવહાર બધોય બંધનું-સંસારનું કારણ છે.

વ્યવહારનય પરાશ્રિત છે, ને નિશ્ચયનય સ્વ-આશ્રિત છે-આ સિદ્ધાંત કહ્યો. કહે છે-

'જે એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ...' જોયું? જે ત્રિકાળી ધ્રુવ એક ચિન્માત્ર ભાવ જેને છઠ્ઠી ગાથામાં એક જ્ઞાયકભાવ કહ્યો ને અગિયારમી ગાથામાં 'ભૂતાર્થ' કહ્યો તે જ એક પોતાનું સ્વ છે. અને તે જ એક નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય સ્વાશ્રિત છે, આત્માશ્રિત છે. ઝીણી વાત બાપુ! લોકોને સત્યાર્થ જે એક આત્મા તેને પહોંચવું કઠણ લાગે એટલે અનેકભાવરૂપ વ્યવહારને ચોંટી પડે પણ ભાઈ! વ્યવહાર પરાશ્રિત છે ને બંધનું કારણ હોવાથી બંધમાર્ગરૂપ છે.

'અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે, અને પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ છે.'

જુઓ, પરદ્રવ્યની ક્રિયા હું કરું, બીજાને મારું-જિવાડું, દુઃખી-સુખી કરું, બીજાને બંધાવું-મુક્ત કરું ઇત્યાદિ જે અભિપ્રાય છે તે અધ્યવસાન છે. અધ્યવસાન એટલે પર સાથે એકત્વબુદ્ધિવાળી માન્યતા. આવું અધ્યવસાન એ વ્યવહારનયનો વિષય છે, અને અધ્યવસાનનો ત્યાગ કરાવ્યો તેમાં પરાશ્રિત જે વ્યવહાર છે તેનો જ ત્યાગ કરાવ્યો છે. પરમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યાભાવને છોડાવતાં પરાશ્રિત સઘળા વ્યવહારને જ છોડાવ્યો છે, અર્થાત્ પરની એકતાબુદ્ધિ છોડાવવાની સાથે પરની એકતાબુદ્ધિ વિના પરને આશ્રયે થતો સઘળો વ્રત, તપ, નિયમ આદિ વ્યવહાર જ છોડાવ્યો છે. આવો મારગ છે ભાઈ!

'આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે તેનું કારણ એ છે કે-જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.'

જોયું? આ મૂળ વાત કહી. જેઓ નિશ્ચય નામ ત્રિકાળી એક જ્ઞાયકભાવ-સ્વભાવભાવના આશ્રયે વર્તે છે તેઓ ધર્મને પ્રાપ્ત થઈ મુક્તિ પામે છે અને જેઓ વ્રત, તપ, ભક્તિ આદિ રાગના આશ્રયે જ પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી. રાગના-વ્યવહારના આશ્રયે પ્રવર્તવું એ તો બંધમાર્ગ-સંસારમાર્ગ છે. માટે હે ભાઈ! વ્યવહારના આશ્રયની ભાવના છોડ ને સ્વરૂપનો-સ્વનો આશ્રય કર-એમ ઉપદેશ છે.

[ પ્રવચન નં. ૩૨૭ થી ૩૨૯ * દિનાંક ૨૧-૨-૭૭ થી ૨૪-૨-૭૭ ]

## ગાથા-૨૭૩

**कथमभव्येनाप्याश्रीयते व्यवहारनयः इति चेत्-**

**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।**
**कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु।। २७३।।**

**व्रतसमितिगुप्तयः शीलतपो जिन रैः प्रज्ञप्तम्।**
**कुर्वन्नप्यभव्याऽज्ञानी मिथ्यादृष्टिस्तु ।। २७३।।**

હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? તેનો ઉત્તર કહે છેઃ-

**જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને**
**કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.**

**ગાથાર્થઃ-** [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહેલાં [ व्रतसमितिगुप्तयः ] વ્રત, સમિતિ, ગુપ્તિ, [ शीलतपः ] શીલ, તપ [ कुर्वन् अपि ] કરતાં છતાં પણ [ अभव्यः ] અભવ્ય જીવ [ अज्ञानी ] અજ્ઞાની [ मिथ्यादृष्टिः तु ] અને મિથ્યાદૃષ્ટિ છે.

**ટીકાઃ-** શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાનીભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત), અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.

**ભાવાર્થઃ-**અભવ્ય જીવ મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના તે ચારિત્ર 'સમ્યક્ચારિત્ર' નામ પામતું નથી; માટે તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.

* * *

## સમયસાર ગાથા ૨૭૩ : મથાળું

હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? અહા! આવો જે વ્યવહાર ભગવાને કીધો છે એનો અભવ્ય જીવ પણ કઈ રીતે આશ્રય કરે છે કે તે કરવા છતાં પણ તેને ધર્મ હોતો નથી? આનો ઉત્તર ગાથામાં કહે છેઃ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## * ગાથા ૨૭૩ : ટીકા ઉપરનું પ્રવચન *

'શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાનીભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે;.....'

જુઓ, આ તો દૃષ્ટાંત અભવ્યનું આપ્યું છે પણ ભવ્ય જીવને માટે પણ સમજી લેવું. અહીં શું કહે છે? કે અભવ્ય જીવ પણ જિનવરે કહેલાં વ્રતાદિને તો પાળે છે, છતાં પણ તે ધર્મ પામતો નથી. ભગવાન જિનવરે કહેલાં વ્રતાદિ હોં; અજ્ઞાનીએ કહેલાંની વાત નથી. ભાઈ! ભગવાન જિનેશ્વરદેવ સર્વજ્ઞદેવની આજ્ઞા જે વ્યવહારની છે તે સર્વોત્કૃષ્ટ પરિપૂર્ણ છે. (મતલબ કે આવો વ્યવહાર બીજે [અન્યમતમાં] ક્યાંય નથી.)

'જિનવરે કહેલાં' એમ પાઠમાં (ગાથામાં) છે પણ ટીકામાં એ શબ્દો સીધેસીધા લીધા નથી; પણ ટીકામાં 'શીલ અને તપથી પરિપૂર્ણ'-એમ 'પરિપૂર્ણ' શબ્દ નાખીને 'જિનવરે કહેલાં' શબ્દના અર્થની પૂર્તિ કરી છે. 'શીલ અને તપથી પરિપૂર્ણ' -એમ કહ્યું ને? એનો અર્થ જ એ છે કે જિનેશ્વર ભગવાને કહેલાં શીલ અને તપ, કેમકે ભગવાને કહેલો માર્ગ જ સર્વોત્કૃષ્ટ પરિપૂર્ણ હોય છે. અહાહા...! કહે છે શીલ ને તપથી પરિપૂર્ણ વ્યવહારચારિત્ર અભવ્ય પણ પાળે છે, પણ તેથી શું? એને ધર્મ થતો જ નથી. આવી વાત છે! સમજાણું કાંઈ....?

અહા! સર્વજ્ઞ પરમાત્માએ વ્રત, તપ, શીલ ઈત્યાદિ બાહ્ય વ્યવહાર જે રીતે કહ્યો છે તે રીતે અભવ્ય જીવ રાગની મંદતાસહિત પરિપૂર્ણ રીતે પાળે છે. છતાં એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. બહુ સૂક્ષ્મ ગંભીર વાત છે ભાઈ! અનંત અનંત વાર તે શુભનું આચરણ કરે છે તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે કેમકે તે શીલ જે સ્વભાવ એક જ્ઞાયકભાવ તેનો આશ્રય કદાપિ કરતો નથી.

એકથી છ મહિના સુધીના નકોયડા ઉપવાસ-અનશન પરિપૂર્ણ રીતે કરે છે, ઉણોદરી એટલે કે ૩૨ કવળમાંથી ૩૧ કવળ છોડી દે એવું ઉણોદરી તપ પણ તે (-અભવ્ય) અનંતવાર કરે છે. પણ સમ્યગ્દર્શન વિના અર્થાત્ આત્માના આશ્રય વિના અનશન, ઉણોદર, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, સંલીનતા વગેરેની જે ક્રિયા (-રાગ) કરે છે તે એને બંધનું-સંસારનું જ કારણ બને છે.

વૃત્તિસંક્ષેપમાં આહાર લેવા નીકળે ત્યારે દાતાર સંબંધી, પાત્ર સંબંધી, ઘર સંબંધી, ભોજન અને રસ સંબંધી અનેક પ્રકારે મર્યાદા કરી કડક અભિગ્રહ ધારણ કરે અને તદનુસાર યથાવિધિ જોગવાઈ થાય તો જ ભોજન ગ્રહણ કરે; તથા રસ-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરિત્યાગમાં દૂધ, દહીં, ઘી, ખાંડ, મીઠું ઇત્યાદિનો પરિત્યાગ કરે; પણ ભાઈ! એમાં આત્માનો આનંદરસ કયાં છે? એ તો બધો એકલો રાગ છે. અંદર આત્માના અતીન્દ્રિય આનંદરસનો-અમૃતનો સ્વાદ આવ્યા વિના આ બહારનો રસ-પરિત્યાગ શું કરે? કાંઈ નહિ; એ તો બંધનું-કલેશનું જ કારણ બને છે. કોઈ બહારના રસ-પરિત્યાગમાં મશગુલ રહે ને માને કે અમને ધર્મ થાય છે તો તે મિથ્યાદ્રષ્ટિ જ છે.

વળી અનેક પ્રકારે કાયકલેશ કરે, ગરમી-ઠંડી વગેરે સહન કરે; ઉનાળાની પ્રચંડ ગરમીમાં પહાડની શિલા પર જઈ આતાપન યોગ ધરે, શિયાળાની તીવ્ર ઠંડીમાં નદી કિનારે જઈ ખુલ્લામાં ઊભા રહે તથા વર્ષાઋતુમાં વર્ષા વરસતી હોય, પ્રચંડ પવન વાતો હોય ને ડાંસ-મચ્છર ચટકા ભરતા હોય એવા સમયમાં વૃક્ષ નીચે જઈ યોગ ધારણ કરે. વળી શરીરના અંગોને-ઇન્દ્રિયોને ગોપવે-આંખથી કાંઈ જુએ નહિ, કાનથી કાંઈ સાંભળે નહિ, જીભથી મૌન રાખે, સુગંધ કે દુર્ગંધયુક્ત પદાર્થોમાં પ્રીતિ-અપ્રીતિ ન કરે તથા કઠોર કે સુંવાળા સ્પર્શાદિમાં ખેદ કે હરખ કરે નહિ. આ પ્રમાણે પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરે, તથા અંગ-ઉપાંગને સ્થિર રાખી અમુક પ્રકારનાં આસનો ધરે-ઇત્યાદિ સંલીનતા કરે તોપણ, અહીં કહે છે, અને ધર્મ થતો નથી. ગજબ વાત ભાઈ! શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવી પરમાનંદમય તત્ત્વ પોતે આત્મા છે. એક તેનો આશ્રય કર્યા વિના આ બધી બાહ્ય તપની પરાશ્રિત રાગાદિની ક્રિયાઓ કરે તે સર્વ તેને સંસારમાં ચારગતિમાં રખડવા માટે જ છે. સમજાણું કાંઈ...?

વળી તે અભ્યંતર છ પ્રકારનાં વ્યવહાર તપ પ્રાયશ્ચિત આદિ કરે છે. બહારમાં કોઈ દોષ લાગે તો તે એનું પ્રાયશ્ચિત લઈ ગુરુ-આજ્ઞા પ્રમાણે એકથી માંડીને છ માસ સુધીના ઉપવાસ કરે. પણ એ બધો ભાવ શુભરાગ છે ભાઈ! ચિત્તની અંતઃશુદ્ધિ વિના એને ધર્મ કયાંથી થાય? ન થાય.

વળી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો-સર્વજ્ઞ વીતરાગ શ્રી અરિહંત દેવ, નિર્ગ્રંથ નગ્ન દિગંબર મુનિરાજ અને ભગવાન શ્રી જિનેશ્વરદેવે કહેલાં શાસ્ત્રોનો વિનય-બહુમાન ઘણો કરે છતાં એ પરદ્રવ્યનો જે વિનય છે તે શુભભાવ છે, ધર્મ નહિ.

પણ શ્રીમદ્‌માં આવે છે ને કે-વિનય મોક્ષનો દરવાજો છે?

હા; પણ એ આ વિનય નહિ ભાઈ! એ તો નિર્મળાનંદનો નાથ પોતે એક જ્ઞાયકસ્વભાવી સ્વસ્વરૂપે અંદર સદા વિરાજી રહ્યો છે તેનો આદર, તેનો સત્કાર કરે તે સત્યાર્થ વિનય છે અને તે મોક્ષનો દરવાજો છે. પણ સ્વસ્વરૂપના આદરરહિત કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની ગમે તેટલી અનંતી ભક્તિ કરે તોય તેનાથી મોક્ષમાર્ગ થાય નહિ. સમજાણું કાંઈ...?

જુઓ, આ વીતરાગ પરમેશ્વર ભગવાન જિનેશ્વરદેવે કહેલાં શીલ-તપને અભવ્ય

જીવ પરિપૂર્ણ પાળે છે એની વાત ચાલે છે. સર્વજ્ઞે કહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રનાં ભક્તિવિનય અભવ્ય જીવ બહારથી બરાબર રીતે પાળે છે પણ એ બધું એકાંતે પરાશ્રિત રાગનું પરિણમન હોવાથી તેને એનાથી ધર્મ થતો નથી. વળી કોઈ ગ્લાન શ્રમિત નિર્ગ્રંથ મુનિવર હોય તેની વૈયાવૃત્તિ-સેવા કરે તોય તે પરાશ્રિત રાગ તેને કાંઈ ગુણ કર્તા નથી, માત્ર બંધન-કર્તા જ છે. આવી વાત છે!

તે શાસ્ત્રનો સ્વાધ્યાય કરે-૧૧ અંગ અને નવ પૂર્વ સુધીનું શ્રુત કંઠસ્થ હોય તે પાણીના પૂરની પેઠે બોલી જાય એમ સ્વાધ્યાય કરે પણ એ બધા વિકલ્પ રાગ છે, વ્યવહાર છે, બંધનું કારણ છે. અહા! સ્વસ્વરૂપના આશ્રય વિના, અંતર્દષ્ટિ કર્યા વિના શાસ્ત્ર પણ શું કરે? અહો! સમ્યગ્દર્શન શું ચીજ છે એની લોકોને ખબર નથી. આ બહારથી ત્યાગ કર્યો ને લુગડાં છોડયાં ને નગ્નપણું થયું ને પંચમહાવ્રત આદિ પાળ્યાં એટલે માને કે ધર્મ થઈ ગયો, પણ ધૂળેય ધર્મ નથી સાંભળને. ભાઈ! જ્યાંસુધી આનંદનો નાથ એક જ્ઞાયકસ્વભાવમય પ્રભુ આત્માનો આશ્રય કરે નહિ ત્યાંસુધી જેટલો કોઈ પરાશ્રિત વ્યવહાર-ક્રિયાકાંડ કરે તે સર્વ બંધનું-સંસારનું જ કારણ થાય છે.

વળી ભગવાને કહેલું વ્યવહાર ધ્યાન પણ તે અનંત વાર કરે છે. આત્માનું વિકલ્પરહિત નિર્વિકલ્પ ધ્યાન નહિ હોં, પણ શુભવિકલ્પવાળું ધ્યાન અભવ્ય જીવે અને ભવ્ય જીવે પણ અહા! અનંતવાર કર્યું છે. અંદરમાં વિચાર-વિકલ્પ જે આવે તેમાં ઊભા રહીને 'આ હું આત્મા છું' -એવા વિકલ્પવાળું ધ્યાન એણે અનંતવાર કર્યું છે પણ એથી શું? એનાથી કાંઈ લાભ નથી. ભાઈ! આ તો અંદર છે એની વ્યાખ્યા છે. કેટલાક કહે છે-આ ઘરનું નાખે (-ઉમેરે) છે, પણ બાપુ! આ તો શબ્દે શબ્દ અંદરમાં છે; છે કે નહિ? છે ને અંદર? કે 'શીલ ને તપથી પરિપૂર્ણ' એવું વ્યવહારચારિત્ર અભવ્ય જીવ પણ પાળે છે.

તે (-અભવ્ય) કાયોત્સર્ગમાં મહિના બબ્બે મહિના સુધી આમ સ્થિરબિંબ થઈને ઊભો રહે, પણ એ બધી પરાશ્રિત રાગની ક્રિયા હોં. એ બધો ભગવાને કહેલો બાહ્ય ચારિત્રરૂપ વ્યવહાર એને હો, પણ નિશ્ચયચારિત્ર તો જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક અંદરમાં રમણતા-લીનતા કરતાં થાય છે. અહા! આ બહારની કાયા તો શું? અંદરમાં વિકલ્પરૂપી કાયાની દષ્ટિનો ત્યાગ કરી ચિદાનંદઘન પ્રભુ આત્મામાં લીન થઈને રહેવું એનું નામ કાયોત્સર્ગ છે. હવે આવા નિશ્ચય કાયોત્સર્ગ વિના એકલા વ્યવહાર કાયોત્સર્ગ અભવ્ય જીવે અનંતવાર કર્યા છે પણ એ બધા સંસાર માટે જ સફળ છે.

**પ્રશ્નઃ-** પણ આવો કાયોત્સર્ગ કરતાં કરતાં કોઈક દિ' સાચો થઈ જશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તરઃ-** અરે ભાઈ! ખોટો કાયોત્સર્ગ કરતાં કરતાં શું સાચો કાયોત્સર્ગ થાય? શું રાગ કરતાં કરતાં વીતરાગતા થાય? શું અંધારું ભરતાં ભરતાં પ્રકાશ થાય? કદીય ન થાય. બાપુ! એ તો તને ભ્રાન્તિ છે કે ખોટો કાયોત્સર્ગ કરતાં કરતાં સાચો થઈ જાય. જુઓ ને! અહીં સ્પષ્ટ તો કહે છે કે ભગવાન કેવળીએ કહેલો વ્યવહાર તો કરે છે, છતાં એને સમ્યગ્દર્શન થતું નથી, ધર્મ પ્રગટતો નથી.

આ તો અહીં અભવ્યનું દૃષ્ટાંત દીધું છે, બાકી ભવિ જીવોએ પણ આવું બધું અનંતવાર કર્યું છે. શાસ્ત્રમાં લેખ છે કે પુદ્‌ગલપરાવર્તનકાળમાં અનંતવાર એ નવમી ગ્રૈવેયક ગયો. અહા! એક પુદ્‌ગલપરાવર્તનના અનંતમા ભાગમાં અનંતા ભવ થાય. આવા અનંતા પુદ્‌ગલપરાવર્તનમાં ભવ્ય જીવે પણ અનંતવાર દિગંબર નગ્ન મુનિ થઈ ને પંચમહાવ્રતાદિ પાળ્યાં. પણ રે! એણે અંદર ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ સદા ભગવાનસ્વરૂપે વિરાજી રહ્યો છે તેની દૃષ્ટિ કરી નહિ! એનો આશ્રય લીધો નહિ! અહા! શીલ ને તપથી પરિપૂર્ણ બધોય વ્યવહાર પાળ્યો, પણ પોતાના ભગવાનને અંદર ભાળવાની દરકાર કરી નહિ! પં. શ્રી દોલતરામજીએ છહઢાલામાં કહ્યું છે ને કે-

"મુનિવ્રત ધાર અનંત  વાર ગ્રીવક ઉપજાયૌ
પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેસ ન પાયૌ."

અહા! આત્મજ્ઞાન-સમ્યગ્જ્ઞાન વિના એણે અનંતવાર મુનિવ્રત ધારણ કર્યાં; પાંચ મહાવ્રત, સમિતિ ને ગુપ્તિ ઇત્યાદિ બાહ્ય વ્યવહાર અનંતવાર પાળ્યો, પણ એનો સરવાળો શું? શૂન્ય; લેશ પણ સુખ ન થયું, અર્થાત્ દુઃખ જ થયું. અહા! મહાવ્રતાદિના ફળમાં અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો, પણ આત્મદર્શન વિના એને જરાય આનંદ ન મળ્યો, એણે મન-વચન-કાયાને અશુભમાંથી ખેંચી શુભમાં રોકી રાખી, પણ બાપુ! એ તો બધું દુઃખ જ છે ભાઈ! શુભથી અશુભ ને અશુભથી શુભ એમ શુભ-અશુભમાં ભમવું એ તો નર્યું દુઃખ જ છે. શુભ-અશુભ બેયથી ભિન્ન પડીને આનંદમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ નિજ આત્માના આશ્રયે નિરાકુળ નિર્વિકાર પવિત્ર શાન્તિરૂપ નિર્મળ રત્નત્રય પ્રગટ કરવાં એ એક જ ધર્મ છે અને એક જ સુખ છે. સમજાય એટલું સમજો, પણ મારગ તો આ જ છે બાપુ! અહીં કહે છે-તેને (-મારગને) છોડીને તું અહિતના પંથે અનંતવાર ગયો છે! (તો હવે હિતના-સુખના પંથે લાગ).

**પ્રશ્નઃ-** તો ધર્મી પુરુષ પણ વ્રત, તપ, શીલ, આદિ વ્યવહાર તો પાળે છે?

**ઉત્તરઃ-** ભાઈ! ધર્મી પુરુષે અંદર સ્વનો-શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્માનો આશ્રય લીધો છે, તેથી એને અંદર નિર્મળ રત્નત્રયરૂપ ધર્મ પ્રગટ થયો છે. પણ એની પૂર્ણતા ન થઈ હોય ત્યાં સુધી અને વ્રત, તપ, શીલ આદિનો ભાવ આવે છે ખરો, પણ એનો એને આશ્રય નથી, એનું એને સ્વામિત્વ નથી; વળી એને તે બંધનું જ કારણ જાણી તેને હેય માને છે; તે એને પોતાનામાં ભેળવતો નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

લ્યો, આવી વાત! ધર્મ તો એક કોર રહ્યો, પણ આવી સત્ય વાત સાંભળવાય મળે નહિ એ સત્યસ્વરૂપનો આશ્રય કે દિ' કરે? અરે! જેઓ સત્યને સાંભળવાની દરકાર કરતા નથી તે કયાં જશે? અહા! જેમ વંટોળિયે ચઢેલું તણખલું કયાંય જઈને પડે છે તેમ આ પરના સંગે ચઢેલા જીવો સંસારમાં કયાંય કાગડે-કૂતરે-કંથવે... આદિ ચતુર્ગતિમાં જઈને પડશે. શું થાય? પરસંગનું-રાગના સંગનું એવું જ ફળ છે.

વળી તે (-અભવ્ય) ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાન હોય છે. જુઓ, આમાં (-ટીકામાં) 'સાવધાન' શબ્દ દ્વારા 'જિનવરે કહેલાં ગુપ્તિ અને સમિતિ' એમ અર્થ પ્રગટ કર્યો છે, શું કહ્યું? કે અભવ્ય જીવ મન-વચન-કાયાને ગોપવી ત્રણ ગુપ્તિ સાવધાનપણે અર્થાત્ કંઈ પણ પ્રમાદ ન થાય એ રીતે પાળે છે. (વિકલ્પરૂપ હોં). અહા! તે મન-વચન-કાયાને અશુભથી ગોપવી શુભમાં રાખે છે. આવું અભવ્ય અને ભવ્ય પણ અનંતકાળમાં અનંતવાર કરે છે. પણ એ બધું ધર્મ માટે નિષ્ફળ છે, એ વડે કાંઈ ધર્મ થતો નથી. હવે આવી વાત લોકોને આકરી લાગે, પણ શું થાય? પરાશ્રયની ભાવના કદીય ધર્મ નીપજાવવા સમર્થ નથી.

અહા! પાંચ સમિતિ પ્રત્યે તે સાવધાન હોય છે; અર્થાત્ ભગવાને કહેલી વ્યવહાર સમિતિમાં તે બરાબર પાળે છે. 'સાવધાન' એટલે શું? કે તેને પ્રમાદ નથી. ઇર્યાસમિતિમાં ગમન વેળા તે જોયા વગર નિરંકુશ ગમે તેમ ચાલે નહિ, પણ એક ધોંસરાપ્રમાણ (ચાર હાથ છ ફૂટ) ભૂમિ બરાબર જોઈને ચાલે જેથી કોઈ એકેન્દ્રિયાદિ જીવને હાનિ ન થાય, પીડા ન થાય વા કોઈ જીવ કચડાઈ ન જાય. આ પ્રમાણે અભવ્યને છકાયની દયાના ભાવ હોય છે. પરંતુ ભાઈ! એ બધો પરાશ્રિત રાગ એકલા બંધનું જ કારણ થાય છે.

તો ભાવલિંગી મુનિરાજને પણ ગુપ્તિ-સમિતિના વિકલ્પ તો હોય છે?

હા, સાચા ભાવલિંગી મુનિરાજને પણ સમિતિ-ગુપ્તિના ભાવ હોય છે. એ છે તો પ્રમાદ જ, પણ તેમાં અશુભરૂપ તીવ્ર કષાયરૂપ પ્રમાદ નથી એટલે ત્યાં સાવધાનપણું (-પ્રમાદરહિતપણું) કહ્યું. જ્યારે અભવ્યને તો તત્ત્વદૃષ્ટિ જ નથી, તેથી તેને સર્વ વ્યવહાર બંધનું જ કારણ થાય છે.

ઇર્યાસમિતિની જેમ અભવ્ય ભાષાસમિતિમાં પણ તત્પર છે. તે જે કાંઈ બોલે તે બરાબર વિચારીને સાવધાનીથી બોલે છે. ભગવાને જે વ્યવહાર કહ્યો છે એની ભાષામાં સાવધાની છે. પણ એ બધો શુભરાગ-થોથાં છે, એમાં કાંઈ મૂળ માલ (-ધર્મ) નથી.

વળી એષણાસમિતિમાં ભિક્ષા માટે જાય ત્યારે નિર્દોષ આહાર-પાણી એક વખત કરપાત્રમાં ઊભા ઊભા લે. અહા! આધાકર્મી કે ઉદ્દેશિક આહાર તે કદી ન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લે અત્યારે જેમ કોઈ ચોકા કરીને આહાર લે છે તેમ તે કદીય આહાર ન લે. પોતાના માટે બનાવેલો આહારનો એક કણિયો કે પાણીનું બિંદુ તે કદાપિ ગ્રહણ ન કરે. અહા! આવી એષણા સમિતિની ક્રિયાઓ એણે અનંતવાર કરી છે. પણ એમાં ભગવાન આત્મા ક્યાં છે? અહા! આનંદના નાથ પ્રભુ આત્માના આશ્રય વિના એ બધી વ્યવહારની ક્રિયા વ્યર્થ-ફોગટ જ છે; એ ક્રિયા કાંઈ ધર્મ પામવામાં કારણ બનતી નથી. અહા! મોક્ષમાર્ગ તો આ પરદ્રવ્યાશ્રિત વ્યવહારની ક્રિયાથી તદ્દન નિરપેક્ષ છે. અહા! દુનિયા સમજે ન સમજે, પણ મારગ તો આવો દુનિયાથી સાવ જુદો છે ભાઈ! બાપુ! મારગડા તારા જુદા છે પ્રભુ!

આદાનનિક્ષેપ સમિતિમાં તે વસ્તુને-મોરપીંછી, કમંડળ અને શાસ્ત્રને-સાવધાનીપૂર્વક કોઈ જીવજંતુને હાનિ ન થાય કે દુઃખ ન થાય તેમ ધ્યાન રાખીને લે અને મૂકે છે. જુઓ, મુનિરાજને મોરપીંછી અને કમંડળ-બે જ વસ્તુ હોય છે, એને વસ્ત્ર-પાત્ર કદીય ન હોય. કોઈ વસ્ત્ર-પાત્ર રાખે અને પોતાને મુનિ મનાવે તો એ તો સ્થૂલ મિથ્યાદષ્ટિ છે અને એને મુનિ માનનાર પણ મિથ્યાદષ્ટિ જ છે. અહીં કહે છે-અભવ્ય જીવે ભગવાને કહેલી આદાનનિક્ષેપ સમિતિ અનંતવાર પાળી છે, પણ એને ધર્મ નથી કેમકે એને પરાશ્રય મટીને કદી સ્વ-આશ્રય થતો નથી. અહા! આવો સ્વ-આશ્રયનો ભગવાનનો માર્ગ શુરાનો માર્ગ છે ભાઈ! કહ્યું છે ને કે-

'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જો ને.'

'હરિનો મારગ' એટલે શું? ત્યાં પંચાધ્યાયીમાં 'હરિ' શબ્દનો અર્થ કર્યો છે કે-અજ્ઞાન, મિથ્યાત્વ અને રાગદ્વેષને જે હરે-નાશ કરે તે હરિ છે. અહા! આવા હરિનો મારગ મહા શૂરવીરનો મારગ છે; એને સાંભળીનેય જેનાં કાળજાં કંપે તે કાયરોનું એમાં કામ નથી. અહા! વ્યવહારથી-શુભક્રિયાથી ધર્મ થાય એવી માન્યતાવાળા કાયરોનું-નપુંસકોનું એમાં કામ નથી; કેમકે એ કાયરોને-પાવૈયાઓને મોક્ષમાર્ગરૂપ ધર્મની પ્રજા પાકતી નથી. અહા! જેમ નપુંસકોને પ્રજાની ઉત્પત્તિ થતી નથી તેમ શુભભાવમાં ધર્મ માનનારાઓને નિર્મળ રત્નત્રયરૂપ ધર્મની ઉત્પત્તિ થતી નથી; તેથી તેમને સમયસારમાં 'क्लीब' એટલે નપુંસક કહ્યા છે. સમજાણું કાંઈ...?

અહાહા...! ભગવાન આત્મા વીર્યશક્તિનો પિંડ છે. તેનું કાર્ય શું? તો કહે છે-જેવો પોતાનો દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવ છે તેવું સ્વભાવ-પરિણમન કરે અર્થાત્ પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રગટતા કરે તે તેનું કાર્ય છે. ભગવાને તેને આત્મબળ કહ્યું છે કે જે સ્વરૂપની રચના કરે, પણ રાગની રચના કરે તે આત્માનું વીર્ય નહિ, આત્મબળ નહિ; એ તો નપુંસકતા છે.

ભાઈ! આ તો માર્ગ છે એનું સ્પષ્ટીકરણ થાય છે. મુનિને એક કમંડળ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(બાહ્ય શુદ્ધિ માટે), મોરપીંછી (જીવ-જંતુની જતના માટે), અને શાસ્ત્ર (સ્વાધ્યાય માટે) એ ત્રણ સંયમનાં ઉપકરણ હોય છે; આ સિવાય મુનિને કાંઈ ન હોય. વળી તે આત્મજ્ઞાનસહિત વર્તે, અને એનો બાહ્ય વ્યવહાર પણ ભગવાને કહ્યો છે તેવો જ હોય. અહીં કહે છે-આત્મજ્ઞાન વિના અભવ્ય જીવે અનંતવાર ભગવાને કહેલો વ્યવહાર પાળ્યો, પણ એથી શું લાભ? માત્ર સંસાર જ ફળ્યો; પરિભ્રમણ ઊભું જ રહ્યું.

ઉત્સર્ગસમિતિમાં પણ તે જીવ-જંતુરહિત જગ્યાએ મળ (વિષ્ટા), મૂત્ર વગેરેને નાખે, અને તે પણ પ્રમાદરહિત સાવધાનીપૂર્વક. અહા! એકેન્દ્રિયાદિ કોઈપણ જીવને બાધા-પીડા ન પહોંચે એ રીતે એણે મળ આદિનો ત્યાગ અનંતવાર કર્યો, ઉત્સર્ગસમિતિનું અનંતવાર યથાવત્ પાલન કર્યું, પણ એ બધી શુભની ક્રિયાઓ એને શું લાભ કરે? માત્ર સંસારનો જ લાભ કરે.

આ પ્રમાણે ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિનું સાવધાની ભર્યું આચરણ અભવ્યને પણ હોય છે, પણ એને ધર્મ થતો નથી.

અહા! આચાર્યદેવ પોકાર કરી કહે છે કે-અભવ્ય પણ અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર પાળે છે પણ એને કોઈ દિ' અનંત ભવમાંથી એક પણ ભવ ઘટતો નથી. તું કહે છે-એનાથી મને ધર્મ થઈ જાય; પણ એ કેમ બને ભાઈ? મહાવ્રતાદિ સઘળી વ્યવહારની ક્રિયાઓ અનાત્મરૂપ છે, એનાથી આત્મરૂપ ધર્મની પ્રાપ્તિ કેમ થાય? કદી ન થાય. જુઓ, શું કહે છે? કે-

'અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત); અજ્ઞાની ને મિથ્યાદૃષ્ટિ જ છે કારણ કે તે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.'

અભવ્ય જીવ ભગવાને કહેલું વ્યવહારચારિત્ર અનેક વાર પાળે છે તોય તે ચારિત્રરહિત, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ જ છે એમ કહે છે.

પણ લોકો કહે છે-મહાવ્રત તો ચારિત્ર છે ને?

બાપુ! તને ખબર નથી ભાઈ! કે ચારિત્ર શું ચીજ છે? એ મહાવ્રતાદિના પરિણામ તો વિકલ્પ છે, શુભરાગ છે. કોઈ જીવને મારવો નહિ; જૂઠું ન બોલવું, સત્ય બોલવું, દીધા વગર કોઈનું કાંઈ લેવું નહિ, બ્રહ્મચર્ય પાળવું-સ્ત્રીનો સંગ ન કરવો અને વસ્ત્ર-પાત્ર આદિ ન રાખવાં-એવો તને જે વિકલ્પ છે એ તો શુભરાગ છે ભાઈ! એ કાંઈ ચારિત્ર નથી. ચારિત્ર તો સ્વરૂપમાં રમણતારૂપ પરમ આનંદરૂપ વીતરાગી આત્મ-પરિણામ છે, અને તે આત્માનાં સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન સહિત હોય છે.

ભાઈ! ભગવાન જિનવરનો માર્ગ પચાવવો મહા કઠણ છે. જેને તે પચે એને તો ભવ રહે જ નહિ. જેમ ભગવાન જિનવરને ભવ નથી તેમ તેના માર્ગમાં પણ ભવ નથી કેમકે તેમાં ભવના ભાવનો અભાવ છે. અહાહા...! ભગવાનના માર્ગમાં રાગ ને રાગની ભાવનાનો અભાવ છે. હવે એ લોકો કહે કે ચર્ચા કરો, પણ શાની ચર્ચા પ્રભુ? ભગવાન આત્મા સિવાય પરના-બીજાના આશ્રયે જે ભાવ થાય એને તમે ધર્મ મનાવવા ઇચ્છો છો ત્યાં શાની ચર્ચા પ્રભુ? આ ચોકખું તો કહે છે કે અભવ્ય જીવ અનંતવાર મહાવ્રતાદિરૂપ વ્યવહારચારિત્ર પાળે છે, છતાં તે નિશ્ચારિત્રી, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે, તેને કદીય ભવનો અંત થતો નથી, સંસાર મટતો નથી.

લોકોને એમ લાગે કે આ ઘરનું કાઢયું છે, પણ ભાઈ! આ તો શાસ્ત્રમાં છે એના અર્થ કર્યા છે. તેં જે માનેલી વાત હોય એનાથી ધર્મની જાુદી વાત હોય એટલે તને ગોઠે નહિ ને રાડ પાડે કે આ ઘરની વાત છે, પણ શું થાય? આ તો ભગવાનના પેટની વાત આચાર્ય ખોલીને તારા હિતને અર્થે કહે છે.

કહે છે-આવું ભગવાન જિનવરે કહેલું વ્યવહારચારિત્ર અભવ્ય પણ પાળે છે છતાં તે ચારિત્રરહિત, અજ્ઞાની ને મિથ્યાદૃષ્ટિ જ છે, કારણ કે તે નિશ્ચયચારિત્રના કારણરૂપ જે આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાન તેનાથી રહિત છે. અહા! સમ્યગ્દર્શન વિના વ્યવહારચારિત્ર કોઈ ચારિત્ર નથી, માત્ર થોથાં છે. માટે વ્યવહાર સઘળોય નિષેધ કરવા યોગ્ય છે. આવી વાત છે. સમજાણું કાંઈ...?

## * ગાથા ૨૭૩ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અભવ્ય જીવ મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ વ્યવહારચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાન-શ્રદ્ધાન વિના તે ચારિત્ર 'સમ્યક્ચારિત્ર' નામ પામતું નથી...'

શું કીધું? કે અભવ્ય ભગવાને કહેલું જે મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ વ્યવહારચારિત્ર તે બરાબર નિરતિચાર પાળે છે, પરંતુ ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદનો તેને અભાવ હોવાથી એ બધું એને અચારિત્ર નામ અશાંતિ-દુઃખ જ છે. અહા! જેમાં અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ નથી તે વ્યવહારચારિત્ર દુઃખ જ છે.

હવે આમ છે ત્યાં વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એ કયાં રહ્યું? બાપુ! એ તો દુઃખ ભોગવતાં ભોગવતાં નિરાકુળ સુખ આવે-એના જેવી (મિથ્યા) વાત છે. ભાઈ! વ્યવહારચારિત્રની દશાની દિશા પર તરફ છે, ને સમકિત આદિ ધર્મની દશાની દિશા સ્વ તરફ છે. બન્નેની દિશા જ વિરુદ્ધ છે; તો પછી જેની દિશા પર તરફ છે એવી દશામાંથી સ્વ-આશ્રયની દિશાવાળી દશા કયાંથી થાય? ન જ થાય.

અહા! જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ભગવાન જ્ઞાયક જણાય છે (જાુઓ ગાથા

૧૭-૧૮ ટીકા ) તોપણ ભગવાન જ્ઞાયકની દૃષ્ટિ વિના જેને તેનાં સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન થયાં નથી તે એકલો બાહ્ય વ્યવહાર પાળો તો પાળો, પણ તેને તે બંધનું જ કારણ થાય છે; એ જિનવરે કહેલો વ્યવહાર હોં. જિનવરે કહેલો કેમ કહ્યું? કેમકે જિનવરે કહેલો વ્યવહાર જ યથાર્થ ને સર્વોત્કૃષ્ટ છે. અજ્ઞાનીઓએ કહેલો વ્યવહાર સત્યાર્થ હોઈ શકે જ નહિ. અહા? નિગોદના એકેન્દ્રિય જીવો સુદ્ધાં છકાયના જીવોની દયાનો વિકલ્પ જૈનશાસન સિવાય બીજે ક્યાંય ( અન્યમતમાં ) છે નહિ.

આત્મા ત્રણલોકનો નાથ પ્રભુ અંદર સદા એક જ્ઞાયકભાવપણે ભગવાનસ્વરૂપે બિરાજમાન છે. તેને દૃષ્ટિમાં લઈને તેનાં જ્ઞાન-શ્રદ્ધાન કર્યા વિના જિનવરકથિત વ્યવહારની જેટલી ક્રિયાઓ કરવામાં આવે તે બધીય બંધનું કારણ થાય છે. અહા! જેમાં અબંધસ્વરૂપી ભગવાન ન આવતાં બંધસ્વરૂપ એવા રાગાદિ આવે તે બધીય ક્રિયાઓ સંસારનું-બંધનું કારણ થાય છે. થાય શું? એ ક્રિયાઓનો એવો જ સ્વભાવ છે. સમજાણું કાંઈ...?

વસ્તુસ્વરૂપ તો આવું છે. પણ લોકોને એમ કે વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય, એને અનેકાન્ત કહેવાય.

બાપુ! એ કાંઈ અનેકાન્ત નથી, એ તો ફુદડીવાદ છે, મિથ્યા એકાન્ત છે, અહીં તો એમ સિદ્ધ કર્યું કે આવો (-ભગવાનનો કહેલો, સર્વોત્કૃષ્ટ, યથાર્થ) વ્યવહાર પણ સમકિતનું કારણ નથી. જે પોતે જ સમ્યક્સ્વરૂપ ( આત્મસ્વરૂપ ) નથી તે સમકિતનું કારણ કેમ થાય? સમકિત તો ત્રણલોકનો નાથ ત્રિકાળી એક જ્ઞાયકભાવસ્વરૂપ આત્માના આશ્રયે થાય છે અને એ સિવાય બીજી કોઈ રીતે-નિમિત્તના કે વ્યવહારના આશ્રયે થતું નથી. આ અસ્તિ-નાસ્તિરૂપ અનેકાન્ત છે.

અહા! સ્વ-સ્વરૂપનાં જ્ઞાન-શ્રદ્ધાન વિના બધોય વ્યવહાર સંસાર છે. જેનાથી સ્વર્ગનાં પદ મળે એ ભાવ પણ સંસાર છે, દુઃખ છે. ગાથા ૪૫ કહ્યું છે ને કે-

"રે કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,
પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે."

જ્ઞાનાવરણ આદિ આઠેય કર્મનું ફળ દુઃખ છે ભાઈ! આ વ્યવહારના શુભરાગથી શાતાવેદનીય બંધાય અને એના ઉદયમાં આ સામગ્રી-પાંચ-પચીસ કરોડની ધૂળ (સંપત્તિ), આબરૂ, કીર્તિ આદિ મળે પણ એ બધું દુઃખના જ કારણરૂપ છે, (એક ભગવાન આત્મા જ સુખના કારણરૂપ છે). અહાહા...! આ વ્યવહારચારિત્ર તું પાળે એ વર્તમાન દુઃખરૂપ છે અને એના નિમિત્તે જે કર્મપ્રકૃતિ ( પુણ્યપ્રકૃતિ ) બંધાય તે ઝેરનાં ઝાડ છે ભાઈ! એનાં ફળ જે આ બધો (દેવપદ, રાજપદ, વગેરેનો) ઠાઠમાઠ તે દુઃખરૂપ જ છે. ભાઈ! આ વીતરાગદેવની વાણીમાં આવેલી વાત છે. સમજાણું કાંઈ...?

અહાહા...! ભગવાન! તું કોણ છો? કેવડો છો? તને ખબર નથી પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ! તું ચિદાનંદઘન પરિપૂર્ણ જ્ઞાનથી ભરેલો ત્રિકાળ પરમાત્મસ્વરૂપ છો. અહા! એના જ્ઞાન-શ્રદ્ધાન વિના પોતાને વર્તમાન પર્યાય પૂરતો, શુભરાગસ્વરૂપ માનીને ભગવાન! તેં અનંતકાળ સંસારમાં-દુઃખમાં ગાળ્યો છે.

અહીં કહે છે-નિશ્ચય સમ્યગ્જ્ઞાન શ્રદ્ધાન વિના તે ચારિત્ર 'સમ્યક્ચારિત્ર' નામ પામતું નથી. અહા! તે પંચમહાવ્રત પાળે, હજારો રાણીઓ છોડીને બ્રહ્મચર્ય પાળે, વસ્ત્રનો ધાગોય ન રાખે, પોતાના માટે ચોકો કરી આહાર બનાવ્યો હોય તેવો ઉદ્દેશિક આહાર પ્રાણ જાય તોપણ ન લે ઇત્યાદિ વ્યવહારમાં સાવધાન રહે તોય, કહે છે, તે અચારિત્ર છે, બંધનું કારણ છે. અહા! જેટલો પરના આશ્રયવાળો ભાવ છે તે સર્વ બંધનું કારણ છે.

જુઓ, આ બંધ અધિકાર છે ને? તેથી બંધના પરિણામનું સ્વરૂપ બતાવે છે. એની સામે ત્રિકાળ અબંધસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે જે પરિણામ થાય તે અબંધ પરિણામ નિર્મળ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગના પરિણામ છે. એ અબંધ પરિણામ વિના એકાંત બંધ પરિણામવાળો જીવ આવું ક્રિયારૂપ વ્યવહારચારિત્ર પાળે તો તે ચારિત્ર 'સમ્યક્ચારિત્ર' નામ પામતું નથી એમ કહે છે. બહુ ગંભીર શબ્દો ભાઈ! આ ૨૭૨, ૨૭૩, ૨૭૪ ગાથાઓ બહુ સરસ-એકલું માખણ છે.

આ પંચમહાવ્રતના પાળનારા ભાવલિંગી સંત-મુનિવરો કહે છે કે-સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એનું (અભવિનું) સઘળું વ્યવહારરૂપ આચરણ અચારિત્ર છે, મિથ્યાચારિત્ર છે.

'માટે તે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.'

લ્યો, ટીકામાં છે તે ત્રણેય બોલ લઈ લીધા. ૧૧મી ગાથાના ભાવાર્થમાં આવે છે કે-"પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે." જુઓ, આમાં 'હસ્તાવલંબ' (નિમિત્ત) શબ્દ સાથે ગાથામાં કહેલા 'જિનવરે કહેલો વ્યવહાર' -એ શબ્દો સાથે મળે છે. 'તેનું ફળ સંસાર છે' -એમ મેળ છે.

હવે પર્યાયમાં પોતાનો ભગવાન આનંદનો નાથ પ્રભુ આત્મા પ્રાપ્ત ન થયો હોય અને બાહ્ય વ્યવહારની-શુભની ક્રિયા કર્યા કરે પણ એ બધું અચારિત્ર છે. (વ્યવહારચારિત્રેય નહિ). અરે! આવી ખબર ન મળે અને માની બેસે કે અમે ધર્મ કરીએ છીએ તેને કહીએ છીએ કે-ભાઈ! જીવન જાય છે જીવન; આવો અવસર મળવો મહા મુશ્કેલ છે. ભાઈ! આ મનુષ્યપણું ને આવી જિનવાણી મહા ભાગ્ય હોય તો મળે છે. (માટે અંદરમાં જાગ્રત થઈ સાવધાન થા).

[ પ્રવચન નં. ૩૨૯ (શેષ) અને ૩૩૦ * દિનાંક ૨૧-૩-૭૭- અને ૨૨-૩-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૨૭૪

तस्यैकादशाङ्गज्ञानमस्ति इति चेत्-

**मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज।**
**पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु।। २७४।।**

**मोक्षमश्रद्दधानोऽभव्यसत्त्वस्तु योऽधीयीत।**
**पाठो न करोति गुणमश्रद्दधानस्य ज्ञानं तु।। २७४।।**

હવે શિષ્ય પૂછે છે કે-તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો? તેનો ઉત્તર કહે છેઃ-

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.**

**ગાથાર્થઃ-** [ मोक्षम् अश्रद्दधानः ] મોક્ષને નહિ શ્રદ્ધતો એવો [ यः अभव्यसत्त्वः ] જે અભવ્યજીવ છે તે [ तु अधीयीत ] શાસ્ત્રો તો ભણે છે, [ तु ] પરંતુ [ ज्ञानं अश्रद्दधानस्य ] જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને [ पाठः ] શાસ્ત્રપઠન [ गुणम् न करोति ] ગુણ કરતું નથી.

**ટીકાઃ-** પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, ( પોતે ) શુદ્ધજ્ઞાનમય આત્માનાજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો. અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને ( શાસ્ત્રને ) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી. જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે; અને તે તો ( અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો ), ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી ( અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શક્તું નથી ); માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે; અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો-નક્કી થયો.

**ભાવાર્થઃ-** અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી; તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો; અને તેથી તે અજ્ઞાની જ છે.

* * *

## સમયસાર ગાથા ૨૭૪ : મથાળું

હવે શિષ્ય પૂછે છે કે-તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો?

જુઓ, અગિયાર અંગમાં પહેલા 'આચારાંગ'માં ૧૮ હજાર પદ (-પ્રકરણ) છે અને એક પદમાં ૫૧ કરોડથી ઝાઝેરા શ્લોક છે. એમ બીજા 'સૂયગડાંગ'માં પહેલાથી બમણાં એટલે ૩૬ હજાર પદ છે, અને દરેક પદમાં ૫૧ કરોડથી ઝાઝેરા શ્લોક છે. આ પ્રમાણે ક્રમથી 'ઠાણાંગ' આદિ આગળ આગળના અંગમાં ૧૧ અંગ સુધી બમણાં-બમણાં પદ કરતા જવું. અહાહા...! આવું જેને અગિયાર અંગનું જ્ઞાન કંઠાગ્ર હોય છે તેને મહારાજ! આપ અજ્ઞાની કહો છો એ કઈ રીતે છે?

અભવ્યને અગિયાર અંગ ઉપરાંત બારમા અંગના અંતર્ગત ચૌદ પૂર્વમાંથી નવ પૂર્વ સુધીનું જ્ઞાન હોય છે, પણ તેને બાર અંગનું પૂરું જ્ઞાન કદીય હોતું નથી તેથી અહીં ૧૧ અંગનું જ્ઞાન હોય છે એમ સાધારણ વાત લીધી છે. અહા! ૧૧ અંગના અબજો શ્લોકો જેને મોઢે હોય તેને આપ અજ્ઞાની કેમ કહો છો? તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

## * ગાથા ૨૭૪ : ગાથાર્થ ઉપરનું પ્રવચન *

ગાથામાં 'पाठो ण करेदि गुणं' એમ 'પાઠ' શબ્દ લીધો છે ને? એનો અર્થ એ કે ૧૧ અંગના પાઠનું-શબ્દોનું એને જ્ઞાન હોય છે. શું કીધું? કે જેમાં જાણનારો જ્ઞાયક પ્રભુ આત્મા આવ્યો નથી એવું અગિયાર અંગનું જ્ઞાન એને હોય છે.

પંડિત શ્રી ટોડરમલજીની 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' માં આવે છે કે- 'જૈનાગમમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેને તેવું જાણી તેમાં પોતાના પરિણામોને મગ્ન કરે છે તેથી તેને આગમ પરોક્ષપ્રમાણ કહીએ. ત્યાં પરોક્ષપ્રમાણ સિદ્ધ કરવું છે. પરોક્ષપ્રમાણના પાંચ ભેદ છેઃ સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન ને આગમ. ત્યાં આગમે જેવું સ્વરૂપ કહ્યું તેવું જાણ્યું, ને જાણીને પરિણામ સ્વરૂપમાં મગ્ન કર્યા એનું નામ સ્વાનુભવદશા, એનું નામ સમ્યગ્દર્શન.

અહા! અનુભવમાં આત્મા તો પરોક્ષ જ છે, કાંઈ આત્માના પ્રદેશે આદિ પ્રત્યક્ષ ભાસતા નથી. પરંતુ સ્વરૂપમાં પરિણામ મગ્ન થતાં જે સ્વાનુભવ પ્રગટ થયો તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે. એ સ્વાનુભવનો સ્વાદ કાંઈ આગમાદિ પરોક્ષ પ્રમાણાદિ વડે જણાતો નથી. પોતે જ એ અનુભવના રસાસ્વાદને વેદે છે. વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે, પણ (મતિશ્રુત) જ્ઞાનની અપેક્ષાએ આત્મા પરોક્ષ છે.

સમકિતીને સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન આદિ અપેક્ષાએ આત્મા પરોક્ષ છે. પૂર્વે જાણ્યું

હતું તેને યાદ કરીને જાણ્યું તે પરોક્ષ છે. પૂર્વે જાણેલું તે આ જ છે એવો નિર્ણય થયો તે પ્રત્યભિજ્ઞાન પણ પરોક્ષ છે. જ્યાં જ્ઞાન ત્યાં આત્મા ને જ્યાં આત્મા ત્યાં જ્ઞાન; જ્યાં જ્ઞાન નહિ ત્યાં આત્મા નહિ ને જ્યાં આત્મા નહિ ત્યાં જ્ઞાન નહિ-એમ અનુમાન વડે જાણીને જ્ઞાનમાં લીન થાય છે તેથી તેને પરોક્ષ કહે છે. એને પ્રત્યક્ષ કહેવું હોય તો કેમ કહેવું? કે મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે કેમકે સ્વાનુભવકાળે કોઈ પરની અપેક્ષા ત્યાં છે નહિ, પણ મતિ-શ્રુતજ્ઞાન સીધું આત્માને જાણવામાં પ્રવર્તે છે.

પં. શ્રી બનારસીદાસકૃત જિનવાણીની સ્તુતિમાં (શારદાષ્ટકમાં) આવે છે કેઃ-

સમાધાનરૂપા અનૂપા અછૂદ્રા, એકાન્તધા સ્યાદ્વાદાંકમુદ્રા;
ત્રિધા સપ્તધા દ્વાદશાંગી બખાની, નમો દેવિ વાગેશ્વરી જૈનવાણી.
અકોપા અમાના અદંભા અલોભા, શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાન શોભા;
મહા પાવની ભાવના ભવ્ય માની, નમો દેવી વાગેશ્વરી જૈનવાણી.

લ્યો, વાઘ પર સવારી કરે તે વાગેશ્વરી એમ લૌકિકમાં માને છે ને? તે આ વાગેશ્વરી નહિ. આ તો બાપા! વીતરાગ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને દેખાડનારી વીતરાગની વાણી-જિનવાણી તે વાગેશ્વરી, આમાં કહ્યું છે ને કે- 'શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાન શોભા;' એટલે કે મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાનથી સીધું આત્માને જાણે એમાં જ જ્ઞાનની શોભા છે, અર્થાત્ એ જ સમ્યગ્જ્ઞાન છે.

અહીં કહે છે-અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં અભવ્ય જીવ અજ્ઞાની છે કેમકે એનું જ્ઞાન સ્વરૂપને જાણવા પ્રતિ સીધું કદીય પ્રવર્તતું નથી. સમજાણું કાંઈ...?

## * ગાથા ૨૭૪ : ટીકા ઉપરનું પ્રવચન *

'પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, (પોતે) શુદ્ધ જ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો.'

જુઓ, અભવ્યનું તો અહીં દૃષ્ટાંત આપ્યું છે, પણ બીજા (ભવિ) મિથ્યાદૃષ્ટિઓનું પણ એમ સમજી લેવું. કહે છે-પ્રથમ તો મોક્ષને જ તે નથી શ્રદ્ધતો. અહાહા...! મોક્ષ એટલે શું? કે આત્માની પૂર્ણ શુદ્ધ દશા, પૂરણ વીતરાગવિજ્ઞાનદશાની પ્રાપ્તિ થવી તે મોક્ષ છે. અહા! આત્મા પૂરણ જ્ઞાનાનંદસ્વરૂપ છે. પર્યાયમાં તેની પૂરણ પ્રાપ્તિ થવી અર્થાત્ પૂરણ વીતરાગ કેવળજ્ઞાનદશાની પ્રાપ્તિ થવી તેનું નામ મોક્ષ છે. હવે આવા મોક્ષને જ અભવ્ય જીવ નથી શ્રદ્ધતો કેમકે પોતે પૂરણ શુદ્ધજ્ઞાનમય આત્મા છે એનું એને જ્ઞાન નથી.

અહાહા...! આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ ત્રિકાળ શુદ્ધ જ્ઞાનાનંદમય વસ્તુ પોતે છે. એમાં દયા, દાન આદિ વ્યવહારના વિકલ્પ તો શું એક સમયની પર્યાયનો

પણ એમાં અભાવ છે. અહા! જે પર્યાય શુદ્ધસ્વરૂપને જાણે છે તે પર્યાયનો પણ જેમાં અભાવ છે એવો એક શુદ્ધજ્ઞાનમય ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ...? અહા! જેનાથી ભવનો અંત આવી જાય એ મારગ જુદા છે બાપા! અનંતકાળમાં આ બધાં થોથાં (વ્યવહાર) કરી કરીને મરી ગયો ભગવાન! પણ હું શુદ્ધજ્ઞાનમય આત્મા છું એમ એણે જાણ્યું નહિ!

'પંચાધ્યાયી' માં આવે છે કે શાસ્ત્ર વડે જે શ્રદ્ધા કરી છે તે શ્રદ્ધા નહિ, અને જેમાં આત્મા-શુદ્ધજ્ઞાનમય વસ્તુ પ્રાપ્ત ન થાય એ જ્ઞાન નહિ. શું કીધું એ? કે જે જ્ઞાનની પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો નથી તે ભલે અગિયાર અંગનું જ્ઞાન હોય તોપણ તે જ્ઞાન નથી. જેમાં આત્માનું જ્ઞાન-અનુભવ-પ્રતીતિ નથી એ તો માત્ર શબ્દનું જ્ઞાન છે. અહા! અભવ્યને અગિયાર અંગનું જ્ઞાન છે એ શબ્દનું જ્ઞાન છે, કેમકે જેમાં વ્યવહારશ્રુતજ્ઞાનનો પણ અભાવ છે એવા શુદ્ધજ્ઞાનમય ભગવાન આત્માના જ્ઞાનથી તે શૂન્ય છે. માટે ભલે તે અગિયાર અંગ ભણે તોય તે અજ્ઞાની જ છે. અહો! દિગંબર સંતોએ એકલાં અમૃત ઘોળ્યાં છે! શ્વેતાંબરાદિ બીજે કયાંય આવી વાત છે નહિ.

ભગવાન! તું એક વાર સાંભળ તો ખરો. ભાઈ! તું એમ પૂછે છે ને કે એને અગિયાર અંગનું જ્ઞાન હોય છે છતાં એને અજ્ઞાની કેમ કહ્યો?

તો હું કહું છું કે પ્રભુ! 'હું શુદ્ધજ્ઞાનમય આત્મા છું' -એવું એને સ્વસ્વરૂપનું જ્ઞાન નથી, સ્વાનુભવ નથી. શાસ્ત્રના જ્ઞાનથી જ્ઞાન છે પણ એ તો બધું પરલક્ષી જ્ઞાન બાપા! બહારથી લાગે કે ઓહોહોહો...! આવું જ્ઞાન! પણ એ બધું અજ્ઞાન છે ભાઈ!

અહા! અગિયાર અંગ ભણવા છતાં અભવ્ય જીવ, જેમાં એકલો શુદ્ધજ્ઞાનમય પ્રભુ આત્મા રહેલો છે એવા મોક્ષને જ શ્રદ્ધતો નથી અને તેથી તે જ્ઞાનને-આત્માને પણ શ્રદ્ધતો નથી. અહા! બહારમાં તે વીતરાગ દેવનો, નિર્ગ્રંથ ગુરુનો અને ભગવાન જિનેશ્વરે કહેલાં શાસ્ત્રોનો અનંતવાર વિનય કરે છે, પણ ભાઈ! એ બધાં પરદ્રવ્યનો વિનય તો રાગ છે. ભગવાન કેવળી એમ કહે છે કે-અમારા વિનયમાં લાભ માની સંતુષ્ટ રહેનારા રાગી જીવ છે અને એને એ વડે કિંચિત્ ધર્મ નહિ થાય. અહા! પોતે અંદર શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન છે એનો આદર-વિનય કર્યા વિના એને ધર્મ કેમ થાય? ભલે અગિયાર અંગ ભણ્યો હોય તોય અનંતકાળમાં એને ધર્મ ન થાય. સમજાણું કાંઈ...?

**પ્રશ્નઃ-** તો શાસ્ત્રથી આત્મજ્ઞાન થાય છે એમ આવે છે ને?

**ઉત્તરઃ-** એ તો ભાઈ! નિમિત્તનું જ્ઞાન કરાવનારું નિમિત્તપ્રધાન ઉપચારનું કથન છે. નિશ્ચયથી તો શુદ્ધજ્ઞાનમય સ્વસ્વરૂપના આશ્રયે જ આત્મજ્ઞાન થાય છે. શ્રીમદે કહ્યું છે ને કે-

'લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયી'

એટલે કે પોતે પોતાનું લક્ષ-આશ્રય કરે તો શાસ્ત્રને નિમિત્ત કહેવાય. વાત તો આમ છે પ્રભુ! આગમથી પોતાનું સ્વરૂપ જાણીને પોતે સ્વરૂપમાં પરિણામ લીન કરે તો આગમથી આત્મજ્ઞાન થયું એમ નિમિત્તની મુખ્યતાથી કહેવાય. સમજાણું કાંઈ...?

આ 'ભક્તિથી મુક્તિ' એમ કેટલાક માને છે ને? તેને કહીએ છીએ કે ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ તો રાગ છે, વિકલ્પ છે, પરાશ્રિત ભાવ છે. અહા! સમોસરણમાં જ્યાં ભગવાન સાક્ષાત્ બિરાજમાન હોય ત્યાં જઈને એણે અનંત ભવમાં અનંતવાર ભગવાનની ભક્તિ-પૂજા કરી છે. પણ એનો ભવ કયાં એકેય ઘટયો છે? એ તો બધો પરાશ્રિત વ્યવહાર બાપુ! નિષેધ કરવા લાયક ભાઈ! ભગવાને પર જેનો આશ્રય છે એવા સઘળા વ્યવહારનો નિષેધ કર્યો છે, કેમકે તે બંધનું કારણ છે.

અભવ્યને શાસ્ત્રનું જ્ઞાન (૧૧ અંગનું) છે ને? પણ એ શાસ્ત્રનું જ્ઞાન છે એ તો વિકલ્પ છે. રાજમલજીકૃત સમયસાર કળશટીકા, કળશ ૧૩ માં છેલ્લે કહ્યું છે કે-"કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે-શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે." જોયું? ભગવાનના શાસ્ત્રમાં પણ આ કહ્યું છે કે શુદ્ધ જ્ઞાનમય આત્માને ઉપાદેયપણે અનુભવવાથી ઉત્પન્ન જે શુદ્ધાત્માનુભૂતિ તે મોક્ષમાર્ગ છે, શાસ્ત્રજ્ઞાન નહિ. અભવ્ય જીવ શાસ્ત્રજ્ઞાનના વિકલ્પમાં અટકી રહીને અંદર આનંદઘન પ્રભુ પોતે વિરાજી રહ્યો છે તેનો અનુભવ કરતો નથી અને તેથી શુદ્ધજ્ઞાનમય ભાવ જે મોક્ષ તેનું એને શ્રદ્ધાન થતું નથી.

અહાહા...! ભગવાન આત્મા સદા મોક્ષસ્વરૂપ છે. અબદ્ધ કહો કે મોક્ષસ્વરૂપ કહો- બન્ને એક જ છે. ગાથામાં (ગાથા ૧૪ માં) આવે છે ને કે 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं' તેમાં 'અબદ્ધ' કહ્યો તે નાસ્તિથી છે અને 'મોક્ષસ્વરૂપ' એ અસ્તિ છે. અહાહા...! શુદ્ધ જ્ઞાનમય એવો આત્મા મોક્ષસ્વરૂપ છે. પણ અભવ્ય જીવ 'આવો આ હું આત્મા' એમ પોતાને જાણતો-અનુભવતો નથી. તેથી મોક્ષ કે જે એકલો શુદ્ધ જ્ઞાનમય ભાવ છે તેને તે શ્રદ્ધતો નથી અને તેથી જ્ઞાનને એટલે પોતાના આત્માને પણ તે શ્રદ્ધતો નથી. અહા! શાસ્ત્રજ્ઞાનના વિકલ્પમાં રોકાયેલો-ગુંચાયેલો તે 'હું પોતે જ જ્ઞાનસ્વરૂપી આત્મા છું' -એમ જાણતો નથી, શ્રદ્ધતો નથી. ભગવાન સર્વજ્ઞે કહેલું આ સત્ય છે ભાઈ! આ કાંઈ પક્ષ નથી; પક્ષનો આમાં નિષેધ છે. સમજાણું કાંઈ...!

હવે કહે છે- 'અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી.'

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોયું? અભવ્ય જીવ ભગવાન જિનેશ્વરનાં કહેલાં આચારાંગ આદિ શાસ્ત્ર ભણે છે હો; આ વેદાંતાદિ શાસ્ત્રોની વાત નથી, એ તો કુશાસ્ત્ર છે; આ તો વીતરાગે કહેલાં સત્શાસ્ત્ર ભણવા છતાં શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેનો તેને અભાવ છે. શાસ્ત્ર ભણવાનો ગુણ તો આત્મજ્ઞાન ને આત્મોપલબ્ધિ છે, પણ તેનો તેને અભાવ છે તેથી તે જ્ઞાની નથી.

અહા! અગિયાર અંગરૂપ શ્રુતને તે ભણે તો તેમાં આત્મા આવો છે, આવો છે-એ શું નથી આવતું? આવે છે; એણે ધારણામાં પણ લીધું છે. પરંતુ સ્વાધ્યાય, વિનય, ભક્તિ ઇત્યાદિ બાહ્ય આચરણની ઉપર જઈને (તેની પાર જઈને) સ્વના આશ્રય ભણી તે ઉછળતો નથી. અહા! શાસ્ત્ર ભણવાનું ફળ તો શુદ્ધાત્માનુભૂતિ આવવું જોઈએ, અને શુદ્ધાત્માનુભૂતિ સ્વના આશ્રયે જ થાય છે; પણ તે પર-આશ્રયથી હઠી સ્વના આશ્રયમાં જતો જ નથી, અને સ્વના આશ્રયમાં ગયા વિના શાસ્ત્ર-ભણતર શું કરે? કાંઈ નહિ; ભગવાન જ્ઞાયકસ્વરૂપ આત્માના આશ્રયમાં ગયા સિવાય શાસ્ત્રભણતર કાંઈ કામનું નથી. આવી વાત છે!

અહાહા...! શાસ્ત્ર ભણવાનો ગુણ શું? એ અગિયાર અંગરૂપ શ્રુતમાં-શાસ્ત્રમાં શું કહ્યું છે? કે- 'જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે.'

અહાહા...! ભિન્નવસ્તુભૂત એટલે શરીરાદિ પરદ્રવ્યથી ભિન્ન, દેવ-ગુરુ-શાસ્ત્રથી ભિન્ન, દ્રવ્યકર્મ-ભાવકર્મથી ભિન્ન, અને નોકર્મથી ભિન્ન એવો એકલા જ્ઞાનપ્રકાશનો પુંજ શુદ્ધજ્ઞાનમય પ્રભુ આત્મા છે. આવા સ્વસ્વરૂપનાં જ્ઞાન-શ્રદ્ધાન થવાં તે શાસ્ત્ર-ભણતરનો ગુણ છે. આ વખતના આત્મધર્મ (અંક ૪૦૨) માં આવ્યું ને? કે-"ધ્રુવ ચિદ્ધામસ્વરૂપ ધ્યેયના ધ્યાનની ધૂણી ધૈર્યયુક્ત ધગશથી ધખાવવારૂપ ધર્મના ધારક ધર્માત્મા ધન્ય છે." અહા! લ્યો, આવો ધર્મ અને આવા ધર્મના ધરનાર! અહા! આવો ધર્મ અંતરમાં ધ્રુવધામને ધ્યેય બનાવીને પ્રગટ કરવો તે શાસ્ત્ર-ભણતરનો ગુણ છે.

ભાઈ! એ તો દાખલો અભવ્યનો આપ્યો છે, પણ અહીં સામાન્યપણે સિદ્ધ આ કરવું છે કે ભગવાન જિનવરે કહેલાં બાહ્ય આચારરૂપ વ્રત, તપ આદિ કાંઈ ધર્મ નથી, તેમ ધર્મનું કારણ પણ નથી. એ તો પહેલાં (ગાથા ૨૭૩ માં) આવી ગયું કે અભવ્ય જીવે શીલ, તપ પરિપૂર્ણ રીતે પાળ્યાં, સમિતિ-ગુપ્તિની ક્રિયાઓ સાવધાનપણે કરી અને મહાવ્રતાદિ અનંતવાર પાળ્યાં. આવા ભગવાને કહેલા વ્યવહારચારિત્રના જે ભાવ છે તે અનંતવાર પ્રગટ કર્યા, છતાં તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે. ત્યારે પ્રશ્ન થયો કે-

અહા! તેને અજ્ઞાની કેમ કહો છો? એને જિનવરે કહેલાં ૧૧ અંગનું જ્ઞાન તો હોય છે; અભવ્ય અને ભવ્યે પણ અનંતવાર એ શાસ્ત્રોનું જ્ઞાન કર્યું છે, છતાં એને અજ્ઞાની કેમ કહો છો?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તો કહે છે-તે ભલે અગિયાર અંગ ભણ્યો હોય, પણ તે મોક્ષને શ્રદ્ધતો નથી. શાસ્ત્રજ્ઞાનના વિકલ્પથીય રહિત ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ અંદર મોક્ષસ્વરૂપ છે એનું એને જ્ઞાન-શ્રદ્ધાન નથી. શાસ્ત્ર ભણ્યો તેથી શું? શાસ્ત્ર ભણવાનો ગુણ જે સ્વાનુભૂતિ તેને તે કદી સ્વ-આશ્રય કરીને પ્રગટ કરતો નથી.

**પ્રશ્નઃ-** તો પછી શાસ્ત્ર ભણવાં કે ન ભણવાં?

**ઉત્તરઃ-** શાસ્ત્ર-જ્ઞાનના લક્ષે શાસ્ત્ર ભણવાં એમ નહિ, પણ શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ. પ્રવચનસારમાં (ગાથા ૨૩૩ આદિમાં) આની સ્પષ્ટતા આવે છે.

ભાઈ! અહીં એમ વાત છે કે આચારાંગ આદિ અગિયાર અંગ સુધીનું દ્રવ્યશ્રુત ભણતો હોવા છતાં ભણવાનો ગુણ જે ભગવાન આત્માનાં દૃષ્ટિ ને અનુભવ તે અભવ્યને હોતાં નથી તેથી તે અજ્ઞાની છે.

પંચાસ્તિકાય ગાથા ૧૭૨ માં શાસ્ત્ર-તાત્પર્ય વીતરાગતા કહ્યું છે. શું કીધું? કે ૧૧ અંગ કે બાર અંગરૂપ દ્રવ્યશ્રુતનું તાત્પર્ય વીતરાગતા છે. અહાહા...! દ્રવ્યશ્રુતમાં જેમાં ચારે અનુયોગ-પ્રથમાનુયોગ, ચરણાનુયોગ,કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ-આવી જાય છે તેનું તાત્પર્ય વીતરાગતા છે. પ્રથમાનુયોગમાં તીર્થંકરાદિ મહાપુરુષનાં જીવનચરિત્ર, ચરણાનુયોગમાં બાહ્ય વ્યવહારનાં આચરણ, કરણાનુયોગમાં કર્મના પરિણામ આદિની વ્યાખ્યા અને દ્રવ્યાનુયોગમાં શુદ્ધજ્ઞાનમય આત્માની કથની આવે, પણ એ બધાયને ભણવાનું તાત્પર્ય એકમાત્ર વીતરાગતા છે.

અહા! એ વીતરાગતા કેમ થાય? તો કહે છે-ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ સદા વીતરાગસ્વરૂપ જ છે. સ્વ-આશ્રયે તેનાં જ્ઞાન, દૃષ્ટિ અને અનુભવ કરવાથી પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. સર્વ શાસ્ત્ર ભણવાનું આ ઇષ્ટ ફળ-ગુણ છે.

અહા! ત્યાં પંચાસ્તિકાયમાં શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા કહ્યું. અહીં કહે છે-ભિન્નવસ્તુભૂત શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે. તથા શ્રી રાજમલજીએ કળશ ૧૩ માં કહ્યું કે-બાર અંગનું જ્ઞાન પણ વિકલ્પ છે, તેમાં (શ્રુતમાં) પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે અર્થાત્ બાર અંગમાં શુદ્ધાત્માનુભૂતિ કરવાનું કહ્યું છે. અહા! ચારેકોરથી બધે આ એક જ વાત છે. શું! કે-આત્મા પોતે ચિદાનંદઘન પ્રભુ છે. એનાં જ્ઞાન-શ્રદ્ધાન કરીને એમાં જ ઠરી જા, એના જ સ્વાદમાં તૃપ્ત થઈ જા. અહા! પણ શુભક્રિયાના પક્ષવાળાને આ કેમ બેસે? ન બેસે એટલે શાસ્ત્ર ભણે, વ્રત કરે ને તપ કરે ને ભક્તિ આદિ અનેક ક્રિયા કરે અને માને કે ધર્મ થઈ ગયો. અરે! પણ ધર્મ તો શું? એનાથી ઊંચાં પુણ્યેય નહિ થાય. સમજાણું કાંઈ...?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક આત્માના જ્ઞાન વિના આવું કરી કરીને અભવ્ય મરી ગયો તોય એક ભવ ઓછો ન થયો. મારગ બહુ ગંભીર ને સૂક્ષ્મ છે ભાઈ!

અહા! શાસ્ત્રનું ભણવું એ વિકલ્પ છે, વ્યવહાર છે. એ વ્યવહાર દ્વારા શુદ્ધ નિશ્ચય એક પરમાર્થ વસ્તુ સમજાવી છે. શું થાય? બીજો ઉપાય નથી તેથી ભેદ પાડીને અભેદ સમજાવવામાં આવે છે. ગાથા ૮ માં પણ કહ્યું છે ને કે-

"ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,
વ્યવહાર વિન પરમાર્થનો ઉપદેશ એમ અશકય છે."

જેમ અનાર્યને અનાર્ય ભાષા વિના સમજાવી શકાય નહિ, તેમ, શું થાય? વ્યવહાર વિના પરમાર્થ સમજાવી શકાતો નથી. પરંતુ જેમ અનાર્ય ભાષા અનુસરવાયોગ્ય નથી તેમ વ્યવહાર અનુસરવા-આદરવા યોગ્ય નથી. અજ્ઞાનીને અભેદ ન સમજાય તો ભેદ પાડીને સમજાવવામાં આવે, પણ ત્યાં ભેદ અનુસરવા-આદરવા યોગ્ય નથી.

અગિયાર અંગમાં પણ આ કહ્યું છે કે-ભગવાન! તું જ્ઞાયકમૂર્તિ પ્રભુ શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવી ત્રિકાળ પરમાત્મસ્વરૂપ છો; તેનું લક્ષ કરીને સ્વાનુભૂતિ કર, આનંદનો અનુભવ કર; પણ વ્યવહાર કર એવું એમાં કયાં છે? એ તો વ્યવહાર જે હોય છે એનું કથન છે બાપુ! બાકી વ્યવહાર કર ને વ્યવહારથી લાભ થશે એ વાત જિનશાસનમાં છે જ નહિ. ભાઈ! આ તારા હિતની વાત છે. એથી ઉલટું વ્યવહારથી થાય એમ માનીશ તો તને સ્વાનુભૂતિ નહિ થાય, અતીન્દ્રિય આનંદનો સ્વાદ નહિ આવે ને તારા ભવના ફેરા નહિ મટે. વ્યવહારથી (નિશ્ચય) થાય એમ ભગવાનની આજ્ઞા નથી અને એવો વસ્તુનો સ્વભાવ પણ નથી. સમજાણું કાંઈ...?

પ્રવચનસાર ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના છઠ્ઠા બોલમાં આવે છે કે-"લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેનું ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે." શું કીધું? કે આત્મા સ્વભાવ વડે જેનું ગ્રહણ થાય છે એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે; વિકલ્પ ને વ્યવહારથી તે જણાય એવું એનું સ્વરૂપ જ નથી. અહા! આ દયા, દાન, વ્રત, તપ ને વિનય-ભક્તિના વિકલ્પથી કે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ નિમિત્તથી કે શાસ્ત્ર-ભણતરના વિકલ્પથી આત્મા જણાય એવું એનું સ્વરૂપ જ નથી. ઝીણી વાત છે બાપુ! એ તો નિર્મળ વીતરાગી જ્ઞાનપરિણામ દ્વારા જણાય એવું જ એનું સ્વરૂપ છે.

'પરમાત્મપ્રકાશ' માં પણ આવે છે કે દિવ્યધ્વનિથી પણ આત્મા જણાય એવો નથી. ભગવાન કેવળીની વાણી શ્રુતજ્ઞાન છે. ભગવાન કેવળી પણ શ્રુતજ્ઞાનથી કહે છે, કેવળજ્ઞાનથી નહિ. સાંભળનારને શ્રુતજ્ઞાન છે ને! એને કયાં કેવળજ્ઞાન છે? તેથી કેવળી દિવ્યધ્વનિમાં શ્રુતજ્ઞાનથી કહે છે. અહા! એ શ્રુતમાં એમ આવ્યું કે-અમને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સાંભળવાથી તું તને જાણે એવો તું નથી. હવે આવી વાત લોકોને બેસે નહિ એટલે વિરોધ કરે, પણ શું થાય? મારગ તો જેમ છે તેમ જ છે.

કોઈને ન બેસે એટલે ભાઈ! એનો તિરસ્કાર ન કરાય. એ પણ સ્વભાવે તો ભગવાન છે ને? પર્યાયમાં ભૂલ છે એ તો સ્વ-આશ્રયે નીકળી જવા યોગ્ય છે. અંદર સચ્ચિદાનંદસ્વરૂપ પોતે ભગવાન છે તેના ભાન દ્વારા ભૂલ નીકળી જવા યોગ્ય છે.

અહા! બાર અંગરૂપ શ્રુત છે એ ભગવાનની વાણી છે. ઇન્દ્રો, ગણધરો ને મહા મુનિવરો ભગવાનની વાણી બહુ નમ્ર થઈ સાંભળતા હોય છે. અહા! એ વાણીમાં એમ આવ્યું કે-ભગવાન! તું તારા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છો; પણ આ અમારી વાણીથી તને જે જ્ઞાન થાય તેનાથી તને તારું (-આત્માનું) જ્ઞાન થાય એવું તારું સ્વરૂપ નથી. અહા! શાસ્ત્રજ્ઞાનના વિકલ્પથી કે નિમિત્તથી ભગવાન આત્મા જણાય એવું એનું સ્વરૂપ જ નથી. તને વ્યવહારનો ને નિમિત્તનો પક્ષ હોય એટલે એમ માને કે વ્યવહાર કરતાં કરતાં (નિશ્ચય) થાય, નિમિત્તથી (કાર્ય) થાય, પણ બાપુ! તારી એ માન્યતા મહા કલંક છે, મહા શલ્ય છે. ભાઈ! જેનો ભગવાને નિષેધ કર્યો છે એ પરાશ્રિત વ્યવહારથી નિશ્ચય થાય એમ તું માને છે તે મહા શલ્ય છે. ભગવાને તો બાપુ! સ્વ-આશ્રિત નિશ્ચય કહ્યો છે. સમજાણું કાંઈ...?

અરે! આવા શુદ્ધ તત્ત્વની વાત લોકોને બિચારાઓને સાંભળવા મળે નહિ અને જિંદગી પૂરી થઈ જાય. અરે! તેઓ કયાં જાય? જેમ વંટોળિયે ચઢેલું તણખલું કયાંય જઈને પડે તેમ મિથ્યાત્વને પડખે ચઢેલો જીવ સંસારમાં રખડતો કયાંય કાગડે-કૂતરે-કંથવે ઇત્યાદિ તિર્યંચાદિમાં ચાલ્યો જાય. ભગવાન! તારે કયાં જવું છે બાપુ? રખડવા જા છ (જાય છે) એને બદલે સ્વરૂપમાં જા ને ભાઈ!

અહા! ભગવાન! તું કોણ છો? અંદર ચિદાનંદઘન ચૈતન્યમૂર્તિ શુદ્ધજ્ઞાનમય ભગવાન છો ને પ્રભુ! આ ભૂલ છે એ તો એક સમયની પર્યાય છે. એક સમયની ભૂલ ને ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ બેય છે ને પ્રભુ! એ ભૂલને ગૌણ કર તો અંદર ભૂલ વિનાની ત્રિકાળી એક જ્ઞાયકભાવમય ચીજ છો ને પ્રભુ! ભાઈ! તને જ્ઞાનમાં હું એક જ્ઞાયકભાવમય છું એમ મહિમા આવવો જોઈએ. અહા! જે જ્ઞાનમાં શુદ્ધ સ્વરૂપનો મહિમા ભાસે તે જ્ઞાનને જ ભગવાને જ્ઞાન કહ્યું છે; અને એ જ શાસ્ત્ર-ભણતરનો ગુણ છે પણ એ તો થયો નહિ, તો શાસ્ત્ર ભણવાથી શું સિદ્ધિ છે? લ્યો, આ 'ગુણ' નો આ અર્થ. આ તો સમ્યગ્દર્શનની વાત બાપુ! ચારિત્ર એ તો કોઈ અલૌકિક દશા છે ભાઈ! આ બહારનાં વ્રત, તપ એ કાંઈ ચારિત્ર નથી.

જુઓ, ૨૭૨ માં કહ્યું કે સ્વ-આશ્રય તે નિશ્ચય અને પર-આશ્રય તે વ્યવહાર.

પછી ગાથા ૨૭૩ માં પરાશ્રિત વ્યવહાર કેવો અને કેટલો એની વાત કરી. ત્યાં કહ્યું કે ભગવાન જિનેશ્વરદેવે કહેલો એવો ને એટલો સઘળો વ્યવહાર અભવ્ય પાળે તોય તેને એ ગુણ કરતો નથી. હવે અહીં જ્ઞાનની વાત કરે છે. કહે છે-અહા! ભગવાન જિનવરદેવની દિવ્યધ્વનિથી જે બાર અંગરૂપ શ્રુત રચાયું તેમાં અગિયાર અંગનું જ્ઞાન તેને હોય તોય શાસ્ત્ર ભણવાનો ગુણ જે શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન તે તેને નહિ હોવાથી તે અજ્ઞાની છે. અહા! ભગવાનની વાણીમાં એમ આશય આવ્યો કે-શાસ્ત્રજ્ઞાનની ને સઘળાય વ્યવહારની અપેક્ષા છોડી દઈને તું તને સીધો જાણ. અહા! પંચમ આરામાં પણ આવી અલૌકિક વાત! અહો! આચાર્યદેવે શું પરમામૃત રેડયાં છે!

ઓહોહો...! ગાથાએ ગાથાએ કેવી વાત કરી છે! એક જણ કહેતો હતો કે આપ સમયસારનાં આટઆટલાં વખાણ કરો છો પણ મેં તો એ પંદર દિ' માં વાંચી કાઢયું. શું વાંચ્યું? કીધું. ભાઈ! એના અક્ષર અને શબ્દ વાંચી જવાથી કાંઈ પાર પડે એમ નથી. અહાહા...! શાસ્ત્ર ભણવાનો ગુણ તો ભિન્નવસ્તુભૂત શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન થાય તે છે. હવે એ તો થયું નહિ તો શું વાંચ્યું? શાસ્ત્ર ભણવામાત્રથી આત્મજ્ઞાન ન થાય ભાઈ! પણ ભિન્નવસ્તુભૂત આત્મામાં અંતર્મુખ થઈ એકાગ્ર થવાથી આત્મજ્ઞાન થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે.

અહા! આ વીતરાગની વાણીનો પોકાર છે કે અગિયાર અંગનું જ્ઞાન એણે અનંતવાર કર્યું, અને શાસ્ત્રમાં કહેલો વ્યવહાર એણે અનંતવાર પાળ્યો અને નવમી ગ્રૈવેયકમાં તે અનંતવાર ગયો પણ અભવ્યનો એકેય ભવ ઘટયો નહિ.

ત્યારે કોઈ વળી કહે છે-એ તો અભવ્યની વાત છે. ભવ્ય જો આવો વ્યવહાર પાળે તો એને શુદ્ધાત્માનું જ્ઞાન થઈ જાય.

ભાઈ! એમ નથી. બાપા! આ તો અભવ્યના દૃષ્ટાંતથી એમ સિદ્ધ કર્યું કે ભવ્ય પણ એની જેમ આવાં વ્રત, તપ આદિ ક્રિયાકાંડ કરી કરીને મરી જાય સૂકાઈ જાય તોપણ એ વડે એનો એક પણ ભવ ઘટે એમ નથી. અહા! આવી બહુ આકરી વાત લાગે પણ શું થાય?

અહા! કહે છે- 'ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે; અને તે તો ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્રભણતર વડે કરી શકાતું નથી.'

અહા! 'ભિન્નવસ્તુભૂત જ્ઞાન' એટલે શું? એટલે કે નિમિત્ત અને રાગ-વ્યવહારથી ભિન્ન એકલું જ્ઞાન. બસ. શું કીધું? અહાહા...! આત્મા પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ એકલો જ્ઞાનમય-જ્ઞાનસ્વરૂપ જ છે. બસ જાણવું, જાણવું એવો જ જેનો સ્વભાવ છે અર્થાત્ એવા સ્વરૂપ જ આત્મા છે. અહા! એને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને, કહે

છે, શાસ્ત્ર-ભણતર વડે ભિન્ન વસ્તુભૂત શુદ્ધાત્મજ્ઞાન કરી શકાતું નથી; અર્થાત્ શાસ્ત્રભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી.

ભાઈ! તને તારા પૂરણ સ્વરૂપની મોટપ કેમ બેસતી નથી? તું જાણે કે (શુદ્ધાત્મજ્ઞાન) નિમિત્તથી થાય ને વ્યવહારથી થાય પણ એવું તારું જાણવું ને માનવું મિથ્યા છે. બાપુ! એ તો મહા શલ્ય છે કેમકે નિમિત્ત-પરવસ્તુ ને રાગ તારું કાર્ય કરવામાં પંગુ-પાંગળા અને અંધ-આંધળા છે, અને તું એમનાથી જણાય એવું તારું સ્વરૂપ નથી. અહા ભાઈ! આ વ્રત, તપ, શાસ્ત્ર-ભણતર ઇત્યાદિ સઘળો વ્યવહાર, જડ, આંધળો ને તારું કાર્ય (-આત્મજ્ઞાન) કરવામાં પાંગળો છે, શક્તિહીન છે.

હવે કહે છે- 'માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે; અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો-નક્કી થયો.'

અહા! અભવ્ય જીવે અને ભવ્ય જીવે પણ અનંતવાર ૧૧ અંગનું શાસ્ત્રજ્ઞાન કર્યું, પણ અંદર શુદ્ધજ્ઞાનમય પોતાનો ભગવાન જ્ઞાયક છે એનો આશ્રય લીધો નહિ તેથી શાસ્ત્ર ભણવાનો ગુણ-જે શુદ્ધ જ્ઞાનમય આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાન-તે થયો નહિ. તેથી તે અજ્ઞાની જ રહ્યો. અહા! શાસ્ત્ર-જ્ઞાન (વિકલ્પ) જે પોતાની ચીજ નથી એનું રટણ કર્યું અને પોતાની ચીજ (-શુદ્ધજ્ઞાનમય આત્મા) ને એણે જાણી નહિ તેથી તે અજ્ઞાની જ ઠર્યો. આવી વાત છે.

## * ગાથા ૨૭૪ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી; તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો; અને તેથી અજ્ઞાની જ છે.'

જુઓ, સમયસાર કળશટીકા, કળશ ૧૩માં કહ્યું છે કે-બાર અંગનું જ્ઞાન કાંઈ અપૂર્વ નથી. જો કે બાર અંગનું જ્ઞાન સમકિતીને જ હોય છે, બીજાને (મિથ્યાદૃષ્ટિને) નહિ, તોપણ અપૂર્વ નથી એમ કેમ કહ્યું? કેમકે બાર અંગનું જ્ઞાન વજન (-મહત્ત્વ) દેવા જેવું નથી કારણ કે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે, શાસ્ત્રજ્ઞાન નહિ.

અહા! શાસ્ત્ર ભણવાનો ગુણ તો અંદર ભિન્ન વસ્તુ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા તેનો અનુભવ કરવો તે છે. પણ અભવ્ય જીવ શુદ્ધ આત્માનુભવ કરતો નથી. તેથી અગિયાર અંગ ભણે તોય તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી. અહા! એણે પરલક્ષે જાણ્યું છે કે આત્મા આવો અભેદ એક પરમ પવિત્ર શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, પણ તે અંતર્મુખ થઈને આત્માનુભવ કરતો નથી; તેથી તેને શાસ્ત્ર ભણતરે ગુણ ન કર્યો; અને તેથી તે અજ્ઞાની જ છે.

[ પ્રવચન નં. ૩૩૦ (શેષ) અને ૩૩૧ * દિનાંક ૨૨-૩-૭૭ થી ૨૪-૩-૭૭ ]

## ગાથા-૨૭૫

तस्य धर्मश्रद्धानमस्तीति चेत्-

**सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो य फासेदि।**
**धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं।। २७५।।**

**श्रद्दधाति च प्रत्येति च रोचयति च तथा पुनश्च स्पृशति।**
**धर्म भोगनिमित्तं न तु स कर्मक्षयनिमित्तम्।। २७५।।**

ફરી શિષ્ય પૂછે છે કે-અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું? તેનો ઉત્તર હવે કહે છેઃ-

**તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,**
**તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.**

**ગાથાર્થઃ-** [ सः ] તે (અભવ્ય જીવ) [ भोगनिमित्तं धर्म ] ભોગના નિમિત્તરૂપ ધર્મને જ [ श्रद्दधाति च ] શ્રદ્ધે છે, [ प्रत्येति च ] તેની જ પ્રતીત કરે છે, [ रोचयति च ] તેની જ રુચિ કરે છે [ तथा पुनः स्पृशति च ] અને તેને જ સ્પર્શે છે, [ न तु कर्मक्षयनिमित्तम् ] પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ. (કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નથી શ્રદ્ધતો, નથી તેની પ્રતીતિ કરતો, નથી તેની રુચિ કરતો અને નથી તેને સ્પર્શતો.)

**ટીકાઃ-** અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે (અભવ્ય) સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે. માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી. તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.

આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.

**ભાવાર્થઃ-** અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી તે કર્મફળચેતનાને જાણે છે પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી; તેથી શુદ્ધ આત્મિક ધર્મનું

શ્રદ્ધાન તેને નથી. તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે પરંતુ કર્મનો ક્ષય થતો નથી. આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.

આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.

અહીં એટલું વિશેષ જાણવું કે-આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે. હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો-અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો, માત્ર સર્વજ્ઞદેવ જાણે છે; એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે. અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.

* * *

## સમયસાર ગાથા ૨૭૫ : મથાળું

હવે શિષ્ય પૂછે છે કે-અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું? તેનો ઉત્તર હવે કહે છેઃ-

## * ગાથા ૨૭૫ : ટીકા ઉપરનું પ્રવચન *

'અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે સદાય ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.'

આ તો દષ્ટાંત અભવ્યનું છે હોં, બાકી અભવ્યની જેમ ભવ્ય જીવે પણ આવું બધું અનંતવાર કર્યું છે. જુઓ, પં. શ્રી દોલતરામજીકૃત છહઢાલામાં આવે છે ને કે-

"મુનિવ્રતધાર અનંત બાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેસ ન પાયૌ."

અહા! દિગંબર જૈન સાધુ થઈ ને તે અનંતવાર નવમી ગ્રૈવેયક ઉપજ્યો, પણ આત્મજ્ઞાન ન થયું, સુખ ન થયું કેમકે તે નિત્યકર્મફળચેતનાને શ્રદ્ધે છે. અહા! રાગનું ફળ જે ભોગ મળે તેને ચેતવામાં સંતુષ્ટ તે કર્મફળચેતનાને શ્રદ્ધે છે પણ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો. અહા! તે ભોગના હેતુથી શુભકર્મમાત્ર ધર્મને કરે છે, પણ સ્વાનુભવના હેતુએ ધર્મ કરતો નથી. સમજાણું કાંઈ...?

અહા! એ જે શુભરાગ કરે છે તે કર્મચેતના છે, એ કાંઈ આત્મચેતના-શુદ્ધ-જ્ઞાનચેતના નહિ. હવે આવી વાત એને આકરી પડે પણ શું થાય? મારગ તો આવો છે બાપુ!

અહા! આવા મનુષ્યપણામાં ભગવાન ત્રિલોકીનાથ જે કહે છે તે ખ્યાલમાં લઈને પ્રભુ આત્માનો અંદરમાં આશ્રય ન કર્યો તો એ કયાં જશે. અહા! એનું શું થશે? અનંતકાળ તો એને રહેવું છે; કેમકે એ અવિનાશી છે, એનો કાંઈ થોડો નાશ થવાનો છે? અહા! એ અનંત-અનંત ભવિષ્યમાં કયાં રહેશે? અરે! જેને રાગની-પુણ્યની રુચિ છે તે મિથ્યાત્વમાં રહેશે ને ચારગતિમાં નિગોદાદિમાં રઝળશે! શું થાય? પુણ્યની રુચિનું ફળ આવું જ છે. જ્યારે અંદર સત્-સ્વરૂપની રુચિ જાગ્રત કરશે તે અનંત ભવિષ્યમાં આત્મામાં જ રહેશે, સ્વ-આધીન સુખમાં જ રહેશે. આવી વાત છે!

અહીં કહે છે-અભવ્ય જીવ નિત્ય-કાયમી રાગ ને રાગના ફળને ચેતે છે. ત્યાં એને જે પંચમહાવ્રતનો ભાવ છે, શાસ્ત્રભણતરનો ભાવ છે-એ બધો કર્મચેતના-રાગમાં એકાકારપણાનો ભાવ છે. તેને તે કર્તવ્ય માને છે પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને તે શ્રદ્ધતો નથી. આ અસ્તિ' નાસ્તિ છે. કર્મચેતના છે ત્યાં શુદ્ધ જ્ઞાનચેતના નથી.

અહા! અભવ્ય જીવ કર્મ એટલે રાગ અને એનું ફળ જે ભોગ એને જ સદા ઇચ્છે છે. તેને નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુનું વલણ જ નથી. પર સન્મુખના ક્રિયાકાંડમાં પડેલા તેને સ્વસન્મુખતા થયા વિના નિત્યજ્ઞાનચેતનામાત્ર સ્વરૂપ વસ્તુનું શ્રદ્ધાન કયાંથી થાય? ન થાય. તેથી એને પરિભ્રમણ મટતું જ નથી.

ત્યારે કેટલાક કહે છે-

'એક વાર વંદે જો કોઈ તહિ નરક-પશુ ગતિ નહિ હોઈ' - એમ કહ્યું છે ને?

બાપુ! એ તો સીધો નરક-પશુમાં ન જાય, પણ પછી શું? જાત્રાના પરિણામ એ કાંઈ ધર્મ નથી ભાઈ! સમ્મેદશિખરની લાખ જાત્રા કરે તોય ધર્મ ન થાય. પરદ્રવ્યાશ્રિત રાગના પરિણામ સંસારનું-બંધનું જ કારણ છે; અબંધ તો એક સ્વઆશ્રિત પરિણામ છે અને તે ધર્મ છે. સમજાણું કાંઈ...?

અભવ્ય જીવ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે સદાય સ્વપરના ભેદવિજ્ઞાનને અયોગ્ય છે. અહાહા...! પોતે જ્ઞાનસ્વરૂપી નિત્ય જ્ઞાતા-દ્રષ્ટા પ્રભુ શુદ્ધજ્ઞાનચેતનામાત્ર વસ્તુ ભગવાન આત્મા છે. પણ એને તે જાણતો નથી, શ્રદ્ધતો નથી. અહા! રાગની-વ્યવહારની ક્રિયાથી મને લાભ થશે, ધર્મ થશે એમ તે માને છે અને સદાય કર્મચેતનાથી લિપ્ત-રંગાયેલો રહે છે; કેમકે એ સદાય સ્વપરનો વિવેક-ભિન્નતા કરવાને અયોગ્ય છે. અહા! જ્ઞાન અને રાગની ભિન્નતા કરવાને તે સદાય અયોગ્ય છે. અહા! આટઆટલું (વ્રત, તપ વગેરે) કરે તોય તે ભગવાન આત્માનું જ્ઞાન કરવા અયોગ્ય છે.

ત્યારે કોઈ કહે છે-અભવ્ય માટે તો તે બરાબર જ છે, પણ ભવ્યનું શું? (એમ કે વ્રત, તપ આદિ કરે તો તે વડે ભવ્યને તો આત્માનું જ્ઞાન થાય.)

બાપુ! અભવ્યનો તો દાખલો છે; બાકી અનંતકાળમાં ભવિ જીવે પણ આવું (વ્રત, તપ આદિ) અનંતવાર કર્યું છે, છતાં તેને કદાપિ જ્ઞાનસ્વભાવની પ્રાપ્તિ થઈ નથી. (પુણ્યની રુચિ મટાડી સ્વરૂપની રુચિ ન કરે ત્યાં સુધી ભેદવિજ્ઞાન પ્રગટતું નથી).

'મોક્ષમાર્ગપ્રકાશક' માં લીધું છે કે-તે તપશ્ચરણાદિ ક્રિયા તો કરે છે, ધર્મની-વ્યવહારની ક્રિયા તો કરે છે, છતાં એને ધર્મ કેમ થતો નથી?

ત્યાં કહ્યું છે કે તપશ્ચરણાદિ વ્યવહારધર્મમાં અનુરાગી થઈ પ્રવર્તવાનું ફળ તો બંધ છે, અને આ તેનાથી મોક્ષ ઇચ્છે છે તો તે કેમ થાય? અહા! વ્રત, તપ, આદિના પરિણામ તો રાગના છે ભાઈ! એ રાગ કરે ને ધર્મ ઇચ્છે તે કેમ થાય? બહુ આકરી વાત બાપા! અહા! કર્મચેતનાથી જ્ઞાનચેતના કેમ થાય?

અહાહા...! તું સર્વજ્ઞસ્વભાવી છો ને પ્રભુ! અહાહા...! તારું સ્વરૂપ જ જ્ઞ-સ્વભાવ સર્વજ્ઞસ્વભાવ છે. અહા! એનાં જ્ઞાન-શ્રદ્ધાન કરે નહિ અને રાગને ભલો જાણી એમાં રોકાઈ રહે એ તો સ્વ-પરના ભેદવિજ્ઞાન માટે અયોગ્યતા છે. અહા! આ રીતે અભવિ જીવ ભેદવિજ્ઞાન માટે સદાય અયોગ્ય છે.

હવે કહે છે- 'માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...'

જુઓ, રાગથી ને વિકારથી છૂટવારૂપ નિમિત્ત જડકર્મ છે, અને જડકર્મના છૂટવાના નિમિત્તરૂપ જ્ઞાનની પરિણતિ છે. કર્મ છૂટે છે એ તો એના કારણે, એ કર્મને છૂટવામાં જ્ઞાનની પરિણતિ નિમિત્ત છે. અહાહા...! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એના શુદ્ધ જ્ઞાનમાત્ર પરિણામ તે ભૂતાર્થ-સત્યાર્થ ધર્મ છે. અહીં 'ભૂતાર્થ' એટલે ત્રિકાળીની વાત નથી, પણ ત્રિકાળી ભૂતાર્થ ભગવાન આત્માના આશ્રયે જે આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન પ્રગટ થાય તેને ભૂતાર્થ ધર્મ કહ્યો. અહા! અભવ્ય જીવ આ ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી. તો કોને શ્રદ્ધે છે? તો કહે છે-

તે ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે.

જોયું? શિષ્યનો પ્રશ્ન હતો ને કે-અભવ્ય જીવ આવું આવું (વ્રત, તપ આદિ) બધું કરે છે તો શું તેને ધર્મનું શ્રદ્ધાન નથી? આ એનો ખુલાસો કરે છે કે એને અભૂતાર્થ નામ જૂઠા ધર્મનું શ્રદ્ધાન છે. ખૂબ ગંભીર વાત પ્રભુ! શું કહે છે? કે ભોગના નિમિત્તરૂપ જે દયા, દાન, વ્રત, તપ આદિ પુણ્યના ભાવ તેને ધર્મ માનીને તેની તે શ્રદ્ધા કરે છે. એને અહીં અભૂતાર્થ એટલે જૂઠો ધર્મ કહ્યો છે કેમકે એના ફળમાં ભોગ મળે છે, પણ આત્મા નહિ. અહા! એ અભૂતાર્થ ધર્મના નિમિત્તે પુણ્ય બંધાય ને પુણ્યકર્મના ઉદયમાં ભોગ મળે પણ આત્મા નહિ-એમ કહે છે. સમજાણું કાંઈ...?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાુઓ, શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ આત્માના આશ્રયે જે જ્ઞાનમાત્ર પરિણામ ઉપજે તે કર્મથી-સંસારથી છૂટવામાં નિમિત્ત છે, તેથી તેને ભૂતાર્થ એટલે સત્યાર્થ ધર્મ કહ્યો, અને જે પરના આશ્રયે શુભકર્મમાત્ર પરિણામ થાય તે બંધમાં ને ભોગમાં નિમિત્ત છે તેથી તે અભૂતાર્થ-જાૂઠો ધર્મ છે એમ કહ્યું. હવે એમાં અભવિ જીવ શુભકર્મમાત્ર અભૂતાર્થધર્મને જ શ્રદ્ધે છે, પણ સત્યાર્થ ધર્મને શ્રદ્ધતો નથી.

એક જણે આ સાંભળીને કવિતાની કડી રચી હતી કેઃ-

"શુભભાવે પુણ્યબંધ છે, ધરમ શુદ્ધ-પરિણામ<br>
પુણ્ય કર્મથી ભોગ ને, ધરમથી મુક્તિધામ."

અહાહા...! શુભભાવ છે તે નિશ્ચયથી અશુદ્ધભાવ છે અને તે ભોગનું નિમિત્ત જે પુણ્યકર્મ તેનું નિમિત્ત છે. અભવ્ય જીવ ભોગનું નિમિત્ત જે પુણ્યકર્મ તેનું કારણ જે શુભભાવ તેને ધર્મ માની તેનું શ્રદ્ધાન કરે છે પણ સત્યાર્થ ધર્મને શ્રદ્ધતો નથી. અહાહા...! પુણ્ય-પાપથી ભિન્ન ચિદાનંદઘન પ્રભુ આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાન અને રમણતા તે જ્ઞાનમાત્ર શુદ્ધ પરિણામ સત્યાર્થ ધર્મ છે. અભવ્ય જીવ તેને શ્રદ્ધતો નથી.

કેવા છે તે જ્ઞાનમાત્ર શુદ્ધ પરિણામ? તો કહે છે-કર્મ ખરવામાં નિમિત્ત છે. અહાહા...! કેટલી વાત કરે છે? એ શુદ્ધ પરિણામ એણે કર્યા માટે શું કર્મ ખરી પડયાં છે? ના; એમ નથી હોં; એ તો કર્મનો ખરવાનો સ્વકાળ છે. કર્મ તો એના કારણે સ્વકાળે ખર્યાં છે, ત્યારે આના શુદ્ધ પરિણામ-જ્ઞાનમાત્ર પરિણામ એમાં નિમિત્ત છે, બસ. નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરે છે એમ નહિ. આમાં લોકોને વાંધા છે. પણ ભાઈ! જો નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરે તો નિમિત્ત રહે જ નહિ. (બન્ને એક થઈ જતાં નિમિત્તનો લોપ થઈ જાય).

એ તો પં. શ્રી કૈલાશચંદ્રજી (કાશીવાળા) એ પત્રમાં (જૈન સંદેશમાં) લખ્યું છે કે-સોનગઢવાળા નિમિત્તનો નિષેધ કરતા નથી, પણ નિમિત્તને કર્તા માનતા નથી. એ એમ જ છે ભાઈ! આ તો વસ્તુસ્થિતિની મર્યાદા છે; એમાં કોઈનો પક્ષ ચાલે નહિ. આ તો વીતરાગનો મારગ બાપા! આ કોઈ પક્ષનો મારગ નથી.

અહીં કહે છે-એ (-અભવ્ય) ભૂતાર્થ ધર્મને નથી શ્રદ્ધતો. ભૂતાર્થ એટલે જ્ઞાનમાત્ર ભાવ કીધો ને? જ્ઞાનમાત્ર ભાવ એ ભૂતાર્થ-સાચો ધર્મ છે. અહાહા...! 'જ્ઞાનમાત્ર' એટલે વસ્તુ જે એક જ્ઞાયકભાવ એકલા ચૈતન્યનું બિંબ અંદર સચ્ચિદાનંદ સ્વરૂપે ત્રિકાળ વિરાજમાન છે તેનાં જ્ઞાન-શ્રદ્ધાન અને તેમાં જ લીનતા-રમણતા થવારૂપ ભાવને અહીં જ્ઞાનમાત્ર કહ્યો છે. એમાં રાગ નથી માટે જ્ઞાનમય કહ્યો છે.

કોઈને થાય કે 'જ્ઞાનમાત્ર' કહ્યો તો શ્રદ્ધાન અને ચારિત્ર ક્યાં ગયાં?

એમ નહિ ભાઈ! અંદર આત્મા જે શુદ્ધ ચિદ્રૂપ ત્રિકાળ ધ્રુવ એક જ્ઞાયકભાવરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે તેના સન્મુખની શ્રદ્ધા, તેના સન્મુખનું જ્ઞાન અને તેમાં જ રમણતા-એ ત્રણેની એકરૂપતાને અહીં 'જ્ઞાનમાત્ર' કહ્યો છે. રાગના અભાવરૂપ એટલે જ્ઞાનમાત્ર એમ અર્થ છે. આવી વ્યાખ્યા! સમજાણું કાંઈ...?

તે ભોગના નિમિત્તરૂપ 'શુભકર્મમાત્ર' અભૂતાર્થ ધર્મને શ્રદ્ધે છે. હવે આમાં કર્મ એટલે જડ કર્મ એમ કેટલાક અર્થ કરે છે, પણ એમ નથી ભાઈ! પુણ્ય-પાપ અધિકારમાં આવી ગયું છે કે વ્રત, તપ, શીલ, નિયમ-એ બધાં શુભકર્મ છે. શુભકર્મ એટલે શુભરાગરૂપ વિકલ્પ એમ અહીં અર્થ છે. એ બંધનું કારણ છે તેથી તેને અભૂતાર્થ-જૂઠો ધર્મ કહ્યો છે. અહા! વ્રત, તપ, શીલ આદિનો શુભભાવ જૂઠો ધર્મ છે અર્થાત્ ધર્મ નથી. આવી વાત છે!

**પ્રશ્નઃ-** હા, પણ એ તો સોનગઢવાળા કહે છે ને?

**ઉત્તરઃ-** ભાઈ! આ તો આચાર્ય-મુનિવર કહે છે ને? અને મુનિવર કહે છે એ સર્વજ્ઞે કહેલું કહે છે. અહીં તો એનો અનુવાદ-અનુ એટલે અનુસરીને વાદ નામ કથન-થાય છે. કોઈને એ ન બેસે એટલે વિરોધ કરે પણ શું થાય? સૌ સ્વતંત્ર છે; એના પરિણામમાં જેવું બેઠું હોય તેવું કહે ને? કહ્યું છે ને કે-

"જામેં જિતની બુદ્ધિ હૈ, ઈતનો દિયો બતાય;
વાંકો બુરો ન માનિયે, ઓર કહાંસે લાય."

કોઈને ન બેસે ને વિરોધ કરે તો એના પરિણામ એનામાં છે; એ પ્રત્યે વિરોધ-વેરની ભાવના ન હોય. 'सत्त्वेषु मैत्री'. અમને તો સર્વ પ્રતિ મૈત્રીભાવ છે. વિરોધ કરે તોય એ સત્ત્વ-જીવ છે ને? અંદર આનંદઘન પ્રભુ ભગવાન છે ને? અહાહા...! બધા અંદર સ્વરૂપથી ભગવાન છે, સાધર્મી છે. અમને તો મૈત્રીભાવ છે. અમને કોઈનાય પ્રતિ અનાદરની ભાવના છે નહિ. પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ આવું છે એ સાંભળીને કોઈને ઓછું આવે (દુઃખ લાગે) તો એ તો એના પરિણામ સ્વતંત્ર છે.

તે (-અભવ્ય) જૂઠા ધર્મને શ્રદ્ધે છે. જૂઠો ધર્મ એટલે? એટલે કે આ વ્રત, તપ, ભક્તિ આદિ શુભ પરિણામને ધર્મ માને તે જૂઠો ધર્મ છે. વ્યવહારના પક્ષવાળાને આ ખટકે છે એટલે પોકારી ઉઠે છે કે-આ સોનગઢવાળા કહે છે.

પણ જો ને બાપા! આ (-શાસ્ત્ર) શું કહે છે? ભાઈ! આ કોઈના અનાદરની વાત નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે. અહીં તો એનો અનુવાદ-અનુસરીને કથન-કરવામાં આવે છે.

હા! પણ શું થાય? એણે ઓલું માન્યું છે ને? કે આ વ્રત, તપ આદિ કરીએ છીએ તે ધર્મ છે અને એનાથી મોક્ષ થશે; તેથી આ આકરું લાગે છે. પણ બાપુ! એ ધર્મ

નહિ ને! ધર્મનું કારણેય નહિ. અહા! એવું તો અભવ્ય પણ અનંતવાર કરે છે તોય તેને એકેય ભવ ઘટતો નથી. સમજાણું કાંઈ...!

અહા! અભવ્ય જીવ શુભકર્મમાત્ર અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે. હવે કહે છે- 'તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન, પ્રતીતિ, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.'

જોયું! સત્યાર્થ ધર્મનાં રુચિ ને સ્પર્શનને બદલે તે શુભરાગને ધર્મ માનવારૂપ જૂઠા ધર્મનાં શ્રદ્ધાન, રુચિ ને સ્પર્શન અર્થાત્ વેદનથી, અનુભવનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે. અહીં સીધું શુભરાગના પરિણામથી ભોગને પામે છે એમ લીધું છે. વાસ્તવમાં પરિણામ છે તે નવા કર્મબંધમાં નિમિત્ત છે. અને કર્મનો ઉદય ભોગ મળવામાં નિમિત્ત છે. ઉપાદાન તો સૌ-સૌનું સ્વતંત્ર છે. અહા! શુભરાગના સ્પર્શન-અનુભવનથી તે નવમી ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે, પણ કદાપિ કર્મથી છૂટતો નથી. જોયું? શુભભાવ છે તે ચૈતન્ય ભગવાનથી વિરુદ્ધ ભાવ છે; એને ધર્મ માની આચરનાર કોઈ કાળે પણ કર્મથી છૂટતો નથી.

ત્યારે કોઈ પંડિત વળી કહે છે-કોઈને શુભભાવથી શુદ્ધભાવ થાય એમ કહો, એટલો સુધારો કરો. એમ કે વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવથી કોઈને ધર્મ થાય એમ કહો.

અરે ભાઈ! અહીં શું કહે છે આ? અહીં તો કહે છે-વ્રતાદિને ધર્મ માને પણ તે જૂઠો ધર્મ છે અને એના સ્પર્શનથી તે કદાપિ કર્મથી છૂટતો નથી. આ નિયમ છે કે શુભભાવના આચરણથી ભોગ મળે પણ એનાથી ધર્મ ન થાય.

કહે છે- 'તે ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે .' જોયું? 'ભોગમાત્ર' શબ્દથી શું કહેવું છે? કે એને ભોગ-સામગ્રી તો નવમા ગ્રૈવેયક સુધીની અહમિંદ્રની મળશે પણ જેનાથી આત્મપ્રાપ્તિ થાય તે ધર્મ નહિ મળે. અહા! ટીકાના એક એક શબ્દમાં કેટકેટલું ભર્યું છે? શુભકર્મમાત્ર જૂઠા ધર્મના શ્રદ્ધાન-સ્પર્શનથી તે-

-ભોગમાત્રને પામે છે, ધર્મ નહિ એક વાત, અને

-કદાપિ કર્મથી છૂટતો નથી-એ બીજી વાત.

અહા! શુભભાવને તે ધર્મ માને છે તે મિથ્યાદર્શન છે અને એ શુભના આચરણથી એને ભોગ મળે છે પણ કદીય ધર્મ થતો નથી, સંવર-નિર્જરા થતાં નથી. આવી વાત છે.

બાપુ! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. એ શુભભાવથી મળતી નથી. શુભભાવ કારણ ને સમ્યગ્દર્શન કાર્ય એમ ત્રણકાળમાં છે નહિ. અંદર ત્રિકાળી ભગવાન ચિન્માત્ર વસ્તુ કારણ પરમાત્મા પ્રભુ પોતે છે-એ એકના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય

છે. અહો! સમયસારમાં અમૃત-પરમામૃત ઘોળ્યાં છે. આચાર્યદેવે જે (પોતાનો) ભાવ-સ્વરૂપ છે તેનું એમાં ઘોલન કર્યું છે.

હવે કહે છે- 'તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.'

એ ભૂતાર્થ ધર્મ કોણ? અહા! જેમાં આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાન ને રમણતા પ્રગટ છે એવો જ્ઞાનમાત્ર ભાવ તે ભૂતાર્થ ધર્મ છે. જેમાં શુભરાગની ગંધેય નથી એવો જ્ઞાનમાત્ર ભાવ તે ભૂતાર્થ ધર્મ છે. અભવ્યને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનનો અભાવ છે તેથી કહે છે કે તેને સમ્યક્ શ્રદ્ધાન પણ નથી.

પહેલાં કીધું કે-તેને અગિયાર અંગનું જ્ઞાન હોય તોય આત્મજ્ઞાનનો અભાવ હોવાથી સમ્યક્ જ્ઞાન નથી. હવે અહીં કહે છે-તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનનો અભાવ હોવાથી સાચું શ્રદ્ધાનેય નથી. તેને જેમ જ્ઞાન નથી તેમ શ્રદ્ધાન પણ નથી.

હવે કહે છે- 'આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.'

જુઓ, આ સિદ્ધાંત નક્કી કર્યો. 'આમ હોવાથી' -એટલે શું? અગિયાર અંગનું જ્ઞાન હોય તોય આત્મજ્ઞાન વિના જ્ઞાન નહિ અને શુભાચરણથી ધર્મ છે એમ માનનારને (સાચું) શ્રદ્ધાન નહિ, ધર્મ નહિ-આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.

લ્યો, આ સિદ્ધાંત કહે છે કે-નિશ્ચય વડે વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.

ત્યારે એ કહે છે-તમે નિષેધ કેમ કરો છો?

ભાઈ! તને વ્યવહારથી ધર્મ થાય એમ પક્ષ થઈ ગયો છે પણ આ તારા હિતની વાતુ કહીએ છીએ. ભાઈ! તું માને છે એમ વસ્તુસ્વરૂપ નથી. શું થાય? વસ્તુની સ્થિતિ આ છે કે આત્મસન્મુખતાના-સ્વ-આશ્રયના ભાવ વિના જેટલાં વ્રત, તપ આદિ છે તે બધાયનું ફળ સંસાર જ છે. એનાથી સંસાર ફળે પણ મુક્તિ ન થાય. હવે આમાં તને ઓછું આવે (ખોટું લાગે) પણ શું થાય ભાઈ!

મોક્ષમાર્ગપ્રકાશકમાં છે કે-દારૂ પીનારને દારૂનો નિષેધ કરીએ તો ખોટું લાગે તેમ પુણ્યની-વ્યવહારની રુચિવાળાને વ્યવહારનો નિષેધ કરીએ એટલે ખોટું લાગે. પણ આ હિતની વાત છે ભાઈ! આ સિવાય બીજી કઈ એવી સાચી પ્રરૂપણા છે કે સૌને સારી લાગે? મારગ તો આવો છે પ્રભુ! કે નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.

ત્યારે એ કહે છે-આવું કહેશો તો કોઈ શુભભાવ કરશે નહિ.

**સમાધાનઃ-** ભાઈ! તને ખબર નથી; પણ એને શુભભાવ આવ્યા વિના રહેશે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. એના ક્રમમાં તે જરૂર આવશે; જ્ઞાનીનેય આવશે ને અજ્ઞાનીનેય આવશે. પણ બેની માન્યતામાં ફેર છે. એક (-જ્ઞાની) એને હેય માને છે ત્યારે બીજો (-અજ્ઞાની) એને ઉપાદેય સ્થાપે છે. બેની માન્યતામાં મહાન અંતર!

શુભભાવ નહિ આવે? અહા! મુનિરાજને પણ પંચમહાવ્રતાદિના ભાવ આવે છે. પણ એને કરવા ક્યાં છે? એને એ કર્તવ્ય ક્યાં માને છે? એને તો એ બંધરૂપ જાણી હેય માને છે. બાપુ! જે શુભભાવ આવે છે તેને હેયપણે માત્ર જાણવા એ જુદી વાત છે અને એને ધર્મ વા ધર્મનું કારણ જાણી કરવા એ જુદી વાત છે. તું શુભાચરણને ચારિત્ર-ધર્મ માને છે પણ એ ચારિત્ર-ધર્મ છે જ નહિ. એને તો અહીં જૂઠો ધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ...? માટે નિશ્ચય વડે-સ્વસ્વરૂપના આશ્રય વડે-વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.

## * ગાથા ૨૭૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી તે કર્મફળચેતનાને જાણે છે પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી;...'

જોયું? રાગ ને જ્ઞાન (-આત્મા) બન્ને ભિન્ન છે. તેને ભિન્ન જાણી, બેનો ભેદ કરવાની યોગ્યતા અભવ્યને નથી. અહો! ભેદવિજ્ઞાન અલૌકિક ચીજ છે. કળશમાં આવે છે ને કે-

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।। १३१।।

અહા! જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે; અને જે કોઈ બંધાયા છે તે ભેદવિજ્ઞાનના અભાવથી જ બંધાયા છે. અહો ભેદજ્ઞાન! એની પ્રગટતા થતાં જીવ મુક્તિ પામે ને એના અભાવે સંસારમાં બંધાયેલો રહે. અહા! ભેદજ્ઞાનનો અભાવ છે તે જ બંધન છે. રાગ ને જ્ઞાનને એક માની પ્રવર્તે તે બંધન છે, સંસાર છે.

અહીં કહે છે-અભવ્ય જીવ કર્મફળચેતનાને જાણે છે પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી. અહા! તે શુભકર્મ અને એનું ફળ બહારમાં જે ભોગ મળે તેને જાણે છે, શ્રદ્ધે છે પણ કર્મચેતનાથી ભિન્ન અંદર નિર્મળાનંદનો નાથ ચૈતન્યમહાપ્રભુ છે તેની એકાગ્રતારૂપ જે જ્ઞાનચેતના તેને જાણતો નથી. અહા! તે રાગ ને રાગના ફળને જાણે છે પણ સદા અરાગી ભગવાન આત્મા અને એની એકાગ્રતા અરાગી શાંતિને તે જાણતો નથી.

શું કીધું? કે ભગવાન આત્મા પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ એક ચિદ્રૂપ જ્ઞાનરૂપ છે. અહાહા...! જાણવું-જાણવું-જાણવું એવો એક જેનો સ્વભાવ છે એવો તે જ્ઞાનસ્વરૂપ છે. એની એકાગ્રતા તે જ્ઞાનચેતના અર્થાત્ સત્યાર્થ ધર્મ છે. તેને એ (-અભવ્ય, મિથ્યાદૃષ્ટિ)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જાણતો નથી અને દયા, દાન, વ્રત આદિ રાગની એકાગ્રતા ને એના ફળમાં મળતા સંયોગને તે જાણે છે. અનાદિથી એવો મહાવરો છે ને? પં. શ્રી બનારસીદાસકૃત 'પરમાર્થવચનિકા' માં આવે છે કે-મૂઢ જીવને આગમપદ્ધતિ સુગમ છે તેથી તે કરે છે, પણ અધ્યાત્મપદ્ધતિને તે જાણતોય નથી. શું કીધું? કે આ વ્રત, તપ, શીલ ઇત્યાદિમાં સાવધાનપણું તે આગમપદ્ધતિ છે અને તે એને ચિરકાળથી સુગમ હોવાથી કરે છે, અને એમાં સંતોષાઈ જાય છે પણ સ્વસ્વરૂપમાં-શાશ્વત ચૈતન્યબિંબ પ્રભુ આત્મામાં-એકાગ્રતારૂપ અધ્યાત્મવ્યવહારને તે જાણતો પણ નથી. અહાહા...! વસ્તુ ત્રિકાળી ભગવાન તે નિશ્ચય છે અને એના આશ્રયે જે પરિણતિ થાય તે અધ્યાત્મ-વ્યવહાર છે; તેને અહીં જ્ઞાનચેતના કહે છે. અહા! અભવિ જીવ જ્ઞાનચેતનાને જાણતો જ નથી; માત્ર કર્મફળચેતનાને જ જાણે છે. આવી વાત છે!

હવે કહે છે- 'તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.'

શું કહે છે? કે વસ્તુ જે એક જ્ઞાયકસ્વભાવમય આત્મા એની એકાગ્રતારૂપ જ્ઞાનચેતના એને તે જાણતો નહિ હોવાથી તે શુદ્ધ આત્મિક ધર્મને જાણતો નથી. અહાહા...! જ્ઞાનચેતના એ શુદ્ધ આત્મિક ધર્મ છે, સત્યાર્થ ધર્મ છે. ધીમે ધીમે સમજવું બાપા! પૂર્વે કોઈ દિ' કર્યું નથી એટલે કઠણ લાગે છે પણ સત્ય જ આ છે. અહા! તે જ્ઞાનચેતનાને જાણતો નથી તેથી તેને શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન નથી.

હવે કહે છે-તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે પરંતુ કર્મનો ક્ષય થતો નથી.'

જુઓ, 'શુભકર્મ' શબ્દે અહીં જડકર્મ નહિ પણ શુભભાવ, પુણ્યભાવની વાત છે. શુભભાવ રૂપ કર્મચેતનાને અહીં શુભકર્મ કહ્યું છે. ૧૫૪ માં આવે છે કે- 'વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મો;' જુઓ, છે કે નહિ અંદર? ગાથા ૧૫૩ ના ભાવાર્થમાં પણ છે કે- 'વ્રત, નિયમ, શીલ, તપ આદિ શુભભાવરૂપ શુભકર્મો.' ગાથા ૧૫૬ ની ટીકામાં આવે છે કે- 'પરમાર્થ મોક્ષહેતુથી જુદો, જે વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ કેટલાક લોકો માને છે, તે આખોય નિષેધવામાં આવ્યો છે.' મતલબ કે શુભકર્મ શુભભાવરૂપ આચરણને તે ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે.

વાસ્તવમાં વ્રત, તપ આદિ શુભકર્મ કાંઈ સદાચરણ (સત્‌નું આચરણ) નથી, પણ અસદાચરણ (જૂઠું આચરણ) છે. અહાહા...! ત્રિકાળી સત્ શાશ્વત ચિદાનંદ પ્રભુ અંદર છે એમાં એકાગ્રતા-લીનતા તે સદાચરણ છે, બાકી શુભભાવ કાંઈ સદાચરણ નથી, ધર્મ નથી. અહા! અભવિ જીવ એને (-શુભકર્મને) જ ધર્મ જાણી શ્રદ્ધાન કરે છે.

અહા! જુઓ, અજ્ઞાનીને એકલી કર્મધારા છે, ભગવાન કેવળીને એકલી જ્ઞાનધારા છે, અને જ્ઞાનીને જ્ઞાનધારા ને કર્મધારા બન્ને હોય છે. જ્ઞાનીને જ્ઞાનમય પરિણમન

છે, પણ દશામાં જ્ઞાનીને પૂર્ણતા નહિ હોવાથી, અથવા દ્રવ્યનો પૂર્ણ આશ્રય નહિ હોવાથી કમજોરીમાં શુભભાવ આવ્યા વિના રહેતો નથી. તેથી જ્ઞાનીને જ્ઞાનધારા ને કર્મધારા બન્ને હોય છે. તેમાં જ્ઞાનધારા છે તે ધર્મ છે ને કર્મધારા તે અધર્મ છે. 'આત્માવલોકન' માં છે કે જ્ઞાનીને ધર્મ ને અધર્મ બેય છે તે આ રીતે. હવે આમાં લોકો રાડ નાખે છે; પણ એમાં રાડ નાખવા જેવું છે શું? વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે, ને રાગ વસ્તુસ્વભાવથી વિરુદ્ધ ભાવ છે તેથી તે અધર્મ છે. ન્યાયથી તો વાત છે. પણ આદત છે ને? ભેદવિજ્ઞાનની અયોગ્યતા છે ને? તેથી તે શુભકર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે, અને એના ફળમાં ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે. પરંતુ તેને કર્મક્ષય થતો નથી.

કર્મક્ષય કયાંથી થાય? શુભકર્મ છે તે બંધભાવ છે; એનાથી એને બંધન થાય, પણ કર્મક્ષય કયાંથી થાય?

ત્યારે એ કહે છે-એથી પાપ ઘટે ને પુણ્ય વધે છે.

પણ બાપુ! એ તો બધું કર્મ (બંધન) જ છે; એમાં કર્મક્ષય કયાંય નથી.

'આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.'

અહાહા...! શુભકર્મમાત્ર જૂઠા ધર્મનું શ્રદ્ધાન એને છે ને કર્મક્ષયનું નિમિત્ત એવા શુદ્ધ આત્મિકધર્મનું એને શ્રદ્ધાન નથી તેથી એને શ્રદ્ધાન જ નથી એમ કહે છે. એમ કે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન જ શ્રદ્ધાન છે, પણ તે એને છે નહિ માટે તેને શ્રદ્ધાન જ નથી આવી વાત છે!

'આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.'

જોયું? અભવ્યને વ્યવહારનયનો આશ્રય છે. તે અગિયાર અંગ સુદ્ધાં ભણે છે ને ભગવાને કહેલાં વ્રતાદિ પાળે છે, પણ તેને નિશ્ચય જ્ઞાન-શ્રદ્ધાન હોતાં નથી. વ્યવહારનયનો આશ્રય હોવાથી એને સાચાં જ્ઞાન-શ્રદ્ધાન થતાં નથી. માટે અહીં કહે છે- નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે. સ્વસ્વરૂપના આશ્રય વડે વ્યવહારનો- રાગનો નિષેધ કરવો યોગ્ય જ છે-એમ કહે છે. સમજાણું કાંઈ...?

પંડિત જયચંદજી હવે કહે છે કે- 'અહીં એટલું વિશેષ જાણવું કે-આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે.'

અભવ્યને અનુભવ-વેદન વિકારનો છે અને જ્ઞાનીને અનુભવ શુદ્ધ ચૈતન્યનો છે. હેતુ એટલે ન્યાયથી-યુક્તિથી અનુભવપ્રધાન અહીં વાત કરી છે.

'હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો-અભવ્યને વ્યવહારનયના

પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો, માત્ર સર્વજ્ઞદેવ જાણે છે.'

જોયું? અભવિને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ આશય રહી જાય છે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો.' 'નથી જ' હોતો એમ નહિ, પણ કોઈ સૂક્ષ્મ લક્ષવાળાને હોય પણ છે એમ કહેવું છે. સૂક્ષ્મ લક્ષ ન પહોંચે તો અનુભવમાં ન આવે એટલે એ કેવળીગમ્ય સૂક્ષ્મ છે એમ કહ્યું. સમજાણું કાંઈ...?

'માત્ર સર્વજ્ઞદેવ જાણે છે' -એટલે ભગવાન સર્વજ્ઞ વિશેષ સ્પષ્ટ જાણે છે.

પંચાધ્યાયીમાં એમ લીધું છે કે-સમ્યગ્દર્શનને ભગવાન કેવળી જાણી શકે છે. ત્યાં તો એ અવધિ, મનઃપર્યય કે મતિજ્ઞાનનો વિષય નથી એમ કહેવું છે. અહીં વેદનની અપેક્ષાએ વાત છે. અનુભૂતિની સાથે અવિનાભાવી સમકિત હોય છે તો અનુભૂતિની સાથે સમકિતનું જ્ઞાન પણ થાય, સમકિતને એ બરાબર જાણી શકે. અનુભૂતિ એ જ્ઞાનનું-વેદનનું સ્વરૂપ છે અને સમકિત શ્રદ્ધાનનું. બેયને અવિનાભાવી ગણતાં અનુભૂતિથી સમકિતનો નિર્ણય બરાબર થઈ શકે. અનુભૂતિ વિના સીધું સમકિતને જાણી શકે એમ નહિ-પંચાધ્યાયીકારનું એમ કહેવું છે. પણ અનુભૂતિમાં સમકિતને ન જાણી શકાય એમેય નહિ. આવી વાત છે!

હવે કહે છે- 'એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે. અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય કદી પણ મટતો જ નથી.'

જોયું? વ્યવહાર હોય એ જુદી વાત છે, અને વ્યવહારનો પક્ષ હોય એ જાુદી વાત છે. વ્યવહાર તો જ્ઞાનીને-મુનિરાજને પણ હોય છે, પણ એનો પક્ષ એને કદીય હોતો નથી. વ્યવહારનો પક્ષ હોય એ તો ભાઈ! સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ છે. જોયું? વ્યવહારથી ધર્મ થાય એમ માને એ સર્વથા એકાંત મિથ્યાત્વ છે. એમ કહે છે. અભવિને આ વ્યવહારનયનો પક્ષ કદીય મટતો નથી તેથી, સંસારનું પરિભ્રમણ સદા ઊભું જ રહે છે. ભાઈ! જ્યાં સુધી વ્યવહારનો પક્ષ છે ત્યાં સુધી સંસાર ઊભો જ રહે છે. આવી વ્યાખ્યા!

અહા! મારગને જાણીને સ્વરૂપનું લક્ષ ન કરે તો ચોર્યાસીના અવતારમાં કષાયની અગ્નિમાં બળી રહેલો એ દુઃખી છે. ભગવાન! આ સંયોગની ચમકમાં તું ભૂલી ગયો છે પણ જેમ દાંત કાઢે તોય સનેપાતીઓ અંદર દુઃખી છે તેમ અંદરમાં તું મિથ્યા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ એ ત્રણેના ત્રિદોષના સન્નિપાતરૂપ રોગથી પીડાઈ રહેલો દુઃખી જ છે. અહા! જ્યાં સુધી આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે ત્યાં સુધી આ બધા શેઠિયા, રાજાઓ ને દેવો સૌ દુઃખી જ છે. લ્યો, આવી વાત છે.

[ પ્રવચન નં. ૩૩૧ (શેષ) અને ૩૩૨ * દિનાંક ૨૩-૩-૭૭ અને ૨૪-૩-૭૭ ]

## ગાથા ૨૭૬-૨૭૭

**कीदृशौ प्रतिषेध्यप्रतिषेधकौ व्यवहारनिश्चयनयाविति चेत्-**

**आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।**
**छज्जीवणिकं च तहा भणदि चरित्तं तु ववहारो।। २७६।।**

**आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।**
**आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।। २७७।।**

आचारादि ज्ञानं जीवादि दर्शनं च विज्ञेयम्।
षड्जीवनिकायं च तथा भणति चरित्रं तु व्यवहारः।। २७६।।

आत्मा खलु मम ज्ञानमात्मा मे दर्शनं चरित्रं च।
आत्मा प्रत्याख्यानमात्मा मे संवरो योगः।। २७७।।

હવે પૂછે છે કે "નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય-તે બન્ને નયો કેવા છે?" એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છેઃ-

**'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,**
**ષટ્જીવનિકાય ચરિત છે, -એ કથન નય વ્યવહારનું. ૨૭૬.**

**મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,**
**મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.**

**ગાથાર્થઃ-** [आचारादि] આચારાંગ આદિ શાસ્ત્રો તે [ज्ञानं] જ્ઞાન છે, [जीवादि] જીવ આદિ તત્ત્વો તે [दर्शनं विज्ञेयम् च] દર્શન જાણવું [च] અને [षड्जीवनिकायं] છ જીવ-નિકાય તે [चरित्रं] ચારિત્ર છે- [तथा तु] એમ તો [व्यवहारः भणति] વ્યવહારનય કહે છે.

[खलु] નિશ્ચયથી [मम आत्मा] મારો આત્મા જ [ज्ञानम्] જ્ઞાન છે, [मे आत्मा] મારો આત્મા જ [दर्शनं चरित्रं च] દર્શન અને ચારિત્ર છે, [आत्मा] મારો આત્મા જ [प्रत्याख्यानम्] પ્રત્યાખ્યાન છે, [मे आत्मा] મારો આત્મા જ [संवरः योगः] સંવર અને યોગ (-સમાધિ, ધ્યાન) છે.

**ટીકાઃ-** આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે, જીવ આદિ નવ પદાર્થો દર્શન છે કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે, અને છ જીવ-નિકાય ચારિત્ર છે કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે વ્યવહાર છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, અને શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે નિશ્ચય છે. તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે-વ્યભિચારયુક્ત છે; (શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં, માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;) અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે. (શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.) આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છેઃ-

આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે; જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે; છ જીવ નિકાય ચારિત્રનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે; શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોનાં સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે; શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, કારણ કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે.

**ભાવાર્થઃ-** આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું, જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન કરવું તથા છ કાયના જીવોની રક્ષા-એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે; અને શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે, તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.

હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છેઃ-

( उपजाति )

**रागादयो बन्धनिदानमुक्ता-**
**स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।**
**आत्मा परो वा किमु तन्निमित्त-**
**मिति प्रणुन्नाः पुनरेवमाहुः।। १७४।।**

**શ્લોકાર્થઃ-** [ रागादयः बन्धनिदानम् उक्ताः ] "રાગાદિકને બંધનાં કારણ કહ્યા અને વળી [ ते शुद्ध–चिन्मात्र–महः–अतिरिक्ताः ] તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા; [ तद्–निमित्तम् ] ત્યારે તે રાગાદિકનું નિમિત્ત [ किमु आत्मा वा परः ] આત્મા છે કે બીજું કોઈ?" [ इति प्रणुन्नाः पुनः एवम् आहुः ] એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્યભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે. ૧૭૪.

* * *

## સમયસાર ગાથા ૨૭૬-૨૭૭ : મથાળું

હવે પૂછે છે કે-"નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય-તે બન્ને નયો કેવા છે? " એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છેઃ-

## * ગાથા ૨૭૬-૨૭૭ : ટીકા ઉપરનું પ્રવચન *

'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે, જીવ આદિ નવ પદાર્થો દર્શન છે કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે, અને છ જીવ' નિકાય ચારિત્ર છે કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે વ્યવહાર છે.'

જુઓ, અહીં આચારાંગ આદિ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલાં જૈનદર્શનનાં શાસ્ત્રોને નિમિત્તપણે લીધાં છે; અજ્ઞાનીઓએ કહેલાં નહિ. આચારાંગ આદિ શાસ્ત્ર શ્વેતાંબરમાં છે નહિ; એ તો ફક્ત નામ પાડયાં છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની ઓમ્‌ધ્વનિ અનુસાર રચાયેલાં શાસ્ત્રોની વાત છે. અહીં શું કહેવું છે? કે આચારાંગ આદિ શાસ્ત્રોનું જ્ઞાન તે વ્યવહાર છે અને તે નિષેધ કરવા લાયક છે.

શું કહે છે? કે આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે. એ શાસ્ત્રોના શબ્દોનું જ્ઞાન તે શબ્દશ્રુતજ્ઞાન કહેવાય છે કેમકે તે જ્ઞાનનો આશ્રય-હેતુ-નિમિત્ત શબ્દો છે. ઝીણી વાત બાપુ! આ આચારાંગ આદિ શબ્દો છે એ વ્યવહાર-જ્ઞાનનો આશ્રય-નિમિત્ત છે, તેથી તેને શબ્દશ્રુતજ્ઞાન વ્યવહારે કહીએ છીએ.

આ શબ્દશ્રુતજ્ઞાન છે તે વ્યવહાર છે. તે નિષેધ્ય છે એમ કહેવું છે. જે જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા આશ્રય-નિમિત્ત ન હોય અને શબ્દશ્રુત નિમિત્ત હોય એવું શબ્દશ્રુતજ્ઞાન નિષેધ કરવા લાયક છે એમ કહે છે. હવે કહે છે-

જીવ આદિ નવ પદાર્થો દર્શન છે. શું કીધું? જેમ શબ્દશ્રુત જ્ઞાન છે તેમ જીવાદિ પદાર્થ તે દર્શન છે. કેમકે જીવાદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય-નિમિત્ત-હેતુ છે, માટે નવ પદાર્થો દર્શન છે. એ વ્યવહાર છે. આ વ્યવહાર દર્શન નિષેધવા લાયક છે એમ અહીં કહેવું છે. ભાઈ! આમાં હવે પોતાની મતિ-કલ્પના ન ચાલે, પણ શાસ્ત્રનો શું અભિપ્રાય છે તે યથાર્થ સમજવું જોઈએ. અહા! કુંદકુંદ આદિ આચાર્યવરોએ નિશ્ચય અંતરંગ વસ્તુ આત્મા ને બાહ્ય પદાર્થોની સ્પષ્ટ વહેંચણી (-વિભાગ) કરી નાખી છે.

'જીવાદિ નવ પદાર્થો...' લ્યો, એમાં સંવર, નિર્જરા, મોક્ષ આવ્યા કે નહિ! હા, પણ ભેદવાળા આવ્યા ને? તેથી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે, કારણ કે તે નવ પદાર્થો દર્શનનો આશ્રય છે. વ્યવહાર શ્રદ્ધાન-વ્યવહાર સમકિતનું નવ પદાર્થ નિમિત્ત આશ્રય-હેતુ-કારણ છે, માટે નવ પદાર્થ વ્યવહારે દર્શન છે. આવી વાત છે!

તો પછી 'तत्त्वार्थश्रद्धानम् सम्यग्दर्शनम्' એમ તત્ત્વાર્થસૂત્રમાં આવે છે ને?

હા, ત્યાં એ નિશ્ચય સમકિતની વાત છે. નવ ભેદરૂપ પદાર્થોથી ભિન્ન શુદ્ધનયના બળ વડે પ્રાપ્ત અભેદ એકરૂપ જ્ઞાયકભાવમાત્ર વસ્તુ આત્માનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન-એમ નિશ્ચય સમ્યગ્દર્શનની ત્યાં વાત છે. સમજાણું કાંઈ...?

'जीवाजीवास्त्रवबंधसंवरनिर्जरामोक्षास्तत्त्वम'-એમ સૂત્રમાં તત્ત્વાર્થોનું કથન કરતાં એકવચન છે ને? એનો આશય જ આ છે કે-નવ ભેદ નહિ, પણ નવ ભેદની પાછળ છુપાયેલ અભેદ એક જ્ઞાયકજ્યોતિસ્વરૂપ આત્માનું દર્શન તે સમ્યગ્દર્શન છે. અહા! એ નિશ્ચય શ્રદ્ધાન પ્રગટ થતાં જે નવ ભેદરૂપ પદાર્થ છે તે જાણવાં લાયક રહી જાય છે, પણ શ્રદ્ધાન તો એકનું-શુદ્ધ આત્માનું જ છે. આવી વાત છે!

અહીં તો નવ ભેદ જે છે તે નવ પદાર્થો કહેવા છે ને? એક (આત્મા) નહિ, પણ જીવાદિ નવ પદાર્થો દર્શન છે એમ કીધું ને? અહા! એ વ્યવહાર સમ્યગ્દર્શન છે, કેમકે તેનો (દર્શનનો) આશ્રય-નિમિત્ત ભેદરૂપ નવ પદાર્થ છે. વ્યવહાર સમકિતનો વિષય-આશ્રય-હેતુ-આધાર નવ છે.

તો પછી લોકો વ્યવહાર-વ્યવહાર (એમ મહિમા) કરે છે ને?

બાપુ! અહીં તો એ નિષેધવા લાયક છે એમ કહે છે. આમ છે ત્યાં પ્રભુ! વ્યવહાર કારણ થાય ને એનાથી નિશ્ચયરૂપ કાર્ય થાય એ વાત ક્યાં રહી? અરે ભાઈ! અહીં તો તને સ્વ-આશ્રયનો-સ્વ-અવલંબનનો ઉપદેશ છે; એ જો તને ન ગોઠે અને પર-આશ્રયથી-પરાવલંબનથી લાભ થાય એમ તને ગોઠે તો એ તને ભારે નુકશાન છે ભાઈ! (એથી તો ચિરકાળ સુધી ચારગતિની જેલ જ થશે).

અહાહા...! અંદર ભગવાન એકરૂપ ચૈતન્યમહાપ્રભુ બિરાજે છે. એની વર્તમાન શ્રદ્ધામાં એને નવ પદાર્થ નિમિત્ત થાય છે તે વ્યવહાર શ્રદ્ધા છે, એ નિશ્ચય શ્રદ્ધા નામ સત્યાર્થ શ્રદ્ધાન નહિ. એને વ્યવહાર સમકિત કહો કે ઉપચાર સમકિત કહો કે ભેદરૂપ શ્રદ્ધાન કહો-બધી એક વાત છે. કેમકે નવ પદાર્થો દર્શનનો આશ્રય છે માટે નવ પદાર્થો દર્શન છે-એમ અહીં વ્યવહાર દર્શાવ્યો છે.

હવે કહે છે- 'છ જીવ-નિકાય ચારિત્ર છે.' અહા! ભાષા તો જુઓ! છ કાયના જીવનો સમૂહ તે ચારિત્ર છે એમ કહે છે. આ વ્યવહારચારિત્ર-પંચમહાવ્રતાદિના વિકલ્પની વાત છે.

તો પછી છ જીવ-નિકાય ચારિત્ર છે એમ કેમ કીધું?

કારણ કે એ વ્યવહારચારિત્રનો જે વિકલ્પ છે એનો આશ્રય છ જીવ-નિકાય છે. પંચ મહાવ્રતના પરિણામને ચારિત્ર ન કહેતાં એ પરિણામમાં છ જીવ-નિકાય નિમિત્ત છે તેથી છ જીવ-નિકાયને ચારિત્ર કીધું.

લ્યો, હવે એ ચારિત્ર ક્યાં ત્યાં (છ જીવ-નિકાયમાં) આવ્યું? ચારિત્ર તો અહીં (મહાવ્રતાદિના) પરિણામ-વ્યવહાર છે? પણ એ વ્યવહારના પરિણામનો આશ્રય-લક્ષ છ જીવ-નિકાય છે તેથી છ જીવ-નિકાય ચારિત્ર છે એમ કીધું છે.

અહા! જે એકેન્દ્રિય આદિ નથી માનતા એની તો અહીં વાત જ નથી. પણ આ તો નિગોદ સહિત એકેન્દ્રિય આદિ અનંતા અનંત છ કાયના જીવ છે એમ માને છે એની વાત કરી છે. તો કહે છે-છ જીવ-નિકાય ચારિત્ર છે, કારણ કે એનું વલણ છ કાયના જીવની અહિંસા-રક્ષા પર છે.

છ જીવ-નિકાયની અહિંસામાં તો એક અહિંસા મહાવ્રત જ આવ્યું?

હા, પણ એક અહિંસા મહાવ્રતમાં બીજાં ચારેય સમાઈ જાય છે. બીજાં ચાર વ્રતો છે તે અહિંસાની વાડો છે, એ અહિંસા મહાવ્રતમાં આવી જાય છે તેથી અહીં છ જીવ-નિકાયની અહિંસાની એક જ વાત લીધી છે. આ પ્રમાણે છ જીવ-નિકાય ચારિત્ર છે એમ વ્યવહારે વ્યવહારચારિત્ર કીધું.

એ પ્રમાણે વ્યવહાર છે. એમ કે આચારાંગ આદિ શબ્દશ્રુત જ્ઞાન છે, જીવાદિ નવ પદાર્થ દર્શન છે, છ જીવ-નિકાય ચારિત્ર છે-આ સર્વ વ્યવહાર છે. આ વ્યવહારની વ્યાખ્યા કરી. તે નિષેધવા યોગ્ય છે તે પછી કહેશે.

હવે નિશ્ચયની વાત કરે છે. શું કહે છે? કે-

'શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (-શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, અને શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે નિશ્ચય છે.'

શું કીધું? કે શુદ્ધ આત્મા જ્ઞાન છે કેમકે શુદ્ધ આત્મા જ્ઞાનનો આશ્રય છે. આ નિશ્ચયજ્ઞાન, સત્યાર્થજ્ઞાન, સમ્યગ્જ્ઞાનની વાત છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ કેમ કહ્યું? કેમકે શુદ્ધ આત્મા જ્ઞાનનો આશ્રય-નિમિત્ત છે. પહેલામાં (-વ્યવહારમાં) જેમ શબ્દશ્રુતજ્ઞાનમાં શબ્દો નિમિત્ત હતા તેમ અહીં જ્ઞાનમાં શુદ્ધ આત્મા નિમિત્ત-આશ્રય છે. અહા! સત્યાર્થ જ્ઞાન અર્થાત્ સમ્યગ્જ્ઞાનની પર્યાયનો આશ્રય-નિમિત્ત-હેતુ શુદ્ધ આત્મા છે. આવી વાત છે!

અહા! આ સર્વજ્ઞ પરમાત્માની ઓમ્ધ્વનિમાં આવેલી વાત છે કે-જે છ જીવ-નિકાયની શ્રદ્ધા છે, છ જીવ-નિકાયનું જ્ઞાન છે, છ જીવ-નિકાયના વલણવાળું ચારિત્ર છે-એ બધુંય વ્યવહાર છે. અહા! વીતરાગ પરમેશ્વરના માર્ગ સિવાય છ જીવ-નિકાયની વાત બીજે ક્યાંય નથી.

અહા! નિગોદનું એક શરીર એમાં અનંતા જીવ; અંગુલના અસંખ્યાત ભાગમાં અસંખ્ય ઔદારિક શરીર અને એક એક શરીરમાં અનંતા જીવ; અહા! આવો આખો લોક ભર્યો છે. અંદર સ્વભાવે ભગવાનસ્વરૂપ એવા અનંત-અનંત જીવોથી આખો લોક ભર્યો છે. પણ એ બધા (તારે માટે) પરદ્રવ્ય છે ભાઈ! તેથી છ કાયની શ્રદ્ધા વ્યવહાર છે, છ કાયનું જ્ઞાન વ્યવહાર છે અને છ કાયના લક્ષે મહાવ્રત પાળે એ વ્યવહાર છે.

હવે નિશ્ચય જ્ઞાનની વ્યાખ્યા કરતાં કહે છે-શુદ્ધ આત્મા જ્ઞાન છે કેમકે એ જ્ઞાનનો-નિશ્ચયજ્ઞાનનો હેતુ-આશ્રય શુદ્ધ આત્મા છે. ત્રિકાળી એક જ્ઞાયકમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ એ જ્ઞાનનો આશ્રય છે માટે તે સમ્યગ્જ્ઞાન છે.

જેમ વ્યવહાર જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત છે તેમ અહીં નિશ્ચયજ્ઞાનમાં ભગવાન આત્મા નિમિત્ત છે. 'आश्रयत्वात्' એમ પાઠમાં બેયમાં લીધું છે ને? અહીં શુદ્ધ આત્માના લક્ષે-આશ્રયે જે જ્ઞાન થયું તે થયું છે તો પોતાથી પણ એનું લક્ષ શુદ્ધ આત્મા છે એમ વાત છે. તેથી કીધું કે શુદ્ધ આત્મા જ્ઞાન છે. પાઠમાં છે ને? કે 'आदा खु मज्झ णाणं' નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે.

પહેલાં 'आयारादी णाणं' -એમ પાઠમાં ભેદથી કીધું. હવે અભેદથી કહે છે- 'आदा खु मज्झ णाणं' નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે, કેમકે આમાં જ્ઞાનનો આશ્રય શુદ્ધ એક આત્મદ્રવ્ય છે. ભાઈ! આમાં ભાષા તો સાદી છે, પણ ભાવ તો જે છે તે ઊંડો ગંભીર છે. સમજાય એટલું સમજો બાપુ! એ તો અપૂર્વ વાતુ છે.

અરે! અનંતકાળથી એણે જ્ઞાનનો આશ્રય પોતાના આત્માનો બનાવ્યો જ નથી. અગિયાર અંગનું જ્ઞાન કીધું, પણ જ્ઞાનનું કારણ-આશ્રય આત્માને કીધું નહિ. અરે ભાઈ! શુદ્ધ આત્માનો જેને આશ્રય છે તે સત્યાર્થ જ્ઞાન છે, વીતરાગી જ્ઞાન છે. બાકી શબ્દશ્રુતજ્ઞાન છે એ તો સરાગી જ્ઞાન છે, વિકલ્પરૂપ જ્ઞાન છે. એ તો કળશટીકામાં

(કળશ ૧૩ માં) આવ્યું ને કે-બાર અંગનું જ્ઞાન વિકલ્પ છે, એ કાંઈ અપૂર્વ ચીજ નથી. બાર અંગનું જ્ઞાન સમકિતીને જ થાય છે, પણ એ કાંઈ વિસ્મયકારી નથી કેમકે તે આશ્રય કરવા લાયક નથી; વાસ્તવમાં એમાં કહેલી શુદ્ધાત્માનુભૂતિ પ્રગટ કરવા લાયક છે અને તે ભગવાન આત્માના આશ્રયે જ થાય છે. સમજાણું કાંઈ...? અહો પહેલાંના પંડિતોએ કેવી અલૌકિક વાતો કીધી છે કે એનાં પેટ ખોલતાં સત્ય બહાર આવી જાય છે. ભાઈ! આ કાંઈ એકલી પંડિતાઈનું કામ નથી, આ તો અંતરની વાતુ બાપા!

અહા! જે જ્ઞાનમાં આત્મા હેતુ-કારણ-આશ્રય ન થાય તે જ્ઞાન જ્ઞાન જ નથી ભાઈ! જુઓ ને શું કહે છે? કે- 'आदा खु मज्झ णाणं' નિશ્ચયથી મારો આત્મા જ્ઞાન છે. અહાહા...! આત્મા અને જ્ઞાન બન્ને અભિન્ન છે!

તો પછી સમ્યગ્જ્ઞાનનો આત્મા આશ્રય-કારણ છે એમ કેમ કહ્યું?

ભાઈ! એનો આશય એમ છે કે-આત્મા ત્રિકાળી ધ્રુવ ભગવાન આખી ચીજ એમાં (જ્ઞાનની પર્યાયમાં) આવી જતી નથી પણ શુદ્ધ આત્મવસ્તુ પોતાના જ્ઞાનની પર્યાયમાં કારણ-આશ્રય થઈને તે જેવી-જેવડી છે તેનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે.. અહાહા...! જ્ઞાનનો આશ્રય-હેતુ શુદ્ધ આત્મા છે એટલે શું? એટલે કે જ્ઞાનની પર્યાયમાં અનંત-અનંત ગુણસામર્થ્યથી યુક્ત પરિપૂર્ણ પ્રભુ શુદ્ધ આત્મા જેવડો છે તેવો જણાય છે. તેને અહીં અભેદથી કહ્યું કે શુદ્ધ આત્મા જ્ઞાન છે. સમજાણું કાંઈ...? અહાહા...! શુદ્ધ આત્માનું જ્ઞાન થવામાં કારણ-આશ્રય શુદ્ધ આત્મા છે માટે કહ્યું કે શુદ્ધ આત્મા જ્ઞાન છે. હવે આવી વાત બીજે કયાં છે પ્રભુ?

ભાઈ! આ કાંઈ ખાલી પંડિતાઈની વાતો નથી. આ તો આત્માના જ્ઞાનની યથાર્થતા શું છે એની વાત છે. અહાહા...! આ યથાર્થ જ્ઞાન છે કે જે જ્ઞાનની પર્યાયમાં પરિપૂર્ણ ભગવાન આત્મા જણાય છે; પણ ભગવાન આત્મા પરિપૂર્ણ ત્રિકાળી પ્રભુ તે પર્યાયમાં આવતો નથી-તેથી શુદ્ધ આત્મા જ્ઞાનનો હેતુ-આશ્રય-નિમિત્ત કહ્યો. સમજાણું કાંઈ...? ભાઈ! શાસ્ત્રમાં આમ કહ્યું છે ને તેમ કહ્યું છે એમ બહારમાં તું ભટકયા કરે છે પણ શાસ્ત્રનો વાસ્તવિક આશય ભગવાન આત્માના જ્ઞાન વિના નહિ સમજાય.

ત્યારે કોઈ કહે છે-આ તો બધી નિશ્ચયની વાત છે. ચરણાનુયોગમાં વ્યવહાર પણ કહ્યો તો છે?

બાપુ! જે નિશ્ચય છે તે યથાર્થ છે, ને જે વ્યવહાર છે તે ઉપચાર છે. તું વ્યવહારને-ઉપચારને યથાર્થમાં ખતવી નાખે એ તો બાપુ! મિથ્યાજ્ઞાન થયું.

તો પંચાસ્તિકાય આદિ શાસ્ત્રોમાં સાધ્ય-સાધન કહ્યું છે ને? વ્યવહાર

સાધન ને નિશ્ચય સાધ્ય એમ કહ્યું છે ને? અહીં કહો છો-વ્યવહાર નિષેધ્ય છે; તો આ બે વાતનો મેળ શું છે?

સાંભળ ભાઈ! જ્યાં ભિન્ન સાધ્ય-સાધન કહ્યું છે ત્યાં અભૂતાર્થનયથી વ્યવહારથી ઉપચાર કરીને કહ્યું છે. જેમકે-અહીં 'શુદ્ધ આત્મા જ્ઞાન છે' એમ કહ્યું એ નિશ્ચય છે કેમકે જ્ઞાનનો આશ્રય શુદ્ધ આત્મા છે, ને શુદ્ધ આત્મા ને જ્ઞાન ભિન્ન ચીજ નથી. તેવી રીતે પહેલાં 'શબ્દશ્રુત જ્ઞાન છે' -એમ કહ્યું તે વ્યવહાર છે, કેમકે તે જ્ઞાનનો આશ્રય આત્મા નથી પણ ભિન્ન શબ્દશ્રુત છે. હવે જે જ્ઞાનમાં આત્મા ન જણાય તે જ્ઞાન શું કામનું? તેથી નિશ્ચય-આત્મજ્ઞાન વડે વ્યવહાર-શબ્દશ્રુતજ્ઞાન નિષેધ કરવા લાયક છે.

આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે એમ- પહેલાં વ્યવહારથી કહ્યું, અને હવે શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ નિશ્ચય કહ્યો. આમ કેમ કહ્યું? કે વ્યવહાર જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત છે. તેમાં શબ્દશ્રુત જણાણું પણ આત્મા જણાયો નહિ; તેથી તેને વ્યવહાર કહ્યું. અને સત્યાર્થ જ્ઞાનમાં-નિશ્ચય જ્ઞાનમાં ભગવાન આત્મા પરિપૂર્ણ જણાણો; તેથી તેને નિશ્ચય કહ્યું. એને ભગવાન આત્માનો આશ્રય છે ને? અને ભગવાન આત્મા એમાં પૂરો જણાય છે ને? તેથી તે નિશ્ચય છે, યથાર્થ છે. અહો! આચાર્યદેવે અમૃત રેડયાં છે. ભાઈ! આમાં તો શાસ્ત્ર-ભણતરનાં અભિમાન ઉતરી જાય એવી વાત છે. શાસ્ત્ર-ભણતર-શબ્દશ્રુતજ્ઞાન તો વિકલ્પ છે બાપુ! એ તો ખરેખર બંધનું કારણ છે ભાઈ!

શાસ્ત્ર-ભણતર તે વ્યવહાર છે. એ વ્યવહાર જ્ઞાનના અભિમાનમાં (અહંપણામાં) આવીને પ્રભુ! તું હારી જઈશ હોં. તે યથાર્થમાં જ્ઞાન નહિ હોં. જે જ્ઞાન ત્રિકાળી શુદ્ધ આત્માને જાણે તે યથાર્થ જ્ઞાન છે, અને શુદ્ધને જાણનારા જ્ઞાનને શુદ્ધનો (ભગવાન આત્માનો) આશ્રય હોય છે. અહાહા...! સમ્યગ્જ્ઞાનની પર્યાય પોતે ઉપાદાન તેમાં શુદ્ધ આત્મા નિમિત્ત-આશ્રય છે. તેથી 'શુદ્ધ આત્મા જ્ઞાન છે' એમ અભેદથી કહ્યું છે. સમજાણું કાંઈ...?

એમ તો આત્મા ને જ્ઞાન-બેય દ્રવ્ય ને પર્યાય એમ ભિન્ન ચીજ છે. 'આત્મા તે જ્ઞાન' -એમાં આત્મા તે દ્રવ્ય ને જ્ઞાન તે પર્યાય; એ બેય એક નથી. છતાં 'શુદ્ધ આત્મા જ્ઞાન છે' -એમ કેમ કહ્યું? કારણ કે જ્ઞાનની પર્યાયે આત્માને જ જાણ્યો, અને આત્માના આશ્રયે જ એને જાણ્યો. તેથી 'શુદ્ધ આત્મા જ્ઞાન છે' એમ અભેદથી કહ્યું. આવો મારગ હવે સાંભળવાય મળે નહિ તે શું કરે? ને કયાં જાય પ્રભુ?

બીજો બોલ: 'શુદ્ધ આત્મા દર્શન છે.' શું કીધું? કે શુદ્ધ આત્મા સમકિત છે. પહેલાં 'જીવાદિ નવ પદાર્થો દર્શન છે' એમ કહ્યું કેમકે નવ પદાર્થો દર્શનનો આશ્રય છે. ત્યાં નવ પદાર્થોની શ્રદ્ધાને વ્યવહારે દર્શન કહ્યું. અહીં કહે છે-શુદ્ધ આત્મા દર્શન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, કેમકે દર્શનમાં-શ્રદ્ધાનમાં શુદ્ધ આત્મા જ શ્રદ્ધાણો છે; શ્રદ્ધાની પર્યાયમાં ભગવાન શુદ્ધ આત્મા હેતુ-આશ્રય થયો છે. આ નિશ્ચય શ્રદ્ધાન વા નિશ્ચય સમ્યગ્દર્શન છે. અહા! જેમાં શુદ્ધ આત્માનું શ્રદ્ધાન થાય તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, અને તેનો હેતુ-આશ્રય શુદ્ધ આત્મા જ હોય છે. સમજાણું કાંઈ...? તેથી અહીં કહ્યું કે 'શુદ્ધ આત્મા દર્શન છે.'

**પ્રશ્નઃ-** પ્રભુ! એક કોર સમકિતની પર્યાય ને શુદ્ધ આત્મા-બે જુદી ચીજ કહો છો અને આત્મા (-દ્રવ્ય) પર્યાયનો દાતા નથી એમ કહો છો (જુઓ, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, છંદ ૧૯) અને બીજી કોર અહીં 'શુદ્ધ આત્મા દર્શન છે' -એમ કહો છો; તો આ બધું કેવી રીતે છે?

**સમાધાનઃ-** ભાઈ! એ શ્રદ્ધાની પર્યાયમાં આત્મા (ત્રિકાળી દ્રવ્ય) આવતો નથી, અને પર્યાય આત્માથી (દ્રવ્યથી) થતી નથી પણ પોતાના ઉપાદાનની જાગૃતિથી સ્વતઃ થાય છે. સમ્યગ્દર્શન ધ્રુવ ત્રિકાળી ભગવાન આત્માએ પ્રગટ કર્યું છે એમ નથી પણ સમ્યગ્દર્શનની પર્યાયનો આશ્રય-હેતુ-કારણ-નિમિત્ત શુદ્ધ આત્મા (ત્રિકાળી દ્રવ્ય) છે તેથી 'શુદ્ધ આત્મા દર્શન છે' એમ અભેદ કરીને કહ્યું છે. વસ્તુસ્થિતિએ તો દ્રવ્ય ને પર્યાય બન્ને સ્વતંત્ર છે.

'उत्पादव्ययध्रौव्ययुक्तम् सत्' -એમ કહ્યું છે ને? એ ત્રણેય સ્વયં સત્ છે એમ વાત છે. એક સત્ બીજા સત્‌નો પરમાર્થે હેતુ નથી. સમ્યગ્દર્શનનું આશ્રયરૂપ કારણ-હેતુ દ્રવ્ય છે એ જુદી વાત છે, પણ આત્માથી (દ્રવ્યથી) સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ છે એમ નથી.

સમ્યગ્દર્શનમાં આત્મા ફક્ત શ્રદ્ધાણો છે, દર્શનનો શુદ્ધ આત્મા આશ્રય-નિમિત્ત છે માટે 'શુદ્ધ આત્મા દર્શન છે' એમ અભેદથી કહ્યું છે. સમજાણું કાંઈ...?

હવે આમાં ઓલા વ્રત, તપ, ભક્તિ કરવાવાળાને કઠણ લાગે એટલે એમ થાય કે આવો ધર્મ ને આવી વ્યાખ્યા! પણ ભાઈ! વીતરાગનો મારગ અલૌકિક છે, લોકોથી જુદો છે બાપુ! સમ્યગ્દર્શનનું ઉપાદાન તો સમ્યગ્દર્શનની પર્યાય પોતે છે અને એમાં નિમિત્ત-આશ્રય-હેતુ ત્રિકાળી ભગવાન શુદ્ધ આત્મા છે તથા એમાં આખો ભગવાન આત્મા શ્રદ્ધાય છે તેથી કહ્યું કે 'શુદ્ધ આત્મા દર્શન છે.' આવી વાત છે!

ગજબ વાત છે પ્રભુ! અહીં શું કહેવું છે? કે-ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય જે શુદ્ધ આત્મા તે શ્રદ્ધાની પર્યાયમાં આવતો નથી, પણ એ શ્રદ્ધાની પર્યાયમાં ત્રિકાળીનું જેટલું (પરિપૂર્ણ) સામર્થ્ય છે તેની શ્રદ્ધા-પ્રતીતિ આવી જાય છે. અને તે પર્યાયનો શુદ્ધ આત્મા (ત્રિકાળી) આશ્રય-નિમિત્ત છે માટે 'શુદ્ધ આત્મા દર્શન છે' -એમ અહીં કહ્યું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૧૧ મી ગાથામાં આવે છે ને? કે ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. અહા! સમકિત તો સમકિત સ્વતઃ છે, પણ તે ભૂતાર્થના આશ્રયે થાય છે અર્થાત્ ભૂતાર્થના આશ્રયે થાય તે સમકિત છે એમ વાત છે. ઝીણી વાત પ્રભુ! ભૂતાર્થના આશ્રયે થવાં છતાં જેમ એ દર્શનની પર્યાય દ્રવ્યમાં જતી નથી તેમ ત્રિકાળી દ્રવ્ય પ્રભુ આત્મા પણ દર્શનની પર્યાયમાં આવતું નથી. અહાહા...! પરસ્પર અડયા વિના સ્પર્શ્યા વિના શ્રદ્ધાની પર્યાયમાં આખા ત્રિકાળી દ્રવ્યનું શ્રદ્ધાન આવી જાય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન પણ સમયે સમયે પલટતું હોવાથી, જો દ્રવ્ય શ્રદ્ધાનની પર્યાયમાં આવે તો આખો આત્મા (દ્રવ્ય) પલટી જાય. પણ એમ કદીય બનતું નથી. હવે આવી વાત કયાં મળે બાપુ? મહાભાગ્ય હોય તો કાને પડે એવી અલૌકિક વાત છે. અને જેનું પરિણમન સુલટી જાય એના ભાગ્યની તો શી વાત!

અહીં કહે છે-સમ્યગ્દર્શન-શ્રદ્ધાની પર્યાયનો આશ્રય-નિમિત્ત દ્રવ્ય છે, છતાં દ્રવ્ય અને શ્રદ્ધાની પર્યાય ભિન્ન છે; દર્શનની પર્યાયમાં દ્રવ્ય આવતું-સ્પર્શતું નથી અને જે ત્રિકાળી દ્રવ્યની પ્રતીતિ કરી છે તે દ્રવ્યમાં દર્શન જતું-સ્પર્શતું નથી. અહો! આવું અલૌકિક વસ્તુસ્વરૂપ છે.

લોકોને એમ કે નવતત્ત્વની શ્રદ્ધા કારણ ને નિશ્ચય સમ્યગ્દર્શન કાર્ય-તો એમ નથી ભાઈ! પણ શુદ્ધ આત્મા કારણ-આશ્રય છે ને નિશ્ચય સમ્યગ્દર્શન કાર્ય છે. આ યથાર્થ વસ્તુસ્વરૂપ છે. એ તો આગળ કહેશે કે નવતત્ત્વની શ્રદ્ધા-વ્યવહાર દર્શન નિષેધ્ય છે અને નિશ્ચય સમ્યગ્દર્શન એનો નિષેધક છે. આવી વાત છે. સમજાણું કાંઈ...?

હવે ત્રીજો બોલઃ- 'શુદ્ધ આત્મા ચારિત્ર છે.' એમ કેમ કહ્યું? કારણ કે શુદ્ધ આત્મા ચારિત્રનો આશ્રય છે. અહાહા...! પરમ પવિત્ર ત્રિકાળી એક શુદ્ધજ્ઞાયકભાવમય સચ્ચિદાનંદ પ્રભુ આત્મા ચારિત્રનો આશ્રય છે. આ વીતરાગભાવરૂપ નિશ્ચય ચારિત્ર છે.

પહેલાં 'છ જીવ-નિકાય ચારિત્ર છે' એમ કહ્યું એ વ્યવહાર ચારિત્રની વાત છે કેમકે એનો આશ્રય ભગવાન આત્મા નથી પણ છ જીવ-નિકાય છે. ખરેખર જે આ વ્યવહાર ચારિત્ર છે તે વિકલ્પ છે, રાગ છે, બંધની પંક્તિમાં છે. જ્યારે આ વીતરાગ પરિણતિરૂપ નિશ્ચય ચારિત્ર છે તેનો આશ્રય-નિમિત્ત સ્વસ્વરૂપ ત્રિકાળી શુદ્ધ આત્મા છે. તે અબંધ છે, મોક્ષનું કારણ છે. અહાહા...! સ્વસ્વરૂપના અવલંબને અતીન્દ્રિય આનંદરૂપી અમૃતરસથી છલકાતું-ઉભરાતું જે અંતરમાં પ્રગટ થાય છે તે નિશ્ચયચારિત્ર મોક્ષનું કારણ છે, પણ છ જીવનિકાયના વિકલ્પરૂપ વ્યવહારચારિત્ર છે તે મોક્ષનું કારણ નથી, પણ બંધનું કારણ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી વ્યવહારના વિકલ્પ આવે છે પણ તે નિષેધ કરવાયોગ્ય જ છે. આવી વાત છે?

અહા! આ સમયસાર તો સર્વજ્ઞે કહેલા શ્રુતનો અગાધ-સમુદ્ર-દરિયો છે. અહા! એ તો ભરતક્ષેત્રનું અમૂલ્ય રત્ન છે. નિશ્ચયથી તો આ આત્મા (અમૂલ્ય રત્ન) હો; એ તો નિમિત્તથી એને (સમયસાર શાસ્ત્રને અમૂલ્ય રત્ન) કહીએ છીએ.

અરે! આવું મનુષ્યપણું મળ્યું ને નિશ્ચય સ્વસ્વભાવનો આશ્રય કીધા વિના એકલા વ્યવહારના ક્રિયાકાંડમાં પડયો રહે તો જિંદગી એળે જશે હોં. એ બધો વ્યવહાર-ક્રિયાકાંડ સંસાર ખાતે છે ભાઈ! જ્ઞાનીને તે આવે છે પણ એ તો એને માત્ર (પરપણે) જાણવા લાયક છે. અજ્ઞાનીને તો સ્વસ્વરૂપના ભાન રહિત જે એકલી પરના આશ્રયવાળી દશા છે, રાગમય પરિણમન છે-તે સંસારનું જ કારણ થાય છે. સમજાણું કાંઈ...?

અહાહા...! કહે છે- 'શુદ્ધ આત્મા ચારિત્ર છે.' ચારિત્રનો આશ્રય શુદ્ધ આત્મા છે ને? અહાહા...! એની રમણતાનો આશ્રય-નિમિત્ત આનંદમૂર્તિ પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે ને? તેથી કહ્યું કે 'શુદ્ધ આત્મા ચારિત્ર છે.'

તો પંચમહાવ્રતના પરિણામ ચારિત્ર છે કે નહિ?

પંચમહાવ્રતના પરિણામ ને છ કાય-જીવની અહિંસાના ભાવ એ ચારિત્ર નહિ, અચારિત્ર છે. એવો વ્યવહાર છે ખરો, પણ તે ચારિત્ર નથી. અહા! જેમાં અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન-અનુભવ થાય તે ચારિત્ર આ વ્યવહાર નહિ. જ્ઞાનીને એ વ્યવહાર હોય છે પણ એને એ માત્ર જાણવાલાયક-જાણેલો પ્રયોજનવાન છે. જ્ઞાની તેમાં તદ્રૂપ-એકમેક નથી. અજ્ઞાની એ વ્યવહારમાં તદ્રૂપ-એકમેક થઈ ગયો હોય છે તેથી તે એને દીર્ઘ સંસારનું જ કારણ થાય છે.

અહા! નિશ્ચયચારિત્ર જે અતીન્દ્રિય આનંદની રમણતારૂપ છે તેનો આશ્રય આનંદમૂર્તિ પ્રભુ શુદ્ધ આત્મા છે. ચારિત્રનું ઉપાદાન તો ચારિત્રની વીતરાગી પર્યાય પોતે છે, પણ એનું નિમિત્ત-આશ્રય ભગવાન ત્રિકાળી શુદ્ધ આત્મા છે. આવો મારગ છે ભાઈ! મોક્ષના મારગનો આશ્રય મોક્ષનો મારગ નથી, પણ એનો આશ્રય-ધ્યેય ભગવાન આત્મા છે. ૩૨૦ મી ગાથામાં આવે છે કે-સમ્યગ્દર્શનનું ધ્યેય સમ્યગ્દર્શન નથી પણ ત્રિકાળી શુદ્ધ આત્મા સમ્યગ્દર્શનનું ધ્યેય છે. અહા! સાચો (નિશ્ચય) મોક્ષમાર્ગ પણ ધ્યેય નથી તો વ્યવહારના વિકલ્પ તો કાંઈ છે જ નહિ, એ તો બંધનું જ કારણ છે.

આમ છે ત્યાં વ્યવહારથી નિશ્ચય થાય એ કયાં રહ્યું? એમ ત્રણકાળમાંય નથી. પણ અત્યારે તો એ ખૂબ હાલ્યું છે કે વ્યવહાર કરતાં કરતાં થાય. લોકો પણ એમાં હો-હા કરીને ભળી જાય છે. પણ શું થાય ભાઈ! મારગ તો આ છે કે- 'શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે.'

'એ પ્રમાણે નિશ્ચય છે.'

પહેલાં કહ્યું હતું ને કે- 'એ પ્રમાણે વ્યવહાર છે' એમ કે શબ્દશ્રુત જ્ઞાન છે, જીવાદિ નવ પદાર્થો દર્શન છે, છ જીવ-નિકાય ચારિત્ર છે' -એ પ્રમાણે વ્યવહાર છે. મતલબ કે એ પ્રમાણે જૂઠું છે. વ્યવહાર છે એટલે જૂઠું છે, અસત્યાર્થ છે. અહીં કહે છે '-શુદ્ધ આત્મા જ્ઞાન છે, શુદ્ધ આત્મા દર્શન છે, શુદ્ધ આત્મા ચારિત્ર છે' -એ પ્રમાણે નિશ્ચય છે. મતલબ કે એ પ્રમાણે સાચું છે, સત્યાર્થ છે. નિશ્ચય છે એટલે સત્યાર્થ છે કેમકે એ ત્રણેનો આશ્રય સ્વ છે, શુદ્ધ આત્મા છે.

૧૧ મી ગાથામાં વ્યવહારને અભૂતાર્થ-અસત્યાર્થ કહ્યો છે. અભૂતાર્થ કહ્યો માટે વ્યવહાર છે નહિ એમ નહિ. છે ખરો પણ એને ગૌણ કરીને 'નથી' એમ કહ્યું છે. ત્યાં તો મોક્ષમાર્ગની પર્યાયને પણ અસત્યાર્થ કીધી છે તે અભાવ કરીને નહિ પણ એને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કીધી છે. આ પ્રમાણે વ્યવહાર નિષેધ્ય છે ને નિશ્ચય આદરણીય છે. સમજાણું કાંઈ...?

હવે કહે છે- 'તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાન્તિક છે-વ્યભિચારયુક્ત છે;...

જુઓ, અજ્ઞાનીને તો એકલું રાગમય પરિણમન છે. તેને વ્યવહારેય હોતો નથી ને નિશ્ચયેય હોતો નથી. વ્યવહાર એને (-જ્ઞાનીને) હોય છે કે જેને નિશ્ચયસ્વરૂપ શુદ્ધ આત્માનાં દૃષ્ટિ ને અનુભવ છે. અહા! તેને (-જ્ઞાનીને) જે ક્રિયા છે તેને વ્યવહાર કહીએ. અહીં કહે છે-એ વ્યવહાર એને (-જ્ઞાનીને) નિષેધ્ય છે. એ શબ્દશ્રુતનું જ્ઞાન, નવ તત્ત્વનું ભેદરૂપ શ્રદ્ધાન અને છ જીવ-નિકાયની રક્ષાના વિકલ્પ અર્થાત્ પંચમહાવ્રતના પરિણામ એને (-જ્ઞાનીને) નિષેધ્ય છે, હેય છે-એમ કહે છે. કેમ? કેમકે એ મોક્ષનું કારણ નથી.

તો કેટલાક એને સાધન કહે છે ને?

**સમાધાનઃ-** સાધન? વાસ્તવમાં એ સાધન છે નહિ. એને વ્યવહારથી-ઉપચારથી સાધન કહે છે એ બીજી વાત છે. શુદ્ધ રત્નત્રયધારીને અંદર જે સ્વરૂપસ્થિરતા થઈ છે તે ખરું વાસ્તવિક સાધન છે અને તે કાળે તેને જે વ્રતાદિનો રાગ છે તેને સહચર દેખીને ઉપચારથી વ્યવહારે સાધન કહેવામાં આવેલ છે. અહા! મહાવ્રતાદિના વિકલ્પને જે સાધન કહ્યું એ તો એને નિમિત્ત ને સહચર ગણીને, નિશ્ચયનો એમાં આરોપ દઈને ઉપચારથી વ્યવહાર કહ્યું છે; બાકી છે તો એ હેય, પ્રતિષેધ્ય જ. જુઓને! પં. શ્રી દોલતરામજીએ છહઢાલામાં શું કહ્યું? કે-

મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેસ ન પાયો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અહા! એણે અનંતવાર મુનિપણાં લઈને વ્યવહારરત્નત્રય પાળ્યાં અને એના ફળમાં અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો; પણ આત્મદર્શન ને આત્મજ્ઞાન વિના એને લેશ પણ સુખ ન થયું. એટલે શું? કે એને દુઃખ જ થયું, એને સંસાર જ ઊભો રહ્યો. હવે આનો અર્થ શું? એ જ કે વ્યવહારરત્નત્રયના પરિણામ કલ્યાણનું-સુખનું સાધન નથી; બલકે બંધનું-દુઃખનું જ કારણ છે. તેથી તો કહે છે-વ્યવહાર પ્રતિષેધ્ય છે.

હવે આને ઠેકાણે પંચમહાવ્રતાદિ વ્યવહાર પાળો, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ માને એ તો તદ્દન ઉલટી શ્રદ્ધા થઈ ભાઈ! એ તો મિથ્યાશ્રદ્ધાન જ છે.

જુઓ, અહીં શું કહે છે? કે- 'તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે-વ્યભિચારયુક્ત છે.' તેમાં એટલે વ્યવહાર ને નિશ્ચય એ બેમાં વ્યવહાર નિષેધવાયોગ્ય છે એમ કહે છે. કેમ? કેમકે આચારાંગ આદિ શાસ્ત્રનું જ્ઞાન હોય ને આત્મજ્ઞાન ન પણ હોય-એ પ્રમાણે શાસ્ત્રજ્ઞાનને જ્ઞાનનું આશ્રયપણું અનૈકાંતિક છે, દોષયુક્ત છે.

શું કીધું? કે શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે. અર્થાત્ શાસ્ત્રજ્ઞાન હોય એને આત્મજ્ઞાન હોય જ, નવ પદાર્થનું ભેદરૂપ શ્રદ્ધાન હોય એને નિશ્ચય સમ્યગ્દર્શન હોય જ અને મહાવ્રતાદિ પાળે એને નિશ્ચયચારિત્ર હોય જ એવો નિયમ નથી. કોઈને શાસ્ત્રજ્ઞાન અગિયાર અંગ અને નવપૂર્વ સુધીનું હોય અને છતાં આત્મજ્ઞાન નથી હોતું. અહા! જેમાં ભગવાન આત્માનું જ્ઞાન ન હોય તે જ્ઞાન કેવું? તે જ્ઞાન જ નથી. અહા! શબ્દશ્રુતજ્ઞાન તે જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધારૂપ દર્શન ને છ જીવ-નિકાયની દયાનો ભાવ તે ચારિત્ર-એમ ત્રણેય હોય છતાં, અહીં કહે છે, આત્માશ્રિત નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવાનો નિયમ નથી. તેથી એ ત્રણેય વ્યવહાર નિષેધ કરવા લાયક છે.

શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે કે- 'અનેકાન્ત પણ સમ્યક્ એકાન્ત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય કોઈ હેતુએ ઉપકારી નથી.' અહાહા...! સમ્યક્ એકાંત એવું (નિજ શુદ્ધાત્માનું) નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય ત્યારે, પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાંસુધી, શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ અને પંચમહાવ્રતનો વિકલ્પ એને હોય છે અને એને વ્યવહારથી આરોપ આપીને સાધન કહેવામાં આવે છે. જે સાધન નથી એને સાધન કહેવું તે વ્યવહાર છે. આ પ્રમાણે દ્રવ્યપર્યાયને યથાસ્થિત જાણવાં તે અનેકાન્ત છે. અરે! નિશ્ચયથી થાય ને વ્યવહારથીય થાય એમ અનેકાન્તના નામે લોકોએ ખૂબ ગરબડ કરી નાખી છે. બાપુ! એ તો ફુદડીવાદ છે, મિથ્યા એકાન્ત છે ભાઈ! (નિશ્ચયથી જ થાય અને વ્યવહારથી ન થાય એ અસ્તિ-નાસ્તિરૂપ સમ્યક્ અનેકાન્ત છે). મોક્ષમાર્ગપ્રકાશકમાં સાતમા અધિકારમાં આનો ખૂબ ખુલાસો આવે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અહીં કહે છે- 'વ્યવહારનય પ્રતિષેધ્ય છે.' કેમ? કારણ કે આચારાંગાદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક અર્થાત્ વ્યભિચારયુક્ત છે. જુઓ, અભવ્યને ને અનાદિ મિથ્યાદ્રષ્ટિને અગિયાર અંગ સુધીનું જ્ઞાન, નવપદાર્થનું ભેદરૂપ શ્રદ્ધાન અને મહાવ્રતાદિના વિકલ્પ અનંતવાર થવા છતાં તેને નિશ્ચય જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટતાં નથી કારણ કે શાસ્ત્રજ્ઞાન નિશ્ચયજ્ઞાનનો-આત્મજ્ઞાનનો આશ્રય નથી, નવ પદાર્થનું શ્રદ્ધાન નિશ્ચય સમકિતનો આશ્રય નથી, અને મહાવ્રતાદિના વિકલ્પ નિશ્ચયચારિત્રનો આશ્રય નથી. શાસ્ત્રજ્ઞાનના આશ્રયે આત્મજ્ઞાન થાય, નવતત્ત્વના શ્રદ્ધાનના આશ્રયે નિશ્ચય દર્શન થાય ને મહાવ્રતાદિના વિકલ્પના આશ્રયે સમ્યક્ચારિત્ર થાય એમ માનવું દોષયુક્ત છે. પરાશ્રયના ભાવથી સ્વ-આશ્રયના ભાવ નીપજે એ માન્યતા દોષયુક્ત છે.

જુઓ, પહેલાં કહ્યું કે-સ્વના આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે નિશ્ચય અને પરના આશ્રયે જે જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય તે વ્યવહાર. ત્યાં નિશ્ચય તે સત્યાર્થ સાચાં, સમ્યક્ છે ને વ્યવહાર તે કાંઈ સાચી સત્યાર્થ વસ્તુ નથી. હવે કહે છે-નિશ્ચય હોય તેને (-જ્ઞાનીને) વ્યવહાર હોય છે, પણ વ્યવહાર હોય તેને નિશ્ચય હોય જ એમ નથી; કેમકે અભવ્યને અનંતવાર ભગવાને કહેલા વ્યવહારનું પાલન હોય છે, થાય છે છતાં તેને નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતાં નથી. વાસ્તવમાં વ્યવહાર જ્ઞાનાદિને નિશ્ચયનું આશ્રયપણું બનતું નથી. માટે વ્યવહાર પ્રતિષેધ્ય છે એમ કહે છે.

જુઓ, જેને સ્વને આશ્રયે જ્ઞાન હોય છે તેને તે કાળે શબ્દશ્રુત આદિ વ્યવહાર હોય છે. શું કીધું? પૂર્ણ વીતરાગતા ન થઈ હોય એવી સાધકદશામાં આત્માનું જ્ઞાન, આત્મદર્શન અને આત્માનું ચારિત્ર હોય એની સાથે શબ્દશ્રુત આદિ વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રનો રાગ હોય છે. એવો રાગ ભાવલિંગી મુનિરાજને પણ હોય છે. પણ અહીં શું કહે છે કે એ રાગના આશ્રયે કાંઈ એને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતાં નથી. નિશ્ચયધર્મ જે પ્રગટે છે તે કાંઈ વ્યવહારના આશ્રયે પ્રગટતો નથી પણ સ્વ-સ્વરૂપના આશ્રયે જ પ્રગટે છે. માટે કહે છે-વ્યવહાર પ્રતિષેધ્ય છે અર્થાત્ આદરણીય નથી. સમજાણું કાંઈ...?

ભાઈ! જૈનદર્શન બહુ સૂક્ષ્મ છે બાપા! અંદર ભગવાન આત્મા પૂરણ શુદ્ધ નિત્યાનંદ પ્રભુ એક જ્ઞાયકભાવપણે પરમ પારિણામિકભાવે નિત્ય વિરાજે છે તે સમ્યગ્દર્શનનો વિષય ને ધ્યેય છે. એનું-પૂરણ પરમાત્મસ્વરૂપનું-દર્શન તે જૈનદર્શન છે. અહા! અનંત તીર્થંકરોએ, અનંતા કેવળીઓ, ગણધરો ને મુનિવરોએ એ જ કહ્યું છે કે-જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે એનું ધ્યેય ત્રિકાળી ધ્રુવ ચિદાનંદઘન પ્રભુ આત્મા છે, પણ વ્યવહાર એનું કારણ નથી. માટે વ્યવહાર પ્રતિષેધ્ય છે. જે કોઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વ્યવહારથી નિશ્ચય થાય ને વ્યવહાર આદરવાલાયક છે એમ માને તે જૈનદર્શનથી બહાર છે; એને જૈનદર્શનની ખબર નથી.

શુદ્ધ આત્માનું જ્ઞાન, શુદ્ધ આત્માનું દર્શન, શુદ્ધ આત્માનું ચારિત્ર-શુદ્ધ રત્નત્રય એ મોક્ષનો મારગ છે, અતીન્દ્રિય સુખરૂપ આનંદની દશા છે. અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તે દુઃખનું વેદન છે. જ્ઞાનીનેય એ હોય છે. કોઈ એમ કહે કે જ્ઞાનીને દુઃખનું વેદન હોય જ નહિ તો તે એમ નથી. ભગવાન કેવળીને પૂરણ સુખની દશા છે, દુઃખ નથી. અજ્ઞાનીને એકલું દુઃખ છે, સુખ નથી. જ્યારે સાધકને જે શુદ્ધરત્નત્રય છે તે સુખની દશા છે ને જે વ્યવહારરત્નત્રય છે તે દુઃખનું વેદન છે.

દૃષ્ટિ ને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ જ્ઞાનીને રાગ નથી, દુઃખ નથી એમ કહેવાય એ બીજી વાત છે, પણ જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનીને કિંચિત્ રાગ છે ને તેટલું દુઃખનું વેદન પણ છે. પ્રવચનસાર, નયઅધિકારમાં છે કે-આત્મદ્રવ્ય કર્તૃનયે રાગાદિનો કર્તા છે ને ભોક્તૃનયે રાગાદિનો ભોક્તા છે. અહા! જ્યાંસુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાંસુધી ક્ષાયિક સમકિતી હોય, મુનિવર હોય, ગણધર હોય કે છદ્મસ્થ તીર્થંકર હોય, એને કિંચિત્ રાગ અને રાગનું વેદન હોય છે. સાધકને ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ ગુણસ્થાને પૂર્ણ આનંદની દશા નથી, અતીન્દ્રિય આનંદની અપૂર્ણદશા છે ને સાથે કિંચિત્ રાગનું-દુઃખનું વેદન પણ છે. જુઓ, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ત્રીજા કળશમાં શું કહ્યું? કે-

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवत् समयसारव्याख्ययैवानुभूतेः।।

અહાહા...! છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિ-આચાર્ય જેને અંતરમાં પ્રચુર અતીન્દ્રિય આનંદનું વેદન છે તે આ કહે છે કે-મને જે (રાગાદિ) કલેશના પરિણામ વર્તે છે તેનાથી મારી પરિણતિ મેલી છે. કેવી છે પરિણતિ? કે પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ (-નિમિત્ત) તેનો અનુભાવ (-ઉદયરૂપ વિપાક)ને લીધે જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત (-મેલી) છે. જુઓ, સાધકદશા છે ને? એટલે કહે છે કે-હજી અનાદિની રાગની પરિણતિ મને છે. એમ કે-સ્વાનુભવ થયો છે, પ્રચુર આનંદનો સ્વાદ છે, ત્રણ કષાયના અભાવરૂપ વીતરાગી શાંતિ છે તોપણ નિમિત્તને વશ થયેલી (નિમિત્તથી એમ નહિ) દશાને લીધે જેટલો કલ્માષિત ભાવ છે તેટલું દુઃખનું વેદન પણ છે.

પૂર્ણ આનંદની દશા નથી ને? એની તો ભાવના કરે છે કે-આ સમયસારની

ટીકા કરતાં મલિન પરિણતિનો નાશ થઈ પરમવિશુદ્ધિ થાઓ. ‘समयसारव्याख्ययैव’ સમયસારની વ્યાખ્યાથી (ટીકાથી) જ-એમ પાઠ છે. પણ વ્યાખ્યા તો વિકલ્પ-રાગ છે? આશય એમ છે કે સમયસારની ટીકાના કાળમાં દ્રવ્યસ્વભાવ ઉપર મારું જોર એવું દઢ ઘુંટાશે કે એનાથી રાગની કલ્માષિત-મેલી પરિણતિનો નાશ થઈને પરમવિશુદ્ધિ થશે. લ્યો, આચાર્ય-ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં-પદમાં છે ને? તે કહે છે.

આગમમાં (ધવલમાં) પાઠ છે કે-ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ઇત્યાદિ. ણમોકારમંત્રમાં અંતિમ પદમાં, ‘ણમો લોએ સવ્વ સાહૂણં’ એમ છે ને? એ ઉપરના ચારમાં પણ લાગુ પડે છે. અહાહા...! પંચપરમેષ્ટીપદમાં બિરાજમાન એવા આચાર્ય આ કહે છે કે-પ્રચુર અતીન્દ્રિય આનંદની દશાની સાથે અમને કિંચિત્ રાગની-દુઃખની દશા છે. તે વ્યવહાર છે, પણ તે હેય છે, પ્રતિષેધ્ય છે.

ભાઈ! જે લોકો દુકાન-ધંધો-વેપાર સાચવવામાં ને સ્ત્રી-કુટુંબ-પરિવારની માવજતમાં પડેલા છે એ તો એકલા પાપમાં પડેલા છે; એનો તો નિષેધ જ છે. પણ અહીં કહે છે-આ જે શબ્દશ્રુતનું જ્ઞાન-વ્યવહાર જ્ઞાન, નવતત્ત્વનું ભેદરૂપ શ્રદ્ધાન-વ્યવહાર શ્રદ્ધાન ને છ જીવ-નિકાયની અહિંસા-વ્યવહારચારિત્ર છે તે પુણ્યભાવ છે ને તે નિષેધ્ય છે. કેમ? કેમકે એને મોક્ષના કારણરૂપ નિર્મળરત્નત્રયનું આશ્રયપણું નથી. ઝીણી વાત છે પ્રભુ! જેને સ્વના આશ્રયે-અહાહા...! એક જ્ઞાયકભાવના આશ્રયે નિશ્ચયરત્નત્રય પ્રગટયાં છે તેને વ્યવહાર હોય છે, પણ નિશ્ચયરહિતને વ્યવહાર કોઈ વસ્તુ જ નથી. અર્થાત્ એમ નથી કે (અજ્ઞાનીને) વ્યવહારના આશ્રયે નિશ્ચય પ્રગટી જાય. જ્ઞાનીને વ્યવહાર હોય છે અવશ્ય, પણ એ વ્યવહારના આશ્રયે એને જ્ઞાનાદિ નથી. જ્ઞાનીને એ વ્યવહાર હેયબુદ્ધિએ હોય છે ને સ્વ-સ્વભાવના આશ્રયે તેનો તે પ્રતિષેધ કરે છે. સમજાણું કાંઈ...?

એ જ કહે છે કે-વ્યવહારનય પ્રતિષેધ્ય છે, ‘અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.’

જોયું? કહે છે-શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે, અહાહા...! પૂરણ જ્ઞાનાનંદ-પરમાનંદસ્વરૂપ પ્રભુ આત્માને ધ્યેયમાં લઈને જે જ્ઞાન થાય, જે શ્રદ્ધાન પ્રગટે ને જે અંતર-સ્થિરતા થાય એ ઐકાંતિક છે. સમ્યક્ એકાંત છે. એટલે શું? કે શુદ્ધ આત્માના આશ્રયે તો નિશ્ચયરત્નત્રય થાય જ અને બીજી કોઈ રીતે રાગના કે નિમિત્તના આશ્રયે ન જ થાય. લ્યો, આવી વાત છે!

શું કહે છે? કે પૂર્ણાનંદનો નાથ શુદ્ધજ્ઞાનઘન ત્રિકાળી ધ્રુવ અંદર પરમાત્મસ્વરૂપે ત્રિકાળી વિરાજે છે તે એક જ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આશ્રય છે; આ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઐકાંતિક છે, એનો (શુદ્ધરત્નત્રયનો) બીજો કોઈ આશ્રય નથી તેથી ઐકાંતિક છે. એમ નથી કે કોઈને વ્યવહારથી થાય અને કોઈને નિશ્ચયથી (આત્માથી) થાય તથા કોઈને નિમિત્તથી થાય ને કોઈને શુદ્ધ ઉપાદાનથી થાય. એ તો આગળ આવી ગયું કે વ્યવહારથી ને નિમિત્તથી થાય એ માન્યતા તો અનૈકાંતિક અર્થાત્ વ્યભિચારયુક્ત છે. આ તો એક શુદ્ધ આત્માના આશ્રયે જ (નિશ્ચયરત્નત્રય) થાય એમ ઐકાંતિક છે. વીતરાગનો આવો મારગ છે ભાઈ! આ તો શૂરાનો મારગ બાપુ! આવે છે ને કે-

'વીરનો મારગ છે શૂરાનો કાયરનું નહિ કામ જો ને.'

અહા! સાંભળીનેય જેનાં કાળજાં કંપી જાય એ કાયરનાં આમાં કામ નહિ બાપા!

શ્રીમદે કહ્યું છે ને કે-

'વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસમૂળ,
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.'

ત્યાં પુણ્ય-પાપ અધિકારમાં (ગાથા ૧૫૪, ટીકામાં) આવે છે કે-જે સામાયિક અંગીકાર કરીને અશુભને તો છોડે છે, પણ શુભને છોડતો નથી ને એમાં રોકાઈને શુદ્ધોપયોગ જે ધર્મ છે તે પ્રગટ કરતો નથી તે નામર્દ છે, નપુંસક છે, કાયર છે. ત્યાં ટીકામાં क्लीब શબ્દ વાપર્યો છે.

૪૭ શક્તિઓમાં આત્માને એક વીર્યશક્તિ કહી છે. વીર્ય એટલે શું? કે જે આત્માના શુદ્ધ ચૈતન્યસ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ. અહા! શુભને રચે તે આત્માનું વીર્ય નહિ. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ છે. એની વીર્યશક્તિ પૂર્ણ શુદ્ધ ત્રિકાળ છે. અહા! પર્યાયમાં શુદ્ધતાની રચના કરે તે વીર્યશક્તિનું કાર્ય છે; પણ અશુદ્ધ એવા શુભની રચના કરે એ આત્મવીર્ય નહિ; એ તો બાપુ! વીર્યહીન નામર્દ-નપુંસકનું કામ. અહા! જેમ નપુંસકને પ્રજા ન હોય તેમ શુભભાવવાળાને ધર્મની પ્રજા ન હોય, તેથી તેઓ નપુંસક છે.

અહીં કહે છે- 'શુદ્ધ આત્માને જ્ઞાન આદિનો આશ્રય ઐકાંતિક છે.' એટલે કે શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી, કેમકે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે. અહા! જેમાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માનો આશ્રય હોય તે જ્ઞાન-દર્શન-ચારિત્ર નિર્મળ સત્યાર્થ જ છે, એમાં વ્યભિચાર નથી; ને જેમાં પરનો-શ્રુતનો નવ તત્ત્વનો, છ જીવ-નિકાયનો-આશ્રય હોય તે જ્ઞાન-દર્શન-ચારિત્ર અસત્યાર્થ છે, એમાં વ્યભિચાર આવે છે કેમકે પર-આશ્રયથી ત્રણકાળમાં નિર્મળ રત્નત્રય થતાં નથી.

અત્યારે તો બધે વ્યવહારના ગોટા ઉઠયા છે કે-વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. પણ અહીં તો સ્પષ્ટ કહે છે કે-વ્યવહારથી થાય એ માન્યતા અનૈકાંતિક અર્થાત્

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વ્યભિચારયુક્ત છે. જેમાં શુદ્ધ આત્માનો આશ્રય છે તે એક જ ઐકાંતિક એટલે સમ્યક્ એકાંત છે, અવ્યભિચાર છે.

અહાહા...! જેને જ્ઞાન-દર્શન-ચારિત્રમાં ભગવાન શુદ્ધ આત્માનો આશ્રય છે તેને નિશ્ચય વસ્તુ યથાર્થ છે, સત્યાર્થ છે; તેને મોક્ષના કારણભૂત જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ નિર્મળ રત્નત્રય અવશ્ય હોય જ છે. અહીં પહેલાં જ્ઞાનથી ઉપાડયું છે. તત્ત્વાર્થસૂત્રમાં 'सम्यग्दर्शनज्ञानचारित्राणिमोक्षमार्गः' કીધું એમાં પહેલું દર્શન લીધું છે. અહીં પહેલાં 'જ્ઞાન' થી કેમ ઉપાડયું? કે જ્ઞાન જાણનાર છે. જ્ઞાન પોતાનેય જાણે ને દર્શન અને ચારિત્રની પર્યાયને પણ જાણે છે; પણ દર્શનની પર્યાય પોતે પોતાનેય જાણે નહિ અને જ્ઞાન ને ચારિત્રનેય જાણે નહિ. તેવી રીતે ચારિત્રની પર્યાય પોતે પોતાને જાણે નહિ અને જ્ઞાન ને દર્શનનેય જાણે નહિ. આ પ્રમાણે જ્ઞાન જાણનાર છે તેથી તેને અહીં પહેલું લીધું છે. અહા! શુદ્ધ ચિદ્રૂપ ચૈતન્યરસકંદ પ્રભુ આત્માના આશ્રયે જે જ્ઞાનની પર્યાય થઈ તે દર્શનને જાણે, ચારિત્રને જાણે અને નિરાકુળ આનંદના વેદનનેય જાણે છે. અહો! જ્ઞાનનું સ્વ-પરને જાણવાનું અદ્ભુત અલૌકિક સામર્થ્ય છે.

હવે કહે છે-આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે-એમ કે શબ્દશ્રુત આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે ને શુદ્ધ આત્માને જ્ઞાનાદિનું આશ્રયપણું ઐકાંતિક છે- એ વાત કારણ સહિત સમજાવવામાં આવે છેઃ-

કહે છે- 'આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે.'

શું કહે છે? કે ભગવાને કહેલાં શાસ્ત્રોનું જ્ઞાન પણ એકાંતે જ્ઞાનનું નિમિત્ત-કારણ નથી કેમકે એને કારણ માનવામાં વ્યભિચાર આવે છે. જુઓ, અત્યારે સર્વજ્ઞ પરમેશ્વરે કહેલાં આચારાંગ આદિ શાસ્ત્રો મૂળ છે નહિ પણ એના અનુસારે રચાએલા સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, ગોમ્મટસાર, ધવલા આદિ શાસ્ત્રો છે. એમાં આ કહે છે કે- આચારાંગ આદિ ભગવાન સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોનું જ્ઞાન તે યથાર્થ જ્ઞાન નહિ, પણ એ તો પુણ્ય છે. ભાઈ! મિથ્યાત્વની મંદતા ને અનંતાનુબંધીની કાંઈક મંદતા હોય તો એ શાસ્ત્રજ્ઞાન હોય છે, પણ એ કાંઈ વસ્તુ નથી કારણ કે તે યથાર્થનું કારણ નથી. જન્મ-મરણ રહિત થવાની બહુ ઝીણી વાત બાપુ!

ભાઈ! ચોરાસી લાખ યોનિમાં અનંત અનંત વાર જન્મ-મરણ કરી કરીને તારા સોથા નીકળી ગયા છે. એક અંતર્મુહૂર્તમાં (-શ્વાસોચ્છ્વાસમાં) નિગોદના અઢાર ભવ એવા અનંત અનંત વાર કર્યા ભાઈ! આવે છે ને કે-

'એક શ્વાસમાં અઠ દસ બાર, જન્મ્યો મર્યો ભર્યો દુઃખભાર.'

અહા! એના દુઃખનું શું કથન કરીએ? અહા! કેવા અકથ્ય પારાવાર દુઃખમાં રહ્યો તે ભૂલી ગયો પ્રભુ! અહીં તને એ દુઃખથી મુક્ત થવાની વાત કરે છે.

કહે છે-આ લૌકિક જ્ઞાન-એલ.એલ.બી, ને એમ.ડી ને પી.એચ.ડી ઇત્યાદિનું જે છે એની વાત તો એકકોર રહી, કેમકે એ તો નર્યું પાપ છે; પણ ભગવાન સર્વજ્ઞદેવના શ્રીમુખેથી જે ઓમ્‌ધ્વનિ નીકળી અને એમાંથી જે બાર અંગરૂપ શબ્દશ્રુત રચાણું તે આચારાંગ આદિ શબ્દશ્રુતનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન નથી, પણ વિકલ્પ છે, શુભભાવ છે- એમ કહે છે; એનાથી પુણ્યબંધ થાય છે, પણ સમ્યગ્જ્ઞાન નહિ, ધર્મ નહિ. લ્યો, આવી આકરી વાત છે.

જેમ માણસને પાંચ-પચાસ લાખની સંપત્તિ થાય ને કુટુંબ બહોળું થાય ત્યાં એમાં તે ગુંચાઈ જાય છે, જેમ ખાંડેલાં સૂકાં મરચાંનો કીડો-ઈયળ મરચાનું ઘર (બાચકાં) કરીને મરચામાં રહે છે તેમ અજ્ઞાની અનાદિથી લૌકિક જ્ઞાનમાં, મિથ્યાજ્ઞાનમાં ભરમાઈ ને પડયો છે. એ તો નિરંતર પાપ જ બાંધે છે. એની અહીં વાત નથી. અહીં તો કોઈ ભગવાન કેવળીએ કહેલાં દિગંબર પરંપરાથી ચાલ્યાં આવતાં સત્શાસ્ત્રોનું ભણતર કરે અને એથી એને જે શબ્દશ્રુતજ્ઞાન થાય તે એકાંતે જ્ઞાનનો આશ્રય નથી અર્થાત્ એનાથી સમ્યગ્જ્ઞાન થાય છે એમ નથી એમ કહે છે. અહા! શાસ્ત્રોનું જ્ઞાન છે એ શબ્દજ્ઞાન છે, પણ આત્મજ્ઞાન નહિ. શાસ્ત્રને જાણનારો શબ્દને જાણે છે, પણ આત્માને નહિ. આવી વાત છે! સમજાણું કાંઈ...?

અહાહા...! આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી એટલે શું કીધું? કે શબ્દશ્રુતનું જ્ઞાન સમ્યગ્જ્ઞાનનું કારણ નથી. અહાહા...! મોક્ષનું કારણ એવું જે સમ્યગ્જ્ઞાન તે શબ્દશ્રુતના આશ્રયે થતું નથી. હવે સત્શાસ્ત્ર કોને કહેવાય એનીય ખબર ન મળે ને જે તે કલ્પિત શાસ્ત્રોનો કોઈ અભ્યાસ રાખે એ તો બધા પાપના વિકલ્પ ભાઈ! આ તો ભગવાન કેવળીની વાણી અનુસાર રચાયેલાં શાસ્ત્રોનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનનું- આત્મજ્ઞાનનું કારણ નથી એમ કહે છે. શાસ્ત્રજ્ઞાન વિકલ્પ છે ને? પુણ્યભાવ છે, એનાથી પુણ્યબંધ થાય છે પણ આત્મજ્ઞાન નહિ. જુઓ, અભવ્યને શાસ્ત્રજ્ઞાનની-આચારાંગ આદિ અગિયાર અંગ સુધીના જ્ઞાનની-હયાતી છે પણ શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે; અર્થાત્ એને શુદ્ધ આત્માનો આશ્રય નહિ હોવાથી કદીય સમ્યગ્જ્ઞાન થતું નથી.

અહાહા...! આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ એકલો જ્ઞાનનો પિંડ છે. શું કીધું? કે જેમ સક્કરકંદ ઉપરની છાલ ન જુઓ તો અંદર એકલી મીઠાશનો પિંડ છે તેમ ભગવાન આત્મા શાસ્ત્રજ્ઞાનના-વ્યવહારજ્ઞાનના વિકલ્પથી ભિન્ન અંદર એકલો જ્ઞાનનો પિંડ શુદ્ધ જ્ઞાનઘન છે. પણ અહા! પાણીના પૂરની જેમ શાસ્ત્ર ભણી જાય એવું

શાસ્ત્રજ્ઞાન હોવા છતાં શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ આત્માના આશ્રયના અભાવે અભવ્ય જીવને જ્ઞાનનો-મોક્ષના કારણભૂત સમ્યગ્જ્ઞાનનો અભાવ છે. મારગ બહુ ઝીણો ભાઈ! હવે આવી વાતુ કાનેય ન પડે તે બિચારા શું કરે? (સંસારમાં આથડી મરે).

અહા! આવું મનુષ્યપણું મળ્યું, કાંઈક પહોળો-પહોંચતો ક્ષયોપશમ થયો, ને એમાં જો શુદ્ધ તત્ત્વની અંતરમાં સમજણ ન કરી તો શું કર્યું ભાઈ? અહા! શુદ્ધ આત્માનું જ્ઞાન ન કર્યું તો એણે કાંઈ ન કર્યું; આખી જિંદગી એળે ગઈ. અરે! જીવન (આયુ) તો પૂરું થશે અને દેહ છૂટી જશે; ત્યારે તું કયાં રહીશ પ્રભુ? મિથ્યાજ્ઞાનમાં રહેવાનું ફળ તો અનંત સંસાર છે ભાઈ! એકલો દુઃખનો સમુદ્ર! !

અહા! આચાર્ય કહે છે-અંદર શુદ્ધ વિજ્ઞાનઘન પ્રભુ આત્માના જ્ઞાનના અભાવને લીધે શાસ્ત્રજ્ઞાનનો સદ્ભાવ હોવા છતાં અભવ્યને જ્ઞાન નથી. એથી એમ નક્કી થયું કે શાસ્ત્રજ્ઞાન કાંઈ (લાભદાયી) નથી; આત્મજ્ઞાન જ જ્ઞાન છે. હવે લૌકિક જ્ઞાન ને અજ્ઞાનીઓએ કહેલાં કલ્પિત શાસ્ત્રોનું જ્ઞાન એ તો કયાંય રહી ગયાં. એ તો બધાં અજ્ઞાન અને કુજ્ઞાન જ છે. અહીં તો આ ચોકખી વાત છે કે જેમાં ભગવાન આત્માનો આશ્રય નથી તે કાંઈ નથી, એ બધું અજ્ઞાન જ છે. હવે આવું તત્ત્વ સમજવાય રોકાય નહી અને આખો દિ' ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... , ને પડિક્કમ્મામિ ભંતે ઇરિયાવહિયાએ... એમ પાઠ રચ્યા કરે પણ એથી શું? બાપુ! મારગડા જુદા છે નાથ! એવું લાખ રટે તોય કાંઈ નથી કેમકે આત્મજ્ઞાનથી ઓછું કાંઈપણ (શબ્દશ્રુતજ્ઞાન પણ) જ્ઞાન નથી. સમજાણું કાંઈ... ?

હવે બીજી વાતઃ- 'જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે.'

જુઓ, સમ્યગ્દર્શન જેને ભગવાન સત્યદર્શન-આત્મદર્શન કહે છે એનો આશ્રય-આધાર નવ પદાર્થો નથી. એટલે શું? કે ભગવાને જે જીવ, અજીવ આદિ નવ પદાર્થ કહ્યા છે એના ભેદરૂપ શ્રદ્ધા નથી એટલે કે એનાથી ભગવાન આત્માનું શ્રદ્ધાન અર્થાત્ નિશ્ચય સમ્યગ્દર્શન થતું નથી. નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા તો રાગ છે. એ કાંઈ સમકિતનું કારણ નથી.

લ્યો, એ જ હેતુ-દષ્ટાંતથી સિદ્ધ કરે છે. જીવ આદિ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે. જોયું? અભવ્ય જીવને, કહે છે, નવતત્ત્વની શ્રદ્ધા તો હોય છે પણ તેને સમકિત હોતું નથી. કેમ? તો કહે છે-એને શુદ્ધ આત્માના શ્રદ્ધાનનો અભાવ છે. આ તો અભવ્યનો દાખલો આપ્યો છે. બાકી ભવ્ય જીવને પણ નવતત્ત્વની શ્રદ્ધાનો સદ્ભાવ હોવા છતાં શુદ્ધ આત્માની શ્રદ્ધાના અભાવને લીધે સમ્યગ્દર્શનનો

અભાવ છે. આમાં શું સિદ્ધ થયું? કે નવતત્ત્વની શ્રદ્ધાથી સમકિત નથી પણ શુદ્ધ આત્મશ્રદ્ધાન તે સમકિત છે. અહા! જેમાં શુદ્ધ આત્માની પ્રતીતિ ન હોય તે સમકિત નહિ. સમકિતનો આધાર-આશ્રય શુદ્ધ આત્મા છે, નવ પદાર્થો નહિ.

તો તત્ત્વાર્થસૂત્રમાં આચાર્ય ઉમાસ્વામીએ 'तत्त्वार्थश्रद्धानम् सम्यग्दर्शनम्' કહ્યું છે ને?

હા, પણ ત્યાં એ નિશ્ચય સમકિતની વ્યાખ્યા છે. ત્યાં 'तत्त्वार्थ' ની વ્યાખ્યા કરતાં એકવચન લીધું છે ને? મતલબ કે નવતત્ત્વોથી ભિન્ન જે એક શુદ્ધ જ્ઞાયકજ્યોતિસ્વરૂપ પ્રભુ આત્મા અંદર પ્રકાશમાન છે તેનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે-એમ ત્યાં આશય છે. શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ નવ તત્ત્વનું શ્રદ્ધાન સમકિત કહ્યું એ અભેદથી કહ્યું છે. પણ અહીં તો 'નવ પદાર્થો' એમ બહુવચન છે તેથી એ ભેદરૂપ શ્રદ્ધાની વાત છે. અહીં કહે છે-એ નવ પદાર્થોના ભેદરૂપ શ્રદ્ધાનથી નિશ્ચય સમકિત થતું નથી.

અહા! ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકભાવરૂપ આત્માનો જ્યાં અનુભવ ને દૃષ્ટિ થયાં તેમાં બધાય નવતત્ત્વની શ્રદ્ધા આવી જાય છે, કેમકે અસ્તિપણે આ શુદ્ધ આત્મા નિશ્ચય જીવતત્ત્વ છે એવી પ્રતીતિમાં એ પર્યાયો નાસ્તિરૂપ છે એમ એકરૂપ દ્રવ્યનું જ્ઞાન-શ્રદ્ધાન આવી જાય છે. આ પ્રમાણે 'तत्त्वार्थश्रद्धानम् सम्यग्दर्शनम्' કહ્યું છે એ નિશ્ચય સમકિતની વ્યાખ્યા છે; અને ભેદરૂપ શ્રદ્ધાન તો બીજી ચીજ છે, સમકિત નહિ. સમજાણું કાંઈ...?

અહાહા...! પ્રભુ તું કોણ છો? સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે જેને આત્મા જાણ્યો છે તેવો ચૈતન્યરસકંદ પ્રભુ આત્મા છો. અહા! આવા આત્મસ્વરૂપની શ્રદ્ધા વિના નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા નિરર્થક છે, કાંઈ વસ્તુ નથી. આકરી વાત પ્રભુ! વાડામાં-સંપ્રદાયમાં તો આ વાત છે નહિ. લોકો તો વ્યવહારને જ માર્ગ માની બેઠા છે. શું થાય? પણ સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે કે-અમારી શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, સંવર-નિર્જરા-મોક્ષ આદિની ભેદરૂપ શ્રદ્ધા તો અભવ્ય પણ કરે છે, પણ એને કદીય સમ્યગ્દર્શન નથી. ભાઈ! આ તો અંદર છે એના અર્થ થાય છે. જેમ દશેરાથી દિવાળી સુધી ચોપડા મેળવે છે તેમ બાપુ! આ ભગવાનના ચોપડા સાથે તારી શ્રદ્ધાને મેળવ તો ખરો.

હવે ત્રીજી વાતઃ 'છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.'

શું કહે છે? કે આ છ કાયના જીવોની દયા પાળવી એ ચારિત્ર નથી; અહિંસાદિ પંચમહાવ્રતના ભાવ ચારિત્રનો આધાર નામ આશ્રય-નિમિત્ત-કારણ નથી.

ત્યારે કોઈ કહે છે-છ કાયની દયા પાળો એ ધર્મ છે.

અરે ! સાંભળને બાપુ ! એ તો વ્યવહાર નામ ઉપચાર છે; વાસ્તવિક નહિ.

જુઓ, સર્વજ્ઞ વીતરાગ જૈન પરમેશ્વર કહે છે કે-સક્કરકંદ, ડુંગળી, લસણ વગેરેની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે, અને એક એક શરીરમાં અનંતા નિગોદના જીવો છે. અહા ! આ જીવ અનંતકાળ ત્યાં (-નિગોદમાં) રહ્યો છે. ભગવાન ! તું ભૂલી ગયો પણ અનંતકાળ તું નિગોદમાં રહ્યો છે. માંડ બહાર નીકળ્યો ત્યાં પરમાં (છ કાયની દયામાં) ગુંચાઈ ગયો. અહા ! ભગવાન સર્વજ્ઞના શાસન સિવાય છ જીવ-નિકાયની કયાંય વાત નથી. પણ ભગવાન ! તું છ જીવ-નિકાયમાં ગુંચાઈ-ભરાઈ પડયો ! અનંતા નિગોદના જીવ, પૃથ્વીકાય, અપકાય આદિ એકેન્દ્રિય જીવો, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય વગેરે બધા છ જીવ-નિકાય છે. અહીં કહે છે-એ છ જીવ-નિકાયની દયા એ શુભરાગ છે, ચારિત્ર નામ ધર્મ નહિ. આકરી વાત પ્રભુ ! ભાઈ ! એવી છ કાયની દયા તો અભવ્ય જીવ પણ પાળે છે, અને ભવ્ય જીવે પણ અનંતવાર પાળી છે. પણ એથી શું ? તો-

દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ;
અનંત જીવ મુક્તિ ગયા, દયા તણા પરિણામ.

-એમ આવે છે ને ? હા, પણ એ કઈ દયા ભાઈ ? એ આ છ કાયની દયા નહિ, પણ સ્વદયાની વાત છે. અહા ! અંદર શુદ્ધ એક ચિદ્રૂપ ચૈતન્યરસકંદ આનંદકંદ પ્રભુ પોતે છે તેનો સ્વીકાર કરી તેમાં ઠરવું તે સ્વદયા છે ને તે સુખની ખાણ ને મુક્તિનો માર્ગ છે. બાકી આ છ જીવ-નિકાય કાંઈ ચારિત્રનો-ધર્મનો આશ્રય નથી. છ કાયની દયાનો ભાવ તો પર તરફના વલણવાળો ભાવ છે; તે શુભરાગ છે, ચારિત્ર નહિ.

અહા ! મોક્ષના કારણભૂત જે ચારિત્ર છે તેનો છ જીવ-નિકાય આશ્રય નથી. કેમ ? કારણ કે તેના એટલે કે છ જીવ-નિકાયની દયાના સદ્દભાવમાં પણ શુદ્ધ આત્માના અભાવને લીધે અભવ્યોને ચારિત્રનો અભાવ છે. અહા ! અભવ્યને છ જીવ-નિકાયની દયાના પરિણામ બરાબર હોય છે પણ એને ચારિત્ર કદીય હોતું નથી. કેમ ? કેમકે શુદ્ધ આત્માનો તેને અભાવ છે, અર્થાત્ તેને કદીય શુદ્ધ આત્માનો-જ્ઞાનાનંદસ્વરૂપ પોતાના ભગવાનનો-આશ્રય થતો નથી. અહા ! એ છ કાયની દયા પાળે, એકેન્દ્રિય લીલોતરીનો દાણો પણ હણાય તો આહાર ન લે, પાણીનું એક બિંદુ જેમાં અસંખ્ય જીવ છે એને હણીને કોઈ ગરમ પાણી એના માટે બનાવે તો એ પ્રાણ જાય તોય ન લે. અહા ! આવો એને દયાનો ભાવ હોય છે, પણ એને ચારિત્ર નથી કેમકે શુદ્ધ આત્માના આશ્રયનો એને અભાવ છે.

**પ્રશ્નઃ-** તો ધર્માત્મા પુરુષ છ જીવ-નિકાયની દયા પાળે છે ને ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાનઃ-** શુદ્ધ નિશ્ચય એક આત્માનું જ્ઞાન ને દર્શન થયા પછી પણ ધર્માત્માને છ કાયની દયાનો વિકલ્પ-વ્યવહાર હોય છે, પણ તેને એ હેયપણે છે. આત્માનાં શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેને પ્રગટ છે એવા મુનિવરને પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ઇત્યાદિ વ્યવહાર-રાગ હોય છે પણ તેને એ હેયબુદ્ધિએ હોય છે. એમાં એને સ્વામિત્વ નથી. સાધકને એક સમયમાં બેય હોય છે. સાધક છે ને? અધૂરો છે ને? સાધક હોય એટલે ત્યાં બાધકપણું હોય પણ તેને એ હેય છે.

મિથ્યાદૃષ્ટિને એકલું બાધકપણું છે, ભગવાન કેવળીને એકલા સાધકપણાનું ફળ પૂર્ણ દશા છે અને સાધકને સાધક-બાધક બેય છે. એને સ્વના આશ્રયે જ્ઞાન, દર્શન ને ચારિત્ર તે નિશ્ચય ને પરના આશ્રયે જરી રાગ થાય તે વ્યવહાર-એમ બેય હોય છે. પણ એ વ્યવહાર કાંઈ સ્વ-વસ્તુ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. એ તો સહચર નિમિત્ત જાણીને એને વ્યવહાર કહેવામાં આવે છે, બાકી છે એ હેય જ. સમજાણું કાંઈ...?

અહા! આવો વ્યવહાર અભવ્યો અને ભવ્યો પણ કરે છે, પણ અંતરંગમાં શુદ્ધ આત્માનો આશ્રય કર્યા વિના એને ચારિત્રનો અભાવ છે. અહા! અનંત કાળમાં એણે અનંત પદ્દગલપરાવર્તન કર્યાં. એક એક પુદ્દગલપરાવર્તનના અનંતમા ભાગમાં અનંતા દ્રવ્યલિંગ, યથાર્થ દ્રવ્યલિંગ હોં, અનંતવાર ધાર્યાં, પણ ભગવાન આત્માના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં નહિ. એ બધી બહારની ક્રિયા તો શુભરાગ છે. એને ધર્મ માની એ કરે ને બહારમાં લોકો પણ એને સારું આચરણ કહે પણ સર્વજ્ઞ પરમાત્મા એને સદાચરણ (સત્ય આચરણ) નહિ પણ અસદાચરણ અર્થાત્ અસત્ય આચરણ કહે છે. સમજાણું કાંઈ...? બાપુ! જે આચરણમાં સચ્ચિદાનંદનો નાથ પ્રભુ આત્મા હોય નહિ તે અસદાચરણ છે.

ભાઈ! આ ત્રિલોકનાથ સીમંધર ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણી અહીં આવી છે. શ્રી સીમંધર પરમાત્મા વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં મોજુદ છે. વીસમા મુનિસુવ્રતનાથના સમયથી તેઓ મહાવિદેહમાં બિરાજે છે. તેમનો પાંચસો ધનુષ્યનો દેહ છે, અને ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. તે, આવતી ચોવીસીમાં અહીં તેરમા તીર્થંકર થશે ત્યારે મોક્ષે જશે. ભગવાન કુંદકુંદાચાર્ય સંવત ૪૯ માં ત્યાં સીમંધર ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યાં છે. તેમાં આ કહે છે કે-ચિદ્દબ્રહ્મ-ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા અંદર છે તેનો જ્યાં આશ્રય નથી ત્યાં ચારિત્ર નથી. કોઈ ભલે છ કાયના જીવની દયા ને પંચમહાવ્રતાદિનો વ્યવહાર પાળે, પણ એ કાંઈ ચારિત્રનો આશ્રય નથી અર્થાત્ એનાથી ચારિત્ર પ્રગટતું નથી. હવે આવું લોકોને આકરું પડે પણ શું થાય? મારગ તો આવો છે.

આમ બફમમાં ને બફમમાં (ભ્રમમાં) અંદર સચ્ચિદાનંદ ભગવાન છે એનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આશ્રય નહિ લે તો આ મનુષ્યભવ નિરર્થક જશે. જિંદગી ચાલી જશે પ્રભુ! ને સંસાર ઊભો રહેશે. અહા! આ ગધેડાને ને કૂતરાને હમણાં મનુષ્યપણું નથી અને તને છે પણ સમજણ કરીને અંતર્દષ્ટિ નહિ કરે તો ફેરો (-દાવ) ફોગટ જશે ને ચાર ગતિના ફેરા (ચક્કર) ઊભા રહેશે. સમજાણું કાંઈ...?

આ પ્રમાણે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સત્યાર્થ દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી એમ કહ્યું. હવે સત્યાર્થ કહે છેઃ-

'શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે;...'

જોયું? શું કહે છે? કે સમ્યગ્જ્ઞાનનો શુદ્ધ આત્મા જ એક આશ્રય છે. 'શુદ્ધ આત્મા જ' -એમ કહીને બીજું બધું કાઢી નાખ્યું. આ સમ્યક્ એકાંત કર્યું છે. અહા! સમ્યગ્જ્ઞાનને એક આત્મા જ આશ્રય છે, બીજાું કાંઈ નહિ-શાસ્ત્રજ્ઞાનેય નહિ ને દેવ-ગુરુય નહિ. સમજાણું કાંઈ...?

જુઓ, ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. તે વીતરાગતા કેમ થાય? તો કહે છે-જ્ઞાનની પર્યાય શુદ્ધ આત્માના આશ્રયે ભગવાન આત્માનું જ્ઞાન કરે તો વીતરાગતા થાય. કોઈ ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર આદિ અનેક ચારે અનુયોગનાં શાસ્ત્ર ભણે તો તેને સમકિત થાય કે નહિ? તો કહે છે-ચારે અનુયોગ ભણે માટે થાય જ એમ નહિ, કદાચિત્ થાય તો એનાથી (શાસ્ત્ર ભણતરથી) થાય એમેય નહિ; થાય તો શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ આત્માના જ આશ્રયે થાય બીજી કોઈ રીતે નહિ. ભાઈ! વીતરાગી જ્ઞાનામૃતનો પિંડ પ્રભુ આત્મા અંદર છે એને સ્વાનુભવમાં ન જાણે ત્યાંસુધી એનાં ભણતર-બણતર કાંઈ લેખે લાગે નહિ.

અહાહા...! આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એકલા જ્ઞાનામૃતરસનો દરિયો છે. એણે જાણનારું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. હવે એમાં બીજાું (-શાસ્ત્ર) આવડે ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. જુઓ, શિવભૂતિ મુનિને દ્રવ્યશ્રુતનું કાંઈ વિશેષ જ્ઞાન ન હતું ('मा रुष, मा तुष' એટલું પણ યાદ રહેતું ન હતું) પણ અંતરમાં ભાવશ્રુત હતું કે-હું જ્ઞાનાનંદનો સાગર પ્રભુ આત્મા છું, કેમકે અંદર શુદ્ધ આત્માનો આશ્રય હતો. આવી વાત છે! ઝીણી પડે પણ વસ્તુ જ આવી છે.

અહા! જ્ઞાન-સમ્યગ્જ્ઞાન કેમ થાય એની આ વાત છે. શરીર, મન, વાણી, ઇન્દ્રિયથી તો થાય નહિ કેમકે તે બધાં રૂપી જડ પુદ્ગલ છે ને ભગવાન આત્માનું જ્ઞાન અરૂપી ચૈતન્યમય છે. વળી પુણ્ય-પાપના વિકલ્પથીય જ્ઞાન ન થાય કેમકે તે વિકલ્પ જડસ્વભાવ છે, અજ્ઞાનસ્વભાવી છે. ચારે અનુયોગ ભણે એથીય કાંઈ આત્માનું

જ્ઞાન ન થાય કેમકે એ બધું પરલક્ષી-પર તરફના લક્ષવાળું જ્ઞાન છે. અહા! દિશા પલટે અને અંદર સ્વમાં લક્ષ કરી સ્વસ્વરૂપને જાણવામાં પ્રવર્તે ત્યારે આત્માનું જ્ઞાન થાય છે અને તે સમ્યગ્જ્ઞાન છે. આવી વાત છે.

અહા! અહીં મોક્ષમાર્ગ બતાવવો છે એમાં પહેલાં સમ્યગ્જ્ઞાનથી ઉપાડયું છે, કેમકે જાણ્યા વિના કોની પ્રતીતિ કરે? જે વસ્તુ જાણવામાં ન આવે તેની પ્રતીતિ કેમ થાય? તેથી પહેલાં જ્ઞાનથી ઉપાડયું છે. તો કહે છે-જ્ઞાનનો એક શુદ્ધાત્મા જ આશ્રય છે. બીજાું ગમે તેટલું જાણે તોય આત્મપ્રાપ્તિ ન થાય પણ જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળી સ્વસન્મુખતા કરે ત્યાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

'શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે' -આમાં 'જ' કારથી એકાન્ત કીધું ને? મતલબ કે શુદ્ધાત્માનું જ્ઞાન એય જ્ઞાન ને શાસ્ત્રનું જ્ઞાન એય જ્ઞાન એમ નથી; પણ એક શુદ્ધ આત્મા જ જેનું નિમિત્ત-આશ્રય છે તે જ્ઞાન-સમ્યગ્જ્ઞાન છે. અહા! સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ આત્મા જ નિમિત્ત-કારણ છે. નિમિત્ત એટલે તે પર્યાયમાં કાંઈ કરે છે એમ નહિ; પણ એના આશ્રયે એના પૂર્ણ સામર્થ્યનું જ્ઞાન અહીં પર્યાયમાં આવે છે ને તે જ્ઞાન મોક્ષનો મારગ છે.

શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુત હો કે ન હો, શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે. લ્યો, શું કહે છે આ? કે શાસ્ત્રનું જ્ઞાન ભલે હોય કે ન હોય, શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે. હવે આવી નિશ્ચયની વાત ઘણા લોકોને-વ્યવહારવાળાઓને ખટકે છે. શબ્દશ્રુત હો કે ન હો એમ કીધું ને? મતલબ કે શબ્દશ્રુત કાંઈ નથી. માત્ર (દ્રવ્યશ્રુતથી) દિશા ફરે તો દશા ફેર થાય છે. પરથી ખસી જ્ઞાનની દિશા સ્વ ભણી વળે તે સમ્યગ્જ્ઞાન થાય છે. અહા! દશા દશાવાન તરફ ઢળે તો જ્ઞાન સાચું છે; બાકી બધાં થોથાં છે. સમજાણું કાંઈ...?

હવે કહે છે- 'શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ દર્શનનો સદ્‌ભાવ છે;...'

શું કીધું? કે સમ્યગ્દર્શનનો આશ્રય એક શુદ્ધ આત્મા જ છે, નવ પદાર્થો નહિ. નવ પદાર્થોની શ્રદ્ધા તો રાગ છે. અહા! જેનો આશ્રય નવ તત્ત્વો છે એ તો રાગ છે, સમ્યગ્દર્શન નહિ. ભગવાન જેને સમ્યગ્દર્શન કહે છે એનો આશ્રય-લક્ષ એક શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ આત્મા જ છે.

અહાહા...! નવતત્ત્વથી ભિન્ન પૂરણ શુદ્ધ એક જ્ઞાનઘન પ્રભુ આત્મા છે. એના સન્મુખનું શ્રદ્ધાન-દર્શન તે સમ્યગ્દર્શન છે. અભેદથી કહીએ તો શુદ્ધ આત્મા જ

સમ્યગ્દર્શન છે. હવે આત્મા શું ને નવતત્ત્વ શું એની ખબરેય ન હોય ને આ અમને ભગવાનની શ્રદ્ધા છે એ સમકિત અને આ વ્રત લઈએ તે ચારિત્ર એમ કોઈ માને છે પણ બાપુ! એ તો બધાં એકડા વિનાનાં મીંડાં છે ભાઈ! સમ્યગ્દર્શન કે જેને ચોથું ગુણસ્થાન કહીએ, જે શ્રાવક થવા પહેલાં આવે છે, તેનો આશ્રય, અહીં કહે છે, એક શુદ્ધ આત્મા જ છે; ભગવાનેય નહિ ને નવતત્ત્વેય નહિ. આમાં શ્રાવક કહ્યા તે આ વાડાના શ્રાવક નહિ, એ તો બધા સાવજ છે; આ તો વીતરાગી શાંતિ અને સ્થિરતા કાંઈક થયાં છે એવા પંચમગુણસ્થાનવાળા શ્રાવકની વાત છે.

અહાહા...! શું કહે છે? કે જીવાદિ નવ પદાર્થોની ભેદરૂપ શ્રદ્ધાનો વિકલ્પ હો કે ન હો, શુદ્ધ આત્માના સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે. આનો અર્થ શું થયો? કે નવ પદાર્થોનું ભેદરૂપ શ્રદ્ધાન કાંઈ વસ્તુ નથી, અર્થાત્ એનાથી સમ્યગ્દર્શન નથી, પણ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ આત્માના જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

ત્યારે કોઈ વળી કહે છે-આ અધ્યાત્મવાળા એક શુદ્ધ આત્માને જ આશ્રય-ધ્યેય બનાવે છે તે એકાંત છે, બીજે નવપદાર્થોનો આશ્રય પણ કહ્યો છે.

અરે ભાઈ! બીજે નવતત્ત્વના આશ્રયે શ્રદ્ધાન કહ્યું છે એ તો વ્યવહાર છે અને એ તો અહીં પહેલાં કહ્યું ને તેનો નિષેધ કર્યો, કેમકે આત્મદર્શન વિના વ્યવહાર કાંઈ નથી અર્થાત્ રાગદ્વેષમોહ જ છે. ભાઈ! શુદ્ધ ચિદાનંદઘન એકલા જ્ઞાન ને આનંદ દળ પ્રભુ આત્મા છે તે એકમાં અંતર્મુખાકાર થઈ એનું દર્શન-શ્રદ્ધાન કરે તે વાસ્તવિક નિશ્ચય સમ્યગ્દર્શન છે. નારકીને પણ આવું સમ્યગ્દર્શન થાય છે પણ તે આ રીતે જ, અને ત્યારે તેને જે, નવતત્ત્વનું ભેદરૂપ શ્રદ્ધાન હોય છે તે વ્યવહાર છે. આ પ્રમાણે અનેકાન્ત છે.

**પ્રશ્નઃ-** પણ કાળલબ્ધિ હોય ત્યારે સમ્યગ્દર્શન થાય ને?

**ઉત્તરઃ-** કાળલબ્ધિ એ સમયે જ હોય છે. અહાહા...! અંદર ત્રિકાળી ધ્રુવ સ્વસ્વભાવ એક જ્ઞાયકભાવને જ્યાં ધ્યેય બનાવ્યો ત્યાં તે જ સમયે

-સ્વભાવનો આશ્રય થયો,

-કાળલબ્ધિ થઈ ગઈ,

-વર્તમાન પર્યાયનો પુરુષાર્થ થઈ ગયો,

-કર્મનાં ઉપશમ આદિ પણ થઈ ગયાં અને

-થવા યોગ્ય સમ્યગ્દર્શનની પર્યાય જ થઈ તે ભવિતવ્ય થયું. એક સાથે પાંચે સમવાય મળ્યાં. આ પ્રમાણે શુદ્ધ આત્માના જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે અને એમાં પાંચે સમવાય સમાઈ જાય છે.

હવે ત્રીજી ચારિત્રની વાત લે છેઃ- 'શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, કારણ કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે.'

જુઓ, જેને મોક્ષના કારણભૂત ચારિત્ર કહીએ તેનો આશ્રય એક શુદ્ધાત્મા જ છે, છ જીવ-નિકાય નહિ. અહાહા...! અંદર શુદ્ધ ચૈતન્યરસકંદ પ્રભુ આત્મા છે તે એકમાં જ ચરવું-રમવું-ઠરવું એનું નામ ચારિત્ર છે.

અત્યારે તો કોઈ લોકો કહે છે કે-અઠ્ઠાવીસ મૂલગુણ પાળે-એ શુભથી શુદ્ધ ઉપયોગ થાય.

અરે ભાઈ! એ (મૂળગુણના) શુભભાવની રાગની દિશા તો પર તરફ છે, ને આ ચારિત્રની દિશા સ્વ તરફ છે. હવે પર તરફની દિશાએ જતાં સ્વ તરફની દિશાવાળી દશા કેવી રીતે થાય? અહા! રાગમાંથી વીતરાગતા કેમ થાય? રાગમાં-દુઃખમાં રહેતાં અતીન્દ્રિય સુખ કેમ પ્રગટે? બાપુ! અતીન્દ્રિય સુખ તો અતીન્દ્રિય સુખનો સાગર ચિદાનંદઘન પ્રભુ આત્માના એકના આશ્રયે જ પ્રગટ થાય છે એમ અહીં કહે છે.

કોઈક દિ' કાને પડે એટલે માણસને એમ લાગે કે આવો ધર્મ! આવો મારગ! પણ ભાઈ! વીતરાગ જૈન પરમેશ્વરે ચારિત્રનો-ધર્મનો આશ્રય એક શુદ્ધ આત્મા જ કહ્યો છે. અર્થાત્ છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી. શું કીધું? પહેલાં પંચમહાવ્રતાદિ પાળે માટે પછી ચારિત્ર થશે એમ છે નહિ. જ્યારે એને ચારિત્ર થશે ત્યારે એક શુદ્ધ આત્માના જ આશ્રયે થશે; અર્થાત્ શુદ્ધ આત્માનો આશ્રય કરશે ત્યારે જ ચારિત્ર થશે.

અત્યારે તો લુગડાં ફેરવે કે નગ્ન થઈ જાય એટલે માને કે થઈ ગઈ દીક્ષા; ને કાંઈક ઉપવાસ કરે એટલે માને કે તપસ્યા ને નિર્જરા થઈ ગયાં. પણ એમ તો ધૂળેય દીક્ષા ને તપસ્યા નથી સાંભળને. દીક્ષા કાળે લુગડાં તો સહજ છૂટી જાય છે, છોડવાં પડતાં નથી લુગડાં છૂટવાની-અજીવની ક્રિયા તો અજીવમાં થાય છે. એને છોડે કોણ? વળી લુગડાંવાળા છે એ તો દ્રવ્યે કે ભાવે સાધુ જ નથી. આકરી વાત ભાઈ! દુનિયાથી મેળ ખાય, ન ખાય પણ વસ્તુ તો આ જ છે.

અહીં કહે છે-છ જીવ-નિકાયની દયાનો વિકલ્પ હોય કે ન હોય, શુદ્ધ આત્માના સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે. એટલે શું? કે છ જીવ-નિકાયની દયાનો વિકલ્પ ને પંચમહાવ્રતાદિનો વિકલ્પ એ કાંઈ વસ્તુ (ચારિત્ર) નથી. છ જીવ-નિકાયની દયાનો વિકલ્પ હોય તોપણ ચારિત્ર તો સ્વના આશ્રયે જે (નિર્મળ પરિણતિ) છે તે જ છે. શુદ્ધ આત્માના સદ્ભાવથી જ અર્થાત્ જેને શુદ્ધ આત્માનો આશ્રય છે તેને જ ચારિત્ર છે.

અહા! જેનો એક જ્ઞાનસ્વભાવ છે એવા છ કાયના અનંતા જીવ આખા લોકમાં ઠસાઠસ ભર્યા છે. અહીં પણ અનંતા સૂક્ષ્મ જીવો છે. અહા! આવો આખા લોકનો જીવ સમૂહ જેમાં નિમિત્ત છે એવી દયાનો વિકલ્પ, અહીં કહે છે, ચારિત્ર નથી. દુનિયાથી ઘણો ફેર ભાઈ! દુનિયા તો માને કે પર જીવને ન હણો એટલે અહિંસા. અહીં કહે છે- ભગવાન! તું પોતે પોતાને ન હણે અર્થાત્ જેવો તું ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાનઘન પ્રભુ છે તેવો એને પોતાની દશામાં જાણવો, માનવો ને એમાં જ સ્થિર થઈ ઠરવું એનું નામ અહિંસા-દયા છે. અહા! આનંદના નાથમાં રમણતા કરવી એનું નામ ચારિત્ર છે; આ સિવાય બધાં થોથેથોથાં છે. આવી વાત છે.

## * ગાથા ૨૭૬-૨૭૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું, જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન કરવું, તથા છ કાયના જીવોની રક્ષા-એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહાર નય તો નિષેધ્ય છે;...'

જુઓ, આચારાંગ આદિ વીતરાગ સર્વજ્ઞદેવે કહેલા શબ્દશ્રુતનું જાણવું એ વ્યવહાર જ્ઞાન છે, સત્યાર્થ નહિ. ભગવાનને નામે આચારાંગ આદિ નામ પાડી પાછળથી જે કલ્પિત શાસ્ત્ર રચવામાં આવ્યાં છે એનું જ્ઞાન તો વ્યવહારેય જ્ઞાન નથી, એ તો બધું કુજ્ઞાન છે. અહીં તો એમ કહે છે કે-સત્શાસ્ત્રોનું જ્ઞાન, જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન અને છ કાયના જીવોની દયાનો ભાવ-એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી હોતાં. અભવ્ય જીવ જે છે તે તો મોક્ષને લાયક જ નથી; પણ ભવ્ય જીવ વ્યવહાર ચારિત્ર પાળે એમાંથી એને નિશ્ચય ચારિત્ર થાય ને?

તો કહે છે-એમ છે નહિ. પરાશ્રયે કોઈ દિ' ત્રણકાળમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય નહિ. પરાશ્રયે પરિણમે એને કાળલબ્ધિ આદિ હોય નહિ. સ્વ-આશ્રયે જ દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે અને સ્વ-આશ્રયે પરિણમે એને જ કાળલબ્ધિ આદિ હોય છે.

જો એમ છે તો કરવું શું? આમાં કરવાનું તો કાંઈ આવતું નથી.

અરે ભાઈ! જે કરવું છે તે બધું અંદરમાં છે; અર્થાત્ શુદ્ધ ચૈતન્યમય પોતાની આત્મવસ્તુમાં ઢળવું ને તેમાં જ ઠરવું બસ આ કરવું છે. આ સિવાય બીજું કરવું બધું મિથ્યા છે, સંસાર વધારવા માટે જ છે.

જુઓ, અહીં શું કહે છે? કે વ્યવહારનય નિષેધ્ય છે. બાપુ! આ વ્યવહાર જેટલો છે એ બધો નિષેધ કરવા લાયક છે, કેમકે બંધનું કારણ છે. તેથી તો તેને અહીં બંધ અધિકારમાં નાખ્યો છે. હવે કહે છે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'અને શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે, તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.'

અહા! જેના જ્ઞાનમાં શુદ્ધાત્મા આવ્યો, દર્શનમાં શુદ્ધાત્મા આવ્યો ને રમણતામાં શુદ્ધાત્મા છે તેને શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે. તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. સ્વના આશ્રયે નિશ્ચય જે છે એ પર-આશ્રયનો-વ્યવહારનો નિષેધક છે. હવે નિશ્ચય જ્યાં વ્યવહારનો નિષેધક છે અને વ્યવહાર નિષેધ્ય છે ત્યાં વ્યવહારથી નિશ્ચય થાય એ ક્યાં રહ્યું?

માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે; અર્થાત્ શુદ્ધ એક જ્ઞાયકભાવસ્વરૂપ ભગવાન આત્મા જ એક આશ્રય કરવા યોગ્ય છે એમ સમજવું.

* * *

હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૭૪ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'रागादयः बन्धनिदानम् उक्ताः' રાગાદિકને બંધનાં કારણ કહ્યાં અને વળી 'ते शुद्धचिन्मात्र-महः- अतिरिक्ताः' તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા; 'तद-निमित्तम्' ત્યારે તે રાગાદિકનું નિમિત્ત 'किमु आत्मा वा परः' આત્મા છે કે બીજું કોઈ...?

જુઓ, શું પ્રશ્ન છે એ સમજાય છે કાંઈ...?

કે આ જે રાગ છે વ્યવહારનો એને ભગવાન! આપે બંધનું કારણ કહ્યો; અહા! આ આચારાંગ આદિનું જ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રની તથા નવ પદાર્થોની શ્રદ્ધા ને છ જીવ-નિકાયની દયાનો વિકલ્પ ઇત્યાદિ બધાં બંધનું કારણ છે એમ આપે કહ્યું અને વળી આપ કહો છો રાગ આત્માથી ભિન્ન છે, રાગ આત્માનો છે નહિ; તો પછી એને (આત્માને) બંધ શી રીતે થાય? રાગાદિકને શુદ્ધ- ચૈતન્યમાત્ર જ્યોતિથી (-શુદ્ધ આત્માથી) ભિન્ન કહો છો ત્યારે રાગાદિકનું નિમિત્ત અર્થાત્ કારણ કોણ છે? આત્માનાં રાગાદિક છે નહિ, અને રાગથી બંધન થાય; ત્યારે એ રાગનું કારણ કોણ? શું એનું અર્થાત્ શુભાશુભરાગનું કારણ આત્મા છે કે બીજું કોઈ? લ્યો, શિષ્યનો આવો પ્રશ્ન છે.

'इति पणुन्नाः पुनः एवम् आहुः' એવા શિષ્યના પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્ય ભગવાન ફરીને આમ કહે છે. લ્યો, આ પ્રશ્નના ઉત્તરરૂપે હવે ગાથા કહે છે એમ કહે છે.

[ પ્રવચન નં. ૩૩૩ થી ૩૩૮ * દિનાંક ૨૫-૩-૭૭ થી ૧૧-૫-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૨૭૮-૨૭૯

जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।। २७८।।
एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।। २७९।।

यथा स्फटिकमणिः शुद्धो न स्वयं परिणमते रागाद्यैः।
रज्यतेऽन्यैस्तु स रक्तादिभिर्द्रव्यैः।। २७८।।
एवं ज्ञानी शुद्धो न स्वयं परिणमते रागाद्यैः।
रज्यतेऽन्यैस्तु स रागादिभिर्दोषैः।। २७९।।

ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્યભગવાન ગાથા કહે છેઃ–

જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.
ત્યમ ‘જ્ઞાની’ પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ स्फटिकमणिः ] સ્ફટિકમણિ [ शुद्धः ] શુદ્ધ હોવાથી [ रागाद्यैः ] રાગાદિરૂપે (રતાશ-આદિરૂપે) [ स्वयं ] પોતાની મેળે [ न परिणमते ] પરિણમતો નથી [ तु ] પરંતુ [ अन्यैः रक्तादिभिः द्रव्यैः ] અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે [ सः ] તે [ रज्यते ] રક્ત (-રાતો) આદિ કરાય છે, [ एवं ] તેમ [ ज्ञानी ] જ્ઞાની અર્થાત્ આત્મા [ शुद्धः ] શુદ્ધ હોવાથી [ रागाधैः ] રાગાદિરૂપે [ स्वयं ] પોતાની મેળે [ न परिणमते ] પરિણમતો નથી [ तु ] પરંતુ [ अन्यैः रागादिभिः दोषैः ] અન્ય રાગાદિ દોષો વડે [ सः ] તે [ रज्यते ] રાગી આદિ કરાય છે.

**ટીકાઃ-** જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને લાલાશ-આદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( उपजाति )

**न जातु रागादिनिमित्तभाव-**
**मात्मात्मनो याति यथार्ककान्तः।**
**तस्मिन्निमित्तं परसङ्ग एव**
**वस्तुस्वभावोऽयमुदेति तावत्।। १७५।।**

હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે; તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા, પોતે પરિણમન-સ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે. -આવો વસ્તુનો સ્વભાવ છે.

**ભાવાર્થઃ-** સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) લાલાશ-આદિરૂપે પરિણમે છે. તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે. તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यथा अर्ककान्तः ] સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) [ आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति ] આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, [ तस्मिन् निमित्तं परसङ्गः एव ] તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે. - [ अयम् वस्तुस्वभावः उदेति तावत् ] આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.) ૧૭૫.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


( अनुष्टुभ् )

**इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।**
**रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।। १७६ ।।**

'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति स्वं वस्तुस्वभावं ज्ञानी जानाति ] એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે [ तेन सः रागादीन् आत्मनः न कुर्यात् ] તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી, [ अतः कारकः न भवति ] તેથી તે ( રાગાદિકનો ) કર્તા નથી. ૧૭૬.

❄ ❄ ❄

## સમયસાર ગાથા ૨૭૮-૨૭૯ : મથાળું

ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્ય ભગવાન ગાથા કહે છેઃ-

## * ગાથા ૨૭૮-૨૭૯ : ટીકા ઉપરનું પ્રવચન *

'જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ...'

જુઓ, સ્ફટિકમણિ શુદ્ધ ઉજ્જ્વળ ધોળો હોય છે. વિ. સં. ૧૯૯૧ માં મોટો સ્ફટિકમણિ જોયો હતો. આપણે અહીં સ્ફટિકમણિની ઉજ્જ્વળ ધોળી-સફેદ પ્રતિમા છે ને? અહા! એવો સ્ફટિકમણિ સ્વભાવથી શુદ્ધ સફેદ ઉજ્જ્વલ હોય છે.

એ સ્ફટિકમણિ ખરેખર એકલો હોય, બીજાના સંગમાં ન હોય અર્થાત્ બીજાના સંબંધમાં ન હોય તો પોતે પોતાની મેળે રાગાદિરૂપે અર્થાત્ લાલાશ આદિરૂપે પરિણમતો નથી, પણ જેવો સ્વભાવ છે તેવો સફેદ ઉજ્જ્વલ જ પરિણમે છે. અહા! પલટવું એ એનો સ્વભાવ છે; પરિણમનસ્વભાવવાળો હોવાથી પ્રતિસમય પર્યાયપણે તે બદલે છે, પલટે છે; પણ એને ત્રિકાળ શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી એકલો પોતાની મેળે તે રાગાદિરૂપે-લાલાશ આદિરૂપે પરિણમતો નથી. શું કીધું? કે સ્ફટિકમણિ પોતે પોતાને લાલાશ આદિરૂપ પરિણમનનું નિમિત્ત-કારણ નથી અર્થાત્ એકલો સ્ફટિકમણિ પોતાની મેળે લાલાશ આદિરૂપ થાય એવો એનો સ્વભાવ નથી; અને તેથી એકલો પોતાની મેળે લાલાશ આદિરૂપે પરિણમતો નથી. હવે કહે છે-

'પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થયો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે,...'

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, એક નિર્મળ જેનો સ્વભાવ છે તેવો સ્ફટિકમણિ એકલો પોતાની મેળે રાતાદિરૂપે થતો નથી, પરંતુ પરદ્રવ્યના-લાલ-પીળા-ફૂલના સંગે એમાં લાલ-પીળી ઝાંય થાય છે. જુઓ, એમાં લાલ-પીળી ઝાંય જે થાય છે તે એની વર્તમાન દશાની યોગ્યતા છે, પણ લાલ-પીળા ફૂલને કારણે એ થઈ છે એમ નથી. લાલ-પીળા ફૂલથી જ જો એ ઝાંય થતી હોય તો લાકડામાં પણ થવી જોઈએ. પણ એમ બનતું નથી કેમકે એની એવી યોગ્યતા નથી; સ્ફટિકમણિમાં થાય છે એ એની પર્યાય યોગ્યતા છે.

તો 'પરદ્રવ્ય વડે જ રાગાદિરૂપે પરિણમાવાય છે' એમ લખ્યું છે ને?

ભાઈ! એ તો નિમિત્તની ભાષા છે. પોતે પોતાની વર્તમાન યોગ્યતાથી પરદ્રવ્યના નિમિત્તે-સંગે લાલાશ આદિરૂપ પરિણમે છે તો પરદ્રવ્ય વડે પરિણમાવાય છે એમ નિમિત્તથી કહેવાય છે. બાકી નિમિત્તે-પરદ્રવ્યે એમાં કાંઈ વિલક્ષણતા ઉત્પન્ન કરી છે એમ નથી. આવી વાત છે! સમજાણું કાંઈ...?

જુઓ, આ દ્રષ્ટાંત કહ્યું, હવે તેને આત્મામાં ઉતારે છેઃ-

'તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ...'

જુઓ, શું કહે છે? કે એકલો આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી. કેમ? કેમકે પોતાને ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું-કારણપણું નથી. અહાહા...! આત્મા પોતે પર્યાયરૂપથી બદલવાના સ્વભાવવાળો હોવા છતાં, શુદ્ધ-પવિત્ર સ્વભાવપણાને લીધે તેને રાગાદિ વિકારનું કારણપણું નહિ હોવાથી એકલો પોતાની મેળે રાગાદિ વિકારપણે પરિણમતો નથી.

લ્યો, આથી કેટલાક પંડિતો કહે કે-નિમિત્તથી થાય છે.

ભાઈ! નિમિત્ત બીજી ચીજ છે ખરી, પણ નિમિત્ત પરમાં કાંઈ કરે છે એમ નથી. જેમ પાણી ટાઢાનું ઉનું થાય છે એમાં અગ્નિ નિમિત્ત છે, પણ અગ્નિએ પાણી ઉનું કર્યું છે એમ નથી. એ (પાણી) ઉનું થવાની પોતાની લાયકાતથી ઉનું થયું છે અને ત્યારે અગ્નિ નિમિત્ત છે બસ. તેમ શુદ્ધ આત્માના આશ્રયે થતાં દ્રષ્ટિ, જ્ઞાન ને રમણતા-એમાં વ્યવહારનો રાગ નિમિત્ત હોય છે, પણ એ નિમિત્તે (-રાગે) અહીં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કર્યાં છે એમ નથી. જેમ અગ્નિએ પાણી ઉનું કર્યું નથી તેમ વ્યવહારે નિશ્ચય કર્યો નથી. આવી વાત છે. અત્યારે તો પંડિતોની દ્રષ્ટિમાં ઘણો ફેર છે. પણ દ્રષ્ટિ-ફેરે તો આખા શાસ્ત્રના અર્થ ફરી જાય ભાઈ!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહીં કહે છે-ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ પોતે રાગ-દ્વેષ આદિ વિકારી ભાવોનું નિમિત્ત-કારણ નહિ હોવાથી એકલો પોતાની મેળે રાગાદિ વિકારરૂપે પરિણમતો નથી. હવે કહે છે-

'પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે-આવો વસ્તુનો સ્વભાવ છે.'

જુઓ, જે એટલે પરદ્રવ્ય-જડકર્મ પોતાની વર્તમાન પર્યાયની યોગ્યતાથી પોતાની મેળે રાગાદિના ઉદયરૂપે પરિણમે છે તે, આત્માને-કે જે પોતાના શુદ્ધસ્વભાવથી ચ્યુત થાય છે તેને-રાગાદિનું નિમિત્ત થાય છે. અહા! આત્મા જ્યાં પોતાના અશુદ્ધ ઉપાદાનથી પોતે રાગરૂપે પરિણમે છે ત્યારે કર્મનો રાગરૂપ ઉદય નિયમથી નિમિત્ત હોય છે તેથી 'પરદ્રવ્ય વડે જ રાગાદિરૂપે પરિણમાવાય છે' એમ કહ્યું છે. પંડિત શ્રી ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રીએ 'જૈન તત્ત્વમીમાંસા' માં આવો જ અર્થ કર્યો છે કે- પરિણમાવાય છે એટલે પરિણમે છે. ત્યાં એવા શબ્દો મૂકયાં છે કે-બે ગુણ અધિક પરમાણુ એટલે ચાર ગુણવાળો પરમાણુ અને બે ગુણગાળા પરમાણુનો સ્કંધ થાય છે ત્યારે તે ચાર ગુણવાળા પરમાણુ વડે બીજા બે ગુણવાળા પરમાણુને ચારગુણવાળો પરિણમાવાય છે. એના અર્થ જ એ છે કે બે ગુણવાળો પરમાણુ ચારગુણવાળા પરમાણુના નિમિત્તે પોતે ચારગુણપણે પરિણમે છે; અને ત્યારે નિમિત્તથી પરિણમાવાય છે અથવા નિમિત્ત પરિણમાવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આવી વાતુ છે. લોકોને તત્ત્વનો અભ્યાસ નહિ એટલે વ્યવહારને ને નિમિત્તને વળગી પડે; પણ શું થાય? જ્યાં જે નયથી કથન હોય તે યથાર્થ સમજવું જોઈએ.

અહાહા...! આત્મા અનંતગુણનો પિંડ પરમ પવિત્ર પ્રભુ ત્રિકાળ શુદ્ધ પૂરણ વીતરાગસ્વભાવ છે. કોઈ ગુણ-સ્વભાવ એનામાં એવો નથી કે પોતે પોતાથી વિકારપણે થાય; પણ પર્યાયમાં કર્મના નિમિત્તના સંગે તે રાગાદિરૂપે થાય છે અને ત્યારે તે પરદ્રવ્ય વડે થાય (-પરિણમાવાય) છે એમ કહેવામાં આવે છે. પર્યાયમાં વિકાર સ્વદ્રવ્યના નિમિત્તે નથી થતો પણ પરદ્રવ્યના નિમિત્તે થાય છે એટલે પરદ્રવ્ય વડે જ રાગાદિરૂપ પરિણમાવાય છે એમ વ્યવહારથી કહેવાય છે. હવે સત્ય શું છે એ સમજવાની માણસને ફુરસદ ન હોય તો શું થાય?

ત્યારે કોઈ પંડિત કહેતા હતા કે-જુઓને! આ તમારા સોનગઢવાળા હિંમતભાઈએ શું લખ્યું છે? કે-

જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને.
એમ જ્ઞાની પણ છે શુદ્ધ રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને.

આવું ચોક્ખું તો લખ્યું છે-એમ એ બોલ્યા હતા.

અરે ભાઈ! એ સ્ફટિકમણિમાં લાલ આદિ ફૂલના સંગના કાળે એનામાં લાલ આદિ અવસ્થા થવાની જન્મક્ષણ-ઉત્પત્તિ ક્ષણ છે તેથી તે લાલ આદિ થાય છે, પણ પર વડે થાય છે એમ અર્થ છે જ નહિ. (લાલ આદિરૂપે) પરિણમે છે પોતે ત્યારે પરદ્રવ્ય વડે પરિણમાવાય છે એમ નિમિત્તની મુખ્યતાથી કહેવાય છે. લ્યો, આવી વાત છે.

કોઈને વળી થાય કે-આમાં ધર્મ કયાં આવ્યો? ને આમાં અમારે કરવું શું?

તો કહે છે કે-ભાઈ! ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વરૂપ પોતે ત્રિકાળ છે. ત્યાં પોતામાં પોતે દૃષ્ટિ કરે તો તે પોતાની મેળે વિકારપણે થતો નથી પણ નિર્મળ નિર્વિકારપણે પરિણમે છે અને તે ધર્મ છે. અંતર્દષ્ટિએ પરિણમવું તે ધર્મ ને કર્તવ્ય છે. પરંતુ વર્તમાન દશામાં પરનું લક્ષ કરી પરિણમે તો તે અવશ્ય રાગાદિરૂપ થાય છે, ત્યારે તેની યોગ્યતા પણ એવી જ હોય છે. પરદ્રવ્ય-કર્મ એને પરાણે રાગાદિરૂપ કરાવે છે એમ નહિ, પોતે પોતાની વર્તમાન યોગ્યતાથી જ રાગાદિરૂપ થાય છે અને તેમાં પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. પરદ્રવ્ય એને રાગાદિરૂપ કરે છે એમ કહેવું એ તો ઉપચાર કથન છે.

એ તો ત્રીજી ગાથામાં આવ્યું ને કે-એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. પદાર્થ પોતાના દ્રવ્યમાં રહેલા પોતાના અનંત ધર્મોના ચક્રને ચુંબે છે-સ્પર્શે છે પણ પરદ્રવ્યને કદીય ચુંબતો-સ્પર્શતો નથી. આ લાકડી હાથમાં છે ને? એ લાકડી હાથને સ્પર્શતી નથી. આ બે આંગળી ભેગી થાય ત્યારે એક આંગળી બીજીને અડતી નથી, કેમકે એકમાં બીજીનો અભાવ છે. ઝીણી વાત છે ભાઈ!

ત્યારે લોકો કહે છે-આ અડી-એમ પ્રત્યક્ષ દેખાય છે તે શું ખોટું છે?

ભાઈ! તું સંયોગ દેખે છે ને? એટલે એમ જણાય છે; બાકી ખરેખર જો અડે તો બન્ને એક થઈ જાય. એ તો પહેલાં પ્રશ્ન થયો હતો કે-એ ચટાઈનાં તરણાં અગ્નિથી બળે છે, અગ્નિ વિના બળે નહિ; અર્થાત્ તરણાં પોતાથી બળે નહિ. પણ અહીં કહે છે-અગ્નિના પરમાણુ ચટાઈ ને અડયા જ નથી. એ તો ચટાઈ અગ્નિપણે થવાની પોતાની લાયકાતથી બળે છે, એમાં બહારની અગ્નિ તો નિમિત્તમાત્ર છે. તેમ આત્મામાં વિકાર થાય છે તે તેની તત્કાલીન યોગ્યતાથી થાય છે, પરદ્રવ્ય-કર્મ તો એમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નિમિત્તમાત્ર છે. નિમિત્ત છે, પણ નિમિત્ત એમાં કાંઈ કરે છે એમ નથી. જો નિમિત્ત પરને કરે તો નિમિત્ત ને બીજી ચીજ બન્ને એક થઈ જાય. સમજાણું કાંઈ...?

આ પ્રમાણે આત્મા (પોતાની તત્કાલીન યોગ્યતાથી) પર્યાયમાં રાગાદિરૂપે પરના સંગે-નિમિત્તે પરિણમે છે-એવો વસ્તુનો સ્વભાવ છે. કેટલાક કહે છે એમ પરને લઈને વિકાર થાય છે એવો વસ્તુનો સ્વભાવ નથી.

## * ગાથા ૨૭૮-૨૭૯ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

જુઓ, પહેલાં દાખલો આપીને આત્માને વિકાર કેમ થાય એ વાત સિદ્ધ કરે છેઃ શું કહે છે? કે- 'સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકારશુદ્ધ જ છે; તે પરિણમન-સ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે લાલાશ-આદિરૂપે પરિણમે છે.'

જુઓ, સ્ફટિકમણિ પોતે સ્વભાવથી શુદ્ધ જ છે. તેથી તે એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે કદી પરિણમતો નથી. પરંતુ જોડે લાલ કે પીળાં ફૂલ હોય તો તેમના નિમિત્તે લાલ કે પીળી ઝાંયપણે પરિણમે છે. ત્યાં સ્ફટિકમણિ પોતાની વર્તમાન એવી યોગ્યતાને લઈને લાલ કે પીળી ઝાંયપણે પરિણમે છે, લાલ કે પીળાં ફૂલ તો એમાં નિમિત્તમાત્ર છે. જ્યારે, સ્ફટિકમણિ પોતે પોતાની વર્તમાન પર્યાયની યોગ્યતાથી લાલ આદિ ઝાંયપણે પરિણમે ત્યારે પરદ્રવ્ય-લાલ આદિ ફૂલ તેમાં નિયમથી નિમિત્ત હોય છે, આ દ્રષ્ટાંત છે. હવે કહે છે-

'તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે. તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી.'

અહાહા...! આત્મા સ્વભાવે પરમ પવિત્ર સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ શુદ્ધ શાશ્વત છે. તે એકલો પોતાની મેળે રાગાદિ વિકારપણે પરિણમે એમ કદીય બની શકે નહિ. આત્મામાં એવો કોઈ સ્વભાવ-ગુણ-શક્તિ નથી કે જેને લઈને વિકાર થાય. પરંતુ પરદ્રવ્ય-જડ કર્મનો ઉદય-જે સ્વયં રાગાદિપણે પરિણમે છે તેના નિમિત્તે જીવ રાગાદિરૂપે પરિણમે છે. હવે આમાં બધાને વાંધા છે-એમ કે વિકાર આત્મામાં થાય છે એ કર્મને લઈને થાય છે, અન્યથા આત્મા તો શુદ્ધ જ છે. એને અશુદ્ધતા છે એ પરદ્રવ્ય-કર્મને લઈને છે.

એ તો કહ્યું ને? કે લાકડા જોડે લાલ ફૂલ મૂકો તો લાકડામાં લાલ થશે? ના; કેમકે લાકડામાં એવી યોગ્યતા નથી. પણ સ્ફટિકમણિ જોડે લાલ ફૂલ મૂકો તો એમાં લાલ થશે. જો લાલ ફૂલના કારણે લાલ થતું હોય તો લાકડામાં પણ લાલ થવું જોઈએ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પણ ત્યાં લાલ થતું નથી સ્ફટિકમણિમાં લાલ થાય છે એ એની તત્કાલીન યોગ્યતાથી થાય છે અને લાલ ફૂલ તો એમાં નિમિત્તમાત્ર છે.

તેવી રીતે આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ પોતે તો શાશ્વત શુદ્ધ છે. એની વર્તમાન દશામાં રાગ-દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ આદિ વિકાર થાય છે એ એની વર્તમાન પર્યાયની જન્મક્ષણ-ઉત્પત્તિક્ષણ છે માટે થાય છે, ને તેમાં કર્મ નિમિત્ત છે. તેમાં કર્મનો ઉદય નિમિત્ત અવશ્ય છે, પણ એ કાંઈ જીવમાં કરે છે એમ નથી. જુઓ, નિમિત્ત હોતું નથી એમ નહિ અને એ કાંઈ જીવમાં કરે છે એમેય નહિ.

**પ્રશ્નઃ-** નિમિત્ત કાંઈ કરતું નથી, પણ કરાવે તો છે ને?

**ઉત્તરઃ-** ના; જરાય નહિ. એ તો ભાષામાં એમ બોલાય. પોતે વિકારપણે પરિણમે તો પરદ્રવ્ય-નિમિત્ત પરિણમાવે છે એમ આરોપથી કહેવાય છે. બાકી જડકર્મને તો ખબરેય નથી કે-આમ પરિણમું ને તેમ પરિણમું. પરંતુ આ (જીવ) પરના-નિમિત્તના લક્ષે પરિણમે તો એને વિકાર થાય છે, ને પરલક્ષે ન પરિણમે અર્થાત્ સ્વલક્ષે પરિણમે તો નિર્વિકાર શુદ્ધ પરિણમે છે.

કોઈ પંડિતો વળી એવો સિદ્ધાંત રજુ કરે છે કે-કર્મ નિમિત્ત થઈને આવે એટલે એને (-જીવને) વિકાર કરવો જ પડે.

પણ એમ નથી બાપા! નિમિત્ત તો બાહ્ય ચીજ છે. એ તો પોતે એના લક્ષે વિકાર કરે તો એને નિમિત્ત કહેવાય છે. અહીં તો એમ કહેવું છે કે-સ્વભાવ શુદ્ધ જ હોવાથી સ્વભાવના આશ્રયે રાગરૂપે ન પરિણમે, પણ રાગરૂપે પરિણમે તો પર નિમિત્તના આશ્રયે રાગરૂપે પરિણમે છે. નિમિત્ત એને રાગ કરાવી દે છે ને સંસારમાં રખડાવે છે એમ નથી, પણ પોતે પરાધીન થઈ રાગાદિપણે પરિણમે છે ને સંસારમાં રખડી મરે છે. આવો જ વસ્તુનો સ્વભાવ છે. એમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી. અહા! આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને ભૂલીને પરને-નિમિત્તને આધીન થઈને પરિણમે તો અવશ્ય વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ છે; એમાં કોઈ અન્ય તર્કને અવકાશ નથી.

હવે આને બદલે કર્મને લઈને વિકાર થાય, કર્મનો કરાવ્યો વિકાર થાય એમ કોઈ માને એ તો દૃષ્ટિનો મોટો ફેર છે ભાઈ! એ મિથ્યાદૃષ્ટિ છે કેમકે એક ન્યાયના ફેરે આખું સ્વરૂપ ફરી જાય.

અહા! યથાર્થ દૃષ્ટિ વિના ભગવાન! તું ભવસમુદ્રમાં ૮૪ લાખ યોનિના અવતાર ધરી ધરીને રખડયો; હવે કયાં જવું છે ભાઈ? એ ભવસમુદ્રને પાર કરવાનું સાધન તો મહા અલૌકિક છે-પ્રભુ! અહાહા...! અંદર ચૈતન્યમૂર્તિ પ્રભુ તું એકલા આનંદનો સાગર છો; એની અંતર્દૃષ્ટિ કરીને પરિણમતાં નિર્મળ દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય

છે અને તે ભવસમુદ્ર પાર કરવાનું સાધન છે. વચ્ચે, નબળાઈને લઈને કર્મના ઉદયમાં જોડાવાથી જરી વિકાર-રાગ આવે એને વ્યવહાર કહીએ, છતાં એ બંધ છે. સમજાણું કાંઈ... ?

અજ્ઞાની કર્મના-નિમિત્તના લક્ષે પરિણમતો થકો રાગી-દ્વેષી થાય છે, અને રાગી-દ્વેષી થતો તે ક્યાંય ભવસમુદ્રમાં ડૂબી મરે છે. માટે હે ભાઈ! અંતર્દષ્ટિ કર.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૭૫ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'यथा अर्ककान्तः' સૂર્યકાંતમણિની માફક 'आत्मा आत्मनः रागादि-निमित्तभावम् जातु न याति' આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી.

જુઓ, એક સૂર્યકાન્તમણિ થાય છે. એને સૂર્યનાં કિરણો અડે તો એમાંથી અગ્નિ ઝરે એવો તે હોય છે. અહીં કહે છે- જેમ સૂર્યકાન્તમણિ એકલો પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે તેમ...; જુઓ, સૂર્યના બિંબથી એમાં અગ્નિ થાય છે એમ નહિ, પણ સૂર્યના બિંબનું એમાં નિમિત્ત છે. નિમિત્ત છે એટલે શું? કે સૂર્યકાંતમણિ અગ્નિરૂપે થાય છે એ તો એની પોતાની તત્કાલીન યોગ્યતાથી થાય છે અને સૂર્યનું બિંબ તેમાં નિમિત્તમાત્ર છે; સૂર્યનું બિંબ એમાં કાંઈ કરી દે છે એમ નહિ.

તેમ આત્મા પોતે પોતાને વિકારનું નિમિત્ત કદી પણ થતો નથી. અહાહા...! આત્મા ચિદ્રૂપસ્વરૂપ પ્રભુ ત્રિકાળ એક શુદ્ધ જ છે. તે પોતે એકલો વિકારરૂપ કેમ થાય? કદીય ન થાય. અહાહા...! પર્યાયમાં જે વિકાર-પુણ્ય પાપના ભાવ, દયા-દાન-ભક્તિ આદિના ભાવ ને હિંસા, જૂઠ, ચોરી આદિના ભાવ થાય છે-એનું નિમિત્ત ભગવાન આત્મા નથી. તો કોણ નિમિત્ત છે? તો કહે છે-

'तस्मिन् निमित्तं परसंग एव' તેમાં નિમિત્ત પરસંગ જ છે. પરવસ્તુ રાગાદિ કરાવે છે એમ નહિ, પણ પોતે જે પરસંગ કરે, કર્મનો સંગ કરે તો પર્યાયમાં વિકાર થાય છે. અહા! વિકાર થવામાં ભગવાન આત્મા નિમિત્ત નથી પણ પરસંગ એટલે જડ કર્મનો ઉદય નિમિત્ત છે.

જુઓ, 'परसंग एव' -એનો કોઈ એમ અર્થ કાઢે કે પરસંગ અર્થાત્ કર્મ વિકાર કરાવે છે તો એમ અર્થ નથી. ઘણા પંડિત લોકો પણ બીજો અર્થ કાઢે છે કે-આત્માનો સ્વભાવ તો શુદ્ધ જ છે, વિકાર થાય એવી તો કોઈ શક્તિ-ગુણ એમાં નથી. માટે કર્મને લઈને જ એને વિકાર થાય છે.

પણ એવો અર્થ-માન્યતા બરાબર નથી. એ લોકોને બિચારાઓને પર્યાયની એક સમયની અશુદ્ધ ઉપાદાનગત યોગ્યતા ખ્યાલમાં આવતી નથી. અહા! એક સમયની

પર્યાયની એ યોગ્યતા છે કે પરના સંગે-નિમિત્તે પોતે વિકારપણે પરિણમે છે. ભાઈ! પરસંગ એને, (બળથી) વિકારપણે પરિણમાવે છે એમ કદીય નથી.

અહા! અન્યમતમાં ઈશ્વરનું જોર ને જૈનમાં કર્મનું જોર! પણ એમ નથી ભાઈ! ઈશ્વરેય પરમાં કાંઈ કરે નહિ ને કર્મેય જીવમાં કાંઈ કરે નહિ.

તો કર્મ બળિયો ને જીવ બળિયો-એમ આવે છે ને?

**ઉત્તર:-** એ કઈ અપેક્ષાએ? એ તો જીવ પોતે ઊંધો પુરુષાર્થ કરે, પરસંગે પરાધીન થઈને પરિણમે તો એને કર્મ બળિયો કહેવાય અને અંતર્દષ્ટિ કરીને પોતે સવળો પુરુષાર્થ કરે, સ્વ-આધીન થઈને પરિણમે એને જીવ બળિયો કહેવાય.

ભાઈ! આ જિંદગી જોતજોતામાં પૂરી થઈ જશે હોં. બાયડી-છોકરાં સાચવવામાં ને વેપાર-ધંધામાં જ પડયો રહીશ તો કયાંય ચોરાસીના અવતારમાં ખોવાઈ જઈશ. બાપુ! તારે કયાં જવું છે ભાઈ! એકલા જ્ઞાન ને આનંદનો પ્રભુ? તું ભંડાર છો એમાં જા ને! એમાં દ્રષ્ટિ સ્થાપીને સ્થિતિ કર ને! તને મહા આનંદ થશે.

અહીં કહે છે- 'तस्मिन्निमित्तम् परसंग एव' વિકાર થાય છે એમાં પરસંગ જ નિમિત્ત-કારણ છે. પરસંગની વ્યાખ્યા આ કે-આત્મા સ્વભાવે શુદ્ધ ચિદ્રૂપ પરમ પવિત્ર પદાર્થ હોવા છતાં પરના સંગમાં એનું લક્ષ જાય છે તે તેને પર્યાયમાં વિકારનું કારણ થાય છે; પર વસ્તુ એને વિકાર કરાવે છે એમ નહિ.

હવે શ્વેતાંબરમાં તો આ જ વાત છે કે કર્મથી થાય; ને દિગંબરોમાં પણ હમણાં કોઈ પંડિતો કહેવા લાગ્યા છે કે વિકાર કર્મથી થાય. પણ બાપુ! આમાં જે પરસંગ શબ્દ છે એનો અર્થ પર વડે થાય એવો નથી પણ પોતે પરસંગ કરે તો વિકાર થાય છે એમ અર્થ છે. ભાઈ! આમાં તો મોટો આસમાન-જમીનનો ફેર છે.

અહાહા...! આત્મા પોતે પોતાને વિકારનું કારણ કદીય નથી. આ સંસારમાં રઝળવાનું કારણ જે મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વિષય-વાસના આદિ-એનું કારણ ભગવાન આત્મા નથી. એમાં નિમિત્ત પરસંગ એટલે પોતે જે પરના લક્ષે પરિણમે છે તે છે. અહાહા...! સત્યાનંદસ્વરૂપ પ્રભુ આત્માને ભૂલીને એ જે નિમિત્તના સંગે પરિણમે છે તે જ વિકારનું કારણ છે. સમજાણું કાંઈ...?

'अयम् वस्तुस्वभाव: उदेति तावत' આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે.

અહાહા...! ભગવાન આત્મા સદા શુદ્ધ ચૈતન્યસ્વભાવમય છે. એક ચૈતન્ય-ચૈતન્ય-ચૈતન્ય જ એનો સ્વભાવ છે. જ્ઞાની આવા પોતાના શુદ્ધ સ્વભાવને જાણે છે. તેની દ્રષ્ટિ સદા સ્વભાવ પર જ હોય છે. તેથી કર્મના-નિમિત્તના સંગે પોતાની પર્યાયમાં એને જે ઉપાધિભાવ થાય તેનો તે સ્વામી થતો નથી. તે (-વિકાર) મારું કર્તવ્ય છે એમ એનો તે કર્તા થતો નથી. આવો જ વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે.

પરંતુ અજ્ઞાની પોતાના શુદ્ધ સ્વરૂપને જાણતો નથી. તેથી કર્મના નિમિત્તે પોતે જે ઉપાધિભાવને કરે છે તેનો તે સ્વામી થઈને કર્તા થાય છે. અહા! અજ્ઞાની વિકારને પોતાનું સ્વરૂપ માને છે. આવો જ અજ્ઞાનીનો સ્વભાવ છે.

વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો હો; પણ બીજા લોકો જે કહે છે કે-કર્મને લઈને વિકાર થાય છે-તે વસ્તુસ્વભાવ નથી! સમજાણું કાંઈ...?

અહાહા...! અનંત શક્તિઓનો પિંડ પ્રભુ આત્મા શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવ છે. એની અનંત શક્તિઓમાં કોઈ શક્તિ એવી નથી જે વિકારને કરે. ફક્ત એની એક સમયની વર્તમાન પર્યાયમાં-એક સમયની યોગ્યતામાં, ત્રિકાળમાં નહિ હોં, નિમિત્તના સંગે અજ્ઞાની વિકાર અને એનો સ્વામી થઈને ભોગવે; અને જ્ઞાનીને નિમિત્તના સંગે ઉપાધિભાવ થાય છતાં તે એનો સ્વામી થઈને કર્તા ન થાય. આવી વાત છે.

એમાં હવે મોટા વાંધા છે કર્મને કે લઈને વિકાર થાય. કર્મ માર્ગ આપે તો ધર્મ થાય.

અરે ભાઈ! કર્મ તો તને અડતાંય નથી. અહીં તો આટલી વાત છે કે શુદ્ધ સ્વભાવના આશ્રયે પરિણમે તો વિકાર ન થાય, ધર્મ થાય ને પરસંગે-નિમિત્તના સંગે પરિણમે તો અવશ્ય વિકાર થાય. કર્મ નિમિત્ત હો, પણ કર્મને લઈને વિકાર થાય એમ ત્રણકાળમાં છે નહિ.

પ્રવચનસારમાં ૪૭ નયના અધિકારમાં આવે છે કે-આત્મા કર્તાનયે રાગાદિભાવનો કરનારો છે, અને ભોક્તૃનયે એનો ભોગવનારો છે. એટલે શું? કે જ્ઞાની-ગણધર કે છદ્મસ્થદશામાં તીર્થંકર હોય તે પણ જેટલો પરસંગે પરિણમે છે તેટલો તે રાગનો કર્તા છે. કર્તાબુદ્ધિથી નહિ, રાગ મારું કર્તવ્ય છે એવી બુદ્ધિથી નહિ, પણ જ્ઞાનીને અસ્થિરતાને લીધે પરના નિમિત્તે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પરિણમન હોય છે એનો તે કર્તા છે. એવું પરિણમન કર્મને લઈને છે એમ નથી. એમાં કર્મ નિમિત્ત અવશ્ય છે, પણ પરિણમે છે તો પોતે પોતાના અશુદ્ધ ઉપાદાનથી જ, કર્મને લઈને નહિ.

હવે આવું કદી સાંભળવાય મળે નહિ એ બિચારા શું કરે? અહા! જિંદગી તો પૂરી થઈ જાય અને અંદર શલ્ય ઊભું રહે કે-કર્મને લઈને થાય. અરે! કર્મને લઈને થાય એવા શલ્યવાળા તો બધા ચોરાશીના અવતારમાં ચિરકાળ રખડી મરશે શું થાય? એવા પરિણામનું એવું જ ફળ હોય છે.

'परसंग एव' પરસંગ જ એટલે પરવસ્તુ જોરાવરીથી રાગ કરાવે છે એમ નહિ પણ જીવ પોતે પરસંગ કરે છે માટે વિકાર થાય છે. સ્વભાવના આશ્રયે વિકાર ન થાય પણ પર નિમિત્તના આશ્રયે-સંગે વિકાર થાય છે-આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે-એમ કહે છે.

'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે:

## * કળશ ૧૭૬ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'इति स्वं वस्तुस्वभावं ज्ञानी जानाति' એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે.

અહાહા...! જ્ઞાની-ધર્મી એને કહિયે કે જે પોતાના વસ્તુસ્વભાવને જાણે છે. અહા! પોતે અંદર પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવથી ભરેલો ભગવાન છું-એમ જે જાણે-અનુભવે છે તે જ્ઞાની છે.

આ શરીર ને બાયડી-છોકરાં તો ક્યાંય વેગળાં રહી ગયાં. અહીં તો કહે છે-એક સમયની પર્યાયથી પણ ભિન્ન અંદર એક શુદ્ધ ચિદાનંદરસથી ભરેલો પોતે ભગવાન આત્મા છે તેને જ્ઞાની જાણે છે, અનુભવે છે. અહાહા...! જેને અંદર અતીન્દ્રિય આનંદના અમૃતનો સ્વાદ આવ્યો છે તે જ્ઞાની જેમાં વિકાર નથી એવા શુદ્ધ નિરંજન નિર્વિકાર પોતાના વસ્તુસ્વભાવને જાણે છે.

બાપુ! આ બાયડી-છોકરાં મારાં છે-એમ તું એમાં ગુંચાઈ પડયો છું પણ એ તો બધાં ક્યાંય રઝળતાં-રઝળતાં અહીં આવી મળ્યાં છે ને રઝળતાં-રઝળતાં ક્યાંય ચાલ્યાં જશે. એમાં તું નહિ અને તારામાં એ નહિ. તારો તો એક ત્રિકાળી શાશ્વત જ્ઞાનાનંદસ્વભાવ છે. જ્ઞાની આવા પોતાના જ્ઞાનાનંદસ્વભાવને જાણે છે અર્થાત્ 'આ હું છું' -એમ પોતાના સ્વસ્વરૂપને અનુભવે છે. લ્યો, આનું નામ જ્ઞાની-ધર્મી છે, બાકી બહારમાં વ્રત કરે ને દયા પાળે પણ અંતરમાં શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ પોતે છે એને જાણે નહિ તો તે અજ્ઞાની મૂઢ જ છે.

અહાહા...! જ્ઞાની પોતાનો વસ્તુસ્વભાવ-એકલો જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવ, પૂરણઆનંદામૃતથી ભરેલું તત્ત્વ-તેને જાણે છે. 'तेन सः रागादीन् आत्मनः न कुर्यात्' તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી. બહુ ઝીણી વાત.

શું કીધું? કે સ્વસ્વભાવને, જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને-પુણ્ય-પાપના ભાવને પોતાના કરતો નથી. પોતાના કરતો નથી એટલે શું? કે પર લક્ષે એને વર્તમાન દશામાં પુણ્ય-પાપના ભાવ એને થાય છે પણ તેમાં તે આત્મબુદ્ધિ કરતો નથી. અહાહા..! ધર્મી પુરુષને પર્યાયબુદ્ધિ ઉડી ગઈ છે ને સ્વભાવદ્રષ્ટિ અંતરમાં પ્રગટ થઈ છે. તેથી પર નિમિત્તે પર્યાયમાં જે રાગાદિ થાય છે તેને તે પોતાના માનતો નથી.

રાગાદિને પોતાના કરતો નથી એટલે એને રાગાદિ થતા નથી એમ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી પણ ભગવાનની ભક્તિ, પૂજા, દયા, દાન, વ્રત ઇત્યાદિનો ભાવ એને આવે છે; પણ એને એ પોતાનો છે એમ સ્વીકારતો નથી. એ તો એનાથી ભિન્ન રહીને માત્ર જાણે જ છે. અહા! તટસ્થપણે એનો માત્ર તે જ્ઞાતા રહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા...! શુદ્ધ ચૈતન્યરસ-જ્ઞાનાનંદરસના અમૃતના સ્વાદિયા જ્ઞાનીને જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે ઉપર ને ઉપર ભિન્ન તરતા રહે છે પણ સ્વભાવમાં પ્રવેશતા નથી. અહાહા...! જેને પુણ્ય-પાપથી અધિક પોતાનો નિર્મળ જ્ઞાનાનંદસ્વભાવ ભાસ્યો તેની દૃષ્ટિમાં પુણ્ય-પાપના ભાવ ભિન્ન જ રહી જાય છે. અર્થાત્ એને જ્ઞાની પોતાથી ભિન્ન જાણે છે, સ્વરૂપમાં ભેળવતો નથી.

'अतः कारकः न भवति' તેથી તે (રાગાદિકનો) કર્તા નથી.

અહાહા...! જેણે પોતાનો વસ્તુસ્વભાવ જાણ્યો છે તે ધર્મી પુરુષ રાગાદિનો કર્તા નથી, અકર્તા છે, અર્થાત્ જ્ઞાતા જ છે. પર્યાયમાં નબળાઈને લીધે જે રાગાદિ થાય છે તેનો તે માત્ર જ્ઞાતા જ છે. અહા! તેને જે રાગ થાય એ માત્ર જાણેલો પ્રયોજનવાન છે અર્થાત્ તે રાગાદિને માત્ર જાણે જ છે, તેનો કર્તા થતો નથી. આવી વાત છે! હવે એને નવરાશ વિના કે દિ' સાંભળે ને કે દિ' એનો અંતરમાં મેળ કરે?

[ પ્રવચન નં. ૩૩૮ અને ૩૩૯ * દિનાંક ૧૧-૫-૭૭ અને ૧૨-૫-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૨૮૦

**ण य रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा।**
**सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं।। २८०।।**

**न च रागद्वेषमोहं करोति ज्ञानी कषायभावं वा।**
**स्वयमात्मनो न स तेन कारकस्तेषां भावानाम्।। २८०।।**

( अनुष्टुभ् )

**इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः।**
**रागादीनात्मनः कुर्यादतो भवति कारकः।। १७७।।**

હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છેઃ-

**કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે,**
**જ્ઞાની સ્વયં કરતો નથી, તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ रागद्वेषमोहं ] રાગદ્વેષમોહને [ वा कषायभावं ] કે કષાયભાવને [ स्वयम् ] પોતાની મેળે [ आत्मनः ] પોતામાં [ न च करोति ] કરતો નથી [ तेन ] તેથી [ सः ] તે, [ तेषां भावानाम् ] તે ભાવોનો [ कारकः न ] કારક અર્થાત્ કર્તા નથી.

**ટીકાઃ-** યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી, માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે-એવો નિયમ છે.

**ભાવાર્થઃ-** આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે 'આત્મા પોતે તો શુદ્ધ જ છે-દ્રવ્યદ્રષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદ્રષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે'; માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति ] એવા પોતાના વસ્તુસ્વભાવને

અજ્ઞાની જાણતો નથી [ तेन सः रागादीन् आत्मनः कुर्यात् ] તેથી તે રાગાદિકને (-રાગાદિભાવોને) પોતાના કરે છે, [ अतः कारकः भवति ] તેથી (તેમનો) કર્તા થાય છે. ૧૭૭.

* * *

## સમયસાર ગાથા ૨૮૦ : મથાળું

હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છેઃ-

## * ગાથા ૨૮૦ : ટીકા ઉપરનું પ્રવચન *

'યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવો) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની (પોતાના) શુદ્ધ સ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...'

અહાહા...! ભગવાન આત્મા એકલી પવિત્રતાનો પિંડ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. હવે આ એને કેમ બેસે?

પણ જેમ સક્કરકંદ-સક્કરિયું એકલી સાકરનો-મીઠાશનો પિંડ છે તેમ ભગવાન આત્મા એકલા જ્ઞાન અને આનંદનો પિંડ છે. આ સક્કરિયું લોકો બાફીને નથી ખાતા? એમાં એક એક ઝીણી કટકીમાં અનંત અનંત જીવો છે. એની ઉપરની લાલ છાલ ન જુઓ તો અંદર ધોળો સાકરનો પિંડ છે. તેમ પર્યાયમાં થતા પુણ્ય-પાપરૂપ વિકલ્પોની છાલને ન જુઓ તો ભગવાન આત્મા અંદર એકલો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો પિંડ છે. સક્કરિયાની વાત બેસે પણ આ બેસવું મહા કઠણ! કેમકે એણે કદી સાંભળ્યું નથી ને?

અહીં કહે છે-આવા પોતાના સ્વભાવને જ્ઞાની જાણે છે. અહાહા...! હું ચિદાનંદરસકંદ પ્રભુ શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવી આત્મા છું એમ જ્ઞાની જાણે છે. અહા! આ પુણ્ય-પાપના ભાવ અને પુણ્યના ફળમાં પાંચ-પચાસ કરોડની સંપત્તિ-ધૂળ મળે એ મારા આનંદનું સ્થાન નથી પણ અંદર આનંદસ્વરૂપે જ સદા રહેલો એવો આનંદધામ પ્રભુ હું આત્મા છું એમ જ્ઞાની પોતાને જાણે-અનુભવે છે. અહા! આવા પોતાના સ્વરૂપને જાણતો-અનુભવતો જ્ઞાની શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો નથી.

અહા! જેને શુદ્ધ એક ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા જ્ઞાન-શ્રદ્ધાન ને અનુભવમાં આવ્યો તે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવથી ચ્યુત થતો નથી અર્થાત્ તેની દ્રષ્ટિ નિરંતર શુદ્ધ એક અખંડ ચિન્માત્રભાવ ઉપર જ રહે છે. અહાહા...! દ્રષ્ટિનો વિષય જે શુદ્ધ એક ચિન્માત્રભાવ એના ઉપર જ એની નિરંતર દ્રષ્ટિ રહે છે.

તો શું એ અજીવાદિ પદાર્થોને ને વ્યવહારને જાણતો નથી?

અરે ભાઈ! એ સર્વ જાણવાલાયક હો પણ વસ્તુને પામવામાં એ કાંઈ નથી.

વસ્તુને પામવા તો પૂરણ વસ્તુ જે એક જ્ઞાન ને આનંદનું દળ તેની દ્રષ્ટિ ને અનુભવ કરવાં યોગ્ય છે. બીજું જાણપણું કાંઈ વિશેષ મહત્ત્વનું નથી. એ તો પહેલાં (ગાથા ૨૭૬-૭૭ માં) આવી ગયું કે શબ્દશ્રુત તથા જીવ આદિ નવ પદાર્થોના સદ્ભાવ કે અસદ્ભાવમાં શુદ્ધ આત્માના સદ્ભાવથી જ જ્ઞાન-દર્શન છે; અર્થાત્ શુદ્ધ આત્માના જ આશ્રયે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થાય છે, બીજા કોઈના આશ્રયે નહિ. ખૂબ ઝીણી વાત ભાઈ!

અહા! અનંતકાળમાં ચોરાસીના અવતારમાં રખડી રખડીને એણે પરિભ્રમણ જ કર્યું છે. કોઈવાર કદાચિત્ ભગવાન જિનવરની સ્તુતિ-ભક્તિમાં એ લાગ્યો પણ એણે ભગવાન જિનવરને ઓળખ્યા જ નહિ. અંદર સ્વસ્વરૂપને જાણ્યા વિના તે ભગવાન જિનવરને યથાર્થ કેમ જાણે? કેમકે અંદર સ્વ પોતે ને ભગવાન જિનવર બન્ને એક જ જાતિ છે.

જેમ દશા શ્રીમાળી વાણીયાને બે દીકરા હોય તેમાં એકને માંડ ૧૦૦ રૂપિયા પગાર મળતો હોય અને બીજાને કરોડોની સાહ્યબી હોય તોપણ બન્ને દશા શ્રીમાળી તરીકે એક જ જાતિના છે. તેમ ભગવાન આત્મા, એની પર્યાયમાં નિગોદથી માંડી ભલે એકેન્દ્રિય આદિ અનેક દશામાં હોય, પણ અંદર તો પોતે શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ જ છે. અહા! ભગવાન જિનવરની જાત અને એની જાતમાં કાંઈ ફેર નથી એવો જ એનો શુદ્ધ સ્વભાવ છે. અહા! આવા શુદ્ધ સ્વભાવની અંતરદ્રષ્ટિ કરીને એમાં જ જેણે એકાગ્રતા ને રમણતા સાધી છે તે જ્ઞાની પોતાના શુદ્ધસ્વભાવથી ખસતો જ નથી. અહા! તેની દ્રષ્ટિનો દોર એણે પોતાના શુદ્ધ ચૈતન્યપદમાં જ સ્થિત કર્યો છે.

અહો! સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન જિનેશ્વરદેવે જેવો આત્મા જોયો ને કહ્યો છે તે એકલા શુદ્ધ જ્ઞાન ને આનંદરૂપી અમૃતરસથી ભરેલો છે. અહા! આવો જ એનો ત્રિકાળી શુદ્ધસ્વભાવ છે. આવા આત્માના આનંદનો રસ જેણે પીધો છે તે જ્ઞાનીને હવે પુણ્ય-પાપના ભાવમાં રસ નથી, તેને ઇન્દ્રિયના વિષયો પણ વિરસ-ફિક્કા લાગે છે. અહા! અતીન્દ્રિય રસનો રસિયો તે હવે આનંદરસથી ચ્યુત થતો નથી. જેમ સાકરનો ગાંગડો ચૂસતી માખી સાકરથી ખસતી નથી તેમ અતીન્દ્રિય આનંદરસનો રસિયો ધર્મી જીવ આનંદરસકંદ પ્રભુ આત્માથી ખસતો નથી. ભગવાન ત્રિલોકનાથ આને ધર્મ કહે છે. લોકો તો બહારમાં-પુણ્યભાવમાં ધર્મ માની બેઠા છે, પણ વિરસ-ફિક્કા એવા પુણ્યભાવનો તે ધર્મી પ્રેમ-રુચિ કેમ કરે? (ન જ કરે). સમજાણું કાંઈ...?

આવું અંતરંગ સ્વરૂપ સમજવું કઠણ પડે એટલે 'પડિક્કમામિ ભંતે... જે જીવા એઇંદિયા વા બેંદિયા વા... તાવકાયં પાવકમ્મં દુચ્ચરિયં વોસ્સરામિ' ઈત્યાદિ પાઠ ભણી જાય ને માને કે થઈ ગયો ધર્મ; પણ બાપુ! એ બધી શુભરાગની ક્રિયા છે ભાઈ! એ ધર્મ નહિ; ભગવાને કહેલો ધર્મ એ નહિ બાપા! અંદર અતીન્દ્રિય

આનંદરસકંદ પ્રભુ આત્મા છે તેમાં એકાગ્રતા થવી તે ધર્મ છે ભાઈ! અહીં કહે છે-ધર્મી પુરુષ પોતાના શુદ્ધ એક જ્ઞાનાનંદ સ્વભાવને છોડતો નથી. લૌકિકમાં પણ આવું બને છે ને? કે કોઈ વાણિયાનો દીકરો હોય ને વાઘરણથી પ્રેમ લાગ્યો હોય તો એનો પ્રેમ તે છોડતો નથી. તેમ આનંદના નાથની જેને લગની લાગી તે એની લય (લગની) છોડતો નથી. અહા! ધર્મીની દૃષ્ટિ શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતી નથી.

અહા! ધર્મી પુરુષ શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહરૂપ અર્થાત્ શુભાશુભભાવ કે ભ્રમણા આદિ ભાવરૂપે પોતાની મેળે પરિણમતો નથી. શુદ્ધ સ્વભાવના રસને લઈને સ્વભાવપણે-ચૈતન્યપણે પરિણમે છે પણ રાગ-દ્વેષ આદિ વિકારપણે તે પોતાની મેળે પરિણમતો નથી.

વળી કહે છે- 'અને પર વડે પણ પરિણમાવાતો નથી.'

જુઓ આ ભાષા! એ તો પોતે પરિણમે તો પર વડે પરિણમાવાય છે એમ પર નિમિત્ત દેખીને વ્યવહારથી કહેવાય; પણ પરવસ્તુ એને બળજોરીથી પરિણમાવે છે એમ નથી. અહીં કહે છે- 'પર વડે પણ પરિણમાવાતો નથી' -એટલે પોતે જ પરિણમતો નથી ત્યારે પર નિમિત્ત પણ ત્યાં નથી એમ અર્થ છે. સમજાણું કાંઈ...? જૈન પરમેશ્વરનો મારગ બહુ ઝીણો છે ભાઈ! લોકો બહારમાં માની બેઠા છે પણ મારગ બધો અંદરમાં છે ભાઈ!

અહા! જેને સ્વસ્વરૂપમાં રસ જાગ્રત થયો છે તેને પરમાં કે પુણ્યમાં રસ નથી. તેથી તે રાગ-દ્વેષ-મોહના ભાવપણે પરિણમતો નથી. અહા! ધર્માત્માને બહારમાં-પુણ્યમાં કે પુણ્યના ફળમાં, સ્વર્ગાદિના વૈભવમાં કયાંય સુખબુદ્ધિ થતી નથી. જુઓ ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીને ઘરે ૯૬ હજાર રાણીઓ હતી. હજારો દેવતાઓ એની સેવામાં રહેતા. દેવોનો ઇન્દ્ર એનો મિત્ર થઈને આવે ને હીરાના સિંહાસનમાં જોડે બેસતો. અહા! અપાર વૈભવનો સ્વામી બહારમાં હતો પણ અંદર એમાં કયાંય એને રસ ન હતો; સ્વભાવથી ખસીને એને એ પુણ્યની સામગ્રીમાં પ્રેમ ને અધિકતા નહોતાં થતાં.

વીતરાગનો મારગ આવો છે બાપા! એક ગાથામાં તો કેટલું ભર્યું છે? અહા! જેણે દૂધપાકના સ્વાદ માણ્યા એને ઉકડિયામાં સ્વાદ કેમ આવે? કરવાનું તો આ છે ભાઈ! કે જ્ઞાનાનંદરસનો સમુદ્ર ભગવાન આત્મા છે તેનાં રસ-રુચિ કરીને તેનો જ અનુભવ કરવો. એમ કરતાં વીતરાગ માર્ગમાં પ્રવેશ થાય છે અર્થાત્ ધર્મની શરૂઆત થાય છે. જુઓને! આચાર્ય શું કહે છે? કે- 'વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...' ; બહુ થોડામાં આ કહ્યું કે વસ્તુસ્વભાવને જે જાણે છે તે ધર્મી છે; અને તે પોતાના સ્વભાવથી ચ્યુત થઈને પોતે શુભાશુભભાવપણે કે ભ્રમણાના ભાવપણે થતો નથી;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તથા તેને બીજાું કોઈ, કર્મ વગેરે વિકાર કરાવતું નથી.

આમાં બે બોલ લીધા છેઃ

૧. ધર્મી પુરુષ પોતાની મેળે રાગ-દ્વેષ-મોહ આદિ ભાવે પરિણમતો નથી અને

૨. પર વડે પરિણમાવાતો નથી.

અહા! જેણે આત્માના શુદ્ધ વીતરાગ સ્વભાવને જાણ્યો ને અનુભવ્યો છે તેની દૃષ્ટિ શુદ્ધ સ્વભાવ પર નિરંતર હોવાથી તેને જ્ઞાનમય પરિણમન જ છે; તે રાગ-દ્વેષ-મોહ આદિ ભાવે કેમ પરિણમે? ન પરિણમે. અને પોતે વિકારપણે ન પરિણમે તેને કર્મ આદિ બીજો કેમ પરિણમાવે? ન પરિણમાવે. બીજો પરિણમાવે. છે એમ કહેવું એ તો નિમિત્તનું કથન માત્ર છે. (એમ છે નહિ). સમજાણું કાંઈ...? હવે કહે છે-

'માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે-એવો નિયમ છે.'

માટે એટલે આ કારણે, ટંકોત્કીર્ણ એટલે જેમ પર્વતની શિલાને ટાંકણાથી કોતરી કાઢીને મૂર્તિ બનાવે તેમ ભગવાન આત્મામાંથી પુણ્ય-પાપના વિકલ્પને કાઢી નાખીને એકલો ચૈતન્યઘન બિંબ પ્રભુ છે તેને જુદો તારવી કાઢે તે ટંકોત્કીર્ણ; આવો ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ પ્રભુ આત્મા છે; અહાહા...! એકલા ચૈતન્યપ્રકાશના પુંજરૂપ મૂર્તિ! જેમ સૂર્ય પ્રકાશનું બિંબ છે તેમ આત્મા એકલા ચૈતન્યપ્રકાશનું બિંબ છે. અહાહા...! આવું ચૈતન્યપ્રકાશનું બિંબ જેની દૃષ્ટિમાં આવ્યું છે તે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની છે. સદા એક જ્ઞાયકભાવમયપણાને લીધે તે રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો કર્તા નથી અકર્તા જ છે.

એને દયા, દાન, પુણ્ય-પાપના ભાવ આવે ખરા, પણ એનો તે કર્તા નથી. એ તો એક જ્ઞાનમય ભાવનો જ કર્તા છે, અને રાગાદિ વિકારનો અકર્તા જ છે. એને રાગ કરવાનો અભિપ્રાય નથી ને? રાગ કરવા લાયક છે એમ એને નથી ને? તેથી તે અકર્તા જ છે. નિર્મળ જ્ઞાનભાવને કરનારો તે મલિન રાગાદિકને કેમ કરે? જેને મૈસુબના સ્વાદ ચાખ્યા એ હવે નાકના ગુંગાના સ્વાદ કેમ લે?

જાુઓ, આ ૭૫ વર્ષ પહેલાંની વાત છે. (અમારી) બાર વર્ષની ઉંમર હતી ને દિ' અમારા ઉમરાળા ગામમાં એક ભાવસાર હતો તેનું નામ સુંદરજી હતું. એને એવી ટેવ પડી ગયેલી કે નાકમાંથી ગુંગો કાઢીને ચાટી લે, વળી એટલેથી ન રહે પણ બે દાંત વચ્ચે દબાવીને એને જીભનું ટેરવું અડાડે. અરે! સુંદરજી આ શું કરે છે તું? એમ જોડેના મિત્રો ટોકે એટલે એ ગુંગો કાઢી નાખે. પણ પાછી તક મળી જાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એટલે બીજો ગુંગો કાઢે અને દાંત હેઠે દબાવીને જીભ અડાડે. એ કહે કે-મને ગુંગાના સ્વાદની ટેવ પડી ગઈ છે.

અહીં આચાર્ય કહે છે-ભાઈ! અંદર અતીન્દ્રિય આનંદના રસનો સમુદ્ર ભગવાન આત્મા છે એને મૂકીને તું આ પુણ્ય-પાપરૂપ ગુંગાના સ્વાદ લે છે? એ શુભ-અશુભ ભાવ બેય નાકના મેલથીય બદતર મલિન છે. આ કહે છે-મને એની ટેવ પડી ગઈ છે. ત્યારે જ્ઞાની કહે છે-કે જેને અંતર્દષ્ટિ થઈ છે એવા ધર્મી પુરુષને અતીન્દ્રિય આનંદના રસના સ્વાદ આગળ પુણ્ય-પાપના સ્વાદ સુહાવતા નથી; માટે તું પણ અંતર્દષ્ટિ કર.

અહાહા...! ભગવાન જૈન પરમેશ્વર શું કહે છે? કે ભગવાન! તું શુદ્ધ ચિદાનંદરસનો સમુદ્ર છો ને નાથ! એમાં અંતર્નિમગ્ન થઈ અતીન્દ્રિય આનંદરસનો સ્વાદ જેણે લીધો તે ધર્મીને હવે પુણ્ય-પાપના ભાવના સ્વાદ ગુંગાના સ્વાદ જેવા વિરસ-બેસ્વાદ ભાસે છે. હવે તે પુણ્ય-પાપના ભાવપણે થતો નથી; અને કર્મ તેને પુણ્ય-પાપરૂપ ભાવે પરિણમાવતું નથી. એ તો પોતે પરિણમે તો કર્મ પરિણમાવે છે એમ ઉપચારથી કહેવાય છે.

કોઈને થાય કે વીતરાગનો આવો ધર્મ! એને કહે છે કોઈ દિ' બાપુ! તેં ધર્મ સાંભળ્યો નથી એટલે એમ લાગે છે પણ ભાઈ! મારગ આ જ છે. જૈન પરમેશ્વર ત્રિલોકીનાથ સીમંધર પરમાત્મા વર્તમાનમાં વિદેહમાં બિરાજે છે ત્યાંથી આવેલી આ વાત છે. કે-જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે-એવો નિયમ છે.

## * ગાથા ૨૮૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે-આત્મા પોતે તો શુદ્ધ જ છે-દ્રવ્યદષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે;...'

આત્મા જ્ઞાની અર્થાત્ ધર્મી થયો ત્યારે એને સ્વસ્વરૂપને કેવું જાણ્યું? કે પોતે અંદર સ્વરૂપથી શુદ્ધ જ છે, એકાકાર પવિત્ર જ છે. આ જે વિકાર છે એ તો બહાર એની પર્યાયમાં છે, પણ અંદર વસ્તુ તો નિર્વિકાર શુદ્ધ જ છે. દ્રવ્યદષ્ટિએ વસ્તુ (-આત્મા) અપરિણમનસ્વરૂપ છે.

દ્રવ્યદ્રષ્ટિએ આત્મા અપરિણમનસ્વરૂપ છે એટલે શું? કે વસ્તુ જે ત્રિકાળ છે તે, એક સમયની પરિણમનરૂપ-પલટાવા રૂપ જે દશા એનાથી ભિન્ન છે, જે પરિણમનરૂપ નથી તે અક્રિય અપરિણમનરૂપ છે. ત્રિકાળ ધ્રુવ વસ્તુમાં પલટના-પલટતી દશા નથી. પરમાત્મ પ્રકાશમાં (ગાથા ૬૮ માં) આવે છે ને કે-

'ण वि उत्पजइ ण वि मरइ बन्धु ण मोक्खु करेइ'

અહાહા...! જેને ત્રિકાળી કહીએ તે ભગવાન આત્મા જન્મ-મરણેય કરતો નથી કે બંધ-મોક્ષનેય કરતો નથી. અહા! દ્રવ્ય ત્રિકાળી પર્યાયને કરતું નથી એવું અપરિણમનરૂપ છે. પર્યાય જે પલટતી દશા છે તેમાં વિકાર છે, સંસાર છે ને મોક્ષનો મારગ ને મોક્ષ પણ એ પલટતી દશામાં-પર્યાયમાં છે, દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્યમાં બંધ-મોક્ષ આદિ છે નહિ એવું એ અપરિણમનરૂપ છે.

દ્રવ્ય એટલે વસ્તુ (ચૈતન્યમાત્ર) દ્રવ્ય; આ તમારા પૈસા-બૈસા તે દ્રવ્ય એમ નહિ; પણ વસ્તુ જે અંદર દેહથી ભિન્ન, પુણ્ય-પાપના વિકારથી ભિન્ન અને એક સમયની બંધ-મોક્ષરૂપ પર્યાયથી ભિન્ન અખંડ એકરૂપ રહેલી છે. તે દ્રવ્ય છે, એ દૃષ્ટિએ એને જુઓ તો તે અપરિણમનરૂપ છે. જેમાં અજ્ઞાન-જ્ઞાનરૂપ કે મિથ્યાત્વ-સમ્યક્ત્વરૂપ પલટના નથી એવો ત્રિકાળ અનાદિ-અનંત શાશ્વત એવો ને એવો એકસદશ ચિન્માત્ર ભાવ રહેલો છે તે દ્રવ્ય (-આત્મા) અપરિણમનસ્વરૂપ છે.

આત્મામાં બે પ્રકારઃ એક ત્રિકાળ ધ્રુવતા ને એક વર્તમાન પલટતી દશા. આ વિચાર પલટે છે ને? એ એની પલટતી દશામાં છે; વસ્તુ જે ધ્રુવ ત્રિકાળ છે એમાં પલટના-બદલવું નથી.

અહા! આ દ્રવ્ય (ત્રિકાળી) જે છે એ પરને કરતું નથી, શરીર-મન-વાણી ઈત્યાદિનેય કરતું નથી અને પોતાની પર્યાયનેય એ કરતું નથી એવું એ અપરિણમનસ્વભાવી છે.

એને પર્યાયદૃષ્ટિએ અર્થાત્ કર્મના નિમિત્તથી થતી વર્તમાન અવસ્થાની દશાથી જોઈએ તો પર્યાયમાં એ રાગાદિ વિકારરૂપે થાય છે અને મોક્ષમાર્ગરૂપ ધર્મદશારૂપે પણ તે થાય છે. મોક્ષમાર્ગ ને મોક્ષની દશા પણ એની પર્યાયમાં થાય છે. પણ દ્રવ્યદૃષ્ટિએ એ બદલતું નથી એવું અપરિણમન સ્વરૂપ છે.

કોઈને એમ થાય કે હવે આમાં શું શીખવું? આ બે ઘડી સામાયિકને પડિક્કમણ ભણી લીધું એટલે થઈ ગયો ધર્મ. પણ બાપુ! એ તો રાગ છે ને ધર્મ તો એનાથી ભિન્ન વીતરાગ છે. ભાઈ! ધર્મ તો મહા અલૌકિક ચીજ છે ને તે શુદ્ધ ત્રિકાળી દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય છે.

'उत्पादव्ययध्रौव्ययुक्तम् सत्' એમ સૂત્ર છે ને? મતલબ કે એક ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ને બીજી ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય-એમ આ વીતરાગનું કહેલું સત્ત્વ છે, એમાં નવી નવી અવસ્થા થાય તે ઉત્પાદ-વ્યયરૂપ છે. એને કર્મના નિમિત્તથી વિકાર થાય, ને વળી અવસ્થામાં કર્મનો અભાવ કરીને નિર્વિકારી ધર્મ થાય, એની અવસ્થામાં નિર્દોષ પૂર્ણ કેવળજ્ઞાન ને મોક્ષ થાય. આ બધું ઉત્પાદ-વ્યયરૂપ પલટતી દશામાં થાય

છે, પણ ત્રિકાળી ધ્રુવમાં એ કાંઈ નહિ; ધ્રુવ તો ધ્રુવ ત્રિકાળી એકસદશ ચિન્માનપણે છે. આવી વાત છે!

હવે આ વાણિયાને બિચારાને એક તો તત્ત્વની જિજ્ઞાસા નહિ ને સંસારની ઉપાધિ આડે નવરાશ મળે નહિ એટલે એમ ને એમ (પાપમાં) જિંદગી ચાલી જાય. પછી જાય મરીને ઢોરમાં; ઢોરમાં હોં! કેમ કે વાણિયાને માંસ-દારૂનું સેવન તો હોય નહિ એટલે નરકમાં ન જાય, પુણ્યનાંય ઠેકાણાં ન હોય એટલે સ્વર્ગે પણ ન જાય. અને ધર્મ તો એને છે જ નહિ. એટલે મરીને ઢોરમાં જ જાય, તિર્યંચમાં જ જાય. શું થાય? ભાઈ! તત્ત્વદૃષ્ટિ વિના જન્મ-મરણથી છૂટવું મહા દુર્લભ છે.

'આત્મા દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે' એમ ન્યાલભાઈના 'દ્રવ્યદૃષ્ટિ-પ્રકાશ' માં પણ આવે છે. એમાં એવું ખૂબ આવે છે કે-આત્મા બિલકુલ અક્રિય છે, નિષ્ક્રિય છે. દ્રવ્યદૃષ્ટિએ એને અક્રિય કહો કે અપરિણમનસ્વરૂપ કહો-એ એક જ છે. વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ આત્મા તેને શું કોઈએ કરેલો છે? (ના) એનો કોઈ ઈશ્વર કર્તા છે? (ના). તો કહે છે-એ અનાદિઅનંત ધ્રુવ શાશ્વત અકૃત્રિમ દ્રવ્ય છે તેમાં બદલવું નથી, ક્રિયા નથી. બદલવું છે એ પર્યાયમાં છે, ધ્રુવમાં નહિ. કોઈને થાય કે આ ધ્રુવ શું હશે? ઓલો ધ્રુવનો તારો હશે? અહા! જેમ ધ્રુવના તારાના લક્ષે સમુદ્રમાં વહાણ હાંકે તે સમુદ્ર પાર કરી જાય છે તેમ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યમાત્ર આત્માના લક્ષે પરિણમે તેને સમકિત થાય છે, ધર્મ થાય છે ને તે સંસારસમુદ્રને તરી જાય છે. અહો! આવો વસ્તુનો ધ્રુવસ્વભાવ મહા મહિમાવંત પદાર્થ છે. અહો ધ્રુવ સ્વભાવ! !

અહીં સ્વાધ્યાય મંદિરમાં 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' એમ લખેલું છે ને? તે વાંચીને એક ભાઈ કહેતા હતા-મહારાજ! દ્રવ્ય એટલે પૈસા; અહીં પૈસાવાળા અર્થાત્ પૈસા ઉપર જેમની દૃષ્ટિ છે તે આવે છે તે બધા સમ્યગ્દૃષ્ટિ ને?

ત્યારે કહ્યું-અરે ભાઈ! અહીં પૈસાનું અમારે શું કામ છે? દ્રવ્ય એટલે ત્રિકાળ ધ્રુવ ચૈતન્યસ્વભાવમય જે વસ્તુ છે તે; અને તેની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. જેને ધ્રુવની દૃષ્ટિ છે તે સમ્યગ્દૃષ્ટિ છે. હવે આવું કદી સાંભળ્યુંય ન હોય અને દયા, દાન, આદિમાં પ્રવર્તે, થોડા પૈસા દાનમાં ખર્ચે કરે એટલે માને કે-અમે સમ્યગ્દૃષ્ટિ. હવે ધૂળેય સમ્યગ્દૃષ્ટિ નથી સાંભળને. એ તો બધો રાગ છે ને એમાં ધર્મ માને એ તો મિથ્યાદર્શનનું મહાપાપ છે. સમજાણું કાંઈ...?

પુદ્‌ગલ પરમાણુ પણ દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે. જુઓ, આ દાળ-ભાત ઘઉં-લોટ વગેરે પરમાણુ પહેલાં હતા તે બદલીને અત્યારે લોહીને માંસ રૂપે શરીરમાં છે, હવે પછી એની બળીને રાખ થશે; એ બધા પરમાણુપણે તો કાયમ રહેશે, અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની અવસ્થા બદલતી રહેશે. પરમાણુ જે ધ્રુવ તે નહિ બદલે. તેમ ભગવાન આત્મા શાશ્વત ધ્રુવ ચૈતન્યસ્વરૂપે છે તે નહિ બદલે, તેની અવસ્થા-દશા બદલશે, કર્મના નિમિત્તે થતા વિકારથી બદલીને શુદ્ધ એક ચૈતન્યસ્વરૂપના આશ્રયે નિર્વિકાર થશે. અહા! આવા વસ્તુના સ્વભાવને જ્ઞાની યથાર્થ જાણે છે.

'માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.'

અહાહા...! જ્ઞાનીની દૃષ્ટિ ચિન્માત્ર વસ્તુ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ઉપર જ હોય છે. અંતરમાં એણે શુદ્ધત્વનો સ્વીકાર કર્યો છે તેથી શુદ્ધપણે જ પરિણમે છે, પણ રાગ-દ્વેષાદિપણે પરિણમતો નથી. માટે તે રાગદ્વેષાદિ ભાવોનો કર્તા થતો નથી.

જ્ઞાનીને અસ્થિરતાનો રાગ આવે છે ખરો, પણ તેનો તે કર્તા થતો નથી, તેનો જ્ઞાતા જ રહે છે. રાગ ભિન્ન ચીજ જાણવા લાયક છે ને? તે એનાથી ભિન્ન રહીને માત્ર જાણે જ છે, કરતો નથી. રાગ કરવા યોગ્ય છે એમ ક્યાં છે એને? નથી. તેથી ચારિત્રમોહના ઉદયે જે રાગ તેને આવે છે તેનો તે કર્તા થતો નથી પણ જ્ઞાતા જ રહે છે. આવો વીતરાગનો મારગ બહુ સૂક્ષ્મ છે ભાઈ! જ્ઞાનીને કિંચિત્ રાગ છે, પણ રાગની રુચિ-ભાવના નથી; એને રાગ છે, પણ રાગનું સ્વામિત્વ નથી; એને રાગનું પરિણમન છે પણ તે એનું કરવાલાયક કર્તવ્ય નથી તેથી તે કર્તા થતો નથી માત્ર જ્ઞાતા જ રહે છે. અહો! આવી અદ્ભુત અલૌકિક જ્ઞાનીની અંતર-દશા હોય છે.

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે-એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છેઃ-

## * કળશ ૧૭૭ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति' એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી 'तेन सः रागादीन् आत्मनः कुर्यात्' તેથી તે રાગાદિકને પોતાના કરે છે, 'अतः कारकः भवति' તેથી (તેમનો) કર્તા થાય છે.

જોયું? પોતે અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો રસકંદ શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છે-એમ અજ્ઞાની જાણતો નથી. ત્યાં વસ્તુના સ્વભાવ ઉપર એની દૃષ્ટિ-સન્મુખતા નથી. તે બહાર નિમિત્તની ને પુણ્ય-પાપના ભાવોની સન્મુખતામાં પડયો છે. તેથી તે રાગાદિકપણે નિરંતર પરિણમતો થકો રાગાદિક ભાવોનો કર્તા થાય છે.

બહારમાં સાધુ થયો હોય, વ્રતાદિ પાળતો હોય, પણ અંતર્દષ્ટિ વિના, સ્વસ્વરૂપના ભાન વિના તે રાગાદિકનો કર્તા થાય છે અર્થાત્ રાગ કરવા લાયક છે એમ માનીને તે રાગાદિકને પોતાના કરે છે. પુણ્યભાવ-દયા, દાન, વ્રત આદિના ભાવ ભલા-ઈષ્ટ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે ને તે મને કરવા યોગ્ય છે એમ માનીને તે રાગનો કર્તા થાય છે.

અહા! જે કોઈ સિદ્ધ થયા છે તેમને સિદ્ધપદની નિર્મળ પર્યાય ક્યાંથી આવી? શું તે અદ્ધરથી આવી છે? ના; અંદર શક્તિ પડી છે તેમાં પૂરણ એકાગ્ર થઈ પરિણમવાથી આવી છે. પણ અજ્ઞાની પોતાના વસ્તુસ્વભાવને જાણતો નથી, તેમાં તે અંતર-એકાગ્ર થતો નથી તેથી તે પર-આશ્રયે પરિણમતો થકો રાગાદિકનો કર્તા થાય છે. લ્યો, આવી વાત છે. સમજાણું કાંઈ...?

(પ્રવચન નં. ૩૩૯ (શેષ) અને ૩૪૦ * દિનાંક ૧૨-૫-૭૭ અને ૧૩-૫-૭૭)

## ગાથા-૨૮૧

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदि पुणो वि।। २८१।।

रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः।
तैस्तु परिणममानो रागादीन् बध्नाति पुनरपि।। २८१।।

હવે આ અર્થની ગાથા કહે છેઃ-

પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

**ગાથાર્થઃ-** [ रागे च द्वेषे च कषायकर्मसु च एव ] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ ये भावाः ] જે ભાવો થાય છે [ तैः तु ] તે-રૂપે [ परिणममानः ] પરિણમતો અજ્ઞાની [ रागादीन् ] રાગાદિકને [ पुनः अपि ] ફરીને પણ [ बध्नाति ] બાંધે છે.

**ટીકાઃ-** યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે-એવો નિયમ છે.

**ભાવાર્થઃ-** અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી અને કર્મના ઉદયથી જે ભાવો થાય છે તેમને પોતાના સમજીને પરિણમે છે, માટે તેમનો કર્તા થયો થકો ફરી ફરી આગામી કર્મ બાંધે છે-એવો નિયમ છે.

* * *

## સમયસાર ગાથા ૨૮૧ : મથાળું

હવે આ અર્થની ગાથા કહે છેઃ-

## * ગાથા ૨૮૧ : ટીકા ઉપરનું પ્રવચન *

'યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે...'

ઝીણી વાત છે પ્રભુ! શું કહે છે? કે અજ્ઞાની પોતાના શુદ્ધ એક પવિત્ર જ્ઞાન-

સ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે. અહાહા...! પોતે નિત્યાનંદ સહજાનંદ પ્રભુ ત્રિકાળ ચિદાનંદરસનો કંદ છે. અહા! જ્ઞાન અને આનંદ એક એનો સ્વભાવ છે. પણ એવા સ્વભાવ ઉપર એની અનાદિકાળથી દ્રષ્ટિ નથી; એનો સ્વભાવ પ્રતિ ઝુકાવ નથી. તેથી પોતાના શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવી આત્માને નહિ જાણતો અજ્ઞાની સ્વસ્વરૂપથી ચ્યુત જ છે. કયારથી? તો કહે છે-અનાદિ સંસારથી.

અનાદિથી પોતે છે. વસ્તુ શુદ્ધ ચૈતન્યરસકંદ પ્રભુ અનાદિની છે; ને ભૂલેય પર્યાયમાં અનાદિની છે. એમ નથી કે પહેલાં પર્યાયમાં શુદ્ધ હતો ને પછીથી અશુદ્ધ-મલિન થયો. અનાદિથી પોતે અંદર જ્ઞાનાનંદસ્વભાવી છે એનાથી અજાણ છે. અહા! પોતે કોણ છે? -એની એને બિચારાને અનાદિથી ખબર નથી. તેથી અનાદિથી જ તે પોતાના શુદ્ધ ચિદ્રૂપ સ્વરૂપથી ચ્યુત અર્થાત્ ભ્રષ્ટ જ છે.

અહા! એને ખબરેય કયાં છે કે-હું સ્વસ્વરૂપથી ચ્યુત-ભ્રષ્ટ છું? એ તો જે પર્યાય આવી તેમાં તલ્લીન-તદ્રૂપ થઈ વર્તે છે; શરીરાદિમાં તલ્લીનપણે વર્તે છે. કદીક બાયડી-છોકરાંનો યોગ થયો તો એમાં બિચારો રોકાઈને ગુંચાઈ જાય છે. અરે! અનાદિથી આમ તે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપથી ચ્યુત જ છે.

અહા! અજ્ઞાની અનાદિથી શુદ્ધસ્વભાવથી ચ્યુત જ છે. કેમ? કારણ કે તે યથોક્ત ભગવાને કહેલા વસ્તુસ્વભાવને જાણતો નથી. જુઓ, આમાં એમ ભાષા નથી લીધી કે કર્મને લઈને ચ્યુત છે; જો કે કર્મ જોડે અનાદિનું છે છતાં કર્મને લઈને એ ચ્યુત છે એમ નથી પણ પોતે પોતાના શુદ્ધસ્વભાવને જાણતો નથી માટે ચ્યુત છે. (એવી જ અનાદિકાલીન પર્યાય-યોગ્યતા છે).

હવે કહે છે- 'તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે-એવો નિયમ છે.'

જુઓ, પોતે અંદર શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવી વસ્તુ છે. તેથી એણે ખરેખર શુદ્ધસ્વભાવભાવપણે પરિણમવું-થવું જોઈએ. અહાહા...! અતીન્દ્રિય આનંદરસકંદ પ્રભુ પોતે છે તો અતીન્દ્રિય આનંદપણે થવું જોઈએ; પણ એમ ન થતાં-પરિણમતાં તે રાગ-દ્વેષ-મોહના ભાવરૂપે પરિણમે છે અને એ ભાવોનો કર્તા થાય છે.

'કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ' એમ છે ને? એનો અર્થ એ કે પોતે સ્વભાવથી ચ્યુત-ભ્રષ્ટ હોવાથી રાગદ્વેષમોહાદિરૂપે થાય છે-પરિણમે છે અને ત્યારે તેમાં કર્મનો ઉદય નિમિત્ત છે. કર્મના ઉદયે રાગદ્વેષાદિ ઉત્પન્ન કર્યા છે એમ નહિ, કર્મ તો નિમિત્ત એક પર વસ્તુ છે એટલું, પણ પોતે અનાદિથી સ્વરૂપથી ચ્યુત છે

ને પરના લક્ષે દોરાઈ ગયો છે તેથી રાગદ્વેષમોહ આદિરૂપે પરિણમે છે. અહા! પરમાં ઈષ્ટ-અનિષ્ટપણું માની અજ્ઞાની પરના લક્ષે રાગદ્વેષાદિ-ભાવે પરિણમે છે.

૭૦ વર્ષ પહેલાં દુકાને સજ્ઝાયમાળા વાંચી હતી. એમાં એક સજ્ઝાયમાં આવે છે કે- 'હોંશીલા મત હોંશ કીજીએ' -મતલબ કે શુદ્ધ આત્મા સિવાય પરવસ્તુમાં-શરીર, મન, વાણી, બાયડી, છોકરાં, પૈસા, આબરૂ ઈત્યાદિમાં-હોંશ ન કર ભાઈ! બાપુ! એ બધાં દુઃખ ને પાપનાં નિમિત્ત છે. માણસને બાયડી રૂપાળી હોય ને પૈસા દસ-વીસ લાખ મળી જાય એટલે ઓહોહોહો... જાણે હું પહોળો ને શેરી સાંકડી એમ થઈ જાય, પણ બાપુ! એ બધા મોહ-રાગ-દ્વેષના પરિણામ તને નીચે લઈ જશે ભાઈ!

અહીં પરમાત્મા જગતને ફરમાવે છે કે-પ્રભુ! તને તારી ચીજની ખબર નથી. અનંત અનંત જ્ઞાન ને આનંદની લક્ષ્મીથી ભરેલી તારી ચીજ છે. પણ હા! તું એનાથી ભ્રષ્ટ થઈ ગયો છો. કોઈ કર્મે તને ભ્રષ્ટ કર્યો છે એમ નહિ, પોતાના સ્વરૂપને ઓળખ્યા વિના તું ભ્રષ્ટ થઈ ગયો છો. અહા! 'અપનેકો આપ ભૂલ કે હેરાન હો ગયા.' પોતાની ચીજને ભૂલીને, પરવસ્તુને ભલી-બુરી જાણી રાગાદિભાવે પરિણમતો, એનો કર્તા થતો થકો અનાદિ સંસારથી હેરાન થઈ રહ્યો છો.

અહા! પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્ય ધરનાર) આત્માને ભૂલીને કર્મની ઉપસ્થિતિમાં (નિમિત્તે) સ્વયં રાગ-દ્વેષ-મોહાદિ ભાવોરૂપે પરિણમતો અજ્ઞાની તે રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થાય છે અને તેથી તે કર્મોથી બંધાય જ છે-એવો નિયમ છે. લ્યો, આ સંસારમાં રઝળવાનું બીજડું.

પહેલાં ગાથા ૨૮૦માં એમ આવ્યું કે-પોતાના સ્વભાવને જાણતો જ્ઞાની રાગ-દ્વેષમોહાદિ ભાવોનો અકર્તા જ છે-એવો નિયમ છે. અહીં કહે છે-પોતાના પરમેશ્વર સ્વભાવને નહિ જાણતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થાય છે અને તે બંધાય જ છે-એવો નિયમ છે. અહા! અજ્ઞાનીએ અનંતકાળમાં બહારમાં શાસ્ત્રો વગેરે ખૂબ જાણ્યાં, પણ પોતાને જાણ્યા વિના એ શું કામ આવે? એ જાણપણું તો બધું થોથાં છે ભાઈ! અજ્ઞાની બહારમાં વ્રત કરે ને ઉપવાસ આદિ તપ કરે ને રોજ સવાર-સાંજ પડિક્કમણ કરે, પણ એ બધી રાગની ક્રિયાઓ છે બાપા! એને તું ધર્મ માને એ તો મિથ્યાદર્શન છે ભાઈ! એ રાગની ક્રિયાઓનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે ને તે અવશ્ય બંધાય જ છે એમ કહે છે. સમજાણું કાંઈ...?

## * ગાથા ૨૮૧-ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી અને કર્મના ઉદયથી જે ભાવો થાય છે તેમને પોતાના સમજી પરિણમે છે,...'

શું કીધું? કે અજ્ઞાનીને સ્વભાવની દૃષ્ટિ નથી. તેને અનાદિથી પર્યાયબુદ્ધિ છે

અર્થાત્ વર્તમાન પર્યાયમાં જે પુણ્ય-પાપ થાય અને એના ફળ જે આવે તે હું એમ એની પર્યાય ઉપર દૃષ્ટિ છે. અહા! પોતે અંદર જ્ઞાન ને આનંદની લક્ષ્મીનો ભંડાર છે એની એને ખબર નથી તેથી વર્તમાનમાં સહેજ અનુકૂળતા ભાળીને 'આ ભવ મીઠો, પરભવ કોણે દીઠો? -એમ એને પર્યાયબુદ્ધિ થઈ જાય છે. તેમાંય વળી શરીર કાંઈક રૂપાળું હોય, બાયડી-છોકરાં સાનુકૂળ હોય ને પાંચ-પચીસ કરોડની સંપત્તિ મળી જાય તો બસ થઈ રહ્યું. એમાંથી એને નીકળવું ભારે આકરું પડે. પણ ભાઈ! મરી જઈશ હોં એમાં. એમ ને એમ મરી જઈશ બાપુ!

એક રે દિવસ એવો આવશે, સોડ તાણીને સૂતો;
કાઢો રે કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો જ ન હોતો.
સગી નારી રે તારી કામની, એ ઊભી ટગ-ટગ જુએ;
કાયામાં હવે કાંઈ નથી, ઊભી ધ્રુસકે રે રૂએ. એક રે દિવસ.

અહા! આ જગત આખું વિષય-કષાયની ભીંસમાં પડેલું દુઃખી-દુઃખી છે ભાઈ!

અહીં કહે છે-અજ્ઞાની પોતાની ચિદાનંદમય સ્વરૂપલક્ષ્મીને જાણતો નથી અને કર્મના ઉદય નિમિત્તે જે ભાવો થાય છે તેને તે પોતાના માની પરિણમે છે. શું કીધું? કે એના સ્વરૂપમાં તો પુણ્ય-પાપ આદિ છે નહિ, પણ કર્મ નિમિત્ત હોતાં પોતાના પુરુષાર્થની ઉંધાઈથી પર્યાયમાં પુણ્ય-પાપ આદિ ભાવો થાય છે; અજ્ઞાની તેને પોતાના માને છે. અહા! નિમિત્તને આશ્રયે એને રાગ-દ્વેષ-મોહાદિ ભાવો થાય છે તેને તે પોતાના માને છે. અંદર ચીજ પોતાની ભાળી નથી ને? તેથી પરચીજમાં-રાગદ્વેષમોહાદિ ભાવોમાં-આ હું-એમ પોતાપણું માને છે, અને તેમાં તદ્રૂપ થઈ પરિણમે છે.

'માટે તેમનો કર્તા થયો થકો ફરી ફરી આગામી કર્મ બાંધે છે-એવો નિયમ છે.' આ પ્રમાણે અજ્ઞાની સંસારમાં રઝળી મરે છે.

[ પ્રવચન નં. ૩૪૧ * દિનાંક ૧૪-૫-૭૭ ]

## ગાથા-૨૮૨

तत: स्थितमेतत्-

**रागम्हि य दासम्हि य कसायकम्मेसु चेव जे भावा।**
**तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा।। २८२।।**

**रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावा:।**
**तैस्तु परिणममानो रागादीन् बध्नाति चेतयिता।। २८२।।**

**એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.**

**ગાથાર્થ**:- [ रागे च द्वेषे च कषायकर्मसु च एव ] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ ये भावा: ] જે ભાવો થાય છે [ तै: तु ] તે-રૂપે [ परिणममान: ] પરિણમતો થકો [ चेतयिता ] આત્મા [ रागादीन् ] રાગાદિકને [ बध्नाति ] બાંધે છે.

**ટીકા**:- ખરેખર અજ્ઞાનીને, પુદ્ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે, તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્ગલકર્મ તેના બંધનું કારણ છે.

**ભાવાર્થ**:- અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધનાં કારણ થાય છે.

❄ ❄ ❄

### સમયસાર ગાથા ૨૮૨ : મથાળું

તેથી આમ ઠર્યું-એમ હવે કહે છેઃ-

### * ગાથા ૨૮૨ : ટીકા ઉપરનું પ્રવચન *

'ખરેખર અજ્ઞાનીને, પુદ્ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે, તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્ગલકર્મ તેના બંધનું કારણ છે.'

અહાહા...! આત્મા અનંત અનંત ગુણરત્નથી ભરેલો ચૈતન્યરત્નાકર છે. ચૈતન્યમય રત્નનો આકર નામ ભંડાર-સમુદ્ર ભગવાન આત્મા છે. એની જેને ખબર ન મળે તે અજ્ઞાની છે.

અહા! એ અજ્ઞાનીને અનાદિથી કર્મનો ઉદય જેમનું નિમિત્ત છે એવા રાગદ્વેષમોહાદિ પરિણામો છે. શું કીધું? આ પરવસ્તુની પ્રીતિ તે રાગ, પરવસ્તુની અપ્રીતિ તે દ્વેષ, અને તે રાગદ્વેષ મારા-એવો ભાવ તે મોહ-એમ અજ્ઞાનીને અનાદિથી રાગદ્વેષમોહાદિ પરિણામો છે. આદિ કહેતાં વિષયવાસના, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક વગેરે બધા પરિણામો સમજી લેવા.

આ કોઈ મરી જાય ત્યારે બાઈઓ રોતી નથી? એમાં કોઈને ધણી મરી જાય ત્યારે 'કુવામાં ઉંડા ઉતારીને' -એવું બધું રોવે. આ બધું નવાં કર્મ બંધાય એમાં નિમિત્ત છે એમ કહે છે. એમાં (રાગદ્વેષાદિમાં) જુનાં કર્મ નિમિત્ત છે અને નવાં કર્મ બંધાય એમાં આ રાગદ્વેષમોહના પરિણામ નિમિત્ત છે. નિમિત્ત છે, પણ કોઈ-કોઈના (એકબીજાના) કર્તા નહિ હોં; પુણ્ય-પાપના-રાગદ્વેષમોહના ભાવ કરે એમાં જુનાં કર્મ નિમિત્ત છે, પણ કર્મે એ કર્યા નથી; અને એ રાગદ્વેષમોહના પરિણામ નવાં કર્મ બંધાય એમાં નિમિત્ત છે, પણ એ નવું કર્મબંધન રાગ-દ્વેષ-મોહે કર્યું નથી. આમ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે પણ કર્તાકર્મભાવ નથી.

આમાં અત્યારે મોટા વાંધા ઊઠયા છે. એમ કે સોનગઢવાળા નિમિત્તને માનતા નથી. હમણાં ભાઈ! એ કૈલાસચંદ્રજીએ ખુલાસો કર્યો છે કે-સોનગઢવાળા નિમિત્તને માનતા નથી એમ નથી, નિમિત્ત છે એમ તો માને છે, પણ નિમિત્તથી પરમાં (ઉપાદાનમાં) કાંઈ થાય છે એમ માનતા નથી. -વાત તો સાચી છે.

બે વાત આવી છે. એક તો ક્રમબદ્ધની; એમ કે દરેક દ્રવ્યમાં જે સમયે જે અવસ્થા થવાની હોય તે સમયે તે અવસ્થા થાય થાય ને થાય એમ બધું ક્રમબદ્ધ જ છે; પણ એની યથાર્થ પ્રતીતિ એને થાય છે કે જેની દ્દષ્ટિ ત્રિકાળી દ્રવ્ય (-આત્મા) પર હોય છે. બીજી નિમિત્તની: એમ કે સોનગઢવાળા નિમિત્તને નથી માનતા એમ નહિ, પણ તેઓ નિમિત્તને પરના કર્તા માનતા નથી. જેમ કે-પાણી ઉનું થાય ત્યારે અગ્નિ નિમિત્ત છે, પણ અગ્નિએ પાણી ઉનું કર્યું નથી. પાણી ઉનું થયું છે એ પોતાના કારણે થયું છે, અગ્નિના કારણે નહિ.

તો પ્રશ્ન થાય કે જો અગ્નિને દૂર કરો તો પાણી ઉનું નહિ રહે.

સમાધાન એમ છે કે-પાણી ઉનું નહિ રહે તે પણ પોતાના કારણે. ટાઢું થાય એ પણ પોતાના કારણે ને ઉનું થાય એ પણ પોતાના કારણે, અને ત્યારે અગ્નિનું ન હોવું ને હોવું એ તો નિમિત્તમાત્ર છે.

પરદ્રવ્યના કારણે પરમાં કાંઈ થતું નથી એ મૂળ સિદ્ધાંત છે. અજ્ઞાની કલ્પનાથી માને કે મેં આ કર્યું ને તે કર્યું. દુકાને-ધંધે બેઠો હોય ત્યારે આ વેચ્યું ને આ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખરીદ્યું ને આટલું કમાણો એમ મોટા મોટા આંકડા ગણે પણ ભાઈ! ધૂળેય કમાણો નથી સાંભળને. એ બધી પરની ક્રિયા કે દિ' તું કરી શકે છે? તેં તો ખાલી રાગ-દ્વેષ-મોહના ભાવ કર્યા બસ એટલું જ. અહિં કહે છે-અજ્ઞાનીને આ જે રાગદ્વેષમોહના પરિણામો છે તે જ ફરીને રાગદ્વેષમોહનું જે નિમિત્ત છે એવા પુદ્ગલકર્મના બંધનું નિમિત્ત કારણ થાય છે.

## : ગાથા ૨૮૨ નો ભાવાર્થ :

'અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધનાં કારણ થાય છે.'

જૂનું કર્મ રાગદ્વેષમોહાદિ વિકારનું નિમિત્ત થાય છે, અને તે વર્તમાન રાગદ્વેષમોહાદિના પરિણામ નવાં કર્મ બંધાય છે તેનું નિમિત્ત થાય છે આ પ્રમાણે અજ્ઞાનીને સંસાર પરંપરા છે. આવી વાત છે.

(પ્રવચન નં. ૩૪૧ (ચાલુ) * દિનાંક ૧૪-૫-૭૭)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૨૮૩ થી ૨૮૫

अप्पडिकमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।। २८३।।

अप्पडिकमणं दुविहं दव्वे भावे अपच्चखाणं पि।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।। २८४।।

जावं अप्पडिकमणं अपच्चखाणं च दव्वभावाणं।
कुव्वदि आदा तावं कत्ता सो होदि णादव्वो।। २८५।।

अप्रतिक्रमणं द्विविधमप्रत्याख्यानं तथैव विज्ञेयम्।
एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता।। २८३।।

अप्रतिक्रमणं द्विविधं द्रव्ये भावे तथाऽप्रत्याख्यानम्।
एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता।। २८४।।

यावदप्रतिक्रमणमप्रत्याख्यानं च द्रव्यभावयोः।
करोत्यात्मा तावत्कर्ता स भवति ज्ञातव्यः।। २८५।।

અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,
-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.

અણપ્રતિક્રમણ બે-દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,
-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.

અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

**ગાથાર્થઃ-** [ अप्रतिक्रमणं ] અપ્રતિક્રમણ [ द्विविधम् ] બે પ્રકારનું [ तथा एव ] તેમ જ [ अप्रत्याख्यानं ] અપ્રત્યાખ્યાન બે પ્રકારનું [ विज्ञेयम् ] જાણવું;- [ एतेन उपदेशेन च ] આ ઉપદેશથી [ चेतयिता ] આત્મા [ अकारकः वर्णितः ] અકારક વર્ણવવામાં આવ્યો છે.

[ अप्रतिक्रमणं ] અપ્રતિક્રમણ [ द्विविधं ] બે પ્રકારનું છે- [ द्रव्ये भावे ] દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; [ तथा अप्रत्याख्यानम् ] તેવી રીતે અપ્રત્યાખ્યાન પણ બે પ્રકારનું છે- દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી;- [ एतेन उपदेशेन च ] આ ઉપદેશથી

[ चेतयिता ] આત્મા [ अकारक: वर्णित: ] અકારક વર્ણવવામાં આવ્યો છે.

[ यावत् ] જ્યાં સુધી [ आत्मा ] આત્મા [ द्रव्यभावयो: ] દ્રવ્યનું અને ભાવનું [ अप्रतिक्रमणम् च अप्रत्याख्यानं ] અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન [ करोति ] કરે છે [ तावत् ] ત્યાં સુધી [ स: ] તે [ कर्ता भवति ] કર્તા થાય છે [ ज्ञातव्य: ] એમ જાણવું.

**ટીકાઃ-** આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે; કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે. માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિકભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે. માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો. અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું. (આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે) તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને (-પરદ્રવ્યને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી (અર્થાત્ જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી) ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી, અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાં સુધી કર્તા જ છે; જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે, અને જ્યારે પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.

**ભાવાર્થઃ-** અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં સારાં જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિભાવો થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે ભાવ-અપ્રતિક્રમણ છે. તેવી રીતે આગામી કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્યઅપ્રત્યાખ્યાન છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા જે રાગાદિભાવો તેમની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે ભાવ-અપ્રત્યાખ્યાન છે. આમ દ્રવ્યઅપ્રતિક્રમણ ને ભાવ-અપ્રતિક્રમણ તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન ને ભાવ-અપ્રત્યાખ્યાન

-એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે. માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે અને રાગાદિભાવો નૈમિત્તિક છે. આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો હોવાથી તે રાગાદિભાવોનો અકર્તા જ છે એમ સિદ્ધ થયું. આ પ્રમાણે જોકે આ આત્મા રાગાદિભાવોનો અકર્તા જ છે તોપણ જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તેને રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે, અને જ્યાં સુધી રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે; જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે, અને જ્યારે રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.

* * *

## સમયસાર ગાથા ૨૮૩ થી ૨૮૫ : મથાળું

હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે? તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કરે છેઃ-

## * ગાથા ૨૮૩ થી ૨૮૫ ટીકા ઉપરનું પ્રવચન *

'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે; કારણ કે જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.'

જરી ઝીણો અધિકાર છે, (માટે) ધ્યાન દઈને સાંભળવું. પ્રભુ! કહે છે-શુદ્ધ ચિદાનંદરસકંદ પ્રભુ આત્મા પોતે પોતાના સ્વભાવથી રાગાદિ વિકારપણે થતો નથી. અહાહા...! એક જાણગ-જાણગ-જાણગ જેનો સ્વભાવ છે એવો એક જ્ઞાયક સ્વભાવમય આત્મા રાગાદિ વિકારનો પોતાથી કર્તા થાય એમ છે નહિ. અંતર સ્વભાવથી-... 'आत्मना' એમ છે ને? મતલબ કે અંતરસ્વભાવથી આત્મા રાગાદિકનો અકારક જ છે. લ્યો, આવી સૂક્ષ્મ વાત!

અરે! અનંતકાળથી એ દુઃખી છે, દુઃખથી દાઝેલો છે. જેમ અગ્નિના અંગારાથી શરીર બળે તેમ એ પુણ્ય-પાપરૂપ કષાયને કરનારો નથી. આત્માનો સ્વભાવ તો એકલો જ્ઞાન ને આનંદરૂપ છે. તે રાગને કેમ કરે? આ દયા, દાન, વ્રતાદિ વ્યવહારના વિકલ્પ હોય છે ને? ભગવાન આત્મા એનોય સ્વભાવથી કર્તા નથી, અકારક જ છે.

**પ્રશ્નઃ-** આવો સ્વભાવ છે તો એને રાગ કેમ થાય છે?

**ઉત્તરઃ-** એ પરનું લક્ષ કરે છે ને? પરનો હું સ્વામી છું એમ માનીને પરનું

લક્ષ કરે છે તે એને વિકારનું-રાગાદિનું કારણ છે. પોતાનું સ્વરૂપ છે એનો સ્વ-સ્વામી સંબંધ ન કરતાં જે સ્વરૂપમાં નથી એવા પરદ્રવ્યો ને પુણ્ય-પાપના ભાવોમાં સ્વામિત્વની પ્રતીતિ કરે છે તેથી એને રાગ થાય છે ને બંધન થાય છે; એમાં પરદ્રવ્ય નિમિત્ત કારણ છે. નિમિત્ત કારણ છે એટલે એમ નહિ કે પરદ્રવ્ય એને નિમિત્તકારણ થઈને રાગ કરાવે છે, પણ પોતે પરદ્રવ્યના લક્ષે પરિણમે છે તેથી રાગ થાય છે એમ અર્થ છે. સમજાણું કાંઈ... ?

અહિં કહે છે-આત્મા સ્વભાવથી રાગાદિનો અકારક જ છે. હવે તેનું કારણ આપે છે કે જો એમ ન હોય અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. શું કીધું ? કે આત્મા સ્વભાવથી જ જો શુભાશુભ ભાવોનો કર્તા હોય તો ભગવાને, દ્રવ્ય-ભાવનું પ્રતિક્રમણ કર, દ્રવ્ય-ભાવનું પ્રત્યાખ્યાન કર-એમ જે બે પ્રકારે (દ્રવ્યભાવનો) ઉપદેશ કર્યો છે તે બની શકે નહિ. દ્રવ્ય એટલે સંયોગી ચીજ ને ભાવ એટલે શુભાશુભ વિકાર-એમ બેયથી પાછા ફરવાનો ને બેયના પચખાણનો જે ભગવાનનો ઉપદેશ છે તે બની શકે નહિ કેમકે આત્મા સ્વભાવથી જ રાગાદિનો કારક હોય તો તે રાગાદિથી કેવી રીતે પાછો ફરે ? એનું પચખાણ કેવી રીતે કરે ?

ખરેખર તો બેયથી (દ્રવ્ય ને ભાવથી) પાછું હટવું-એવો ભગવાનનો ઉપદેશ છે. પણ રાગાદિનો જો આત્મા ખરેખર કર્તા હોય તો એનાથી પાછું હઠવું હોઈ શકે નહિ. આ ન્યાયનો જરી ઝીણો વિષય છે.

પહેલાં કહ્યું કે આત્મા ત્રિકાળી ધ્રુવ એકલો ચૈતન્યબિંબ પ્રભુ રાગદ્વેષાદિ વિકારના ભાવોનો પોતાના સ્વભાવથી અકારક જ છે. હવે કહે છે-જો એમ ન હોય તો, ભગવાનના ઉપદેશમાં જે એમ આવ્યું કે-ભાવ એટલે શુભાશુભ વિકાર અને દ્રવ્ય એટલે એ વિકારનું નિમિત્ત બાહ્યચીજ-એ બેયથી પાછો હઠ-એ બની શકે નહિ. વિકાર જો એનું સ્વરૂપ જ હોય તો એનાથી પાછા હઠવાનું કેમ બની શકે ?

શું કીધું ? આમાં ન્યાય સમજાય છે ? જે સંયોગી ચીજ વિકારમાં નિમિત્ત છે તેને દ્રવ્ય કહીએ અને પર્યાયમાં જે વિકાર છે તેને ભાવ કહીએ. હવે ભગવાને ઉપદેશમાં એમ કહ્યું કે દ્રવ્ય-ભાવ બેયથી ખસી જા, અર્થાત્ વિકારનું નિમિત્ત જે બાહ્યચીજ એનાથી ખસી જા ને વિકારથીય હઠી જા. પરંતુ આત્મા જો સ્વભાવથી જ વિકારનો ને નિમિત્તનો કર્તા હોય તો 'એનાથી, પાછો હઠી જા' -એમ ઉપદેશ હોઈ શકે નહિ. માટે એમ નક્કી થયું કે વિકાર ને વિકારના નિમિત્તનું કરવાપણું સ્વભાવથી આત્માને છે જ નહિ અર્થાત્ આત્મા અકારક જ છે; અને તેથી જ દ્રવ્ય-ભાવ-બેયથી પાછો હઠી જા એમ ભગવાનનો ઉપદેશ છે. સમજાણું કાંઈ... ?

હવે આ વાણિયાને હાથ પડયો જૈનધર્મ! બિચારા વેપાર આડે નવરા પડે તો આનો વિચાર કરે ને? આખો દિ' આ ભાવે લીધું ને આ ભાવે દીધું ને આટલું કમાણો-બસ એના સિવાય બીજો (-તત્ત્વનો) વિચાર જ ન હોય ત્યાં શું થાય? પણ ભાઈ! આ સમજવું પડશે હોં. તારા રૂપિયા તો કયાંય તિજોરીમાં રહેશે અથવા અન્ય અવસ્થાએ રહેશે, આ દેહ બળીને ખાખ થશે ને તું કયાંય ચાલ્યો જઈશ હોં. બધુંય ફરી જશે ભાઈ! ક્ષેત્ર ફરી જશે, કાળ ફરી જશે, ભવ ફરી જશે ને ભાવ ફરી જશે. ભગવાન! તું કયાં જઈશ? અહીં તો મોટો કરોડપતિ શેઠ હોય ને મરીને અરરર! વાંદરી ને કુતરીને પેટે જાય! શું થાય? માંસ-દારૂનું સેવન હોય નહિ એટલે નરકે તો ન જાય પણ માયા-કપટ ને આડોડાઈ ઘણી હોય એટલે આડોડાઈમાં જાય. આડોડાઈ એટલે આ ઢોરના શરીર આમ આડાં હોય છે એમાં જાય.

ધર્મ તો કર્યો ન હોય ને સ્વાધ્યાય આદિય ન કરે એટલે પુણ્યનાંય ઠેકાણાં ન હોય અને ધૂળ-પૈસા કમાવામાં ખૂબ કૂડ-કપટ-માયા કરે એટલે મરીને ઢોરમાં-તિર્યંચમાં જ જાય. માટે કહે છે-ભાઈ! એ પ્રપંચના ભાવ છોડીને સ્વ-સ્વરૂપમાં ઉદ્યમી થા. તારો ભગવાન એ પ્રપંચના ભાવોથી ભિન્ન છે. માટે પ્રપંચના ભાવોથી અને એનાં બાહ્ય નિમિત્તોથી હઠી જા. અહા! એ રાગદ્વેષાદિ ભાવો પરલક્ષે કૃત્રિમ ઊભા થયા છે; ભગવાન આત્મા એનો ખરેખર કર્તા નથી; જો કર્તા હોય તો 'એનાથી હઠી જા' એવો ભગવાનનો જે ઉપદેશ છે તે જ ન હોઈ શકે. સમજાણું કાંઈ...? હવે કહે છે-

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.'

શું કીધું? કે વિકારનો ભાવ તે નૈમિત્તિક છે ને બાહ્યવસ્તુ જે સ્ત્રી-પુત્ર-પરિવાર, ધન, વેપાર-ધંધો વગેરે તે નિમિત્ત છે. એ બેને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ત્યાં એ નિમિત્ત છે તો વિકાર થયો એમ નથી, અને વિકાર થયો માટે નિમિત્ત-ત્યાં આવ્યું એમેય નથી. પોતે પોતાના સ્વભાવને ભૂલીને વિકારભાવ કરે છે ત્યારે ત્યાં બીજી ચીજ સામે નિમિત્ત હોય છે બસ. આવો વિકારને ને બીજી ચીજને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે.

અહા! આ પુણ્ય-પાપના જે અસંખ્ય પ્રકારે વિકારી ભાવ છે એ નૈમિત્તિક છે અને બાહ્યચીજો એમાં નિમિત્ત છે. એ નિમિત્તને દ્રવ્ય કીધું ને વિકારને ભાવ કીધો. એ દ્રવ્ય અને ભાવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ બેયનો સંબંધ છોડ એમ કહે છે; કારણ કે એ નિમિત્તના લક્ષે થયેલા વિકારો એ કાંઈ વાસ્તવિક-સાચું આત્મ સ્વરૂપ નથી. 'એનાથી (બેયથી) પાછો હઠ' -એ ઉપદેશનો અર્થ જ એ છે કે

વિકારનો કર્તા આત્મા છે નહિ. એ અજ્ઞાનભાવે એનો કર્તા પોતાને માને છે એ બીજી વાત છે. લ્યો, હવે આવું ઝીણું! એ બેયથી હઠવું એનું નામ પ્રતિક્રમણ. બાકી સવાર-સાંજ 'પડિક્કમામિ ભંતે' ઈત્યાદિ ભણી જાય એ તો ધૂળેય પડિક્કમણ નથી. એ તો રાગના પરિણામ છે અને એનો કર્તા થાય છે એ તો અપડિક્કમણ છે.

અહીં દ્રવ્યથી-બાહ્ય નિમિત્તથી હઠવાનું કહે છે કારણ કે એના તરફનું એને લક્ષ છોડાવવું છે. બાહ્ય નિમિત્તથી હઠી જા એનો અર્થ એમ કે નિમિત્તનું લક્ષ છોડી દે તો તારો ભાવ (-વિકાર) પણ છૂટી જશે, અને તું તારા જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમાં આવીશ. લ્યો, આનું નામ ધર્મ ને આ પડિક્કમણ છે. અહા! આવો ઉપદેશ દ્રવ્ય ને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો આત્માના અકર્તાપણાને જ જણાવે છે.

અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બન્નેય બબ્બે પ્રકારનાં છે. એક તો દ્રવ્યનું એટલે પરદ્રવ્યનું લક્ષ અને બીજું ભાવનું એટલે પરદ્રવ્યના લક્ષે થતા વિકારનું આવું બેપણું એની પર્યાયમાં છે, પર્યાયના સંબંધમાં છે, પણ વસ્તુના સ્વભાવમાં નથી. તેથી પર્યાયમાં છે એનો ત્યાગ કરાવ્યો છે કેમકે એ ત્યાગ થઈ શકે છે, જો સ્વભાવમાં હોય તો ત્યાગ થઈ શકે નહિ અને એનો ઉપદેશ પણ બની શકે નહિ. એ બે પ્રકારનો ઉપદેશ દ્રવ્ય ને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો આત્મા અકર્તા છે એમ સિદ્ધ કરે છે. કેવો સરસ ન્યાય આપ્યો છે!

ભાઈ! એ દ્રવ્ય ને ભાવનું અપ્રતિક્રમણ અને દ્રવ્ય ને ભાવનું અપ્રત્યાખ્યાન તારી પર્યાયમાં છે. તે વર્તમાન કૃત્રિમ છે, તેને છોડ કેમકે એ તારો સ્વભાવ નથી. પરદ્રવ્યના લક્ષમાં જવું અને એના લક્ષે વિકાર કરવો એ (તારું) વસ્તુસ્વરૂપ નથી, વસ્તુએ તો તું અકર્તા છો ભગવાન!

અહાહા...! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકીનાથ પરમાત્મા એમ કહે છે કે-તું અકારક છો ને પ્રભુ! જેવો હું છું તેવો તું અંદર આત્મા છો ને નાથ! હું જેમ જગતનો જાણનાર-દેખનાર છું તેમ તું પણ જગતનો જાણનાર-દેખનાર છો ને! અહા! આ પુણ્ય ને પાપનું લક્ષ જાય એ તારો અકૃત્રિમ સ્વભાવ નથી. અહા! તું પરલક્ષમાં જાય ને વિકાર કરે એ કાંઈ તારું સ્વરૂપ છે? (ના.) ભગવાન! તું એનાથી ભિન્ન નિરાળી ચીજ છો. અહા! તને અમારું લક્ષ થાય એ અપડિક્કમણ છે, અપ્રત્યાખ્યાન છે, કેમકે અમે પરદ્રવ્ય છીએ અને પરદ્રવ્યના લક્ષે રાગ જ થાય છે. માટે પરદ્રવ્યના લક્ષથી ને રાગથી હઠી જા. લ્યો, હવે આવો ઉપદેશ અને આવો મારગ! બીજે ક્યાંય છે નહિ.

અહીં નિમિત્ત ને નૈમિત્તિક ભાવ બેયને છોડ એમ કહેતાં અંદર આત્મા સ્વભાવથી અકર્તા છે એમ સિદ્ધ થાય છે. ભગવાનનો ઉપદેશ એમ આવ્યો કે-પડિક્કમણ

કર, પચકખાણ કર; એટલે કે પરવસ્તુ જે બાહ્ય નિમિત્ત છે તેનો ત્યાગ કર અર્થાત્ એનું લક્ષ છોડી દે જેથી તત્સંબંધી ભાવનો પણ ત્યાગ થઈ જશે. અહીં એમ કહેવું છે કે જ્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં તું છો તો એ ભાવ થાય છે, પણ વસ્તુસ્વભાવમાં એ કાંઈ છે નહિ, તેથી વસ્તુના-સ્વના લક્ષમાં જતાં નિમિત્ત-નૈમિત્તિકભાવ છૂટી જાય છે. હવે કહે છે-

'માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.

સ્ત્રી-કુટુંબ, ધન-સંપત્તિ દેવ-ગુરુ-શાસ્ત્ર ઇત્યાદિ બાહ્યવસ્તુ નિમિત્ત છે અને તેના લક્ષે-સંબંધે થતા આત્માના રાગાદિ-પુણ્ય-પાપના ભાવો નૈમિત્તિક છે. ત્યાં નિમિત્ત-બાહ્યવસ્તુ કાંઈ નૈમિત્તિક ભાવ જે રાગાદિ તેને કરતું-કરાવતું નથી, તથા નૈમિત્તિકભાવ જે રાગાદિ તે નિમિત્તને લાવતું-છોડાવતું નથી. માત્ર નિમિત્ત ઉપર દ્રષ્ટિ રાખી પરિણમે છે તો નૈમિત્તિક રાગાદિભાવ થાય છે, અને નિમિત્ત ઉપરથી દ્રષ્ટિ ખસે છે ત્યારે નૈમિત્તિક ભાવ પરથી પણ દ્રષ્ટિ ખસે છે ને ત્યારે બન્ને દ્રષ્ટિમાંથી છૂટી જાય છે. આત્મા પરનો-વિકારનો સ્વભાવથી કર્તા છે નહિ માટે વિકાર છૂટી જાય છે, જો કર્તા હોય તો કદીય છૂટે નહિ.

હવે કહે છે-પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે; 'જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાના નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય.'

એ પરનું લક્ષ છોડ ને પરના લક્ષે થતા વિકારને છોડ-એવો ભગવાનનો ઉપદેશ છે. અહાહા...! ભગવાન એમ કહે છે કે-અમારા પ્રત્યેનું લક્ષ પણ તું છોડી દે. જુઓ, જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી ધર્મીને પણ દેવ-ગુરુ આદિ પરદ્રવ્યના લક્ષનો શુભભાવ આવે છે, પણ વાસ્તવમાં એ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છે, એ કાંઈ સ્વરૂપનું વાસ્તવિક સાધન નથી.

પરદ્રવ્ય જે સ્ત્રી-કુટુંબ-પરિવાર આદિ એ તો પાપનાં નિમિત્ત છે, અને દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પુણ્યનાં નિમિત્ત છે, એ બેયનું પ્રતિક્રમણ કરાવ્યું છે. એ બેય દ્રવ્ય ને ભાવના ભેદે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો પરસ્પર સંબંધ (નિમિત્ત-નૈમિત્તિક સંબંધ) કઈ રીતે છે તે બતાવીને એમ કહે છે કે-ભગવાન! તું અકારક છો, માટે એ બેયને દ્રષ્ટિમાંથી છોડી દે. અહા! આ નૈમિત્તિક જે પુણ્ય-પાપના ભાવ એનો સંબંધ પરવસ્તુ-નિમિત્ત સાથે છે, તેથી એનું પડિક્કમણ કર, પચખાણ કર, અર્થાત્ પર તરફનું લક્ષને લક્ષવાળો ભાવ-બેયને છોડી દે. અહા! એ બાહ્યવસ્તુ અને એના લક્ષે થતો વિકારનો ભાવ એ તારા ઘરની-સ્વભાવની ચીજ નથી. અહા! એ

તારા ત્રિકાળી શુદ્ધ અસ્તિત્વમાં છે જ નહિ, માટે એ બેયથી પાછો ફર ને બેયને છોડી દે.

જુઓ, આ બંધ અધિકાર છે. એમાં અહીં એમ વાત લીધી છે કે આત્મા ખરેખર સ્વભાવથી અકારક જ છે. પરંતુ સ્વ-દ્રવ્યને છોડીને તે જ્યાં સુધી પરદ્રવ્યના લક્ષે પરિણમે ત્યાં સુધી તેને રાગાદિ વિકાર થાય છે અને તેથી તેને બંધ પણ થાય છે. ત્યાં પરદ્રવ્ય છે તે નિમિત્ત છે; અને એના લક્ષે થયેલો વિકારી ભાવ છે તે નૈમિત્તિક છે. એ બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયની પર્યાયમાં છે, પણ બેય વસ્તુ-આત્માના સ્વભાવમાં નથી. આત્માનો સ્વભાવ જો વિકારરૂપ થવાનો હોય તો વિકાર ને વિકારના નિમિત્તોથી ખસવાનું એને કદીય બને નહિ; અને તો દ્રવ્યભાવરૂપ અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન છોડ એવો ભગવાનનો ઉપદેશ નિરર્થક જ થાય. પણ એમ છે નહિ, કેમકે વિકાર-રાગદ્વેષાદિ ભાવો નૈમિત્તિક છે, સ્વભાવ-ભાવ નથી; સ્વભાવના લક્ષે તે અવશ્ય છોડી શકાય છે.

જેમકે કુદેવ-કુગુરુ આદિ પરદ્રવ્યના લક્ષે જીવ પરિણમે ત્યાં સુધી તેને મિથ્યાત્વાદિ ભાવો થાય જ અને તેની બંધ પણ થાય જ. પણ કુદેવ-કુગુરુ આદિ પરદ્રવ્યનું લક્ષ છોડે, એના લક્ષે થતા વિભાવનું લક્ષ છોડે અને સ્વલક્ષમાં જાય ત્યાં દ્રવ્ય-ભાવ-બેયનું પ્રતિક્રમણ થાય છે અને એ ધર્મ છે, ઝીણી વાત છે ભાઈ!

જેણે ધર્મ કરવો છે એણે પોતાનું લક્ષ ફેરવવું જોઈએ. અહા! અનાદિથી પરદ્રવ્યના અને વિકારના લક્ષે પરિણમી રહ્યો છે પણ એથી તો રાગદ્વેષાદિ વિકાર-અધર્મ જ થાય છે. તેથી ત્યાંથી લક્ષ ફેરવી સ્વમાં લક્ષ કરવું જોઈએ, કેમકે સ્વસ્વરૂપમાં પરદ્રવ્ય નિમિત્તેય નથી અને નૈમિત્તિક વિભાવેય નથી. અહાહા...! પરદ્રવ્યનિમિત્ત અને એના લક્ષે થતા વિકારી પરિણામ-એ બેયના અભાવસ્વભાવરૂપ ભગવાન આત્માનો સ્વભાવ છે; અને તેથી દ્રવ્ય-ભાવરૂપ બેયનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનનો ભગવાનનો ઉપદેશ છે. સમજાણું કાંઈ...?

અહાહા...! ભગવાન કહે છે-કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્રનું લક્ષ છોડ, સ્ત્રી-કુટુંબ, પરિવાર આદિનું લક્ષ છોડ અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનુંય લક્ષ છોડ (એમ સર્વ પરદ્રવ્યનું લક્ષ છોડ); અને પરના લક્ષે થતા વિકારને પણ છોડ. આમ દ્રવ્ય ને ભાવ-બેયને ભગવાન છોડાવે છે. એનો અર્થ શું થયો? કે નહિ છોડવારૂપ ભાવ જે તારી પર્યાયમાં પડયો છે તે તારો સ્વભાવ નથી. અહાહા...! પરદ્રવ્યેય તારો સ્વભાવ નથી ને પરભાવેય તારો સ્વભાવ નથી. તારો તો પ્રભુ? એક જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે. પરના લક્ષમાં રહેવું ને રાગનું-વિકારનું કરવું એ એમાં (-સ્વભાવમાં) છે જ નહિ. માટે એ બેયથી (પરદ્રવ્ય ને પરભાવથી) ખસી જા અર્થાત્ અંદર સ્વભાવમાં જા, સ્વભાવમાં વસ ને ત્યાં જ સ્થિત થા.

વ્યવહાર-દયા, દાન, ભક્તિના વિકલ્પો પણ ભગવાન! તારું કર્તવ્ય નથી, કેમકે પર ઉપર લક્ષ જાય ત્યારે એ વિકલ્પો થાય છે. આ જીવની દયા પાળું, આને હું આમ પૈસા, આહાર આદિ દઈને સુખી કરું-એમ પર તરફ લક્ષ જાય છે ત્યારે એ વિકલ્પો થાય છે. ત્યાં પર ઉપરનું લક્ષ અને તેથી થતા વિકલ્પ એ બેયનું કરવું તે એની દશામાં અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન છે. તેથી આ ભગવાનનો ઉપદેશ છે કે એ બેયને છોડી દે, દ્રવ્ય ને દ્રવ્યના લક્ષે થતા વિકારી ભાવ એ બેયને છોડી દે; કેમકે એ બેયને છોડી દે એવો તારો અંદર શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે. ભાઈ! આ હિતની વાત છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' માં એક પદ આવે છે કે-

જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ;
યહી વચનસે સમજ લે, જિનપ્રવચનકા મર્મ;

ભગવાન આત્મા સદા જિનસ્વરૂપ-વીતરાગસ્વરૂપ જ છે; અને કર્મ નામ પુણ્ય-પાપના ભાવ બધું અન્ય એટલે પર-અજીવ છે. પુણ્ય-પાપમાં આત્મા નહિ, અને આત્માના સ્વભાવમાં પુણ્ય-પાપ નહિ. અહા! પુણ્ય-પાપના ભાવ તો પરના લક્ષે થતા નૈમિત્તિક ભાવ છે અને તે સ્વભાવના લક્ષે છોડવા યોગ્ય છે. લ્યો, આવો ઉપદેશ છે.

અહીં એમ કહે છે કે-જો પરદ્રવ્યોને ને આત્માના રાગાદિભાવોને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકપણું ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ એટલે પરનું લક્ષ ન છોડવું ને દ્રવ્ય-અપ્રત્યાખ્યાન એટલે પરનો ત્યાગ ન કરવો એવા અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનના ભાવને છોડી દેવાનો જે ભગવાનનો ઉપદેશ છે તે નિરર્થક જ થાય; ભગવાનના ઉપદેશની સાર્થકતા જ ન રહે. દ્રવ્ય-અપ્રતિક્રમણ ભાવ-અપ્રતિક્રમણનો નિમિત્તકર્તા છે, ને દ્રવ્ય અપ્રત્યાખ્યાન ભાવ-અપ્રત્યાખ્યાનનો નિમિત્તકર્તા છે-એમ જો ન માનવામાં આવે તો દ્રવ્ય ને ભાવ એમ બે પ્રકારના અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનને છોડવાનો ભગવાનનો જે ઉપદેશ છે તે નિરર્થક જ થાય અર્થાત્ એવો ઉપદેશ હોઈ શકે જ નહિ. હવે કહે છે-

'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે.'

જોયું? વિકારના ભાવો છે તે આત્માની દશામાં નૈમિત્તિક છે અને તેમાં પરદ્રવ્ય નિમિત્ત છે. એ બેયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે છોડાવવો ઈષ્ટ છે. તેથી ભગવાને ઉપદેશમાં બેયનું-દ્રવ્ય ને ભાવનું-જે અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન પર્યાયમાં છે તે છોડાવ્યું છે, એટલે કે બેયનું-દ્રવ્ય ને ભાવનું પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કરાવ્યું છે; ભગવાન એમ જ કહે છે કે- રાગ ને રાગના લક્ષવાળું તત્ત્વ તે આત્મા

નહિ, એનાથી ધર્મ નહિ, સુખ નહિ. આ તો આત્મા અંદર અનંતગુણમંડિત ચૈતન્યમહાપ્રભુ છે એને પરના લક્ષથી અને પરના લક્ષે થતા વિકારથી છોડાવીને સ્વભાવમાં લઈ જવા માટે ઉપદેશ છે; કેમકે સ્વભાવમાં જાય ત્યારે એને ધર્મ ને સુખ થાય છે. આવી વાત છે.

હવે આ રીતે જે ઉપદેશ છે તે નિરર્થક જાય તો શું થાય? શું દોષ આવી પડે? તો કહે છે-એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવી પડે અને તેથી મોક્ષનો અભાવ ઠરે.

અહાહા...! આત્મા જ્ઞાતા-દ્રષ્ટા પ્રભુ શુદ્ધ એક ત્રિકાળી દ્રવ્ય છે; અને રાગ ને રાગનું લક્ષ જે પરદ્રવ્ય-એનાથી એ ભિન્ન છે. તથાપિ રાગ અને રાગના લક્ષવાળું તત્ત્વ જો એનું સ્વરૂપ હોય વા એનો એ કર્તા હોય તો એ સદાય વિકાર કર્યા જ કરે અર્થાત્ કદીય એ વિકારરહિત થઈ શકે નહિ, વિકારથી કોઈ દિ' પાછો હઠે નહિ. રાગાદિભાવોનું નિમિત્ત ભિન્ન પરદ્રવ્ય જ છે એમ જો ન માનવામાં આવે તો એક આત્માને જ રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડે, અને એમ હોતાં તેને રાગનું નિત્યકર્તૃત્વ આવી પડતાં તે કદીય રાગરહિત થઈ શકે નહિ. અહા! આત્મા પરથી પાછો હઠે એવો જો એનો સ્વભાવ ન હોય અને રાગનો કર્તા ને પરના લક્ષમાં જ રહેવાનો જો એનો સ્વભાવ હોય તો તે સદાય વિકાર કર્યા જ કરે અને સંસારમાં રખડયા જ કરે; કોઈ દિ' એને રાગરહિત થવાનો પ્રસંગ આવે જ નહિ.

ભગવાન આત્મા ત્રિકાળ મોક્ષસ્વરૂપ-વીતરાગસ્વરૂપ જ છે. સ્વભાવથી તે રાગાદિનો અકારક જ છે. તેથી રાગાદિ વિકાર ને વિકારના લક્ષથી-બેયથી રહિત થવાનો ભગવાનનો ઉપદેશ છે. પણ એ ઉપદેશ નિરર્થક થતાં એક આત્માને જ પુણ્ય-પાપભાવોનું કર્તાપણું આવી પડે. અને એ પ્રમાણે જો રાગના કર્તાપણાનું એને કારકત્વ હોય તો કોઈદિ' એને મોક્ષસ્વરૂપ પોતે જે શક્તિએ છે એની વ્યક્તતા ન થાય. અને વિકારી થઈને, દુઃખી થઈને ચારેય ગતિમાં રખડયા જ કરે. ચારેય ગતિ દુઃખરૂપ છે ભાઈ! એક મોક્ષદશા-વીતરાગ દશા જ પરમ સુખરૂપ છે. પણ આત્માને જ જો રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડે તો એને વિકારહિત સમ્યગ્દર્શનેય થાય નહિ તો મોક્ષ તો કેમ થાય? આ પ્રમાણે એને મોક્ષનો અભાવ ઠરે. સમજાણું કાંઈ...?

**પ્રશ્નઃ-** પણ આમાં કરવાનું શું? એ તો કાંઈ આવતું નથી. (એમ કે દયા, દાન, વ્રત, ભક્તિ કરવાનું તો આવતું નથી.)

**સમાધાનઃ-** ભાઈ! અંદર સમજવાનું એ કરવાનું છે. રાગ ને પુણ્ય-પાપના ભાવ ને એનું લક્ષ-એ બેયને છોડીને આ બાજુ અહિં આત્મામાં ઢળવું એ કરવાનું છે. વિભાવ ને વિભાવના નિમિત્તોનું લક્ષ છોડી સ્વભાવસન્મુખ થવું એ કરવાનું છે.

રાગથી વિમુખ થઈ સ્વભાવસન્મુખ થવું-એ સાર છે. બાકી દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિના રાગ એ કાંઈ કરવાયોગ્ય કર્તવ્ય નથી. જેને છોડવું છે તે કરવા યોગ્ય કેમ હોય ?

અહાહા...! પરદ્રવ્ય નિમિત્ત અને એના લક્ષે થતા રાગાદિભાવો નૈમિત્તિક એમ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવીને બેયનો ભગવાનના ઉપદેશમાં નિષેધ કર્યો ને ભગવાન આત્માને અવિકારી અકારક સ્વભાવમાં સ્થાપ્યો. હવે કહે છે-જો એમ ન હોય તો આત્મા પોતે સ્વભાવથી જ કારક ઠરી જાય એવો દોષ આવે; ને જો તે કારક ઠરે તો નિત્ય રાગાદિ વિકાર જ કર્યા કરે, દુઃખી જ થયા કરે, કદીય દુઃખથી મુક્ત થઈ શકે નહિ.

'માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો. અને એમ હોતાં, આત્મા રાગાદિનો અકારક જ છે- એમ સિદ્ધ થયું.'

આ શું કીધું? કે પરદ્રવ્ય જ આત્માને વિકારનું નિમિત્ત-કારણ છે, સ્વદ્રવ્ય નહિ. અહાહા...! શુદ્ધ ચૈતન્યમૂર્તિ ચિદાનંદરસકંદ પ્રભુ આત્મા વિકાર થવામાં નિમિત્તકારણ નથી પણ પરદ્રવ્ય જ એને વિકારનું નિમિત્ત છે. એને પરદ્રવ્ય તરફ લક્ષ જાય છે માટે વિકાર થાય છે, માટે પરદ્રવ્ય જ વિકારનું નિમિત્ત છે. અષ્ટપાહુડમાં આવે છે કે- 'परदव्वादो दुग्गइ' પોતાના સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યમાં લક્ષ જાય છે એ જ શુભાશુભ ભાવનું કારણ છે, એ જ જીવને દુર્ગતિનું કારણ છે.

'પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો' -જુઓ, આમાંથી કેટલાક એમ કાઢે છે કે આત્માને પરદ્રવ્ય રાગદ્વેષ કરાવે છે; પણ એમ માનવું બરાબર નથી. જ્યારે પોતે રાગાદિ ભાવ કરે ત્યારે એનું લક્ષ પરદ્રવ્ય-નિમિત્ત તરફ હોય છે બસ એટલું પરદ્રવ્યના લક્ષે પરિણમતાં રાગાદિ થાય છે માટે રાગાદિનું નિમિત્ત પરદ્રવ્ય છે એમ કહ્યું છે. મૂળ તો રાગનું સ્વામીપણું એને છે એ પરદ્રવ્ય છે, અને એનું (રાગનું) સ્વામીપણું જ ખરેખર એને વિકારનું કારણ છે. આ પ્રમાણે પરદ્રવ્ય જ આત્માને પુણ્ય-પાપ આદિ વિકારી ભાવોનું કારણ-નિમિત્ત છે. આમ હોતાં આત્મા પોતે પોતાથી રાગાદિનો અકારક જ છે એમ સિદ્ધ થયું. જુઓ, આ ટીકાની શરૂઆતમાં કહ્યું હતું એ સિદ્ધ કર્યું.

આ રીતે ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ રાગાદિનો અકારક જ છે. રાગાદિનું મૂળ કારણ તો પરવસ્તુનું નિમિત્તપણું ને સ્વામીપણું છે. રાગ ને રાગના લક્ષવાળા દ્રવ્યો-એ બે તરફનું સ્વામીપણું છૂટયું ત્યારે આત્મા સ્વભાવનો સ્વામી થયો અને ત્યારે તે રાગાદિનો અકારક ભગવાન જ્ઞાતા-દ્રષ્ટા જણાયો. લ્યો, આનું નામ ધર્મ છે.

**પ્રશ્નઃ-** આનાથી બીજો કોઈ સહેલો મારગ છે કે નહિ?

**ઉત્તરઃ-** આ જ સહેલો છે; જે રીતે હોય તે રીતે સહેલો હોય કે જે રીતે ન હોય તે રીતે સહેલો હોય? ભાઈ! મારગ આ જ છે, ને આ જ સહેલો છે.

હવે કહે છે- 'તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને (-પરદ્રવ્યને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિ ભાવને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી, અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાં સુધી કર્તા જ છે.;...'

જુઓ, શું કીધું? 'તોપણ...' એટલે કે આત્મા સ્વભાવથી તો અકારક જ છે તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત પરદ્રવ્યને પ્રતિક્રમતો નથી, પચખતો નથી અર્થાત્ પરદ્રવ્યના લક્ષથી હઠતો નથી અને એનું લક્ષ છોડતો નથી ત્યાં સુધી તે નૈમિત્તિકભૂત રાગાદિ ભાવને પ્રતિક્રમતો નથી, પચખતો નથી. અહા! તે અનાદિથી પરદ્રવ્યના લક્ષમાં દોરાઈ ગયો. જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ પોતે છે તેમાં ન આવતાં પરદ્રવ્ય-નિમિત્તમાં એ ઘેરાઈ ગયો છે. આ કરું ને તે કરું, દયા પાળું ને વ્રત કરું ને પૂજા કરું ને ભક્તિ કરું- એમ પરદ્રવ્યના લક્ષે એ ગુંચાઈ પડયો છે. અને એ પ્રમાણે નિમિત્તભૂત પરદ્રવ્યના લક્ષથી જ્યાં સુધી તે હઠતો નથી ત્યાં સુધી નૈમિત્તિક રાગાદિથી પણ તે હઠતો નથી. અહા નિમિત્તનું લક્ષ એ છોડતો નથી તો એના સંબંધે થતા વિકારને પણ એ છોડતો નથી. આવી વાત છે!

અહા! તે સ્વ-લક્ષ કરતો નથી ને પરના લક્ષમાં જાય છે તો અવશ્ય તેને વિકાર થાય જ છે. જ્યાં સુધી પર-લક્ષથી પાછો ફરતો નથી ત્યાં સુધી નૈમિત્તિક વિકારથી પણ તે પાછો ફરતો નથી.

આમાં આવ્યું ને? કે- 'જ્યાં સુધી નિમિત્તભૂત પરદ્રવ્યને છોડતો નથી...' હવે એમાંથી લોકો એમ અર્થ કાઢે છે કે પરદ્રવ્યને છોડો તો પરદ્રવ્યના સંબંધનો વિકાર છૂટી જશે; માટે પરદ્રવ્ય છોડો, છોડો એમ કહે છે. પરંતુ અહીં તો પરદ્રવ્યનું લક્ષ છોડે ત્યારે એના લક્ષે જે વિકાર થતો હતો એને પણ છોડે છે-એમ કહેવું છે. લ્યો, આવો ફેર છે. સમજાણું કાંઈ...! શરીરાદિ પરદ્રવ્યને છોડવું નથી પણ એનું લક્ષ છોડવું છે એમ વાત છે. (પરદ્રવ્ય તો છૂટું જ છે).

અહાહા...! કહે છે-જ્યાં સુધી નિમિત્તભૂત પરદ્રવ્યને (એનું લક્ષ) પ્રતિક્રમતો નથી, પચખતો નથી ત્યાં સુધી તે નૈમિત્તિક પુણ્ય-પાપના ભાવને પ્રતિક્રમતો નથી, પચખતો નથી; અહા! પરદ્રવ્યનું લક્ષ રહે ત્યાં સુધી તો શુભાશુભ વિકાર જ થાય. અને જ્યાંસુધી તે વિકારના ભાવને પ્રતિક્રમતો નથી, પચખતો નથી ત્યાં સુધી તે કર્તા જ છે. અહા! અજ્ઞાની રાગદ્વેષ-ભાવોનો કર્તા જ છે. વસ્તુનો સ્વભાવ અકર્તા

છે, પણ નિમિત્ત અને નિમિત્તના લક્ષે થતા વિકારને જ્યાં સુધી પચખતો નથી ત્યાં સુધી તે કર્તા જ છે.

પહેલાં ( કર્તાની ) ના પાડી હતી કે આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે. એ તો દ્રવ્યસ્વભાવ કહ્યો. હવે ( પર્યાય ) કહે છે કે જ્યાં સુધી તે સ્વદ્રવ્યના લક્ષમાં આવતો નથી અને પરદ્રવ્યના જ લક્ષમાં રહે છે ત્યાં સુધી તે પરદ્રવ્યના લક્ષે થતા રાગદ્વેષમોહાદિ ભાવોને છોડતો નથી અને તેથી ત્યાંસુધી તે કર્તા જ છે. જ્યાં સુધી સ્વભાવમાં આવતો નથી ત્યાંસુધી કર્તા જ છે. આવો વીતરાગનો મારગ બહુ ઝીણો બાપુ! પણ એનું ફળ અનંત આનંદ ને અનંત સુખ છે. અહાહા...! પોતે અંદર આનંદધામ પ્રભુ છે; એમાં-નિજાનંદરસમાં લીન થઈને રહે એના આનંદનું પૂછવું જ શું?

'જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે, અને જ્યારે ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.'

જોયું? જ્યારે તે વિકારના નિમિત્તભૂત પરદ્રવ્યનું લક્ષ છોડે છે ત્યારે જ તે નૈમિત્તિકભૂત વિકારને છોડે છે અને જ્યારે વિકારના ભાવને છોડે છે ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે. સ્વભાવથી અકર્તા છે; ને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટતાં સાક્ષાત્ અકર્તા થાય છે.

અહીં નિમિત્તભૂત પરદ્રવ્યને પચખે છે એમ કહ્યું ત્યાં પરદ્રવ્યને છોડવું છે એમ વાત નથી. પરદ્રવ્યને છોડે કોણ? એ તો છૂટું જ પડયું છે. પરદ્રવ્યને કયાં ગ્રહ્યું છે કે છોડે? વાસ્તવમાં આત્મા પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ રહિત જ છે. અહીં તો નિમિત્તને છોડે છે એટલે એનું લક્ષ છોડે છે-એમ અર્થ છે. સમજાણું કાંઈ...?

## * ગાથા ૨૮૩-૨૮૪-૨૮૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં સારાં જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિભાવો થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે ભાવ-અપ્રતિક્રમણ છે.'

પૂર્વે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું એટલે શું? કે આ શરીર, વાણી, ઈન્દ્રિય અને સ્ત્રી-પુત્ર પરિવાર, ધનાદિ પર પદાર્થોને પોતાના માની તેમના લક્ષમાં રહ્યો હતો. તે સર્વ પરદ્રવ્યોને વર્તમાનમાં સારા જાણવા, તેમના સંસ્કાર રહેવા અને તેમના પ્રતિ મમત્વ રહેવું તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે. દ્રવ્ય કહેતાં પરવસ્તુ ને અપ્રતિક્રમણ એટલે એનાથી નહિ ખસવું તે. અહા! પરપદાર્થોના લક્ષથી હઠવું નહિ, પાછા ફરવું

નહિ તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે. પોતાની શુદ્ધ ચૈતન્યસત્તાને છોડીને પૂર્વે ગ્રહ્યા હતા તે પરમાં-શરીરાદિ પદાર્થોમાં રોકાઈ જવું તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે.

અને શરીરાદિ પર પદાર્થોના નિમિત્તે પૂર્વે જે રાગદ્વેષના ભાવ થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા, વા તે મારા હતા એમ તેમાં મમત્વ રહેવું તે ભાવ-અપ્રતિક્રમણ છે. અહા! પૂર્વે જે પરદ્રવ્યોના લક્ષે રાગદ્વેષાદિ ભાવો થયા હતા એનાથી વર્તમાનમાં પાછા ન ફરવું, એનાથી ખસવું નહિ એનું નામ ભાવ-અપ્રતિક્રમણ છે. અહા! તે એને મોટું મિથ્યાત્વનું પાપ છે.

આમ આ બધા લોકોની સેવા કરી ને આવા દાન દીધાં ને આમ જીવોની દયા પાળી-એમ જે પરદ્રવ્યોના લક્ષે રાગ વિકાર થયો હતો તેને વર્તમાનમાં ભલો જાણવો, તેના સંસ્કાર રહેવા અને તેનું મમત્વ રહેવું એ ભાવ-અપ્રતિક્રમણ છે. લ્યો, આવી આકરી વાત! સવાર સાંજ પાઠ કરતા હોય ને પડિક્કમણનો? એ સંપ્રદાયના-વાડાના લોકોને આ આકરું લાગે; એમ કે અમે પાઠ કરીએ ને એ પડિક્કમણ નહિ?

એ પડિક્કમણ નહિ બાપા! એ તો એકલો રાગ છે ભાઈ! પોતે સ્વવસ્તુ શું? ને એ પરવસ્તુ શું? -એનું હવે ભાનેય ન હોય એને પડિક્કમણ કેવું? પૂર્વે દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા હતા; એ પરદ્રવ્ય હતા. એના લક્ષથી પાછો હટયો નથી એ દ્રવ્ય-અપ્રતિક્રમણ છે; અને એમને ભલા જાણીને એમના પ્રતિ રાગ થયો હતો તેને વર્તમાનમાં ભલો જાણીને એનાથી પાછો હટયો નથી તે ભાવ-અપ્રતિક્રમણ છે. આવી વાત છે! સમજાણું કાંઈ...? આ અતીત કાળની વાત કરી. હવે કહે છે-

'તેવી રીતે આગામી કાળસંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા જે રાગાદિભાવો તેમની વાંછા રાખવી, મમત્વ રાખવું તે ભાવ-અપ્રત્યાખ્યાન છે.'

હવે ભવિષ્યમાં શરીર સારું રૂપાળું મળે તો ઠીક, સામગ્રી અનુકૂળ મળે તો ઠીક- એવી ભવિષ્યના પરદ્રવ્યની વાંછા રાખવી ને તેમાં મમત્વ કરવું તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે. ભવિષ્યસંબંધી પરદ્રવ્યનું પચખાણ નથી કર્યું તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે. અને પર-દ્રવ્યના નિમિત્તે આગામી કાળમાં થનારા પુણ્ય-પાપ આદિ ભાવોની વાંછા રાખવી, ભવિષ્યમાં આવા શુભાશુભ ભાવો થાય તો ઠીક એમ વિભાવની વાંછા રાખવી, એનું મમત્વ રાખવું તે ભાવ-અપ્રત્યાખ્યાન છે.

અહાહા...! આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એકલી પવિત્રતાનો પિંડ છે. જેમ પુદ્ગલનો સ્કંધ ઘણા રજકણોનો ખંધ-સ્કંધ છે તેમ ભગવાન આત્મા અનંત અનંત ગુણનો ખંધ નામ પિંડ છે-અહા! એવી પોતાની નિર્વિકાર નિર્મળ પવિત્ર ચીજને ભૂલીને

આ શરીરાદિ પરદ્રવ્ય-જેની સાથે એને કાંઈ સંબંધ નથી તે-મને ભવિષ્યમાં હો એવી ઈચ્છા કરવી તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે. આ દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ કરીને ભવિષ્યમાં તેમનો મને સંયોગ હો-એમ વાંછા રાખવી અને તેમનું મમત્વ કરવું તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે; અને તેના લક્ષે જે શુભભાવો થશે તે ઠીક છે એમ એની વાંછા કરવી તે ભાવ-અપ્રત્યાખ્યાન છે.

'આમ દ્રવ્ય-અપ્રતિક્રમણ ને ભાવ-અપ્રતિક્રમણ તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન ને ભાવ-અપ્રત્યાખ્યાન-એવો જે અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જણાવે છે.'

અહા! અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો ભગવાનનો બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જણાવે છે. મતલબ કે જે રાગદ્વેષાદિ વિકાર પર્યાયમાં થાય છે તેનું કારણ આત્મા નથી, વા તે આત્માનો સ્વભાવ નથી. પણ જે વિકારના પરિણામ છે તે નૈમિત્તિક છે અને જેના લક્ષે તે વિકાર થાય છે તે પરદ્રવ્યો નિમિત્ત છે. આમ દ્રવ્ય જે પરવસ્તુ-પરદ્રવ્ય અને તેના લક્ષે પર્યાયમાં થતો જે વિકાર ભાવ તે બન્નેને નિમિત્ત-નૈમિત્તિકપણું છે. ત્યાં નૈમિત્તિક વિકારને નિમિત્ત ઉત્પન્ન કરે છે એમ નહિ, પણ નિમિત્તના લક્ષે નૈમિત્તિક ભાવ-વિકારનો ભાવ ઉત્પન્ન થાય છે. એ જ કહે છે કે-

'માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે અને રાગાદિભાવો નૈમિત્તિક છે.' અહાહા...! આ રાગાદિભાવો છે તે નૈમિત્તિક છે, પરદ્રવ્યના-નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયેલા છે. તેને ભગવાન આત્મા સાથે શું સંબંધ છે? તે નિમિત્ત જે પરવસ્તુ છે એની સાથે સંબંધ રાખવાવાળા છે.

આ શરીર છે તે જગતની ધૂળ છે, એની સાથે ભગવાન આત્માને કાંઈ સંબંધ નથી; આ વાણી છે તે જગતની ધૂળ છે. એની સાથે ભગવાન આત્માને કાંઈ સંબંધ નથી; આ આઠ કર્મ જે અંદરમાં છે તે જગતની ધૂળ છે, તેની સાથે ભગવાન આત્માને કાંઈ સંબંધ નથી. અહા! જગતની પ્રત્યેક વસ્તુ ભગવાન આત્માથી સંબંધરહિત ભિન્ન છે. અને તે પરવસ્તુના-નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયેલા રાગાદિ ભાવો નૈમિત્તિક હોવાથી ભગવાન આત્માથી ભિન્ન છે. આવી વાત છે!

અહા! પરદ્રવ્ય નિમિત્ત છે, ને રાગાદિભાવો નૈમિત્તિક છે. 'આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો હોવાથી તે રાગાદિ ભાવોનો અકર્તા જ છે એમ સિદ્ધ થયું.'

જુઓ, સહજ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવો શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવી પ્રભુ આત્મા, કહે છે, સ્વયમેવ એટલે પોતે પોતાના સ્વભાવથી જ રાગાદિભાવો નહિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરતો હોવાથી રાગાદિભાવોનો અકર્તા જ છે. અહાહા.....! આત્મા પરદ્રવ્યને, પરદ્રવ્યના લક્ષને અને રાગાદિને કરે એવો એનો સ્વભાવ જ નથી. તેથી તે રાગાદિભાવોનો અકર્તા જ છે-એમ સિદ્ધ થયું. હવે કહે છે-

'આ પ્રમાણે જોકે આ આત્મા રાગાદિભાવોનો અકર્તા જ છે તોપણ જ્યાંસુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાંસુધી તેને રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે, અને જ્યાંસુધી રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે.'

જુઓ, આત્મા સ્વભાવે અકર્તા જ હોવા છતાં જ્યાંસુધી એને ભૂતકાળ ને ભવિષ્યકાળના પરદ્રવ્યના લક્ષનો ત્યાગ નથી ત્યાં સુધી તેને નૈમિત્તિક રાગાદિભાવોનું પણ અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે. અને જ્યાંસુધી તે ભૂત-ભવિષ્યના પરદ્રવ્યોસંબંધી થતા રાગદ્વેષાદિ વિકારના ભાવોને છોડે નહિ ત્યાંસુધી તે રાગદ્વેષાદિ ભાવોનો કર્તા જ છે. અહા! જ્યાંસુધી ભૂત ને ભવિષ્ય કાળના વિકારી ભાવોનો-પુણ્ય-પાપના ભાવોનો એને પ્રેમ, સંસ્કાર ને મમત્વનો ભાવ છે ત્યાંસુધી તે રાગાદિનો કર્તા જ છે. સ્વભાવે અકર્તા છે છતાં વિકારને ને પરદ્રવ્યને ભલાં માનીને પરિણમે છે ત્યાંસુધી અજ્ઞાનભાવે તે રાગાદિનો કર્તા જ છે.

'જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે, અને જ્યારે રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.'

અહાહા...! આત્મા ગયા કાળના પરદ્રવ્યના લક્ષથી પાછો વળે અને ભવિષ્યના પરદ્રવ્યનો પણ વર્તમાનમાં ત્યાગ કરે ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનો દ્રષ્ટિમાંથી ત્યાગ થઈ જાય છે અને આનંદકંદ પ્રભુ આત્માનું લક્ષ ને ગ્રહણ થાય છે. લ્યો, ભૂત ભવિષ્ય સંબંધી પરદ્રવ્ય ને પરદ્રવ્યના નિમિત્તે થતા વિકાર-એનો જ્યારે ત્યાગ કરે અર્થાત્ અપ્રતિક્રમણ છે એનું પ્રતિક્રમણ કરે ત્યારે તે સ્વભાવમાં આવે છે અને એને સાચું પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કહે છે. અહા! જ્યારે તે નિમિત્તભૂત દ્રવ્ય ને નૈમિત્તિક વિકારને દ્રષ્ટિમાંથી છોડી સ્વદ્રવ્યનું લક્ષ કરે ને એનો આશ્રય કરે ત્યારે તેને રાગાદિનાં પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન થાય છે અને ત્યારે તે સાક્ષાત્ અકર્તા થાય છે.

અહાહા...! આ તો ધર્મ કેમ થાય એની અલૌકિક વાતુ છે બાપા! શું કહે છે? કે પરવસ્તુ ને પરવસ્તુના નિમિત્તે થતો વિકાર-ભૂતકાળ ને ભવિષ્યકાળનો - એ બેય તરફથી પાછા હઠી જવું અને નિર્વિકાર નિજ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપમાં સાવધાન થઈ લીન થવું એનું નામ સમકિત ને ધર્મ છે.

અહાહા...! આત્મા શુદ્ધ ચૈતન્યમય વસ્તુ છે તે એક સમયમાં પૂરણ જ્ઞાન ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદનો સાગર પ્રભુ છે. એમાંથી ખસી જઈને, એનો આશ્રય અને લક્ષ કર્યા વિના અનાદિથી એને ભૂતકાળના શરીરાદિ પરદ્રવ્યોના પ્રેમમાં ઠીક લાગ્યું છે તે દ્રવ્ય અપ્રતિક્રમણ છે; વળી તે પરદ્રવ્યોના નિમિત્તે તેને થતા રાગાદિભાવોમાં તેને જે ઠીક લાગે છે તે ભાવ-અપ્રતિક્રમણ છે.

વળી તેવી રીતે આ વજ્રવૃષભનારાચ સંહનન હોય તો ઠીક, કેમકે એનાથી કેવળજ્ઞાન થાય, અને ભવિષ્યે મનુષ્યભવ હોય તો ભલો કેમકે એનાથી મુક્તિ થાય-એમ પરદ્રવ્ય પ્રત્યે ભવિષ્ય માટેના સંસ્કાર, મમતા તે ઠીકપણું રહે તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે, અને એ પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિ ભાવ થશે તેમાં ઠીકપણું ને મમતા માને એ ભાવ-અપ્રત્યાખ્યાન છે. ભવિષ્યના પરદ્રવ્યો અને તેના નિમિત્તે થનારા રાગાદિથી પાછો હઠયો નથી તે દ્રવ્ય-ભાવરૂપ અપ્રત્યાખ્યાન છે.

ભાઈ! આ બરાબર સમજવું બાપુ! આ વારંવાર ઘૂંટી-ઘૂંટીને તો કહેવાય છે. પણ શું થાય? જેને સંસારનો અધિક રસ હોય તેને આનો (-આત્માનો) રસ લાગે નહિ. બિચારાને બધું લુખું-લુખું લસ લાગે. પણ ભાઈ! આ જીવન (-અવસર) જાય છે હોં. હમણાં જો ના સમજ્યો તો ક્યારે સમજીશ? (પછી અનંતકાળેય અવસર નહિ મળે).

અરે! એણે અનંતકાળમાં સ્વ ને પર શું છે? -એની ભિન્નતા જાણી નથી. એણે પરમાં સદાય એકતા માની છે. પરદ્રવ્ય ને પરદ્રવ્યના નિમિત્તે થતા રાગાદિ વિકાર સાથે એણે એકતા કરી રાખી છે. પણ બાપુ! એ મિથ્યાભાવ છે, જૂઠો ભાવ છે, સંસારમાં રખડવા માટેનો ભાવ છે. અહીં કહે છે-એ ભૂત-ભવિષ્ય-સંબંધી પરદ્રવ્ય ને પરદ્રવ્યને નિમિત્તે થતા ભાવોની એકતા તોડીને જ્યારે સ્વ-સ્વભાવમાં એકતા કરે ત્યારે સાચું પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન થાય છે અને તે ધર્મ છે. લ્યો, આ પ્રમાણે તે સાક્ષાત્ અકર્તા થાય છે. વિકાર ને વિકારના નિમિત્તોથી પાછો હઠી શુદ્ધ સ્વભાવમાં આવે ત્યારે સાક્ષાત્ અકર્તા થાય છે. લ્યો, આ ગાથા પૂરી થઈ.

[ પ્રવચન નં. ૩૪૧ (શેષ) ૩૪૨-૩૪૩ * દિનાંક ૧૪-૫-૭૭ થી ૧૬-૫-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૨૮૬-૨૮૭

द्रव्यभावयोर्निमित्तनैमित्तिकभावोदाहरणं चैतत्-

आधाकम्मादीया पोग्गलदव्वस्स जे इमे दोसा।
कह ते कुव्वदि णाणी परदव्वगुणा दु जे णिच्चं।। २८६।।

आधाकम्मं उद्देसियं च पोग्गलमयं इमं दव्वं।
कह तं मम होदि कयं जं णिच्चमचेदणं वुत्तं।। २८७।।

अधःकर्माद्याः पुद्गलद्रव्यस्य य इमे दोषाः।
कथं तान् करोति ज्ञानी परद्रव्यगुणास्तु ये नित्यम्।। २८६।।

अधःकर्मोद्देशिकं च पुद्गलमयमिदं द्रव्यं।
कथं तन्मम भवति कृतं यन्नित्यमचेतनमुक्तम्।। २८७।।

હવે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છેઃ-

**આધાકરમ ઇત્યાદિ પુદ્ગલદ્રવ્યના આ દોષ જે,**
**તે કેમ ‘જ્ઞાની’ કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે? ૨૮૬.**

**ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્ગલિક આ દ્રવ્ય જે,**
**તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને? ૨૮૭.**

**ગાથાર્થઃ-** [ अधःकर्माद्याः ये इमे ] અધઃકર્મ આદિ જે આ [ पुद्गलद्रव्यस्य दोषाः ] પુદ્ગલદ્રવ્યના દોષો છે (તેમને જ્ઞાની અર્થાત્ આત્મા કરતો નથી;) [ तान् ] તેમને [ ज्ञानी ] જ્ઞાની અર્થાત્ આત્મા [ कथं करोति ] કેમ કરે [ ये तु ] કે જે [ नित्यम् ] સદા [ परद्रव्यगुणाः ] પરદ્રવ્યના ગુણો છે?

માટે [ अधःकर्म उद्देशिक च ] અધઃકર્મ અને ઉદ્દેશિક [ इदं ] એવું આ [ पुद्गलमयम् द्रव्यं ] પુદ્ગલમય દ્રવ્ય છે (તે મારું કર્યું થતું નથી;) [ तत् ] તે [ मम कृतं ] મારું કર્યું [ कथं भवति ] કેમ થાય [ यत् ] કે જે [ नित्यम् ] સદા [ अचेतनम् उक्तम् ] અચેતન કહેવામાં આવ્યું છે?

**ટીકાઃ-** જેમ અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહાર આદિ) પુદ્ગલદ્રવ્ય તેને નહિ પચખતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


( शार्दूलविक्रीडित )

**इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्**
**तन्मूलां बहुभावसन्ततिमिमामुद्धर्तुकामः समम्।**
**आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं**
**येनोन्मूलितबन्ध एष भगवानात्मात्मनि स्फूर्जति।।१७८।।**

બંધસાધક ભાવને પચખતો (ત્યાગતો) નથી, તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો (-નહિ ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખતો (ત્યાગતો) નથી. વળી, " અધઃકર્મ આદિ જે પુદ્‌ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી કારણ કે તેઓ પરદ્રવ્યના પરિણામ હોવાથી તેમને આત્માના કાર્યપણાનો અભાવ છે, માટે અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે પુદ્‌ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી કારણ કે તે નિત્ય અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે," -એમ તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્‌ગલદ્રવ્યને પચખતો આત્મા (-મુનિ) જેમ નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખે છે, તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો (ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખે છે. આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્તનૈમિત્તિકપણું છે.

**ભાવાર્થઃ-** અહીં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારનાં દષ્ટાંતથી દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દઢ કર્યું છે.

જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે, તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે. જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે. આવા (અધઃકર્મ અને ઉદ્દેશિક) આહારને જેણે પચખ્યો નથી તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો નથી અને જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે. આ રીતે સમસ્ત દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો. જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તેને રાગાદિભાવો પણ થાય છે, તે તેમનો કર્તા પણ થાય છે અને તેથી કર્મનો બંધ પણ કરે છે; જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે તેને કાંઈ ગ્રહણ કરવાનો રાગ નથી, તેથી રાગાદિરૂપ પરિણમન પણ નથી અને તેથી આગામી બંધ પણ નથી. (એ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી.)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જેમાં પરદ્રવ્યને ત્યાગવાનો ઉપદેશ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति ] આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું) [ आलोच्य ] વિચારીને, [ तद्-मूलां इमाम् बहुभावसन्ततिम् समम् उद्धर्तुकामः ] પરદ્રવ્ય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( मंदाक्रान्ता )

**रागादीनामुदयमदयं दारयत्कारणानां**
**कार्यं बन्धं विविधमधुना सद्य एव प्रणुद्य।**
**ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्**
**तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति।। १७९।।**

જેનું મૂળ છે એવી આ બહુ ભાવોની સંતતિને એકીસાથે ઉખેડી નાખવાને ઈચ્છતો, પુરુષ, [ तत् किल समग्रं परद्रव्यं बलात् विवेच्य ] તે સમસ્ત પરદ્રવ્યને બળથી (-ઉદ્યમથી, પરાક્રમથી) ભિન્ન કરીને (ત્યાગીને), [ निर्भरवहत्–पूर्ण–एक–संविद्–युतं आत्मानं ] અતિશયપણે વહેતું (-ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત એવા પોતાના આત્માને [ समुपैति ] પામે છે, [ येन ] કે જેથી [ उन्मूलितबन्धः एषः भगवान् आत्मा ] જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે એવો આ ભગવાન આત્મા [ आत्मनि ] પોતામાં જ (-આત્મામાં જ) [ स्फूर्जति ] સ્ફુરાયમાન થાય છે.

**ભાવાર્થઃ-** પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું જાણી સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં-ત્યાગવામાં આવે ત્યારે સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે અને ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો કર્મના બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે. માટે જે પોતાનું હિત ચાહે છે તે એવું કરો. ૧૭૮.

હવે બંધ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે જ્ઞાનના મહિમાના અર્થનું કળશકાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कारणानां रागादीनाम् उदयं ] બંધનાં કારણરૂપ જે રાગાદિક (રાગાદિકભાવો) તેમના ઉદયને [ अदयम् ] નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી) [ दारयत् ] વિદારતી થકી, [ कार्यं विविधम् बन्धं ] તે રાગાદિકના કાર્યરૂપ (જ્ઞાનાવરણાદિ) અનેક પ્રકારના બંધને [ अधुना ] હમણાં [ सद्यः एव ] તત્કાળ જ [ प्रणुद्य ] દૂર કરીને, [ एतत् ज्ञानज्योतिः ] આ જ્ઞાનજ્યોતિ- [ क्षपिततिमिरं ] કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે તે- [ साधु ] સારી રીતે [ सन्नद्धम् ] સજ્જ થઈ, - [ तद्–वत् यद्–वत् ] એવી રીતે સજ્જ થઈ કે [ अस्य प्रसरम् अपरः कः अपि न आवृणोति ] તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.

**ભાવાર્થઃ-** જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે, રાગાદિક રહેતા નથી, તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી, ત્યારે પછી તેને (-જ્ઞાનને) આવરણ કરનારું કોઈ રહેતું નથી, તે સદાય પ્રકાશમાન જ રહે છે. ૧૭૯.

**इति बन्धो निष्क्रान्त:।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ बन्धप्ररूपक: सप्तमोऽङ्क:।।**

**ટીકા:-** આ પ્રમાણે બંધ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

**ભાવાર્થ:-** રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને બહાર નીકળી ગયો.

જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,
ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે તબ બંધન બાઢૈ;
પાય સમૈ ઉપદેશ યથારથ રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,
નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં **બંધ**નો પ્રરૂપક સાતમો અંક સમાપ્ત થયો.

*   *   *

## સમયસાર ગાથા ૨૮૬-૨૮૭ : મથાળું

હવે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છે:-

## * ગાથા ૨૮૬-૨૮૭ : ટીકા ઉપરનું પ્રવચન *

'જેમ અધ:કર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહાર આદિ) પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો નથી, તેમ...'

જુઓ, સાધુને માટે સાધુએ કહ્યું હોય ને આહાર બન્યો હોય એને અધ:કર્મ કહે છે. સાધું કહે કે -અમારે માટે આ બનાવજો, પીણું ગરમ કરાવજો ઈત્યાદિ અને ગૃહસ્થો તેમ આહારાદિ કરે એને અધ:કર્મ દોષ કહે છે, તે મહાપાપ છે.

વળી ઉદ્દેશથી નીપજેલું એટલે સાધુના નિમિત્તે ગૃહસ્થો આહારાદિ બનાવે, પાણી ભરી લાવી ઉનું કરે, સાધુને આ જોઈશે ને તે જોઈશે એમ વિચારી અનેક પ્રકારની રસોઈ બનાવે, કેરી લાવે, મોસંબી લાવે ઇત્યાદિ બધું ઉદ્દેશીને આહાર બનાવે તે ઉદ્દેશિક આહાર છે. ભલે સાધુએ કહ્યું ન હોય પણ એમને ઉદ્દેશીને કરે તે ઉદ્દેશિક આહાર છે.

અહા! અહીં કહે છે-અધ:કર્મથી અને ઉદ્દેશથી નીપજેલો નિમિત્તભૂત જે આહારાદિ તેને સાધુ છોડતો નથી તે, તેના સંબંધે જે પાપભાવ નીપજે છે તેને

પણ છોડતો નથી. અત્યારે તો લ્યો, છાપાંમાં આવે કે-મહારાજ પધાર્યા છે, આટલા દિ' રોકાશે એટલે ગૃહસ્થો આવીને ચોકા કરે. અરે! બહુ બગડી ગયું ભાઈ! બધો ફેરફાર થઈ ગયો! નિશ્ચય તત્ત્વ તો ક્યાંય એકકોર રહી ગયું પણ વ્યવહારેય આખો બગડી ગયો! બહારમાંય કાંઈ ઠેકાણું ન રહ્યું! એને (-સાધુને) માટે પાણી ઉનાં કરવાં, આહાર બનાવવો, ઘરમાં બનાવતા હોય એમાં દાળ, ચોખા, લોટ વગેરે ઉમેરીને એને માટે આહાર બનાવવો-એ ઉદ્દેશિક આહાર છે. સાધુને ખબર હોય વા ખ્યાલમાં આવે કે આ આહાર-પાણી મારે માટે બનાવ્યો છે, ઉદ્દેશિક છે અને તે ગ્રહણ કરે તો તે પોતાને મહાપાપ ઉપજાવે છે. વાસ્તવમાં એ સાધુપદને શોભે નહિ, ઉદ્દેશિક આહાર ગ્રહણ કરે ત્યાં સાધુપણું રહે નહિ. લ્યો, આવી વાત આકરી પડે એટલે રાડું પાડે પણ શું થાય? તત્ત્વ તો જેમ છે તેમ છે.

**પ્રશ્નઃ-** પણ શ્રાવકને તો પુણ્ય થાય ને?

**ઉત્તરઃ-** એને આહારદાનના શુભભાવથી પુણ્ય થાય પણ એ પાપાનુબંધી પુણ્ય છે કેમકે તે ઉદ્દેશિક આહાર આપે છે એ મિથ્યાત્વનું મહાપાપ તો સાથે ઊભું જ છે. અત્યારે તો પત્રોમાં ચોકખું આવે છે કે-અત્રે સાધુ બિરાજે છે, ચોકા કરવા આવો, ચોકા કરો ને આહારદાનનો લાભ લો. લ્યો, હવે આવું! પોતાને માટે બનાવેલો આહાર સાધુ લે, અને ગૃહસ્થ એને સાધુ માનીને દે-બન્ને ભ્રષ્ટ છે બાપા!

અહીં કહે છે-અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત આહારાદિ પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો નથી. સાધુને ખબર છે કે ગૃહસ્થને ઘરે બે જ માણસ છે ને આટલો બધો આહાર (-ભોજન) બનાવ્યો છે તે બીજા (-સાધુ) માટે બનાવેલો છે, ઉદ્દેશિક છે, અને છતાં તે આહાર લે તો કહે છે-નિમિત્તભૂત આહારાદિ દ્રવ્યોને નહિ પચખતો તે નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો નથી. અર્થાત્ અનિવાર્યપણે તેને બંધભાવ-પાપભાવ થાય જ છે જુઓ, આ બંધ અધિકાર છે ને? એમાં આ કહે છે કે સાધુ ઉદ્દેશિક આહારને ગ્રહણ કરે તે બંધસાધક ભાવ છે, પાપભાવ છે, બંધનું કારણ છે.

અહા! અધઃકર્મથી નીપજેલો ને ઉદ્દેશથી નીપજેલો આહાર મુનિને યોગ્ય નથી; છતાં એને મુનિ લે છે તો એને તેથી પાપબંધ જ થાય છે; એ તો ખરેખર વ્યવહારેય મુનિ કહેવા યોગ્ય નથી. આ વાત બહાર આવતાં બીજે ખળભળાટ મચી જાય છે, પણ શું થાય? વસ્તુતત્ત્વ તો આ છે ભાઈ!

કોઈ કહેતું હતું કે અત્યારે તો ઉદ્દેશિક આહાર જ લેવાય છે, કારણ કે અણ-ઉદ્દેશિક આહાર મળે ક્યાંથી? કોને ઘેર જઈને આહાર લેવાનો છે એ તો અગાઉથી નક્કી થઈ ગયું હોય છે. આ તો એક બે ચોકા હોય ને ત્યાં ઉનાં પાણી, શેરડીનો રસ, મોસંબીનો રસ, રોટલી, ઉનું દૂધ વગેરે સાધુના ઉદ્દેશથી કરે ને ત્યાં સાધુ

જઇને ઉદ્દેશિક આહાર જાણીને લે છે. અહા! એ તો પાપબંધન કરે છે ભાઈ! લેનારા ને દેનારા બન્ને પાપબંધન કરે છે. મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ, આહારશુદ્ધિ, જળશુદ્ધિ વગેરે એ બધું જૂઠું બોલે છે; (મુનિનેય એ ખબર હોય છે) કેમ કે આહાર બનાવ્યો હોય સાધુ માટે ને બોલે એમ-આહારશુદ્ધિ વગેરે-એ જૂઠું બોલે છે. આ બધી નગ્ન દિગંબર મુનિની વાત છે હોં, બીજા લુગડાંવાળા તો મૂળ જૈનધર્મથી જ ભ્રષ્ટ છે. આવું બહુ આકરું લાગે પણ શું થાય? મારગ તો આવો છે પ્રભુ! આચાર્ય શ્રી કુંદકુંદે સૂત્ર પાહુડમાં બહુ સ્પષ્ટ કહ્યું છે કે-વસ્ત્રનો એક ધાગો પણ રાખીને કોઈ મુનિ માને, મનાવે કે માનનારની અનુમોદના કરે તે નિગોદ જાય.

અહીં તો એમ વાત છે કે કોઈ બહારથી નગ્ન દિગંબર સાધુ હોય, પંચમહાવ્રતાદિ પાળતો હોય પણ પોતાને માટે બનાવેલાં ઉદ્દેશિક આહાર-પાણી ગ્રહણ કરે તો તે એના નિમિત્તથી થતા બંધસાધક ભાવને પચખતો નથી. વાસ્તવમાં તેને સાધુપણું જ નથી. મારગ તો આવો છે બાપુ! આ કોઈ વ્યક્તિની વાત નથી, મારગ શું છે-એની વાત છે. આવી વાતુ લોકોને આકરી લાગે એટલે વિરોધ કરે; પણ શું કરે છે પ્રભુ! તું? અરે! કેવળીના વિરહ પડયા! કેવળજ્ઞાન રહ્યું નહિ, અને અવધિજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાન થવાનીય લાયકાત રહી નહિ ને આ બધી ગડબડ ઊભી થઈ!

અહા! ભગવાન કુંદકુંદાચાર્ય ને એમના પછી હજાર વર્ષે થયેલા અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી વીતરાગી મુનિવર-સંત જેને અંતરમાં પ્રચુર અતીન્દ્રિય આનંદનાં ઝરણાં ઝરે છે તે કહે છે કે- મુનિને માટે જે આહાર બનાવ્યો હોય તે ઉદ્દેશિક છે, ને મુનિએ કહ્યું હોય ને બનાવ્યો હોય તે અધઃકર્મી છે. એ અધઃકર્મીને ઉદ્દેશિક આહાર સાધુને હોય નહિ અને છતાં કોઈ એવો આહાર લે તો તે તેના નિમિત્તે ઉપજતા બંધસાધક પાપને પચખતો નથી, અર્થાત્ તે પાપબંધ જ કરે છે. લ્યો, આ મુનિરાજ પોતે કહે છે. (આ કાંઈ સોનગઢવાળા ઘરનું કહે છે એમ નથી).

**પ્રશ્નઃ-** તો પછી કોઈ ધરમ પાળી શકે એવું ન રહ્યું? (એમ કે ઉદ્દેશિક આહાર લેતાં ને દેતાં પાપ થાય તો ધર્મ કેમ કરીને પાળવો?)

**ઉત્તરઃ-** અરે ભાઈ! ધર્મ તો અંદર આત્મામાં થાય કે ક્યાંય બહારમાં આહારાદિમાં થાય? શું આહાર-પાણી કરીને દે એટલે ધર્મ થાય છે? ના, હોં; અંદર શુદ્ધ અંતઃતત્ત્વમાં એકાગ્ર થાય તો ધર્મ થાય છે, બીજી કોઈ રીતે નહિ.

**પ્રશ્નઃ-** તો શાસ્ત્રમાં તો એમ આવે છે કે સાધુને આહાર આપ્યો એ તો માનો મોક્ષમાર્ગ આપ્યો?

**ઉત્તરઃ-** હા, આવે છે; પણ એ તો ભાવલિંગી સાધુની વાત છે ભાઈ! જે અંદર વીતરાગ નિર્મળ પરિણતિએ પરિણમ્યા છે અને જે અત્યંત નિર્દોષ આહાર-પાણી ગ્રહે

છે તેમને નિર્દોષ આહારદાન દેનાર માટે વ્યવહારે એમ કહ્યું છે. મોક્ષમાર્ગમાં એને બાહ્ય સહકારી જાણી વ્યવહારથી શાસ્ત્રમાં એમ કહેલું છે. જ્યાં જે અપેક્ષા હોય તે યથાર્થ સમજવી જોઈએ.

અહા! એ તો પહેલાં આવી ગયું કે-દ્રવ્ય એટલે ભૂત અને ભવિષ્યનું નિમિત્તભૂત પરદ્રવ્ય ને ભાવ એટલે એના નિમિત્તે થતો નૈમિત્તિકભૂત વિકાર-એને જે છોડતો નથી એને અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન વર્તે છે. અહીં એ દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું દ્રષ્ટાંત આપ્યું છે-કે મુનિરાજ, નિમિત્તભૂત દ્રવ્ય જે ઉદ્દેશિક આહાર તેને ગ્રહણ કરે તો તે નૈમિત્તિકભૂત બંધ ભાવને પચખતો નથી, અર્થાત્ તેને પાપબંધ અવશ્ય થાય છે. અને ગૃહસ્થ કે જે મહારાજને આજે આહાર દેવો છે એમ વિચારીને આહાર-પાણી મહારાજ માટે તૈયાર કરે છે તે પણ પાપ જ ઉપજાવે છે. આવું છે ભાઈ! હવે કહે છે-

'તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખતો નથી.'

આ, ઉદ્દેશિક આહારનો દાખલો દીધો ને હવે કહે છે-તેમ જે સમસ્ત પરદ્રવ્યનું લક્ષ છોડતો નથી તે તેના નિમિત્તે થતા વિકારના-રાગદ્વેષમોહના ભાવને છોડતો નથી અર્થાત્ તેને બધું અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન જ છે.

લોકોને હવે ખ્યાલ આવી ગયો છે કે આ ઉદ્દેશિક આહાર છે તે પાપ છે. પણ હવે કરવું શું? અંદરમાં કાંઈ ક્રિયા (શુદ્ધોપયોગની) છે નહિ અને બહારમાં ત્યાગ લઈ લીધો. પણ ભાઈ! એ મારગ નથી.

ત્યારે કોઈ વળી કહે છે-આપ (-કાનજીસ્વામી) થોડું મોળું મૂકો અને અમે કાંઈક મોળું મૂકીએ એટલે આપણે એક થઈ જઈએ.

પરંતુ ભાઈ! આ તો વીતરાગનો મારગ બાપુ! આમાં મોળું મૂકવાનો ક્યાં અવકાશ છે? વસ્તુના સ્વરૂપમાં બાંધછોડ શું? એ તો જેમ છે તેમ જ છે. હવે તત્ત્વદ્રષ્ટિની ખબર ન મળે ને બહાર ક્રિયાકાંડમાંય ઠેકાણાં ન મળે ને કહે કે-મોળું મૂકો. અરેરે! એણે મારગને વીંખી નાખ્યો છે!

ભગવાન કુંદકુંદાચાર્ય તો બહુ મોટેથી પોકારીને કહે છે કે સાધુ માટે ઉનું પાણીય બનાવેલું હોય એને એ લે ને દેનારો દે-એ બેય પાપને બાંધે છે. ભાઈ! આ કોઈ વ્યક્તિની વાત નહિ બાપા! આ તો ભગવાનનો મારગ આવો છે એમ વાત છે. જેનું યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાન કરવું છે તે મારગ આવો છે. સમજાણું કાંઈ....? હવે કહે છે-

'વળી અધઃકર્મ આદિ જે પુદ્ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો

નથી કારણ કે તેઓ પરદ્રવ્યના પરિણામ હોવાથી તેમને આત્માના કાર્યપણાનો અભાવ છે,....'

શું કહે છે? કે એને માટે કરેલો જે આહાર છે એને લેવાના એ (-મુનિ) દોષયુક્ત પરિણામ કરતો જ નથી. નિર્દોષ હોય તો લે નહિતર મુનિ ચાલ્યા જાય. એને માટે બનાવેલું છે એ લે તો એ રાગ છે, (ભૂમિકાથી વિરુદ્ધનો એ રાગ છે.) ને રાગનું કાર્ય તો અજ્ઞાનીનું છે, એનું (-જ્ઞાનીનું, મુનિનું) નહિ. પોતાને માટે બનેલો આહાર લે એ ધર્મીનું-મુનિનું કાર્ય નથી; અહા! એ આત્માનું કાર્ય નથી.

**પ્રશ્નઃ-** એ આત્માનું કાર્ય નથી તો પછી એ લે તો શું વાંધો?

**ઉત્તરઃ-** ના, એ કદીય ના લે. અહીં તો એના માટે બનાવેલા આહારને લેવાનો એને ભાવ હોતો જ નથી તેથી તે એનું કાર્ય નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ....? મુનિરાજને-ભાવલિંગી સંતને પોતાને માટે બનાવેલાં આહાર-જળ લેવાના પરિણામ થતા જ નથી માટે તે એનું-આત્માનું કાર્ય નથી, કેમકે એ રાગના પરિણામ પરદ્રવ્યના-પુદ્‌ગલના પરિણામ છે. આવી વાત છે!

'માટે અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે પુદ્‌ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી કારણકે તે નિત્ય અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે,' .....

જોયું? 'અધઃકર્મ અને ઉદ્દેશિક એવું પુદ્‌ગલદ્રવ્ય મારું કાર્ય નથી' એનો અર્થ એ છે કે એ લેવાના પરિણામ મારા (આત્માના) હોઈ શકે જ નહિ, એ તો પરમાણુના-જડના છે. અહા! જેની દૃષ્ટિ શુદ્ધની છે અર્થાત્ જે શુદ્ધ દૃષ્ટિવંત છે એને અશુદ્ધતા પોતાનું કાર્ય હોય જ નહિ અર્થાત્ તે અશુદ્ધતાનો કર્તા છે જ નહિ, અશુદ્ધતા તો જડ-પુદ્‌ગલનું કાર્ય છે.

વિ. સં. ૧૯૯૯ માં પ્રશ્ન થયો હતો કે-તમારા માટે મકાન બનાવ્યું, તમે કર્યું નથી, કરાવ્યું નથી; તો એને વાપરો તો એમાં શું? એમ કે એમાં શું દોષ?

ત્યારે કહ્યું કે નવકોટિમાં એક 'અનુમોદના' ની કોટિ એમાં તૂટે છે. વાપરે તો નવકોટિમાં એક કોટિએ ભંગ થતાં નવે કોટિ જૂઠી થઈ જાય છે. અહા! મુનિરાજ કહે છે-અધઃકર્મ આદિ અશુદ્ધતા અમારું કાર્ય જ નથી.

અહાહા....! મુનિરાજ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ આત્મામાં અંતર્નિમગ્ન હોય છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન ને પ્રચુર આનંદના સ્વામી છે. તેથી તેની ભૂમિકામાં ઉદ્દેશિક આહાર ન લેવો એટલે કે એને લેવા પ્રત્યેનો ભાવ ન થવો એ સહજ છે; અને એને ઉદ્દેશિકનો ત્યાગ ને પચખાણ કહે છે. અહાહા...! અધઃકર્મ ને ઉદ્દેશિક આહાર એ તો પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે, એને મુનિરાજ લે એ રાગનું અજ્ઞાનમય કાર્ય છે, પણ એવો રાગ એ મુનિદશામાં હોય જ નહિ. તેથી કહે છે કે-એ મારું કાર્ય નથી, એ નિત્ય

અચેતન હોવાથી એને મારા કાર્યપણાનો અભાવ છે. અહો! આવી અલૌકિક મુનિની અંતરદશા હોય છે. સમજાણું કાંઈ.....?

અહાહા....! આત્મા જ્ઞાન ને આનંદનું ભરેલું ત્રિકાળી તત્ત્વ છે. એની સન્મુખ થઈને પરિણમતાં વ્યવહારના ભાવની રુચિ એને ઉડી જાય છે. શું કીધું? અંતર્દષ્ટિ કરનારને વ્યવહારની દૃષ્ટિ-રુચિ રહેતી નથી અને એ વ્યવહારનો ત્યાગ છે. અહા! રાગ ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રનો હો કે પંચમહાવ્રતનો હો, એની રુચિ જ્યાંસુધી છે ત્યાંસુધી આત્માના સ્વભાવનો ત્યાગ છે, ને અંતર-સ્વભાવની દૃષ્ટિ-રુચિ થાય છે ત્યારે વ્યવહારની રુચિનો ત્યાગ છે. વ્યવહાર ભલે હો, પણ વ્યવહારની રુચિનો ધર્મીને ત્યાગ છે. હવે આમ છે ત્યાં મુનિરાજ ઉદ્દેશિક આહારને કેમ ગ્રહણ કરે? એને લેવાનો ભાવ તો જડ અજ્ઞાનમય રાગ છે અને તેને, મુનિરાજ કહે છે, મારા કાર્યપણાનો અભાવ છે અર્થાત્ ઉદ્દેશિક આહાર-પાણી લેવાનો રાગ મારું કાર્ય હોઈ શકતું નથી.

પહેલું તો વ્યવહારનો જે પ્રેમ છે એ સ્વદ્રવ્યથી વિરુદ્ધ પરદ્રવ્ય છે. બીજે પર્યાયને પરદ્રવ્ય કીધું છે એ વાત અહીં નથી લેવી. અહીં તો આ વ્યવહારની-રાગની ક્રિયા જેટલી છે તે બધી પરમાર્થે પરદ્રવ્ય છે એમ વાત છે અને પરદ્રવ્યનું કાર્ય મારું એ માન્યતા મિથ્યાત્વભાવ છે. સમ્યગ્દષ્ટિને વ્યવહારનું કાર્ય મારું-એમ વ્યવહારની રુચિ હોતી નથી. એને વ્યવહારનો રાગ આવે છે, પણ એને વ્યવહાર જે પરદ્રવ્ય એની રુચિ છૂટી ગઈ હોય છે. ઝીણી વાત છે.

હવે આમાં ચરણાનુયોગનો દાખલો આપીને ઉદ્દેશિક આહારનો મુનિને ત્યાગ હોય છે એ વાત કરી છે. આકરી વાત છે; અત્યારે તો બધી ગડબડ થઈ ગઈ છે, બધું તત્ત્વ-વિરુદ્ધ ચાલે છે. અહીં તો પોતે સ્વદ્રવ્ય ને બધાં પરદ્રવ્યો-એ બે વચ્ચેનો વ્યવહાર (નિમિત્ત-નૈમિત્તિક) આખોય તોડી નાખવાનો સિદ્ધાંત કહે છે. એટલે સ્વદ્રવ્ય પોતે ચૈતન્યમહાપ્રભુ-એની જ્યાં અંતર્દષ્ટિ ને રુચિ થઈ ત્યાં એને વ્યવહાર જે પરદ્રવ્ય એની રુચિ છૂટી જાય છે. હવે આગળ જતાં મુનિને, જ્યારે વિશેષ અંતર-સ્થિરતા થઈ છે, ચારિત્રના આનંદમાં વિશેષ રમણતા થઈ છે-એવી અંતર-દશા થતાં મુનિરાજ કહે છે-આ જે ઉદ્દેશિક છે એ જડથી બનેલું જડ છે, અને એને લેવાનો ભાવ એ પણ જડ છે. એ જડને-જડના કાર્યને હું કેમ કરું? અહા! ઉદ્દેશિક લેવાના ભાવને મારા કાર્યપણાનો અભાવ છે. અર્થાત્ મુનિરાજને ઉદ્દેશિક આહારના ગ્રહણના ભાવનો અભાવ જ હોય છે. આ પચખાણ છે.

'-એમ તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્ગલદ્રવ્યને પચખતો આત્મા (-મુનિ) જેમ નૈમિત્તિકભૂત બંધ સાધકભાવને પચખે છે, તેમ.......'

'એમ તત્ત્વજ્ઞાનપૂર્વક......... ' જુઓ આ સૂક્ષ્મ વાત! એમ સમ્યગ્દર્શન રહિત ઉદ્દેશિક આહાર ન લે અને આહાર ન લે (ઉપવાસ કરે) એવું તો એણે અનંતવાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યું છે. પણ એથી શું? તત્ત્વજ્ઞાનપૂર્વક-આત્મજ્ઞાનપૂર્વક તે સંબંધીનું લક્ષ અને તે સંબંધીના રાગનું કાર્ય એને છૂટી જાય એને વાસ્તવિક મુનિપણું કહે છે.

એમ તો દ્રવ્યલિંગી સાધુ હોય તે પણ પોતાને માટે બનાવેલા ઉદ્દેશિક આહાર-પાણી લેતા નથી. જો પોતાને માટે બનાવેલાં આહાર-પાણી લે એવો એનો ભાવ હોય તો તે નવમી ગ્રૈવેયક જઈ શકે નહિ. અહા! દ્રવ્યલિંગી પોતાને માટે બનાવેલા જળનું ટીપુય, ખૂબ આકરી તૃષા હોય તોય, પ્રાણાંતે પણ ન લે એવો એને અંદર શુભભાવ હોય છે. પણ એ કાંઈ નથી, કેમકે એને અંદર તત્ત્વજ્ઞાન હોતું નથી, અર્થાત્ રાગના અભાવસ્વરૂપ શુદ્ધ ચૈતન્યનું પરિણમન તેને હોતું નથી. તે શુભભાવમાં સંતોષાઈ ગયો છે અને એનાથી ભિન્ન એક જ્ઞાયકસ્વભાવી આત્માની દૃષ્ટિ એ કરતો નથી. તેથી આત્મજ્ઞાન વિના પોતાને માટે કરેલો આહાર ન લે તોય એ કાંઈ (-ત્યાગ) નથી.

અહીં કહે છે-તત્ત્વજ્ઞાનપૂર્વક એટલે આત્મજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્ગલદ્રવ્યને એટલે ઉદ્દેશિક આહારાદિને પચખતો-લક્ષમાંથી છોડતો તે (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખે છે. જોયું? ઉદ્દેશિક આહારાદિ લેવાનો ભાવ બંધસાધક ભાવ છે. અહા! ઉદ્દેશિક આહાર લે એ બંધનો ભાવ છે ને તે મુનિને હોય નહિ, થાય નહિ. તેથી કહ્યું કે ઉદ્દેશિક આદિ આહારના લક્ષને છોડે છે તે તેના નિમિત્તે થતા વિકારના-બંધના પરિણામને છોડે છે, અર્થાત્ તેને બંધભાવ થતો નથી, અબંધ રહે છે. છે? 'બંધસાધક ભાવને પચખે છે.' સામે પુસ્તક છે કે નહિ? ભાઈ! આ તો તત્ત્વજ્ઞાનની વાર્તા! આ કાંઈ કથા નથી.

અહા! ખ્યાલમાં આવે કે આ ઉદ્દેશિક આહાર મારે માટે કર્યો છે અને એ લે તો એને બંધસાધક ભાવ ઊભો છે, એને અંતરંગમાં મુનિપણું નથી; અને જો એના લક્ષને છોડયું છે તો તેના નિમિત્તે થતા બંધસાધક ભાવને તે છોડે છે અર્થાત્ તેને અબંધ પરિણામ છે. મુનિ અંદર એટલા અબંધ પરિણામને પ્રગટ કરે છે. ન્યાયથી ધીમે ધીમે સમજવું બાપુ! વસ્તુનું સ્વરૂપ જે યથાર્થ છે તેમાં 'ની' (નય્) એટલે જ્ઞાનને દોરી જવું-લઈ જવું તે ન્યાય છે. સમજાણું કાંઈ...?

ગૃહસ્થાશ્રમમાં સમકિતી તત્ત્વજ્ઞાની હોય તેને આહારાદિનો ભાવ હોય છે તે બંધભાવ છે. તે અસ્થિરતાનો દોષ છે, દૃષ્ટિમાં એને દોષ નથી. અહીં મુનિદશાની વાત છે. મુનિદશાની અંતર-સ્થિરતા એવી હોય છે જેથી તે નિમિત્તભૂત ઉદ્દેશિક આદિ આહારના લક્ષને છોડતો લક્ષભૂત બંધસાધક ભાવને છોડે છે, અર્થાત્ તેને ઉદ્દેશિક આદિ આહાર લેવાનો ભાવ ઉત્પન્ન થતો નથી. આવી મુનિદશા છે. તથાપિ કોઈ ઉદ્દેશિક આદિ આહારને ગ્રહણ કરે તો તે બંધ સાધકભાવમાં ઊભો છે, તેને અંતરમાં સાચું મુનિપણું નથી. આ કોઈ વ્યક્તિની વાત નથી; આ તો સિદ્ધાંત અને સત્ય શું છે - એની વાત છે. અહા! તત્ત્વદૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિને રાગનું પરિણમન હોય છે, પણ એનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ કર્તા થતો નથી. અહીં તો મુનિને એય કાઢી નાખ્યું કે-મુનિરાજને ઉદ્દેશિક આદિ આહાર નથી હોતો અને તત્સંબંધી (-નૈમિત્તિક) રાગનું પરિણમન પણ નથી હોતુ. આ તો સિદ્ધાંત કહ્યો એમાં આ ચરણાનુયોગનો ન્યાય આપ્યો.

હવે સર્વ સિદ્ધાંત સિદ્ધ કરે છેઃ- 'તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો (ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખે છે. આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્ત નૈમિત્તિકપણું છે.'

અહાહા...! ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવી પ્રભુ ત્રિકાળ પરમાત્મદ્રવ્ય છે. એમાં એકાગ્ર થતો સમસ્ત પરદ્રવ્યનું લક્ષ છોડતો આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખે છે. ઓલામાં તો ઉદ્દેશિક ને અધઃકર્મનું દૃષ્ટાંત લીધું. પણ આમાં તો સમસ્ત પરદ્રવ્યો-એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આવી ગયા-ઉપર લીધું છે. મતલબ કે દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષને છોડતો આત્મા તેના નિમિત્તે થતા રાગને પણ છોડે છે. અહીં તો સિદ્ધાંત આ છે કે- 'परदव्वादो दुग्गह' (અષ્ટપાહુડ) -પરદ્રવ્યના લક્ષમાં જાય ત્યાં વિકાર થાય છે. અહા! દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે. તેના નિમિત્તે-આશ્રયે એને નૈમિત્તિક વિકાર થાય છે. અહીં કહે છે-આત્મા સર્વ પરદ્રવ્ય તરફનું વલણ છોડીને પરદ્રવ્યોના નિમિત્તે થતા વિકારને છોડી દે છે. અહા! એનું જ્ઞાન અત્યંત સ્થિર થઈ ગયું હોય છે, અસ્થિરતા એને હોતી નથી આનું નામ પચખાણ છે. ગાથા ૩૪માં આવ્યું ને કેઃ-

"સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે."

'સમસ્ત પરદ્રવ્યને પચખતો' એમ કીધું ને? એમાં તો પોતાના સિવાય જેટલાં પરદ્રવ્ય છે તે દરેકને છોડે છે એમ વાત છે. અધઃકર્મી ને ઉદ્દેશિક આહાર અને સદોષ આહારને છોડે છે એટલું જ નહિ, નિર્દોષ આહારને પણ છોડે છે. ભલે મુનિપણાને યોગ્ય આહાર નિર્દોષ હો, પણ આહારનો વિકલ્પ બંધસાધક ભાવ છે ને? સર્વ પરદ્રવ્યનું લક્ષ છોડે છે એમાં તો આહાર નિર્દોષ લેવો એ પણ રહ્યું નહિ; કેમકે એ પરદ્રવ્ય છે ને પરદ્રવ્યના લક્ષે નૈમિત્તિક વિકાર વિના રહે નહિ.

હવે આવી વાત ચોકખી છે એમાંય લોકોને તકરાર-વાંધા. એમ કે એક અધઃકર્મ ને ઉદ્દેશિક આહાર થઈ ગયો એમાં શું થઈ ગયું? બાકી તો બધું મુનિપણું છે ને? નગ્ન છે, એક ટંક ઊભા ઊભા ખાય છે, ઉઘાડા પગે જોઈને ચાલે છે ઈત્યાદિ બધું તો છે.

પણ બાપુ! એમ મારગ નથી ભાઈ! અહીં આ તારા હિતની વાત છે પ્રભુ! અહીં તો સર્વ નિમિત્ત-નૈમિત્તિક સંબંધને તોડવાની વાત છે. નિશ્ચયથી મુનિમાર્ગ તો એક શુદ્ધોપયોગ જ છે. પરદ્રવ્ય સંબંધી વિકલ્પ છે એ કાંઈ મુનિપણું નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

'જયધવલ' માં તો ત્યાં સુધી લીધું છે કે- મેં એક શુદ્ધોપયોગની પ્રતિજ્ઞા કરી હતી, પણ એમાં હું ન રહી શક્યો ને આ છ કાયની દયાનો વિકલ્પ થયો, નિર્દોષ આહારનો વિકલ્પ થયો એમાં મારી પ્રતિજ્ઞા તૂટી ગઈ, એમાં પચખાણનો ભંગ થયો; કેમકે પરતરફના વલણનો ભાવ વિકાર છે. એક સ્વદ્રવ્યના વલણનો ભાવ નિર્વિકાર છે. એમ કે મારે સ્વદ્રવ્યમાં જ રહેવું એવી પ્રતિજ્ઞા લીધી હતી ત્યાં અરે! આ છ કાય આદિના વિકલ્પ!

જુઓ, મુનિને નિર્દોષ આહાર લેવાનો વિકલ્પ આવે એમાં મુનિદશાને બાધ નથી, એથી મુનિપણું જાય નહિ પણ એને અધઃકર્મી, ઉદ્દેશિક આદિ દોષયુક્ત આહાર લેવાનો વિકલ્પ આવે તો ત્યાં મુનિપણું રહેતું નથી. આવી વાત છે. હિત કરવું હોય તેણે હિતની સત્ય વાત સમજવી જ પડશે.

અહીં તો સઘળાય પરદ્રવ્ય તરફનું વલણ એટલે આહારનું, વિહારનું, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે વિનય-ભક્તિનું વલણ છોડીને એક સ્વદ્રવ્યમાં આવવું ને રહેવું એ મુનિને હોય છે અને એ વાસ્તવિક મુનિદશા છે-એમ સત્ય સિદ્ધાંત સિદ્ધ કરે છે.

**પ્રશ્નઃ-** તો પછી પ્રતિક્રમણ કરે કે નહિ?

**ઉત્તરઃ-** સ્વદ્રવ્યમાં આવવું ને રહેવું તે અસ્તિ ને પરદ્રવ્યથી-છ કાય આદિથી હઠવું તે નાસ્તિ-એ પ્રતિક્રમણ છે. અહાહા...! નિર્મળાનંદના નાથ પ્રભુ આત્મામાં આવીને વસવું તે પરથી ખસવું છે ને તે પ્રતિક્રમણ છે. આ સિવાય પરદ્રવ્ય તરફ લક્ષ જાય-એ તો કહ્યું ને કે- 'परदव्वादो दुग्गइ' - એ દુર્ગતિ છે, એ ચૈતન્યની ગતિ નથી. વિકાર થાય એ કાંઈ ચૈતન્યની ગતિ નહિ. અહો! આવી વાત દિગંબર સિવાય બીજે ક્યાંય છે નહિ.

અહા! ભાષા તો જુઓ! કે જેમ ઉદ્દેશિક આહારને છોડતો મુનિ તે સંબંધીના બંધસાધક ભાવને છોડે છે તેમ આત્મા સિવાય જેટલા પરદ્રવ્યો છે તે બધાય તરફના લક્ષને છોડે છે તે તેના સંબંધે થતા વિકારી ભાવને પણ છોડે છે. પણ આ બધું તત્ત્વજ્ઞાનપૂર્વક હોં; બાકી સમ્યગ્દર્શન વિના પોતાને માટે કરેલું ઉદ્દેશિક ન લે-એવું તો એણે અનંતવાર કર્યું છે ને અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો છે. પણ એથી શું? ભવનો એક ફેરોય ઘટયો નહિ.

વીતરાગનો મારગ ભારે આકરો બાપા! પ્રથમ તો પરદ્રવ્યથી લાભ થાય એ દૃષ્ટિ મિથ્યાત્વ છે, સમકિતીને પરદ્રવ્યમાં લાભની દૃષ્ટિ નથી છતાં પરદ્રવ્ય તરફનું જેટલું લક્ષ રહે છે એટલો ચારિત્રનો દોષ છે. એ ચારિત્રના દોષને મટાડવાની આ વાત છે કે - સમસ્ત પરદ્રવ્યને પચખતો તે તત્સંબંધી નૈમિત્તિક વિકારને છોડે છે અર્થાત્ ચારિત્ર દોષને મટાડે છે. પરદ્રવ્યમાં લક્ષ જતું હતું તે ચારિત્રદોષ હતો, હવે પરદ્રવ્યથી લક્ષ છોડતાં ચારિત્રનો દોષ છૂટી જાય છે.

'સમસ્ત પરદ્રવ્યને પચખતો' એટલે શું? કે એક સ્વદ્રવ્યનો જ આશ્રય કરવો ને એમાં જ રહેવું. પંચમહાવ્રતને પાળવાં એમેય નહિ. કેમકે પંચમહાવ્રતના પરિણામનો આશ્રય પરદ્રવ્ય છે. એ તો આવી ગયું ને? (ગાથા ૨૭૬-૭૭માં) કે આચારાંગ આદિ શબ્દશ્રુતનું જ્ઞાન તે જ્ઞાન છે, જીવાદિ નવ પદાર્થો દર્શન છે ને છ જીવનિકાય ચારિત્ર છે- એ બધો વ્યવહાર છે. એ વ્યવહાર હેય છે, નિષેધ્ય છે.

લોકોને આ મોટા વાંધા છે; એમ કે નિશ્ચય-વ્યવહાર-બેય જોઈએ

પણ ભાઈ! વ્યવહાર હોય છે, (એની કોને ના છે?) પણ છે એ બંધનું કારણ ને હેય. ભાવલિંગી સંત દિગંબર મુનિરાજને પણ વ્યવહાર હોય છે, પણ એને એ બંધનું કારણ જાણી હેય જ માને છે. વ્યવહારથી નિશ્ચય થાય એમ ત્રણકાળમાં છે નહિ. પર તરફનું લક્ષ કરે ને સ્વ-લક્ષવાળી દશા થાય એમ કદીય બને નહિ. એ તો અંધારાથી અજવાળું થાય એના જેવી અસંભવ વાત છે. વ્યવહારનું લક્ષ પર ઉપર છે, ને નિશ્ચયનું સ્વ ઉપર છે. બેયની દશાની દિશામાં ફેર છે ત્યાં વ્યવહારથી નિશ્ચય કેમ થાય? ન થાય.

અહીં તો સમસ્ત પરદ્રવ્ય પચખવાની વાત લીધી છે. નિર્દોષ આહાર લે એય વિકલ્પ છે, એય છોડ એમ કહે છે. નિર્દોષ આહાર લે ત્યાં મુનિપણાને આંચ આવે છે એમ નહિ, પણ અહીં પરદ્રવ્યનો સર્વથા આશ્રય છોડાવવા એક સ્વદ્રવ્યનો પૂરણ આશ્રય કરવો એમ વાત છે કેમકે એને ત્યારે શુદ્ધનય પૂરો થાય છે અર્થાત્ ત્યારે કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ....?

લ્યો, હવે મારગ આવો, અને વાત આવી આવે એમાં કરવું શું? એક પત્રમાં મોટો લેખ આવ્યો છે વિરોધનો; એમ કે નિશ્ચય-વ્યવહાર બેય જોઈએ; બેય છે, વ્યવહાર સાધન છે ને નિશ્ચય સાધ્ય છે. 'પંચાસ્તિકાય' માં વ્યવહાર સાધન સાધ્યની વાત આવે છે.

બાપુ! એ તો ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે ભાઈ! નહિતર આખા સત્યનો વિરોધ થઈ જશે. અહીં એમ કહે છે કે-પરદ્રવ્યના લક્ષમાં જેટલો જાય તેટલો તેને વિકાર થશે અને વિકારથી એને બંધ જ થશે. શું એનાથી ધર્મ થશે? ના; એનાથી અવશ્ય બંધ થશે. એને સાધન કહેવું એ તો નિમિત્તનું-સહચરનું જ્ઞાન કરાવતું ઉપચારનું કથન છે. સમજાણું કાંઈ....?

લ્યો, હવે આ સરવાળો કહે છે કે- 'આ પ્રમાણે દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું છે.'

શું કીધું એ? કે આ પ્રમાણે પરદ્રવ્ય બધા નિમિત્ત છે અને નિમિત્તને લક્ષે થતો વિકારી ભાવ નૈમિત્તિક છે. ધર્મી પુરુષો-મુનિવરો એ સમસ્ત પરદ્રવ્યના લક્ષને

અને તેના સંબંધે થતા વિકારી ભાવને પચખે છે ત્યારે સ્વદ્રવ્યનો આશ્રય સંપૂર્ણ-પૂરો થાય છે અને એને કેવળજ્ઞાન થાય છે. આવી વાત છે.

-ઉદ્દેશિક આદિ દોષયુક્ત આહાર લેવાનો બંધસાધક ભાવ હોય ત્યાં મુનિપણું હોતું નથી; અને

-સાચા ભાવલિંગી મુનિવરને નિર્દોષ આહાર-પાણી લેવાનો, છ જીવ-નિકાયની રક્ષાનો ઈત્યાદિ વિકલ્પ રહે ત્યાં સુધી કેવળજ્ઞાન થતું નથી.

ભાઈ! સિદ્ધાંત તો આમ છે. ભગવાને કહેલાં તત્ત્વોનું સત્ તો આ રીતે છે. કોઈ ઉંધું માને એથી કાંઈ સત્ અસત્ ન થઈ જાય અને અસત્ સત્ ન થઈ જાય.

પ્રથમ તો વ્યવહારથી લાભ થાય એવી જે દષ્ટિ છે તે જૂઠી છે. સમકિતીને તે નથી. સમકિતીને શુદ્ધ નિશ્ચયની દષ્ટિ થતાં તેને વ્યવહારમાં હેયપણું થઈ જાય છે. પરંતુ સ્વદ્રવ્યનો શુદ્ધ એક જ્ઞાયકબિંબ પ્રભુ આત્માનો આશ્રય તેને જેટલો ઓછો છે તેટલો તેને પરદ્રવ્યનો આશ્રય થાય છે અને તેટલો તેને બંધસાધક ભાવ-વ્યવહારનો ભાવ ઉત્પન્ન થાય છે. આ રીતે તેને યથાક્રમ વ્યવહાર હોય છે. પણ તેને એમાં હેયબુદ્ધિ છે ને? તેથી તે સ્વદ્રવ્યનો આશ્રય ઉગ્ર કરીને, સમસ્ત પરદ્રવ્યનું લક્ષ છોડતો થકો સર્વ વ્યવહારને ઉડાવી દે છે, અને સ્વદ્રવ્યનો પૂર્ણ આશ્રય કરીને કેવળજ્ઞાન ઉપજાવે છે. લ્યો, અહીં તો સર્વ વ્યવહારના ભાવોને ઉડાવી દેવાની વાત છે. સમજાણું કાંઈ...?

## * ગાથા ૨૮૬-૨૮૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અહીં અધઃકર્મ ને ઉદ્દેશિક આહારના દષ્ટાંતથી દ્રવ્ય ને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દઢ કર્યું છે.'

અધઃકર્મ ને ઉદ્દેશિક આહાર એ પરદ્રવ્ય નિમિત્ત ને એના આશ્રયે થતો વિકારનો ભાવ તે નૈમિત્તિક. આ પ્રમાણે દ્રવ્ય-ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું છે. નિમિત્તનું-પરદ્રવ્યનું લક્ષ કરે એને નૈમિત્તિક વિકારી ભાવ થાય એવો નિમિત્ત-નૈમિત્તિક વ્યવહાર ઊભો થાય છે. મતલબ કે એટલો સ્વદ્રવ્યનો એને આશ્રય છે નહિ. જેટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં જાય એટલો સ્વદ્રવ્યનો આશ્રય નથી.

અજ્ઞાનીને સ્વદ્રવ્યનો આશ્રય સર્વથા હોતો નથી.

આત્મા-સ્વદ્રવ્ય પોતે જે સ્વરૂપે છે તેનો પ્રથમ આશ્રય લેતાં સમ્યગ્દર્શન-અબંધ પરિણામ ઉત્પન્ન થાય છે અને ત્યારે એને વ્યવહારની રુચિ છૂટી જાય છે. પછી તે જેટલું પરદ્રવ્ય-નિમિત્તનું લક્ષ છોડે છે તેટલા તત્સંબંધી રાગને તે છોડે છે અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે સ્વદ્રવ્યના આશ્રયે તેને સ્થિરતા વધે છે. આ તો ન્યાયના સિદ્ધાંત બાપુ! અહીં તો દૃષ્ટાંતથી સમજાવ્યું છે. લોકો (નિશ્ચય, નિશ્ચય-એમ) રાડુ પાડે છે પણ બાપુ! એમાં (-સમયસારમાં) બધું છે ભાઈ! ચરણાનુયોગનું છે, કરણાનુયોગનુંય છે. પ્રથમાનુયોગનું આમાં કથા તરીકે ન હોય પણ આચાર્ય જયસેનની ટીકામાં પાંડવો વગેરે ઘણા મુનિવરોની કથાય આવે છે.

અધઃકર્મ એટલે સાધુ કહે કે મારા માટે આહાર-પાણી બનાવો અને ગૃહસ્થ એના માટે એ પ્રમાણે બનાવે તે આહારને અધઃકર્મ અર્થાત્ મહાપાપથી નીપજેલો આહાર કહેવાય. અને ઉદ્દેશિક એટલે સાધુએ કીધું ન હોય પણ ગૃહસ્થે એને માટે કરેલો હોય તે ઉદ્દેશિક આહાર છે. અહીં આહારના દૃષ્ટાંત વડે દ્રવ્ય ને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દૃઢ કર્યું છે. આહાર તે નિમિત્ત છે અને એના આશ્રયે થતો વિકારી ભાવ તે નૈમિત્તિક છે એમ નિમિત્ત-નૈમિત્તિકપણું સમજાવ્યું છે.

'જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે, તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે. જે આહાર ગ્રહણ કરનારના નિમિત્તે જ બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે.'

જુઓ, આહાર નીપજે એમાં પાપકર્મ થાય છે. ત્યાં એ પાપકર્મને અધઃકર્મ કહે છે. તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહે છે, જે પાપકર્મ છે એને તો અધઃકર્મ કીધું પણ આહારને પણ અધઃકર્મ કીધું. એનો અર્થ શું? કે અધઃકર્મથી નીપજેલો જે આહાર છે તેને ગ્રહણ કરવાનો ભાવ છે એ અધઃકર્મ-પાપકર્મ છે ને તેથી આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે.

વળી સાધુના નિમિત્તે ગૃહસ્થ જે આહાર-પાણી બનાવે તે ઉદ્દેશિક આહાર છે. આજે મહારાજ આહાર માટે પધારવાના છે, માટે એમના માટે આહાર-જલ બનાવો -એમ બનાવેલો આહાર ઉદ્દેશિક આહાર છે.

'આવા (અધઃકર્મને ઉદ્દેશિક) આહારને જેણે પચખ્યો નથી તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો નથી...........'

શું કીધું? કે આવો અધઃકર્મ ને ઉદ્દેશિક આહાર જેણે પચખ્યો-છોડયો નથી તેણે એના નિમિત્તે થતા વિકારી ભાવને પચખ્યો-છોડયો નથી. અહા! વીતરાગના મારગડા ન્યારા છે પ્રભુ! અત્યારે તો બધો ફેરફાર કરી નાખ્યો. આવું સત્ય બહાર આવ્યું એટલે એનો વિરોધ કરવા લાગ્યા કે-આ લોકો (-સોનગઢવાળા) સાધુને માનતા નથી, અને એને મિથ્યાદૃષ્ટિ કહે છે.

અરે ભાઈ! અમને તો 'ણમો લોએ સવ્વસાહૂણં' છે; પણ શું થાય? સાચા સાધુ તો હોવા જોઈએને! પણ જેની પ્રરૂપણા જ 'આસ્રવથી સંવર થાય' -એમ વિપરીત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે તેનું શું કહેવું? તથા પોતાને માટે કરેલા આહારને ગ્રહણ કરે તેનું પણ શું કહેવું? એ તો પાપમાં ઊભો છે. અહા! પહેલાને શ્રદ્ધાનનો દોષ છે ને બીજાને ખોટી શ્રદ્ધા સહિત ચારિત્રદોષ છે. ભાઈ! આ કોઈ વ્યક્તિની વાત નથી. આ તો સનાતન દિગંબર જૈનદર્શન-અનંતા તીર્થંકરોએ પ્રરૂપેલો મારગ-તે આ છે એમ વાત છે. અહા! આવો મારગ ને આવી વાત દિગંબર સિવાય બીજે ક્યાંય નથી.

હવે કહે છે- 'અને જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે.'

અહા! તત્ત્વજ્ઞાનપૂર્વક એટલે શુદ્ધ અંતઃતત્ત્વ પ્રભુ આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાન સહિત જેણે ઉદ્દેશિક આદિ આહારને પચખ્યો-છોડયો છે તેણે તેના નિમિત્તે થતા વિકારના ભાવને પચખ્યો છે અર્થાત્ તેને તેવો વિકાર ઉત્પન્ન જ થતો નથી.

ત્યારે કોઈ વળી કહે છે-અત્યારે તો ઉદ્દેશિક આહાર જ છે; બશેર પાણીનોય નિર્દોષ આહાર મળી શકે નહિ એવી સ્થિતિ છે. તો શું કરવું?

શું કરવું? એ તો કહ્યું ને કે-દિગંબર ભાવલિંગી સંત-મુનિવરને ઉદ્દેશિક આદિ દોષવાળા આહારનો ભાવ હોતો નથી; એને એ ભાવોનું પચખાણ છે. તથાપિ કોઈ વિવશ થઈ ઉદ્દેશિક આદિ આહારને ગ્રહણ કરે છે તો તેને અંતરંગમાં મુનિપણું હોતું નથી. કોઈને રુચે, ન રુચે પણ મારગ તો આવો છે. જેને મારગનું શ્રદ્ધાન નથી તેને મોક્ષમાર્ગ કેમ હોય? એ તો મિથ્યામાર્ગમાં જ છે. સમજાણું કાંઈ..?

'આ રીતે સમસ્ત દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિક ભાવ જાણવો.'

'આ રીતે' એટલે આ દૃષ્ટાંતે સમસ્ત અન્યદ્રવ્ય તે નિમિત્ત અને એના લક્ષે ઉત્પન્ન થતો ભાવ-વિકાર તે નૈમિત્તિક-એમ દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ છે. અહાહા....! ભગવાન કહે છે-અમે (તારા માટે) પરદ્રવ્ય છીએ તેથી અમારા તરફ તારું જેટલું લક્ષ જશે તેથી તને વિકાર જ થશે. અહા! પોતાના આત્મા સિવાય સમ્મેદશિખર ને શત્રુંજય આદિ બધાં નિમિત્ત છે અને એમાં લક્ષ જાય તેથી નૈમિત્તિક રાગ થાય છે-એમ કહે છે.

પણ જાત્રા કરીએ તો ધર્મ થાય કે નહિ?

ભાઈ! જાત્રા અંદરમાં સ્વદ્રવ્ય જિનસ્વરૂપ ભગવાન જ્ઞાયકબિંબ છે એની કરે તો ધર્મ થાય. બાકી અશુભથી બચવા બહારમાં જિનબિંબ આદિના લક્ષે શુભભાવ હો, પણ તે ધર્મ નથી, ધર્મનું કારણેય નથી. વાસ્તવમાં એ બંધસાધક ભાવ છે.

ત્યારે કાંઈ (ભક્તિ, પૂજા, જાત્રા વગેરે) કરવું જ શું કામ?

કોણ કરે ભાઈ? પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં લગી એને હેયબુદ્ધિએ એ ભાવ આવ્યા વિના રહે નહિ. પણ એ (-જ્ઞાની) કર્તવ્યબુદ્ધિએ એને કરતો નથી.

'જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તેને રાગાદિભાવો પણ થાય છે, તે તેમનો કર્તા પણ થાય છે અને તેથી કર્મનો બંધ પણ કરે છે;.....'

જોયું? જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે એટલે પરદ્રવ્યના લક્ષે પરિણમે છે તેને રાગદ્વેષાદિભાવો થયા વિના રહે નહિ અને તેનો તે કર્તા થઈ પરિણમે છે તેથી કર્મનો બંધ પણ કરે છે. અજ્ઞાની આ રીતે કર્મનો બંધ કરે છે.

'જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે તેને કાંઈ ગ્રહણ કરવાનો રાગ નથી, તેથી રાગાદિરૂપ પરિણમન પણ નથી અને તેથી આગામી બંધ પણ નથી. (એ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી).'

જુઓ, આત્મા જ્ઞાની થાય છે ત્યારે તેને પરદ્રવ્ય ગ્રહણ કરવાનો રાગ નથી. અહીં અત્યારે ઉત્કૃષ્ટ મુનિપણાની વાત છે. તેથી, કહે છે, તેને રાગાદિ પરિણમન પણ નથી, પરદ્રવ્ય ઉપરનું લક્ષ નથી તો તત્સંબંધી રાગાદિ પરિણમન પણ નથી. તેથી તેને આગામી બંધ પણ નથી. એને નવો બંધ થતો નથી.

આ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી. અહા! સમસ્ત પરદ્રવ્યના લક્ષને છોડતો જ્ઞાની તેના નિમિત્તે થતા રાગને છોડી દે છે અને તેથી તે કર્તા નથી. જ્યાંસુધી અસ્થિરતા છે ત્યાંસુધી કિંચિત્ પરદ્રવ્યના લક્ષે રાગનું પરિણમન હોય છે, પણ અહીં તો સર્વ પરદ્રવ્યના લક્ષને છોડતો પૂરણ સ્વના આશ્રયે પરિણમતો તે સર્વ અસ્થિરતાને છોડી દે છે ને પૂર્ણ વીતરાગ થઈ જાય છે એમ વાત છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જેમાં પરદ્રવ્યને ત્યાગવાનો ઉપદેશ કરે છેઃ-

## * કળશ ૧૭૮ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'इति' આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું) 'आलोच्य' વિચારીને.......

શું કહ્યું એ? કે આત્મા છે એ સ્વદ્રવ્ય છે. અહાહા....! આઠ કર્મથી રહિત અંદર અનુપમ ચિદ્દઘન-જ્ઞાનઘન, એક જ્ઞાન જેનું શરીર છે એવો ભગવાન આત્મા સ્વદ્રવ્ય છે. અને એના સિવાય આ શરીર-વાણી-કર્મ, સ્ત્રી-પુત્ર-પરિવાર કે દેવ-ગુરુ-શાસ્ત્ર ઈત્યાદિ બધું પરદ્રવ્ય છે. ભાઈ! જેને આત્માનું કલ્યાણ કરવું હોય એણે પરદ્રવ્ય ત્યાગવું જોઈએ એટલે કે પરદ્રવ્ય જે નિમિત્ત-આશ્રય છે તેનું લક્ષ છોડવું જોઈએ; કેમકે પરદ્રવ્યનો આશ્રય-લક્ષ કરવાથી રાગાદિ વિકાર થાય છે. સ્વદ્રવ્યનો આશ્રય છોડીને પરદ્રવ્યનો આશ્રય-લક્ષ કરે છે તેને એના નિમિત્તે નૈમિત્તિક રાગદ્વેષમોહના ભાવ થાય છે.

અહાહા....! પરદ્રવ્ય નિમિત્ત છે અને પોતાનો રાગદ્વેષમોહનો ભાવ નૈમિત્તિક છે એમ વિચારીને 'तद्-मूलां इमाम् बहुभावसन्ततिम् समम् उद्धर्तुकामः' પરદ્રવ્ય જેનું

મૂળ છે એવી આ બહુ ભાવોની સંતતિને એકી સાથે ઉખેડી નાખવાને ઈચ્છતો પુરુષ.......

શું કીધું? કે વિકારના-દુઃખના ભાવો-ચાહે પુણ્ય હો કે પાપ હો-એ બહુભાવોની સંતતિનો પ્રવાહ જે ચાલી રહ્યો છે તેનું મૂળ કારણ પરદ્રવ્ય એટલે પરદ્રવ્યનું સ્વામીપણું છે. પરદ્રવ્યના નિમિત્તે પોતામાં જે વિકાર થાય તેનો એ સ્વામી થાય એ એની સંતતિનું મૂળ છે.

પાઠ તો એમ છે કે- 'પરદ્રવ્ય જેનું મૂળ છે' -કોનું? કે બહુભાવ-સંતતિનું. જેમ દીકરાનો દીકરો, એનો દીકરો-એમ વંશપરંપરા ચાલે તેમ રાગદ્વેષમોહના બહુભાવોનો સંતતિ-પ્રવાહરૂપ પરંપરા જે ચાલે તેનું મૂળ પરદ્રવ્ય છે એમ કહે છે. એટલે શું? કે વિકારની સંતતિનો પ્રવાહ પરદ્રવ્યના આશ્રયે-નિમિત્તે ઊભો થાય છે. પરદ્રવ્યનો આશ્રય-લક્ષ કરવાથી વિકારની પરંપરા થાય છે.

'પરદ્રવ્ય જેનું મૂળ છે' - આમાંથી કેટલાક લોકો ઉંધો અર્થ કાઢે છે કે-જુઓ, વિકારનું મૂળ પરદ્રવ્ય છે અર્થાત્ પરદ્રવ્ય વિકાર કરાવે છે.

અરે ભાઈ! એનો અર્થ એમ નથી. પણ પરદ્રવ્યના લક્ષે વિકાર જ થાય છે તેથી વિકારની સંતતિનું મૂળ પરદ્રવ્ય કહ્યું છે. વિકારના ભાવોની પ્રવાહરૂપ સંતતિ જે ઉઠે છે એનું કારણ તો આને જે પરદ્રવ્યનો આશ્રય, પરદ્રવ્યનું સ્વામીપણું, અને પરદ્રવ્યના આશ્રયે થતા વિકારનું સ્વામીપણું છે તે છે.

અહાહા....! આત્મા શુદ્ધ એક ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાન ને આનંદની લક્ષ્મીનો ભંડાર છે; તે સ્વદ્રવ્ય છે. બાકી બધું લોકાલોક પરદ્રવ્ય છે. અહીં કહે છે-પોતાના સ્વદ્રવ્યને છોડીને લોકાલોકની ચીજો જે નિમિત્ત છે એનો આશ્રય-લક્ષ કરે ત્યાં વિકાર જ થાય છે. અહા! દેવ-ગુરુ-શાસ્ત્ર અને સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા હોય તોય તેના આશ્રયે-લક્ષે વિકાર જ થાય. અહાહા....! ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ પ્રભુ સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ નિર્વિકાર કલ્યાણસ્વરૂપ ધર્મના પરિણામ થાય છે અને એને છોડીને પરદ્રવ્યનો આશ્રય કરી પરિણમે ત્યાં અકલ્યાણરૂપ વિકારની-દોષની સંતતિનો પ્રવાહ ઊભો થાય છે.

પાઠમાં 'तन्मूलां' શબ્દનો શબ્દાર્થ એમ છે કે-દોષનું મૂળ કારણ પરદ્રવ્ય છે, પણ ભાવ એમ નથી. શ્રી રાજમલજીએ કળશટીકામાં 'तन्मूलां' નો અર્થ કર્યો છે કે- " પરદ્રવ્યનું સ્વામિત્વપણું છે મૂળ કારણ જેનું એવી છે." મતલબ કે વિકાર સંતતિનું મૂળ કારણ પરદ્રવ્યનું સ્વામીપણું છે. અહા! પૂરણ જ્ઞાન ને આનંદની સહજાનંદસ્વરૂપ મૂર્તિ પ્રભુ આત્માનું સ્વામીપણું છોડી દઈ જે એ પરદ્રવ્યના ઝુકાવમાં જાય છે એ વિકારની સંતતિ-પરંપરાનું મૂળ છે.

**પ્રશ્નઃ-** બીજાને સમજાવે તો ધર્મનો પ્રચાર થાય ને?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તરઃ-** કોણ સમજાવે? ભાષા તો પરદ્રવ્ય છે. એનો આશ્રય લેવા જાય તો વિકાર થાય છે એમ કહે છે. બીજાને આશ્રયે પણ વિકાર જ થાય છે. પરનો આશ્રય બહુ ભાવસંતતિનું-વિકારનું જ મૂળ છે. હવે આવું આકરું લાગે એટલે કહે કે આ સોનગઢવાળાઓએ નવું કાઢયું છે. પણ બાપુ! આ નવું નથી ભાઈ! આ તો અનંત તીર્થંકરો ને કેવળીઓએ કહેલી પ્રવાહથી ચાલી આવેલી વાત છે.

સમકિતીને સ્વદ્રવ્યનો આશ્રય થયો છે, પણ હજી અપૂર્ણ છે. તેથી તેને કંઈક પરનો આશ્રય છે ને તેથી તેને હજી અલ્પ રાગાદિ થાય છે; ધર્મ પ્રચારનો ભાવ પણ એને હોય છે, પણ એને મિથ્યાત્વ હોતું નથી. અજ્ઞાનીને તો બીજો મને સમજાવી દે -એમ પરદ્રવ્યના આશ્રયમાં સ્વામીપણું ને લાભબુદ્ધિ વર્તે છે ને તેથી તેને મિથ્યાત્વ અને રાગદ્વેષની પરંપરાનો જ લાભ થાય છે. સમજાણું કાંઈ....?

મોક્ષપાહુડમાં ગાથા ૧૬ માં આવે છે કે-

" परदव्वादो दुग्गइ सद्व्वादो हु सग्गई होई "

સ્વદ્રવ્યના આશ્રયે સુગતિ નામ નિર્મળ મોક્ષની પરિણતિ થાય છે ને પરદ્રવ્યના આશ્રયે દુગર્તિ નામ મલિન સંસારની પરિણતિ થાય છે. ત્યાં ૧૩મી ગાથામાં પણ કહ્યું છે કે- સ્વદ્રવ્યમાં રતિ તે મોક્ષનું કારણ ને પરદ્રવ્યમાં રતિ તે સંસારનું કારણ છે. લ્યો, આવું ટૂંકું પણ કેવું સ્પષ્ટ!

હવે સ્વદ્રવ્ય-પરદ્રવ્ય કોને કહીએ? અહા! પરદ્રવ્ય ત્રણ પ્રકારે છેઃ સચેત, અચેત અને મિશ્ર. ત્યાં અરિહંતનો આત્મા, સ્ત્રીનો આત્મા, નિગોદનો આત્મા એ બધા સચેત; એક પરમાણુથી માંડીને મહાસ્કંધ એ અચેત છે અને શિષ્ય, નગર, સ્ત્રી-પરિવાર આદિ સહિત બધા મિશ્ર છે. આ કોઈ પણ-સચેત, અચેત કે મિશ્ર-પરદ્રવ્યનો આશ્રય લેતાં વિકાર જ થાય છે.

તથા આઠ કર્મથી રહિત નિર્મળ નિર્વિકાર શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ આત્મા છે તે સ્વદ્રવ્ય છે, અને સ્વદ્રવ્યનો આશ્રય લેતાં કલ્યાણરૂપ પરમ વીતરાગ ભાવ થાય છે. અહા! વીતરાગનો આ માર્ગ તો જુઓ! કેટલું વહેંચી નાખ્યું છે.! ભગવાન વીતરાગદેવ એમ કહે છે કે-અમારી સામે લક્ષ કરશો ને વાણી સાંભળશો તો તમને રાગ જ થશે, કેમકે અમે તમારે માટે પરદ્રવ્ય છીએ. અહો! આવી અલૌકિક વાત વીતરાગના શાસન સિવાય બીજે ક્યાંય છે નહિ.

અહા! જેના નિમિત્તે નવાં નવાં કર્મ બંધાય છે તે વિકારની સંતતિનું મૂળ પરદ્રવ્યનું સ્વામીપણું છે; અને સ્વદ્રવ્યનું સ્વામીપણું એ મુક્તિનું કારણ છે. અહા! પર-આશ્રયે બંધ ને સ્વ-આશ્રયે મુક્તિ-આ સર્વનો સંક્ષેપમાં સાર છે.

અહીં બંધ અધિકારમાં પરદ્રવ્યનો આશ્રય બંધનું કારણ લીધું, સમયસાર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નાટકમાં બનારસીદાસે મોહ અને રાગદ્વેષના પરિણામ બંધનું કારણ લીધું અને કળશ ટીકાકાર શ્રી રાજમલજીએ પરભાવના સ્વામીપણાને મૂળ કારણ કીધું, મોક્ષપાહુડમાં 'પરદવ્વાદો દુગ્ગઈ' એમ લીધું-આ બધાનો અર્થ એક જ છે.

અહા! વ્યવહાર-દયા, દાન, પૂજા આદિનો રાગ-બંધનું કારણ છે એ વાત કેટલાકને આકરી પડે છે. પણ ભાઈ! પૂર્ણ આશ્રય નથી, કેવળજ્ઞાનની દશા નથી અને સાધકદશા છે ત્યાં સુધી ધર્મીને પરદ્રવ્યના આશ્રયના દયા, દાન, ભક્તિ, વ્રત, તપ આદિના પુણ્યભાવ આવે ખરા, આવ્યા વિના રહે નહિ, પણ છે એ બંધનું કારણ. આ બંધ અધિકાર છે ને? એમાં પરદ્રવ્યના લક્ષે થયેલા સઘળા પરિણામ બંધ સાધક ભાવ છે એમ કહે છે.

હા, પણ લોકો 'એકાંત છે, એકાંત છે' -એમ રાડો પાડે છે કે નહિ? એમ કે દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ લાભ થાય છે, વ્યવહારથી પણ લાભ થાય છે-એમ અનેકાન્ત છે. ભગવાને નિશ્ચય ને વ્યવહાર-બે નય કીધા છે, તો બેયથી લાભ થાય એમ કહો તે અનેકાન્ત છે.

**સમાધાનઃ-** ભગવાન! બે નય છે, બે નયના વિષય છે-એમ ભગવાને કીધું છે એ તો યથાર્થ છે; પણ બન્ને નય આદરણીય છે એમ ક્યાં ભગવાને કીધું છે? બાપુ! બે નયને આદરણીય માને તો બેય એક થઈ જાય, બે રહે નહિ. પણ બેય છે, બન્નેના વિષય પણ છે, નિશ્ચય છે ને વ્યવહારેય છે; પણ આદરણીય-ઉપાદેય તો એક નિશ્ચય જ છે. વ્યવહાર છે તે જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહિ (જુઓ, ગાથા ૧૨ ટીકા) કોઈ વ્યવહાર નથી એમ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે, ને વ્યવહારથી લાભ થાય એમ માને તોય મિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્નઃ-** વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ તો ખરું ને?

**ઉત્તરઃ-** શું ખરું? શું ઝેર પીતાં પીતાં અમૃતનો ઓડકાર આવે? ન આવે. તેમ પરદ્રવ્યનો આશ્રય કરતાં કરતાં સ્વદ્રવ્યનો આશ્રય કદીય ન આવે. રાગ કરતાં કરતાં વીતરાગતા કદીય ના થાય. આ તો ન્યાયથી વાત છે; આમાં કોઈની મતિ-કલ્પના ન ચાલે.

એક કોર ભગવાન આત્મા અંદર પોતે શુદ્ધ જીવ-તત્ત્વ છે, ને બીજી કોર પુણ્ય-પાપના ભાવ એ ભિન્ન આસ્રવ તત્ત્વ છે અને શરીર અને કર્મ એ અજીવ તત્ત્વ છે. હવે એક સમયની જે પર્યાય છે તે વ્યવહારે આત્મા છે. અહા! એ પર્યાયની બુદ્ધિમાં તો અનાદિ કાળથી રહેલો છે; પર-આશ્રયમાં તે અનાદિ કાળથી રહેલો છે. હવે એને નિશ્ચય શુદ્ધ જીવતત્ત્વ અખંડ એક જ્ઞાયકભાવરૂપ સ્વદ્રવ્યમાં સ્થાપીને સ્વદ્રવ્યના આશ્રયે જેટલી જે દશા થાય તે ધર્મ છે, મોક્ષનું કારણ છે. અને સ્વનો આશ્રય છોડીને જેટલો પરદ્રવ્યના આશ્રયમાં જાય, પરદ્રવ્ય ચાહે તો સમ્મેદશિખર હો કે સાક્ષાત્ તીર્થંકર દેવ હો, તેટલો એને વિકાર થાય, બંધ થાય; શુભભાવ થાય એથી પણ (પુણ્ય) બંધ જ થાય.

અહા! જેણે સ્વદ્રવ્યને જાણ્યું એણે બધુંય જાણ્યું. અહીં કહે છે-પરદ્રવ્ય એટલે સ્વદ્રવ્ય સિવાય જે દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી-પુત્ર-પરિવાર, ધન-સંપત્તિ આદિ આખું જગત છે તે પરદ્રવ્ય છે. ત્યાં સ્વનો આશ્રય છોડીને આત્મા જેટલો પર નિમિત્તના આશ્રયમાં જાય છે તેટલો તેને દોષ-વિકાર થાય છે; ચાહે પુણ્ય હો કે પાપ-બેય વિકારની સંતતિ છે, આત્માની સંતતિ નહિ.

કોઈ વળી કહે છે-વિકારની સંતતિનું પરદ્રવ્ય કારણ છે.

હા, કારણ છે એટલે નિમિત્ત છે. એ તો પહેલાં જ કીધું ને કે- 'પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું વિચારીને' .... , એટલે કે પરદ્રવ્ય તો નિમિત્ત છે. નિમિત્ત છે એટલે કે એ પરમાં (-જીવમાં) કાંઈ કરતું નથી; કરે તો નિમિત્ત રહે નહિ.

શું કીધું? સિદ્ધાંત સમજાય છે? ચાહે તો ત્રણલોકના નાથ અરિહંત પરમાત્મા અને એમનું વાણીનું નિમિત્ત હો, પણ એ નિમિત્ત કાંઈ આત્માને જ્ઞાન-શ્રદ્ધાન કરાવી દે એમ છે નહિ. જ્ઞાન-શ્રદ્ધાન પોતાને થાય છે એ તો સ્વદ્રવ્યના આશ્રયે જ થાય છે. હું પરિપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ છું એવું પરિપૂર્ણનું જ્ઞાન-શ્રદ્ધાન તો સ્વને આશ્રયે જ થાય છે. પર નિમિત્ત હો, પણ એ જીવમાં કાંઈ કરતું નથી.

'પરમાત્મપ્રકાશ' માં આવે છે કે-ભગવાનની દિવ્યધ્વનિથી પણ આત્મા જણાય એવો નથી.

ત્યારે લોકો રાડું પાડે છે કે-શું એનાથી ન જણાય? પ્રવચનસારમાં તો પાઠ છે કે- 'सत्थं समधिदव्वं' -શાસ્ત્ર સમધ્યયનીય છે. (ગાથા ૮૬)

ભાઈ! એનો અર્થ એ છે કે-તારું લક્ષ આત્મા ઉપર રાખી શાસ્ત્ર શું કહે છે એ બરાબર સાંભળ અને સમજ. ભલે વિકલ્પ છે, પણ આત્માનું લક્ષ છે તેથી એને અંદર નિર્જરા થાય છે. જેટલો વિકલ્પ રહે છે એટલો બંધ છે, પણ એને ગૌણ ગણીને શાસ્ત્ર બરાબર જાણવાં, સમજવાં એમ કહ્યું છે.

અહીં કહે છે-શાસ્ત્ર પરદ્રવ્ય છે, નિમિત્તમાત્ર છે, અને એના લક્ષે નૈમિત્તિક વિકાર થશે, પુણ્યભાવ થશે, બંધભાવ થશે. ભાઈ! પરદ્રવ્યનો આશ્રય અને સ્વામીપણું એ વિકારની-પુણ્ય-પાપભાવની સંતતિનું મૂળ છે. જ્યાં સુધી એને પરદ્રવ્યના નિમિત્તપણાનું લક્ષ છે. ત્યાં સુધી વિકારની -દુઃખની સંતતિ ઊભી જ રહે છે.

અહા! 'એ બહુભાવસંતતિને એકી સાથે ઉખેડી નાખવાને ઈચ્છતો પુરુષ' -પુરુષ કહેતાં આત્મા; જે અસંખ્ય પ્રકારે શુભાશુભ ભાવો છે તેની સંતતિને એકી સાથે ઉખેડી નાખવા માગે છે તે પુરુષ-આત્મા 'तत् किल समग्रं परद्रव्यं बलात् विवेच्य' -તે સમસ્ત પરદ્રવ્યને બળથી (-ઉદ્યમથી, પરાક્રમથી) ભિન્ન કરીને.....

જોયું? 'विवेच्य' એટલે ભિન્ન કરીને..... , અહાહા....! સર્વોત્કૃષ્ટ નિમિત્ત અરિહંત પરમાત્મા હો તોપણ એનાથી પોતાને-સ્વદ્રવ્યને ભિન્ન કરીને તે પોતાના આત્માને પામે છે.

અહા! સિંહ આદિ પશુઓ, મનુષ્યો અને દેવતાઓ સમોસરણમાં ભગવાનની પાસે આવે છે અને અત્યંત નિર્ભય અને નમ્ર થઈને ખૂબ વિનયથી ભગવાનની વાણી સાંભળે છે. પણ જ્યાં સુધી સાંભળવામાં ને ભગવાનના દર્શનમાં લક્ષ છે ત્યાં સુધી તો રાગ છે, વિકલ્પની જાળ છે. અહીં કહે છે-એ વિકલ્પ-જાળને-રાગની સંતતિને ઉખેડી નાખવા માગતો પુરુષ-આત્મા ભગવાન અને ભગવાનની વાણીના લક્ષને મહા ઉદ્યમ વડે છોડી દે છે. અહા! તે સર્વ પરદ્રવ્યને પોતાથી ભિન્ન કરી દે છે અર્થાત્ સર્વ પરદ્રવ્યનું લક્ષ છોડી દે છે.

'સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરીને...' લ્યો, આમાંથી કેટલાક આવો અર્થ કાઢે છે કે બધું ત્યાગ કરીને જંગલમાં ચાલી જાવું. પણ ભાઈ! આ તો અંદર આત્મામાં ચાલી જવાની વાત છે ભગવાન! બીજે ક્યાં ગરી ગયો છે એ? અહા! જેને અંદર પોતાના ચૈતન્યમહાપ્રભુનો આશ્રય થયો છે તે બહાર ઘરમાં હો કે વનમાં, એને એ બધું પરજ્ઞેય તરીકે છે. હા, એને જેટલું ઘરમાં કે વનમાં રહેવાનું અંદર લક્ષ છે એટલો રાગ છે અને વિવેકી પુરુષ જોરથી-મહા ઉદ્યમ વડે એ પરદ્રવ્યના લક્ષને છોડી દે છે અર્થાત્ પોતાને એનાથી ભિન્ન કરી દે છે અને સ્વસ્વરૂપને પ્રાપ્ત કરી દે છે.

અહા! પરદ્રવ્ય અંદર આત્મામાં ક્યાં ગરી ગયું છે કે એનો ત્યાગ કરે?

તો અહીં ભાષા તો એમ છે કે- 'સમસ્ત પરદ્રવ્યને બળથી ભિન્ન કરીને.....' લ્યો, એક કોર ભગવાન! એમ કહે કે-પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગ ભગવાન આત્મામાં નથી અને વળી બીજી કોર એમ કહે કે-પરદ્રવ્યને પચખો-ત્યાગો. અહા! આ કેવું! !

ભાઈ! એક રજકણ પણ કે દિ' આત્મામાં ગરી ગયો છે કે ત્યાગે? પણ ઉપદેશની શૈલીમાં, રાગનો ત્યાગ કરાવવો છે એટલે જેના લક્ષે રાગ થાય છે તે પરદ્રવ્યને છોડ એમ કહેવામાં આવે છે. અહા! પરદ્રવ્યનું લક્ષ મટતાં તત્સંબંધી રાગ મટી જાય છે અને ત્યારે પરદ્રવ્ય ત્યાગ્યું એમ કહેવામાં આવે છે. બાપુ! શબ્દના ભાવમાં જરાય ફેર પડી જાય તો આખો ફેર થઈ જાય લ્યો, 'વિવેચ્ય' - 'ભિન્ન કરીને..' એટલે પરદ્રવ્યનું લક્ષ સંપૂર્ણ છોડી દઈને... એમ અર્થ છે. બંધ અધિકાર છે ને? તો પરને લક્ષે-આશ્રયે બંધ જ થાય એમ સિદ્ધાંત કહે છે.

**પ્રશ્નઃ-** તો પછી તમે આ બંધનાં કારણો કેમ ઊભાં કરો છો? આ ૨૬ લાખનાં મંદિર થયાં ને વીસ-વીસ લાખ પુસ્તકો છપાયાં ને હજી છપાયે જાય છે; આ બધું શા માટે?

**ઉત્તરઃ-** ભાઈ! મંદિર ને પુસ્તકો ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયા તો જે કાળે થવાની

હોય તે એના કારણે થાય; અને તે કાળે એને પરદ્રવ્યના આશ્રયવાળો શુભભાવ હોય છે, પણ એ છે બંધનું કારણ. ભગવાનનાં દર્શન કરવાનો ને ભગવાનની વાણી સાંભળવાનો ભાવ શુભભાવ છે, પણ એ બંધસાધક ભાવ છે, એનાથી પુણ્યબંધ થશે પણ ધર્મ નહિ.

લ્યો, આમ સમસ્ત પરદ્રવ્યને બળથી ભિન્ન કરીને 'निर्भरवहत्–पूर्ण–एक–संविद्–युतं आत्मानं' –અતિશયપણે વહેતું (–ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત એવા પોતાના આત્માને 'समुपैति' પામે છે,.... ... ...

અહાહા....! શું કહે છે? કે સર્વ રાગસંતતિને ઉખેડી નાખવાનો ઈચ્છુક પુરુષ સમસ્ત પરદ્રવ્યને બળથી ભિન્ન કરીને અર્થાત્ પરદ્રવ્ય તરફનું પૂર્ણ લક્ષ છોડીને અને પૂરણ સ્વભાવથી ભરેલા પૂર્ણાનંદના નાથનો પૂરણ આશ્રય કરીને, અતિશયપણે વહેતું જે પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત થયો થકો પોતાના આત્માને પામે છે. અહાહા...! પરનો પૂર્ણ આશ્રય છોડયો એટલે અહીં સ્વસ્વરૂપના પૂર્ણ આશ્રયમાં આવ્યો અને ત્યારે એને પૂરણ આનંદનું વેદન આવ્યું-એમ કહે છે. સમજાણું કાંઈ...? પૂર્ણ પરદ્રવ્ય તરફનો આશ્રય છોડીને પૂરણ સ્વરૂપ ભગવાન આત્માનો પૂર્ણ આશ્રય કર્યો ત્યાં પર્યાયમાં પૂર્ણ સ્વસંવેદન પ્રગટ થયું, આત્મપ્રાપ્તિ થઈ. લ્યો, આવી વાત બહુ ઝીણી.

ઝીણી વાત છે, પણ આ સત્ય છે. એને જાણવું પડશે. એને જાણ્યા વિના એ અંતર્મુખ થશે શી રીતે? અહા! જેના જ્ઞાનમાં ખોટપ છે એ તો ક્યાંય પર તરફ ભટકશે, સંસારમાં-ચારગતિમાં રઝળી મરશે. અહીં કહે છે-જેને વિકારની સંતતિને ઉખેડી નાખવાની ભાવના છે તે વિકારનું જે નિમિત્ત છે તે સમસ્ત પરદ્રવ્યથી બળથી ખસીને-હઠીને પૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માના-સ્વદ્રવ્યના પૂર્ણ આશ્રયમાં આવે છે અને ત્યારે તેને અતિશયપણે વહેતું પૂર્ણ એક સંવેદન-આત્માના આનંદનું પૂરણ ધારાવાહી વેદન પ્રગટ થાય છે. અહા! આવા સંવેદનથી યુક્ત તે પોતાના આત્માને પામે છે. પહેલાં જે પરદ્રવ્યના લક્ષે વિકારને પામતો હતો તે હવે સ્વદ્રવ્યના પૂરણ આશ્રયમાં આવતાં પૂરણ એક સ્વસંવેદન સહિત આત્માને પામે છે. અહા! આવો મારગ! લોકોએ અત્યારે એને વીંખી નાખ્યો છે. રાગમાં રગદોળી નાખ્યો છે.

અહા! 'પૂરણ એક સંવેદન તેનાથી યુક્ત આત્માને પામે છે.' સિદ્ધાંત તો જુઓ. ભગવાન પૂર્ણાનંદના નાથને પૂરણ અવલંબતાં પૂરણ એક સ્વસંવેદનની પ્રગટતા સહિત તે આત્માને પામે છે. હવે કહે છે- 'યેન' જેથી 'उन्मूलितबन्धः हषः भगवान् आत्मा' જેણે કર્મબંધને મૂળથી ઉખેડી નાખ્યું છે એવો આ ભગવાન આત્મા 'आत्मनि' પોતામાં જ (–આત્મામાં જ) 'स्फूर्जति' સ્ફુરાયમાન થાય છે.

અહા! જે પૂરણ એક સંવેદન-એનાથી યુક્ત આત્માને પામે છે ત્યારે એણે કર્મને મૂળમાંથી છોડી દીધું છે, ઉખેડી નાખ્યું છે. અહો! પૂર્ણ આનંદના વેદનની દશા! અત્યંત નિર્મળ ને નિર્વિકાર. અહા! સમસ્ત વિકારની સંતતિનો જેમાં નાશ થયો છે એવી પૂરણ આનંદની દશા અદ્‌ભૂત અલૌકિક છે.

અહા! આવો ધરમ ને આવી રીત! તારા મારગડા બહુ જુદા છે નાથ! અત્યારે તો એ સાંભળવા મળવાય દુર્લભ છે પ્રભુ! અહીં શું કહે છે? કે-જેને આત્માની પૂર્ણ આશ્રયની દશા પ્રગટી એની દશા પૂર્ણ થઈ ગઈ; એને કર્મ પૂર્ણ ઉખડી ગયાં, વિકારની સંતતિ પૂર્ણ નાશ પામી અને પૂર્ણ આનંદના ધારાવાહી સંવેદનની દશા પ્રગટી. અહીં 'ધારાવાહી' કીધું ને? એટલે કે નિરંતર એક પછી એક એમ પૂરણ નિર્મળ આનંદની ધારા ચાલી-એમ કહે છે. અહા! જે પૂરણ આનંદની દશા પ્રગટી તે કેવી છે? તો કહે છે- જેવો પૂરણ જ્ઞાનાનંદસ્વભાવ છે એવી પર્યાયમાં પૂરણ જ્ઞાન ને આનંદની પ્રગટતા વાળી છે. જેમ ટકતું તત્ત્વ ત્રિકાળ ધ્રુવ છે તેમ તેના આશ્રયે ટકતી દશા ધારાવાહી ધ્રુવ-કાયમ છે. સમજાણું કાંઈ....? ભાષા તો સાદી છે; ભાવ તો જે છે તે છે.

અહાહા...! આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન પ્રભુ અંદર સ્વભાવે સિદ્ધ સમાન જ છે. અને 'अतति गच्छति इति आत्मा' – જે જ્ઞાન ને આનંદના સ્વભાવે પરિણમે તે આત્મા છે, પણ રાગ ને વ્યવહારમાં પરિણમે તે આત્મા નહિ. જેવો પૂરણ સ્વભાવ છે તે ભાવરૂપ પૂરણ પરિણમે તે આત્મા. તેથી પૂરણનો પૂરણ આશ્રય કરીને, જેમાં પૂરણ કર્મનો નાશ થઈ ગયો છે એવા પૂરણ આનંદને વેદે ત્યારે તે પૂરણને પામે છે; અને તે આત્મોપલબ્ધિ છે.

અહી કહે છે-એવો આ ભગવાન આત્મા પોતામાં જ સ્ફુરાયમાન થાય છે.'

લ્યો, 'ભગવાન આત્મા' – એને ભગવાન કહીએ ત્યાં લોકો રાડ પાડી જાય છે. પણ બાપુ! એ અંદર ભગવાનસ્વરૂપ જ છે. ભગ નામ જ્ઞાન ને આનંદની લક્ષ્મીવાળો આત્મા ભગવાનસ્વરૂપ જ છે. ભગ નામ લક્ષ્મી-તે આ ધન-લક્ષ્મી નહિ. એ લક્ષ્મીવાળા ધૂળવાળા તો બિચારા ભિખારા છે. લાવો, લાવો, લાવો-એમ નિરંતર તેઓ તૃષ્ણારૂપી અગ્નિથી બિચારા બળી રહ્યા છે. અહીં આ ભગવાન તો જ્ઞાનાનંદરૂપ લક્ષ્મીનો ભંડાર એકલી શાંતિ-શાંતિ-શાંતિનો રસકંદ છે. અહા! આવો અપાર મહિમાવંત આત્મા-કે જેને મૂળમાંથી કર્મ ઉખડી ગયાં છે ને પૂરણ આનંદનું વેદન પ્રગટ થયું છે-તે પોતામાં જ સ્ફુરાયમાન થાય છે. અહો! શું અપાર અલૌકિક એનો મહિમા! ભગવાન સર્વજ્ઞની વાણીમાં પણ એનો પૂરણ મહિમા ન આવી શક્યો એવી એ અદ્‌ભુત ચીજ છે. શ્રીમદે કહ્યું છે ને કે-

'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

-અપૂર્વ અવસર......'

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા...! આવો ભગવાન આત્મા જેણે કર્મને મૂળથી ઉખેડી નાખ્યાં છે તે પોતામાં જ સ્ફુરાયમાન-પ્રગટ થાય છે. શક્તિરૂપે હતો તે પર્યાયમાં પ્રગટ થાય છે. અહાહા....! એકલા અમૃતથી કળશ ભર્યો છે. સ્ફુરાયમાન થાય છે એટલે શું? કે પૂરણ સ્વભાવનો પૂરણ આશ્રય લઈને, પૂરણ કર્મને પૂરણ ઉખેડી નાખીને પર્યાયમાં પૂરણ આનંદ સહિત પ્રગટ થાય છે. શક્તિરૂપે હતો તે વ્યક્તિરૂપે પર્યાયમાં પૂરણ પ્રગટ થાય છે. લ્યો, આ અબંધસ્વભાવી ભગવાન આત્માના આશ્રયનું અબંધદશારૂપ ફળ છે.

## * કળશ ૧૭૮ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું જાણી....'

શું કીધું? કે આત્મા ત્રિકાળી શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ સ્વવસ્તુ છે. અને એ સિવાયની જગતની સર્વ ચીજ-શરીર, મન, વાણી, કર્મ, ધંધો-વેપાર-નોકરી, મકાન-મહેલ-હજીરા, દેવ-ગુરુ-શાસ્ત્ર ઈત્યાદિ-પરવસ્તુ છે. એ પરદ્રવ્યને ને પોતાના વિકારને, કહે છે, નિમિત્ત-નૈમિત્તિકપણું છે. એટલે શું? કે પરદ્રવ્ય તે નિમિત્ત છે અને એના લક્ષે પોતે પરિણમે ત્યાં વિકાર થાય છે તે નૈમિત્તિક છે. ભાઈ! ચાહે સાક્ષાત્ તીર્થંકર પરમાત્માની સ્તુતિમાં ઊભો હોય તોય તે સ્તુતિનો ભાવ પરલક્ષે થયેલો વિકાર છે, ધર્મ નહિ.

લ્યો, એમ જાણી 'સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં-ત્યાગવામાં આવે ત્યારે સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે અને.....'

અહા! સમસ્ત પરદ્રવ્ય-દેવ-ગુરુ-શાસ્ત્ર સુદ્ધાં બધાંય-મારાથી ભિન્ન છે એમ વિવેક-ભેદજ્ઞાન કરીને પરદ્રવ્યથી લક્ષ હઠાવી લેવું એનું નામ પરદ્રવ્યને ભિન્ન કરવું-ત્યાગવું છે. શું કીધું? શુદ્ધ આનંદકંદ પ્રભુ પોતે સ્વતત્ત્વ છે, એની પર્યાયમાં જેટલા પુણ્ય-પાપના ભાવ થાય તે બધા નૈમિત્તિક ભાવ નિમિત્ત-પરદ્રવ્યના લક્ષે થયા છે. હવે જ્યારે પરદ્રવ્ય ને તેના લક્ષે થતો વિકાર-એ બેયનું લક્ષ છોડી દે ત્યારે એણે પરદ્રવ્યનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે.

**પ્રશ્નઃ-** કહેવામાં આવે છે તો ખરેખર શું છે?

**ઉત્તરઃ-** ખરેખર તો એને પરનો સદા ત્યાગ જ છે, અર્થાત્ આત્મા પરથી રહિત જ છે. એણે પરને કદી પોતાનામાં ગ્રહ્યા જ નથી તો ત્યાગની વાત જ ક્યાં રહે છે? આત્મામાં પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગ છે જ નહિ. વાસ્તવમાં અનાદિથી એ પોતાના શુદ્ધ ત્રિકાળી સ્વરૂપને ભૂલીને, પરવસ્તુ જે નિકટ ઉપસ્થિત છે તેનું લક્ષ કરીને તેના આશ્રયે પરિણમે છે અને તેથી તેને પુણ્ય-પાપના ભાવરૂપ વિકાર જ થયા કરે છે. હવે જ્યારે તે પરનું લક્ષ છોડી પરનો આશ્રય છોડે છે તો તે નૈમિત્તિક વિકારને પણ છોડે છે અને ત્યારે એણે પરદ્રવ્યનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. બાકી એક વસ્તુમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બીજી વસ્તુ જાય એમ ત્રણકાળમાં બની શકે નહિ, કેમકે એકમાં બીજીનો અભાવ છે. જો એમ ન હોય તો બધું એક થઈ જાય. સમજાણું કાંઈ.....?

જ્યારે તે સ્વદ્રવ્યના આશ્રયમાં આવે ત્યારે જેટલે દરજ્જે તે પરદ્રવ્યનો આશ્રય છોડે છે તેટલો તેને સ્વનો આશ્રય થાય છે અને તેટલે દરજ્જે તેને રાગાદિ કર્મ કપાઈ જાય છે. જ્યારે તે પૂરણ પરદ્રવ્યનો આશ્રય છોડે છે ત્યારે તેને સ્વદ્રવ્યનો પૂરણ આશ્રય થાય છે અને ત્યારે એને સમસ્ત રાગાદિની સંતતિ કપાઈ જાય છે. લ્યો, આવી ધર્મની વાતુ બહુ ઝીણી બાપુ! લોકો તો કાંઈક ને કાંઈક કલ્પીને બેઠા છે. (એમ કે શુભ કરતાં કરતાં શુદ્ધ થાય).

પણ ભાઈ! 'पूयादिसु वयसहियं...' ઈત્યાદિ ભાવપાહુડની ગાથામાં આચાર્ય કુંદકુંદ શું કહે છે? કે તીર્થંકર ભગવાનની મૂર્તિ હોય કે સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય, તેમની પૂજા આદિનો ભાવ કે પાંચમહાવ્રતાદિના પાલનનો ભાવ પુણ્ય છે, ધર્મ નહિ. ત્યાં 'પૂજા આદિ' શબ્દ કહીને પરદ્રવ્યની પૂજા, ભક્તિ, સ્તુતિ, વંદના, નમસ્કાર, નામસ્મરણ, વૈયાવૃત્ય વગેરેનો શુભભાવ છે એ પુણ્ય છે, ધર્મ નહિ-એમ આચાર્યદેવ કહે છે. લોકોને બિચારાઓને ક્યાં ખબર છે કાંઈ? એ તો આંધળે-બહેરા કુટાયે જાય છે.

શું થાય? રળવું, કમાવું ને ખાવું-એમ બિચારા સલવાઈ ગયા છે. સંસારના કામ આડે નવરા પડે તો તત્ત્વાભ્યાસ કરે ને? પણ ભાઈ! આ જીવન (-અવસર) જાય છે હોં.

**પ્રશ્નઃ-** ખાવા રોટલા તો જોઈએ ને?

**ઉત્તરઃ-** અહા! એ આયુષ્ય લઈને આવ્યો છે તે એને રોટલા નહિ મળે? (અને આયુ નહિ હોય તો રોટલા શું કરશે?)

**પ્રશ્નઃ-** પણ એ ધંધોય લઈને આવ્યો છે ને?

**ઉત્તરઃ-** ના, એ ધંધો લઈને આવ્યો નથી. બહારમાં એને જે ધંધો ચાલે છે એ તો એના (ધંધાના) કારણે ચાલે છે; એ પરવસ્તુને કરે કોણ? શું આત્મા કરે? કદી ન કરે. અને ધંધાના લક્ષે એ અનેક અશુભ ભાવ કરે છે એ એનો વિપરીત પુરુષાર્થ છે અને તે નવીન છે, સંસાર-પરિભ્રમણનું કારણ છે. બાપુ! આ શરીરનું તું કાંઈ ન કરી શકે ત્યાં ધંધાનું શું કરે? જો ને, શરીરમાં પક્ષઘાત થાય તો તેને હલાવી શકે છે? એને પક્ષઘાત થતો રોકી શકે છે? બાપુ! એ તો જડ માટી ભાઈ! એ ભગવાન આત્માથી સદાય ભિન્ન વસ્તુ છે; એનું તું કરે શું? છતાં અરે! એને અનાદિનું આવું અભિમાન!

એને અહીં કહે છે કે જ્યારે તે સમસ્ત પરનું લક્ષ છોડે છે ત્યારે પરના સંબંધે થતા રાગાદિ ભાવોને પણ છોડે છે અર્થાત્ રાગાદિની સંતતિ એને કપાઈ જાય છે.

'અને ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો કર્મના બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે.'

'પોતાનો જ અનુભવ કરતો થકો' -એમ કહ્યું ને? મતલબ કે જ્યારે સર્વ પરદ્રવ્યથી હઠી શુદ્ધ એક જ્ઞાનાનંદઘન પ્રભુ આત્મામાં એકાગ્ર થઈ એના જ ધ્યાનમાં રહે છે ત્યારે ધર્મ થાય છે અને કર્મ કપાય છે. લ્યો, આ પ્રમાણે કર્મ બંધનને કાપી પોતે પોતામાં જ પ્રકાશે છે. અહા! જેવો અંદર ચૈતન્યસ્વભાવ છે તેવો સ્વદ્રવ્યના ધ્યાનમાં જતાં પર્યાયમાં પ્રગટ પ્રકાશે છે.

લ્યો, આમાં હવે કાંઈ મોં-માથું હાથમાં આવે નહિ (સમજાય નહિ) એટલે કહે કે-ઈશ્વરને યાદ કરો, ઈશ્વરની ભક્તિ-પૂજા કરો ને ઈશ્વરનું ધ્યાન ધરો એટલે કર્મ કપાઈ જશે.

પણ ભાઈ! તું પોતે જ અંદર ઈશ્વર છો કે નહિ? તારું સ્વરૂપ જ ભગવાન! ઈશ્વર છે. તેમાં એકાગ્ર થઈને તેને જ ભજ ને; તેનું જ ધ્યાન કર ને પ્રભુ! જેને તું ઈશ્વર કહે છે એ તો પરદ્રવ્ય છે; એનું લક્ષ કરવા જઈશ તો તું તારા સ્વરૂપમાંથી ખસી જઈશ અને સ્વરૂપથી ખસી જઈશ એટલે પરના લક્ષે તને રાગ જ થશે. ભલે પુણ્ય થાય તોય એ રાગ જ છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ.....?

અહા! ધર્મને નામે લોકોએ માર્ગ વીંખી નાખ્યો છે. એમને એટલી ગરજેય ક્યાં છે? સત્યને ખોજવાની એને ક્યાં પડી છે? એ તો વેપાર-ધંધાની ખોજ કરે કે ક્યાંથી માલ સસ્તો મળે? ને કેમ વધારે નફો થાય? નોકરીમાં કોણ વધારે પગાર આપે? -આ એમ બધી રખડવાની ખોજું કરે પણ પોતે અંદર જ્ઞાન ને આનંદની લક્ષ્મીનો ભંડાર છે એને ખોજતો નથી. અહીં કહે છે-એની ખોજમાં જાય તો પરનાં લક્ષ છૂટી જાય ને પરનાં લક્ષ છૂટી જાય તો એને આત્માનુભવ થાય, અંદર જ્ઞાન ને આનંદની અનુપમ દશા પ્રગટ થાય. અહા! સ્વાનુભવમાં આવતાં તે કર્મબંધનને કાપીને પોતે પોતામાં જ પ્રકાશવા લાગે છે, અર્થાત્ પોતે પર્યાયમાં-વ્યક્ત પ્રગટ દશામાં-જ્ઞાનાનંદરૂપ થઈ જાય છે.

'માટે જે પોતાનું હિત ચાહે છે તે એવું કરો.'

અહાહા....! જુઓ આ ઉપદેશ! એમ કે ભગવાન! તારી વર્તમાન દશામાં અહિત છે. પરદ્રવ્ય ને પરદ્રવ્યના લક્ષે થતા ભાવથી તું સંતુષ્ટ થાય ને તેમાં સ્વામીપણું કરે એ તારું અહિત છે પ્રભુ! માટે જો તને હિતની-કલ્યાણની-સુખની ભાવના છે તો અંદર સુખધામ પ્રભુ આત્મા છે તેમાં જા; સમસ્ત પરદ્રવ્યના વલણથી છૂટી સ્વદ્રવ્યના વલણમાં જા. અહાહા....! તારું સ્વદ્રવ્ય પ્રભુ! એકલા જ્ઞાન ને આનંદથી ભરેલું છે. તું જ્ઞાનાનંદનો દરિયો છો ને નાથ! માટે તેમાં જઈ ત્યાં જ અંતર્નિમગ્ન

થા. એમ કરતાં સર્વ અહિતનો નાશ થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ નિરાકુળ આનંદ ને શાંતિની દશા પ્રગટ થશે; અને એ જ હિત છે.

પરથી ખસીને સ્વના આશ્રયમાં જવું ને રહેવું-આ એક જ હિતનો-મોક્ષનો પંથ છે. બાકી પરના લક્ષે દયા, દાન, ભક્તિ ઈત્યાદિના પરિણામ કોઈ (કર્તા થઈને) કરે એનાથી તો ભવપરંપરા મળે, ચારગતિમાં પરિભ્રમણ થાય. ધર્મીને પૂરણ વીતરાગતા ન થાય ત્યાં સુધી આવા પુણ્યભાવ આવે છે. આવ્યા વિના રહેતા નથી; પણ તેને તે બંધસાધક જ માને છે અને અંતરના ઉગ્ર-અતિ ઉગ્ર આશ્રય દ્વારા એને તે ક્રમશઃ ખતમ કરી દઈ પૂરણ આનંદની દશાને પ્રાપ્ત કરી લે છે. આવો મારગ છે.

હવે બંધ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે જ્ઞાનના મહિમાના અર્થનું કળશ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૭૯ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'कारणानां रागादीनां उदयं' - બંધના કારણરૂપ જે રાગાદિક (રાગાદિભાવો) તેમના ઉદયને 'अदयम्' નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી) 'दारयत्' વિદારતી થકી,.... .... .... ..

જુઓ, આ લોકોત્તર માર્ગ કહે છે. શું કહે છે? કે બંધના કારણરૂપ જે અનાદિથી રાગદ્વેષમોહના ભાવો છે તેનો, આત્માના અતિ ઉગ્ર આશ્રય વડે નાશ કરી દે છે. લ્યો, હવે રાગાદિ શું છે એય લોકોને સમજવું મુશ્કેલ પડે છે. આ બીજાનું આમ ભલું કરી દઉં, જગતનું કલ્યાણ કરી દઉં ને જગતના સુખના પંથે દોરી જઉં ઈત્યાદિ જે ભાવ છે એ બધા બંધના કારણરૂપ રાગાદિભાવ છે. અહા! પુણ્ય ને પાપના બધાય ભાવ બંધના કારણરૂપ રાગાદિભાવ છે. તેમના ઉદયને સ્વભાવના ઉગ્ર પુરુષાર્થથી નિર્દય રીતે નાશ કરે છે. નાશ કરે છે એટલે શું? કે પોતે પોતાના શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવમાં સંલગ્ન રહે છે તો રાગ ઉત્પન્ન જ થતો નથી એને રાગનો નિર્દય રીતે નાશ કરે છે એમ કહેવાય છે. અહાહા....! અંદર નિર્દોષ નિર્વિકાર ચિન્મૂર્તિ પ્રભુ આત્મા વિરાજે છે તેનો આશ્રય લેતાં નિર્દોષ, નિર્વિકાર દશા થાય ને સદોષ દશા જાય એને સદોષનો નાશ કરે છે એમ કહેવામાં આવે છે.

લોકો તો બાયડી, ધંધા વગેરેના રાગને જ રાગ સમજે છે. પણ ભાઈ! આ દયા, દાન, ભક્તિ, પૂજા ને અહિંસાદિ વ્રતના પરિણામ-એય બધો રાગ જ છે, એ કાંઈ શુદ્ધ ચૈતન્યના પરિણામ નથી. અહાહા...! ચૈતન્યપ્રકાશનું પૂર, ચૈતન્યજ્યોતિસ્વરૂપ પ્રભુ આત્મા અંદર ઝળહળ ઝળહળ પ્રકાશે છે. એમાં આ શુભાશુભ પુણ્ય-પાપના ભાવ ક્યાં છે! અહા! પણ આવી વાત એને-રાંકને બેસે નહિ, હવે એક બે બીડી સરખી પીવે ત્યારે તો ભાઈ સા'બને દસ્ત ઉતરે ને કપ બે કપ ચા પીવે ત્યારે મગજ ઠેકાણે આવે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


-આવાં તો જેનાં અપલખ્ખણ છે એને કહીએ કે-ભગવાન! તું ચિન્માત્રજ્યોતિસ્વરૂપ પૂરણ આનંદનો નાથ છો, ને આ વિકાર ઉત્પન્ન થાય તે તારું સ્વરૂપ નથી; પણ એને એ કેમ બેસે? બેસે કે ન બેસે, ભગવાન! તું સચ્ચિદાનંદસ્વરૂપ શાશ્વત ચૈતન્ય ને આનંદનું ધામ છો.

અહા! આવા પોતાના સ્વરૂપનો આશ્રય લઈને પર તરફથી ખસી જાય છે ત્યારે તેને રાગદ્વેષમોહ ઉદય પામતા નથી તો એણે રાગાદિનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અહા! આવા પોતાના સ્વરૂપમાં ધ્યાનારૂઢ થઈને આઠ આઠ વર્ષના બાળકો પણ કેવળજ્ઞાન પામીને મોક્ષ પધાર્યા છે. અહા! આવી જ પોતાની શક્તિ છે, પણ શું થાય? એણે કદી પરવા જ કરી નથી. પરના મહિમા આડે એને પોતાનો મહિમા ભાસ્યો નથી. બહારમાં દેવ-ગુરુનો મહિમા કરે, પણ એમાં શું છે? એ તો રાગ છે ભાઈ! બંધનું કારણ છે. અહીં કહે છે-બંધનું કારણ એવા રાગાદિના ઉદયને આશ્રયના ઉગ્ર પુરુષાર્થથી વિદારતી થકી જ્ઞાનજ્યોત પ્રગટ થાય છે. જુઓ આ ધર્મ!

અહાહા.....! એક જ્ઞાન-જ્ઞાન-જ્ઞાનનો ભંડાર પ્રભુ આત્મા છે. જ્ઞાન એટલે આ વકીલાત ને દાકતરીનાં જ્ઞાન એ નહિ; એ તો બધાં લૌકિક કુજ્ઞાન છે. અને પાંચ-પચીસ હજારના પગાર મળે એ પૈસા બધા જડ-ધૂળ છે. જેને જ્ઞાન નથી એ અચેતન-જડ છે. જુઓ, આ શરીર છે એને ખબર છે કે હું શરીર છું? ના. બાપુ! એ તો જડ માટી-ધૂળ છે. જાણનારો તો અંદર ચૈતન્યપ્રકાશનો પુંજ ભિન્ન છે, અને આ શરીર તો જડ પરમાણુનો ઢગલો છે. જુઓ, ધૂળમાંથી ઘઉં થયા, ને ઘઉંમાંથી રોટલી થઈ ને રોટલીમાંથી આ માંસ, લોહી આદિ થયા. બાપુ! આ તો બધા પરમાણુઓની દશાઓ પરમાણુ પોતે કાયમ રહીને સ્વતંત્ર બદલ્યા કરે. આત્મા એનું શું કરે? કાંઈ નહિ. પણ એનું લક્ષ કરે તો એને પર્યાયમાં રાગાદિ વિકાર થાય છે.

અરે! એણે અનંતકાળના પ્રવાહમાં પૂર્વે કોઈદિ' પરથી-શરીરાદિથી ભિન્ન પડી એક જ્ઞાન જ જેનું સ્વરૂપ છે એવા આત્માનું ભાન કર્યું નથી. પરંતુ જે કોઈ પરના પડખેથી હઠી સ્વદ્રવ્યના પડખે આવે છે, સ્વદ્રવ્યના આશ્રયમાં આવે છે તેને પરદ્રવ્ય તરફના આશ્રયનો અભાવ થવાથી પરના નિમિત્તે થતા વિકારનો અભાવ થાય છે, અને સ્વદ્રવ્યના વલણવાળી-આશ્રયવાળી નિર્મળ વીતરાગી નિર્વિકાર પરિણતિ પ્રગટ થાય છે અને એ ધર્મ છે. બાકી બધું થોથેથોથાં છે. કોઈ બીજી રીતે ધર્મ માને ને લાખોનાં દાન કરે ને જીવદયા પાળે પણ એ બધો સંસાર છે, અધર્મભાવ છે. અહીં તો જેટલે દરજ્જે પરદ્રવ્યથી ખસે તેટલે દરજ્જે સ્વદ્રવ્યમાં આવે ને તેટલી એને ધર્મ પરિણતિ પ્રગટે છે એમ વાત છે. શું કરતી ધર્મ પરિણતિ પ્રગટે છે? તો કહે છે-

'कार्यं विविधं बन्धं' તે રાગાદિના કાર્યરૂપ (જ્ઞાનાવરણાદિ) અનેક પ્રકારના બંધને 'अधुना' હમણાં 'सद्यः एव' તત્કાળ જ 'पणुद्य' દૂર કરીને,.....

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શું કહે છે? કે પરના લક્ષે થતા એ પુણ્ય-પાપના કાર્યને-નૈમિત્તિક બંધને ભગવાન આત્મા સ્વસ્વરૂપના આશ્રયે તત્કાળ જ દૂર કરી નાખે છે. 'તત્કાળ જ' એટલે શું? કે જેમ જે સમયે પ્રકાશ થાય તે જ સમયે અંધારૂં જાય અને જે સમયે અંધારૂં જાય તે જ સમયે પ્રકાશ થાય; બન્નેને કાળભેદ નથી, અંધારૂં જવાનો ને પ્રકાશ થવાનો એક જ કાળ છે; તેમ ભગવાન આત્મા જે સમયે પરનું લક્ષ છોડીને પર તરફના ઝુકાવના પુણ્ય-પાપના ભાવ છોડે છે તે જ સમયે સ્વભાવના લક્ષમાં આવે છે ને સ્વના આશ્રયવાળી નિર્મળ પરિણતિ પ્રગટ થાય છે અને તે જ સમયે વિભાવ-વિકારનું કાર્ય જે બંધ તે દૂર થઈ જાય છે. આત્મામાં સ્થિર થવું ને વિકાર ને વિકારના કાર્યનો અભાવ થવો એ બન્નેનો કાળ એક જ છે.

**પ્રશ્ન:-** હવે આમાં શું કરવું? પૈસાનો સદુપયોગ કરવો કે શરીરનો સદુપયોગ કરવો-એવું કાંઈ તો આમાં આવતું નથી.

**ઉત્તર:-** અરે, સાંભળને ભાઈ! તું પરનું શું કરી શકે છે? કાંઈ જ નહિ. આ શરીર તો જડ માટી-ધૂળ છે, ને પૈસાય ધૂળ છે. એનો સદુપયોગ તું શું કરે? જે તારાથી ભિન્ન છે એનું તું શું કરે? દાન દેવાનો ભાવ હોય તો પુણ્ય થાય, અને એમાંય માનની-મોટપની અધિકતા હોય તો પાપ બાંધે. એક ભગવાન આત્મા પોતે સ્વ તેના આશ્રયે જ ધર્મ થાય અને સ્વ-આશ્રય કરવો ને પર-આશ્રય છોડવો એ જ કર્તવ્ય છે. સમજાણું કાંઈ...?

અહીં કહે છે-રાગાદિકના કાર્યરૂપ અનેક પ્રકારના બંધને દૂર કરીને 'एतत् ज्ञानज्योत: આ જ્ઞાનજ્યોતિ- 'क्षपिततिमिरं' કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે તે- 'साधु' સારી રીતે 'सन्नद्धम्' સજ્જ થઈ,... ...

અહાહા...! એકલા જ્ઞાન-જ્ઞાન-જ્ઞાનના પ્રકાશનું પૂર જ્ઞાનજ્યોતિસ્વરૂપ પ્રભુ અંદર પોતે છે તેમાં એકાગ્ર થતાં તે તત્કાળ પર્યાયમાં પ્રગટ થાય છે. હવે આને ધર્મ કહેવો માણસને (ક્રિયાકાંડીને) ભારે પડે છે. પણ ભાઈ! આત્મા છે એનો સ્વભાવ જ જ્ઞાન છે. જેમ ગળપણ ગોળનો સ્વભાવ છે તેમ ભગવાન આત્માનો જ્ઞાન સ્વભાવ છે. અહાહા...! જાણવું એ એનો સ્વભાવ છે, પણ રાગ કરવો એ એનો સ્વભાવ નથી. તેમ જાણવું એ રાગનો સ્વભાવ નથી. રાગ તો જડ અજ્ઞાનભાવ છે ભાઈ! આ બધા ક્રિયાકાંડ જડ અજ્ઞાનભાવ છે, આંધળા છે. અહાહા...! એ અજ્ઞાનરૂપી તિમિરનો નાશ કરી જ્ઞાનજ્યોતિ અંદરમાં પ્રગટ થાય છે. એટલે શું? કે જ્ઞાનજ્યોતિ પ્રગટતાં આ ક્રિયાકાંડ મારા ને ભલા એવો અજ્ઞાનભાવ નાશ પામી જાય છે.

અહા! અજ્ઞાનીએ અનાદિથી રાગ ને જ્ઞાન એક માન્યાં છે તે એની ભ્રમણા ને

અજ્ઞાન છે. અહીં કહે છે એ અજ્ઞાનનો નાશ કરતી સમ્યક્ પ્રકારે જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. અહાહા...! પોતે રાગ વગરની ચીજ જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા છે. તે પરથી હઠી અંદર સ્વસ્વરૂપમાં જાય છે ત્યારે સ્વને સ્વ-જ્ઞાનસ્વરૂપ જાણે છે ને રાગને આંધળો અજ્ઞાનમય પર જાણે છે. આ પ્રમાણે સ્વપરની વહેંચણી કરતું સ્વપરપ્રકાશક જ્ઞાન જે શક્તિરૂપે અંદર છે તે પર્યાયમાં પ્રગટ થાય છે. આ મોક્ષનો મારગ અને આ ધર્મ છે. અહો! રાગથી ભિન્ન પડીને જ્ઞાન જ્ઞાનમાં આવ્યું ને સ્થિર થયું તે ધર્મ છે. આવી વાત છે!

અહા! તે જ્ઞાનજ્યોતિ સારી રીતે કેવી સજ્જ થઈ? તો કહે છે- 'तद्–वत् यद–वत' એવી રીતે સજ્જ થઈ કે 'अस्य प्रसरम् अपरः कः अपि न आवृणोति' તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.

અહાહા...! જ્ઞાનનો પ્રકાશ જ્ઞાનસૂર્ય પ્રભુ આત્મા છે. શું કીધું? કે આત્મા જ્ઞાનસૂર્ય છે. આ સૂર્યનો પ્રકાશ તો જડ આંધળો છે. એને ખબરેય નથી કે હું પ્રકાશ છું. પણ આ સ્વ અને પરને પ્રકાશનારો જ્ઞાનપ્રકાશ ભગવાન જ્ઞાનસૂર્યમાં એકાગ્ર થઈ જ્યાં ઝગમગ-ઝગમગ પ્રગટ થયો ત્યાં એ જ્ઞાનપ્રકાશના ફેલાવને હવે કહે છે, કોઈ રોકી શકે નહિ. પહેલાં જ્ઞાનને રાગ ને પુણ્યમાં રોકીને એમ માનતો હતો કે આ (રાગ ને પુણ્ય) હું છું. એનાથી મને લાભ છે. પણ હવે એ અજ્ઞાન જ જ્યાં છૂટી ગયું, રાગથી જ્યાં ભિન્ન પડી ગયો ત્યાં જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થયું અને ત્યારે જે જ્ઞાનજ્યોતિ પોતાથી પ્રગટ થઈ તેના ફેલાવને હવે કોઈ આવરણ કરનારૂં નથી એમ કહે છે; અર્થાત્ તે આખા લોકાલોકને જાણવાના સામર્થ્ય સહિત પ્રગટ થઈ છે. આવી વાત છે!

અનાદિથી એને રાગાદિ-પુણ્ય-પાપના ભાવોમાં મારાપણું હતું તે અજ્ઞાનરૂપી અંધકાર હતો. પણ હવે જ્યારે રાગરહિત ભગવાન ચૈતન્યબિંબમાં સ્વામિત્વ કરીને એકાગ્ર થયો ત્યાં અજ્ઞાન-અંધકાર નાશ પામી ગયો અને અતિ ઉજ્જવળ જ્ઞાનના પ્રકાશ સહિત જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ. અહા! પોતે જ્ઞાનસ્વરૂપી ભગવાન અંદર છે તેનો આશ્રય કરતાં રાગદ્વેષમોહનું અજ્ઞાન નાશ પામી ગયું ને જ્ઞાનની અતિ નિર્મળ નિર્વિકાર પવિત્ર દશા પ્રગટ થઈ. અહા! આનું નામ ધરમ; ને આનાથી જન્મ-મરણ મટે એમ છે; બાકી કરોડોનું દાન કરે, મંદિરો બંધાવે, ઉત્સવો કરે ને ગજરથ કાઢે, પણ એ બધો શુભરાગ છે, બધા બહારના ભપકા છે, એનાથી જન્મ-મરણ ના મટે. સમજાણું કાંઈ...?

અહાહા...! કહે છે- અનાદિથી પરવસ્તુમાં સ્વામિત્વપણે લીન હતો; અને તેથી એને રાગદ્વેષમોહ ને બંધન થતાં હતાં. પણ પરથી ખસીને હવે જ્યાં અંદર સ્વસ્વરૂપમાં

-ચિદાનંદ ચિદ્રૂપમાં આવ્યો અને લીન થયો ત્યાં રાગાદિક અજ્ઞાન હઠી ગયું અને અતિ ઉજ્જવળ જ્ઞાનધારા પ્રગટ થઈ. કેવી પ્રગટ થઈ? તો કહે છે-એવી પ્રગટ થઈ કે હવે તેના ફેલાવને કોઈ આવરી શકે નહિ. જેમ સૂર્યના પ્રકાશના ફેલાવને કોઈ (-અંધકાર) રોકી શકે નહિ તેમ સ્વ-આશ્રયે પ્રગટ થયેલી નિર્મળ જ્ઞાનજ્યોતિના ફેલાવને કોઈ રોકી શકે નહિ.

## * કળશ ૧૭૯ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે, રાગાદિક રહેતા નથી, તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી, ત્યારે પછી તેને (-જ્ઞાનને) આવરણ કરનારું કોઈ રહેતું નથી, તે સદાય પ્રકાશમાન જ રહે છે.'

અહાહા...! એક ચૈતન્ય જેનો ભાવ છે એવો પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ આત્મા છે. એની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ, રાગદ્વેષમોહના ભાવ થાય એ ચૈતન્યભાવથી વિરુદ્ધ છે. પણ પર-આશ્રયને તજી જ્યારે તે શુદ્ધ ચૈતન્યભાવના આશ્રયમાં આવે છે ત્યારે તેને જ્ઞાનદશા પ્રગટ થાય છે અને ત્યારે તેને રાગાદિક રહેતા નથી, તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી. વિકાર નાશ પામતાં તેને નવા કર્મનું બંધન થતું નથી. ત્યારે પછી જ્ઞાનને આવરણ કરનારું-રોકનારું કોઈ રહેતું નથી. તે સદાય પ્રકાશમાન જ રહે છે. અહા! જ્ઞાનજ્યોતિ સદાય એકલી કેવળજ્ઞાન દશારૂપે રહે છે, એને હવે કોઈ રોકનાર નથી. એની પૂર્ણદશા થઈ તેમાં હવે અપૂર્ણતા થતી નથી. આનું નામ ઉત્કૃષ્ટ ધર્મદશા ને મોક્ષ કહેવામાં આવે છે.

### * હવેની ટીકા *

'આ પ્રમાણે બંધ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો'

**ભાવાર્થઃ-**

'રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને બહાર નીકળી ગયો.' શું કહ્યું એ? કે જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં બંધ રહ્યો નહિ, અબંધતા પ્રગટ થઈ.

હવે પંડિત શ્રી જયચંદજી છંદ કહે છેઃ-

"જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,
ત્યોં મતિહીન જુ રાગ વિરોધ લિયે વિચરે તબ બંધન બાંઢૈ;"

શું કહે છે? કે જો કોઈ પુરુષ ચિકાશવાળા શરીરે-આ તેલ વગેરે શરીરે ચોપડે છે ને? તો તેલ આદિ ચોપડવાથી ચિકાશવાળા શરીરે રજમાં-ધૂળમાં પડે તો તેને રજ-ધૂળ અવશ્ય ચોંટે. આ તો દાખલો આપી સિદ્ધાંત સમજાવે છે.

તેમ કોઈ મતિહીન એટલે કે હું ત્રિકાળ અબદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું એમ ખબર નથી એવો અજ્ઞાની પુરુષ રાગદ્વેષરૂપી ચિકાશ સહિત વિચરે છે-પ્રવર્તે છે તો તેને કર્મરૂપી રજ અવશ્ય ચોંટે છે; તેને અવશ્ય કર્મબંધન થાય છે.

હવે કહે છે-

"પાય સમૈ ઉપદેશ યથારથ રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,
નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ."

શું કીધું? કે પોતે ભગવાન આત્મા વાસ્તવિક ચીજ શું છે? ને આ પર્યાયમાં બંધન કેમ છે? ઈત્યાદિનો યથાર્થ ઉપદેશ મળે ત્યારે તે રાગદ્વેષને છોડીને પોતાના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે. પહેલાં રાગદ્વેષને ચાટતો હતો તે હવે અતીન્દ્રિય આનંદના સ્વાદને અનુભવે છે, ચાટે છે.

જુઓ, આ શરીર, વાણી, મોસંબી, શેરડી કે સ્ત્રીનું શરીર-ઈત્યાદિનો સ્વાદ તો આત્માને હોય નહિ, કેમકે એ બધા જડ પર પદાર્થો છે. તો શું છે? કે એ બાહ્ય પદાર્થોના લક્ષે જે આ રાગ-દ્વેષ કરે છે તેનો એને સ્વાદ આવે છે. અજ્ઞાની અનાદિથી પરલક્ષે થતાં રાગદ્વેષને ચાટે છે. પણ યથાર્થ ઉપદેશ મળે છે ત્યારે તે રાગદ્વેષના સ્વાદને છોડી દઈ ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદને વેદે છે-ચાટે છે એમ કહે છે. સમજાણું કાંઈ...?

'નિજ ચાટૈ' -એમ કીધું ને? એટલે શું? કે અનાદિ સંસારથી માંડીને જ્ઞાન ને આનંદ પોતાનું સ્વરૂપ છે એની એને ખબર નથી. તો પોતાના સ્વરૂપના ભાન વિના પરદ્રવ્યોના લક્ષે તેને પર્યાયમાં નિરંતર રાગદ્વેષરૂપ વિકાર ઊભો થાય છે તેને તે વેદે-અનુભવે છે, ચાટે છે. પણ એ મહા ભયાનક દુઃખનો-ઝેરનો સ્વાદ છે. પણ કોઈ નિકટભવિ જીવ યથાર્થ ઉપદેશને પ્રાપ્ત થઈ પર તરફના વલણને છોડી વિકારના-ઝેરના સ્વાદને છોડી દે છે ત્યારે તેને ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદના અમૃતનો સ્વાદ-અનુભવ થાય છે. આનું નામ ધર્મ છે. 'નિજ ચાટૈ' -એ ધર્મ છે.

આ છોકરાં નાનાં આંગળાં નથી ચાટતાં? એ તો એમ કહેવાય બાકી આંગળાં કોણ ચાટે? એ તો જડ પદાર્થ છે; એને આત્મા કેમ ચાટે? પણ જડ તરફનું વલણ કરીને 'આ ઠીક છે' -એમ રાગને એ ચાટે છે. અહા! અજ્ઞાની બાળ જીવ શુભ ને અશુભ ભાવ કરીને એને વેદે છે-અનુભવે છે-ચાટે છે.

અહા! અંદર સ્વરૂપમાં જાય તો એકલું ત્યાં અમૃત ભર્યું છે. પણ અજ્ઞાનીને સ્વરૂપની ખબર નથી અને તેથી તે રાગાદિને-ઝેરને જ વેદે છે-અનુભવે છે અને હું સુખી છું એમ માને છે. તો વાસ્તવિક શું છે? અહાહા...! યથાર્થ ઉપદેશને પ્રાપ્ત થઈ કોઈ પરદ્રવ્યના નિમિત્તે થતા નૈમિત્તિક ભાવને-વિકારને છોડીને શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં

અંતર્લીન થાય છે ત્યારે તેને શુદ્ધ આત્માનુભૂતિ પ્રગટ થાય છે અને તેમાં તે નિરાકુલ આનંદને વેદે-અનુભવે છે. અહા! આવી નિજાનંદરસલીન દશા તે 'નિજ ચાટૈ' ને તે ધર્મ; બાકી આ કરું ને તે કરું-એ બધા વિકલ્પ અધર્મ છે.

હવે કહે છે- 'નાહિં બંધૈ તબ કર્મસમૂહ' -અહાહા...! અતીન્દ્રિય આનંદનું દળ ચિદ્દ્ઘન ચિત્પિંડ પ્રભુ આત્માના અનુભવની નિજાનંદરસલીન-એવી દશા થાય છે ત્યારે, કહે છે, કર્મબંધન થતું નથી; નવાં કર્મ બંધાતાં નથી, અને જૂનાં ઝરી જાય છે. આ જુઓ તો ખરા અનુભવની દશા! બનારસીદાસે કહ્યું છે ને કે-

અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોખકૌ અનુભવ મોખસરૂપ.

લ્યો, આવું! અનુભવ મોક્ષસ્વરૂપ! હવે વ્યવહાર કરતાં કરતાં કર્મબંધન છૂટે એ ક્યાં રહ્યું? એમ છે જ નહિ.

તો બીજે (પંચાસ્તિકાયમાં) ભિન્ન સાધ્ય-સાધન કહ્યું છે ને?

એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે બાપુ! એક કોર સમયસારની ૧૧મી ગાથામાં કહે કે ભૂતાર્થ ત્રિકાળીના આશ્રયે સમ્યગ્દર્શન થાય, આનંદની અનુભૂતિ થાય ને બીજે (પંચાસ્તિકાયમાં) એમ કહે કે રાગને આશ્રયે થાય-તો એ તો વિરોધ થયો. તો ખરેખર શું વિરોધ છે? ના; આત્માના આશ્રયે ધર્મ થાય એ તો નિશ્ચય યથાર્થ અને રાગના આશ્રયે થાય એમ કહે તે વ્યવહાર-ઉપચાર. આમ યથાર્થ સમજતાં વિરોધ મટી જાય છે. આ રીતે અવિરોધ છે.

અહાહા...! આત્મા પૂર્ણાનંદનો નાથ એક જ્ઞાયકભાવસ્વરૂપ ચૈતન્યમહાપ્રભુ અંદર ભગવાનસ્વરૂપે વિરાજે છે. એનાથી ખસી જઈ અજ્ઞાની અનાદિથી પુણ્ય-પાપના ભાવની મીઠાશમાં રહ્યો છે. તેથી તેને મિથ્યાત્વ ને કષાયનું વેદન થાય છે. અહા! એ દુઃખનું વેદન છે અને એ સંસાર છે. સંસાર બીજી શું ચીજ છે? કષાય અને એનું ફળ જે ચાર ગતિ-તેમાં સંસરવું-ભમવું એ જ સંસાર છે. અહીં કહે છે-પુણ્ય-પાપના ભાવને છોડી અંદરમાં પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવે છે તેને નવાં કર્મ બંધાતાં નથી.

હવે કહે છે- 'આપ ગહૈ પરભાવનિ કાટૈ' - પોતાના શુદ્ધ સ્વરૂપને ગ્રહે છે, પકડે છે ને પરભાવને-કર્મને છેદી નાખે છે. લ્યો, આમ બંધ અધિકારની ૫૧ ગાથાઓનો સંક્ષેપમાં પદ્યદ્વારા જયચંદજીએ સાર કહ્યો.

વાત એમ છે કે અજ્ઞાની જીવને પોતાના આત્માનું આવડું મોટું સ્વરૂપ બેસતું નથી. કોઈક બીજો મોટો ઈશ્વર છે, હજાર હાથવાળો ભગવાન છે એવા ખ્યાલમાં 'હું મહાન ઈશ્વરસ્વરૂપ જ છું' - એમ એને બેસતું નથી. પણ ભાઈ! તને તારી મોટપની ખબર નથી. તારી વર્તમાન વર્તતી જે દશાઓ છે એ તો બધી ઉપર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપરની રમતુ છે. પરંતુ એ પર્યાયોની પાછળ અંદર ત્રિકાળી ધ્રુવતત્ત્વ મહાકસવાળું વિદ્યમાન છે. અહાહા...! જેમાં જ્ઞાનકસ, આનંદકસ, વીર્યકસ ઇત્યાદિ અનંત ગુણનો કસ પૂરણ ભર્યો છે એવું તારું તત્ત્વ નિત્ય વિદ્યમાન છે. અહા! તે અનંતચતુષ્ટયની ઉત્પત્તિનો ગર્ભ છે. અહા! આવી ભગવાન આત્માની અપરિમિત મોટપ છે. અરે! પણ એને એ બેસતું નથી. એને એમ છે કે કોઈ ભગવાન મહાન શિવપદનો દેનારો છે. ભક્તિમાં- સ્તુતિમાં આવે છે ને કે-ભગવાન! અમને શિવપદ દેજો. તો શું ત્યાંથી શિવપદ આવતું હશે? અહીં કહે છે- 'આપ ગહૈ પરભાવનિ કાટૈ'. એ બંધ અધિકાર પૂરો થયો, લ્યો.

આ પ્રમાણે શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર શાસ્ત્ર ઉપર પરમ કૃપાળુ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનોનો સાતમો **બંધ અધિકાર** સમાપ્ત થયો.

[ પ્રવચન નં. ૩૪૩ થી ૩૪૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## - ૮ -

## મોક્ષ અધિકાર

**अथ प्रविशति मोक्षः।**

(शिखरिणी)

**द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बन्धपुरुषौ**
**नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम्।**
**इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं**
**परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते।।१८०।।**

કર્મબંધ સૌ કાપીને, પહોંચ્યા મોક્ષ સુથાન;
નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે મોક્ષ પ્રવેશ કરે છે'.

જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે છે તેમ અહીં મોક્ષતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે. ત્યાં જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે, તેથી અધિકારના આદિમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इदानीम् ] હવે (બંધ પદાર્થ પછી), [ प्रज्ञा–क्रकच–दलनात् बन्ध–पुरुषौ द्विधाकृत्य ] પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ અને પુરુષને દ્વિધા (જુદા જુદા-બે) કરીને, [ पुरुषम् उपलम्भ–एक–नियतम् ] પુરુષને-કે જે પુરુષ માત્ર *અનુભૂતિ વડે જ નિશ્ચિત છે તેને- [ साक्षात् मोक्षं नयत् ] સાક્ષાત્ મોક્ષ પમાડતું થકું, [ पूर्णं ज्ञानं विजयते ] પૂર્ણ જ્ઞાન જયવંત પ્રવર્તે છે. કેવું છે તે જ્ઞાન? [ उन्मज्जत्–सहज–परम–आनन्द–सरसं ] પ્રગટ થતા સહજ પરમ આનંદ વડે સરસ અર્થાત્ રસયુક્ત છે, [ परं ] ઉત્કૃષ્ટ છે, અને [ कृत–सकल–कृत्यं ] કરવાયોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે (-જેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી) એવું છે.

**ભાવાર્થઃ-** જ્ઞાન બંધ-પુરુષને જુદા કરીને, પુરુષને મોક્ષ પમાડતું થકું, પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીને જયવંત પ્રવર્તે છે. આમ જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું કહેવું તે જ મંગળવચન છે. ૧૮૦.

---

* જેટલું સ્વરૂપ-અનુભવન છે તેટલો જ આત્મા છે.

## ગાથા ૨૮૮ થી ૨૯૦

जह णाम को वि पुरिसो बंधणयम्हि चिरकालपडिबद्धो।
तिव्वं मंदसहावं कालं च वियाणदे तस्स।। २८८।।

जइ ण वि कुणदि च्छेदं ण मुच्चदे तेण बंधणवसो सं।
कालेण उ बहुगेण वि ण सो णरो पावदि विमोक्खं।। २८९।।

इय कम्मबंधणाणं एदेसठिइपयडिमेवमणुभागं।
जाणंतो वि ण मुच्चदि मुच्चदि सो चेव जदि सुद्धो।। २९०।।

यथा नाम कश्चित्पुरुषो बन्धनके चिरकालप्रतिबद्धः।
तीव्रमन्दस्वभावं कालं च विजानाति तस्य।। २८८।।

यदि नापि करोति छेदं न मुच्यते तेन बन्धनवशः सन्।
कालेन तु बहुकेनापि न स नरः प्राप्नोति विमोक्षम्।। २८९।।

इति कर्मबन्धनानां प्रदेशस्थितिप्रकृतिमेवमनुभागम्।
जानन्नपि न मुच्यते मुच्यते स चैव यदि शुद्धः।। २९०।।

હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી–એમ કહે છેઃ–

**જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,**
**તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો, ૨૮૮.**

**પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,**
**ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.**

**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

**ગાથાર્થઃ-** [ यथा नाम ] જેવી રીતે [ बन्धनके ] બંધનમાં [ चिरकालप्रतिबद्धः ] ઘણા કાળથી બંધાયેલો [ कश्चित् पुरुषः ] કોઈ પુરુષ [ तस्य ] તે બંધનના [ तीव्रमन्दस्वभावं ]

તીવ્ર-મંદ (આકરા-ઢીલા) સ્વભાવને [ कालं च ] અને કાળને (અર્થાત્ આ બંધન આટલા કાળથી છે એમ) [ विजानाति ] જાણે છે, [ यदि ] પરંતુ જો [ न अपि छेदं करोति ] તે બંધનને પોતે કાપતો નથી [ तेन न मुच्यते ] તો તેનાથી છૂટતો નથી [ तु ] અને [ बन्धनवशः सन् ] બંધનવશ રહેતો થકો [ बहुकेन अपि कालेन ] ઘણા કાળે પણ [ सः नरः ] તે પુરુષ [ विमोक्षम् न प्राप्नोति ] બંધનથી છૂટવારૂપ મોક્ષને પામતો નથી; [ इति ] તેવી રીતે જીવ [ कर्मबन्धनानां ] કર્મ-બંધનોનાં [ प्रदेशस्थितिप्रकृतिम् एवम् अनुभागम् ] પ્રદેશ, સ્થિતિ, પ્રકૃતિ તેમ જ અનુભાગને [ जानन् अपि ] જાણતાં છતાં પણ [ न मुच्यते ] (કર્મબંધથી) છૂટતો નથી, [ च यदि सः एव शुद्धः ] પરંતુ જો પોતે (રાગાદિને દૂર કરી) શુદ્ધ થાય [ मुच्यते ] તો જ છૂટે છે.

**ટીકાઃ-** આત્મા અને બંધનું દ્વિધાકરણ (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા) તે મોક્ષ છે. 'બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ છે (અર્થાત્ બંધના સ્વરૂપને જાણવામાત્રથી જ મોક્ષ થાય છે)' એમ કેટલાક કહે છે, તે અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી (-આ કથનથી), જેઓ કર્મબંધના પ્રપંચની (-વિસ્તારની) રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને ઉત્થાપવામાં આવે છે.

**ભાવાર્થઃ-** બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે એમ કોઈ અન્યમતી માને છે. તેમની એ માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું. જાણવામાત્રથી જ બંધ નથી કપાતો, બંધ તો કાપવાથી જ કપાય છે.

* * *

## મોક્ષ અધિકાર

વચનિકાકાર શ્રી જયચંદજી મંગલાચરણ કરે છેઃ-

કર્મબંધ સૌ કાપીને, પહોંચ્યા મોક્ષ સુથાન;
નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.

અહાહા...! શું કહે છે? કે જેટલા સિદ્ધ પરમાત્મા થયા તે બધાય સમસ્ત કર્મનો નાશ કરીને થયા છે. અહા! તેઓ સમસ્ત દુઃખનો સંપૂર્ણ નાશ કરીને પરિપૂર્ણ આનંદની દશાને પ્રાપ્ત થયા છે. તે સિદ્ધ ભગવંતોને હું નમસ્કાર કરીને અમ્લાન એટલે નિર્મળ નિર્વિકાર નિજ આત્માનું ધ્યાન કરું છું. અહા! અંદરમાં સિદ્ધ સમાન શુદ્ધ નિશ્ચય આત્મદ્રવ્યનું ધ્યાન કરું છું ને બહારમાં ભગવાન સિદ્ધનું ધ્યાન કરું છું. લ્યો, આવી વાત છે!

હવે, પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કેઃ- 'હવે મોક્ષ પ્રવેશ કરે છે.' મોક્ષ એ પર્યાય છે; એ ત્રિકાળી વસ્તુ નથી. જેમ સંસાર વિકારી ભેખ છે, ને મોક્ષમાર્ગ અંશે નિર્મળ ભેખ છે તેમ મોક્ષ છે એ પૂરણ આનંદની દશાનો ભેખ છે. જેટલી કોઈ નવી નવી અવસ્થાઓ થાય છે તે બધા ભેખ-સ્વાંગ છે. મોક્ષ એક સ્વાંગ છે. અને કાયમ રહેનારું તત્ત્વ તો ત્રિકાળી એક ધ્રુવ ચિન્માત્રસ્વરૂપ પ્રભુ આત્મા છે.

જેમ નૃત્યના અખાડામાં-નાટકમાં સ્વાંગ એટલે નાટક કરનારો પ્રવેશ કરે છે તેમ અહીં મોક્ષ તત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે. ત્યાં જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે. શું કીધું? કે શુદ્ધ ચિદાનંદસ્વરૂપ પ્રભુ આત્માનું જ્ઞાન આસ્રવ, બંધ, સંવર, નિર્જરા મોક્ષ આદિ બધા ભેખોને-સ્વાંગોને જાણે છે. આગળ ગાથા ૩૨૦માં લેશે કે જ્ઞાન આ બધા સ્વાંગને જાણે છે. તેથી અધિકારના આદિમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છેઃ-

## * કળશ ૧૮૦-શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'इदानीम्' હવે 'प्रज्ञा-क्रकच-दलनात् बन्ध-पुरुषौ द्विधाकृत्य' પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ અને પુરુષને દ્વિધા કરીને,...

શું કહે છે? હવે એટલે બંધ પદાર્થ પછી પ્રજ્ઞારૂપી કરવત વડે એટલે અંતઃસન્મુખ વળેલી વર્તમાન જ્ઞાનદશારૂપી કરવત વડે વિદારણ દ્વારા પુરુષ કહેતાં આત્મા અને રાગને-બંધને છેદી જુદા પાડવામાં આવે છે. અહાહા...! શું કીધું? કે જેમ લાકડાને કરવત વડે છેદતાં બે ટુકડા થઈ જાય તેમ પ્રજ્ઞારૂપી કરવત વડે છેદતાં આત્મા અને રાગ જુદા પડી જાય છે. બંધ એટલે રાગ અર્થાત્ વ્યવહારભાવ અને આત્મા-નિશ્ચય શુદ્ધ વસ્તુ બન્ને પ્રજ્ઞાકરવતથી છેદતાં ભિન્ન પડી જાય છે. અહા! બંધ અને આત્મા-બે ભિન્ન ચીજ છે; એને પોતાના જ્ઞાનમાં ભિન્ન જાણવાં એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ...?

પુરુષાર્થસિદ્ધયુપાયમાં પોતાની જે જ્ઞાનાનંદ ચેતના તેને જે સેવે તેને પુરુષ કહ્યો છે. આ પુરુષનું શરીર તે પુરુષ એમ નહિ; એ તો જડ માટી-ધૂળ છે. અને જે અનાદિથી પુણ્ય-પાપની સેવા કરે છે તેય પુરુષ નહિ; એને નપુંસક કહ્યો છે. અહા! જે પોતાની શુદ્ધ જ્ઞાન-ચેતનાને સેવે છે તે પુરુષ કહેતાં આત્મા છે.

અહીં કહે છે-અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો પિંડ પ્રભુ આત્મા અને પર્યાયમાં થતાં પુણ્ય-પાપનો-રાગનો સમૂહ, રાગગ્રામ-એ બન્નેને જુદા કરીને, 'पुरुषम् उपलम्भएक-नियतम्' પુરુષને-કે જે પુરુષ માત્ર અનુભૂતિ વડે જ નિશ્ચિત છે તેને- 'साक्षात् मोक्षं नयत्' સાક્ષાત્ મોક્ષ પમાડતું થકું, 'पूर्णं ज्ञानं विजयते' પૂર્ણ જ્ઞાન જયવંત પ્રવર્તે છે.

શું કહે છે? કે જેટલા કોઈ રાગાદિના વિકલ્પ છે એનાથી ભગવાન આત્માને

ભિન્ન જાણીને, રાગનું લક્ષ છોડી, રાગથી અધિક જે વસ્તુ અંદર જ્ઞાનસ્વરૂપ છે તેમાં ઢળતાં જે અનુભૂતિ થઈ તે અનુભૂતિ વડે ભગવાન આત્મા નિશ્ચિત થાય છે, પ્રાપ્ત થાય છે. રાગ વડે કે વ્યવહાર વડે આત્મા પ્રાપ્ત થાય છે એમ છે નહિ. જેનાથી આત્મા ભિન્ન પાડવો છે એનાથી કેમ પ્રાપ્ત થાય? રાગથી-વ્યવહારથી તો આત્મા ભિન્ન કરવો છે, તો એનાથી આત્મા કેમ પ્રાપ્ત થાય? ન થાય.

લોકો રાડું નાખે છે કે-વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. એને કહે છે-ભાઈ! વ્યવહાર ને નિશ્ચય બન્ને છે ખરા! પણ બન્નેને જુદા કરવા એનું નામ ધર્મ છે. શું થાય? આ પ્રરૂપણા જ નહોતી ને! એટલે આ કરવું ને તે કરવું એમ વ્યવહારની પદ્ધતિ-પ્રથા થઈ ગઈ. પણ ભાઈ! પુણ્ય-પાપના વિકલ્પ એ રાગ છે, ને રાગ છે એ બંધ છે. એનાથી ભિન્ન પડી અબંધસ્વરૂપ ભગવાન આત્માની અનુભૂતિથી આત્મા પ્રાપ્ત થાય છે એમ અહીં કહે છે.

અહાહા...! પુરુષ ને બંધને પ્રજ્ઞા વડે છેદીને, પુરુષને મોક્ષ પમાડતું થકું, પૂર્ણ જ્ઞાન જયવંત પ્રવર્તે છે. ભગવાન આત્મા દ્રવ્યરૂપથી-શક્તિરૂપથી સ્વભાવે તો સદા મોક્ષસ્વરૂપ જ છે. તેને પર્યાયમાં મોક્ષ પમાડતું અર્થાત્ અબંધદશાને પમાડતું પૂર્ણ જ્ઞાન એટલે કેવલજ્ઞાન જયવંત પ્રવર્તે છે. અહા! મોક્ષદશામાં જ્ઞાનની પૂર્ણતા જયવંત વર્તે છે; અર્થાત્ એવું ને એવું પૂર્ણજ્ઞાન સાદિ-અનંત કાળ સુધી પ્રગટ થયા જ કરે છે. મોક્ષ થયા પછી હવે એમાં અપૂર્ણતા થશે નહિ એમ કહે છે.

હવે કહે છે- કેવું છે તે જ્ઞાન? 'उन्मज्जत्–सहज–परम–आनन्द–सरसं' પ્રગટ થતા સહજ પરમ આનંદ વડે સરસ અર્થાત્ રસયુક્ત છે,... ...

'उन्मज्जत्' —કીધું ને! એટલે કે અંદર શક્તિરૂપે જે કેવલજ્ઞાન હતું તે પર્યાયમાં પ્રગટ થયું છે. શું કીધું એ? કે કેવળજ્ઞાન પર્યાયમાં નહોતું, શક્તિરૂપે અંદર હતું તે શક્તિના પિંડમાં અંતર-એકાગ્ર થતાં પર્યાયમાં પ્રગટ થયું. સમજાણું કાંઈ... ...!

અહા! તે કેવલજ્ઞાન સહજ પરમ આનંદ વડે સરસ છે, રસયુક્ત છે. આપણે નથી કહેતા કે આ વસ્તુ સરસ છે? 'સરસ' એટલે કે આનંદ પમાડે તેવું રસયુક્ત, અહા! મોક્ષમાં કેવલજ્ઞાન સર્વોત્કૃષ્ટ સહજ આનંદના રસથી ભરેલું છે. અર્થાત્ કેવળજ્ઞાન અતીન્દ્રિય આનંદના રસથી સહિત છે.

વળી તે (-કેવલજ્ઞાન) 'परं' ઉત્કૃષ્ટ છે, અને 'कृत–सकल–कृत्यं' કરવાયોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે એવું છે.

શું કીધું? કે સકલ કર્મનો નાશ થઈ જવાથી પર્યાયમાં પણ કાર્યની પૂર્ણતા થઈ ગઈ તેથી કરવાનું કાંઈ બાકી રહ્યું નહિ એવું પૂરણ જ્ઞાન છે. અહીં તો લોકોને મરવાનું ટાણું આવે ત્યાં સુધી 'આ છોડી કુંવારી રહી ગઈ', 'આટલું કરવાનું હજી

બાકી રહી ગયું' -એમ થયા જ કરે છે. અહા! સંસારમાં કેટલો કાળ ગાળવો છે પ્રભુ? ત્યાં તારાં છોતાં નીકળી જશે ભાઈ! અહીં જો, આ તારો આત્મા ભગવાન નામ જ્ઞાન ને આનંદની લક્ષ્મીનો ભંડાર છે. બાકી તો બધાં થોથેથોથાં છે. સમજાણું કાંઈ...?

## * કળશ ૧૮૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જ્ઞાન, બંધ-પુરુષને જુદા કરીને પુરુષને મોક્ષ પમાડતું થકું, પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીને જયવંત પ્રવર્તે છે.'

જ્ઞાન કહેતાં અંદર વળેલું જ્ઞાન બંધ ને પુરુષને જુદા કરી દે છે. શું કીધું? રાગથી ભિન્ન પડીને જે પ્રજ્ઞા સ્વસ્વરૂપને અનુભવે છે તે બંધને ને આત્માને જુદા કરી નાખે છે. અહા! તે જ્ઞાન આત્માને મોક્ષ પમાડતું થકું પોતાનું સંપૂર્ણ સ્વરૂપ જે કેવલજ્ઞાન તેને પ્રગટ કરીને સદા જયવંત પ્રવર્તે છે. શક્તિરૂપે અંદર જે અનંતજ્ઞાન ને આનંદ હતાં તે શક્તિવાનમાં એકાગ્રતાના ધ્યાનથી પર્યાયમાં પ્રગટ થયાં અને તે હવે જયવંત પ્રવર્તે છે અર્થાત્ સદા એવાને એવાં રહે છે. હવે અપૂર્ણતા થાય ને એને નવો અવતાર ધરવો પડે એમ છે નહિ.

'આમ જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું કહેવું તે જ મંગલ વચન છે.' લ્યો, આત્માનું જ્ઞાન સર્વોકૃષ્ટ છે એ જ મંગળવચન છે. આવી વાત છે!

## સમયસાર ગાથા ૨૮૮-૨૮૯-૨૯૦ મથાળું.

હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી-એમ કહે છેઃ-

## ગાથા ૨૮૮-૨૮૯-૨૯૦ : ટીકા ઉપરનું પ્રવચન

'આત્મા અને બંધનું દ્વિધાકરણ તે મોક્ષ છે.'

આત્મા અને બંધને જુદા જુદા કરવા એનું નામ મોક્ષ છે. 'મોક્ષ' શબ્દ છે ને? એમાં 'મૂકાવું' -એમ અપેક્ષા છે. અહા! બંધથી મૂકાવું એનું નામ મોક્ષ છે. બંધથી મૂકાવું ને સ્વરૂપમાં રહેવું એનું નામ તે મોક્ષ. પરભાવથી મૂકાવું એમ અર્થ લઈને અહીં દ્વીધાકરણ કહ્યું છે. ભાઈ! આ માથે સિદ્ધશિલા ઉપર લટકવું એ કાંઈ મોક્ષ નથી. મોક્ષ એટલે જ્ઞાનાનંદ સ્વરૂપી ભગવાન આત્મા, બંધની-દુઃખની દશા જે પરવસ્તુ છે એનાથી ભિન્ન પડીને એક આનંદરસકંદ પ્રભુ આત્મામાં રહેવું તે મોક્ષ છે. પર્યાયમાં પરમ આનંદનો લાભ થાય એનું નામ મોક્ષ છે-એમ નિયમસારમાં કહ્યું છે. અ હા હા...! પૂર્ણ ચૈતન્યઘન પ્રભુ આત્માની સમ્યગ્દર્શનમાં પ્રતીતિ કરી, કેવલજ્ઞાનમાં પૂરણ ઉપલબ્ધિ કરવી એનું નામ મોક્ષ છે. શ્રીમદે કહ્યું છે ને કે-

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા જે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકલ માર્ગ નિર્ગ્રંથ."

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મામાં અનાદિથી પર્યાયમાં વિકારનો સંબંધ છે તે બંધ અને સંસાર છે. અહા! જ્યારે તે કર્મ-વિકારથી મુક્ત પૂર્ણ અબંધ થઈ જાય ત્યારે પૂર્ણ જ્ઞાન ને આનંદની દશા પ્રગટ થાય છે અને એનું નામ મોક્ષ છે.

'બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ છે એમ કેટલાક કહે છે, તે અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી, કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર કર્મબંધથી છૂટવાનું કારણ નથી.'

જોયું? આ દાખલો આપ્યો કે-આ બંધ છે, આ પ્રકારે બેડીથી બંધાયેલો છું-એટલું માત્ર જાણે એટલે કાંઈ બંધથી-બેડીથી છૂટે? ન છૂટે. તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી. બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી મોક્ષ થાય એમ માનવું અસત્ છે. હવે કહે છે-

'આથી જેઓ કર્મબંધના પ્રપંચની રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને ઉત્થાપવામાં આવે છે.'

આટલી પ્રકૃતિનો બંધ છે, આટલી કર્મપ્રકૃતિ સત્તામાં છે, કુલ ૧૪૮ પ્રકૃતિ છે એમાંથી સમકિતીને ૪૧ કર્મપ્રકૃતિનો બંધ પડતો નથી. કર્મબંધ ચાર પ્રકારે છે; એમાં અનુભાગ અને સ્થિતિબંધ કષાયથી પડે છે તથા પ્રકૃતિ ને પ્રદેશબંધનું કારણ યોગ છે. આમ કર્મબંધના વિસ્તારના જ્ઞાનમાત્રથી જે સંતુષ્ટ છે તેમનો મોક્ષ થતો નથી. આ પ્રકૃતિ આમ છે ને આ કર્મની આટલી સ્થિતિ છે ઇત્યાદિ જાણવાથી શું ધર્મ થયો? રાગ અને આત્માને ભિન્ન પાડે ત્યારે એને ધર્મ થાય છે, અને તે બંધથી છૂટે છે; માત્ર બંધના પ્રપંચને જાણવામાત્રથી કાંઈ નથી.

## * ગાથા ૨૮૮ થી ૨૯૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે એમ કોઈ અન્યમતી માને છે. તેમની એ માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું.

બંધ એ રાગ છે અને રાગ છે તે વ્યવહાર છે. તેને જાણવામાત્રથી મોક્ષ છે એમ કોઈ અન્યમતી માને છે. તેની એ માન્યતા યથાર્થ નથી એમ આ કથનથી જાણવું. બંધને જાણવામાત્રથી જ મુક્તિ ન થાય. તો કેવી રીતે થાય? તો કહે છે-

'જાણવામાત્રથી જ બંધ નથી કપાતો, બંધ તો કાપવાથી જ કપાય છે'

લ્યો, બંધ તો કાપવાથી-છેદવાથી કપાય છે, છેદાય છે. અહાહા...! અંદર શુદ્ધ દ્રષ્ટિ અને રમણતા કરે તો બંધ કપાય. પ્રજ્ઞાથી રાગને દ્વિધા-ભિન્ન કરે ને સ્વરૂપને

અનુભવે તો બંધ કપાય. શુદ્ધને અનુભવતાં શુદ્ધતા થાય, અબંધ થાય; પણ અશુદ્ધતા કરતાં કરતાં શુદ્ધતા-અબંધતા ત્રણકાળમાંય ન થાય. બંધના સ્વરૂપના વિકલ્પમાત્ર કરવાથી જ બંધ કદીય ન કપાય. લ્યો, આવી વાત છે.

## સમયસાર ગાથા ૨૯૧ : મથાળું

બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ હવે કહે છેઃ-

## * ગાથા ૨૯૧ : ટીકા ઉપરનું પ્રવચન *

'બંધસંબંધી વિચારશૃંખલા મોક્ષનું કારણ છે-એમ બીજા કેટલાક કહે છે, તે પણ અસત્ છે;... ...'

જોયું? બંધ સંબંધી વિચારશૃંખલા એટલે શુભભાવની ધારા એ મોક્ષનું કારણ છે-એમ કેટલાક કહે છે તે અસત્ છે એમ કહે છે. આ હું બંધનમાં છું' મિથ્યાત્વ અને રાગાદિભાવ તે બંધ છે-એવા વિચાર કર્યા કરે એનાથી બંધ કપાય એમ કોઈ માને તો એ સાચું નથી-એમ કહે છે. બંધન આમ છે, ને એમાં આટલી પ્રકૃતિઓનો આ ગુણસ્થાને ઉદય હોય છે, આટલી પ્રકૃતિઓનો બંધ પડે છે ને આટલી સત્તામાં હોય છે-ઇત્યાદિ વિચારો કરવા એ શુભરાગ છે ને એનાથી કાંઈ આત્મા બંધથી છૂટતો નથી.

'કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી, કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને તે બંધ સંબંધી વિચારશૃંખલા બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધ સંબંધી વિચારશૃંખલા કર્મબંધથી છૂટવાનું કારણ નથી'

અન્ય સંપ્રદાયમાં તો કર્મના જાણનારાને મોટે જ્ઞાની કહે છે. અરે ભાઈ! કર્મનો બંધ, સત્તા, ઉદય ઇત્યાદિ જાણવામાં ધર્મ શું થયો! બાપુ! એ તો શુભરાગ છે. એનાથી ધર્મ કેમ થાય! ત્રણકાળમાં ન થાય. ભાઈ! સમ્યગ્દર્શન જે ધર્મનું પહેલું પગથિયું તે થવામાં પોતાના ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્યની અપેક્ષા છે. આ સિવાય બીજા કશાયનીય અપેક્ષા નથી, બીજા બધાની તો વાસ્તવમાં ઉપેક્ષા જ છે.

આગળ સમયસારમાં એ આવી ગયું કે શુદ્ધને (એક જ્ઞાયકને) જાણતાં શુદ્ધતાને (પર્યાયમાં શુદ્ધતાને) પામે અને અશુદ્ધને (-વિકારને ને પરદ્રવ્યને) જાણતાં અશુદ્ધતાને પામે. ભાઈ! અહીં તો સ્વભાવની દૃષ્ટિ કરીને શુદ્ધ-અશુદ્ધને (સ્વભાવ-વિભાવને) જુદા પાડે ત્યારે આત્મા બંધનથી છૂટે છે એમ વાત કહેવી છે.

'આથી કર્મસંબંધી વિચારશૃંખલાત્મક વિશુદ્ધ (-શુભ) ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે તેમને સમજાવવામાં આવે છે.'

'વિશુદ્ધ ધર્મધ્યાન' એટલે શુભભાવ જે પુણ્યબંધનું કારણ છે એને અહીં ધર્મધ્યાન કહ્યું છે. અહીં આ શબ્દ જરી અટપટો (નામથી) વ્યવહાર ધર્મધ્યાનના અર્થમાં વાપર્યો છે. નિયમસારમાં આવે છે કે-નિશ્ચય ધર્મધ્યાન ને વ્યવહાર ધર્મધ્યાન-બન્ને ભિન્ન છે. શુદ્ધ આત્માના આશ્રયે શુદ્ધતા પ્રગટ થાય તે નિશ્ચય ધર્મધ્યાન છે ને (કર્મ આદિ) પરલક્ષે શુભભાવ થાય તે વ્યવહાર ધર્મધ્યાન છે. વર્તમાનમાં લોકોમાં આ મોટો ગોટો ઊઠયો છે-કે શુભભાવથી ધર્મ થાય. પણ ભાઈ! શુભભાવ એ નિશ્ચયથી તો આર્તધ્યાન છે, એ ધર્મધ્યાન કેવું? જુઓને! અહીં આ સ્પષ્ટ કહ્યું છે કે- 'વિશુદ્ધ ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે.......' અહાહા...! શુભભાવથી ધર્મ માનનારા, અહા! શુભભાવથી બંધન છૂટશે એમ માનનારા અંધ એટલે આંધળા છે એમ કહે છે.

અરે ભાઈ! જેઓ શુભભાવમાં ગળા સુધી ગરી-ડૂબી ગયા છે એવા જીવોને અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો ગોળો ચૈતન્યમહાપ્રભુ પોતે છે એની ખબર સુદ્ધાં નથી. અંધ બુદ્ધિ છે ને? અહા! શુભભાવથી ભિન્ન ચૈતન્યમય હું પરમાત્મદ્રવ્ય છું-એ ભાસતું નથી. શુભભાવની આડમાં એને આખો પરમાત્મા ભાસતો નથી. આવે છે ને કે-

'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.'

એમ શુભભાવની આડમાં પોતાના ભગવાનને એ ભાળતો નથી

વળી કોઈ કહે છે-આ સમયસાર તો મુનિઓ માટે છે. એમ કે એનો સ્વાધ્યાય ગૃહસ્થો માટે નથી.

પણ ભાઈ! અહીં તો આ સ્પષ્ટ લખ્યું કે શુભભાવથી અંધ છે બુદ્ધિ જેમની તેમને સમજાવવામાં આવે છે. અહા! જેઓ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કર્મનો વિચાર કર્યા કરવો ઇત્યાદિ શુભરાગમાં-વ્યવહારમાં જ મૂઢ છે (નિશ્ચયને જાણતા નથી) એવા જીવોને આ સમયસાર સમજાવવામાં આવે છે. ભાઈ! તારી વાતમાં બહુ ફેર છે બાપા!

નિશ્ચયને જાણતાં વ્યવહારને જાણે એ તો જ્ઞાની છે. વ્યવહારનો રાગ છે એનાથી ભિન્ન પડીને શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્માનો અનુભવ કરે છે તે વ્યવહારનો યથાર્થ જાણનારો છે. પણ અહીં તો શુભમાં-વ્યવહારમાં અંધ છે બુદ્ધિ જેની એવા મૂઢ અજ્ઞાનીને સમજાવવામાં આવે છે. (જ્ઞાનીને-મુનિને ક્યાં સમજાવવો છે? એને તો એવો સ્વાધ્યાયનો રાગ આવે છે બસ એટલું જ).

અહા! કર્મના આઠ ભેદ, એની ૧૪૮ પ્રકૃતિ, એનાં બંધ, સત્તા, ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ ઇત્યાદિ બધું સર્વજ્ઞની વાણી સિવાય બીજે ક્યાંય છે નહિ. અહા! આવા સર્વજ્ઞના માર્ગમાં પણ કર્મપ્રકૃતિ સંબંધી વિચારશૃંખલામાં જ રોકાઈ જાય તેઓ, અહીં કહે છે, શુભભાવમાં આંધળા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઈશ્વરને કર્તા માનનારા, વળી બીજા પ્રકૃતિ ઈશ્વરની શક્તિઓ છે એમ માનનારા અને એના વિના ઈશ્વરને પણ ચાલે નહિ એમ માનનારા-એ બધાની અહીં વાત નથી કેમકે તે જીવો તો સ્થૂળ વિપરીત દૃષ્ટિ છે જ.

ઘણાં વર્ષ પહેલાંની આ વાત છે. મોરબી પાસે એક ગામ છે. ત્યાં એક શક્તિનું મંદિર છે. તેમાં એક બાવો રહે. અમે ત્યાં ગયેલા ત્યારે એ બાવો કહે-ભગવાનને પણ આ (અમારી આ શક્તિદેવી) શક્તિ વિના ચાલે નહિ. ત્યારે એને કહેલું-આ ભગવાન આત્મા ચૈતન્યમહાપ્રભુ ઈશ્વર છે, અને તેને જ્ઞાન ને આનંદ ઇત્યાદિ અનંત શક્તિ છે. એને એ શક્તિ વિના ચાલે નહિ. મતલબ કે એ શક્તિમાં અંતર્લીન થયા વિના ચાલે નહિ. અજ્ઞાનીઓ માને છે એ શક્તિય નહિ અને એ ઈશ્વરેય નહિ. (એ તો અસત્ કલ્પનામાત્ર છે.)

અહીં કહે છે-શક્તિવાન એવા પોતાના ભગવાન આત્માનો આશ્રય છોડી દઈને કર્મબંધનના વિચારો-શુભભાવ કે જેનાથી પુણ્ય બંધાય છે તે-કર્યા કરે છે તે અંધ છે, કેમકે એ શુભભાવને જ દેખે છે, પણ એનાથી ભિન્ન અંદર ભગવાન આત્મા છે એને દેખતો નથી. અહા! એવા અંધ મિથ્યાદૃષ્ટિઓને, અહીં કહે છે, સમજાવવામાં આવે છે. સમજાણું કાંઈ...?

## * ગાથા ૨૯૧ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'કર્મબંધની ચિંતામાં મન લાગ્યું રહે તોપણ મોક્ષ થતો નથી. એ તો ધર્મધ્યાનરૂપ શુભ પરિણામ છે.'

જોયું? શુભ પરિણામને અહીં ધર્મધ્યાન કહ્યું-એ વ્યવહાર છે. 'જેઓ કેવળ શુભ પરિણામથી જ મોક્ષ માને છે તેમને અહીં ઉપદેશ છે કે-શુભ પરિણામથી મોક્ષ થતો નથી.'

લ્યો, આ સ્પષ્ટ વાત કહી કે-વ્યવહાર કે જે શુભરાગરૂપ છે એનાથી મોક્ષ થતો નથી. ભગવાન સર્વજ્ઞદેવે કહેલી કર્મવ્યવસ્થાની વિચારધારામાં રહ્યા કરવું એ શુભરાગ છે, પુણ્યબંધનું કારણ છે, પણ એનાથી સમક્તિ આદિ ધર્મ થતો નથી. શુભથી મિથ્યાત્વનો છેદ તો થતો નથી પણ શુભને ધર્મ કે ધર્મનું કારણ માને તો મિથ્યાત્વનું બંધન થાય છે.

અહા! શુભથીય ભિન્ન પડી અંદર વસ્તુ જેવી ત્રિકાળ શુદ્ધ છે એનો આશ્રય કરે એને મિથ્યાત્વનું બંધન છેદાઈ જાય છે; તેને મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો બંધ થતો નથી.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૨૯૧

**जह बंधे चिंतंतो बंधणबद्धो ण पावदि विमोक्खं।
तह बंधे चिंतंतो जीवो वि ण पावदि विमोक्खं।। २९१।।**

**यथा बन्धांश्चिन्तयन् बन्धनबद्धो न प्राप्नोति विमोक्षम्।
तथा बन्धांश्चिन्तयन् जीवोऽपि न प्राप्नोति विमोक्षम्।। २९१।।**

બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ હવે કહે છેઃ–

**બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધચિંતાથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ बन्धनबद्धः ] બંધનથી બંધાયેલો પુરુષ [ बन्धान् चिन्तयन् ] બંધોના વિચાર કરવાથી [ विमोक्षम् न प्राप्नोति ] મોક્ષ પામતો નથી ( અર્થાત્ બંધથી છૂટતો નથી ), [ तथा ] તેમ [ जीवः अपि ] જીવ પણ [ बन्धान् चिन्तयन् ] બંધોના વિચાર કરવાથી [ विमोक्षम् न प्राप्नोति ] મોક્ષ પામતો નથી.

**ટીકાઃ-** ‘ બંધ સંબંધી વિચારશૃંખલા મોક્ષનું કારણ છે ’ એમ બીજા કેટલાક કહે છે, તે પણ અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને તે બંધ સંબંધી વિચારશૃંખલા ( –વિચારની પરંપરા ) બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધ સંબંધી વિચારશૃંખલા કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી ( –આ કથનથી ), કર્મબંધ સંબંધી વિચારશૃંખલાત્મક વિશુદ્ધ ( –શુભ ) ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે તેમને સમજાવવામાં આવે છે.

**ભાવાર્થઃ-** કર્મબંધની ચિંતામાં મન લાગ્યું રહે તોપણ મોક્ષ થતો નથી. એ તો ધર્મધ્યાનરૂપ શુભ પરિણામ છે. જેઓ કેવળ શુભ પરિણામથી જ મોક્ષ માને છે તેમને અહીં ઉપદેશ છે કે–શુભ પરિણામથી મોક્ષ થતો નથી.

❈ ❈ ❈

## ગાથા-૨૯૨

**कस्तर्हि मोक्षहेतुरिति चेत्-**

**जह बंधे छेत्तूण य बंधणबद्धो दु पावदि विमोक्खं।**
**तह बंधे छेत्तूण य जीवो संपावदि विमोक्खं।। २९२।।**

**यथा बन्धांश्छित्वा च बन्धनबद्धस्तु प्राप्नोति विमोक्षम्।**
**तथा बन्धांश्छित्वा च जीवः सम्प्राप्नोति विमोक्षम्।। २९२।।**

"(જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી) તો મોક્ષનું કારણ કયું છે?" એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છેઃ-

**બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.**

**ગાથાર્થઃ-** [ यथा च ] જેમ [ बन्धनबद्धः तु ] બંધનથી બંધાયેલો પુરુષ [ बन्धान् छित्वा ] બંધોને છેદીને [ विमोक्षम् प्राप्नोति ] મોક્ષ પામે છે, [ तथा च ] તેમ [ जीवः ] જીવ [ बन्धान् छित्वा ] બંધોને છેદીને [ विमोक्षम् सम्प्राप्नोति ] મોક્ષ પામે છે.

**ટીકાઃ-** કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે. આથી (-આ કથનથી), પૂર્વે કહેલા બન્નેને (-જેઓ બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને અને જેઓ બંધના વિચાર કર્યા કરે છે તેમને-) આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા પ્રત્યે લગાડવામાં-જોડવામાં-ઉદ્યમ કરાવવામાં આવે છે).

* * *

## સમયસાર ગાથા ૨૯૨ : મથાળું

જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી તો મોક્ષનું કારણ કયું છે? એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છેઃ-

# * ગાથા ૨૯૨ : ટીકા ઉપરનું પ્રવચન *

'કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે, કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે.'

જુઓ, શું કીધું? કે કર્મથી બંધાયેલાને તેનો છેદ એટલે કે (અસ્તિથી કહીએ તો) શુદ્ધાત્મા તરફનો ઝુકાવ એ મોક્ષનું કારણ છે, રાગનો બંધનો નાશ એ નાસ્તિથી વાત છે, તો અસ્તિ શું છે? તો કહે છે - જેમાં રાગ નથી એવા વીતરાગસ્વભાવી એક ચૈતન્યમય આત્માનો આશ્રય કરે તે મોક્ષનું કારણ છે. સમયસાર ગાથા ૧૪, ૧૫ માં આવે છે કે - અબદ્ધસ્પૃષ્ટ એવા નિજ આત્માને દેખે અને અનુભવે તેને બંધનો છેદ થાય છે.

કર્મથી છૂટવું એ નિમિત્તની અપેક્ષાએ કથન છે, વિકારથી છૂટવું એ અશુદ્ધ ઉપાદાનની અપેક્ષાએ વાત છે અને શુદ્ધ ઉપાદાનથી કહીએ તો ભગવાન અબદ્ધસ્પૃષ્ટ આત્માને અનુભવ કરે તેને મોક્ષ થાય છે. અહા! શુદ્ધ ઉપાદાનનો આશ્રય કરતાં વિકાર ઉત્પન્ન થતો નથી તો એણે વિકારનો છેદ કર્યો એમ કહેવામાં આવે છે. જેવી ચીજ અંદર અબદ્ધસ્પૃષ્ટ મોક્ષસ્વરૂપ છે તેવા એ ચીજના આશ્રયે અબંધ પરિણામ પ્રગટ થાય છે ત્યારે વિકારનો નાશ કર્યો એમ કહેવાય છે.

સમયસાર ગાથા ૧૫માં એમ પણ આવે છે કે જે અબદ્ધસ્પૃષ્ટ એવા પોતાના આત્માને જાણે છે તે જૈનશાસનને જાણે છે. અહા! પર્યાયમાં પોતાના આત્માનું જ્ઞાન થયું એ જ જૈનશાસન છે; કેમકે જૈનશાસનના ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે એને વીતરાગતા ત્રિકાળ વીતરાગસ્વભાવી અબદ્ધસ્પૃષ્ટ નિજ આત્માના આશ્રયે પ્રગટે છે.

સમયસાર ગાથા ૭૪ની ટીકામાં લીધું છે કે - જેટલો આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે તેટલો આસ્રવોથી છૂટતો જાય છે અને જેટલો આસ્રવોથી છૂટતો જાય છે તેટલો વિજ્ઞાનઘન થતો જાય છે. તેમ અહીં કહે છે - આત્મા નિજ જ્ઞાનાનંદસ્વરૂપમાં જેટલો એકાગ્ર થતો જાય છે તેટલો તે કર્મથી (દ્રવ્યકર્મ ને ભાવકર્મથી) છૂટતો જાય છે ને જેટલો કર્મથી છૂટતો જાય છે તેટલો સ્વરૂપમાં એકાગ્ર થતો વિજ્ઞાનઘન થતો જાય છે.

લ્યો, આ દૃષ્ટાંત આપી સમજાવે છે કે - જેમ બેડી આદિથી બંધાયેલો પુરુષ બંધનો છેદ કરવાથી બંધનથી છૂટે છે તેમ કર્મથી બંધાયેલો પુરુષ કર્મબંધનો છેદ કરવાથી બંધથી છૂટે છે. પણ કર્મબંધનો વિચાર કર્યા કરે, કે કર્મબંધનું માત્ર જાણપણું કર્યા કરે એથી કર્મથી ના છૂટે. બહારમાં આટલાં વ્રત કરે ને આટલા ઉપવાસ ને આટલી તપસ્યા કરે તો કર્મથી છૂટે એમ ત્રણકાળમાં નથી; કેમકે એ તો બધો રાગ છે ને એનાથી તો બંધન થાય છે.

આ વર્ષીતપ બાઇયું. (-સ્ત્રીઓ) કરે છે ને? તેઓ માને છે કે અમે ધર્મ કરીએ છીએ. પણ એમાં તો ધૂળેય ધર્મ નથી સાંભળને. પોતાના શુદ્ધ ચૈતન્યભાવને જાણ્યા વિના એવી બહારની ક્રિયાઓથી પુણ્ય પણ ઊંચા બંધાતાં નથી તો ધર્મ શું થાય? અહા! સ્વસ્વરૂપના ભાન વિના ઉપવાસ કરીને કોઈ સૂકાઇ જાય તોય તપ ના થાય. તે ઉપવાસ નહિ પણ અપવાસ એટલે અપ નામ માઠો વાસ છે. બાપુ! એ બધી લાંઘણું છે. એ વડે એ સંસારની વૃદ્ધિ કરે છે કેમકે એમાં મિથ્યાત્વનો બંધ થાય છે. બહુ આકરી વાત પ્રભુ! પણ આ સત્ય વાત છે. હવે કહે છે કે -

'આથી (- આ કથનથી) પૂર્વે કહેલા બન્નેને (-જેઓ બંધના સ્વરૂપના જ્ઞાન-માત્રથી સંતુષ્ટ છે તેમને અને જેઓ બંધના વિચાર કર્યા કરે છે તેમને -) આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે'

અહા! વીતરાગ પરમેશ્વર એમ ફરમાવે છે કે - જે કોઈ ક્રિયાકાંડનો રાગ છે તે સર્વ બંધન છે, અને ભગવાન આત્મા એનાથી ભિન્ન છે માટે એ બન્નેને દ્વિધા-ભિન્ન કરવા પ્રતિ વ્યાપાર - ઉદ્યમ કરાવવામાં આવે છે. એમ કે રાગને રાગમાં રહેવા દે ને જ્ઞાનને અંદર જ્ઞાનમાં - આત્મામાં જોડી દે. લ્યો, આ પ્રમાણે એની ભિન્નતા થાય છે અને ત્યારે એને ધર્મ થાય છે.

અહાહા...! આત્મા એને કહીએ જેમાં પુણ્ય-પાપના વિકલ્પ નથી અને બંધ એને કહીએ જેમાં આત્માનો સ્વભાવ નથી. એમ બે વસ્તુ ભિન્ન છે. આત્મા અંદર ચૈતન્યપ્રકાશનું પૂર ચૈતન્યબિંબ પ્રભુ જ્ઞાયક તત્ત્વ છે અને આ દયા, દાન, વ્રત આદિના વિકલ્પ બંધના તત્ત્વ છે, ભાવબંધ છે. બન્ને ભિન્ન તત્ત્વ છે. અહા! નિત્ય અવિનાશી પ્રભુ આત્મા અને ક્ષણવિનાશી આ પુણ્ય-પાપના ભાવ બન્ને ભિન્ન ચીજ છે. આમ હોવા છતાં અજ્ઞાની જીવો બન્નેમાં એકપણું માની બેઠા છે તેઓને બન્નેના દ્વિધાકરણનો વ્યાપાર કરાવવામાં આવે છે. અહા! રાગથી એકપણું માની ક્રિયાકાંડમાં મગ્ન છે તેઓને રાગથી ભિન્ન કરી શુદ્ધ એક આત્મસ્વરૂપમાં મગ્ન થવાનો વ્યાપાર-ઉદ્યમ કરાવવામાં આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ... ? આ તો જીવોને ભેદજ્ઞાનમાં લગાવવાની વાત છે.

કોઈને થાય કે આ ભેદજ્ઞાન વળી શું ચીજ છે? અહા! આ ભિન્ન કરવું તે શું? એને કહે છે - અનાદિથી રઝળી મરે છે એવા હે જીવ! સાંભળ. અંદરમાં જે અનેક પ્રકારે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિના શુભપરિણામ થાય છે તે તથા અહીં વીતરાગ સર્વજ્ઞે કહેલાં આઠ કર્મ, એની ૧૪૮ પ્રકૃતિ અને એના વળી પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધ - એ બધાની વ્યાખ્યા અંદરમાં વિચારવી - એ તો બધો બંધતત્ત્વનો વિચાર થયો. એનાથી જીવને અહીં ભિન્ન કરાવવાના અર્થાત્ સ્વસ્વરૂપમાં જોડવાના ઉદ્યમમાં એને લગાવવો તે ભેદજ્ઞાન છે.

જુઓ, આ વ્યાપાર! આખો દિ' દુકાનના, ધંધાના, બાયડી છોકરાં સાચવવાના ને ભોગના - એ તો બધા પાપના વ્યાપાર છે; અને દયા, દાન આદિ તથા બંધના વિચાર આદિમાં લાગ્યો રહે તે બધા પુણ્યના વ્યાપાર છે. અને પુણ્ય-પાપથી ભિન્ન અંદર શુદ્ધ ચૈતન્યમાં લાગ્યો રહે તે દ્વિધાકરણનો - ભેદજ્ઞાનનો વ્યાપાર છે. આત્માને રાગથી ભિન્ન કરવાનો આ વ્યાપાર - ઉદ્યમ ધર્મ છે, અને એવો ઉદ્યમ કરવાનો ભગવાન જિનેશ્વરનો હુકમ છે.

અહા! અબંધસ્વરૂપી આત્મા અને રાગનો બંધભાવ - એ બેને જુદે જુદા કરવાનો ભેદજ્ઞાન કરવાનો ભગવાનનો હુકમ છે. લ્યો, આ ભગવાનનો હુકમ! કે જોડ અને તોડ! એટલે શું? કે અનાદિથી રાગમાં જ્ઞાનને જોડયું હતું ત્યાંથી તોડ અને જ્ઞાનને આત્મામાં જોડ. જુઓ, આ ધર્મનું પહેલું પગથિયું એવા સમ્યગ્દર્શનની રીત. ચારિત્ર તો તે પછી હોય બાપુ! લોકોને ચારિત્ર કોને કહેવાય એની ખબર નથી. લુગડાં ફેરવ્યાં ને મહાવ્રત લીધાં એટલે થઇ ગયું ચારિત્ર એમ માને પણ એ તો નર્યું અજ્ઞાન છે.

વીતરાગ પરમેશ્વરનો માર્ગ બહુ ઝીણો છે ભાઈ! લોકોને બિચારાઓને તે સાંભળવાં મળ્યો નથી. ક્યાંક જાય તો સાંભળવા મળે કે - જીવદયા પાળો, વ્રત કરો, ઉપવાસ-તપસ્યા કરો - એટલે ધર્મ થઇ જશે. પણ એમ તો ધૂળેય ધર્મ નહિ થાય. રાગનું એકપણું તોડી જ્ઞાનને નિજ ચૈતન્યસ્વરૂપમાં જોડયા વિના અને એની વિશેષ-વિશેષ સ્થિરતા કર્યા વિના બીજી રીતે કદીય ધર્મ નહિ થાય. સમજાણું કાંઈ...?

ત્યારે કોઈ વળી કહે છે - તમે તો બધું ક્રમબદ્ધ માનો છો. તો આ તોડ-જોડનો ઉદ્યમ વળી શું? એક બાજુ કહો છો કે બધું ક્રમબદ્ધ થાય છે અને વળી પાછા કહો છો કે ઉદ્યમ કરો - તો આમાં તો વિરોધ આવે છે. એમાં અવિરોધ કેવી રીતે છે?

બાપુ! એ જ્યાં ક્રમબદ્ધનો નિર્ણય કરે છે ત્યાં જ આત્મામાં જોડાણનો ઉદ્યમ આવી જાય છે. ક્રમબદ્ધનો નિર્ણય એ જ સ્વસ્વરૂપમાં જોડાણનો ઉદ્યમ છે. આ રીતે એમાં અવિરોધ છે. સમજાણું કાંઈ...? આ તો અગમનિગમની વાતુ બાપુ!

આચાર્ય કહે છે - આત્મા અને રાગ સ્વરૂપથી ભિન્ન જ છે, પરંતુ જીવ અજ્ઞાનથી બેને એક માને છે તે એનું અહિત છે, અકલ્યાણ છે. તેને વળી કહે છે - હે ભાઈ! જો તારે તારું કલ્યાણ કરવું હોય તો વિકારના - રાગના પરિણામથી આત્માને ભિન્ન કર ને તારા જ્ઞાનને આત્મામાં જોડી દે.

[ પ્રવચન નં. ૩૪૮ (શેષ) ]

## ગાથા-૨૯૩

किमयमेव मोक्षहेतुरिति चेत्-

**बंधाणं च सहावं वियाणिदुं अप्पणो सहावं च।**
**बंधेसु जो विरज्जदि सो कम्मविमोक्खणं कुणदि।। २९३।।**

**बन्धानां च स्वभावं विज्ञायात्मनः स्वभावं च।**
**बन्धेषु यो विरज्यते स कर्मविमोक्षणं करोति।। २९३।।**

'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છેઃ-

**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,**
**જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩.**

**ગાથાર્થઃ-** [ बन्धानां स्वभावं च ] બંધોના સ્વભાવને [ आत्मनः स्वभावं च ] અને આત્માના સ્વભાવને [ विज्ञाय ] જાણીને [ बन्धेषु ] બંધો પ્રત્યે [ यः ] જે [ विरज्यते ] વિરક્ત થાય છે, [ सः ] તે [ कर्मविमोक्षणं करोति ] કર્મોથી મુકાય છે.

**ટીકાઃ-** જે, નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને (આત્માના સ્વભાવને) અને તેને (અર્થાત્ આત્માને) વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને જાણીને, બંધોથી વિરમે છે, તે જ સર્વ કર્મોથી મુકાય છે. આથી (-આ કથનથી), આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા તે જ મોક્ષનું કારણ છે એમ નક્કી કરવામાં આવે છે).

*　　　*　　　*

### સમયસાર ગાથા : ૨૯૩ મથાળું

માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે? જુઓ આ શિષ્યનો પ્રશ્ન! એમ કે રાગ અને આત્માને જુદા પાડવા એ એક જ મોક્ષનું કારણ કેમ છે? એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છેઃ-

### * ગાથા ૨૯૩ : ટીકા ઉપરનું પ્રવચન *

'જે, નિર્વિકાર ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને અને તેને (અર્થાત્ આત્માને)

વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને જાણીને, બંધોથી વિરમે છે, તે જ સર્વ કર્મોથી મૂકાય છે.'

'જે, નિર્વિકાર ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને....' જોયું? ભગવાન આત્મા નિર્વિકાર ચૈતન્યચમત્કારમાત્રસ્વભાવ છે. અહાહા...! દેહથી અને અંદર થતા પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન આત્મા નિર્વિકાર ચૈતન્યચમત્કારમાત્ર છે. અહા! તે કોઈની દયા પાળે, કોઈની હિંસા કરે, કોઈ ને કાંઈ દે ને કોઈથી કાંઈ લે-એવો એનો સ્વભાવ જ નથી એવો એ ચૈતન્યચમત્કારમાત્ર પ્રભુ છે. ગજબ વાત છે પ્રભુ! કરે કોઈનું કાંઈ નહિ અને જાણે સૌને - ત્રણકાળ ત્રણલોકને - એવો એ ચૈતન્યચમત્કારમાત્ર છે.

અહો! આત્માનો સ્વભાવ મહા આશ્ચર્ય પમાડે તેવો છે. એક રજકણને ફેરવે નહિ પણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પદાર્થ સહિત આખા લોકાલોકને જાણે એવો એનો સ્વભાવ છે. અહીં 'ચૈતન્યચમત્કારમાત્ર' કેમ કહ્યો? કેમકે આત્માનો જાણવામાત્ર સ્વભાવ છે, પણ પરનું ને રાગનું કરવું એ એનો સ્વભાવ નથી. પુણ્ય - પાપના ભાવ આત્માની ચીજ છે એમ નથી. અહા! પુણ્ય - પાપના ભાવ આત્માથી અન્ય છે. જેમ શરીર આત્માથી જાુદી ચીજ છે તેમ પુણ્ય - પાપના વિકારી ભાવ આત્માથી જુદી ચીજ છે.

અહીં કહે છે - એવા આત્મસ્વભાવને અને તેને વિકાર કરનારા બંધોના સ્વભાવને જાણીને - જાણવાનું તો બેયને કહ્યું. આત્મા ચિત્ચમત્કારમાત્ર વસ્તુ છે ને પુણ્ય - પાપના શુભાશુભ ભાવો તેને વિકાર કરનારા બંધસ્વભાવો છે - એમ બેયને જાણીને, જે બંધોથી વિરમે છે અર્થાત્ રાગથી વિરક્ત થાય છે તે જ સર્વ કર્મોથી મૂકાય છે. લ્યો, આ ધર્મ કેવી રીતે થાય છે તે કહ્યું. શું કહ્યું? કે આ વ્યવહારરત્નત્રયનો રાગ કે જે બંધસ્વભાવ છે તેનાથી જે વિરમે છે, વિરક્ત થાય છે તે જ સર્વ કર્મથી મૂકાય છે, અર્થાત્ મુક્તિ પામે છે. આવી વાત વ્યવહારના રસિયાને આકરી પડે પણ આ સત્ય છે. સમજાણું કાંઈ..?

લૌકિકમાં તો પોતે ધંધા આદિ પાપની પ્રવૃત્તિથી નિવૃત્ત ન થતો હોય એટલે એ બધું છોડી જે બહારમાં મહાવ્રતાદિ પાળતો હોય એ ધર્માત્મા છે એમ લોકો માને છે, પણ અહીં કહે છે - એ પંચમહાવ્રતાદિના પરિણામ શુભરાગ છે, આત્માને વિકાર કરનારો ભાવ છે. વ્યવહારમાત્ર વિકાર કરનારા બંધસ્વભાવવાળા ભાવો છે. અહા! એનાથી જે વિરમે છે તે જ કર્મોથી મૂકાય છે.

'આથી (- આ કથનથી) આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે - એવો નિયમ કરવામાં આવે છે.'

અહા! રાગથી - વિકારથી આત્માને ભિન્ન કરવો એ જ મોક્ષનું કારણ છે એવો નિયમ આથી સિદ્ધ થાય છે. રાગથી ભિન્ન આત્માની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન, ને રાગથી ભિન્ન આત્માનું આચરણ કરવું તે સમ્યક્ચારિત્ર. આ પ્રમાણે રાગથી - વિકારથી આત્માને ભિન્ન કરવો - અનુભવવો તે મોક્ષનું કારણ છે એમ સિદ્ધાંત - નિયમ કરવામાં આવે છે. આવી વાત છે.

લ્યો, હવે વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય એ ક્યાં રહ્યું! અહીં તો એમ કહે છે કે - વ્યવહારરત્નત્રયથી આત્માને ભિન્ન અનુભવવો તે મોક્ષનું કારણ છે એમ નિયમ કરવામાં આવે છે. જુઓ આ વીતરાગમાર્ગનો સિદ્ધાંત.

[ પ્રવચન નં. ૩૪૮ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૨૯૪

**केनात्मबन्धौ द्विधा क्रियेते इति चेत्-**

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**पण्णाछेदणएण दु छिण्णा णाणत्तमावण्णा।। २९४।।**

**जीवो बन्धश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्याम्।**
**प्रज्ञाछेदनकेन तु छिन्नौ नानात्वमापन्नौ।। २९४।।**

'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ કયા સાધન વડે જુદા કરી શકાય છે) ?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છેઃ-

**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.**

**ગાથાર્થઃ-** [जीवः च तथा बन्धः] જીવ તથા બંધ [नियताभ्याम् स्वलक्षणाभ्या] નિયત સ્વલક્ષણોથી (પોતપોતાનાં નિશ્ચિત લક્ષણોથી) [छिद्येते] છેદાય છે; [प्रज्ञाछेदनकेन] પ્રજ્ઞારૂપી છીણી વડે [छिन्नौ तु] છેદવામાં આવતાં [नानात्वम् आपन्नौ] તેઓ નાનાપણાને પામે છે અર્થાત્ જુદા પડી જાય છે.

**ટીકાઃ-** આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા તેના [1]કરણ સંબંધી [2]મીમાંસા કરવામાં આવતાં, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક (-છેદનના સ્વભાવવાળું) કરણ છે. તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય પામે છે; માટે પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે (અર્થાત્ પ્રજ્ઞારૂપી કરણ વડે જ આત્મા ને બંધ જુદા કરાય છે).

(અહીં પ્રશ્ન થાય છે કે-) આત્મા અને બંધ કે જેઓ *ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (-એક જેવા-) થઈ રહ્યા છે, અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે (અર્થાત્ જેમને એક આત્મા તરીકે જ વ્યવહારમાં ગણવામાં આવે છે) તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય ?

---

૧. કરણ = સાધન; કરણ નામનું કારક.
૨. મીમાંસા = ઊંડી વિચારણા; તપાસ; સમાલોચના.
* આત્મા ચેતક છે અને બંધ ચેત્ય છે; અજ્ઞાનદશામાં તેઓ એકરૂપ અનુભવાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તેનું સમાધાન આચાર્યદેવ કરે છેઃ-) આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં (અંતરંગની સંધિમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી (-નાખવાથી, મારવાથી) તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.

આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી). તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું-લક્ષણથી ઓળખવું (અર્થાત્ જે જે ગુણપર્યાયોમાં ચૈતન્યલક્ષણ વ્યાપે છે તે તે સમસ્ત ગુણપર્યાયો આત્મા છે એમ જાણવું) કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે (અર્થાત્ ચૈતન્યલક્ષણથી જ ઓળખાય છે). વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો. આટલું આત્માના સ્વલક્ષણ વિષે.

(હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છેઃ-) બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે. એ રાગાદિક આત્મદ્રવ્ય સાથે સાધારણપણું ધરતા (-ધારણ કરતા-) પ્રતિભાસતા નથી, કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે. વળી જેટલું, ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે, તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી, કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે). વળી જે, રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ; જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે-ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે-રાગાદિપણાને નહિ.

આમ હોવા છતાં તે બન્નેની (-આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી (અજ્ઞાનીને) અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે; તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.

**ભાવાર્થઃ-** આત્મા અને બંધ બન્નેને લક્ષણભેદથી ઓળખી બુદ્ધિરૂપી છીણીથી છેદી જુદા જુદા કરવા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( स्रग्धरा )

**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः**
**सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।**
**आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे**
**बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।। १८१।।**

આત્મા તો અમૂર્તિક છે અને બંધ સૂક્ષ્મ પુદ્ગલપરમાણુઓનો સ્કંધ છે તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી, માત્ર એક સ્કંધ દેખાય છે ( અર્થાત્ બન્ને એકપિંડરૂપ દેખાય છે ); તેથી અનાદિ અજ્ઞાન છે. શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે તોપણ માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે. તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને-કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે તેને-તેમની સૂક્ષ્મ સંધિ શોધીને તે સંધિમાં સાવધાન ( નિષ્પ્રમાદ ) થઈને પટકવી. તે પડતાં જ બન્ને જુદા જુદા દેખાવા લાગે છે. એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે બન્નેને ભિન્ન કરવા.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इयं शिता प्रज्ञाछेत्री ] આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી [ निपुणैः ] પ્રવીણ પુરુષો વડે [ कथम् अपि ] કોઈ પણ પ્રકારે ( -યત્નપૂર્વક ) [ सावधानैः ] સાવધાનપણે ( નિષ્પ્રમાદપણે ) [ पातिता ] પટકવામાં આવી થકી, [ आत्म-कर्म-उभयस्य सूक्ष्मे अन्तःसन्धिबन्धे ] આત્મા અને કર્મ-બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં ( -અંદરની સાંધના જોડાણમાં ) [ रभसात् ] શીઘ્ર [ निपतति ] પડે છે. કેવી રીતે પડે છે? [ आत्मानम् अन्तः- स्थिर-विशद-लसद्-धाम्नि चैतन्यपूरे मग्नम् ] આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં ( ચૈતન્યના પ્રવાહમાં ) મગ્ન કરતી [ च ] અને [ बन्धम् अज्ञानभावे नियमितम् ] બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ ( નિયત ) કરતી- [ अभितः भिन्नभिन्नौ कुर्वती ] એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.

**ભાવાર્થઃ-** અહીં આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે. તેનો કર્તા આત્મા છે. ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે? તેથી કરણ પણ જોઈએ. નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી; માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે. આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે અને નોકર્મ શરીરાદિક છે. માટે બુદ્ધિ વડે આત્માને શરીરથી, જ્ઞાનાવરણાદિક

દ્રવ્યકર્મથી તથા રાગાદિક ભાવકર્મથી ભિન્ન એક ચૈતન્યભાવમાત્ર અનુભવી જ્ઞાનમાં જ લીન રાખવો તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે. તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે, સિદ્ધપદને પમાય છે, એમ જાણવું. ૧૮૧.

*      *      *

## સમયસાર ગાથા ૨૯૪ : મથાળું

આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે? એટલે કે આત્મા અને અંદરમાં પુણ્ય-પાપના ભાવરૂપ જે ભાવબંધ - તે કયા સાધન વડે જુદા કરી શકાય છે? અહા! બન્નેને જુદા પાડવાનું સાધન શું? આવા શિષ્યના પ્રશ્ન પ્રતિ ઉત્તર કહે છે :-

## * ગાથા ૨૯૪ : ટીકા ઉપરનું પ્રવચન *

'આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા તેના કરણ સંબંધી મીમાંસા કરવામાં આવતાં, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ છેદનાત્મક કરણ છે.'

'આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા....' અહાહા...! શું કીધું એ? કે શાંત નિર્મળ નિર્વિકાર સ્વભાવથી ભરેલો જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ આત્મા તથા પુણ્ય - પાપના - રાગ -દ્વેષના ભાવરૂપ જે ભાવબંધ - એ બેને દ્વિધા એટલે જુદા પાડવારૂપ કાર્યનો કર્તા આત્મા છે. અહા! આત્માને બંધને-રાગાદિને જુદા પડવા એ એક કાર્ય છે. જુઓ, અંદર કાર્ય કહ્યું છે કે નહિ? અહા! એનો (-દ્વિધાકરણનો) કર્તા આત્મા છે; એનો કર્તા રાગ નથી. વ્યવહાર નથી. કેમ? કેમકે જેનાથી જુદું પડવું છે એ એનો કર્તા કેમ હોય? વ્યવહાર - શુભરાગ છે એ તો બંધ છે, એનાથી તો જુદું પડવું છે; તો પછી એ (-રાગ) જુદા પાડવાનું સાધન કેમ હોઇ શકે? ન હોઇ શકે. ન્યાય સમજાય છે કે નહિ? એમ કે રાગને તો આત્માથી જુદો પાડવો છે, તો તે રાગ વડે કેમ જુદો પાડી શકાય? દ્વિધાકરણનું સાધન - કરણ રાગ કેમ હોઇ શકે? અહા! એ બેને જુદા પાડવારૂપ જે કાર્ય એનો કર્તા ખરેખર આત્મા જ છે

**પ્રશ્નઃ-** છહઢાલામાં તો એમ કહ્યું છે કે - 'હેતુ નિયતકો હોઇ' - અર્થાત્ વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગનો હેતુ છે.

**સમાધાનઃ-** ભાઈ! એ તો નિમિત્તનું કથન છે. સત્યાર્થ મોક્ષમાર્ગ જ્યારે પ્રગટ થયો ત્યારે જે મોક્ષમાર્ગ તો નથી પણ જે મોક્ષમાર્ગનું નિમિત્ત વા સહચારી છે તેને ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ કહીએ છીએ અને તેને બાહ્ય નિમિત્ત વા સહચર જાણી નિશ્ચય મોક્ષમાર્ગનો હેતુ છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. બાપુ! ત્યાં તો ઉપચાર કથન દ્વારા નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે એમ યથાર્થ સમજવું. સમજાણું કાંઈ...?

હવે આગળ કહે છે - અતીન્દ્રિય આનંદના રસથી પૂરણ ભરેલો આત્મા ને પુણ્ય - પાપરૂપ બંધની - દુઃખની દશા - એ બેને જુદા પાડવાના કાર્યનો કર્તા જે આત્મા તેના કરણ સંબંધી મીમાંસા એટલે ઊંડી વિચારણા - મૂળ તપાસ - મૂળની સમાલોચના કરવામાં આવતાં.... , જોયું? આચાર્ય મહારાજને તો મીમાંસા કરવાની કાંઈ રહી નથી, પણ અહીં શ્રોતાઓને ભેગા લઇ ને તેનું સાધન શું છે તે આપણે વિચારીએ એ શૈલીથી વાત કરી છે.

કરણની વાત આવી ને? તો આત્મામાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ - એમ છ ગુણો - શક્તિઓ છે; પણ એ બધા અંદર ધ્રુવપણે અક્રિય રહેલા છે. અહીં જુદા પાડવાના કાર્યમાં પર્યાયરૂપ કારકની વાત છે. બેને જુદા કરવા છે તો જુદા કરવાના કાર્યના કારણમાં વર્તમાન પર્યાય સાધન થઇને બેને જુદા કરે છે. ત્રિકાળી શક્તિઓ છે એ તો ધ્રુવ છે અને વિકાર છે એ દોષ છે, એને તો પરમાં નાખી દીધો; માટે એ (-બેય) સાધન છે નહિ. એટલે અહીં કહે છે કે - કર્તા ભગવાન આત્મા તેના કરણ સંબંધી ઊંડી વિચારણા કરતાં નિશ્ચયનયે - ખરેખર જોઇએ તો પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ - જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ છેદનાત્મક કરણ છે. આ આત્માની અનુભૂતિની દશા જે પર્યાય એની વાત છે, અને તે પર્યાય કર્તાથી (પર્યાયવાનથી) ભિન્ન હોતી નથી એમ વાત છે.

અહા! વીતરાગ જૈન પરમેશ્વર એમ કહે છે કે -દુઃખની દશાના ભાવ અને આનંદ સ્વરૂપ ભગવાન આત્મા - એ બેને જુદા કરવા હોય તો કર્તાય આત્મા છે ને સાધનેય આત્મા છે. રાગથી દુઃખથી ભિન્ન પડવામાં; સ્વરૂપમાં ઢળેલી જ્ઞાનની વર્તમાન દશા તે સાધન છે. જ્ઞાનની વર્તમાન દશાને રાગની સાથે એકતા હતી, વસ્તુને નહિ; વસ્તુ તો ધ્રુવ છે. તે જ્ઞાનની પર્યાય (ભગવતી પ્રજ્ઞા) જ્યાં અંતરમાં વળી - ઢળી ત્યાં રાગથી ભિન્ન થઇ ગઇ અને ત્યારે રાગથી ભિન્ન પોતાનો આનંદનો નાથ પ્રભુ આત્મા ભાળ્યો. આ પ્રમાણે રાગ છે તેને ભિન્ન પાડવાનું સાધન ભગવતી પ્રજ્ઞા - અંતરએકાગ્ર થયેલી જ્ઞાનની દશા છે.

વ્યવહાર સાધન છે એમ લોકો રાડુ પાડે છે ને? પણ ભાઈ! અહીં તો આ અતિ સ્પષ્ટ કહે છે કે - ભગવતી પ્રજ્ઞા જ-અંતર-એકાગ્ર થયેલી સ્વાનુભવની દશા જ-વિકારથી ભિન્ન પાડવાનું સાધન છે, 'ભગવતી પ્રજ્ઞા જ' -એમ કીધું છે ને? મતલબ કે તે એક જ સાધન છે. બીજાું પણ સાધન છે એમ છે નહિ. એક કાર્યમાં બે સાધન હોય એ તો કથનશૈલી છે અર્થાત્ એ વ્યવહારનયનું કથન છે. (પ્રમાણનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે.) વાસ્તવમાં સાધન બે નથી, એક જ છે. એમ ન હોય તો પૂર્વાપર વિરોધ થાય. સમજાણું કાંઈ....?

અહા! અનંતકાળમાં પરિભ્રમણ કરતાં માંડ (મહાન પુણ્યોદયે) મનુષ્યભવ મળે છે. એમાંય વળી જૈન પરમેશ્વરના માર્ગમાં જન્મ થવો મહા મહા કઠણ છે. જાુઓને,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આજે પણ જેમને હજી ત્રસ અવસ્થા આવી જ નથી એવા અનંતા જીવ નિગોદમાં સબડે છે. શું કીધું? આ લસણ હોય છે ને! એની એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીરો છે, અને એ પ્રત્યેક શરીરમાં અનંતા નિગોદના જીવ છે. અહા! તે સર્વ જીવ 'ભરિત-અવસ્થ' એટલે સ્વભાવના સામર્થ્યથી પૂરણ ભરેલા દ્રવ્યરૂપથી પરમાત્મસ્વરૂપ છે. પણ શું થાય? વર્તમાન દશા હીન છે, સ્વરૂપને સમજવાની યોગ્યતાથી રહિત છે. ભાઈ! તને આવો અવસર (મનુષ્યભવ અવસર છે) મળ્યો છે તો સ્વરૂપને સમજી લે. રાગથી એકતા છે તે તોડીને સ્વરૂપમાં-ચૈતન્યરૂપમાં એકતા કર. અહા! આવા અવસરમાં ભગવાન શું કહે છે એ ન સમજે તો નિગોદના જીવતરમાં ને તારા જીવતરમાં ફરક નહિ રહે. અવસર તો ચાલ્યો જશે અને સ્વરૂપના ભાન વિના ભગવાન! તું ક્યાંય સંસાર-સમુદ્રમાં ખોવાઇ જઈશ.

અહા! અનંતકાળથી રઝળતો ચોરાસી લાખ યોનિમાં અવતાર ધરતો તે મહાદુઃખી છે. વર્તમાનમાં શરીર ભલે રૂપાળું હોય, પાંચ - પચાસ લાખનો સંયોગ હોય, ઘરે બંગલા હોય અને બાયડી - છોકરાં બધાં અનુકૂળ હોય, પણ એ બધામાં તારું શું છે ભાઈ! તારો તો એક આનંદનો નાથ ચૈતન્યલક્ષ્મીસ્વરૂપ પ્રભુ આત્મા છે. અહા! એને જાણ્યા વિના તું દુઃખી જ છે પ્રભુ! એના ભાન વિના આ બહારની જડ લક્ષ્મી-ધૂળ વડે તું પોતાને સુખી માને છે પણ એ તો જૂઠી કલ્પના જ છે. જોત જોતામાં બધું અદશ્ય થઇ જશે અને તું ક્યાંય કાગડે - કૂતરે ચાલ્યો જઇશ. સમજાણું કાંઈ...?

અહીં કહે છે - ભગવતી પ્રજ્ઞા જ - એકલી જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ - છેદનાત્મક એટલે આત્મા અને વિકારને ભિન્ન પાડવાના સ્વભાવવાળું સાધન છે. જેમ લાકડામાં કરવત મૂકતાં કટકા થઇ જાય છે તેમ ભેદજ્ઞાનની બુદ્ધિ અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં અંતર-એકાગ્ર થયેલી જ્ઞાનની દશા આત્મા અને વિકારને - બન્નેને ભિન્ન કરી નાખે છે. અહા! દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિ-વિનયનો રાગ ને પંચમહાવ્રતાદિનો રાગ એ બધો જે વ્યવહાર છે એનાથી ભગવાન આત્માને ભિન્ન પાડવાના સ્વભાવવાળું સાધન ભગવતી પ્રજ્ઞા જ છે અને તે આત્માથી અભિન્ન છે. આ પ્રમાણે આત્મા જ એટલે અંતર્મુખ વળેલી જ્ઞાનની પર્યાય જ કર્તા ને એ જ સાધન છે. ભાઈ! આ તો મહાવિદેહમાં બિરાજમાન સાક્ષાત્ તીર્થંકર સીમંધર ભગવાનની વાણીમાં આવેલી વાત છે.

**પ્રશ્નઃ-** પણ રાગ ને આત્મા જુદા - ભિન્ન જ છે એમ આપ કહો છો તો જુદા છે એમને જુદા શું પાડવા?

**ઉત્તરઃ-** હા, તેઓ જુદા જ છે, પણ એને જુદા માન્યા છે ક્યાં? બીજી ચીજ મારી છે એમ માન્યું છે. ભાઈ! બગડે બે-એમ બીજી ચીજ મારી છે એમ માન્યું છે એ મોટો બગાડ છે. શુભાશુભનું પરિણમન એ આત્મામાં બગાડ છે એને ભિન્ન કરવા પ્રજ્ઞા - જ્ઞાનની અનુભવ દશા એ એક જ સાધન છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એ જ વિશેષ કહે છે - 'તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય પામે છે; માટે પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે.'

અહા! જોયું? પ્રજ્ઞા વડે તેમને એટલે વિકાર અને ભગવાન આત્માને છેદવામાં આવતાં તેઓ અવશ્ય નાનાપણાને એટલે અનેકપણાને પામે છે. પહેલાં બે એક થઇ ને રહ્યાં હતાં તે હવે પ્રજ્ઞા વડે છેદવામાં આવતાં બે છે તે બે ભિન્ન થઇ જાય છે; આત્મા આત્માપણે રહે છે ને રાગ રાગપણે રહે છે. બે એક થતાં નથી. આત્મા રાગનો માત્ર જાણનાર થઇ જાય છે. ભાઈ! આવું અંદર ભેદજ્ઞાન કરવું એનું નામ ધર્મ છે, અને આ જ કર્તવ્ય છે.

અહા! લોકો તો એકાદ કલાક વ્યાખ્યાન સાંભળી આવે અથવા સામાયિક લઇને બેસી જાય અથવા ણમોકાર મંત્રને જપ્યા કરે એટલે માને કે થઇ ગયો ધર્મ. અરે! લોકોએ ધર્મનું સ્વરૂપ મચડી-મરડી માર્યું છે. સંતો કરુણા કરીને કહે છે - એકવાર સાંભળ ભાઈ! આ બધી ક્રિયાઓમાં જો શુભરાગ હશે તો પુણ્યબંધ થશે પણ એનાથી ભિન્ન પડવાના ઉપાયની - સાધનની ખબર વિના અનંતકાળેય સંસારની રઝળપટ્ટી નહિ મટે, સંસારનો પારાવાર કલેશ નહિ મટે. નિર્જરા અધિકારમાં કહ્યું છે કે એ રાગ બધો કલેશ છે. ત્યાં કહ્યું છે - 'क्लिश्यन्तां' કલેશ કરો તો કરો, પણ એનાથી ધર્મ નહિ થાય.

અહા! શું કહીએ? રાગ ને જ્ઞાનાનંદ પ્રભુ આત્માને એકપણું માનનાર જૈન જ નથી. જૈન પરમેશ્વર જૈન કોને કહે છે એની એને ખબર નથી. આ મહિના મહિનાના ઉપવાસ, વર્ષીતપ ઇત્યાદિ કરે છે ને? પણ બાપુ! એ તો બધો રાગ છે, એમાં ધર્મ ક્યાં છે? એને તો હું આત્મા છું એની ખબરેય નથી તો ધર્મ કેમ થાય?

પ્રશ્નઃ - ઉપવાસ, વર્ષીતપને તપ કહ્યું છે ને?

**ઉત્તરઃ-** તપ કોને કહેવું ભાઈ! જેમ સોનાને ગેરુ લગાડતાં ઓપે એમ ભગવાન આત્મા સ્વરૂપમાં પ્રતપે, તેમાં લીન થઇ ઓપે-શોભે તેને ભગવાન તપ કહે છે. ઉપવાસાદિને તપની સંજ્ઞા તો ઉપચારમાત્ર છે. 'સ્વરૂપે પ્રતપનં ઇતિ તપઃ' સ્વરૂપમાં પ્રતપવું - પ્રતાપવંત રહેવું તે તપ છે.

પ્રશ્નઃ - ભરત ચક્રવર્તી મખમલનાં ભારે કિંમતી ગાદલામાં સૂવે તોય તેને તમે ધર્મી કહો છો અને અમે ઉખલા સૂઇ રહીએ છતાં અમને ધર્મ નહિ; આ તો કેવો ન્યાય?

**ઉત્તરઃ-** બાપુ! ગોદડે સૂવે ન સૂવે એની સાથે ધર્મને શો સંબંધ છે? અંદર રાગ સાથે એકપણું જેને છૂટી ગયું છે તે ધર્મી છે, અને રાગથી જેને એકપણું છે તે અધર્મી છે. અહા! ભરત ચક્રીને ઘરે ૯૬ હજાર રાણીઓ હતી, છતાં રાણીઓ અને તે સંબંધી રાગ- એમાં એકપણું ન હતું. એ બધાં મારાં છે એમ પરમાં આત્મબુદ્ધિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન હતી, એ વિષયોમાં સુખબુદ્ધિ ન હતી. અને કોઈ શરીરથી બ્રહ્મચર્ય પાળે ને એના શુભરાગમાં એકપણું કરે, શુભરાગને ભલો જાણે તો તે મિથ્યાદ્રષ્ટિ જ છે. આવું ઝીણું ભાઈ! ભગવાન સર્વજ્ઞનો માર્ગ આવો બહુ ઝીણો છે.

ભગવાનનો માર્ગ બહુ ઝીણો બાપા! અહા! એક પળ પણ જેને અંદર આત્મજ્ઞાન થાય તે ભવરહિત થઇ જાય છે; અને આત્મજ્ઞાન વિના કોઈ બાહ્ય ક્રિયાઓ કરી કરીને મરી જાય છતાં એને એક ભવ પણ ન ઘટે; અહા! એ ક્રિયાઓને ભલી માને એ મિથ્યાત્વનો મોટો બગાડ છે, અને એને એ જન્મપરંપરાનું જ કારણ થાય છે. અહા! આ તો ભગવાનની ઓમધ્વનિમાં આવેલી વાત છે.

હવે અહીં શિષ્ય પૂછે છે કે – 'આત્મા અને બંધ કે જેઓ ચેત્ય-ચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (-એક જેવા-) થઇ રહ્યા છે, ને ભેદ-વિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કેવી રીતે છેદાય?'

અહા! ચિદાનંદઘન પ્રભુ આત્મા અને પુણ્ય-પાપના ભાવ જે બંધ – તેઓ ચેત્ય – ચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક જેવા થઇ રહ્યા છે. શું કીધું એ? ભગવાન આત્મા જાણનાર – દેખનાર પ્રભુ ચૈતન્યપ્રકાશનું પૂર ચેતક છે અને દયા, દાન, વ્રત, ભક્તિ અને હિંસા, જૂઠ, ચોરીના વિકારના ભાવ જાણવા લાયક ચેત્ય છે. અહા! તેઓ આત્મા નથી. ભલે તેઓ પોતાની પર્યાયમાં થાય છે છતાં તેઓ વિભાવ – વિકૃતભાવ છે. તે બન્નેને ઘણી નિકટતા છે. એટલે શું? કે જે સમયે જ્યાં વિકાર ઉત્પન્ન થાય છે તે જ સમયે ત્યાં જ્ઞાન ઉત્પન્ન થાય છે. જાણનારો ભગવાન જ્યારે જાણવાની દશાપણે ઉત્પન્ન થાય છે તે જ કાળે રાગની ઉત્પત્તિ થાય છે. (આ નિકટતા છે) હવે નિશ્ચયથી વિકાર ચેત્ય નામ જાણવાલાયક છે અને આત્મા ચેતક નામ જાણનારો છે. બંધભાવમાં ચેતકપણું નથી અને ચેતકમાં બંધભાવ નથી. એમ હોવા છતાં બેની અતિ નિકટતાને લીધે ચેત્ય જે વિકાર તે હું છું એમ અનાદિથી અજ્ઞાની માને છે.

જુઓ, આત્મા અને વિકાર – બે એક થઇ રહ્યા છે એમ કીધું ને? મતલબ કે તેઓ એક છે એમ નહિ, પણ અજ્ઞાનીને તેઓ એક જેવા થઇ રહ્યા હોય એમ ભાસે છે. તેને ભેદજ્ઞાન નથી ને! અહા! ભેદજ્ઞાનના અભાવને લીધે જાણે તેઓ એક ચેતક જ હોય અર્થાત્ જાણે તેઓ એક થઇ ગયા હોય તેવો વ્યવહાર કરવામાં આવે છે. શિષ્ય પૂછે છે – પ્રભુ! અંદર આટલું બધું જ્યાં બન્નેને નિકટપણું થઇ ગયું છે, જ્યાં આત્મા જાણનાર ચેતક ને વિકાર જાણવા લાયક ચેત્ય – એવો ભેદ દેખાતો નથી તો હવે બન્નેને પ્રજ્ઞા વડે કેવી રીતે છેદી શકાય?

અરે! અનંતકાળમાં એણે આત્મા અને બંધ વચ્ચે ભેદજ્ઞાન કર્યું નહિ! એણે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અનશન, ઉણોદર આદિ બાર પ્રકારનાં તપ કર્યા, ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પ કર્યા, બાર બાર મહિનાના ઉપવાસ આદિ આકરાં તપ કરી શુક્લલેશ્યા પૂર્વક તે અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો; પણ અરે! એ શુભરાગ જાણવાલાયક ચેત્ય પદાર્થથી હું ચેતનારો જ્ઞાયક ભિન્ન છું એમ ભેદજ્ઞાન ન કર્યું! પણ બાપુ! વિના ભેદજ્ઞાન કલ્યાણ તો શું કલ્યાણની શરૂઆતેય થતી નથી.

ભગવાને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આદિ નવ પદાર્થ કહ્યા છે. તેમાં હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ, કામ, ક્રોધ આદિ પાપભાવો છે અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ પુણ્યભાવો છે. ભગવાન આત્મા એ બન્નેથી ભિન્ન જ્ઞાયકતત્ત્વ છે. શું કીધું? પ્રત્યેક જીવ અંદર શુદ્ધ એક જ્ઞાયક તત્ત્વ છે. અહાહા..! પ્રત્યેક જીવ અંદર જ્ઞાનાનંદનો દરિયો પ્રભુ છે.

આ શક્કરિયું હોય છે ને? સક્કરકંદ, તેના ઉપરની જે લાલ છાલ છે એનો કુચા જેવો ફીકો સ્વાદ હોય છે. તેને કાઢી નાખો તો અંદરમાં એકલો સાકર-મીઠાશનો પિંડ છે. તેમ પર્યાયમાં જે આ શુભાશુભભાવોના વિકલ્પ ઉઠે છે તે લાલ છાલ જેવા છે. એનું લક્ષ છોડી દો તો અંદર ભગવાન આત્મા એકલો જ્ઞાન ને આનંદનો રસકંદ છે.

ભાઈ! આ શરીર રૂપાળું દેખાય છે ને? એ શરીર તો ધૂળ-માટી છે. બળશે ત્યારે એટલી (શરીરના જેટલી) રાખેય નહિ થાય, અને એય પવનથી ક્યાંય ઉડી જશે. અને જીવ, વિના ભેદજ્ઞાન ક્યાંય ચાલ્યો જશે. એટલે તો કહ્યું છે કે-

"રજકણ તારાં રઝળશે, જેમ રખડતી રેત;
પછી નરતન પામીશ કયાં, ચેત ચેત નર ચેત.

અહાહા...! ચેતનારાને ચેત એમ સાવધાન કરે છે.

અહા! મહાભાગ્ય હોય ત્યારે આવી વીતરાગની વાણી કાને પડે છે. અહીં પૂછે છે- ભગવાન! ચેતનારો આત્મા અને ચેત્ય વિકાર- એ બન્ને એક જેવાં ભાસે છે તો ભગવતી પ્રજ્ઞા વડે તેઓનો ભેદ કેવી રીતે કરી શકાય? એને સમ્યગ્દર્શન અને આત્માનુભાવ કેમ થાય એવો મુદ્દાની રકમનો પ્રશ્ન શિષ્યે કર્યો છે.

તેનું સમાધાન આચાર્યદેવ કરે છેઃ - 'આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણીને સાવધાન થઇને પટકવાથી તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.'

આ પત્થરના ડુંગર નથી હોતા? લાખો મણ પત્થર હોય એવા પત્થરના ડુંગરે ડુંગર હોય છે, એમાં પત્થરો બધા એક જેવા દેખાય છે પણ એક નથી હોતા.

એટલે જેને એ ડુંગરો તોડવા હોય છે તેઓ એમાં જે સફેદ કે લાલ આદિ રગો દેખાય છે ત્યાંથી ખોદી એમાં સુરંગ નાખી ફોડે છે; એટલે હજારો મણ પત્થર જુદા-જુદા પડી જાય છે. જુદે જુદા જ હતા તે આ રીતે જુદા પડી જાય છે.

તેમ આનંદરસકંદ પ્રભુ આત્મા અને પુણ્યપાપના ભાવ એક નથી, તેઓ કદીય એક થયા જ નથી. બે વચ્ચે સંધિ - સાંધ છે. કળશ ૧૮૧માં આવશે કે બે વચ્ચે સંધિ એટલે સાંધ-તડ છે; બે નિઃસંધિ-એક થયેલ નથી. અહા! ત્રિકાળી અકૃત્રિમ પ્રભુ આત્મા ને ક્ષણિક કૃત્રિમ વિકારના ભાવ - બે કદી એક થયા જ નથી. જેમ બે પત્થર વચ્ચે સાંધ છે તેમ ભગવાન આત્મા અને રાગ - વિકાર વચ્ચે સાંધ છે. માટે સ્વાનુભવમાં સમર્થ એવી પ્રજ્ઞાછીણીને - વર્તમાન જ્ઞાનની દશાને - અંતર એકાગ્ર કરતાં બન્ને જુદા પડી જાય છે.

અંદરમાં (-પર્યાયમાં) રાગનો વિકલ્પ ઊઠે છે તે સૂક્ષ્મ છે; (પરદ્રવ્યની અપેક્ષા અહીં વિકલ્પને સૂક્ષ્મ કહ્યો છે); અને ભગવાન જાણનારો અંદર એથીય અતિ સૂક્ષ્મ રહેલો છે. બેનાં પોતપોતાનાં નિયત - નિશ્ચિત લક્ષણો છે. બંધનું લક્ષણ રાગ છે અને જ્ઞાન ને આનંદ આત્માનું લક્ષણ છે અહા! જાણનાર... જાણનાર... જાણનાર તે આત્મા અને રાગ... રાગ... રાગ તે બંધ. બીજી રીતે કહીએ તો નિરાકુલતા લક્ષણ આત્મા છે અને આકુળતા લક્ષણ બંધ છે. બંધની - રાગની દશા પર તરફની દિશાવાળી છે. આ પ્રમાણે બન્નેનાં ભિન્નભિન્ન લક્ષણો છે. આ લક્ષણોથી બન્ને વચ્ચે સાંધ છે, એકપણું નથી.

અહા! અનાદિથી પર તરફના વલણવાળી રાગની દશા ને અંતરંગ જ્ઞાનની દશા-બેને ઊંડે ઊંડે એક માની આત્મા રાગી છે એમ એણે માન્યું છે, પણ અહીં કહે છે-એ બે વચ્ચે નિજ નિજ લક્ષણોથી અંતરંગ સંધિ-સાંધ છે. પ્રજ્ઞાછીણીને અર્થાત્ જ્ઞાનની દશાને અંતર્મુખ કરી સાવધાન થઇને સાંધમાં પટકતાં બન્ને ભિન્ન પડી જાય છે. અહા! જ્ઞાનની દશાને રાગથી ભિન્ન જાણી તેને અંતર-એકાગ્ર કરતાં તે એવી અંતરમાં સ્થિર થાય છે કે બન્ને જુદા પડી જાય છે, આનું નામ સમ્યગ્દર્શન ને ભેદવિજ્ઞાન છે.

ભાઈ! આ તો અંતરની ક્રિયા છે. આ વિના બહારની લાખ ક્રિયા કરે તોય ધર્મ થાય એમ નથી. રાગ અને આત્માને ભિન્ન કરવાની કળા-ભેદજ્ઞાનકળા એ એક જ ધર્મ પામવાની કળા છે. બાપુ! ત્રણે કાળ પરમાર્થનો આ એક જ માર્ગ છે. ભગવાન તીર્થંકરદેવોએ જગતને પરમાર્થનો આ માર્ગ જાહેર કર્યો છે અને સંતો જગતને તે બતાવે છે.

અહા! આચાર્યદેવ કહે છે - રાગ અને આત્માને આ રીતે પ્રજ્ઞા વડે છેદી શકાય છે એમ અમે જાણીએ છીએ. આમાં મહાસિદ્ધાંત રહેલો છે. શું? કે અમે જે

ભેદવિજ્ઞાનની વાત કહીએ છીએ તે સ્વાનુભવપ્રમાણ છે. અમે ભેદવિજ્ઞાન કર્યું છે અને તે અમે તને કહીએ છીએ. અમારે કોઈ કેવળીને પૂછવું પડે કે અમને ધર્મ થયો છે કે નહિ એમ છે નહિ.

ઘણાને તો આ સાંભળવુંય કઠણ પડે. પણ શું થાય? આવું પહેલાં સમજવું પડશે હોં. માર્ગ તો જે છે તે આ છે. આની સમજણ જ નથી તે અંતરમાં કેમ કરીને વળશે? સત્યનું જેવું સ્વરૂપ છે તેવું જાણ્યા વિના સત્ય તરફ કેવી રીતે વળે? અરે! આમ ને આમ જીવ અનંતકાળથી રઝળી રહ્યો છે. અનંતકાળમાં એણે નરક ને નિગોદના અનંત અનંત ભવ કર્યા, એકલા દુઃખના વાસા પ્રભુ! વળી કદાચિત્ મોટો અબજોપતિ શેઠ થયો, મોટો રાજા થયો એને ગ્રૈવેયકનો દેવ થયો. અહા! પણ એણે રાગ ને આત્માની વચ્ચે સાંધ છે ત્યાં પ્રજ્ઞાછીણી મારીને બેને જુદા કર્યા નહિ!

ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે હોં બાપુ! બહારમાં તને કોઈ શરણ નથી. અંદર એક આત્મા જ શરણ છે. આ પુણ્ય-પાપના ભાવો અશરણ છે, ભગવાન આત્મા જ એક શરણ છે. માટે પુણ્ય - પાપનું લક્ષ છોડી અંદર સાવધાન થા. સ્વરૂપના શરણમાં જતાં તને અતીન્દ્રિય આનંદ થશે.

અહા! ધ્રુવને ધ્યાનમાં લેતા અર્થાત્ જ્ઞાનને (ઉપયોગને) એક ધ્રુવમાં-શુદ્ધ ચૈતન્યમાં એકાગ્ર કરી રાખતાં રાગ અને આત્મા બે ભિન્ન પડી જાય છે. અહા! પહેલાં જ્ઞાનની દશા રાગમાં તન્મય - એકાગ્ર હતી તે હવે ધ્રુવધામ પ્રભુ આત્મામાં એકાગ્ર થઈ ત્યાં રાગ ભિન્ન પડી ગયો અને તત્કાલ એટલે સ્વાનુભવના તે જ સમયે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે ત્યારે જાણવું કે રાગ ને આત્મા ભિન્ન પડી ગયા. આનું નામ સમ્યગ્દર્શન ને આનું નામ ધર્મ છે.

અહો! ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન થતાં જાણ્યું કે - આ આનંદસ્વરૂપ છે તે હું છું, રાગ હું નહિ; રાગની મારામાં નાસ્તિ છે. જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન થતાં પર્યાયમાં જ્ઞાન આવ્યું. રાગ આવ્યો નહિ, રાગ જ્ઞાનથી ભિન્ન પડી ગયો. આનું નામ ભેદજ્ઞાન છે. અહો! પુણ્ય-પાપરૂપ અશુચિથી ભિન્ન કરી પરમ પવિત્ર પ્રભુ આત્માને પ્રાપ્ત કરાવનારું ભેદજ્ઞાન કોઈ અલૌકિક છે. આચાર્યદેવે કળશમાં કહ્યું છે ને કે -

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।। [ કળશ-૧૩૧ ]

આજ પર્યંત જે મુક્તિ પામ્યા છે તે આ ભેદજ્ઞાનથી પામ્યા છે, તથા સંસારમાં જે અદ્યાપિ બંધનમાં છે અને રઝળે છે તે ભેદજ્ઞાનના અભાવના કારણે જ રઝળે છે.

જેમ બીજ ઉગે એના તેર દિવસ પછી પૂનમ થાય છે તેમ સમ્યગ્દર્શનરૂપી બીજ જેને ઉગે છે તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ છે. સમ્યગ્દર્શન પછી ભેદજ્ઞાનના બળે

આનંદમાં લીન રહેવું, આનંદનું ભોજન કરવું, પ્રચુર આનંદને અનુભવવો તે ચારિત્ર છે. આનંદનું પ્રચુર સ્વસંવેદન એ ચારિત્રની મહોર-મુદ્રા છે. આવા ચારિત્રપૂર્વક જીવની મુક્તિ થાય છે. અહીં કહે છે - એ સર્વ ભેદજ્ઞાનનો મહિમા છે. વિના ભેદજ્ઞાન ચારિત્ર તો શું સમ્યગ્દર્શનેય (ચોથું ગુણસ્થાનેય) સંભવિત નથી. સમજાણું કાંઈ...?

હવે આ મૂળ વાતમાં જ લોકોને વાંધા છે; એમ કે રાગથી -વ્યવહારથી થાય. અહીં કહે છે - રાગથી - વ્યવહારથી ભિન્ન પડે તો થાય, ભેદજ્ઞાનથી થાય. લ્યો, હવે આવી વાત! બાપુ! આ તો ભગવાન કેવળીની વાણી! જેની ઇન્દ્રો ને ગણધરો સેવા કરે ને બહુ નમ્ર થઇ વિનય પૂર્વક વાણી સાંભળે - અહા! તે વાણી કેવી હોય? દયા પાળો ને ધર્મ થઈ જશે એવી વાતો તો કુંભારેય કરે છે. પરમાત્મા કહે છે - ભાઈ! તું તારી દયા કર. પરની દયા તું કરવા જાય છે પણ એ તો રાગ છે, બંધ છે; ધર્મ નથી. અહા! એનાથી ભિન્ન પડી અંદર સ્વસ્વરૂપમાં એકાગ્ર થાય તે સ્વદયા છે અને તે ધર્મ છે.

હવે કહે છે - 'આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે.'

જોયું? ચૈતન્ય આત્માનું અસાધારણ લક્ષણ છે કેમકે તે પુદ્‌ગલાદિ સર્વ અન્ય દ્રવ્યોમાં નથી. પોતામાં હોય ને પરમાં ન હોય તે અસાધારણ છે. આ રીતે ચૈતન્ય આત્માનું અસાધારણ લક્ષણ છે. હવે કહે છે -

'તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું-લક્ષણથી ઓળખવું કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે.'

જુઓ, શું કહે છે? કે તે ચૈતન્ય પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે તે તે સમસ્ત સહવર્તી પર્યાયો (-ગુણો) આત્મા છે -એમ લક્ષણથી ઓળખવું. જુઓ, અહીં ગુણને પર્યાય કહ્યું છે. દ્રવ્યમાં એટલો ભેદ પડયો ને? માટે ગુણને પર્યાય કહ્યું છે. જ્ઞાનગુણની સાથે જે જે બીજા અનંત ગુણ સહવર્તી છે તેમાં ચૈતન્ય વ્યાપીને પ્રવર્તે છે માટે તે આત્મા છે એમ જાણવું.

વળી તે ચૈતન્ય નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે સમસ્ત ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું - લક્ષણથી ઓળખવું. શું કીધું? કે ચૈતન્ય જે જે નવી નવી પર્યાયને ગ્રહણ કરીને પૂર્વની પર્યાયથી નિવર્તે છે તે સમસ્ત ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ જાણવું. સંક્ષેપમાં જે જે ગુણ પર્યાયોમાં ચૈતન્ય લક્ષણ વ્યાપે છે તે તે સમસ્ત ગુણ-પર્યાયો આત્મા છે એમ જાણવું (આમાં નિર્મળ પર્યાયો લેવી.)

જુઓ, આમાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યનું સ્વરૂપ બતાવ્યું. 'उत्पादव्ययध्रौव्ययुक्तम सत्'– એમ ભગવાન ઉમાસ્વામીનું સૂત્ર છે ને? એનો આમાં ખુલાસો કર્યો. પણ આ સિવાય 'હું આત્મા છું ને આ જ્ઞાન ગુણ છે' – એવો ભેદ પાડતાં જે વૃત્તિ – વિકલ્પ ઉઠે એ રાગ છે ને એ બંધની પંક્તિમાં છે. એમાં ચૈતન્યનો અંશ નથી માટે તે ભગવાન આત્માથી ભિન્ન છે.

આત્માનું લક્ષણ ચૈતન્ય છે અને તે ગુણ ને પર્યાય – એમ બે રૂપે છે. સમયે સમયે નથી નવી પર્યાય જે ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે તે પર્યાયના ઉત્પાદને ગ્રહણ કરતો, પૂર્વની પર્યાયને છોડતો (નિવર્તતો), ગુણોપણે કાયમ રહેતો આત્મપદાર્થ છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે દ્રવ્ય, ગુણ ને પર્યાયરૂપ આત્મા જોયો એની આ વાત છે. આત્મામાં જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન,– આનંદ... આનંદ.. આનંદ– એ બધા ગુણો સહવર્તી – એક સાથે રહે છે. (વર્તે છે), અહા! સત્‌ના સત્ત્વરૂપ ત્રિકાળી ગુણ-સ્વભાવોને અહીં સહવર્તી કહ્યા છે. ભગવાન આત્મા એ બધા ગુણોમાં પ્રવર્તે છે, વ્યાપે છે. અને જે જે નવી નવી અવસ્થા ક્રમે થાય છે તેને ક્રમવર્તી કહી છે, ગુણો નવા નવા થતા નથી. આ પ્રમાણે સહવર્તી ગુણો ને ક્રમવર્તી પર્યાયો – એ બધું આત્મા છે એમ લક્ષિત કરવું– લક્ષણથી ઓળખવું, કારણ કે આત્મા એ જ એક લક્ષણથી લક્ષ્ય છે.

શું કીધું? ચૈતન્યના સહવર્તી ગુણો ને ક્રમવર્તી પર્યાયો – એ બધું આત્મા છે એમ લક્ષિત કરવું – લક્ષણથી ઓળખવું કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે. જાણવાનો ગુણ અને જાણવાની પર્યાય – એ લક્ષણથી જ આત્મા જાણવામાં આવે છે. અહા! આ એક જ એનો ઉપાય છે. શરીરની કોઈ ક્રિયા કે રાગની કોઈ ક્રિયાથી આત્મા જાણવામાં આવે એવું એનું સ્વરૂપ જ નથી.

આત્માનું ચૈતન્ય લક્ષણ જે ગુણરૂપ ત્રિકાળ છે એ તો ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય એમ ચૈતન્યસામાન્યપણે ત્રિકાળ ધ્રુવ છે. એનાથી આત્માનું ગ્રહણ થતું નથી, અર્થાત્ આત્મા એનાથી – ધ્રુવ ચૈતન્યસામાન્ય જણાતો નથી. પરંતુ એની નવી નવી જે પર્યાય ઉત્પન્ન થાય છે તેમાં પ્રવર્તતો અને પૂર્વ પર્યાયથી નિવર્તતો આત્મા તે તે (નિર્મળ) પર્યાયમાં જાણવામાં આવે છે. (કે આ ચૈતન્યગુણથી લક્ષિત છે તે આત્મા છે).

અહા! અંતરમાં ચૈતન્યલક્ષણ આત્મા છે એમ જાણીને બહિર્મુખ દૃષ્ટિ છોડી અંદર શુદ્ધ ચૈતન્યમાં અંતર્દૃષ્ટિ કરતાં જે જણાય છે તે ભગવાન આત્મા છે. આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ છે. ચૈતન્યગુણ એ એનું શક્તિરૂપ લક્ષણ છે અને જ્ઞાન-દર્શનની પર્યાય તે વ્યક્તરૂપ લક્ષણ છે. અંતર્લક્ષ કરતાં આ જ્ઞાનગુણસ્વરૂપ છે તે આત્મા છે એમ જ્ઞાન (પ્રગટ) થવું તે સમ્યગ્જ્ઞાન છે. ભેદજ્ઞાન છે. આ શાસ્ત્ર-ભણતર તે જ્ઞાન-એમ નહિ, પણ ભગવાન જ્ઞાનસ્વરૂપમાં અંતર ઢળેલી જ્ઞાનની દશા જે પોતાના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનાનંદસ્વરૂપને જાણે છે - અનુભવે છે તે જ્ઞાન છે. અહા! અનંતકાળમાં જે એક ક્ષણવાર પણ નથી કર્યું એવું આ જ્ઞાન - ભેદજ્ઞાન એનું પહેલામાં પહેલું કર્તવ્ય છે. સમજાણું કાંઈ...?

અહા! આ સમયસાર તો અશરીરી - સિદ્ધ બનવા માટેનું અમોઘ પરમાગમ શાસ્ત્ર છે, કેમકે તે એનાથી (શાસ્ત્રથા) લક્ષ છોડાવી અંતર્લક્ષ - સ્વરૂપનું લક્ષ કરાવે છે. અહા! આના (અંતર્લક્ષના) અભ્યાસ વિના બહારનો (વ્રત, તપ, ભક્તિનો) અભ્યાસ પ્રભુ! તું કરે પણ એ તો જિંદગી બરબાદ કરવા જેવું છે; અર્થાત્ એ ચારગતિની રખડપટ્ટી માટે જ છે. અહા! બહુ આકરી વાત, પણ આ સત્ય વાત છે.

નરકના એક ભવ સામે સ્વર્ગના અસંખ્ય ભવ - એમ એણે નરકના અનંત અને એનાથી અસંખ્યાતગુણા અનંત સ્વર્ગના ભવ કર્યા છે. તે સ્વર્ગમાં શું પાપ કરીને ગયો હશે? ના... અહા! તે વ્રત, તપ, ભક્તિ દયા, દાન ઇત્યાદિના પુણ્યભાવ કરીને સ્વર્ગમાં ગયો છે. અહા! આવા, આવા પુણ્યના ભાવ એણે અનંત - અનંત વાર કર્યો છે પણ એનાથી - રાગથી ભિન્ન હું ચૈતન્ય લક્ષણથી લક્ષિત ભગવાન આત્મા છું એમ ભાન કર્યું નહિ. અહા! આવા પોતાના સ્વરૂપને જાણ્યા-અનુભવ્યા વિના બાપુ! એ બધા વ્રતાદિના પુણ્યભાવ થોથેથોથાં છે, નકામાં છે; બંધન ખાતે જ છે. સમજાણું કાંઈ...?

દસમા ભવે ભગવાન મહાવીરનો જીવ સિંહની અવસ્થામાં હતો. ત્યારે એકવાર હરણ ફાડી ખાતો હતો. ત્યારે બે ચારણઋદ્ધિધારી મુનિવરો એની પાસે આવ્યા. અહા! સિંહ તો સ્તબ્ધ થઈ ગયો. ત્યારે મુનિવરોએ સિંહને કહ્યું અરે! આ શું? અમોએ ભગવાન પાસેથી સાંભળ્યું છે કે - 'તું તીર્થંકરનો જીવ છો અને દસમા ભવે મહાવીર તીર્થંકર થઈશ.' અહા! આ સાંભળી સિંહ વિચારમાં પડી ગયો કે -અરે! આ હું શું કરું છું? અને આ પવિત્ર મુનિવરો શું કહે છે? અહા! હું કોણ છું? આમ વિચાર સાથે આંખમાં પ્રશ્ચાત્તાપનાં આંસુથી ધારા વહેવા લાગી અને પલકવારમાં તો શુભાશુભ વિકલ્પોને તોડી ચૈતન્યપરિણતિને ચૈતન્યલક્ષિત સ્વસ્વરૂપમાં જોડી દીધી. અહાહા...! ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય - એમ ચૈતન્યસ્વરૂપમાં એ ઉતરી ગયો અને તત્કાલ ભવબીજને છેદનારું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. અહા! માનો ભવનો અંત કર્યો.

અહા! આવો પ્રભુ! તું ચિન્માત્ર આત્મા છો. તું સ્ત્રી નહિ, પુરુષ નહિ ને નપુંસકેય નહિ, પુણ્ય ને પાપેય તું નહિ અને પુણ્ય - પાપનો કરનારોય તું નહિ. અહા! ચૈતન્યની નિર્મળ પરિણતિમાં જણાય છે એવો ચિન્માત્ર પ્રભુ આત્મા છો. એ જ કહે છે કે-

'વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો. આટલું આત્માના સ્વલક્ષણ વિષે.'

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શું કહ્યું? કે જ્યાં એક ચેતનગુણ છે ત્યાં બીજી અનંત શક્તિઓ-ચારિત્ર, સુખ, વીર્ય, જીવત્વ, કર્તા, કર્મ, કરણ આદિ એકરૂપ અવિનાભાવે છે; અને જ્યાં ચેતનની એક સમયની પર્યાય છે ત્યાં સાથે એ અનંતગુણની દશાઓ એક અવિનાભાવી છે. અહા! આવો આત્મા જાણનમાત્રસ્વરૂપ ચૈતન્યપ્રકાશથી ભરપૂર ચૈતન્યસૂર્ય છે. આ આંખે દેખાય છે ને? એ તો જડ સૂર્ય છે; એને તો ખબરેય નથી કે હું પ્રકાશનું બિંબ છું. આ તો એક સમયની ચૈતન્યપરિણતિમાં જે પૂરણ ચૈતન્યસ્વભાવી ચૈતન્ય પ્રકાશનો ગોળો જણાય છે તે ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા છે એમ વાત છે. અહા! આવો ચિન્માત્ર પ્રભુ આત્મા છે એમ નિશ્ચય કરવો એમ કહે છે? પણ અંદર નજરુ કરે તો નિશ્ચય થાય ને? પણ એ અંદર જુએ જ નહિ તો શું નિશ્ચય કરે?

ભાઈ! અમારી પાસે તો આ (- આત્માની) વાત છે. અહા! જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવે જેવું આત્માનું સ્વરૂપ કહ્યું તેવું આચાર્ય કુંદકુંદદેવે ગાથામાં કહ્યું છે; અને ગાથાના ભાવોને, જેમ કોઈ બળુકી બાઈ ગાયના આંચળમાંથી દોઈને દૂધ કાઢે તેમ, આચાર્ય અમૃતચંદ્રદેવે દોહી દોહીને બહાર કાઢયા છે. અહો! કોઈ અદ્‌ભુત અલૌકિક ટીકા છે!

પ્રશ્નઃ - પણ આટલું બધું યાદ શી રીતે રહે?

ઉત્તરઃ - રસ-રુચિ હોય તો બધું યાદ રહે. એમાં શું છે? જ્યાં રુચિ હોય ત્યાં વીર્ય - પુરુષાર્થ કામ કર્યો વિના રહેતો નથી.

હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છેઃ-

'બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે. એ રાગાદિક આત્મદ્રવ્ય સાથે સાધારણપણું ધરતા પ્રતિભાસતા નથી, કારણ કે તેઓ સદાય ચૈતન્ય ચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે.'

શું કીધું? કે રાગાદિક એટલે આ શુભાશુભ ભાવ, પુણ્ય - પાપના ભાવ એ બંધનું સ્વલક્ષણ છે. પુણ્ય - પાપના ભાવ કાંઈ આત્માનું લક્ષણ નથી અહા! પાપભાવ તો નહિ પણ પુણ્યના ભાવ પણ કાંઈ આત્માનું લક્ષણ નથી. અહા! પુણ્યભાવથી અર્થાત્ દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિ કરતાં કરતાં આત્મા જણાય એમ કોઈ કહે તો એ ખોટું છે. અહા! એ બંધભાવથી અબંધ આત્મા કેમ પ્રાપ્ત થાય? ન થાય.

એ રાગાદિક પુણ્ય-પાપના ભાવ આત્મદ્રવ્ય સાથે સાધારણપણું ધરતા નથી. એટલે શું? કે તેઓ આત્મદ્રવ્ય સાથે સદાય રહેતા હોય એમ દેખાતું નથી. જુઓ, શરીરાદિની તો અહીં વાત જ નથી લીધી કેમકે તેઓ તો પ્રગટ જુદેજુદા છે. અહીં કહે છે - જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં રાગાદિ એવું દેખાતું નથી. તેઓ સદાયચૈતન્ય ચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે. અહા! બંધલક્ષણવાળા પુણ્ય - પાપના ભાવો ચૈતન્ય

ચમત્કાર પ્રભુ આત્મામાં જાણવામાં આવે છે, પણ પોતાનાથી પૃથક્ છે. એમ જાણવામાં આવે છે, તેઓ આત્મા છે એમ પ્રતિભાસતા નથી, પણ ભિન્ન પ્રતિભાસે છે.

'વળી, જેટલું ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે, તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી, કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે.'

અહા! આ જાણન... જાણન... જાણન... ગુણ અને એની અવસ્થા આત્માની સાથે જેમ સદાય રહેતી દેખાય છે તેમ પુણ્ય - પાપના ભાવો આત્માની સાથે સદા રહેતા દેખાતા નથી. કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે. જેમ શરીરાદિ વિના આત્મલાભ સંભવે છે. તેમ રાગાદિ વિના પણ આત્મલાભ સંભવે છે. ભગવાન આત્મામાં રાગાદિ નથી. તેથી રાગથી ભિન્ન પડી જ્યાં અંતરમાં આત્માનુભવ કરે છે તો અંદર રાગરહિત આત્માનો લાભ થાય છે. વળી જ્યાં રાગાદિક હોતા નથી ત્યાંપણ ચૈતન્ય તો હોય છે. જેમકે સિદ્ધ ભગવાનમાં રાગ નથી છતાં ચૈતન્ય હોય છે. જો રાગાદિ અર્થાત્ પુણ્ય - પાપના ભાવ આત્મા હોય તો જ્યાં જ્યાં ચૈતન્ય હોય ત્યાં રાગાદિ હોવા જોઈએ. પરંતુ એમ છે નહિ. સિદ્ધ દશામાં જ્ઞાન-દર્શન હોય છે પણ રાગાદિ સર્વથા હોતા નથી. માટે રાગાદિ અર્થાત્ બંધ આત્માથી ભિન્ન છે, આત્માની ચીજ નથી.

'વળી જે, રાગાદિકનું ચૈતન્યની સાથે જ ઉપજવું થાય છે તે ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે જ છે, એ દ્રવ્યપણાને લીધે નહિ;.....'

અહા! જે સમયે જ્ઞાનની દશા ઉત્પન્ન થાય છે તે જ સમયે પુણ્ય - પાપના ભાવ ઉત્પન્ન થાય છે તે જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાને લીધે છે; પણ એમ નથી કે જ્ઞાન ને રાગ એકદ્રવ્યમય છે, અર્થાત્ એક છે માટે એક જ સમયે ઉત્પન્ન થાય છે. બન્નેનું એકસમયમાં ઉત્પન્ન થવું પોતપોતાથી છે, કોઈ કોઈથી ઉત્પન્ન થાય છે એમ છે જ નહિ. રાગ છે માટે જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ છે નહિ. જેમ અગ્નિને જોનારી આંખ અગ્નિથી એક નથી તેમ જ્ઞાનસ્વરૂપી આત્મા ને રાગ એક નથી. અગ્નિને દેખવાના કાળે આંખ અગ્નિને દેખે છે, પણ આંખ અગ્નિરૂપ થઈ જતી નથી, વા અગ્નિ આંખમાં પેસી જતી નથી. તેમ ચૈતન્ય - આંખ રાગને દેખે છે, પણ ચૈતન્ય રાગરૂપે થઈ જતું નથી, વા રાગ ચૈતન્યરૂપ થઈ જતો નથી. આ પ્રમાણે રાગ ને જ્ઞાન એકદ્રવ્યમય નથી, પણ ભિન્ન પદાર્થો જ છે. અનાદિથી બે એકરૂપે ભાસે છે એ અજ્ઞાનજનિત ભ્રમ છે. અહા! અહીં એનો (ભ્રમનો) નાશ કેમ થાય એની વાત કરે છે.

અહો! કેવી ટીકા! આચાર્યદેવે એકલાં અમૃત ઘોળ્યાં છે. અહો! લોકોનાં ભાગ્ય છે કે જંગલમાં અતીન્દ્રિય આનંદમાં રહેનારા મુનિવરને વચ્ચે વિકલ્પ આવ્યો ને આવું શાસ્ત્ર શાસ્ત્રના કારણે બની ગયું. અહો! સંતોએ મોક્ષમાર્ગ સરળ કરી દીધો છે.

દીપચંદજીએ લખ્યું છે કે સંતોએ માર્ગ સરળ કરી દીધો છે પણ લોકો તેને સમજવાની દરકાર કરતા નથી. અહા! એમના દુર્ભાગ્યનું શું કહેવું?

જુઓ, અરીસામાં જે મોઢું દેખાય છે તે અને સામે ઊભેલા પુરુષનું મોઢું છે તે- બન્ને ભિન્ન છે. બહાર ઊભેલા પુરુષનું મોઢું કાંઇ અરીસામાં ગયું નથી. અરીસામાં જે દેખાય છે તે તો અરીસાની સ્વચ્છ અવસ્થા છે. તેવી રીતે ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મામાં પુણ્ય - પાપના ભાવ જણાય છે એ તો જ્ઞાનની સ્વચ્છતા છે. જ્ઞાનમાં કાંઇ પુણ્ય-પાપના ભાવ ઘુસી ગયા નથી. જાણવાલાયક રાગ ને જાણનાર જ્ઞાન બન્ને ભિન્ન જ છે.

અરીસામાં સામે અગ્નિ હોય તો અગ્નિ દેખાય છે. તો શું અગ્નિ અરીસામાં ઘુસી ગઈ છે? ના; અરીસામાં તો અરીસાની અવસ્થા છે. અરીસા ભણી હાથ લંબાવો તો કાંઇ અરીસો ઉષ્ણ થયેલો માલુમ પડતો નથી. તેવી રીતે ભગવાન આત્મા ચેતક છે, જાણનાર અરીસો છે. એમાં પુણ્ય-પાપના ભાવ દેખાય છે એ જાણનાર અરીસાની ચેતકની સ્વચ્છતા છે. પુણ્ય - પાપના ભાવ છે પણ તે ભાવ કાંઇ જ્ઞાનમાં - આત્મામાં પેઠા નથી, તેઓ એનાથી ભિન્ન જ છે. બન્ને એક કાળમાં સાથે છે એ જ્ઞેયજ્ઞાયકભાવની નિકટતા છે. પણ તેથી જ્ઞાન અને રાગાદિભાવ કાંઇ એક નથી. જ્ઞેય જે રાગ તે કાંઈ જ્ઞાયકરૂપ વા જ્ઞાનરૂપ થયો નથી અને જ્ઞાયક જે આત્મા તે કાંઈ રાગરૂપ થયો નથી. રાગ છે માટે જ્ઞાયકનું જ્ઞાન છે એમ નથી, અને રાગને જાણતાં જ્ઞાન રાગરૂપ થઈ ગયું છે એમ નથી. બન્ને ભિન્ન જ છે. ઝીણી વાત પ્રભુ!

હવે દૃષ્ટાંત આપીને આ વાતને વધારે સ્પષ્ટ કરે છેઃ-

'જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે - ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે - રાગાદિપણાને નહિ.'

શું કહે છે? કે આ ઘડો, કપડાં, કોલસા, વીંછી, સર્પ ઈત્યાદિ જે જે પદાર્થો દીપક વડે પ્રકાશવામાં આવે છે તે તે પદાર્થો દીપકના પ્રકાશકપણાના ભાવને જ પ્રસિદ્ધ પ્રગટ કરે છે, ઘટાદિપણાને નહિ.

દીવો છે ને દીવો? તે ઘટપટાદિને પ્રકાશવાના કાળે ખરેખર તો પોતાની પર્યાયને જ પ્રકાશે છે કે જેમાં એ ઘટપટાદિ પ્રકાશિત થાય છે. ઘટપટાદિને જો ખરેખર દીવો પ્રકાશે તો દીવો ઘટપટાદિરૂપ થઈ જાય. પણ દીવો ઘટપટાદિરૂપ થતો નથી, કે ઘટપટાદિ દીવામાં જતા નથી. ઘટપટને પ્રકાશતો દીવો શું ઘટપટરૂપે થઈ જાય છે? ના; તો શું પ્રકાશિત ઘટપટ દીવામાં જાય છે? ના. વાસ્તવમાં તો દીવો ઘટપટાદિને પ્રકાશતો જ નથી પણ તે કાળે પોતાના દ્વૈતરૂપ સ્વપરપ્રકાશકપણાને જ તે પ્રગટ કરે છે, ઘટાદિપણાને નહિ. દીવો ઘટપટને પ્રકાશે છે એ તો વ્યવહાર છે, બાકી વાસ્તવિકપણે

તો દીવો પોતાનો સ્વપરને પ્રકાશવાના એક પ્રકાશસ્વભાવને જ પ્રકાશે છે, કેમકે દીપક ઘટપટરૂપે ને ઘટપટ દીપકરૂપે કદીય થતા નથી.

તેમ, કહે છે, આત્મા વડે ચેતવામાં આવતા રાગાદિક આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે - રાગાદિપણાને નહિ. ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાયકભાવસ્વરૂપ છે, ચેતકસ્વભાવી છે. તે રાગાદિ-પુણ્ય-પાપના ભાવોને જાણવાના કાળે ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાયને જ જાણે છે કે જેમાં એ પુણ્ય - પાપના ભાવ જણાઈ રહ્યા છે. પુણ્ય -પાપ આદિ ભાવોને જો ખરેખર આત્મા જાણે (- સ્પર્શે) તો આત્મા પુણ્ય - પાપ આદિરૂપ થઈ જાય. પણ આત્મા કદીય પુણ્ય - પાપ આદિ ભાવરૂપ થતો નથી અહા! પુણ્ય-પાપ આદિ ભાવોને જાણતાં શું જ્ઞાન પુણ્ય-પાપ આદિ ભાવરૂપ થાય છે? ના વાસ્તવમાં તો જ્ઞાન પુણ્ય - પાપ આદિ ભાવોને જાણતું (સ્પર્શતું નથી) પણ તે કાળે પોતાના દ્વૈતરૂપ જાણવાના સ્વપરપ્રકાશકપણાને જ તે પ્રગટ કરે છે, રાગાદિપણાને નહિ. જ્ઞાન પુણ્ય - પાપ આદિ ભાવોને જાણે છે એ તો વ્યવહાર છે, બાકી વાસ્તવિકપણે તો જ્ઞાન પોતાના દ્વૈતરૂપ સ્વપરને પ્રકાશવાના એક જ્ઞાનસ્વભાવને - ચેતકસ્વભાવને જ પ્રકાશે છે, કેમકે જ્ઞાન પુણ્ય-પાપ આદિ ભાવોરૂપે ને પુણ્ય-પાપ આદિ ભાવો જ્ઞાનરૂપે કદીય થતા નથી. અહા! જાણવાના કાળે જ્ઞાનમાં પુણ્ય - પાપ આદિ - બંધ આવતો નથી અર્થાત્ રાગાદિબંધ જ્ઞાનરૂપ થઈ જતો નથી, વળી રાગાદિ - બંધ છે તો જ્ઞાનનો પ્રકાશ થયો છે એમ પણ નથી. જ્ઞાનનો તો સહજ જ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. જે નિરંતર પ્રકાશે છે. અહા! આવું વસ્તુનું સ્વરૂપ જાણી તેને અંતર- અનુભવમાં લેવું તે સમકિતનું કારણ થાય છે.

અહા! સર્વજ્ઞ પરમેશ્વરથી પ્રરૂપિત વીતરાગ માર્ગ સિવાય આવી વાત બીજે ક્યાંય છે નહિ. અહા! એનો એક એક શબ્દ અને એની એક એક પંક્તિ અદ્ભુત ન્યાયથી ભરેલી અલૌકિક છે. આમાં તો એકલું અમૃત છે ભાઈ!

હવે કહે છે - 'આમ હોવા છતાં તે બન્નેની (-આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી (અજ્ઞાનીને) અનાદિકાળથી એકપણાનો વ્યામોહ (-ભ્રમ) છે; તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.'

આત્મા અને રાગનો લક્ષણ - ભેદ હોવા છતાં અજ્ઞાનીને અનાદિ કાળથી આત્મા અને રાગના એકપણાનો વ્યામોહ એટલે ભ્રમ છે, ભ્રાન્તિ છે. શિષ્ય પૂછે છે કે તે ભ્રમ-વ્યામોહ કોઈ રીતે છેદી શકાય કે નહિ? તો કહે છે -

તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે. શું કીધું? કે પ્રજ્ઞા - સમ્યગ્જ્ઞાનની દશા વડે અવશ્ય છેદાય ને બીજી કોઈ રીતે ન છેદાય. અહા! જેમ અંધકાર દૂર કરવાનો ઉપાય પ્રકાશ છે તેમ ભ્રમ - વ્યામોહ છેદવાનો ઉપાય એક સમ્યગ્જ્ઞાન છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! આત્મા અને રાગને જુદા પાડનારું ભેદજ્ઞાન-સમ્યગ્જ્ઞાન જ ભ્રમ મટાડવાનું સાધન છે. આ જ ધર્મ ને આ જ મોક્ષમાર્ગ છે.

## * ગાથા ૨૯૪ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આત્મા અને બંધ બન્નેને લક્ષણભેદથી ઓળખી બુદ્ધિરૂપી છીણીથી છેદી જુદા જુદા કરવા.'

આત્માનું લક્ષણ ચૈતન્ય છે ને બંધનું લક્ષણ રાગ છે. બન્નેને લક્ષણભેદ છે તેથી બન્ને ભિન્ન ભિન્ન છે. બન્નેની ભિન્નતા લક્ષમાં લઈ જ્ઞાનની દશાને સ્વ તરફ વાળી સ્વાનુભવ કરવો તે બન્નેને ભિન્ન કરવાનો ઉપાય છે; અને એને જ પ્રજ્ઞાછીણી કહે છે.

'આત્મા તો અમૂર્તિક છે અને બંધ સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુઓનો સ્કંધ છે તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી. માત્ર એક સ્કંધ દેખાય છે; તેથી અનાદિ અજ્ઞાન છે.'

આત્મા તો સ્પર્શાદિ રહિત અમૂર્તિક છે અને બંધ સૂક્ષ્મ પરમાણુઓનો સ્કંધ છે. છદ્મસ્થને એટલે અલ્પજ્ઞાનીને બન્ને ભિન્ન છે એમ જ્ઞાનમાં ભાસતું નથી; માત્ર એક સ્કંધ દેખાય છે. અહા! અજ્ઞાનીને રાગાદિરૂપ ભાવબંધ જણાય છે. અહા! એની અનાદિથી પર્યાયમાં ઉત્પન્ન થતા રાગાદિમાં - પુણ્ય - પાપના ભાવમાં -જ રમતુ છે અંદર આનંદ રસકંદ પ્રભુ પોતે વિરાજે છે એની એને ખબરેય નથી. અહા! પોતાની શુદ્ધ ચૈતન્ય સત્તાનું એને ભાન નથી, તેથી માત્ર વિકાર જે જણાય છે તે હું છું - એમ તેને અનાદિ અજ્ઞાન છે.

'શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમના લક્ષણ જુદાં જુંદા અનુભવીને જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે તોપણ માત્ર જ્ઞેય જ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે.'

જોયું? શ્રી ગુરુઓનો ઉપદેશ એ નિમિત્ત છે, ને અંદર નિર્ણય કરવો તે ઉપાદાન છે. શું નિર્ણય કરવો? કે આ જાણવું.... જાણવું...જાણવું છે એ તો ચૈતન્યમાત્ર આત્માનું લક્ષણ છે અને રાગાદિ પુણ્ય - પાપના ભાવ જે થાય છે તે બંધનું લક્ષણ છે. તે રાગાદિ ભાવ સ્વ-લક્ષને છોડી પરનું લક્ષ કરે ત્યારે ઉત્પન્ન થાય છે. તેથી પરલક્ષી જે ભાવ છે તે બંધનું લક્ષણ છે.

અરે! એને ભવનો ભય નથી; અહા! અહીંથી મરીને હું ક્યાં જઈશ એનો વિચાર જ નથી. બાપુ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે; એની તો ભસ્મ થઈ જશે, પણ તું ક્યાં જઈશ? તું તો અવિનાશી શાશ્વત તત્ત્વ છે ને પ્રભુ! તો મરીને ક્યાં રહીશ? મિથ્યાત્વમાં રહીશ તો ચારગતિમાં ચોરાસીલાખ યોનિમાં જ રખડવું પડશે, અહા! અહીં ચારગતિના છેદનો આચાર્યદેવ ઉપાય બતાવે છે કહે છે-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પર તરફના લક્ષવાળા જે રાગાદિભાવો છે તે બંધ છે અને ભગવાન આત્મા ચૈતન્યલક્ષણ છે. અહા! બન્નેને લક્ષણભેદથી જુદા જાણી આત્માને અનુસારે આત્માનુભવ કરવો તે ધર્મ છે. અનાદિથી રાગને અનુસરીને જે અનુભવ છે તે અધર્મ છે અને તે અનુભવ દુઃખરૂપ છે. પણ રાગથી જુદા પડી સ્વ-આશ્રયમાં રહી સ્વાનુભવ કરવો તે ધર્મ છે અને તે આનંદરૂપ છે. ચૈતન્યની જાણન પર્યાયને રાગથી ભિન્ન કરી સ્વાભિમુખ કરતાં જે સ્વાનુભવ થયો તે ધર્મ છે અને તેને અહીં પ્રજ્ઞાછીણી કહી છે. સમજાણું કાંઈ...?

**પ્રશ્નઃ-** ચૈતન્યભાવને પરમ પારિણામિક ભાવ કહેવાય ને?

**ઉત્તરઃ-** પરમ પારિણામિક ભાવ છયે દ્રવ્યોમાં છે, માટે અહીં ચૈતન્યલક્ષણથી લક્ષિત જ્ઞાયકભાવ જ લેવો. અહા! અનંતગુણમંડિત એક જ્ઞાયકભાવ - ચિન્માત્રભાવ જ આત્મા છે. આવા પોતાના સ્વસ્વરૂપમાં વર્તમાન પરિણતિને વાળવી - ઢાળવી તે ધર્મ છે.

**પ્રશ્નઃ-** તો જીવોની દયા પાળવી તે ધર્મ નહિ?

**ઉત્તરઃ-** ના; તે ધર્મ નહિ, કેમકે એ તો પરજીવોના લક્ષે થતો શુભરાગ છે, એ તો બંધનું લક્ષણ છે એમ અહીં કહે છે; અને એનાથી પુણ્યબંધ જ થાય છે, એનાથી ધર્મ થાય એમ માને એ મિથ્યાત્વ છે. આવી વાત છે.

અરે! ભાઈ, તે પરની દયા પાળવાની અનંતકાળથી ચિંતા કરી છે, પણ અંદર નિર્મળાનંદનો નાથ ચૈતન્યમહાપ્રભુ વિરાજે છે તેની તો એક વાર દયા કર. પરની દયા કરવાના ભાવમાં તારી અદયા - હિંસા થઈ રહી છે તે તો જો પ્રભુ! અહા! અનંત અનંત શક્તિઓનો પિંડ ચિન્મૂર્તિ પ્રભુ આત્મા છે, તેને જાણન પર્યાયમાં જ્ઞેય બનાવી એની પ્રતીતિ કરવી તે સ્વદયા નામ અહિંસા ધર્મ છે.

'દયા ધર્મનું મૂળ છે' - એમ કહે છે ને? તે દયા તે આ સ્વદયા હોં. બાકી સ્વદયાને છોડી, પરદયામાં રાચવું એ તો વાસ્તવમાં સ્વરૂપની હિંસા ને ઘાત છે. બાપુ! દયા, અદયાને પરની સાથે નિશ્ચયથી સંબંધ જ નથી, કેમકે પર જીવો બચે છે એ તો પોતાના આયુને લઈને બચે છે, ટકે છે. એની દયા પાળવી એમ કહેવું એ વ્યવહાર છે. અશુભથી બચવા ધર્માત્માને પણ એવા શુભભાવ આવે છે, પરંતુ એ ધર્મ નથી. (ધર્માત્મા એને ધર્મ માનતા પણ નથી)

આત્માનું ચૈતન્ય લક્ષણ છે ને બંધનું લક્ષણ રાગાદિ છે, તોપણ માત્ર જ્ઞેય-જ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે, એટલે શું? કે જે સમયે જ્યાં પોતાની જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે તે જ સમયે ત્યાં રાગાદિ ભાવો ઉત્પન્ન થાય છે. બન્નેના ભાવ તો ભિન્ન ભિન્ન છે, પણ બન્નેનાં કાળ અને ક્ષેત્ર એક

છે તેથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે. એક છે, વા એક થાય છે એમ નહિ, પણ અજ્ઞાની એક માને છે તેથી એક જેવા થઈ રહ્યા છે એમ કહ્યું છે. વાસ્તવમાં તો તેઓ ભિન્ન જ છે, એક નથી, એક થયા નથી.

રાગ જ્યાં આત્માથી ભિન્ન છે ત્યાં આ શરીર ને સ્ત્રી-પુત્ર-પરિવાર, દીકરા-દીકરીયું ને પૈસા-એ બધાં એનાં ક્યાં રહ્યાં? એ તો ક્યાંય દૂર રહી ગયાં. એને પોતાનાં માનવાં એ તો નર્યું સ્થૂળ ગાંડપણ છે. અરે! પોતાના શાશ્વત શુદ્ધ ચૈતન્યનો નકાર કરીને, પરને પોતાનાં માની એ ચારગતિમાં અનંતકાળથી દુઃખભારને વહેતો પરિભ્રમણ કરે છે! તેને અહીં દુઃખથી છૂટવાનો આચાર્યદેવ ઉપાય બતાવે છે. કહે છે-

'તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને-કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે તેને-તેમની સૂક્ષ્મ સંધિ શોધીને તે સંધિમાં સાવધાન થઈને પટકવી. તે પડતાં જ બન્ને જુદા જુદા દેખાવા લાગે છે.'

જેમ લાકડાના બે ટુકડા કરનારું શસ્ત્ર તીક્ષ્ણ કરવત હોય છે તેમ પ્રજ્ઞાછીણી અર્થાત્ અંતર્મુખ વાળેલી જ્ઞાનની દશા-તે આત્મા અને રાગને જુદા પાડવા માટેનું તીક્ષ્ણ કરવત છે. અહીં કહે છે-જ્ઞાન (-આત્મા) અને રાગની સૂક્ષ્મ સંધિ-સાંધને શોધીને તે સાંધમાં સાવધાન થઈને અર્થાત્ અંતઃપુરુષાર્થ વડે તીક્ષ્ણ પ્રજ્ઞા-કરવતને પટકવી. એમ કરતાં જ્ઞાન રાગથી છૂટું પડી જશે એને શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં એકમેક થશે. ઝીણી વાત છે પ્રભુ! જ્યાં અંતર્મુખ વળેલું જ્ઞાનસ્વભાવમાં એકમેક થયું ત્યાં સ્વ સ્વપણે અને રાગ પરપણે-એમ બન્ને જુદેજુદા દેખાવા લાગશે. અહા! જ્ઞાન સ્વસ્વરૂપમાં એકાગ્ર થતાં તેમાં રાગ પરપણે જણાય છે. આ પ્રમાણે જ્ઞાન ને રાગ બન્ને ભિન્ન પડી જાય છે.

લ્યો, આ ઉપદેશ ને આવો મારગ! કોઈને થાય કે-પાંચ દસ લાખનું દાન કરવાનું કહે કે પાંચ દસ ઉપવાસ કરવાનું કહે તો સહેલું પડે. પણ બાપુ! એવું તો અનંતવાર કર્યું છે; એની ક્યાં નવાઈ છે? અનાદિથી જ તું કરી રહ્યો છો. પરંતુ એ કાંઈ ધર્મ કે મોક્ષમાર્ગ નથી. ખરેખર તો અંદર અતીન્દ્રિય આનંદની-શુદ્ધિની પ્રગટતા થઈ તેની વૃદ્ધિ થવી તે તપ છે, અને તે ચારિત્ર છે. બાકી વ્રત આદિના શુભભાવ એ તો બંધનું લક્ષણ છે. એને તું ધર્મ માને છે એ તો દૃષ્ટિનો મહાન ફેર છે. (એ દૃષ્ટિ સમ્યક્ નથી).

હવે કહે છે- 'એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે બન્નેને ભિન્ન કરવા.'

કહે છે-આ પ્રમાણે ભેદજ્ઞાન સિદ્ધ થતાં અખંડ એક જાણગ... જાણગ જેનો સ્વભાવ છે એવા શુદ્ધ આત્માનું વલણ કરી તેમાં એકાગ્ર થવું ને દયા, દાન, વ્રત આદિ બંધને અજ્ઞાનમય ભાવ જાણી હેય કરવા. આ રીતે બન્નેને ભિન્ન કરવા.

અહાહા...! ભગવાન આત્મા અંદરમાં ચિન્મૂર્તિ પ્રભુ આનંદ-અમૃતનો સાગર છે. એમાં જે રાગની વૃત્તિ ઉઠે તે ઝેર છે. અહા! એ ઝેર ને અમૃતની વચ્ચે તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી નાખતાં બંને જુદા પડી જાય છે અને ત્યારે તે (-પ્રજ્ઞા) જ્ઞાન-અમૃતનું પાન કરે છે એનું નામ ભેદજ્ઞાન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ છે. અહો! મોક્ષનું મૂળ આ ભેદવિજ્ઞાન જ છે. રાગને રાગ-પર જાણીને રાગથી જાુદું રહેનારું અને આનંદ-અમૃતનું પાન કરનારું જ્ઞાન મોક્ષ પામે છે. ભાઈ! જન્મ-મરણનો અંત લાવવાનો આ ભેદજ્ઞાન જ એક ઉપાય છે. બાકી બધાં (વ્રત, તપ આદિ વિકલ્પો) થોથેથોથાં છે. સમજાણું કાંઈ...?

ભેદજ્ઞાનને એક ન્યાયે વિકલ્પ પણ કહે છે. એ બે વચ્ચે હોય છે ને? બેનું લક્ષ રહે છે ત્યાં સુધી વિકલ્પ રહે છે. રાગ અને આત્મા બેને ભિન્ન જાણવા એમ આવ્યું ને? તેથી જ્યાં સુધી બેનું લક્ષ છે ત્યાં સુધી સૂક્ષ્મ વિકલ્પ છે. પણ અંદરમાં જ્ઞાયકમાં-એકમાં જાય છે તો ભેદવિજ્ઞાનનું નિર્વિકલ્પ પરિણમન થઈ જાય છે. અહીં આ ગાથામાં પ્રજ્ઞાછીણી શબ્દે સ્વાનુભવ-જ્ઞાન સમજવું, માત્ર વિકલ્પ નહિ.

અરે! એને આ સમજવાની ક્યાં ગરજ છે? અરેરે! પ્રભુ! તું કોણ છો? આ સમજ્યા વિના અંદર ત્રણલોકનો નાથ તું ક્યાં જઈશ એનો વિચાર છે તને? અહીં સહેજ પણ પ્રતિકૂળતા ગોઠતી નથી તો મિથ્યાત્વના ફળમાં ભવિષ્યે અનંતી પ્રતિકૂળતા આવશે તેને કેમ સહન કરીશ? અહા! ધર્મ- સ્થાનકમાં પણ તને પંખા જોઈએ! થોડી પ્રતિકૂળતાને અવગણીને તું ધર્મશ્રવણના કાળમાં ચિત્તને એકાગ્ર ન કરે તો તું ક્યાં જઈશ પ્રભુ? અહા! જગતને ખબર નથી; જગત આંધળે-આંધળું છે, પણ બાપુ! પરચીજ અનુકૂળ-પ્રતિકૂળ છે એવા ભાવમાં તું અનંતકાળ સંસારમાં રખડીશ. અહા! એવા ભાવનું ફળ એવું જ છે ત્યાં શું થાય?

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૮૧ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

અહો! ભેદજ્ઞાનનો આ અલૌકિક કળશ છે. અરે! અનંતકાળમાં એણે એક ક્ષણવાર પણ ભેદજ્ઞાન કર્યું નથી!

અહા! આ આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર છે. જેમ નદીમાં ઘોડાપૂર હોય છે ને? તેમ આ દેહમાં બિરાજમાન ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર છે. અહાહા...! તું એકલો ચૈતન્યરસનો-આનંદરસનો-દરિયો પ્રભુ છે. પણ એની વર્તમાન દશામાં પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય તે ઝેર છે. અહા! આ ઝેરને છૂટું પાડવાની અહીં વાત છે. તો કહે છે-રાગનું લક્ષ મટાડી વર્તમાન જ્ઞાનની દશા ચિદાનંદઘન પ્રભુ આત્મા પ્રતિ ઢળી જાય ત્યાં રાગાદિ પુણ્ય-પાપના ભાવ ભિન્ન પડી જાય છે. આ રીતે સ્વાભિમુખ ઢળેલી જ્ઞાનની દશા તે પ્રજ્ઞાછીણી છે.

અહીં કહે છે- 'इयं शिता प्रज्ञाछेत्री' આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી 'निपुणैः' પ્રવીણ પુરુષો વડે 'कथम् कपि' કોઈપણ પ્રકારે (-યત્નપૂર્વક) 'सावधानैः' સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) 'पातिता' પટકવામાં આવી થકી,' आत्म–कर्म–उभयस्य सूक्ष्मे अन्तः– सन्धिबन्धे' આત્મા અને કર્મ-બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં 'रभसात्' 'શીઘ્ર 'निपतति' પડે છે.

જુઓ, આ સ્વભાવનો પુરુષાર્થ અને ભેદજ્ઞાનનો ઉપાય!

જેમ લગ્નમાં 'સમય વર્તે સાવધાન' કહે છે ને? આઠ વાગે લગ્નનો ટાઈમ હોય તો સમય થઈ જતાં કહે કે-ટાઈમ થઈ ગયો છે, અંદરથી કન્યાને લાવો. એમ અહીં કહે છે-રાગથી છૂટા પડવાનો તારો ટાઈમ થઈ ગયો છે, માટે અંદરમાં-સ્વભાવમાં જા અને રાગને ભિન્ન પાડ. ભાઈ! કરવાનું હોય તો એક આ કરવાનું છે. બાકી તો બધું થોથેથોથાં છે.

જોયું? આ પ્રજ્ઞારૂપી છીણી કોના વડે પટકવામાં આવે છે? 'પ્રવીણ પુરુષો વડે.' લ્યો, આનું નામ તે પ્રવીણ પુરુષ જે ભેદજ્ઞાન કરે છે. દુનિયામાં પ્રવીણ-ચતુર કહેવાય તે આ નહીં. દુનિયાના કહેવાતા પ્રવીણ પુરુષો તો બધા પાગલ છે. મૂર્ખ છે; કેમકે તેઓ સ્વભાવનો પુરુષાર્થ ક્યાં કરે છે? તેઓ તો પુરુષાર્થહીન નપુંસક છે. આ તો જે સ્વભાવના પુરુષાર્થ વડે ભેદવિજ્ઞાન પ્રગટ કરે તે પ્રવીણ-નિપુણ પુરુષ છે એમ વાત છે.

અહાહા...! કહે છે-પ્રવીણ પુરુષો વડે પ્રજ્ઞાછીણીને નિષ્પ્રમાદપણે મહા યત્ન વડે પટકવામાં આવતાં... , ક્યાં? આત્મા અને કર્મ-બન્ને વચ્ચેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં અર્થાત્ અંદરની સાંધના જોડાણમાં. જેમ જંગલમાં લાખો મણ પત્થરોનો પહાડ હોય છે એમાં વચ્ચે વચ્ચે લાલ, ધોળી એવી રગ હોય છે. એ રગ એ બે પત્થરો વચ્ચે સાંધ છે અર્થાત્ બે પત્થરો એક થયા નથી એનું ચિન્હ છે. તેથી સાંધમાં સુરંગ ફોડતાં પત્થરો જુદા પડી જાય છે. તેમ જ્ઞાન અને આનંદ જેનું સત્ત્વ છે એવો ભગવાન આત્મા જ્ઞાનાનંદરસકંદ પ્રભુ છે, એમાં જે દયા, દાન આદિ શુભ પરિણામ ને હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિ અશુભ પરિણામ થાય છે તે મૂળ વસ્તુભૂત નથી. અર્થાત્ આત્મા અને શુભાશુભ પરિણામ બન્ને એક નથી. બન્નેમાં લક્ષણભેદે ભેદ છે, સાંધ છે. ભગવાન આત્મા અને રાગાદિ વિકાર વચ્ચે સૂક્ષ્મ અંતરંગ સાંધ છે. અહીં કહે છે-એ બન્નેની અંતરંગ સંધિના બંધમાં બહુ યત્ન વડે પ્રજ્ઞાછીણી પટકવામાં આવતાં તત્કાલ બન્ને ભિન્ન પડી જાય છે. 'रभसात्' છે ને? એટલે કે શીઘ્ર-તત્કાલ-તે જ સમયે. અહા! જ્ઞાનની પ્રગટ દશા જે અનાદિથી રાગ તરફ વળેલી છે તે ધ્રુવ ચિદાનંદઘન પ્રભુ આત્મા તરફ વળે ને ઢળે તે પ્રજ્ઞાછીણી છે અને તે સાંધમાં પડતાં તત્કાલ આત્મા અને કર્મ જુદા પડી જાય છે.

જેમાં રાગનું જ્ઞાન છે એવી વર્તમાન જ્ઞાનની દશા આત્માથી જુદી નથી, પણ રાગ છે તે આત્માથી જુદો છે. મીણમાં સિંહનો આકાર છે તે મીણ સ્વરૂપ છે, સિંહ સ્વરૂપ નથી. તેમ ચૈતન્યમય પ્રભુ આત્મામાં રાગનું જ્ઞાન થાય તે જ્ઞાન આત્મસ્વરૂપ છે, રાગસ્વરૂપ નથી. તેથી રાગને જાણનારી તે જ્ઞાનની દશા અંતરમાં સ્વાભિમુખ વળતાં રાગ ભિન્ન પડી જાય છે અને જ્ઞાન જ્ઞાનને (-આત્માને) અનુભવે છે. આનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ અહીંથી શરૂ થાય છે.

પાછળથી ભાગલા પાડવા હોય તો પાડી શકાય એટલા માટે પહેલાંના મકાનમાં ઓસરીમાં બબ્બે થાંભલીઓ ભેગી રાખતા. જ્યારે ભાઈઓ જુદા પડે એટલે થાંભલીઓ વચ્ચે ચણતર કરી લો. 'ભાઈઓ એક બીજાથી જુદા છે એટલે ગમે ત્યારે જુદા પડે જ. તેમ અહીં આત્મા અને કર્મ બે જાુદી વસ્તુઓ છે. આત્મા એકલો જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, અને કર્મ-પુણ્ય-પાપની વૃત્તિ ઉઠે તે આકુળતાસ્વરૂપ-દુઃખસ્વરૂપ છે. બન્ને વચ્ચે ભાવભેદે ભેદ-સાંધ છે, તિરાડ છે. એટલે વિવેકી પુરુષો દ્વારા અંદર સૂક્ષ્મ સાંધમાં ભગવતી પ્રજ્ઞા નાખવામાં આવતાં, તે સાંધને ભેદીને સરરરાટ અંદર શુદ્ધ સ્વરૂપમાં ઉતરી જાય છે, પ્રવેશી જાય છે ને રાગને ભિન્ન કરી દે છે. આવી વાત છે! સમજાણું કાંઈ...?

ભેદવિજ્ઞાનમાં પ્રવીણ એવા પુરુષો 'कथम् अपि' એટલે 'કોઈ પણ રીતે' અતિ નિષ્પ્રમાદી થઈને પ્રજ્ઞાછીણી પટકે છે. 'कथम् अपि' —કોઈ પણ રીતે એટલે શું? એટલે કે મહાયત્ન વડે, અંતર-એકાગ્રતાનો અતિ ઉગ્ર પુરુષાર્થ કરીને. જેમ વીજળીના ઝબકારામાં સોય પરોવવી હોય તો કેટલી એકાગ્રતા જોઈએ? વીજળી થાય કે તરત જ સોય પરોવી લે, જરાય પ્રમાદ ન કરે. તેમ ચૈતન્યમાં સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવવા ચૈતન્યની એકાગ્રતાનો ઉગ્ર પુરુષાર્થ વિવેકી પુરુષો કરતા હોય છે.

હવે બે વચ્ચે પ્રજ્ઞાછીણી કેવી રીતે પડે છે? તો કહે છે-

'आत्मानम् अन्तः– स्थिर–विशद–लसद्–धाम्नि चैतन्यपूरे मग्नम्' આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં મગ્ન કરતી 'च' અને 'बन्धम् अज्ञानभावे नियमितम्' બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી- 'अभिमतः भिन्नभिन्नौ कुर्वती' એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.

અહા! આત્મા છે તે અનાદિ-અનંત નિત્ય શાશ્વત પરિપૂર્ણ સ્વતઃ સિદ્ધ વસ્તુ છે; એનું ચૈતન્યરૂપી તેજ અંતરમાં નિત્ય, ધ્રુવ અને સ્થિર છે તથા નિર્મળપણે દેદીપ્યમાન છે. અહા! પ્રજ્ઞાછીણી આત્માને આવા ચૈતન્યપૂરમાં-ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય-એવા ત્રિકાળી ધ્રુવ ચૈતન્યપ્રવાહમાં મગ્ન કરતી પડે છે; અને તે બંધને અજ્ઞાનભાવમાં

નિશ્ચલ-સ્થિત કરે છે. આ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરી દે છે.

અહા! આ શરીર, મન, વાણી, ઇન્દ્રિયો, સ્ત્રી-પુત્ર-પરિવાર આદિ બહારના સંયોગો નાશવાન છે. એ બધી ચીજો પોતપોતાના કારણે આવીને રહી છે; અને તેઓ પોતપોતાના કારણે પલટી જશે. અહા! આને નિત્ય ધ્રુવધામ-ચૈતન્યધામ પ્રભુ આત્માની નજરુ નથી તેથી અનિત્ય ને અસ્થિર પદાર્થોને નિત્ય ને સ્થિર કરવા મથે છે. આ બધી ક્ષણિક ચીજો પોતાની સાથે સદા રહે એમ તે ઇચ્છે છે, પણ એ એનો મોહજનિત અજ્ઞાનભાવ છે, ભ્રાન્તિ છે.

વળી પરલક્ષે જે શુભાશુભ વૃત્તિઓ ઉઠે છે તે બંધ છે ને તે અજ્ઞાનભાવ છે. 'બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચલ કરતી' એમ કહ્યું ને! રાગમાં ચૈતન્યના અંશનો અભાવ છે તેથી તે અજ્ઞાનમય ભાવ છે, અંધકાર છે. અંદરમાં સાવધાન થઈ ને અર્થાત્ ઉપયોગની જાગૃતિ રાખીને પ્રજ્ઞાછીણી પટકવામાં આવતાં તે સૂક્ષ્મ સંધિને ભેદીને એકકોર જ્ઞાનસ્વરૂપ આત્મા ને બીજીકોર અંધકારસ્વરૂપ રાગ-બન્નેને ભિન્ન પાડી દે છે. અહા! ભગવતી પ્રજ્ઞા-જ્ઞાનમય ચેતના આત્મા અને બંધને સર્વ તરફથી એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ-એમ ચોતરફથી ભિન્ન ભિન્ન કરી દે છે. બંધના-રાગના કોઈ અંશને જ્ઞાનમાં ભેળવતી નથી, ને જ્ઞાનના કોઇ અંશને બંધમાં-રાગમાં ભેળવતી નથી. અહા! આવી ભગવતી પ્રજ્ઞા-જ્ઞાનચેતના એ એક જ મોક્ષનો ઉપાય છે.

ભાઈ! તારા મોક્ષનું સાધન તારા પોતાનામાં જ છે. અહા! તેને જાણ્યા વિના અજ્ઞાનભાવે શુભરાગને મોક્ષનું સાધન માનીને અનાદિકાળથી તેં બંધનું-રાગનું જ સેવન કર્યું છે. પરંતુ રાગથી પાર અંતર્મુખ થયેલી જ્ઞાનચેતનારૂપ નિર્મળ નિર્વિકલ્પ અનુભૂતિ એ એક જ મોક્ષનું સાધન છે. અહો! એ નિર્મળ સ્વાનુભૂતિની શી વાત? વચનાતીત અને વિકલ્પાતીત એનો મહિમા છે. માટે રાગથી સાવધાન થઈ ઉપયોગને અંદર સ્વરૂપમાં લઈ જા. અહા! આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામે છે ત્યારે આ રીતે જ પામે છે. સમજાણું કાંઈ...?

## * કળશ ૧૮૧ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અહીં આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે. તેનો કર્તા આત્મા છે.'

ભગવાન આત્મા અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યસત્તાસ્વરૂપ ત્રિકાળી ભિન્ન ચીજ છે; અને. તેવી રીતે રાગાદિ વિકારના ભાવો ભિન્ન ચીજ છે. અનાદિથી અજ્ઞાન વડે બેને એક માન્યા છે. તેથી બન્નેને જુદા કરવા તે (ધર્મરૂપ) કાર્ય છે. અહીં કહે છે-તે બેને ભિન્ન કરવારૂપ કાર્યનો કર્તા આત્મા છે. કોઈ બીજો ઈશ્વર આ કાર્યને કરે છે એમ છે નહિ. અહા! સ્વતઃસિદ્ધ વસ્તુઓનો કર્તા કોઈ બીજો ઈશ્વર છે એ માન્યતા તદ્દન જૂઠી-અસત્ય છે. હવે કહે છે-

'ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે? તેથી કરણ પણ જોઈએ. નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી; માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે.

લ્યો, લોકો સાધનની રાડો પાડે છે ને? આ એનો અહીં ખુલાસો કરે છે કે નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી. સત્યાર્થદષ્ટિએ જોઈએ તો આત્માથી રાગાદિ બંધને ભિન્ન પાડવામાં કર્તાય આત્મા છે ને કરણેય આત્મા છે; કેમકે કરણ કર્તાથી ભિન્ન હોતું નથી. આ બંને (કર્તા ને કરણ) આત્માની પર્યાયની વાત છે. આમ તો એક પર્યાયમાં છયે કારકો હોય છે, પણ અહીં બેને મુખ્ય લીધા છે. માટે આત્માથી અભિન્ન એવી બુદ્ધિ જ-ભગવતી પ્રજ્ઞા જ આ કાર્યમાં કરણ છે. શું કીધું? કે પરસન્મુખની દિશાવાળા રાગાદિ વિકારના ભાવોને, સ્વસન્મુખની દશાવાળી પ્રજ્ઞા જ-સ્વસંવેદનજ્ઞાનની દશા જ ભિન્ન કરવાનું સાધન છે. જેમ લાકડાના બે કટકા કરનારું તીક્ષ્ણ કરવત હોય છે તેમ અંદરમાં સ્વાભિમુખ તીક્ષ્ણ પ્રજ્ઞા-એ જ રાગ ને આત્માને જાુદા કરવાનું કરવત છે.

હવે કહે છે- 'આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે અને નોકર્મ શરીરાદિક છે. માટે બુદ્ધિ વડે આત્માને શરીરથી, જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મથી તથા રાગાદિક ભાવકર્મથી ભિન્ન એક ચૈતન્યસ્વભાવમાત્ર અનુભવી જ્ઞાનમાં જ લીન રાખવો તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે.'

અહા! હું એક શુદ્ધ ચિન્માત્ર જ્ઞાતા-દ્રષ્ટા પ્રભુ આત્મા છું. અહા! આવી ત્રિકાળી ચીજ તે મારું સ્વ છે-એમ સ્વને ઓળખી, તેનો અનુભવ કરી તેમાં જ લીન રહેવું એ જ આત્માને રાગથી ભિન્ન કરવું છે. આત્માનો અનુભવ કરી એમાં જ લીન રહેવું એનું નામ ભગવતી પ્રજ્ઞા છે. તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે, સિદ્ધપદને પમાય છે, -એમ જાણવું. લ્યો, 'ણમો સિદ્ધાણં' -એવું સિદ્ધપદ આ રીતે પમાય છે.

પ્રભુ-આ રાગ અને આત્માને આ રીતે જાુદા કર તો તારો અવતાર સફળ થશે. તેથી તને આત્મલાભ થશે, અંદર અતીન્દ્રિય આનંદ પ્રગટશે અને તને પોતાથી જ ખાત્રી થશે કે હવે મને જન્મ-મરણ નથી; કોઈને પૂછવું નહિ પડે.

અહા! આ જે સમજશે નહિ તે ચારગતિમાં રખડશે. વર્તમાનમાં આ બધા ઘણા શેઠીઆઓ છે ને? શું થાય? તેઓ બિચારા ઢોરમાં જશે. કેમ? કેમકે નરકમાં જાય એવા તીવ્ર પાપના ક્રૂર હિંસાદિના પરિણામ તેમને નથી, પણ ધનના લોભમાં તેમને માયા-કપટ-કુટિલતાના આડાઈના પરિણામ છે તેથી તેઓ મરીને ઢોરમાં જ જાય, ઢોરને કૂંખે જ જન્મ લે.

મોટા કરોડ પતિ-લક્ષ્મીપતિ છે તોય?

હા, તોય; અંદર જ્ઞાનાનંદસ્વરૂપ લક્ષ્મીને ઓળખ્યા વિના આ બહારની લક્ષ્મી-ધૂળના પતિ બધા કૂડ-કપટના પરિણામને લીધે ઢોરમાં જ જશે. અહા! અને જેઓ ઈંડા આદિ માંસાહાર કરે છે તેઓનું સ્થાન નરકાદિ જ છે. અરરર! જેને અડાય નહિ તેને ભોજનમાં લેવું એ તો મહાપાપ છે. લ્યો, કળશ પૂરો થયો.

[ પ્રવચન નં. ૩૪૯ થી ૩૫૩ ( ચાલુ ) ]

## ગાથા-૨૯૫

आत्मबन्धौ द्विधा कृत्वा किं कर्तव्यमिति चेत्-

जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।
बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।। २९५।।

जीवो बन्धश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्याम्।
बन्धरछेत्तव्य: शुद्ध आत्मा च गृहीतव्य:।। २९५।।

'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે:-

જીવ-બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.

**ગાથાર્થ:-** [ तथा ] એ રીતે [ जीव: बन्ध: च ] જીવ અને બંધ [ नियताभ्याम् स्वलक्षणाभ्यां ] તેમનાં નિશ્ચિત સ્વલક્ષણોથી [ छिद्येते ] છેદાય છે. [ बन्ध: ] ત્યાં, બંધને [ छेत्तव्य: ] છેદવો અર્થાત્ છોડવો [ च ] અને [ शुद्ध: आत्मा ] શુદ્ધ આત્માને [ गृहीतव्य: ] ગ્રહણ કરવો.

**ટીકા:-** આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા અર્થાત્ ભિન્ન કરવા; પછી, રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો અને ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો. આ જ ખરેખર આત્મા અને બન્ને દ્વિધા કરવાનું પ્રયોજન છે કે બંધના ત્યાગથી ( અર્થાત્ બંધનો ત્યાગ કરી ) શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ:-** શિષ્યે પૂછ્યું હતું કે આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું? તેનો આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

* * *

### સમયસાર ગાથા ૨૯૫ : મથાળું

શિષ્યનો પ્રશ્ન છે કે-બંધ-રાગ અને આત્માને ભગવતી પ્રજ્ઞા વડે જુદા પાડવા એ તો જાણ્યું પણ 'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે:-

## * ગાથા ૨૯૫ : ટીકા ઉપરનું પ્રવચન *

'આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા અર્થાત્ ભિન્ન કરવા.'

'પ્રથમ તો' -સંસ્કૃતમાં 'तावत्' શબ્દ છે ને? એટલે કે સમકિત પામવા પહેલાં અને પામવા કાળે સૌ પહેલાં શું કરવું? પહેલામાં પહેલું આ કરવું એમ કહે છે. શું? કે તું આત્મા કોણ છો? ને આ વિકાર કોણ છે? અહા! એ બન્નેના નિયત સ્વલક્ષણોને જાણીને-નિશ્ચિત કરીને જ્ઞાન વડે બન્નેને સર્વથા જ છેદવા-ભિન્ન કરવા. અહા! પોતે ત્રિકાળ શાશ્વત શુદ્ધ એક ચેતનાલક્ષણ જીવ છે ને આ રાગાદિ વિકારના ઉત્પન્નધ્વંસી ક્ષણિક ભાવો બંધનું લક્ષણ છે એમ બન્નેને નિયત સ્વલક્ષણોના ભેદથી ભિન્ન જાણી જ્ઞાન વડે બન્નેને સર્વથા જ ભિન્ન કરવા. રાગ વડે છેદવા એમ નહિ; રાગ તો અજ્ઞાનમય જડ આંધળો છે, એનાથી કેમ છેદાય? ન છેદાય. વળી 'સર્વથા જ' છેદવા એમ કહ્યું છે; મતલબ કે સમસ્તપણે છેદવા એમ કહેવું છે. ભાઈ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવની આ આજ્ઞા છે.

લોકો કહે છે ને? કે દયા પાળો, વ્રત કરો, દાન કરો, ભક્તિ કરો, પૂજા કરો-એ કરતાં કરતાં (નિશ્ચય ધર્મ) થશે; પણ એની અહીં ના પાડે છે. અહીં તો કહે છે-એ સર્વ વ્યવહાર છે તે રાગ છે, બંધનું લક્ષણ છે અને એને સર્વથા જ ભિન્ન પાડતાં લાભ થાય, સમકિત થાય, એનાથી ન થાય; એનાથી તો બંધ થાય. વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી એમ અહીં કહ્યું નથી. કોઈ ઠેકાણે શાસ્ત્રમાં એમ આવે તો એ ભૂતનૈગમનયે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે એમ યથાર્થ સમજવું. (અને એ તો જેને સમકિત થયું છે એની વાત છે).

કોઈને થાય કે બહારમાં ગીલોડાં વગેરે શાકના છરી વડે કટકા કરવાનું કહે તો એ તો સમજાય પણ આને (-આત્મા અને બંધને) સર્વથા જ જુદા કરવાનું શેં સમજાય? એમ કે આ સમજાતું નથી.

અરે ભાઈ! શાકના કટકા તો તું ક્યાં કરી શકે છે? શાકના કટકા કરવાનું તો તારું સામર્થ્ય જ નથી. (પરદ્રવ્ય પરદ્રવ્યનું કાંઈ કરે એવું કોઈ દ્રવ્યમાં સામર્થ્ય જ હોતું નથી). પણ રાગથી-બંધથી ભિન્ન પોતાના આત્માને અનુભવવો એ તો તારું સામર્થ્ય છે. અંતર્મુખ વળેલી જ્ઞાનની દશા વડે ભિન્ન આત્માને અનુભવી શકાય છે. ભાઈ! આ તો તને સમજાય એવું છે ને નાથ!

અહા! પણ એને ક્યાં સમજવાની દરકાર છે? અરેરે! ચિદાનંદઘન પ્રભુ આત્માની સમજણ વિના જગત આખું ચોરાસીના અવતારમાં રખડી-રવડી મરે છે! અનંતકાળમાં એને નારકી ને પશુના અનંતભવ કર્યા. કદાચિત્ મનુષ્ય થયો અને

એમાં કંઈક પુણ્યયોગથી સગવડતા મળી તો બધું ભૂલી ગયો, ને ચઢી ગયો મદમાં. વળી કોઈ રાગની મંદતામાં સલવાઈ ગયો; એમ કે વ્યવહાર કરતાં કરતાં થાય. અરે! એણે આ વાત સાંભળવાની ને સમજવાની દરકાર કરી નહિ!

હવે કહે છે– 'પછી, રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો અને ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.'

જાુઓ, આ ભેદજ્ઞાન કહ્યું. આને છોડવો ને આને ગ્રહણ કરવો એ ભેદ કરવાના સૂક્ષ્મ વિકલ્પ તો વિકલ્પરૂપ ભેદજ્ઞાન છે. પણ આત્માની ભૂમિકામાં જે જાણવા-દેખવાનો ઉપયોગ થાય તેને એકદમ જાણનાર... જાણનાર... જાણનાર પ્રભુ જ્ઞાયક પ્રતિ વાળીને શુદ્ધાત્માનુભૂતિ કરે ત્યારે રાગાદિ જે પુણ્ય-પાપના બંધભાવો છે તેનું લક્ષ છૂટી જાય છે અને તે વાસ્તવિક ભેદજ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન છે, ધર્મ છે. સમજાણું કાંઈ...?

વળી કહે છે– 'આ જ ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે કે બંધના ત્યાગથી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'

જોયું? બન્નેને જાુદા પાડવાનું પ્રયોજન જ આ છે કે રાગનું લક્ષ છોડી ચિદાનંદઘન પ્રભુ આત્માને જ ગ્રહણ કરવો-અનુભવવો. આ રીતે જ એને સમ્યગ્દર્શનજ્ઞાન ને અંતર-રમણતારૂપ ધર્મ પ્રગટ થાય છે. આ સિવાય બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધાથી સમકિત થવાનું કોઈ કહે તો તે અસત્ય છે, સત્યાર્થ નથી.

## * ગાથા ૨૯૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'શિષ્યે પૂછયું હતું કે આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું? તેનો આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'

આત્મા ચૈતન્યલક્ષણે જાણવાલાયક છે, અને બંધને રાગલક્ષણે જાણવાલાયક-ઓળખવાલાયક છે. આમ બેને લક્ષણભેદે ભિન્ન જાણીને અંતર્મુખ ઉપયોગ વડે શુદ્ધ ચૈતન્યમય આત્માને ગ્રહણ કરવો-અનુભવવો અને રાગલક્ષણ જે બંધ એને છોડી દેવો-એમ કહે છે. આમાં એમ ન આવ્યું કે પહેલાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વ્યવહાર કરો ને પછી નિશ્ચય થશે. ભાઈ! વ્યવહારથી નિશ્ચય થાય એમ વસ્તુ જ નથી. રાગ જે બંધનું લક્ષણ છે એનાથી અબંધસ્વભાવી આત્મા કેમ પ્રાપ્ત થાય? ન થાય. આવી વાત છે.

[ પ્રવચન નં. ૩૫૩ (શેષ) અને ૩૫૪ ]

## ગાથા-૨૯૬

कह सो घिप्पदि अप्पा पण्णाए सो दु घिप्पदे अप्पा।
जह पण्णाइ विभत्तो तह पण्णाएव घेत्तव्वो।। २९६।।

कथं स गृह्यते आत्मा प्रज्ञया स तु गृह्यते आत्मा।
यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः।। २९६।।

('આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?' –એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છેઃ–

**એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;**
**પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.**

**ગાથાર્થઃ-** (શિષ્ય પૂછે છે કે–) [सः आत्मा] તે (શુદ્ધ) આત્મા [कथं] કઈ રીતે [गृह्यते] ગ્રહણ કરાય? (આચાર્યભગવાન ઉત્તર આપે છે કે–) [प्रज्ञया तु] પ્રજ્ઞા વડે [सः आत्मा] તે (શુદ્ધ) આત્મા [गृह्यते] ગ્રહણ કરાય છે. [यथा] જેમ [प्रज्ञया] પ્રજ્ઞા વડે [विभक्तः] ભિન્ન કર્યો, [तथा] તેમ [प्रज्ञया एव] પ્રજ્ઞા વડે જ [गृहीतव्यः] ગ્રહણ કરવો.

**ટીકાઃ-** શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે–જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ. માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

**ભાવાર્થઃ-** ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી; માટે પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

*   *   *

## સમયસાર ગાથા ૨૯૬ : મથાળું

'આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?' અર્થાત્ શુદ્ધાત્માને અનુભવવો કેવી રીતે? –એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છેઃ–

## * ગાથા ૨૯૬ : ટીકા ઉપરનું પ્રવચન *

લ્યો, આ એકદમ સાર–સાર ગાથા છે. ઝગડા બધા મટી જાય એવી આ ગાથા છે. ગાથામાં પ્રશ્ન અને ઉત્તર બન્ને છે. શું કહે છે? કે–

'શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...'

જુઓ આ પ્રશ્ન ને ઉત્તર! જેમ અંતરમાં વળેલી જ્ઞાનની દશા ભગવતી પ્રજ્ઞા વડે રાગને આત્માથી સર્વથા જુદો કર્યો હતો તેમ તે જ જ્ઞાનની દશા ભગવતી પ્રજ્ઞા વડે શુદ્ધ આત્માને અનુભવવો.

શિષ્યનો પ્રશ્ન છે કે એક વાર રાગને જુદો પાડયા પછી વારંવાર શુદ્ધાત્માનો અનુભવ શા વડે કરવો? એમ કે એકવાર અનુભવ થયા પછી વ્યવહાર તો આવે છે, તો શું તે વ્યવહાર વડે વા વ્યવહાર કરતાં કરતાં કાંઈ અંદરમાં વિશ્રામ-સ્થિરતા થતાં હશે એમ છે? એનો આ ઉત્તર આપવામાં આવે છે કે-

પછી પણ પ્રજ્ઞા વડે જ શુદ્ધાત્માને ગ્રહણ કરવો કેમકે પ્રજ્ઞા વડે જ અર્થાત્ આત્માના અનુભવ વડે જ આત્મા ગ્રહાય છે-પકડાય છે. ભાષા જોઈ? 'प्रज्ञयैव' - 'પ્રજ્ઞા વડે જ' એમ કહ્યું છે. મતલબ કે બીજી કોઈ રીતે નહિ. આગળની ગાથામાં બેને 'સર્વથા જ' ભિન્ન કરવા એમ કહ્યું હતું.

**પ્રશ્નઃ-** હા, પણ ભગવાનનો માર્ગ તો અનેકાન્ત છે.

**ઉત્તરઃ-** પ્રજ્ઞા વડે જ શુદ્ધાત્માનું ગ્રહણ થાય, બીજી રીતે ન થાય એ અનેકાંત છે. હવે તેનું કારણ આપે છેઃ- 'કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે-જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ.'

શું કહે છે? કે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માને જ્ઞાનલક્ષણે લક્ષિત કરીને તથા દયા, દાન, વ્રતાદિ વ્યવહારના રાગને બંધના લક્ષણપણે જાણીને જેમ બંધને સર્વથા જ લક્ષમાંથી છોડી દીધો ને ભગવાન આત્માને અંતર-એકાકાર જ્ઞાન-પ્રજ્ઞા વડે ગ્રહણ કર્યો -અનુભવ્યો તેમ ભગવાન આત્માને દ્રષ્ટિમાં લઈ, મોક્ષને માટે, પોતે પોતાને વિશેષપણે પ્રજ્ઞા વડે જ અનુભવવો. અહા! પ્રજ્ઞા જ એક મોક્ષનું કરણ-સાધન છે. અહા! આત્માનો અનુભવ જ એક રાગથી ભિન્ન પડવાનું ને આત્માને ગ્રહવાનું સાધન છે. પણ એમ નથી કે બીજાં કોઈ (દયા, દાન, વ્રત આદિ વ્યવહારરત્નત્રય) પણ સાધન છે.

કહે છે-રાગથી ભિન્ન પડવામાં અને આત્માને ગ્રહવામાં પ્રજ્ઞા જ એક કરણ છે. આત્મા આત્માના અનુભવમાં રહે એ એક જ મોક્ષ પ્રાપ્ત કરવાનું સાધન છે. વ્યવહાર સાધન છે એમ બીલકુલ નથી. સાધન એક જ છે; પણ તેનું નિરૂપણ બે પ્રકારે કરવામાં આવે છે. શાસ્ત્રમાં જ્યાં વ્યવહારને સાધન કહ્યું હોય તો તે નિમિત્ત વા સહચરનું જ્ઞાન કરાવવા ઉપચારથી કહ્યું છે એમ યથાર્થ જાણવું.

લ્યો, નિમિત્તથી ને વ્યવહારથી થાય એ વાતનો અહીં સ્પષ્ટ નિષેધ કર્યો છે. 'પ્રજ્ઞા જ એક કરણ છે' એમ ઉત્તર કરીને નિમિત્ત ને વ્યવહારના સર્વ વિવાદનું સમાધાન કરવામાં આવ્યું છે.

પણ એ તો લોકો માને તો ને?

ભાઈ! શું થાય? ભગવાને કહેલી હિતની વાત ન માને એને શું કરીએ? એ તો એનું ભવિતવ્ય જ એવું છે એમ જાણી સમભાવમાં રહેવું યોગ્ય છે.

હવે કહે છે- 'માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.'

આત્મા અને બંધને ભિન્ન કરવામાં પ્રજ્ઞા જ એક કરણ કહ્યું હતું. તેમ આત્માને ગ્રહવામાં પણ પ્રજ્ઞા જ એક કરણ છે. માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ આત્માને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો. અહીં 'જ' કાર મૂકીને એકાન્ત કર્યું છે. આ સમ્યક્ એકાન્ત છે.

કથંચિત્ પ્રજ્ઞા વડે ને કથંચિત્ રાગ વડે-એમ અહીં કહ્યું નથી. અહા! આવી સ્પષ્ટ ચોકખી વાત છે છતાં 'વ્યવહારથી ન થાય' -એ માન્યતા એકાન્ત છે એમ કોઈ લોકો રાડુ પાડે છે. પણ શું થાય? અહીં આ કેવળીના કેડાયતીઓ દિગંબર આચાર્યો બહુ ઊંચેથી પોકાર કરી કહે છે કે- 'પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો, પ્રજ્ઞા જ એક કરણ છે.'

ભાઈ! આ તો ધીરાનાં કામ છે બાપા! બહુ ભણતર કર્યાં હોય ને શાસ્ત્રમાં હોશિયાર હોય, બહુ ગર્જના કરતાં આવડતું હોય, બીજાને સમજાવતાં આવડતું હોય એટલે એને વહેલું સમકિત ને મોક્ષ થઈ જાય એમ છે નહિ. ભિન્ન ચીજને ભિન્ન કરી આત્માનુભવ કરનારી ભગવતી પ્રજ્ઞા જ સમકિત અને મોક્ષનું સાધન છે.

બાપુ! આ દેહ તો આત્માથી છૂટો પડશે જ; પણ તે છૂટો પડે તે પહેલાં જ્ઞાનમાં અંદર છૂટો પાડી નાખ. એ સિવાય એને પરિભ્રમણ નહિ મટે હોં. અંદર આત્માને ભિન્ન અનુભવ્યા વિના પ્રભુ! તારા જન્મ-મરણનો અંત નહિ આવે. ભાઈ! આ ભવસમુદ્ર તો એકલા દુઃખનો સમુદ્ર છે. એના દુઃખનું શું કરીએ?

ઘણા વરસ પહેલાં ધંધુકામાં બનેલી આ ઘટના છે. કોઈ એક કોમના લોકોએ એક ગાયને પહેલાં ખૂબ ખવડાવ્યું. પછી શણગારીને આખા નગરમાં ફેરવી જેથી બીજા લોકોને ખબર થાય કે આ ગાયને હવે મારી નાખશે. ત્યાર પછી એકાંત સ્થાનમાં લઈ તે જીવતી ગાયના જીણા જીણા ટુકડા કરી નાખ્યા અને લોકોને વહેંચ્યા. રે અજ્ઞાન! રે દુઃખ!

બીજી એક બનેલી ઘટના છે. એક ભાઈ એક વખત પોતાના એક અન્યમતી મિત્રને ત્યાં ગએલ. તે વખતે તે મિત્રને ઘરે એક મોટી અગ્નિની ભઠ્ઠી સળગાવી હતી, અને તેમાં એક જીવતા ભુંડને આખે આખું સળિયામાં બાંધી નાખ્યું હતું. એ તો આભો જ થઈ ગયો. અરરર! જેમ શક્કરિયું શેકે તેમ જીવતા ભુંડને ભઠ્ઠીમાં શેકે! અહા! કહ્યું ન જાય એવું પારાવાર દુઃખ!!

આ તો દૃષ્ટાંત કહ્યાં. બાકી આનાથીય અનંત ગુણાં દુઃખ પહેલી નરકથી સાતમી નરકમાં એણે વેઠયાં છે. અહીં ન્યાય શું કહેવો છે કે-ભાઈ! આવાં પારાવાર દુઃખોથી છૂટવું હોય તો આ એક ઉપાય કર. શું? કે રાગનો પ્રેમ છોડ ને જ્ઞાનને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભગવાન આત્મામાં જોડ. બાપુ! રાગ ચાહે શુભ હો કે અશુભ-એ સ્વયં દુઃખરૂપ ને દુઃખના કારણરૂપ જ છે. અહા! રાગ બંધ એટલે દુઃખનું-સંસારનું જ લક્ષણ છે. એમ જાણી એનું લક્ષ સર્વથા છોડી, ઉપયોગને અંતરમાં વાળી સુખધામ પ્રભુ આત્મામાં જોડી દે. અહા! ઉપયોગની-જ્ઞાનની અંતર-એકાકાર દશા-પ્રજ્ઞા જ શુદ્ધાત્માને ગ્રહવાનો ઉપાય છે. ભાઈ! જન્મ-મરણનાં દુઃખોથી મુક્ત થવાની આ એક જ રીત છે. સમજાય છે કાંઈ...?

માણસને અભ્યાસ નહિ એટલે આ સમજવું કઠણ પડે, પણ આ સમજ્યા વિના તારા દુઃખનો અંત આવે એમ નથી. બાકી તો કહ્યું છે ને કે-

'બાલપણ ખેલમાં ખોયા, જુવાની સ્ત્રીમાં મોહ્યા, અને બુઢાપા દેખકર રોયા.' બધાં દુઃખ જ દુઃખ છે. દોલતરામજીએ કહ્યું છે ને કે-

"બાલપનેમેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણીરત રહ્યો;
અર્ધમૃતકસમ બૂઢાપનો કૈસે રૂપ લખૈ આપનો...?"

પોતાના સ્વરૂપને જાણ્યા વિના બધે દુઃખ જ છે ભાઈ!

માટે ટૂંકામાં કહીએ કે-રાગથી ખસ, આત્મામાં વસ; આ ટૂંકું ને ટચ, એટલું બસ. પણ આમાં તો અનંતો પુરુષાર્થ જોઈએ હોં. કાંઈ વાતે વડાં થાય એમ નથી.

## * ગાથા ૨૯૬ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી. અહા! સાધ્ય જે મોક્ષ તેનું સાધન આત્માથી અભિન્ન એક પ્રજ્ઞા જ છે. આત્માનું સાધન આત્મામાં જ છે. એનું સાધન કોઈ બીજી ચીજ-નિમિત્ત કે વ્યવહાર-નથી. માટે પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો. બન્નેમાં 'જ' લીધું છે. સમ્યક્ એકાંત કર્યું છે.

[ પ્રવચન નં. ૩૫૪ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૨૯૭

**कथमयमात्मा प्रज्ञया गृहीतव्य इति चेत्-**

**पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो।**
**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।। २९७।।**

**प्रज्ञया गृहीतव्यो यश्चेतयिता सोऽहं तु निश्चयत:।**
**अवशेषा ये भावा: ते मम परा इति ज्ञातव्या:।। २९७।।**

હવે પુછે છે કે-આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છે:-

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

**ગાથાર્થ:-** [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्य: ] (આત્માને) એમ ગ્રહણ કરવો કે- [ य: चेतयिता ] જે ચેતનારો છે [ स: तु ] તે [ निश्चयत: ] નિશ્ચયથી [ अहं ] હું છું, [ अवशेषा: ] બાકીના [ ये भावा: ] જે ભાવો છે [ ते ] તે [ मम परा: ] મારાથી પર છે [ इति ज्ञातव्य: ] એમ જાણવું.

**ટીકા:-** નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે આ હું છું; અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજાં લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે. માટે હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી, 'હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું'; ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું, ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું, ચેતતામાંથી જ ચેતું છું, ચેતતામાં જ ચેતું છું, ચેતતાને જ ચેતું છું. અથવા-નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો, નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો; પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

**भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं हि यच्छक्यते**
**चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।**
**भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि**
**भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।१८२।।**

**ભાવાર્થઃ-** પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક તે આ હું છું અને બાકીના ભાવો મારાથી પર છે; માટે (અભિન્ન છ કારકોથી) હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'ચેતું છું', કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે. માટે હું ચેતું જ છું; ચેતનારો જ, ચેતનાર વડે જ, ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ, ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું. અથવા દ્રવ્યદષ્ટિએ તો-છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું. - આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यत् भेत्तुं हि शक्यते सर्वम् अपि स्वलक्षणबलात् भित्त्वा ] જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને, [ चिन्मुद्रा-अङ्कित-निर्विभाग-महिमा शुद्धः चिद् एव अहम् अस्ति ] જેનો ચિન્મુદ્રાથી અંક્તિ નિર્વિભાગ મહિમા છે (અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું. [ यदि कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः भिद्यन्ते, भिद्यन्ताम् ] જો કારકોના, અથવા ધર્મોના, અથવા ગુણોના ભેદો પડે, તો ભલે પડો; [ विभौ विशुद्धे चिति भावे काचन भिदा न अस्ति ] પરંતુ *વિભુ એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત-) ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી. (આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)

**ભાવાર્થઃ-** જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તો મારાથી ભિન્ન છે, માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું. કર્તા, કર્મ, કારણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો, સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો અને જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય તો ભલે હો; પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી. -આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો. ૧૮૨.

*    *    *

---

* વિભુ = દઢ; અચળ; નિત્ય; સમર્થ; સર્વ ગુણપર્યાયોમાં વ્યાપક.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## સમયસાર ગાથા ૨૯૭ : મથાળું

હવે પૂછે છે કે-આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છેઃ-

આત્માને રાગથી ભિન્ન પાડવાની કે શુદ્ધાત્માને અંદર ગ્રહણ કરવાની-અનુભવવાની રીત શું? એમ શિષ્યનો પ્રશ્ન છે. બીજી રીતે કહીએ તો અનંતકાળમાં જે કર્યું નથી તે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? સમ્યગ્દર્શનનું ધ્યેય શું હોય? અહા! એની વર્તમાન ક્રિયા શું હોય? આ પ્રશ્નનો ઉત્તર કહે છેઃ-

અહા! ભગવાન સર્વજ્ઞદેવે જે પ્રત્યેક આત્મા જોયો તે દ્રવ્યે અને ગુણે શુદ્ધ છે. એની પર્યાયમાં જે મિથ્યાત્વ ને રાગદ્વેષાદિ વિકાર છે એનાં ષટ્કારક-કર્તા, કર્મ આદિ પર્યાયનાં પર્યાયમાં છે, શુદ્ધ આત્મદ્રવ્ય એમાં કાંઈ કરતું નથી. તેવી રીતે જે નિર્મળ નિર્વિકાર ધર્મની પરિણતિ થાય એનાં ષટ્કારક એનામાં છે; અહા! તે નિર્મળ પરિણતિ રાગ-વ્યવહારને લઈને થઈ છે એમ નથી, વા શુદ્ધ દ્રવ્ય-ગુણને લઈને થઈ છે એમ પણ નથી. અહા! આવી ઓમ્ધ્વનિમાં આવેલી બહુ સૂક્ષ્મ વાત અહીં કહે છે.

## * ગાથા ૨૯૭ : ટીકા ઉપરનું પ્રવચન *

'નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે આ હું છું...'

નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા...' શું કહ્યું એ? કે અંદરમાં જ્ઞાનની દશા અંતઃસ્વભાવને (-સ્વને) જાણતાં રાગને જાણે (પરને જાણે) એવું સ્વપરપ્રકાશક પ્રજ્ઞાનું નિયત નામ નિશ્ચય સ્વલક્ષણ છે. અહા! જાણવું એ એનો સ્વભાવ છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન-એ આત્માનો સ્વભાવ છે અને તે એનું સ્વલક્ષણ છે. રાગ બંધનું લક્ષણ છે અને જ્ઞાન આત્માનું સ્વલક્ષણ છે. અહા! આવા સ્વલક્ષણને જ્ઞાનસ્વભાવને અવલંબનારી પ્રજ્ઞા નામ જ્ઞાનની દશા આત્માને રાગથી ભિન્ન અનુભવે છે, જાણે છે. અહાહા! જે જ્ઞાનની દશા રાગથી ભિન્ન પડી અંદર ભગવાન જ્ઞાનસ્વભાવમાં એકાકાર થઈ તે જ્ઞાનની દશામાં ભગવાન આત્મા ભિન્ન જણાય છે, અનુભવાય છે. આનું નામ પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો ચેતક; સમજાણું કાંઈ...? જ્ઞાનસ્વભાવને આલંબીને અંતર્મુખ થયેલી જ્ઞાનની દશા-પ્રજ્ઞા જે પ્રગટ થઈ તેમાં ભગવાન આત્મા-ચેતક ચેતનારો જણાયો અને એમાં આ ચેતક-ચેતનારો તે આ હું છું એમ પ્રત્યક્ષ થાય છે. ચેતનારો તે આ હું-એમ વિકલ્પ નહિ, પણ અંતરમાં વળેલી જ્ઞાનની દશામાં જે જુદો જણાયો ચેતક-ચેતનારો, તે આ હું છું એમ પ્રત્યક્ષ અનુભવ થાય છે. એમ વાત છે સમજાણું કાંઈ...?

હવે કહે છે- 'અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજાં લક્ષણોથી ઓળખવા યોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય

ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે.'

શું કીધું? કે આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિના ભાવ અને કામ, ક્રોધાદિ ભાવ-એ બધા વ્યવહારરૂપ ભાવો છે, ને તે બધાય ચૈતન્યલક્ષણથી ભિન્ન બંધલક્ષણથી ઓળખાવાયોગ્ય છે. અહા! નિશ્ચય આત્માનું લક્ષણ ભિન્ન છે ને વ્યવહાર ભાવોનું લક્ષણ ભિન્ન છે. જ્ઞાનલક્ષણથી (-સ્વભાવથી) જણાય એવો ચેતનારો તે હું છું અને અન્યલક્ષણોથી ઓળખાય એવા બાકીના બધાય ભાવ વ્યવહારરૂપ ભાવો છે. આત્મા ગુણી, અને જ્ઞાન, દર્શન એના ગુણ એવો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પએ વ્યવહારભાવ છે. અહીં કહે છે-એ બધાય વ્યવહારભાવો ચેતનારો જે ચેતક-જ્ઞાયક એની અવસ્થા થવાને લાયક નથી. આવી સૂક્ષ્મ વાત છે!

સૂક્ષ્મ પડે પણ વાત તો આ છે. માર્ગ તો આ છે ભાઈ! અનંતકાળના જન્મ-મરણના દુઃખથી છૂટવાનો આ જ માર્ગ છે.

ભગવાન આત્મા ચેતનારો-ચેતક, વ્યાપક થઈને-પ્રસરીને-વિસ્તરીને રાગરૂપ-વિકારરૂપ થાય એવી વસ્તુ જ નથી-એમ કહે છે. અહાહા...! મારો નાથ સચ્ચિદાનંદ પ્રભુ વિસ્તરીને-વિશાળરૂપ થઈને વિકારપણે થાય એમ છે જ નહિ. વિકારરૂપ થાય એ હું-આત્મા નહિ એમ અહીં કહે છે. આત્મા અંદર વસ્તુ એકલું ચૈતન્યનું દળ નિર્મળ નિર્વિકાર આનંદસ્વરૂપ છે; અને આ વિકારના ભાવ એનાથી વિપરીત વિભાવભાવ છે. અહીં કહે છે-શુદ્ધ આત્મવસ્તુ પોતે વ્યાપક થઈને વિભાવભાવની અવસ્થાઓને ધારણ કરે એવું એનું સ્વરૂપ જ નથી. અંદર જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય કે આ ચેતનારો તે હું છું, અન્ય જે વ્યવહારરૂપ ભાવો તે મારા ચેતકપણારૂપી વ્યાપકનું વ્યાપ્ય નથી માટે મારાથી અત્યંત ભિન્ન છે ત્યારે એને સમકિત થાય છે. આવો જૈન ધર્મ છે બાપા!

આ વાણીયાઓ માને કે અમે જૈન છીએ પણ એને ખબરેય નથી કે જૈન શું છે? બાપુ! ભેદજ્ઞાન-સમ્યગ્જ્ઞાન વિના ક્યાંય જૈનપણું હોતું નથી. ભેદજ્ઞાન વડે સમકિત પ્રગટ કરે તે જૈન છે. ભાઈ! કોથળીમાં કાળીજીરી ભરે ને ઉપર નામ (લેબલ) સાકર લખે એટલે કાંઈ અંદર સાકર થઈ જાય? એમ નામ જૈનનું રાખે પણ અંદર સમકિત વિના જૈનપણું કોઈનેય હોતું નથી. સમજાણું કાંઈ...?

ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરની વાણી! એને સમજવા માટે ઉપયોગ સૂક્ષ્મ સ્વાભિમુખ કરવો જોઈએ. સર્વજ્ઞના પેટની વાત ત્યારે સમજાય છે.

'જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય...' એમ કહ્યું છે ને! એટલે કે તે ભાવો છે તો ખરા, પણ તે બધાય-બધાય હોં-ચેતકપણારૂપ વ્યાપકનું વ્યાપ્ય નથી. જે કોઈ શુભાશુભ વિકલ્પો ઉઠે છે તે મારા ચેતન-ચિદ્રૂપ સ્વરૂપનું વ્યાપ્ય થાય અર્થાત્ મારા થનારનું થવું થાય એવું વસ્તુસ્વરૂપ જ નથી. અહા! ચેતનારો હું વિસ્તરું તો શુદ્ધ ચૈતન્યમય પર્યાયપણે વિસ્તરું, મારો વિસ્તાર થાય તો ચૈતન્યની નિર્મળ

વીતરાગી પર્યાયપણે થાય. પણ આ શુભાશુભ રાગનો વિસ્તાર તે કાંઈ મારો વિસ્તાર નથી, તે મારી અવસ્થા નથી; માટે એ વ્યવહારરૂપ ભાવો બધાય મારાથી અત્યંત ભિન્ન છે.

અહા! ભગવાનનું નામ-સ્મરણ કરવું, ભગવાનનાં દર્શન-સ્તુતિ-ભક્તિ-પૂજા કરવાં એ બધા વ્યવહારના ભાવ છે. એ વિકલ્પો કાંઈ ચેતક-ચેતનાર આત્માની દશા નથી. વ્યવહાર-રાગ હોય છે ખરો, ધર્મીને પણ હોય છે. ચેતનારો ચેતક એને પોતાના સ્વભાવ-સામર્થ્યથી જાણે છે. ત્યાં એ વ્યવહાર છે માટે એને જાણે છે એમે નહિ; પણ આ હું ચેતનારો છું એમ જાણતાં, ધર્મી તે કાળે પોતાથી પોતામાં પોતાનાં કારણે સ્વપરને પ્રકાશનારી જ્ઞાનની દશાએ પરિણમે છે. આનું નામ તે તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ગાથા ૧૨ માં આવ્યું ને? કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે-તે આ. સમજાણું કાંઈ...?

હવે કહે છે- 'માટે હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. આત્માની ચેતના જ એક ક્રિયા હોવાથી, "હું ગ્રહણ કરું છું" એટલે 'હું ચેતું જ છું;'

જોયું? હું જ-એ કર્તા, મારા વડે જ-એ સાધન, મારા માટે જ-એ સંપ્રદાન, મારામાંથી જ-એ અપાદાન અને મારામાં જ-એ આધાર;-આ પ્રમાણે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અને અધિકરણ એ છ કારકોથી હું મને જ ગ્રહણ કરું છું એમ કહે છે. આત્માની ચેતના જ એટલે ધર્મની નિર્મળ વીતરાગી દશા થઈ તે જ એક ક્રિયા હોવાથી હું ગ્રહણ કરું છું એટલે હું ચેતું જ છું એમ અર્થ છે.

શું કહે છે? કે હું જ કર્તા છું; મારી ચેતવારૂપ વીતરાગી દશાનો કર્તા કોઈ બાહ્ય નિમિત્ત કે વ્યવહાર નથી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે છે તે મારી નિર્મળ પર્યાયનો કર્તા નથી. પ્રજ્ઞાબ્રહ્મ એવો હું જ એનો કર્તા છું. રાગાદિ તો મારાથી અત્યંત ભિન્ન છે. આ પ્રમાણે ધર્મી પુરુષ, વીતરાગી નિર્મળ પર્યાય તે મારું વ્યાપ્ય અને હું એનો વ્યાપક કર્તા છું એમ જાણે છે. પણ નિર્મળ રત્નત્રય વ્યાપ્ય અને વ્યવહાર રત્નત્રય વ્યાપક એમ છે નહિ. અહા! વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ છે નહિ.

વળી તે ધર્મની નિર્મળ વીતરાગી પર્યાયનું સાધન પણ વીતરાગસ્વભાવી આત્મા પોતે જ છે. 'મારા વડે જ' એમ લીધું છે ને? એટલે કે ચિદ્રૂપ એવો હું જ સાધન-કરણ છું, પણ વ્રતાદિ વ્યવહાર કાંઈ નિર્મળ પર્યાયનું સાધન નથી. અહા! ચેતનાર એવા મારા વીતરાગ ભાવ (-ગુણ) વડે જ વીતરાગ ભાવ (-પર્યાય) થયો છે, રાગ કે નિમિત્ત વડે વીતરાગ ભાવ થયો નથી. કર્તાનું કરણ કર્તાથી અભિન્ન જ હોય. તેથી ચેતનારો એવો હું જ એની ચેતવારૂપ નિર્મળ દશાનો કર્તા અને કરણ છું જુઓ બધે 'જ' મૂકીને (સમ્યક્) એકાન્ત કર્યું છે.

તેવી જ રીતે મને જે વીતરાગભાવ પ્રગટ થયો છે તેનું સંપ્રદાન હું જ છું. 'મારા માટે જ' એમ લીધું છે ને? મતલબ કે કોઈ બીજાને દેવું છે કે કોઈ બીજાને લેવું છે એમ નથી; વીતરાગી પર્યાયનો દેનારેય હું છું ને લેનારેય હું છું, -હું જ સંપ્રદાન છું.

હવે અપાદાનની વાત: એ વીતરાગી પર્યાય મારામાંથી જ આવી છે. દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી કે તેના પ્રત્યેના રાગમાંથી નિર્મળ પર્યાય આવી છે એમ નથી. ખરેખર તો તે પર્યાયમાંથી (તે) પર્યાય આવી છે. વીતરાગ સર્વજ્ઞદેવ એમ કહે છે કે-અમે તારે માટે પરદ્રવ્ય છીએ. અમારી સામું જોઈશ તો તને રાગ જ થશે અને તેથી તને પુણ્યબંધ થશે, ધર્મ નહિ થાય. અમારી જેમ તું અંદર સ્વસન્મુખ થા; એમ કરવાથી તારામાંથી જ તને નિર્મળ વીતરાગી દશા પ્રગટ થશે. લ્યો, આવી વાત છે! સમજાય છે કાંઈ...?

આધાર: મારી વીતરાગી પર્યાયનો હું જ આધાર છું. રાગ કે વ્યવહાર એનો આધાર છે એમ છે નહિ.

વળી એ નિર્મળ વીતરાગી પર્યાયને જ મેં ગ્રહણ કરી છે તેથી એ મારું જ કાર્ય છે. અહા! મને જ ગ્રહણ કરું છું એમ કીધું ને? એટલે હું વીતરાગી પર્યાય સિવાય રાગને-વ્યવહારને ગ્રહણ કરું છું એમ છે નહિ.

અહા! ચેતક-ચેતનારો એવો ચૈતન્યસ્વરૂપી ભગવાન આત્મા હું મારી ચેતવાની-જાણવા-દેખવાની વર્તમાન દિશાને મેં, મારા વડે, મારા માટે, મારામાંથી, મારા આધારે પ્રગટ કરી છે. આ જ મારું કાર્ય છે એમ ધર્મી જાણે છે. આઠ વર્ષની કુમારિકા હોય અને સમ્યગ્દર્શન પામે તો આ રીતે તે જાણે છે. સમ્યગ્દર્શન પામ્યા પછી એને રાગ હોય અને કદાચ વિવાહ આદિ પણ કરે તોય એ રાગની ક્રિયાનો કર્તા પોતાને ન માને. એ તો એક નિર્મળ પરિણતિનો હું કર્તા છું એમ જ માને છે.

અહીં કહે છે-આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું.' જુઓ, ચેતના એટલે જાણવું-દેખવું એ એક જ આત્માની ક્રિયા છે. કથંચિત્ ચેતના ને કથંચિત્ રાગની ક્રિયા આત્માની છે એમ કહ્યું નથી. આત્માની ચેતના જ એક ક્રિયા છે, રાગ નહિ. આ અનેકાન્ત છે. ભાઈ! દયા, દાન, વ્રત આદિનો રાગ એ આત્માની ક્રિયા જ નથી.

જુઓ, આ રૂપાળી ચામડીથી મઢેલું હાડ-માંસનું પોટલું એવો આ દેહ તો જડ માટી-ધૂળ છે. એની ક્રિયા તો આત્માને કદી છે નહિ. પણ અંદર દયા, દાન-વ્રત આદિની વૃતિ જે ઉઠે એનો કરનારોય આત્મા નથી. શું કીધું? આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્ર-શ્રવણનો વિકલ્પ કે પંચમહાવ્રતાદિનો વિકલ્પ એ ભગવાન

આત્માનું કાર્ય નહિ. એ બધા વ્યવહારના ભાવો તો ભગવાન આત્માથી ભિન્ન છે, તે એની ક્રિયા કેમ હોય?

અરે! સત્ય સાંભળવાય મળે નહિ તે સત્યને શરણે ક્યારે જાય? કપડાં સહિત મુનિપણું તો વીતરાગમાર્ગમાં છે નહિ; પરંતુ જૈનનો દિગંબર સાધુ થઈને પંચમહાવ્રત પાળતો હોય ને એમ માને કે એ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું તો તે મિથ્યાદ્રષ્ટિ જ છે. બહુ આકરી વાત. પણ બાપુ! આવાં દ્રવ્યલિંગ તો એણે અનંતકાળમાં અનંતવાર ધારણ કર્યાં છે. પણ અંતરની ભેદજ્ઞાનની ક્રિયા વિના ભાઈ! એ બધાં થોથેથોથાં છે, સંસારમાં રખડવા સિવાય કાંઈ કામનાં નથી.

હવે આચાર્ય મહારાજ પોતે પ્રથમ જે સામાન્ય ષટ્કારકોની વાત કરી હતી તે વિસ્તારથી સમજાવે છે. આચાર્ય અમૃતચંદ્રદેવ ભગવાન કુંદકુંદાચાર્યની ગાથાનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છે કે ભગવાન કુંદકુંદદેવ આ કહેવા માગે છે–

'ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું, ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું. ચેતતામાંથી જ ચેતું છું, ચેતતામાં જ ચેતું છું, ચેતતાને જ ચેતું છું.'

શું કહે છે? કે ચેતતો જ ચેતું છું. એટલે રાગને ચેતતો થકો ચેતું છું એમ નહિ, પણ પોતાને ચેતતો થકો ચેતું છું. ચેતતા વડે ચેતું છું એટલે ચેતવારૂપ કાર્યનું સાધન પોતે જ છે, કોઈ અન્ય સાધન છે એમ નહિ. ચેતતા માટે જ ચેતું છું, એટલે બીજા-પરજ્ઞેય માટે ચેતું છું એમ નહિ. ચેતતામાંથી જ ચેતું છું, એટલે રાગમાંથી કે વ્યવહારમાંથી ચેતું છું એમ નહિ. ચેતતામાં જ ચેતું છું એ આધાર કહ્યો. ચેતતાને જ ચેતું છું-એ કર્મ લીધું. હું મારા ચેતવારૂપ કાર્યને ચેતું છું, રાગને કે વ્યવહારને ચેતું છું એમ નહિ.

આ પ્રમાણે વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે એ વાતને પણ અહીં કાઢી નાખી. વ્યવહારને કરવું કે વ્યવહારને જાણવું એ તો કાઢી નાખ્યું પણ અહીં તો સદ્ભૂત વ્યવહારના છ ભેદ જે સમજાવવા માટે પાડયા હતા તેનું લક્ષ પણ છોડાવે છે. રાગાદિ તો અસદ્ભૂત વ્યવહાર છે. જુઓ, શું કહે છે?

'અથવા-નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો, નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો; પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.'

કહે છે-મારામાં કોઈ ભેદ જ નથી, હું તો જે છું તે સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું. 'સર્વવિશુદ્ધ' એટલોય ભેદ પડયો એ અશુદ્ધતા છે. પણ સમજાવવું કેવી

રીતે? સમજાવવામાં ભેદ પડયા વિના રહેતો નથી અર્થાત્ ભેદ પાડયા વિના અભેદ સમજાવી શકાતો નથી. પણ અનુભવ કાળે ભેદ નથી. સમ્યગ્દર્શનનો વિષય આવો અભેદ એક ચિન્માત્ર ભાવ છે. સમ્યગ્દર્શનનું ધ્યેય એક અભેદ આત્મા છે. ભેદ એ સમકિતનું ધ્યેય નથી. અહાહા...! હું તો ચિન્માત્ર-જાણનાર-દેખનાર માત્ર ભાવ છું એવી નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ એનું નામ સમ્યગ્દર્શન છે, અને ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે.

અભેદની દૃષ્ટિ-દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે. અહા! આમાં વ્યવહારને ચેતવું તો દૂર રહો, ભેદને પણ ચેતવું નથી એમ વાત છે. આ સ્વાનુભવદશાની વાત છે. હવે પછી સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર આવવાનો છે ને? એનો અહીં આ ઉપોદ્ઘાત કરે છે.

અહા! આવું દુર્લભ મનુષ્યપણું એને ક્યારે મળે અને ક્યારે એને આવી સત્ય વાત સાંભળવા મળે? અરે! છતાં હજી તેને કયાં નવરાશ છે? રળવું, કમાવું ને બાયડી-છોકરાં સાચવવાં ઇત્યાદિ જંજાળમાં ગુંચાયેલો રહીને અરે! એણે પોતાના આત્માને મારી નાખ્યો છે. વળી કોઈ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત આદિ બાહ્ય ક્રિયામાં રચ્યાપચ્યા રહીને પોતાને ધર્મ થવાનું માને છે. પણ ભાઈ! ધર્મનું એવું સ્વરૂપ નથી. એ રાગની ક્રિયાથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય. રાગથી ભેદ કરી સ્વભાવનું ગ્રહણ કર્યા વિના ભાઈ! તારી એ ક્રિયા બધી રણમાં પોક મૂકવા જેવી છે. અરે! એમ ને એમ આ જિંદગી (-અવસર) વેડફાઈ જાય છે!

## * ગાથા ૨૯૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક તે આ હું છું અને બાકીના ભાવો મારાથી પર છે;...'

શું કહે છે? પ્રજ્ઞા-પ્ર એટલે વિશેષ-પ્રકુષ્ટ જ્ઞાન. અહા! જે વર્તમાન જ્ઞાનની દશામાં દ્રવ્યનો-નિત્યાનંદ ચૈતન્યમહાપ્રભુ આત્માનો-અનુભવ થાય તે દશાને પ્રજ્ઞા કહે છે. સ્વાનુભવની-સ્વસંવેદનજ્ઞાનની દશા તે પ્રજ્ઞા છે, તે રાગને છેદનારી છે માટે તેને પ્રજ્ઞાછીણી કહે છે. અહા! પ્રજ્ઞા વડે આત્માને ચેતતાં-અનુભવતાં આત્મા રાગથી ભિન્ન પડી જાય છે અર્થાત્ આ અનુભવાય છે તે ચેતનાલક્ષણ આત્મા હું છું અને એનાથી ભિન્ન આ રાગ છે તે બંધનું લક્ષણ છે એમ બન્ને ભિન્ન ભિન્ન જણાય છે. અહા! જેની સત્તામાં આ ચેતવું-જાણવું-દેખવું છે તે ચેતક-ચેતનારો હું છું અને બાકીના સર્વ ભાવો પર છે એમ સ્વાભિમુખ જ્ઞાનની દશામાં આત્મા ભિન્ન અનુભવાય છે.

રાગની દશાની દિશા પર તરફ છે અને પ્રજ્ઞા એટલે જ્ઞાનની દિશા સ્વ તરફ છે. દશા-અવસ્થા બેય છે, પણ બેયની દિશા ભિન્ન છે, એકની પર ભણી અને બીજાની સ્વ ભણી. રાગ પરલક્ષી છે, ને જ્ઞાન-પ્રજ્ઞા સ્વલક્ષી.

વર્તમાન જ્ઞાનની દશા-ભગવતી પ્રજ્ઞા સ્વ જે ચેતક તે તરફ જાય છે ત્યારે આ ચેતક-ચેતનારો છે તે હું છું એમ દૃષ્ટિ થાય છે, અને બાકીના ભાવો પરથી દૃષ્ટિ છૂટી જાય છે અર્થાત્ બાકીના ભાવો મારા છે એમ એને ભાસતું નથી, તેઓ પર છે એમ ભાસે છે.

પ્રજ્ઞારૂપી જ્ઞાનની દશા વડે બન્નેને ભિન્ન કરવામાં આવતાં આ ચેતક તે હું છું એમ અનુભવમાં આવે છે. ત્યાં ખરેખર આખું ચેતક-દ્રવ્ય કાંઈ જ્ઞાનની પર્યાયમાં આવી જતું નથી. દ્રવ્ય તો દ્રવ્યરૂપે રહે છે; પણ ત્રિકાળી દ્રવ્યની જે અનંતી શક્તિ તે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય છે. અહા! આવું અદ્ભુત સામર્થ્ય એક સમયની જ્ઞાનની દશાનું-પ્રજ્ઞાનું હોય છે કે જે સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માના સામર્થ્યને પૂરણ જાણી લે છે. અહો પ્રજ્ઞા!

પહેલાં જે જ્ઞાનની દશા પર તરફના વલણવાળી હતી તેમાં રાગાદિ સ્વપણે ભાસતા હતા. અહા! હવે તે પર્યાય વ્યય થઈને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના આશ્રયે નવી પર્યાય ઉત્પન્ન થઈ તેમાં આ ચેતક છે તે હું છું એમ જણાયું, વ્યવહાર તો હું નહીં પણ ચેતકનો જેમાં અનુભવ થયો તે જ્ઞાનની દશા-પ્રજ્ઞા પણ હું નહિ, તે બધા ભાવો પર છે એમ યથાર્થ ભાસ્યું. આનું નામ ભેદજ્ઞાન ને ધર્મ છે. આ હું ને આ હું નહિ-એ તો સમજાવવા માટે ભેદથી વાત કરી, બાકી સ્વાનુભવમાં તો એક અભેદ દ્રવ્યનો જ આશ્રય હોય છે, ભેદનું લક્ષ હોતું નથી. અહો! આવી પરમ સત્ય વાત દિગંબર ધર્મ સિવાય બીજે ક્યાંય નથી; સૂક્ષ્મ પડે પણ આ જ વસ્તુસ્થિતિ છે. હવે કહે છે-

માટે (અભિન્ન છ કારકોથી) હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું.'

જોયું? હું જ ગ્રહણ કરું છું તે કર્તા કહ્યો અને હું મને જ ગ્રહણ કરું છું તે કર્મ કહ્યું. અહા! પ્રજ્ઞા એટલે સ્વાનુભવની નિર્મળ દશાને મેં જ ગ્રહણ કરી છે, એ મારું જ કાર્ય છે. ભગવાનની વાણી સાંભળી માટે એ કાંઈ વાણીનું કાર્ય નથી. વ્યવહાર કે નિમિત્તનું એ કાર્ય નથી. આ પ્રમાણે કર્તા-કર્મ અભિન્ન જ છે. વળી મારા વડે જ હું મને ગ્રહણ કરું છું-એ સાધન કહ્યું. વ્યવહારરત્નત્રય સાધન છે એમ નહિ, પણ મારી અંતરમાં વળેલી જ્ઞાનની દશા-પ્રજ્ઞા જ સાધન છે. મારા માટે જ ગ્રહણ કરું છું-આ સંપ્રદાન કીધું. જે સ્વાનુભવ થયો તે મેં મને જ દીધો ને મેં મારા માટે જ રાખ્યો, બીજાને માટે નહિ. મારામાંથી જ ગ્રહણ કરું છું આ અપાદાન કીધું; સ્વાનુભવની દશા નિમિત્ત કે વ્યવહારમાંથી પ્રગટ થઈ છે એમ નહિ, પણ પોતે પોતામાંથી જ પ્રગટ થઈ છે. મારામાં જ ગ્રહણ કરું છું-આ આધાર કીધો. અહા! સ્વાનુભવની દશાને કોઈ બહારનો-નિમિત્ત

કે વ્યવહારનો-આધાર નથી. પોતાને પોતામાં જ આધાર છે. આ અભિન્ન ષટ્કારકનું પરિણમન પર્યાયનું પર્યાયમાં છે; ધ્રુવમાં નથી કેમકે ધ્રુવ તો કૂટસ્થ અપરિણામી છે.

શું કીધું? કે ધ્રુવ તો કૂટસ્થ અપરિણામી છે. દ્રવ્ય અને ગુણ-બન્ને ત્રિકાળ ધ્રુવ છે. માટે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ-એમ ષટ્કારકરૂપ પરિણમન ધ્રુવમાં નથી. પર્યાયનું ષટ્કારકરૂપ પરિણમન પર્યાયમાં છે. પર્યાયનો પર્યાય કર્તા, પર્યાયનું પર્યાય કર્મ, પર્યાયનું પર્યાય સાધન એમ પર્યાયનું ષટ્કારકરૂપ પરિણમન અભિન્ન પર્યાયમાં જ છે. સમજાણું કાંઈ...?

ત્યારે કોઈ વળી કહે છે-પોતાથીય થાય ને નિમિત્તથીય થાય એમ અનેકાન્ત કહેવું જોઈએ.

બાપુ! મારા વડે થાય ને પર-નિમિત્તાદિ વડે ન થાય એનું નામ અનેકાન્ત છે. મારા વડેય થાય ને પર-નિમિત્તાદિ વડેય થાય એવી માન્યતા તો ફુદડીવાદ છે, અનેકાંત નથી.

અહા! વીતરાગ સર્વજ્ઞદેવ એમ કહે છે કે જે રીતે વસ્તુ છે તે રીતે ન માનતાં એને જે વિપરીત માને છે તે વસ્તુને આળ આપે છે. જેમકે આત્મા રાગથી જણાય, ભેદથી અભેદ જણાય, નિમિત્તથી (ઉપાદાનમાં) કાર્ય થાય-ઇત્યાદિ માને તે વસ્તુને આળ આપે છે. અહા! સતનું સત્ત્વ જે રીતે છે તે રીતે ન માને તે સત્‌ને આળ આપે છે. અહાહા...! આત્મા અનંત શક્તિઓનો પિંડ સચ્ચિદાનંદ પ્રભુ ચૈતન્યસ્વભાવનો સાગર અંદર પૂરણ પદાર્થ છે. છતાં એને અપૂર્ણ અને રાગવાળો કોઈ માને તો તે સ્વરૂપને જેમ છે તેમ ન માનતાં તે પોતાને આળ આપે છે. અહા! આમ વસ્તુને-પોતાને આળ આપતાં આપતાં એની એવી ભૂંડી દશા થઈ જશે કે તે નિગોદમાં ચાલ્યો જશે જ્યાં બીજા, આ જીવ છે એમ માનવા પણ સંમત નહિ થાય. બાપુ! વસ્તુને આળ દેવાના અપરાધની સજા બહુ આકરી છે.

ભાઈ! આ સમયસાર તો સર્વજ્ઞ ભગવાનની ઓમ્‌ધ્વનિનો સાર છે. બનારસી વિલાસમાં બનારસીદાસે કહ્યું છે કે-

"મુખ ૐકાર ધુનિ સુનિ, અર્થ ગણધર વિચારૈ;
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ."

ભગવાન મુખેથી બોલે છે એમ કહ્યું એ તો લોકશૈલીની ભાષા છે. આનો ખુલાસો પંચાસ્તિકાયમાં છે. ખરેખર તો ભગવાને હોઠ હાલ્યા વિના અંદરમાં સર્વ પ્રદેશોથી ઓમ્‌ધ્વનિ નીકળે છે. અહા! વસ્તુની સ્થિતિ કાંઈ ભગવાને કરી નથી. એ તો જેવી છે તેવી એમણે જાણી છે અને એવી જ એમની વાણીમાં આવી છે. જેમ આત્માનો સ્વભાવ સ્વપરને જાણવાનો છે તેમ વાણીનો સ્વભાવ સ્વપરને કહેવાનો છે. તો સ્વપરની

વાર્તા-વસ્તુની સ્થિતિ જેમ છે તેમ ભગવાનની વાણીમાં આવી છે; અને તે આ સમયસારમાં આચાર્યદેવે કહી છે.

એમાં અહીં શું કહે છે? કે- 'ગ્રહણ કરું છું' એટલે 'ચેતું છું,' કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે. માટે હું ચેતું જ છું;...

અહા! જાણવું... જાણવું... જાણવું-બસ જાણવું એ જ એક આત્માની ક્રિયા છે; રાગ-વ્યવહાર પણ બીજી (આત્માની) ક્રિયા છે એમ નથી. માટે કહે છે-હું ચેતું જ છું, હું સ્વરૂપને જાણું જ છું! આ તો સામાન્ય કહ્યું; હવે કારકોના છ ભેદ પાડીને સમજાવે છે-

'ચેતનારો જ, ચેતનાર વડે જ, ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ, ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું.'

ચેતનારો તે કર્તા ને 'ચેતું છું' તે કર્મ. હું ચેતનારો મને જ ચેતું છું. અહાહા...! હું જાણનારને જ જાણું છું; રાગને જાણું છું એમ નહિ. રાગ સંબંધી જે જ્ઞાન છે તે સ્વતંત્ર મારું છે અને હું મને જ જાણું છું, રાગને નહિ. સૂક્ષ્મ વાત ભાઈ! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ આવે છે ને? (ગાથા ૧૨ માં) એમ વ્યવહાર છે. અહીં તો કહે છે- હું મારા જ્ઞાનને જ જાણું છું. ભાઈ! હું કર્તા, હું કર્મ, હું કરણ ઇત્યાદિ આ છ કારકોના ભેદ તો સમજવા માટે સદ્‌ભૂતવ્યવહારથી કહ્યા છે. નિશ્ચયથી તો એ ભેદ કાંઈ નથી. એ જ કહે છે કે-

'અથવા દ્રવ્યદષ્ટિએ તો-છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું. -આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.'

જોયું? વસ્તુ જે સામાન્ય... સામાન્ય... સામાન્ય ચિન્માત્ર એકરૂપ ધ્રુવ દ્રવ્ય-એની દ્રષ્ટિએ જોઈએ તો છ કારકોના ભેદ વસ્તુમાં નથી. હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું. ટીકામાં સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું એમ લીધું હતું. એ તો એક જ વાત છે. અહા! અંતર્મુખ જ્ઞાનની દશા એમ જાણે અનુભવે છે કે-હું શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું; ખંડખંડ ભેદ તે હું નહિ. જુઓ, આ વિકલ્પની વાત નથી; આ તો સ્વાનુભવ પ્રત્યક્ષની વાત છે. અહીં કહે છે-આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને અનુભવવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો. ભાઈ! આ કાંઈ વાદવિવાદથી પતે એમ નથી, આને માટે અંદરમાં ખૂબ હોંશ ને ધીરજ જોઈએ.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૮૨ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'यत् भेत्तुं हि शक्यते सर्वम् अपि स्वलक्षणबलात् भित्त्वा' જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,...

શું કહે છે? જુઓ, અહીં વિકારની વાત નથી, કેમકે એ તો આત્માનો ભેદ જ નથી. પરંતુ ચૈતન્યસ્વરૂપી એક જ્ઞાયકભાવ પ્રભુ આત્મામાં ગુણભેદ આદિ જેટલા ભેદ પડે છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને...

'चिन्मुद्रा–अङ्कत–निर्विभागमहिमा शुद्धः चिद् एव अहम् अस्मि' જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.

ચિન્મુદ્રા-જ્ઞાન ને દર્શન એ આત્માની મુદ્રા નામ મહોર-છાપ છે. વળી તે (-આત્મા) એક અભેદ જેનો ચૈતન્યરસ છે એવો નિર્વિભાગ (અભેદ) મહિમા-યુક્ત છે. અહાહા...! ધર્મી જીવ પોતાને એમ અનુભવે છે કે-અભેદ એક ચૈતન્ય જ હું છું; ખંડખંડ ભેદો તે હું નહિ. એ જ કહે છે-

'यदि कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः भिद्यन्ते, भिद्यन्ताम' જો કારકોના અથવા ધર્મોના અથવા ગુણોના ભેદો પડે, તો ભલે પડો; 'विभौ विशुद्धे चिति भावे काचन भिदा न अस्ति' પરંતુ વિભુ એવા શુદ્ધ (સમસ્ત વિભાવોથી રહિત) ચૈતન્યભાવમાં કોઈ ભેદ નથી.

અહાહા...! સમ્યગ્દર્શનનું ધ્યેય એવા ચિન્માત્ર શુદ્ધ આત્મામાં કર્તા-કર્મ આદિ કોઈ ભેદ નથી. એ પ્રમાણે નિત્ય, અનિત્ય; એક, અનેક આદિ અપેક્ષિત ધર્મોના ભેદ પણ શુદ્ધ વસ્તુમાં નથી. તેવી રીતે જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણોના ભેદ વિભુ એવા શુદ્ધ અચલ ચૈતન્યભાવમાં નથી. અહાહા...! એક, નિત્ય, ત્રિકાળી શાશ્વત અખંડ એકરૂપ ધ્રુવ સામાન્ય-સામાન્ય એવા જ્ઞાયકભાવમાત્ર આત્મામાં આ કોઈ ભેદો નથી. સદ્‌ભૂતવ્યવહારનયથી ષટ્‌કારકના, નિત્ય-અનિત્ય આદિ અપેક્ષિત ધર્મોના ને જ્ઞાન આદિ અનંત ગુણોના ભેદો છે, પણ નિશ્ચયથી વિભુ એવા શુદ્ધ ચિન્માત્રભાવમાં કોઈ ભેદો નથી. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન જ્ઞાનના નૂરનું પૂર એવા જ્ઞાનમાત્ર ભૂતાર્થસ્વભાવમાં કોઈ ભેદો નથી.

લોકો તો દયા, દાન આદિ શુભરાગ કરવાથી ધર્મ થઈ જશે એમ માનીને વ્યવહારમાં અટકયા છે. હવે એ વાત તો કયાંય રહી ગઈ; અહીં તો કહે છે-પર્યાયમાં ષટ્‌કારકના ભેદો ઊભા થાય એ પણ વસ્તુમાં નથી. આ કર્તા, આ કર્મ-એવા ભેદ પર્યાયમાં ઉઠે છે તે અભેદ એકરૂપ વસ્તુમાં નથી.

કારકો, ધર્મો અને ગુણોના ભેદો જાણવા માટે છે, પરંતુ અંદર દષ્ટિના વિષયમાં જતાં એમાં કોઈ ભેદો નથી. દ્રવ્યમાં વસ્તુમાં ભેદ છે ખરા, પરંતુ અભેદ ઉપર દષ્ટિ જતાં

અર્થાત્ નિર્વિકલ્પ અનુભવ થતાં ભેદ દેખાતા નથી, અભેદ આત્મામાં અનંત ગુણો છે ખરા, પરંતુ દૃષ્ટિ અભેદ ઉપર પડતાં તે દેખાતા નથી. અને જો અભેદને છોડી ભેદને જોવા જાય તો વિકલ્પ-રાગ થયા વિના રહેતો નથી. અર્થાત્ ભેદદૃષ્ટિમાં રાગ જ થાય છે ધર્મ નહિ.

જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય એટલું સામર્થ્ય છે, અને એવી એવી અનંત પર્યાયોનો પિંડ એક જ્ઞાનગુણ છે; જેવો જ્ઞાનગુણ છે એવા એવા અનંતગુણો અનંત પર્યાયોના સામર્થ્યવાળા છે; અને એવા અનંત ગુણનો અભેદ એક પિંડ આત્મદ્રવ્ય છે. બાપુ! તેં તારી મોટપની (મહિમાની) વાતુ સાંભળી નથી તારી મોટપ અંદરમાં એવડી છે કે ભેદ કે કારકોના કારણોની અપેક્ષા એને છે નહિ. અહા! આવી પોતાની અભેદ વસ્તુમાં ગુણ-ગુણી ભેદ પણ લક્ષમાં લેવા જેવો નથી. આ ગુણ ને આ ગુણી એવા ભેદનું પણ લક્ષ કરવા જેવું નથી, કેમકે એનાથી રાગ જ થાય છે.

સમયસાર ગાથા ૧૧માં પર્યાયોને ગૌણ કરીને 'વ્યવહારો અભૂદત્થો' -એમ કહ્યું છે. જોકે ભૂતાર્થનો આશ્રય પર્યાય લે છે, છતાં પર્યાયને અસત્યાર્થ-અભૂતાર્થ કહી છે. વળી ત્યાં ભૂદત્થો દેસિદો દુ સુદ્ધનઓ '-શુદ્ધનય ભૂતાર્થ છે એમ કહ્યું છે. જેમાં નય અને નયનો વિષય-એટલો ભેદ પણ નથી તથા જેમાં પર્યાય અને પર્યાયભેદ નથી એવો શુદ્ધ આત્મા એ જ ભૂતાર્થ છે. એ જ વાત અહીં કરી છે કે-એક શુદ્ધ ચૈતન્ય જ હું છું.

આમ પ્રજ્ઞા વડે એટલે કે વર્તમાન જ્ઞાનની દશારૂપ અનુભવ દ્વારા આત્મા ગ્રહણ કરાય છે-જણાય છે. તેમાં શુદ્ધ આત્મા તે દ્રવ્ય છે અને અનુભવ તે પર્યાય છે. આત્મા જ્ઞાનની દશાના અનુભવ દ્વારા જણાય, છતાં તે જ્ઞાનની દશામાં આવતો નથી, અને પર્યાય પણ દ્રવ્યમાં એકમેક (તદ્રૂપ) થતી નથી. તથાપિ જાણે છે પર્યાય કેમકે કાર્ય પર્યાયમાં થાય છે, ધ્રુવમાં નહિ; ધ્રુવ તો અક્રિય છે.

હવે આવી વાત કોઈને ન બેસે તો એની સાથે વિરોધ ન હોય; કેમકે વસ્તુએ તો બધા ભગવાન છે. દ્રવ્ય અપેક્ષાએ તો તે સાધર્મી છે. એક સમયની પર્યાયમાં ભૂલ છે પણ શું થાય? શુદ્ધ દ્રવ્યના આશ્રયે તે નીકળી જવા યોગ્ય છે. ધર્મી પુરુષો તો સૌને દ્રવ્યદૃષ્ટિથી જ જુએ છે.

## * કળશ ૧૮૨ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તો મારાથી ભિન્ન છે, માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું,

જુઓ, આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવોમાં ચૈતન્યલક્ષણનો અભાવ છે. અહા! એ પરભાવો બધા ચૈતન્યલક્ષણથી ખાલી છે. આગળ ગાથા ૭૨માં તેમને જડ કહ્યા છે. એટલે જેમ આ શરીરના પરમાણુઓ જડ છે તેમ તેઓ જડ છે એમ નહિ, પરંતુ તેમાં ચૈતન્યલક્ષણનો અભાવ છે માટે તેઓ જડ છે-એમ કહ્યું છે. અહા! પોતે

પોતાને જાણે નહિ, પરને જાણે નહિ; પણ આત્મા વડે જણાય છે તેવા છે માટે તેઓ જડ છે. આટલી તો સ્પષ્ટતા કરી છે. પોતે પોતા વડે જણાતા નથી માટે તેઓ જડ છે.

અહા! પાપ ભાવો તો અચેતન જડ છે જ; પરંતુ પુણ્ય ભાવો-દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ ને શાસ્ત્ર ભણવાનો ભાવ ઇત્યાદિ વ્યવહારરત્નત્રયના ભાવો-પણ અચેતન જડ છે એમ વાત છે કેમકે એનામાં ચૈતન્યલક્ષણ નથી. ભાઈ! કોઈપણ રાગ જાણવાલાયક છે, પણ આદરવા લાયક નથી. આ ન્યાય છે. જેવું જડચેતનનું સ્વરૂપ છે એને એ રીતે જાણવું એ ન્યાય છે.

અરે! એને સંસાર-પરિભ્રમણમાં અનંતકાળ ગયો. એમાં અનંતવાર એણે નગ્ન દિગંબર અવસ્થા ધારી મુનિવ્રત અંગીકાર કર્યાં. પણ અરે! એણે સત્યને ન્યાયથી સમજીને કદી લક્ષમાં લીધું નહિ! છહઢાલામાં આવે છે ને કે-

"મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયૌ;
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેસ ન પાયૌ."

આનો અર્થ જ એ થયો કે બહારનું દ્રવ્યલિંગ એ કાંઈ જૈનના સાધુનું વાસ્તવિક (નિશ્ચય) લક્ષણ નથી. અઠ્ઠવીસ મૂલગુણ આદિનો શુભરાગ તે આત્માના ચૈતન્યલક્ષણથી રહિત છે. માટે એનાથી સ્વભાવની પ્રાપ્તિ થવી સંભવિત નથી. ભાઈ! ચૈતન્યલક્ષણથી શૂન્ય એવા શુભરાગથી-વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ ન થાય. વિકારથી નિર્વિકારી દશા ન થાય. શોધ ભાઈ! તારી ભૂલ શોધ બાપુ! અનંતવાર મુનિપણાં લીધાં તોય સમકિત ન થયું તો આ વીતરાગની વાતને ન્યાયથી સમજી ભૂલ મટાડી દે. આ તો દિવા જેવી સ્પષ્ટ વાત છે કે-

'હું તો માત્ર શુદ્ધ ચૈતન્ય જ છું.' ચૈતન્યમાં જ્ઞાન ને દર્શન બેય લેવા. માત્ર શુદ્ધ ચૈતન્ય જ છું-એમ 'જ' કહીને સમ્યક્ એકાન્ત કર્યું છે. કથંચિત્ રાગ છું ને કથંચિત્ ચૈતન્ય છું એમ નહિ, શુદ્ધ ચૈતન્ય જ છું. જુઓ, આ ધર્મી પુરુષની દૃષ્ટિ!

હવે કહે છેઃ- 'કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો અને જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય તો ભલે હો; પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી.'

શું કીધું? પરભાવો તો મારાથી ભિન્ન છે જ; પરંતુ ચૈતન્યની પરિણતિ-અવસ્થા, એના જે ષટ્કારકો છે એ પણ હું નથી. ચેતન પરિણતિનો કર્તા ચેતન પરિણતિ, ચેતન પરિણતિ પોતે કર્મ, ચેતન પરિણતિનું સાધન ચેતન પરિણતિ ઇત્યાદિ આવા પર્યાયના અભિન્ન છ કારકના ભેદો છે ખરા, પણ તે મારામાં નથી.

બીજી વાતઃ- હું પોતાથી છું, પરથી નથી; હું દ્રવ્યે નિત્ય છું, અવસ્થાએ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનિત્ય છું; વસ્તુપણે હું એક છું, ભેદ અપેક્ષાએ અનેક છું-એવા અપેક્ષિત ધર્મો કથંચિત્-વ્યવહારથી હોય તો ભલે હોય પણ શુદ્ધ ચૈતન્યમાત્ર એવા મારામાં નિશ્ચયે કોઈ ભેદ નથી. અહીં ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મની વાત નથી, તેમ જ ગુણની પણ વાત નથી, પણ અપેક્ષિત સ્વભાવોને અહીં ધર્મ કહ્યા છે. સત્ નામ પોતાથી છે, અસત્ નામ પરથી નથી-આવા વસ્તુના અપેક્ષિત સ્વભાવને અહીં ધર્મ કીધો છે. એને પર્યાય હોતી નથી, ગુણો વસ્તુમાં ત્રિકાળ હોય છે અને એને પર્યાય હોય છે. આ પ્રમાણે ગુણ અને ધર્મમાં ફેર છે. એક અને અનેક ગુણ પણ છે. સમયસારમાં ૪૭ શક્તિના વર્ણનમાં આ બન્નેને ગુણોમાં લીધા છે. પણ અહીં એક, અનેક અપેક્ષિત ધર્મની વાત લેવી છે.

હવે ત્રીજી વાતઃ- જ્ઞાન, દર્શન આદિ ગુણો આત્મામાં ત્રિકાળ છે. જ્ઞાનગુણ, દર્શનગુણ, આનંદગુણ, અસ્તિત્વગુણ, પ્રભુત્વગુણ, કર્તા, કર્મ, કરણ આદિ છ ગુણ ઇત્યાદિ અનંતગુણ આત્મામાં ત્રિકાળ છે. એની વર્તમાન પર્યાય પણ હોય છે. જ્ઞાનગુણને જ્ઞાનગુણના લક્ષથી જોવામાં આવે તો તે છે, પણ શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં એવા ગુણભેદ નથી-એમ કહે છે.

શું કહે છે? છ કારકના ભેદો, સત્-અસત્ આદિ ધર્મભેદો તથા જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જાણવા માટે હો તો ભલે હો, પરંતુ આદરવા માટે એ કોઈ ભેદો નથી. અહા! ધર્મનું પહેલું પગથિયું જે સમ્યગ્દર્શન એના વિષયરૂપ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં આ કોઈ ભેદો નથી. અહીં શુદ્ધ ચૈતન્યમાત્ર કહીને બધા ભેદો કાઢી નાખ્યા છે. અહો! આવો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ એક સમ્યગ્દર્શનનો વિષય છે, ધ્યેય છે.

તેથી કહે છે- 'આમ શુદ્ધનયથી અભેદરૂપ આત્માને ગ્રહણ કરવો.'

આ અભેદ છે એટલો ભેદ-વિકલ્પ પણ નહિ, પણ દ્રષ્ટિ અભેદ-એકમાં અંદરમાં જાય છે એને અભેદ કહે છે. આ દ્રષ્ટિ અને આ દ્રષ્ટિનો વિષય એમ ભેદ નહિ પણ દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર રહે તે અભેદની દ્રષ્ટિ છે અને એ રીતે અભેદ એક આત્માનું ગ્રહણ થાય છે. આ સામાન્ય અભેદ છે એમ વિકલ્પ નહિ, પરંતુ પર્યાય પર તરફ ઝુકતી હતી તે અંદર અભેદ એક સામાન્ય તરફ ગઈ તેને અભેદનો અનુભવ કહેવામાં આવે છે. લ્યો, આનું નામ સમકિત અને આ ધર્મ છે. બાકી તો બધાં થોથાં છે.

કારક ભેદો, ધર્મભેદો અને ગુણભેદોને જાણવા તે અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય છે અને વ્યવહારરત્નત્રયને જાણવો તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય છે. શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુને અનુભવવી તે શુદ્ધનય છે.

[ પ્રવચન નં. ૩૫૫-૩૫૬ * દિનાંક ૩-૬-૭૭ અને ૪-૬-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૨૯૮-૨૯૯

पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९८।।

पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९९।।

प्रज्ञया गृहीतव्यो यो द्रष्टा सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।।२९८।।

प्रज्ञया गृहीतव्यो यो ज्ञाता सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।।२९९।।

પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.

પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.

**ગાથાર્થઃ-** [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] એમ ગ્રહણ કરવો કે- [ यः द्रष्टा ] જે દેખનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहम् ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી પર છે [ इति ज्ञातव्याः ] એમ જાણવું.

[ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] એમ ગ્રહણ કરવો કે- [ यः ज्ञाता ] જે જાણનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहम् ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી પર છે [ इति ज्ञातव्याः ] એમ જાણવું.

**ટીકાઃ-** ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી, ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે. માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'દેખું જ છું'; દેખતો જ (અર્થાત્ દેખતો થકો જ) દેખું છું, દેખતા વડે જ દેખું છું, દેખતા માટે જ દેખું છું, દેખતામાંથી જ દેખું છું, દેખતામાં જ દેખું છું, દેખતાને જ દેખું છું, અથવા-નથી દેખતો; નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા માટે દેખતો, નથી

દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો, નથી દેખતાને દેખતો; પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું. વળી એવી જ રીતે-હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું, 'ગ્રહણ કરું છું' એટલે 'જાણું જ છું'; જાણતો જ (અર્થાત્ જાણતો થકો જ) જાણું છું, જાણતા વડે જ જાણું છું, જાણતા માટે જ જાણું છું, જાણતામાંથી જ જાણું છું, જાણતામાં જ જાણું છું, જાણતાને જ જાણું છું. અથવા-નથી જાણતો; નથી જાણતો થકો જાણતો, નથી જાણતા વડે જાણતો, નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો; પરંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું. (આમ દેખનારા આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને, પછી કારકભેદોનો નિષેધ કરી આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)

(**ભાવાર્થઃ-** આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. 'ગ્રહણ કરવું' એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું 'ગ્રહણ કરવું' છે.

પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો. ત્યાં, અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે-ઇત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં કારકભેદનો નિષેધ કરી, આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.

હવે આ બે ગાથાઓમાં દ્રષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતનાસામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી. અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી, પછી અભેદ-અનુભવનની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી, દ્રષ્ટાજ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે.)

**ટીકાઃ-** અહીં પ્રશ્ન થાય છે કે-ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા હોય છે? તેનો ઉત્તર કહેવામાં આવે છેઃ- પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે. તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્ય-વિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.) તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે. માટે તે તેમને (-દર્શનજ્ઞાનને) ઉલ્લંઘતી નથી. જો ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય (અર્થાત્ ચેતનાનો અભાવ થાય). તેના અભાવમાં બે દોષ આવે- (૧) પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે, અથવા

( शार्दूलविक्रीडित )

**अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत्**
**तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।**
**तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो विना व्यापका-**
**दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपाऽस्तु चित्।।१८३।।**

(૨) વ્યાપકના (-ચેતનાના-) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો (આત્માનો) અભાવ થાય. માટે તે દોષોના ભયથી ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ जगति हि चेतना अद्वैता ] જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે [ अपि चेत् सा दृग्ज्ञप्तिरूपं त्यजेत् ] તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે [ तत्सामान्यविशेषरूपविरहात् ] તો સામાન્યવિશેષરૂપના અભાવથી [ अस्तित्वम् एव त्यजेत् ] (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે; [ तत्–त्यागे ] એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં, (૧) [ चितः अपि जडता भवति ] ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય. [ च ] અને (૨) [ व्यापकात् विना व्याप्यः आत्मा अन्तम् उपैति ] વ્યાપક વિના (-ચેતના વિના-) વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે (-આમ બે દોષ આવે છે). [ तेन चित् नियतं दृग्ज्ञप्तिरूपा अस्तु ] માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો.

**ભાવાર્થઃ-** સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ) હોવી જોઈએ. જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે તો ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને (પોતાના ચેતનાગુણનો અભાવ થવાથી) જડપણું આવે, અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય. (ચેતના આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી વ્યાપક છે અને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય.) માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.

અહીં તાત્પર્ય એવું છે કે-સાંખ્યમતી આદિ કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે, તેમનો નિષેધ કરવા માટે 'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે તેથી ચેતનાને સામાન્યવિશેષરૂપ અંગીકાર કરવી' એમ અહીં જણાવ્યું છે. ૧૮૩.

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

( इन्द्रवज्रा )

**एकश्चितश्चिन्मय एव भावो**
**भावा: परे ये किल ते परेषाम्।**
**ग्राह्यस्ततश्चिन्मय एव भावो**
**भावा: परे सर्वत एव हेया:।।१८४।।**

**શ્લોકાર્થઃ-** [ चित: ] ચૈતન્યનો (આત્માનો) તો [ एक: चिन्मय: एव भाव: ] એક ચિન્મય જ ભાવ છે, [ ये परे भावा: ] જે બીજા ભાવો છે [ ते किल परेषाम् ] તે ખરેખર પરના ભાવો છે; [ तत: ] માટે [ चिन्मय: भाव: एव ग्राह्य: ] (એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે, [ परे भावा: सर्वत: एव हेया: ] બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે. ૧૮૪.

* * *

## સમયસાર ગાથા ૨૯૮-૨૯૯ મથાળું

'આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના દર્શન-જ્ઞાનસામાન્યમય હોવાથી અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો-એમ કહે છેઃ-' ચેતન દ્રવ્યનું લક્ષણ જે ચેતના છે તે જ્ઞાનદર્શનરૂપે બે સ્વરૂપે છે. માટે દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો-એમ ગાથામાં કહે છેઃ-

## * ગાથા ૨૯૮-૨૯૯ : ટીકા ઉપરનું પ્રવચન *

'ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી, ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.'

અભેદથી સામાન્યપણે જેને ચેતના કહેવામાં આવે છે તે જ ચેતના જ્ઞાન અને દર્શન એવા ભેદથી બે પ્રકારે-સ્વરૂપે છે. ચેતના આત્માનું લક્ષણ છે એમ કહેતાં રાગ કે જે બંધનું લક્ષણ છે તેનું તે ઉલ્લંઘન કરે છે, અર્થાત્ રાગ આત્માથી ભિન્ન છે એમ સિદ્ધ કરે છે પરંતુ તે ચેતના, દર્શન અને જ્ઞાનરૂપ ભેદો કે જે આત્માના ગુણો-સ્વભાવો છે તેનું ઉલ્લંઘન કરતી નથી. જ્ઞાન અને દર્શન ગુણો અર્થાત્ સામાન્યપણે ચેતના એ તો આત્માનો સ્વભાવ છે. ચૈતન્યસ્વરૂપી આત્માનો એક જ્ઞાન જ સ્વભાવ છે એમ નથી. દર્શન અને જ્ઞાન બન્ને એના સ્વભાવો છે. માટે ચેતકપણાની જેમ દર્શન અને જ્ઞાન બન્ને આત્માનું સ્વલક્ષણ જ છે. અનુભવમાં જ્ઞાન અને દર્શન બન્ને આવે છે.

સનાતન દિગંબર માર્ગ સિવાય અન્યમતમાં એમ કહે છે કે જ્ઞાન અને દર્શન

ઉપયોગ બન્ને એક જ છે. પરંતુ એમ છે નહિ; બન્ને ઉપયોગ ભિન્ન ભિન્ન છે-એમ અહીં કહે છે.

વળી શ્વેતાંબરમતવાળા એમ કહે છે કે-કેવળીને એક સમયે એક જ ઉપયોગ હોય; જ્યારે દર્શન-ઉપયોગ હોય ત્યારે જ્ઞાન-ઉપયોગ ન હોય અને જ્ઞાન-ઉપયોગ હોય ત્યારે દર્શન-ઉપયોગ ન હોય. પરંતુ આ વાત સત્યાર્થ-યથાર્થ નથી. કેવળી પરમાત્માને એક જ સમયમાં કેવળદર્શન અને કેવળજ્ઞાન એમ બન્ને ઉપયોગ સાથે જ હોય છે.

અલ્પજ્ઞ હોવાથી છદ્મસ્થને ઉપયોગ ક્રમે હોય છે. તેને દર્શનપૂર્વક જ્ઞાન-ઉપયોગ હોય છે. છદ્મસ્થને એક સમયમાં બન્ને ઉપયોગ સાથે હોતા નથી; પરંતુ કેવળી પરમાત્મા તો એક સમયમાં પરિપૂર્ણ દશાને પામ્યા છે, માટે તેમને તો એક જ સમયમાં જ્ઞાન અને દર્શન ઉપયોગ એક સાથે જ હોય છે.

ચેતકપણાની જેમ દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માને સ્વલક્ષણ જ છે. 'માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું,' "ગ્રહણ કરું છું" એટલે "દેખું જ છું";...' જુઓ, આ સામાન્ય વાત કરી, હવે ષટ્કારકના ભેદ પાડી તેને જ વિશેષ સમજાવે છે-

'દેખતો જ (અર્થાત્ દેખતો થકો જ) દેખું છું, દેખતા વડે જ દેખું છું, દેખતા માટે જ દેખું છું, દેખતામાંથી જ દેખું છું, દેખતામાં જ દેખું છું, દેખતાને જ દેખું છું.'

જુઓ, આવા કર્તા, કર્મ, કરણ આદિ છ ભેદ વિચાર કરતાં પ્રથમ પડે છે, પરંતુ ભેદથી વિચાર કરતાં તો આત્મામાં વિકલ્પ-રાગ જ ઉત્પન્ન થાય છે. માટે સમ્યગ્દ્રષ્ટિ એ છ ભેદનું લક્ષ (કે જે સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે) પણ છોડી એક અભેદ આત્માને જ ગ્રહણ કરે છે. અહા! દયા, દાન આદિ રાગ તો હું નહિ પણ કારકના આ છ ભેદ પણ મારામાં નથી એમ જાણતો ધર્મી છ ભેદનું લક્ષ છોડી દે છે. કેવી રીતે-તે હવે સમજાવે છે:-

'અથવા-નથી દેખતો; નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા માટે દેખતો, નથી દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો, નથી દેખતાને દેખતો; પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું'.

નથી દેખતો એ સામાન્ય કહ્યું. નથી દેખતો થકો દેખતો એ કર્તાનો ભેદ, નથી દેખતા વડે દેખતો એ કરણનો ભેદ, નથી દેખતા માટે દેખતો એ સંપ્રદાનનો ભેદ, નથી દેખતામાંથી દેખતો એ અપાદાનનો ભેદ, નથી દેખતામાં દેખતો એ આધારનો ભેદ, નથી દેખતાને દેખતો એ કર્મનો ભેદ-આમ છ ભેદના નિષેધપૂર્વક હું

સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું-એમ ધર્મી સમ્યગ્દર્શન વિષયની ભાવના કરે છે-એટલે કે નિર્વિકલ્પ અનુભવ કરે છે. અહા! સમ્યગ્દર્શનનો વિષય અભેદ એક સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છે અને એમાં ષટ્કારકના ભેદ નથી. અભેદ એક દર્શનમાત્ર વસ્તુની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે અને તે ધર્મનું પહેલું પગથિયું છે. સૂક્ષ્મ વાત છે ભાઈ!

જુઓ, હવે પછી સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર આવવાનો છે ને? એના ઉપોદ્ઘાતની અહીંથી શરૂઆત કરે છે. હું દેખતો જ દેખું છું, હું દેખતાને જ દેખું છું, હું દેખતા વડે જ દેખું છું ઇત્યાદિ કર્તા, કર્મ, કરણ આદિ ભેદ રાગનું-વિકલ્પનું કારણ છે. એ અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય છે. અહીં કહે છે-એ ભેદો હું નહિ, હું તો સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું. અહાહા...! એક અભેદ દૃષ્ટાસ્વભાવભાવ એ જ હું છું. લ્યો, અંતરમાં આવા અભેદ આત્માની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. અહા! આવા સમ્યગ્દર્શનથી એને ધર્મની શરૂઆત થાય છે. આ જ વીતરાગનો મારગ છે ભાઈ! આ સમજ્યા વિના લાખ ક્રિયાકાંડ કરે તોય એનાથી ધર્મ થતો નથી.

આવી જ રીતે હવે જ્ઞાનથી સમજાવે છેઃ-

'વળી એવી જ રીતે-હું જાણનાર આત્માને ગ્રહણ કરું છું. "ગ્રહણ કરું છું" એટલે "જાણું જ છું." આ સામાન્ય વાત કરી. હવે ષટ્કારકના ભેદ પાડી વિશેષ સમજાવે છે-

'જાણતો જ જાણું છું' -એ કર્તા. આ હજુ ભેદ-વિકલ્પ છે; 'જાણતા વડે જ જાણું છું' -આ કરણ. નિમિત્ત કે ભેદ વડે જાણું છું એમ નહિ. 'જાણતા માટે જ જાણું છું' -એ સંપ્રદાન, 'જાણતામાંથી જ જાણું છું' એ અપાદાન, 'જાણતામાં જ જાણું છું' -એ આધાર, 'જાણતાને જ જાણું છું-એ કર્મ-આ પ્રમાણે છ કારકોના ભેદના વિચાર પ્રથમ આવે છે ખરા પણ ભેદનું લક્ષ કરતાં તો વિકલ્પ-રાગ જ ઉત્પન્ન થાય છે. તેથી ભેદનું લક્ષ છોડી સમકિતી પુરુષ અભેદ એક જ્ઞાનમાત્ર વસ્તુ આત્માને જ ગ્રહણ કરે છે. તે કેવી રીતે? તો કહે છે-

'અથવા-નથી જાણતો; નથી જાણતો થકો જાણતો, નથી જાણતા વડે જાણતો, નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો; પરંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું'

જોયું? છ કારકોના ભેદોને આ પ્રમાણે રદ કર્યા અર્થાત્ દૃષ્ટિમાંથી છોડી દીધા અને હું તો અભેદ એક સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર ભાવ છું-એમ જ્ઞાનની ક્રિયાને જ્ઞાનસ્વભાવમાં જોડી દીધી. અહા! જાણનસ્વભાવમાત્ર હું છું-એમ અભેદ એક આત્માની દૃષ્ટિ થતાં પર્યાયમાં પણ જાણનસ્વભાવ એકલો આવ્યો, રાગ ને ભેદ ન આવ્યો. (રાગ ને ભેદ

તે હું આત્મા એમ ન આવ્યું ) આનું નામ ધર્મ છે. આત્મા ત્રિકાળ જાણનસ્વભાવમાત્ર છે એમ જાણતાં (-જ્ઞાનની પર્યાયમાં ભગવાન ત્રિકાળીને ઉપાદેય કરતાં ) પર્યાયમાં પણ જાણનસ્વભાવની પરિણતિ પ્રગટ થાય છે. આ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન છે.

અહા! આત્માનું અસ્તિત્વ કેટલું અને કયા પ્રકારે છે એ જાણીને અંદર ત્રિકાળી એક અભેદની દ્રષ્ટિ કરે ત્યારે એને સત્યદ્રષ્ટિ-સમ્યગ્દ્રષ્ટિ કહે છે. અહીં કહે છે-આ સદ્ભૂત વ્યવહારનયનો વિષય જે કારકના ભેદો એ હું નહિ, હું તો સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર ભાવ છું. જ્ઞપ્તિમાત્ર છું-એમ કહીને રાગ અને સર્વ ભેદ-વિકલ્પનો નિષેધ કર્યો છે. અહાહા...! એકલા જાણન-જાણનસ્વભાવી અભેદ એકરૂપ આત્માની દ્રષ્ટિ તે સમ્યગ્દર્શન છે.

અરે! લોકો તો માને છે કે વ્યવહારથી નિશ્ચય થાય, રાગથી વીતરાગતા થાય.

પરંતુ ભાઈ! રાગ એ તો અસદ્ભૂત વ્યવહાર છે. જો તો ખરો, અહીં તો સદ્ભૂત વ્યવહારનોય નિષેધ કર્યો છે. અહીં કહે છે-નિર્મળ કારકોના ભેદનો વિચાર પ્રથમ આવે છે ખરો, આવ્યા વિના રહેતો નથી, પણ જ્યાં સુધી ભેદનું લક્ષ રહે છે ત્યાં સુધી નિશ્ચય ધર્મ પ્રગટ થતો નથી. બાપુ! વસ્તુનું નિશ્ચય સ્વરૂપ જ એવું છે કે તેને કોઈ વ્યવહારની કે ભેદની અપેક્ષા નથી. શ્રી નિયમસાર ગાથા ૩ માં કહ્યું છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ પરમ નિરપેક્ષ છે અર્થાત્ પરની અપેક્ષા વિના નિરપેક્ષ પ્રગટ થાય છે.

અહા! લોકોને અભ્યાસ નહિ ને સત્‌ને સમજવાની દરકાર નહિ એટલે આવું ભગવાને કહેલું અને સંતોએ પ્રસિદ્ધ કરેલું સત્‌નું સ્વરૂપ સમજવું કઠણ લાગે છે. એટલે અજ્ઞાનવશ જીવો એમ માની બેઠા છે કે-બીજાની દયા પાળવી, વ્રત કરવાં, સામાયિક કરવી, પોસહ કરવો, પ્રતિક્રમણ કરવું ઇત્યાદિ રાગની ક્રિયાઓ કરવી તે ધર્મ છે. તેને સંતો કહે છે-બાપુ! તને ખબર નથી પણ જેને તું માને છે તે સાચું સામાયિક નથી, અને પોસહ પણ નથી. અહા! અંદર રાગ વિનાનો જે અભેદ એક ચૈતન્યમાત્ર ચિદાનંદ પ્રભુ આત્મા વિરાજે છે તેના આશ્રયે અનુભવ થતાં પ્રથમ સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે અને ત્યાર બાદ એ જ સ્વસ્વરૂપમાં વિશેષ લીનતા-રમણતા થાય તેને સામાયિક કહે છે. જેમાં સમતાનો લાભ થાય તેને સામાયિક કહે છે. હવે આવું ધર્મનું વાસ્તવિક સ્વરૂપ બિચારાએ કદી સાંભળ્યુંય ન હોય. દેહ તો છૂટી જાય ને જિંદગી (-અવસર ) એમ ને એમ (-વ્યર્થ ) ચાલી જાય.

અહીં કહે છે-આ પ્રમાણે દેખનાર-જાણનાર આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને એટલે કે પ્રથમ જ્ઞાનમાં ભેદપૂર્વક જાણીને, પછી કારકભેદોને દૂર કરીને એટલે કે ભેદોનું લક્ષ છોડીને આત્માને

અર્થાત્ પોતાને શુદ્ધ એક દર્શનમાત્રભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્રભાવરૂપે અનુભવવો આ રીતે અભેદના અનુભવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે.

## * ગાથા ૨૯૮-૨૯૯ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આ ત્રણ ગાથાઓમાં પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. "ગ્રહણ કરવું"-એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ આત્માનું "ગ્રહણ કરવું" છે.'

સત્ ચિત્ જે આત્મા તે વસ્તુ, એનો ત્રિકાળી જે ચૈતન્યભાવ તે સ્વભાવ; એની સન્મુખ થઈ વર્તમાનમાં આ ચૈતન્યમાત્ર ભાવ તે હું-એમ અનુભવવો એનું નામ આત્માનું 'ગ્રહણ કરવું' છે. ચિત્ એ દ્રવ્ય-સ્વભાવ, ચેતના એ ગુણસ્વભાવ અને અનુભવ કરવો તે પર્યાયસ્વભાવ-એમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયાં. અહા! જેને ધર્મ કરવો છે અર્થાત્ સુખી થવું છે તેણે નિમિત્ત, રાગ ને ભેદની દ્રષ્ટિ દૂર કરીને, એ સર્વથી વિમુખ થઈ અભેદ એક ચૈતન્યમાત્ર આત્મામાં જ દ્રષ્ટિ એકાગ્ર કરવી જોઈએ. ભાઈ! આ જ એક માર્ગ છે; બાકી બધાં થોથાં છે.

આ પહેલાં ગાથા ૨૯૭ના ભાવાર્થમાં આવી ગયું કે-જેનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો લક્ષ્ય એવા આત્માથી ભિન્ન છે. અહા! આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભભાવ અથવા હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિના અશુભભાવ-એ સર્વ ભાવ ચૈતન્યથી રહિત હોવાથી ભગવાન આત્માથી ભિન્ન છે. ભિન્ન છે એટલે શું? કે એનાથી અંતર-અનુભવ, શુદ્ધ આત્માનો અનુભવ ન થાય, અર્થાત્ તેઓ આદરણીય નથી. વ્યવહારના શુભભાવ આદરણીય નથી. વ્યવહાર હોય ખરો, પણ તે આદરણીય નથી. જે ચૈતન્યસ્વભાવ નથી તે વિભાવ છે, અને વિભાવ સ્વભાવનું સાધન કેમ હોય? ન હોય. માટે શુભભાવ ધર્મનું સાધન નથી. જેમ અગ્નિનો ત્રિકાળ ઉષ્ણસ્વભાવ છે, સાકરનો મીઠાશ કાયમી સ્વભાવ છે તેમ ભગવાન આત્માનો ત્રિકાળ ચૈતન્યસ્વભાવ છે. અહા! આવા ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વભાવનો અનુભવ કરવો તે ધર્મ છે. વ્યવહાર રત્નત્રયનો રાગ હો ભલે, પણ એ ધર્મ નથી. આવી સૂક્ષ્મ વાત!

અહીં તો નિર્મળ કારકોના ભેદને પણ દૂર કરે છે. અહા! ચૈતન્યની નિર્મળ પર્યાય કર્તા, નિર્મળ પર્યાય કર્મ, નિર્મળ પર્યાય કરણ ઇત્યાદિ ષટ્કારકના પરિણમનમાં લક્ષ જાય તે વ્યવહાર છે. ભેદ પડે છે ને? માટે એ વ્યવહાર છે. એ ભેદનું લક્ષ છોડી ચૈતન્યપ્રકાશનો પુંજ એવા અભેદ એક શુદ્ધ અંતઃતત્ત્વની દ્રષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે અને એનો એ સૌ પહેલામાં પહેલો ધર્મ છે. પહેલું શું કરવું એમ પૂછે છે ને? પહેલું આ કરવું એમ વાત છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે કહે છે- 'પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો. ત્યાં, અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે-ઇત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં કારકભેદનો નિષેધ કરી, આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.'

પ્રથમ છ કારકના ભેદ પાડી સમજાવ્યું હતું, પછી ભેદનો નિષેધ કરી અભેદનો અનુભવ કરાવ્યો. કેમકે ભેદની દૃષ્ટિમાં અભેદનો અનુભવ થતો નથી, તેથી ભેદને ગૌણ કરી અભેદની-શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુની દૃષ્ટિ કરાવી.

'હવે આ બે ગાથાઓમાં દ્રષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતનાસામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી. અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી. પછી અભેદ-અનુભવનની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી, દ્રષ્ટા-જ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે.'

અહા! વીતરાગ જૈનદર્શનમાં એક વીતરાગભાવ જ ધર્મ છે. એ વીતરાગભાવ કેમ પ્રગટ થાય? તો કહે છે કે-આત્મા ત્રિકાળી સત્ શાશ્વત્ શુદ્ધ સદા ચૈતન્યસ્વરૂપ છે. એને ભેદથી કહીએ તો તે દર્શનજ્ઞાનસ્વભાવી છે, જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ છે. માટે દર્શન-જ્ઞાનસ્વભાવી આત્માને જાણી અંતરમાં અભેદ એક આત્મસ્વરૂપનો અનુભવ કરવો તે ધર્મ છે. આ વાત હવે ટીકામાં વિશેષ સમજાવે છેઃ-

## * ટીકા : હવેના અંશ ઉપરનું પ્રવચન *

'અહીં પ્રશ્ન થાય છે કે-ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા હોય છે?'

જુઓ, આ પ્રશ્ન! એમ કે આત્મા ચેતનદ્રવ્ય વસ્તુ, અને એનો સ્વભાવ ચેતનાગુણ-તે દર્શનજ્ઞાન ભેદોનું ઉલ્લંઘન કેમ કરતો નથી? અર્થાત્ ચેતના એકરૂપ કેમ નહિ? ચેતના બેરૂપ કેમ? જેથી ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા થાય છે તે ચેતનામાં બે સ્વભાવપણું કેમ? તેનો ઉત્તર કહેવામાં આવે છેઃ-

'પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે.'

શું કીધું? કે ચેતનામાં જગતની ચીજો સામાન્યવિશેષપણે પ્રતિભાસે છે. એટલે શું? કે ચેતનામાં જગતની ચીજો સામાન્ય (અભેદપણે) દેખાય છે અને વિશેષ (ભેદપણે) જણાય છે. સમજાણું કાંઈ...? અહીં એમ કહે છે કે-આત્મા એક વસ્તુ છે, ચેતના એનો સ્વભાવ-ગુણ છે. એની પર્યાયમાં સ્વ અને પરનો પ્રતિભાસ એટલે કે સામાન્ય દેખવાપણું ને વિશેષ જાણવાપણું થાય છે. અહાહા...! જેટલી ચીજો સામે હોય તેનું ચેતનામાં સામાન્ય અને વિશેષપણે દેખવા-જાણવાપણું થાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આથી, 'તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે. માટે તે તેમને ઉલ્લંઘતી નથી.'

જોયું? સર્વ વસ્તુઓ એટલે બધા આત્મા ને જડ દ્રવ્યો, દ્રવ્ય તરીકે વસ્તુપણે સામાન્ય છે અને ગુણપર્યાયપણે વિશેષ છે. આ રીતે પ્રત્યેક વસ્તુનો સામાન્ય-વિશેષ સ્વભાવ છે. તે સમસ્ત વસ્તુઓનો જ્ઞાનદર્શનની પર્યાયમાં પ્રતિભાસ થાય છે. આ પ્રમાણે આત્મામાં ચેતના સ્વભાવ સામાન્યપણે દર્શન અને વિશેષપણે જ્ઞાન એમ બે-રૂપે છે. અહા! સમસ્ત વસ્તુઓને પ્રતિભાસનારાં દર્શન અને જ્ઞાન એ ચૈતન્યમય આત્માનો સ્વભાવ છે, માટે ચેતના તેમને ઉલ્લંઘતી નથી. હવે કહે છેઃ-

'જો ચેતના દર્શન-જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય (અર્થાત્ ચેતનાનો અભાવ થાય.).'

શું કીધું? કે જો ચેતનામાં સામાન્ય ને વિશેષરૂપ પ્રતિભાસવાની શક્તિ જ ન હોય અર્થાત્ દેખવા-જાણવારૂપ શક્તિ જ ન હોય તો ચેતનાનો અભાવ થઈ જાય. તેના અભાવમાં બે દોષ આવે-

૧. 'પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે, અથવા

૨. વ્યાપકના (-ચેતનાના) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો (આત્માનો) અભાવ થાય.'

જુઓ, આ ન્યાય આપ્યો. ન્યાયમાં 'नी' (नय्) ધાતુ છે; એટલે કે જેવી વસ્તુ છે એ તરફ (તેવી જાણવારૂપ) જ્ઞાનને દોરી જવું તેને ન્યાય કહે છે. શું કહે છે? કે ચેતના જ્ઞાન અને દર્શન બેપણે ન હોય તો ચેતના ગુણનો અભાવ થઈ જાય અને ગુણનો અભાવ થતાં, જેમ સાકરમાં મીઠાશનો નાશ થતાં સાકરનો નાશ થઈ જાય તેમ આત્માનો નાશ થઈ જાય; અર્થાત્ ચેતનને અચેતનપણું આવી પડે.

જો ચેતના ગુણનો અભાવ થઈ જાય તો વ્યાપક ચેતનાના અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો અભાવ થાય. જુઓ, ચેતના ગુણ તે વ્યાપક એને આત્મા વ્યાપ્ય છે. અહીં આત્મા વ્યાપક અને પર્યાય તેનું વ્યાપ્ય એ વાત નથી લેવી. ગુણ વ્યાપક ને ત્રિકાળી દ્રવ્ય-આત્મા તે વ્યાપ્ય એમ અહીં કહેવું છે; કેમકે ગુણ આત્મામાં વ્યાપીને કાયમ રહે છે ને? માટે ચેતના ગુણ વ્યાપક અને આત્મા વ્યાપ્ય એમ કહ્યું છે. અહા! ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ તે વ્યાપક થયો ને આત્મા એનું વ્યાપ્ય થયું. હવે વ્યાપક એવા ચેતનાનો-જ્ઞાતાદૃષ્ટા સ્વભાવનો અભાવ થાય તો વ્યાપ્ય એવો આત્મા જ ન રહે-આમ દોષ-આપત્તિ આવી પડે.

'માટે તે દોષોના ભયથી ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.'

કહે છે-ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ એમ બે-રૂપ યથાર્થ જાણીને અભેદ એક જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનો અનુભવ કરવો, અને રાગ ને પર્યાયનું લક્ષ છોડવું. આનું નામ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે એમ ભગવાન કહે છે.

અરે! લોકો તો બિચારા સંસારમાં ધંધા-વેપાર આદિથી નવરા જ પડતા નથી. આખો દિ' એકલા પાપમાં રચ્યાપચ્યા રહે છે. એવા જીવોને કદાચિત્ બે-પાંચ કરોડ એકઠા થઈ જાય તોય શું? તેઓ બિચારા જ છે, રાંકા-ભિખારા જ છે. શાસ્ત્રમાં આવા જીવોને 'वराकाः' વરાકા કહ્યા છે.

આટલા બધા પૈસા હોય તોય?

હા, તોય; કેમકે અંદર પોતે ચૈતન્યલક્ષ્મી જ્ઞાનાનંદની લક્ષ્મીનો પૂરણ ભંડાર છે એનું એને ક્યાં ભાન છે? અહા! પોતાની સ્વરૂપલક્ષ્મીના ભાન વિના બહારમાં ધનાદિ વૈભવનો ગમે તેટલો સંયોગ હોય તે શું કામનો? અંદર સંતોષ ને તૃપ્તિ તો છે નહિ. લાવ-લાવ-લાવ એમ વૃત્તિમાં તો તૃષ્ણા જ રહ્યા કરે છે. માટે તેઓ રાંકા-વરાકા જ છે. સમજાણું કાંઈ...?

અરે! આ પૈસા મારા ને હું તે કમાયો એવી મમતા કરી કરીને જીવો બિચારા મરી જાય છે (દુઃખી થાય છે).

એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ જૈનમાં જન્મેલા છતાં અંબાજીને ખૂબ માનતા; એમ કે આ ધનસંપત્તિ અંબાજીથી મળી છે. અરે ભાઈ! લક્ષ્મી આદિ સંયોગ તો પૂર્વે જે શુભભાવ કર્યા હતા અને તે કાળે જે શુભબંધ પડયો હતો તે ઉદયમાં આવતાં સંયોગરૂપે મળે છે. એ કાંઈ કોઈની (માતા વગેરેની) માનતા કરવાથી મળે છે એમ નથી. ભાઈ! કોઈનીય માનતા કરવાથી લક્ષ્મી મળે છે એ માન્યતા જૂઠી છે અને તે વડે એને મિથ્યાત્વાદિનો જ બંધ પડે છે.

વળી લક્ષ્મી આદિના સંયોગથી આને કાંઈ લાભ થાય છે એમેય નથી, ઉલટું એ સંયોગ વડે આને નુકશાન જ થાય છે કેમકે એ સંયોગના લક્ષે આને રાગ-દ્વેષાદિ જ થાય છે અને તે દુઃખરૂપ અને દુઃખના કારણરૂપ જ છે.

વળી ખરેખર, પૈસા મળતાં પૈસા કાંઈ એને મળે છે એમ નથી. પૈસા તો જડ છે; એ જીવને કેવી રીતે મળે? જીવને તો એની મમતા મળે છે અને એની મમતાનો ભાવ એને દુઃખરૂપ જ છે. હવે આમાં શું થાય? વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

અરે! અનંતકાળમાં એણે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો એક ક્ષણ પણ અનુભવ કર્યો નહિ. એણે નિરંતર રાગદ્વેષાદિનું જ વેદન કીધા કર્યું. અહા! એને ક્ષુદ્રભવો

થયા એની વાત તો છોડો, અનંતકાળમાં અનંતવાર તે મોટો દેવ, મોટો રાજા અને મોટો શેઠ પણ થયો. પણ હા! એણે શુદ્ધ અંતઃચેતનાનો અનુભવ ના કર્યો!

જાુઓ, અજ્ઞાની જીવોને અનાદિથી રાગદ્વેષરૂપ કર્મચેતના અને કર્મફળચેતનાનું જ વેદન છે. એને જડનો સ્વાદ તો કદી હોતો જ નથી અને સ્વસ્વરૂપનો સ્વાદ એણે કદી લીધો નહિ. શું કીધું? આ લાડું, બરફી, પેંડા, મોસંબી, ધન, લક્ષ્મી ને સ્ત્રીનું સુંવાળું શરીર ઈત્યાદિ જડ પદાર્થોનો સ્વાદ એને હોતો નથી, પરંતુ એના લક્ષે એણે રાગાદિનો સ્વાદ-આ ઠીક છે, આ ઠીક નથી એવો સ્વાદ-એણે લીધા કર્યો છે. અહા! પણ એ તો દુઃખનો સ્વાદ છે બાપા અહો! એક ક્ષણ પણ જ્ઞાનચેતનાનો સ્વાદ કરે તો એનાં જન્મ-મરણ બધાં ટળી જાય; ટળ્યા વિના રહે નહિ.

* * *

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૮૩ :શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'जगति हि चेतना अद्वैता' જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે....

નિશ્ચયથી જગતમાં ચેતના અદ્વૈત છે. ચિદ્ અર્થાત્ ચેતન એ દ્રવ્ય અને ચેતના એનો ગુણ-સ્વભાવ તે એક (અભેદ) છે. ચેતના તરીકે એક હોવા છતાં...

'अपि चेत् सा दग्ज्ञप्तिरूपं त्यजेत्' તોપણ જો તે દર્શન-જ્ઞાનરૂપને છોડે 'तत्सामान्यविशेषरूपविरहात् તો સામાન્યવિશેષરૂપના અભાવથી 'अस्तित्वम् एव त्यजेत्' (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે; 'तत्–त्याजे' એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતા 'चित: अपि जडता भवति' ચેતનને જડપણું આવે.

શું કહે છે? કે ચેતન એ દ્રવ્ય અને ચેતના એ ગુણ વસ્તુપણે-દ્રવ્યપણે એક હોવા છતાં ચેતના સ્વરૂપથી જ સામાન્ય અને વિશેષ-એમ દર્શન-જ્ઞાનસ્વરૂપે બેપણે રહેલી છે. હવે જો ચેતના પોતાના સામાન્ય-વિશેષસ્વરૂપને અર્થાત્ દર્શનજ્ઞાનરૂપને છોડી દે તો જીવ ચેતનાના અભાવમાં જડ થઈ જાય; ચેતનને જડપણું આવી જાય.

શું કીધું? ફરીને-કે આત્મા ચેતન છે અને ચેતના એનો ગુણ અર્થાત્ સ્વભાવ છે, સ્વભાવે ચેતના એક હોવા છતાં જ્ઞાતા-દ્રષ્ટાપણું પણ એનું રૂપ છે. હવે જો તે જ્ઞાતા-દ્રષ્ટાપણું છોડી દે તો ચેતનાનો અભાવ થાય અને ચેતના વિના ચેતનદ્રવ્યજીવ જડ થઈ જાય.

કોઈને વળી થાય કે આમાં ધર્મ ક્યાં આવ્યો? અરે ભાઈ! આવું પોતાનું સ્વરૂપ જાણી દૃષ્ટિ સ્વસ્વરૂપમાં અખંડ એક ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મામાં સ્થાપિત કરવી એનું નામ ધર્મ છે. ભગવાને એને ધર્મ કહ્યા છે.

તો શું ધર્મ માટે આવું બધું સમજવું પડે?

હા ભાઈ! અનંતા જીવો આ રીતે સમજીને સિદ્ધદશાને પામ્યા છે.

'च' અને (૨) 'व्यापकात विना व्याप्यः आत्मा अन्तम् उपैति' વ્યાપક વિના (-ચેતના વિના) વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે.

પહેલાં બોલમાં આત્મા જડ થઈ જાય એમ કહ્યું ને હવે બીજા બોલમાં નાશ થઈ જાય એમ કહે છે. જો વ્યાપક એવી ચેતના જ ન રહે તો વ્યાપ્ય એવો આત્મા નાશ પામી જાય.

ત્યારે કોઈ કહે છે-આવું બધું સમજવું એના કરતાં દયા પાળવી, વ્રત કરવાં એ બધો સહેલો ધર્મ છે.

પણ ભાઈ! એ ધર્મ ક્યાં છે? એ તો રાગ છે. આત્માનો સ્વભાવ તો ચેતના એટલે જ્ઞાતા-દૃષ્ટા છે. હવે આવા સ્વભાવને છોડીને જો એ રાગનો કર્તા થાય તો તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય. જો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર-ભણતરનો રાગ અને પંચમહાવ્રતાદિનો રાગ-એનો કર્તા જો ચેતન થાય તો ચેતન જ્ઞાતાદૃષ્ટાપણે રહે નહિ; રાગનો કર્તા થતાં તે અવશ્ય મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આવી હવે બહુ કઠણ વાત!

તો મુનિરાજને એવો વ્યવહાર તો હોય છે?

હા, હોય છે; પણ એના તો કર્તા નથી. જ્ઞાની તો એના જાણનારમાત્ર રહે છે.

ઉપર પ્રમાણે, ચેતનાને દ્વિરૂપ નહિ માનવાથી બે દોષ-આપત્તિ આવે છે. તેથી કહે છે- 'तेन चित् नियतं दग्ज्ञप्तिरूपा अस्तु' માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો. અર્થાત્ ચેતના નિયમથી દર્શનજ્ઞાનમય જ છે.

## * કળશ ૧૮૩ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્ય પ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષ પ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ) હોવી જોઈએ.'

જુઓ, ભગવાને જોયાં છે એ બધાં દ્રવ્યો જગતમાં જાતિ અપેક્ષાએ છ છે, અને સંખ્યા અપેક્ષાએ જીવ-આત્મા અનંત, પરમાણુ અનંતાનંત, ધર્માસ્તિકાય એક, અધર્માસ્તિકાય એક, એક આકાશ અને અસંખ્યાત કાલાણુ છે. એ બધા પદાર્થ પ્રત્યેક સામાન્યવિશેષરૂપ છે. તે બધાય પદાર્થ દ્રવ્યપણે એકરૂપ સામાન્ય છે ને ગુણ-પર્યાયથી વિશેષરૂપ છે. સામાન્યવિશેષરૂપે હોવું વસ્તુનો સહજ સ્વભાવ જ છે. તેથી તેને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યવિશેષરૂપ છે; સામાન્યપ્રતિભાસરૂપ દર્શન અને વિશેષ પ્રતિભાસરૂપ જ્ઞાન છે. જુઓ, આ ન્યાયથી-લોજીકથી વાત છે.

'જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે તો ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને જડપણું આવે, અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય.'

અહીં કહે છે કે ચેતનાના જ્ઞાતા-દ્રષ્ટાપણે બે રૂપ ન માનો તો ચેતનાનો અભાવ થઈ જાય અને ચેતનાનો અભાવ થતાં ચેતન આત્મા જડ થઈ જાય. અથવા ચેતના વ્યાપક છે, અને આત્મા વ્યાપ્ય છે. તેથી વ્યાપકનો અભાવ થતાં વ્યાપ્ય આત્માનો નાશ થઈ જાય.

'માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.'

ચેતન (દ્રવ્ય) ને ચેતના (ગુણ) અભેદ છે. માટે જેને ધર્મ કરવો હોય તેણે ચેતના-જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવથી અભેદ ભગવાન આત્માની દ્રષ્ટિ કરીને તેમાં જ એકાગ્ર થવું જોઈએ. હવે આવી વાત કઠણ પડે એટલે લોકો 'એકાન્ત છે' -એમ રાડુ પાડે પણ ભાઈ! આ સમ્યક્ એકાન્ત છે.

વળી કોઈ કહે છે કે-પર્યાય અને દ્રવ્ય તો અભિન્ન જ છે, માટે પર્યાયમાં અશુદ્ધતા હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય.

ભાઈ! એમ નથી બાપા! દ્રવ્ય તો ત્રિકાળ છે અને પર્યાય તો એક સમયવર્તી જ છે. સિદ્ધની નિર્વિકારી પર્યાય પણ એક સમયની જ છે, એ કાંઈ ત્રિકાળી વસ્તુ નથી. સિદ્ધની પર્યાય પણ દ્રવ્યનો એક ભેખ છે. તેવી રીતે મોક્ષમાર્ગની પર્યાય પણ ત્રિકાળી દ્રવ્યનો એક સમયનો ભેખ છે અને સંસારની પર્યાય પણ ચેતન દ્રવ્યનો એક સમયનો વિકારી ભેખ છે.

આ શાસ્ત્રની ગાથા ૩૨૦માં કહ્યું છે કે મોક્ષમાર્ગની પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ (-નિશ્ચયથી) ભિન્ન છે. ચેતન જે દ્રવ્ય છે એનો ચેતના સ્વભાવ છે. ત્યાં ચેતન દ્રવ્યમાં-અભેદમાં એકાગ્ર થતાં ચેતનાસ્વભાવમય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના-મોક્ષમાર્ગના પરિણામ પ્રગટ થાય છે. હવે એ પર્યાય જો દ્રવ્યમાં એકરૂપ (અભેદ) થઈ જાય તો મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થતાં ત્રિકાળી પારિણામિકભાવનો પણ નાશ થઈ જાય.

શું કીધું? કે આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એક શુદ્ધ ચૈતન્યરસકંદ છે. એને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવતાં જે સ્વસંવેદનજ્ઞાન થયું એની સાથે 'આ અખંડ એક પરિપૂર્ણ ચિન્માત્ર વસ્તુ હું છું' -એવી પ્રતીતિ પ્રગટ થઈ અને સાથે સ્વરૂપમાં ચરવા-રમવારૂપ આચરણ પ્રગટ થયું. આમ પ્રગટ થયેલ શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની પર્યાય જો ત્રિકાળી આત્મદ્રવ્ય સાથે એક થઈ જાય તો તે મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય. માટે નિશ્ચયથી પર્યાય દ્રવ્યથી ભિન્ન જ છે.

સંવર અધિકારની આરંભની ગાથાઓમાં લીધું છે કે-ભગવાન આત્મા એક

વસ્તુ છે ને દયા, દાન આદિના જે શુભાશુભ પરિણામ થાય છે એ એનાથી ભિન્ન બીજી વસ્તુ છે, કેમકે રાગના પ્રદેશો ને આત્માના પ્રદેશો ભિન્ન છે. જેટલા ક્ષેત્રમાં રાગ ઉત્પન્ન થાય છે તે ક્ષેત્ર, ધ્રુવના ક્ષેત્રની ભિન્ન ગણવામાં આવ્યું છે. અને તેથી વિકારનો આધાર આત્મા નહિ, કે આત્માનો આધાર વિકાર નહિ-એમ બન્નેને પરસ્પર આધાર-આધેય સંબંધ નથી એમ ત્યાં સિદ્ધ કર્યું છે. (મતલબ કે પર્યાય દ્રવ્યથી વાસ્તવમાં ભિન્ન જ છે.)

મોક્ષમાર્ગની પર્યાય છે તેના પણ પ્રદેશો ત્રિકાળીના ક્ષેત્રથી ભિન્ન ગણવામાં આવ્યા છે. આ વાત ચિદ્દવિલાસમાં આવે છે. પ્રવચનસારમાં પણ કહ્યું છે કે-ઉત્પાદ ઉત્પાદથી છે, ધ્રુવ કે વ્યયથી નહિ; વ્યય વ્યયથી છે, ઉત્પાદ કે ધ્રુવથી નહિ; ને ધ્રુવ ધ્રુવથી છે, ઉત્પાદ કે વ્યયથી નહિ. બહુ ઝીણી વાત છે ભાઈ! તત્ત્વ બહુ સૂક્ષ્મ છે પ્રભુ!

પર્યાયની સ્થિતિ એક સમયની છે, જ્યારે દ્રવ્ય ત્રિકાળ છે. પર્યાયનો ભાવ જે પ્રદેશમાં ઉત્પન્ન થાય છે તે પ્રદેશનો અંશ ભિન્ન છે ને ત્રિકાળી દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. અહા! પર્યાયનું વીર્ય પર્યાયથી છે, પર્યાયની ઉત્પત્તિ પર્યાયથી છે. પર્યાયનું ટકવું પર્યાયથી છે. પર્યાયનાં ષટ્કારક પર્યાયમાં પર્યાયથી છે. આમ નિશ્ચયથી પર્યાય દ્રવ્યથી ભિન્ન છે.

માટે અશુદ્ધ પર્યાય હોતાં ત્રિકાળી દ્રવ્ય આખું અશુદ્ધ થઈ જાય છે એમ નથી. પર્યાયની અશુદ્ધતાના કાળમાં પણ દ્રવ્ય તો એકરૂપ શુદ્ધ જ છે. (તેને પર્યાય અપેક્ષા અશુદ્ધ કહેવું એ બીજી વાત છે.)

અરે! અનંતકાળમાં પોતે કોણ છે એ સમજવાની એણે દરકાર કરી નથી. ભાઈ! પર્યાય છે ખરી; પર્યાય છે જ નહિ એમ કોઈ કહે તો એ ખોટું છે. પર્યાય છે અને કાર્ય પર્યાયમાં જ થાય છે, ત્રિકાળી દ્રવ્યમાં નહિ. ત્રિકાળી દ્રવ્ય જે શુદ્ધ એકરૂપ છે તેનો આશ્રય કરવાથી (પર્યાય એના વલણમાં જવાથી) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. પરંતુ તે એક સમયની અવસ્થા છે. અહા! એક સમયની અવસ્થાનો ભાવ ભિન્ન, કાળ ભિન્ન, ક્ષેત્ર ભિન્ન અને વીર્ય ભિન્ન છે. અહો! વસ્તુનું સ્વરૂપ આવું છે; ભગવાને આવું દેખ્યું છે અને કહ્યું છે. (ભગવાનની વાણીમાં એ પ્રમાણે આવ્યું છે).

અહીં કહે છે-ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી. અહા! જેમ વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે તેમ વસ્તુને ચેતનારી ચેતના પણ સામાન્ય દર્શનસ્વરૂપ અને વિશેષ જ્ઞાનસ્વરૂપ છે. અહા! આવા પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવને જાણી, તેમાં જ એકાગ્રપણે લીન થઈને રહેવું એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ...?

અહીં તાત્પર્ય એવું છે કે-"સાંખ્યમતી આદિ કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે, તેમનો નિષેધ કરવા માટે 'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ

છે તેથી ચેતનાને સામાન્ય વિશેષરૂપ અંગીકાર કરવી' -એમ અહીં જણાવ્યું છે."

જુઓ, સાંખ્યમત આદિ અન્યમત છે તે સામાન્યને માને છે, પરંતુ વિશેષને માનતો નથી. ચેતના જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ છે એમ ચેતનાના યથાર્થ સ્વરૂપને માનતા નથી. તેથી એવા એકાન્તનો પરિહાર કરવા માટે જેમ વસ્તુ સામાન્ય-વિશેષ-સ્વરૂપ છે તેમ તેને પ્રતિભાસનારી ચેતના પણ દ્રષ્ટાપણે સામાન્ય અને જ્ઞાતાપણે વિશેષરૂપ છે એમ અહીં દર્શાવ્યું છે. ચેતના ગુણ-શક્તિ-સ્વભાવ છે અને તેનાં દર્શન અને જ્ઞાન બેરૂપ છે એમ યથાર્થ માનવું.

અહા! દિગંબર ધર્મ સિવાય આવું વસ્તુનું સત્યાર્થ સ્વરૂપ બીજે ક્યાંય કહ્યું નથી. અહા! સત્યાર્થ સ્વરૂપની સમજણ વિના સમ્યગ્દર્શન થાય નહિ અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર કદીય સાચાં હોતાં નથી. છહઢાલામાં આવે છે ને કે-

'મોક્ષમહલકી પરથમ સીઢી યા બિન જ્ઞાન ચરિત્રા,
સમ્યક્તા ન લહૈ સો દર્શન ધારો ભવ્ય પવિત્રા.'

માટે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને યથાર્થ ઓળખી તેના આશ્રયે પ્રથમ સમકિતી થવું જોઈએ.

હવે આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

## * કળશ ૧૮૪ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'चितः' ચૈતન્યનો (આત્માનો) તો 'एकः चिन्मयः एव भावः' એક ચિન્મય જ ભાવ છે, 'ये परे भावाः' જે બીજા ભાવો છે 'ते किंल परेषाम्' તે ખરેખર પરના ભાવો છે;....

ચિત્ એટલે ચેતનદ્રવ્ય, જીવદ્રવ્ય, અહીં કહે છે-ચેતનદ્રવ્યનો એટલે કે ભગવાન આત્માનો તો ચિન્મય જ ભાવ છે. અહા! જાણવું-દેખવું બસ એ એક જ આત્માનો સ્વભાવ છે. આ રાગાદિ જે બીજા ભાવો છે તે ખરેખર પરના ભાવો છે. શું કીધું? હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના ઇત્યાદિના જે વિકલ્પ ઉઠે છે તે પાપભાવ છે, ને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ ઇત્યાદિના જે વિકલ્પ ઉઠે છે તે પુણ્યભાવ છે; એ પુણ્ય-પાપના ભાવ શુદ્ધ ચૈતન્યના ભાવ નથી, પણ ખરેખર તે પરના ભાવો છે.

અહાહા....! ભગવાન આત્મા શુદ્ધ ચિન્મય એટલે ચેતનામય છે; ચેતનાવાળો છે એમે નહિ, ચેતનાવાળો કહીએ ત્યાં તો ભેદ થઈ જાય. આ તો અભેદ એકરૂપ શુદ્ધ ચિન્મય પ્રભુ આત્મા છે એમ કહે છે. અહા! આવા અભેદ એક ચિન્મય આત્માની દ્રષ્ટિ કરી એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આવા અનુભવમાં સ્થિરતા ધરવી તે ધર્મ નામ મોક્ષમાર્ગ-મોક્ષનો ઉપાય છે.

કેટલાક લોકોને સત્ સામે (વસ્તુના સ્વરૂપ સામે) બે વાંધા છે. તેઓ કહે છે-

૧. દ્રવ્ય અને પર્યાય એક છે માટે પર્યાય અશુદ્ધ થઈ જતાં દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે.

૨. વ્યવહારથી નિશ્ચય થાય અર્થાત્ શુભરાગ કરતાં કરતાં સમ્યગ્દર્શન આદિ ધર્મ થાય છે.

ખરેખર તો ચેતનાની એક સમયની જાણનક્રિયારૂપ- જાણવાદેખવાના અનુભવરૂપ પર્યાય (-નિર્મળ પર્યાય) દ્રવ્યથી કથંચિત્ (-નિશ્ચયથી) ભિન્ન છે; અને આ જે રાગાદિ વિકલ્પ ઉઠે છે એ અશુદ્ધ પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન છે. હવે જે સર્વથા ભિન્ન છે એનાથી અંદર નિશ્ચયસ્વરૂપમાં (જ્ઞાયકમાં) કેમ જવાય? ભિન્ન છે એને તો ભિન્ન રાખીને જ અર્થાત્ એને છોડીને જ અંતરમાં જવાય. લ્યો, આવો મારગ છે.

અહાહા...! ચિત્ એટલે કારણજીવ, કારણપરમાત્મા. તે કેવો છે? તો કહે છે-એક શુદ્ધ ચિન્મય છે, ત્રણેકાળ શુદ્ધ છે. વર્તમાન પર્યાયની અશુદ્ધતાના કાળે પણ એ અંદર તો શુદ્ધ જ છે. ગુણી જે વસ્તુ છે તે ગુણમય છે. જેમ સાકર છે તે મીઠાશથી તન્મય છે તેમ ચિત્ ચેતનાથી તન્મય છે, અભેદ એક ચિન્મય છે. અહા! આવા અભેદ એક આત્મામાં આ ગુણ ને આ ગુણી એમ ભેદ પાડવો તે અન્યભાવ છે કેમકે ભેદને લક્ષમાં લેતાં વિકલ્પરાગ જ ઉઠે છે. માટે ભેદને ગૌણ કરી એક અભેદનું જ લક્ષ કરવા યોગ્ય છે. અહા! દૃષ્ટિમાં લેવા યોગ્ય તો એક ચિન્મય આત્મા જ છે. સમજાણું કાંઈ...? ભાઈ! ભાષા તો સાદી છે, બાકી ભાવ તો જે છે તે છે. (સૂક્ષ્મ દૃષ્ટિએ પકડવા યોગ્ય છે).

આ શરીર જડ માટી-ધૂળ તો આત્મામાં છે નહિ અને જડ કર્મ પણ આત્માની ચીજ નથી. વળી પાપના ભાવ છે એય આત્મામાં નથી ને પુણ્યના ભાવ પણ આત્માની ચીજ નથી. આ વ્યવહારરત્નત્રયના શુભભાવ આત્માની વસ્તુ નથી. અહા! એક ચિન્મય ભાવ સિવાયના સર્વભાવ પરભાવ છે. જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ પરભાવ છે, તે જીવભાવ નથી. હવે આવું છે ત્યાં શુભભાવથી-પરભાવથી અંદર સ્વમાં ધર્મ કેમ થાય? ન થાય.

ભાઈ! પોતાના સ્વસ્વરૂપને જાણ્યા વિના જન્મ-મરણનાં અસહ્ય દુઃખોને વેઠતાં વેઠતાં તારો અનંતકાળ ગયો, અહા! પરમાત્મા કહે છે -તેં કેટલાં જન્મ-મરણ કર્યાં કે મરણ ટાણે તારી માતાને જે દુઃખ ભર્યું રૂદન આવ્યું તેનાં આંસુ એકઠાં કરીએ તો અનંતા સમુદ્ર ભરાઈ જાય. અહા! આટલાં એણે અનંતા મરણ કર્યાં છે. ભાઈ! તેં જે પારાવાર દુઃખ સહન કર્યાં છે તેને શું કહીએ? એને દેખનારની આંખમાં પણ

આંસુ આવી જાય એવાં એ અસહ્ય છે. મનુષ્યપણામાં તો તે દુઃખ

સહન કર્યાં, એ સિવાય પશુયોનિમાં ને નરકમાં અતિ તીવ્ર દુઃખો સહન કર્યાં છે.

જુઓ, કોઈ માખણ જેવા સુંવાળા દેહવાળો રૂપાળો રાજકુમાર હોય એને જમશેદપુરની ધગધગતી ભઠ્ઠીમાં નાખે અને જે દુઃખ થાય એનાથી અનંતગણું દુઃખ પહેલી નરકમાં દશ હજાર વર્ષની સ્થિતિમાં હોય છે. બાપુ! એ દશ હજાર વર્ષની સ્થિતિએ ત્યાં તું અનંતવાર જન્મ્યો છે. એ પ્રમાણે દશ હજાર વર્ષને એક સમય, દશ હજાર વર્ષ ને બે સમય, દશ હજાર વર્ષ ને ત્રણ સમય-એમ કરીને સાગરોપમની સ્થિતિએ પ્રત્યેક નરકમાં અનંતવાર જન્મ્યો-મર્યો છે. અહા! આ બધું દુઃખ ભાઈ! તને સ્વરૂપની સમજણ વિના ઊભું થયું છે. માટે હવે (આ અવસરે) તો સ્વરૂપની સમજણ કર. હમણાં નહિ કરે તો ક્યારે કરીશ ભાઈ? (એમ કે અનંતકાળેય તને આવો અવસર ફરીથી નહિ મળે).

ભગવાન આત્મામાં પુણ્ય-પાપના ભાવ નથી એ તો ઠીક, તેમાં વર્તમાન પર્યાયનો પણ અભાવ છે. ઝીણી વાત પ્રભુ! ત્રિકાળી ધ્રુવમાં વર્તમાન પર્યાયનો અભાવ છે. આથી કોઈ કહે કે પર્યાય પર્યાયમાં પણ નથી તો એમ નથી. સમયસાર ગાથા ૧૧માં પર્યાયને અભૂતાર્થ કહી તે ગૌણ કરીને અભૂતાર્થ કહી છે. ત્યાં એનું પ્રયોજન જે સમ્યગ્દર્શન તેની પ્રાપ્તિ માટે ત્રિકાળી સત્‌ને સત્યાર્થ કહ્યું ને વર્તમાન પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે, કેમકે ત્રિકાળી ધ્રુવના જ આશ્રયે નિજ પ્રયોજનની-સમ્યગ્દર્શનની સિદ્ધિ થાય છે, પર્યાયના આશ્રયે નહિ. આ પ્રમાણે અભેદ એક ચિન્મય આત્મામાં એકાગ્રતા કરવી એ જ દુઃખની મુક્તિનો ઉપાય છે. વચ્ચે વ્યવહાર આવે છે ખરો, પણ એ કાંઈ ઉપાય નથી, ઉલટું એ તો બંધનું-દુઃખનું જ કારણ છે.

ત્યારે કેટલાક રાડુ પાડે છે કે-તમે વ્યવહારનો લોપ કરો છો.

અરે, સાંભળને ભાઈ! તારી ચીજમાં એ ડાઘ-કલંક છે. તને વ્યવહારનો આગ્રહ છે અને એનાથી લાભ થવાનું તું માને છે એ તારી દ્રષ્ટિ જ વિપરીત છે. જેનાથી ભિન્ન પડવું છે એનાથી વળી લાભ કેમ થાય? અહા! નિમિત્તને આધીન થઈને જે ભાવો થાય તે શુભ હો કે અશુભ; એ બધા પરના ભાવો છે.

'ततः' માટે 'चिन्मयः भावः एव ग्राह्यः' (એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવા યોગ્ય છે, 'परे भावाः सर्वतः एव हेयाः' બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે.

આવું ચોક્ખું છે તોય કેટલાક કહે છે-આ એકાન્ત છે; એમ કે તમે વ્યવહારથી નિશ્ચય થાય એમ માનતા નથી.

અરે ભાઈ! આ કહ્યું તો ખરું કે એક ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે અને બીજા ભાવો સર્વથા છોડવા યોગ્ય છે. આ અનેકાન્ત છે. વ્યવહારથી પણ થાય અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિન્મયભાવથી પણ થાય એમ તું અનેકાન્ત કહે પણ એ અનેકાન્ત નથી, એ તો ફૂદડીવાદ છે.

ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે. આ સમ્યક્ એકાન્ત છે. એનું (ચિન્મયનું) ગ્રહણ થતાં પરભાવો ઉત્પન્ન થતા નથી એને પરભાવનો ત્યાગ કર્યો એમ કહીએ છીએ. આત્મામાં પરવસ્તુનું તો ગ્રહણ-ત્યાગ છે નહિ. ફક્ત મિથ્યા પર ભાવ વડે પર મારાં એમ માને છે. પણ સ્વનું ગ્રહણ થતાં એ પરભાવ ઉત્પન્ન થતા નથી એને પરભાવનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે.

અરે! અનાદિથી એણે સ્વ-સ્થાન નિજઘર છોડી દીધું છે. ભજનમાં આવે છે ને કે-

'હમ તો કબહું ન નિજઘર આયે,
પર ઘર ભ્રમત દિન બીતે, નામ અનેક ધરાયે-' હમ તો ૦

અહા! મેં દયા પાળી, ને વ્રત પાળ્યાં, ને તપસ્યા કરી, ને ભક્તિ કરી-એમ અનેક પ્રકારના પુણ્યભાવમાં-પરભાવમાં રહ્યો એ પરઘર છે. જેમ પાપના ભાવમાં રહે એ પરઘર છે તેમ પુણ્યના ભાવ પણ પરઘર છે. અહા! ભજનમાં કહે છે-આવા અનેક પરઘરમાં એને રખડવું થયું એ મહા કલંક છે. અરે! હું કદીય નિજઘરમાં-સ્વધામ પ્રભુ ચૈતન્યધામમાં ન આવ્યો! એમ કે અનંતકાળમાં મેં સ્વનો આશ્રય કરીને આત્મકલ્યાણ કર્યું નહિ! આમ ખેદ પ્રગટ કરે છે. સમજાણું કાંઈ...?

અહીં કહે છે-પરભાવો સર્વ પ્રકારે હેય છે. 'सर्वत:' એમ શબ્દ છે ને? છે કે નહિ? છે ને પુસ્તકમાં. મતલબ કે કથંચિત્ વ્યવહાર હેય ને કથંચિત્ ઉપાદેય એમ નથી. વ્યવહાર સર્વ પ્રકારે હેય છે.

વ્યવહારનયથી વ્યવહાર પૂજ્ય છે એમ શાસ્ત્રમાં આવે છે; એનો અર્થ એ છે કે વ્યવહારથી વ્યવહાર જાણવાલાયક છે, નિશ્ચયથી તો એ હેય જ છે. વ્યવહારનયથી કહ્યું એનો અર્થ એ કે એ ઉપચારથી કહ્યું છે. કળશટીકામાં વ્યવહારનો અર્થ કથનમાત્ર કર્યો છે.

ભાઈ! તારી ચીજ માલંમાલ છે ને પ્રભુ! અંદર અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત-અનંત ઈશ્વરતા પડયાં છે ને પ્રભુ! અહાહા...! ભગવાન! તું ઈશ્વર છો. તારી ઈશ્વરશક્તિને ગ્રહણ કર ને પરભાવથી છૂટી જા. પરભાવો તો સર્વ પ્રકારે ત્યાગ કરવાલાયક જ છે. સમકિતીને અને મુનિવરોને પરભાવ આવે છે પણ તેમને તે હેય છે. અહો! એક ચિન્મય વસ્તુ આત્મા જ ગ્રાહ્ય છે ઉપાદેય છે.

અહા! આવું તત્ત્વનું સ્વરૂપ સાંભળવા મળવું મહા દુર્લભ છે. મનુષ્યપણા વિના તો એ ક્યાં સાંભળવા મળે? એમાંય જૈનદર્શન સિવાય બીજે ક્યાં આ વાત સાંભળવા મળે? અને જૈનદર્શનમાંય આના સંભળાવનારા કોણ? કો'ક સમકિતી જવલ્લે જ આવી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વાતના કહેનાર મળી આવે. અહા! આવું આ દુર્લભ તત્ત્વ વર્તમાનમાં મહાદુર્લભ થઈ પડયું છે.

ભાઈ! દુનિયા માનો કે ન માનો, હા પાડો કે ન પાડો; વસ્તુસ્થિતિ તો આ જ છે. પંડિતો માને કે ન માને, વા વિરોધ કરે તો કરો, પણ વસ્તુસ્વરૂપમાં ફેર પડે એમ નથી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે કે-

પંડિય પંડિય પંડિય કણ છોડિ વિતુસ કેડિયા

હે પાંડે! હે પાંડે! હે પાંડે! તું કણને છોડી માત્ર ફોતરાં જ ખાંડે છે. અરેરે! તેં માલ ન લીધો તો ફોતરાંથી તને શો લાભ છે?

જુઓ, એક ઊંચા ગૃહસ્થની સ્ત્રી ડાંગર ખાંડતી હતી. ખાંડણીમાં ઉપર ઉપર ફોતરાં દેખાય અને દાણા તો નીચે જાય. એક ગરીબ અણઘડ બાળએ આ જોયું ને કયાકથી ફોતરાં લાવીને મંડી પડી ખાંડવા. એને એમ કે આ ઉંચા ઘરની બાઈ ફોતરાં ખાંડે છે તો તેમાં કાંઈક લાભ હોવો જોઈએ. પણ એને શું લાભ થાય? કાંઈ નહિ; ખાલી મહેનત માથે પડે.

તેમ કોઈ અજ્ઞાની દેખે કે-આ સમ્યગ્જ્ઞાની ભાવલિંગી મુનિવરો મહાવ્રતાદિ પાળે છે તો લાવ હુંય પાળું. તેને કહીએ છીએ-ભાઈ! તારી મહેનત ફોગટ જશે; આ ફેરો ફોગટ જશે ભાઈ! એ મહાવ્રતાદિના રાગના ભાવ બધા પરભાવ છે ને એ સર્વ પ્રકારે હેય છે એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. સમજાણું કાંઈ...?

[ પ્રવચન નં. ૩૫૭ થી ૩૫૯ * દિનાંક ૫-૬-૭૭ થી ૭-૬-૭૭ ]

## ગાથા-૩૦૦

को णाम भणिज्ज बुहो णादुं सव्वे पराइए भावे।
मज्झमिणं ति य वयणं जाणंतो अप्पयं सुद्धं।। ३००।।

को नाम भणेद्बुधः ज्ञात्वा सर्वान् परकीयान् भावान्।
ममेदमिति च वचनं जानन्नात्मानं शुद्धम्।। ३००।।

( शार्दूलविक्रीडित )

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।। १८५।।

સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,
તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે? ૩૦૦.

**ગાથાર્થઃ-** [ सर्वान् भावान् ] સર્વ ભાવોને [ परकीयान् ] પારકા [ ज्ञात्वा ] જાણીને [ कः नाम बुधः ] કોણ જ્ઞાની, [ आत्मानम् ] પોતાને [ शुद्धम् ] શુદ્ધ [ जानम् ] જાણતો થકો, [ इदम् मम ] 'આ મારું છે' ( – 'આ ભાવો મારા છે' ) [ इति च वचनम् ] એવું વચન [ भणेत् ] બોલે ?

**ટીકાઃ-** જે ( પુરુષ ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય, તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે. આવું જાણતો થકો ( તે પુરુષ ) પરભાવોને 'આ મારા છે' એમ કેમ કહે? ( ન જ કહે; ) કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે. માટે, સર્વથા ચિદ્ભાવ જ ( એક ) ગ્રહણ કરવાયોગ્ય છે, બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે-એવો સિદ્ધાંત છે.

**ભાવાર્થઃ-** લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય, તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે. તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે, તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી, પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः ] જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત ( -ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ ) છે એવા મોક્ષાર્થીઓ [ अयम् सिद्धान्तः ] આ સિદ્ધાંતને

( अनुष्टुभ् )

**परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।
बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः।। १८६।।**

[ सेव्यताम् ] સેવન કરો કે- '[ अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि ] હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; [ तु ] અને [ एते ये पृथग्लक्षणाः विविधाः भावाः समुल्लसन्ति ते अहं न अस्मि ] આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, [ यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम् ] કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે' . ૧૮૫.

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ परद्रव्यग्रहं कुर्वन् ] જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે [ अपराधवान् ] તે અપરાધી છે [ बध्यते एव ] તેથી બંધમાં પડે છે, અને [ स्वद्रव्ये संवृतः यतिः ] જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે (અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે-મગ્ન છે-સંતુષ્ટ છે, પરદ્રવ્યને ગ્રહતો નથી) એવો યતિ [ अनपराधः ] નિરપરાધી છે [ न बध्येत ] તેથી બંધાતો નથી. ૧૮૬.

* * *

## સમયસાર ગાથા ૩૦૦ : મથાળું

હવે આ ઉપદેશની ગાથા કહે છેઃ-

## * ગાથા ૩૦૦ : ટીકા ઉપરનું પ્રવચન *

'જે (પુરુષ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય, તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે.'

જે પુરુષ પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,..... શું કહ્યું આ? અહાહા...! પુરુષને ધર્મ કેમ થાય અર્થાત્ તે ધર્મી કેવી રીતે થાય- તે અહીં વાત કરે છે.

ભગવાન આત્માનું લક્ષણ શુદ્ધ ચેતના છે, ને પર એટલે બંધનું લક્ષણ રાગાદિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હો, એની શ્રદ્ધાનો રાગ હો કે કોઈ પણ પુણ્યભાવ હો, એ બંધનું લક્ષણ છે. આમ બન્નેનાં નિયત નામ નિશ્ચય સ્વલક્ષણોને જાણીને બેની સાંધમાં પ્રજ્ઞા પટકવાથી આત્મા જ્ઞાની અર્થાત્ ધર્મી થાય છે.

આત્માનો સ્વભાવ ચેતના છે, અને રાગ ભિન્ન પર છે; એમ બે વચ્ચે સાંધ છે. ત્યાં સાંધમાં પ્રજ્ઞાછીણી પટકતાં અર્થાત્ વર્તમાન જ્ઞાનની દશાને સ્વ-સન્મુખ વાળતાં 'સ્વ' નું જ્ઞાન થાય છે અને તેમાં (નાસ્તિપણે) રાગ મારી ચીજ નથી એવું જ્ઞાન

ભેગું થઈ જાય છે. આનું નામ ભેદવિજ્ઞાન ને ધર્મ છે. ભાઈ! ધર્મ કરનારે આવું ભેદવિજ્ઞાન પ્રથમ કરવું પડશે. ત્યારે જ તે ધર્મી અર્થાત્ જ્ઞાની થાય છે. અહા! પરનું લક્ષ મટાડી પ્રજ્ઞા વડે ચૈતન્યલક્ષણ આત્માને ગ્રહણ કરવાથી અર્થાત્ આત્માનુભવ કરવાથી તે જ્ઞાની-ધર્મી થાય છે.

હવે આવો ધર્મી પુરુષ ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે. જાણવા-દેખવારૂપ જે ચેતના સ્વભાવ છે તે મારો છે એમ ધર્મી જાણે છે; અને ચેતનારહિત બાકીના સર્વ ભાવોને તે બીજાના-પારકા જાણે છે. શું કીધું? આ વ્યવહારરત્નત્રયનો ભાવ પણ પારકો છે એમ ધર્મી જાણે છે. આ કઠણ પડે પણ આ વસ્તુસ્થિતિ છે. એક બાજુ પોતે આત્મા સ્વ અને બીજી બાજુ સર્વ રાગાદિ પર છે. ધર્મીને તો 'હું ચેતનામાત્ર આત્મા છું' -એમ એના અનુભવ ને પ્રતીતિમાં આવ્યું છે. સમજાણું કાંઈ...?

જુઓ, શુભરાગનો જે વિકલ્પ ઉઠે છે તે જ ક્ષેત્ર ને તે જ કાળમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે. બેની ઉત્પત્તિ આ રીતે થવા છતાં પ્રજ્ઞાછીણી વડે ધર્મી બન્નેને ભિન્ન પાડે છે: પોતાને જાણવા-દેખવાના સ્વભાવવાળો ચિન્મય આત્મા જાણે છે અને રાગાદિ ભાવ છે તે પર છે, મારી ચીજ નથી-એમ જાણે છે.

અહાહા....! અનંત શક્તિઓ-ગુણ જેમાં વસેલા છે તે અભેદ એક ચેતનામાત્ર વસ્તુ ભગવાન આત્મા છે. અહા! આવા પોતાના સ્વરૂપનો જે, રાગથી ભિન્ન પડી, અનુભવ કરે છે તે જ્ઞાની-ધર્મી છે. તે ધર્મી જીવ શુદ્ધ એક ચિન્માત્ર ભાવને સ્વપણે અનુભવે છે અને બાકીના ભાવોને તે પર જાણે છે. લ્યો, આ ધર્મી ને આવો ધર્મ!

કોઈ વ્રત, ભક્તિ, ઉપવાસ કે સમ્મેદશિખર આદિની જાત્રા કરે એટલે એ ધર્મી એમ નહિ, અંદર સ્વસ્વરૂપને અનુભવે ને પરને પર જાણે તે ધર્મી છે. તો કેટલાક વળી કહે છે-

'એક વાર વંદે જો કોઈ, તાકે નરક-પશુગતિ નહિ હોઈ, -એમ પૂજામાં આવે છે ને?

ભાઈ! એ તો વિશેષ શુભભાવ હોય તો નરક અને પશુમાં ન જાય. પરંતુ એમાં શું વળ્યું? એમાં ભવનો અંત ક્યાં આવ્યો? વળી કોઈ તો એમ કહે છે કે-

સમ્મેદશિખરમાં જે વનસ્પતિ થાય છે તે પણ પરિતસંસારી-હળુકર્મી હોય છે.

અરે ભાઈ! ક્ષેત્રની સાથે શું સંબંધ છે? જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં એના પેટમાં (-ક્ષેત્રમાં) અનંતકાળે કદી મોક્ષ નહિ જવાવાળા જીવો પણ હોય છે. જે મુક્તિશિલા પર ભગવાન સિદ્ધ બિરાજે છે ત્યાં જ (એ જ ક્ષેત્રે) બીજા અનંત નિગોદના જીવ પણ છે. બધાનું ક્ષેત્ર એક હોવા છતાં ભાવે દરેકને ભિન્નતા છે. નિગોદના

જીવ પ્રત્યેક અનંતા દુઃખને અનુભવે છે, જ્યારે સિદ્ધ ભગવંતો અનંત સુખને ભોગવે છે. આમ પરક્ષેત્રની સાથે, આત્માના ધર્મને કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ... ?

હવે કહે છે -"આવું જાણતો થકો (તે પુરુષ) પરભાવોને "આ મારા છે" -એમ કેમ કહે? (ન જ કહે)'

જુઓ, 'કેમ કહે? ' - એ તો ભાષા લીધી છે. એનો અર્થ એ કે તે પરભાવોને 'આ મારા છે' -એમ કેમ માને? જેણે રાગથી ભિન્ન શુદ્ધ ચેતનામાત્ર ભગવાન આત્માને અનુભવ્યો તે જ્ઞાની પુરુષ વ્યવહારના રાગને પોતાનો કેમ માને? ન જ માને. કેમ? તો કહે છે -

'કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે' શું કહ્યું એ? શુદ્ધ ચેતના સ્વભાવ તે પોતાનું સ્વ અને પોતે-આત્મા તેનો સ્વામી એમ સ્વસ્વામિસંબંધ છે, પણ રાગ પોતાનું સ્વ ને આત્મા તેનો સ્વામી-એમ નથી. પરભાવોનો સ્વામી પર છે, આત્મા નથી. હવે જેની સાથે સ્વસ્વામિસંબંધ નથી તેને (રાગને) જ્ઞાની પોતાના કેમ માને? ન જ માને-એમ કહે છે.

સમયસાર પરિશિષ્ટમાં ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે. તેમાં છેલ્લી 'સ્વસ્વામિસંબંધ' શક્તિ છે. જે શક્તિના કારણે પોતાનાં દ્રવ્ય-ગુણ ને નિર્મળ પર્યાય પોતાનું સ્વ છે અને પોતે-આત્મા તેનો સ્વામી છે એવી 'સ્વસ્વામિસંબંધ' શક્તિ છે. પણ વિકાર પોતાનું સ્વ અને પોતે વિકારનો સ્વામી એવો સ્વસ્વામિસંબંધ નથી. વિકારનો સ્વામી થાય એવી આત્માની કોઈ શક્તિ નથી.

ધર્મી પુરુષ આ સ્ત્રી-પુત્ર આદિ મારાં છે એમ કદીય માનતા નથી, કેમકે પર દ્રવ્ય ને પરભાવ સાથે આત્માને સ્વસ્વામીસંબંધ હોવો અસંભવ છે. અરે! લોકો તો આ મારા ભગવાન ને મારા ગુરુ ને મારાં શાસ્ત્ર એમ કહે છે; પરંતુ ભાઈ! પરવસ્તુને પોતાની માનવી એ તો સ્થુળ અજ્ઞાન છે, કેમકે આત્મામાં પર ચીજનો ત્રણેકાળ અભાવ છે. પોતાને અને પરને સ્વસ્વામિસંબંધ હોવાનો સદાકાળ અસંભવ છે.

બાપુ! આ શરીરની ક્રિયા મારી ને બોલાય તે વાણી મારી એ તો ક્યાંય દૂર રહ્યુ, કેમકે એ તો પ્રગટ પર છે; અહીં કહે છે- અંદરમાં જે આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ ઉત્પન્ન થાય છે તે પણ પર છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પ પર છે. આ પરલક્ષી શાસ્ત્રભણતરનું જ્ઞાન છે તે પણ પર છે, એ નિજ સ્વભાવ નથી. બનારસીદાસની 'પરમાર્થ વચનિકા' માં આવે છે કે - પરસતાવલંબી જ્ઞાન છે તે પોતાની ચીજ નથી કેમકે પરસત્તાવલંબી જ્ઞાન મારું સ્વ ને હું એનો સ્વામી એવા સંબંધનો અસંભવ છે. જે પર છે એનો સ્વામી આત્મા કદીય નથી. લ્યો, હવે આવું છે ત્યાં પરથી પોતાને

લાભ થાય એ વાત ક્યાં રહી? બાપુ! જેની સાથે સ્વસ્વામિસંબંધ નથી એનાથી લાભ થાય એ માન્યતા જ મિથ્યાત્વ છે.

લોકોને બિચારાઓને બધું બહારનું થોથેથોથાં મળ્યું છે. સ્થાનકવાસીઓમાં તો તપ કરો ને વ્રત કરો એટલે થઈ ગયો ધર્મ એમ માને છે. બિચારાઓને ખબર નથી કે કર્તાબુદ્ધિએ રાગને કરવો એ મિથ્યાત્વનું મહાપાપ છે. વળી શ્વેતાંબરમાં ભગવાનની ભક્તિ કરો ને ગિરનાર ને સમ્મેદશિખરની જાત્રા કરો એટલે થઈ ગયો ધર્મ એમ કહે છે. પણ ભાઈ! રાગમાં ધર્મ માનવો એ જ મિથ્યાત્વ છે. અહીં દિગંબરમાં (દિગંબર સંપ્રદાયમાં) સ્ત્રી-કુટુંબ છોડો, વસ્ત્ર છોડો ને નગ્ન થઈ જાઓ એટલે ધર્મ થઈ જશે એમ કહે છે; પણ પરનું આત્માને ગ્રહણ-ત્યાગ માનવું એ મિથ્યાત્વ છે. કેમકે પરનાં ગ્રહણ-ત્યાગ આત્મામાં છે નહિ. ભગવાન આત્મા પરના ગ્રહણ-ત્યાગથી શૂન્ય છે. અહા! ધર્મનૃ સ્વરૂપ બહુ ઊંડું સૂક્ષ્મ છે ભાઈ!

હવે આ સાંભળીને કોઈને અંદર વિરોધ-રોષ થાય તો શું કરીએ? તેના પ્રતિ સમભાવ જ ધરીએ. તેના પ્રતિ દ્વેષ કે વૈર-વિરોધ ન હોય, કેમકે બધા આત્મા અંદર તો ભગવાન સ્વરૂપ જ છે. પર્યાયમાં ક્ષણિક એક સમયની ભૂલ છે એ બીજી વાત છે, પણ વસ્તુ તો પોતે અંદર ભગવાનસ્વરૂપ જ છે. અહા! પોતાના ભગવાનસ્વરૂપનું અંદરમાં ભાન કરીને ભૂલ ટાળી દેશે. સંસાર તો એક સમયનો છે અને વસ્તુ અંદર ભગવાન ત્રિકાળ છે. ત્રિકાળ વસ્તુનાં જ્યાં અંદર રુચિ ને આશ્રય થયો ત્યાં એક સમયની ભૂલ નાશ પામી જાય છે. આવો માર્ગ છે ભાઈ!

અહીં કહે છે-ધર્મી પુરુષ વ્યવહારના રાગને પોતાનો માનતો નથી કેમકે વ્યવહાર (રાગ) મારું સ્વ ને હું તેનો સ્વામી એવો સંબંધ હોવાનું અસંભવ છે.

હવે કહે છે - 'માટે, સર્વથા ચિદ્‌ભાવ જ (એક) ગ્રહણ કરવાયોગ્ય છે, બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે--એવો સિદ્ધાંત છે.'

શું કીધુ? ચેતન આત્મા અને એનો ચેતનસ્વભાવ એ જ અભેદ એક અનુભવ કરવાયોગ્ય છે. અંદર સ્વસ્વરૂપમાં મગ્ન થઈ એનું સંવેદન અને આનંદનો સ્વાદ લેવા યોગ્ય છે. બાકીના એટલે ચૈતન્યભાવથી રહિત સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે. લ્યો, આ સિદ્ધાંત કહ્યો. 'हति सिद्धांत:' એમ છે ને? મતલબ કે આ સિદ્ધ થયેલી વસ્તુ છે. વ્યવહાર ને નિશ્ચયને સ્વસ્વામી સંબંધ નથી એ વાત સિદ્ધ થઈ ચૂકેલી છે.

**પ્રશ્નઃ-** વ્યવહાર-રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યની જેને અંતરમાં દષ્ટિ થઈ છે એવો ધર્મી પુરુષ પોતાની દીકરીને અન્યમતમાં આપે કે નહિ?

**ઉત્તરઃ-** ધર્મી પુરુષ, જ્યાં ધર્મ નથી ત્યાં અન્યમતમાં પોતાની દીકરીને કેમ દે? તેને એવો ભાવ-રાગ કેમ આવે? અહા! જેને વ્યવહારે પણ આ ધર્મની કિંમત

અને મહિમા આવ્યો હોય તેને પણ એવો ભાવ ન આવે તો ધર્મી પુરુષને કેમ આવે? ન જ આવે. ધર્મની વાત પણ જ્યાં ચાલતી ન હોય અને જ્યાં ધર્મશ્રવણની કોઈ તક ન હોય તેવા સ્થાનમાં ધર્માત્મા પુરુષો પોતાની દીકરીઓ આપે નહિ.

## * ગાથા ૩૦૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય, તે પરનાં ધનાદિકને પોતાના ન કહે.'

શું કહ્યું? જુઓ, કોઈ ખાનદાન સમજુ માણસ હોય, સ્થિતિએ સાધારણ હોય અને ઘરે દીકરાનો લગ્ન પ્રસંગ હોય તો તે કોઈ શ્રીમંત ગૃહસ્થને ત્યાંથી રત્નનો હાર વગેરે દીકરાને પહેરવા લઈ આવે, તો શું તે એને પોતાનો માને? એને પોતાની મૂડી સમજે? ના સમજે. એ ચીજ મારી નથી એમજ યથાર્થ તે માને; અને એ જ લૌકિક ન્યાય છે.

'તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે, તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી, પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.'

જુઓ, સમ્યગ્જ્ઞાની ધર્મી પુરુષને વ્યવહારનો-પુણ્યનો ભાવ આવે છે, પણ તેને તે છે એમ જાણે છે, પણ તે પોતાનો છે એમ જાણતો નથી. તે સમસ્ત પરદ્રવ્યોને તથા પરભાવોને પોતાના માનતો નથી, ઇન્દ્રપદ કે ચક્રીનું પદ મળે તેને તે પોતાનાં જાણતો નથી તથા જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવનેય તે પોતાનો માનતો નથી. અહા! પોતાના એક ચિન્માત્ર ભાવને જ પોતાનો જાણી તેનો અનુભવ કરે છે. વ્યવહાર એ નિજભાવ નથી છતાં આવે છે, પણ તેમાં એને હેયબુદ્ધિ હોય છે, આદરબુદ્ધિ જરાય હોતી નથી. લ્યો, આવી આ ભગવાન વીતરાગ સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં આવેલી વાત છે. જેનાં મહાભાગ્ય હોય તેને સાંભળવાય મળે છે. બાકી જેના અંતરમાં પરિણમી જાય એના ભાગ્યનું તો પૂછવું જ શું?

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૮૫ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'उदातचितचरितैः मोक्षर्थिभिः' જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે એવા મોક્ષાર્થીઓ.....

જુઓ, મોક્ષાર્થી લીધું છે ને? અહા! મોક્ષ જે અનંતસુખમય પૂરણસુખમય છે. એનો નમૂનો જેના અનુભવમાં આવ્યો છે તે મોક્ષાર્થી છે. કળશટીકામાં મોક્ષાર્થીનો અર્થ એવો કર્યો છે કે-સકળ કર્મનો ક્ષય થતાં થાય છે અતીન્દ્રિયસુખ, તેને ઉપાદેયરૂપ અનુભવે છે એવા છે જે કોઈ જીવ તેઓ. અહા! પરમ આનંદરૂપ પ્રગટ દશા તે મોક્ષ છે, અને અતીન્દ્રિય આનંદનો અંશે જેને સ્વાદ આવ્યો છે અને જે પૂરણ આનંદનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થી છે તે મોક્ષાર્થી છે. મોક્ષાર્થી કહો કે ધર્મી કહો કે જ્ઞાની કહો-બધું એકાર્થ છે.

નિયમસારમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદનો આત્મલાભ-એને મોક્ષ કહ્યો છે. અનંત આનંદની દશા અથવા પૂર્ણ આનંદનો લાભ એનું નામ મોક્ષ છે; અને મોક્ષનો જે અર્થી છે તે મોક્ષાર્થી છે. અહા! આવા મોક્ષનો અર્થી કોણ છે? પૂરણ આનંદસ્વરૂપ જે મોક્ષ તેના કારણરૂપ જે માર્ગ જે અતીન્દ્રિય આનંદના સ્વાદરૂપ છે તે માર્ગમાં જે સ્થિત છે તે મોક્ષમાર્ગી મોક્ષાર્થી છે. બીજી રીતે કહીએ તો મોક્ષ જેનું પ્રયોજન છે અને જે મોક્ષ માટે જ નિરંતર મથે છે તે સમ્યગ્દષ્ટિ ધર્માત્મા મોક્ષાર્થી છે.

અનંત દુઃખની દશા તે સંસાર છે, એનાથી વિપરીત અનંત-પૂરણ આનંદની દશા તે મોક્ષ છે. અને જેમાં કિંચિત્ આનંદની દશા અને કંઈક દુ;ખની દશા છે એવી સાધકની દશા તે મોક્ષાર્થી છે.

કેવો છે મોક્ષાર્થી? તો કહે છે-નિજ ભગવાન આત્મા જેમાં જ્ઞાન ને આનંદ પૂર્ણ સ્વભાવ પડયાં છે એની જેને દષ્ટિ થઈ છે; વસ્તુ પૂરણ શુદ્ધ પૂર્ણાનંદમય છે તેનું જેને જ્ઞાન થયું છે અને અંતરમાં રમણતારૂપ જેને આચરણ પ્રગટ થયું છે-અહા! આવો તે મોક્ષાર્થી છે. છે ને અંદર? કે જેના ચિત્તનું ચરિત્ર અર્થાત્ આચરણ ઉદાત્ત છે અર્થાત્ ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ છે. અહા! ક્ષણે ક્ષણે એના આનંદની રમણતા વધતી જાય છે.

કહે છે- 'જેના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે એવા મોક્ષાર્થીઓ.....' જોયું? મોક્ષાર્થીના ચિત્તનું એટલે જ્ઞાનનું આચરણ અત્યંત ઉદાત્ત એટલે ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ છે. ભગવાન આત્મા જ્ઞાન- સ્વરૂપ છે. એમાં આચરણ (રમણતા) કરવું એ ચેતનનું આચરણ છે. સમ્યગ્દષ્ટિને આવું આત્માનું આચરણ હોય છે. અહા! આવું આચરણ કરવામાં તે ઉદાર છે. અંદરમાંથી આનંદ કાઢવામાં તે ઉદાર છે. જેમ કોઈ દાનેશ્વરી દાન દેવામાં ઉદાર હોય છે ને? તેમ આ પણ અંદરમાંથી આનંદ કાઢી પોતાને દેવામાં ઉદાર છે. અહા! આવું ઉદાર ને ઉજ્જ્વળ અર્થાત્ રાગરહિત પવિત્ર આચરણ સમ્યગ્દષ્ટિને હોય છે.

વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ ચેતનાસ્વરૂપ છે. તેમાં અંતર-એકાગ્ર થઈ તેમાં રમવું, ચરવું, ઠરવું તે જ્ઞાનનું આચરણ છે. સમ્યગ્દષ્ટિને-મોક્ષાર્થીને આવું આચરણ અતિ ઉદાત્ત એટલે ઉદાર, ઉચ્ચ ને ઉજ્જ્વળ હોય છે. જુઓ એને જે બાહ્ય વ્રતાદિ હોય છે તે આચરણ -એમ વાત નથી. એ આચરણ ક્યાં છે? એને તો ઉપચારથી આચરણ કહ્યું છે. આ તો જ્ઞાનમાં-આનંદમાં રમવા-ચરવા-ઠરવારૂપ, અહા! જે આનંદના સ્વાદરૂપ છે-એવા આત્માના આચરણની વાત છે. સમજાણું કાંઈ.....?

અહો! શું દિગંબર સંતોની વાણી! જાણે રામબાણ! અજ્ઞાનનો (-રાગનો) નાશ કરી જ્ઞાનનું આચરણ પ્રગટ કરાવે એવી અહો! આ રામબાણ વાણી છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જ્ઞાનનું ચારિત્ર એટલે વીતરાગી ચારિત્ર; વ્રતાદિ રાગનું આચરણ તે જ્ઞાનનું આચરણ નહિ. કળશ ટીકાકારે 'ઉદાર ચિત્તચરિત્રૈઃ' નો એવો અર્થ કર્યો છે કે - સંસાર-શરીર-ભોગથી રહિત છે મનનો અભિપ્રાય જેમનો. ભાઈ! ભગવાનનો મારગ તો આ છે બાપા!

'આલાપપદ્ધિત' માં અધ્યાત્મના નિશ્ચય ને વ્યવહાર એમ બે નય લીધા છે. ત્યાં પૂર્ણ શુદ્ધ અભેદ એક-ને નિશ્ચયનયનો વિષય લીધો છે. મતલબ કે જે ચેતનદ્રવ્ય છે તે પૂર્ણ શુદ્ધ છે, પૂર્ણ આનંદરૂપ છે, ચારિત્રની પૂર્ણ રમણતારૂપ છે. એટલે કે અંદર સ્વભાવમાં પૂરણ રમણતારૂપ ચારિત્ર ત્રિકાળ પડયું છે. વર્તમાન પર્યાયમાં ભલે રમણતા ઓછી છે, પરંતુ સ્વરૂપમાંતો ચારિત્ર પૂર્ણ રમણતારૂપ છે. અહા! આવા આત્માને અવલંબીને જેણે આનંદમાં કેલિ-રમણતા કરવારૂપ, જ્ઞાનનું આચરણ પ્રગટ કર્યું છે. અને જેને પૂર્ણ આનંદના લાભનું પ્રયોજન છે તે મોક્ષાર્થીનું આચરણ, અહીં કહે છે, અતિ ઉદાર છે. આ રાગની ક્રિયાની વાત નથી હોં. જ્ઞાનીને રાગ હોય છે, પણ તેનો એને આદર નથી. એ તો એનો જાણનાર માત્ર રહે છે.

અહાહા.......! પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા છે. એના આનંદનું પ્રચુર સ્વસંવેદન જેની દશામાં આવ્યું છે તે મોક્ષમાર્ગી મોક્ષાર્થી છે. મુનિની મુખ્યતાએ વાત છે ને? સમયસાર ગાથા ૫ માં આચાર્યદેવ કહે છે કે -મારા નિજવૈભવથી હું સમયસાર કહીશ. કેવો છે નિજવૈભવ? તો કહે છે-પ્રચુર આનંદના સ્વસંવેદનની દશા જેની મહોર-છાપ છે એ મારો નિજવૈભવ છે. લ્યો, આ સિવાય શરીર, વાણી કે વ્રતાદિ રાગની ક્રિયા એ કાંઈ નિજવૈભવ નથી. અંદર પ્રગટ પ્રચુર અતીન્દ્રિય આનંદની દશા તે નિજવૈભવ છે અને તે મોક્ષાર્થીનું આચરણ છે.

હવે પ્રચુર આનંદમાં રહેનારા મુનિરાજ આચાર્ય અમૃતચંદ્ર કહે છે-જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે એવા મોક્ષાર્થીઓ 'अयम सिद्धांत:' આ સિદ્ધાંતને 'सेव्यताम' સેવન કરો કે- 'अहम शुद्धम चिन्मयम् एकं परमं ज्योति: एव सदा एव अस्मि' હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;.....

સિદ્ધાંત નામ સિદ્ધ થયેલી વસ્તુ. આચાર્ય કહે છેઃ- આ સિદ્ધ થયેલું છે એનું સેવન કરો કે-હું તો શુદ્ધ ચિન્મય એક પરમ જ્યોતિ જ સદાય છું. અહા! ધર્મી જીવ પોતાને આવો અનુભવે છે કે-હું શુદ્ધ ચિન્મય સદાય એકરૂપ પરમ ચૈતન્ય જ્યોતિસ્વરૂપ જ છું. અહા! તિર્યંચ પણ જ્યારે સમકિત પામે છે ત્યારે પોતાના સ્વરૂપને આવો જ અનુભવે છે કે-હું એક છું, શુદ્ધ છું, સદાય પરમ ચિન્માત્રજ્યોતિસ્વરૂપ જ છું.

જુઓ, અહીં 'સદાય શુદ્ધ' - એમ લીધું છે. માટે કોઈ એમ કહે કે અશુદ્ધ પર્યાય વખતે દ્રવ્ય (ત્રિકાળી) અશુદ્ધ થઈ જાય છે તો એ વાત ખોટી છે. વસ્તુ ચેતના-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વભાવ તો અંદર એકરૂપ ત્રિકાળ શુદ્ધ જ છે. અહાહા...! ભગવાન આત્મા અંદર દેહ ને રાગથી - વિકારથી ભિન્ન અને વર્તમાન પર્યાયથી ને ભેદના ભાવથીય ભિન્ન એવો ત્રિકાળ શુદ્ધ જ છે. સમકિતી પોતાના આવા અભ્યંતર સ્વરૂપને અનુભવે છે અને એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ...? શુદ્ધ ને અનુભવ્યો ત્યારે 'શુદ્ધ' છે એમ જાણ્યું ને એનું નામ ધર્મ છે. આવી વાત છે!

વળી કહે છે- 'तु' અને 'एते ये पृथग्लक्षणाः विविधाः भावाः समुल्लसन्ति ते अहं न अस्मि' આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી; 'यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम्' કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.

શું કહે છે? કે આ જે ચૈતન્યથી ભિન્ન લક્ષણવાળા દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અનેક પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી. ઝીણી વાત છે ભાઈ! સાધક દશા છે ને? પૂરણ સર્વજ્ઞ વીતરાગની દશા નથી. તો કહે છે-મારી પર્યાયમાં અસંખ્ય પ્રકારના શુભ ને અશુભ ભાવો પ્રગટ થાય છે. ભાષા જુઓ! પહેલાં કહ્યું કે-હું સદાય એકરૂપ શુદ્ધ ચિન્માત્ર છું; હવે કહે છે-ચેતનાથી ભિન્ન લક્ષણવાળા વિવિધ ભાવો મારી પર્યાયમાં 'समुल्लसन्ति' એટલે પ્રગટ થાય છે. અહાહા...! અહીં શું કહેવું છે? કે-મુનિ-ધર્મી-મોક્ષમાર્ગી એવો હું મને એકરૂપ જ અનુભવું છું અને આ ભિન્ન લક્ષણવાળા અનેક જે ભાવો પર્યાયમાં પ્રગટ થાય છે 'ते अहं न अस्मि' તે હું નથી અર્થાત્ આ ભાવો મારાથી ભિન્ન જ છે, તેઓ હું નથી. અંતરની સુક્ષ્મ વાત છે.

લોકો તો વ્રત, તપ આદિ શુભભાવોને સાધન માને છે, જ્યારે અહીં કહે છે-તે હું નહિ. પૃથક્લક્ષણવાળા તે અનેક ભાવો આવે છે ખરા, પણ તે હું નહિ, તેઓ મારા શુદ્ધ એક ચિન્મય સ્વભાવથી ભિન્ન જ છે. વિકારલક્ષણવાળા છે ને? માટે તેઓ ભિન્ન જ છે. ભાઈ! આ મહિના મહિનાના ઉપવાસ-તપ કરે એ શુદ્ધ આત્મા નહિ અને તે આત્માનો ધર્મ નહિ. બહુ આકરી વાત બાપા! કમજોરીથી તે ભાવો પ્રગટ થાય છે. પણ ધર્મી કહે છે-તે હું નહિ; હું તો શુદ્ધ એક ચિન્માત્ર આત્મા છું. લ્યો, આ પ્રમાણે ધર્મીને સ્વસ્વરૂપની અસ્તિના ભાનમાં પરભાવોની નાસ્તિ આવી જાય છે. 'આ હું છું' એવા ભાનમાં 'આ હું નથી' - એમ આવી જાય છે. સમજાણું કાંઈ...?

એક સમયની કેવળજ્ઞાનની પર્યાય પરિપૂર્ણ છે. એ પર્યાયમાં પોતાના દ્રવ્ય-ગુણ અને ત્રણે કાળની પર્યાયનું તથા છયે દ્રવ્યોનું જ્ઞાન આવે છે. પણ પર્યાયમાં દ્રવ્ય-ગુણ કે છ દ્રવ્યો આવતાં (પ્રવેશતાં) નથી. તેવી રીતે શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ 'આ હું છું' એવું ધ્રુવના અસ્તિત્વનું અને 'આ હું નથી' - એમ રાગાદિનું જ્ઞાન આવે છે, પણ રાગાદિ પદાર્થો કાંઈ એમાં આવતા (પ્રવેશતા) નથી, ભિન્ન જ રહે છે. આ પ્રમાણે સ્વસ્વરૂપમાં એકાગ્ર થઈને પરિણમતા જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં રાગાદિ પરભાવો પોતાનાથી ભિન્ન ભાસે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાની કહે છે-પર્યાયમાં પ્રગટ થતા આ વિવિધ શુભાશુભ ભાવો તે હું નથી કારણ કે તેઓ બધાય મને પરદ્રવ્ય છે. એમ કે તે પરભાવો બધા પરદ્રવ્ય છે એમ હું જાણું છું. અંતરમાં શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે પ્રગટ નિર્મળ રત્નત્રયની પરિણતિ એ મારું સ્વ છે, પણ આ રાગાદિ ભાવો બધા મને પરદ્રવ્ય છે. અહા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ષોડશકારણ ભાવનાઓ પણ મને પરદ્રવ્ય છે એમ કહે છે. પ્રકૃતિ જે બંધાય તે તો અજીવ પર છે જ, પરંતુ જે વ્યવહારરત્નત્રયના વિકલ્પ ઉત્પન્ન થાય તે પણ મને અજીવ પરચીજ છે એમ કહે છે. સમજાણું કાંઈ...?

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છેઃ-

## * કળશ ૧૮૬ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'परद्रव्यग्रहं कुर्वन' જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે 'अपराधवान' તે અપરાધી છે, 'बध्येत एव' તેથી બંધમાં પડે છે,..................

પરદ્રવ્ય એટલે વ્રત, તપ, ભક્તિ, દયા, દાન આદિ પરભાવોને જે પોતાના માની ગ્રહણ કરે છે એ અપરાધી એટલે ગુન્હેગાર છે. શું કહ્યું આ? કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર-ભણતરનો રાગ અને પાંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ વ્યવહારરત્નત્રયનો રાગ કે જેને ધર્મી પુરુષ પરદ્રવ્ય જાણે છે તેને પોતાનું માનવું તે અપરાધ-ગુન્હો છે; અને એવો અપરાધી જીવ બંધનમાં પડે છે. ભાઈ! જેટલા વ્યવહારના વિકલ્પો ઉત્પન્ન થાય છે તે બધા પરદ્રવ્ય છે. તેને જે ભલા અને સ્વદ્રવ્ય જાણે છે તે ગુન્હેગાર-ચોર-અપરાધી છે. લ્યો, આ સોનું ચાંદી, ને જરઝવાહરાત તે પરદ્રવ્ય એ તો ક્યાંય રહી ગયાં. સમજાણું કાંઈ...?

હવે કહે છે- 'स्व द्रव्ये संवृत: 'જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે એવો યતિ 'अनपराध:' નિરપરાધી છે 'न बध्येत' તેથી બંધાતો નથી.

અહાહા...! જે મુનિરાજ સ્વદ્રવ્યમાં જ સંતુષ્ટ થઈ રમે છે તે નિરપરાધી છે. જે પરદ્રવ્ય-પરભાવને વાંછતો નથી પણ નિત્યાનંદ-સહજાનંદસ્વરૂપ સ્વદ્રવ્યમાં જ ગુપ્ત થઈ તૃપ્ત-તૃપ્ત રહે છે તે નિરપરાધી છે અને તેથી તે બંધાતો નથી.

કેટલાક કહે છે-અત્યારે શુદ્ધ ઉપયોગ નથી, માટે પુણ્ય એ જ ધર્મ છે.

અરે! તું શું કહે છે ભાઈ? શુદ્ધ ઉપયોગ નથી તેથી શું પુણ્ય ધર્મ થઈ જાય? અહીં તો એને પરદ્રવ્ય કહે છે અને એને ગ્રહણ કરવું તે અપરાધ છે, બંધન છે. અરે ભાઈ! પુણ્ય કરીને તો તું અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો, પણ ભવભ્રમણ મટયું નહિ. અહા! પરદ્રવ્યને-પુણ્યને પોતાનું માને એ મહા અપરાધ છે અને એની સજા ચાર ગતિની જેલ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વળી કોઈ કહે છે-કાનજીસ્વામી વ્યવહારનો લોપ કરે છે; એમ કે વ્યવહારથી લાભ થાય એમ કહેતા નથી.

વાત સાચી છે; વ્યવહાર આવે છે, તે હો ભલે; પણ તેથી શું? એ કાંઈ ધર્મ કે ધર્મનું કારણ નથી. જ્ઞાની તેને પરદ્રવ્ય જાણે છે. શું કીધું? કરોડો લગાવીને મંદિર બંધાવે, પ્રતિમા પધરાવે પણ એ ભાવ પરદ્રવ્ય છે એમ જ્ઞાની જાણે છે. અહા! એ ભાવોને પોતાના ગણવા તે મહા અપરાધ છે.

**પ્રશ્નઃ-** તો કોઈ મંદિરો બંધાવશે નહિ, પ્રતિમા પધરાવશે નહિ.

**ઉત્તરઃ-** ભાઈ! તને ખબર નથી. મંદિર તો એના કાળે એના કારણે થાય છે. એને કોણ બંધાવે? અને ધર્માત્માને એવો રાગ આવ્યા વિના રહેતો નથી, પણ છે એ અપરાધ. માર્ગ બહુ સૂક્ષ્મ છે. બાપા! લોકોને જૈનપણું શું છે એ ખબર નથી.

અહીં કહે છે-પરદ્રવ્યને-વ્યવહારના વિકલ્પનેય જે ગ્રહતા નથી તે યતિ નિરપરાધી છે. મુનિરાજને વ્યવહારનો વિકલ્પ આવે, પણ એનો એને આદર નથી. એનાથી લાભ છે વા એ પોતાની ચીજ છે એમ તે માનતા નથી. અહા! આવા! મુનિ-સંત નિરપરાધી છે અને એમને બંધન નથી. જે અલ્પ બંધ થાય છે તેને સ્વભાવની દ્રષ્ટિની મુખ્યતામાં ગણવામાં આવતો નથી. સ્વદ્રવ્ય જે આત્મા એમાં રાગ છે નહિ, તેથી સ્વભાવદ્રષ્ટિવંત મુનિરાજને બંધન નથી. કિંચિત્ રાગ ને બંધ થાય છે તે સ્વભાવની દ્રષ્ટિમાં ગૌણ છે, કેમકે ધર્મી એને પરદ્રવ્ય જાણે છે. સમજાણું કાંઈ...? આવી વાત છે.

[ પ્રવચન નં ૩૬૦ * દિનાંક ૮-૬-૭૭ ]

## ગાથા ૩૦૧ થી ૩૦૩

थेपादी अवराहे जो कुव्वदि सो उ संकिदो भमदि।
मा बज्झेज्जं केण वि चोरो त्ति जणम्हि वियरंतो।। ३०१।।

जो ण कुणदि अवराहे सो णिस्संको दु जणवदे भमदि।
ण वि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ।। ३०२।।

एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।
जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि।। ३०३।।

स्तेयादीनपराधान् यः करोति स तु शङ्कितो भ्रमति।
मा बध्ये केनापि चौर इति जने विचरन्।। ३०१।।

यो न करोत्यपराधान् स निरशङ्कस्तु जनपदे भ्रमति।
नापि तस्य बद्धुं यच्चिन्तोत्पद्यते कदाचित्।। ३०२।।

एवमस्मि सापराधो बध्येऽहं तु शङ्कितश्चेतयिता।
यदि पुनर्निरपराधो निरशङ्कोऽहं न बध्ये।। ३०३।।

હવે આ કથનને દ્રષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છેઃ–

અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,
કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.

અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,
'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.

ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,
ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. ૩૦૩.

**ગાથાર્થઃ-** [ यः ] જે પુરુષ [ स्तेयादीन् अपराधान् ] ચોરી આદિ અપરાધો [ करोति ] કરે છે [ सः तु ] તે '[ जने विचरन् ] લોકમાં ફરતાં [ मा ] રખે [ केन अपि ] મને કોઈ [ चौरः इति ] ચોર જાણીને [ बध्ये ] બાંધશે–પકડશે ' એમ [ शङ्कितः भ्रमति ] શંકિત ફરે છે; [ यः ] જે પુરુષ [ अपराधान् ] અપરાધ [ न करोति ] કરતો નથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ सः तु ] તે [ जनपदे ] લોકમાં [ निरशङ्कः भ्रमति ] નિઃશંક ફરે છે, [ यद् ] કારણ કે [ तस्य ] તેને [ बद्धुं चिन्ता ] બંધાવાની ચિંતા [ कदाचित् अपि ] કદાપિ [ न उत्पद्यते ] ઊપજતી નથી. [ एवम् ] એવી રીતે [ चेतयिता ] અપરાધી આત્મા '[ सापराधः अस्मि ] હું અપરાધી છું [ बध्ये तु अहम् ] તેથી હું બંધાઈશ' એમ [ शङ्कितः ] શંકિત હોય છે, [ यदि पुनः ] અને જો [ निरपराधः ] નિરપરાધી (આત્મા) હોય તો '[ अहं न बध्ये ] હું નહિ બંધાઉં' એમ [ निरशङ्कः ] નિઃશંક હોય છે.

**ટીકાઃ-** જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી, તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે. માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.

**ભાવાર્થઃ-** જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય; નિરપરાધને શંકા શા માટે થાય? તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ; જો પોતાને શુદ્ધ અનુભવે, પરને ન ગ્રહે, તો બંધની શંકા શા માટે થાય? માટે પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે.

* * *

## સમયસાર ગાથા ૩૦૧ થી ૩૦૩ : મથાળું

હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છેઃ-

## * ગાથા ૩૦૧ થી ૩૦૩ : ટીકા ઉપરનું પ્રવચન *

'જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી, તેમ......'

લોકમાં જે પૈસા, કપડાં, દાગીના ઈત્યાદિ પરવસ્તુની ચોરી કરે છે તે અપરાધી છે અને તેને, મને કોઈ પકડશે, બાંધશે, બંધનમાં-જેલમાં નાખશે એવી શંકા થાય છે. પરંતુ જે આવો અપરાધ કરતો નથી તે નિર્ભય રહે છે, તેને બંધનની શંકા થતી નથી. આ દૃષ્ટાંત છે. હવે કહે છે-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

'તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે.'

જોયું? કહે છે-આત્મા પણ અશુદ્ધ વર્તતો થકો અપરાધી છે. અશુદ્ધતા (વિકાર-રાગ) છે તે પરદ્રવ્ય છે. તેથી અશુદ્ધતામાં- પરદ્રવ્યમાં વર્તતો થકો જીવ અપરાધ કરે છે. અહાહા.....! દયા, દાન, ભક્તિ આદિના જે ભાવ થાય છે તે પરદ્રવ્ય છે અને તેમાં એકત્વબુદ્ધિથી જે વર્તે છે, વા તે ભાવ મારી ચીજ છે એમ જે માને છે તે અપરાધી છે. સમ્યગ્દ્રષ્ટિને કિંચિત્ અશુદ્ધતા થાય છે પણ તેમાં તે એકત્વપણે વર્તતો નથી. પણ અજ્ઞાની રાગમાં એકત્વપણે વર્તે છે અને તેથી તે અપરાધી છે.

દુનિયામાં અત્યારે છ છ માસના ઉપવાસ ને વ્રત આદિ કરે છે ને? અને એની પાછળ વરઘોડા કાઢે છે ને? અહા! એ ધર્મ છે એ વાત તો દૂર રહો, અહીં કહે છે-એમાં જે (એકપણે) વર્તે છે તે અપરાધ છે. અહા! જે પ્રાણી અશુદ્ધ વર્તે છે અર્થાત્ અશુદ્ધતા મારી ચીજ છે એમ માની વર્તે છે તે અપરાધી-ગુન્હેગાર છે. ગજબ વાત છે ભાઈ! આ દયા, દાન, વ્રતાદિના ભાવ ભલા છે ને મારા છે એમ માનીને જે વર્તે છે તે અપરાધી છે.

અહાહા...! આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ છે. તેને છોડી પુણ્ય-પાપના ભાવને પોતાના માની જે વર્તે છે તે મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે, અપરાધી પાપી છે. તે બંધનને પ્રાપ્ત થાય છે. ભાઈ! રાગ આદિ જે પરદ્રવ્ય છે તેને પોતાના માનવા એ અપરાધ છે અને તેની સજા બંધન છે, ચારગતિની જેલ છે, સમજાય છે કાંઈ....?

અહા! અરિહંત પરમાત્માને જેમાંથી અનંત જ્ઞાન અને અનંત આનંદ પ્રગટ અંદર થાય છે એવી જ્ઞાન ને આનંદની શક્તિ દરેક આત્મામાં પૂર્ણ પડેલી છે. તે ક્યાંય બહારથી પ્રગટ થાય છે એમ નથી. અંદર શક્તિએ વિદ્યમાન છે તે અરિહંત દશામાં પ્રગટ થાય છે.

પંચાસ્તિકાયમાં જ્યાં દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણે એક દ્રવ્યનાં છે, અન્યદ્રવ્યથી ભિન્ન એક સત્તા છે-એમ સિદ્ધ કરવું હોય ત્યાં 'द्रवति इति द्रव्यम्' દ્રવે છે તે દ્રવ્ય છે એમ કહ્યું. ત્યાં એમ બતાવવું છે કે અશુદ્ધ પર્યાય પણ પોતે દ્રવ્ય દ્રવે છે. ત્યાં પર્યાય દ્રવ્યની છે એમ એક અસ્તિત્વ (સત્તા) સિદ્ધ કરવું છે. જેમ સમુદ્રમાં તરંગ ઉઠે છે તે સમુદ્રનાં છે તેમ દ્રવ્યમાં જે પર્યાય ઉઠે છે તે દ્રવ્યની છે. પંચાસ્તિકાય ગાથા ૨૭માં આવે છે કે-રાગદ્વેષનો કર્તા આત્મા છે. ત્યાં વિકાર આત્માની પર્યાયમાં થાય છે એમ બતાવવું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં દ્રવ્યદૃષ્ટિ, અધ્યાત્મની દૃષ્ટિ કરાવવી હોય ત્યાં (શાસ્ત્રમાં) એમ આવે કે પર્યાય દ્રવ્યમાં નથી, અને તેથી પર્યાય દ્રવ્યથી ઉત્પન્ન થતી નથી; પર્યાયનો કર્તા દ્રવ્ય નથી, પર્યાય પર્યાયથી ઉત્પન્ન થાય છે. પરમાત્મપ્રકાશ ગાથા ૬૮માં આવે છે કે-ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ આત્મા જ એક પરમાર્થ વસ્તુ છે. તે મોક્ષમાર્ગ આદિ પર્યાયનો કર્તા નથી. જ્યાં શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવવી હોય ત્યાં કહે કે-સાંભળ! તારી અંદર જે નિત્યાનંદ પ્રભુ (વિરાજે) છે એ કદીય પર્યાયને કરતો નથી. આત્મા તો આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ સ્વભાવે સિદ્ધ સદૃશ છે. જેમ ભગવાન સિદ્ધમાં રાગદ્વેષ નથી તેમ ભગવાન આત્મામાં (ત્રિકાળી દ્રવ્યમાં) રાગદ્વેષ નથી, જો એમાં રાગદ્વેષ હોય તો તે કદી ટળી શકે નહિ. લ્યો, આવી વાત છે!

એક કોર કર્તા કહે ને વળી પાછો અકર્તા કહે. અહીં કહે છે-રાગમાં વર્તતો જીવ મિથ્યાદૃષ્ટિ છે. એ તો એ રાગને પોતાનો માને છે ને? તો રાગમાં વર્તે છે એમ કહ્યું. ભાઈ! જ્યાં જે અપેક્ષાએ કથન હોય તે યથાર્થ સમજવું જોઈએ. અપેક્ષાથી યથાર્થ સમજે તો વિરોધ ન આવે.

અહીં કહે છે-જે કોઈ જીવ પુણ્ય પરિણામ મારા, તે મેં કર્યા છે અને એ મારું કર્તવ્ય છે એમ માનતો અશુદ્ધતામાં વર્તે છે તે અપરાધી છે. તે અશુદ્ધ વર્તતો થકો પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે. જુઓ, અહીં રાગ પરદ્રવ્ય છે એમ કહ્યું છે. ભગવાન આત્માના સ્વરૂપમાં રાગ છે નહિ અને જો તે આત્માના સ્વરૂપમાં હોય તો કદી નાશ પામે નહિ. પણ અરિહંત અને સિદ્ધ પરમાત્મા જે થાય છે તેમને પર્યાયમાં રાગદ્વેષનો નાશ થાય છે; માટે એ સિદ્ધ થાય છે કે રાગ પોતાની ચીજ નથી, પરદ્રવ્ય છે. માટે જે રાગમાં પોતાપણે વર્તે છે તે અપરાધી છે અને તેને અવશ્ય શંકા થાય છે કે-હું બંધાઉં છું, મને બંધન થાય છે.

અહાહા...! આવો ભગવાનનો મારગ! શું થાય? વસ્તુસ્થિતિ જ આવી છે. ભગવાને કાંઈ કરી છે એમ નથી; એમણે તો જેવી વસ્તુસ્થિતિ છે તેવી જાણી છે અને એવી દિવ્યધ્વનિમાં પ્રગટ કરી છે. અહાહા...! ભગવાન કહે છે-જે કોઈ પણ જીવ પોતાના શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવને છોડીને પુણ્ય પરિણામમાં (વ્યવહારમાં) પોતાપણે વર્તે છે એ અપરાધી છે અને એને શંકા થાય છે કે-હું બંધાઉં છું; અને તે બંધાય જ છે. અહા! ગાથાએ ગાથાએ આ પોકાર છે.

પરંતુ જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધનની શંકા થતી નથી. અહાહા...! હું તો જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ એક શુદ્ધ ચિન્માત્ર આત્મા છું એમ અનુભવ-રૂપ જે વર્તમાન દશામાં વર્તે છે તે અપરાધી, ગુન્હેગાર કે ચોર નથી. પોતાના શુદ્ધ ભગવાન આત્માની અંતર્દૃષ્ટિ, જ્ઞાન ને રમણતામાં જે વર્તે છે તે અપરાધ કરતો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નથી; અર્થાત્ જેવો આત્મા વસ્તુએ શુદ્ધ છે એવો પર્યાયમાં શુદ્ધ વર્તતો થકો નિર્મળ રત્નત્રયરૂપ પરિણમે છે તે નિરપરાધ છે ને તેને બંધનની શંકા થતી નથી એવો નિયમ છે. જુઓ, આ નિયમ એટલે સિદ્ધાંત કહ્યો.

હવે કહે છે- 'માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.'

આત્મા જે વસ્તુ છે તે સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ શુદ્ધ ચિદાનંદકંદ છે. તેમાં કર્મના નિમિત્તથી ઉત્પન્ન થતા હિંસા, જૂઠ, ચોરી આદિ પાપના ભાવો ને દયા, દાન આદિ પુણ્યભાવો-તે સર્વ પરદ્રવ્ય છે, પરભાવો છે. અહીં કહે છે-એ સર્વ પરભાવોની દૃષ્ટિ છોડી શુદ્ધ આત્માને ગ્રહણ કરવો એટલે કે શુદ્ધ આત્મામાં જ દૃષ્ટિ લગાવવી, તેને જ જ્ઞાનનું જ્ઞેય બનાવવું અને તેમાં જ લીનતા કરવી; કેમકે ત્યારે જ નિરપરાધતા થાય છે. આનું નામ જૈનધર્મ છે.

તો જીવોની દયા પાળવી એ જૈનધર્મ નહિ?

ભાઈ! જીવોની દયાનો જે વિકલ્પ આવે છે તે, અહીં કહે છે, પરદ્રવ્ય છે, પરભાવ છે; અને તેને ગ્રહણ કરવો તે અપરાધ છે. પરની દયા તો બાપુ! કોઈ પાળી શકતો નથી. પર જીવ તો એનું આયુ હોય તો બચે છે. કોઈનો બચાવ્યો બચે છે એમ છે નહિ. છતાં હું બીજાને બચાવી શકું છું એમ માને એ તો મિથ્યાત્વ છે. બીજાને કોણ બચાવે? છતાં એવો પરને બચાવવાનો વિકલ્પ આવે ખરો; જ્ઞાનીને પણ આવે છે. પરંતુ જ્ઞાની તેને ગ્રહતો નથી કેમકે પરભાવનું ગ્રહણ તે અપરાધ છે, ચોરી છે. જે પરભાવને પોતાનો માની વર્તે છે તે નિયમથી અપરાધી છે ને તે બંધાય છે. સમજાણું કાંઈ...?

જેટલા કોઈ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ શુભના વિકલ્પ ઉઠે છે તે સર્વ પરદ્રવ્ય છે, પરભાવ છે, એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. તે સર્વ પરભાવોના સર્વથા પરિહાર વડે...... , જુઓ સર્વ અને સર્વથા એમ બે શબ્દો પડયા છે. એટલે કે શુભાશુભ સર્વ પરભાવોનું સર્વથા લક્ષ છોડીને નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપી આત્માને જાણવો- અનુભવવો અને એમાં જ દૃષ્ટિ લગાવી સ્થિર થવું એનું નામ શુદ્ધ આત્માને ગ્રહણ કર્યો કહેવાય છે અને ત્યારે જ તે નિરપરાધ થાય છે.

આ સિવાય, કોઈ મોટો અબજોપતિ શેઠ હોય, મોટો રાજા હોય કે મોટો દેવ હોય, જો એને દેહાદિ અને રાગાદિ પરભાવોથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ભાન નથી તેને દેહની ને રાગની એકતાબુદ્ધિમાં દેહ છૂટે છે. અહા! આવા જીવો બિચારા ચારગતિમાં રઝળી મરે છે. માટે સર્વ પરભાવોનું સર્વથા લક્ષ છોડી શુદ્ધ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માને ગ્રહણ કરવો કે જેથી નિરપરાધતા પ્રગટ થાય છે અને બંધન થતું નથી. સમજાણું કાંઈ...?

## * ગાથા ૩૦૧ થી ૩૦૩ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય; નિરપરાધને શંકા શા માટે થાય?'

જુઓ, જે ચોરી આદિ અપરાધ કરે તેને શંકા-ભય થાય કે મને કોઈ પકડશે, બંધનમાં નાખશે. પણ નિરપરાધને શંકા-ભય શું કામ થાય? જે નિરપરાધ છે એ તો નિર્ભય જ છે, તેને બંધનનો ભય નથી.

'તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ; જો પોતાને શુદ્ધ અનુભવે, પરને ન ગ્રહે તો બંધની શંકા શા માટે થાય?'

શું કીધું? કે -જો આત્મા પરભાવને-શુભાશુભ રાગને ગ્રહણ કરે તો તેને ચોરીનો અપરાધ થાય છે, માટે તેને બંધની શંકા-ભય થાય જ. પણ જે પરભાવને ગ્રહે જ નહિ, એક શુદ્ધ આત્માને જ અનુભવે તે નિરપરાધી છે અને તેથી તેને બંધનની શંકા-ભય કેમ થાય? તેને બંધનનો ભય થતો નથી.

'માટે પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે.'

લ્યો, શુભભાવ કરતાં કરતાં નિરપરાધ થવાય એમ નહિ, પણ સર્વ શુભ ભાવનું પણ સર્વથા લક્ષ છોડીને પોતાના શુદ્ધ એક ચૈતન્યભાવને ગ્રહણ કરવાથી નિરપરાધ થવાય છે એમ કહે છે. જુઓ આ નિરપરાધ થવાની રીત!

**[ પ્રવચન નં. ૩૬૧ * દિનાંક ૯-૬-૭૭ ]**

ॐ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૩૦૪-૩૦૫

को हि नामायमपराध: ? -

संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।
अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।। ३०४।।

जो पुण णिरावराधो चेदा णिस्संकिओ उ सो होइ।
आराहणाइ णिच्चं वट्टेइ अहं ति जाणंतो।। ३०५।।

संसिद्धिराधसिद्धं साधितमाराधितं चैकार्थम्।
अपगतराधो य: खलु चेतयिता स भवत्यपराध:।। ३०४।।

य: पुनर्निरपराधश्चेतयिता निरशङ्कितस्तु स भवति।
आराधनया नित्यं वर्तते अहमिति जानन्।। ३०५।।

હવે પૂછે છે કે આ 'અપરાધ' એટલે શું? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છે:-

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.**

**વળી આતમા જે નિરપરાધી તે નિ:શંક્તિ હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. ૩૦૫.**

**ગાથાર્થ:-** [ संसिद्धिराधसिद्धम् ] સંસિદ્ધિ, *રાધ, સિદ્ધ, [ साधितम् आराधितं च ] સાધિત અને આરાધિત- [ एकार्थम् ] એ શબ્દો એકાર્થ છે; [ य: खलु चेतयिता ] જે આત્મા [ अपगतराध: ] 'અપગતરાધ' અર્થાત્ રાધથી રહિત છે [ स: ] તે આત્મા [ अपराध: ] અપરાધ [ भवति ] છે.

[ पुन: ] વળી [ य: चेतयिता ] જે આત્મા [ निरपराध: ] નિરપરાધ છે [ स: तु ] તે [ निरशङ्कित: भवति ] નિ:શંક હોય છે; [ अहम् इति जानन् ] 'શુદ્ધ આત્મા તે જ હું છું' એમ જાણતો થકો [ आराधनया ] આરાધનાથી [ नित्यं वर्तते ] સદા વર્તે છે.

---

* રાધ = આરાધના; પ્રસન્નતા; કૃપા; સિદ્ધિ; પૂર્ણતા; સિદ્ધ કરવું તે; પૂર્ણ કરવું તે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मालिनी )

**अनवरतमनन्तबध्यते सापराधः**
**स्पृशति निरपराधो बन्धनं नैव जातु।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी।।१८७।।**

**ટીકાઃ-** પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ. જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે. અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છેઃ) જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે; તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે. તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે. અને જે આત્મા નિરપરાધ છે તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી 'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું' એમ નિશ્ચય કરતો થકો શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી, આરાધક જ છે.

**ભાવાર્થઃ-** સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દોનો અર્થ એક જ છે. અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધનનું નામ 'રાધ' છે. જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે તે આત્મા નિરપરાધ છે. જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે; અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે તેથી તેને બંધની શંકા નથી, માટે 'શુદ્ધ આત્મા તે જ હું છું' એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ सापराधः ] સાપરાધ આત્મા [ अनवरतम् ] નિરંતર [ अनन्तैः ] અનંત પુદ્ગલપરમાણુરૂપ કર્મોથી [ बध्यते ] બંધાય છે; [ निरपराधः ] નિરપરાધ આત્મા [ बन्धनम् ] બંધનને [ जातु ] કદાપિ [ स्पृशति न एव ] સ્પર્શતો નથી જ. [ अयम् ] જે સાપરાધ આત્મા છે તે તો [ नियतम् ] નિયમથી [ स्वम् अशुद्धं भजन् ] પોતાને અશુદ્ધ સેવતો થકો [ सापराधः ] સાપરાધ છે; [ निरपराधः ] નિરપરાધ આત્મા તો [ साधु ] ભલી રીતે [ शुद्धात्मसेवी भवति ] શુદ્ધ આત્માનો સેવનાર હોય છે. ૧૮૭.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## * સમયસાર ગાથા ૩૦૪ - ૩૦૫ : મથાળું *

હવે પૂછે છે કે આ અપરાધ એટલે શું? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છેઃ-

## * ગાથા ૩૦૪ - ૩૦૫ : ટીકા ઉપરનું પ્રવચન *

'પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ.'

જોયું? પરદ્રવ્યના પરિહાર વડે...; એટલે કે રાગાદિ પરભાવને છોડીને...; અહા! ચાહે તો દયા, દાન, વ્રતાદિના પુણ્યભાવ હો તોપણ તે પરદ્રવ્ય છે, પરભાવ છે. અહીં કહે છે-એ પુણ્ય-પાપના સર્વ પરભાવોને છોડીને એક ચિદાનંદઘન પ્રભુ આત્માની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એમાં રમણતા થવી તે શુદ્ધ આત્માની સિદ્ધિ છે. શું કીધું? કે અંદર નિર્મળ રત્નત્રયરૂપ સાધકભાવ પ્રગટ થયો ત્યારે ભગવાન આત્માની સિદ્ધિ થઈ; ત્યારે વસ્તુ ત્રિકાળી શુદ્ધ આ છે એમ સિદ્ધ થયું અર્થાત્ ત્યારે સાધન થયું. અહીં કહે છે-આવી સાધનદશા પ્રગટ થઈ તે રાધ છે. આ, અપરાધની સામે રાધ શબ્દ છે. અહીં શું કહેવું છે? કે નિર્મળાનંદનો નાથ ભગવાન આત્મા છે. તેનો આશ્રય કરવાથી જે અંદર સાધક ભાવ પ્રગટ થયો, નિર્મળ રત્નત્રય પ્રગટ થયા કે જેમાં ભગવાન આત્માની સિદ્ધિ થઈ તે સાધકભાવ રાધ છે, શુદ્ધ આત્માનું સેવન છે.

અહા! અનાદિથી જીવને પુણ્ય-પાપના ભાવ જે વિકાર છે તેની સિદ્ધિ હતી. આ વિકાર છે તે હું છું એમ એને મિથ્યાત્વનું-અપરાધનું સેવન હતું. હવે તે જ આત્માને જ્યારે ગુલાંટ ખાઈને હું તો શુદ્ધ ચિદાનંદકંદ પ્રભુ આત્મા છું-એમ એનાં જ્ઞાન-શ્રદ્ધાન ને રમણતા થયાં ત્યારે તેને પર્યાયમાં શુદ્ધ આત્માની સિદ્ધિ થઈ. આવો સાધક ભાવ જે છે તે રાધ છે, આત્માનું સેવન છે-એમ કહે છે. આનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ છે.

ભાઈ! ભગવાનનો માર્ગ બહું ઝીણો છે. વળી, એણે બધું બહારથી કલ્પ્યું છે એટલે આ ઝીણું પડે છે. અરે! ધર્મના નામે અત્યારે તો ભારે ગોટાળો ચાલી રહ્યો છે. ચોર કોટવાળને દંડે એવી અત્યારે સ્થિતિ છે. પણ બાપુ! મારગ તેં કલ્પ્યો છે તેવો નથી. અહા! વીતરાગ પરમેશ્વરની અકષાય કરુણાથી આવેલી આ વાણી સાંભળ તો ખરો પ્રભુ! વ્રત કરવાં ને તપ કરવાં ને ચોવિહાર કરવો-એ બધી ક્રિયા તો રાગ છે, તે અપરાધ છે, ગુન્હો છે, ચોરી છે. અહા! તે અપવિત્ર, અશુદ્ધ, બાધક ને વિરાધક ભાવ છે. તે બંધનું કારણ છે. એક ભગવાન આત્મા જ પરમ પવિત્ર અબંધ છે.

શું કીધું? ભગવાન આત્મા ચૈતન્યઘન પ્રભુ પરમપવિત્ર અને અબંધ છે. તેનો દૃષ્ટિમાં સ્વીકાર કરવો અને તેમાં જ લીનતા કરવી તે આત્માની સિદ્ધિ છે. અહીં કહે છે- જેમાં આત્માની સિદ્ધિ-પ્રાપ્તિ થાય તે સાધકભાવ રાધ છે. તે સાધકપણું ભગવાન આત્માની સેવા છે.

લોકો તે જનસેવા તે પ્રભુ સેવા એમ કહે છે ને? પણ એમાં તો ધૂળેય પ્રભુ સેવા નથી સાંભળને. પરની સેવા કોણ કરી શકે છે? આ આંગળી ઊંચી-નીચી થાય છે ને? તે પણ આત્મા કરી શકતો નથી. તે કાંઈ આત્માનું કાર્ય નથી કેમકે એ તો જડ માટી-ધૂળ છે. એનું પરિણમન જડ પરમાણુઓ પલટીને કરે છે; એમાં આત્માનું કાંઈ કાર્ય નથી. અને રાગની સેવા જે કરે છે તેય અજ્ઞાની છે.

ચાલતી મોટરને હાથ વડે અટકાવી દે એવું એક પહેલવાનમાં બળ હતું; અને તેનું એને અભિમાન હતું. પરંતુ તે જ પહેલવાન જ્યારે મરણ-પથારીએ પડયો ત્યારે શરીર પર બેઠેલી માખીનેય ઉડાડવાની એની શક્તિ ન હતી. ભાઈ! શરીરની જડની ક્રિયા કોણ કરી શકે? મફતનું અભિમાન કરે કે મેં આ કર્યું. બાકી દેહ, વાણી ઈત્યાદિ જડની ક્રિયા આત્મા કરી શકતો નથી. તથાપિ એ મિથ્યા અભિમાન કરે એમાં તો બંધની સિદ્ધિ થાય છે. અહા! એ બંધનો સાધકભાવ છે. સમજાણું કાંઈ...?

ભાઈ! પર તરફના લક્ષવાળા ભાવો-ચાહે હિંસાદિ પાપના હો કે અહિંસાદિ પુણ્યના હો-તે સર્વ ભાવો અપરાધ છે. પુણ્યના ભાવો પણ અપરાધ જ છે. તે ભાવો બંધ સાધક છે. તે ભાવોનું સેવન કરે તે બંધનું જ સેવન કરે છે અને તેને સંસારની જ સિદ્ધિ થાય છે. ભાઈ! રાગનું સેવન તે સંસારની જ સિદ્ધિ છે. અહા! આવું યથાર્થ જાણીને જે સમસ્ત પરભાવોથી વિમુખ થઈ આત્મસન્મુખ થાય છે, ભગવાન આત્માનાં નિર્મળ જ્ઞાન-શ્રદ્ધાન ને અંતર-રમણતારૂપ ચારિત્ર પ્રગટ કરે છે તેને આત્માની સિદ્ધિ-પ્રાપ્તિ થાય છે. આવી વાત છે.

ભાષા તો સાદી છે ભગવાન! પણ ભાવ ગંભીર છે. અહા! જેને એકાવતારી ઇન્દ્રો પણ અતિ વિનમ્ર થઈ એકચિત્તે સાંભળે તે ભગવાનની વાણીની ગંભીરતાની શી વાત! અહા! તે અપાર ગંભીર ને અદ્‌ભૂત અલૌકિક છે.

જુઓ, ઉપર સૌધર્મ દેવલોક છે. તેમાં બત્રીસ લાખ વિમાન છે. પ્રત્યેક વિમાનમાં અસંખ્ય દેવ છે. તેનો સ્વામી શક્રેન્દ્ર છે. તે ત્રણ જ્ઞાનનો ધારક સમકિતી આત્મજ્ઞાની છે. તે એકાવતારી અર્થાત્ હવે પછી એક ભવ કરીને મનુષ્ય થઈને મોક્ષ જશે. તેની પત્ની શચી પણ એકાવતારી છે. જ્યારે ઉત્પન્ન થઈ ત્યારે તો મિથ્યાદૃષ્ટિ હતી. પરંતુ તે ઇન્દ્ર સાથે ભગવાનની વાણી સાંભળવા જતી ત્યાં તેને અંતર-સ્વભાવનો આશ્રય થવાથી આત્મજ્ઞાન થયું હોય છે, તે પણ એક ભવ કરીને મોક્ષ જશે. અહા! શુક્ર અને

શચી બન્ને સમોસરણમાં ભગવાનની જે વાણી સાંભળતા હોય તે વાણી કેવી હોય? બાપુ! આ બીજાની દયા કરો ને દાન કરો ને ઉપવાસ કરો ઈત્યાદિ તો કુંભારેય કહે છે. અને એમાં નવું શું છે? એવું તો એણે અનંત વાર કર્યું છે.

ભાઈ! રાત્રિભોજન કરવું એ મહાપાપ છે કેમકે એમાં ત્રસજીવો સહિત અનેક જીવોની હિંસા થાય છે. વળી તીવ્ર લોલુપતા વિના રાત્રિભોજન હોતું નથી. તે પ્રમાણે લસણ, ડુંગળી, બટાટા આદિ કંદમૂળ કે જેમાં અનંતા નિગોદના જીવ વિદ્યમાન છે તેનું ભોજન કરવું એ પણ મહાપાપ છે. અરે ભાઈ! તને ખબર નથી પણ એ કંદમૂળના અનંતા જીવોમાં તારા પૂર્વના અનેક માતા, પિતા અને સંતાનના જીવ પણ છે. અહા! તેની અંદર તારી પૂર્વની અનંત માતાઓ છે. અહા! એવા કંદમૂળનું ભક્ષણ શું તને શોભે છે? જરા વિચાર તો કર. અહીં કહે છે-એ સર્વ હિંસાના ભાવ તો અપરાધ અને પાપ છે જ, પણ એની દયા પાળવાનો શુભરાગ જે થાય છે એય પાપ છે, અપરાધ છે, ગુન્હો છે. બહુ આકરી વાત ભગવાન!

અરે! ૮૪ લાખ યોનિના અવતારમાં એને કેટકેટલું દુઃખ થયું છે? કોઈએ કહ્યું કે-છાપામાં આજ આવ્યું છે કે કોઈનો એકનો એક દીકરો જીપમાંથી ઉઠલી પડયો અને જીપ તેના પર ફરી વળી અને તે છોકરો મરી ગયો. અહા! એને કેવી પારાવાર વેદના ને કેટલું દુઃખ થયું હશે? ભાઈ! પણ એ દુઃખ એને જીપના કારણે થયું છે એમ નથી; પરંતુ એને દેહ અને રાગની જે એકતાબુદ્ધિ છે તેનું એ દુઃખ છે. સંયોગી ચીજ તો એને અડીય નથી. ભગવાન આત્મા શુદ્ધ ચેતનામય અરૂપી ચીજ છે. તે રૂપી ચીજ ને કદી અડે નહિ ને રૂપી ચીજ એને કદી અડે નહિ. એક ચીજ બીજી ચીજ ને કદી અડે નહી એવું જ વસ્તુસ્વરૂપ છે. પણ દેહાદિ ને પુણ્ય-પાપ આદિ જે પરભાવો છે તેની એકત્વબુદ્ધિ અર્થાત્ તે હું છું એવો ભાવ તે દુઃખ છે. અહા! ઘાણીમાં જેમ તલ પીલાય તેમ આત્મા અનાદિથી રાગ-દ્વેષ મોહરૂપ ઘાણીમાં પીલાઈ રહ્યો છે. અહીં કહે છે-તારે આવા દુઃખથી છુટવું હોય તો આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર એકલા આનંદથી ભર્યો છે તેની સિદ્ધિ કર. શુદ્ધ આત્માની સિદ્ધિ એ મોક્ષનું સાધન છે.

અહા! જેમ કોઈ બળુકી બાઈ ગાયના આંચળમાંથી દૂધ દોહીને કાઢે તેમ આચાર્ય અમૃતચંદ્રે ભગવાન કુંદકુંદાચાર્યની ગાથાઓમાં જે ભાવ ભર્યા છે તે દોહી દોહીને બહાર કાઢયા છે. ભાઈ! તું સાંભળ તો ખરો. ભગવાન! તું ત્રણલોકનો નાથ પ્રભુ અંદર અતીન્દ્રિય જ્ઞાન ને આનંદથી પૂરણ ભરેલો પરમેશ્વર છો. અને આ પર્યાયમાં જે શુભાશુભ વૃતિઓ ઉઠે છે તે અપરાધ છે, દુઃખ છે. માટે તે પરભાવોથી હઠી ઉપયોગને અંતર્મુખ કરી શુદ્ધ આત્માનું-પોતાના પરમેશ્વરનું-જ્ઞાન કર અને દ્રષ્ટિને તેમાં જ સ્થિર કરી અંતર-રમણતા કર. અહા! શુદ્ધ સ્વરૂપનાં જ્ઞાન-શ્રદ્ધાન ને રમણતા-આચરણ એ જ

આત્માની સિદ્ધિ છે અને એ જ સાધકપણું છે, એ જ રાધ નામ આત્માની સેવા છે. સમજાણું કાંઈ...?

સમયસાર ગાથા ૧૭ - ૧૮ માં આવે છે કે-આબાલગોપાળ સર્વને તેમની જ્ઞાનની પર્યાયમાં આત્મા જાણવામાં આવી રહ્યો છે. શું કીધું? ભાઈ! તારી જ્ઞાનની દશામાં સ્વજ્ઞેય એવો ભગવાન આત્મા જણાઈ રહ્યો છે. જ્ઞાન સ્વપરપ્રકાશક છે ને? તેથી અજ્ઞાનીને પણ એની જ્ઞાનની પર્યાયમાં આત્મા તો જણાઈ રહ્યો છે. પણ શું થાય? એની દૃષ્ટિ એના ઉપર નથી. એની દૃષ્ટિ બહાર પર-રાગ ને નિમિત્તાદિ-પર છે. અહા! એની બહિરાત્મદૃષ્ટિ છે અને તેથી તેને પરનું-રાગાદિનું અસ્તિત્વ ભાસે છે. પણ જ્યારે એ જ ગુલાંટ મારીને અંદરમાં પૂર્ણાનંદના અસ્તિત્વને દેખે છે ત્યારે હું આવો શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્મા છું-એમ એને આત્માની સિદ્ધિ-પ્રાપ્તિ થાય છે. એ જ સાધકભાવ છે અને એ જ રાધ છે.

હવે કહે છે- 'જે આત્મા "અપગતરાધ" અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે.'

જુઓ, શું કીધું? કે જે આત્મા રાધ રહિત એટલે કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપની સેવાથી રહિત છે, સાધકપણાથી રહિત છે, વા આત્માની સિદ્ધિથી રહિત છે તે અપરાધ છે. શુદ્ધ આત્માના જ્ઞાન-શ્રદ્ધાન ને આચરણથી રહિત છે તે આત્મા અપરાધ છે. જુઓ, કર્મનું-નિમિત્તનું જોર છે માટે અપરાધી છે એમ નહિ, પણ સાધકપણાથી રહિત છે, શુદ્ધ આત્માના સેવનથી રહિત છે માટે અપરાધી છે એમ કહે છે. તે અપરાધ પોતાનો પોતાના કારણે છે. હવે કહે છે-

'અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છેઃ) જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે.'

જુઓ, પહેલાં એમ કહ્યું કે જે આત્મા રાધ રહિત છે તે અપરાધ છે, ને હવે એમ કહ્યું કે જે ભાવ રાધ રહિત છે તે અપરાધ છે. અહા! જે ભાવ વડે શુદ્ધ આત્માનું સેવન ન થાય તે રાગાદિ ભાવ સર્વ અપરાધ છે. અને જેનો ભાવ અપરાધ છે તે આત્મા અપરાધ છે-એમ વાત છે.

હવે કહે છે- 'તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે.'

અહા! આત્મા તો શુદ્ધ ચૈતન્ય પ્રભુ આત્મા છે, પરંતુ જે આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યની સન્મુખતાનો અનાદર કરનાર એવા પુણ્ય-પાપ આદિ રાગભાવમાં વર્તે છે તે સાપરાધ છે, ગુન્હેગાર છે. પ્રત્યેક આત્મા અંદરમાં તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન સ્વરૂપે અંદર સદા વિરાજી રહ્યો છે. પણ અજ્ઞાનીને તે કેમ બેસે? પોતાના શુદ્ધ અસ્તિત્વની જેને ખબર નથી એવો અજ્ઞાની તો પુણ્ય આદિ વ્યવહારભાવોમાં

મશગુલ-એકરૂપ થઈને વર્તે છે. અહીં કહે છે-એવો જીવ સાપરાધ છે, ગુન્હેગાર છે.

હવે કહે છે- 'તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે.'

જોયું? પરદ્રવ્યના એટલે રાગાદિ પરભાવોના ગ્રહણ વડે એને શુદ્ધ આત્માની અસિદ્ધિ-અપ્રાપ્તિ છે. શું કીધું? રાગાદિ ભાવ છે તે પરદ્રવ્ય છે અને એનું ગ્રહણ કરવું એ અપરાધ છે. મુનિને મહાવ્રતનો રાગ આવે તેને તે ગ્રહે તે અપરાધ છે. કેટલાક લોકો મહાવ્રતાદિને ચારિત્ર અને ધર્મ માને છે, પણ ભાઈ! મહાવ્રતાદિના પરિણામ તે શુભભાવ છે અને તે પરદ્રવ્ય હોવાથી તેનું ગ્રહણ કરવું તે અપરાધ છે. બહુ આકરી વાત છે પ્રભુ! પણ આ સત્ય વાત છે. અહા! મહાવ્રતાદિના પરિણામ ભગવાન આત્માની ચીજથી અન્ય ચીજ છે ને? તેથી તે પરદ્રવ્ય છે અને તેને ગ્રહવું-સેવવું તે અપરાધ છે. મુનિરાજ-ભાવલિંગી સંત-પણ તેને (ક્રમે આવી પડેલો) અપરાધ જ જાણે છે. કોઈપણ રાગને અનુભવવો ને ભલો જાણવો, પોતાનો જાણવો તે અપરાધ છે. અહા! રાગની સેવામાં અને આરાધનામાં પડયો છે તે જીવ સાપરાધ છે, ગુન્હેગાર છે અને તેને આત્માની સિદ્ધિ-પ્રાપ્તિનો અભાવ છે.

અહા! આ પ્રમાણે પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવમાં, શુદ્ધ આત્માની અપ્રાપ્તિ હોવાથી, એને હું બંધન પામું છું એમ શંકા થાય છે. અહા! ભગવાન આત્મા સ્વયં અબંધસ્વરૂપ છે, અબદ્ધસ્પૃષ્ટ છે. આવા આત્માની દ્રષ્ટિને અનુભવ થવા તે જૈનશાસન છે (ગાથા ૧૫). પરંતુ જે આવા શુદ્ધ આત્માને છોડી પરદ્રવ્યનો-રાગનો અનુભવ કરે છે, રાગને સેવે છે તેને શુદ્ધ આત્માની અસિદ્ધિ-અપ્રાપ્તિ છે અને તેથી તેને બંધની શંકા થાય જ છે. આ કારણે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક જ છે. પોતાના પરમ પવિત્ર પરમાત્મદ્રવ્યનાં જ્ઞાન-શ્રદ્ધાન અને સેવના-આરાધના અભાવમાં ને પુણ્ય-પાપ આદિ પરભાવોના ગ્રહણના સદ્ભાવમાં તે અનારાધક અર્થાત્ અપરાધી જ છે. અહા! તે કોઈપણ રીતે આત્માનો આરાધક નથી.

ભાઈ! આ કોઈપણ રીતે ખૂબ શાંતિ ને ધીરજ કેળવીને સમજવું હોં. આવો યોગ મળવો મહાદુર્લભ છે. અરે! નિગોદમાંથી નીકળી ત્રસ અવસ્થાને પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. એમાંય પંચેન્દ્રિય મનુષ્યપણાને પ્રાપ્ત થવું-એની દુર્લભતાની શી વાત! અને જૈનદર્શન અને વીતરાગની વાણીનો યોગ તો મહા મહા દુર્લભ છે. ભાઈ! તને આવો યોગ મળ્યો છે; માટે તત્ત્વની સમજણ કરી ભવનો અભાવ કર. ભવરહિત અંદર ભગવાન આત્મા તું પોતે છો તેનાં જ્ઞાન-શ્રદ્ધાન અને આરાધના પ્રગટ કર. રાગની આરાધનાથી તને શું પ્રયોજન છે?

અહા! જેઓ રાગની સેવામાં પડયા છે ને દયા, દાન, વ્રત આદિ વ્યવહારના ભાવોથી, તે વ્યવહાર કરતાં કરતાં કલ્યાણ થઈ જશે એમ માને છે તેઓ નિચ્છલ

નથી અર્થાત્ મિથ્યાત્વને જ સેવી રહ્યા છે. એવા જીવો, અહીં કહે છે, અપરાધી અને અનારાધક જ છે. પાઠમાં 'અનારાધક જ' છે એમ કહ્યું છે. મતલબ કે કોઈપણ પ્રકારે તેઓ આત્માના આરાધક નથી. સમજાણું કાંઈ...? ભાઈ! આત્માનાં નિર્મળ જ્ઞાન-શ્રદ્ધાન ને આચરણ સિવાય જેટલો પણ બહારનો ક્રિયાકાંડ છે તે સર્વ આત્માનો અનારાધક ભાવ છે.

હવે કહે છે- 'અને જે આત્મા નિરપરાધ છે તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી "ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું" એમ નિશ્ચય કરતો થકો શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી, આરાધક જ છે.'

જોયું? જે નિરપરાધ છે તેને સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિનો-પ્રાપ્તિનો સદ્ભાવ છે. અહાહા...! ધર્મી જીવને સમસ્ત પરદ્રવ્ય અર્થાત્ રાગાદિ ભાવોના પરિત્યાગની ભાવના છે અને તેને શુદ્ધ આત્માની સિદ્ધિનો સદ્ભાવ છે. શું કીધું? કે ધર્મી જીવના જ્ઞાન-શ્રદ્ધાન અને આચરણમાં સમગ્ર રાગના પરિહાર વડે એક શુદ્ધ આત્મા જ વર્તે છે. અહાહા...! ધર્મી જીવ એક શુદ્ધ આત્મામાં જ લીન સ્થિર છે અને તેથી તેને બંધની શંકા થતી નથી. અહા! સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન ને આચરણના સદ્ભાવમાં તેને બંધની શંકા કેમ થાય? ન જ થાય.

અહા! ધર્મી જીવને તો અંતરંગમાં આ નિશ્ચય થયો છે કે 'ઉપયોગલક્ષણ એક શુદ્ધ આત્મા જ હું છું;' રાગાદિ વ્યવહાર તે હું નહિ. રાગાદિ તો પરદ્રવ્ય-બંધનું લક્ષણ છે. ભાઈ! માર્ગ તો આ એક જ છે. શુભરાગ-શુભઉપયોગ પણ પરદ્રવ્ય છે અને તેને ગ્રહણ કરવો, સેવવો તે અપરાધ છે, મિથ્યાત્વભાવ છે. અહા! આઠ વર્ષની કુમારિકા પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે ચોથે ગુણસ્થાને તે એમ માને છે કે-હું તો જાણનદેખન-સ્વભાવી સદા ઉપયોગસ્વરૂપી આત્મા છું અને આ પુણ્ય-પાપના ભાવો મારાથી ભિન્ન છે. આમ વાત છે.

**પ્રશ્નઃ-** એ તો ઠીક, પણ આ બધી લપને-સ્ત્રી-પુત્ર-પરિવારને અને દેહાદિને-ક્યાં રાખવી?

**ઉત્તરઃ-** બાપુ! એ બધી લપ ક્યાં તારી ચીજ છે? તારામાં એ ક્યાં ગરી ગઈ છે? અને તું એનામાં ક્યાં ગયો છે? ભાઈ! એ તો બધી પ્રત્યક્ષ પરચીજ છે. અહીં તો વિશેષ એમ કહે છે કે-દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો જે રાગ છે તે પરદ્રવ્ય છે, કેમકે તે નીકળી જવા યોગ્ય છે ને સિદ્ધદશામાં નીકળી જ જાય છે. ભગવાન! એક જાણવાદેખવાના ઉપયોગરૂપ જ તારું સ્વરૂપ છે. જ્ઞાતાદ્રષ્ટા સિવાય બીજું કોઈ તારું સ્વરૂપ નથી. (પછી બીજી ચીજને રાખવાનો સવાલ જ ક્યાં છે?)

અહા! આવી વાત! તો કેટલા કહે છે કે આ વાતો તો બધી ચોથા આરાના જીવો માટે છે. પણ ભાઈ! એમ નથી. અહા! સમયસાર શાસ્ત્ર તો પંચમ આરાના મુનિએ પંચમ આરાના જીવોના કલ્યાણ અર્થે બનાવ્યું છે. કોઈ વળી કહે છે કે-આ શાસ્ત્ર તો છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને માટે છે; તો એ વાત પણ યથાર્થ નથી. કેમકે જે અજ્ઞાની અપ્રતિબદ્ધ છે તેને સમજાવવા માટે આ શાસ્ત્ર કુંદકુંદાચાર્યદેવે રચ્યું છે. (જુઓ ગાથા ૨૩, ૨૪, ૨૫).

અહા! ચોથે ગુણસ્થાનકે વર્તતો સમ્યગ્દ્રષ્ટિ જીવ અંતરંગમાં એવો દઢ નિશ્ચય કરે છે કે-આ ઉપયોગલક્ષણ એક શુદ્ધ આત્મા જ હું છું. લૌકિકમાં જેને ધર્મ માને છે તે શુભરાગ મારું લક્ષણ નહિ. લૌકિકમાં ગમે તે માનો, રાગાદિ ભાવો કદીય મારા છે જ નહિ; હું તો પરમ પવિત્ર શુદ્ધ એક ઉપયોગલક્ષણ જીવ છું. અહા! આવાં આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન સહિત ધર્મી પુરુષ સદાય (આત્માની) આરાધનાપૂર્વક વર્તે છે. અહા! દ્રષ્ટિના વિષયમાં જેને પોતાનો પૂરણ પરમેશ્વર પ્રભુ આત્મા વર્તે છે તે જીવ આરાધક છે. તેને જ આત્માનું સેવન કરનાર સાધક કહેવામાં આવે છે. શુદ્ધ ઉપયોગમય જ હું છું-એમ જેને અંતરંગમાં દઢ શ્રદ્ધાન થયું છે તે સદાય આરાધક છે. ભાઈ! કોઈવાર દ્રવ્યનો આશ્રય અને કોઈવાર રાગનો આશ્રય હોય એવું ધર્મીનું સ્વરૂપ નથી. ધર્મીને તો નિરંતર એક શુદ્ધ આત્મદ્રવ્યનો જ આશ્રય હોય છે.

**પ્રશ્નઃ-** તો શું વ્રત, તપ, ભક્તિ, પૂજા ઈત્યાદિ ધર્મીને હોતાં જ નથી?

**ઉત્તરઃ-** કોણ કહે છે કે હોતાં નથી? ધર્મીને એ બધા ભાવો હોય છે, પણ એ શુભરાગ છે, અપરાધ છે; ધર્મ નહિ. ધર્મીને જે રાગ હોય છે તેને તે જાણે જ છે; તેને મન તે જાણવાલાયક છે; પણ આદરવાલાયક છે એમ નહિ.

ભાઈ! આત્માની એક સમયની અવસ્થામાં હિંસા, જૂઠ, ચોરી, વિષય-વાસના આદિ જે અશુભરાગ થાય છે તે પાપ છે; અને દયા, દાન, વ્રતાદિનો જે શુભરાગ થાય છે તે પણ નિશ્ચયથી પાપ જ છે. બહુ આકરી વાત ભાઈ! પણ વાત એમ જ છે. (યથાર્થ જ છે) યોગસારમાં આચાર્ય યોગીન્દ્રદેવ કહે છે-

"પાપ તત્ત્વને પાપ તો જાણે જગ સૌ કોઈ;
પુણ્ય તત્ત્વ પણ પાપ છે કહે અનુભવી બુધ કોઈ."

ભાઈ! એક ઉપયોગમય શુદ્ધ આત્મા જ હું છું એવું યથાર્થ શ્રદ્ધાન થયા વિના જ્ઞાન ને આચરણ ક્યાંથી આવે? એ સિવાયનું બધું (ક્રિયાકાંડ) તો થોથાં છે.

અરે! આ જિંદગી એમ ને એમ ચાલી જાય છે હોં. અરેરે! રાગની દ્રષ્ટિમાં વર્તવાવાળો જીવ ક્યાં જશે? ભાઈ! આ જડ દેહ તો બળી ને ખાખ થઈ જશે. એની તો ખાખ જ થાય ને? પણ જીવ ક્યાં જશે? અહા! જેણે રાગ ને પુણ્ય ભાવ ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના માન્યા છે તે રાગના-દુઃખના વેદનમાં જ જશે. તે ચારગતિમાં દુઃખના વેદનમાં જશે. અને જે, હું એક ઉપયોગમય શુદ્ધ આત્મા જ છું એવી શુદ્ધ આત્માની દ્રષ્ટિપૂર્વક આરાધક થયો છે તે જ્યાં જશે ત્યાં આત્મામાં જ રહેશે.

જુઓ, શ્રેણીક મહારાજાને તેમનું આયુષ્ય પહેલાં (મિથ્યાદશામાં) બંધાઈ ગયું હતું તો તેઓ મરીને પહેલી નરકે ગયા. પણ ક્ષાયિક સમકિતી છે ને? તો તેઓ અંતરમાં આત્મવાસી છે. નરકમાં તેઓ ત્યાં તીર્થંકરગોત્ર બાંધે છે. તેઓ આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. અહા! નરકમાં હોય તોપણ સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સદા ઉપયોગસ્વરૂપ જ દેખે છે, શ્રદ્ધે છે. તેને રાગાદિ પરિણામ આવે છે તોપણ તેને તે આત્મભૂત માનતો નથી. ભાઈ! આ પંચમકાળના મુનિવર પંચમકાળના જીવથી થઈ શકે એ વાત કહે છે. રખે કોઈ આ ચોથા આરાના જીવો માટે છે એમ માનતા; કેમકે આત્માને આરાથી શું સંબંધ છે? આત્માને કોઈ આરો-ફારો લાગૂ પડતો નથી. સમજાણું કાંઈ...?

## * ગાથા ૩૦૪ - ૩૦૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દનો અર્થ એક જ છે.'

સંસિદ્ધિ એટલે સમ્યક્ પ્રકારે સિદ્ધ થવું. એટલે શું? કે આત્મા જેવો શુદ્ધ એક ઉપયોગમય છે તેવો દ્રષ્ટિ, જ્ઞાન ને ચારિત્રમાં આવવો તે સંસિદ્ધિ છે, આત્માનાં સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન અને ચારિત્ર પ્રગટ થતાં આત્માની સિદ્ધિ-પ્રાપ્તિ થાય છે અને તે સંસિદ્ધિ છે.

શ્રી જયસેનાચાર્યની ટીકામાં 'સંસિદ્ધિ' નો અર્થ 'રાધન' કર્યો છે. મૂળમાં તો 'રાધ' કહેવું છે. ભગવાન આત્મા ચૈતન્યમહાપ્રભુ જેવો છે તેવું એનું જ્ઞાન-શ્રદ્ધાન થવું અને તેમાં જ રમણતારૂપ ચારિત્રનું પ્રગટ થવું તે રાધ નામ રાધન છે. એને જ આત્માની સેવા અને આરાધન કહે છે.

અરે! અનાદિથી એણે રાગની સેવા કરી, પણ શુદ્ધ આત્મતત્ત્વનું સેવન ન કર્યું. અહા! તે મહા અપરાધ છે.

અહા! આત્મા શુદ્ધ ચિદાનંદઘન એક જાણવાદેખવાના ઉપયોગસ્વરૂપ માત્ર છે. તેનાં જ્ઞાન-શ્રદ્ધાન કરી તેમાં જ સ્થિરતા કરવી એ શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધનનું નામ 'રાધ' છે. દર્શન-જ્ઞાનમાં શુદ્ધ આત્મા જણાયો તે એની સિદ્ધિ છે અને તે જ રાધ છે.

હવે કહે છે- 'જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે તે આત્મા નિરપરાધ છે.'

જુઓ, ભગવાનની પુજા, ભક્તિ ઈત્યાદિ જે રાગ છે તે, પૂર્ણ વીતરાગતા ન થાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ત્યાં સુધી, જો કે ધર્મીની દૃષ્ટિ રાગ પર નથી છતાં ધર્મીને આવ્યા વિના રહેતો નથી. અશુભથી બચવા તે ભાવો તેને હેયબુદ્ધિએ આવે છે, છતાં તે છે અપરાધ.

**પ્રશ્નઃ-** જો એમ છે તો તેને કેમ કરવો?

**ઉત્તરઃ-** ભાઈ! કરવાની તો વાત જ ક્યાં છે? એ તો અશુભ વંચનાર્થે એવો શુભભાવ તેને આવે છે બસ. (સમકિતી એને કરે છે એમ છે નહિ).

આ નાળિયેર હોય છે ને? એની ઉપરનાં છાલાં તે શ્રીફળ નથી, જે કાચલી છે તે પણ શ્રીફળ નથી અને અંદર ગોળા ઉપરની જે રાતડ છે તે પણ શ્રીફળ નથી. શ્રીફળ તો અંદર જે મીઠો, સફેદ ગોળો છે તે છે. તેમ આ શરીર છે તે છાલાં છે, અને દ્રવ્યકર્મ છે તે કાચલીના સ્થાને છે તથા શુભાશુભભાવ તે રાતડ છે. એ બધાયથી ભિન્ન અંદર અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો પિંડ છે તે આત્મા છે. અહા! આવા આત્માની આરાધના-સેવા-સાધના તે રાધ છે જેને તે રાધ નથી. તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે તે નિરપરાધ છે.

ભાઈ! પરમ મહિમાવંત એવી તારી ચીજની તને ખબર નથી. ભગવાન કહે છે- તું પૂરણ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંત ગુણથી ભરેલો જ્ઞાનાનંદ-લક્ષ્મીનો ભંડાર છો. અહા! તારામાં અતીન્દ્રિય જ્ઞાન પૂરણ ભરેલું છે. તારી એક એક જ્ઞાનની પર્યાયનો કોઈ અચિંત્ય અપાર મહિમા છે; ને એવી અનંત પર્યાયોનો પિંડ તું ભગવાન આત્મા છો. અહા! તારા મહિમાની શી વાત! (ભગવાન કેવળી પણ તે પૂરણ કહી શકે નહિ એવો એનો અપાર મહિમા છે). અહીં કહે છે-એવા અપાર મહિમાવંત આત્મદ્રવ્યનું સેવન કરવું તે રાધ છે. જેને તે રાધ નથી તે સાપરાધ છે, અને જેને તે રાધ છે તે નિરપરાધ છે.

હવે કહે છે- 'જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે; અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે તેથી તેને બંધની શંકા નથી, માટે "શુદ્ધ આત્મા તે જ હું છું"-એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.'

જોયું? જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે. માટે તે સ્વયં અશુદ્ધ છે તેથી અનારાધક છે. રાગ-વ્યવહાર છે તે અશુદ્ધ છે. અને તે અશુદ્ધ મારી ચીજ છે એમ જે માને છે તે અશુદ્ધનો આરાધક થાય છે. માટે તે આત્માનો અનારાધક જ છે.

અને જે નિરપરાધ છે તે નિઃશંક છે. તે પોતાના ઉપયોગમાં લીન થાય છે. ધર્મી પોતાના જ્ઞાનદર્શનમય આત્મામાં લીન છે. તેને જે રાગ આવે છે તેને માત્ર તે

જાણે છે. રાગ છે માટે જાણે છે એમ નહિ, પોતાના સહજ સામર્થ્ય વડે જ જ્ઞાન રાગને જાણે છે. સ્વને ને પરને-રાગને જાણવું એ જ્ઞાનનું સહજ સામર્થ્ય છે.

એક વાર ચર્ચા થયેલી તેમાં સામેવાળા કહે કે-લોકાલોક છે તો કેવળજ્ઞાન તેને જાણે છે. ત્યારે કહ્યું-ભાઈ! એમ નથી. કેવળજ્ઞાનની પર્યાય પોતાથી જ છે. તે પર્યાય સહજ પોતાના સામર્થ્યથી પ્રગટ થઈ છે; લોકાલોકની સત્તા છે માટે જાણવાની (કેવળજ્ઞાનની) પર્યાય ઉત્પન્ન થઈ છે એમ નથી. (લોકાલોક તો અનાદિથી છે, ને કેવળજ્ઞાન સ્વાશ્રયે નવું પ્રગટે છે).

અહાહા....! નિર્મળાનંદનો નાથ પ્રભુ આત્મા છે. અહીં કહે છે-એમાં જા ને પ્રભુ! ત્યાં તને ગોઠશે, ત્યાં તને રુચશે; કેમકે તે એકલો આનંદથી ભરેલો છે.

પણ આ બધાથી (કુંટુંબ આદિથી) નિવૃત્તિ થાય ત્યારે ને?

ભાઈ! એ બધાથી તો નિવૃત્ત જ છો; કેમકે એ બધાં કયાં તારામાં છે. સાચી નિવૃત્તિ તો તું રાગની ભાવનાથી નિવૃત્ત થાય ત્યારે થાય. અરે! દિગંબર દ્રવ્યલિંગી મુનિ થઈને બહારથી તો તેં અનંતવાર નિવૃત્તિ લીધી, પણ રાગબુદ્ધિ, અંશબુદ્ધિ મટી નહિ ને દ્રવ્યદ્રષ્ટિ કરી નહિ. તેથી તું અપરાધી જ રહ્યો. ભાઈ! દ્રવ્યદ્રષ્ટિ કરી શુદ્ધ આત્મસ્વરૂપમાં લીન થઈ રહેવું-એ એક જ સુખનો ઉપાય છે. બાકી તો બધું થોથાં છે. સમજાણું કાંઈ...?

અહીં કહે છે-ધર્મી નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન થાય છે. તેને બંધની શંકા થતી નથી. ક્યાંથી થાય? સ્વરૂપમાં લીન થઈ રહે તેને બંધની શંકા કેવી? અહા! 'શુદ્ધ આત્મા જ હું છું' -એવા નિશ્ચયપૂર્વક વર્તતો તે દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપના એકભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે. જુઓ, નિશ્ચય આરાધના એકભાવરૂપ એટલે વીતરાગભાવરૂપ-આનંદભાવરૂપ-ચૈતન્યભાવરૂપ છે. આત્માનાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ એ બધા વીતરાગભાવરૂપ એકભાવરૂપ છે. અહા! શુદ્ધ ચૈતન્યમાં લીન થઈ પ્રતપવું તે તપ છે; અને તે જ ઉપવાસ. 'ઉપવસતિ ઈતિ ઉપવાસઃ' આત્માની સમીપ વસવું તે ઉપવાસ છે. લ્યો, આ સિવાય બાકી બધા અપવાસ એટલે માઠા વાસ છે. સમજાણું કાંઈ...?

આ પ્રમાણે જેને નિર્મળ રત્નત્રય પ્રગટ થયાં છે તે ધર્મી જીવ એકભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૮૭ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'सापराधः' સાપરાધ આત્મા 'अनवरतम्' નિરંતર 'अनन्तैः' અનંત પુદ્ગલ પરમાણુરૂપ કર્મોથી 'बध्यते' બંધાય છે; 'निरपराधः' નિરપરાધ આત્મા 'बन्धनम्' બંધનને 'जातु' કદાપિ 'स्पृशति न एव' સ્પર્શતો નથી જ.

શું કીધું? સાપરાધ એટલે શુદ્ધ એક નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ આત્માને છોડીને જે પુણ્ય-પાપના ભાવને પોતાના માને છે અને એનાથી પોતાને લાભ માને છે એવો આત્મા અનંત અનંત પુદ્‌ગલપરમાણુમય કર્મોથી બંધાય છે. અહા! જે ચીજ પોતાની નથી તેને પોતાની માને તે પ્રાણી ચોર છે, અપરાધી છે. તે નિયમથી કર્મો વડે બંધાય છે.

પરંતુ નિરપરાધ એટલે રાગરહિત જે જ્ઞાનાનંદમય પોતાની ચીજ તેની દૃષ્ટિ કરી તેમાં જ જે જીવ રમે છે તેને કદાપિ બંધન થતું નથી. અહાહા! અશુદ્ધ ઉપયોગરૂપ પુણ્ય-પાપના ભાવથી રહિત જે શુદ્ધ ઉપયોગી છે તે આત્મા નિરપરાધી છે. એને બંધનનો કદી સ્પર્શ નથી. ધર્મી જીવ પોતાની જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યસત્તાને સ્પર્શે છે, અનુભવે છે; પણ બંધનને એટલે કે જે રાગભાવ આવે છે તેને સ્પર્શતો નથી.

'अयम' જે સાપરાધ આત્મા છે તે તો 'नियतम' નિયમથી 'स्वम अशुद्धं भजन्' પોતાને અશુદ્ધ સેવતો થકો 'सापराधः' સાપરાધ છે; 'निरपराधः' નિરપરાધ આત્મા તો 'साधु' ભલી રીતે 'शुद्धात्मसेवी भवति' શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.

જુઓ, દયા, દાન, પુજા, ભક્તિ ઈત્યાદિ શુભરાગની સેવના છે તે અશુભની જેમ જ અશુદ્ધની સેવના છે. અહા! આ રીતે પોતાને અશુદ્ધ સેવતો થકો આત્મા સાપરાધ છે, ગુન્હેગાર છે. જ્યારે જે નિરપરાધ છે તે તો ભલી ભાંતિ જેવું આત્માનું શુદ્ધ એક ચિન્માત્ર સ્વરૂપ છે તેવા સ્વરૂપનો સેવનાર છે. 'ભલી ભાંતિ' એટલે જેવી ચીજ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે એવી જ તેને સમીચીનપણે ધર્માત્મા અનુભવે છે. દ્રવ્યદૃષ્ટિ વડે જે શુદ્ધને અનુભવે છે તે નિરપરાધી છે. પોતાની સત્તામાં જ મગ્ન છે તે નિરપરાધી છે.

અહો! સંતોએ અતિ સ્પષ્ટ ઘોષણા કરી છે કે-જે આત્મા પુણ્ય-પાપના અશુદ્ધ ભાવનું સેવન કરે છે તે અપરાધી-ગુન્હેગાર છે, અને તે નિરંતર કર્મથી બંધાય છે. અને જે આત્મા પુણ્ય-પાપથી રહિત શુદ્ધ એક ચૈતન્યના ઉપયોગમય, પૂરણ જ્ઞાન, પૂરણ આનંદ ઈત્યાદિ અનંત શક્તિઓથી ભરેલો, સદા એકરૂપ, ભૂતાર્થ શુદ્ધ ચિદઘન આત્માને 'સાધુ' નામ સમીચીનપણે-જેવી ચીજ છે તેને તે પ્રમાણે જ જાણીને-એની સેવના કરે છે તે નિરપરાધી છે ને તેને બંધન થતું નથી; તે બંધનને-રાગને સ્પર્શતો નથી. આવી વાત છે! સમજાણું કાંઈ...?

હવે પ્રશ્ન જરા ઉઠયો છે તે ખૂબ શાંતિથી સાંભળવા જેવો છે. અહીં વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કેઃ-

'એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે?'

જુઓ, ખરેખર તો પુણ્ય-પાપરહિત નિજ શુદ્ધ ચૈતન્યરૂપ આત્માની એકની જ સેવના તે ધર્મ છે, સાધન છે, મોક્ષનો ઉપાય છે. હવે એની સાથે ધર્મી ને જે

પ્રતિક્રમણ આદિનો શુભરાગ આવે છે તેને વ્યવહારથી અમૃતકુંભ કહેવામાં આવેલ છે. શું કીધું? જેને અંદર શુદ્ધોપયોગરૂપ અમૃતનો સ્વાદ આવ્યો છે એવા જીવના શુભરાગને વ્યવહારથી અમૃતકુંભ કહ્યો છે. આ ઉપચાર છે. અજ્ઞાનીના શુભરાગમાં એ ઉપચાર પણ સંભવિત નથી.

જુઓ, શુભરાગ કાંઈ ખરેખર અમૃત છે એમ નથી; ખરેખર તો એ ઝેર જ છે. પરંતુ અમૃતસ્વરૂપ-આનંદસ્વરૂપ આત્માના સ્વાદિયા જીવને, પર્યાયમાં શુદ્ધ આત્માની પરિપૂર્ણ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આવા શુભભાવ આવે છે અને શાસ્ત્રોમાં તેને ઉપચારથી અમૃત કહેવામાં આવેલ છે. હવે અહીં વ્યવહારનયાવલંબી વ્યવહારને અવલંબીને તર્ક કરે છે કેઃ-

'શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ કરવાનું શું કામ છે?' એમ કે પ્રથમથી જ શુદ્ધ આત્માની સેવા કરવી, તેના શ્રદ્ધાન-જ્ઞાન કરી તેમાં જ ઠરવું-એ ક્રિયાઓથી શું કામ છે? તેનું કારણ કહે છે-

'કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે; કેમકે સાપરાધને જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે, માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી અમૃતકુંભ છે.'

જુઓ, વ્યવહારનયાવલંબી શું દલીલ કરે છે? કે અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિ અશુભભાવ છે તે વિષકુંભ-ઝેરનો ઘડો જ છે, કેમકે તે અપરાધને દૂર કરનારા નથી; પરંતુ જે શુભરાગરૂપ પ્રતિક્રમણાદિ છે તે અમૃતકુંભ છે કેમકે તે અપરાધને દૂર કરનાર છે. શુભભાવની ક્રિયાથી અપ્રતિક્રમણાદિ જે અશુભભાવ-પાપભાવ તેનો નિરોધ થાય છે એમ કહે છે. અહા! શુભરાગ વડે અપ્રતિક્રમણાદિ અશુભભાવથી-પાપથી પાછા ફરવું તે અમૃત છે એમ શાસ્ત્રમાં કહ્યું છે એમ કહે છે. આમ જો શુભભાવથી આત્મા નિરપરાધ થાય છે તો શુદ્ધાત્મસેવનાથી શું કામ છે? -એમ તે દલીલ કરે છે. એની દલીલ સમજાય છે ને!

વાત એમ છે કે-હું જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ આત્મા છું, અને આ દયા, દાન આદિના વિકલ્પો જે ઉઠે છે તે ઝેર છે એમ જેને અંતરંગમાં સ્વાનુભવમંડિત શ્રદ્ધા પ્રગટ થઈ છે એવા ધર્મીના શુભને વ્યવહારથી આરોપ દઈને શાસ્ત્રમાં અમૃત કહ્યું છે. જેને નિશ્ચય નિર્વિકલ્પ અમૃતનો સ્વાદ છે તેના રાગને વ્યવહારથી અમૃત કહ્યું છે એ વાતને આગળ કરીને વ્યવહારાવલંબી (અજ્ઞાની) કહે છે-જુઓ! અહીં શુભરાગને અમૃત કહ્યું છે કે નહિ? એના સમર્થનમાં તે વ્યવહારને કહેનારા આચારસૂત્રમાંથી ગાથાઓ કહે છે કે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।
अणियत्ती य अणिंदागरहासोही य विसकुंभो।। १।।

पडिकमणं पडिसरणं परिहारा धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो अभयकुंभो दु।। २।।

**અર્થ:-** અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા ને અશુદ્ધિ-એ ( આઠ પ્રકારનો ) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. ૧.

પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ-એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે.

**પ્રતિક્રમણ:-** પૂર્વે કરેલા દોષનું-પાપનું નિરાકરણ કરવું-એવો જે શુભભાવ છે તે પ્રતિક્રમણ છે. નિશ્ચયના અનુભવનારને-ધર્મી પુરુષને આવું પ્રતિક્રમણ હોય છે અને તેને શાસ્ત્રમાં ઉપચારથી અમૃત કહેલું છે. અહા! તેનો પક્ષ લઈ ને અહીં અજ્ઞાની કહે છે કે-તમે તો આત્મા ત્રિકાળ શુદ્ધ છે, તે એકની-શુદ્ધની શ્રદ્ધા કરો અને શુદ્ધની જ સેવા કરો એમ અંદર લઈ જાઓ છો પણ આ પ્રતિક્રમણાદિ શુભભાવ છે તે પાપને અશુભને ટાળે છે; માટે પહેલાં એ તો કરવા દો.

તેને કહીએ છીએ-ભાઈ! શુભરાગરૂપ પ્રતિક્રમણ જે જ્ઞાનીને હોય છે. તે વાસ્તવમાં તો ઝેર જ છે. એ તો ઉપચારથી એને અમૃત કહ્યું છે. અને અજ્ઞાનીને તો એ ઉપચારેય ક્યાં છે? એને તો એ એકલું ઝેર જ છે.

**પ્રતિસરણ:-** સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા તે શુભરાગરૂપ પ્રતિસરણ છે. હું એક શુદ્ધ ચિન્માત્ર છું-એમ અનુભવ કરવો-ઈત્યાદિ વિકલ્પ ધર્મીને આવે છે તે પ્રતિસરણ છે. જ્ઞાનીના આવા વિકલ્પને ઉપચારથી અમૃત કહેલ છે. નિશ્ચયથી તે છે તો ઝેર, પણ નિર્મળ અમૃતરૂપ પરિણતિનો સહચર જાણી તેને ઉપચારથી અમૃત કહેવામાં આવેલ છે. માટે તેને વાસ્તવમાં ધર્મ-અમૃત ન જાણવું. અજ્ઞાનીને તો એનો મિથ્યા પક્ષ થઈ ગયો છે.

**પરિહાર:-** મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આદિ દોષોનું નિવારણ કરવું. એવો જે શુભભાવ તે પરિહાર છે. ધર્મીના આવા શુભભાવને આરોપ આપીને અમૃતકુંભ કહ્યો છે. તેનો પક્ષ લઈને આ ( વ્યવહારાવલંબી ) કહે છે કે-શાસ્ત્રમાં અમૃતકુંભ કહ્યો છે. વાસ્તવમાં તો શુભ-ઉપયોગ ઝેર જ છે.

**ધારણા:-** ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં-એમ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું - એ શુભભાવ ધારણા છે. પંચનમસ્કાર આદિ મંત્ર, ૐ આદિ મંત્રો - એમ મંત્રો ઘણા છે ને? એનું ચિંતવન આદિ શુભરાગ ધર્મીને હોય છે. તેને શાસ્ત્રમાં ઉપચારથી અમૃતકુંભ કહ્યો છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મ - અનુભવથી અપેક્ષાએ ખરેખર તે ઝેર છે; પણ એનો (આત્માનુભવનો) સહચર જાણી તેને આરોપ આપીને વ્યવહારથી અમૃતકુંભ કહ્યો છે. હવે એનો પક્ષ કરીને આ કહે છે કે - શુભથી અશુભ મટે છે માટે પ્રથમ શુભ કરવું જોઈએ, તેને શ્રીગુરુ કહે છે -

ભાઈ! સાંભળ! વીતરાગનો મારગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે, રાગથી નહિ. તથાપિ બાહ્યદ્રવ્યનું - ચાહે તે બાહ્યદ્રવ્ય જિનબિંબ હો, સાક્ષાત્ જિન ભગવાન હો કે પંચપરમેષ્ઠી હો - આલંબન લેતાં ધર્મીને જે શુભરાગ ઉત્પન્ન થાય છે તેને વ્યવહારથી જિનવાણીમાં અમૃતકુંભ કહ્યો છે, પણ નિશ્ચયથી તે ઝેર છે. વીતરાગભાવની પ્રગટતા વિના ધર્મની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ ને પૂરણતા કદીય સંભવિત નથી. ભાઈ! એમ તો ભગવાનના સમોસરણમાં જઈને મણિરત્નના દીવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષનાં ફૂલ લઈ ને તેં ભગવાનની અનંતવાર પૂજા કરી છે. પણ તેથી શું? પરાવલંબી શુભનું લક્ષ છોડી સ્વ-આશ્રયે પરિણમ્યા વિના ધર્મની ઉત્પત્તિ થતી જ નથી.

**નિવૃત્તિઃ-** વિષય-કષાયરૂપ અશુભથી હઠી શુભમાં આવવું તે નિવૃત્તિ છે. જેને અંતરમાં શુદ્ધ નિશ્ચયનો અનુભવ છે તે ધર્મીને આવો શુભભાવ હોય છે અને તેને વ્યવહારથી અમૃત કહેલ છે. સ્ત્રી-કુટુંબ પરિવાર, ધનસંપત્તિ આબરૂ ઈત્યાદિના મમતાના પાપભાવમાં વર્તતા ચિત્તને હઠાવી દેવું તે શુભભાવ છે. અજ્ઞાનીનો આવો શુભભાવ એકલું ઝેર છે અને સમકિતીના એવા શુભભાવને વ્યવહારથી અમૃત કહ્યું છે તોપણ નિશ્ચયથી તે ઝેર છે.

જેમ ચોખાની બોરીનું વજન પણ ચોખાની ભેગું કરવામાં આવે છે. પણ એ બોરીનું બારદાન કાંઈ ચોખા નથી. ચોખા ને બારદાન બે ભિન્ન જ છે. તેમ ભગવાન આત્મા સ્વ-આશ્રયે પ્રગટ થયેલા અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે તે ધર્મ છે અને જે રાગ આવે છે તે ધર્મ નથી, તે બારદાનની જેમ ભિન્ન જ છે. તેને ધર્મ પરિણતિનો સહચર જાણી ઉપચારથી અમૃત કહે છે પણ છે તો એ બારદાનની જેમ ભિન્ન જ; એ કાંઈ ધર્મ નથી. બાપુ! વીતરાગનો મારગ મહા અલૌકિક છે; અને તે વીતરાગતાથી જ ઉત્પન્ન થાય છે. વીતરાગસ્વરૂપ - જિનસ્વરૂપ ભગવાન આત્મા છે; તેનો આશ્રય કરવાથી જેટલો વીતરાગભાવ થયો તે ધર્મ છે, અમૃત છે અને તેમાં કમી રહેતાં પરાવલંબી જેટલો શુભરાગ રહ્યો તે નિશ્ચયથી ઝેરનો ઘડો છે. આવી વાત છે. સમજાણું કાંઈ...?

**નિંદાઃ-** આત્મસાક્ષીપૂર્વક દોષોને પ્રગટ કરવા. અશુભભાવ આવી ગયો હોય તો તેની નિંદા કરવી કે - અરે! આ શું? આવો પાપનો ભાવ આવી ગયો! આ પ્રમાણે આત્મસાક્ષીએ દોષોની નિંદા કરવી-એ શુભભાવ નિંદા છે. તે સમકિતીને હોય છે. વાસ્તવમાં તે અતીન્દ્રિય આનંદરૂપી અમૃતના સ્વાદથી વિપરીત છે તોપણ સહચર જાણી તેને વ્યવહારથી અમૃત કહેવામાં આવેલ છે. પણ તે નિશ્ચયે અમૃત નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સમયસાર ગાથા ૧૧માં (ભાવાર્થમાં) કહ્યું છે કે વ્યવહારનો જે પક્ષ છે તેનું ફળ બંધન-સંસાર જ છે.

**ગર્હા:-** ગુરુની સાક્ષીએ દોષોને પ્રગટ કરવા, પોતાને જે કોઈ પાપકર્મ થયું હોય તે અતિ નિચ્છલભાવે ગુરુ પાસે જઈને જાહેર કરવું-એવો શુભભાવ ગર્હા છે. સમકિતીને એવો શુભભાવ હોય છે એને ઉપચારથી અમૃત કહીએ તોપણ વાસ્તવમાં તે ધર્મ નથી, અમૃત નથી.

**શુદ્ધિ:-** જે પાપકર્મ થયું હોય તેનું પ્રાયશ્ચિત લેવું - એવો જે શુભભાવ છે તે શુદ્ધિ છે. આવો શુભભાવ સમકિતીને હોય છે પણ તે ધર્મ નથી; ઉપચારથી એને અમૃત કહેવામાં આવેલ છે એ જાુદી વાત છે, પણ નિશ્ચયથી એ ધર્મ નથી.

જાુઓ, આ આઠ બોલને વ્યવહારના શાસ્ત્રોમાં અમૃત કહ્યા છે એટલે શિષ્યે તે વાતને મુખ્ય કરીને કહ્યું કે - તમે પ્રથમથી જ આત્માની દ્દષ્ટિ કરો, સમ્યગ્દર્શન કરો, આત્માનુભવ કરો એમ કહો છો, પણ અમને પહેલાં અશુભ જે વડે ટળે તે શુભને તો કરવા દો. શુભથી અશુભ તો ટળે છે ને? એના ઉત્તરમાં નિશ્ચયનયની પ્રધાનતાથી આચાર્યદેવ હવે ગાથાઓ દ્વારા સમાધાન કરે છે.

[ પ્રવચન નં. ૩૬૨ થી ૩૬૪ (ચાલુ) * દિનાંક ૧૦-૬-૭૭ થી ૧૨-૬-૭૭ ]

## ગાથા ૩૦૬ - ૩૦૭

पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो।। ३०६।।

अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।
अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो।। ३०७।।

प्रतिक्रमणं प्रतिसरणं परिहारो धारणा निवृत्तिश्च।
निन्दा गर्हा शुद्धिः अष्टविधो भवति विषकुम्भः।। ३०६।।

अप्रतिक्रमणमप्रतिसरणमपरिहारोऽधारणा चैव।
अनिवृत्तिश्चानिन्दाऽगर्हाऽशुद्धिरमृतकुम्भः।। ३०७।।

પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.

અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,
અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.

**ગાથાર્થઃ-** [ प्रतिक्रमणम् ] પ્રતિક્રમણ, [ प्रतिसरणम् ] પ્રતિસરણ, [ परिहारः ] પરિહાર, [ धारणा ] ધારણા, [ निवृत्तिः ] નિવૃત્તિ, [ निन्दा ] નિંદા, [ गर्हा ] ગર્હા [ च शुद्धिः ] અને શુદ્ધિ- [ अष्टविधः ] એ આઠ પ્રકારનો [ विषकुम्भः ] વિષકુંભ [ भवति ] છે ( કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ સંભવે છે ).

[ अप्रतिक्रमणम् ] અપ્રતિક્રમણ, [ अप्रतिसरणम् ] અપ્રતિસરણ, [ अपरिहारः ] અપરિહાર, [ अधारणा ] અધારણા, [ अनिवृत्तिः च ] અનિવૃત્તિ, [ अनिन्दा ] અનિંદા, [ अगर्हा ] અગર્હા [ च एव ] અને [ अशुद्धिः ] અશુદ્ધિ- [ अमृतकुम्भः ] એ અમૃતકુંભ છે ( કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે-કાંઈ કરવાનું જ નથી, માટે બંધ થતો નથી ).

**ટીકાઃ-** પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ ( અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં ) અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે; તેમનો વિચાર કરવાનું શું

પ્રયોજન છે? (તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.) અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે) તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે. જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે અને એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે. તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે. તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્યપ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે. માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે. તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે. આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે. ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (-અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે. આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે- *कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।। (અર્થઃ-અનેક પ્રકારના વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.) વગેરે.

**ભાવાર્થઃ-** વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે-"લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે, તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે? શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે; પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે." તેને આચાર્ય સમજાવે છે કેઃ-જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે, દોષ મટાડવાને સમર્થ નથી; કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે, કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી, બંધનો જ માર્ગ છે. માટે એમ કહ્યું છે કે-અજ્ઞાનીને જ અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ; તેમની તો વાત જ શી? પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે, કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત, શુદ્ધ, અપ્રતિક્રમણાદિસ્વરૂપ જ છે.

---

* જુઓ ગાથા ૩૮૩-૩૮૫; ત્યાં નિશ્ચયપ્રતિક્રમણ વગેરેનું સ્વરૂપ કહ્યું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।
आत्मन्येवालानितं च चित्त-
मासम्पूर्णविज्ञानघनोपलब्धेः ।।१८८।।

( वसन्ततिलका )

यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।१८९।।

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अतः ] આ કથનથી, [ सुख–आसीनतां गताः ] સુખે બેઠેલા ( અર્થાત્ એશઆરામ કરતા ) [ प्रमादिनः ] પ્રમાદી જીવોને [ हताः ] હત કહ્યા છે ( અર્થાત્ મોક્ષના તદ્દન અનધિકારી કહ્યા છે ), [ चापलम् प्रलीनम् ] ચાપલ્યનો ( -વિચાર વિનાના કાર્યનો ) પ્રલય કર્યો છે ( અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી ), [ आलम्बनम् उन्मूलितम् ] આલંબનને ઉખેડી નાખ્યું છે ( અર્થાત્ સમ્યગ્દૃષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે ), [ आसम्पूर्ण–विज्ञान–घन–उपलब्धेः ] જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી [ आत्मनि एव चितम् आलानितं च ] ( શુદ્ધ ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે ( -વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે કારણ કે તે જ મોક્ષનું કારણ છે ). ૧૮૮.

અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાંદિકને વિષકુંભ કહ્યાં અને અપ્રતિક્રમણાદિકને અમૃતકુંભ કહ્યાં તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यत्र प्रतिक्रमणम् एव विषं प्रणीतं ] ( અરે ! ભાઈ, ) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, [ तत्र अप्रतिक्रमणम् एव सुधा कुतः स्यात् ] ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય ? ( અર્થાત્ ન જ હોય. ) [ तत् ] તો પછી [ जनः अधः अधः प्रपतन् किं प्रमाद्यति ] માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે ? [ निष्प्रमादः ] નિષ્પ્રમાદી થયા થકા [ ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति ] ઊંચે ઊંચે કાં ચડતા નથી ?

**ભાવાર્થઃ-** અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે તેમની તો વાત જ શી ? અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે તેમને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( पृथ्वी )

**प्रमादकलित: कथं भवति शुद्धभावोऽलस:**
**कषायभरगौरवादलसता प्रमादो यत:।**
**अत: स्वरसनिर्भरे नियमित: स्वभावे भवन्**
**मुनि: परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्।।१९०।।**

( शार्दूलविक्रीडित )

**त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं**
**स्वद्रव्ये रतिमेति य: स नियतं सर्वापराधच्युत:।**
**बन्धध्वंसमुपेत्य नित्यमुदित: स्वज्योतिरच्छोच्छल-**
**चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते।।१९१।।**

(દ્રવ્યપ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે કારણ કે તેઓ કર્મબંધનાં જ કારણ છે, અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંનાં અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં સાંભળીને જેઓ ઊલટા પ્રમાદી થાય છે તેમના વિષે આચાર્યદેવ કહે છે કે-'આ માણસો નીચા નીચા કેમ પડે છે? ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?' જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે, અજ્ઞાનીનું નહિ. માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીનાં અપ્રતિક્રમણાદિ ન જાણવાં, ત્રીજી ભૂમિનાં શુદ્ધ આત્મામય જાણવાં. ૧૮૯.

હવે આ અર્થને દ્રઢ કરતું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कषाय-भर-गौरवात् अलसता प्रमादः ] કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે; [ यतः प्रमादकलितः अलसः शुद्धभावः कथं भवति ] તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે? [ अतः स्वरसनिर्भरे स्वभावे नियमितः भवन् मुनिः ] માટે નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ [ परमशुद्धतां व्रजति ] પરમ શુદ્ધતાને પામે છે [ वा ] અથવા [ अचिरात् मुच्यते ] શીઘ્ર-અલ્પ કાળમાં (કર્મબંધથી) છૂટે છે.

**ભાવાર્થઃ-**પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે માટે પ્રમાદીને શુદ્ધ ભાવ હોય નહિ. જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે તે શુદ્ધ થઈને મોક્ષને પામે છે. ૧૯૦.

હવે, મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यः किल अशुद्धिविधायि परद्रव्यं तत् समग्रं त्यक्त्वा ] જે પુરુષ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मन्दाक्रान्ता )

**बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम् ।**
**एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।१९२।।**

ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય તે સર્વને છોડીને [ स्वयं स्वद्रव्ये रतिम् एति ] પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે, [ सः ] તે પુરુષ [ नियतम् ] નિયમથી [ सर्व–अपराध–च्युतः ] સર્વ અપરાધોથી રહિત થયો થકો, [ बन्ध–ध्वंसम् उपेत्य नित्यम् उदितः ] બંધના નાશને પામીને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) થયો થકો, [ स्व–ज्योतिः–अच्छ–उच्छलत्–चैतन्य–अमृत–पूर–पूर्ण–महिमा ] સ્વજ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઊછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે એવો [ शुद्धः भवन् ] શુદ્ધ થતો થકો, [ मुच्यते ] કર્મોથી છૂટે છે-મુક્ત થાય છે.

**ભાવાર્થઃ-** જે પુરુષ, પહેલાં સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી નિજ દ્રવ્યમાં (આત્મસ્વરૂપમાં) લીન થાય છે, તે પુરુષ સર્વ રાગાદિક અપરાધોથી રહિત થઈ આગામી બંધનો નાશ કરે છે અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી, શુદ્ધ થઈ, સર્વ કર્મનો નાશ કરી, મોક્ષને પામે છે. આ, મોક્ષ થવાનો અનુક્રમ છે. ૧૯૧.

હવે મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિમાનું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ बन्धच्छेदात् अतुलम् अक्षय्यम् मोक्षम् कलयत् ] કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, [ नित्य–उद्योत–स्फुटित–सहज–अवस्थम् ] નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, [ एकान्त–शुद्धम् ] એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને [ एकाकार–स्व–रस–भरतः अत्यन्त–गम्भीर–धीरम् ] એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું [ एतत् पूर्ण ज्ञानम् ] આ પૂર્ણ જ્ઞાન [ ज्वलितम् ] જળહળી ઊઠયું (સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું); [ स्वस्य अचले महिम्नि लीनम् ] પોતાના અચળ મહિમામાં લીન થયું.

**ભાવાર્થઃ-** કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું, પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ, અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું, અત્યંત ગંભીર (જેનો પાર નથી એવું)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**इति मोक्षो निष्क्रान्तः।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ मोक्षप्ररूपकः अष्टमोऽङ्कः।।**

અને ધીર (આકુળતા વિનાનું) -એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું. ૧૯૨.

**ટીકા:-** આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

**ભાવાર્થ:-** રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો. જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.

જ્યોં નર કોય પર્યો દ્રઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,
ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;
છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,
યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.

* * *

## સમયસાર ગાથા ૩૦૬ - ૩૦૭ : મથાળું

ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે:-

ભાઈ! આ બહુ શાન્તિ ને ધીરથથી સાંભળવા જેવી વાત છે. અહા! અનંતકાળથી એ સમ્યગ્દર્શન શું ચીજ છે એ સમજ્યા વિના એકલા ક્રિયાકાંડમાં ગરી ગયો છે. પણ ભાઈ! એ તો બધી ફોગટ મજૂરી છે. એમાં જો રાગની મંદતા હોય તો તેને શુભભાવ થાય છે ને એમાં કર્તાબુદ્ધિ હોય તો મિથ્યા છે. આ વર્ષીતપ વગેરે કરે છે ને? અંદર જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ થયા વિના એ તો બધી લાંઘણો છે ભાઈ! એ બધા ક્રિયાકાંડના ભાવ તો ભવભ્રમણ કરવાના ભાવ છે. એનાથી સંસાર ફળશે, મુક્તિ નહિ થાય. પણ શું થાય? અત્યારે તો ચોતરફ એક જ પ્રરૂપણા ચાલે છે કે-આ કરો ને તે કરો; ઉપવાસ કરો ને ઉપધાન કરો ઈત્યાદિ. પણ બાપુ! એ બધા શુભભાવ ઝેર છે. અજ્ઞાનીને તો એ ઝેર છે જ, સમકિતી પણ, તે અતીન્દ્રિય આનંદના સ્વાદથી વિપરીત હોવાથી ઝેર જ જાણે છે. અત્યારે તો પ્રરૂપણામાં જ ઉગમણો-આથમણો ફેરફાર થઈ ગયો છે.

અહાહા...! કેવળીના કેડાયતી વીતરાગી ભાવલિંગી સંત કે જેની દશામાં પ્રચુર આનંદ ઉભરાય છે તે એમ ફરમાવે છે કે-અંદર પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્મા છે; તેનો આશ્રય લીધા વિના જેટલી ક્રિયા પરદ્રવ્યના અવલંબને થાય છે તે બધી ઝેર છે. લોકોને બિચારાઓને આ વાત સાંભળવા મળી નથી. પણ જેમ દૂધ ગરમ કરતાં ઉભરો આવે તેમ સ્વનો આશ્રય થતાં સમ્યગ્દર્શન સહિત અંદર વર્તમાન દશામાં આનંદ-અમૃતનો ઉભરો આવે છે. દૂધનો ઉભરો તો પોલો છે પણ આ અતીન્દ્રિય આનંદનો ઉભરો તો નક્કર હોય છે. ધર્મનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન જેને થયું તે સર્વ સમકિતીને- ચાહે તે આઠ વર્ષની બાલિકા હોય કે ચાહે અઢીદ્વીપ બહાર રહેલાં તિર્યંચ-વાઘ, નાગ કે સિંહ હોય-આત્માનો અનુભવ થતાં અંદર અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે; તે ધર્મ છે, અમૃત છે. સાથે તે જીવોને જે શુભરાગ આવે છે તે, કહે છે, ઝેર છે. જેટલી આત્મસ્થિરતા છે તે અમૃત છે ને જેટલો રાગ વર્તે છે તે ખરેખર ઝેરનો ઘડો છે-એમ કહે છે.

## * ગાથા ૩૦૬ - ૩૦૭ : ટીકા ઉપરનું પ્રવચન *

'પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળા હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે; તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?

શું કહે છે? અજ્ઞાની જીવોને જે મિથ્યાત્વ અને રાગદ્વેષ આદિ અપ્રતિક્રમણના ભાવો છે તે શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવસ્વભાવરૂપ છે. વળી તેઓ સ્વયમેવ અપરાધસ્વરૂપ છે, દોષસ્વરૂપ છે. માટે તે ભાવો વિષકુંભ એટલે ઝેરનો ઘડો જ છે. આચાર્ય કહે છે-તે ભાવોનો વિચાર કરવાનું શું પ્રયોજન છે? અર્થાત્ તે ભાવો તો પ્રથમથી જ ત્યાગવાયોગ્ય છે. અહા! જેમ ઝેર ત્યાગવાયોગ્ય છે તેમ આ મિથ્યાત્વાદિ ભાવો ત્યાગવાયોગ્ય છે.

અહા! જે પ્રતિક્રમણાદિ પુણ્યભાવોને ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, અપરાધી છે. અનાદિથી તે મિથ્યાદર્શન આદિ ભાવોને સેવતો થકો ચાર ગતિમાં રૂલે છે. અહા! એ તો એકલા પાપમાં ડૂબેલો મહાદુઃખી છે.

હવે કહે છે- 'અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે) તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવાને અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય કરતાં હોવાથી વિષકુંભ જ છે.'

જુઓ, અહીં જેને આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદસ્વરૂપ છે એવો જેને અંતર-

અનુભવ થયો છે એવા ધર્મી પુરુષને સવાર-સાંજ દ્રવ્યપ્રતિક્રમણાદિરૂપ શુભભાવ આવે છે એની વાત છે. શું કહે છે? કે ધર્મી જીવને જે દ્રવ્ય પ્રતિક્રમણાદિ શુભભાવ હોય છે તે અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ છે. અહા! ધર્મી પુરુષને શુભભાવમાં અશુભ ઘટે છે ને? તેથી કહ્યું કે એના પ્રતિક્રમણાદિ શુભભાવો વ્યવહારે અમૃતકુંભ છે.

જુઓ, ધર્મીને આ દ્રવ્યપ્રતિક્રમણાદિ શુભભાવો, રાગાદિ દોષો ઘટાડવામાં સમર્થ છે, અભાવ કરવામાં નહિ. રાગાદિનો અભાવ તો એક શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપનો આશ્રય લેવાથી થાય છે, પણ અંતરમાં શુદ્ધ એક જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવી અમૃતસ્વરૂપ પ્રભુ આત્માનું ભાન થયું છે તેને જે નિંદા, ગર્હા આદિનો વ્યવહાર-શુભરાગ આવે છે એનાથી અશુભ ઘટે છે એ અપેક્ષાએ શુભરાગને વ્યવહારથી (વ્યવહારના શાસ્ત્રોમાં) અમૃતકુંભ કહ્યો છે. સમજાણું કાંઈ...? ભાઈ! જેને આત્મજ્ઞાન અંદરમાં થયું નથી એને તો એ બધા શુભભાવ એકલું ઝેર છે.

અહા! સમ્યગ્દ્રષ્ટિ સાચા સંત-મુનિ જેને સ્વાનુભવ સહિત અંદરમાં આત્મામાં રમણતા થઈ છે એની આ વાત છે. કોઈ બહારથી લુગડાં ઉતારી નાખે ને મહાવ્રતાદિ લઈ લે એની આ વાત નથી. બાપુ! એ (મહાવ્રતાદિ) તો નિશ્ચયથી ચારિત્ર છે જ નહિ. સ્વરૂપમાં અંદર જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મામાં ચરવું એનું નામ ચારિત્ર છે. અહાહા! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ' -અહાહા...! આવા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં ચરવું, રમવું ને ઠરવું-એને વીતરાગમાર્ગમાં ચારિત્ર કહ્યું છે. અહા! આવા ચારિત્રવંતને નિંદા, ગર્હા આદિ પરદ્રવ્યના આલંબનરૂપ શુભભાવ આવે છે. તેને પંચપરમેષ્ઠીનું સ્મરણ, સ્તુતિ આદિ શુભરાગ પણ આવે છે. તે શુભરાગમાં, કહે છે, પાપને ઘટાડવાની-અભાવ કરવાની નહિ, ઘટાડવાની-તાકાત છે. તેથી તેને વ્યવહારે અમૃતકુંભ કહેલ છે.

આ સમકિતી ધર્મી પુરુષની વાત છે. જેને પોતે આત્મા કોણ અને કેવો છે એની ખબરેય નથી અને જે બાહ્ય ક્રિયામાં ધર્મ માની રાચે છે એની અહીં વાત નથી. એવા જીવો તો સ્વયં અપરાધરૂપ પ્રવર્તતા થકા ચારગતિમાં રખડવાના માર્ગે જ પડેલા છે. અહીં તો જેણે ભવબીજ છેદી નાખ્યું છે ને ભવ ને ભવના ભાવરહિત ભગવાન આત્માના આનંદનો સ્વાદ માણ્યો છે તેને જે પ્રતિક્રમણાદિ આઠ પ્રકારે શુભભાવ આવે છે તેમાં અશુભ ઘટતું હોવાથી, કહે છે, તે શુભભાવો અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ છે; તેથી તે શુભભાવો વ્યવહારથી અમૃતકુંભ છે. સાક્ષાત્ અમૃત તો દોષનો પરિહાર કરવામાં સમર્થ એવો સ્વાનુભવ જ છે. સમજાણું કાંઈ...?

ભાઈ! આ શાસ્ત્રની મૂળ ગાથા બે હજાર વર્ષ પહેલાંની છે, તથા ટીકા હજાર વર્ષ પહેલાંની છે અને આ અભિપ્રાય તો અનંતકાળથી છે. જુઓ, ભગવાન સીમંધરનાથ

મહાવિદેહમાં હમણાં બિરાજે છે. ત્યાં ભગવાન કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં ગયા હતા; આઠ દિવસ ત્યાં રહ્યા હતા. તે વખતે સભામાં પ્રશ્ન થયો કે આ નાનકડું પતંગિયા જેવું મનુષ્ય કોણ છે? ત્યાં ભગવાનની વાણીમાં આવ્યું કે આ ભરતક્ષેત્રના આચાર્ય છે. અહા! એ આચાર્યદેવ અહીં આડતિયા થઈને આ જાહેર કરે છે કે-આત્મા પૂરણ જ્ઞાનાનંદરૂપી અમૃતનો કુંભ છે. અહાહા...! આવો અમૃતનો કુંભ જેને (પર્યાયમાં) પ્રગટ થયો છે એવા ધર્મીને પ્રતિક્રમણ આદિ આઠ પ્રકારે કહ્યા છે તે શુભભાવ આવે છે. તે (શુભભાવો) પાપના દોષોને ક્રમેક્રમે ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે એમ વ્યવહારથી વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે.

હવે કહે છે-તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી ત્રીજી અપ્રતિક્રમણાદિરૂપ ભૂમિને નહિ દેખનારને દ્રવ્ય પ્રતિક્રમણાદિ અપરાધ કમ કરવારૂપ પોતાનું કાર્ય કરવા અસમર્થ છે. જોયું? આત્માના નિશ્ચય અનુભવ વિના શુભરાગમાં દોષ ઘટાડવાની શક્તિ નથી. આત્માનો નિશ્ચય અનુભવ જેને પ્રગટ થયો છે એવા ધર્મી પુરુષના શુભભાવમાં દોષ ઘટાડવાની શક્તિ છે પણ આત્માનુભવરહિત અજ્ઞાનીજનના શુભભાવમાં દોષ ઘટાડવાની શક્તિ નથી.

મિથ્યાદૃષ્ટિ કે જેને શુભાશુભરહિત ત્રીજી ભૂમિ શું-એની ખબર નથી, અહાહા...! જેને અંતરમાં શુદ્ધોપયોગ થયો નથી એવા જીવને આ પ્રતિક્રમણાદિ છે તે અપરાધરૂપ છે, તે દોષ ઘટાડવા અસમર્થ છે. અહા! હું એક શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા જ છું એવું જેને અંતરમાં ભાન થયું નથી તે અજ્ઞાની જીવ દ્રવ્ય પ્રતિક્રમણાદિ કરો તો કરો, તેને તે ક્રિયા દોષ ઘટાડવા શક્તિમાન નથી, ઉલટું વિપક્ષ એટલે બંધનનું કાર્ય કરે છે. કરેલા દોષોનું નિરાકરણ કરવું, સમકિત આદિ ગુણોની પ્રેરણા કરવી, મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ કરવું, પંચનમસ્કાર આદિનો ભાવ અર્થાત્ પ્રતિમા આદિનું આલંબન, બાહ્ય વિષયકષાયથી ચિત્તને હઠાવવું, આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું, ગુરુ સાક્ષીએ દોષોને પ્રગટ કરવા, દોષ થતાં પ્રાયશ્ચિત લઈ વિશુદ્ધિ કરવી-એ આઠે બોલ શુભભાવ છે. તે શુભભાવ જેને ત્રીજી ભૂમિકા નથી અર્થાત્ સમ્યગ્દર્શન નથી, શુદ્ધોપયોગરૂપ પરિણામ નથી તેને ઝેરરૂપ છે, કેમકે એનામાં દોષ ઘટાડવાનું કિંચિત્ સામર્થ્ય નથી.

ત્રીજી ભૂમિકા સહિત જે જીવ છે તેને જે શુભભાવ આવે છે તે દોષ ઘટાડવામાં સમર્થ છે. પણ અજ્ઞાનીના જે શુભભાવ છે તે વિપક્ષ છે, અર્થાત્ દોષ ઘટાડવાનું કાર્ય કરતા નથી પણ ઉલટું બંધ કરવાનું કાર્ય કરે છે. નવાં કર્મ બંધાય એ કાર્ય કરવા તે સમર્થ છે, માટે તે વિષકુંભ જ છે. મિથ્યાત્વસહિત શુભભાવ બંધનું જ કારણ થાય છે. એકલો શુભ-ઉપયોગ એ તો એકલા બંધનું જ કારણ છે, માટે એ ઝેરનો ઘડો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે કહે છે- 'જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે અને એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્ય પ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.'

અહા! બધી એક સમયની પર્યાયમાં રમત છે. જ્યારે એને એક સમયની પર્યાયની પાછળ વિરાજેલા પરમાનંદમય ભગવાન આત્માની દૃષ્ટિ થાય છે ત્યારે તેને શુદ્ધાત્માની સિદ્ધિ થતાં ત્રીજી ભૂમિકા પ્રગટ થાય છે. અહા! આ ત્રીજી ભૂમિ સર્વ દોષોને નાશ કરવામાં સમર્થ હોવાથી સાક્ષાત્ અમૃતકુંભ છે અને તે હોતાં-તેના સદ્ભાવમાં દ્રવ્યપ્રતિક્રમણાદિને વ્યવહારે અમૃતકુંભપણું છે, તેના અભાવમાં નહિ.

ભાઈ! તારી ચીજ અંદર કેટલી મહિમાવંત છે તેની તને ખબર નથી. અહાહા...! ભગવાન! તું અંદર પૂરણ આનંદ-અમૃતનો સાગર છો. પ્રત્યેક આત્મા આવો છે હોં. ભાઈ! આ તો જિનેશ્વરદેવે કહેલી વાત છે. તેં જિજ્ઞાસાથી તારી વાત કદી સાંભળી નથી! શું થાય? આખી જિંદગી બૈરાં-છોકરાંની આળપંપાળમાં ને ધંધા-વેપારમાં-એકલા પાપના ભાવમાં ચાલી જાય છે. એમાં વળી માંડ સમય મળે તો આવું સાંભળી આવે કે-વ્રત કરો, ઉપવાસ કરો જાત્રા કરો, -અને તમારું કલ્યાણ થઈ જશે. પણ અહીં કહે છે-જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે એ બધો રાગ છે, ઝેર છે. સમોસરણમાં સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય એમના લક્ષે તું સ્તુતિ, ભક્તિ, પૂજા ઈત્યાદિ શુભભાવ કરે એ શુભભાવ ઝેર છે. હવે આવી સત્ય વાત સાંભળવા મળે નહિ તે બિચારા શું કરે?

મોટા અબજોપતિ હોય તોય બિચારા?

હા, જેને અંદર પોતાની સ્વરૂપલક્ષ્મી-અનંત અનંત જ્ઞાનાનંદલક્ષ્મીની ખબર નથી તેઓ મોટા અબજોપતિ હોય તોય બિચારા છે. શાસ્ત્રમાં તેમને 'વરાકાઃ' એટલે રાંકા-ભિખારી કહ્યા છે. જેમ સાકર એકલી મીઠાશનો પિંડ છે તેમ ભગવાન આત્મા પૂરણ એક જ્ઞાનાનંદનો પિંડ છે. અહા! આવા પોતાના સ્વરૂપની દૃષ્ટિ કર્યા વિના ત્રણકાળમાં કોઈ ને ધર્મ થતો નથી, સુખ થતું નથી.

અરે! ૮૪ લાખના અવતાર કરી કરીને તું મરી ગયો છો. આ રસ્તામાં ખટારા નીચે ચગદાઈને ઉંદર, નોળ આદિ મરી ગયેલા જોવામાં આવે છે ને? ભાઈ! આવા અવતા તેં અનંત અનંત વાર કર્યા છે. શું થાય? બાપુ! આ શરીર છે એ જડ માટી-ધૂળ છે; આ મળ્યું છે એ છૂટી જશે, વળી બીજું મળશે. આત્માના ભાન વિના એમ અનંત શરીર મળ્યાં છે. એમેય નથી કે તેં ક્રિયાકાંડ નથી કર્યા. હજારો રાણીઓ છોડી, જૈનનો સાધુ થઈ મહાવ્રતાદિની ક્રિયાઓ પણ તેં અનંતવાર કરી છે અને એના ફળમાં અનંતવાર ગ્રૈવેયકમાં ઉપજ્યો છે. પણ બાપુ! એ બધો શુભરાગ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! એને તેં ધર્મ માન્યો, અમૃત માન્યું પણ અહીં કહે છે-એ તો ઝેર છે, વિષકુંભ છે.

ભગવાન કહે છે-પ્રભુ! તું એકવાર સાંભળ. અંદર તારી ચીજ પુણ્ય-પાપના ભાવથી રહિત-નિર્લેપ શુદ્ધ ચૈતન્યમય પડી છે, એની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન, એનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને એમાં રમણતા તે સમ્યક્ચારિત્ર; આ ધર્મ, આ અમૃત ને આ સુખ. ભગવાન! તેં અનંતકાળમાં આ કર્યું નથી અને બહારમાં પરદ્રવ્યમાં ખેંચાઈને માન્યું કે અમે સુખી છીએ, પણ ત્યાં ધૂળેય સુખી નથી સાંભળને. બાપુ! એ પરદ્રવ્યને અવલંબીને થનારા ભાવ તો બધા રાગના-દુઃખના ભાવ છે. એ વડે તું દુઃખી જ છો. એમાં સુખની કલ્પના છે, સુખ ક્યાં છે? એમાં દુઃખ જ છે.

જુઓ, આદમીને વાત, પિત્ત ને કફ જ્યારે ઘણાં વધી જાય ત્યારે સન્નિપતિ થાય છે. ત્યારે તે દાંત કાઢી ખડખડ હસે છે. શું તે સુખી છે? ના; વાસ્તવમાં એને ભાન નથી કે તે દુઃખી છે. તેમ આ જીવને અનાદિનો સન્નિપાત છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર-એ વડે એને સન્નિપાત છે. વિષય-કષાયમાં એ ઠીક માને છે એ સન્નિપાત છે. એ સુખ માને છે પણ શું તે સુખી છે? ના; એને ભાન નથી કે એ દુઃખી છે. બાપુ! જગત્ (શુભરાગમાં) ઠગાય છે અને માને છે કે અમને ધર્મ થાય છે. વાસ્તવમાં એ ઝેરનો ઘડો છે.

ભાઈ! અંદર તું આનંદનો નાથ સચ્ચિદાનંદમય ભગવાનસ્વરૂપ છો. એની અંતરદૃષ્ટિ કર્યા વિના જેટલી વ્યવહારની ક્રિયાઓ કરે-ચાહે ચોવીસે કલાક ભગવાન... ભગવાન... ભગવાન-એમ જાપ કરે, મને શિવપદ આપજો રે-એમ પ્રાર્થના કરે-પણ એ બધો શુભરાગ બાપા! ઝેરનો ઘડો છે ભાઈ! ભગવાન કહે છે-તારું શિવપદ અમારી પાસે ક્યાં છે તે આપીએ? તે તારામાં જ છે, અને અંતરદૃષ્ટિ વડે જ પ્રાપ્ત થાય એમ છે. બાકી આત્મજ્ઞાનરહિત આ બધી તારી ક્રિયાઓ એકલો વિષકુંભ છે. વ્યવહારના પક્ષવાળાને આ આકરું પડે છે; પણ શું થાય?

જે આત્મજ્ઞાન સહિત છે એવા ધર્મી પુરુષને આવો વ્યવહાર-શુભરાગ આવે છે અને તેને વ્યવહારથી અમૃતકુંભ કહ્યો છે. તથાપિ ખરેખર તો શુદ્ધ ઉપયોગ એ એક જ અમૃતકુંભ છે.

'પરમાર્થવચનિકા' માં આવે છે કે-અજ્ઞાની આગમનો વ્યવહાર અનાદિથી કરતો આવ્યો છે તેથી તેને તે સરળ લાગે છે અને તેથી વ્યવહારશ્રદ્ધા આદિ તે કરે છે; પણ તેને અધ્યાત્મના વ્યવહારની ખબર સુદ્ધાં નથી. શુદ્ધ વીતરાગી દશાનિર્મળરત્નત્રય તે અધ્યાત્મનો વ્યવહાર છે, અને ત્રિકાળી દ્રવ્ય તે અધ્યાત્મનો નિશ્ચય છે. આને તે જાણતો નથી અને આગમના વ્યવહારમાં સંતુષ્ટ રહે છે. પણ એથી શું? અહીં કહે છે-એ તો એકલું ઝેર છે. શ્રી જયસેનાચાર્યદેવે આ ગાથાની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ટીકામાં નિર્મળ રત્નત્રયની અપેક્ષા જ્ઞાનીનો બાહ્ય વ્યવહાર પણ ઝેર છે એમ કહ્યું છે.

અહા! આત્મા તો અંદર પરમાત્મસ્વરૂપ છે. આવે છે ને કે-"સિદ્ધ સમાન સદા પદ મેરો." અહા! એને આ કેમ બેસે? અરિસામાં જુએ ને ટોપી આમ ફેરવે ને તેમ ફેરવે-એને આ કેમ બેસે? તેને કહીએ છીએ કે-ભાઈ! આ શું થયું છે તને? ભાઈ! શું આ મડદાને શણગારવું છે? આ શરીર તો મૃતક કલેવર છે. સમયસાર ગાથા ૯૬માં આવે છે-કે મૃતક કલેવરમાં અમૃતસાગર આત્મા મૂર્છાઈ ગયો છે. ભાઈ! આ શરીર, જડ માટી-ધૂળ છે. અને ભગવાન આત્મા અમૃતનો પિંડ એનાથી ભિન્ન છે. તો એમાં જાને! અહા! ત્યાં તને અખંડ પ્રતાપ વડે શોભાયમાન તારો અમૃતનો નાથ પ્રાપ્ત થશે.

વળી કેટલાક અજ્ઞાનીઓ માને છે કે અમે સમાજની, દેશની ને જગતની સેવા કરીએ છીએ. પણ પરની સેવા કોણ કરી શકે? તારા શરીરમાં રોગ આવે તેને તું મટાડી શકતો નથી, તારી સ્ત્રી જેને તું અર્ધાંગના કહે છે તે મરવા પડી હોય તો તું બચાવી શકતો નથી તો તું બીજાઓને કેમ બચાવીશ? ભાઈ! એ તો જેનું જેટલું આયુષ્ય હશે તેટલું તે રહેશે. કોણ બચાવે? ને કોણ મારે? પ્રભુ! તને પરની દયાનો ભાવ આવે છે. પણ એક તો તું પરની દયા પાળી શકતો નથી અને બીજું કે પરની દયાનો શુભભાવ, અહીં કરે છે, ઝેરનો, ઘડો છે. ગજબ વાત છે ભાઈ! જો તારે સત્‌નું શરણું લેવું હશે તો આ સ્વીકારવું પડશે; આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

અહાહા...! આત્મા આનંદનો નાથ પ્રભુ અંદર અતીન્દ્રિય જ્ઞાન ને આનંદથી ભરચક (પૂર્ણ) ભરેલો છે. એના અનુભવની વાત બહાર વાણીમાં કેટલી આવી શકે? માત્ર ઈશારા કરી શકાય. જેમ ગુંગો ગોળ ખાય પણ સ્વાદ કેવો છે તે કહી શકે નહિ, તેમ એના આનંદનો સ્વાદ કહી શકાય એમ નથી. માટે હે ભાઈ! સર્વ વિકલ્પનું લક્ષ છોડીને સ્વરૂપમાં અંતર્દષ્ટિ કર. બસ આ જ કરવા યોગ્ય છે; બાકી બધાં થોથેથોથાં છે.

અહીં કહે છે-અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિપ્રાપ્તિરૂપ છે. વળી તે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરવાવાળી છે. તેથી તે ત્રીજી ભૂમિકા સ્વયં સાક્ષાત્ અમૃતકુંભ છે. અહાહા...! શુદ્ધોપયોગરૂપ ભૂમિકા જેમાં નિર્મળ રત્નત્રય પાકે છે તે સાક્ષાત્ અમૃતકુંભ છે. અહા! આવી ત્રીજી ભૂમિકાવાળા ધર્મી પુરુષને જે દ્રવ્યપ્રતિક્રમણાદિ હોય છે તેને વ્યવહારથી અમૃતકુંભપણું પ્રાપ્ત થાય છે. ખરેખર તે અમૃતકુંભ છે એમ નહિ, પણ સાક્ષાત્ અમૃતકુંભનો સહકારી છે તેથી તેને અમૃતકુંભ ઉપચારથી કહેવામાં આવે છે. હવે કહે છે.

'તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે. તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્યપ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે. માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે.'

લ્યો, શુદ્ધોપયોગરૂપ ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે, બીજી રીતે નહિ, વ્યવહારરત્નત્રયથી નહિ. જ્યાં શુદ્ધોપયોગ નથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી ત્યાં સર્વ ક્રિયાકાંડ અપરાધ જ છે. વ્યવહાર પ્રતિક્રમણ, સામાયિક, પ્રૌષધ, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા ઈત્યાદિ સર્વ, શુદ્ધોપયોગના અભાવમાં, અપરાધ જ છે, ઝેર જ છે. માટે શુભાભાવ ભાવોથી રહિત ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું સિદ્ધ થાય છે. આ ન્યાયથી-લોજીકથી સિદ્ધ થયું કે શુદ્ધોપયોગથી જ નિરપરાધપણું છે એ સિવાય પુણ્યની ક્રિયાઓથી જેમાં દોષોનો નાશ થાય એવું નિરપરાધપણું છે નહિ. પુણ્યની ક્રિયાથી દોષનો નાશ સિદ્ધ થતો નથી.

વ્યવહારપ્રતિક્રમણાદિના વિકલ્પ ધર્મીને આવે છે પણ એનું લક્ષ તો અંદર ભગવાન આત્માના અનુભવમાં રહેવાનું હોય છે. દયા, દાન આદિ શુભના કાળેય એની દૃષ્ટિ શુદ્ધ આત્મા પર હોય છે, અને રાગને છોડી અંદર ભગવાન ચિદાનંદમય આત્મા છે તેની પૂરણ પ્રાપ્તિનું જ એને લક્ષ હોય છે. તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે; શુભરાગમાં રોકાઈ રહેવા અર્થે નહિ. સમજાણું કાંઈ.....?

હવે કહે છે- 'આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે. ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી.'

અહા! આ સમયસાર નિશ્ચયનયનું એટલે શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માને બતાવવાવાળું શાસ્ત્ર છે. સંવત ૧૯૭૮માં આ શાસ્ત્ર પહેલવહેલું અમારા હાથમાં આવ્યું અને જ્યાં વાંચ્યું ત્યાં એમ થઈ ગયું કે-અહો! આ તો અશરીરી થવાની ચીજ છે. આમાં તો શરીર ને સંસાર રહિત સિદ્ધ થવાની સામગ્રી પડી છે. અહીં કહે છે-એમ ન માનવું કે આ નિશ્ચયનું શાસ્ત્ર વ્યવહારપ્રતિક્રમણાદિ છોડાવી અશુભમાં પ્રરે છે. એમાં શુભભાવને છોડી અશુભમાં જવાની વાત નથી. શાસ્ત્રનો દ્રવ્યપ્રતિક્રમણાદિ છોડાવવાનો હેતુ નથી પણ તેમાં અટકી રહેવાનું તે છોડાવે છે. પ્રતિક્રમણ, સામાયિક, ભક્તિ, વ્રત, તપ, પૂજા ઈત્યાદિના શુભરાગમાં રોકાઈ અટકી રહેવાનું તે છોડાવે છે. વાસ્તવમાં તે સુખધામ, ચૈતન્યધામ એવા સ્વરૂપમાં લઈ જાય છે અને એ જ આનું કરવાયોગ્ય કર્તવ્ય છે, ધર્મ છે.

અહા! પુણ્યભાવને છોડી પાપમાં નાખવાનો શાસ્ત્રનો હેતુ નથી. હેતુ તો પુણ્યને પણ છોડી અંદર પરમ પવિત્ર પ્રભુ આત્મા છે તેનો અનુભવ કરાવવાનો છે, કેમકે આત્માનુભવથી જ નિરપરાધપણું છે, કલ્યાણ છે. બાપુ! આ (-સ્વાનુભવ) વિના જેમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઘાણીમાં તલ પીલાય છે તેમ ચારગતિના દુઃખમાં તું પીલાઈ જઈશ. ચારે ગતિ દુઃખરૂપ છે. ચૈતન્યલક્ષ્મીના ભાન વિના જ્યાં જાય ત્યાં દુઃખ જ છે. અહા! નિજ સ્વરૂપલક્ષ્મીની જેને ખબર નથી અને ધૂળનો (પુણ્યકર્મનો) જેને પ્રેમ છે એવા મોટા અબજોપતિઓ, રાજાઓ અને દેવતાઓ પણ દુઃખી જ દુઃખી છે.

અહીં દ્રવ્યપ્રતિક્રમણાદિ છોડવતા નથી, પણ શુભરાગમાં સંતુષ્ટ થઈ તે રોકાઈ જાય છે ત્યાંથી તેને છોડાવી અંદર ધ્રુવધામમાં-ચૈતન્યધામમાં લઈ જાય છે. એમ કે પ્રતિક્રમણાદિ શુભભાવમાં સંતુષ્ટ રહેવા જેવું નથી કેમકે ભગવાન આત્મા જે અમૃતસ્વરૂપ છે એનાથી તે ભાવો વિપરીત છે, ઝેર છે. નિર્મળ રત્નત્રય સાક્ષાત્ અમૃત છે, જ્યારે આ શુભભાવો એની અપેક્ષા ઝેર છે, માટે, શુભભાવોમાં સંતુષ્ટ રહેવું યોગ્ય નથી એમ આશય છે. વળી-

'તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે.'

ભાઈ! અંદર વસ્તુ તું આત્મા છો કે નહિ? ભગવાન! તું તત્ત્વ છો કે નહિ? તત્ત્વ છો તો એનું કાંઈ સત્ત્વ છે કે નહિ? એનામાં કોઈ શક્તિ, સ્વભાવ કે ગુણ છે કે નહિ? અહાહા...! ભગવાન! તું પૂરણ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણ-અનંત શક્તિઓનો પિંડ છો ને? અનંતસ્વભાવોથી ભરેલું તારું સત્ત્વ છે ને પ્રભુ! અહાહા...! તેને પામવું કેમ? તો કહે છે-તેને પામવા માટે શુભ-અશુભ ભાવ કાર્યકારી નથી. ભગવાન! તારું ચૈતન્યતત્ત્વ અપ્રતિક્રમણાદિ અશુભભાવથી અગોચર-અગમ્ય છે ને પ્રતિક્રમણાદિ શુભભાવથીય અગોચર-અગમ્ય છે. સમજાય છે કાંઈ...? ભાઈ! આ દયા, દાન, ભક્તિ આદિ શુભભાવથી ભગવાન આત્મા અગોચર છે. ગજબ વાત! કહે છે-વ્યવહારના ક્રિયાકલાપથી તને આત્માનો અનુભવ નહિ થાય કેમકે એનાથી તે અગમ્ય છે.

આ નાળિયેર હોય છે ને નાળિયેર! એના ઉપર જે છાલાં છે તે નાળિયેર નથી, કઠણ કાચલી છે તે પણ નાળિયેર નથી, અને નાળિયેરના ગોળા ઉપરની જે રાતડ છે તે પણ નાળિયેર નથી. પણ અંદર સફેદ માવો ભરેલો મીઠો ગોળો છે એ નાળિયેર છે. તેમ આ શરીર છે તે છાલાં છે, કર્મ છે તે કાચલી છે. એ બન્ને આત્મા નથી અને રાતડ સમા જે પુણ્ય-પાપના ભાવ છે તેય આત્મા નથી. એ ત્રણેયથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય અને આનંદનો અંદર ગોળો છે તે આત્મા છે.

અહીં કહે છે- પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર, શુદ્ધ આત્માની સિદ્ધિ નામ પ્રાપ્તિ જેનું લક્ષણ છે એવી અતિ દુષ્કર ત્રીજી અપ્રતિક્રમણાદિરૂપ જે ભૂમિ જે શુદ્ધોપયોગરૂપ છે તેને (આ શાસ્ત્ર) કરાવે છે. ભાઈ! શુદ્ધોપયોગ અતિ દુષ્કર છે. સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અતિ દુષ્કર છે. અહા! અનંતકાળમાં એણે શુભક્રિયાઓ તો અનંતવાર કરી છે પણ શુભાશુભથી ભિન્ન શુદ્ધ ચૈતન્યતત્ત્વનાં જ્ઞાન-શ્રદ્ધાન ને અનુભવ એક ક્ષણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ કર્યાં નથી તેથી તે દુષ્કર છે. અહીં કહે છે-આ શાસ્ત્ર એને દ્રવ્યપ્રતિક્રમણાદિથી સંતોષ કરાવતું નથી એટલું જ નહિ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવાં અતિ દુષ્કર નિર્મળ રત્નત્રયની પ્રાપ્તિ પણ કરાવે છે. અહો! આ શાસ્ત્ર પરમ અદ્ભુત મહિમાવંત છે.

જુઓ, નીચે નરકગતિ છે. રાજા, મહારાજા ને મોટા પૈસાવાળા જેઓ માંસ, ઇંડા, દારૂ ઈત્યાદિનું સેવન કરે છે એ બધા નીચે નરકમાં ભરાય છે. શું થાય? એવા ક્રુર પરિણામનું ફળ એવું છે. ભાઈ! આ જીવ પણ ત્યાં અનંતવાર ગયો છે. વળી જેઓ માયા, કુટિલતા, વક્રતા-આડોડાઈ બહુ કરે છે એ જીવો તિર્યંચમાં જાય છે. એવા ભવ પણ એણે અનંતા કર્યા છે. અરે! અનાદિથી એ અનંતકાળમાં ક્યારેય ભવ વિનાનો રહ્યો નથી. ચાર ગતિમાં, ૮૪ લાખ યોનિમાં અવતાર ધરી ધરીને તે તીવ્ર દુઃખોને જ પ્રાપ્ત થયો છે.

અહા! જો એકવાર ભવરહિત થાય તો ફરીને તેને જન્મ-મરણ રહે નહિ. જેમ ચણો કાચો હોય તો ઉગે પણ શેકેલો ચણો ઉગે નહિ. તેમ સ્વસ્વરૂપના ભાન વિના પુણ્ય-પાપના ભાવ કર્યા જ કરે તેને કાચા ચણાની જેમ ચારગતિમાં જન્મમરણ થયા જ કરે, તેનું ભવભ્રમણ મટે નહિ. પરંતુ પુણ્યપાપરહિત પોતાના સ્વસ્વરૂપને ઓળખીને તેમાં જ લીન થઈ રહે તેને શેકેલા ચણાની જેમ નવા નવા ભવ થતા નથી. અહા! તે ભવરહિત અત્યંત નિરાકુલ આનંદની દશાને પ્રાપ્ત થઈ જાય છે. સમજાણું કાંઈ...?

ભાઈ! અંદર તું કેટલો મહાન છો તેની તને ખબર નથી; અને બેખબરો રહીને તું ચારગતિમાં રઝળે છે, રૂલે છે. સ્વ ને પરની ખબર વિના બેખબરો રહીને રાગથી એકપણું કરીને ભગવાન! તું ચારગતિમાં રખડી મરે છે. અહીં કહે છે-પ્રભુ! તું ક્રિયાકાંડથી ભિન્ન પડી અંદર આનંદથી ભરેલું શુદ્ધ ચૈતન્યતત્ત્વ છે તેમાં આવી જા, અને તેમાં જ નિવાસ કર. તને ભવરહિત અનંતસુખમય પદની પ્રાપ્તિ થશે. આ સિવાય મોટો જૈનનો સાધુ થાય તોય શું કામનું?

આત્માને સાધે તે સાધુ છે. જેણે અંદરમાં આનંદને સાધ્યો નથી તે સાધુ નથી; અર્થાત્ જે એકલા ક્રિયાકાંડમાં જ મગ્ન છે તે સાધુ નથી. અંદર અમૃતકુંભ પ્રભુ આત્મા પડયો છે તેને સાધીને જે પ્રગટ કરે તે સાધુ છે. અંદર વસ્તુ આનંદસ્વભાવ છે એનું મનન કરવું, એમાં લીન થવું એનું નામ મુનિ છે. વસ્ત્ર સહિત સાધુ એ તો કુલિંગ છે. અને બાહ્યલિંગમાં જ મગ્ન છે એય વાસ્તવમાં સાધુ નથી. જે સ્વસ્વરૂપમાં જ નિરંતર મગ્ન છે તે જ પરમાર્થે સાધું છે. અહો! સાધુદશા કોઈ અલૌકિક ચીજ છે.

અહા! આવું મનુષ્યપણું મળ્યું ને આ વાતને સમજીને સમ્યગ્દર્શન પ્રગટ ન કર્યું તો જેમ દોરા વગરની સોય ખોવાઈ જાય અને હાથ આવે નહિ તેમ તે ભવ-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સમુદ્રમાં ક્યાંય ખોવાઈ જશે; તેને આત્મા હાથ નહિ આવે. અને જેમ સોયને દોરો પરોવેલો હોય તો તે ખોવાઈ હશે તોપણ જડશે તેમ જેણે આત્માને રાગથી ભિન્ન જાણી સમકિત પ્રગટ કર્યું હશે તે નબળાઈના રાગને કારણે કદાચિત્ અલ્પ ભવ કરશે તોપણ તે અંતે મોક્ષને પામશે જ.

આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે- (ગાથા ૩૮૩)

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।**
**तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमण।।**

**અર્થ:-** અનેક પ્રકારનાં વિસ્તારવાળા જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે. ઈત્યાદિ.

## * ગાથા ૩૦૬ - ૩૦૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે-"લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે, તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે? શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે; પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે."

જુઓ આ વ્યવહારના-રાગના પક્ષવાળાની દલીલ! શું કહે છે? લાગેલા દોષોનો પ્રતિક્રમણાદિ શુભભાવથી નાશ થઈ જાય છે ને આત્મા શુદ્ધ થાય છે. તો પહેલેથી જ શુદ્ધની દૃષ્ટિ કરો, શુદ્ધનો અનુભવ કરો-એમ શુદ્ધના આલંબનનો ખેદ શું કામ કરાવો છો? શુભથી આત્મા પવિત્ર થઈ જશે અને પછી (નિરાંતે) શુદ્ધનું આલંબન થશે. પહેલેથી જ શુદ્ધના આલંબનનો ખેદ કરવો નકામો છે. લ્યો, આ પ્રમાણે શુભભાવ કરવાથી (આત્મા) શુદ્ધ થશે એમ આ વ્યવહારના પક્ષવાળાની દલીલ છે.

તેને આચાર્ય સમજાવે છે કે-

'જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે, દોષ મટાડવાને સમર્થ નથી;...'

જુઓ, શું કહે છે? આનંદનો નાથ એવો જે પોતાનો આત્મા એની દૃષ્ટિ વિના વ્યવહાર ક્રિયાકાંડ બધો દોષરૂપ જ છે. અહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પ્રતિક્રમણ આદિ જેને લોકો ધર્મ માની બેઠા છે તે બધાય શુભભાવો અંતર-અનુભવ વિના પરમાર્થે પાપ જ છે. બહુ આકરી વાત ભાઈ! પુણ્યપાપથી રહિત હું ચિદાનંદકંદ પ્રભુ આત્મા છું-એમ સ્વાનુભવ વિના બધો શુભરાગ એકલો ઝેર ને દુઃખ છે. અરે! ભગવાન! આત્માના ભાન વિના એવી ક્રિયાઓ તો તેં અનંતવાર કરી છે; પણ જે

સ્વયં દોષસ્વરૂપ જ છે તે દોષને કેમ મટાડે? આત્મજ્ઞાનના અભાવમાં વ્રત, તપ આદિ કોઈ બાહ્ય ક્રિયાઓ દોષ મટાડવા સમર્થ નથી. હવે એનું કારણ કહે છે-

'કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે, કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી, બંધનો જ માર્ગ છે.'

મોક્ષમાર્ગમાં નિશ્ચય સહિત વ્યવહાર (હોય) છે. જેને રાગરહિત શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માની દૃષ્ટિ, જ્ઞાન ને અનુભવ થયાં છે એવા નિશ્ચયવાળાના શુભરાગને વ્યવહાર કહેવામાં આવે છે. પણ જેને નિશ્ચય-સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ નથી એના વ્યવહાર-ક્રિયાકાંડ કોઈ ચીજ નથી. એ તો કેવળ અપરાધ અને દોષ જ છે. ભાઈ! દુનિયાથી આ વાત જુદી છે. લોકો સાથે એનો મેળ ન ખાય એવી આ અલૌકિક વાત છે. નિશ્ચયયુક્ત જે વ્યવહાર એને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે. પણ આત્મજ્ઞાન રહિત અજ્ઞાની, ભલે તે વ્રતાદિના શુભરાગમાં વર્તતો હોય તોય તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેતા નથી.

ભાઈ! નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે. જેને આત્માનો અનુભવ અંદરમાં થયો છે એને જે શુભરાગ આવે છે તેને મોક્ષમાર્ગમાં વ્યવહાર કહેવામાં આવે છે. કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી; અર્થાત્ નિશ્ચય રહિત વ્યવહાર કાંઈ નથી, તે વ્યવહાર નામ પામતો નથી; એ તો બંધનો જ માર્ગ છે; અજ્ઞાનીને દયા, દાન, વ્રતાદિના વિકલ્પો બંધનું-સંસારનું જ કારણ થાય છે. હવે કહે છે.

'માટે એમ કહ્યું છે કે-અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ; તેમની તો વાત જ શી? પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે, કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત, શુદ્ધ અપ્રતિક્રમણાદિસ્વરૂપ જ છે.'

જુઓ, શું કહ્યું? અજ્ઞાનીને જે મિથ્યાત્વાદિરૂપ અપ્રતિક્રમણાદિક છે એ તો વિષકુંભ છે જ. એની તો શી વાત કરવી? પરંતુ ભગવાને વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક શુભભાવો કહ્યા છે તે પણ નિશ્ચયથી વિષકુંભ જ છે. અહાહા...! નિશ્ચય સહિતની જે ક્રિયા (શુભ) છે તે પણ પરમાર્થે ઝેરનો ઘડો જ છે. જેને પોતાના નિશ્ચયસ્વરૂપનું અંદર ભાન છે તેના વ્યવહારને (શુભરાગને) વ્યવહાર કહેવામાં આવે છે તે વ્યવહાર પણ નિશ્ચયથી વિષકુંભ જ છે; કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત, શુદ્ધ, અપ્રતિક્રમણાદિસ્વરૂપ જ છે. લ્યો, આવી વાત છે.

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૮૮ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'अतः' આ કથનથી, 'सुख–आसीनतां गताः' સુખે બેઠેલા (અર્થાત્ એશ-

આરામ કરતા ) 'प्रमादिनः' પ્રમાદી જીવોને 'इताः' હત કહ્યા છે.

શું કીધું? કે-આત્મા શું ચીજ છે એની ખબર વિના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઈત્યાદિ શુભક્રિયાઓ વડે ધર્મ થાય છે એમ માની જે શુભરાગમાં સંતુષ્ટ થાય છે તેઓ પ્રમાદી છે અને તે જીવો 'હતાઃ' એટલે હણાઈ રહ્યા છે અર્થાત્ તેઓ મોક્ષના અનધિકારી છે. અહા! જેને હું પોતે જ્ઞાનાનંદસ્વરૂપ છું એમ અંતર-અનુભવ થયો નથી તે જીવો મોક્ષના-ધર્મના અનધિકારી છે અર્થાત્ તેમનો મોક્ષમાર્ગમાં પ્રવેશ જ થતો નથી.

'चापलम् प्रलीनम्' ચાપલ્યનો (વિચાર વિનાના કાર્યનો) પ્રલય કર્યો છે. એટલે શું? કે આત્મભાન વિનાની ક્રિયાઓનો-દ્રવ્યપ્રતિક્રમણ, વ્રત, તપ, ભક્તિ, પૂજા, ભણવું, ભણાવવું, પઠન-પાઠન, ચિંતવન ઈત્યાદિ ક્રિયાઓનો-પ્રલય કર્યો છે, અર્થાત્ તે ક્રિયાઓ બધી મોક્ષના કારણમાં ગણવામાં આવી નથી.

આ લાખો-કરોડોનું દાન કરે, ભક્તિ, પૂજા, પંચપરમેષ્ઠીનું સ્મરણ ઈત્યાદિ કરે એ બધી શુભરાગની ક્રિયાઓ ચાપલ્ય છે. આત્માના ભાન વિના આવી બધી ક્રિયાઓના કરનારા મિથ્યાદૃષ્ટિ છે. અહા! જેઓ અહિંસાદિ પાપની ક્રિયાઓમાં પડેલા છે-તેમની તો શી વાત કરવી? તે પાપી જીવો તો ચારગતિમાં રખડી જ મરે છે. પણ અહીં કહે છે- પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ કર્યા વિના જેઓ એકલી પુણ્યની-દયા, દાન, વ્રતાદિની ક્રિયાઓ કરવામાં પડેલા છે તેઓને પણ ચાપલ્ય છે, અર્થાત્ તેમની તે ક્રિયાઓ મોક્ષમાર્ગમાં ગણી નથી. તેઓ પણ બંધમાર્ગમાં એટલે સંસારમાં જ રઝળી મરે છે.

હવે કહે છે- 'आलम्बनम् उन्मूलितम्' આલંબનને ઉખેડી નાખ્યું છે. અર્થાત્ સ્વદ્રવ્યના આલંબન સિવાય જેટલું પરદ્રવ્યનું આલંબન છે તેને મૂળથી ઉખેડી નાખ્યું છે. સમ્યગ્દૃષ્ટિને જે દ્રવ્યપ્રતિક્રમણાદિ હોય છે તેને પણ નિશ્ચયે બંધનું કારણ જાણી હેય ગણ્યું છે. પરદ્રવ્ય ચાહે પંચપરમેષ્ઠી હો કે શાસ્ત્ર હો, એનું આલંબન પ્રમાદ છે અને તે હેય છે. એક વીતરાગભાવ સિવાય, પાપની નિંદા, ચિત્તને પાપથી પાછું વાળવું તે, ઈત્યાદિ સર્વ શુભરાગની ક્રિયાઓ પ્રમાદ છે અને એમાં પરદ્રવ્યનું આલંબન છે. અહા! અહીં કહે છે- જેટલું પરદ્રવ્યનું આલંબન છે તે મૂળથી ઉખેડી નાખ્યું છે એટલે કે હેય કર્યું છે.

**પ્રશ્નઃ-** તો ભાવપાહુડમાં પંચમહાવ્રત અંગીકાર કરો, ષોડશભાવના ભાવો ઈત્યાદિ અનેક પ્રકારની શુભક્રિયાઓ કરવાની વાત આવે છે ને?

**ઉત્તરઃ-** હા, આવે છે; પણ એ તો ભાઈ! જ્ઞાનીને તે તે ભૂમિકાઓમાં કેવા કેવા પ્રકારનો શુભરાગ આવે છે એનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. એ સર્વ વ્યવહારનું કથન

સમજવું. બાકી પરમાત્મા જૈન પરમેશ્વર એમ કહે છે કે-મારા આલંબનથી પણ તને રાગ થશે. પંચાસ્તિકાયમાં આવે છે કે અરિહંત પ્રત્યેનો રાગ એ મોક્ષનું કારણ નથી.

પંચાસ્તિકાય, ગાથા ૧૬૮ માં કહ્યું છે કે-જરા પણ રાગ દોષની પરંપરાનું કારણ છે. અરિહંત આદિની ભક્તિ રાગપરિણામ વિના હોતી નથી, અને રાગપરિણામ થતાં આત્મા, પોતાને બુદ્ધિપ્રસાર વિનાનો રાખી શકતો નથી. બુદ્ધિપ્રસાર અર્થાત્ ચિત્તનું ભ્રમણ હોતાં શુભાશુભ કર્મોનો નિરોધ થતો નથી. આ પ્રમાણે પરદ્રવ્યનું આલંબન જેનું મૂળ છે એવો અલ્પ રાગ પણ દોષની સંતતિનું મૂળ છે. ભાઈ! આ તો વીતરાગનો માર્ગ! એ તો વીતરાગતાથી જ પ્રગટે છે.

અહાહા...! ચૈતન્યસ્વરૂપી આત્મા જ્ઞાયકપ્રભુ એક વીતરાગસ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એના આલંબન વિના જેટલું પરદ્રવ્યનું આલંબન થશે એટલો રાગ જ ઉત્પન્ન થશે. અને એ અલ્પરાગ પણ દોષની પરંપરાનું મૂળ છે એમ કહે છે. જ્ઞાનીને એ ભાવ આવે ખરા, પણ એને એ બંધનું કારણ જાણી હેય ગણે છે.

તો બીજે શાસ્ત્રમાં અર્હંતાદિની ભક્તિ વગેરેને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે ને?

ભાઈ! એ તો આરોપથી કથન છે. મોક્ષમાર્ગમાં રત-ઉદ્યમી જીવોને એવો ભાવ આવે છે એમ જાણી આરોપ દઈને ઉપચારથી તેને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે. ભાઈ! જ્યાં જે વિવક્ષાથી કથન હોય તે યથાર્થ સમજવું જોઈએ. વાસ્તવમાં તો વીતરાગસ્વભાવી ભગવાન આત્માની સન્મુખતાએ પ્રગટેલો એક વીતરાગભાવ જ પરંપરાએ મોક્ષનું કારણ છે.

કળશટીકામાં કહ્યું છે કે-બુદ્ધિપૂર્વક જ્ઞાન કરતાં થકાં જેટલું ભણવું, વિચારવું, ચિંતવવું, સ્મરણ કરવું ઈત્યાદિ છે તે 'ઉન્મૂલિતમ્' મોક્ષનું કારણ નથી એમ જાણીને હેય ઠરાવ્યું છે.

**પ્રશ્નઃ-** આત્મજ્ઞાન વિના હોય એની વાત છે ને?

**ઉત્તરઃ-** આત્મજ્ઞાન હોય ત્યાં પણ તે રાગ વર્તમાનમાં દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. ભાઈ રાગનો-આસ્રવનો સ્વભાવ જ આ છે. (જુઓ સમયસાર ગાથા ૭૨ ને ૭૪). ધર્મીને પણ શુભરાગથી પુણ્ય બંધાશે, એના ફળમાં સંયોગ મળશે, અને સંયોગના લક્ષે ફરી રાગ-દુઃખ જ થશે. આવી વાત! પરમાર્થ સત્ય બહુ અલૌક્કિ અને સૂક્ષ્મ છે ભાઈ!

ભાઈ! તને સાચા દેવ, સાચાં શાસ્ત્ર અને સાચા ગુરુ મળ્યા છે તે પરદ્રવ્ય છે. તેના આલંબનથી પણ તને રાગ જ થશે. સ્વ-અવલંબને જ સ્વરૂપસિદ્ધિ છે, એ સિવાય પરદ્રવ્યનું અવલંબન રાગનું-વિકારનું જ મૂળ છે. એટલે કહે છે કે - પરનું

આલંબન મૂળમાંથી જ ઉખેડી નાખ્યું છે; અર્થાત્ એને હેય જ ગણ્યું છે. પંચાસ્તિકાયમાં લીધું છે કે પંચપરમેષ્ઠીની ભક્તિથી પણ મોક્ષ દૂર છે.

જાુઓ, ધર્મીને એક સમયમાં બે ધારા છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી સાધકને કાંઈક શુદ્ધતા છે ને કાંઈક અશુદ્ધતા-રાગધારા પણ છે. ભાઈ! ચાહે વ્યવહાર રત્નત્રય હો, તોપણ એ રાગ જ છે, બંધનું જ કારણ છે અને તેથી હેય છે. 'પુરુષાર્થસિદ્ધયુપાય' માં કહ્યું છે કે-જેટલે અંશે રાગ, એટલે અંશે બંધન, અને જેટલે અંશે સમકિત એટલે અંશે અબંધ.

આચાર્ય અમૃતચંદ્રસ્વામી ત્રીજા કળશમાં કહે છે કે-દ્રવ્યદ્રષ્ટિએ તો હું શુદ્ધ ચિન્માત્રમૂર્તિ છું પરંતુ નિમિત્તના વશે અમારી પરિણતિ રાગાદિથી વ્યાપ્ત કલ્માષિત એટલે મેલી છે. આ સમયસાર-શુદ્ધાત્માના ગ્રંથની વ્યાખ્યા કરવાથી જ અમારી પરિણતિની પરમ વિશુદ્ધિ થશે. જાુઓ, અંદર દ્રવ્યદ્રષ્ટિનું જોર છે ને? તો તેના બળે પરમ વિશુદ્ધિ થશે જ એમ કહે છે. જુઓ, છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મુનિરાજ પણ કહે છે-અમારી પરિણતિ કિંચિત્ મેલી-કલુષિત છે. અમને તે પોસાતી નથી, અમારે તો પરમ વિશુદ્ધિ જોઈએ. ભાઈ! રાગનો અંશ-કણ હોય તોય તે મેલ છે અને તે હેય જ છે.

ભાઈ! તારું સુખ સ્વાધીન સ્વ-અવલંબનથી જ પ્રગટે તેમ છે. અરે! તું સ્વને છોડીને પરદ્રવ્યના અવલંબનમાં ક્યાં ગયો? તારે શું કરવું છે પ્રભુ? રાગને પોતાનો માનીને તો ભગવાન! તું ચોરાસી લાખ યોનિમાં રઝળી મુઓ છે. અહીં તો ભાઈ! તું પાંચ પચાસ કે સો વર્ષ રહીશ. પછી કયાં જઈશ? તારે ક્યાં રહેવું છે પ્રભુ! અહા! દ્રવ્યલિંગ ધારીને પણ કોઈ ક્ષેત્રમાં જન્મવાનું બાકી નથી રાખ્યું. દ્રવ્યમુનિપણું ધારણ કરીને પણ સ્વના અવલંબન વિના ભગવાન! તું અનંત અનંત વાર જન્મ્યો ને મર્યો. નરક ને નિગોદના પણ અનંત અનંત ભવ કર્યા. તેં માન્યું કે આ પંચમહાવ્રત પાળ્યાં એટલે હું વધી ગયો, પણ ભાઈ! તું કાંઈ વધ્યો નથી. સંસાર તો તારો એવો ને એવો જ ઊભો છે. માટે હે ભાઈ! પરાવલંબનની દ્રષ્ટિ છોડી સ્વઅવલંબન પ્રગટ કર.

સમ્યગ્દ્રષ્ટિને પણ વ્યવહાર પ્રતિક્રમણાદિ જે આઠ બોલ કહ્યા છે તે હોય છે. પણ એ બધો રાગ છે. શું કીધું? કરેલા દોષોનું નિરાકરણ કરવું સમકિત કેમ થાય તે સંબંધી સમ્યક્ત્વાદિ ગુણોની પ્રેરણા, મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ, પંચ નમસ્કારાદિ ભણવાનો ભાવ, પ્રતિમાદિ બાહ્ય આલંબન વડે ચિત્તને સ્થિર કરવું, બાહ્ય વિષયકષાયથી પાછા હઠવું, આત્મસાક્ષીએ દોષોને પ્રગટ કરવા, ગુરુ સાક્ષીએ દોષોને પ્રગટ કરવા, પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી-એમ આ સર્વ ભાવો રાગ છે. આવા ભાવો ધર્મીને

આવે છે પણ તેને તે હેય જાણે છે. અરે! ક્રિયાકાંડમાં રોકાઈને જીવો જિંદગી પૂરી કરી નાખે છે પણ વીતરાગ પરમેશ્વર જેને ધર્મ કહે છે તેને સાંભળવાય રોકાતા નથી!

ભાઈ! આ દેહ તો જડ માટી-ધૂળ છે. તે વિનાશિક છે; એની તો બળીને રાખ થશે. પણ ભગવાન! તું તો ત્રિકાળ રહેનારી અવિનાશી ચીજ છો ને! અહાહા...! શાશ્વત ચિદ્દ્ઘન વસ્તુ સદા અસ્તિપણે છો ને પ્રભુ! આવો નિત્ય રહેનારો તું ક્યાં જાય? જો તું રાગથી એકપણું માની રાગમાં રહીશ તો રાગના સ્થાનોમાં ચારગતિમાં રખડી મરીશ. માટે રાગથી છૂટો પડી તારો શાશ્વત ચિદાનંદઘન પ્રભુ આત્મા છે તેમાં જા. એથી તને મોક્ષનું બીજ જે સમ્યગ્દર્શન તે પ્રગટ થશે. ભાઈ! સમ્યગ્દર્શન વિના મહાવ્રતાદિ રાગની સર્વ ક્રિયા થોથાં છે, (મોક્ષ માટે) કાંઈ કામ આવે એમ નથી. સમજાણું કાંઈ...?

હવે કહે છે- 'आसम्पपूर्ण–विज्ञान–घन–उपलब्धे:' જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી 'आत्मनि एव चित्तं आलानितं च' (શુદ્ધ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે.

શું કીધું? કે જ્યાં સુધી પૂરણ દશા અર્થાત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ચિત્તને એટલે જ્ઞાનની દશાને ત્રિકાળી ધ્રુવ સાથે જોડી દીધી છે એમ કહે છે. જ્ઞાનને મહાવ્રતાદિના રાગમાં જોડયું-બાંધ્યું છે એમ નહિ, પણ જ્ઞાનને ભગવાન જ્ઞાતાસ્વરૂપ આત્મામાં બાંધ્યું છે એમ કહે છે. વ્યવહારની અનેક ક્રિયાઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ એક ચૈતન્યમાત્ર આત્મામાં જોડી દીધું છે, કારણ કે તે જ મોક્ષનું યથાર્થ કારણ છે.

હવે આ સાંભળવાય રોકાય નહિ એ તત્ત્વને કેમ પામે? બહારમાં પાંચ-પચાસ લાખની મૂડી હોય ને ઘરે બે ચાર દીકરા હોય, વરસે-દહાડે બે-પાંચ લાખ કમાતો હોય એટલે જાણે કે ઓહોહોહો...! હું પહોળો ને શેરી સાંકડી એમ ફુલાઈ જાય. પણ સાંભળને બાપા! અનંતકાળથી એમાં જ તું મરી ગયો છો, એ વડે જ તારા ચૈતન્યપ્રાણ હણાઈ રહ્યા છે. ભગવાન! તારામાં એક જીવત્વશક્તિ છે. સત્‌ના સત્ત્વરૂપ શુદ્ધ જ્ઞાનદર્શન પ્રાણોથી જે વડે જીવે છે એવી જીવત્વશક્તિ છે. અહા! પરદ્રવ્યમાં અહંપણાના ભાવ વડે એ હણાઈ રહી છે અર્થાત્ એની નિર્મળ પ્રગટતા થતી નથી. અહા! આ બાયડી-છોકરાં મારાં ને આ સંપત્તિ મારી-એમ જેનો કાળ જાય છે એની તો વાત જ શી કરવી? એ તો એકલા પાપબંધ વડે સંસારમાં રખડે છે. પણ અહીં કહે છે-સમકિતીને પરદ્રવ્યના આલંબનવાળો દ્રવ્યપ્રતિક્રમણાદિ જે શુભરાગ આવે છે એય બંધનું કારણ હોવાથી હેય છે. માટે, કહે છે, પૂર્ણ વિજ્ઞાનઘનની પ્રાપ્તિ જ્યાંસુધી ન થાય ત્યાં સુધી ચિત્તને શુદ્ધ આત્મામાં જોડી દીધું છે. અહો! કળશમાં કેટકેટલું ભર્યું છે! એમ કે ચિત્તને દ્રવ્યક્રિયાઓમાં જોડયું નથી પણ શુદ્ધ આત્મદ્રવ્યમાં જોડયું છે.

અહીં કહે છે-મિથ્યાત્વની ભૂમિકામાં થતા પુણ્ય ને પાપના ભાવની એમ વાત જ કરતા નથી. જેઓ મિથ્યાત્વસહિત છે તેઓ તો એકલા પાપથી હણાયેલા ચારગતિમાં રઝળનારા જ છે. પરંતુ સમ્યગ્દ્રષ્ટિ કે સાચા સંત-મુનિ હોય કે જેમને આ દ્રવ્યપ્રતિક્રમણાદિના શુભભાવ આવ્યા વિના રહેતા નથી તે ભાવ પણ તેમને બંધનું કારણ હોવાથી હેય છે. માટે જ્યાં સુધી પૂર્ણ કેવળજ્ઞાનની દશાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી, કહે છે, જ્ઞાનની દશાને ભગવાન જ્ઞાયકસ્વરૂપ આત્મામાં જોડી દે. એ બહારનું આલંબન જવા દે, કેમકે એનાથી તો રાગ અને બંધ જ થશે. આત્મા શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વરૂપ છે તેમાં જ્ઞાનને જોડી દે, જ્ઞાન જ્ઞાનમાં (આત્મામાં) સુપ્રતિસ્થિત રહે એ એક જ મોક્ષનું કારણ છે. (દ્રવ્યપ્રતિક્રમણાદિનો બાહ્ય વ્યવહાર કાંઈ મોક્ષનું કારણ નથી).

* * *

અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિકને વિષકુંભ કહ્યાં અને અપ્રતિક્રમણાદિકને અમૃતકુંભ કહ્યાં તેથી કોઈ ઉલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૮૯ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'यत्र प्रतिक्रमणं एव विषं प्रणीतं' (અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, 'तत्र अप्रतिक्रमणम् एव सुधा कुत: स्यात्' ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? (અર્થાત્ ન જ હોય).

જુઓ, પ્રતિક્રમણને જ એટલે શુભભાવને જ અમે વિષ કહ્યું ત્યાં અપ્રતિક્રમણ અર્થાત્ અશુભભાવ અમૃત ક્યાંથી હોય? જ્યાં વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રત્યાખ્યાન ઈત્યાદિ વ્યવહારની શુભક્રિયાઓને ઝેર કહી છે ત્યાં તીવ્ર રાગમાં જવું ને અશુભમાં જવું, અજ્ઞાનમાં જવું-એ અમૃત કેમ હોય? ભાઈ! એ (-અશુભ) તો ઝેર જ ઝેર છે. શુભને છોડી અશુભમાં જવાની તો અહીં વાત જ નથી. અહીં તો શુભને છોડી ઊંચે ઊંચે ચઢવાની-શુદ્ધમાં જવાની વાત છે.

ભાઈ! અમે તને શુભભાવ છોડાવીને, જે વડે જન્મ-મરણનો અંત આવે અને જેમાં આત્મપ્રાપ્તિ થાય એવા વાસ્તવિક ધર્મમાં લઈ જવા માગીએ છીએ. અહા! અંદર ભગવાન આત્મા ચિદ્દઘન પ્રભુ ત્રિકાળ પરમાત્મસ્વરૂપે વિરાજે છે તેમાં લઈ જવા શુભભાવને અમે ઝેર કહ્યું છે. પરંતુ શુભને ઝેર જાણી અશુભમાં જાય એ તો તારી ઊંધી-વિપરીત દ્રષ્ટિ છે. અમે એવા અર્થમાં શુભને હેય ક્યાં કહ્યું છે? અરે! જ્યાં પ્રતિક્રમણને વિષ કહ્યું ત્યાં અપ્રતિક્રમણ (-અશુભ) અમૃત કયાંથી થયું? જ્યાં શુભને જ હેય બતાવ્યું ત્યાં અશુભ ઉપાદેય ક્યાંથી થઈ ગયું? (અજ્ઞાનીના શુભાશુભભાવ બધા અજ્ઞાનમય હોવાથી અપ્રતિક્રમણ છે.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે કહે છે- 'तत्' તો પછી 'जन: अध: अध: प्रपतन् किं प्रमाद्यति' માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? 'निष्प्रमाद:' નિષ્પ્રમાદી થયા થકા 'उर्ध्वम् उर्ध्वम् किं न अधिरोहति' ઊંચે ઊંચે કાં ચઢતા નથી?

આચાર્ય કહે છે-અમે શુભને-મંદ કષાયને ઝેર કહ્યું; તેથી અશુભ-તીવ્ર કષાય તો એની મેળે જ મહા ઝેર સિદ્ધ થયું. આમ છે તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કેમ થાય છે? ભાઈ! અહીં તો શુભમાં સંતુષ્ટ હોય તેવા જીવને શુદ્ધ આત્માની સાથે સંબંધ કરાવે છે. કહે છે-અશુભભાવ તો પ્રમાદ છે જ, પણ શુભભાવ પણ પ્રમાદ જ છે. વ્રત, તપ, ભક્તિ, પંચપરમેષ્ઠીનું સ્મરણ ઇત્યાદિ શુભભાવ જે છઠ્ઠે ગુણસ્થાને સાચા સંત-મુનિવરને આવે છે તે પ્રમાદ છે. રાગમાત્ર પ્રમાદ છે; તે છૂટતાં સાતમું (ગુણસ્થાન) થાય છે.

અહા! શુભને અમે હેય કહ્યું તેથી તેને છોડીને અશુભમાં જાય એવું તો બુદ્ધિમાન ન કરે. તો ભગવાન! તું નીચે નીચે ઉતરતો પ્રમાદી કેમ થાય? નિષ્પ્રમાદી થયો થકો ઊંચે ઊંચે કાં ન ચઢે? શુભભાવને છોડીને અંદર જ્યાં સચ્ચિદાનંદ પ્રભુ આત્મા વિરાજે છે તેમાં જા ને; ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપે અંદર છે તેના ભેટા કર ને અને તેમાં જ બંધાઈ જા ને!

અહા! શુભને છોડી પ્રમાદી થઈ અશુભમાં તું જા એ તો તારી સ્વચ્છંદતા છે. માટે શુભને છોડી નિષ્પ્રમાદી થઈ સ્વસ્વરૂપના આશ્રયમાં જા અને ત્યાં જ લીન થઈ જા. શુભરાગને હેય બતાવવાનું આ જ પ્રયોજન છે પ્રવચનસાર ગાથા ૧૧ માં શુદ્ધોપયોગ ઉપાદેય ને શુભોપયોગ હેય કહ્યો છે. ભાઈ, છઠ્ઠે ગુણસ્થાને મુનિને જે શુભોપયોગ વર્તે છે તે હેય છે. વળી ત્યાં જ ગાથા ૧૨ માં અશુભોપયોગનું અત્યંત હેયપણું પ્રસિદ્ધ કર્યું છે. એથી એ સ્પષ્ટ થયું કે શુભોપયોગને છોડીને શુદ્ધાપયોગમાં જ રહેવું. અહા! રાગરહિત અંદર આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એકલો જ્ઞાનનો પિંડ છે. તેના આશ્રયે શુદ્ધોપયોગમાં રહેવું એ જ ધર્મ છે. આ સિવાય બીજો (શુભમાં રહેવું તે) ધર્મ છે નહિ. સમજાણું કાંઈ.....?

## * કળશ ૧૮૯ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અજ્ઞાન અવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે તેમની તો વાત જ શી? અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને જે પ્રતિક્રમણાદિ શુભભાવ હોય છે તેની તો અહીં વાત નથી; કેમકે એ તો અજ્ઞાનમય ભાવ જ છે. જે મિથ્યાદર્શન સહિત છે અને જેને પ્રતિક્રમણાદિ શુભભાવ હોય છે એની અહીં વાત નથી, કેમકે એને તો અશુભ ઊભું જ છે.

'અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે તેમને (દ્રવ્ય-પ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે કારણ કે તેઓ કર્મબંધનાં જ કારણ છે,......'

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોયું? સમકિતીના વ્યવહારને કે જે પ્રતિક્રમણ, પંચપરમેષ્ઠીનું સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ ઇત્યાદિરૂપ છે તેને અહીં નિશ્ચયથી ઝેરનો ઘડો કહ્યો છે કારણ કે તે કર્મબંધનું જ કારણ છે. શુભભાવોને ઝેર કહેવાનો આશય તેનો પક્ષ છોડાવી શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં જ લીન-સ્થિર કરાવવાનો છે. અહા! શુભાશુભને છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપના આશ્રયમાં એકાગ્ર થઈ હે રતે નિશ્ચય-પરમાર્થ પ્રતિક્રમણ છે અને એ જ ધર્મ છે અને શુભથી છોડાવવાનું આ જ પ્રયોજન છે. શુભને છોડીને અશુભમાં જા એમ આશય નથી અને એમ હોય પણ નહિ. (એમ સમજે એ તો એની સ્વચ્છંતા છે).

વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર સામાયિક, સ્તવન, વંદન ઈત્યાદિ જે સમકિતીને વ્યવહાર હોય છે તે બધો પરના આશ્રયે પ્રગટ થાય છે; અને પરના આશ્રયે જે ભાવ થાય તે બંધનું જ કારણ છે. તેથી વ્યવહારનો પક્ષ છોડાવી નિશ્ચયસ્વરૂપમાં લીન કરાવવાના પ્રયોજનથી વ્યવહાર-પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યો છે. એમ કે એ વ્યવહારના ઝેરને છોડા અંદર અમૃતસ્વરૂપ ભગવાન આત્મા છે એમાં લીન-સ્થિર થઈ જા. લ્યો, આવી વાત છે. હવે કહે છે-

'અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંનાં અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે.'

શું કીધું? એક તો જ્ઞાનીનું દ્રવ્યપ્રતિક્રમણ અને અજ્ઞાનીનું અપ્રતિક્રમણ એટલે મિથ્યાત્વ સહિતનો બધો શુભરાગ-એ બેયથી રહિત શુદ્ધ આત્મસ્વરૂપ અપ્રતિક્રમણ જે ત્રીજી ભૂમિ છે તે, કહે છે, અમૃતકુંભ છે; કેમકે તે અબંધસ્વરૂપ છે, અમૃતસ્વરૂપ છે. તેથી કહે છે-ભાઈ! શુભથી ખસીને શુદ્ધમાં જા તો કલ્યાણ થશે, શુભમાં પડી રહેવામાં કલ્યાણ નહિ થાય. અપ્રતિક્રમણાદિ આ ત્રીજી ભૂમિ છે ત્યાં એક શુદ્ધ આત્માનું આલંબન છે તેથી તેને અમૃતકુંભ કહ્યો છે. આ ત્રીજી ભૂમિમાં આવી રહેવાની વાત છે.

એને બિચારાને એક તો વ્યવહારે પણ (પાપકર્મથી) નિવૃત્તિ મળે નહિ અને કદાચિત્ મળે તો અંતઃપ્રવૃત્તિ (આત્મપ્રવૃત્તિ) કરે નહિ તો તે પણ ઝેર છે એમ કહે છે. એક ત્રીજી ભૂમિએ પહોંચે એ જ અમૃતકુંભ છે. અહા! ત્રીજી ભૂમિએ ચડવા-પહોંચવા અજ્ઞાનીનું અપ્રતિક્રમણ છે એ તો છોડાવ્યું છે, જ્ઞાનીનું દ્રવ્યપ્રતિક્રમણ પણ છોડાવ્યું છે. સમજાય છે. કાંઈ.....?

ભાઈ! આ ત્રીજી ભૂમિકામાં જે અપ્રતિક્રમણાદિ કહ્યું છે તે આત્મસ્વરૂપ છે. જ્ઞાનીને જે દ્રવ્ય-પ્રતિક્રમણાદિ વ્યવહાર છે તે આત્મસ્વરૂપ નથી, ધર્મરૂપ નથી; તેથી તેને વિષકુંભ કહી છોડાવ્યો. જુઓ, જ્ઞાનીને-ધર્મીને વચ્ચે દ્રવ્યપ્રતિક્રમણાદિ શુભભાવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આવે છે, અશુભથી બચવા એને એવો શુભભાવ અવશ્ય આવે છે, પણ એ કાંઈ ધર્મ નથી, અમૃત નથી. અહા! જ્ઞાનીને શુભભાવ ન આવે એમ નહિ અને એને એ ધર્મ માને એમેય નહિ. તેથી તેને ત્રીજી ભૂમિમાં પહોંચવા-રહેવા ઉદ્યમ કરાવવામાં આવે છે, કેમકે ત્રીજી ભૂમિ આત્મસ્વરૂપ છે, અમૃતસ્વરૂપ છે, અબંધસ્વરૂપ છે.

શાસ્ત્રમાં શુભનો અધિકાર હોય ત્યાં, જિનમંદિર બંધાવો, પ્રતિમા પધરાવો, સ્વાધ્યાય કરો, તપ કરો, દાન કરો ઈત્યાદિ બધું આવે. પણ એ તો ધર્મી પુરુષને એની ભૂમિકામાં જેવો જેવો રાગ આવે છે તેનું ત્યાં કથન કર્યું છે. એટલે કાંઈ એ શુભરાગ ધર્મ છે એમ નહિ. ધર્મ તો વ્યવહાર પ્રતિક્રમણાદિથી રહિત જે ત્રીજી અપ્રતિક્રમણાદિરૂપ ભૂમિ છે તે જ છે; તે જ સાક્ષાત્ અમૃતકુંભ છે, તે જ નિશ્ચય-પરમાર્થ પ્રતિક્રમણ છે.

જુઓ, અપ્રતિક્રમણાદિ બે પ્રકારનાં કહ્યાં:-

૧. મિથ્યાત્વસહિત અજ્ઞાનીને જે શુભાશુભભાવ હોય છે તે અપ્રતિક્રમણાદિ છે. અજ્ઞાનીને જે શુભભાવ હોય છે તે પણ અપ્રતિક્રમણાદિ છે. તેની તો અહીં વાત નથી.

૨. શુભભાવને છોડીને શુદ્ધમાં જાય તે જ્ઞાનીનાં અપ્રતિક્રમણાદિ છે. તે આત્મસ્વરૂપ છે, અબંધ છે, અમૃતકુંભ છે. વળી જ્ઞાનીને નિશ્ચય સહિત જે શુભભાવ આવે છે તેને વ્યવહાર પ્રતિક્રમણાદિ કહે છે. નિશ્ચયથી તેને અહીં વિષકુંભ કહ્યો છે કેમકે તે બંધનાં જ કારણ છે.

અજ્ઞાનીને નિશ્ચય કે વ્યવહાર એકેય પ્રતિક્રમણ નથી.

ત્રીજી ભૂમિ જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તે જ પ્રતિક્રમણથી (દ્રવ્યપ્રતિક્રમણથી) રહિત હોવાથી અપ્રતિક્રમણસ્વરૂપ છે તે અમૃતકુંભ છે. અહાહા...! અંદર ભગવાન આત્મા નિત્યાનંદ-સહજાનંદ-પરમાનંદ પ્રભુ એકલો અમૃતનો કુંભ ભર્યો છે. એની જે પર્યાયમાં પ્રગટતા થાય તે અમૃતકુંભ છે. અહાહા...! શુભરાગથી ખસીને 'શુદ્ધ' માં આવતાં જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો તે શુદ્ધ નિર્મળ પરિણતિ અમૃતકુંભ છે.

**પ્રશ્નઃ-** વ્યવહાર પ્રતિક્રમણાદિને શાસ્ત્રમાં અમૃતકુંભ કહ્યો છે.

**ઉત્તરઃ-** હા, કહ્યો છે, વ્યવહારનાં શાસ્ત્રોમાં કહ્યો છે; પણ એ તો ધર્મીને કે જેને નિશ્ચય અમૃત અંદર પ્રગટ થયું છે તેના દ્રવ્ય-પ્રતિક્રમણાદિને આરોપ દઈને વ્યવહારે અમૃતકુંભ કહ્યો છે, પણ નિશ્ચયે તો તે વિષકુંભ છે.

**પ્રશ્નઃ-** એક કોર કહે કે જ્ઞાનીનો શુભભાવ ઝેર છે ને વળી બીજી કોર કહે કે એનાથી દોષ ઘટે છે. તો આ કેવી રીતે છે?

**ઉત્તરઃ-** જ્ઞાનીને શુભના કાળે અશુભ (-મિથ્યાત્વાદિ) નથી એ અપેક્ષાએ દોષ ઘટે એમ કહ્યું છે, પણ છે એ (-શુભભાવ) ઝેર. તીવ્રરાગમાં (અશુભમાં) જે દોષ થતો હતો તે મંદરાગમાં ઓછો થાય છે બસ એટલું. સર્વથા દોષના અભાવનું કારણ કાંઈ શુભરાગ નથી. શુભાશુભથી રહિત જે ત્રીજી ભૂમિ છે તે જ સર્વથા દોષના અભાવનું કારણ છે અને તે જ વાસ્તવિક અમૃતકુંભ છે, તે જ અપ્રતિક્રમણરૂપ નિશ્ચય પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ...?

અશુભ ઉપયોગ, શુભ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગ-એમ ત્રણ પ્રકારના વેપાર (પરિણામ) છે. તેમાં અશુભોપયોગ પાપબંધનું કારણ છે, શુભ ઉપયોગ પુણ્યબંધનું કારણ છે અને શુદ્ધ ઉપયોગ ધર્મનું કારણ છે, અબંધનું કારણ છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આચાર્યદેવે આ ઉપદેશ કર્યો છે; નીચે ઉતરવા કર્યો નથી. શુભને છોડીને અશુભમાં તું જા એમ કહ્યું નથી, પણ એ શુભને છોડીને અંતર દ્રવ્યસ્વભાવનું અવલંબન લે એમ કહ્યું છે. અહાહા...! અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખના બેહદ સ્વભાવથી ભરેલો ભગવાન બિરાજે છે તેના આશ્રયમાં જા, તેમાં લીન-સ્થિર થા-એમ કહે છે; કેમકે ત્યારે જ શુદ્ધતા પ્રગટ થશે, ત્યારે જ તું અબંધ પરિણમશે.

હવે કહે છે-'પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં સાંભળીને જેઓ ઉલટા પ્રમાદી થાય છે તેમના વિષે આચાર્યદેવ કહે છે કે-આ માણસો નીચા નીચા કેમ પડે છે? ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?'

પ્રતિક્રમણાદિ વિષકુંભ છે એમ સાંભળીને કોઈ સ્વચ્છંદે પરિણમે તો તે અવિવેકી છે. બાકી શુભને છોડીને અશુભમાં રખડવાનું કોણે કહ્યું છે? શુભને છોડીને અશુભમાં જઈશ તો તારા ભવના આરા નહિ આવે. અહીં તો શુભને છોડીને અંદર ભગવાન શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ બિરાજે છે એમાં જા, એના આશ્રયમાં જ રહે એમ ઉપદેશ છે; કેમકે ત્યારે જ શુદ્ધતા પ્રગટ થશે, ધર્મ થશે. લ્યો, અહીં તો શુભને છોડી ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા ચડવાની વાત છે, શુદ્ધોપયોગમાં રહેવાની વાત છે.

'જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે, અજ્ઞાનીનું નહિ. માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીનાં ન જાણવાં, ત્રીજી ભૂમિનાં શુદ્ધ આત્મામય જાણવાં.'

શું કહે છે? કે જ્યાં વ્યવહાર પ્રતિક્રમણને ઝેર કહ્યું ત્યાં એના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ છે. એમ સમજવું. એક વ્યવહારને છોડીને બીજા વ્યવહારમાં જવું એ કાંઈ અમૃતકુંભ નથી. શું કહ્યું એ? કે દ્રવ્યપ્રતિક્રમણાદિ છોડી અજ્ઞાનીના અશુભમાં જવું એ અમૃતકુંભ નથી; એ તો અવિવેક છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'અજ્ઞાનીનું નહિ' -એમ કહ્યું ને? એનો અર્થ એ કે અપ્રતિક્રમણાદિ જે અમૃતકુંભ કહ્યાં તે અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ ન જાણવાં, પણ એ તો શુદ્ધ આત્મસ્વરૂપ જ્ઞાનીનાં અપ્રતિક્રમણાદિની વાત છે. જેને સમ્યગ્દર્શન નથી એવા અજ્ઞાનીના અશુભભાવ (તીવ્રરાગ) રહિત જે તેને શુભભાવ છે તે અપ્રતિક્રમણ છે; આ તે નહિ એમ કહે છે. આ તો જ્ઞાનીને જે શુભભાવ હોય છે તેને છોડીને અંદર અંતર-અવલંબનની સ્થિરતામાં જામી જાય છે તે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ છે એમ વાત છે. અહા! આ તો જ્ઞાનીને શુદ્ધ આત્મામય ત્રીજી ભૂમિ છે તેને અહીં અમૃતકુંભ કહી છે. સમજાણું કાંઈ.....?

નિશ્ચયદૃષ્ટિમાં શુભ-અશુભ બેય બંધનાં કારણ છે. બેય હેય છે. એવા ભાનપૂર્વક જે શુભ આવે તેને છોડી શુદ્ધ નિશ્ચયસ્વરૂપમાં લીન-સ્થિર થવું તેને અહીં અપ્રતિક્રમણાદિ કહ્યાં છે અને તે શુદ્ધ આત્મામય હોવાથી અમૃતકુંભ છે એમ વાત છે. આવી ગંભીર વાત છે.

*  *  *

હવે આ અર્થને દઢ કરતું કાવ્ય કહે છે:-

## * કળશ ૧૯૦ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'कषाय-भर-गौरवात् अलसता प्रमादः' કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે;... ...

શું કીધું આ? કે પંચમહાવ્રતના પરિણામ અને બાર વ્રતના વિકલ્પ એ પ્રમાદ છે. અંતઃસ્થિરતા નથી એ અપેક્ષાએ તે પ્રમાદ છે.

જોયું? 'કષાયના ભાર વડે ભારે' - એમ કહ્યું ને! મતલબ કે પંચમહાવ્રતાદિના પરિણામ એ કષાયનો ભાર છે. જેમ ગાડું ઘાસથી ભર્યું હોય તે ભાર છે તેમ પંચમહાવ્રતાદિના પરિણામ કષાયનો ભાર છે. બહુ આકરી વાત પ્રભુ! પણ આ સત્ય વાત છે. અહીં કહે છે-કષાયનો ભાર પોતે આળસ છે, પ્રમાદ છે. સ્વરૂપમાં સાવધાની સ્થિરતા નથી એ બધો પ્રમાદ છે. અહા! બહારમાં કોઈ જિનમંદિર બંધાવે ને પ્રતિમા પધરાવે ને મોટું દાન કરે ને પ્રભાવના કરે-અહીં કહે છે-એ બધું કષાયના ભારથી ભારેપણું હોવાથી પ્રમાદ છે. ગજબ વાત છે ભાઈ! આ ધંધા-પાણીમાં બહું હોશથી રોકાવું એ તો પ્રમાદ છે જ, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઇત્યાદિમાં હોંશ કરે એ પણ પ્રમાદ છે. એ રાગ છે ને? સ્વરૂપમાં લીનતા નથી તેથી પ્રમાદ છે. આવી વાત છે!

'यतः प्रमादकलितः अलसः शुद्धभावः कथं भवति' તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે?

અહા! શુદ્ધ ચૈતન્યરસથી ભરેલો પોતે ભગવાન છે એના આશ્રયમાં ન જતાં અશુભની પ્રવૃત્તિમાં હોશથી બહુ હોંશથી હરખ કરીને કાળ ગાળે એ તો પાપી છે. તે પ્રમાદથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભરપૂર છે, તેને શુદ્ધભાવ કેમ હોય? ન જ હોય. પણ અહીં તો વિશેષ આ વાત છે કે શુભભાવમાં પણ જે હોંશથી રોકાયેલો છે તે પણ પ્રમાદયુક્ત આળસુ છે. પંચમહાવ્રતના રાગને અને ૨૮ મૂલગુણના રાગને પ્રમાદ કહ્યો છે. છઠ્ઠે ગુણસ્થાને તે પ્રમાદી કહેવાય છે. અંદર સ્વરૂપમાં લીન-સ્થિર થાય તે અપ્રમાદ છે, શુદ્ધભાવ છે. પ્રમાદયુક્ત આળસના ભાવ તે શુદ્ધભાવ નથી. આવી આકરી વાત છે.

'अत: स्वरसनिर्भरे स्वभावे नियमित: भवन मुनि:' માટે નિજરસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ 'परमशुद्धताम् व्रजति' પરમ શુદ્ધતાને પામે છે 'वा' અથવા 'अचिरात् मुच्यते' શીઘ્ર-અલ્પકાળમાં ( કર્મબંધથી ) છૂટે છે.

'માટે નિજરસથી ભરેલા સ્વભાવમાં...' , જોયું? આત્માનો સ્વભાવ નિજરસથી એટલે શુદ્ધ ચૈતન્યરસથી-શાંતરસથી-આનંદરસથી ભરેલો છે. અહાહા.....! શુભાશુભભાવના રાગરસથી રહિત ભગવાન આત્મા એક ચૈતન્યરસથી-વીતરાગરસથી ભરેલો છે. અહા! આવા સ્વરસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચલ થતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે; અથવા તે શીઘ્ર-અલ્પકાળમાં કર્મથી મુક્ત થાય છે.

**પ્રશ્નઃ-** જો શીઘ્ર મુક્ત થાય છે તો ક્રમબદ્ધ ક્યાં ગયું?

**સમાધાનઃ-** શીઘ્ર મુક્ત થાય છે ત્યાં બધું એ ક્રમબદ્ધ જ છે. કાંઈ વચ્ચે કાળ તોડી આડું-અવળું થઈ જાય છે એમ અર્થ નથી. ભાઈ! અપ્રમાદમાં રહેનાર મુનિવરની અંદર-દશા જ એવી હોય છે કે તે ક્રમબદ્ધપણે શીઘ્ર જ મુક્તિ પામે. શીઘ્રનો એવો અર્થ નથી ક્રમ તૂટીને પર્યાય આગળ-પાછળ આડી-અવળી થઈ જાય. સમજાણું કાંઈ...? અપ્રમાદીને શીઘ્ર-અલ્પકાળે મુક્તિ થવાનો ક્રમ જ છે.

ત્યારે કોઈ વળી કહે છે-ક્રમબદ્ધ માનવાથી આળસુ નિરુદ્યમી થઈ જવાશે.

**સમાધાનઃ-** ભાઈ એમ નથી; જે ક્રમબદ્ધ યથાર્થ માને તે સ્વતંત્ર પુરુષાર્થી થાય છે. કેવી રીતે? જેને અંતરમાં યથાર્થ નિર્ણય થાય કે-જે સમયે જે પર્યાય જે રીતે થવાની હોય તે સમયે તે પર્યાય તે રીતે થાય જ, તેમાં ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરફાર કરી શકે નહિ તે પરદ્રવ્યના કર્તાપણાના ભાવથી છૂટી સ્વદ્રવ્યના આશ્રયમાં જાય છે; અને સ્વદ્રવ્યના આશ્રયમાં જવું એનું નામ જ પુરુષાર્થ છે. પુરુષાર્થ બીજી શું ચીજ છે? અહા! શુદ્ધ ચૈતન્યસ્વભાવી સ્વદ્રવ્યના આશ્રયે પરિણમવું એ જ ઉદ્યમ અને એ જ પુરુષાર્થ છે. ભાઈ! ક્રમબદ્ધના નિર્ણયમાં જ પુરુષાર્થ રહેલો છે; કેમકે એમાં નિજ જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવનું અવલંબન છે.

"જે જે દેખી વીતરાગને, તે તે હોંસી વીરા રે;
અનહોની કબહું નહિ હોસી, કાહે હોત અધીરા રે."

ક્રમબદ્ધનો નિર્ણય કરનાર કેવો ધીર ને વીર હોય છે એની વાત આ છંદમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભૈયા ભગવતીદાસે પ્રગટ કરી છે. બાપુ! ક્રમબદ્ધનો નિર્ણય કરનાર જાણનાર-દેખનારપણે રહેતો થકો ભારે અંતઃપુરુષાર્થી હોય છે. શું થાય? લોકોને પુરુષાર્થના સ્વરૂપની ખબર નથી. લોકોને તો એમ છે કે 'આ કરું ને તે કરું' એમ ઝાઝા વિકલ્પના ધાંધલ કરે તે પુરુષાર્થ, પણ ભાઈ! વિકલ્પમાં ગુંચાયેલા રહેવું એ તો પુરુષાર્થ નહિ, કાયરપણું છે. સમજાણું કાંઈ...?

અહા! શુભનેય છોડી અંદર શુદ્ધતાને પામે તે આળસ વિનાનો અપ્રમાદી છે. આ સિવાય સ્વભાવમાંથી જે પરિણામનું ખસી જવું છે તે આળસ, પ્રમાદ ને નિરુદ્યમીપણું છે. અહીં કહે છે-ચૈતન્યરસથી ભરેલા પોતાના સ્વભાવમાં જ જે મુનિ નિશ્ચલપણે સ્થિત થયા છે તે શીઘ્ર-અલ્પકાળે મુક્તિ પામે છે.

## * કળશ ૧૯૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે માટે પ્રમાદીને શુદ્ધભાવ હોય નહિ. જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે શુદ્ધ થઈને મોક્ષને પામે છે.'

જુઓ, અહીં ઉદ્યમની વાત કરી. આગળ કળશમાં કહ્યું કે- 'નિજરસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચલ થતો થકો' -આ પણ ત્યાં પુરુષાર્થની જ વાત છે. ભલે પર્યાયો બધી ક્રમબદ્ધ છે, પણ ક્રમબદ્ધમાં પુરુષાર્થ ભેગો જ છે. જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે તે શુદ્ધ થઈને શીઘ્ર મોક્ષને પામે છે.

ત્યારે કોઈ કહે છે-ઉદ્યમ-પુરુષાર્થ ક્યારે થશે તેની કેવળી પરમાત્માને ખબર છે, તો તે ઉદ્યમ કરવાનું કેમ કહે?

અરે ભાઈ! વીતરાગ કેવળી પરમાત્મા પુરુષાર્થપૂર્વક સ્વસ્વભાવમાં ગયા છે ને વીતરાગ થયા છે. તેમની જે સાતિશય વાણી નીકળી તેમાં પણ એ જ એટલે કે પુરુષાર્થની જ વાત આવે, બીજી (-પ્રમાદની) વાત કેમ આવે? ભગવાનની તો આજ્ઞા જ આ છે કે-સમયમાત્ર પણ પ્રમાદ ન કરીશ; એમ કે નિરંતર સ્વભાવમાં જ રત રહે.

જગતમાં જ્યારે જે બનવાનું હશે ત્યારે તે બનશે એમ ક્રમબદ્ધ માનનારની દ્રષ્ટિ ક્યાં જાય? એની દ્રષ્ટિ સ્વદ્રવ્ય ઉપર જશે; અને ત્યારે તે થવા કાળે જે થાય તેનો જ્ઞાતામાત્ર રહેશે. જ્યાં પર્યાયબુદ્ધિ હોય ત્યાં તેને ફેરવવાની ને ટાળવાની બુદ્ધિ હોય છે, પણ દ્રવ્યદ્રષ્ટિવંત તો સર્વના જાણનારસ્વરૂપે જ રહે છે.

અહા! અહીં કહે છે-નિજરસથી-ચૈતન્યરસથી ભરેલા સ્વસ્વભાવમાં જ જે મુનિ ઉદ્યમથી પ્રવર્તે છે તે શીઘ્ર શુદ્ધ થઈને નિર્વાણ પામે છે. આમાં પુરુષાર્થની સાથે ક્રમબદ્ધ પણ આવી ગયું. સ્વસન્મુખતાનો પુરુષાર્થ જેને છે તેના ક્રમમાં પણ શુદ્ધતાપૂર્વક પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષ હોય છે. સમજાણું કાંઈ...?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હવે, મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૯૧ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'यः किल अशुद्धविधायि परद्रव्यं तत् समग्रं त्यक्तवा' જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય તે સર્વને છોડીને 'स्वयं स्वद्रव्ये रतिं एति' પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે,... ... ...

શું કહે છે? કે આ પુણ્ય-પાપના જે ભાવો-વિકલ્પો થાય છે તે અશુદ્ધતા છે. તે અશુદ્ધતાને કરનારું એટલે અશુદ્ધતાનું નિમિત્ત પરદ્રવ્ય છે. તે સર્વને છોડીને એટલે કે તે સર્વનું લક્ષ છોડીને... , અહાહા...! કહે છે-અશુદ્ધતાનું નિમિત્ત એવા સર્વ પરદ્રવ્યોનું લક્ષ છોડીને જે સ્વદ્રવ્યમાં લીન થાય છે તેને ધર્મ-શુદ્ધતા પ્રગટ થાય છે.

પુણ્ય-પાપના પરિણામ છે તે મેલ છે, અશુદ્ધતા છે, ઝેર છે, અપરાધ છે. પુણ્યપરિણામ પણ અપરાધ છે. જેને ધર્મ કરવો હશે તેણે આ વિકલ્પો છોડવા પડશે અને શુદ્ધતા પ્રાપ્ત કરવી પડશે. ત્યાં પરદ્રવ્યનું લક્ષ છોડી સ્વદ્રવ્યમાં લીન થાય છે ત્યારે શુદ્ધતા પ્રગટે છે. તેમાં ખરેખર કોઈ રાગની-પુણ્યના વિકલ્પની અપેક્ષા નથી. આવો શુભરાગ હોય તો અંતરમાં લીન થવાય એમ નથી. આત્મા સ્વયં શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ છે; તે પોતાના દ્રવ્યમાં સ્વયં રતિ પામે ત્યારે તેને ધર્મ-શુદ્ધતા પ્રાપ્ત થાય છે.

અહા! જ્ઞાનાનંદસ્વરૂપ સ્વદ્રવ્ય સિવાય જેટલાં કોઈ પરદ્રવ્યો છે, ચાહે તે તીર્થંકર હો, તેની વાણી હો, સમોસરણ હો, જિનમંદિર હો કે જિનપ્રતિમા હો, -એ બધાં પરદ્રવ્યો અશુદ્ધતાનાં-શુભરાગનાં નિમિત્તો-કારણો છે. ભાઈ! આ છવીસ લાખનું પરમાગમમંદિર ને આ જિનપ્રતિમા અશુદ્ધતાનું નિમિત્ત છે. બહુ આકરી વાત!

**પ્રશ્નઃ-** તો પછી બનાવ્યું શું કરવા?

**ઉત્તરઃ-** કોણ બનાવે? એ તો જડ પરમાણુઓની નિજ જન્મક્ષણ હતી તો તે-રૂપે બન્યાં છે, તેને બીજો કોઈ બનાવે એ વાત ત્રણકાળમાં સત્ય નથી. હા, તે કાળમાં એને એવો શુભભાવ હોય, પણ એ અશુદ્ધભાવ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભને ટાળવા તેના ક્રમમાં શુભભાવ આવે છે, પણ તે પરદ્રવ્યના વલણવાળો અશુદ્ધ ભાવ છે, મલિન ભાવ છે, દોષ છે, અપરાધ છે.

અહાહા...! આત્મા આનંદરૂપી અમૃતનું સરોવર પરમાત્મા છે. જેમ સરોવરમાં ચાંચ બોળીને પંખીઓ પાણી પીએ છે તેમ ચૈતન્યરૂપી અમૃત-સરોવરમાં આત્મા નિજપરિણતિને અંદર બોળી-બોળીને ધર્મામૃતને પીએ છે. આ સિવાય બીજી બધી વાત તો થોથાં છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ખરેખર એટલે નિશ્ચયથી અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય...', અહા! શૈલી તો જુઓ! સ્ત્રી-પુત્ર-પરિવાર હો કે દેવ-ગુરુ-શાસ્ત્ર હો-એ બધાં પરદ્રવ્ય અશુદ્ધતાનાં નિમિત્ત-કારણો છે. અહા! એ પરદ્રવ્ય તરફના વલણને છોડીને, સ્વદ્રવ્યમાં સ્વયં રતિ પામે, અશુદ્ધતાની-વ્યવહારની અપેક્ષા છોડી સ્વયં સ્વદ્રવ્યમાં લીનતા પામે ત્યારે તેને ધર્મ ને મુક્તિ થાય છે.

બીજે તો દયા પાળો, ને દાન કરો ને તપ કરો-એમ પ્રરૂપણા ચાલે છે; પણ બાપુ! એ તો બધો પરભાવ છે ભાઈ! એ કાંઈ અમૃત નથી. આવે છે ને કે-

"ગગનમંડળમાં ગૌઆ વિહાણી, વસુધા દૂધ જમાયા;
માખણ થા સો વિરલા રે પાયા, છાશે જગત ભરમાયા."

અહા! ગગનમંડળમાં ભગવાનની ૐ ધ્વનિ થઈ, ભગવાન ગણધરદેવે તેને બાર અંગમાં સંઘરી. તેમાં માખણ જે સાર સાર વસ્તુ શુદ્ધ આનંદકંદ પ્રભુ આત્મા તેનો અનુભવ ને પ્રતીતિ કોઈક વિરલ જીવો પામ્યા, ને જગત તો આખું છાશમાં એટલે દયા, દાન, આદિ પુણ્યમાં ભરમાઈ પડયું. ભાઈ! એ દયા, દાન, આદિ પુણ્યના ભાવ અમૃત નથી. અહાહા...!

"ગગનમંડલમેં અધબીચ કુઆ, વહાં હૈ અમીકા વાસા;
સુગુરા હોય સો ભરભર પીએ, નગુરા જાવૈ પ્યાસા."

અહા! આકાશની મધ્યમાં લોકમાં અમૃતનું સ્થાન ભગવાન આત્મા છે. અહાહા...! આત્મા ચિદાનંદરસના અમૃતથી પૂરણ ભરેલું ભિન્ન તત્ત્વ છે. જેઓ સદ્‌ગુરુના ઉપદેશને પામી, અંતરદ્રષ્ટિ કરી, અંતર્લીન થયા તેઓ અમૃતને ધરાઈ ને પીએ છે, પણ જેઓ નગુરા છે તેઓ બિચારા અતીન્દ્રિય અમૃતને પામતા નથી, તરસ્યા જ રહે છે.

જાુઓ, અશુદ્ધતાનું નિમિત્ત પરદ્રવ્ય છે. તેથી સર્વ પરદ્રવ્યનું લક્ષ છોડીને જે પુરુષ સ્વદ્રવ્યમાં લીન થાય છે 'सः' તે પુરુષ 'नियतम्' નિયમથી 'सर्व–अपराध–च्युतः' સર્વ અપરાધથી રહિત થયો થકો, 'बन्ध–ध्वसं उपेत्य नित्यम् उदितः' બંધના નાશને પામીને નિત્ય-ઉદિત થયો થકો, 'स्वज्योतिः–अच्छ–उच्छलत्–चैतन्य–अमृत–पूर–पूर्ण–महिमा' સ્વજ્યોતિથી નિર્મળપણે ઉછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે એવો 'शुद्धः भवन्' શુદ્ધ થતો થકો, 'मुच्यते' કર્મોથી છૂટે છે, મુક્ત થાય છે.

ભાઈ! પરદ્રવ્યના વલણવાળી વૃત્તિ અશુદ્ધ છે, અપરાધ છે, બંધરૂપછે. તેને છોડીને જે સ્વસ્વરૂપમાં લીન થાય છે તે સર્વ અપરાધથી રહિત થાય છે અને તે બંધને પામતો નથી. લ્યો, આવું! પણ એને હવે આ બેસે કેવી રીતે? પોતાના સ્વતત્ત્વની ખબર નથી ને એમ ને એમ ભ્રમણાના કુવામાં ભમી રહ્યો છે. એને એમ કે ગિરનાર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જાઉં તો મોક્ષ મલે કે સમ્મેદશિખર જાઉં તો મોક્ષ મલે. પણ ભાઈ! એમ તો તું અનંતવાર ભગવાનની ધર્મસભામાં જઈ આવ્યો. પણ એથી શું? અંતર્દૃષ્ટિ ને અંતર્લીનતા કર્યા વિના પરદ્રવ્યના લક્ષે તો અશુદ્ધતા જ થાય, બંધન જ થાય.

તો જ્ઞાનીને પણ એવા ભાવ હોય છે ને?

હા, હોય છે, અસ્થિરતાને લીધે હોય છે પણ એનો એને આદર નથી, એને તે હેય જ જાણે છે, આદરવાલાયક નહિ. સમજાણું કાંઈ...?

**પ્રશ્નઃ-** ત્યારે કોઈ વળી કહે છે-ભગવાનનો મારગ અનેકાન્ત છે. માટે નિશ્ચયથી પણ ધર્મ થાય ને વ્યવહારથી પણ ધર્મ થાય એમ કહો તો?

**ઉત્તરઃ-** ભાઈ! નિશ્ચયથી પણ ધર્મ થાય ને વ્યવહારથી પણ ધર્મ થાય-એ અનેકાન્ત નથી, એ તો ફુદડીવાદ છે. નિશ્ચયથી ધર્મ થાય ને બીજી રીતે એટલે વ્યવહારથી ન થાય એ અનેકાન્ત છે. અહીં તો આ સ્પષ્ટ કહ્યું કે પરદ્રવ્યના વલણવાળો ભાવ અશુદ્ધતા છે, અપરાધ છે. ભાઈ! વ્યવહાર ક્રિયાકાંડ એ ધર્મ નથી, એ તો રખડવાનો માર્ગ છે. જે પરદ્રવ્યના વલણને છોડીને સ્વદ્રવ્યમાં રમે છે તે અપરાધરહિત અબંધદશાને પ્રાપ્ત થાય છે અને તે સદા શુદ્ધ ચૈતન્યના પ્રકાશથી શોભાયમાન થાય છે. આવી વાત છે.

અહાહા...! આત્મા સ્વયંજ્યોતિ સુખધામ પ્રભુ સ્વસ્વરૂપના પ્રકાશથી શોભાયમાન ચૈતન્યપ્રકાશનું પૂર છે. 'ચૈતન્ય-અમૃત-પૂર-પૂર્ણ-મહિમા' એમ કહ્યું છે ને? અહા! આવો મહિમાવંત પદાર્થ પ્રભુ આત્મા છે. અહા! આવો પોતે છે એમ અજ્ઞાનીને કેમ બેસે? પરંતુ ભાઈ! પરમાત્માને પરમ અમૃતદશા-કેવળજ્ઞાનની દશા જે પ્રગટ થઈ એ ક્યાંથી આવી? શું બહારથી આવી? ના; અંદર પોતાની ચીજ જ એવી છે તેમાં એકાગ્ર થતાં દશાવાનની દશા આવી છે. અહા! સંતો કહે છે-ભગવાન! તું એવો છો; સદા અંદર ભગવાનસ્વરૂપ જ છો. અહા! આવા પોતાના સ્વરૂપમાં લીન થતાં, દરિયામાં ભરતી આવે તેમ, એની પર્યાયમાં નિર્મળ ચૈતન્ય ઉછળે છે, આનંદની ભરતી આવે છે. લ્યો, આને ભગવાન ધર્મ કહે છે. સમજાણું કાંઈ...?

અહા! લોકો બિચારા રળવા-કમાવામાંથી ને વિષયભોગમાંથી જ નવરા થતા નથી. નોકરીમાં હોય એ તો પંચાવન, સાઈઠ વર્ષે નિવૃત થાય; પણ આ તો વેપારમાં રસિયા પંચોતેર-પંચોતેર વર્ષે પણ એમાં જ ગળાડૂબ રહે છે. ભાઈ! એ એકલો પાપનો વેપાર છે હોં. પૈસા તો પૈસામાં રહેશે ને તારે પલ્લે તો પાપ જ આવશે ને ફળશે. અરે! આવી સત્ય વાત સમજવા નવરાશ ન લે એ સત્યની રુચિ કરે ક્યારે? ને ક્યારે એ પાપથી ને સંસારના દુઃખોથી છૂટે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે-પરદ્રવ્ય તરફનો ઝુકાવ છોડી સ્વદ્રવ્યમાં ઝુકતાં અંદર નિર્મળપણે આનંદ ઉછળે છે. પાઠમાં 'ચૈતન્યામૃતપૂર' એમ શબ્દો છે ને? એનો અર્થ કર્યો કે ચૈતન્યરૂપી અમૃતનો પ્રવાહ પ્રભુ આત્મા છે. અહાહા...! કેવો છે ભગવાન આત્મા? તો કહે છે-ચૈતન્યરૂપી અમૃતનો પ્રવાહ છે. એમાં વ્યવહારના વિકલ્પો નથી. હું આત્મા આવો છું એવા વિચારનો વિકલ્પ પણ એમાં સમાતો નથી. અહા! દ્રવ્ય, ગુણ ને પર્યાયના વિચાર એ પણ પરવશપણું છે. નિયમસારમાં (પરમ આવશ્યક અધિકારમાં) આવે છે કે-ભગવાન આત્મા આનંદનો સાગર પ્રભુ નિત્ય એકરૂપ વસ્તુ છે. એને ત્રણ પ્રકારથી વિચારવો કે-આ ત્રિકાળી દ્રવ્ય, આ ત્રિકાળી ગુણ ને આ વર્તમાન પર્યાય-એ પરવશપણું છે; એ સ્વવશપણું નથી. અહીં કહે છે-પરવશપણું ત્યાગીને સ્વવશપણે જે સ્વ-સ્વરૂપમાં રમે છે તેને અંદર નિર્મળપણે આનંદ ઉછળે છે.

'પરખ્યાં માણેક મોતીડાં, પરખ્યાં હેમ કપૂર;
એક ન પરખ્યો આતમા, ત્યાં રહ્યો દિગ્મૂઢ.'

હવે આ બાજરો આવો ને જુવાર આવી એમ પરની પરખ કરી, પણ પોતે અહાહા...! ચૈતન્યરૂપી અમૃતનો પ્રવાહ-એને પરખ્યો નહિ! પરની પરખમાં દેવના દીકરા જેવું ડહાપણ બતાવે, અમેરિકામાં આમ ને લંડનમાં આમ-એમ મોટી વાતો કરે; પણ અહીં કહે છે-સાંભળ, ભાઈ! એ બધી વિકલ્પની જાળ અપરાધ છે. ગુન્હો છે. અરે! એકને ત્રણપણે (દ્રવ્ય, ગુણ ને પર્યાયપણે) વિચારવો એ પણ અશુદ્ધતા છે, અપરાધ છે, પરવશપણું છે એમાં મનનો સંગ આવ્યો ને? મનનો સંગ થાય ત્યારે ત્રણનો ભેદ પડે છે, માટે એ પરવશપણું છે.

ભાઈ! સમ્યગ્દર્શનનો વિષય અભેદ એક ચિન્માત્ર વસ્તુ છે. અહાહા...! જેના અનુભવમાં ભેદ પડતો નથી એ વસ્તુ એક અસંગ છે. અહા! આવા અસંગના સંગમાં જતાં અંદર નિર્મળપણે ચૈતન્ય ઉછળે છે એમ કહે છે. ભાઈ! આ તો પરમેશ્વર જિનેશ્વરદેવ મહાવિદેહમાં ઇન્દ્રો ને ગણધરોની સમક્ષ જે કહેતા હતા ને કહી રહ્યા છે તે આ વાણી છે. અહો! આ સમયસાર ને પ્રવચનસાર તો ભગવાનની ઓમધ્વનિનો સાર છે.

અહા! પરમાત્મા કહે છે-જેટલું સ્વદ્રવ્ય છોડીને પરદ્રવ્યનું આલંબન લઈશ તેટલો રાગ થશે અને તે રાગ અપરાધ-ગુન્હો છે. અહા! જૈન પરમેશ્વર વીતરાગદેવ એમ ન કહે કે તું મારી ભક્તિ કર ને તારું કલ્યાણ થઈ જશે. ભગવાન તો અતિ જોરથી ઘોષણા કરે છે કે-અમારી ભક્તિ, સ્તુતિ, વંદના ઈત્યાદિનો તને જે ભાવ થાય છે તે બધો અપરાધ છે, અશુદ્ધતા છે. એ કાંઈ મહિમાવાળી ચીજ નથી.

પરમ મહિમાને ધરનારો તો ચૈતન્યરૂપી અમૃતનું પૂર પ્રભુ આત્મા છે. અહા! પાણીના પૂરનો જેમ પ્રવાહ ચાલે તેમ આત્મા ચૈતન્યરૂપી અમૃતનો પ્રવાહ છે. અહાહા!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્ય, અમૃત...અમૃત...અમૃત, આનંદ...આનંદ...આનંદ-એમ આત્મા ચૈતન્યરૂપી અમુતનો ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ એવો અનાદિ અનંત છે. અહા! આવા પોતાના સ્વદ્રવ્યમાં લીન થતાં નિરપરાધપણું પ્રગટે છે, બંધ થતો નથી અને અંદર અતિ નિર્મળપણે આનંદ ઉછળે છે. આચાર્ય કહે છે-ભાઈ! અંદર જા ને કે જ્યાં આ ચૈતન્યરૂપી અમૃતનો ત્રિકાળ ધોધ વહે છે. આ પુણ્ય-પાપના ભાવ તો ભગવાન! ઝેરનો ધોધ-પ્રવાહ છે. ત્યાંથી નીકળી જા, ને અહિં ચૈતન્યના ત્રિકાળી અમૃતમય પ્રવાહમાં મગ્ન થઈ જા. તારું અવિનાશી કલ્યાણ થશે.

અરે ભાઈ! તારી ચીજ શું છે તેની તને ખબર નથી. પરની દયા પાળે, કાંઈક દાન કરે ને વ્રત પાળે પાળે એટલે માને કે સ્વરૂપની પ્રાપ્તિ થઈ જશે, ધર્મ થઈ જશે. પણ બાપુ એ તો બધા રાગના પરિણામ કર્યા વિના એ બધાં કોઈ કામ નહિ આવે. એનાથી લેશ પણ ધર્મ ને સુખ નહિ થાય. છહઢાલામાં આવે છે ને કે-

"મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયૌ;
પૈ જિન આતમજ્ઞાન બિના સુખ લેસ ન પાયૌ."

માટે હે ભાઈ! તું ચિદાનંદઘન પ્રભે ચૈતન્યરૂપી અમૃતનું પૂર છો, તેને સ્વસંવેદનમાં જાણી તેમાં મગ્ન-સ્થિર થઈ જા; કેમકે શુદ્ધ ચૈતન્યના ધ્રૈવ પ્રવાહમાં મગ્ન થતાં આત્મા શેદ્ધ થતો થકો કર્મોથી મૂકાય છે. પહેલાં પરદ્રવ્યમાં લીન થતાં અશુદ્ધતા ને બંધનને પામે છે એમ કહ્યું હવે કહે છે-શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવા સ્વદ્રવ્યમાં લીન-સ્થિર થતાં આત્મા શુદ્ધ થતો થકો બંધનથી મૂકાય છે અર્થાત્ શાશ્વત અવિચન સુખને પામે છે.

## કળશ ૧૯૧ : ભાવાર્થ ઉપરનું પ્રવચન

'જે પુરુષ પહેલાં સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી નિજ દ્રવ્યમાં (આત્મસ્વરૂપમા્) લીન થાય છે, તે પુરુષ સર્વ રાગદિક અપરાધોથી રહિત થઈ આગામી બંધનો નાશ કરે છે અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી, શુદ્ધ થઈ, સર્વ કર્મનો નાશ કરી, મોક્ષને પામે છે. આ, મોક્ષ થવાનો અનુક્રમ છે.'

શું કીધું? કે સમસ્ત પરદ્રવ્ય પ્રત્યેનું લક્ષ છોડી દઈને જે પુરુષ ત્રિકાળ જ્ઞાનાનંદસ્વરૂપ સ્વદ્રવ્યમાં લીન-સ્થિર થાય છે તે સર્વ રાગાદિક અપરાધથી રહિત થાય છે. અર્થાત્ તેને રાગાદિક અપરાધ થતો નથી અને તેથી નવીન કર્મબંધ પણ થતો નથી. તે નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામે છે. એટલે શું? કેવળજ્ઞાન પ્રગટયા પછી તે નિત્ય અક્ષયપણે કાયમ રહે છે. જેમ વસ્તુ આત્મા અનાદિ-અનંત

નિત્ય પ્રવાહરૂપ છે, તેમ કેવળજ્ઞાન પ્રગટ થયા પછી પ્રવાહપણે કાયમ રહે છે (તેનાપ્રવાહમાં ભંગ પડતો નથી). અહાહા...! સ્વમાં લીન થયેલો તે પુરુષ નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાન પામી, પૂર્ણ શુદ્ધ થઈ, સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષદશાને પામે છે.

પ્રથમ મિથ્યાત્વથી, પછી અવ્રતથી અને ત્યારબાદ અસ્થિરતાથી મૂકાય છે ને એ પ્રમાણે પૂરણ મોક્ષદશાને પામે છે. આ ભગવાન કેવળીનો માર્ગ છે. લોકો રાગથી ધર્મ થવાનું માને છે પણ એ (માન્યતા) અન્યમત છે, જૈનમત નહિ, વીતરાગદર્શન નહિ.

ભાઈ! તારું જેવું સ્વસ્વરૂપ છે તેવું (સ્વઆશ્રયે) તેનું જ્ઞાન ને શ્રદ્ધામન કર. તેનું જ્ઞાન-શ્રદ્ધમ-શ્રદ્ધાન થતાં તેમાં અંતઃસ્તિરતા થશે, અને અંતઃસ્થિરતા પૂર્ણ થતાં મોક્ષ થશે. અહા! આ અંતઃસ્થિરતા એ ચારિત્ર છે, પંચમહાવ્રતના ભાવ એ ચારિત્ર નથી. સ્વરૂપસ્થિરતા થતાં અશુદ્ધતાનો નાશ થઈ શુદ્ધ ઉપયોગની નમાવટ થાય છે અને તે મુનિદશા છે. તેનું અંતિમ ફળ પૂર્ણદશારૂપ મોક્ષ છે. આ, મોક્ષ થવાનો અનુક્રમ છે.

હવે મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિનામું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છેઃ-

* * *

## કળશ ૧૯૨ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન

આ મોક્ષ અધિકારનો છેલ્લો કળશ છે. શું કહે છે? 'बन्धछेदात् अतुलम अक्षय्यम् मोक्षम् कलयत्' કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું,...

જુઓ, 'કર્મબંધના છેદથી...' એટલે શુદ્ધ ચિદાનંદઘન આત્મા છે તેનાં જ્ઞાનશ્રદ્ધાન ને અંતર-રમણતા-લીનતા કરવાથી રાગાદિનો રર્વથા નાક થઈ જાય છે અને સર્વ કર્મનો છેદ થઈ જાય છે; અને ત્યારે અતુલ, અક્ષય, કેવળજ્ઞાનમય મોક્ષદશા પ્રગટ થાય છે. ભાઈ! સિોધને. જે વડે મોક્ષદશા પ્રગટ થઈ છે એવું સામર્થ્ય પ્રત્યેક આત્મામાં રહેલું છે.

કેવી છે મોક્ષદશા? તો કહે છે-અતુલ અર્થાત્ અનેપમ છે. અહા! જેની તુલના-ઉપમા કોઈની સાથે ન કરી શકાય એવી મોક્ષદશા અતુલ-અનુપમ છે.

વળી તે અક્ષય અર્થાત્ અવિનાશી છે. અહાહા...! આત્મામાં અજ્ઞાન અને રાગદ્વેષનો સર્વથા નાશ થઈને જે પૂર્ણ કેવળજ્ઞાન અને વીતરાગતાની દશા પ્રગટ થઈ તે અક્ષય-અવિનાશી છે. કેટલાક માને છે ને? કે ભગવાન, ભક્તોને ભીડ પડે ત્યારે, અવતાર ધારણ કરે છે. પણ એ માન્યતા બરાબર નથી. અનંત આનંદની અક્ષય દશા જેને પ્રાપ્ત થઈ તે પછી ભવ ધારણ કરતા નથી. એને ભવનું બીજ જ સમૂળગું નાશ

પામી ગયું છે ને? અહાહા...! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં'-અર્થાત્ મોક્ષદશા પ્રગટી તે અનંત સુખની દશા એવા જ અનંતકાળ રહેવાની છે.અહા! આવી અક્ષય મોક્ષદશા છે.

અહા! આવી મોક્ષદશાને અનુભવતું' 'नित्य–उद्योत–स्फुटित–समज–अवस्थम्' નિત્ય ઉદ્યોતવાળી સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું,...

જોયું? મોક્ષને એટલે કે અનંત આનંદને અનુભવતું, જેમ ફૂલની કળી સર્વ પાંખડીએ ખીલી નીકળે તેમ, આત્માનું જ્ઞાન ને દર્શન પૂર્ણ ખીલી નીકળ્યું. અહા! તે પૂરણ જ્ઞાન-દર્શનની દશા સહજ એટલે સ્વાભાવિક અને નિત્ય ઉદ્યોતરૂપ છે; અર્થાત્ જેનો પ્રકાશ નિત્ય છે એવી છે. અહાહા...! કેવળદર્શન ને કેવળજ્ઞાન જે અંતરમાં સ્વભાવમાં ત્રિકાળ શક્તિપણે હતાં તે વર્તમાન વ્યક્ત થયાં-ખીલી નીકળ્યાં; હવે તે, કહે છે, નિત્ય ઉદ્યોતરૂપ સમજાય છે કાંઈ...?

અજ્ઞાનીઓ આત્મા, આત્મા-એમ કહે છે, પરંતુ આત્માના સાચા સ્વરૂપની તેમને ખબર નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો ને કહ્યો છે તે પૂરણ જ્ઞાન ને આનંદથી ભરેલો પદાર્થ છે. તેનો અનુભવ કરી તેમાં એકાગ્ર થતાં પર્યાયમાં પૂરણ જ્ઞાન ને આનંદ ખીલી નીકળે છે. અહા! જેને કેવલજ્ઞાન, કેવળદર્શન પ્રગટ થયું તેને તે નિત્ય ઉદ્યોતરૂપ છે.

વળી તે 'एकान्त–शुद्धिम्' એકાન્ત શુદ્ધ છે. શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ એવું કર્મના મેલથી રહિત અત્યંત શુદ્ધ છે.

અને' एकाकार–स्व–भरत: अत्यन्त–गम्भीर–धीरम्' એકાકાર નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું...

જુઓ, સંસારદશામાં-અલ્પજ્ઞદશામાં જ્ઞાનની દશા એકાકાર-એકરૂપ ન હતી, અનેકરૂપ થતી હતી તે પરમાત્મદશામાં સર્વજ્ઞતા પ્રગટતાં એકાકાર પ્રગટ થઈ; એકાકાર એટલે એક જ્ઞાનમાત્ર આકારે-સ્વરૂપે પરિણમી ગઈ. રાગાદિનો સર્વથા નાશ થતાં જ્ઞાનની દશા એકાકાર-એકરૂપે પ્રગટ થઈ.

અહાહા...! કહે છે-એકાકાર નિજરસ અતિશયતથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું, 'एतत् पूर्ण ज्ञान' આ પૂર્ણ જ્ઞાન ज्वलितम्' જળહળી ઉઠયું.

શું કહે છે? કે આત્માનો જે નિજરસ ચૈતન્યરસ-આનંદરસ -વીતરાગરસ છે તેની અતિશયતા-વિશેષતા કેવલજ્ઞાન ને મોક્ષદશા થતાં પ્રગટ થઈ ગઈ. અહાહા...! સિદ્ધ દશા આવી નિજરસની-ચૈતન્યરસની અતિશયતાથી અત્યંત ગંભીર છે. છદ્મસ્થને તેની ગંભીરતાનો પાર પામવો મુશ્કેલ છે. અહા! સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્માની જ્ઞાનના દશાના

ઉડપ પાર ન પમાય તેવી અમાપ છે. જેમ સમુદ્ર અતિ ઉડો ગંભીર છે તેમ ભગવાનનું પવિત્ર જ્ઞાન અતિ ઊંડું અમાપ ગંભીર છે.

વળી તે ધીર એટલે કે શાશ્વત છે. કેવળજ્ઞાન પ્રગટ થયું તે હવે શાશ્વત રહેવાનું છે, અચળ રહેવાનું છે, પડવાનું નથી. ચાર ગતિમાં, સંસારમાં જેમ પલટના થાય, હીનાધિકતા થાય તેમ હવે થશે નહિ એવું તે ધીરું-અચળ-શાશ્વત છે. અહાહા...! આવું નિજરસની અતિશયતાથી અત્યંત ગંભીર અને ધીર-એવું જ્ઞાન ' ज्वलितम् ' જળહળી ઉઠયું, પ્રગટ પ્રકાશમાન થયું.

જેમ દિવાસળીમાં શક્તિરૂપે અગ્નિ છે તે ઘસતાં ભડકારૂપે પ્રગટ થાય છે. તેમ આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ત્રિકાળ શક્તિરૂપે વિદ્યમાન છે. એને અંતર-એકાગ્રતા વડે ઘસતાં અર્થાત્ અંતર-અનુભવ કરતાં જળહળ જ્યોતિરૂપે પર્યાયમાં પ્રગટ થયાં. શું કીધું? સ્વરૂપમાં એકાગ્ર થઈ લીન રહેતાં આત્મદ્રવ્ય કેવળજ્ઞાન આદિ વડે જળહળી ઉઠયું. જેવું અંદર ચૈતન્યનું સામર્થ્ય હતું તેવું પર્યાયમાં પ્રગટ થયું.

ભાઈ! આ કેવળજ્ઞાન ને કેવળદર્શન કાંઈ બહારથી આવે છે એમ નથી. પણ અંદર ભગવાન આત્મામાં શક્તિપણે વિદ્યમાન છે તે અંતર એકાગ્રતાના અભ્યાસથી સ્વરૂપ લીનતા કરતાં પર્યાયમાં જળહળી ઉઠે છે, જાજ્વલ્યમાન પ્રગટ થાય છે.

હવે કહે છે-આ જે જ્ઞાન (કેવળજ્ઞાન) જાજ્વલ્યમાન પ્રગટ થયું તે 'स्वस्य अचले महिम्नि लीनं' પોતાના અચળ મહિમામાં લીન થયું.

જોયું? અનાદિથી જ્ઞાન પુણ્ય ને પાપમાં, શુભ ને અશુભમાં, જ્ઞેયમાં લીન હતું. પરંતુ અંતર-એકાગ્રતાના અભ્યાસ વડે ને કેવળજ્ઞાન જાજ્વલ્યમાન પ્રગટ થયું તે સ્વરૂપમાં જ લીન-ડૂબેલું છે; નિજાનંદરસલીન છે, જ્ઞાન અવિચળ જ્ઞાનમાં લીન છે, જ્ઞેય પ્રતિ લીન નથી. અહાહા...! આવી કેવળજ્ઞાન દશા! એની પ્રાપ્તિનો ઉપાય નિજ આત્મદ્રવ્યમાં એકાગ્રતા ને લીનતા કરવી તે જ છે. સમજાણું કાંઈ...?

અત્યારે કેટલાક કહે છે કે-સર્વજ્ઞે જે પ્રમાણે જ્ઞાનમાં જોયું છે તે પ્રમાણે થશે, માટે આપણે કાંઈ કરવાનું રહેતું નથી. તેને કહીએ છીએ-ભાઈ! સાંભળ. કેવળજ્ઞાનની સત્તાનો-હોવાપણાનો જેણે સ્વીકાર કર્યો છે એની દૃષ્ટિ કેવળજ્ઞાનસ્વભાવી જે સ્વદ્રવ્ય તેના ઉપર ગઈ છે. અને તે જ કરવાયોગ્ય (પુરુષાર્થ) એણે કર્યું છે. પ્રવચનસારમાં (ગાથા ૮૦માં) આવે છે કે-અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જે જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામી જાય છે.

## * કળશ ૧૯૨ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું, પોતાની સ્વભાવિક અવસ્થારૂપ, અત્યંત

શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું, અત્યંત ગંભીર અને ધીર-એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું.'

જોયું? કર્મનો નાશ કરી એટલે અજ્ઞાન અને રાગદ્વેષમોહરૂપી ભાવકર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું જ્ઞાન પોતાની સહજ સ્વભાવિક અવસ્થારૂપ છે અને તે અત્યંત નિર્વિકાર શુદ્ધ છે. અહાહા...! પરમાત્માને અશુદ્ધતાનો અંશ પણ રહ્યો નથી.

જ્ઞેયાકારોને ગૌણ કરતું એટલે શું? કે લોકાલોકને જાણે છે પણ લોકાલોકમાં તે તન્મય નથી. નિશ્ચયથી કેવલજ્ઞાન પોતાની પર્યાયને જાણે છે કે જેમાં લોકાલોક જણાય છે. લોકાલોકને જાણે છે એમ કહેવું એ અસદ્‌ભૂત વ્યવહારનય છે.

વળી લોકાલોક છે માટે લોકાલોકને જાણે છે એમેય નથી. એ તો જ્ઞાનની પર્યાયની એ સહજ શક્તિ છે કે પોતે પોતાથી જ ષટ્‌કારકરૂપ થઈને લોકાલોકને જાણતી થકી પ્રગટ થાય છે. અહા! કેવલજ્ઞાનની પર્યાયનાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ-એમ ષટ્‌કારક પર્યાય પોતે જ છે; પરજ્ઞેય તો નહિ, પણ દ્રવ્ય-ગુણેય નહિ. અંદર શક્તિ છે; પણ પ્રગટ થવાનું સામર્થ્ય પર્યાયનું સ્વતંત્ર છે. કેવલજ્ઞાન ખરેખર લોકાલોકને અડયા વિના, પોતાની સત્તામાં જ રહીને પોતે પોતાથી જ પોતાને (-પર્યાયને) જાણે છે કે જેમાં લોકાલોક પ્રકાશિત થાય છે. અહા! પોતાની પર્યાયને જાણતાં લોકાલોક જણાઈ જાય છે.

વળી તે અત્યંત ગંભીર છે. અહા! જેનો પાર ન પમાય એવું કેવલજ્ઞાન અપાર ગંભીર છે અનંત લોકાલોક હોય તોય જણાઈ જાય એવું અપાર સામર્થ્ય સહિત તે ગંભીર છે; અને આકુળતા રહિત ધીર છે.

ભાઈ! તારા સ્વભાવનું સામર્થ્ય અંદર જ્ઞાન-દર્શનથી પૂરણ ભર્યું છે જેમાંથી કેવળજ્ઞાન ને કેવળદર્શન પાકે, પણ પુણ્યની અને બહારના મહિમા આડે તેની પ્રતીતિ આવતી નથી.

અહીં કહે છે-આ પૂર્ણ જ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થયું તે અતિ ગંભીર અને આકુળતા રહિત ધીર છે અને તે પોતાના મહિમામાં અચળ લીન છે, નિજાનંદરસમાં જ લીન છે. હવે કહે છે-

**ટીકાઃ**- આરીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

**ભાવાર્થઃ**- રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.

જેમ સંસારદશા એક સ્વાંગ-ભેખ છે તેમ મોક્ષદશા પણ એક સ્વાંગ-ભેખ છે. સિદ્ધપદ-મોક્ષદશા સાદિ-અનંત સમયે સમયે નવી નવી પ્રગટ થાય છે. દ્રવ્ય-ગુણ નિત્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, પણ મોક્ષદશા એક સમયનો સ્વાંગ છે. અહીં કહે છે-જ્યાં કેવલજ્ઞાન પ્રગટ થઈ ગયું ત્યાં મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી નીકળી ગયો. હવે કહે છે-

"જ્યોં નર કોઈ પર્યો દ્રઢબંધન બંધસ્વરૂપ લખૈ દુઃખકારી,
ચિંત કરૈ નિતિ કેમ કટૈ યહ તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;
છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,
યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી."

કોઈ પુરુષ લોખંડની સાંકળના દ્રઢ બંધનમાં પડયો હોય અને વિચારે કે બંધન મહા દુઃખકારી છે. તો એટલા વિચારમાત્રથી બંધન છૂટે નહિ. વળી બંધનની ચિંતા જ કર્યા કરવાથી બંધન છૂટે નહિ. પણ આયુધ વડે તે બંધનને - બેડીને તોડે તો તૂટે.

તેમ આત્મામાં રાગ-દ્વેષ-મોહનું બંધન છે, અને તે દુઃખદાયક છે. પણ એટલા વિચારમાત્રથી કાંઈ બંધન છૂટે નહિ. વળી બંધનની ચિંતા કર્યા કરવાથી પણ બંધન છૂટે નહિ. પરંતુ ભેદવિજ્ઞાનરૂપી સુબુદ્ધિ પ્રગટ કરી રાગ અને જ્ઞાનને જુદા કરે તો બંધન છૂટે. સમ્યગ્જ્ઞાનરૂપી તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી વડે પુણ્ય-પાપના ભાવ અને ભગવાન આત્મા ભિન્ન પડે છે. તો આવું ભેદ-વિજ્ઞાન પ્રગટ કરે તો તે બંધનથી છૂટે છે.

કેટલાક લોકો જીવોની દયા પાળો, વ્રત પાળો, તપ કરો, ભક્તિ કરો;-તે વડે ધર્મ થઈ જશે એમ કહે છે પણ એમની તે વાત ખોટી છે. તેઓ બંધનના કારણને ધર્મનું કારણ માને છે.

જેમ લોખંડની બેડી તીક્ષ્ણ આયુધ વડે છેદતાં બંધન તૂટે છે તેમ પ્રજ્ઞાછીણીને રાગ ને જ્ઞાનની સાંધમાં પટકતાં બન્ને છૂટા પડી જાય છે અને બંધન તૂટે છે. પુણ્ય-પાપથી મારી ચૈતન્યસ્વરૂપ ચીજ ભિન્ન છે એમ જાણી પોતાની ચીજમાં જ્ઞાનને એકાગ્ર કરવું એ પ્રજ્ઞાછીણી છે અને એ જ મોક્ષનો ઉપાય છે. અહા! પ્રજ્ઞાછીણી-ભેદવિજ્ઞાન એક જ મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ...? લ્યો, મોક્ષ અધિકાર પુરો થયો.

આ પ્રમાણે આ સમયસાર શાસ્ત્ર ઉપર પરમ કૃપાળુ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનનો આઠમો **મોક્ષ અધિકાર** સમાપ્ત થયો.

[ પ્રવચન નં. ૩૬૪ થી ૩૭૦ * દિનાંક ૧૨-૬-૭૭ થી ૧૮-૬-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com